Regd. No. MH. By / South 54 Licence No : 32

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૧૭

મુંબઇ તા. ૧-૧-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

અણુશસ્ત્રોનું સર્જન અને વિસર્જન

મધ્યમ કક્ષાનાં ક્ષેપકાસ્ત્રો (INF–Intermediate–range Nuclear Force) નાં આંશિક – ક્રમિક વિસર્જન માટે અમેરિકામાં શિખર પરિષદ યોજાઈ ગઈ.

સોવિયેત યુનિયનના કમ્યુનિસ્ટ પાર્ટીના જનરલ સેક્રેટરી ગોર્બાચોવે અમેરિકાની ધરતી ઉપર પગ મૂક્યો એ જ એક અત્યંત મહત્ત્વની ઐતિહાસિક ઘટના છે. ગોર્બાચોવ અને રેગન આ પહેલાં સ્વિત્ઝરલેન્ડમાં જીનિવામાં અને આઇસલેન્ડના પાટનગર રેકયાવિકમાં રૂબરૂ મળ્યા હતા અને અણુશસ્ત્રો ઘટાડવા માટે વિચારણા કરી હતી. તે પછી દુનિયાના એ બે સૌથી મહત્ત્વના રાજપુરુષો અમેરિકામાં ફરીથી રૂબરૂ મળ્યા, સાથે જમ્યા, હેલિકોપ્ટરમાં સાથે ઊડ્યા અને હસ્યા. આ ઘટનાનું મૂલ્ય ઓછું ન આંકવું જોઇએ. શિખર પરિષદમાં આ બે મહાનુભાવોનું મિલન પણ દુનિયાની તંગદિલી ઘટાડનારું બન્યું છે.

જ્યારથી ગોર્બાચોવ રશિયામાં સત્તા પર આવ્યા ત્યારથી વિશ્વશાંતિ માટેની એમની નિખાલસ ઝંખનાની કંઇક પ્રતીતિ થાય છે. એમની મુખાકૃતિ પણ તે કહી આપે છે. અમેરિકા સાથે એક યા અન્ય પ્રકારના સુલેહ–કરાર કરવા માટેની એમની ઉત્સુકતા એમનાં વાણી અને વર્તનમાં દેખાય છે.

આ પૃથ્વી ઉપર સોવિયેત યુનિયન અને અમેરિકા એ બે પરસ્પર વિરુદ્ધ, સામસામે છેડે આવેલી મહાસત્તાઓ છે. બંનેની પાસે વિશાળ ખંડ, મોટી માનવતાકાત, આર્થિક સદ્ધરતા, વૈજ્ઞાનિક આધુનિકતા તથા પુષ્કળ શસ્ત્રસરંજામ છે અને દુનિયાના કેટલાયે દેશો ઉપર તેઓ વર્ચસ્વ ધરાવે છે. આમ છતાં વિચારસરણીમાં બંને દેશો પરસ્પર વિરુદ્ધ છે. એકબીજાનું વર્ચસ્વ વધતું અટકાવવા માટે પ્રગટ કે આડકતરી રીતે દુશ્મનાવટભરી રીતરસમથી બંને વર્તે છે. પોતપોતાના દેશમાં બંને નેતાઓનું પ્રભુત્વ સારું છે. માત્ર આ બે જ વ્યક્તિઓ ચાહે તો આખી દુનિયાના ભાવિને ડામાડોળ કરી શકે એમ છે, અને ચાહે તો આખી દુનિયામાં શાંતિ પણ આણી શકે એમ છે. પરંતુ રાજકારણ એવું કુટિલ હોય છે કે કોઇને પણ તમતું આપવાનું કે પીછેહઠ કરવાનું પોષાય એવું નથી.

પ્રમુખ રેગનને સ્ટારવોર્સનું (S. D. I. – Strategic Defence Initiative)નું ગાંડપણ વળગ્યું છે. સોવિયેત યુનિયન તરફથી અમેરિકા ઉપર છોડવામાં આવનાર ક્ષેપકાસ્ત્રોને ઉપગ્રહો દ્વારા અવકાશમાં જ જો ઉડાડી દઈ શકાય તો તે ક્ષેપકાસ્ત્રો અમેરિકાની ધરતી સુધી પહોંચી ન શકે. આવી રીતે ક્ષેપકાસ્ત્રોને અવકાશમાં ઉડાવી દેવાની યોજના અર્થાત્ અવકાશમાં જ અસ્ત્રયુદ્ધ ખેલી લેવાની માટે 'સ્ટારવોર્સ'નું નામ અપાયું છે. આ એક વૈજ્ઞાનિક તુક્કો છે. સાચો પણ બની શકે, કોમ્પ્યુટર અને ઉપગ્રહોનાં અન્ય સાધનો દ્વારા સોવિયેત યુનિયનમાંથી છોડાનારાં ક્ષેપકાસ્ત્રોનાં દિશા, ગતિ, ઊંચાઈ વગેરે તત્ક્ષણ જાણી લઇ અવકાશમાં એને આંતરીને ઉડાડી દેવાનું હવે અશકય નથી, પરંતુ એને માટે ભારે ખર્ચાળ એવી પૂર્વતૈયારી કરી રાખવી પડે. પરંતુ સોવિયેત રશિયાએ જેમ કહ્યું કે સ્ટારવોર્સમાં પોતે પ્રત્યેક સાચા ક્ષેપકાસ્ત્રની સાથે સેંકડો ડમી–ખાલી ખોખાં જેવાં ક્ષેપકાસ્ત્રો છોડશે તો કયું સાચું અને કયું ખોટું ક્ષેપકાસ્ત્ર છે એ જાણવાનું મુશ્કેલ બનશે અને સાચાં તથા નકલી એવાં તમામ ક્ષેપકાસ્ત્રોને એક સાથે ઉડાડી દેવાનું અશકય નહિ તો ઘણું અઘરું અને અતિ ખર્ચાળ બનશે. એટલે અમેરિકાના લગભગ તમામ મહાન વૈજ્ઞાનિકોએ સ્ટારવોર્સની યોજનાને અવ્યવહારુ યોજના ગણી છે. ઘણાએ એનો સખત વિરોધ પણ કર્યો છે, પ્રમુખ રેગનનું એ નયું ગાંડપણ છે એમ પણ કહ્યું છે; તો પણ રેગન પોતે પકડેલું પૂંછડું છોડવા માગતા નથી એ સ્પષ્ટ છે.

પ્રમુખ રેગન અને એમના પ્રધાનમંડળના કેટલાક સાથીદારો યુદ્ધખોર (War Mongers) તરીકે જાણીતા છે. સ્ટારવોર્સનો પોતાનો કાર્યક્રમ પોતે નહિ થંભાવે કે ઘટાડે એવા રેગનના સ્પષ્ટ ઇરાદાને કારણે તો રેકયાવિકમાં યોજાયેલી રેગન–ગોર્બાચોવની શિખર પરિષદ ભાંગી પડી હતી. શાંતિ માટેની જેટલી ઝંખના ગોર્બાચોવને પક્ષે જણાય છે તેટલી રેગનના પક્ષે નથી. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં અમેરિકન પ્રજામાં પોતાની ઝાંખી થયેલી મુદ્રાને ફરીથી ઉપસાવવા અને પોતાની ઘટેલી લોકપ્રિયતા પાછી મેળવવા રેગને આ શિખર પરિષદમાં સક્રિય ભાગ લીધો. અમેરિકામાં લશ્કરી ખર્ચ દિવસે દિવસે વધતું આવ્યું છે, એથી પ્રજા ઉપર અસહ્ય આર્થિક બોજ પડી રહ્યો છે. બીજી બાજુ સ્ટારવોર્સના પોતાના કાર્યક્રમને અમલી બનાવવો હોય તો કેટલીક જરૂરી બાબતે બદલવો

અનિવાર્ય છે. એ સંજોગોમાં રશિયા સાથેના I. N. F.ના કરાર આવકારદાયક છે. અમેરિકાના શેરબજારમાં જે ભયંકર ઊથલપાથલ થઇ છે અને મોટી મંદી આવી છે તેના તરફથી પણ લોકોનું ચિત્ત ખસેડવા માટે અને ઈરાનને ગુપ્ત રીતે શસ્ત્રો પૂરાં પાડવાના કૌભાંડને કારણે તથા સુપ્રીમ કોર્ટમાં પોતાના ટેકેદાર એવા બે ન્યાયમૂર્તિઓને બેસાડવાની નિષ્ફળ કોશિશને કારણે વગોવાયેલા પ્રમુખ રેગનને અમેરિકન પ્રજામાં લોકપ્રિયતા ટકાવી રાખવા માટે આ શિખર પરિષદ હિતકારક જણાઇ છે. એમાં એના રિપબ્લિકન પક્ષ કરતાં વિરોધી ડેમોક્રેટ પક્ષનો વધુ ટેકો મળ્યો છે.

આમ, આ શિખર પરિષદમાં રશિયા અને અમેરિકાએ મધ્યમકક્ષાનાં ક્ષેપકાસ્ત્રોના આંશિક વિસર્જનને માટે કરાર કર્યા છે એ સુખદ ઐતિહાસિક ઘટના છે. એથી યુરોપના દેશોએ રાહત અનુભવી છે.

અમેરિકાએ યુરોપની ધરતી ઉપર સોવિયેત યુનિયનની આસપાસ બ્રિટન, જર્મની, સ્પેન વગેરે દેશોમાં પોતાનાં લશ્કરી મથકો સ્થાપેલાં છે કે જ્યાંથી મધ્યમકક્ષાનાં ક્ષેપકાસ્ત્રો સોવિયેત ધરતી ઉપર ફેંકી શકાય. સોવિયેત રશિયાએ મધ્યમ કક્ષાનાં ક્ષેપકાસ્ત્રો યુરોપના બધા દેશોને તાકીને ગોઠવેલાં છે. તે બધાં યુરોપના દેશોનો ઘડીકમાં સંહાર કરી શકે એમ છે, એટલે રશિયાનું એક નંબરનું દુશ્મન તે અમેરિકા હોવા છતાં યુદ્ધનો પહેલો ભોગ યુરોપના દેશો બને. આમ બે મહાસત્તાઓના યુદ્ધ વચ્ચે ઘાણ નીકળી જાય યુરોપનાં રાષ્ટ્રોનો. આથી આ કરારથી યુરોપનાં રાષ્ટ્રોને માનસિક રીતે કંઇક શાંતિ, રાહત અને આશા અનુભવવા મળી છે.

અમેરિકાએ મધ્યમ અંતરનાં અણુઅસ્ત્રો યુરોપના દેશોમાં જે ગોઠવ્યાં છે, તેનું એક જ સમયે જો સદંતર વિસર્જન કરવામાં આવે તો યુરોપીય રાષ્ટ્રોનો પોતાના સંરક્ષણની બાબતમાં અમેરિકા ઉપરથી વિશ્વાસ ઊઠી જાય. અમેરિકાનું વર્ચસ્વ ઘટી જાય. યુરોપીય રાષ્ટ્રોમાં માંહેમાંહે ભાગલા પડી જાય અને કોઈ રાષ્ટ્ર રશિયા તરફ ઢળી પણ જાય. બીજી બાજુ મધ્યમ અંતરનાં અણુઅસ્ત્રો જો કાયમ રાખવામાં આવે અને વધારવામાં આવે તો પણ ભવિષ્યના અણુયુદ્ધની દૃષ્ટિએ તેની ઉપયોગિતા બહુ ઓછી રહે. લાંબા અંતરનાં અવકાશી અને સબમરીનનાં અસ્ત્રોના વિકાસ પછી તે જૂનાં (outdated) અને નિરર્થક પણ બની જાય. આ સંજોગોમાં આવતાં સાત કે દસ વર્ષ સુધીમાં I.N.F.નું ક્રમિક વિસર્જન બંને પક્ષે સલાહભર્યું ગણાય. આ પરિસ્થિતિમાં ગોર્બાચોવે જે તત્પરતા બતાવી અને વચલો માર્ગ કાઢયો છે, તે પ્રશંસનીય છે અને વિશ્વના તાત્કાલિક હિતમાં છે.

રશિયા અને અમેરિકા વચ્ચે અણુશસ્ત્રોના આંશિક વિસર્જનની વાત તો ઘણાં વર્ષોથી ચાલ્યા કરતી હતી, પરંતુ કોણ કેટલો વિશ્વાસ કરે તે પ્રશ્ન મહત્ત્વનો રહ્યા કર્યો છે. સોવિયેત યુનિયન પોતાની ધરતી ઉપર પોતાનાં ગુપ્ત મથકો સુધી બહારના માણસોને આવવા દેવા ઇચ્છે નહિ અને એવી જ મનોદશા અમેરિકાની રહે એ પણ સ્વાભાવિક છે. બેમાંથી એક દેશ પહેલ કરે અને પોતાનાં અણુશસ્ત્રોનું વિસર્જન થવા દે ત્યારપછી બીજો દેશ કંઈ પણ બહાનું કાઢે, ગલ્લાંતલ્લાં કરે કે છટકી જાય તો દુનિયામાં ત્રીજી એવી કોઇ મોટી સત્તા નથી કે જે કરારનું પાલન કરવા માટે તેને ફરજ પાડી શકે. એક જ સમયે બંને દેશોમાં સાથે સાથે શસ્ત્રોના વિસર્જનનું કાર્ય ચાલુ થાય એમાં પણ વ્યવહારુ મુશ્કેલીઓ કેવી અને કેટલી આવશે એ કહી શકાય નહિ. વળી એ બંને મહાસત્તાઓને આ બાબતમાં ગફલતમાં રહેવાનું જરા પણ પરવડે નહિ. એટલે આ વખતે થયેલા કરારનો ઉભય પક્ષે આદરપૂર્વક – પ્રામાણિકતાથી અમલ થાય તો જ તે શાંતિની દિશામાં એક નક્કર પગલું ગણાશે. બંને મહાસત્તાઓએ પોતપોતાનાં રાષ્ટ્રોમાં આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો સમક્ષ શસ્ત્ર વિસર્જન કરવાની અને બંને પક્ષે નક્કી કરેલાં અણુમથકોનું ચોવીસ કલાકની નોટિસમાં જાતનિરીક્ષણ કરવા દેવા માટે પણ સંમતિ દર્શાવી છે એ આ દિશામાં એક અત્યંત મહત્ત્વનું પગલું ગણી શકાય. અલબત્ત, આ હજુ શરૂઆત જ છે. ગોર્બાચોવે કહ્યું છે, We can be proud of planing this sapling...But it is probaly still too early to bestow laurels upon each other.' I. N. F.ની સંખ્યામાં ક્રમિક ઘટાડા માટે રશિયા અને અમેરિકા વચ્ચે કરાર થયા છે તેમાં સૌથી મહત્ત્વની બાબત તે કરારના વાસ્તવિક અમલીકરણની છે. કોની સાક્ષીએ કયાં અને કયારે I. N. F. ઘટાડવામાં આવશે તેની વિગતો નક્કી થઈ છે. સોવિયેત ધરતી ઉપર વિદેશી નિરીક્ષકોની સાક્ષીએ I. N. F.નું વિસર્જન કરી સંખ્યા ઘટાડવામાં આવશે. આમ છતાં અમેરિકા સોવિયેત રશિયાને હંમેશા અવિશ્વાસની દૃષ્ટિએ જોતું આવ્યું છે. સોવિયેત રશિયાની નીતિ-રીતિ પણ હંમેશાં બહુ ગહન અને રહસ્યભરેલી રહ્યા કરી છે. રશિયા સરમુખત્યારશાહીને કારણે પોતાની ગુપ્ત માહિતીને વર્ષો સુધી દબાવી રાખી શકે એમ છે, જ્યારે અમેરિકા લોકશાહી દેશ હોવાથી એની સંરક્ષણની બાબતો પણ ઘડીકમાં જાહેર ચર્ચાનો વિષય બની જઈ શકે છે. એટલે યુરોપીય દેશોમાં ગોઠવેલાં ક્ષેપકાસ્ત્રોના વિસર્જનની વાત જાહેર થઇ શકે છે, પરંતુ રશિયામાંથી તો વિદેશી નિરીક્ષકો દ્વારા બહાર આવેલી માહિતી એના મર્યાદિત સ્વરૂપમાં રહેવાની.

દુનિયાના ઘણા દેશો વચ્ચે થયેલા સુલેહ – કરારોનો પાછળથી ભંગ થાય છે. ઇતિહાસે આવું અનેકવાર બનતું જોયું છે. સંજોગો બદલાતાં, તાકાત વધતાં કે ઘટતાં પોતાના રાષ્ટ્રના સંરક્ષણને, કરારના નામે, હોડમાં મૂકવાનું મોટાં રાષ્ટ્રોને પસંદ ન પડે. માનો કે સોવિયેત યુનિયન, કરારનો અમલ કોઇપણ બહાના હેઠળ અચાનક અટકાવી દે તો યુરોપીય દેશો માટે પરિસ્થિતિ વિષમ બની જાય. આ સામે તકેદારીનાં પગલાં નહિ લેવાય એમ ન કહી શકાય. તો પણ મહાસત્તાઓનું રાજકારણ કયારે અચાનક વળાંક લે એ કહી શકાય નહિ. સામાજિક જીવનમાં કંઇક ખોટું થાય તો ન્યાયનો આશ્રય લઇ શકાય છે, પરંતુ વિશ્વના રાજકારણમાં (ન્યાયાલયો સ્થપાયાં હોય તો પણ) બળિયાના બે ભાગ જેવી રાજનીતિ રહ્યા કરે. અમેરિકા કે રશિયા કોઇ પણ એક રાષ્ટ્ર કરારનો ભંગ કરે તો તેનો સાચો ચુકાદો આપીને અમલ કરાવી શકે એવી એની ઉપરની કોઇ સત્તા નથી.

અણુવિજ્ઞાન અને અવકાશ સંશોધનનું ક્ષેત્ર દિવસે દિવસે વ્યાપક બનતું જાય છે. મહાસત્તાઓને પણ પોતાની જૂની થઇ ગયેલી સંશોધન પદ્ધતિ અને સામગ્રી નાનાં સાથી રાષ્ટ્રોને ખાનગીમાં વેચી દેવામાં હવે ડર કે વિશ્વમતનો ક્ષોભ બહુ રહ્યો

(પૃષ્ઠ ૧૭૪ ઉપર)

વ્યસનમુકિત સંસ્થા – આશિયાના

* જયાબેન શાહ

સમાજમાં આજસુધી દારૂ વગેરે કેફી પીણાંનું ચલણ હતું તેમાંથી કેમ ઊગરવું તે એક મોટી સમસ્યા સમાજ સમક્ષ પડેલી હતી. હમણાં હમણાં કેફી દ્રવ્યોએ છૂપી રીતે પગપેસારો કર્યો છે તે અત્યંત ખતરનાક છે. આજસુધી ભારત બહારની દુનિયામાં તેનો વપરાશ હતો. પણ જ્યારથી અફઘાનિસ્તાન પર રશિયાએ કબજો જમાવ્યો ત્યારથી કેફી દ્રવ્યોનો મોટા ભાગનો વેપાર પાકિસ્તાન રસ્તે ભારતમાં પ્રવેશ પામ્યો છે અને તેથી મોટા પાયા ઉપર તેનો સાર્વત્રિક વપરાશ ચાલુ થયો છે. પણ જેમ કોઇપણ વસ્તુનો અતિરેક થઈ જાય ત્યારે આંખ ખૂલી જતી હોય છે તેમ આમાં પણ થવા પામ્યું છે. દુનિયાભરના લોકો કેફી દ્રવ્યોનાં ભયંકર પરિણામોથી ડઘાઇ ગયા છે ને તેનો સામનો કઈ રીતે કરવો તેની વિમાસણમાં પડી ગયા છે.

દુર્ભાગ્યની વાત એ છે કે ભારત આજે કેફી દ્રવ્યોનાં વેપારનું ટ્રાંઝિટ થાણું બની ગયું છે. પરિણામે ભારત ઉપર ભારે જોખમ ઊભું થયું છે.

આ આખા પ્રશ્નનો સામનો કેવી રીતે કરવો તે અંગે ઘણા પરિસંવાદો, ચર્ચાઓ ચાલી રહ્યાં છે. તેના ઉલ્લેખમાં :–

૧ લોકશિક્ષણ,

૨ યુવાનવર્ગ તરફ સહાનુભૂતિ અને યોગ્ય માર્ગદર્શન,

૩ વ્યસનમુકિતની હિલચાલ.

૪ સમાજપરિવર્તનનો અભિગમ.

પ્રથમ અને બીજા મુદ્દા સંબંધે આંતરરાષ્ટ્રીય સંસ્થા આલ્કોહોલિક એનોનીમસ સંસ્થા ખૂબ સારું કામ કરી રહી છે ને તેનાં ઉત્સાહપ્રેરક પરિણામો પણ આવ્યાં છે. ત્રીજા મુદ્દા અંગે પણ હમણાં હમણાં સારા પ્રમાણમાં હિલચાલો શરૂ થઈ છે. અમેરિકામાં તો આ કામ ઘણા વખતથી ચાલી રહ્યું છે ને તેનાં સારાં પરિણામો સાંપડ્યાં છે.

ભારતમાં પણ હવે વ્યસનમુકિત (નશામુકિત, ધૂમ્રપાન મુકિત, ડ્રગ્સ મુકિત) (ડીએડીકશન) ની દિશામાં કાર્ય શરૂ થયું છે. તે હજુ નાના પાયા ઉપર હોવા છતાં તે નોંધપાત્ર છે. નશો કરતા લોકો પ્રત્યે સમાજે કેવો અભિગમ કેળવવો જોઇએ એ તેનું હાર્દ છે. ગુજરાતમાં પણ હમણાં હમણાં વ્યસનમુકિતની હિલચાલ શરૂ થઈ છે ને છૂટાછવાયા કેમ્પો પણ યોજવા લાગ્યા છે.

વ્યસનમુકિતની દિશામાં ગુજરાત નશાબંધી મંડળને ખાસ રસ હોવાથી હું તાજેતરમાં દિલ્હી ગઈ હતી ત્યારે આવા એક કેન્દ્રની (ડીએડીકશન કેન્દ્ર) મુલાકાત લેવાનું થયું. આ કેન્દ્ર નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની પોલિક્લિનિક હોસ્પિટલના એક અલાયદા વિભાગ તરીકે શરૂ થયું છે. તેમાં નશામાં સપડાયેલા લોકોને માર્ગદર્શન આપવાનું કામ તો થાય જ છે. સાથોસાથ આવા દર્દીઓ માટે ૧૫ થી ૨૦ પથારીવાળા હોસ્પિટલ પણ ચાલે છે.

હું આ કેન્દ્રમાં પહોંચી ત્યારે આ કેન્દ્રના માર્ગદર્શક બહેનશ્રી આશિતાબેન સાથે ચર્ચા કરવાનો મોકો મળ્યો. આશિતાબેન હજુ નાની વયમાં છે. દર્દીઓ પ્રત્યે તેમનો અભિગમ પ્રેમ તેમ જ સહાનુભુતિપૂર્ણ જોવા મળ્યો. તેઓ દર્દીની ગમે તેવી વિચિત્ર વર્તણુક હોય તોપણ તેઓ જાણે કોઇ સ્વસ્થ વ્યકિત સાથે વાત કરતાં હોય તેટલી સાહજિકતાથી વર્તતાં હતાં. તેમની વિચિત્રતા તેમજ ઊણપોને લક્ષમાં લીધા વિના તેમનો દર્દીઓ સાથેનો વ્યવહાર એકદમ વાત્સલ્યપૂર્ણ હતો; તેથી દર્દીઓ એમને ફોન કરે ત્યારે આવીને મળતા હતા. અમારી વાતો દરમિયાન પણ એવા દર્દીઓ આવતા રહેતાને આશિતાબેન સ્વસ્થતાથી એમની વાત સાંભળીને દર્દીને સંતોષ થાય તે રીતે એમના સ્થાને પાછાં વાળી દેતાં હતાં. વ્યસનમુકિતના ક્ષેત્રમાં કામ કરનારા કાર્યકર્તા તેમ જ પરિચારકોએ આ વાત લક્ષમાં લેવા જેવી છે.

આ સંસ્થામાં ત્રણ માર્ગદર્શકો બે મનોવૈજ્ઞાનિકો (સાઇકીઆટ્રીસ્ટ), બે મેડિકલ ડોકટરો તેમ જ એક સમાજસેવિકાબેન કામ કરી રહ્યાં છે. તમામ સેવકોએ દર્દીઓનો સાથે સમજાવી મનાવી પટાવીને કામ લેવાનું હોય છે, જે વાસ્તવમાં અઘરું હોવા છતાં એક અભિગમ સાથે આગળ આવવાનું હોય છે.

હાલ આ કેન્દ્ર જાણીતું થઇ જવા પામ્યું હોવાથી રોજના સોએક દર્દીઓ કેન્દ્રમાં આવે છે. માર્ગદર્શકો, સમાજસેવકો તેમને સમજાવવાની કોશીષ કરે છે, જરૂર લાગે તો તેમને ઘરે જઇને પણ દર્દીની આજુબાજુના વાતાવરણને સમજવા કોશીશ કરે છે, તેમનો સાથ સહકાર માગે છે, જે મળે છે પણ ખરો. મોટા ભાગના દર્દીઓ જ્યારે કેન્દ્રમાં આવે છે ત્યારે તેમના કુટુંબના સ્વજનો અને કેન્દ્રના સંચાલકો વચ્ચે વાર્તાલાપ થાય છે અને દર્દીને સમજવાની કોશીશ કરવામાં આવે છે.

ત્યારબાદ બહારના (ઓ. પી. ડી.) દર્દીઓ તરીકે તેમને સારવાર અપાય છે. ખૂબ મુશ્કેલ કેસોને હોસ્પિટલમાં દાખલ કરી દેવામાં આવે છે તેમાં કોઇ સમભાવી સ્વજનને સાથે રહેવાની છૂટ અપાય છે અથવા તો તે ઇચ્છનીય ગણાય છે. એક ડોકટર ચોવીસે કલાક હાજર હોય છે. અન્ય કાર્યકર્તાઓ ફોનથી સંપર્કમાં રહે છે. રોજ નવા કેસો આવતા રહે છે ને સતત કાર્યવાહી ચાલતી રહે છે. દર્દીઓને હોસ્પિટલમાં એકથી બે પખવાડિયાં સુધી રાખવામાં આવે છે. આ ગાળા દરમિયાન તેઓને નશાની ટેવ છૂટી પણ જાય છે પણ બહાર ગયા પછી સામાજિક કાર્યકર્તાઓએ તેના સતત સંપર્કમાં રહેવાનું હોય છે. દર્દીઓએ પણ કેન્દ્રમાં આવતા રહેવાનું હોય છે. આવી સુશ્રુષા પામેલામાંથી જેટલા દર્દીઓ ફરીને નશામાં ફસાતા નથી; પણ પરિસ્થિતિ એટલી હદે વણસેલી છે કે બહાર જતાં પૂર્વ-પશ્ચિમ ફરીને જાગૃત થાય છે ને દોસ્તારો નશામુકત થયેલાને ફરીથી પોતાની જાળમાં ફસાવવા ખેંચે છે. વળી ફસાય છે, વળી ઉપર ઊડે છે. આ પ્રક્રિયા નિરંતર ચાલુ રહે છે. જે કુટુંબો કાળજીપૂર્વક દર્દીનો અમુક કાળ શાંતિથી પસાર કરાવી શકે છે તેઓ કાયમ માટે મુકત થઇ જાય છે. આવા કિસ્સાઓનું પ્રમાણ ૧૫ ટકા જેટલું કહી શકાય. જોકે કોઇપણ તારણ ઉપર આવવા માટે આટલો સમય ટૂંકો ગણાય, એવું આશિતાબેનનું કહેવાનું હતું.

આશિતાબેનને મેં પૂછયું કે કયા વર્ગોમાંથી વધુ દર્દીઓ આવે છે. ત્યારે તેમણે દુઃખ સાથે હસીને કહ્યું કે આ દૂષણ ખૂબ પ્રસરી જવા પામ્યું છે એમ છતાં જો કહેવું જ હોય તો એમ કહી શકાય કે મુંબઈમાં રહેતા લોકો, રિક્ષા ડ્રાઇવરો, શારીરિક શ્રમ કરતા મજૂરો તેમજ જેમનાં કુટુંબોમાં પરંપરાગત ચરસ ગાંજાની ટેવ ચાલી હોય તેનાં બાળકો નાની વયે જ કેફી દ્રવ્યો લેતા થઈ જાય છે; જેનો એ સમાજમાં બહુ છોછ પણ નથી. હોતો. બીજો વર્ગ છે; વિદ્યાર્થીઓનો-યુવકોને તેઓ મોજમાતર સોબતીઓ સાથે મહેફિલ માણવા આ રસ્તે ચઢી જતા હોય છે. આમાં આ ક્ષેત્રના ધંધાદારીઓ (પુશર્સ)નો મોટો ફાળો છે. બાળકોને શરૂઆતમાં મફત દ્રવ્યો પૂરાં પાડવાં અને ત્યારબાદ જ્યારે તેઓ તેની ટેવમાં સપડાઈ જાય પછી તો જુવાનો ધંધાદારીઓ પાછળ ઘૂમરી ખાતા રહે છે. તલપ લાગે એટલે હાથખર્ચીના શાળા-કોલેજનીય ફી વગેરેના પૈસા દ્રવ્યો પાછળ ખર્ચવા લાગે છે. એ પૂરતા ન થાય એટલે ચોરીને માર્ગે ચડે છે. પછી તો કોઈ મર્યાદા જ રહેતી હોતી નથી.

શરૂઆતમાં વઢીલોને પોતાના સંતાનનું વિચિત્ર વલણ સમજાતું હોતું નથી. સંતાન પૈસા માગે એટલે આપતા રહે છે. પછી તેમને આગ્રહપૂર્વક પૈસા માગે ત્યારે વઢીલો બાળકનું મન સમજવાને બદલે તેને ધૂત્કારે છે, તરછોડે છે. પરિણામે એવા યુવકો બદીલેગર્સના પંજામાં વધુને વધુ ફસાતા જાય છે. તેનો ત્રાસ પણ ભોગવતા રહે છે ને પરિણામે પરિસ્થિતિ એટલી હદે વણસી જાય છે કે તેઓ પાછા ફરી શકતા નથી. છેવટે તેઓ શરીર અને મનથી ભાંગી પડે છે. ઊંઘની ગોળીઓ લે છે ને જીવનને ભયમાં મૂકી દે છે.

પરિસ્થિતિ કાબૂમાં હોય ત્યાં સુધી તો સારવાર અસરકારક નીવડે છે. પણ અમુક હદ બહાર પહોંચ્યા પછી એવા દર્દીઓ મૃત્યુ પામે છે; ઝડપભેર આવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. તેનાં કારણોમાં ઊંડા ઊતરીએ તો એમ જણાય છે કે યંત્રયુગને પરિણામે સંયુક્ત કુટુંબપ્રથા નષ્ટ થવા લાગી. તે લોકો શહેરોમાં ગંદા વિસ્તારોમાં ઠલવાવા લાગ્યા. જ્યાં તેઓને કાળા માથાના માનવી તરીકે જીવન વીતાવવાનું આવે છે તેમાં જાતજાતનાં અસામાજિક તત્ત્વોના અડ્ડા જામતા હોય છે. પરિણામે અમુક માથાભારે તત્ત્વોના હાથમાં આવી પરિસ્થિતિ સરી જવા પામે છે. આવી નિસહાયતામાં યુવાનો બેચેન બને છે. પછી મરણિયા થઈને વિપરીત દિશામાં ખેંચાતા રહે છે; પણ ગરીબો કે મુંબઈની ચાલીઓમાં રહેનારા લોકો જ આના ભોગ બને છે તેવું તો નથી જ.

કોલેજોમાં પણ આ દૂષણ ઠીક પ્રમાણમાં પેસી જવા પામ્યું છે. કોલેજિયન યુવતીઓ પણ આનો ભોગ બની રહી છે. તેઓ દેખાદેખી તેમ જ મોડર્ન ગણાવાના પ્રલોભનને વશ થઈને પણ એ તરફ સરકતી જાય છે. પછી તો માત્ર કેફી દ્રવ્યો લેવાથી અટકતું નથી. નશામાં આવીને જાતીય સંબંધોમાં પણ ઊતરી પડે છે ને ખૂબજ નાજુક પરિસ્થિતિમાં મુકાઈ જાય છે.

નશીલી ચીજોના વ્યવસાયમાં પડેલાઓ માટે દુનિયાના કેટલાક દેશોમાં દેહાંતદંડની સજા પણ થાય છે. એવું તો આપણે ન ઇચ્છીએ પણ સખત સજાનો કાયદો તો હોવો જોઈએ. બીજી બાજુ સામાજિક પરિવર્તનની દિશામાં ઘણું વિચારવું પડે તેમ છે. પરિસ્થિતિમાં વિષમતા ચાલુ રહે ને પછી કોઈ પૂછે કે આવું બધું ન બનવું જોઈએ તો એ વાત વાસ્તવિક પરિસ્થિતિને ન સમજવા બરાબર છે. આમ ચૌદિશામાંથી પુરુષાર્થ કરવો જરૂરી છે. કાર્યક્રમની દિશામાં તો ઝડપભેર આગળ વધવું રહ્યું. કારણ કે જે જુજ લોકો પણ વ્યસનમુક્ત થાય છે તેમાંથી અન્યને પ્રેરણા મળે છે, આશા બંધાય છે, તેથી ગુજરાતે આ દિશામાં વધુ સક્રિય થવાની જરૂર છે. દિલ્હીની 'આશિયાના' જેવી સંસ્થાઓ ઊભી કરવી જોઈએ. ગુજરાત સરકાર તેમ જ મ્યુનિસિપલ કોર્પોરેશનો આ દિશામાં વિચારે ને પોતાની હોસ્પિટલોમાં વ્યસનમુક્તિનો વિભાગ શરૂ કરે તેવો આગ્રહ રાખવો જોઈએ. ગુજરાત નશાબંધી મંડળ તેમ જ અન્ય સેવાભાવી સંસ્થાઓ તેમ જ કાર્યકર્તાઓએ તો હવે સમય ગુમાવ્યા વિના આ કાર્યક્રમને હાથ ધરવો જોઈએ.

આવા કાર્યક્રમ માટે દિલ્હીની 'આશિયાના' સંસ્થાનો અનુભવ માર્ગદર્શક બની રહે તેવો ગણી શકાય.

* સંઘ સમાચાર *

મહિલાઓ માટે યોગના વર્ગો

સંઘના ઉપક્રમે મહિલાઓ માટે યોગના નવા વર્ગોનું આયોજન નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે:

સત્ર : તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૮૮થી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૮૮ સુધી (દર શનિવાર અને રવિવાર સિવાય)

સમય : રોજ સવારે ૬-૩૦ થી ૭-૩૦

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. માર્ગ, રસધારા કો. ઓ. સોસાયટી, બીજે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૪.

અધ્યાપિકા : ડૉ. નલિનીબહેન મહેતા અને શ્રીમતી ગીતાબહેન મુનિ.

તબીબી પરીક્ષા : નવા જોડાનાર સભ્યો માટે બુધવાર તા. ૬ ઠ્ઠી જાન્યુઆરી ૧૯૮૮ના સવારના ૬-૩૦ થી ૭-૩૦.

નવા સભ્ય તરીકે બહેનોને શુક્રવાર, તા. ૧૫ મી જાન્યુઆરી સુધી લેવામાં આવશે.

યોગાસનની પ્રાથમિક તાલીમ લીધેલી બહેનો એડવાન્સ ક્લાસ માટે જોડાઈ શકશે.

વર્ગ ફી : રૂા. ૫૦/- (પચાસ)

ડૉ. નલિનીબહેન મહેતા **મંત્રીઓ**
સંયોજક

એકયુપ્રેશર તાલીમ વર્ગ

સંઘના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેના નિઃશુલ્ક તાલીમ વર્ગ અંગ્રેજી ભાષામાં શનિવાર, તા. ૯મી જાન્યુઆરી, ૧૯૮૮થી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. માર્ગ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪ (ફોન : ૩૫૦૨૯૬) ખાતે શરૂ થશે બાર સપ્તાહ સુધી દર શનિવારે બપોરના ૨-૩૦ થી ૪-૩૦ સુધી ચાલનારા આ વર્ગનું સંચાલન શ્રી જગમોહનભાઈ દાસાણી કરશે આ તાલીમ વર્ગમાં જોડાવા ઇચ્છુક ભાઈ-બહેનોએ સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

યશોવિજયજીનાં સ્તવન – કાવ્યો

❖ પન્નાલાલ ૨. શાહ

આપણા સાક્ષર કવિ-વિવેચક સ્વ. મનસુખલાલ ઝવેરીએ એક કાવ્યકૃતિનો આસ્વાદ કરાવતાં બહુ સરસ વાત કરી છે. એમણે કહ્યું છે: 'મનુષ્યના વાટશત્રુઓ બે : વિષયલાલસા અને વિપત્તિ. તેમાં વિષયલાલસા મનુષ્યને અવળે રસ્તે દોરી જાય ને વિપત્તિ મનુષ્યની મતિને એવી તો મૂંઝવી દેતી હોય છે કે મનુષ્ય સત્ય શું છે એ જોઈ શકતો નથી.' આ વાતને લંબાવતાં એમણે સ-રસ કહ્યું છે: 'એ વાટશત્રુઓની સામે મનુષ્ય ટકી શકે, જો એને બળ અને જ્ઞાન મળે તો. વિષયનાં પ્રલોભનો સામે ટકી રહેવાનું બળ અને સત્યનું દર્શન કરાવી શકે એવું જ્ઞાન પરમાત્માની કૃપા-કૃપા નહિ, કરુણા હોય તો જ પામી શકાય તેવી વરતુઓ છે.' મધ્યકાલીન યુગમાં ભક્તિમાર્ગના આરાધક આપણા સંત-કવિઓએ પરમાત્માની કરુણાને પામવા ઉપાસના કરી છે. એમાં અખૂટ કાવ્ય-રસ ઝરે છે.

જૈન ધર્મમાં દર્શન-પૂજા, તીર્થ-યાત્રા આદિ નિમિત્તે મંદિરે જતાં શ્રાવક-શ્રાવિકાને પ્રભુ-સ્તુતિ અને સ્તવનનો મહિમા વિશેષ છે. આ કારણે જૈન કવિઓ ચોવીસ તીર્થંકરોનાં સ્તવનોની ચોવીસીના સર્જન તરફ વિશેષ વળ્યા હોય એવું જણાય છે. આવી ચોવીસીના રચયિતાઓમાં આનંદઘનજી, દેવચંદ્રજી, મોહનવિજયજી, ચિદાનંદજી વગેરે મુખ્ય છે. એમાં આનંદઘનજીની રચનાઓનો વિષય યોગ અને તત્ત્વજ્ઞાનની અભિવ્યકિત છે, જ્યારે દેવચંદ્રજીની ચોવીસીમાં મુખ્યત્વે દ્રવ્યાનુયોગની રજૂઆત છે, જે સામાન્ય શ્રાવકો-શ્રાવિકાઓને માટે એવી કૃતિઓ દુરારાધ્ય ગણાય.

ઉપાધ્યાય યશોવિજયજીએ જૈન ધર્મના ચોવીસ તીર્થંકરોનાં સ્તવનો રચ્યાં છે. એટલે કે એમણે ચોવીસી રચી છે. આવી એમણે રચેલી ત્રણ ચોવીસી હાલ ઉપલબ્ધ છે. એમાંની બે ચોવીસીમાં ઊર્મિ-ભાવની છટા અને તીવ્રતાની અભિવ્યકિત છે, અને એક ચોવીસીમાં અને કથન ચરિત્રવિગત સંગ્રહ વિશેષ છે. એકેક તીર્થંકરો વિષે આ રીતે ત્રણ ત્રણ સ્તુતિ-કાવ્યો રચાય એટલે એમાં એકવિધતા અને પુનરુકિત-દોષ આવી જાય એવું આપણને સ્વાભાવિક લાગે. પરંતુ એમના વ્યકિતસભર સ્તવનમાં માત્ર મહિમા-સ્મૃતિ નથી, એમાં ઉલ્લાસ, લાડ, મર્મ, નમ્રતા, મરતી, ટીખળ, ધન્યતાદિ ભાવોની દૃષ્ટાંત-સુભગ, સુઘડ અને કલ્પનાશીલ રજૂઆત છે. નિર્વ્યાજ નૈકટય-લાડ આ સ્તવનોનું છટાળું પાસું છે, જે ભાવકમાં સમભાવ, સમસંવેદન જગાવે છે. શ્રી રામપ્રસાદ બક્ષીએ કહ્યું છે તેમ[1] 'કવિ પોતાની અનુભૂતિને માત્ર વ્યકત કરતો નથી. વાચકના હૃદયમાં એવી જ અનુભૂતિ જગાડવાનો એનો પ્રયત્ન હોય છે વાચકમાં સમભાવ જગાડે એ જ એની કવિશકિતની અને કલાની સફળતા છે.'

કહ્યું છે કે 'Child is the Fathar of Man-બાળકોની બુદ્ધિ તાવે છે.' એટલા માટે કે જિજ્ઞાસા અને વિસ્મયથી પોતાની આંખે સૃષ્ટિનું નિરીક્ષણ કરતાં બાળકો અવનવા પ્રશ્નો કરે છે અને એમાં કેટલાક પ્રશ્નો આપણને મૂંઝવણમાં મૂકી દે તેવા હોય છે. વર્ડ્સવર્થ વુલ્ફ જેને મર્મસૂચક ક્ષણ કહે છે તેવી ક્ષણ કવચિત જ સાંપડે છે. ન્યૂટને શોધેલો ગુરુત્વાકર્ષણનો નિયમ કે વૉટસને કરેલી વરાળથી ચાલતા એન્જિનની શોધ : આવી મર્મસૂચક ક્ષણ વિસ્મય અને જિજ્ઞાસાનું સુફળ છે. 'નય વિબુધનો પય સેવક' કે 'વાચક-જશ'થી ઓળખાતા ઉપાધ્યાય યશોવિજયજી એવી જ બાળસુલભ જિજ્ઞાસા, વિસ્મય અને નિર્દોષતા આ સ્તવન ચોવીસમાં પ્રગટ કરે છે. શ્રી સુવિધિનાથના સ્તવનમાં તેઓ પ્રશ્ન રજૂ કરે છે:

'લઘુ પણ હું તુમ મન નવિ માવું રે
જગગુરુ તુમને દિલમાં લાવું રે
કુણને એ દીજે શાબાશી રે
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાશી રે'

હું નાનો હોવા છતાં તમારા મનમાં મારો સમાવેશ થતો નથી. એથી ઊલટું તમે મોટા હોવા છતાં મારા મનમાં તમારો સમાવેશ થયો છે એ આશ્ચર્યનું આશ્ચર્ય છે. એની શાબાશી કોને દેવી એ વિચારી જોશો. સર્જકની વાણીમાં રહેલી બાળકના જન્મ જેટલી સંકુલતા, વિસ્મય અને તાજગી-પૂર્ણ અનુભૂતિની અહીં વેધક અભિવ્યકિત છે.

હવે પ્રત્યુત્તરમાં કવિ તર્ક લડાવે છે. સ્થિર અને શાશ્વત વસ્તુનો સમાવેશ ન થઈ શકે. કદાચ સમાવેશ થાય તો એ ક્ષણિક નીવડે. એટલે લઘુ હોવા છતાં ગુરુમાં સમાવિષ્ટ ન થઈ શકવાનું અહીં સમાધાન સાધ્યું છે. બીજી પણ એક વાત છે-લઘુમાં ગુરુના પરાવર્ત્તની. તે માટે અરીસાનું ઉદાહરણ આપતાં કહે છે કે નાના અરીસામાં મહાકાય હાથીનું પ્રતિબિંબ ઝિલાય છે. અહીં કહે છે:

અથવા થિરમાંહી અથિર ન આવે,
મ્હોટો ગજ દર્પણમાં આવે રે.
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ શાબાશી રે....

આ આશ્ચર્યજનક ઘટનાનું શ્રેય પોતાના બુદ્ધિચાતુર્યને ઘટે છે. પરંતુ એ બુદ્ધિપ્રકાશ પણ મહાપ્રાજ્ઞના તેજથી થયો છે એટલે એની શાબાશી એમને જ ઘટે છે એવો તોડ કવિ અહીં લાવ્યા છે. આ આખા સ્તવનમાં પ્રશ્નોત્તર દ્વારા રચાતા આંતરિક સંવાદ અને એમાં રહેલાં ભરપુર નાટ્યતત્ત્વ કાવ્યને આહલાદક બનાવે છે.

શ્રી વાસુપૂજ્યસ્વામીના સ્તવનમાં ઉપાધ્યાયજી કહે છે:

'અમે પણ તુમશું કામણ કરશું
ભકતે ગ્રહી મન-ઘરમાં ધરીશું.... સાહેબા.'

અહીં ભગવાન પર કામણ કરવાની વાત છે અને તે ભકિત વડે એમને વશ કરી મનરૂપી ઘરમાં ધારણ કરવાનો એમણે વિશ્વાસ દર્શાવ્યો છે. આ જ વાત એમણે બીજી એક

---

[1] જુઓ વાડ્મય વિમર્શ પૃષ્ઠ-૪૦

ચોવીસીના પ્રથમ સ્તવનમાં આ રીતે કરી છે:

મુકિતથી અધિક તુજ
ભકિત મુજ મન વસી
જેહશું સબલ પ્રતિબંધ લાગો
ચમક પાષાણ જયમ
લોહને ખીંચશે
મુકિતને સહજ મુજ ભકિત રાગો

જૈન ધર્મમાં એક પારિભાષિક શબ્દ છે: નિયાણું, એમાં પુણ્યકર્મ દ્વારા ફળ માગવાનો નિષેધ છે. ભૌતિક, આધિભૌતિક કે સાંસારિક સિદ્ધિ અર્થે સુકૃત પણ નિષિદ્ધ છે. એટલું જ નહિ પરંતુ એવી સિદ્ધિની અભિલાષા પણ મનમાં ન ઊગવી જોઇએ. આમ છતાં એવું થાય તો એનું ફળ અવશ્ય મળે, પણ અંતે તો એનું પરિણામ સંસારવૃદ્ધિનું છે. આવી તાત્ત્વિક ભૂમિકાને લક્ષમાં રાખી ઉપાધ્યાયજી આપણને એક ડગલું આગળ લઈ જાય છે. ભગવદ્‌ભજન અને ભકિતથી સર્વજ્ઞ થવાનું પણ તેઓ વર્જ્ય ગણે છે અને સરસ વિરોધાભાસ સર્જે છે. મુકિત કરતાં પણ એમના મનમાં ભકિત સવિશેષ વસી છે. નિયાણું તો નહીં જ, પરંતુ સહેજ પણ મુકિતની અભિલાષા નહીં. કારણ એથી સંસારમાં રહેવું પડે અને એ થાય તો પ્રેમલક્ષણા ભકિતનો યોગ સતત ચાલુ રહે અને ચુંબકીય તત્ત્વથી જેમ લોઢું પાસે ખેંચાઇ આવે તેમ ભકતની ભકિતથી મુકિત પણ આપોઆપ ખેંચાઇ આવે એવી એ સહજ પ્રક્રિયા છે.

પ્રેમલક્ષણા ભકિતની વાત આવી એટલે એમ થાય કે વૈરાગ્યપ્રધાન ધર્મમાં કે જ્ઞાનમાર્ગમાં પ્રેમલક્ષણા ભકિતને સ્થાન ન હોય, આમ છતાં આપણા ભકતકવિઓએ આવી ભકિત ઉલ્લાસપૂર્વક કરી છે. એટલું જ નહિ પરંતુ એવા ઉલ્લાસને શૃંગારમંડિત સંબંધોની પરિભાષામાં પ્રગટ કરવામાં આવી છે. એનું કારણ એ છે કે ઉત્કટતાપૂર્વકની ભાવાત્મક સ્થિતિમાં દેહની પૃથકતા ઓગળી જાય અને એકતાની ભરતી છલકાઈ ઊઠે એવું નરનારીના સંબંધમાં જ સંભવે છે. આવી સ્થિતિ, અલબત્ત જુદી અને એથી પણ ઉચ્ચ કક્ષાએ આપણા ભકતકવિઓએ સિદ્ધ કરી છે. એવી એકતાની, તદ્રુપતાની, તાદાત્મ્યભાવની, એકાકારની વાત કરવા સાથે એની પ્રબળ અને વ્યાપક અસર સંસારી પર ત્યારે જ થાય, જો એ સંસારીને પરિચિત એવા ભાવની ભૂમિકાનો આશ્રય લેવાય. તેની તીવ્રતાએ મીરાં જેવી સાધિકાઓને લાભ આપ્યો છે. તેનો લાભ એ છે કે પતિ કે પત્નીમાં અન્ય અનેક સંબંધો સમાઈ શકે છે. સ્ત્રી પત્ની હોવા છતાં મિત્ર-સલાહકાર, માતૃભાવ આપી શકે છે. તેવી જ રીતે પતિ મિત્ર, રક્ષક અને પૈતૃક ભાવો આપી શકે છે. બીજા સંબંધો આટલા વ્યાપક નથી. તેથી જે સાધક ભગવાનને આ ભાવે ભજે તેમાં ઉત્કટતા આવે છે. મૂળે પરસ્પરમાં લોકોત્તર વિશ્વાસ અને પ્રત્યેક સ્પંદનોમાં એકાનુભૂતિ એ આનો પાયો છે. સખી કે સખાભાવમાં આખરે તો આ જ તત્ત્વ છે. ઇલિયટે પોતાની પત્નીને અર્પણ કરેલ કાવ્યમાં આ અનુભવ સર્જિત થયો છે. આ બધું જોતાં વૈરાગ્ય અને જ્ઞાનમાર્ગમાં પણ પ્રેમલક્ષણા ભકિત ઔચિત્યપૂર્ણ અને ઉપકારી જણાય છે.

શ્રી ચંદ્રપ્રભસ્વામીના સ્તવનમાં આવી પ્રેમલક્ષણાભકિતનો ઉપાધ્યાય યશોવિજયજીએ વિનિયોગ કર્યો છે.

ચંદ્રપ્રભ જિન સાહિબા રે,
તુમે છો ચતુર સુજાણ, મનના માન્યા
સેવા જાણો દાસની રે, દેશો ફળ નિવારણ,
આવો આવો રે ચતુર સુખલોગી,
કીજે વાત એકાંતે અલોગી

પ્રેમમાં વિશ્રંભે થતી ગોકુળીનું સુખ કલ્પનાતીત છે. વસ્તો વિશ્વંભર આ સુખને ચૌદલોકની પડછે મૂકી એનાથી રૂડું બીજું કશું એને લાગતું નથી એમ જણાવી એનો મહિમા કરે છે. અવધૂત આનંદઘનજી પણ આવી જ અનુભૂતિ કરે છે:

મીઠો લાગે કંતડો ને ખારો લાગે કોક
કંત વિહુણી ગોઠડી, તે રણમાંહે પોક

આ સ્તવનમાં રમ્યકોટિ જોવા મળે છે. યાચકને યાચકભાવ ન આવે એ રીતે આપવાથી દાતાની શાખ વધે છે અને યાચકની ધન્યતા થાય એવી સહૃદયતાથી દાન કરવું જોઇએ, એવું ન થાય તો-

જળ દીએ ચાતક ખીજવી
મેઘ હુએ તીણે શ્યામ

ચાતકને ખીજવી ખીજવીને વૃષ્ટિ દ્વારા જળસિંચન કરવાથી મેઘ જેમ શ્યામ થયો એવી હાલત દાતાની થાય. અહીં વાદળોની શ્યામતાના કારણ અંગેની કલ્પના દ્વારા રમ્યકોટિ જોવા મળે છે. ચાતક અંગેની પુરા-કથાનો પણ એવો જ રમ્ય ઉપયોગ થયો છે, આપણાં પ્રાચીન મુકતકો, અન્યોકિત, અત્યુકિત અને કલ્પનોના કારણે, બદલાતી કાવ્યરુચિ અને પલટાતા કાવ્યપ્રવાહો વચ્ચે, આધુનિક રચનાઓ જેવાં જ અને જેટલાં જ, (કદાચ ચડિયાતાં) આજે પણ તાજગીપૂર્ણ અને આકર્ષક રહ્યાં છે. આ કડી એનું ઉત્તમ ઉદાહરણ છે.

શ્રી ધર્મનાથ સ્વામીનાસ્તવનમાં કવિ કવે છે:

થાશું પ્રેમ બન્યો છે રાજ, નિરવહશ્યો તો લેખે
મેં રાગી, પ્રભુ થેં છો નિરાગી, અણજુગતે હોએ હાંસી....

પ્રેમમાં કજોડું થાય તો હાંસી થાય. ભગવાન વિતરાગી અને હું રાગી. એવી સ્થિતિ અને એકતરફી સ્નેહ રાખવામાં હાંસી થાય છતાં એ પ્રીતિ રાખવામાં મારી શાખાશી છે એમ કવિ ઉમેરે છે. આપણા કથાસાહિત્યમાં 'ચતુર નાયિકા અને મૂરખ નાયક'નું કથાઘટક છે, એમ એવાં ફાગુકાવ્યો પણ રચાયાં છે, એ વાતની અહીં યાદ આવે. આ વાતને આનંદઘનજીએ અભિનંદન જિન સ્તવનમાં આ રીતે કહી છે:

દરિશણ દરિશણ રટતો જો ફિરું
તો રણરોઝ સમાન
જેહને પિપાસા હો અમૃત-પાનની
કિમ ભાંજે વિષપાન
અભિનંદન જિન દરિશણ તરસીએ.

કેટલીકવાર સાવ સરળ લાગતી બાબત શબ્દોથી, વાણીના અર્થથી સમજાવી શકાતી નથી, તેમ કેટલીકવાર ગહન લાગતી

બાબતોને પણ શબ્દદેહ આપી શકાતો નથી. પ્રેમની, ઉત્કટ પ્રેમની અને ભાવોલ્લાસની અભિવ્યક્તિ અંગે પણ આવું કહી શકાય. એની અનુભૂતિ માણી શકાય. એ અનુભવ-ગોચર છે. હૃદયના સંકુલ ભાવોની છબિ શબ્દની ફ્રેમમાં મઢી શકાય કે ફ્રેમ એની શંકા રહે છે. ઉપાધ્યાય યશોવિજયજી કેવી અનુભૂતિને શબ્દદેહ આપવામાં સફળ રહ્યા છે, જેમ કે,

સુમતિનાથ ગુણરયું મિલીજી
વાધે મુજ મન પ્રીતિ

ગુણગ્રાહક દૃષ્ટિથી ભગવાન તરફ પ્રીતિ તો વધતી જ રહે. એનો અવિહડ રંગ કેવો લાગ્યો છે એ માટે રોજિંદા જીવનમાંથી સ્વાભાવિક દૃષ્ટાંતો એક પછી એક આવે છે. પરિમલ કસ્તુરી તણો, આંગળીએ મેરુ, છાબડીએ રવિતેજ, નાગરવેલના પાનથી લાલ થયેલા ઓષ્ઠ જેમ છૂપા ન રહે તેમ ભગવદ્-પ્રીતિ પણ છાની ન રહે એવી દૃષ્ટાંતસભર પંક્તિઓ એક પછી એક આવે છે. શ્રી અનંતનાથજીના સ્તવનમાં એમણે એ રંગને 'ચોળ મજીઠનો રંગ' કહ્યો છે.

ઉપાધ્યાય યશોવિજયજીની એક વિશિષ્ટતા છે. સ્તવનના પ્રારંભમાં ભાવની એક છટા લ્યે. ત્યારબાદ એને અનુરૂપ દૃષ્ટાંતસુભગ કલ્પના તેઓ દોડાવે. એક પછી એક કડીમાં પ્રતીતિજનક અને અનુભૂતિજન્ય દૃષ્ટાંતો આપી એ ભાવને પુષ્ટ કરે. એમાં આટલાં બધાં સ્તવનોમાં ક્યાંય પુનરુક્તિ થતી જણાતી નથી એથી એમનાં કાવ્યોમાં તાજગી અને નાવીન્ય જણાય છે. થોડાંક ઉદાહરણો જોઈએ.

ઋષભ જિન સ્તવનમાં તેઓ કહે છે :

કવણ નર કનક મણિ, છોડી તૃણ સંગ્રહે
કવણ કુંજર તજી કરહ લેવે ?
કવણ બેસે તજી કલ્પતરુ બાઉ લે
તુજ તજી અવર સુર કોણ સેવે ?

શ્રી અજિતનાથ જિન સ્તવનમાં ભગવાન (અજિતનાથ) સાથે પ્રીત છે અને બીજાનો સંગ જચતો નથી. એના સમર્થનમાં સરસ કહે છે :

માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે
ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાળ કે
સરોવરજળ જલધર વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે;
કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
આછાં તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોવે ગુણનો પ્યાર કે;
કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ઘરે ચંદ્રશું પ્રીત
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચહે હો કમળા નિજ ચિત્ત કે;

વર્ણાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસથી શોભિતી આ રચના કવિહૃદયના ઉત્કટ ભાવોની દ્યોતક છે.

શ્રી અભિનંદનસ્વામીના સ્તવનમાં ભગવાનની મૂર્તિ દીઠી અને જે ભાવ જાગ્યા એનું સાદૃશ્ય આલેખન છે. વિચારોની શુદ્ધિ અને કવિત્વની ઉત્કટતાથી સિંચાયેલી આ કૃતિ છે. એમની કલમ દ્વારા થતી ભાવ-નિષ્પત્તિ આવી છે :

સુરમણિ હો પ્રભુ સુરમણિ પામ્યો હુઓ
આંગણે હો મુજ આંગણે મુજ સુરતરુ ફળ્યો જી
જાગ્યા હો પ્રભુ જાગ્યા પુણ્ય અંકુર
માગ્યા હો પ્રભુ ! મુહ માગ્યા પાસાં ઢળ્યા જી.
ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યા મળ્યા ઘૃતપૂર,
તરસ્યા હો પ્રભુ ! તરસ્યા દિવ્ય ઉદક મળ્યા જી
થાકયા હો પ્રભુ ! થાકયા મિલ્યા સુખપાલ,
ચાહતા હો પ્રભુ ! ચાહતા સજ્જન હેજે હળ્યા જી

અનુભૂતિની ઉત્કટ અવસ્થાએ જ આવી રસાળ-રસાદ્ર કાવ્યરચના થાય.

ઉપાધ્યાય કૃત શ્રી પદ્મપ્રભસ્વામીનું સ્તવન અને દેવચંદ્રજીનું ઋષભજિન સ્તવન લગોલગ મૂકવા જેવાં છે. યશોવિજયજી કહે છે :

ઇહાંથી તિહાં જઇ કોઇ આવે નહિ
જેહ કહે સંદેશોજી
જેહનું મિલવું રે દોહિલું તેહશું
નેહ તે આપ કિલેશોજી...પદ્મપ્રભ....

તો દેવચંદ્રજી કહે છે :

કાગળ પણ પહોંચે નહિ
નવિ પહોંચે હો તિહાં કો પરધાન
જે પહોંચે તે તુમ સમો
નવિ ભાંખે હો કોઇનું વ્યવધાન,
ઋષભ જિણંદશું પ્રીતડી

એક સારો શ્લોક, કડી, દુહો કે લીટી : એ તો કયારેક મંદિર બની જાય. કયારેક તીર્થસલિલ બની જાય તો કયારેક ગોકુળ-વૃંદાવનનો વગડો બની જાય. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની સ્તવન ચોવીસીઓમાં આવી જ રચનાઓ છે. અહીં તો કાવ્યની વિશેષતાને અનુલક્ષી માત્ર અંગૂલિનિર્દેશ કર્યો છે. ગાય સૂંઘીને ચરે. જે સારું હોય, પોષણ મળે એવું હોય તે ચરી લે ને પછી નિરાંતે બેસી વાગોળે એમ ઉપાધ્યાય યશોવિજયજીની કૃતિઓનો, મધ્યકાલીન સાહિત્યમાંથી ચારો ચરીને, નિરાંતે વાગોળવા જેવો છે.

(શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે તા. ૧૨ અને ૧૩, ડિસેમ્બર, ૧૯૮૭ના રોજ અમદાવાદમાં 'યશોવિજયજી : વ્યક્તિત્વ અને વાઙ્મય' વિષે યોજાયેલ પરિસંવાદમાં રજૂ થયેલ નિબંધ.)

'પ્રબુદ્ધ જીવન'-પ્રજાસત્તાક અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૮૭નો અને તા. ૧લી ફેબ્રુઆરી, ૧૯૮૭નો અંક સંયુક્ત અંક તરીકે-પ્રજાસત્તાક અંક તરીકે તા. ૨૬મી જાન્યુઆરી આસપાસ પ્રગટ કરાશે. -તંત્રી

નવમો જૈન સાહિત્ય સમારોહ

અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

* ગતાંકથી ચાલુ * (૨)

કષાયો

શ્રી ઉષાબહેન મહેતાએ આ વિષય પર બોલતા જણાવ્યું હતું કે જૈનધર્મમાં આત્માનો વિકાસ અટકાવનારા અને ભવબંધનને વધારનારા ચાર કષાયો દર્શાવવામાં આવ્યા છે. તે છે ક્રોધ, માન, માયા અને લોભ. ક્રોધ દ્વારા પ્રીતિ, માન દ્વારા વિનય અને માયા દ્વારા મૈત્રીનો નાશ થાય છે જ્યારે લોભ જીવનમાં સર્વનાશ સર્જે છે. આમ ક્રોધથી મગજનો તીવ્ર ઉકળાટ, અહંકારથી સત્તા વૈભવનો નિરંકુશ દેખાવ, માયાથી સેવાતો ખોટો દંભ અને લોભથી કરવી પડતી જીવનની વેઠ પર આ ભવના સંતાપો અને પરભવના દુઃખનો વિચાર કરવાની જરૂર છે.

મનુષ્ય જીવનની સાર્થકતા

તત્ત્વજ્ઞાન વિભાગની બેઠકના અધ્યક્ષસ્થાનેથી વિદ્વત્તાપૂર્ણ પ્રવચન આપતા પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું હતું કે સમ્યગ્ દર્શનથી શુદ્ધ એવું જ્ઞાન અને ચારિત્ર એ જ મનુષ્યજીવનની સાર્થકતા છે. શ્રમણ ભગવાન મહાવીરે જગતને અદ્‌ભૂત તત્ત્વજ્ઞાનનો પ્રકાશ આપ્યો છે. જેમ જગતના પદાર્થો ઉત્પન્નશીલ છે તેમ નાશવંત, અસ્થિર અને વિનાશી પણ છે એ વાતનું સમાધાન થતાં ગૌતમસ્વામીએ પરમાત્માનું શરણ સ્વીકાર્યું હતું. ભગવાને જ્ઞાનના મહાસાગરમાંથી તેમના શિષ્યોને ખોબો ભરીને તત્ત્વ આપ્યું. તેમના સમર્થ શિષ્યોએ તેમાંથી એક બિન્દુ જેટલું ગુથ્યું અને ભગવાને પ્રરૂપેલ તે તત્ત્વ આ સમયે આપણી પાસે તુષાર જેટલું રહયું છે તો પણ એ તીર્થંકર પરમાત્માની વાણી હોય સૌ માટે કલ્યાણકારી છે. શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછીના ૫૦૦ વર્ષના ગાળામાં વાચક ઉમાસ્વાતિ મહારાજ થયા. તેમણે ૫૦૦ ગ્રન્થો રચ્યા. આટલા પ્રકાંડ વિદ્વાન હોવા છતાં તેઓ બિલકુલ નિરાભિમાની હતા. એ તો હંમેશ કહેતા કે હું તો ભાઈ જ્ઞાનના અગાધ મહાસાગરના કિનારે બેઠો છું. અને એ કિનારેથી રત્નો વીણીને તમને આપું છું. તેમની કેવી વિનમ્રતા. હરિભદ્રસૂરિએ ૧૪૪૪ ગ્રન્થો રચી જૈન ધર્મનો ઉદ્યોત કર્યો. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ જેવી કેટકેટલીય મહાન વિભુતિઓએ પોતાના અપૂર્વ જ્ઞાન તેજના અજવાળા પાથરીને આ જગત ઉપર કેટલો મોટો ઉપકાર કર્યો છે.

અન્ય નિબંધો

તત્ત્વજ્ઞાન વિભાગની આ બેઠકમાં ઉપરોકત નિબંધોની રજૂઆત ઉપરાંત અમદાવાદના શ્રી હસમુખ શાંતિલાલ શાહે સમકિત એટલે શું ? કેવી રીતે ? શા માટે ? એ વિષય પર અને ગારિયાધારના શ્રી હરેશકુમાર અરુણભાઈ જોશીએ 'જૈનધર્મમાં લેશ્યા' એ વિષય પર પોતાના અભ્યાસપૂર્ણ નિબંધો વાંચ્યા હતા.

આ ઉપરાંત તત્ત્વજ્ઞાન વિભાગ માટે ડો. રમેશચંદ્ર સુનીલાલ લાલન (મુંબઇ), ડો. ફાકિલાબહેન શાહ. (મુંબઇ), શ્રી રોહિત શાહ (અમદાવાદ), મુનિશ્રી હંસ (અમદાવાદ), ડો. મણિભાઇ પ્રજાપતિ (દ્વારકા), શ્રીમતી સુધા પ્રદીપ ઝવેરી (ભૂજ), કુ. હર્ષિકા રમણિકલાલ દોશી (જામનગર), કુ. જ્યોતિ પ્રતાપરાય શાહ (ભાવનગર), શ્રી જિતેન્દ્રકુમાર જૈન (ઉદયપુર) વગેરે તરફથી લેખો મળ્યા હતા પરંતુ સંજોગવશાત તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા.

સારસ્વતોનું સન્માન

પાલિતાણાની ૩૦ જેટલી વિવિધ સંસ્થાઓના ઉપક્રમે નવમા જૈન સાહિત્ય સમારોહમાં ભાગ લેવા પાલિતાણા પધારેલા વિદ્વાનોનું અભિવાદન કરવાનો એક કાર્યક્રમ ડો. બાબુલાલ હરખચંદ શાહના પ્રમુખસ્થાને શનિવાર, તા. ૨૧-૧૧-૮૭ના રાત્રે ૮-૩૦ કલાકે શ્રી સિદ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિરના ધર્મવિહાર સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો જેમાં અતિથિવિશેષ તરીકે જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી પ્રતાપભાઇ ભોગીલાલ પધાર્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ પાલિતાણા હાઇસ્કૂલના અધ્યાપક શ્રી જ્યોમેશચંદ્ર આચાર્યની મંગલ પ્રાર્થનાથી થયો હતો. પ્રાસંગિક વકતવ્યો બાદ સમારોહ માટે પધારેલ સારસ્વતોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સાહિત્ય વિભાગની બેઠક

રવિવાર, તા. ૨૨મી નવેમ્બર, ૧૯૮૭ના રોજ સવારના ૯-૦૦ વાગે પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ સાહેબના પ્રમુખસ્થાને (નિશ્રામાં) સાહિત્ય વિભાગની બેઠક મળી હતી તેમાં નીચેના સાક્ષરોએ પોતાના અભ્યાસલેખો રજૂ કર્યા હતા :

મોહનલાલ દલીચંદ દેશાઇનું સાહિત્યકાર્ય

પ્રા. જયંતભાઇ કોઠારીએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે વિદ્વાન ઘણીવાર પરદેશમાં પૂજાતો હોય છે, પણ ઘરઆંગણે એની કિંમત થતી નથી. શ્રી મોહનભાઇના 'જૈન ગુર્જર કવિઓ' અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' જેવા આકર ગ્રન્થોનું મૂલ્ય અભ્યાસીઓ ઘણું મોટું સમજે છે. ને એકલે હાથે આવાં મોટાં કામ કરનાર પ્રત્યે અપાર આદર થાય છે. પણ આ ઉપરાંત મોહનભાઇના ૪૦૦૦-૫૦૦૦ પાનાંનાં અપ્રગ્રંથસ્થ લખાણો છે એનો અંદાજ ભાગ્યે જ કોઇને હશે. એમનાં લખાણોની કેટલીક લાક્ષણિકતાઓ તરત ધ્યાન ખેંચે છે – અભ્યાસશીલતા, વીગતપ્રચુરતા, જૈનત્વ છતાં સાંપ્રદાયિકતાથી ઉપર ઊઠતી વિશાળ દ્રષ્ટિ, જૈનેતર સાહિત્યનો પણ ઊંડો અભ્યાસ, સમકાલીન જીવનની ગતિવિધિમાં રસ, રાષ્ટ્રવાદી વિચારવલણ વગેરે. મોહનભાઇનાં અપ્રગ્રંથસ્થ લખાણો ગ્રંથસ્થ થશે ત્યારે એમની પૂરી સાચી છબી આપણને મળશે અને સાહિત્ય, ઇતિહાસ, ધર્મની ઘણી નવી બાબતો પણ જાણવા મળશે.

સમરાઇચ્ચ કહાં

પ્રા. તારાબહેન રમણલાલ શાહે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિએ સમર્થ ઉપદેશપ્રધાન કથાકૃતિ 'સમરાઇચ્ચ કહાં' (સમરાદિત્યની કથા)

પ્રાકૃત ભાષામાં લખી છે. તેમાં જૈનદર્શનના મહત્ત્વના સિદ્ધાંતો, વિવિધ પાત્રો, પ્રસંગો, ઉપકથાઓ અને સાધુ-સાધ્વીનાં ઉપદેશવચનો રજૂ કરવામાં આવ્યાં છે. બે મુખ્ય પાત્રો રાજકુમાર ગુણસેન અને પુરોહિત પુત્ર અગ્નિશર્માના નવ ભવની આ બોધકથા છે. વિચાર, વાણી અને વર્તનની નાનામાં નાની ક્ષતિના પણ કેવાં કેવાં પરિણામો ભોગવવાનાં આવે છે તે સમર્થ રીતે આ મહાકથામાં દર્શાવાયું છે. અનેકને માટે પ્રેરણારૂપ બની રહે એવી આ મહાકથાનું સર્જન કરી કવિ, મહર્ષિ, તત્ત્વવેત્તા શ્રી હરિભદ્રસૂરિએ કથાકાર-સર્જક તરીકેની પોતાની અનન્ય શક્તિની અદ્‌ભુત પ્રતીતિ કરાવી છે.

સંવેગરંગશાલા : એક પરિચય

પં. કપૂરચંદ રણછોડદાસ વારૈયાએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે વિ. સ. ૧૧૨૫માં પ્રાકૃત ભાષામાં રચાયેલા આ સુદીર્ઘ ગ્રન્થમાં શ્રી જિનચંદ્રસૂરિએ ગૃહસ્થોને અને ત્યાગીવર્ગ માટે આરાધનાનું સુંદર સ્વરૂપ સમજાવ્યું છે. આ ગ્રન્થમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના ચાર સ્કંધરૂપે સાધુ ભગવંતો અને શ્રાવકોનાં દૃષ્ટાંતોપૂર્વક વર્ણવવામાં આવી છે. મોક્ષની પ્રાપ્તિ માટેના પરિકર્મવિધિ, પરગણસંક્રમણ, મમત્વવિચ્છેદ અને સમાધિલાભ એ ચાર કારણ આ ગ્રન્થમાં વિસ્તૃત સ્વરૂપે બતાવવામાં આવ્યાં છે. મોક્ષ-માર્ગના ઇચ્છુક આત્માએ આરાધના માટેનો આ ગ્રંથ અવશ્ય અવગાહન કરવા જેવો છે.

તામિલ જૈનકૃતિ : નાલડિયાર

શ્રી નેમચંદ ગાલાએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે નાલડિયાર તામિલ ભાષાનો પ્રાચીન મહાન જૈન ગ્રંથ છે. તેની રચનાનો ઇતિહાસ એવો છે કે પૂર્વે તામિલ દેશમાં પડેલા દુષ્કાળને કારણે મદુરાના પાંડ્ય રાજા ઉગ્ર પેરુવલુડિ પાસે આઠ હજાર મુનિઓ આશરો લેવા આવ્યા. રાજાએ તેમને સારી રીતે રાખ્યા. બીજા વર્ષે દેશમાં સુકાળ થવાથી તે મુનિઓએ ત્યાંથી વિહાર કરવાનું વિચાર્યું પરંતુ રાજા રજા નહિ આપે તેવું જણાતાં ગુપ્ત રીતે ત્યાંથી ચાલ્યા જવાનો નિર્ણય લીધો અને રાજાના ઉપકારનો બદલો વાળવા દરેક મુનિએ ચારેક લીટીનું એક એક પદ લખીને જવું તેમ નક્કી કર્યું. આમ આઠ હજાર પદ લખાયાં. રાજાને એ પછી જાણ થઈ કે સાધુઓ જતા રહ્યા છે ત્યારે ક્રોધાવેશમાં તે આઠ હજાર પદપત્રોને તેમણે નદીમાં પધરાવી દીધાં. પાછળથી પસ્તાવો થતાં અને ઘણી તપાસ કરતાં તેમાંથી ૪૦૦ પદપત્રો મળી આવ્યા. તે પરથી તે રાજાએ આ 'નાલડિયાર' નામનો અદ્‌ભુત ગ્રંથ રચ્યો છે.

જ્ઞાનસારનો સાર

શ્રી જયેન્દ્ર એમ. શાહે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે ઉપાધ્યાય યશોવિજયજીની સંસ્કૃત ભાષામાં રચાયેલી આ ઉત્તમ કૃતિ છે. યોગવિષયક બધા જ ગ્રંથોનો વાંચન, મનન અને અનુભાવનનો સાર એટલે જ્ઞાનસાર. જ્ઞાનસારમાં અધ્યાત્મ વિષયક ૩૨ અષ્ટકો છે. એમાં પૂર્ણતા, મગ્નતા, સ્થિરતા, જ્ઞાન, ક્રિયા, ત્યાગ, મૌન, વિવેક, તપ, ધ્યાન, યોગ ઇત્યાદિ વિષયો પરનાં અષ્ટકોમાં મૌલિક, ગહન તત્ત્વચિંતન રહેલું છે. આ દરેક અષ્ટકો ઉપર એક એક ગ્રંથનું સર્જન થઈ શકે તેવી અર્થસઘન આ કૃતિ છે.

[ક્રમશ:]

શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત
પ્રસિદ્ધ તત્ત્વચિંતક અને સર્જક શિરોમણિ, નવ્યન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની ત્રિશતાબ્દી પ્રસંગે
વિદ્યાસત્ર

સંઘના ઉપક્રમે નીચે પ્રમાણે વિદ્યાસત્રના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વ્યાખ્યાતા : પ્રો. જયંતભાઈ કોઠારી

વિષય : ઉપાધ્યાય યશોવિજયજીનું જીવન અને સાહિત્ય.

દિવસ : સોમવાર, તા. ૧૧ અને મંગળવાર, તા. ૧૨ જાન્યુઆરી, ૧૯૮૮

સમય : બંને દિવસે સાંજના ૬-૧૫ વાગે

સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર, કમિટિ રૂમ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૦૨૦.

સૌને ઉપસ્થિત રહેવા વિનંતી.

તારાબહેન ર. શાહ **મંત્રીઓ**
સંયોજક

મરાઠીમાં ગોષ્ઠિ

સંઘના ઉપક્રમે મરાઠી ભાષામાં ગોષ્ઠિનો કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો છે:

વ્યાખ્યાતા : મરાઠી ભાષાનાં જાણીતાં લેખિકા અને સમાજસેવિકા **શ્રી જ્યોતિબહેન સોમણ**

વિષય : 'જીવનસંધ્યાચે રંગ'

દિવસ : બુધવાર, તા. ૧૩મી જાન્યુઆરી, ૧૯૮૮

સમય : સાંજે ૪-૦૦ વાગે.

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ,
રસધારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૪

સૌને ઉપસ્થિત રહેવા વિનંતી.

કમલબહેન પીસપાટી
સંયોજક **મંત્રીઓ**

શ્રમમંદિરની મુલાકાત

શ્રમ મંદિર (સિંધરોટ-વડોદરા) સંસ્થા માટે સંઘ તરફથી એકત્ર કરાયેલ ફંડની રકમ અર્પણ કરવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ શ્રમમંદિરમાં યોજવામાં આવ્યો છે. તેની વિગતો હવે પછી પ્રગટ કરવામાં આવશે. દાતાઓ અને સંઘના સભ્યોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. સંઘના સભ્યોએ વડોદરા જવા આવવાની વ્યવસ્થા પોતાની મેળે કરી લેવાની રહેશે. વડોદરા સ્ટેશનથી સિંધરોટ બસમાં લઈ જવાની વ્યવસ્થા સંઘ તરફથી કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં જે સભ્યો ઉપસ્થિત રહેવા ઇચ્છતા હોય તેઓને પોતાનું નામ તા. ૫મી જાન્યુઆરી સુધીમાં સંઘના કાર્યાલયમાં જણાવી દેવા વિનંતી છે.

મૃદુલબહેન જે. શાહ **મંત્રીઓ**
સંયોજક

અણુશસ્ત્રોનું સર્જન અને વિસર્જન

(પૃષ્ઠ ૧૬૬થી ચાલુ)

નથી. બીજી બાજુ દુનિયાના કેટલાક પ્રગતિશીલ દેશોના વૈજ્ઞાનિકો પોતાની મેળે પણ અણુશસ્ત્રો બનાવવાની દિશામાં યથાવકાશ જાણકારી ધરાવતા થયા છે. ચીન કે ભારત જેવા દેશે પણ અણુબોમ્બ બનાવવાની જાણકારી મેળવી લીધી છે. અમેરિકાની સહાયથી પાકિસ્તાન અણુબોમ્બ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આમ અણુશસ્ત્રોની બાબતમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાંસ, ચીન, ભારત, પાકિસ્તાન, ઇઝરાયલ જેવા દેશો પાસે સંશોધન સામગ્રી કે માહિતી છે. આ અણુસત્તાઓ સમય જતાં ગરજ પડે ત્યારે પોતપોતાનાં સાથી રાષ્ટ્રોને ગુપ્ત માહિતી આપી દે તો નવાઇ નહિ. દુનિયામાં ક્રમેક્રમે અણુસત્તાઓ જ્યારે વધતી જશે ત્યારે કઈ સત્તાનું ક્યારે દિમાગ ફરી જશે તે કહી શકાય નહિ. મધ્ય-પૂર્વનાં ઇસ્લામી રાષ્ટ્રો પાસે આવી જાણકારી જલદી ન પહોંચી જાય એ વિશે રશિયા અને અમેરિકા બંને સચિંત રહે છે, કારણ કે ત્યાં દાયકાઓથી સંઘર્ષો અને આંતરિક યુદ્ધો ચાલ્યા કરે છે અને સત્તાઓની ઊથલપાથલ થાય છે. ક્યારે કોઇક ઝનૂની માણસ સત્તા પર આવીને યુદ્ધ ખેલી લેવાનું ગાંડું પગલું ભરી બેસે તે કહી શકાય નહિ. આપણી ગુજરાતી કહેવત પ્રમાણે 'હું મરું પણ તને તો રાંડ કરું' એવા આવેશમાં કોઈ નાનું રાષ્ટ્ર આવેશમાં આત્મઘાતક પગલું ભરી બેસે તો તેનું પરિણામ આખી દુનિયાને ભોગવવાનું આવે. એટલે મધ્યપૂર્વની ઇસ્લામી સત્તાઓ પાસે અણુશસ્ત્રોની ગુપ્ત માહિતી ન જવી જોઇએ એવી સાવચેતી રખાઈ છે. તેમ છતાં એક વખત પાકિસ્તાનને આપેલી માહિતી મધ્યપૂર્વના કોઈ ઇસ્લામી રાષ્ટ્ર પાસે નહિ જ પહોંચી જાય એમ વિશ્વાસપૂર્વક કહી શકાય નહિ.

અણુબોમ્બનો પહેલો ઉપયોગ અમેરિકાએ જાપાનમાં કર્યો ત્યાર પછી અણુબોમ્બ બનાવવાની દિશામાં અમેરિકા પોતે ઘણી પ્રગતિ કરતું રહ્યું છે અને અણુશસ્ત્રોના ઉત્પાદનનું એનું કાર્ય સતત ચાલતું રહ્યું છે. સોવિયેત યુનિયને અવકાશમાં પહેલો ઉપગ્રહ છોડીને દુનિયાને આશ્ચર્યચકિત કરી નાખી હતી. આધુનિક અણુશસ્ત્રો બનાવવાં કે અવકાશમાં ઉપગ્રહો છોડવાની યોજના એટલી બધી ખર્ચાળ છે કે નાના દેશોને એ પરવડે નહિ. અમેરિકા અને સોવિયેત યુનિયન એ દુનિયાની બે મોટી પ્રતિસ્પર્ધી મહાસત્તાઓને એકબીજા કરતાં પાછળ રહી જવાનું પાલવે નહિ. જે દિવસે એ બે મહાસત્તાઓમાંથી કોઈપણ એક સત્તા શસ્ત્ર સંશોધનની બાબતમાં ઘણી પાછળ પડી જશે તે દિવસે દુનિયાનું રાજકારણ અસંતુલ બની જશે અને સબળી સત્તા નબળી સત્તાને અને તેનાં સાથીદાર રાષ્ટ્રોને કેવી રીતે દબાવશે કે કચડી નાખશે તે કહી શકાય નહિ. યુદ્ધ કરવા જતાં પરસ્પર ભયંકર સંહાર થયા વગર રહેશે નહિ.

આવતાં પંદર-પચ્ચીસ વર્ષમાં અણુશસ્ત્રોની દૃષ્ટિએ વિશ્વનું રાજકારણ અત્યારે છે તેવું જ રહેશે અને અમેરિકા તથા રશિયાનું વર્ચસ્વ છે તેવું ને તેવું રહેશે એમ માની ન શકાય. લશ્કરી દૃષ્ટિએ સત્તાઓનું સંતુલન થોડું આઘુંપાછું પણ થાય. જાપાન લશ્કરી દૃષ્ટિએ શક્તિશાળી બનતું જાય છે અને ટેકનોલોજીના ક્ષેત્રે જે રીતે એ આગળ વધતું જાય છે તે જોતાં અણુશસ્ત્રો બનાવવાની વિદ્યા એના માટે અઘરી નથી. ચીન પણ વર્ષોવર્ષ લશ્કરી તાકાતમાં પ્રગતિ કરતું રહ્યું છે. ચીનનાં અણુશસ્ત્રોની સામે રક્ષણ મેળવવા ખાતર જાપાનને પણ દુનિયાની એક અણુસત્તા બનવાની કદાચ ફરજ પડે. રશિયા સામે પ્રતિકાર કરવાની દૃષ્ટિથી અમેરિકા પાકિસ્તાનને અણુશસ્ત્રોની બાબતમાં સક્રિયપણે સજ્જ કરે તો ભારતને પણ અણુશસ્ત્રોની બાબતમાં આગળ વધવાની ફરજ પડે. મધ્યપૂર્વનાં ઇસ્લામી રાષ્ટ્રોમાં જે રીતે સંઘર્ષો થઈ રહ્યા છે તેનું પણ આવતા બે-ત્રણ દાયકામાં કંઇક વિપરીત પરિણામ આવે. યુરોપીય દેશો રશિયાની સામે આજે જેટલા સંગઠિત છે, તેટલા આવતી કાલે ન પણ રહે. સોવિયેત યુનિયન યુરોપમાં પોતાની સરહદ પરના એકાદ બે દેશોમાં ધૂસણખોરી કદાચ ચાલુ કરી દે. લેટિન અમેરિકામાં પણ કોઇક દેશ વધુ લશ્કરી તાકાત બતાવે. ટૂંકમાં એકવીસમી સદીના આરંભના એક-બે દાયકામાં લશ્કરી વ્યૂહરચનાની દૃષ્ટિએ કોઇ નવાં પરિમાણ—Dimensions ઊભાં નહિ જ થાય એમ અત્યારથી કહી શકાય નહિ.

અણુયુદ્ધની ગમે તેટલી તૈયારી કરવા છતાં અણુયુદ્ધનાં પરિણામો કેટલાં ભયંકર હોય છે તે તો યુદ્ધ કરનારાઓ પણ જાણે છે. ડાહ્યા અને વિચારશીલ નેતાઓ મૈત્રી અને શાંતિનો વિચાર કરી શકે છે. રશિયા અને અમેરિકા વચ્ચેની અણુશસ્ત્રોની સ્પર્ધા બંને દેશોના અર્થતંત્ર ઉપર ઘણો ભારે બોજો નાખ્યા કરે છે અને પરિણામે પ્રગતિશીલ દેશો હોવા છતાં પોતાના અર્થતંત્રને ટકાવી રાખવા માટે બંને મહારાષ્ટ્રોને ઘણી મહેનત લેવી પડે છે; જેની માઠી અસર દુનિયાના અન્ય દેશોની અર્થતંત્ર ઉપર પડે છે. મધ્યમ કક્ષાનાં ક્ષેપકાસ્ત્રોના વિસર્જનથી બંને મહારાષ્ટ્રોને આર્થિક દૃષ્ટિએ ઘણી રાહત અનુભવવા મળશે.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયાને ચાર દાયકા જેટલો સમય વીતી ચૂક્યો છે. સોવિયેત યુનિયન અને અમેરિકાની અણુશસ્ત્રો માટેની પરસ્પર સ્પર્ધા આજ દિવસ સુધી ચાલ્યા કરી છે; બલકે વધતી રહી છે. આધુનિક અણુશસ્ત્રો અને અવકાશી સંશોધનના ક્ષેત્રમાં આ બંને દેશો દુનિયાના તમામ દેશોમાં સૌથી આગળ નીકળી ચૂકેલા દેશો છે.

શસ્ત્રદોટમાં આ બંને દેશો અવિરત દોડતા રહ્યા છે, પરંતુ સતત દોડવાનો પણ થાક લાગે છે. અત્યારે બંને માટે થાક ખાવાનો સમય આવી ગયો એમ કહી શકાય. એ સમય વધુ લંબાય અને શસ્ત્રદોટ ઓછી થાય કે બંધ થાય એ માત્ર એમના જ હિતમાં નહિ, સમગ્ર વિશ્વના હિતમાં છે. લશ્કર અને યુદ્ધ-સામગ્રીની તૈયારીમાં વિશ્વમાં જે નાણાં ખર્ચાય છે તે માનવ-કલ્યાણ માટે ખર્ચાય તો વિશ્વ નંદનવન જેવું બની જાય.

જગતના સર્વોચ્ચ સત્તાધીશોના મગજ ઉપર આસુરી સંપત્તિ જ્યારે સવાર થઇ જાય છે અને શસ્ત્રાંધતા માઝા મૂકે છે ત્યારે આપણા જેવા પ્રતરજનો પાસે પ્રાર્થના કરવા સિવાય બીજું વધુ અસરકારક બળ રહેતું નથી. તે બંને રાષ્ટ્રોને અને તેના સર્વોચ્ચ સત્તાધીશોને સદ્‌બુદ્ધિ સાંપડી રહે એ જ આપણી પ્રાર્થના હો !

રમણલાલ ચી. શાહ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૯૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૧૮-૧૯

મુંબઇ તા. ૧૬-૧-૧૯૮૮ ૧-૨-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૩-૦૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. બાદશાહખાન

બાદશાહખાન (બાચાખાન) 'ફ્રન્ટિયર ગાંધી', 'ફ્રન્ટિયર સરહદ', 'સરહદના ગાંધી' જેવાં લાડીલા નામોથી પ્રજાએ જેમને નવાજ્યા હતા એવા ખુદાઈ ખિદમતગાર ખાન અબ્દુલ ગફ્ફારખાને ૯૮ વર્ષની સુદીર્ઘ વયે લાંબી માંદગી પછી દેહ છોડ્યો. એમની ઇચ્છાનુસાર એમના પાર્થિવ દેહને પાકિસ્તાનમાં નહિ પણ પોતે જ્યાં સ્વેચ્છાએ દેશવટો ભોગવ્યો હતો એવા અફઘાનિસ્તાનના જલાલાબાદ ખાતે વિધિસર તોપોની સલામી સાથે દફનાવવામાં આવ્યો એ ઘટના ઇતિહાસમાં સ્મરણીય બની રહેશે.

એમના અવસાનથી ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઉચ્ચતમ નેતાઓમાંના એક મહાન નેતા આપણે ગુમાવ્યા છે. નેવું વર્ષની ઉંમર વટાવી ચૂકેલા સ્વાતંત્ર્યસંગ્રામના નેતાઓમાં નામાંકિત એવા બાદશાહખાન અને મોરારજી દેસાઇ એ બે વિદ્યમાન રહેલા નેતાઓમાંથી બાદશાહખાને ચિરવિદાય લીધી. એથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેમણે સક્રિય ભાગ લીધો હશે અને બાદશાહખાનના સંપર્કમાં આવી હશે એવી કેટલીયે વ્યક્તિઓએ સવિશેષ શોક અનુભવ્યો હશે!

બાદશાહખાનની સ્મશાનયાત્રા પણ એક ઐતિહાસિક ઘટના બની ગઈ. પાકિસ્તાનની મુલાકાત લેવાનું નિવારનાર વડા પ્રધાન રાજીવ ગાંધીએ સ્મશાનયાત્રામાં ઉપસ્થિત રહેવાનું નક્કી કર્યું. એથી પાકિસ્તાનના સત્તાવાળાઓને પણ સજ્જ થવું પડ્યું અને પાકિસ્તાનના પ્રમુખ તથા વડા પ્રધાનને સ્મશાનયાત્રા પ્રસંગે રાજીવ ગાંધી સાથે ઉપસ્થિત રહેવું પડ્યું તથા અફઘાનિસ્તાનના પ્રમુખે પણ પોતાના દેશમાં સ્મશાનયાત્રાને આવકાર આપ્યો. એમ પરસ્પર દુશ્મનાવટ-ભર્યા આ ત્રણે દેશોના વડા એકત્ર થયા એ બાદશાહખાનના અવસાનનો એક શુભ સંકેત છે. સરહદના એવા પઠાણ પ્રદેશમાં સ્મશાનયાત્રામાં બે હજારથી વધુ વાહનો જોડાયાં અને લાખો માણસો ઉપસ્થિત રહ્યા એ પણ બાદશાહ-ખાનની સુવાસની પ્રતીતિ કરાવે છે.

જાતે પઠાણ એટલે ખાન અબ્દુલ ગફ્ફારખાન ઊંચા કદાવર બાંધાના શરીરવાળા હતા. સવાછ ફૂટની ઊંચાઈને કારણે હજારો માણસમાં બાદશાહખાનને તરત ઓળખી શકાય. આઝાદી પૂર્વે મુંબઈમાં ગોવાલિયા ટેન્કમાં મૌલાના આઝાદના પ્રમુખપદે યોજાયેલ કૉંગ્રેસ મહાસમિતિના અધિવેશનમાં ભાગ લેવા માટે બાદશાહખાન આવ્યા હતા. ત્યારે કૉંગ્રેસ વિદ્યાર્થી સ્વયંસેવક તરીકે અમને કેટલાક સ્વયંસેવકોને મંચ ઉપર ફરજ બજાવવાનું સોંપ્યું હતું. તે સમય અમારા જીવનનો એક અમૂલ્ય અવસર હતો કે જ્યારે બધા જ નેતાઓને પાસેથી નીરખવાની, એમની સાથે વાત કરવાની અને એમની પરસ્પર વાતચીતો સાંભળવાની સરસ તક સાંપડી હતી. ગાંધીજી અને બાદશાહખાન ઉપરાંત જવાહરલાલ, સરદાર પટેલ, કૃપાલાની, મૌલાના આઝાદ, સરોજિની નાયડુ, રાજેન્દ્ર-પ્રસાદ, અરુણા અસફઅલી વગેરે દેશના મહાન નેતાઓની લાક્ષણિકતા જોવા મળેલી. (ઉદાહરણ તરીકે જવાહરલાલજી સિગરેટ પીવા માટે મંચ ઉપરથી ઊતરી કોઇક ખૂણામાં કે વા ચાલ્યા જતા હતા. તે ત્યારે જોવા મળેલું. ખાદીધારી કૉંગ્રેસ-નેતા સિગરેટ પીવે એ શોભે નહિ એવી ગૌરવભરી છાપ કૉંગ્રેસના નેતાઓની ગાંધીજીએ ત્યારે ઉપસાવેલી હતી.) એ સમયે ખાદીધારી પઠાણી પહેરવેશ પહેરેલા દૂરથી પણ દેખાઇ આવે એવા, દાઢીવાલા બાદશાહખાનના ચહેરા ઉપર સતત નિર્દોષ સ્મિત ફરકયા કરતું જોવાનો એક વિરલ અનુભવ હતો.

પઠાણો લડાયક મિજાજના. લશ્કરમાં ભરતી માટે અંગ્રેજો પઠાણોની પહેલી પસંદગી કરે. પરંતુ પેશાવરની મિશન સ્કૂલમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કરી બાદશાહખાન પોતાના વતન ઉત્મન્જાઇમાં પાછા ફર્યા હતા અને ૧૯૨૧માં તેમણે એક રાષ્ટ્રીય શાળા ચાલુ કરી હતી. તેમની રાષ્ટ્રીય પ્રવૃત્તિ-ઓને લીધે અંગ્રેજોએ એમની ધરપકડ કરી હતી અને ત્રણ વર્ષની સજા કરી હતી. ૧૯૨૪માં જેલમાંથી છૂટ્યા ત્યાર પછી એમણે પખ્તુન લોકો માટે પુખ્તુન ભાષામાં 'પુખ્તુન' નામનું એક સામયિક શરૂ કર્યું હતું. 'યંગ ઇન્ડિયા' કે 'હરિજન'ની જેમ 'પખ્તુન' સામયિક પખ્તુન લોકોમાં ઘણું લોકપ્રિય થઈ ગયું હતું. રાષ્ટ્રીય ચળવળમાં એ સામયિકે પણ મહત્ત્વનો સક્રિય ફાળો આપ્યો હતો. એક ઉમદા ચિંતક અને પત્રકાર તરીકેની બાદશાહખાનની ઐતિહાસિક કારકિર્દીનો એ સામયિકમાંથી સરસ પરિચય મળી રહે એમ છે.

ઇ. સ. ૧૮૯૦(?)માં પેશાવર જિલ્લાના ઉત્મન્જાઇ ગામમાં જન્મેલા બાદશાહખાનની સાચી ઉંમરની એમને પોતાને

પણ ખબર ન હતી, કારણ કે પેશાવરની શાળામાં દાખલ કરવા માટે થોડી ઓછી કે વધુ ઉંમર લખાવી દેવામાં આવી હશે એવી એમને પોતાને પણ દહેશત હતી. એ દિવસોમાં સુશિક્ષિત એવી વ્યકિત સારા પગારે લશ્કરમાં જોડાવાને બદલે લોકસેવાનાં રચનાત્મક કાર્યોમાં પોતાનું જીવન સમર્પિત કરવાનો સંકલ્પ કરે એ જ બાદશાહખાનની એક સ્વપ્નદ્રષ્ટા તરીકેની પ્રતીતિ કરાવે છે. એમની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓથી ચોંકી જઈને અંગ્રેજ અમલદારોએ વારંવાર કાં તો એમને જેલમાં પૂરેલા અને કાં તો વાયવ્ય સરહદ પ્રાંતમાંથી તડીપાર કરેલા. બાદશાહખાને લડાયક મિજાજના અને હિંસક વલણ ધરાવનારા પઠાણોના જીવનમાં અહિંસા, પ્રેમ અને શાંતિના મંત્રો ગૂંથી દીધા હતા. એમની નિર્મળ, તેજસ્વી, નિઃસ્વાર્થ અને સેવાપરાયણ પ્રતિભાએ એમને અનેક પખ્તુન અનુયાયીઓ મેળવી આપ્યા હતા. એમણે ખુદાઈ ખિદમતગારની સંસ્થાનું કુશળ આયોજન કર્યું હતું. લાલ ખમીસધારી એ ખિદમતગારો બાદશાહખાનનો પડ્યો બોલ ઝીલવા હંમેશાં તત્પર રહેતા.

આઝાદી પૂર્વે જવાહરલાલજીએ પેશાવરની મુલાકાત લીધી હતી ત્યારે સ્વયંસેવક તરીકે આખે રસ્તે ઊભા રહેલા લાલ ખમીસધારી ખિદમતગારોની શિસ્ત અને સેવાની ભાવના જોઈને તેઓ આશ્ચર્યમુગ્ધ બની ગયેલા અને પ્રશંસાના ઘણા ઉદ્‌ગારો તેમણે કાઢેલા.

બાદશાહખાને ૧૯૨૦થી રાષ્ટ્રીય કોંગ્રેસનાં અધિવેશનોમાં ભાગ લેવાનું ચાલુ કરેલું, પરંતુ ગાંધીજીના પ્રત્યક્ષ સંપર્કમાં તો તેઓ ૧૯૨૯માં લખનૌ ખાતેની કોંગ્રેસની બેઠકમાં હાજરી આપવા આવેલા. ત્યારે તેઓ આવ્યા. ગાંધીજીનાં વ્યકિતત્વ અને વિચારસરણીથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા હતા કે એમણે ખુદાઈ ખિદમતગારના આંદોલનનો પ્રારંભ કર્યો હતો. ત્યાર પછી ઉત્તરોત્તર તેઓ ગાંધીજી તરફ વધુને વધુ આકર્ષાયા અને ગાંધીજીના આશ્રમમાં જુદા જુદા પ્રસંગે આવીને રહ્યા હતા. યુવાન વયે એક પછી એક એમ બે પત્નીઓના અવસાન પછી તેઓ પણ ગાંધીજીની જેમ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને રહ્યા હતા. અલ્પતમ પરિગ્રહ, સાદાઈ અને લોકસેવા એ એમનાં જીવનમંત્ર બની ગયાં હતાં. ગાંધીજી જેવી રમૂજવૃત્તિ તેમનામાં પણ હતી અને ગાંધીજીની જેમ જ સત્તા કે પદ માટે આસકિતનો અભાવ તેમનામાં પણ હતો. ૧૯૩૪માં મુંબઈ ખાતેના કોંગ્રેસ અધિવેશનમાં પ્રમુખ તરીકે એમની જ્યારે વરણી થઈ ત્યારે એમણે એ પદનો અસ્વીકાર કર્યો હતો અને કહ્યું હતું કે 'હું તો માત્ર એક સૈનિક છું અને જીવનભર સૈનિક રહેવાને ઇચ્છું છું.' બાદશાહખાન ખરેખર સંત પ્રકૃતિના મહામાનવ હતા.

ગાંધીજી અને અન્ય નેતાઓએ ભારતીય ઉપખંડને અંગ્રેજોની ગુલામીમાંથી મુકત બનાવવા માટે જે રાષ્ટ્રવ્યાપી લડત ચલાવી તેના પરિણામે અંગ્રેજોને સત્તા છોડવી પડી, પરંતુ અંગ્રેજોએ મહંમદઅલી ઝીણા દ્વારા મુસ્લિમોની સંકુચિત ધાર્મિક લાગણી ઉશ્કેરીને ભારતીય ઉપખંડની દુર્દશા કર્યા પછી એ સત્તા છોડી. ભારતના ટુકડા થયા. ભારત અને પાકિસ્તાન એમ બે રાષ્ટ્રો થયાં. પાકિસ્તાનના પણ પૂર્વ પાકિસ્તાન (બાંગલાદેશ) અને પશ્ચિમ પાકિસ્તાન એવા બે ટુકડા બન્યા. આ દરખાસ્ત (ફૉર્મ્યુલા) માટે જેમની અસંમતિ હતી અને જેમનો આત્મા કકળી ઊઠ્યો હતો એવી બે મહાન વિભૂતિઓ તે મહાત્મા ગાંધી અને સરહદના ગાંધી. અંગ્રેજો જલદી સત્તા છોડે અને ભારત ઝટ સ્વતંત્ર થાય એ સ્વપ્ન નિહાળવાની આશામાં રાષ્ટ્રીય લડતની ઉચ્ચ નેતાગીરીને પક્ષે કંઈક ઉતાવળ થઈ હતી એમ ભવિષ્યના ઇતિહાસકારો બેધડક કહેશે. ભાગલા પાડીને લડાવી મારવાની અંગ્રેજોની રાજરમતનો ભોગ આપણે બન્યા. દેશનું વિભાજન થતાં પૂર્વ અને પશ્ચિમની સરહદો ઉપર લાખો માણસોની હિજરત થઈ. અનેકાનેક માણસોની કતલ થઈ અને લૂંટ, અપહરણો અને બળાત્કારોના અનેક બનાવો બન્યા. પંજાબ અને નોઆખાલી સળગી ઊઠ્યાં. કલ્પનામાં ન આવે એટલું કોમી વિષ પ્રસરાવી દેવામાં આવ્યું હતું. તે સમયે આ બંને ગાંધીનો આત્મા શાંતિ માટે પોકારી ઊઠ્યો હતો. દેશની દુર્દશા જોવા ગાંધીજી ઝાઝું જીવ્યા નહિ, પરંતુ સ્વાતંત્ર્યપ્રાપ્તિનો આનંદ એમને બહુ રહ્યો નહોતો. અહિંસક ચળવળની હિંસક પૂર્ણાહુતિથી એમનું હૃદય ચીરાઈ ગયું હતું.

બીજી બાજુ અંગ્રેજો પાસે સત્તા છોડાવ્યા છતાં પોતાની તો એવી જ કરુણ હાલત રહ્યા કરે એ બાદશાહખાનના જીવનની કરુણ ઘટના બની દેશના વિભાજન વખતે સૌથી વધુ અન્યાય જો કોઈને થયો હોય તો તે બાદશાહખાનને અને એમના પખ્તુન લોકોને. અખંડ ભારત આઝાદ થયું હોત અને ગાંધીજી તથા સરહદના ગાંધીની સેવા સમગ્ર દેશને ઝાઝો સમય મળી હોત તો ભારતમાં હિંસાત્મક અશાંતિ થઈ ન હોત. કોમી પ્રેમ વધ્યો હોત અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ભારતની કાયાપલટ જુદી જ રીતે થઈ હોત. દેશના વિભાજન પછી બાદશાહખાનને તો જેલ અને વ્યથામાં જ સુદીર્ઘ જીવન વીતાવવું પડ્યું એ કુદરતની લીલા કેટલી ક્રૂર બની શકે છે તેનો પરિચય કરાવે છે, રાજનૈતિક ભૂલો (Political Blunders)નાં પરિણામો લાંબે ગાળે વધુ સ્પષ્ટ દેખાય છે. બાદશાહખાનના ભારતમાં રહેલા સાથીદારો સત્તાનાં મોટાં મોટાં પદ ભોગવવા લાગ્યા ત્યારે બાદશાહખાનના ભાગ્યમાં હજુ લડત અને જેલજીવન બાકી રહ્યાં હતાં. સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન જુદે જુદે સમયે મળી ૧૪ જેટલાં લાંબાં વર્ષોનો એમણે જેલવાસ ભોગવ્યો હતો. પરંતુ સ્વાતંત્ર્ય પછીથી તો પાકિસ્તાનમાં એથી પણ ઘણાં વધુ વર્ષ જેલમાં એમને પસાર કરવા પડ્યાં.

ભારત અને પાકિસ્તાનના વિભાજન વખતે ગાંધીજીની દોરવણી પ્રમાણે બાદશાહખાન ચાલ્યા. પખ્તુનો માટે સ્વતંત્ર રાજ્યની વાત તો બાજુ પર રહી, પરંતુ પખ્તુનો ઉપર પાકિસ્તાની સત્તાવાળાઓ દમન કરશે તો ભારત તેમની વહારે જાશે એવું વચન આપીને ગાંધીજી તો વિદાય થયા. પરંતુ ભારતીય સરકાર લાચાર બનીને એ જોઈ રહી. 'તમે અમને વરુઓના હાથમાં ધકેલી દીધા છે' એવાં રોષ અને ખેદયુકત વચનો ત્યારે બાદશાહખાને ઉચ્ચારેલાં તે સાચાં પડ્યા. પખ્તુનો ઉપરના પાકિસ્તાની દમન વખતે અને બાદશાહખાનની ધરપકડ વખતે ભારત માત્ર મૂક સાક્ષી બની રહ્યું એથી બાદશાહખાનને પારાવાર દુઃખ થયેલું. પાકિસ્તાનના સર્જન પછી ઘણાં વર્ષ બાદશાહખાને પાકિસ્તાનની જેલમાં વીતાવ્યાં. કેટલાંક વર્ષ નજરકેદ પણ રહ્યા. સ્વતંત્રતા પહેલાં અને

(પૃષ્ઠ ૧૯૪ ઉપર)

મુંબઇની એક સમયે લોકપ્રિય થયેલી કોંગ્રેસ પત્રિકા

● ચંદ્રવદન ચી. મહેતા

સન ૧૯૩૦-૩૨નો ગાળો. લંડનમાં રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં મહાત્મા ગાંધી અને બીજા નેતાઓ સ્વરાજ્યની ચર્ચા કરવા જાય તે પહેલાં મુંબઇમાં અંગ્રેજી, ગુજરાતી અને મરાઠી ત્રણ ભાષાઓમાં નિયમિત પ્રગટ થતી આ કોંગ્રેસ પત્રિકાઓ હતી. એની બોલબાલા હતી. એ જમાનામાં કેટલાક એનો સંગ્રહ કરી આખી હારમાળાને બંધાવીને પણ રાખી હતી. મેજિસ્ટ્રેટ દસ્તુરના હુકમ અનુસારે એ જ્યાં છપાય ત્યાં છાપો મારી એનાં મશીન જપ્ત કરવાં, છાપનાર પકડાય એને બબ્બે વર્ષ કેદમાં મોકલવા. ચાર હજાર નવસે નવ્વાણુની મોટી મોટરમાં એની લાવવા-લઇ જવાની વ્યવસ્થા હતી. એટલે એ નોંધાયેલી ગાડી પર પણ પોલીસનો ડોળો હતો. ત્યારે મુંબઇના પ્રખ્યાત ચાઇના બાગમાં એ પત્રિકાની મરાઠી-ગુજરાતી માટે લખાવટ-ક્રિયા ચાલતી. ત્યાં પોલીસની આવનજાવન હતી. બીજા કોઇ મોટાં દફતરો નહોતાં ખાસ દફતરદારો નહોતા, છતાં આ પત્રિકા નિયમિત સાંજના ટાણે ફોર્ટ, ભૂલેશ્વર, દાદર વગેરે સ્થળે આને-બે આને વેચાતી. કેટલાક એની બે-પાંચગણી કિંમત પણ આપી જતા. એમાંની ભાષા ઉપર રાજદ્રોહ પુકારાતો. બ્રિટિશ અમલને નામૂકૂ કરવા જેટલી કડક ભાષામાં લખી શકાય એ રીતે એ ત્રણે ભાષામાં લખાવટ થતી. અંગ્રેજી વિભાગ શ્રી મીનુ મસાણીથી માંડી અલાહાબાદના જોહરી સુધી લખતા. મરાઠી વિભાગ સેન્ડહર્સ્ટ રોડ (આજે સરદાર વલ્લભભાઇ પટેલ રોડ) પર ડો. નાયરની હોસ્પિટલ સામે બે માળાની વચ્ચે બાંધેલા એક નાનકડા દવાખાનામાં ડો. અજગાંવકર લખતા. એ હોમિયોપથી દવાખાનું ચલાવતા. બહુ ધર્મનિષ્ઠ વ્યક્તિ, સેવાભાવી. સાંજના પહોરે તેમનાં બે-પાંચ મિત્રો સાથે વિવિધ પ્રકારની ચર્ચા કરતા. ભલભલાને સલાહ આપી એમનાં દુઃખો દૂર કરવા તલસતા.

આ એક આખી વ્યવસ્થાનો ત્યારે જાહેરમાં ઘણા ઓછાને ખ્યાલ હતો. બાબુલનાથના મંદિર સામે ઝવેરી બિલ્ડિંગમાં રહેતાં શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરી ત્યારે ખેતવાડીની એક ગલીમાં કોંગ્રેસ હોસ્પિટલ ચલાવતા. એમાં ત્રણ-ચાર ભાગીઆ પોતાનો ફાળો આપતા. રોજ દશબાર ડોકટરો, એમાં ખાસ મલબારહિલ પર રહેલા ડો. ભારુકર પટેલનો અને એમના સાથીદારોનો મુખ્ય ફાળો હતો. નર્સ તરીકે વગર મહેનતાણે કામ કરનારી સારા પ્રમાણમાં કેળવાયેલી નર્સો પોતાનાં કામ કર્યે જતી.

હજારો પત્રિકા રોજ નીકળે. એ માટે સાયકલોસ્ટાઇલ કાગળો થોકબંધ વપરાતા. એ કાગળો થોકબંધ ખરીદાતા. અમુક સ્થળે સચવાતા, ત્યાંથી જ્યાં જ્યાં સાયકલોસ્ટાઇલ મશીનો હોય ત્યાં મોટર કે ઘોડાગાડી યા મજૂરો મારફત પહોંચાડાતા. કોંગ્રેસ હોસ્પિટલ ચલાવનાર શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીનાં બે-પાંચ મકાનો એક ગ્રાન્ટ રોડ પર, એક મલબાર હિલમાં લિટલ ગિબ્સ રોડ પર હતાં. એમાં ત્યારે મુંબઇની આટલી ગીચ વસતિ નહિ. ઘણે ઠેકાણે 'ટુ બી લેટ' (To Be Let)નાં પાટિયાં વાંચવા મળતાં. એવી જગ્યાઓ મણિભાઈ વગર ભાડે શોધી આપાવી દેતા. ત્યાં ત્રણ-ચાર ઠેકાણે ચીસેક સ્વયંસેવકો રોજના અમુક કલાકના હિસાબે મશીન ચલાવવા હાજર થઇ જતા. એમાં એમના માર્ગદર્શનમાં અજિતભાઇ દેસાઇ, છાપાંઓમાં કામ કરનાર બટુકભાઇ દેસાઈ, નાનુભાઇ ઝવેરીના ભાઇ વિઠ્ઠલભાઇ ઝવેરી (એ ભાઇએ લડત પછી પદ્મભૂષણ બની ગામદેવીના મણિ ભુવનનું જીવ્યા ત્યાં સુધી સંચાલન કર્યું. તે જેલમાં પણ ગયેલા. તેમણે ગાંધીજીની દાંડીકૂચની સિલસિલાબંધ વિગતો મહામહેનતે એકઠી કરી એક સળંગ ફિલ્મ બનાવેલી અને તે કલાકો સુધી બતાવવાની ત્રેવડ કરેલી એ વિઠ્ઠલભાઇ) આ ઉપરાંત અજગાંવકર, શ્રીપાદ, ગડેકર એવા પાંચ-સાત દક્ષિણી ભાઇઓ એમ શરૂઆતમાં એ પત્રિકા મુંબઇની કોંગ્રેસ હાઉસમાં આવેલા જિન્હા હોલમાંથી લખાઇ-છપાઈ નીકળતી. ત્યારે એના પહેલા એડિટર તરીકે શ્રી જયંતભાઈ દલાલ કામ કરતા. એને દસ્તુર મેજિસ્ટ્રેટે બે વર્ષની કડક સજા કરેલી. પછી એ મુંબઇમાં જયંત વિટામિન્સની કંપની તથા કેમ્ફર એન્ડ એલાઇડ કંપનીના મુખ્ય સંચાલક તરીકે પ્રખ્યાત થયા તે અને એમના કેદમાં જવા પછી તંત્રી તરીકે કંઇકે નામો નોંધાતાં. એ જાહેર સભાઓમાં જતાં કે ત્યાં પકડાતાં. આ એક નિયમ થઇ ગયો હતો. કંઇક બહેનો અને ભાઇઓ આ તંત્રીપદને શોભાવી ગયાં. એની યાદી પણ જાણવા જેવી છે. છતાં એ રીતસરના નોંધાયેલા સ્વયંસેવકો નહિ એટલે સ્વાતંત્ર્ય સેનાની તરીકે એમને કશાં પેન્શનો મળતાં નથી. એમણે એ માગ્યાં પણ નથી. ફ્રેનર બ્રોકવે જેવા બ્રિટિશ પાર્લામેન્ટના સભ્યે લંડનમાં પાર્લામેન્ટમાં એ પત્રિકા કાઢી અને વાંચી એનું બહુમાન કર્યું હતું.

આ ગેરકાયદેસરની પત્રિકા કોક સમયે, ખાસ અવસરે, ધરપકડના દિવસોમાં લાખોની સંખ્યામાં વેચાતી, એનાં ઠેકઠેકાણે સાયકલોસ્ટાઇલ મશીનો ફરતાં એના આખા વહીવટનો સિલસિલાબંધ ઇતિહાસ લખાયેલો જાણ્યામાં નથી, પણ પત્રિકા મુંબઇનું એક કાળે નાક ગણાતું. એમાં અંગ્રેજી, મરાઠી, ગુજરાતીમાં નવીન પ્રકારના લેખો, કવિતાઓ, કટાક્ષ લેખો આજે પણ જીવંત લાગે એવા આલેખાયેલા હતા. કોઈ પાસે તેનો આખો સંગ્રહ કયાંક હોય તો તે તંત્રી સાહેબને યા અમને જણાવે.

ઉપર લખ્યું એ બહારનું બોખું પણ એનું મૂળ ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહ વખતે નખાયેલું. સરદાર પટેલની દેખરેખ હેઠળ કામ કરવા એક મહુમ અમારા લાડીલા નેતા યુસુફ મહેરઅલીની ખાસ ટોળી બારડોલી સ્વયંસેવકો તરીકે ગયેલી. એથી સરદાર સાહેબ સાથે સારો નાતો બંધાયેલો. એમાં સનત વીણુ, ચંદ્રવદન મહેતા, વિલોચન ધ્રુવ, ફેલોશિપ નિશાળમાં કામ કરતા મેનન વગેરે. તેઓ બારડોલી પછી મુંબઇમાં આ પત્રિકાનું સંચાલન કરવાના કામે લાગ્યા. સરદાર સાહેબના આશીર્વાદ, શેરબજારમાં કામ કરનાર સેન્ડહર્સ્ટ રોડ પર ત્યારે કરમચંદ શેઠ રહે. એમને ત્યાં સરદાર નિવાસ કરે. ત્યાં આ ઘાટ ગોઠવાયેલો. એમાં પૈસાનો વહીવટ મારવાડી ચેમ્બરના તે વખતના મંત્રી શ્રી ઉમાશંકર દીક્ષિત પછી જવાહરલાલના જમણા હાથ, પછી છેલ્લા બેંગલોર-કલકત્તામાં ગવર્નરપદે, હાલ કોંગ્રેસ કારોબારીના સલાહકાર. એ પૈસાનો આખો વહીવટ સાચવે. એમણે મુંબઇમાં એક

બ્રિટિશ ગેરટેટનર નામની પેઢી સાથે ઓળખાણ. એ બ્રિટિશ પેઢીએ ડઝનબંધ કે એથી વધારે ગેરટેટનર મશીનો અમને આપેલાં. એમાં વાપરવા કાગળોના સેંકડો થપ્પા એ પોતાના વાહન મારફત અમને સોંપે. મણિભાઈ ઝવેરી જ્યાં કહે ત્યાં એ રાતોરાત પહોંચાડે. એના પૈસાની જોખમદારી ઉમાશંકર તથા ભૂલાભાઈ દેસાઈ તથા મંગળદાસ પકવાસા કરે. એ મશીન પર કામ કરનારા સ્વયંસેવકોને દર મહિને મુંબઈની બે-ત્રણ જાણીતી વીશી, ડાકોર બોર્ડિંગ હાઉસ જેવી એમની મહિનાની સ્લીપબુક અમને આ શેર દલાલો પહોંચાડે. એ અમે આ કાર્યકર્તાઓને આપીએ. બજારમાં શ્રી જમનાદાસ બક્ષી, શ્રી કરમચંદ અને શ્રી મગનભાઈ ઘીઆ મોટર ટેક્સીની વ્યવસ્થા કરી આપે. એમ એક પાંચસો રૂપિયા અમારે નામે, અમારે ખાતે સેકન્ડ હેન્ડ રેના (૯૨) ફ્રેવિ ગાડી આવેલી, એ રકમ શ્રી મગનભાઈ ઘીઆએ આપેલી. પત્રિકાઓ વેચાય એના પૈસા બીજે દિવસે ગણાય. દાદાજી ધાકજી પાસે એક ઓરડીમાં એ બધી રકમ એકઠી થાય ને દરરોજ ખાતરીનો માણસ શ્રી ઉમાશંકર દીક્ષિતને પહોંચાડે. એની ગણતરીમાં મફત પત્રિકાઓ ગણતા, પોસ્ટની બાદ કરતા કયાંક પૈસા ઓછા આવતા. દીક્ષિત બધાને છૂટા છૂટા બોલાવી તતડાવે. બે-ત્રણ દિવસ કાગળોની થપ્પી આવવી બંધ કરાવી દે. ફરી મસલતો થાય. પાઈએ પાઈનો હિસાબ લેવાય અને કામ ચાલુ થાય. એ વહીવટ જ્યારે કોઇ ઓડિટ ખાતું નહિ ત્યારે તોયે ઝપાટાબંધ ચાલતો. જોરબંધી નકકર હતી. ઉપરાંત પૈસા આપનારાઓનો વિશ્વાસ તેમજ એમની તકેદારી, દેખરેખ સૂચક હતાં. જ્યારે જ્યારે સરદાર સાહેબ મુંબઈમાં આવતા ત્યારે આ કામ કરનારાઓને મળવા વખત કાઢી બે શબ્દ ઉત્સાહના કહેતાં સૌ એમને પગે લાગી છુટ્ટા પડતા. આ બુલેટિન યા પત્રિકાની નામના મહાત્માજી તેમજ મહાદેવભાઈ સુધી પહોંચી. એમનાં સલાહ – સૂચનો આપ્યા કરતા. અને ચુપકીદીથી જરાય ઘોંઘાટ વિના આ સંચો વહીવટી કામ પાર ઉતારતો. એ ગેરટેટનરના બેલાર્ડપિયરના દફ્તરમાં અમારે જવાનું થતાં અમે એમના મેનેજરને કહ્યું કે તમે બ્રિટિશ પેઢી આવી અમને આટલી પોલીસ તકેદારી છતાં મદદ કરો છો એનું શું કારણ? એનો એમણે તરત જવાબ આપેલો કે અમે તો વેપારી છીએ. અહીં અમે વેપાર કરવા જ આવ્યા હતા અને વેપાર કરીશું. એમની અમારી પ્રત્યેની વફાદારી નમૂનેદાર હતી. પોલીસે ત્યાં ખૂબ વારંવાર ખબર કાઢેલી પણ એમણે આ સંચાઓ કયાં ગોઠવ્યા છે એની કશી માહિતી પૂરી પાડી નહોતી.

આ આખી ટોળીમાં બધા સ્વયંસેવકોમાં મોખરે એવા ઠંડા મગજના કામ કરનાર ચૂસ્ત ગાંધીવાદી અજિત દેસાઈ હતા અને ડો. અજગાંવકર હતા. આ બધા સ્વયંસેવકો ચોપડે નોંધાયેલા નથી. એટલે એમને મુંબઈમાં શ્રી રાજેન્દ્રપ્રસાદની વરલીમાં ભરાયેલી કોંગ્રેસમાં બેસવાનો પાસ પણ આપવામાં આવ્યો નહોતો એ હકીકત છે. આજના પેન્શનની તો વાત જ કયાં હોય? પણ વરલી કોંગ્રેસમાં વિષયવિચારણી સભામાં એ સૌ કાર્યકર્તાઓ બંગાળી કેમ્પમાં સુભાષબાબુને જઈ મળ્યા. સુભાષબાબુ સાથે નડિયાદના જાણીતા લોકસેવક ગોકળદાસ કહાનદાસના ચિરંજીવી સાથે ઘરે ઊતરવાના સંબંધને લઈ અમારો સંબંધ પાકી મૈત્રીનો થએલો. તે જોવા અમે એમના કેમ્પમાં પહોંચ્યા કે એમના બંગાળના જે સભ્યો નહિ આવી શકેલા તેની ગેરહાજરીનો લાભ આપી અમને સબજેકટસ કમિટિમાં બેસવાની બધી વ્યવસ્થા કરી આપી હતી.

આ ઘટનાનો સિલસિલાબંધ ઇતિહાસ મુંબઈમાં ત્યારે ગઝલસમ્રાટ શયદા તથા સાદિકની જોડી 'બે ઘડી મોજ'નું ચોપાનિયું ચલાવતા, એમાં આ પત્રિકાના લેખકોના ફોટા તથા થોડું લખાણ ત્યારે પ્રગટ થયેલું પણ જ્યારે રીતસરના વહીવટી કામ કરનારાઓએ આ છૂપી ગેરકાયદેસર પત્રિકા ચલાવનાર પાકા સત્યાગ્રહીઓ નહિ કહેવાય એમ કહી એ લખાણ બંધ કરાવેલું.

*

* શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન (જાન્યુઆરીથી ડિસેમ્બર, ૧૯૮૭) પ્રગટ થયેલા લખાણ (એક અથવા વધુ લેખો) માટે રૂ. ૧૦૦૦નું શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક 'સંઘ' તરફથી આપવામાં આવે છે. તદનુસાર સને-૧૯૮૬ના પારિતોષિક અંગેના નિર્ણાયકો તરીકે (૧) ડો. રમણલાલ ચી. શાહ (૨) ડો. દિનેશ ભટ્ટ (૩) શ્રી જ્યેન્દ્ર એમ. શાહ અને (૪) શ્રી પન્નાલાલ ૨. શાહ સેવા આપશે.

મરાઠીમાં ગોષ્ઠિ

સંઘના ઉપક્રમે પરમાનંદ કાપડિયા હોલમાં બુધવાર, તા. ૧૩-૧-૮૮ના રોજ સાંજના ચાર વાગે યોજાયેલ મરાઠી ગોષ્ઠિના કાર્યક્રમમાં મરાઠી ભાષાના જાણીતા લેખિકા શ્રીમતી જ્યોતિબહેન સોમણનું 'જીવન સંધ્યાએ રંગ' એ વિષય પર પ્રવચન થયું હતું.

સંયોજક શ્રી કમલબહેન પીસપાટીએ પ્રાર્થના રજૂ કર્યા બાદ વ્યાખ્યાતાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સ્વાગત કર્યું હતું.

ખૂબ જ સરસ રીતે જીવન સંધ્યાના રંગો સમજાવતા શ્રીમતી જ્યોતિબહેન સોમણે જણાવ્યું હતું કે આપણી જીવન સંધ્યાએ ઉત્સાહરૂપ કેસરી રંગ જાળવી રાખવો હોય તો સ્વાસ્થ્યની કાળજી, આર્થિક સ્વાવલંબન, સમય પાસ કરવાની કળા અને અધ્યાત્મ-આ ચાર મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને ચાલવું જોઇએ. 'પહેલું સુખ તે જાતે નર્યા' એ ઉકિત અનુસાર આપણા શરીરની કાળજી આપણે જ રાખવાની છે. જીવનના અનેક તનાવોમાંથી મુકત થવા આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જરૂરી છે. જીવન સંધ્યાના આરે ઊભેલા માનવીએ પોતાની નિવૃત્તિના સમયનો શો સદુપયોગ થઈ શકે તે પણ વિચારી લેવું જોઇએ અને જેમ દીપકમાં વાટનું મહત્વ છે તેમ આપણા જીવનમાં અધ્યાત્મની જરૂર છે. ઈશ્વર પ્રત્યેની અનન્ય ભકિત અને શ્રદ્ધા આપણી જીવન સંધ્યાને રંગબેરંગી-ખુશખુશાલ કરી દેશે.

કાર્યક્રમના અંતે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભાર માન્યો હતો.

પ્રજાસત્તાક દિન અને ગાંધીજીની નેતાગીરીના ચમત્કાર

● પ્રા. ચી. ના. પટેલ

છવ્વીસમી જાન્યુઆરીનો પ્રજાસત્તાક દિન દેશના અર્વાચીન ઇતિહાસનો ચમત્કાર છે. તે દિવસ પહેલો ૧૯૩૦ના જાન્યુઆરીમાં પૂર્ણ સ્વાતંત્ર્ય દિન તરીકે ઊજવાયો હતો અને ૧૯૫૦માં નવું બંધારણ અમલમાં આવ્યા પછી તે પ્રજાસત્તાક દિન બન્યો. કૉંગ્રેસે ૧૯૨૯ની ૩૧મી ડિસેમ્બરે સાંસ્થાનિક દરજ્જાના સ્વરાજને બદલે પૂર્ણ સ્વાતંત્ર્યનું ધ્યેય સ્વીકાર્યું હતું અને જાન્યુઆરીની ૨૬મીએ દેશભરમાં જાહેરસભાઓમાં એ ધ્યેય સિદ્ધ કરવાની ગાંધીજીએ ઘડેલી પ્રતિજ્ઞા લેવાઈ ત્યારે બહુ ઓછાને આશા હશે કે તે ૧૯૩૦થી ૧૯૫૦ સુધીનાં વીશ વર્ષના ટૂંકા ગાળામાં સિદ્ધ થશે. પણ એ ચમત્કાર બન્યો અને પ્રતિજ્ઞા સિદ્ધ થઈ.

પચાસ વર્ષથી નાની ઉંમરની, ૧૯૪૭માં પ્રાંતિક સ્વરાજનો અમલ શરૂ થયો તે પહેલાં ઊછરેલી પેઢીને આમાં ચમત્કાર જેવું કશું લાગશે નહિ. પરંતુ ૧૯૨૯ની ૩૧મી ડિસેમ્બરે પૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ પસાર થયો ત્યારે દેશની સ્થિતિ હતી તે જોતાં ૧૭ વર્ષમાં સ્વરાજ આવ્યું અને તે પછી ત્રણ વર્ષમાં દેશ પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું. એ ઘટના ખરેખર ચમત્કારી હતી. ઉત્સાહી યુવાનોએ ૩૧મી ડિસેમ્બરના ઠરાવને વધાવી લીધો હતો. મધ્યરાત્રીએ ઠરાવ પસાર થયો ત્યારે આનંદઘેલા યુવાન ઉભાશંકર નાચ્યા હતા; પણ જેમના ઉપર ઠરાવનો અમલ કરવાની જવાબદારી હતી તે ગાંધીજીને તો તેનો કેવી રીતે અમલ કરવો તેની ધૂપ મૂંઝવણ હતી. કૉંગ્રેસના સભ્યોમાં ઉત્સાહ હતો પણ શિસ્તનો સદંતર અભાવ હતો અને અહિંસક લડત માટે જરૂરી નૈતિક શ્રદ્ધા નહોતી. પ્રજામાં બ્રિટિશ સરકાર જેવી સમર્થ સત્તાની સામે લડત ચલાવવા માટે જરૂરી ભોગ આપવાની શકિત નહોતી અને દેશના રાજકીય નેતાઓમાં એકતા નહોતી. દોઢ માસના વિચારમંથન પછી, ફેબ્રુઆરી માસની મધ્યમાં લડતના રૂપે ગાંધીજીના મનમાં કંઈક આકાર લીધો. પરંતુ ત્યારેય તેને ક્રમે ક્રમે કેવી રીતે વિસ્તારવું જવું એ વિશે એમના મનમાં કોઈ ચોકકસ યોજના નહોતી. એમની શ્રદ્ધા ફાઉંનલ ન્યૂમનની 'લીડ કાઇન્ડલિ લાઇટ' પ્રાર્થનાના નરસિંહરાવ દીવેટિયાએ કરેલા ગુજરાતી અનુવાદ 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી' ભજનની 'મારે એક ડગલું બસ થાય' એ પંકિતમાં હતી. કૉંગ્રેસના કોઇ નેતાને એવી શ્રદ્ધા નહોતી. તેમની ગાંધીજીમાં શ્રદ્ધા હતી ખરી, પણ તોય તેમની બુદ્ધિ શંકાશીલ હતી. મોતીલાલ નહેરુ તો ગાંધીજીની દાંડીકૂચની યોજના સાંભળી રમૂજથી ખડખડાટ હસી પડયા હતા. સરકાર પણ દાંડીકૂચની પ્રજા ઉપર કેવી અસર પડશે તે નહોતી સમજી શકી અને કૂચ શરૂ થાય તે પહેલાં ગાંધીજીને પકડવા કે નહિ તેનો નિર્ણય નહોતી કરી શકી.

પણ કૂચના પહેલા જ દિવસે, ૧૨મી માર્ચે ગુજરાતમાં જાણે કે વીજળીસંચાર થયો. થોડા જ દિવસમાં આખા દેશની નજર ગુજરાત ઉપર મંડાઈ અને પ્રજાના બધા વર્ગો, સરકાર પણ, ગાંધીજી પાંચમી માર્ચે દાંડી પહોંચ્યા છઠ્ઠી માર્ચે મીઠાના કાયદાનો ભંગ કરવાના હતા તે દિવસની અદ્ધરશ્વાસે રાહ જોઈ રહ્યા. પરદેશીઓ પણ તેમને વિચિત્ર લાગતી આ ઘટના પ્રત્યે આશ્ચર્ય અને કુતૂહલથી જોઈ રહ્યા. ૬ઠ્ઠીની સવારે ગાંધીજીએ કરાડી પાસે સમુદ્રમાં સ્નાન કરી કિનારે પડેલા મીઠામાંથી ચપટી ભરી અને તે સાથે જવાહરલાલ નહેરુએ તેમની આત્મકથામાં વર્ણવ્યું છે તેમ, જાણે કોઈ યંત્રની કમાનને મુકત કરતા યંત્ર ધબકારા મારતું ગતિશીલ બની જાય તેમ દેશભરમાં નવા પ્રાણનો સંચાર થયો. ગુજરાતે એ નવા પ્રાણનું શ્રેષ્ઠ અહિંસક રૂપ પ્રગટ કર્યું. મે માસની મધ્યમાં સત્યાગ્રહીઓએ પોલીસની જુગુપ્સાજનક ક્રૂરતાની અવગણના કરી. ધારાસણાના મીઠાનો કબજો મેળવવા હુમલા શરૂ કર્યા અને દિવસો સુધી ચાલુ રાખ્યા, તે વીસમી સદીના ગુજરાતની ન ભુલાય એવી વીરગાથા છે. એ સમયે પરદેશોમાં પ્રવાસે નીકળેલા રવીન્દ્રનાથ ઠાકુર અફઘાનિસ્તાનમાં હતા ત્યાંથી તેમણે ઈંગ્લેન્ડના ઉદાર દ્રષ્ટિના જાણીતા સાપ્તાહિક 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ના પ્રતિનિધિ સાથેની મુલાકાતમાં કહ્યું: 'યુરોપ માટે આ મોટો નૈતિક પરાજય છે. આજ સુધી એશિયા ખંડ યુરોપ પ્રત્યે અહોભાવથી જોતો હતો, હવે તેની પ્રત્યે અવમાનના ભાવથી જોઈ શકશે.'

૧૮૫૭ની નિષ્ફળ લશ્કરી ક્રાંતિ પછી નિર્માલ્ય બનેલી પ્રજામાં આ શૌર્ય કેવી રીતે પ્રગટયું? હું બાળક હતો ત્યારે, ૧૯૨૫થી ૧૯૨૯ના ગાળામાં લોકો પોલીસના નામ માત્રથી કેવા ડરતા તેનું મને પૂરું સ્મરણ છે. ગાંધીજી અને અલ્પસંખ્યક ઉદ્દામવાદીઓ સિવાય દેશના બધા નેતાઓ પણ માનતા કે દેશ બ્રિટિશ લશ્કરના રક્ષણ વિના ન ચલાવી શકે. સને ૧૮૮૫માં કૉંગ્રેસ સ્થપાઈ ત્યારથી ૧૯૨૦ના ડિસેમ્બરમાં તેના નાગપુર અધિવેશને ગાંધીજીએ ઘડેલું નવું બંધારણ સ્વીકાર્યું ત્યાં સુધી રાજકીય ધ્યેય મર્યાદિત રહ્યું હતું. પહેલી બેઠકમાં અપનાવેલા બંધારણમાં એ ધ્યેય દેશના જુદા જુદા પ્રદેશોમાં રાષ્ટ્રીય એકતાની ભાવના કેળવવાનો પ્રજામાં સામાજિક, નૈતિક, બૌદ્ધિક અને રાજકીય નવજીવન પ્રેરવાનો અને બ્રિટન તથા ભારતનો સંબંધ દ્રઢ બનાવવાનો અને તે અર્થે બ્રિટિશ રાજકર્તાઓ દ્વારા પ્રજાને જે અન્યાય થતા હોય તેનું નિવારણ કરાવવાનો હતો. વીસ વર્ષ સુધી આ નમ્ર ધ્યેય ચાલુ રહ્યું. ૧૯૦૬માં કૉંગ્રેસના કલકત્તા અધિવેશનના પ્રમુખસ્થાનેથી દાદાભાઇ નવરોજીએ પહેલીવાર સ્વરાજની માગણી ઉચ્ચારી, પણ તે સ્વરાજ બ્રિટિશ સામ્રાજ્યના અંતર્ગત ભાગ તરીકે. તે પછીનું વર્ષ કૉંગ્રેસનું ધ્યેય ગોપાળકૃષ્ણ ગોખલેની પ્રેરણાથી બદલાયું ને થોડું પ્રગતિશીલ બન્યું. માત્ર અન્યાયો દૂર કરાવવાનું હતું તેને બદલે તે શાસનતંત્રમાં ઉત્તરોત્તર વધુ સુધારા કરાવવાનું બન્યું. ૧૯૨૦ના નાગપુર અધિવેશને તે બદલીને ૧૯૦૬માં દાદાભાઇએ ઉચ્ચારેલી સ્વરાજની માગણીને રાષ્ટ્રીય માગણી તરીકે સ્વીકારી. પણ સ્વરાજ એટલે બ્રિટિશ સામ્રાજ્યમાં સાંસ્થાનિક દરજ્જાનું રાજ્યતંત્ર કે બ્રિટિશ સામ્રાજ્યથી અલગ સંપૂર્ણ સ્વતંત્રતા એ વાત અસ્પષ્ટ રહી. ગાંધીજીનું મંતવ્ય હતું કે ભારતની આમજનતા સ્વરાજ શબ્દનો અર્થ સમજી શકતી નથી. પૂર્ણ સ્વાતંત્ર્યની ભાવના તે

નહિ સમજે. તેની દૃષ્ટિએ સ્વરાજ એટલે પોતાના વિચારો અનુસાર, જરૂર જણાય તો બ્રિટિશ અમલદારોની મદદથી પણ પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા ચાલતું રાજ્ય. બ્રિટિશ સામ્રાજ્યના અંતર્ગત ભાગ તરીકે હોય કે બ્રિટિશ સામ્રાજ્યથી અલગ એ વાત સાથે એને નિસ્બત નહોતી.

જવાહરલાલ નહેરુ ને સુભાષચંદ્ર બોઝ જેવા ઉદ્દામ માનસના રાષ્ટ્રવાદીઓને ગાંધીજીની દૃષ્ટિ રુચિ નહિ. તેઓ બ્રિટિશ સામ્રાજ્યની બહાર પૂર્ણ સ્વાતંત્ર્યના આગ્રહી હતા. ત્યાં તેમના ઉદ્દામવાદી વિચારો વધુ દૃઢ બન્યા. ભારત પાછા આવી તેમણે ૧૯૨૭ની મદ્રાસ કૉંગ્રેસમાં રાષ્ટ્રના ધ્યેય તરીકે પૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ રજૂ કર્યો અને કૉંગ્રેસે તે સ્વીકાર્યો. ગાંધીજીએ જાહેરમાં તેની કડક ટીકા કરી, જેના વિરોધમાં જવાહરે તેમને જરા તીખો પત્ર લખ્યો. ગાંધીજી તેમના મતને વળગી રહ્યા અને નહેરુના પત્રના ઉત્તરમાં તેમણે જવાહરલાલને તેમની વચ્ચેના મૂળભૂત મતભેદો જોતાં જાહેર રીતે છૂટા થઈ પોતાના વિચારોનો વિરોધ કરવાનો અનુરોધ કર્યો. જવાહરલાલે તેમ ન કર્યું. અને બે વચ્ચેના મતભેદો તેમની વચ્ચેના પ્રેમસંબંધને આંચ લાવ્યા વિના, ચાલુ રહ્યા. ૧૯૨૮માં કૉંગ્રેસે મોતીલાલ નહેરુના પ્રમુખપદ નીચે સર્વપક્ષીય બંધારણ સમિતિ નીમી હતી. તેણે બ્રિટિશ સામ્રાજ્યમાં સાંસ્થાનિક દરજ્જાના સ્વરાજને રાષ્ટ્રના ધ્યેય તરીકે રાખ્યું વર્ષને અંતે મોતીલાલના પ્રમુખપદે કલકત્તામાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું તેમાં ગાંધીજીએ નહેરુ સમિતિનો અહેવાલ સ્વીકારતો ઠરાવ મૂક્યો તેનો જવાહર અને સુભાષ બોઝ-બંનેએ ઉગ્ર વિરોધ કર્યો. ગાંધીજીએ બ્રિટિશ સરકાર બે વર્ષમાં સાંસ્થાનિક દરજ્જાના સ્વરાજની માગણી ન સ્વીકારે તો કૉંગ્રેસે પૂર્ણ સ્વાતંત્ર્યનું ધ્યેય જાહેર કરવું એવો સુધારો સૂચવ્યો. તે પણ જવાહર ને સુભાષે ન સ્વીકાર્યો. છેવટે એક વર્ષની સમયમર્યાદા આપતા સુધારા સાથે ગાંધીજીનો ઠરાવ પસાર થયો. જો કે નહેરુ અને બોઝના મનનું હજુ પણ સમાધાન નહોતું થયું અને સુધારેલા ઠરાવની ચર્ચા થવાની હતી તે અધિવેશનની બેઠકમાં તેઓ હાજર ન રહ્યા. એક વર્ષની મુદત પૂરી થવા આવી ત્યારે વાઇસરોય લૉર્ડ ઇરવીને ૧૯૨૯ના ઑક્ટોબરની ૩૧મીએ દેશનું નવું બંધારણ કરવા ગોળમેજી પરિષદ બોલાવવાના બ્રિટિશ સરકારના નિર્ણયની જાહેરાત કરી. કૉંગ્રેસ તરફથી ગાંધીજી અને મોતીલાલ નહેરુએ વાઇસરૉય પાસે એ પરિષદ દેશ માટે સાંસ્થાનિક દરજ્જાના સ્વરાજનું બંધારણ ઘડવા માટે હશે એવી ખાતરી માગી. વાઇસરૉયે તે આપી અને કલકત્તાના અધિવેશનમાં પસાર થયેલા ઠરાવ અનુસાર ડિસેમ્બરની ૩૧મીએ મધ્યરાત્રીએ સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ પસાર કર્યો. (૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મીએ દેશને સ્વરાજ મળ્યું તે પણ મધ્યરાત્રીએ !).

ગાંધીજીની આધ્યાત્મિક શક્તિએ પ્રજામાં ચમત્કારી પ્રાણ રેડ્યો હતો તે માત્ર બ્રિટિશરોનો પ્રતિકાર કરવાના જુસ્સાનો નહોતો. તેની પાછળ ૧૯૨૦ના અસહકારથી શરૂ થયેલી પ્રજાજીવનની સર્વાંગી શુદ્ધિની સાધના હતી. સવિનય કાનૂનભંગની લડત દરમિયાન એ સાધના ચાલુ રહી અને પ્રજાના બહુ મોટા વર્ગમાં આદર્શવાદના ઉત્સાહની ભરતી આવતી જણાઈ. પણ તે પાંચેક વર્ષથી વધુ ન ટકી. ૧૯૩૭ માં મર્યાદિત પ્રાંતિક સ્વરાજ આવ્યું તે સાથે પ્રજાની અને પ્રજાના સેવકો મનાતા કાર્યકર્તાઓની નિર્બળતા પ્રગટ થવા લાગી. હિન્દુ – મુસલમાન ભેદે ઉગ્ર સ્વરૂપ પકડ્યું અને ૧૯૪૦માં મુસ્લિમ લીગે પાકિસ્તાનની માગણી ઉચ્ચારી તેનો ઝનૂની પ્રચાર શરૂ કર્યો. એ પ્રચારની વચ્ચે ગાંધીજીએ ૧૯૪૨ની 'હિન્દ છોડો'ની લડત ઉપાડી ત્યારે તેમાં ૧૯૩૦ની હિંસવિનય કાનૂનભંગની લડતના સાત્ત્વિક અહિંસક આદર્શવાદનું નામનિશાન નહોતું. ઊલટું ભારત છોડી જપાન પહોંચેલા સુભાષ બોઝે રેડિયો ઉપર દેશની પ્રજાને, ગાંધીજીની નેતાગીરીની અવગણના કરી, હિંસક ક્રાંતિનો અનુરોધ કરતા, તેનો પ્રજાના મોટા વર્ગમાં સમભાવી પડઘો પડતો. આ વાતાવરણમાં છેવટે સ્વરાજ આવ્યું ત્યારે લોહીની નદીઓ વહ્યા પછી દેશના ભાગલા પડ્યા. ગાંધીજીની શહીદીએ પ્રજાની માનવતાને સર્વનાશમાંથી બચાવી લીધી અને દેશે બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાક બંધારણ અપનાવ્યું. ૧૯૫૦માં નવા બંધારણનો અમલ શરૂ થયો તે પછી પાંચેક વર્ષ સ્વરાજનો નવો ઉત્સાહ ટક્યો. ૧૯૫૬માં તેનાં વળતાં પાણી શરૂ થયાં. જાણે તેનો પડઘો પાડતા હોય તેમ ઉમાશંકરે 'હું છિન્નભિન્ન છું'નું પ્રખ્યાત કાવ્ય લખ્યું.

૧૯૫૬ પછી આજ સુધી પ્રજાની નૈતિક ભાવનાઓમાં ઓટ આવતી રહી છે. જો કે ૧૮૨૮માં રાજા રામમોહન રાયે બ્રહ્મો સમાજની સ્થાપના કરી. અને ૧૯૩૦માં ગાંધીજીની દાંડીકૂચ થઈ તે વચ્ચેનાં સો વર્ષના સમયગાળામાં દેશના નેતાઓએ સમર્થ પુરુષાર્થ કરી પ્રજાને જે સંસ્કાર પાયા હતા તે હજુ પૂરા નિર્જીવ નથી થયા અને દેશના લોકશાહી રાજકીય માળખાનાં મૂળ કમારેક હાલી જતાં જણાય છે; પણ તે ઊખડી જશે એવો ભય ઉપસ્થિત નથી થયો. આપણે આશા રાખીએ કે ઢીલાં પડેલાં મૂળ દૃઢ થશે અને તે અર્થે ગાંધીજીએ ચીંધેલ પ્રબુદ્ધ જીવનની સાધના શરૂ કરવા દેશની પ્રજા, વિશેષે તેનો યુવા વર્ગ, કૃતસંકલ્પ થશે. *

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯-૩૦ થી ૧-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો-ઓપરેટિવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઇ-૪૦૦૦૦૪ (ફોન : ૩૫૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮ ખાતે ડૉ. જે. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

લિ.

પ્રવીણચંદ્ર મંગલદાસ શાહ મંત્રીઓ

સંયોજક

તે અવિસ્મરણીય દિવસો

© ઝીણાભાઈ ૨. દેસાઈ – 'સ્નેહરશ્મિ'

જગતના ઇતિહાસની એ અપૂર્વ ઘટના, જેના સાક્ષી હોવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું હતું તે યાદ કરતાં અહિંસાની અખૂટ તાકાતનું ફરી ફરીને દર્શન કરતાં હું ધરાતો નથી. હિંસક યુદ્ધમાં માણસના હાથમાં કોઇ ને કોઇ શસ્ત્ર હોય છે તેનાથી તેને કંઈક હિંમત આવે છે. વળી એ માટેની એને પૂર્વતાલીમ બહુ વ્યવસ્થિત રીતે અપાતી હોય છે. સત્યાગ્રહની લડત વખતે એવી કોઇ પૂર્વતાલીમ ગાંધીજીની નિકટના કેટલાક અનુયાયીઓને બાદ કરતાં સત્યાગ્રહીઓને ખાસ અપાતી નહિ; પણ ગાંધીજીની વાણી, નેતાઓનાં ઉદ્‌બોધનો ને વાતાવરણમાં વ્યાપેલા ઉત્સાહના ઊર્મિ ઉછાળે હૃદયમાં જે શ્રદ્ધા જન્માવી હતી તે ગાંધીજી માટે જે કહેવાય છે કે તેમણે માટીમાંથી મરદ નીપજાવ્યા તે ઉક્તિ સાર્થ થાય છે. એમાં અસંખ્ય પ્રમાણો નોંધાયેલાં છેઃ તે પૈકી ત્રણનો ટૂંકો નિર્દેશ નીચે આપ્યો છે :

(૧) નરહરિભાઈ

ગાંધીજીના અંતેવાસી, આજીવન સનિષ્ઠ કાર્યકર્તા, નરહરિભાઇએ ધારાસભામાં જે રીતે સત્યાગ્રહની તાકાતનો મહિમા દાખવ્યો તેને મારા જીવનનો એક અણમોલ અનુભવ હું લેખું છું. મીઠાના અગર પર ધાડ પાડવાના એક અગાઉથી નોટિસ અપાયેલા કાર્યક્રમ મુજબ નરહરિભાઈ પોતાના સત્યાગ્રહી સૈનિકોની ટુકડી લઇને અગર પર જવા નીકળ્યા. ત્યારે હું સત્યાગ્રહ પત્રિકા માટે સમાચાર મેળવવા હાજર હતો. જ્યાં પત્રકારો ઊભા તેમની જોડે હું આખી ઘટનાનું અવલોકન કરતો ઊભો હતો. પોતાના સાથીઓને દોરતા નરહરિભાઇ અગર પર પહોંચે તે પહેલાં પોલીસે તેમને અટકવાનો ને વિખેરાઇ જવાનો હુકમ આપ્યો. નરહરિભાઇ અડગ રહ્યા, ને તરત જ પોલીસે લાઠીઓ વીંઝવી શરૂ કરી, અનેક લાઠીના ઘા ઝીલતા, માથાથી પગ સુધી લોહીથી તરબોળ થતા સામી છાતીએ ઊભા. એમની નીડરતા, દૃઢતા, સહનશક્તિ જોતાં અમે સૌ ચકિત બન્યા, અહિંસામાં એવી અમોઘ શક્તિનું એ દર્શન અત્યંત પાવન હતું.

(૨) સરોજિનીદેવી

ધરાસણામાં થયેલો આવો બીજો અનુભવ સરોજિનીદેવીને લગતો છે. નરહરિભાઈ તો સત્યાગ્રહ આશ્રમની સ્થાપનાથી જ આશ્રમવાસી બની એના આચારવિચારના ચુસ્ત પાલન કરનાર પૈકીના હતા. એમણે પોતાનાં શરીર અને મનને આવી ઉગ્ર કસોટીઓ માટે ખડતલ બનાવ્યાં હતાં, પરંતુ સરોજિનીદેવી તો અત્યંત આનન્દ-વૈભવમાં, જીવનની ખુશનુમા હવામાં સતત રહેનાર આપણાં એક મોટાં કવયિત્રી હતાં. ગાંધીજીએ એમને ભારતની બુલબુલતું હુલામણું નામ આપ્યું હતું. કપડાંલત્તામાં એમને ઊંડો રસ હતો. મુલાયમતા માટે એ ઉત્તમમાં ઉત્તમ પસંદ કરતાં. ધરાસણામાં સત્યાગ્રહી ટુકડીને દોરવણી આપતા સેનાપતિની જવાબદારી એમને શિરે આવી. એ પહેલાં એ જવાબદારી અબ્બાસ સાહેબ તૈયબજી અને તેમના પછી ઇમામ સાહેબને બનાવવાની આવી હતી. એ બંનેને અગર પર પહોંચતાં પહેલાં પોલીસે પકડી લીધા હતા. સરોજિનીદેવીને પકડ્યાં નહિ, પણ અગર પર પહોંચતાં અટકાવ્યાં, તેમનો રસ્તો રોકીને પોલીસ ઊભા, એમને પાછા વળવું હોય તો રસ્તો ખુલ્લો હતો. સવારથી શરૂ થયેલો આ કાર્યક્રમ રસ્તામાં જ સ્થગિત થયો. ઉનાળાનો આકરો તાપ ધીરે ધીરે વધવા લાગ્યો. એ સખત તાપમાં સરોજિનીદેવી, પુલકિત વદને પોલીસ સાથે હળવો વિનોદ કરતાં, પોતાના મોં પરના પસીનાને લૂછતાં ઊભાં. રૂમાલ ભીંજાઈ જતાં પાલવનો ઉપયોગ એમણે શરૂ કર્યો. દૂર ઊભેલી ગામડાની બહેનો પાણી લઈ આવી. મધ્યાહ્ન, સાંજ એમ સમય વીતવા લાગ્યો. ન સરોજિનીદેવી મચક આપે, ન પોલીસ. બંનેની આખી રાત એ રીતે સતત જાગરણમાંને અસાધારણ તપશ્ચર્યામાં વીતી. સવારે દસ વાગે પોલીસે એમને પકડ્યાં ને કેદમાં લઇ જતાં સત્યાગ્રહીઓની છાવણીમાં પોલીસ એમને મૂકી ગઇ. જીવનમાં કદી ન ભુલાય એવી આ ઘટના આપણા ઇતિહાસનું ગૌરવવંતું પૃષ્ઠ છે.

(૩) અમીનાબહેન કુરેશી

ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સાથી અને મોટા દેશભક્ત ઇમામસાહેબ બાવઝીરનાં પુત્રી અમીના અને તેના કુટુંબે સત્યાગ્રહની લડત વખતે અગ્નિપરીક્ષામાં અસાધારણ વીરત્વ અને મનોબળ દાખવ્યું એ આપણી કેવી મોટી યાતના ને કેવાં મોટા બલિદાનોથી આપણને લાધી છે તેની એક ભવ્ય ગાથા છે. એ વખતે–

> નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે
> ખબર છે એટલી કે માતની હાકલ પડી છે–

એ મેધાણીની અમર પંક્તિઓ સૌના દિલમાં ઘૂંટાતી હતી. ઇમામસાહેબનાં દીકરી અમીનાબહેન એમના કુટુંબ સાથે આશ્રમમાં ઇમામ મંઝિલમાં રહેતાં હતાં, એમના પતિ ગુલામ રસુલ કુરેશી જેલમાં હતા, થોડાક દિવસ પહેલાં જ અમીનાબહેનના પિતા ઇમામસાહેબનું અવસાન થયું હતું અને એમના અવસાનના ચાલીસ દિવસોમાં જ એમના બે નાના પુત્રોનાં અવસાન થયાં હતાં; આમ છતાં અમીનાબહેન સત્યાગ્રહ માટે તૈયાર થયાં. ચાર સંતાનોમાં સૌથી મોટી આઠ વરસની દીકરી સુલતાના અને એનાં ત્રણ નાનાં ભાંડુને ભગવાનને ભરોસે મૂકતાં આ બહેનની અડગ શ્રદ્ધા જોતાં લોકો પ્રભાવિત થયા અને ચિંતામાં પડ્યા. ગાંધીજી તે વખતે જેલમાં હતા. તેમને નારણદાસ ગાંધીએ આ સમાચાર પહોંચાડ્યા ને અમીનાને જેલ જતાં અટકાવવા લખ્યું, ગાંધીજીએ જવાબમાં લખ્યું કે અમીનામાં ઇમામસાહેબની સ્થિરપરાયણતા ને દૃઢ મનોબળ છે. એ જે કંઈ કરે તે જોઇ-વિચારીને જ કરે છે. એટલે એને રોકવી એ બરોબર નથી. અને અમીનાબહેન જેલમાં ગયાં. આશ્રમ આખો જ્યોત થયો. એટલે અમીનાબહેનનું ઘર પણ એમાં આવી ગયું. બાળકો નિર્વાસિતની હાલતમાં, તેમને અનસૂયાબહેનના છાત્રાલયમાં રાખવામાં આવ્યાં; પણ એમની કસોટી અહીં પૂરી થતી ન હતી. ત્યાર પછી ઠીક ઠીક સમય એમને હિજરતીની જેમ એકથી બીજે ઠેકાણે ફરવાનું થયું. તે વખતે છ વર્ષનો કુમળી વયનો હમીદ–આજે ગુજરાત રાજ્યના કાયદાના સલાહકાર હમીદ કુરેશી એ આપવીતીની વાત જો લખે તો આપણને એ યુગની એક ભવ્ય વીરગાથા લાધે.

અહિંસા વિશે વધુ ચિંતનની આવશ્યકતા

યશવંત દોશી

ઘણી વાર વાંચવામાં આવેલું એક સૂત્ર હમણાં વધુ એક વાર વાંચવામાં આવ્યું: બંદૂકના બળે મેળવેલું સ્વાતંત્ર્ય લાંબું ટકે નહિ. એક સૂત્ર તરીકે આ વાક્ય સારું લાગે છે. ભારતના આપણા અનુભવને આધારે આ સૂત્ર આપણે ભારપૂર્વક ઉચ્ચારીએ એવું પણ બનતું હશે. પણ ઊંડા ઊતરીને વિચારીએ તો આ સૂત્ર સંપૂર્ણપણે સાચું નહિ જણાય.

જગતના ઇતિહાસમાં અનેક પ્રજાઓએ વિદેશી શાસકોની ખૂંસરીમાંથી મુક્તિ મેળવી છે. અનેક દેશોની પ્રજાએ પોતાના જ દેશના સરમુખત્યારોને દૂર કરી લોકશાહી શાસન સ્થાપ્યું છે. કેટલાય દેશોએ પોતાના દેશમાં જે પ્રકારની શાસનપદ્ધતિ હતી તે જુલ્મી હોવાથી બદલીને નવી જ પ્રણાલિકાની સ્થાપના કરી છે. આ તમામ પ્રક્રિયાઓમાં હિંસાનો સમાવેશ થયેલો જ હતો. સ્વતંત્રતા, ક્રાન્તિ વગેરે બંદૂકના બળે જ સિદ્ધ થયેલું હતું. આમ છતાં જગતના કોઈ પણ દેશમાં સ્વતંત્રતા ટકી નથી અને ફક્ત ભારતમાં જ એ ટકી છે એવો કોઈ દાવો આપણાથી થઈ શકે તેમ નથી. રશિયા, ચીન, અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ વગેરે દેશોમાં પણ આજની રાજ્ય-વ્યવસ્થા સ્થપાયા પહેલાં હિંસાત્મક વિગ્રહો કરવા પડ્યા હતા. એટલે હિંસા થઈ ત્યાં સ્વતંત્રતા નહિ જ ટકે એવું તારણ કાઢી નહિ શકાય.

રાજકીય પલટા માટે વિશાળ સામુદાયિક ધોરણે અહિંસાત્મક સંઘર્ષ કરવાનો અખતરો ભારતમાં થયો તે પહેલાં જગતના ઇતિહાસની કેટલીયે સદીઓ વીતી ગઈ હતી. અને એ સદીઓ દરમિયાન હિંસાત્મક યુદ્ધો સ્વીકૃત પ્રણાલી જેવાં મનાયાં હતાં.

ઇતિહાસને આપણે ઉવેખી શકતા નથી. અહિંસા આજે આપણી વિચારપ્રક્રિયામાં વણાઈ ગઈ હોય તોપણ માનવજાતના ઇતિહાસને ઘણે મોડે તબકકે એનો પ્રવેશ થયો છે. અંગત વ્યવહારમાં અહિંસાને સ્થાન મળ્યું હોવા છતાં સમગ્ર પ્રજા એક રાજકીય સાધન તરીકે અહિંસક માર્ગનો ઉપયોગ કરે એ સાવ નવી વાત હતી. જે કેટલાક રાજાઓએ જૈન ધર્મ અપનાવેલો તેઓએ પણ હિંસક યુદ્ધો કર્યાં, અન્ય રાજાઓને હરાવી તેમના પ્રદેશો કબજે કર્યા. એમને અહિંસા એક ધાર્મિક સિદ્ધાંત તરીકે માન્ય હતી પણ રાજકારણમાં, દેશ–દેશ વચ્ચેના વ્યવહારમાં હિંસા અનિવાર્ય છે એવું તેમનું મંતવ્ય જણાય છે. એમણે ધર્મ અને રાજકારણમાં ભિન્ન ભિન્ન, પરસ્પરથી વિરુદ્ધ સિદ્ધાંતો અપનાવ્યા. આમાં એમના વિચારની ઐતિહાસિક મર્યાદા હતી. અહિંસાનો રાજકીય ઉપયોગ હોઈ શકે એ કલ્પના એ કાળે સામુદાયિક ચિંતનનો ભાગ બની ન હતી. એટલે તો શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથા 'ભારેલો અગ્નિ' કેટલાક વિવેચકોને કાળનો વ્યુત્ક્રમ કરનારી, નવો વિચાર જૂના સમયમાં વપરાયેલો બતાવનારી જણાઈ છે. એમને એમ લાગ્યું છે કે તેના મુખ્ય પાત્ર રુદ્રદત્તનો અહિંસક વિચાર અને આચાર ગઈ સદીમાં શક્ય નહોતા.

ઇતિહાસનું અર્થઘટન કરવાની આપણી પદ્ધતિ જુદી પણ હોઈ શકે છે. અહિંસાનો વિચાર માનવસમાજમાં હતો જ અને તેના ઉપયોગની પદ્ધતિ ક્રમશ: વિકસતી ગઈ એવું પણ કોઈ માનતું હોય એમ બને. પણ આ લેખના પ્રારંભમાં જે મુદ્દો આપણે ઉપાડ્યો તે તો એટલો જ છે કે ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામ પૂર્વે દુનિયામાં આઝાદીના અસંખ્ય જંગો લડાયા છે અને લગભગ બધા જ જંગો હિંસક હતા. એ જંગોને પરિણામે સ્વતંત્ર થયેલા અનેક દેશો આજ સુધી સ્વતંત્ર રહી શક્યા છે. સાવ ટૂંકા ગાળાની વાત કરીએ તો હિટલરે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જીતી લીધેલા યુરોપના કેટલાયે દેશો ગેરીલા યુદ્ધો દ્વારા અને પશ્ચિમી દેશોની કે રશિયાની મદદ વડે થોડાં વર્ષમાં સ્વતંત્ર થઈ ગયા. આજે ગ્રીસ, યુગોસ્લાવિયા, બેલ્જિયમ, લક્સમ્બર્ગ, ફ્રાન્સ, નોર્વે વગેરે દેશો સ્વતંત્ર જ છે. બીજાં અનેક દૃષ્ટાંતો ટાંકી શકાય.

ભારતનો સ્વાતંત્ર્યજંગ જુદી રીતે લડાયો તેથી આ માર્ગ દ્વારા મળેલી આઝાદી જ ટકે અને હિંસક યુદ્ધ વડે મેળવેલી આઝાદી ન ટકે એવા નિર્ણય પર આવવું તે બેહૂદી વાત છે. તેમાં આપણે આપણા ચાર દાયકાના ઇતિહાસને સર્વકાલીન સત્ય તરીકે ખપાવવાનો પ્રયત્ન કરીએ છીએ અને હજારો વર્ષના ઐતિહાસિક સત્યને મિથ્યા ઠરાવવા મથીએ છીએ. એક હકીકત પરથી ઐતિહાસિક તારણ કાઢવા માટે ઘણો લાંબો અનુભવ જગત પાસે હોવો જોઈએ અને ઘણી પ્રજાઓનો અનુભવ હોવો જોઈએ. ફક્ત ચાર દાયકાનો અને તેય એક જ દેશનો અનુભવ સર્વકાલીન અને સર્વવ્યાપી સત્યો આપી ન શકે. તબીબી વિજ્ઞાનની જેમ ઇતિહાસશાસ્ત્રને પણ સિદ્ધાંત સ્થાપવા માટે વિવિધ પ્રકારના અનેક દાખલા મળવા જોઈએ.

એટલે આજે તો એટલું જ કહી શકાય તેમ છે કે ઇતિહાસનાં હજારો વર્ષ દરમિયાન યુદ્ધો અને સ્વાતંત્ર્યયુદ્ધો હિંસક રીતે જ લડાયાં છે અને સ્વતંત્ર થયેલા દેશો સ્વતંત્ર રહ્યા કે ન રહ્યા તેને સ્વાતંત્ર્યયુદ્ધની હિંસક કે અહિંસક પદ્ધતિ સાથે સંબંધ નથી. જગતને અહિંસક સંઘર્ષ દ્વારા સ્વાતંત્ર્ય-પ્રાપ્તિનો વ્યાપક અખતરો એક જ જોવા મળ્યો છે. વ્યાપક વિધાનો કરતા પહેલાં ઇતિહાસે વધુ અખતરાઓની રાહ જોવી પડશે.

આમ છતાં અહિંસાનું મૂલ્ય નક્કી કરવા માટે થોભવાની જરૂર નથી. અહિંસાનું મૂલ્ય ઓછું આંકવાની પણ જરૂર નથી. અહિંસા અમુક કાર્યમાં સફળ થઈ કે નિષ્ફળ ગઈ તે પરથી તેનું મૂલ્યાંકન કરવું યોગ્ય નહિ ગણાય. અહિંસા પોતે જ એક મોટું મૂલ્ય છે એમ માનીને ચાલીએ તો જ રસ્તો સૂઝશે. ભગવાન મહાવીરે અભણમાં અભણ માણસ પણ સમજે એવા તર્કથી અહિંસાનું મૂલ્ય સમજાવ્યું હતું તે વાચકોને યાદ આવશે. એમણે કહેલું કે કોઈ આપણને મારે તે આપણને ગમતું નથી તો પછી આપણે બીજાને મારીએ તે એને કેમ ગમે? આટલી સાદી વાતથી મહાવીરસ્વામીએ સમજાવી દીધું કે માનવ-વ્યવહારમાં હિંસા ત્યાજ્ય છે.

આપણી આજની પ્રચલિત પરિભાષા વાપરવી હોય તો હું

એમ કહું કે અહિંસા સંસ્કારી સમાજવ્યવહાર માટે અનિવાર્ય છે, અહિંસા એક સાંસ્કૃતિક મૂલ્ય છે. સમાજના જેટલા વ્યવહારોમાંથી હિંસા નિર્મૂળ થાય એટલો સમાજ વધુ સંસ્કારી બનશે. હિંસા અશુભ છે, દુરિત છે એ સૌથી પહેલાં સ્વીકારવું પડે. હિંસાને આવશ્યક મનાવવા માગતા ઘણા માણસો તેને સુંદર શબ્દોથી મંડિત કરીને રજૂ કરે છે. કેટલાક લોકો સુર-અસુર સંગ્રામ, રામ-રાવણ યુદ્ધ, પાંડવ-કૌરવ સંઘર્ષના દાખલા આપી હિંસા ક્યારેક તો અનિવાર્ય બની જાય છે એવું ઠસાવવા મથે છે. એ દરેકના તાર્કિક જવાબો આપી શકાય તેમ છે પણ અહીં તેમાં નહિ ઊતરીએ.

કોઇક લોકો હિંસાને ડોકટરની છરીની ઉપમા આપી તેનો ક્યારેક તો ઉપયોગ કરવાની જરૂર પડે જ એમ આપણે ગળે ઉતારવા માગે છે. આ તો ઉપમા જ ખોટી છે. ડોકટરની છરી દર્દીની સંમતિથી જ વાપરી શકાય. દર્દીનો મત લેવાનું શક્ય ન હોય ત્યારે પણ દર્દીનાં સગાંસંબંધી અને તેમના હિતસ્વીઓનો મત લેવાય છે અને છરીનો ઉપયોગ ખુદ દર્દીના ભલા માટે કરાય છે, અન્યના લાભ માટે નહિ. આપણે હિંસાની જે વાત કરીએ છીએ તે આમાં કયાંય બેસે નહિ.

હિંસા દુરિત એટલા માટે છે કે તે એક પક્ષને હંમેશાં અણગમતી અને નુકસાનકારક હોય છે. બન્ને પક્ષને, હિંસા આચરનાર અને વેઠનાર બન્નેને, સ્વીકાર્ય બને તેવી હિંસા આપણે કલ્પી શકતા નથી. કોઈ વિશિષ્ટ સંજોગોના અકલ્પ્ય છતાં શક્ય બનાવને આ ચર્ચામાં ન ગણીએ તો ચાલે. હિંસા વેઠવી પડે તેવા દરેક પ્રસંગને આપણે ટાળવા જેવો ગણીએ એ જ સ્વાભાવિક છે. હિંસા મનુષ્યના સદ્ અંશોને નહિ પણ અસદ્ અંશોને બહાર લાવતી હોય એવું જ વધુ બને છે. હિંસા સત્યની પણ વિરોધી છે. અહિંસક વ્યવહારમાં જ સત્યનું આચરણ વ્યવહારક્ષમ બને. લોકશાહીમાં વાણીસ્વાતંત્ર્યનું જે મહત્ત્વ અંકાયું છે તે પણ આનો એક પુરાવો છે.

એક વાર અહિંસાને નિરપેક્ષ મૂલ્ય તરીકે સ્વીકારીએ તો આપણી દ્રષ્ટિ બદલાઈ જાય. પછી અહિંસાથી લાભ થશે કે નહિ, હેતુ સરશે કે નહિ, તેને આધારે એની વ્યવહારક્ષમતા નક્કી નહિ કરીએ. તેને બદલે અહિંસા યોગ્ય છે, વાજબી છે, સાચી છે માટે તેનો વધુ ને વધુ વ્યવહારુ ઉપયોગ કેમ કરવો તે વિચારીશું. હિંસા પણ હંમેશાં ધાર્યાં પરિણામ નથી આપતી. હિંસક યુદ્ધમાં હારજીત થયા જ કરે છે. પણ હિંસાનો વિકલ્પ સૂઝેલો નહિ હોવાથી હિંસક સાધનો અને હિંસક વ્યૂહરચના વધુ ને વધુ કાર્યક્ષમ, પરિણામદાયી બનાવવાનો સતત પ્રયત્ન આપણે જગતભરના લોકો કર્યા કરીએ છીએ

હવે ખરી જરૂર, જગતના વ્યવહારમાં અહિંસા કેવી રીતે વધુ કામ આપે તે વિચારવાની છે. અહિંસક પણ કાર્યક્ષમ માર્ગો શોધવાની, તેનું વૈજ્ઞાનિક સંશોધન કરવાની છે, ભારત આ કામ સૌથી સારી રીતે કરી શકે. જૈનો માટે આ સંશોધન ભગવાન મહાવીરના ધર્મને આગળ ધપાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. પશ્ચિમ ભારતની યુનિવર્સિટીઓ આ કામ ન ઉપાડી લે?

એ ભવ્ય દિનો! એ દિવ્ય દૃશ્યો!

* તનસુખ ભટ્ટ

'એ પળ ફરી આવે નહિ, દાંડીકૂચ પરભાત,
પ્રેમ ઝરે ફૂલડાં, ગાય અપસરા સાથ!

ઇ. સ. ૧૯૨૯ની ડિસેમ્બરે રાવીતટે લાહોરમાં મળેલી કોંગ્રેસની બેઠકમાં પિતા-પુત્ર વચ્ચે આદર્શોનું યુદ્ધ ખેલાયું હતું. પંડિત મોતીલાલજી સંસ્થાનવાદી સ્વાતંત્ર્યના પક્ષકાર હતા તો પંડિત જવાહરલાલ સંપૂર્ણ સ્વાતંત્ર્યના હિમાયતી હતા. વાક્-યુદ્ધને અંતે જુવાન પેઢીનો જય થયો. કોંગ્રેસમાં સંપૂર્ણ સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો ઠરાવ પસાર થયો. સ્વયંસેવકોના હર્ષોલ્લાસમાં પંડિત જવાહરલાલજી ભળ્યા! આ ઠરાવમાં સ્વાતંત્ર્યયુદ્ધના સેનાપતિ તરીકે મહાત્મા ગાંધીજીની વરણી થઇ હતી. ગાંધીજીએ દેશ યુદ્ધ માટે તૈયાર છે તેનું માપ કાઢવા માટે ૨૬મી જાન્યુઆરી ૧૯૩૦નો દિન સ્વાતંત્ર્ય દિન તરીકે ઊજવવાનું જાહેર કર્યું. દેશભરમાં તે અતિ ઉત્સાહથી ઊજવાયો. ગાંધીજીને સંગ્રામની સજ્જતાની નોબત ગડગડતી લાગી. દેશે તેમને લીલી ઝંડી આપી દીધી હતી.

ગાંધીજીએ ૧૨મી માર્ચે પ્રભાતમાં સાડા છ વાગે સત્યાગ્રહાશ્રમ સાબરમતીથી તે દક્ષિણમાં સુરત જિલ્લાના દાંડીના સમુદ્રતટ સુધી દક્ષિણ આફ્રિકાની કૂચની ઢબે એક કૂચ યોજવાનું જાહેર કર્યું. ૧લી માર્ચથી અમદાવાદના કોઈ કોઈ ઉત્સાહી જૂથો આશ્રમની સાંજની પ્રાર્થનામાં હાજરી આપવા માંડયાં. એકાદ અઠવાડિયામાં તો ત્રણસો માણસોને સમાવતી ત્રણ પગથિયાં આકારની પ્રાર્થનાભૂમિમાં માણસો સમાય નહીં તેથી સાબરમતીના રેતીના પટમાં સાંધ્યપ્રાર્થના રાખી અગિયારમી માર્ચે તો પાંચેક હજાર માણસો સાંધ્યપ્રાર્થનામાં હાજર હતા. ગાંધીજીએ વિનોદમાં કહ્યું કે તમે બધા મહેમાનો છો, પણ તમને સૂવા માટે મારી પાસે પાગરણ નથી તેથી તમે આખી રાત જાગીને આશ્રમની ચોકી કરજો અને અમને નિરાંતે ઊંઘવા દેજો! લોકો પણ ઝાંઝ, પખવાજ, મંજીરા, ઢોલક, એકતારા-કરતાલથી સજ્જ થઇને આવ્યા હતા. તેમણે આખી રાત ભજનકીર્તન કર્યાં.

સવારે ૬ વાગે કૂચકારો આશ્રમને ઝાંપે સડક ઉપર આમલીની છાંયમાં એકઠા થયા. કૂચના વ્યવસ્થાપક છગનલાલ જોશીએ દરેકનાં નામ લઇ હાજરી પૂરી અને નંબર પ્રમાણે જોડીમાં ગોઠવીને કૂચકારોને દક્ષિણાભિમુખ ઊભા રાખ્યા. બધાની પાસે બગલથેલી અને બિસ્તરા સિવાય કંઇ ન હતું. સાડા છમાં દસેક મિનિટે બાપુ આવ્યા. મહાદેવભાઇ અને કસ્તુરબા તેમને પગે લાગ્યાં. અન્ય આશ્રમવાસી સ્ત્રીઓ, કુમારો ને કન્યાઓ પણ તેમને પગે લાગ્યાં. સૌથી આગળ બાપુ હતા. પરદેશોમાં જેમ વગર સીટી-પાવે વખત થતાં રેલગાડી ઊપડે છે તેમ ગાંધીજીએ વગર નારા લગાવ્યે કૂચ ઉપાડી. નહિ વંદેમાતરમ્, નહિ ભારત માતાકી જય, નહિ કોઈ ઝિંદાબાદ કે નહિ કોઈ મુર્દાબાદ! પરંતુ આ અદ્‌ભુત મહાભિનિષ્ક્રમણનો પ્રભાવ જનસમુદાય ઉપર એટલો તો પ્રચંડ હતો કે ગાંધીજીએ પહેલું પગલું મૂકતાંની સાથે જ 'મહાત્મા ગાંધી કી જય,' 'ભારતમાતા કી જય,' 'વંદે માતરમ્'ની આકાશ ચીરી નાખતી ગર્જનાઓ આશ્રમભૂમિ ઉપરથી ઉછળી અને સ્વર્ગમાં સમાઇ ગઇ. અમારાં ચર્મચક્ષુઓ દેવોનાં વિમાનોમાંથી વરસતાં ફૂલો તથા

અપ્સરાગણનાં ઉલ્લાસમય નૃત્યોને જોઇ શકયાં નહીં પણ ગગનમાં નૃત્ય સમારંભ તથા ગંધર્વગાનો થયાં તે તો ચોકકસ!

સડકની બંને બાજુ લોકો સાથે ચાલવા લાગ્યા. આગળ જઇને આખું દૃશ્ય જોવાને ઇચ્છનારા દોડવા લાગ્યા. ચંદ્રભાગા પર આજે બે પુલો છે: એક લોખંડી અને બીજો સિમેન્ટી. ત્યારે સિમેન્ટી પુલ ન હતો. લોખંડી પુલ પરથી બાપુએ સંગમ વટાવ્યો. બાડજની ઉસ્માનપુરની તથા પાલડીની આજુબાજુમાં સોસાયટીઓ ન હતી. ખેતરો હતાં; તેથી ખેતરોમાં લોકો દોડતા હતા. વિદ્યાપીઠ આવતાં તેના આચાર્યશ્રી દત્તાત્રેય કાલેલકરે ગાંધીજીને સૂતરનો હાર પહેરાવ્યો એલિસબ્રિજ આવતાં અમદાવાદના મિલમાલિક કુટુંબની સન્નારીઓએ ગાંધીજીને અક્ષત કુમકુમ કર્યાં ને સૂત્રહાર ધરાવ્યા. અહી મોંસૂઝણું થઈ ગયું હતું એલિસ બ્રિજથી જાય તો શહેરમાં થઇને જવું પડે. ગાંધીજીને હલ્લાગુલ્લા પસંદ ન હતા તેથી પાલડી આગળ આવ્યા ને નદીમાં છબછબિયાં કરતાં દાંડીયાત્રાની ટુકડી સામે કિનારે ચડી ગઇ ત્યારે જમાલપુરનો પુલ ન હતો. તે ઈ સ. ૧૯૪૦માં બંધાયો. એલિસ બ્રિજની ઉપરથી હજારો લોકો દક્ષિણ દિશામાં તાકી રહ્યા હતા. પુલની કમાનો પણ માણસોથી ભરચક હતી. રાયપુર જમાલપુર પાસેથી દક્ષિણની સડક નીકળે છે ત્યાં અમદાવાદની બધી મિલોના મજૂરો ઊભા હતા. તેમણે આજે સ્વયંઘોષિત જાહેર રજા પાળી હતી નદીથી દરવાજા સુધી પૂર્વાભિમુખ ગયા ને પછી દક્ષિણાભિમુખ ફરીય ચાલી. લોકો સેકડોમાંથી સહસ્ત્ર અને સહસ્ત્રમાંથી દશસહસ્ત્રની સંખ્યામાં વધતા જતા હતા. મને રામાયણમાં રામ અયોધ્યા છોડીને દક્ષિણમાં વનગમન કરે છે તે પ્રસંગ યાદ આવ્યો. ગાંધીજીએ જોયું કે લોકો કયાં સુધી દોડશે? પણ લોકો ચંડોળાના તળાવ સુધી અટકયા નહિ. પોતાને માટે હજારો લોકો હોંશથી હાલાકી વેઠી રહ્યા છે તેથી ગાંધીજીને કરુણા ઊપજી. તેમણે ચંડોળા તળાવ આગળ પહેલો ટૂંકો વિરામ રાખ્યો. બધાંને બેસી જવાનું કહ્યું અને પ્રસંગને ઉચિત શબ્દો કહ્યા અને યાદ આપી કે જળાશય સુધી જ વિદાય અપાય. જળાશય આવી ગયું છે માટે કૃપા કરીને સૌ પાછા ફરો. મને-કમને હર્ષશોકની મિશ્ર લાગણીથી જનતા પાછી ફરી.

પહેલો મુકામ બપોરે જેતલપુરમાં હતો. આશ્રમથી તે પંદરેક માઇલ થાય. સાઠ વરસની ઉંમરે ગાંધીજી ચાલતા નહિ પણ દોડતા હતા. દોડવાથી મારા પગ દુઃખતા હતા પણ ગાંધીજીનું શરીર મજાનું હતું. જેતલપુર એક ગાઉ બાકી રહ્યું ત્યાં તો એ ગામનાં સ્ત્રીપુરુષો ઝાંઝ-પખવાજ, ઢોલક, તુર્ઈ (ભૂંગળ) લઇને હાજર થયાં અને ગાંધીજીને પગે લાગીને સામૈયું કર્યું. પછી બધા ગામ તરફ ફર્યા ને ભજનો ગાવા લાગ્યાં. નારીવૃંદ ગાવા લાગ્યું:

'શેરી વળાવી સજ કરું, ઘેરે આવોને
આંગણિયે વેરું ફૂલ, મારે ઘેર આવોને'

પંદર માઇલની કૂચને અંતે અમારા પગ ધૂળથી રગદોળાયા હતા. વલ્લભભાઇએ રસ્તામાં સર્વત્ર પાણી છંટાવ્યું હતું છતાં હાથપગ ધોઈ જરા પડખે થયા એટલે ભોજનનું નિમંત્રણ ફેરવાયું. ગાંધીજીની કડક આજ્ઞા હતી કે ટુકડીને સાદું જ ભોજન પીરસવાનું છે, મિષ્ટાન્ન નહિ. બપોરે જમીને આડા પડયા ત્યાં તો સાંજ પડી ને ચારપાંચ વાગે જાહેર સભા થઇ. ભારતનાં મુખ્ય પત્રોના વૃત્તાંતનિવેચકો આવી પહોંચ્યા હતા. પરદેશીઓ પણ વૃત્તાંત લેવા હાજર હતા.

માનવમહેરામણ, જયજયકાર, સર્વેના મુખ ઉપર આશા-ઉત્સાહ, ઉમંગ. લોકમાનસમાં જુવાળ ચડયો હતો અને તે વધતો જ ગયો. ગાંધીજીનાં ભાષણો કડક, ગરમ અને આગ ઝરતાં થતાં ગયાં. બ્રિટિશ વાઇસરોય હેબતાઇ ગયો હતો. વિકુલભાઇ પટેલે તેને શિખામણ આપી હતી કે ડોસો થોડા માઇલ ચાલીને થાકથી મરી જશે. તમે શાંત રહો.

આ યાત્રાનાં રમણીય સંસ્મરણો મેં મારા પુસ્તક 'મેં પાંખો ફફડાવી'માં વિસ્તારથી આપ્યાં છે તેથી અહીં વિસ્તાર નથી કરતો. ૧૯૩૦ની ૧૨મી માર્ચથી ૧૯૩૪ના વ્યકિતગત સત્યાગ્રહ સુધીનાં એ દ્રશ્યો કદી ભુલાય તેવાં નથી.

ફ્રાન્સની રાજયક્રાન્તિના કાળખંડ વિશે કહેવાયું છે તે અહીં સ્મરણે ચડે છે.

'It was the best of the time,
It was the worst of the time.'

*

સ્વ. મંગળજી ગવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સોમવાર, મંગળવાર, તા. ૧૧, ૧૨ જાન્યુઆરી, ૧૯૮૮ના બંને દિવસે સાંજના ૬-૧૫ કલાકે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિ રૂમમાં 'ઉપાધ્યાય યશોવિજયજીનું જીવન અને સાહિત્ય' એ વિષય પર પ્રા. જયંતભાઈ કોઠારીનાં બે વ્યાખ્યાનો થયાં હતાં.

કાર્યક્રમના પ્રારંભે શ્રી બંસીભાઈ ખંભાતવાલા અને ભકિત સંગીત વર્ગનાં બહેનોએ ઉપાધ્યાયજી મહારાજનાં બે સ્તવનોની સંગીતમય રજૂઆત કરી હતી. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના સંયોજક પ્રા. તારાબહેન ર. શાહે વ્યાખ્યાતાનો પરિચય આપ્યો હતો.

પ્રા. જયંતભાઇએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે ગુજરાતી મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસમાં જૈન કવિઓનું યોગદાન ઘણું મોટું રહ્યું છે. આજે ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ તંતોતંત મળે છે તેનું શ્રેય આ જૈન કવિઓને છે. ઉપાધ્યાય યશોવિજયજી સત્તરમા સૈકામાં થયા છે. માત્ર જૈનોમાં જ નહિ: જૈનેતર વિદ્વાનોમાં પણ તેમનું અનોખું સ્થાન એ સમયે હતું. એ બતાવે છે કે કેવી સમર્થ અને ગૌરવભરી તેમની પ્રતિભા હશે. યશોવિજયજીમાં સિદ્ધસેન દિવાકરની તાર્કિકશકિત, હરિભદ્રસૂરિની વિશાળ દ્રષ્ટિ, હેમચંદ્રાચાર્યની વાડ્મયતા અને આનંદઘનજીના, અધ્યાત્મયોગનો જે સુંદર સમન્વય થયો હતો તે અદ્ભુત અને વિરલ ગણી શકાય.

ઉપાધ્યાય યશોવિજયજી એવા સમર્થ સર્જક છે કે સાહિત્યનું કોઇ ક્ષેત્ર તેમણે વણખેડયું રાખ્યું નથી. વળી તેમની કૃતિઓમાં ભારોભાર વિદ્વત્તા ટપકે છે. તેમણે પોતે જ એક કૃતિમાં કહ્યું છે કે 'વાણી વાચક જસ તણી, કોઇ નયે ન અધૂરી રે.' યશોવિજયજીની વાણી જ એવી છે કે તે કોઇ નયથી, કોઇ દર્શનથી અધૂરી નથી.

કાર્યક્રમના પ્રમુખસ્થાનેથી સમાપન પ્રવચન કરતાં ડો. રમણલાલ ચી. શાહે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની વિરલ પ્રતિભાનો સરસ પરિચય કરાવવા બદલ વ્યાખ્યાતાનો અને પધારેલા શ્રોતાજનોનો આભાર માન્યો હતો.

*

સ્વરાજ સંગ્રામનાં સંસ્મરણો

* યશવન્ત શુકલ

મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંનું પોતાનું કામ સમેટીને ભારત આવ્યા તે વર્ષમાં, એટલે કે, ૧૯૧૫માં મારો જન્મ દેશ આખો તે વખતે ઘોરતો હતો અને ગ્રામપ્રદેશ સવિશેષ ઘોરતો હતો. પણ પાંચ કે છ વર્ષમાં મહાત્માજીએ એવો તે કેવો જાદુ કર્યો કે સ્વરાજ શબ્દ ઊંડાં ગામડાં સુધી પહોંચી ગયો. મારા વતન ઉમરેઠમાં એ શબ્દ ગાજતો કરનાર સ્વાતંત્र्यના લડવૈયા હતા સ્વ. છોટાલાલ અનુપરામ વ્યાસ. નાગપુર ઝંડા સત્યાગ્રહ વખતે મને યાદ છે કે એમને પકડવા માટે પોલીસ આવી હતી અને સ્વાભાવિક આદર અને સહાનુભૂતિને કારણે એમને ઘરના માણસોને મળી લેવાનો વખત આપવામાં આવ્યો હતો. તે વખતે એક મોટો રાષ્ટ્રધ્વજ હાથમાં સાહીને તેઓ ઘરની બહાર નીકળ્યા હતા. બહાર ફળિયામાં લોકોની મોટી ઠઠ જામી હતી. ત્યારે છ એક વર્ષનો હું, સ્વ. છોટાલાલ વ્યાસનો સાખપાડોશી હતો તેથી ફળિયામાં લોક એકઠું થયું હતું તેમાં ભળેલો હતો. આ પ્રસંગનું મહત્ત્વ કે પ્રયોજન હું સમજતો નહીં હોઉં પણ બહેનો ગાતી હતી કે 'મારી બહેનો સ્વરાજ લેવું સહેલ છે.' તે શબ્દો ઘરમાં ઊતરતા હતા. પોલીસોની મોટી ટુકડી આ સ્થળે આવેલી તેનાથી છેટા રહેવાનું મોટાંઓને પણ સલામત લાગતું હતું. તેમ છતાં આ મહત્ત્વના પ્રસંગે ગામલોક હિંમતથી એકઠું તો થયું જ હતું અને સ્વરાજલક્ષી ગીતો પણ ગવાતાં હતાં.

સ્વ. છોટાલાલ વ્યાસ કારાવાસમાંથી મુક્ત થઇને પણ ગામલોકોને દોરતા જ રહ્યા, એમનામાં હિંમત અને નિર્ભયતા સીંચતા રહ્યા અને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા લોકોને સંગઠિત કરતા રહ્યા. એ પોતે રેંટિયો કાંતતા હતા અને રેંટિયા પ્રવૃત્તિને વિસ્તારતા હતા. એમણે દૂધમંડળી સ્થાપી હતી અને સહકારી ધોરણે જીવનજરૂરી ચીજવસ્તુઓનું ખરીદવેચાણ શરૂ કર્યું હતું. પાછળથી એમણે સહકારી પ્રવૃત્તિ એટલી હદે વિસ્તારી કે ગુજરાતની સહકારી પ્રવૃત્તિના એ પિતા ગણાયા. સારાયે ખેડા જિલ્લાના એ અગ્રણી રાજકીય અને સામાજિક કાર્યકર બની રહ્યા, એટલું જ નહીં, લડતનાં ગીતોમાં સુદ્ધાં સ્વ. પૂ. રવિશંકર મહારાજ અને શ્રી માધવલાલ શાહની સાથે તેમનું નામ ઉચ્ચારતું રહેતું હતું.

ઉપર મેં કહ્યું ને કે હું એમનો સાખપાડોશી હતો ? જ્યાં હું ઉછરેલો તે, ઉમરેઠના ભાટવાડા ફળિયામાં મારું મોસાળનું ઘર તેમના ઘરને અડીને આવેલું હતું. કંકુકિ દૂરના સગપણને કારણે હું એમને મામા પણ કહેતો હતો. એમને ત્યાં દર અઠવાડિયે ગાંધીજીનું 'નવજીવન' નિયમિત આવતું. તેને કાપીને પૃષ્ઠાંકો અનુક્રમે ગોઠવીને તેઓ વાંચતા અને પછી તેને વર્ષવાર ફાઇલમાં મૂકી દેતા. નિશાળિયા તરીકે તે દિવસોમાં મને જે કંઈ હાથે ચડે તે વાંચવાની ભારે ધૂન, પણ હું સમજું કે ન સમજું તો યે એ મને 'નવજીવન' પકડાવતા. હું પણ હોંસેહોંસે એ વાંચી જતો. હું ત્યારે દશ-અગિયાર વર્ષનો હોઇશ.

ઉમરેઠમાં ગાંધીવિચાર, સ્વરાજની લગની, રચનાત્મક કાર્યો અને રાષ્ટ્રીય શિક્ષણના પ્રસારમાં સ્વ. છોટાલાલ વ્યાસનો ફાળો અદ્‌ભુત હતો. ઉમરેઠની આસપાસનાં ગામોમાં પણ તેમનાં રાષ્ટ્રકાર્યોનો પ્રભાવ હતો. લોકોનાં સુખદુઃખ જાણવાં, તેમના પ્રશ્નો ઉકેલવામાં સહાયભૂત થવું અને તેમને સારા માર્ગે વાળવા એ જાણે કે તેમનો સ્વભાવધર્મ થઈ પડ્યો હતો. છતાં તેઓ બોલતા બહુ ઓછું. ગામલોકોને પણ એમને વિશે પુષ્કળ સદ્‌ભાવ, આદર અને શ્રદ્ધા હતાં. લોકસંપર્ક એ તેમની સેવાપ્રવૃત્તિનો પ્રાણ હતો.

સ્વ. છોટાલાલ વ્યાસને મળવા માટે અથવા તેમના તેડાવ્યા અનેક રાજકીય અગ્રણીઓ ઉમરેઠ આવતા. તેમના નિમંત્રણથી મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, અબ્બાસ સાહેબ, પં. મદનમોહન માલવિયા એમ અનેક લોકનાયકો ઉમરેઠ-ડાકોર આવેલા. દેવદર્શન કરતા હોય એવા ભક્તિભાવે લોકહૃદય તેમને નમતું.

પંદર વર્ષનો થયો ત્યારે ઉમરેઠ અને અમદાવાદ વચ્ચે હું વહેંચાયેલો રહ્યો. મને યાદ આવે છે કે ૧૯૩૦ના માર્ચની ૧૨મીએ દાંડીકૂચ નીકળી તે પૂર્વે ગુજરાત વિદ્યાપીઠની અગાસી પર યોજાતી રહેલી પ્રાર્થનાસભાઓમાં દરિયાપુરના છાત્રાલયેથી અમે થોડાક વિદ્યાર્થીઓ હાજર થતા. દાંડીકૂચની પાછળ પાછળ નરી જિજ્ઞાસાથી, કશાકના બેંચાયાપણે, અમે કેઠ અસલાલી સુધી ગયેલા અને ત્યાંથી લોકટોળાંને પાછા વળી જવાની વિનંતીઓ થયેલી. ફરી પાછો, કૂચ ભેગીઆવી આવી ત્યારે હું એની સાથે થયેલો અને આણંદ પહોંચી ગયેલો. આણંદમાં સાંજે સભા થયેલી તેને સ્વ. વિઠ્ઠલભાઈ પટેલે સંબોધેલી. લડતકાળના આ દિવસોમાં લાભહાનિના ખ્યાલ વગર હૃદય સ્વતંત્રતા ઝંખી રહેતું હતું અને બીજું બધું તેની આગળ ગૌણ બની રહેતું. આ દિવસોમાં લડતને અનુલક્ષતાં બે-ત્રણ જોડકણાં મારાથી રચાઈ ગયેલાં તે ઉમરેઠમાં સભાઓ મળે ત્યારે મારી પાસે ગવડાવાતાં. મને યાદ છે કે પં. મદનમોહન માલવિયા લડતના દિવસોમાં ડાકોર આવેલા, હજારો માણસો તેમને સાંભળવા એકઠા મળેલા ત્યારે એ મેદનીને કાબૂમાં રાખવા મને ગાવા માટે સભાના યોજકોએ ખડો કરી દીધેલો.

અમને સ્વરાજનું ઘેલું લાગેલું, વિદ્યાર્થી મિત્રો સાથેની વાતોચીતોમાં પણ આઝાદીની ઝંખના વણાતી. ખૂબ મોટા આદર્શો યુવાનોના ચિત્તમાં સીંચાતા રહેતા. આખા વાતાવરણમાં રાષ્ટ્રકાર્યોને અનુરૂપ મૂલ્યો ઘોળાતાં રહેતાં, કુરબાનીની તો એ દિવસોમાં જાણે કે હોડ મચેલી. કોઇ સત્‌યુગ અવતર્યો હોય એવો સ્વરાજના સાધનાકાળનો એ સંદર્ભ યાદ આવતાં સ્વરાજસિદ્ધિના કાળ સાથે સહેજે એની તુલના થઈ જાય છે અને નિઃશ્વાસ મૂક્યા વિના છૂટકો થતો નથી.

અને તો યે બધાંને સ્વરાજનું ઘેલું લાગ્યું હતું એવું તો નહીં કહી શકાય. અનેકોને બ્રિટિશ શાસનની અખૂટ તાકાત આગળ ગાંધીપ્રેરી અહિંસાત્મક લડત કંગાલ લાગતી. અનેકોને લડતના છાંટા પોતાને ઊડશે એવો ભય હતો. અમને છાત્રાલયના વિદ્યાર્થીઓને સભાસરઘસોમાં જોડાવાની સંચાલકોએ મનાઇ ફરમાવેલી. એક વખતે અમદાવાદના હંસરાજ પ્રાગજી હૉલમાં સ્વ. દીનબંધુ એંડ્રુઝ 'મારાં' વિશે

પ્રવચન આપવાના હતા. અમે થોડાક વિદ્યાર્થીઓ અમારા ગૃહપતિને કહીને એ સાંભળવા ગયેલા. નિર્ણીત ભોજન સમયે અમે હાજર નહીં હોઇએ તેથી અમારું જમવાનું ઢાંકી રાખવામાં આવે એવી લેખિત વિનંતી અમે કરેલી. પણ જ્યારે અમે પાછા ફર્યા ત્યારે અમારું ખાવાનું કાઢી નાખેલું. અમે રજા લઇને ગયેલા છતાં આમ કર્યું તેથી અમે ખૂબ ધૂંધવાયા અને મેનેજિંગ ટ્રસ્ટીને ત્યાં પહોંચી ગયા. પણ એમના હુકમથી જ ખાવાનું કાઢી નાખેલું એમ અમે જાણ્યું ત્યારે અમે એમને કહી દીધું કે આવું બિનરાજકીય અને ધાર્મિક વ્યાખ્યાન એક ભારતપ્રેમી અંગ્રેજ આપતો હોય અને અમે એ સાંભળવા જઇએ તે માટે અમને આવી સજા થતી હોય એ નર્યો જુલમ છે. અમે આ વાત છાપાંને પહોંચાડીશું અને જ્યાં સુધી આવાં વ્યાખ્યાનો સાંભળવાની અમને છૂટ નહીં મળે ત્યાં સુધી અમે જમીશું નહીં. આમ કહીને અમે ચાલવા માંડ્યાં, ત્યાં તો એમનો માણસ અમને પાછા બોલાવવા માટે આવ્યો. અમે ગયા વ્યવસ્થાપક ટ્રસ્ટીએ અમને કહ્યું કે "આટલી વખત તમારો ગુનો માફ કરું છું અને તમારે માટે ખાવાનું બનાવવાનું કહું છું. એ પછી તમારે સભાઓમાં જવાનું નહીં". અમે કહ્યું કે અમે ગુનો કર્યો જ નથી, એ તો અમારો મુખ્ય મુદ્દો છે. અમે સભાઓમાં જવાના જ અને અમને કશી રોકટોક થવી ન જોઇએ. આખરે એ માન્યા. સંભવ છે, કે એમના અંતરમાં પડેલી ઊંડી સમજ ઉપરનું સાંસારિક હિતબુદ્ધિનું આવરણ હટાવવામાં અમે નિમિત્ત બન્યા હોઇશું.

એક બીજો રમૂજી પ્રસંગ પણ યાદ આવે છે. એક ભારતખ્યાત નેતા ગુજરી ગયેલા અને અમે શાળામાં હડતાળ પાડીને રસ્તા ઉપર આવી ગયા. બીજે દિવસે શાળામાં નિયમિત હાજર થઈ ગયા ત્યારે શાળાના આચાર્યે એકેએક વિદ્યાર્થીને હાથ લંબાવવાનું કહીને હળવે હાથે એક એક સોટી લગાવેલી! વિદ્યાર્થીઓએ આનો વિરોધ કર્યો ન હતો. હજી હડતાળયુગ બેઠો ન હતો અને અદબ તૂટી ન હતી.

વેકેશનમાં અમદાવાદથી ઉમરેઠ આવું ત્યારે લડતના દિવસોમાં કશુંક ને કશુંક બની આવતું. જેમ સ્વ. છોટાલાલ વ્યાસ રાજકીય ક્ષેત્રે અગ્રેસર હતા તેમ ડો. કેશવલાલ ત્રિવેદીનું સારું યે કુટુંબ રાષ્ટ્રભક્ત હતું. ઘરનાં નાનાં-મોટાં સૌ ધવલ-સ્વચ્છ ખાદી પહેરતાં. ડો. કેશવલાલ ત્રિવેદી સંગીતજ્ઞ અને કીર્તનકાર પણ હતા. ગામમાં તેમનું ભારે માન હતું. તેમના પુત્ર શ્રી પિનાકિન ત્રિવેદીમાં પિતાનો વારસો ઊતર્યો હતો અને સૂરીલા કંઠથી તેઓ તે વખતે લોકપ્રચલિત સંગ્રામગીતો ગાઇને લોકોને ઝિલાવતા અને સ્વરચિત શીઘ્ર કવિતા પણ કરી દેતા. એમનો કંઠ સૂરીલો, બુલંદ, ભાવભીનો. એમનાં ગવડાવેલાં ગીતો ઝીલીને ગામલોક પોતે ભાવુક બની જતું. મને યાદ છે કે અબ્બાસ તૈયબજી પકડાયાના સમાચાર આવ્યા તે સાંજે ઉમરેઠના પંચવટીના ચોકમાં મોટી સભા થઇ તેમાં પિનાકિનભાઇએ સ્વરચિત ગીત રજૂ કરેલું જેની પહેલી પંક્તિ અબ્બાસ સાહેબને તાદ્રશ કરતી હતી:

પેલો દાઢિયાળો દેવ ઝડપાયો, લ્યો રામનામની તાળી.

ગામમાં એક કેશવલાલ દવે નામે યુવાન હતા. તેઓ વિદ્યાપીઠના સ્નાતક હતા અને સ્વરાજ સંગ્રામમાં ઝંપલાવેલું. ઉમરેઠની ઘણી સભાઓ એમણે ગજાવેલી. એમના ઉપર વોરંટ નીકળ્યું એટલે ઉમરેઠ છોડીને આસપાસનાં ગામોમાં એમણે ફરવા માંડ્યું. પોલીસને ખબર પહોંચી ન હોય એવા સ્થળે એ પહોંચી જાય અને પોલીસને ખબર પડે તે પહેલાં એ છુ થઈ જાય. ઉમરેઠમાં પણ ચાલુ સભાએ ક્વચિત્ સૌના આશ્ચર્ય વચ્ચે એ ઊભા થઇ ગયેલા હોય અને થોડુંક બોલી લઇને અજાણ્યા સ્થળે ગાયબ થઈ ગયા હોય. જ્યાં જાય ત્યાં આગઝરતી વાણીથી લોકોને પાનો ચડાવે કહેતા રહે કે, હું ભહારવટિયો છું. એજન્યુકેટેડ ભહારવટિયો છું. સૂકલકડી કાયા, ઊંચી દેહયષ્ટિ, ભીનો વાન, આંખમાં ચમક, વણહોળેલા વાળ. આ કેશવલાલ દવેની ભુરકી કિશોરો અને યુવાનોની ઉપર ગજબની હતી.

પણ એક ત્રીજા કેશવલાલ પણ હતા. એ વકીલ હતા. એક વાર એક લડત દરમ્યાન વકીલોને કોર્ટનો બહિષ્કાર કરવાની હાકલ થઇ, ગામના આગેવાન વકીલ તરીકે એમને સભામાં આવવાની વિનંતી થઈ. ગામલોકોની લાગણી એ ઠેલી ન શક્યા. આવ્યા પછી એમને કોર્ટોનો બહિષ્કાર કરવા અંગે બે શબ્દો કહેવાની વિનંતી થઈ. એ ચતુર નરે વિનંતી સ્વીકારી અને કહેવા માંડ્યું: "કોર્ટોનો બહિષ્કાર થવો જ જોઇએ. અંગ્રેજોએ સ્થાપેલી કોર્ટોનો આપણે સ્વરાજ લેવા માગનારાઓએ છાંયડો સુદ્ધાં લેવો ન જોઇએ. પણ વકીલો પાસે શા માટે બહિષ્કાર કરાવીએ? વકીલો છો ને જતા કોર્ટોમાં. તમે લોકો એક થઇને કજિયા કરવાનું બંધ કરો અને ગમે તે થાય પણ કોર્ટે તો નથી જ ચડવું એવો મન સાથે નિશ્ચય કરો. પછી કોર્ટો ઝખ મારે છે, અને વકીલો પણ ઝખ મારે છે!" એમની આ ચતુરાઈ ભેદની કળી ગઈ અને લોક ખૂબ હસ્યું.

૧૯૪૨ના સંગ્રામની હાકલ પણ લોકોએ સારી પેઠે ઝીલેલી. મને યાદ છે કે પૂરા ત્રણેક માસ સુધી ઉમરેઠ ગામની બધી શાળાઓ બંધ રહેલી. તે ઠેઠ દિવાળીની રજાઓ પછી માંડ માંડ ખૂલેલી. આ દિવસોમાં પોલીસોએ કાળો કેર વર્તાવેલો. મહાદેવ દેસાઇનું જેલમાં અવસાન થયાના સમાચાર જાણ્યા પછી લોકોએ સ્વયંભૂ હડતાલ પાડેલી. પોલીસ ગામમાં ફરી વળી અને જે લોકો હાથમાં આવ્યા તેમને ઝુડવા માંડ્યા. પોળોમાં અને ખડકીઓમાં પેસી પેસીને પણ તેમણે લાઠીમાર કર્યો. આમ આખું ગામ બંધ થઇ ગયું. તેમ છતાં ઠેઠ સાંજે કાયદો તોડીને સ્ટેશન પાસે મૂળેશ્વર મહાદેવમાં એક નાનકડી પણ શોક સભા ભરી શકાઈ તો ખરી જ. આમ પ્રતિકારનાં નાનાં નાનાં સ્વરૂપો લોકોમાં હિંમત પ્રેરતાં અને ભૂગર્ભમાં લખાયેલી અને પ્રચારિત થયેલી પત્રિકાઓ દ્વારા તેમનો જુસ્સો ટકી રહેતો. ગામનો જુસ્સો ટકાવી રાખવામાં અને વિવિધ પ્રકારે સંકટોનો સામનો કરવામાં બીજા અનેક નામી-અનામી કાર્યકરોનો ફાળો અત્યારે સાંભરી આવે છે. સ્વ. ઇન્દુપ્રસાદ ભટ્ટ, શ્રી નાનુભાઈ ભટ્ટ, શ્રી રવિભાઇ, 'યે સર જાવે તો જાવે' હોંશે હોંશે ગવડાવનારા પ્રેમશંકર, ગામની સંગ્રામ સમિતિના મંત્રી રતિલાલ લાધાવાળા આદિ અનેક કાર્યકરોનો ફાળો સ્મરણમાં દોડી આવે છે પણ વિસ્તારભયે અટકું છું.

આ દિવસોમાં બનેલો એક રમૂજી બનાવ નોંધીને વતનની લોકલડતનાં સંસ્મરણો પૂરાં કરું. અનેક વિદ્યાર્થી મિત્રોની મદદથી લડતના સમાચારો આપતી અને લોકોમાં જુસ્સો

પ્રેરતી પત્રિકાઓ મારે ઘેર તૈયાર થતી. એની અનેક નકલો થતી અને પછી લોકોમાં એ વહેંચાતી. નકલો કાઢી આપનારું એક નાનકડું મશીન પણ અમારી પાસે હતું. ઘણા તરુણો એકઠા મળે એટલે આડોશીપાડોશીને તો અહીં કશી હિલચાલ મચી રહી છે એવો ચમત્કાર આવે જ. એવામાં એક દિસસ હું જમવા બેઠો હતો અને એક સરકારી કાગળ લઈને એક મેલીફ જેવો માણસ અને એક પોલીસ જેવો માણસ મારું ઘર પૂછતા પૂછતા આવી લાગ્યા. થોડીક વારમાં તો આખું ફળિયું મારા ઘરની ખડકીમાં અને ચોકમાં ઉભરાયું. પેલા બે જણાએ હું જમું છું એમ જાણ્યું એટલે વિવેકપૂર્વક કહ્યું કે, 'તને જમી લે સાહેબ, અમે બેઠા છીએ.' અને ઠંડે કલેજે ઓસરીના હીંચકા પર જમાવ્યું. ઘરમાં ત્યારે હું ને મારી બહેન બે જ જણ હતાં. મેં બહેનને ધીરજ આપી ને થોડીક સૂચનાઓ પણ આપી. જમી રહીને હું બહાર આવ્યો ત્યારે લોક તો મારી ઘરપકડની આશંકાથી ટાંપી રહ્યું હતું. મેં સરકારી કાગળ સ્વીકાર્યો તો કાગળ મારે માટે ન હતો, મારા ભાઇ માટે હતો! અને ઘરપકડ માટેનો કાગળ નહોતો. કોઇક બીજા જ પ્રયોજન માટે હતો. બધા ખૂબ હસ્યાં અને વિખેરાયાં. *

નવમો જૈન સાહિત્ય સમારોહ

અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

* ગતાંકથી પૂર્ણ * (૩)

જૈનધર્મ અને પ્રચારમાધ્યમના પ્રશ્નો

આ વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કરતાં પ્રા. ગુન્નાય દૃઢિયાએ જણાવ્યું હતું કે આજનો સમય પ્રચારનાં માધ્યમોનો છે. જૈન ધર્મના પ્રસાર માટે મોટે ભાગે હજુ વ્યાખ્યાનો અને ગ્રંથોનો જ આધાર લેવાય છે. વર્તમાન સમયમાં દુરદર્શન, વિડીયો જેવાં પ્રચાર માધ્યમો વધુ સબળ બન્યાં છે. જૈન ધર્મને મનોવિજ્ઞાન, આરોગ્યવિજ્ઞાન, સાહિત્ય, સંગીત, કલાઓ વગેરે સાથે સરખાવીને આવાં માધ્યમો દ્વારા રજૂ કરવામાં આવે તો બાળકો અને યુવાનોને જરૂર રસ પડે.

જૈનશાસ્ત્રો

શ્રી દિનેશભાઇ જેઠાલાલ ખીમસીયાએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે જૈન ધર્મના સિદ્ધાંતો ભગવાન મહાવીરે પ્રરુપેલા અને ગણધર ભગવંતોએ ગૂંથેલા આગમોમાં સંગ્રહાયેલા છે. સંસ્કૃત, અપભ્રંશ, ગુજરાતી, રાજસ્થાની, કન્નડ, તામિલ અને હિન્દી ભાષાઓમાં વિપુલ પ્રમાણમાં જૈન સાહિત્ય રચાયું છે.

ઉપાધ્યાય યશોવિજયજીનું જીવનકવન

પ્રા. જયંતીલાલ એમ. શાહે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આજથી ત્રણસો વર્ષ પહેલાં થયેલા આ સમર્થ જૈન સર્જક તેમની અદ્‌ભુત રચનાઓ દ્વારા આજે પણ સૌના હૃદયમાં બિરાજમાન રહ્યા છે. સાહિત્યનું કોઇ ક્ષેત્ર એવું નહિ હોય કે જેનું બેડાણ ઉપાધ્યાયજી મહારાજે નહિ કર્યું હોય. એક પ્રકાંડ વિદ્વાન તરીકે તેમની યશોગાથા આજે પણ દિગંતમાં પ્રસરેલી જોવા મળે છે. તેમણે રચેલા સ્તવનો, સજઝાયો, રાસાઓ વગેરેમાં ભાવ લાલિત્ય, અર્થ ગાંભીર્ય, ભાષાની સચોટતા અને રસ પરિપૂર્ણતા જોવા મળે છે.

યુવાનો અને ધર્મસંસ્કાર

આ બેઠકમાં પોતાનું પ્રાસંગિક વક્તવ્ય રજૂ કરતા શ્રી ખરતરગચ્છના પૂ. વિદ્વાન મુનિશ્રી મણિપ્રભસાગરજી મહારાજે જણાવ્યું હતું કે જૈન સાહિત્ય સમારોહની આ પ્રવૃત્તિ જોઇ ખૂબજ આનંદ થયો છે. આજના યુવાનોમાં જો આપણે ધર્મ-સંસ્કાર ટકાવી રાખવા હશે તો સાહિત્ય સમારોહ જેવા કાર્યક્રમોને વધુ વેગ અને સહયોગ આપવો જ પડશે અને તેથી જ આવા સમારોહ વારંવાર યોજાતા રહે તે જરૂરી છે. ગુજરાતમાં જ યોજાતા આ કાર્યક્રમને હવે રાજસ્થાનમાં પણ લાવવાની જરૂર છે. ત્યાંની પ્રજાને પણ આવી વિશિષ્ટ સાહિત્ય પ્રવૃત્તિનાં દર્શન કરાવવાની આવશ્યકતા છે. આગામી સમારોહ જોધપુરમાં યોજાય તે માટે ત્યાંના જૈન સંઘવતી હું નિમંત્રણ આપું છું.

સાહિત્ય : માનવ મનની સંજીવની

સાહિત્ય વિભાગની બેઠકના અધ્યક્ષસ્થાનેથી મનનીય પ્રવચન આપતાં પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી યશોદેવસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે સાહિત્ય વિભિન્ન પ્રજા વચ્ચે સેતુ બની શકે છે અને મૈત્રી બંધાવી શકે છે. સાહિત્ય માનવ મનનું વિવિધ રીતે ઘડતર કરનારી સંજીવની છે. દેશની મહત્તા કે મહાનતા તેની ધનસંપત્તિ કે અન્ય સમૃદ્ધિથી મપાતી નથી; પણ તેની પાસે સાહિત્ય-નામની સમૃદ્ધિ કેવી છે, કેટલી છે તે ઉપરથી મપાય છે. વિશ્વના ચોકમાં ઉન્નત મસ્તકે ઊભા રહી શકીએ તેવો વિશાળ સાહિત્યનો ખજાનો, વારસો આપણને મળ્યો છે. એ વારસાનું આપણે જતન કરીએ અને તેનો સદુપયોગ કરતા રહીએ તો ભાવિ પ્રજાને યોગ્ય માર્ગે વાળી શકીએ.

જૈન દૃષ્ટિએ શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે : એક સમ્યગ્ શ્રુત અને બીજું મિથ્યા શ્રુત. સમ્યગ્ શ્રુત એટલે સાચી દિશા બતાવતું જ્ઞાન સવળું જ્ઞાન. મિથ્યાશ્રુત એટલે જીવન માટે ખોટી દિશા બતાવતું જ્ઞાન-અવળું જ્ઞાન. જે જ્ઞાન હેય-ઉપાદેયની સમજ અને વિવેકદૃષ્ટિ આપનાર હોય અને આત્મકલ્યાણ કરાવનાર હોય તે જ્ઞાનને જ સાચું-સવળું જ્ઞાન કહેવાય છે. શાસ્ત્રકારોએ એ જ જ્ઞાન ભણવાની-વાચવાની વાત જણાવી છે.

જૈન સાહિત્ય ઘણું વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે. ભારતની ઘણીખરી ભાષાઓમાં અનેક ઉપયોગી વિષયો ઉપર તે રચાયું છે. જૈનાચાર્યોએ જેને સાર્વજનિક સાહિત્ય કહી શકાય એવાં વ્યાકરણ, કોષ, કાવ્ય, છંદ અલંકારશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, સ્થાપત્યશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર ઉપર ગ્રંથો લખ્યા છે. મોક્ષમાર્ગે લઇ જનારાં આચારશાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધાર્મિક અને આધ્યાત્મિક શાસ્ત્રો સેંકડોની સંખ્યામાં રચ્યાં છે. સાંસારિક અને

ભૌતિક અનુકૂળતા માટે મંત્ર, તંત્ર અને યંત્ર ઉપર વિશાળ સર્જન કર્યું છે. એ ઉપરાંત મુદ્રાતંત્ર, નિમિત્તશાસ્ત્ર, વૈદક, વિજ્ઞાન, નીતિ, ભૂગોળ, ખગોળશાસ્ત્ર તેમજ વિવિધ પ્રકારે રચાયેલાં સ્તોત્રાદિ સાહિત્ય ઉપર સેંકડો ગ્રન્થોનું સર્જન કર્યું છે. એમાંનું કેટલુંક મુદ્રિત થયું છે અને કેટલુંક જૈન જ્ઞાનભંડારોમાં સુરક્ષિત રહ્યું છે. જૈન જ્ઞાનભંડારોમાં કાગળ અને તાડપત્ર આ બંને પ્રકારની હસ્તલિખિત પ્રતિઓ વિદ્યમાન છે. આજે મુદ્રણકળાના કારણે હસ્તલિખિત પ્રતો લખાવવાનો વ્યવસાય નષ્ટ થયો છે. એવા લહિયા પણ હવે મળતા નથી. સાહિત્યપ્રેમીઓએ એટલું યાદ રાખવું ઘટે કે છાપેલા ગ્રંથોનું આયુષ્ય પચાસથી સો વર્ષનું હોય છે, જ્યારે હાથબનાવટના એસિડ વિનાના મજબૂત કાગળો ઉપર લખાયેલી હસ્તપોથીઓનું આયુષ્ય ૫૦૦ થી ૬૦૦ વર્ષનું હોય છે.

અન્ય લેખો

સાહિત્ય વિભાગની બેઠકમાં ઉપરોક્ત નિબંધોની રજૂઆત ઉપરાંત અન્ય વિદ્વાનો અને અભ્યાસીઓએ પણ વિવિધ વિષયો પરના લેખો રજૂ કર્યા હતા જેની વિગત આ પ્રમાણે છે:

(૧) ડો. બળવંત જાની–રાજકોટ
* સમયસુંદર કૃત 'સત્યાસીની દુષ્કાળ વર્ણન છત્રીસી'

(૨) ડો. આર. પી. મહેતા–જૂનાગઢ
* પ્રબંધકાર મેરુતુંગ

(૩) પ્રા. કાંતિલાલ બી. શાહ–અમદાવાદ
* શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ કૃત 'સામાયિકસૂત્ર'

(૪) શ્રી નગીનદાસ જે. શાહ, 'વાવડીકર'–મુંબઈ
* શાસ્ત્રવિશારદ વિજય ધર્મસૂરિજી મહારાજ

(૫) શ્રી ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'–મુંબઈ
* જોધપુરમાં મળેલું પ્રથમ જૈન સાહિત્ય સંમેલન

(૬) શ્રી પ્રકાશ પી વોરા–મુંબઇ
* ભગવાન મહાવીરના નિર્વાણ બાદ વિવિધ ગચ્છોનું અસ્તિત્વ

(૭) શ્રી રાજેન્દ્ર સારાભાઈ નવાબ–અમદાવાદ
* દરિયાઈ વેપારના વિકાસની દ્રષ્ટિએ શ્રીપાળરાસનું મૂલ્યાંકન

(૮) ડો. શિલ્પા નેમચંદ ગાલા–મુંબઈ
* માનવી એક શાકાહારી પ્રાણી

(૯) શ્રીમતી ઉષાબહેન નગીનદાસ વાવડીકર–મુંબઇ
* ઉપાધ્યાય યશોવિજયજીની સ્તવન ચોવીશી : એક અભ્યાસ

(૧૦) ડો. મૃદુલા લોડાયા–મુંબઈ
* Health and Hygene in context of Jain Realigions Practices.

સાહિત્ય વિભાગની આ બેઠકમાં નીચેની નિબંધો પણ મળ્યા હતા, પરંતુ તે કૃતિઓના લેખકો સંજોગવશાત આ સમારોહમાં ઉપસ્થિત રહી શકયા ન હતા.

(૧) શ્રી ભંવરલાલ નાહટા–કલકત્તા
* શ્રી સ્થુલિભદ્ર ફાગુ

(૨) ડો. પ્રિયબાળા શાહ–અમદાવાદ
* જૈન સંપ્રદાયમાં ગ્રહો

(૩) વૈદ્ય હેમાન્દ્રી જૈન–વડોદરા
* નટયમ્ પુયા

(૪) મુનિશ્રી હરિભદ્રસાગરજી–નલિયા (કચ્છ)
* શ્રી સુમતીનાથ ભગવાન

(૫) સૌ. સરોજ ચં. લાલકા–કારંજા (લાડ)
* નાયધમ્મકહાં

(૬) શ્રીમતી સોનલ રાજેન્દ્ર નવાબ–અમદાવાદ
* વિજ્ઞપ્તિ પત્રનું શૈક્ષણિક મૂલ્યાંકન

અભિવાદન

સાહિત્ય વિભાગની બેઠકની પૂર્ણાહુતિ પછી પ. પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મહારાજની પ્રેરણાથી આ સાહિત્ય સમારોહના આયોજન માટે અથાગ પરિશ્રમ ઉઠાવનાર પ્રા. જયંતીલાલ એમ. શાહ, શ્રી રોહિતભાઈ ઝવેરી વગેરે સનિષ્ઠ કાર્યકર્તાઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

સંચાલન અને આભારદર્શન

તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિભાગની બેઠકોનું સંચાલન શ્રી ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'એ કર્યું હતું, જ્યારે શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી શ્રી પન્નાલાલ ૨. શાહે અને શ્રી સિધ્ધક્ષેત્ર જૈન સાહિત્ય મંદિર તરફથી શ્રી વૃજલાલ પાનાચંદ વોરાએ આભારવિધિ કરી હતી.

પૂર્ણાહુતિ

આ રીતે નવમા જૈન સાહિત્ય સમારોહની પાલિતાણા ખાતે તિર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજીની છત્રછાયામાં પ. પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મહારાજ સાહેબની નિશ્રામાં સરસ રીતે પૂર્ણાહુતિ થઇ હતી. આ પ્રસંગે સમારોહના પ્રતિનિધિઓને શ્રી સિદ્ધગિરિની તીર્થયાત્રાનો પણ લાભ મળ્યો હતો.

સ્વાતંત્ર્યસંગ્રામનાં સંસ્મરણો

● ઉષા મહેતા

૧૯૨૮ની સાલ! આઠ વર્ષની મારી ઉંમર, પિતાજી ભરૂચમાં ન્યાયાધીશ હતા. હું ત્યાંની મોતલીબાઈ શાળામાં ભણતી હતી. દેશ રાષ્ટ્રીય રંગે રંગાયેલો હતો. રોજ સવારે પ્રભાતફેરી નીકળે. 'ચંદુમામા'–ભરૂચ અને ગુજરાતમાં છોટા સરદારને નામે ઓળખાતા અમારા વ્હાલા નેતા ડો. ચંદુલાલ દેસાઈ શિબિરોનું આયોજન કરે, કૉંગ્રેસનો કાર્યક્રમ લોકોને સમજાવે, યુવાનોને યોગ્ય તાલીમ આપે. એટલામાં ખબર આવી સાયમન કમિશન અને બંધારણીય સુધારાઓ અંગે એના દેશભરના પ્રવાસની. ઠેર ઠેર એનું સ્વાગત કાળા વાવટા અને 'સાયમન પાછા જાવ'નાં સૂત્રોથી થતું; એના વિરોધમાં મોટાં સરઘસો નીકળતાં, સભાઓ ભરાતી.

ભરૂચમાં ચંદુમામાએ 'વાનરસેના' તો તૈયાર કરી જ હતી પણ અમે છોકરીઓએ જઈને એમને છોકરીઓની અલગ સેના–'માંજર સેના' સ્થાપવાની વિનતિ કરી. એમણે તરત એ માટે સંમતિ આપી. પછી તો રોજ સવારે પ્રભાતફેરી નીકળે, સરઘસો નીકળે. એમાં વાનરસેનાના સૈનિકો હોય, માંજરસેનાની સ્વયંસેવિકાઓ હોય. એ લોકો હૂપ હૂપ કરે, ખાઉં ખાઉં કરે અને પોલીસને ઊભી પૂછડીએ ભગાડી દે. એક દિવસ એક સરઘસ નીકળ્યું. એમાં 'ડંકો વાગ્યો, લડવૈયા શૂરા જાગજો રે' જેવાં રાષ્ટ્રગીતો ગવાય અને 'સાયમન પાછા જાવ,' 'ઇન્કિલાબ ઝિંદાબાદ,' 'ભારતમાતા કી પુકાર, ધનગોપાલ ઝિંદાબાદ,' 'મહાત્મા ગાંધીકી જય,' 'વંદેમાતરમ્' વગેરે સૂત્રો પોકારાય. સરઘસ આગળ ચાલતું હતું ત્યાં સામેથી લાઠીધારી પોલીસો આવ્યા. લાઠીમાર થયો અને અનેક બાળસૈનિકો ઘવાયા, સૌના હાથમાં ઝંડા હતા. લાઠીના વાર પર વાર થયા પણ એ ઝંડા ઝુકયા નહિ. છેવટે નાની સરલા બેહોશ બનીને જમીન પર ઢળી પડી અને એના હાથમાંથી ઝંડો પણ સરી પડયો. આપણે સૌ બહુ દુઃખી થયા. થયું સવારે જ ગાયું હતું, 'વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા' અને છતાંયે અમે ઝંડાની રક્ષા ન કરી શકયા. અમે તરત જ ચંદુમામા, દિનકરરાવ દેસાઈ વગેરે અમારા નેતાઓ પાસે પહોંચ્યા અને એમને કહ્યું કે ઝંડાની રક્ષા કરવાનો કોઈ કીમિયો અમને સુઝાડે, એ લોકો કોઈ ત્વરિત ઉપાય ન સૂચવી શકયા એટલે અમે કહ્યું, 'ચાલો ત્યારે તમે રસ્તો નથી બતાવી શકતા તો અમે તમને કહીએ એમ કરો' અને એ લોકો તરત જ કબૂલ થયા. અમે એમની પાસે ખાદીની દુકાનો ખોલાવી અને એમાંથી તે વખતના ઝંડાના ત્રણ રંગ સફેદ, લીલો અને લાલના ખાદીના તાકાઓ કઢાવ્યા, એમણે જરાયે આનાકાની કર્યા વિના જેટલા હતા એટલા બધા જ કાઢી આપ્યા. અમે બધી સ્વયંસેવિકાઓ ત્યાંની ત્યાં જ રસ્તા પર જ બેસી ગઈ એટલું જ નહિ પણ અમારી માતાઓ, બેનો, દાદીઓ જે કોઈ અમારી ભાળ કાઢવા આવ્યાં એ સૌને પણ ઘેરથી સોય-દોરો લાવને અમારી સાથે બેસી ગણવેશ સીવવામાં અમને મદદ કરવાની વિનતિ કરી. અમારો ગણવેશ હતો તિરંગી ઝંડાના ત્રણ રંગ–સફેદ, લાલ અને લીલાનો, સફેદ રંગની ઓઢણી, લાલ રંગની ચોળી અને લીલા રંગનાં ચણિયાનો. સૌ આવ્યા, બેઠા અને ખૂબ પ્રેમથી ગણવેશ સીવવામાં અમને મદદ કરી. બીજે દિવસે વહેલી સવારે અમે ફરી સરઘસ કાઢયું પણ આ વખતે અમારા હાથમાં ઝંડા નહોતા; કારણ ઝંડાના રંગોનો ગણવેશ ધારણ કરેલી એવી અમે સ્વયંસેવિકાઓ સજીવ ઝંડાઓ બનીને પોલીસ થાણા પર ગઈ અને પોલીસને પડકાર ફેંકતા કહ્યું કે 'એ પોલીસવાળા! આજે તો જો તારામાં તાકાત હોય તો આવી જા અમારી સામે' અને ગાયું:

'ચલાવ લાઠી ચલાવ ઝંડા આજે તો
ઝુક ન સકેગા અપના ઝંડા

પોલીસવાળા સ્તબ્ધ બની અમને નિહાળી રહ્યા. અમારું ગીત સાંભળતા રહ્યા. જ્યારે ગાંધીજીને આ વાતની જાણ થઈ ત્યારે એમણે અમારા નેતાઓ મારફત અમારા ઉપર અભિનંદન અને આશીર્વાદની ઝડી વરસાવી.

૧૯૩૦–'૩૨માં પણ 'સાગરને તીરે રૂડા સમરસ સંગ્રામ, મોરચા મંડાયા ધર્મયુદ્ધના' ગાતાં ગાતાં અમે શહેરની શેરીઓમાં ઘૂમતા અને ગેરકાયદેસર પકાવેલાં મીઠાનાં પડીકાં ઊંચી કિંમતે વેચતાં.

સત્યાગ્રહ ચાલતો હતો એ દરમ્યાન અમારે ગામ 'સરસ' જવાનું થયું. અમે ઘેર જઈ આખા ઘરમાં દાદીમાને શોધી વળ્યાં પણ એ તો કયાંયે ન દેખાયાં છેવટે શોધતાં શોધતાં ઘરની પાછળ વાડામાં ગયાં. ત્યાં દાદીમાને દીઠાં ચૂલો સળગાવતાં, અમે પૂછયું, 'શું કરો છો, મા?' કહે 'મીઠું પકવું છું' 'કેમ?' કહે 'ગાંધીબાપુએ કહ્યું છે ને!' ગમે તેમ કરી ચૂલો સળગાવ્યો એ ઉપર પાણીનો હાંડો મૂકયો અને એમાંથી મીઠું બનેલું જોઈ હર્ષઘેલા થઈ ગરજી ઊઠયા 'નમક કા કાયદા તોડ દિયા.' અમને નવાઈ લાગી કે દાદીમાનું શરીર સારું રહેતું નથી, એમને આંખે દેખાતું નથી, કાને સંભળાતું નથી ને એ દરિયે જઈ પાણી શી રીતે લાવ્યાં અને આજે આ બધું કરવાની શકિત કયાંથી મેળવી! બધાને પૂછતાં ખબર પડી કે એ તો આગલે દિવસે પાસેવાળા પરાગને લઈને ચાલતાં સમુદ્ર સુધી ગયાં હતાં અને પાણીનો હાંડો ભરીને લાવ્યાં હતાં, એમની અંતિમ ઇચ્છા પૂરી થઈ એ અંગે સંતોષ વ્યકત કરતાં એમણે કહ્યું, 'ભગવાને મારી છેલ્લી ઇચ્છા પૂરી કરી છે એટલે હવે મને મરવાની બીક નથી.'

૧૯૪૨ ના ૮ અને ૯ ઓગસ્ટના એ યાદગાર દિનો જ્યારે બાપુએ અંગ્રેજ સરકારને 'ભારત છોડો'નો આદેશ આપ્યો અને દેશને 'કરો યા મરો'નો અભય મંત્ર! ગાંધીજી, જવાહરલાલજી, સરદાર પટેલ, મૌલાના આઝાદ આદિ નેતાઓની સિંહગર્જના સાંભળી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા સંચાલિત હિંદીના વર્ગમાં ભણતા અમે થોડા વિદ્યાર્થીઓએ સંકલ્પ કર્યો કે આઝાદીના આ આખરી સંગ્રામનો સંદેશ ગમે તે ભોગે દેશના ઘર ઘર અને ગામ ગામમાં ગુંજતો કરવો જોઈએ. આ માટે સભા–સરઘસ વગેરે ઉપાયો તો ન અજમાવી શકાય કારણ એની પર સરકારે પ્રતિબંધ મૂકયો હતો. ભૂગર્ભ ભુલેટિનનો વિચાર આવ્યો કારણ આગળના આંદોલનમાં એનો સહારો લેવામાં આવ્યો હતો અને એ વખતના થોડા સાથીઓ પણ

અમારી સાથે હતા પણ બાબુભાઇને અને મને કંઇક નવો ઉપાય શોધવાની હોંશ હતી. સૌ સાથીઓ સાથે વિચાર-વિનિમય કરતાં અમને થયું કે એક ભૂગર્ભ રેડિયો ચલાવી શકાય તો લોકોમાં નવચેતનનો સંચાર કરી શકાય. 'શુભસ્ય શીઘ્રમ'ની વૃત્તિથી પ્રેરાઇ અમે તરત જ રેડિયોના વર્ગ ચલાવવા એક તંત્રવિદ્-(Technician-ટ્રિન્ટર)નો સંપર્ક સાધ્યો. એમણે તરત જ અમને સેટ બનાવી આપવાની તૈયારી બતાવી પણ અમારે એમને ૧૦,૦૦૦ રૂપિયા આપવાના હતા. આથી, અમે તો વિમાસણમાં પડયા! આટલા પૈસા લાવવા ક્યાંથી? ઘેર જઇ આ અંગે બાબુભાઇ, ચન્દ્રકાન્તભાઇ, સુમન, મનુ, બિપિન વગેરે સૌ સાથીઓ ચર્ચા કરવા લાગ્યા! અમારાં માસી જેને સૌ 'જયાબા' કહેતાં એ આ બધી ચર્ચા સાંભળતાં હતાં. એઓ બહાર આવ્યાં અને કહે કે 'છોકરાઓ! જરાયે ચિંતા ના કરો! મેં સાચવેલા મારા બધા દાગીના હું તમને આપી દઉંશ; પણ તમે આ કામ શરૂ કરો!' અમે એ લેવાની આનાકાની કરી તો કહે 'મારાં સ્ત્રીધનનો આથી સારો ઉપયોગ બીજો શો થઇ શકે? માટે હવે તમે વધુ સમય ન બગાડતાં કરો કેસરિયા.' પછી અમારે એમનાં ઘરેણાં લેવાની જરૂર ન પડી; કારણ રવીન્દ્રભાઇ, નારણભાઇ, કાંતિભાઇ આદિ વેપારીઓએ અમને થોડાં નાણાં એકઠાં કરી આપ્યાં. અમે એ પ્રિન્ટરને આપ્યાં. બે-ચાર દિવસમાં અમારો સેટ તૈયાર થઇ ગયો અને અમે વાલકેશ્વરમાં એક જગ્યા પણ મેળવી લીધી. ૧૫મી ઓગસ્ટના શુભ દિને અમારો રેડિયો કોંગ્રેસ રેડિયો શરૂ થઇ ગયો! શરૂ તો અમે કર્યું. શરૂઆત વંદેમાતરમ્‌ની અને ગાંધીજી તથા અન્ય નેતાઓનાં ભાષણોની રેકોર્ડથી કરી. તે પછી આંદોલન અંગે જે કંઇ સમાચાર મળતા એ પ્રસારિત કરવા લાગ્યા.

ડૉ. રામમનોહર લોહિયા, જે તે વખતે મુંબઇમાં હતા, એમણે આ સમાચાર સાંભળ્યા અને તરત જ રેડિયોની દુકાનવાળાઓ તેમજ કોંગ્રેસમાં કામ કરતા રેડિયો એંજિનિયરોનો સંપર્ક સાધી આ રેડિયો ક્યાંથી ચાલે છે એની તપાસ શરૂ કરી. એક દિવસ ૧૭ કે ૧૮મી ઓગસ્ટે એમણે મારા મામા અજિત દેસાઇ-જે રેડિયો એંજિનિયર પણ છે અને જેમણે ૧૯૩૦ – '૩૨ની લડતમાં લાંબો જેલવાસ ભોગવ્યો હતો એમને બોલાવ્યા એમણે તરત જ કહ્યું કે 'કાલે આ કાર્યકરો આપને મળશે.' અમને આ સંદેશ પહોંચાડયો અને બીજે દિવસે એમની મારફત ડૉ લોહિયા સાથે અમારી મુલાકાત ગોઠવાઇ. ડૉકટરે અમને અભિનંદન આપ્યાં, અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને તરત જ 'આજથી આ કામની જવાબદારી અમે (એટલે કે અચ્યુતરાવ પટવર્ધન, ડૉ. લોહિયા અને અન્ય સમાજવાદી નેતાઓ) લઇએ છીએ. હવે તમારે બસ કામ કરવાનું. બાકી સમાચારો મેળવવા, વાર્તાલાપો તૈયાર કરવા તેમજ આ કામ માટે પૈસા ભેગા કરવા વગેરે કામો માટે તમારે જરા પણ ચિંતા નહિ કરવાની.' આમ અમારો ભાર હળવો કરતા એવા અમારા નેતા પ્રત્યે અમે કૃતજ્ઞભાવે જોઇ રહ્યા.

એ પછી થોડા દિવસ સવાર-સાંજે અમે પ્રસારણ કરતા, શરૂઆત થતી 'This is Congress Radio, speaking from somewhere in India from 42.34 metter.' એ પછી 'હિન્દોસ્તાં હમારા'ની રેકોર્ડ વાગતી. તે વખતે સુચિતા દેવી કિપાલાણી કોંગ્રેસની કચેરીનો કાર્યભાર સંભાળતાં. એ અમને ગામેગામથી આવતા આંદોલનના સમાચારો પૂરા પાડતા એ સમાચારો પ્રસારિત કરતા. એ પછી ડૉકટર લોહિયા, અચ્યુતરાવ પટવર્ધન, જયપ્રકાશજી આદિ ભૂગર્ભ નેતાઓના સંદેશાઓ કે ભાષણો પ્રસારિત થતાં અને છેવટે 'વંદેમાતરમ્' ગીતની રેકોર્ડ વગાડાતી જેલમાં મહાદેવભાઇ દેસાઇના દેહવિલયના સમાચાર સર્વપ્રથમ કોંગ્રેસ રેડિયો પરથી જ પ્રસારિત કરવામાં આવ્યા હતા. એ જ પ્રમાણે મુંબઇ અને જમશેદપુરની મિલો અને કારખાનાંઓની હડતાળ, અષ્ટી અને ચીમુરમાં મહિલાઓ પર થયેલા અત્યાચારો આદિના સમાચારો પણ કોંગ્રેસ રેડિયો પરથી જ આપવામાં આવ્યા હતા. નેતાઓના સંદેશમાં લોકોને ગમે તે ભોગે સ્વરાજ મેળવવા માટે હાકલ કરવામાં આવતી, સૈનિકોને જાલીમ સરકાર સામે બળવો પોકારવાની સલાહ અપાતી, દરેક પ્રકારના શોષણનો અંત કરી શોષણવિહીન સમસમાજની સ્થાપના કરવાની પ્રેરણા આપવામાં આવતી. ડૉકટર લોહિયાએ લોકોને અહિંસક લડાઇ માટે સજજ થવાની સલાહ આપતાં કહ્યું હતું, 'દેશમાં રકતની નદીઓ જરૂર વહેશે પણ એ રકત અંગ્રેજોનું નહિ પણ દેશ કાજે સ્વાર્પણ કરનારા સેવકો અને સૈનિકોનું હશે!' આ કાર્યક્રમ ઓગસ્ટની ૧૫મીથી નવેમ્બરની ૧૩મી સુધી લગભગ ત્રણ મહિના સતત્ ચાલ્યો. રેડિયો દ્વારા દેશમાં જ નહિ પણ પરદેશમાં પણ આંદોલનના સમાચાર પહોંચતા હતા એની જાણ સુભાષબાબુએ ડૉકટર લોહિયા પર ઓગસ્ટ, ૧૯૪૨માં લખેલા એક પત્ર પરથી અમને થઇ. એમણે લખ્યું હતું કે એઓ રોજ સાંજે ૭-૩૦ વાગ્યે આ રેડિયોના સમાચારની આતુરતાપૂર્વક રાહ જોતા.

આ કામ કરનાર અમે સાત-આઠ જણ હતાં. કામની તૈયારી બાબુભાઇની કોટની ઓફિસમાં બેસી એ અને હું કરતા, નેતાઓની ધરપકડ ન થાય એ વાતની તકેદારી રાખવા માટે સાથી વિઠ્ઠલભાઇ ઝવેરીએ રેકોર્ડિંગની વ્યવસ્થા કરી હતી. એ માટે એમણે સુમતિબેન, ઠાકરશી બંધુઓ, શિકાગો રેડિયોના જગન્નાથ વગેરેની મદદ મળી હતી. દરરોજ પોતે હાજર રહી નેતાઓને રેકોર્ડિંગ માટે લઇ આવે, એમનાં ભાષણો રેકોર્ડ કરી લે અને એમને પાછાં એમના ભૂગર્ભવાસમાં પહોંચાડી દે. સમાચાર વાંચવાનું કામ કુમી દસ્તુર (પાછળથી કમલ વુડ), મોઇનુદ્દીન હેરીસ અને હું કરતાં. સમાચાર મેળવવાનું કામ ભાઇ બિપિન અને રવીન્દ્ર કરતા અને પૈસાની મદદ વિઠ્ઠલભાઇ અને ચન્દ્રકાન્તભાઇ કરતા.

પોલીસ સતત અમારો પીછો કરતી. આ ઉપરાંત બધી જ રેડિયોની મોટી દુકાનો પર દરોડા પડયા હતા તેમજ દરરોજ પોલીસની એક ગાડી રેડિયો કઇ દિશામાંથી ચાલે છે એની શોધ કરવા અમારા કેન્દ્રની આજુબાજુ ફરતી રહેતી. આ ગાડી દિશાનો સંકેત આપી શકતી પણ ચોકકસ જગ્યાનો નિર્દેશ ન કરી શકતી. આ ઉપરાંત અમે દર દસ-પંદર દિવસે અમારા કેન્દ્રનું સ્થાન બદલતા રહેતા એટલે પોલીસોને નવેસરથી શરૂઆત કરવી પડતી. જ્યારે જગ્યા બદલીએ ત્યારે અમે નવી જગ્યા ભાડે આપવા માટે જાતજાતના નવા નુસખા અજમાવતા. કોઇક વખત કહીએ કે 'અમારા બૂઢા કાકા ઓપરેશન કરાવવા

મુંબઈ આવે છે. એમને માટે જગ્યા જોઇએ છે' તો ક્વચિત્ક વખત કહીએ કે ' દેશમાંથી જાન આવે છે, એના ઉતારા માટે જગ્યા જોઇએ છે.' આમ જૂદાં કારણો આપવા માટે અમારી ટીકા થતી ખરી પણ લોકો એમ માનતા કે અમે નાની ઉંમરમાં પણ વૃદ્ધોની અને સગાંવહાલાંઓની સેવા કરનારા સમાજ-સેવકો હતા અને ડોકટર અમારા ટીકાકારોને સચોટ જવાબ આપતા કહેતા કે, 'આ તો પોલીસ અને આપણા જુવાનિયા-ઓના બુદ્ધિબળની કસોટી છે' એટલે આ જુઠ્ઠાણાને જુઠ્ઠાણું ન કહેવાય અને એ જુઠ્ઠાણું હોય તોપણ એ ક્ષમ્ય છે, પ્રશસ્ય છે.'

રોજની જેમ નવેંબરની ૧૨મી તારીખે અમે બાબુભાઇ, રવીન્દ્રભાઇ, ચન્દ્રકાન્તભાઇ, હું, બધાં બાબુભાઇની ઓફિસમાં મળ્યાં હતાં. જગ્યા, પૈસા વગેરે માટે ચર્ચા કરી. પછી હું ડોકટરના તે દિવસના ભાષણની નકલ કરવા આગળના ઓરડામાં બેઠી હતી. ત્યાં પ્રિન્ટર સહિત ચાર - પાંચ માણસો ઓફિસમાં ઘૂસી આવ્યા. અંદર બાબુભાઈ પાસે ગયા કે એમણે કૈં કહ્યું અને બાબુભાઇએ મોટેથી કહ્યું, ' અમને કંઈ ખબર નથી. તમારે મારી ઓફિસમાં જે કંઈ જોવું હોય એ જોઈ શકો છો, તલાશી લઇ શકો છો.' આ સંકેત સમજી હું અંદર ગઇ અને બાબુભાઇને પૂછ્યું કે 'બાની તબિયત માટે આજે ડોકટરને શું કહું ?' એટલે કે 'રેડિયો માટે ડોકટર લોહિયાનો શો સંદેશો પહોંચાડવાનો છે?' એમણે જવાબ આપ્યો, 'આજે મારાથી કદાચ નહિ આવી શકાય. ડોકટરને ઠીક લાગે એ કરે. જો દવા બદલવાની જરૂર લાગે તો બદલે', પોલીસે આ અગે એમને પૂછ્યું ત્યારે એમનો જવાબ હતો 'આ છોકરી મારા પાડોશમાં રહે છે. એનાં મા બીમાર છે. ઘરમાં બીજું કોઇ છે નહિ, એ કંઇ સમજતી નથી એટલે હંમેશ મારી જ મદદ લે છે.' હું તરત ઓફિસની બહાર નીકળી. અમારી બધી ફાઇલો ભટ્ટની કેન્ટીનમાં મૂકી અને ઠાકરશીના બંગલા પર પહોંચી જ્યાં વિઠ્ઠલભાઇ ડો. લોહિયા અને હેરિસભાઇનું રેકોર્ડિંગ કરી રહ્યા હતા. મેં એમને ઓફિસ પર પડેલા દરોડાના સમાચાર આપ્યા અને પૂછ્યું કે 'હવે શું કરવાનું ?' ડોકટરે કહ્યું 'તારી શી સલાહ છે ?' મેં કહ્યું 'મારે સલાહ ન આપવાની હોય, તમારા આદેશનુ પાલન જ કરવાનું હોય પણ જો સલાહ માગતા જ હો તો એટલું જ કહેવાનું કે કોઈ પકડાય કે ન પકડાય, આપણું કામ અટકવું ન જોઇએ' ડોકટરે કહ્યું 'બરાબર છે, એમ જ થવું જોઇએ, મેં કહ્યું. 'થશે' કહે 'કેવી રીતે' મેં કહ્યું એ સમજવા માટે આજે સમય નથી', અને સીધી પ્રિન્ટરના સહાયક મિરઝા પાસે જઇ એમને રાતોરાત બીજો સેટ બનાવવા કહ્યું. ત્યાંથી ઘેર ગઇ. બાને બધી વાત કરી. સાડી બદલી અને 'કદાચ આજે પાછી ન પણ આવું' એમ કહી, એમને પ્રણામ કરી નીકળી. ત્યાં ચન્દ્રકાન્તભાઇ આવ્યા. કહે, 'બેન આમ સામે ચડી વાઘના મહોંમાં ન જાવ.' મેં કહ્યું, 'ડોકટરને વચન આપ્યું છે એટલે જવું તો જોઇશે જ' તો કહે 'તમને એકલાંને નહિ જવા દઉં' અને મારી સાથે ચાલ્યા. અમે બન્ને પારેખવાડીમાં અમારા રેડિયો સ્ટેશન પર પહોંચ્યા. ચન્દ્રકાન્તભાઇ બહાર પહેરો ભરે, મેં અંદર જઇ પ્રસારણ શરૂ કર્યું. કાર્યક્રમ પૂરો થયો અને 'વંદેમાતરમ્'ની રેકોર્ડ વાગતી હતી ત્યાં ધડાધડ બારણાં તૂટવાના અવાજ સંભળાયા અને જોતજોતામાં અમારા Technician - પ્રિન્ટર અને પોલીસની મોટી પલટણ મારી સમક્ષ આવીને ઊભી રહી. આવતાંની સાથે ટુકડીના વડાએ કડક સ્વરમાં ફરમાન કર્યું 'રેકોર્ડ બંધ કરો' મેં કહ્યું 'રેકોર્ડ બંધ નહિ થાય તમે જ સાવધાન થઈ ઊભા રહો. Stand on attention' અને એમણે એમ કર્યું. એ પછી તો પ્રીન્ટર સાહેબે કંઇ કરામત કરી, Fuse ઊડી ગયો. અંધારું થયું. ફાનસને દીવે પંચનામું થયું. નીચે પહેરો ભરતા ભૈયાજીને પંચ તરીકે બોલા-વવામાં આવ્યા. એમણે પંચનામા પર સહી કરવાની ના પાડી. કારણ પૂછ્યું તો કહે આ લાકડાનું બોખું રેડિયો સેટ બોલે છે એમ તમે કહો છો પણ હું એ માનતો જ નથી. ચન્દ્રકાન્તભાઇએ અને મેં એમને ખૂબ સમજાવ્યા કે એમના બયાનથી અમને કોઈ નુકસાન નહિ થાય ત્યારે જ એમણે સહી આપી. અમારું કેન્દ્ર બીજે માળે હતું. અમે બહાર આવ્યાં. પગથિયે પગથિયે બંદૂકધારી પોલીસ, આગળ ચન્દ્રકાન્તભાઈ અને હું અને પાછળ પોલીસની પલટણ. મેં કહ્યું, 'ભાઈ જિંદગીમાં કોઈ આપણને સલામી (Guard of Honour) આપે કે નહિ પણ અત્યારે તો વણમાગી સલામી મળી રહી છે !' એમણે સંમતિ આપતાં કહ્યું. 'હા હા ! આ તો આપણી જિંદગીનો એક યાદગાર દિન એક મહામૂલો અવસર બની રહેશે.'

એ પછી તો પૂરા ૭ મહિના બધી તપાસ ચાલી. ત્યાર બાદ સ્પેશીઅલ કોર્ટમાં સતત દોઢ મહિના સુધી કેસ ચાલ્યો. અમે પાંચ આરોપીઓ હતા-બાબુભાઇ, વિઠ્ઠલભાઈ, ચન્દ્રકાન્તભાઇ, નાનક મોટવાની અને હું. અમારા પર આરોપો હતા: સરકારને ઉથલાવવાનું કાવતરું કરવાના, સૈન્યમાં બળવો જગાડવાના, સરકાર પ્રત્યે અસંતોષ ફેલાવવાના અને એવા જ બીજા ઘણા. મોતીલાલ સેતલવાડ, કનૈયાલાલ મુનશી, ભૂલાભાઇ દેસાઇ, ઠક્કર જેવા નામાંકિત વકીલોએ અમારા બચાવમાં અનેક સજ્જડ દલીલો કરી. નાનાભાઈ અને વિઠ્ઠલભાઇ નિર્દોષ ઠર્યા. બાબુભાઇને પાંચ વર્ષની, મને ચાર વર્ષની અને ચન્દ્રકાન્તભાઇને એક વર્ષની સજા ફરમાવવામાં આવી. અમે હસતે મહોંએ એ સ્વીકારી અને પૂરી કરી.

અમને પુનાની યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા. જ્યારે હું ત્યાં ગઇ ત્યારે ત્યાં લગભગ ૨૫૦ મહિલા કેદીઓ હતી. અમને બધાને સાંજે ૬ વાગે બેરેકમાં બંધ કરી દેતાં બીજે દિવસે સવારે ૮ વાગ્યા સુધી આથી અમને બહુ ગુસ્સો આવતો એટલે અમે એનો વિરોધ કરવાનું નક્કી કર્યું. એક દિવસ અમે બધા બહાર કંપાઉંડમાં બેસી ગયા અને બેરે-કમાં જવાની ના પાડી. અમારા સાથીદારોમાં પ્રેમાબેન કંટક, કિસનતાઇ, લક્ષ્મીબાઇ કુસે, મૃણાલિની દેસાઇ વગેરેની સાથે ધુળેનાં કમલાબાઈ અષ્ટપુત્રે અને પુણેના સાવિત્રીબેન માદન પણ હતાં. કમલાબાઇ અને સાવિત્રીબેન મને બેરેકની અંદર લઇ ગયાં અને અમને દૂધ-દહીં મૂકવા માટે પાંજરું આપ્યું હતું એનું વચ્ચેનું પાટિયું કાઢી નાખ્યું. પછી મને કહે 'હવે તું આમાં બેસી જા અને અમે કહીએ નહિ ત્યાં સુધી બહાર ન આવતી.' હું તો તરત એમના કહ્યા પ્રમાણે પાંજરામાં ગોઠવાઈ ગઇ. તરત તો એ લોકો બારણું બંધ કરીને ચાલ્યાં ગયાં પણ પછી થોડી થોડી વારે વારાફરતી આવે, થોડી વાર બારણું બોલીને થોડી હવા અંદર આવવા દે. એમ કરતાં રાતના બાર વાગ્યા. એક પછી એક ૨૫૦ એ ૨૫૦ કેદીને ટાંગા-

ટોળી કરી બેરેકમાં બેસાડ્યા. એ પછી ગણતરી કરી તો એક કેદી ઓછો થયો. મુકાદમે ગણતરી કરી, વોર્ડને કરી, જેલરે કરી તોયે કેદી ક્યાંયે ન મળે. ગણતરીમાં એક કમ જ આવ્યાં કરે એટલે છેવટે પગલી ઘંટી (Alarm Bell) વગાડી અને સુપરિન્ટેન્ડન્ટને જગાડ્યા. અડધી રાતે સુપરિન્ટેન્ડન્ટસાહેબ ધુંઆકુંઆ થતા આવ્યા. બધી બેરેકમાં ગણતરી લેવાઇ. છેવટે અમારી બેરેકમાં આવ્યા. એ પહેલાં સાવિત્રીબેને પાંજરૂં બોલ્યું. કમલાબહેને પાસે જ મારે માટે જાજમ પાથરી, હું પાંજરામાંથી એમાં સરકી ગઈ. ચાદર ઓઢી લીધી અને અમે ત્રણે જણ ભરઊંઘમાં હોઇએ એમ સૂઇ ગયાં. ત્યાં સુપરિન્ટેન્ડન્ટ સહિત ઓફિસરોની પૂરી પલટણ બેરેકમાં આવી, ગણતરી કરી અને કેદીનો નંબર બરોબર કાઢ્યો. અને ત્યાંને ત્યાં જ સુપરિન્ટેન્ડન્ટે જેલર, વોર્ડન, મુકાદમ સૌને પાણીથી પાતળાં કરી નાખ્યાં: એમ કહીને કે પાંચ વર્ષનાં બચ્ચાને આવડે એવી સીધી સાદી ગણતરી પણ કરતા નથી આવડતી ! એવા મહામૂરખોની (Idiots)ની જમાત ભેગી થઇ છે. બધા બબડતા. મને મૂર્ખ-શિરોમણિ બનાવવા માટે ફફડતા. અમને ગાળો દેતા રાતે બે વાગે ત્યાંથી ગયાં બીજે દિવસે સવારે વોર્ડને મને ઓફિસમાં બોલાવી. અને બધા ફફડી ઊઠ્યા. કેટલાકે ન જવાની સલાહ આપી. બીજી કેટલીક બેનપણીઓએ જાપ કરવાના શરૂ કર્યા. હું તો હિંમતથી ગઇ. વોર્ડન કહે : મારે તમને કડી સજા કરવી પડશે. મેં કહ્યું, એ માટે હું તૈયાર જ છું પણ પહેલાં તમારે મને મારો ગુનો શું છે એ કહેવું પડશે. એ કહે તમે કાલે ક્યાં હતાં! મેં કહ્યું, 'તમે મને જ્યાં જોઇ ત્યાં' 'એટલે'? 'એટલે કે બેરેકની અંદર, મારે જ્યાં હોઉં જોઇએ ત્યાં. આમ જેલના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા માટે તમે ભલે મને શાબાશી ન આપો પણ સજા આપો. તો કદાચ તમે જ સજાને પાત્ર ગણાવ !' આ સામે કોઈ દલીલ ન મળતાં એમણે રુક્ષ સ્વરે કહ્યું, 'You can go' 'તમે જઇ શકો છો.' અંદર જતાં જ દરવાજા આગળ ઊભેલાં સૌ હર્ષઘેલા થઇ નાચવા લાગ્યાં. તરત જ એક સભા ભરી અને ઠરાવ કર્યો કે ભવિષ્યમાં હું જ્યારે લગ્ન કરું ત્યારે મને આ કેદીઓ તરફથી સોનાનું પાંજરૂ ભેટ આપવું. મેં કહ્યું 'તમારી લાગણી માટે હું ખૂબ આભારી છું પણ તમારી ભેટનો સ્વીકાર નથી કરતી કારણ મને પાંજરૂં તો ન જ ખપે. સોનાનું હોય તોય નહિ.'

આવા હતા એ યાદગાર દિનો. આજે આઝાદીનાં ૪૦ વર્ષો પછી થાય છે : આ સ્વપ્ન સાકાર થવાનાં તો બાજુએ રહ્યાં ! એનાં ખંડેર થઈ ચૂક્યાં છે. આવે સમયે એ અનુભવોમાંથી થોડાક પાઠો શીખીએ તો એ સૌ માટે હિતાવહ થાય એમ લાગ્યા કરે. એ પાઠો છે:

(૧) જે ધગશથી દેશના આબાલવૃદ્ધ દેશની મુક્તિ કાજે લડ્યા એ જ ધગશથી એના નવનિર્માણના કામ માટે આજે લોકો આગળ આવે.

(૨) 'હિન્દુ, મુસલમાન, પારસી, બધો એકતાની આરસી' ગાતાં ગાતાં સ્વાતંત્ર્ય સૈનિકો એક બની અંગ્રેજ સરકાર સામે લડ્યા એમ જ આજે બધી કોમોએ એક થઈ કોમવાદ, પ્રદેશવાદ આદિ દુશ્મનોનો સામનો કરવો પડશે.

(૩) સાધારણ સમયમાં તેમજ કટોકટી કે કસોટીના કપરા કાળમાં પણ પોતાના અનુયાયીઓ કે યુવાન કાર્યકર્તાઓની સલાહ લઇને કામ કરવું એ ડોક્ટર લોહિયાએ પાડેલી પ્રથા લોકશાહીને સંપુષ્ટ કરવા માટે ખૂબ જરૂરી છે કારણ એમ થાય તો જ લોકશાહી સાચી લોકશાહી અથવા જેમાં સર્વનો સહભાગ અને સહયોગ હોય એવો સહકાર બની રહે.

(૪) વખત આવ્યે લોકોએ દેશના કાયદાનું ઉલ્લંઘન કરી સત્યાગ્રહી બની બળવો પોકારવા સદા તૈયાર રહેવું જોઇએ, પણ એ સાથે જ કાયદો તોડવા માટે જે સજા હોય એનું પાલન કરવાની પણ પૂરી તૈયારી રાખવી જોઇએ. નહિ તો સત્યાગ્રહ દુરાગ્રહ અથવા સ્વાર્થાગ્રહ જ બની રહે.

સ્વાતંત્ર્યસંગ્રામ અને એનાં સંચાલનમાંથી આપણે થોડાક પાઠો શીખીએ તો એ સંગ્રામ એળે ગયો છે એવી ભાવના ન સેવતાં આપણે સ્વરાજ્યને સુરાજ્ય બનાવવાના રાષ્ટ્રપિતા અને અન્ય નેતાઓનાં સ્વપ્નને સાકાર કરી શકીશું.

ભારત–પાકિસ્તાનના વિભાજન સમયે લાહોરમાં

અમર જરીવાલા

ભારતીય ઉપખંડનું વિભાજન થયું. ભારત અને પાકિસ્તાનનું સર્જન થયું તે દિવસોમાં હું લાહોરમાં હતો.

નજીકથી અને દૂરથી એક બાજુથી 'મારો કાફર કો', 'કાપો કાફર કો,' 'અલ્લાહો અકબર'ના અવાજો આવતા હતા તો બીજી બાજુથી 'ભારતમાતા કી જય,' 'મહાત્મા ગાંધી કી જય'ના અવાજો આવતા હતા. એ પોકારોમાં ઝનૂન હતું. નામ ભારત માતાનું, મહાત્મા ગાંધીનું અને અલ્લાહનું હતું, પરંતુ તેમાં ભારોભાર કોમી ઝેર ભરેલું હતું. કોમી રમખાણો, કાપાકાપી, પરિસ્થિતિને અંકુશમાં લેવા માટે સતત ચાલુ રહેલા ગોળીબારના અવાજો એ બધી ઘટનાઓ એ અંધારી રાતને વધુ અંધકારમય બનાવતી હતી. રાત તો અંધારી હતી જ, પરંતુ અમારા સૌના અંતરમાં પણ ભરપુર અંધકાર છવાઇ ગયો હતો.

મૂઢ ચિત્તે લાહોરના જેલ રોડ પરના નિવાસમાં ૧૯૪૭ના જૂનની ૩જી તારીખે મુરબ્બી જગન્નાથભાઇ યાદવ, મિત્ર વીરેન શાહ અને હું બેઠા હતા. રેડિયોની સ્વીચ ચાલુ કરી હતી. ભારતનું ભાવિ સાંભળવા કંઇક પ્રકાશ સાંપડશે કે કેમ તે જાણવા અમે ઉત્સુક હતા. લોર્ડ લૂઈ માઉન્ટબેટન ભારતના રાજકીય નેતાઓ સાથે દીર્ઘ મંત્રણાઓ કર્યા બાદ લેવાયેલા નિર્ણયોની જાહેરાત કરવાના હતા. અંતે અમારું વહાલું નગર પાકિસ્તાનમાં ગયાના સમાચાર સાંભળી આઘાત સહિત ક્રુજારી અનુભવી હતી.

લાહોર–પંજાબનું તે પાટનગર; હિન્દુ, મુસ્લિમ, શીખ ભાઇચારાનું એક સરસ પ્રતીક જેવું એ શહેર હતું; પરંતુ કોમવાદી નેતાઓએ પાયેલા ઝેરથી તે શુદ્ધબુદ્ધ ગુમાવી બેઠું હતું. ૧૯૪૬માં જ્યારે પ્રથમવાર તેની ધરતી પર મેં પગ મૂક્યો હતો, ત્યારે મારા સારાય દેહમાંથી એક મનગમતી ઝણઝણાટી પસાર થઇ ગઇ હતી. રાવી નદીના તટે આવેલું આ રમણીય

મહાન નગર–જે નદીના તટ પરથી પંડિત જવાહરલાલ નહેરુએ ૧૯૨૯ ના અંતિમ દિને 'સંપૂર્ણ આઝાદી' માટેના બલિદાનના કસમ ખાધા હતા તે ધરતી પર હું થોડા સમયથી રહેવા આવ્યો હતો.

કૉલેજકાળના મારા એ દિવસોમાં લાહોરમાં ઊતરેલ 'ખજાનચી' નામનું બહુ લોકપ્રિય બનેલું ચલચિત્ર યાદ હતું. લાહોરનાં ગૌરવર્ણના સુંદર દેહલાલિત્ય ધરાવતા યુવક–યુવતીઓના મરતીભર્યા મિજાજની અને આનંદઉલ્લાસથી જીવન જીવવાની રીતિનીતિથી હું વાકેફ હતો. લાહોરના વિશ્વવિદ્યાલયના તે સુંદર સ્થાપત્ય ધરાવતા મહાલયો, ગુલાબોથી મઘમઘતો લોરેન્સ ગાર્ડન અને રળિયામણો રાજમાર્ગ મોલ રોડ આજે પણ ભુલાતો નથી. શહીદ ભગતસિંહની તે જન્મભૂમિ–કર્મભૂમિ અને આઝાદી કાજે જાનફેસાનીની બાજી લગાવી ભારતમાતાને ચરણે બલિદાન આપી ચૂકેલા માનવીઓની એ ભૂમિ, સ્વાતંત્રસંગ્રામ સાથે લાહોરના શહેરનો એક વિશિષ્ટ નાતો હતો. પરંતુ પરિસ્થિતિ પલટાઈ ગઇ. રાવળપિંડીમાં હિંદુઓ ઉપર થયેલા અત્યાચારોની કથા ઠેર ઠેર થવા લાગી હતી. લાહોરમાં પણ કેટલાક શીખભાઇઓને ઉપાડી જઇ નહેર પાસે લઇ જઇ તેમની કેશવાળી કાપીને છૂટા મૂકી દેવામાં આવતા હતા. રમખાણો પ્રસરતાં જતાં હતાં. મહોલ્લાઓની હેરાફેરી ચાલુ હતી. પોલીસોમાં પણ કોમવાદ વ્યાપી ગયો હતો. અને અત્યંત નિરાધાર હાલતમાં લાહોરનાં લાખો નરનારીઓમાં ભયંકર ગભરાટ વ્યાપી ગયો હતો.

આઝાદીની ઉષાના લાલ રંગોમાં આ રક્તપાતનો રંગ ભારતના બીજા પ્રદેશોને કદાચ એટલો નહિ દેખાતો હોય; પરંતુ જેઓએ પોતાનાં ભાઇભાંડુઓ ગુમાવ્યાં, જેમણે સગી આંખે પોતાની બહેન–દીકરીઓની ઇજ્જત લૂંટાતી જોઇ અને યુવાન પુત્રોને કપાતા જોયા તેઓને મન આઝાદીનો કોઇ ઉત્સાહ ન હતો. જે ભૂમિને 'માદરે વતન' કહીને ગૌરવભર્યા શિર પર જેની ધૂળ ચઢાવી હતી તેને સદાને માટે છોડવી તે કંઇ નાનીસૂની વાત ન હતી. સદીઓનાં સાક્ષી રહેલા ઘરબાર અને મહોલ્લાઓ અને પાડોશીઓના સ્નેહ સમર્પણ છોડીને અણજાણ ભાવિ તરફ ધકેલાતા ભારતના તે સમયના માનવીઓના મનની વ્યથાનો ખ્યાલ તો જેને વીત્યું હોય તેને જ આવી શકે.

એક વર્ષના વસવાટ દરમિયાન અમે લાહોરના વિવિધ રંગો જોયા હતા. અંતે લાહોર છોડવું પડ્યું. તે દિવસે સ્ટેશન પહોંચવું લગભગ અશક્ય હતું. ચોતરફ કલાકનો કરફ્યુ ચાલુ હતો. લાહોરના મધ્યભાગમાંથી અમારા મિત્રો–સાથીઓના 'કુછ કીજીએ,' 'મર રહે હૈ,' 'મિલટરી કો ખબર કીજીએ' એવા આજીજીભર્યા ટેલિફોન આંસુભીની આંખોએ અમારે ઉઠાવવા પડતા.

લાહોરની ધરતી પરથી અમે ગમગીન હૃદયે વિદાય લીધી. મારા શીખમિત્ર સરદાર હરભજનસિંહ, બીજા મિત્ર જશવંતસિંહ અને ઉત્સાહી મિત્ર શ્રી ગુપ્તાને 'ફિર કભી મિલેંગે, જિંદા રહે તો' કહીને ફ્રન્ટીયર મેલમાં જેમ તેમ કરીને હું પહોંચ્યો. મુંબઇના પ્રવાસની ૪૮ કલાકની સફર દરમિયાન સતત જાગતો જ રહ્યો. ઊંઘ શાની આવે ? નજર સામે એક પછી એક હૃદયદ્રાવક દ્રશ્યો તરવરે. લાહોરમાં પસાર કરેલા એ દિવસો, પ્રસંગો, બાંધેલા સંબંધોને હું આખે રસ્તે યાદ કરતો જ રહ્યો.

જે કોમી ઝેર નષ્ટ કરવા માટે આપણા નેતાઓએ વિભાજન સ્વીકાર્યું હતું તેમાં તેઓ સરિયામ નિષ્ફળ ગયા હતા. આજે પણ આ કોમી ઝેર એટલું જ વ્યાપેલું છે. સવાલ તો ઊઠે છે કે આપણા નેતાઓએ દેશના ભાગલા કેમ સ્વીકાર્યા ? શું તેમની નજર સમક્ષ બટવારા સિવાયનો કોઇ ઉકેલ ન જ હતો ? તેઓ અંગ્રેજોની રાજરમત સમજવામાં ઊણા ઊતર્યા હતા ? કે પછી સત્તા હાંસલ કરવા તેઓ તલપાપડ બન્યા હતા ? આ રક્તરંજિત ઇતિહાસ માટે જવાબદાર કોણ ? છેલ્લાં ચાલીસ વર્ષથી આ પ્રશ્નનું વિશ્લેષણ કર્યા જ કરું છું. પરંતુ જવાબ મળતો નથી.

*

સાભાર સ્વીકાર

* **જ્યોતિર્ધરની જીવનગાથા** (શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું સંક્ષિપ્ત જીવન–કવન) લે. પન્નાલાલ ર. શાહ, ક્રાઉન સોળ પેજી – પૃષ્ઠ–૬૪ – મૂલ્ય રૂા. ૫-૦૦ પ્રકાશક : ધી જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયા C/o શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ–૪૦૦ ૦૩૬. * **અણુનમ આચાર્યદેવ** (શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિજીનું સંક્ષિપ્ત જીવન) લે. પૂ. મુનિશ્રી પૂર્ણચંદ્રવિજયજી ગણિ. સંપા. જયેન્દ્ર શાહ – ક્રાઉન સોળ પેજી – પૃષ્ઠ–૩૨, મૂલ્ય રૂા. ૪–૦૦ પ્રકાશક : એચ. કે ટ્રેડર્સ, ૫૯, બેન્ક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખમેમણ સ્ટ્રીટ, મુંબઇ–૪૦૦ ૦૦૨. * **સંઘ સ્વરૂપ દર્શન–૩** લે. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિજી મહારાજ; ડેમી સાઇઝ. પાકું પુઠું–પૃષ્ઠ–૫૨૮–મૂલ્ય રૂા. ૨૦. પ્રકાશક : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ. ૫૯, બેંક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઇ ૪૦૦૦૦૨ * **ગંભીરતા અને ક્ષમાનો સુમેળ** લે. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિજી મહારાજ–ડેમી સાઇઝ–પૃષ્ઠ ૪૪, મૂલ્ય રૂા. ૩–૦૦. પ્રકાશક : ઉપર મુજબ * **પ્રેક્ષાધ્યાન** લે. યુવાચાર્ય મહાપ્રજ્ઞ; સંપા. રોહિત શાહ ક્રાઉન સોળપેજી–પૃષ્ઠ–૭૩ મૂલ્ય રૂા. ૩ ૦૦, પ્રકાશક : અનેકાન્ત ભારતી પ્રકાશન. ચાકુલ, સહજાનંદ કૉલેજ પાસે, આંબાવાડી, અમદાવાદ–૧૫ * **આશ્ચર્યવત્** લે. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી–ક્રાઉન સોળ પેજી–પૃષ્ઠ–૨૪૪–મૂલ્ય રૂ. ૧૨–૦૦ પ્રકાશક : સરતુ સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ–૩૮૦૦૦૧ * **કર્મયોગ** (હિન્દી) મૂળ લેખક : પૂ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. અનુવાદક : પૂ. દેવેન્દ્રસાગરજી મહારાજ પાકું પૂઠું–રોયલસાઇઝ પૃષ્ઠ–૨૪૦. મૂલ્ય રૂ. ૯૧–૦૦ પ્રકાશક : અરુણોદય ફાઉન્ડેશન, અમદાવાદ. **Pratikramana Sutra** (Hindi–English) By– Nirvanasagara Price : Rs. 20/– Publishers– Shri Mahavira Jaina Aradhana Kendra–**Coba** (Gujarat).

સ્વ. બાદશાહખાન

(પૃષ્ઠ ૧૭૬ ચાલુ)

પછી એમ કુલ સૌથી વધુ સમય જે કોઇએ જેલમાં પસાર કર્યો હોય તો બાદશાહખાને. જીવનનાં છત્રીસ કરતાં વધુ વર્ષ રાષ્ટ્રભક્તિને કારણે જેલમાં પસાર કરવાનાં આવે એ પણ વિધિની કેવી કરુણ વિચિત્રતા !

નાદુરસ્ત તબિયતને કારણે દેશત્યાગ કરવાની સ્વૈચ્છિક છૂટ આપવામાં આવી ત્યારે તેઓ પાકિસ્તાનની સરહદ ઓળંગી અફઘાનિસ્તાનમાં જલાલાબાદમાં જઇને રહ્યા. જિંદગીની ઉત્તરાવસ્થામાં કેટલાંક વર્ષો એમણે અફઘાનિસ્તાનમાં શાંતિથી પસાર કર્યાં, પરંતુ એ દરમિયાન પણ ભારતીય નેતાઓમાંથી ખાસ કોઇ અફઘાનિસ્તાનમાં એમની પાસે ખબરઅંતર પૂછવા ગયું નહિ. ૧૯૬૯માં ગાંધીજીની જન્મ શતાબ્દીના ઉત્સવમાં ભાગ લેવા માટે ભારતના નિમંત્રણથી તેઓ પધાર્યા હતા. વિમાનમાંથી ઊતર્યા ત્યારે સરકારી કર્મચારીઓ તેમનો સામાન લેવા માટે ફાંફાં મારતા હતા; પરંતુ બાદશાહખાનને કહ્યું કે મારી પાસે સામાનમાં કંઇ નથી. ચાલવા માટે એક લાકડી અને બે જોડ કપડાંની આ એક પોટલી સિવાય બીજા કશાની મારે જરૂર નથી.

સ્વતંત્રતા પછી ભારતની એ યાદગાર મુલાકાત સમયે ભૂતકાળમાં બની ગયેલી ઘટનાઓ માટે એમણે ભારતને મનોમંન માફી આપી હતી. ભારતે પણ ત્યારપછીનાં વર્ષોમાં બાદશાહખાનને આંતરરાષ્ટ્રીય સમજદારી માટેનો 'જવાહરલાલ નહેરુ એવોર્ડ' અને 'ભારતરત્ન'ના સર્વોચ્ચ ઇલ્કાબથી નવાજ્યા હતા. આથી ભારત પ્રત્યેની એમની મમતા ફરી ગાઢ થઇ હતી અને જીવનના અંતિમ વર્ષમાં તબીબી સારવાર માટે ભારત આવવાનું એમણે પસંદ કર્યું હતું. એટલો યશ ભારતને મળ્યો એ ભારતનું સદ્‌ભાગ્ય. બાદશાહખાન પ્રત્યેની કૃતજ્ઞતાના પ્રતીક તરીકે ભારતે એમનું યથાયોગ્ય સ્મારક રચવું જોઇએ. સંસ્થાઓ, રસ્તાઓ વગેરેને એમનું નામ આપી શકાય. મોટાં શહેરોમાં એમનું પૂતળું મૂકી શકાય. એમના નામે પારિતોષિક-પુરસ્કાર આપી શકાય. એમના જીવનની દસ્તાવેજી ફિલ્મ ઉતારી શકાય. ભારત સરકારે એ વિશે ગંભીરપણે વિચાર કરવો જોઇએ, કારણ કે પાકિસ્તાન તો એમને દેશદ્રોહી તરીકે જ લેખાવશે.

બાદશાહખાનને થયેલા અન્યાયનું તર્પણ ભારતે કરવું જ રહ્યું. એમના આત્માની શાંતિ માટે આટલું અવશ્ય કરવું યોગ્ય ગણાય.

-રમણલાલ ચી. શાહ

ભક્તિ સંગીતના વર્ગો

સંઘના ઉપક્રમે પરમાનંદ કાપડિયા હોલમાં બહેનોને ભક્તિ સંગીત-સ્તવન વગેરે શીખવવા માટેના વર્ગનો પ્રારંભ બુધવાર, તા. ૨જી માર્ચ, ૧૯૮૮ થી થાય છે. છ અઠવાડિયાં સુધી દર બુધવારે ચાલનારા આ વર્ગના અધ્યાપક તરીકે શ્રી બંસીભાઈ ખંભાતવાલા સેવા આપશે. રસ ધરાવતાં બહેનોને સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

ઉષાબહેન મહેતા
સંયોજક

કે. પી. શાહ
પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

આઝાદીની લડત - કિશોરવયનાં સ્મરણો

(પૃષ્ઠ ૧૬૬ ચાલુ)

તરીકે અમારો પહેરવેશ હતો. અમારી પરેડ કોંગ્રેસ હાઉસના ચોગાનમાં થતી. મને યાદ છે કે એક વખત અમારી ટુકડીની પરેડ ચાલતી હતી એવામાં અચાનક ધોધમાર વરસાદ તૂટી પડ્યો. અમારી ટુકડીના નેતા તરત દોડીને કોંગ્રેસ હાઉસના મકાનમાં પેસી ગયા. પરંતુ અમે ચાલીસેક સ્વયંસેવકો ત્યાં ધોધમાર વરસાદમાં અમારી જગ્યાએ ઊભા રહ્યા હતા. થોડીવાર પછી એસ. કે. પાટિલ દોડતા બહાર આવ્યા અને બૂમ પાડીને અમને કહ્યું, 'તમે બધા કેમ ત્યાં વરસાદમાં ઊભા રહ્યા છો, મકાનમાં અંદર આવી જાવ.' અમે કહ્યું, 'અમે કેવી રીતે આવી શકીએ ? ટુકડીના નેતા તરફથી અમને વિસર્જનનો હુકમ મળ્યો નથી.' એ વખતે પાટિલ સાહેબે તરત ટુકડીના નેતાને વરસાદમાં બહાર મોકલ્યા. વિસર્જનનો હુકમ થયો. અમે બધા કોંગ્રેસ હાઉસમાં દોડી ગયા, પાટિલ સાહેબે એક બાજુ અમને આવી શિસ્ત માટે શાબાશી આપી અને ટુકડીના નેતાને બેદરકારી માટે કડક ઠપકો આપ્યો હતો.

આઝાદીની લડતના નેતાઓને મુંબઇમાં જોવા-સાંભળવાની એક પણ તક અમે ગુમાવતા નહિ. રાષ્ટ્રીય નેતાઓના ફોટાઓ ઘરમાં રાખવા-ટાંગવાનો ઘણો શોખ હતો. સ્વયંસેવક તરીકે કેટલાયે નેતાઓને પાસેથી જોવા-સાંભળવાનો લહાવો મળ્યો હતો.

મહાત્મા ગાંધીને જોવા સાંભળવાની ઉત્કંઠા તો ઘણી જાગી હતી; પરંતુ તેવી કોઇ તક મળી નહોતી. દેશના અનેક લોકોને ગાંધીજીને જોવા-સાંભળવાની ઉત્કંઠા રહેતી. ગાંધીજી જ્યાં જાય ત્યાં તેમને જોવા માટે હજારો-લાખો લોકો એકત્ર થતા. લોકોની ભીડના ત્રાસમાંથી બચવા માટે કયારેક ગાંધીજી ટ્રેનમાંથી અધવચ્ચે ઊતરી જતા. પ્લેટફોર્મ પર એકત્ર થયેલી મેદની ત્યારે નિરાશ થતી. પોતાને જોવાની લોકોની ઇચ્છા સંતોષાય એટલા માટે ગાંધીજીએ સવાર-સાંજની પોતાની પ્રાર્થનાના કાર્યક્રમને જાહેર કાર્યક્રમ બનાવી દીધો હતો. એટલે ગાંધીજીને નિરાંતે જોવા-સાંભળવાનો યોગ્ય અવસર એ એમની પ્રાર્થનામાં હાજર રહેવાનો હતો.

ઇ. સ. ૧૯૪૪માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી ઝેવિયર્સ કોલેજમાં હું દાખલ થયો અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહ્યો હતો. તે સમયે ગાંધીજી મુંબઇ થોડા દિવસ માટે પધારેલા. ખબર પડતાં અમે કેટલાક વિદ્યાર્થીમિત્રો બિરલા હાઉસમાં ગાંધીજીની પ્રાર્થનાસભામાં પહોંચી ગયા હતા. પ્રાર્થનાસભામાં ગાંધીજી આવ્યા. એમને જોતાં જ શ્રોતાઓમાં કોલાહલ થાય, કોઇ જોવા માટે ઊભા થાય, કોઇ ઊભા થયેલાને બેસી જવા બૂમ પાડે એમ બનવું સ્વાભાવિક હતું. ગાંધીજીએ ગાદી ઉપર બેસીને તરત બધાને શાંત થવા માટે પોતાના નાક ઉપર તર્જની આંગળી મૂકીને ઇશારો કર્યો. તરત જ બધા શાંત થઇ ગયા. સભામાં ગિર્દી ઘણી હતી. એક છેડે અમને સ્થાન મળ્યું હતું. બધા ગાંધીજીની સામે એકીટશે જોઇ રહેતા. એમની દિવ્ય મુખાકૃતિ પરથી નજર ખસેડવાનું ગમતું નહિ. પ્રાર્થના શરૂ થઇ. મધુર કંઠે સર્વધર્મની નિયત થયેલી પ્રાર્થના ગવાઇ. ત્યાર પછી ગાંધીજીએ દસેક મિનિટ હરિજનોના ઉદ્ધાર માટે સંક્ષેપમાં ઉદ્‌બોધન કર્યું. પ્રાર્થના પછી હરિજનોના ઉદ્ધાર માટે ફાળો આપવા તથા ગાંધીજીને સાવ પાસેથી જોવા એમના તરફ લોકોનો ધસારો થયો. ગાંધીજી હાથ ધરતા જાય અને લોકો

એમના હાથમાં યથાશક્તિ રકમ મૂકતા જાય. તેઓ બાજુમાં રાખેલા ખાદીના એક વસ્ત્રમાં એ રકમ મૂકતા જાય. અમે પણ ક્રમે ક્રમે ગાંધીજી સુધી પહોંચ્યા. જોતાં ધરાઇએ નહિ એવું અત્યંત તેજસ્વી, શાંત, પ્રસન્ન, પવિત્ર વ્યક્તિત્વ હતું. ગાંધીજી પાસે હું પહોંચ્યો. મારા ખીસ્સામાં હતા તે સિક્કા ગાંધીજીના હાથમાં મેં મૂક્યા. મૂકતી વખતે ગાંધીજીની હથેળીનો સ્પર્શ કર્યો. જાણે ડાર્ક પુષ્પની પાંદડી જેવો અત્યંત કોમળ એ સ્પર્શ હતો. રોમાંચ ખડાં કરે તેવો હર્ષોલ્લાસજનક એ સ્પર્શ હતો. એવો અદ્‌ભુત પવિત્ર સ્પર્શ જીવનમાં બીજા કોઇનો કયારેય અનુભવ્યો નથી. મારે માટે એ પ્રસંગ અવિસ્મરણીય બની ગયો.

એક વખત ગાંધીજીની પ્રાર્થનાસભામાં જવાની સૂઝ પડી એટલે પછી તો જ્યારે પણ ગાંધીજી મુંબઇમાં આવે ત્યારે તેમની પ્રાર્થનાસભામાં નિયમિત જવાનુ અચૂક બની ગયું હતું. બીજે વર્ષે ગાંધીજી મુંબઇમાં આવ્યા અને બિરલા હાઉસમાં ઊતર્યા હતા, પરંતુ પ્રાર્થના રૂંગટા હાઉસની બહાર દરિયા-કિનારે રાખવામાં આવેલી. લોકો પ્રાર્થના-સભામાં જગ્યા મેળવવા અર્ધો કલાક કે કલાક વહેલા પહોંચી જતા. અમે પણ એક-બે દિવસ એ પ્રમાણે કર્યું. પરંતુ ઘણે દૂરથી ગાંધીજીને જોવાથી સંતોષ થતો નહોતો.

એક દિવસ પ્રાર્થનાસભામાં વહેલા પહોંચવાનું બની શકયું નહિ. પાંચેક મિનિટની વાર હતી અને અમે જતા હતા ત્યાં ગાંધીજીને બિરલા હાઉસમાંથી નીકળી રસ્તો ઓળંગી રૂંગટા હાઉસમાં જતા જોયા. અમે એમની સાથે જોડાઈ ગયા. એ ખાનગી રસ્તો હતો. એક ભાઇએ અમને અટકાવવા પ્રયત્ન કર્યો પણ અમે જાણે જાણતા નથી એમ ઝડપથી આગળ નીકળી ગયા. એવી રીતે ગાંધીજી સાથે જવામાં પ્રાર્થનાસભામાં મંચની પાસે બેસવાનું મળ્યું. આ એક સારી યુક્તિ જણાઇ. પછીથી તો અમે બે-ત્રણ મિત્રો રોજ સાંજના એ જ સમયે એ જ સ્થળે ઊભા રહેતા. ગાંધીજી સાથે જે પાંચ-સાત માણસો હોય એની સાથે અમે પણ જોડાઇ જતા. ગાંધીજીની સાથે સાથે ચાલવાનો આ એક અપૂર્વ લહાવો અમારા માટે હતો. કયારેક ગાંધીજી અમારી લુચ્ચાઇ સમજી જઇ અમારી સામે જોઇ હસતા.

બીજી એકવાર ગાંધીજી મુંબઇ આવ્યા હતા અને જુહુના કિનારે એક બંગલામાં ઊતર્યા હતા. ચોમાસાના એ દિવસો હતા. તોપણ પ્રાર્થના-સભામાં ઘણા માણસો એકત્ર થતા. પ્રાર્થના માટે બહુ મોટા મંડપની વ્યવસ્થા નહોતી એટલે લોકોમાંથી જેને બેસવાનું મળે તે બેસતા અને બાકીના ઊભા રહેતા. અચાનક વરસાદ પડે તો પોતાની છત્રી ખોલતા. ઑફિસેથી ટ્રેન પકડી જુહુ પહોંચી પ્રાર્થનાસભામાં કેટલીયે વાર વરસાદમાં છત્રી ખોલીને ઊભા ઊભા અમે હાજરી આપી હતી.

ગાંધીજી થોડા વખત પછી પૂનામાં આવવાના હતા. મારા એક મિત્રની સાથે હું તથા મારા ભાઇ નવીનભાઈ પૂના ગયા હતા. એ વખતે ગાંધીજીની પ્રાર્થનાસભામાં જવાનો એક જુદો જ અનુભવ હતો. પૂનામાં સાઇકલો ઘણી. અમારી પાસે પણ સાઇકલો હતી. પ્રાર્થનાસભામાં આગળના ભાગમાં અનેક લોકો બેસતા. તેઓમાંના ઘણા પોતાની સાઇકલ આસપાસ કોઇક ઠેકાણે રાખી લેતા. જેમની પાસે પોતાની સાઇકલને મારવાનું તાળું ન હોય અને ઊપડી જવાની બીક હોય અથવા ઉતાવળે પાછા જવાનું હોય એવા બીજા અનેક લોકો પ્રાર્થનાસભામાં છેવાડે પોતપોતાની સાઇકલ સાથે ઊભા રહેતા. અમે પણ સભાના છેવાડે અમારી સાઇકલ સાથે ઊભા રહેતા. એક દિવસ પ્રાર્થના સભામાં ગાંધીજી પધાર્યા એટલે વાતાવરણ એકદમ શાંત થઇ ગયું. પ્રાર્થના ચાલુ થઇ. અત્યંત પવિત્ર, શાંત વાતાવરણ પ્રસરી રહ્યું પ્રાર્થનાને અંતે ગાંધીજીએ મરાઠી ભાષામાં ટૂંકું ઉદ્‌બોધન કર્યું. રાષ્ટ્રભાષાના પ્રચાર માટેનું એ ઉદ્‌બોધન હતું. ગાંધીજી બોલે એટલે જાણે કે અમૃતની સરવાણી ! શબ્દેશબ્દ હૃદયમાંથી નીકળે. વાકછટા કે આડંબર નહિ. લાંબાં ભાષણોની ગાંધીજીને આદત નહોતી. દેશમાં જ્યાં જાય ત્યાંની પ્રજાની ભાષામાં બોલવાની ભાવના તેઓ રાખતા. ગુજરાતીમાં હોય, હિન્દીમાં હોય, મરાઠીમાં હોય કે તમિળ કે તેલગુમાં ભાષણ હોય-એ બધી ભાષાઓ ઉપર એમનું પ્રભુત્વ ઘણું સારું હતું. ભારતમાં ગાંધીજીએ જાહેર-સભાઓમાં ભારતીય લોકો સમક્ષ અંગ્રેજીમાં ભાષણ કર્યું હોય એવો કોઈ પ્રસંગ યાદ નથી. (પાકિસ્તાનના સર્જક મહમદઅલી ઝીણાનો પ્રસંગ યાદ છે કે મુંબઇમાં ભીંડી બજારના અભણ મુસ્લિમો સમક્ષ પોતાને બરાબર આવડતી એવી એકમાત્ર ભાષા તે અંગ્રેજીમાં ભાષણ કર્યું હતું અને સૂચનાનુસાર લોકો તાળીઓ પાડતા હતા. તે ઘટના ઘરની નજીકના વિસ્તારમાં બનેલી એટલે તે ત્યાં જાતે જઇને કુતૂહલવશ જોયાનું યાદ છે. ગાંધીજી અને ઝીણા બંને ગુજરાતી, બંને સ્વતંત્રતાના હિમાયતી, છતાં જેના અંગ્રેજી ભાષા, અંગ્રેજી પોષાક અને અંગ્રેજી ઢબની ઠાઠમાઠવાળી રહેણીકરણીના ચાહક હતા એ એમના જીવનની વિસંવાદિતા હતી.)

દેશને આઝાદી મળ્યાને ચાર દાયકા વીતી ગયા, ગાંધીજીની અસર પ્રજામાંથી ઝડપથી ચાલી જશે એવી ત્યારે કલ્પના નહોતી. સમગ્ર દેશ માટે એક રાષ્ટ્રભાષા હિંદુસ્તાની, માતૃભાષા દ્વારા શિક્ષણ, ખાદી, ગ્રામસફાઇ, દારૂબંધી, ગામડાના લોકોની રોજગારી, જાહેર જીવનમાં સાદાઇ અને પ્રામાણિકતા, ત્યાગ અને સ્વાર્પણની ભાવના-ગાંધીજીએ ચીંધેલા એવા બધા રચનાત્મક કાર્યક્રમોમાં આઝાદી પછી ભરતી આવવાને બદલે ઘણી મોટી ઓટ આવી ગઇ, હવે એવી ભરતી ફરી કયારે આવશે ? ગાંધીજી જેવી રાષ્ટ્રવ્યાપી નેતાગીરી દેશને ફરી કયારે સાંપડશે ? એવા એવા પ્રશ્નો ઉત્તર વગરના હજુ પડી રહ્યા છે.

*

સ્વ. મોહનલાલ મહેતા-સોપાન પારિતોષિક

શ્રીમતી લાભુબહેન મહેતા તરફથી સંઘને મળેલી રકમમાંથી પ્રતિ વર્ષ સ્વ. મોહનલાલ મહેતા-સોપાન પારિતોષિક આપવાનું નકકી કરવામાં આવ્યું છે. આ પારિતોષિક મુંબઇનાં દૈનિકોમાં પ્રગટ થતી નિયમિત કોલમોમાંથી મૌલિક ચિંતનાત્મક વિષયની કોલમના લેખકને રૂા. ૧૦૦૦નું અપાશે. ૧૯૮૭ના વર્ષના પારિતોષિક માટે, સંઘે નિર્ણય કર્યા પ્રમાણે નિર્ણાયકો તરીકે (૧) ડો. રમણલાલ ચી. શાહ (૨) ડો. ઉષાબહેન મહેતા (૩) શ્રી ઘનશ્યામ દેસાઇ (૪) શ્રી ગણપતલાલ ઝવેરી અને (૫) શ્રી પન્નાલાલ ૨. શાહ સેવા આપશે.

આઝાદીની લડત–કિશોરવયનાં સ્મરણો

❖ રમણલાલ ચી. શાહ

ઈ.સ. ૧૯૪૦ થી ૧૯૪૭ સુધીના શાળા-કૉલેજના વિદ્યાર્થી તરીકેના મારા દિવસો દેશની આઝાદી માટેની લડતના રંગથી રંગાયેલા હતા. અમે મુંબઈમાં ખેતવાડીમાં એક ચાલીમાં નાની ઓરડીમાં રહેતા. હું બાબુ પનાલાલ હાઈસ્કૂલમાં અને પછીથી ગ્રેવિયર્સ કૉલેજ'માં ભણતો હતો.

કિશોરાવસ્થાની શરૂઆતમાં જ દેશની આઝાદી માટેની ચળવળના વાતાવરણની અસર અમે કેટલાક વિદ્યાર્થીમિત્રો અનુભવવા લાગ્યા હતા. બારેક વર્ષની ઉંમરે આ વાતાવરણમાંથી સમજણ પડવા લાગી હતી કે આપણે સૌ અંગ્રેજોના ગુલામ છીએ. આપણા ઉપર અંગ્રેજોનું રાજ્ય ચાલે છે. એને લીધે લોકોને ઘણો અન્યાય થાય છે. સરકાર વિરુદ્ધ જાહેરમાં કંઈ બોલી કે લખી શકાય નહિ. આપણા લોકોનો વિકાસ રૂંધાય છે. ગોરી ચામડીવાળા લોકો આપણા ઉપર રાજ્ય કરીને આપણામાં લઘુતાગ્રંથિ જન્માવે છે. ગોરા અમલદારો, ગવર્નરો, વાઈસરોયો થોડો સમય ભારતમાં નોકરી કરી આખી જિંદગી ભારતનું પેન્શન ખાય છે. ભારતનાં ધાર્મિક સ્થળો અને રાજમહેલોમાંથી અનેક કિંમતી વસ્તુઓ ગોરા અમલદારો મફત ઉપાડી જાય છે. ભારતની પ્રજા ગરીબ રહ્યા કરે એવી નીતિ બ્રિટિશ સરકારે અપનાવી છે કે જેથી ગરીબ પ્રજા માથું ન ઊંચકે અને ઊંચકે તો એને જલદી કચડી શકાય.–આવી આવી વાતો અમારા કિશોરવયના કાને અથડાતી. અમે તો રમતિયાળ છોકરાઓ હતા. સાંજ પડે અને ચાલીની કૉમન ઓરડીમાં આસપાસના પાડોશીઓ ભેગા થાય અને નવાજૂનીની ચર્ચા કરે તેમાં અમે પણ મૂક પ્રેક્ષક-શ્રોતા તરીકે હાજર રહેતા અને મુગ્ધભાવે બધી વાત સાંભળતા. અમારા જ મકાનમાંથી એક પાડોશી વડીલને મધરાતે પોલીસ આવી પકડી ગઈ ત્યારે પિતાજીએ સમજાવેલું કે એ વડીલે પોતે સત્યાગ્રહ કરવાના છે એવી સરકારને નોટિસ આપી હતી એટલે તેઓ સવારે સત્યાગ્રહ કરે તે પહેલાં પોલીસ ધરપકડનું વૉરંટ લાવીને એમને પકડી ગઈ હતી.

આસપાસ બનતી ઘટનાઓને લીધે અમારામાં પણ કંઈક જાગૃતિ આવી જતી હતી. અમારા મોટાભાઈ સ્વ. વીરચંદભાઈ ચળવળને લગતું, સરકારની દ્રષ્ટિએ વાંધાજનક એવું ઘણું સાહિત્ય ઘરે છાનામાના લઈ આવતા અને અમે તે વાંચતા. પછીથી તો અમે એમાં વધારે સક્રિય બનવા લાગ્યા હતા. શાળાના સમય પછી ફાજલ સમયમાં અમે સવારસાંજ નિયમિત રેંટિયો કાંતતા હતા અને કાંતણવર્ગ ચલાવતા. હાથે કાંતેલી આંટીના બદલામાં મળતી ખાદી પહેરતા. સાંજના સમયે ગુપ્ત પત્રિકાઓ વહેંચવાનું કામ અમે ચાલુ કર્યું હતું. કોઈ એક ભાઈ અમારી ચાલીમાં બહારના ભાગમાં આવેલા શૌચાલયની બારીમાં સો-બસો પત્રિકાઓ મૂકી જાય. એ પછી તેમાંથી થોડી થોડી પત્રિકાઓ અડધી ચડ્ડીના ખિસ્સામાં ભરાવીને આસપાસનાં નકકી કરેલાં ઘરોમાં અમે પહોંચાડી આવતા. સાંજના ૭ વાગ્યાથી રાતના નવ-દસ વાગ્યા સુધી આ કામ ચૂપચાપ ચાલતું. અમારા મકાનમાં પત્રિકાઓ આવે છે અને બહાર વહેંચણી થાય છે એવો વહેમ પોલીસને આવી ગયેલો અને સી. આઈ. ડી. ના માણસો મકાનમાં વારંવાર આંટો મારી જતા; પણ પત્રિકાઓ કોઈના ઘરમાં રખાતી નહિ અને શૌચાલયમાં આવ્યા પછી એવી ઝડપથી એ કામ થતું કે કોઈ પકડાતું નહિ. આવી ગુપ્ત રીતે ઘરે ઘરે પત્રિકાઓ પહોંચાડવાના કાર્યમાં બાર-ચૌદ વર્ષની ઉંમરે રોમાંચક હર્ષ, હિંમત અને ગૌરવ અમે અનુભવતા.

અમે શાળામાં અભ્યાસ કરતા, પરંતુ પાઠ્યપુસ્તકો વાંચવા કરતાં, રાષ્ટ્રીય સાહિત્ય વાંચવાનો નાદ વધુ લાગ્યો હતો. શાળામાં વારંવાર હડતાલો પડતી ત્યારે આખો દિવસ ફાજલ પડેલા સમયમાં અમે ગાંધીજી, મશરૂવાળા, કાકાસાહેબ, સરદાર પટેલ, નહેરુ, ઝવેરચંદ મેઘાણી વગેરેનું સાહિત્ય, હરિજન, હરિજનબંધુ વગેરે સામયિકો તથા જન્મભૂમિ, વંદેમાતરમ્ વગેરે દૈનિકો વાંચતા. 'વંદેમાતરમ્', 'ઝંડા ઊંચા રહે હમારા', 'એ શિર જાવે તો જાવે', 'છેલ્લો કટોરો ઝેરનો' વગેરે કેટલાંયે રાષ્ટ્રીય ભાવનાનાં ગીતો કંઠસ્થ કરી લીધાં હતાં (વંદેમાતરમ્ ત્યારે રાષ્ટ્રગીત તરીકે 'જનગણમન' કરતાં ઘણું વધુ પ્રચલિત હતું. જવાહરલાલે 'જનગણમન'ને રાષ્ટ્રગીત તરીકે પસંદ કર્યું તેમાં 'વંદેમાતરમ્'ને અન્યાય થયો છે એવું લાગેલું. ટાગોરના મોટા નામથી દોરવાઈને, 'જનગણમન'માં કાપકૂપ કરીને 'ભારત ભાગ્ય વિધાતા'ના છેલ્લા ચરણને પડયું મૂકીને 'સિંધ' શબ્દ-વાળી પંક્તિ સહિત એને રાષ્ટ્રગીત બનાવ્યું એ યોગ્ય નથી થયું એમ લાગ્યા કરેલું.

૧૯૪૨ની ચળવળમાં ઠેર ઠેર નીકળતાં સરઘસોમાં અમે જોડાતા. કોઈ કોઈ વાર પોલીસની લાઠીઓ ખાધેલી. અશ્રુવાયુ (Teargas) શું એ પહેલી વાર ત્યારે અનુભવેલું. એ છોડવામાં આવે ત્યારે રસ્તા પર સૂઈ જવાથી આંખો ઓછી બળે એવા અનુભવો ઘણીવાર કરેલા. મારા બીજા વડીલ બંધુ નવીનભાઈએ ચોપાટી ઉપરના એક સરઘસમાં પોલીસ આવવા છતાં હાથમાંથી ત્રિરંગી ઝંડો છોડ્યો નહિ. એમની ધરપકડ થઈ અને ત્રણ મહિના વરલીની જેલમાં વિતાવ્યાં એ ઘટના અમારા કુટુંબમાં એક ઐતિહાસિક ઘટના બની ગઈ. ધરપકડના સમાચાર આવ્યા એ દિવસે અમારાં માતુશ્રી બહુ રડેલાં એ દૃશ્ય હજુ નજર સામે તરવરે છે.

સગીરવયને કારણે મને જેલમાં જવા ન મળ્યું એનો અફસોસ ઘણા સમય સુધી મનમાં રહ્યા કર્યો હતો. 'આઝાદી આટલી વહેલી કેમ આવી ગઈ? મારે જેલમાં જવાનું હજુ બાકી છે' એવો વસવસો આઝાદી મળી ત્યારે થયેલો.

મેટ્રિકની પરીક્ષા પસાર કરી અને અમે કૉલેજમાં જોડાયા તેની સાથે સાથે વિદ્યાર્થી કૉંગ્રેસમાં જોડાયા. પ્રભાકર કુંટે અમારા તે વખતના લાડીલા વિદ્યાર્થી નેતા હતા. કૉંગ્રેસ હાઉસમાં વિદ્યાર્થી સ્વયંસેવક તરીકે પણ અમે જોડાયા હતા. ખાદીનું સફેદ ખમીસ, ઘેરા વાદળી રંગની અર્ધી ચડ્ડી, માથે સફેદ ગાંધી ટોપી અને પગમાં કેનવાસના સફેદ બૂટ-એ ત્યારે સ્વયંસેવક

(પૃષ્ઠ ૧૯૪ ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૮ અંક : ૨૦

મુંબઇ તા. ૧૬-૨-૧૯૮૮
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

વગોવાતી સાધુસંસ્થા

અમદાવાદમાં હમણાં હમણાં બે સાધુઓની ઘટનાઓએ કેટલીક ચકચાર જગાવી છે. અદાલત સુધી તેની વાત પહોંચી છે. પ્રચારમાધ્યમોના આ જમાનામાં આવી ઘટનાઓની વાતો ફોટાઓ સહિત દેશવિદેશમાં પહોંચી જાય છે. એથી સાધુ-સમાજની ઘણી વગોવણી થાય છે. આ બનતી ઘટનાઓમાં માત્ર સાધુસમાજ જવાબદાર હોય છે એવું નથી, ગૃહસ્થો પણ એટલા જ જવાબદાર હોય છે. ઉભય પક્ષે વિશેષ જાગૃત થવાની જરૂર છે. ભારતીય જનજીવનમાં સાધુઓ-સંતમહાત્માઓ પ્રત્યે આદરની ઊંચી ભાવના રહેલી છે. ગૃહસ્થજીવનનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કરવો એ ઘણી કપરી વાત છે. સંન્યાસ ધારણ કરનાર સાધુમહાત્માઓને ભારતીય સંસ્કૃતિમાં ઘણું ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીન સમયમાં રાજાઓ પણ ધર્મગુરુઓ પ્રત્યે અતિશય વિનય અને આદરથી વર્તતા. રાજ્યસત્તા કરતાં પણ ધર્મસત્તાને વધુ પ્રભાવશાળી અને ચડિયાતી ગણવામાં આવી છે. સાધુ થવું અઘરું છે, પરંતુ સાચા સાધુ તરીકે જીવન જીવવું એ એથી પણ ઘણી ઘણી અઘરી વાત છે. ખાંડાની ધાર ઉપર ચાલવા બરાબર સાધુજીવનને, સંયમવ્રતને સરખાવવામાં આવે છે.

'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' એ પંક્તિ પ્રમાણે હૃદયમાં જો સાચો વૈરાગ્ય ન હોય તો ત્યાગીઓનું જીવન પણ કેટલીકવાર બાનગીમાં ભોગી જેવું કે એથી પણ વધુ ખરાબ બની જાય છે. જ્યાં હૃદયમાં સાચો વૈરાગ્ય જન્મે છે ત્યાં ત્યાગ કુદરતી રીતે આવી જાય છે, આવ્યા વગર રહેતો નથી. હૃદયમાં એક વખત વૈરાગ્ય જન્મ્યો એટલે તે જીવનના અંત સુધી દરેકની બાબતમાં એવોને એવો ટકી રહે એમ હંમેશાં બનવું સંભવિત નથી. મનુષ્યના ચંચલ ચિત્તને પ્રમાદમાં લપસી પડતાં વાર નથી લાગતી. ત્યાગ અને વૈરાગ્યનું જો સતત પોષણ-સંવર્ધન થતું રહે તો જ સ્થિતિ ઉત્કૃષ્ટ બને છે.

સાધુજીવનમાં ભૂલો કે સ્ખલનો ક્યારેય ન થાય એવું નથી. પરંતુ સાધુઓએ કેવા નિયમો અપનાવવા જોઇએ કે જેથી ઓછામાં ઓછી ભૂલ થાય અને થયેલી ભૂલમાંથી પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત્ત વડે નીકળી જઇને ફરી પાછા ત્યાગ-વૈરાગ્યમાં કેવી રીતે સ્થિર થઈ શકાય તેનો વિચાર ભારતીય પરંપરામાં, જૈન, હિન્દુ અને બૌદ્ધ એ ત્રણેય ધર્મમાં બહુ ઊંડાણથી થયેલો છે.

બે-ચાર ખોટા દાખલા બને એથી સમસ્ત સાધુસંસ્થાને વગોવવી તે યોગ્ય નથી. સમાજમાં કોઇ વર્ગ એવો નથી કે જેમાં કાયમને માટે બધા જ સારા અને સાચા માણસો હોય. વેપારી વર્ગમાં બે – પાંચ ખોટા અપ્રામાણિક વેપારીઓ નીકળવાના, દાક્તરના વ્યવસાયમાં કોઇક લોભી, લુચ્ચા અને બેદરકાર દાક્તરો પણ હોવાના. શિક્ષણના વ્યવસાયમાં કેટલાક અપાત્ર શિક્ષકો પણ રહેવાના; સામાજિક કાર્યકર્તાઓમાં કેટલાક અપ્રામાણિક, દંભી અને પ્રસિદ્ધિની લાલસાવાળા અભિમાની કાર્યકર્તાઓ પણ રહેવાના; રાજકારણી નેતાઓ અને પ્રધાનોમાં લાયકાત વગરના માણસો પણ નીકળવાના. આમ દરેક ક્ષેત્રમાં, દરેક વર્ગમાં કેટલાક માણસો ખોટા હોવાના; પરંતુ તેથી તે તે ક્ષેત્ર કે વર્ગના બધા જ માણસો ખરાબ કે ખોટા છે એમ ન કહી શકાય. જીવન પોતે અપૂર્ણ છે. સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા ક્યારેય સંપૂર્ણ અને આદર્શમય બની ન શકે. એટલે આવી અપૂર્ણતા સાધુસમાજમાં પણ જોવા મળે એ સ્વાભાવિક છે. જેવી પ્રજા તેવા સાધુઓ એમ પણ કોઇક કહે. તેમ છતાં સાધુઓનું સ્થાન સમાજમાં ઊંચું છે. સાધુ બનવું સ્વૈચ્છિક છે. તેમના ભરણપોષણની જવાબદારી સમાજે ઉપાડેલી હોય છે, એટલે સમાજ સમક્ષ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવાની સાધુ સમાજની જવાબદારી સવિશેષ છે. આથી જ અન્ય વર્ગ કરતાં સાધુસંસ્થા પાસેથી ઘણી વધુ અપેક્ષા રહે છે.

થોડાક ખોટા સાધુઓને કારણે સમગ્ર સાધુ સંસ્થા નાબૂદ ન કરી શકાય. નાબૂદ કરવાનું સરળ નથી અને નાબૂદ કરવાનું સમાજના હિતમાં પણ નથી. ધન, સ્ત્રી, સત્તા, કીર્તિ, ગૃહસ્થ-જીવનના ભોગોપભોગ વગેરેમાં પોતાને બિલકુલ રસ ન પડે અને પોતાનું જીવન તપ, ત્યાગ અને સંયમપૂર્વક શાંતિથી પસાર કરવાનું ગમે એવા માણસો દુનિયાના દરેક ધર્મમાં હંમેશાં હોવાના અને રહેવાના, પછી ભલે તેઓએ સાધુનો વેશ ધારણ કર્યો હોય કે ન કર્યો હોય. વેશ સાધુતા માટે ઉપકારક છે, રક્ષક છે. વેશનો પણ મહિમા છે; પતન તરફ ઘસડાતાં વેશ અટકાવે છે. ત્યાગ-સંયમની સતત યાદ અપાવનાર એવો વેશ જરૂરી છે. એવા વેશનો ગેરલાભ ઉઠાવવો એ સ્વ પ્રત્યે, સાધુતા પ્રત્યે, સમાજ પ્રત્યે દ્રોહ છે.

સાધુઓના પતનની વાત એ આજની નથી. માનવ-જાતનો ઇતિહાસ જ્યારથી મળે છે ત્યારથી પ્રમાદી સાધુઓના પતનનાં ઉદાહરણો સાંપડે છે. કેટલાક સાધુ-સંન્યાસીઓ પતિત થઈ પાયમાલ થઈ ગયા હોવાના દાખલા સાંપડે છે, તો કેટલાક સાધુઓ થોડાક પતન પછી ફરી પાછા ભમણા વેગથી સાધુત્વમાં ઊંચે ચડયાનાં ઉદાહરણો પણ સાંપડે છે. દુનિયાનો કોઈ ધર્મ એવો નથી કે જેમાં સાધુઓના પતનના દાખલા ન મળતા હોય. અહિંસા, સત્ય, અસ્તેય કે બ્રહ્મચર્ય જેવાં વ્રતો ધારણ કરનાર સાધુ-સન્યાસીઓએ ખૂન કર્યાં હોય, જૂઠાણાં ચલાવ્યાં હોય, ચોરી કરી કે કરાવી હોય, પરસ્ત્રી સાથે ભોગવિલાસ ભોગવ્યા હોય એવા કેટલાય દાખલાઓ વખતોવખત જોવા-સાંભળવા મળે છે. અલબત્ત, તેવા દાખલાઓની સંખ્યા અલ્પતમ હોય છે, પરંતુ તેની ચકચાર ઘણી થાય છે, કારણ કે સાધુઓનું જીવન જાહેર જીવન છે અને તેમની પાસે ઉત્કૃષ્ટ વર્તનની અપેક્ષા રખાય છે.

હિન્દુધર્મ હોય, જૈનધર્મ કે બૌદ્ધધર્મ (શ્રીલંકા અને અગ્નિ એશિયામાં) હોય, ખ્રિસ્તીધર્મ, યહૂદીધર્મ, પારસીધર્મ કે શીખધર્મ હોય: દરેક ધર્મના કે એના પેટાસંપ્રદાયોમાં અથવા નવા નવા નીકળતા ધાર્મિક ફાંટાઓમાં અનેક સાચા સાધુ-મહાત્માઓ જેમ જોવા મળે તેમ તેમ તે તે દરેકમાં વખતોવખત કોઈકને કોઈકે ખૂની, દંભી, ચોર, વિલાસી, લાલચુ એવા સાધુઓ પણ જોવા મળશે સાધુ નામને પાત્ર ન હોય અને માત્ર વેશથી જ સાધુ હોય એવા અપાત્ર કે કુપાત્ર સાધુઓ તે તે દરેક ધર્મ કે સંપ્રદાયમાં રહેલા હોય છે. આ પ્રશ્ન સનાતન છે અને સનાતનકાળથી તેની મીમાંસા થતી આવી છે અને તેના ઉપાયો પણ વિચારાયા છે.

સાધુસંસ્થાને ગૌરવપૂર્ણ, મહિમાવંત રાખવાના ઘણા ઉપાયો વિચારાયા છે. અયોગ્ય વ્યક્તિને દીક્ષા ન આપવી એ એક મુખ્ય ઉપાય છે, પરંતુ શિષ્ય સમુદાયની સ્પર્ધાના કારણે, ગુરુની વૃદ્ધાવસ્થાની એકલતાને કારણે, દીક્ષા લેનાર વ્યક્તિના અનિષ્ટ આશયની ખબર ન પડવાને કારણે કે એવા બીજા કોઈક કારણે દરેકે દરેક ધર્મ અને સંપ્રદાયમાં કેટલાક ખોટા સાધુઓ તો અવશ્ય જોવા મળવાના. મફતનું ખાવા મળશે, સુખચેનમાં રહેવાનું મળશે અને ખાનપાન મળશે એવી લાલસાથી ખોટા માણસો સાધુસંસ્થામાં ઘૂસી જાય છે. પ્રચલિત લોકોક્તિ કહે છે :

'શિર મુંડનમેં તીન ગુણ,
મિટ જાયે શિર કી ખાજ;
ખાને કો લડ્ડુ મિલે,
ઔર લોક કહે મહારાજ!'

સાધુઓ પ્રત્યે લોકો આદરભાવથી જુએ છે. તેમનાં ત્યાગ અને તપશ્ચર્યાને વખાણે છે. તેમનાં શીલ અને સંયમનો મહિમા કરે છે. તેમનામાં પૂરો વિશ્વાસ મૂકે છે. પરંતુ સાધુઓને પક્ષે સતત નિરાસક્ત, નિસ્પૃહ, નિરાડંબર, નિર્દોષ જીવન જીવવું ઘણું કઠિન છે. શરણે આવેલા ભક્તો અને ભક્તાણીઓ પડયો બોલ ઝીલવા તત્પર હોય ત્યારે ધન અને સ્ત્રીની લાલસા કયે વખતે જાગશે તે કહેવું સરળ નથી. કેટલીકવાર તો ખુદ સાધુ-સંન્યાસીઓને પોતાને પણ તેની ખબર હોતી નથી.

બહુધા જનસમાજ સાધુ પાસે ધર્મતત્ત્વ પામવાના આશયથી જેટલો જાય છે તેના કરતાં પોતાની ઇચ્છાઓની પૂર્તિ અર્થે અથવા દુઃખનિવારણ અર્થે જાય છે. તેઓનું શરણું શોધે છે. મહિલા વર્ગ સાધુ – સંન્યાસીઓથી સહેલાઈથી દોરવાઈ જાય છે. તેમના ભોળપણનો લાભ શઠતાની સાધુઓ ઉઠાવે છે. સામાન્ય સ્ત્રીઓને કોઈકને કોઈકે પ્રકારનું દુઃખ, વસોવસો, અસંતોષ ઇત્યાદિ હોય છે. સંતાન ન થતાં હોય અથવા જીવતાં ન રહેતાં હોય, પોતાનો ઘણી સારી રીતે ન બોલાવતો હોય અથવા બીજી સ્ત્રીના ફંદમાં ફસાયેલો હોય, સાસુ સાથે ઝઘડા ચાલતા હોય, દેરાણી-જેઠાણી કે નણંદના મહેણાં સાંભળવાં પડતાં હોય, ઘરમાં પૈસાની તકલીફ હોય, દીકરો સામો થઈ જતો હોય, દીકરાની વહુ કહ્યામાં રહેતી ન હોય, આડોશીપાડોશી સાથે ઝઘડા ચાલતા હોય–આવાં કોઈકને કોઈક પ્રકારનાં દુઃખ હોય અને હૃદય ખોલીને કોઈકની આગળ વાત થઈ શકતી ન હોય ત્યારે એવા કોઈક સાધુ-સંન્યાસી પાસે જઈને તેઓ વિશ્વાસપૂર્વક હૃદય ખોલે છે. પોતાની વાત ક્યાંય જવાની નથી, પોતાને સાચું માર્ગદર્શન મળશે અને સન્યાસી મહારાજની કૃપાથી પોતાનું દુઃખ ટળી જશે એમ માનીને સ્ત્રીઓ એવા સાધુ-સંન્યાસીઓ તરફ ખેંચાય છે. કેટલાક સાચા સંતમહાત્માઓ યોગ્ય માર્ગદર્શન આપી તેઓના દુઃખને હળવું કરે છે. તેમના કૃપાપ્રાસાદથી કેટલીક સ્ત્રીઓના પ્રશ્નો સરળતાથી ઉકલી જાય છે પરંતુ સાધુના વેશમાં રહેલા કેટલાક દાનવો આવી પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનું ચૂકતા નથી. ભોળી સ્ત્રીઓને ક્રમે ક્રમે ભરમાવે છે; દોરાધાગા કરે છે; તેના ધન અને શરીરનો ઉપભોગ કરે છે. અને એક વખત ફસાઈ ગયેલી સ્ત્રીને ખુલ્લી પાડવાની ધમકીઓ આપીને કાયમને માટે વશ કરી દે છે. આવું માત્ર અભણ સ્ત્રીઓની બાબતમાં જ બને છે એવું નથી. પોતાની જાતને ભણેલી, હોશિયાર અને ચતુર ગણતી સ્ત્રીઓ પણ આવા લેભાગુ સાધુઓની કળા કે લીલાને તરત પારખી શકતી નથી. તેઓ મોહાંધ બની જાય છે. જાણે વશીકરણ મંત્રની અસર તેના પર થઈ હોય તેમ વર્તે છે. કેટલીક સ્ત્રીઓ આરંભમાં ખેંચાય છે. પરંતુ સાધુ-સંન્યાસીના કુટિલ મનોગતને પામી જઈ વેળાસર તેની જાળમાંથી નીકળી જાય છે. કેટલીક સ્ત્રીઓ એકવાર ફસાય છે અને તેમાંથી નીકળી જાય છે, પરંતુ પોતાની અપકીર્તિ થશે એમ સમજીને એ વાતને જાહેરમાં મૂકતી નથી. જેમ કેટલાક સાધુ સંન્યાસીઓ પાસે સ્ત્રીઓને વશ કરવાની કળા હોય છે તેમ કેટલીક સ્ત્રીઓ સારા, સાચા સાધુઓને પણ પોતાનાં મોહક રૂપ અને વાણીવિલાસથી વશ કરવામાં કુશળ હોય છે. મોટા મહાત્માને પણ પાડયાનો સૂક્ષ્મ ગર્વ અને આનંદ એવી સ્ત્રીઓને હોય છે. જાણે પોતે કોઈ મોટી સિદ્ધિ મેળવી હોય તેવી રીતે રાચે છે અને અભિમાનપૂર્વક વર્તે છે. બીજી કોઈ સ્ત્રી ન કરી શકી તેવું પોતે કરી શકી છે એનો પ્રગટ કે અપ્રગટ ગર્વ તેના મનમાં ને વર્તનમાં રહ્યા કરે છે.

કેટલાય ગૃહસ્થ પુરુષોને જાતજાતની ઉપાધિ હોય છે. ધંધામાં અચાનક ખોટ આવવી, ભાગીદારો સાથે અણબનાવ થવો, ભાઈ-ભાંડુઓની સાથેના સંબંધો બગડવા, દીકરો કહેવું માનતો ન હોય, સ્વજનનું અચાનક અવસાન થયું હોય, પત્નીનો કોઈની સાથે ગુપ્ત પ્રેમવ્યવહાર ચાલતો હોય, મા અને પત્ની

(પૃષ્ઠ ૨૦૪ ઉપર)

પર્યાવરણ રક્ષણમાં રહેલી અહિંસા

❖ જયેન્દ્ર ત્રિવેદી

જૈન ધર્મના પાયાની પ્રથમ ઈંટ અહિંસા છે. આ અહિંસા જીવમાત્ર પ્રત્યેના ભ્રાતૃભાવમાં વિકસી છે. કોઇને મારવું તો નહીં જ પણ મરવા પણ ન દેવું એટલો વિશાળ અર્થ તો અહિંસાનો થાય જ છે. આજે કચ્છ-સૌરાષ્ટ્રમાં દુષ્કાળને પરિણામે મૂંગાં પશુઓ જે ઝડપથી મરી રહ્યાં છે તે જોતાં આવતાં વર્ષોમાં દૂધ-ઘીનો દુકાળ તો સર્જાશે જ પણ સમસ્ત માનવજીવન પણ અસ્તવ્યસ્ત થઇ જશે. આપણી વનશ્રીનો જાણી જોઇને વ્યવસ્થિત રીતે ધ્વંસ કરવામાં આવ્યો અને આપણે તેના મૂક સાક્ષી બની રહ્યા. છાપાંઓમાં થોડા ઊહાપોહ સિવાય આપણે કશી પ્રતિક્રિયા ન આપી. સુંદરલાલ બહુગુણાના 'ચિપકો આંદોલન'નો ગુજરાતમાં પડઘો ન પડયો તે નજ પડયો. કવિશ્રી પ્રજારામ રાવળની એક કવિતા યાદ આવે છે :

ત્રણ ભાઇભાંડુ

માતા અમારી પૃથિવી, અમે છીએ
સંતાન એનાં, ત્રણ ભાઇભાંડુ.
આ સૌથી નાનું તરુ, માતથી એ
ક્ષણેય છૂટું પડતું ન, જાણે
હજી વધેરી નહિ નાળ એની!
ને, અન્ય તે આ પશુડું, હજી એ
ચાલે ચતુષ્પાદ, ન ચાલતાં શીખ્યું
ટટ્ટાર એ પાયથી, (મારી જેમ);
ભાંખોડિયાંભેર ફરે ધરા બધી.
ને સૌથી મોટો હું, મનુષ્ય નામે;
ઊડી રહું આભતણા ઊંડાણે.
હું આભાનો તાગ ચહું જ લેવા.
ખૂંદી રહીએ બસ નિત્ય ખોળલો
માતાતણો, મૂર્તિ ક્ષમાતણી જ :
મૂંગીમૂંગી પ્રેમભરી નિહાળતી
લીલા અમારી ત્રણ ભાઇભાંડુની.

આજે ભારતમાતા મૂંગીમૂંગી પણ અત્યન્ત કલાન્ત નજરે આ ભાઇભાંડુનો કલહ નિહાળી રહી છે. મોટાભાઇ મનુષ્યે વનમહોત્સવને બદલે વનસ્પતિવિનાશનો મહોત્સવ ઉજવ્યો. પરિણામે દુકાળ નિત્યનો મહેમાન બન્યો અને માણસે પોતે પોતાના નાશને નિમંત્ર્યો. સ્વાર્થી મનુષ્ય એટલું નથી જાણતો કે વનસ્પતિ, પશુ-પક્ષી અને માનવે સંપીને રહેવાનું છે. એનું મૈત્રીભાવનું ઝરણું ધનલોભે સૂકવી નાખ્યું છે. મહાકવિ ઇલિયટની 'વેસ્ટલેન્ડ' કવિતાનાં ઘણાં અર્થઘટન થયાં છે તેમાંનું એક એમ છે કે આ યુગના માનવીનું હૈયું વેરાન રણ બની ગયું છે તેમાં કરુણાનું તરણું પણ ઊગતું નથી!

આમ તો માણસ મંદી પડયો છે. શ્રીમંતોએ નાણાંની કોથળી ખુલ્લી મૂકી છે. સેવાભાવી વ્યક્તિઓ સમયની શહીદી કરે છે. સરકાર પણ પોતાની રીતે કામ કરી રહી છે; પણ અંદેશો એવો છે કે આવતા જુલાઇ સુધીમાં પશુઓનાં શબનો ઢગલો શત્રુંજય પર્વત કરતાંય ઊંચો થયો હશે.

પ્રોફેસર રેને ડુબોસે પોતાના ૧૯૬૫માં પ્રકાશિત થયેલા પુસ્તક 'મેન એડોપ્ટિંગ'માં લખ્યું છે કે, 'ઔદ્યોગિક, કૃષિ અને તબીબી ક્ષેત્રે જે કંઈ નવીનીકરણની પ્રક્રિયા થાય છે, તે કુદરતી સમતુલાના ભોગે થાય છે. હકીકતમાં માનવીની પ્રકૃતિના સ્વામી બનવાની મહત્ત્વાકાંક્ષાથી જ સમગ્ર કુદરતની વ્યવસ્થામાં ખલેલ પહોંચે છે આથી સૈદ્ધાન્તિક રીતે પણ પ્રકૃતિની સમતુલા જાળવવી હિતાવહ છે.'

લંડનની વસ્તી એક કરોડથી વધુ હતી તેને ઘટાડીને સાંઇઠ લાખની કરી દઇ શકાય, ઠેરઠેર બાગ-બગીચાની વ્યવસ્થા કરી શકાય પણ આપણાં વિકસેલાં અને વિકસી રહેલાં શહેરોનું વ્યવસ્થિત આયોજન થાય જ નહીં! પર્યાવરણશાસ્ત્રી રશ્મિ મયૂરની ભવિષ્યવાણી આપણે સાંભળતા જ નથી. દૂરદર્શન પર જ્યારે જ્યારે 'ઓમ્બે ડાઇંગ'ની જાહેરખબર જોઉ છું ત્યારે ત્યારે મને 'ડાઇંગ'ની જોડણી જુદી અને અર્થ પણ જુદો જ સંભળાય છે; પણ જેને આત્મહત્યા કરવી જ હોય એને પછી કયાં સુધી રોકી શકાય?

શહેરીકરણની પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે અને એને આગળ વધારવા સરકારો અર્બન ડેવલપમેન્ટ બોર્ડ ચલાવે છે એટલે વિકાસ આખો અવળે માર્ગે જ થઈ રહ્યો છે. આ શહેરીકરણની પ્રક્રિયાને હિન્દીના એક કવિ શિવકુટીલાલ વર્માએ ભારે કટાક્ષવાણીમાં વર્ણવી છે.

સહર

'એક ખૂંખાર તેંદુઆ મોટર કી બૂ-બાસ પા ગયા!
એક વિશાલ બરગદ બુલડોઝર સે માત ખા ગયા!
ઝાડિયોંને ઘાસ કી ઓઢની ઉતાર ફેંકી,
માધવી ઔર વિષ્ણુક્રાન્તા કી લતાઓંને,
સ્કર્ટ પહન ચકરમકર તાકા,
ફૂલોં કે હૈટ પહને ગમલોં સે 'લવ' કિયા!
સાંપોંને મિટ્ટી કી હંડિયા સ્વીકારી.....
શાહી ઉદ્યાનોં કે ભી હો ગયે બૈાબારહ.....
કલે કે ગાછોં ને ફ્રેન પે બાતેં કીં!
દલદલ ભરી ધરતીને કુંજોંસે 'ટાટા' કિયા
અસભ્યતાસે પીડિત;
વહ પહલે કભી થા જંગલ!
અહો ભાગ્ય દોસ્ત! અબ શહર
હુઆ જંગલ મેં મંગલ!!

ખરેખર જંગલી કોણ છે એ હવે આપણે સૌ જાણીએ છીએ; પણ સ્વાર્થને વશ થઈ આ જંગલી લોકોનો જયજયકાર કરીએ છીએ અને તેમને સલામ ભરીએ છીએ. ધૂમકેતુએ પોતાની પ્રખ્યાત વાર્તા 'વિનિપાત'માં સાચું જ લખ્યું છે કે પડે છે ત્યારે સઘળું પડે છે!

*

અનુસર્જન, અનુકરણ અને અપહરણ

❖ તનસુખ ભટ્ટ

મનુષ્ય અને પશુની વચ્ચેનો ભેદ જુદી જુદી રીતે દાખવાય છે. અંગુઠો આંગળાંથી છૂટો પડીને તેમની સામેથી પદાર્થને પકડમાં લે તે મનુષ્ય તેમ ન કરી શકે તે પશુ. બે પગો પર ઊભા રહીને ટટ્ટાર ચાલે તે મનુષ્ય તેમ ન ચાલે તે પશુ, રીંછ અને કેટલીક જાતનાં વાંદરાં બે પગો પર થોડું ચાલે છે ખરાં પણ તેઓ ટટ્ટાર રહેતાં નથી અને ટટ્ટાર રહે તો ચાલ કઢંગી બની જાય છે. હસી શકે તે મનુષ્ય. હસી ન શકે તે પશુ. ધાર્યા પ્રમાણેના સૂરો ગળામાંથી કાઢીને ગાઇ શકે તે મનુષ્ય. તેમ ન કરી શકે તે પશુપક્ષી.

આ ઉપરાંત એક બીજી વ્યાખ્યા પણ આપી શકાય. સર્જન કરે, સિસૃક્ષા ધરાવે, તે મનુષ્ય તેમ ન કરી શકે તે પશુપક્ષી. સિસૃક્ષાનું પ્રત્યક્ષ, સ્થૂળ સ્વરૂપ એટલે કવિતા, સંગીત, ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય નામની પંચકલા. આપણે અહીં સાહિત્યની, કવિતાની જ વાત કરીએ.

મનુષ્ય વનેચર, ગુહાવાસી, શિકારી હતો ત્યાં સુધી તે યુદ્ધ જીત્યા પછી, શિકાર માર્યા પછી, શિયાળાના તાપણાની મોજ માણ્યા પછી, માતાપિતાને કે સંતાનને દીર્ઘ વિયોગને અંતે મળ્યા પછી, અને વિશેષે તો સંવનનકાળે પ્રેયસીને રિઝાવવા માટે મોરનું અનુકરણ કરીને નાચગાન કરતો હશે. ભાષાવિકાસ થતાં તે પ્રસંગવર્ણનને ગાતો હશે. એક જણ ગાય અને સમુદાય તેની ધૂન ઝીલતો હશે. સમુદાયમાંથી વળી કોઇને પ્રેરણા કે અનુકરણની ઇચ્છા થતાં અન્ય નૃત્યકારો પણ જંગલી ભાષામાં જંગલી જીવન વર્ણવીને ગાતા હશે. ગીત રચનારનાં માનપાન થાય તે કુદરતી છે. તેવાં માનપાન માટે અથવા લઘુતાગ્રંથિથી અનુકરણ માટે અન્ય કવિઓ બહાર આવતા ગયા. આ માનની ઘેલછાએ અન્ય ગીતોમાંથી શબ્દો, પદાવલીઓ, સમાસો કે કડીઓ ઉછીની લીધી હશે. અનુકરણો કે પ્રતિકરણો કર્યાં હશે. તેમાંથી નિર્દોષપણે કે સદોષપણે તફડંચી જાગી હશે.

ગીતવિષય કે કાવ્યવિષય પૂરતી જ પ્રેરણા અન્યમાંથી લેવામાં કાંઇ જ ખોટું નથી. એકની રચના અન્યની સિસૃક્ષાના ભારેલા અગ્નિને સંકોરે છે, ઉત્તેજે છે. સંસ્કૃત નાટકોની કુલ સંખ્યાનાં અરધાં નાટકો એકલા રામાયણ-મહાભારતના વિષયો ઉપર જ રચાયાં છે. ભાસ, કાલિદાસ, ભટ્ટ નારાયણ, ભવભૂતિ, શ્રીહર્ષ અને શેકસપિયર જેવા નાટયકારોએ ઇતિહાસ-પુરાણમાંથી છૂટે હાથે ઉછીના વિષયો લીધા છે. ઇતિહાસ-પુરાણ પ્રજાકીય મિલકત છે, આખા રાષ્ટ્રનો વારસો છે. બાપનો વારસો બેટો મેળવે અને તેમાં અનેકગણો વધારો કરે તે રૂઢિ સર્વમાન્ય છે. સંસ્કૃત મહાકાવ્યો પણ આવા રામાયણ-મહાભારતના વિષયો પર રચાયાં છે, વ્યાસ અને વાલ્મીકિએ પાયા બોદી આપ્યા. આ પાયા ઉપર અન્ય મહાકવિઓએ આખી મહેલાત સ્વતંત્રપણે ઊભી કરી છે. વ્યાસ-વાલ્મીકિએ નકશો (પ્લાન) દોરી આપ્યો. પણ ઇંટ, ચૂનો, લોહું, લાકડું, રંગરોગાન અને રાચરચીલું સુદ્ધાં મહાકવિઓએ જાતે મેળવી લીધાં છે ને કામમાં લીધાં છે. પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતીના કવિઓએ સંસ્કૃત મહાકવિઓએ પાડેલી કેડીએ જ પદયાત્રા પસંદ કરી છે. આખ્યાનકારોએ અને ખંડકાવ્યકારોએ પૂર્વાચાર્યોના પંથને રાજમાર્ગ ગણીને તે પર આનંદયાત્રા કરી છે. આમ વિષય પૂરતી પ્રેરણા લઇને સ્વતંત્ર મહેલાત જાતમહેનતથી રચવાનું કાર્ય થયું તે અનુસર્જન, ટકાવારીમાં ગણિતની ભાષામાં બોલવું હોય તો કહેવાય કે અનુસર્જનમાં નેવું કે પંચાણું ટકા જેટલું વસ્તુ સ્વકીય, ઉત્પાદ્ય, હોય છે.

અનુસર્જનથી ઊતરતી કક્ષાનું તે અનુકરણ તેમાં ઓછામાં ઓછું પચાસ ટકા જેટલું વસ્તુ અન્ય સર્જકનું હોવાનું. બાકીના પચાસ કે તેથીયે ઓછા ટકા અનુકરણકારના. સંસ્કૃત મેઘદૂત ખંડકાવ્ય ઉપરથી અરધો-પોણો ડઝન જેટલાં અન્ય દૂતકાવ્યો રચાયાં છે. તેમાં વિષય અને પેટાવિષયોનાં, ખંડકાવ્યનાં અંગેઅંગનાં, અનુકરણો હોય છે. પ્રતિકાવ્યો અનુકરણકાવ્યો જ ગણાય. તેમાં મૂળ કવિની બધી ખાસિયતનું કે આકર્ષણમય ખંડોનું વિરોધાત્મક અનુકરણ હોય છે.

અપહરણમાં તો મૂળ લેખકનું જ સાહિત્ય કશાય ફેરફાર, વધારા-ઘટાડા કે સુધારા-બગાડા વિના, બેઠું જ, ઉઠાવવામાં આવે છે. તે સાહિત્ય ઉછીનું નહિ પણ ચોરીનું છે. કોઇને નામે ચડાવેલું બનાવટી સાહિત્ય એક જાતની ઠગબાજી છે. તેનો હેતુ આનંદ આપવા-લેવાથી માંડીને અન્યને ઉલ્લૂ બનાવવા સુધીનો હોઇ શકે.

કીર્તિની ઘેલછાથી થતાં આવાં કાવ્યહરણો સંસ્કૃતકાવ્યની રચનાકાળે હશે મુદ્રણકલા ત્યારે ન હોવાથી આવી તફડંચી કરવાનું કાર્ય આજના કરતાં વધુ સરળ પણ હશે. આથી ભોળા, તરુણ, સરળ કવિઓને બિલ્હણ કહે છે:

ट्राघीयसा धाष्टर्यगुणेन युक्ताः कैः कैः अपूर्वैः परकाव्यखंडैः ।
आडंबरं ये वचसां वहन्ति ते केऽपि कथाकवयो जयन्ति ॥

[ભારે ધૃષ્ટતાનો ગુણ દર્શાવીને, પારકાં કાવ્યોમાંથી પદ્યો, પદાવલીઓ, સમાસો કે આખી પંક્તિઓ ઉઠાવીને, જેઓ વાણીનો આડંબર ધારણ કરે છે તેવા કથાકવિઓ (માગણ કવિઓ)નો જય હો!]

ક્ષેમેન્દ્ર કહે છે :

साहित्य पायोनिधिमंथनोत्थं कर्णामृत रक्षत हे कवीन्द्राः ।
यत्तस्य दैत्या इव लुठनाय काव्यार्थचौराः प्रगुणीभवन्ति ॥

[હે કવીન્દ્રો! સાહિત્યરૂપી મહાસાગરના મંથનમાંથી પ્રાપ્ત થયેલા કર્ણામૃતનું જતનથી રક્ષણ કરો-કારણ કે સમુદ્રમંથનકાળે દૈત્યોએ જેમ અમૃત ચોરેલું તેમ કાવ્યામૃતની ચોરી કરનારા દાનવોનો હવે રાફડો ફાટયો છે.]

આ ચોરી અટકાવવાનો એક ઉપાય રાજસભામાં જઇને સ્વકાવ્યનું પઠન કરીને લઇ શકાય. પરંતુ તેવી સભામાં જવાની બધાને સગવડ કે લાગવગ ન પણ હોય.

ગુજરાતી સાહિત્યમાં વિશ્વનાથ ભટ્ટે આવી એક-બે ચોરીઓ પકડી પાડી હતી. તેમણે એક પૃષ્ઠમાં બે ખાનાં પાડીને પહેલા

ખાનામાં ફ્રાન્સના નવલકથાકાર હ્યુમાના ફકરાઓ મૂક્યા છે અને બીજા ખાનામાં ક. મા. મુનશીની 'પાટણની પ્રભુતા'માંથી ફકરાઓ મૂક્યા છે. અહીં માત્ર થોડી પંક્તિઓ નહિ પણ સંખ્યાબંધ ફકરાનું અપહરણ થયું છે. તે જ રીતે અરદેશર ફ. ખબરદારના દીર્ઘકાવ્ય 'કલિકા'માંથી કડીઓ મૂકીને તેની પડખોપડખ એક અંગ્રેજી કાવ્યની કડીઓ મૂકી દર્શાવાયું છે કે અપહરણ મોટા પાયા પર થયું છે. બંને લેખકો સાક્ષર છે, શિષ્ટ સાહિત્યના સર્જક છે, અનેક રચનાઓ તેમને નામે ચડેલી છે. મુનશી તો આદરસહિત વંચાય છે, એટલે આ અપહરણ કલંક હોવા છતાં તે ચંદ્રમાનું કલંક છે એમ તેમના બચાવમાં તેમને પક્ષે કહી શકાય. ખબરદાર અન્ય કવિઓની છાયા મોટા પ્રમાણમાં ઝીલે છે છતાં ગાંધીજીની હત્યા વેળાએ તેમણે બહાર પાડેલો કાવ્યસંગ્રહ ઊંચા પ્રકારની સર્જકતા દર્શાવે છે.

જો કવિએ એક-બે પંક્તિઓ પૂરતો જ અન્ય કવિનો વિચાર કે કલ્પના અપનાવ્યાં હોય તો તે ક્ષમ્ય છે. તેને અપહરણ કહેવું તે દૂધમાંથી પોરા વીણવા જેવું કે કીડી પર કટક લાવવા જેવું જ ગણાય. અન્યની અમુક પંક્તિ ગમી જાય અને તેનું માતૃભાષામાં કે સ્વકીય શૈલીમાં ભાષાન્તર થઈ જાય ત્યાં સુધી આ ભોકતાને ખ્યાલ પણ ન આવે કે આ અપહરણ થયું તેમ સંભવે ખરું. કવિ ગંગ કહે છે :-

'ચંચલ નારકો નૈન છિપે નહિ'.

'સુંદરમ્' 'યાત્રા'માં કહે છે :-

'બધું છુપે, છુપે નહિ નયન કયારે પ્રણયનાં.'

સંસ્કૃત સુભાષિત કહે છે :-

बन्धनानि किल सन्ति बहूनि, प्रेमरज्जुकृत बन्धनमन्यत् ।

સુંદરમ્ કહે છે :-

જગની સૌ કડીઓમાં, પ્રેમની સર્વથી બડી.

'કાન્ત' ચક્રવાકમિથુનમાં લખે છે :-

'ચાલો એવા સ્થલ મહીં વસે સૂર્ય જેમાં સદૈવ આનાથી જ્યાં અધિક હૃદયે આર્દ્ર જ્યાં હોય દૈવ.'

'કાન્ત'ના સંપાદક પાછળની નોંધમાં આવા ભાવનો એક સંસ્કૃત શ્લોક અને એક ગુજરાતી કહી સરખામણી માટે મૂકે છે, દત્તાત્રેય કાલેલકર 'ઓતરાતી દીવાલો'માં કહે છે :-

જેના હાથમાં મેં મારું માન સોંપ્યું નથી તે મને અપમાનશે શું કરીને?

કૃષ્ણલાલ શ્રીધરાણી 'કાડિયાં'માં લખે છે :-

'માન તમારે હાથ ન સોંપ્યું કેમ કરી અપમાનશો?'

અંગ્રેજ કવિ શેલીના કાવ્યગ્રંથમાં એક સ્થળે એવી કલ્પના મળે છે કે એક હુંગરને કિનારે ભોંયરું પર એકલું-અટૂલું એક વૃક્ષ ઊભું છે. આ કલ્પના 'શેષ'ના કાવ્યમાં એક સ્થળે તે જ સ્વરૂપે આવી છે.

તનસુખ ભટ્ટનું 'નિશીથિની' નામે એક કાવ્ય 'એક્ઝિન્ટોનિયન' મેગેઝિનના ૧૯૩૫ના ઓકટોબર માસના અંકમાં છપાયેલું. ગુજરાતના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષીએ 'નિશીથ' કાવ્ય આ પછી લખ્યું છે. તેમણે મૂળના કાવ્યમાં સારો ઉમેરો કરી તેને ઠીક બહેલાવ્યું છે તેથી તે અનુસર્જન ગણાય. તે જ રીતે બંગાળી ભાષામાં ભારત લોકકથા નામે લોકવાર્તાઓના દસ ભાગો છે. તેમાંની એક વાર્તામાં એક અજાણી વ્યક્તિને બીજી અજાણી વ્યક્તિનું નામ શોધી કાઢવાનું કહેવાય છે. ઉમાશંકર જોષીની 'આશંકા'-કાવ્યરચનાનું વસ્તુ આ બંગાળી વાર્તાને સારી પેઠે મળતું આવે છે.

બંગાળીમાં 'લાટસાહેબેર રપેશિયલ' નામે એક નાટક છે. ચંદ્રવદન મહેતાએ 'આગગાડી' નાટક લખ્યું ત્યારે બંગાળી નાટકનું અનુકરણ કરવાનો તેમની પર આરોપ મુકાયો હતો. ચંદ્રવદન મહેતાએ પોતાનો બહુ જોશીલી ભાષામાં બચાવ કર્યો હતો અને જાતઅનુભવનું પરિણામ તે 'આગગાડી' છે તેમ દર્શાવ્યું હતું.

'ગુજરાતી'ના તંત્રી ધનજીરામ સૂર્યરામ દેસાઈએ 'ચંદ્રકાન્ત' નામે વેદાન્ત ગ્રંથ લખ્યો છે. તેની મુદ્રણનકલ કરવા માટે એક બ્રાહ્મણને તે ગ્રંથ આપ્યો. પેલો બ્રાહ્મણ કામ પતી ગયા પછી કહે કે 'ચંદ્રકાન્ત' મારી રચના છે. આ અંગેનો પત્રવ્યવહાર 'કૌમુદી' ત્રૈમાસિકમાં પ્રગટ થયેલો.

તનસુખ ભટ્ટે 'ફાહિયાન' નામના ચીની પ્રવાસી પર સત્યાગ્રહાશ્રમ સાબરમતીના 'મધપૂડા'માં લેખ લખ્યો. 'ધૂમકેતુ'એ તેમાં એક ફકરો છેવટે ઉમેરીને તે લેખ પોતાના નામે ઈ. સ. ૧૯૨૬-૨૭ માં 'કુમાર'માં છપાવ્યો તે અપહરણનું જ ઉદાહરણ છે.

જે વૃત્તિથી, દાનતથી પ્રેરણા ઉછીનું કે અનુકરણમય અનુલેખન થયું છે તે વૃત્તિ અને દાનત જ સાચાં સાક્ષી ગણાય. *

મહાવીર જન્મ કલ્યાણક અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬-૩-૧૯૮૮ તથા તા. ૧-૪-૧૯૮૮નો અંક ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે સંયુકત અંક તરીકે તા. ૧-૪-૧૯૮૮ના રોજ પ્રગટ થશે.

-તંત્રી

સ્વ. શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન જે લેખકોના લેખોનું સમગ્રપણે શ્રેષ્ઠ પ્રદાન હોય તેને રૂપિયા એક હજારનું સ્વ. શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક આપવામાં આવે છે. આ પારિતોષિક ૧૯૮૭ના વર્ષ માટે **પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી**ને એમના લેખો માટે આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટે અમે લેખકને ધન્યવાદ આપીએ છીએ, અને નિર્ણાયક સમિતિના સભ્યો (૧) ડો. રમણલાલ ચી. શાહ (૨) ડો. દિનેશ ભટ્ટ (૩) શ્રી જયેન્દ્ર એમ. શાહ અને (૪) શ્રી પન્નાલાલ ૨. શાહનો અમે આભાર માનીએ છીએ.

-મંત્રીઓ

'દર્શક'ના વ્યક્તિત્વની અનુભૂતિ

પન્નાલાલ ૨. શાહ

કોઇને પણ ઉત્તમ જીવનપાથેય નીવડે એવું સમૃદ્ધ પત્ર-સાહિત્ય આપણી ભાષામાં છે. એવા પત્ર-સાહિત્યમાં ગાંધીજી, જવાહરલાલ નહેરુ, કાકાસાહેબ કાલેલકર, સરદાર વલ્લભભાઇ પટેલ, કનૈયાલાલ મુનશી અને બટુકભાઈ ઉમરવાડિયા વગેરેનું પત્રસાહિત્ય ઉપલબ્ધ છે. તેમાં શ્રી 'દર્શક'ના શ્રી મૃદુલાબહેન મહેતા પરના સાહિત્ય, ચિંતન અને ઇતિહાસના પ્રયાગ સમા પત્રોથી આપણું પત્ર-સાહિત્ય વિશેષ સમૃદ્ધ થયું છે. ભાવનગર જિલ્લાના મણારની લોકશાળાનાં ગૃહમાતા અને ઇતિહાસ તથા અંગ્રેજીના અધ્યાપક શ્રીમતી મૃદુલાબહેન પરના પત્રો નિમિત્તે શ્રી 'દર્શક' મનોમન ચાલતા આંતરિક સંવાદને ઢાલવી, આપણી સમક્ષ પૂરી મોકળાશથી પ્રગટ થયા છે.

કોઇપણ સર્જક પોતાના સર્જન વિષે શું કહે છે તે જાણવું રસપ્રદ નીવડે. શ્રી 'દર્શક' પૂરી નમ્રતા, સ્વસ્થતા અને આત્મશ્રદ્ધાથી કહે છે : 'સોક્રેટિસ મારી ઉત્તમ નવલકથા જ ગણાશે. દહાડે દહાડે તેનું મૂલ્ય વધતું જશે તે વિષે મને શંકા નથી. એ પુસ્તક દ્વારા હું મુનશી પછીનો ઉત્તમ નવલકથાકાર છું, એ નિઃશંકપણે પ્રતિપાદિત થશે. આમાં કશી વડાઈ નથી. એક વાંચનાર કે ભાવક તરીકે મારી જાતને મૂકીને આ કહું છું.' (પૃષ્ઠ ૭૧) 'પરિત્રાણ'ની જેમ વિચારના વાવાઝોડામાં ઊલટપાલટ થતાં સમાજને નૈતિક કરોડરજ્જુ આપવામાં આ પુસ્તકના મૂલ્ય વિષે પણ તેઓ સભાન છે. તો 'દીપનિર્વાણ'ની નોંધ કોઇ વિવેચકે પાંચ વર્ષ સુધી લીધી નહોતી એ એ અંગે બહુ સૂચક રીતે કહે છે: 'રુદ્રાક્ષ બહુ પવિત્ર ગણાય છે. કહે છે કે ૩૦ વર્ષે ઊગે, પણ તેનાં ફળો કદી સડે નહીં. રુદ્રાક્ષની માળાનો આ કારણે મહિમા છે.' (પૃષ્ઠ-૫૪) શ્રી મૃદુલાબહેન મહેતાએ દીપનિર્વાણ વિષે જે કંઈ કહ્યું તે સ્વીકારીને 'દર્શક' કહે છે : 'બંધન અને મુક્તિ' બહુ રોમાંચક અને રમ્ય નવલકથા છે. મહાદેવભાઈ દેસાઇ કહેતા કે 'મારો બાબલો (નારાયણ) એ વાંચીને તમારો ભક્ત બની ગયો છે.' શ્રી 'દર્શક' તટસ્થતાથી કહે છે: 'એમાં ('બંધન અને મુક્તિ'માં) 'દીપ-નિર્વાણ' જેટલી ઇતિહાસની વફાદારી નથી.' (પૃષ્ઠ-૧૦) ઇતિહાસની કે યુગચેતનાની વફાદારી અંગે તેઓ સજાગ છે. એક પત્રમાં શ્રી રમણલાલ વ. દેસાઇની નવલકથા 'ભારેલો અગ્નિ'ના રુદ્રદત્તના પાત્રને તેઓ અનૈતિહાસિક કહે છે. કારણ કે, એમાં શસ્ત્રસંન્યાસ, વિશ્વશાંતિ અને અહિંસાનો વિસ્તાર અને દારૂગોળાનો ભંડાર ઉડાડી મૂકવાની વાત આવે છે તે તે યુગમાં સંભવિત નહોતું. (પૃષ્ઠ-૭)

પ્રાચીન, અર્વાચીન અને સમકાલીન સર્જકો વિષે એમનો મત અને તુલના એ એમનો વિશેષ છે. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી વિષે એમણે કહ્યું છે કે એવું થવાનું પણ આજે કોઇનું ગજું નથી. એનું પાત્રાલેખન, વાર્તાપ્રવાહ, સંકેતો, કથાવસ્તુની ભાવજાતને તે પછી કોઈ લગી શકયું નથી. શ્રી ગોવર્ધનરામ અને કનૈયાલાલ મુનશીની તુલના કરતાં તેઓ લખે છે : 'મુનશીનું ઉત્તમ અને ગોવર્ધનરામનું ઉત્તમ સરખાવીએ તો ગોવર્ધનરામ અવશ્ય ચડે. જ્યાંમાં મુનશીનું જરૂર ચડે. મુનશી ચડે તેનું એક કારણ તેની કલામાં ભેદ નથી – અવાંતર નથી, વાર્તાકલા જ તેની અધિષ્ઠાત્રી છે' (પૃષ્ઠ-૧૦૩) ભાવનગર જિલ્લાની જેલના કેદીઓ સમક્ષ એમણે મહાભારતકથા કરી એ વિષે એમણે તા. ૧૬-૮-૧૯૭૫ના પત્રમાં લખ્યું છે: 'સંવાદશૈલીની દૃષ્ટિએ નાનાભાઇ શ્રેષ્ઠ છે, તેમાં શંકા નથી. રાજાજી એમાં ન પહોંચે એવું બને. એનું કારણ, નાનાભાઇએ કુમારવયના વિદ્યાર્થીઓ સાથે જીવન ગાળ્યું તે પણ હશે.' (પૃષ્ઠ. ૧૪૩) એ જ પત્રમાં આગળ જતાં લખે છે: 'મૂળ પરથી જેમણે કાવ્યો, નાટકો રચ્યાં તેમની મૌલિકતા કે મર્યાદાનો ખ્યાલ આવે છે. દા. ત. મૂળનું 'શકુંતલા ઉપાખ્યાન' અને 'શાકુંતલ.' કાલિદાસની સૂક્ષ્મ સંવેદનશીલ સર્જકપ્રતિભા માટે આપણું માથું નમી જાય. મૂળમાં મહત્ત્વની બાબતોનાં બીજ છે; પણ મૂળ 'શકુંતલા આખ્યાન' 'શાકુંતલ' પાસે ગ્રામ્ય લાગે.' કાલિદાસ અને પ્રેમાનંદ બન્નેએ મહાભારતકથાના બીજમાંથી સર્જન કર્યું. એની તુલના કરતાં તેઓ કહે છે: 'નળાખ્યાનમાં પણ પ્રેમાનંદની પ્રતિભા છે, પણ એ લોકરંજક કથાકાર, માણભટ્ટ છે. એથી મૂળ મસાલામાંથી જેવી કાલિદાસે કૃતિ સર્જી તેવું તેનાથી પૂરું નથી બન્યું, તેવું ન બને. કાલિદાસ તો એક જ હોય ને? પણ તે છતાં પ્રેમાનંદે જે રસજમાવટ કરી, દા. ત. દમયંતી-વિલાપ કે હારના પ્રસંગ વખતે તેણે કરેલી પ્રાર્થના કે ઋતુ-પર્ણના વરઘોડામાંનો મુકતમને હસાવે તેવો હાસ્યરસ, આ તેની મહાન સિદ્ધિ છે.' (પૃષ્ઠ-૧૪૩)

સાહિત્ય પદાર્થ વિશે શ્રી 'દર્શક'ની કેટલીક પ્રતીતિઓ, પ્રસ્તાવનામાં શ્રી કૃષ્ણવીર દીક્ષિતે નોંધ્યું છે તેમ, આ પત્રોમાં ધ્યાનમાં આવતો મહત્ત્વનો અંશ છે. તેઓ લખે છે : 'બધી નવલકથાઓનો હેતુ વાચકને વિસ્મયલોકમાં લઇ જવાનો છે એ સ્થૂળ ઉપકરણો એટલે બનાવોથી લઇ જાય એટલું ઊતરતું.' (પૃષ્ઠ-૮૮) તો બીજા એક પત્રમાં કવિતાની ચોટ શા કારણે છે એ વિષે લખ્યું છે: 'સાચી કવિતા પોતે એક સ્વાયત્ત વિશ્વ હોય છે. વિશ્વ એટલે ગતિ સાથે જ વ્યવસ્થિતિ અને અદૃશ્યમાંથી દૃશ્ય સ્વરૂપ, કાળાંતરે દૃશ્યમાંથી પાછું અદૃશ્યમાં રૂપાંતર. વિશ્વ ક્રાસમોસના આધારે આ ચારે ગુણોનો ઉચિત સંવાદ આપણને આનંદ આપે છે.' (પૃષ્ઠ ૪૯-૫૦). અનુભવો કયાંક, કાંઈક સંક્રાન્ત થાય છે તે કેવી રીતે સંક્રાન્તિ પામે છે તેની નવાઇ છે. એ વિષે એમણે આ રીતે સમજાવ્યું છે: 'શરદબાબુએ જે મહિમાપૂર્ણ નારીપાત્રો નખશીખ કંડાર્યાં તે તો તેમની કલ્પના અને સ્ત્રીને પૂર્ણરૂપે જોવાની ઝંખનાને પરિણામે. આ અતૃપ્ત ઝંખનાને કંડારવાનું કામ તે જ સાહિત્યસર્જન. સાહિત્ય, જગત જેવું છે અને નથી. છે એ અર્થમાં કે તે માટી રૂપે છે, પણ તે માટીમાંથી શિવ કે પાર્વતીની મૂર્તિ ઘડાય છે તે પેલા સર્જકનું કવિકર્મ છે.' (પૃષ્ઠ-૩૯).

શ્રી 'દર્શક'નું નિરીક્ષણ અને આત્મસંવેદન આ પાત્રોમાં આબાદ ઝિલાયું છે. એમની નવલકથા 'સોક્રેટિસ' પુરસ્કૃત થઈ ત્યારે નમ્રતાપૂર્વક લખ્યું: 'મનુષ્યકૃત કોઈ પણ કાર્ય રેતીના પાયા પર જ ઊભું છે. જ્યાં સુધી ઇશ્વરની આંગળી એ કામને અડેલી છે ત્યાં સુધી ઠીક છે. ઇશ્વરની આંગળી એટલે આધ્યાત્મિક વૃત્તિ, આધિભૌતિક વૃત્તિનો સંયમ.' (પૃષ્ઠ-૪૯) તો

આશ્રમશાળાના વિદ્યાર્થીઓની જેવના, માત્ર શિક્ષક તરીકે નહીં, પરંતુ એક વત્સલ વડીલ તરીકે રાખવાની અને એ માટે વિદ્યાર્થીઓના વિશ્વાસ સંપાદન કરવાની ગુરુ-ચાવી તેઓ બતાવે છે: 'વિદ્યાર્થીઓ આપણી કડવી ગોળી પણ પ્રેમપૂર્વક ખાઇ ખાઇને આપણને સૌને વિશેષ ચાહે તેમાં આપણી કુશળતાની કસોટી છે, આનો ઉપાય માંદગીમાં સારવાર, અંગત જીવનમાં વિશ્વાસપૂર્ણ પ્રવેશ, આનંદોત્સવો અને સહઉદ્યોગમાં તેની જેમ જ ભાગ લેવો તે છે.' (પૃષ્ઠ-૧૩૫)

ગુરુ અને ગુરુપૂર્ણિમાના મહિમા વિષે તેઓ સ-રસ કહે છે : 'પ્રાથમિક શાળાના આપણા ગુરુથી માંડીને આપણને પરમધામના દરવાજા ખોલી આપનાર ગુરુ-સૌ આપણા પ્રમાણ અને આદરના અધિકારી છે. આવા આદર-સ્નેહ વિના ગુરુને પણ પોતાનું શ્રેષ્ઠ આપવાની પ્રેરણા થતી નથી.' જ્ઞાનનાં પાતાળપાણી, 'તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા'થી વહેતાં થાય છે એમ જણાવી આ બન્ને હકીકતોમાંથી ગુરુપૂર્ણિમાનો ઉત્સવ નીકળ્યો છે તેમ તેઓ કહે છે. આવો ઉત્સવ ગુરુઓને વધારે સારા ગુરુ થવા પ્રેરે. વિદ્યાર્થીઓને પાથેય તો આપે જ પરંતુ ગુરુની ગેરહાજરી કે ગુરુની અપૂર્ણતા છતાં વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવી શકે એમ જણાવી તેઓ તરત જ ઉમેરે છે: 'એકલવ્યનું સ્વશિક્ષણ તેનું ઉત્તમ અને મનોહર ઉદાહરણ છે.' (પૃષ્ઠ ૧૪૧-૧૪૨)

મિત્રો અને સહકાર્યકરોની કાળજી 'દર્શક'ના વ્યક્તિત્વને નવો ઉઘાડ આપે છે. લોકભારતીના (અને હાલ ગુજરાત જનતા પક્ષના પ્રમુખ) શ્રી દલસુખભાઇ પટેલને ચમરોગ થયો. એના નિદાન માટે એમની સાથે તેઓ અમદાવાદ જઇ આવ્યા. નિદાન કષ્ટસાધ્ય ચમરોગનું થયું. એમને ચિંતા હતી કે શ્રી દલસુખભાઇને કદાચ રક્તપિત્ત હશે. એ બીકે એમણે એક આખું વર્ષ બાંધા રાખેલી. (આવી બાંધાની શ્રી દલસુખભાઇ પટેલને જાણ પણ ન હતી એ આ લખનાર અને શ્રી દલસુખભાઇ પટેલ સાથેની તાજેતરની વાતચીતમાં સ્પષ્ટ થયું.) આ અંગે શ્રી 'દર્શક'નું ચિંતન ચાલે છે: 'માણસ મૃત્યુ પામે તેનાથી ડરવાનું કારણ નથી. પણ પિલાઈ કે ગંધાઇ જઇને મરે તે વિજ્ઞાન કે ઇશ્વર કે બન્નેની મદદથી અટકાવવું જોઇએ.' (પૃષ્ઠ-૧૫૫) તો સમાનધર્મા શ્રી નાગજીભાઈ વિષે એમણે એક પત્રમાં લખ્યું: 'શ્રી નાગજીભાઇનું અનાથાશ્રમનું કામ અને સમજદારી અહોભાવ પેદા કરે તેવું હંમેશા લાગ્યું છે. રબારીનો દીકરો અને શ્રીમંત વણિકની દીકરી; કામમાં અદ્‌ભુત એકરસ અને શાંતિ સમતા છે.' (પૃષ્ઠ-૮૯) શ્રી વજુભાઈ શાહની તબિયત ગંભીર થયાના સમાચાર મળતાં તેઓ અમદાવાદ દોડ્યા. પણ તેઓ પહોંચે તે પહેલાં શ્રી વજુભાઇએ અંતિમ શ્વાસ લઇ લીધેલા. એમના વિષે એમણે લાઘવતાથી માર્મિક રીતે લખ્યું: 'બહુ શાંત, સભાન, પ્રસન્ન હતા. અમારી પેઢીના તે ઉત્તમ સેવક અને ત્રેયાર્થી હતા.' (પૃષ્ઠ ૮૫) તો 'સોક્રેટિસ' નવલકથાનું સન્માન થયું તેમાં શ્રીમતી મૃદુલાબહેનનો ફાળો છે તે તેઓ ભૂલ્યા નહીં અને કંઇક રકમ મોકલી. તે કદાચ તેઓ બન્ને ન સ્વીકારે એવા અંદેશાથી એમને લખ્યું : 'આ નાનકડી રકમ લેતાં તું-તમે બન્ને સંકોચ ન અનુભવશો, આખરે લાગણી કે વિચારોને કોઇક સ્થૂળ રીતે પ્રગટ કરવાં પડે છે. પૃષ્ઠ-૬૪) શ્રીમતી મૃદુલાબહેનની પ્રતિભાને 'દર્શક' યોગ્ય રીતે પિછાની હતી. એમની ('દર્શક'ની) અંતિમ ઇચ્છા દર્શાવતા દસ્તાવેજમાં એ અભિવ્યક્ત થાય છે. શ્રી મૃદુલાબહેને ગુરુ પાસેથી લેવાનું ન હોય, દેવાનું હોય એમ જણાવ્યું ત્યારે એના પ્રત્યુત્તરમાં 'દર્શક' જણાવ્યું કે તારો ને મારો સંબંધ ઇતિહાસની ઉપયોગિતા, અહોભાવ અને અભિગમના પાયા પર ઊભો છે, તે સંજીવનીને અનાવૃત્ત રીતે મૂકવાનો છે. તેમાં એ આશા રહેલી છે કે શક્ય હોય તો મૃદુલાબહેન એ કામ આગળ વધારે પણ કરુણા કેવી કે શ્રીમતી મૃદુલાબહેનને કાળ-ભગવાને ખેંચી લીધાં. ઇતિહાસના આવા નિર્ધૂમ પ્રકાશના અભાવે શું થાય છે, એ એવડું મોટું પ્રકરણ છે કે ચકિત અને વ્યથિત થયા વિના ન રહેવાય. (પૃષ્ઠ ૨૬૬) એમ તેઓ ઉમેરે છે.

આવા ચિંતનસભર જીવન વચ્ચે તેઓ માર્મિક વિનોદ પણ કરી જાણે છે. એકવાર મણારમાં શાલ ભૂલી ગયા. એ અંગે પોતે ઉતાવળમાં શાલ ભૂલી ગયા, મહેમાન ખાતે પડી હશે, સાચવી રાખી હશે એમ જણાવી વિનોદ કરે છે: 'ગરીબ માણસની શાલ છે.' (પૃષ્ઠ ૭૬). સૌથી મહત્ત્વની વાત એ છે કે શ્રી 'દર્શક' આ પત્રોમાં કવિ તરીકે પ્રગટ થયા છે. છંદરચના પર એમનું સારું એવું પ્રભુત્વ છે. તેઓ સારી કવિતા રચી શકે છે એમ જણાવી પ્રસ્તાવનામાં શ્રી કૃષ્ણવીર દીક્ષિત આશ્ચર્ય વ્યક્ત કરે છે કે કવિતાની બાબતમાં તેઓ 'બાથરૂમ સિંગર' જેવા કેમ રહ્યા ! શ્રી વજુભાઈ શાહ ગયા પછી એમણે જ્યાબહેનને મોકલેલી કવિતાનું એકાદ ઉદાહરણ બસ થશે :

વિપદા મોકલી તેં જે સંપદા સમજી ગ્રહું
અંતર દ્રષ્ટિ છે આવી, તારે ધામ લઈ જતી. (પૃ. ૨૦૬)

આમ 'ચેતો વિસ્તારની યાત્રા' (પ્રકા. આર. આર. શેઠની કું.)માં ગ્રન્થસ્થ થયેલા પત્રોના (૧) સાહિત્ય (૨) ચિંતન (૩) ઇતિહાસ અને (૪) શુભકામનાઓ એમ ચાર વિભાગમાં છે તેમાં 'દર્શક'ના વ્યક્તિત્વની અનુભૂતિ થાય છે. અહીં તો આપણે મુખ્યત્વે સાહિત્ય વિભાગના પત્રોનું અવલોકન કર્યું. ચિંતન, ઇતિહાસ અને શુભકામનાઓ વિભાગના પત્રોનો પણ અભ્યાસ કરવા જેવો છે. અસ્તુ.

સંઘના સભ્યોનું વાર્ષિક સ્નેહ સંમેલન

(આર્થિક સહયોગ : શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલા

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને સામાન્ય સભ્યોનું વાર્ષિક સ્નેહ સંમેલન રવિવાર, તા. ૩જી એપ્રિલ, ૧૯૮૮ના રોજ સવારના ૯-૩૦ થી ૧૨-૩૦ સુધી ચોપાટી ખાતેના બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યું છે.

સવિગત કાર્યક્રમની હવે પછી જાણ કરવામાં આવશે.

ચીમનલાલ જે. શાહ — કે. પી. શાહ
સંયોજક — પન્નાલાલ ૨. શાહ
મંત્રીઓ

વગોવાતી સાધુસંસ્થા

(પૃષ્ઠ ૧૯૮ થી ચાલુ)

(સાસુ-વહુ) વચ્ચે મોટા ઝઘડા ચાલતા હોય ત્યારે કોનો પક્ષ લેવો તે બહુ મૂંઝવણ હોય આવી આવી અનેક પ્રકારની સાંસારિક ઉપાધિઓમાંથી બચવા, કોઇ ચમત્કાર થાય અને પોતે સુખી થઇ જાય એવા આશયથી કોઇ સાધુ-બાવાઓની મહેરબાની માટે ભટકવા લાગે છે. કોઇકના જીવનમાં એવી ઘટના બનેલી સાંભળી હોય તો પોતે પણ તેનાથી દોરવાઈ જાય છે. આવી ઉપાધિવાળા માણસોનો લાભ લેવાનું કેટલાક સાધુ-સંન્યાસીઓ ચૂકતા નથી. પોતાની જાળમાં તેને ફસાવે છે અને કહ્યું ન માને તો પોતાની કહેવાતી મંત્રશકિત વડે કે પોતાના ઇષ્ટ દેવદેવીઓની સહાય વડે તેને પરચો બતાવવાની ધમકી આપે છે. એવે પ્રસંગે વિવશ બનેલો, મૂંઝાયેલો માણસ પોતાની પત્નીને એવા બાવાના હાથમાં સોંપતાં અચકાતો નથી અથવા પત્ની સાથે બાવાના ગેરવર્તન સામે હેતુપૂર્વક આંખમીંચામણાં કરે છે. કયારેક બહુ મોટો આર્થિક લાભ થતો હોય અથવા પોતાની ભારે મૂંઝવણ ટળી જતી હોય તો પત્નીને સોંપીને રાજી પણ થાય છે.

એક પક્ષે સાધુ-સંન્યાસીઓ અને અન્ય પક્ષે મહિલા વર્ગ એમ ઉભય પક્ષે કશો જ અનિષ્ટ આશય ન હોય, કેવળ ધર્મતત્ત્વની વિચારણા જ હોય તોપણ પરસ્પર સતત સહચારને કારણે કોના સૂક્ષ્મ મનમાં કયારે વાસના જાગી જશે તે કહી શકાય નહિ. સાધુ-સંન્યાસીઓ માત્ર ગૃહસ્થ સ્ત્રીઓથી જ બગડે છે એવું નથી. સાધુ સંન્યાસીઓ સાધ્વીઓના કે સંન્યાસિનીઓના સતત સહચારથી પણ પતન તરફ ધસડાઇ જાય છે. સાધુને કારણે સાધ્વીઓ બગડી હોય કે સાધ્વીના કારણે સાધુ બગડયા હોય એવી ઘટનાઓ પણ બને છે. તેના મૂળમાં સતત સહચાર કે સહવાસ રહેલા હોય છે. સાધુ-સાધ્વીઓના વિહાર, સ્થિરવાસ, આવાગમન, ઉઠબેસ સહવાસ જો લાંબા સમય સુધી સાથે ને સાથે રહે તો સાધુ-સાધ્વીઓનાં મન પણ વિચલિત થયા વગર રહે નહિ.

મહિલા વર્ગ સાથે વારંવાર એકાંતમાં મળવા-હળવાનું થાય, નર્મમર્મયુકત ગોઠડી થાય, નાનાં નાનાં અડપલાં થાય અને સ્થૂલ મજાક-મસ્કરી, ટોળટપ્પાં કે ખડખડાટ હસવાનું થાય તો તેવી ચેષ્ટાઓ એકબીજામાં કયારે વાસનાને જાગૃત કરી જાય છે તે કહેવું સરળ નથી.

ભગવાન મહાવીરે તો ત્યાં સુધી કહ્યું છે કે સો વર્ષની ઘરડી ડોશી હોય, નાક છેદાઈ ગયેલું હોય એવી કદરૂપી સ્ત્રી હોય તોપણ તેની સાથે યુવાન સંન્યાસીએ એકાન્તવાસ ન સેવવો જોઇએ. હિન્દુ ધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મમાં સાધુ-સંન્યાસીઓ માટે ઘણા કડક નિયમો એટલા માટે આપવામાં આવ્યા છે. જૈનધર્મમાં શીલની નવ વાડ બતાવવામાં આવી છે. પ્રથમ દ્રષ્ટિએ કોઇકને એમ લાગે કે આટલી બધી કૃત્રિમતાની શી જરૂર છે? પરંતુ માનવીના મનનો સૂક્ષ્મ અભ્યાસ જેમણે કર્યો હોય તેવી વ્યકિત તેનું સમર્થન કર્યા વગર રહે નહિ. સ્ત્રીના મુખનું દર્શન ન કરવું, સ્ત્રીનો ફોટો કે ચિત્ર ન જોવાં, સ્ત્રીના હાથના લખેલા અક્ષરો ન વાંચવા-એટલી ચુસ્ત રીતે સંયમ પાળવા-પળાવવા માટેનો આગ્રહ કેટલાક સંપ્રદાયમાં હોય છે. એમાં વધુ પડતું દબાણ છે અને દબાણ છે ત્યાં પ્રતિક્રિયા છે એવી દલીલ કરાય છે, એ દલીલમાં કેટલુંક તથ્ય પણ છે, પરંતુ જ્યાં સ્વેચ્છાએ સાચી અને ઊંડી સમજણપૂર્વક સંયમ સ્વીકારાયો છે ત્યાં આવી વાત પોતાને માટે કૃત્રિમ કે દબાણવાળી છે એવું લાગવાનો સંભવ નથી. વસ્તુતઃ સંયમની સાધના જો ઊંચા પ્રકારની હોય તો આવી આવી બાબતો પ્રત્યે સ્વાભાવિક રીતે જ અરુચિ થવા સંભવ છે.

ખોટા, દંભી સાધુઓને સમાજે વારંવાર વખતોવખત ઉઘાડા પાડયા છે અને પાડવા જોઇએ. એમ જ્યાં નથી થતું ત્યાં એક બાજુ વધુ સાધુ-સંન્યાસીઓ અને બીજી બાજુ વધુ ગૃહસ્થ સ્ત્રી-પુરુષો બગડતાં જાય છે. સાધુ-સંન્યાસીનું સ્થાન સમાજમાં ઊંચું છે એટલે એમને ઉઘાડા પાડવામાં કેટલું કે સાહસ પણ રહેલું છે. તેમના અનુયાયીઓ તરફથી ભય કે જોખમ આવી પડવાનો સંભવ રહે છે. કેટલાક સાધુઓ બધી વાતે પૂરા અને પહોંચેલા હોય છે. ખૂન સુદ્ધાં તેઓ કરાવી શકે છે.

લોકમત જાગૃત રહે, દંભી, દુરાચારી સાધુઓને સાધુપણામાંથી મુકત કરાવવાની વ્યવસ્થા રહે, નબળા સાધુઓને સંયમમાં દૃઢ કરવા માટે કુશળ આયોજન હોય, શિથિલાચારી સાધુઓને સાધુવેશનો ત્યાગ કરાવી ગૃહસ્થ જીવનમાં આજીવિકા સહિત પ્રસ્થાપિત કરવાની યોજના રહે, સાધુઓ સાથેનો ગૃહસ્થ સ્ત્રીઓનો કે સાધ્વી-સંન્યાસિનીઓનો સંસર્ગ ઓછો રહે, તેઓને સાચું માર્ગદર્શન અપાય અને તેઓના પરસ્પર વ્યવહાર ઉપર ચાંપતી નજર રખાય તો તેથી સરવાળે સાધુસમાજને અને ગૃહસ્થોને બંનેને લાભ છે. સાધુસમાજ જેટલો તેજસ્વી રહે તેટલી તેજસ્વિતા સમાજની વધે છે.

રમણલાલ ચી. શાહ

સાભાર સ્વીકાર

[] **યશોવંદના** (ઉપાધ્યાય યશોવિજયજીનું સંક્ષિપ્ત જીવન કવન) લે. પૂ. પં. શ્રી પ્રદ્યુમનવિજયજી ગણિવર * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૭૫ * મૂલ્ય-દર્શાવેલ નથી * પ્રકા. શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, ૪૪, વર્ધમાન ફ્લેટ, પાલડી, અમદાવાદ-૭ [] **જૈનદૃષ્ટિએ કર્મ** લે. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા * ડેમી સાઇઝ * પાકું પૂઠું * પૃષ્ઠ-૧૯૮ * મૂલ્ય: રૂા. ૨૦/- પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ મુંબઇ-૩૬ * **જૈન તત્ત્વ વિચાર** લે. મુનિ પુણ્યવિજયજી * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ - ૩૫૨ * મૂલ્ય રૂ. ૧૨-૦૦ પ્રકા. શાહ પ્રેમજી ભારશી C/o. હીરજી કારશીની કું. * ૧૭/૭૮, નળબજાર, મુંબઇ-૩ * **ભકતામરસ્તોત્ર સ્તવનમાળા** લે પૂ. આ. શ્રી ધર્મધુરંધરસૂરિજી * ક્રાઉનસોળપેજી પૃષ્ઠ-૪૭ * મૂલ્ય-દર્શાવેલ નથી, પ્રકા. શ્રી અશોકભાઇ હિંમતલાલ શાહ, ૩૩, અમુલ સોસાયટી, સુખીપુરા પાસે, પાલડી, અમદાવાદ-૭ * **એસો પંચ નમોકકારો** લે. યુવાચાર્ય મહાપ્રજ્ઞ સંપા. રોહિત શાહ અને દલસુખભાઇ માલવણિયા * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૧૭૬ * મૂલ્ય રૂ. ૨૦ પ્રકા. અનેકાન્ત ભારતી, ૪, ચારૂલ, ડો. સર્વોપલ્લી રાધાકૃષ્ણન માર્ગ, અમદાવાદ ૧૫ [] **આભા મંડળ** * લેખક, સંપાદક, પ્રકાશક ઉપર મુજબ [] **વિદ્યા સાગરનો બોધ** લે. જયંતીલાલ મોરારજી મહેતા * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૭૨ મૂલ્ય રૂા. ૧૦-૦૦ પ્રકા. વિનોદરાય જયંતીલાલ મહેતા પ્લોટ નં. ૫૬૯/એ, જ. મો. મહેતા માર્ગ, માણેકવાડી, ભાવનગર-૧.

* સ્થળનામોની રસપ્રદ ભેટ *

(પૃષ્ઠ ૨૦૬ થી ચાલુ)

એટલે કે એના વતન ભારતનું નામ એમાં જળવાયેલું જ છે.

વનસ્પતિશાસ્ત્રમાં એ 'ટેમરિન્ડસ ઇન્ડિકા' નામે ઓળખાય છે. આમાં 'ટેમરિન્ડસ' શબ્દમાં એના મૂળ અરબી નામમાં રહેલો 'હિન્દ'નું એટલે કે ભારતનું એવા અર્થમાં એના વતનનું નામ રહેલું જ છે. પણ આ 'ટેમરિન્ડસ' શબ્દ આમેા માત્ર આમલીનેા અર્થ દર્શાવતેા થયેા હેાવાથી પછી એ ભારતની છે, એવું દર્શાવવા જોડે 'ઇન્ડિકા' શબ્દ ઉમેરાયેા છે: એટલે શબ્દાર્થમાં જોઇએ તેા 'હિંદની-હિંદની ખજૂર' એમ થાય!

કોઇ ચીજવસ્તુ એના વતનના નામે જ ઓળખાય એવું તેા ભારતમાં પણ ક્યાં નથી બનતું! શરદી, ફ્લુ વગેરેમાં આપણે ત્યાં ઘણા છૂટથી નીલગિરિ તેમનેા ઉપયેાગ કરે છે. આમ તેા આ તેમનું નામ યુકેલિપ્ટરસ્' છે પણ આપણે ત્યાં એનું આ 'નીલગિરિ તેલ' નામ વધુ પ્રચલિત છે. કેમ એમ? આ કંઈ 'યુકેલિપ્ટસ' નામનેા અનુવાદ તેા નથી જ! ત્યારે આ નામ શી રીતે પ્રચલિત થયું?

હકીકતમાં આ એના પ્રારંભના ભારતીય વતનનું નામ છે. શરૂઆતમાં આ પ્રકારનું તેલ આપતાં વૃક્ષેાનું વ્યાપક ક્ષેત્ર દક્ષિણનેા નીલગિરિ પ્રદેશ હતું. આ તેલ એ નીલગિરિ વિસ્તારમાંથી મળતું, એટલે એ 'નીલગિરિ તેલ' નામે ઓળખાયું! હવે તેા આ તેલ આપતાં વૃક્ષેાનું ભારતમાં અનેક સ્થળે વાવેતર થયું છે. છતાં આ તેલ હજુ એના પ્રારંભના મૂળ ક્ષેત્રને નામે જ ઓળખાય છે.

તાજેતરમાં ખાંડે આપણે ત્યાં પ્રજાના જીવનમાં સારી એવી ઊથલપાથલ મચાવી છે. આ ખાંડને આપણે ત્યાં હજુ જૂની પેઢીના લેાકેા મેારસ કે મેારસખાંડ કહે છે, એ જાણેા છેા? હવે તેા આ નામ લગભગ ભુલાઇ ગયું છે. પણ એક જમાનામાં એ સારુ એવું પ્રચલિત હતું.

ત્યારે આપણે ત્યાં ખાંડ બહારથી આવતી. આ ખાંડ પૂરી પાડનાર દેશેામાં હિન્દી મહાસાગરમાં આવેલેા મેારિશિયસ દેશ પણ હતેા. ઝીણી દાણાદાર ને સ્વચ્છ સફેદ પારદર્શક ખાંડ એ ત્યારે મેારિશિયસની વિશેષતા હતી. મેાટે ભાગે ખાંડના ઉત્પાદન પર નભતા આ દેશેામાંથી આવતી ખાંડને આપણે મેારસ નામે ઓળખતા.

વખત જતાં આવી ખાંડનું ઉત્પાદન આપણે ત્યાં પણ મેાટા પાયા પર થવા માંડયું. આમ છતાં એવા પ્રકારની આપણી ખાંડ પણ આપણે વર્ષેા સુધી કે 'મેારસ' નામે ઓળખાતી રહી છે. હજુયે કેટલાક એના માટે આ નામ વાપરે છે ખરાં!

ચેાળ : 'ફાટે પણ ફીટે નહીં-' કપડાને એવેા પાકેા રંગ આપનાર વનસ્પતિને 'મજીઠ' કહે છે. આનું બીજું એક નામ છે ચેાળ. ચૂંદડી, ચૂંડેા ને એક જમાનામાં હેાંશથી દાંત પણ રંગવામાં વપરાતી આ મજીઠનેા રંગ કેવેા લાલચટક હેાય છે! એટલેસ્તેા ચટકીલા કે અત્યંત લાલ માટે આપણે 'લાલચેાળ' 'રાતું ચેાળ' એવેા પ્રયેાગ કરીએ છીએ

આ વનસ્પતિ ઘણીવાર 'ચેાળમજીઠ'ને નામે પણ ઓળખાવાય છે. એક માન્યતા પ્રમાણે આ મજીઠ દક્ષિણના 'ચૌલ' પ્રદેશમાંથી આવતી એટલે એના પુરવઠાના આ સ્થાન 'ચૌલ' પરથી એ 'ચેાળમજીઠ' કહેવાતી હતી એટલે કે ચૌલ પ્રદેશમાંથી આવેલી મજીઠ!

પણ પછી વખત જતાં એ માત્ર 'ચેાળ' નામે ઓળખાતી રહી એવું પણ નેાંધાયેલું છે. આમ 'ચેાળ' એટલે જ મજીઠ એવેા અર્થ પ્રચલિત થઈ ગયેા.

આ માન્યતા સ્વીકારીએ તેા સ્થળનામેા એ આપેલી ભેટમાં આ 'ચેાળ' નામનેા પણ ઉમેરેા કરવેા રહ્યેા.

કેાલન વેાટર : અને હવે આમ તેા મૂળ પરદેશી પણ પરદેશી પણ હવે આપણે ત્યાં ગામડાંઓમાં પહેાંચી ગયેલા 'કેાલાવેાટર'ની વાત કરીએ.

ઉચ્ચવર્ગમાં કંઇક શેાખથી ને મધ્ય તથા નિમ્ન વર્ગમાં સવિશેષ માંદગી જેવા પ્રસંગે વપરાતું 'કેાલન વેાટર' સુશિક્ષિતેામાં 'ઓ-દ-કેાલન' નામે વધુ જાણીતું છે. જો કે વ્યવહારમાં એનેા ઉલ્લેખ ટૂંકમાં 'કેાલન' નામે થતેા હેાય છે. પણ બધે જ ગામડાંઓમાં એ 'કેાલાવેાટર' નામે વધુ પરિચિત છે.

શીળી સુગંધ ધરાવતું આ પ્રકારનું પ્રવાહી એક ઇટાલિયને અઢારમી સદીના પ્રારંભમાં જર્મનીના 'કેાલન' શહેરમાં બનાવ્યું હતું. આથી આ વિશિષ્ટ ગુણેા ધરાવતું પ્રવાહી યુ-ડી-કેાલેાન શહેરનું પાણી એવા નામે ઓળખાયું.

આ અનેાખી ખુશ્બુ ધરાવતું ઉડ્ડયનશીલ પ્રવાહી ઔષધિ તરીકે પણ ઉપયેાગી થઇ પડયું. થેાડા જ વખતમાં એ અત્યંત લેાકપ્રિય થઈ પડયું ને દુનિયાભરમાં એની માંગ ઊભી થઈ એટલું જ નહીં એ વધતી પણ ગઇ.

પછી તેા આવું પ્રવાહી દુનિયામાં અનેક સ્થળે બનવા માંડયું ને એની સુગંધના પ્રકારમાં અને એના ઉત્પાદનની રીતમાં પણ સ્થળકાળ પ્રમાણે પરિવર્તન થતાં ગયાં. જોકે હવે એનું એક નિશ્ચિત ધેારણ બંધાયું છે.

આમ એ ઉત્પાદન દુનિયામાં અનેક સ્થળે જવા માંડયું હેાવા છતાં હજુ એ પ્રવાહી બધે ઓ-દ-કેાલેાન કે ટૂંકમાં 'કેાલન' યા 'કેાલેાન' નામે જ ઓળખાય છે.

આ મેાસંબી, મેાસંબી જેવું જ ફળ માલ્ટા ટેન્જેરિન નામે ઓળખાતી રસાળ નારંગી, જમરૂખ માટે વપરાતું નામ પેરુ, આપણી આમલી માટે અંગ્રેજીમાં વપરાતું નામ ટેમરિન્ડ, શરદી ને તાવમાં વપરતું નીલગિરિ તેલ, દાણાદાર સફેદ સ્વચ્છ ખાંડ માટે એક જમાનામાં વપરાતું નામ મેારસ, રંગવામાં વપરાતી મજીઠનું બીજું નામ ચેાળ તથા ભારતભરમાં છૂટથી વપરાતા 'કેાલનવેાટર' વગેરે નામેા વ્યવહારમાં પ્રચલિત હેાવા છતાં ભાગ્યે જ આપણા ખ્યાનમાં આવે છે કે હકીકતમાં આ નામેામાં એમના વતનનાં નામેા એટલે કે સ્થળનામેા જળવાયેલાં છે.

સરનામામાં ફેરફાર અંગે

સંઘના પેટ્રનેા, આજીવન સભ્યેા, સામાન્ય સભ્યેા તેમજ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકેાનાં સરનામાં છપાઈ રહ્યાં છે, તેા જે કોઈ સભ્યનું સરનામું બદલાયું હેાય તેમણે પેાતાનું નવું સરનામું કાર્યાલય ઉપર તુરત મેાકલી આપવા વિનંતી છે. તેમજ જેમને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળતું ન હેાય તેમણે પણ એક પત્ર લખી પેાતાનું સરનામું ચેક કરાવી લેવા વિનંતી છે.

-મંત્રીઓ

સ્થળનામોની રસપ્રદ ભેટ

• પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

જૂના જમાનાના દરિયાખેડુ આરબો તથા પોર્ટુગીઝ લોકોએ લગભગ આંતરરાષ્ટ્રીય કક્ષાનું એક સરસ સેવાકાર્ય કર્યું છે અને તે ભિન્ન ભિન્ન દેશોમાંથી વિવિધ પ્રકારનાં ફળ વગેરે અન્ય દેશોમાં પહોંચાડવાનું કાર્ય. આને લઈને અન્ય દેશો પણ આ પ્રકાર-નાં ફળ ઉગાડતા થયા છે. આપણે ત્યાં પણ આવું થયું છે. આમાંયે ખાસ નોંધવા જેવી એક વાત એ છે કે આમાંનાં કેટલાક ફળોએ તો હજુ યે એક યા બીજા સ્વરૂપે એમના મૂળ વતનનું નામ જાળવી રાખ્યું છે. આવું એક ફળ છે મુસંબી કે મોસંબી.

મોસંબી : ગરીબથી માંડીને તવંગર તથા નાના-મોટા સૌને પરિચિત એવું આ ફળ બારે મહિના મળે છે. સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી ગણાતું ખટમીઠા સ્વાદવાળું આ ફળ થોડા ઉચ્ચારભેદે આપણી ધરીખરી ભાષાઓમાં આવા જ નામે ઓળખાય છે.

લીંબુ – નારંગીના કુળનું આ ફળ આફ્રિકાના પોર્ટુગીઝ મોસાંબિકમાંથી દુનિયાભરના દેશોમાં પહોંચ્યું છે. એના મૂળ વતન 'મોસાંબિક'ના નામ પરથી આપણે ત્યાં એ 'મોસંબી' કે 'મુસંબી' નામે ઓળખાયું છે અંગ્રેજીમાં આ પ્રદેશ 'મોઝાંબિક' નામે ઓળખાયો એટલે હવે આપણા વિદ્યાર્થીઓથી માંડીને સૌ શિક્ષિતો એ પ્રદેશને 'મોઝાંબિક' નામે ઓળખે છે. આ તો જરા જુદી વાત થઈ. હવે તો આ ફળ આપણે ત્યાં પણ સારા પ્રમાણમાં નિયમિત રૂપે ઉગાડાય છે છતાં એના નામમાં એના મૂળ વતનનું નામ જળવાયું છે.

માલ્ટા : મોસંબીને નામે ઘણીવાર છેતરાઈને આપણે દેખાવમાં સરેરાશ મોસંબી કરતાં સુંદર ને આકર્ષક રંગવાળું એક ફળ ખરીદી બેસીએ છીએ. મોસંબી કરતાં એ સરતું પણ હોય છે. આમ તો એ મોસંબી જેવું જ દેખાય છે; પણ સ્વાદમાં એનો રસ સહેજ ફિક્કો ને કંઈક કડૂચો હોય છે.

જાણકારો આ ફળને 'માલ્ટા' નામે ઓળખે છે. આમ છે તો આ પણ મોસંબીના કુળનું જ !-પણ જાત જરા જુદી છે. મોસંબી તથા માલ્ટા વચ્ચેનો દેખાવનો તફાવત માત્ર રંગનો નથી. મોસંબીની છાલમાં નીચેની તરફ પાવલી જેવડું એટલે કે આપણા પચીસ પૈસાના સિક્કા જેવડું નાનું વર્તુળ દેખાતું હોય છે જે માલ્ટામાં નથી હોતું. આ જાતનું મૂળ વતન છે, ભૂમધ્ય સમુદ્રમાં ઇટલીના સિસિલીની દક્ષિણે આવેલો ટાપુ-'માલ્ટા !' આ વિશિષ્ટ જાત પહેલાં ત્યાં વિકસી ને પછી બધે પ્રસરી. પણ જ્યાં ગઈ ત્યાં એણે પોતાના વતનનું નામ ક્રોઈ ને ક્રોઈ સ્વરૂપે જાળવી રાખ્યું છે. આપણે ત્યાં 'માલ્ટા' નામે ઓળખાતું આ ફળ અંગ્રેજીમાં 'માલ્ટીઝ ઓરેન્જ' (એટલે કે માલ્ટાની નારંગી) એવા નામે ઓળખાય છે.

ટેન્જેરિન : આપણે હવે નારંગીનું જ એક નામ જોઈએ. સામાન્ય રીતે આપણે ત્યાં જે ફળ નારંગી નામે ઓળખાય છે તે અંગ્રેજીમાં-ખાસ તો અમેરિકન અંગ્રેજીમાં-'ટેન્જેરિન' નામે ઓળખાય છે.

વિશિષ્ટ સુગંધ ને સ્વાદ ધરાવતી નારંગીની આ સ-રસ નાનકડી જાતનું મૂળ વતન 'તેંજીર'. મોરોક્કોમાં 'તેંજીર' નામનું એક બંદર છે. આ બંદરના નામની જોડણી આમ તો અંગ્રેજી અક્ષરોમાં TANGIER થાય; પણ ફ્રેંચ ભાષામાં એની જોડણી TENGER થઈ. એના નામના આ સ્વરૂપ પરથી, તેંજીરમાં વિકસેલી ઘેરા રંગની છાલવાળી નારંગીની આ રસાળ જાત 'ટેન્જેરિન' નામે ઓળખાઈ છે.

પેરુ : આપણે જે ફળને જામફળ કે જમરૂખ નામે ઓળખીએ છીએ તે ફળ 'પેરુ'ને નામે પણ ઓળખાય છે. મરાઠીમાં તો આ ફળને 'પેરુ' જ કહે છે.

અમેરિકાનું એક રાજ્ય પણ 'પેરુ' નામે ઓળખાય છે. આ જમરૂખ કે જામફળનું મૂળ વતન એ 'પેરુ' પ્રદેશ છે ને તેને લઈને જ આ ફળ 'પેરુ' કહેવાય છે, એવું મનાય છે.

આ 'પેરુ' અંગ્રેજીમાં જેને 'પેર' કહે છે તે ફળ નથી હકીકતમાં 'પેરુ' ને 'પેર' તદ્દન જુદી જ જાતનાં ફળ છે, 'પેરુ' એ જમરૂખ કે જામફળનું જ બીજું નામ છે. જ્યારે 'પેર'નો આકાર જમરૂખની એક જાતને મળતો આવે છે, એ ખરું ! પણ 'પેર'નું અંદરનું બંધારણ ને એનો સ્વાદ, સફરજનને કંઈક મળતા હોય છે જોકે એનો સ્વાદ જરા ફિક્કો હોય છે.

ટેમરિન્ડ આમલી : આમલીને અંગ્રેજીમાં 'ટેમરિન્ડ' કહે છે, એ તો આપણે જાણીએ છીએ. મુંબઈમાં ક્રોટ વિસ્તારમાં એક 'ટેમરિન્ડ લેન' એટલે કે આમલી ગલી પણ છે. એક જમાનામાં અહીં આમલીનાં પુષ્કળ વૃક્ષો હતાં એમ કહેવાય છે. એટલે કે આમલી ગલી પણ છે. એટલે જ એ ગલી આ નામે ઓળખાઈ છે.

આ 'ટેમરિન્ડ' શબ્દમાં પણ એના મૂળ વતનનું નામ સમાયેલું છે, એ વાત ઘણાના ખ્યાલમાં નહીં હોય !

સેંકડો વર્ષ પહેલાંની વાત છે; ત્યારે આરબ વહાણવટું કરનાર વેપારીઓએ યુરોપમાં આમલી દાખલ કરી હતી. મુખ્યત્વે તો એ ભારતમાંથી જ ત્યાં લઈ જતા. દેખાવમાં આ પાકી આમલી આરબ વેપારીઓને, એમને ખૂબ જ પરિચિત એવી ખજૂર જેવી લાગી હતી. ખજૂર એટલે અરબી ભાષામાં 'તમર' કે 'તમ' એટલે ખાસ તો સુકવેલી ખજૂર !

આ હિન્દથી આવેલી હોવાથી યુરોપમાં એમણે એનું નામ કહ્યું – 'તમર-એ-હિન્દ' એટલે કે હિન્દની ભારતની ખજૂર !

આરબ વેપારીઓએ કહેલા આ 'તમર-એ-હિન્દ'નું નામ ફ્રેંચ ભાષા દ્વારા અંગ્રેજીમાં 'ટેમરિન્ડ' થયું. આમ હિન્દનું–

(પૃષ્ઠ ૨૦૫ ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૯૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૭૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક : ૨૧

મુંબઇ તા. ૧-૩-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

હેમચન્દ્રાચાર્યની આઠમી શતાબ્દી

'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ પામેલા મહાન જૈનાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મ વિ. સં. ૧૨૪૫ની કાર્તિક પૂર્ણિમાને દિવસે થયો હતો. થોડા મહિના પછી સં. ૨૦૪૫ની કાર્તિક પૂર્ણિમાને દિવસે એમના જન્મદિનને આઠસો વર્ષ પૂરાં થશે. આઠ આઠ સૈકા સુધી જે પુણ્યાત્માનું સ્મરણ લોકમાં એવું જ તાજું રહ્યા કર્યું છે એમનું જીવન અને કાર્ય કેવું અને કેટલું ભવ્ય હશે! એમની આઠમી જન્મશતાબ્દીનો મહોત્સવ ઠેર ઠેર ભવ્ય આયોજન સાથે વર્ષભર ઊજવાય એ માટે સમાજે, વિશેષતઃ જૈન સમાજે અત્યારથી જાગ્રત થવાની જરૂર છે.

જેમના જીવન અને કવનની અસર પ્રજાજીવન ઉપર આજ દિવસ સુધી વર્તાતી રહી હોય એવી છેલ્લાં હજારેક વર્ષની મહાન વિભૂતિઓનો વિચાર કરીએ છીએ ત્યારે હેમચંદ્રાચાર્યનું સ્મરણ થયા વગર રહેતું નથી. હેમચંદ્રાચાર્ય ગુજરાતના હતા અને ગુજરાતના મહાન જ્યોતિર્ધર તરીકે એમની ગણના થાય છે, પરંતુ સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં રચાયેલી એમની ઉત્કૃષ્ટ કૃતિઓને કારણે સમગ્ર ભારતને બલકે સમગ્ર વિશ્વને તેમને પોતાના ગણવાનું મન થાય એવી એ મહાન વિભૂતિ હતી.

હેમચંદ્રાચાર્ય એવી કોટિની વિભૂતિ છે કે જેમનું વિસ્મરણ હજુ અનેક સૈકાઓ સુધી ભવિષ્યની પ્રજા કરી શકશે નહિ. એમના જીવન અને સાહિત્યમાં એટલું બધું બળ છે કે વખતોવખત વિદ્વદ્જનો અને પૃથક્જનો તેમનો આધાર લીધા વગર રહી શકશે નહિ.

'કલિકાલસર્વજ્ઞ'નું અપ્રતિમ બિરુદ પામનાર મહાન જૈનાચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યનું જીવન એટલે ભારતીય સંસ્કૃતિની એક યશોજ્જ્વલ ગૌરવગાથા. હેમચંદ્રાચાર્ય એટલે પ્રાચીન અને અર્વાચીન ભારતીય વિદ્વાનોએ અને પાશ્ચાત્ય વિદ્વાનોએ જેમની મુક્તકંઠે પ્રશંસા કરી છે, એવી વિશ્વની એક મહાન વિભૂતિ સાહિત્ય અને સાધુતાના ક્ષેત્રે છેલ્લાં હજારેક વર્ષમાં એમની તોલે આવે એવી બીજી કોઈ વિભૂતિ જોવા નહિ મળે.

કવિતા અને વ્યાકરણ, છંદ અને અલંકાર, ઇતિહાસ અને પુરાણ, કોશ અને ચરિત્ર, યોગ અને અધ્યાત્મ, ત્યાગ અને તપશ્ચર્યા, જપ અને ધ્યાન, સંયમ અને સદાચાર, રાજકલ્યાણ અને લોકકલ્યાણ–એવાં એવાં વિભિન્ન ક્ષેત્રોમાં એક સાથે સાતેક દાયકા જેટલી દીર્ઘકાળ સુધી જેવું ભગીરથ અને ચિરંજીવી કાર્ય એમણે કર્યું છે તેવું અને તેટલું કાર્ય અન્ય કોઇએ અદ્યાપિ કર્યું નથી.

હેમચંદ્રાચાર્ય એટલે બીજા પાણિનિ; હેમચંદ્રાચાર્ય એટલે બીજા પતંજલિ; હેમચંદ્રાચાર્ય એટલે બીજા મમ્મટ; હેમચંદ્રાચાર્ય એટલે બીજા પિંગલાચાર્ય; હેમચંદ્રાચાર્ય એટલે બીજા અમરસિંહ કોશકાર–હેમચંદ્રાચાર્ય એટલે કાલિદાસ કે બાણભટ્ટની જેમ એક નહિ પણ બે રાજવીના હાથે રાજ્યાશ્રિત થયા વગર સન્માન પામનાર મહાકવિ. એક જ વ્યક્તિમાં વિવિધ ક્ષેત્રના મહાપુરુષોનો સમન્વય જોવો હોય તો તે હેમચંદ્રાચાર્યમાં જોવા મળશે.

હેમચંદ્રાચાર્ય એટલે સદ્ગુણોની શ્રેણી: ત્યાગ અને તપશ્ચર્યા, સંયમ અને શુચિતા, ઉદારતા અને ગંભીરતા, નિર્ભયતા અને અડગતા; સૂક્ષ્મદર્શિતા અને સમયોચિતતા, પરોપકારિતા અને જિતેન્દ્રિયતા, સધર્મવત્સલતા અને પરમત સહિષ્ણુતા, તર્કપટુતા અને સર્વગ્રાહિતા વગેરે અનેક સદ્ગુણોનું દર્શન એમના જીવનમાં થાય છે. તેઓ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોને જીવનમાં ધારણ કરનાર જૈન આચાર્ય તો હતા જ; પરંતુ સાથે સાથે વિવિધ ગુપ્ત વિદ્યાઓના જાણકાર હતા. તેઓ લબ્ધિધારી હતા. એમના અંતરમાં અનુકંપાનો, ઉદારતાનો, વત્સલતાનો, કરુણાનો એવો પવિત્ર સ્રોત વહેતો કે એમના સંપર્કમાં આવેલી વિરોધી કે દ્વેષી વ્યક્તિનું હૃદય પણ પશ્ચાતાપથી ગદ્ગદ્ થઈ જતું.

ગુજરાતના ઇતિહાસમાં સુખ, સમૃદ્ધિ અને સંસ્કારિતાની દૃષ્ટિએ મહાન કહી શકાય તેવો યુગ તે સોલંકી યુગ છે. આ યુગમાં મૂળરાજ, ભીમદેવ, કર્ણદેવ, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ એમ એક પછી એક પરાક્રમી અને પ્રજાવત્સલ રાજાઓ રાજ્ય કરી ગયા. ગુજરાતની કીર્તિને તેઓએ ટોચે પહોંચાડી. લગભગ ત્રણસો વર્ષનો આ જમાનો ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણકાળ તરીકે ઓળખાય છે. આ સુવર્ણકાળને એની પરાકાષ્ઠાએ પહોંચાડનાર બે રાજવીઓ તે

સિદ્ધરાજ અને કુમારપાળ હતા; અને એ બંને રાજવીઓને દૃષ્ટિ આપીને મહાન બનાવનાર હતા કલિકાલસર્વજ્ઞ યુગપ્રવર્તક મહાકવિ હેમચંદ્રાચાર્ય. એમના પ્રતાપે ગુજરાતી પ્રજાનાં ભાષા, સાહિત્ય અને સંસ્કાર સમૃદ્ધ બન્યાં. ભારતના અન્ય પ્રાંતોની સરખામણીમાં ગુજરાતમાં દારૂ, માંસાહાર, જુગાર, શિકાર, વેશ્યાગમન, પશુબલિ વગેરે અનિષ્ટો આજ પણ ઓછાં છે તેનો યશ અમુક અંશે હેમચંદ્રાચાર્યને ફાળે જાય છે; કારણ કે આઠ સૈકા પહેલાં કુમારપાળ જેવા રાજવીના સહકારથી એમણે વ્યસનત્યાગ અને સદાચારની એક વ્યાપક ઝુંબેશ પ્રજામાં ઘરે ઘરે ગાજતી કરી હતી, સમગ્ર પ્રજાનું આમૂલ ઊર્ધ્વ પરિવર્તન થઈ ગયું હતું.

હેમચન્દ્રાચાર્યે જે વિપુલ સાહિત્યની રચના કરી છે એમાં એમના 'સિદ્ધહેમ' શબ્દાનુશાસન નામના વ્યાકરણનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી પોતે એ વ્યાકરણની રચના કરી હતી માટે એનું નામ 'સિદ્ધહેમ' રાખવામાં આવ્યું હતું. સંસ્કૃત સાહિત્યમાં આજ દિવસ સુધીમાં મહાન વૈયાકરણ તરીકે બે જ વ્યક્તિઓનાં નામ સુપ્રસિદ્ધ છે: (૧) પાણિનિ અને (૨) હેમચંદ્રાચાર્ય. હેમચન્દ્રાચાર્યે પોતાના વ્યાકરણમાં સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત અને અપભ્રંશ ભાષાનું વ્યાકરણ પણ આપ્યું છે. છેલ્લાં આઠસો વર્ષમાં 'સિદ્ધહેમ'થી ચડિયાતા બીજા કોઈ વ્યાકરણની રચના નથી થઈ એ જ એની મહત્તા દર્શાવે છે.

વ્યાકરણ ઉપરાંત હેમચંદ્રાચાર્યે 'દ્વયાશ્રય મહાકાવ્ય,' 'ત્રિષષ્ટિશલાકા – પુરુષચરિત્ર,' 'યોગશાસ્ત્ર,' 'વીતરાગસ્તોત્ર,' 'સકલાર્હત્ સ્તોત્ર,' 'કાવ્યાનુશાસન,' 'અભિધાનચિંતામણિ,' 'નિઘંટુ કોશ,' દેશી નામમાલા,' વગેરે સંખ્યાબંધ કૃતિઓની રચના કરી છે. સાહિત્યનું તત્કાલીન કોઈ ક્ષેત્ર એવું બાકી નથી જેમાં હેમચંદ્રાચાર્યનું મૌલિક મહત્ત્વનું પ્રદાન ન હોય.

હેમચંદ્રાચાર્યે પોતાની કેટલીક કૃતિઓ ઉપર પોતે જ વિસ્તૃત ટીકા લખી છે. એને લક્ષમાં લેતાં હેમચંદ્રાચાર્યનું પોતાનું લેખનકાર્ય એટલું બધું વિપુલ થાય છે કે અસાધારણ ઉચ્ચતમ સર્જકપ્રતિભા અને વિવેચનપ્રતિભા વિના આટલું લેખનકાર્ય એક વ્યક્તિના જીવનકાળ દરમિયાન બનવું તે લગભગ અશક્ય જેવું લાગે. વૃદ્ધાવસ્થામાં પણ એમને હાથે મોટા ગ્રન્થો લખાયા છે. એમણે પોતાના જીવનકાળમાં સાહિત્યનો તો જાણે મોટો ઘોધ વહેવડાવ્યો હોય એમ લાગે છે. સરસ્વતીદેવીની અસીમ કૃપા વિના આવું બની ન શકે. એટલા માટે જ એમના સમયમાં લોકમાન્યતા રૂઢ થઈ હતી કે સાક્ષાત સરસ્વતીદેવી પ્રસન્ન થઈને એમની પાસે આવીને આ બધું લખાવી જતી હતી. એમની સર્જકપ્રતિભા એવી ઉચ્ચ કોટિની હતી કે એમના મુખમાંથી સરતા અર્થઘટન–શબ્દો સાહિત્ય બની જતા. તેઓ સાચા, મોટા Genius હતા. તેઓ પારસમણિ જેવા હતા. જેમ ધર્મના ક્ષેત્રે તેમ સાહિત્યના ક્ષેત્રે એમના નિયમિત સંપર્કમાં આવનાર વ્યક્તિ પણ સાહિત્યના રંગથી રંગાઈ જતી. એમના શિષ્યો રામચંદ્ર, ગુણચંદ્ર, બાલચંદ્ર વગેરે પણ મોટા સમર્થ સાહિત્યકારો બની ગયા હતા.

કુમારપાળ મહારાજાએ હેમચંદ્રાચાર્યને પોતાના ગુરુ ભગવંત તરીકે સ્વીકાર્યા હતા. એટલે એમની સલાહથી કુમારપાળે ગુજરાતને આર્થિક, સામાજિક અને સાંસ્કારિક એમ વિવિધ દૃષ્ટિએ સમૃદ્ધ કરવામાં ઘણો મોટો ફાળો આપ્યો, હેમચંદ્રાચાર્યની મહત્તા તો એ હતી કે પોતાની હૃદયની વિશાળતા અને સમત્વની ભાવના વડે પરસ્પર શત્રુ એવા બે સમર્થ રાજવીઓનો પ્રેમ અને આદર મેળવવાને તેઓ પાત્ર બન્યા હતા. હેમચંદ્રાચાર્યની જીવનયાત્રા સુદીર્ઘ હતી. ચોર્યાસી વર્ષની તેમની ઉંમર થઈ હતી. તેઓ સંયમી તપસ્વી સાધુ હતા અને યોગી પણ હતા. આવી વ્યક્તિઓને સામાન્ય રીતે દીર્ઘાયુષ્ય સાંપડે છે. હેમચંદ્રાચાર્યે પોતાની યોગલબ્ધિથી પોતાનો અંત સમય જાણી લીધો હતો. છ મહિના અગાઉ તેમણે પોતાના ગુરુબંધુ પ્રદ્યુમ્નસૂરિને તેની જાણ કરી દીધી હતી. તેમણે કુમારપાળ રાજાને પણ તે વાત જણાવી દીધી હતી અને તે વિશે શોક ન કરવા જણાવ્યું હતું. હેમચંદ્રાચાર્યે છેલ્લા દિવસોમાં અનશનવ્રત અંગીકાર કરી લીધું હતું અને સૌની સાથે ક્ષમાયાચના કરી લીધી હતી સં. ૧૨૨૯ (ઇ.સ. ૧૧૭૩)માં ૮૪ વર્ષની વયે પાટણમાં તેઓ કાળધર્મ પામ્યા. ચરિત્રકારો કહે છે કે બ્રહ્મરંધ્ર દ્વારા એમના આત્માએ દેહ છોડ્યો હતો. હજારો નરનારીઓએ એમની અંતિમ પાલખીનાં દર્શન કર્યાં હતાં.

એમના અગ્નિસંસ્કાર વખતે કુમારપાળ મહારાજા ઉપસ્થિત રહ્યા હતા. એમની ચિતાની ભસ્મ લઈ એમણે પોતાના કપાળે તિલક કર્યું હતું. હજારો લોકોએ પણ એ રીતે એ ભસ્મ વડે તિલક કર્યું હતું.

હેમચંદ્રાચાર્યને 'કલિકાલસર્વજ્ઞ' તરીકે ઓળખાવવામાં આવે છે. જિનમંડણગણિએ સંવત ૧૪૯૨માં લખેલ 'કુમારપાલ પ્રબંધ'માં જણાવ્યું છે કે બ્રાહ્મણ પંડિત દેવબોધિએ હેમચંદ્રાચાર્યના અગાધ જ્ઞાનથી પ્રભાવિત થઈ એમને 'કલિકાલસર્વજ્ઞ' તરીકે ઓળખાવ્યા હતા. હેમચંદ્રાચાર્ય વિષે સંશોધન કરનાર મુનિ જિનવિજયજી જણાવે છે કે હેમચંદ્રાચાર્યની અપરિચિત જ્ઞાનશક્તિથી મોહિત થઈ તેમના સમયના સર્વધર્મના વિદ્વાનોએ એકત્ર થઈને 'કલિકાલસર્વજ્ઞ' એવું બિરુદ એમને આપ્યું હતું.

મુનિશ્રી પુણ્યવિજયજી કહે છે કે, 'હેમચંદ્રાચાર્યને એમના અદ્વિતીય ગુણોને લીધે કલિકાલસર્વજ્ઞ તરીકે ઓળખાવવામાં આવ્યા છે. તેઓ મહાન આચાર્ય હતા, મહાન વૈયાકરણ હતા. મહાન સંયમી સાધુ હતા. એમ ભિન્નભિન્ન વિશેષણો પ્રયોજવા કરતાં 'કલિકાલસર્વજ્ઞ' એ એક જ વિશેષણમાં તેમના તમામ મહાન ગુણો સમાઈ જાય છે.'

હેમચંદ્રાચાર્યના નામ વડે માત્ર જૈનો જ નહિ; સમગ્ર ભારતીય સંસ્કૃતિ અને સમસ્ત વિશ્વસાહિત્ય ઉજ્જવળ છે. મહાન પ્રતિભાશાલી સર્જકોના સાહિત્યનું અધ્યયન ક્યારેય ખૂટતું નથી. સમયે સમયે વિભિન્ન દૃષ્ટિકોણથી અનેક સાહિત્યકારો એમનાં અધ્યયન–અધ્યાપન કરતા–કરાવતા હોય છે. અનુવાદ–સંશોધન–સંપાદન ઇત્યાદિ વિવિધ પ્રકારના કાર્ય એમના સાહિત્ય વિષે જુદી જુદી યોજનાઓ હેઠળ થયાં કરે છે અને થયા કરવું જોઈએ. સમયે સમયે આવતી નવી નવી પ્રજા આવા મહાન – ભવ્ય પુરુષોના યથાર્થ પરિચયથી વંચિત ન રહી જાય એ માટે પણ દરેક પેઢીએ ઉદ્યમ કરવો જરૂરી છે. હેમચંદ્રાચાર્યની આ આઠમી શતાબ્દીની ઉજવણી એ માટે એક ઘણું મોટું નિમિત્ત પ્રાપ્ત કરી આપે છે.

(પૃષ્ઠ ૯ ઉપર)

નાગણનો ફૂંફાડો

● તનસુખ ભટ્ટ

અખિલ ભારતીય મહિલા પરિષદે દસકાઓ અગાઉ, એકવાર એક ઠરાવ પસાર કરીને ભારતીય લેખકોને વિજ્ઞપ્તિ કરી હતી કે લેખકો નારીનાં ભારોભાર વખાણ કરીને, તેને માનવીને બદલે દેવી જ આલેખીને, તેને છાપરે ચડાવે છે, અથવા તો નારીનિંદામાં ઊતરી પડીને તેને પિશાચિની ચિતરીને તેને ઊંડી ગર્તામાં ધકેલી છે. આ બે અંતિમોની મધ્યમાં કયાંક નારી વસે છે, માટે કથાકારો, નવલકથાકારો, ભારતીય નારીનું યથાર્થ પાત્રાલેખન કરે એટલી વિનંતી છે.

વાત તો છે સાવ સાચી, પણ નારીહૃદયને પિછાનનાર કોણ? પિછાનીને આલેખનાર કોણ? એથી આગળ જઈને કહીએ તો માનવહૃદયને પિછાનનાર અને આલેખનાર કોણ? જેઓએ યથાર્થ પિછાન તથા આલેખન કર્યાં છે તેઓ મહાકવિઓ, મહાનવલકથાકારો, મહાનાટયકારો તરીકે પંકાઈ ગયા છે. આખી જિંદગીના મિત્રો, પતિપત્ની ચોકકસપણે કહી શકતાં નથી કે અમુક સંજોગોમાં તેમના સાથી કેમ વર્તશે, માનવહૃદયનો તાગ લેનારા પ્રતિભાશાળી કહેવાય છે. કારણ કે તે અતાગ છે, અકળ છે, અમોઘ્ય છે. કોઇ લેખક નારીને માટે રમણી કે રાક્ષસી એવો પ્રશ્ન ઉઠાવે છે. કોઈ તેને હૈયાસગડી ગણે છે. કોઈ નારીને નરકની ખાણ કહે છે. કોઇ સૂત્રકારની ઢબે ભાખે છે કે જ્યાં નારીઓ પૂજાય છે ત્યાં દેવતાઓનો વાસ છે. કોઇ કહે છે કે જે કર પારણું ઝુલાવે તે કર જગત પર સાચું શાસન કરે છે, કોઇ તેને અબલા ગણે છે, કોઇ તેને પ્રબલા માને છે, કોઇ તેને બલા સમજે છે. ગાંધીજી નારીને, વિશેષે વિધવાને સહશીલતાની મૂર્તિ માને છે. સંસ્કૃત સુભાષિત કહે છે કે જનની તથા જન્મભૂમિ એ બંને સ્વર્ગ કરતાંય અદકેરાં છે, આ મતમતાંતરોમાં સાચું શું?

સત્ય હકીકત એ છે કે દરેક માનવીમાં પ્રકૃતિના સત્ત્વ, રજસ અને તમસ ત્રણે ગુણો એકી સાથે વિદ્યમાન છે. સત્ત્વગુણી યુધિષ્ઠિર જુગટું રમ્યા ને જૂઠું બોલ્યા. સૂતપુત્ર તરીકે ઉપેક્ષા પામેલ કર્ણ ભારતનો એક દાનેશ્વરી ગણાઇ ગયો. છ મહિનાનું નિદ્રાસનનું તપોગુણી વરદાન માગનાર કુંભકર્ણ સીતાને પાછી રામને હવાલે કરી દેવાની ધાર્મિક સાત્વિક શિખામણ રાવણને દે છે. અબળા જાતિની રાણી લક્ષ્મીબાઇ ૧૮૫૭ની સાલમાં પુરુષવેશે રણ-સંગ્રામમાં ઝુકાવે છે, મેઘાણીની 'દીકરો' વાર્તાની એક કાઠીકન્યા પંદર વરસની વયે લૂંટારુની પીઠમાં બે હાથે ભાલો ઝીંકી તેને ધૂળ ચાટતો કરી મૂકે છે, જીવનભર દેવીની જેવું આચરણ કરનાર સતીઓ કળકળતી આંતરડીએ અત્યાચારીનું નખોદ જજો એવો શાપ દઇ દે છે, એક અંગ્રેજી કરુણપ્રશસ્તિકાર સ્ત્રીઓ માટે કહે છે: "Can woman dospise gold?" પરંતુ સ્વરાજના આંદોલનમાં ભારતભરની નારીઓએ પોતાની સોનાની બંગડીઓ એ મહાત્મા ગાંધીના હાથમાં હસતે મુખે ધરી હતી, દોજખના દેગડા જેવા દારૂનાં પીઠાં પર અબળાઓએ શાંત ચોકી કરી હતી અને તેમને દારૂડિયાઓએ આંગળી પણ અડાડી નથી. આમ દેખીતા ગુણ કે અવગુણોથી વિરુદ્ધ વર્તન થાય છે એ વાત સત્ય છે. પ્રતિભાની કસોટી ત્યાં છે કે આવા પરસ્પરવિરોધી ગુણો અચાનક, અણધાર્યા ઝબકે ત્યારે તેને શબ્દસ્થ કરવા.

મહાકવિ વાલ્મીકિ, વ્યાસ અને પંચમહાકાવ્યના કવિઓ તથા અન્ય પ્રતિભાશાળી કવિઓ આવી વિરલ ક્ષણોને ઝડપી શક્યા છે, નારીહૃદયના અતાગ ઊંડાણનો તેઓ તાગ લઈ શક્યા છે. સદૈવ સૌમ્ય, શાંત, સુકોમળ સ્વભાવની નારીઓને તેમણે ડંખીલી નાગણની જેવા ફૂંફાડા મારતી આલેખી છે. પગ નીચે દબાયેલ કીડા કે જીવજંતુય કરડે છે. તો પછી અપમાનિત થયેલી અબળા પ્રબળા શે ન બને?

રામાયણમાં રામનો ભાવિ રાજ્યાભિષેક જ્યારે કૈકેયીએ ઉથલાવી નાખ્યો ત્યારે રામ વનવાસના તે સમાચાર કહેવા સીતા પાસે આવ્યા અને તેને અયોધ્યામાં રહી સાસુ-સસરા તથા અન્ય સુપાત્રજનોની સેવા-સંભાળ લેવાનું કહ્યું, સીતાએ ઉત્તર વાળ્યો :-

'હે ધર્મજ્ઞ રાજકુમાર! તમે ભારે ઉપદેશ આપ્યો! પણ તમારી વાત સાંભળીને મને હસવું આવે છે, પતિ અલગ છે અને પત્ની અલગ છે એ વાતનું જ્ઞાન તમારી વાતો ઉપરથી મને આજે જ થયું! હું મારાં માતપિતા પાસેથી ધર્મ શીખી છું. એ પરસ્પર વિરોધી દેખાય છે.'

રાવણનો રામે વધ કર્યો અને સીતાને સ્નાનાદિ કરી વસ્ત્રાલંકારથી વિભૂષિત થઇ, પાલખીમાં બેસી, પોતાની પાસે આવવા કહેણ મોકલ્યું, વાનરોની ભીડને લીધે સીતા માર્ગમાં જ પાલખીમાંથી ઊતરી, પગે ચાલી, રામની પાસે આવ્યાં અને 'આર્યપુત્ર' એટલું જ બોલી શકયાં, પછી ડૂસકે ડૂસકે રડી પડયાં. આ વેળાએ કૂદકા મારતા અને પરસ્પરની પૂંછડીઓ ખેંચતા વાનરોનાં હૃદયો તથા નયનો ભીનાં થયાં. પણ રામ કઠોર વચનો કહે છે :-

"મેં તારે કારણે આ ભયંકર યુદ્ધ નથી ખેલ્યું. મેં તો મારું કર્તવ્ય પૂરું કર્યું, તને મેળવ્યાનો હવે મને આનંદ નથી. તું લોકાપવાદના ધુમાડાથી ઘેરાઇ છે. મારી સાથે તારું રહેવાનું હવે અશકય છે. તું પરાયા ઘરમાં ઘણો વખત રહી ચૂકી છે. એ સ્થિતિમાં તારો સ્વીકાર કરવો ઉચિત નથી. તારે શું કહેવું છે?"

સીતાને આખે શરીરે ઝાળ લાગી, આંખમાંથી ક્રોધના તણખા વેરતાં તેઓ બોલ્યાં :

'રામ! તમારે મોઢેથી આવી વાતોને સાંભળવાની આશા હું નહોતી રાખતી, કોઇ સાધારણ માણસની જેમ તમે બોલી નાખ્યું. રાક્ષસ મને જબરદસ્તીથી ઉપાડી લાવ્યો હતો એ શું તમે નથી જાણતા? ક્રોધને કારણે તમારી વિવેકબુદ્ધિ નષ્ટ થઈ ગઇ હોય એમ લાગે છે, હું કયા કુળની છું એ તમે ભૂલી ગયા કે શું? યાદ રાખો. મારા પિતા રાજા જનક છે તેમને ત્યાં હું મોટી થઇ છું. તેમની પાસેથી હું ધર્મ શીખી છું. લક્ષ્મણ! જલદી અગ્નિ પ્રગટાવો!'

લક્ષ્મણની દશા સૂડી વચ્ચે સોપારી જેવી થઈ. રામ ઉપર તેને ક્રોધ ચડયો. કચવાતે મને તેણે દેવતા ચેતાવ્યો, ચિતા

ભડભડ સળગી એટલે સીતા બોલ્યાં :

'હે દેવતાઓ! તમને મારા નમસ્કાર, હે અગ્નિદેવ! તમને તો મારી પવિત્રતા વિષે શંકા નથી ને? તમે મને આશરો આપો!' આટલું વદી સીતાએ અગ્નિજ્વાલામાં પ્રવેશ કર્યો.

અયોધ્યા પાછા ફર્યા પછી ધોબીનાં વચનોથી રામ સીતા-ત્યાગનો નિર્ણય લે છે તથા લક્ષ્મણને તે કાર્ય બજાવવા આદેશ આપે છે. વન બતાવવાને નિમિત્તે લક્ષ્મણ સીતાને વાલ્મીકિ ઋષિના આશ્રમની નજીક લઇ ગયા. ક્ષમા માગતાં બધી હકીકત વર્ણવી, સીતા લક્ષ્મણને અભયદાનપૂર્વક નિર્દોષ જાહેર કરે છે, આટલું થયા પછી સીતા લક્ષ્મણને કહે છે :-

'હે લક્ષ્મણ! એ રાજાને જઇને કહેજે કે અગ્નિની સાક્ષીએ મેં વિશુદ્ધિની પરીક્ષા આપી છે. તેને તું લોકોના બબડાટથી તજી દે છે તે તારા પ્રખ્યાત કુળને છાજે છે ખરું? લક્ષ્મણ! સર્વે સાસુઓને મારા પ્રણામ કહેજે અને મારા ઉદરસ્થ ગર્ભનું કલ્યાણ થાય તેની ચિંતા અને ચિંતન કરવાની ભલામણ કરજે, જે તપસ્વિનીઓ પોતાના આશ્રમોમાં કુદરતી તથા વન્ય પ્રાણીકૃત આપત્તિઓમાંથી બચવા માટે મારી પાસે શરણ માગતી તેમની પાસે સામે ચાલીને શરણ માગવાને મારે આજે જવું પડશે, અને તે પણ જ્યારે તારો રાજ્યપ્રતાપ સોળે કળાએ ઝળહળી રહ્યો છે ત્યારે મને જીવનમાં રસ રહ્યો નથી પરંતુ આ ઉદરસ્થ ગર્ભની રક્ષા માટે મારે નીરસ જીવન જીવ્યા વિના અન્ય આરો નથી. તેં મને કાઢી તો મૂકી પણ આશ્રમોમાંની અનેક તપસ્વિનીઓમાંની એક તરીકે રાજ્યપાલક રાજા પેઠે તું મને જોતો રહેજે.'

સૌમ્ય સ્વભાવની ક્રોધમાંય પ્રેમનાં વચનો બોલી નાખનારી સીતા જ્યારે છંછેડાય છે, ત્યારે હીરના ચીરમાં વીંટીને તે રામને જોડા મારે છે.

મહાભારતની કથામાં દ્રૌપદીના સ્વયંવર માટે તેનો ભાઇ ધૃષ્ટદ્યુમ્ન બહેનને લઇને હાજર થયો અને રાજાઓથી ખીચોખીચ ભરેલા સભામંડપમાં આખી સભા સાંભળે તેમ બોલ્યો :

'રાજન્યો! આ ધનુષ્ય, આ નિશાન ને આ બાણો, આ યંત્રના છિદ્રમાંથી એકી વખતે પાંચ બાણો મૂકીને જે નિશાન વીંધશે તે મારી બેન કૃષ્ણાને પરણશે.' સર્વે રાજાએ પ્રયત્ન કરીને વીલે મોઢે સ્વસ્થાને બેસી ગયા ત્યારે કર્ણ ઊઠ્યો. પણ જ ધનુષ્ય ઉપર ચડાવી તેણે બાણનું સંધાન કર્યું. ત્યાં દ્રૌપદી ગરજી ઊઠી, 'હું સૂતપુત્રને પરણવાની નથી.' દ્રૌપદીનો આ પહેલો ધડાકો.

જુગારમાં યુધિષ્ઠિર દ્રૌપદીને હોડમાં મૂકીને હાર્યા. દુઃશાસન દ્રૌપદીના મહેલમાં ગયો અને દાસી તરીકે પોતાની સાથે આવવાનું તેને કહ્યું, દ્રૌપદી ધૃતરાષ્ટ્રના સ્ત્રીવર્ગમાં દોડી ગઇ તો તે ત્યાં ગયો ને તેના કાળા નાગ જેવા કેશ પકડીને તેને ઘસડતો સભામાં લાવ્યો, દ્રૌપદીના કેશ વિખરાઇ ગયા, તેના વસ્ત્રનો ઉપલો છેડો સરી પડ્યો, એટલે તે બોલી :

'હે દુઃશાસન! તું મને નવસ્ત્રી ન કર. રાજપુત્રો પાંડવો તારો આ અધર્મ સહન કરશે નહિ. તું આ વૃદ્ધોના દેખતાં મને રજસ્વલાને ખેંચે છે અને કોઈ તને વારતું નથી, એટલે મને લાગે છે કે ભરતવંશીઓનો ધર્મ લોપ પામ્યો છે, તારા આવા ઉગ્ર અધર્મને પણ કોઇ ધ્યાનમાં લેતું નથી તેથી મને લાગે છે કે કુરુઓ હવે ધર્મને પરવારી બેઠા, મહારાજ યુધિષ્ઠિરે પોતે પોતાને હારી ગયા પછી મને શા માટે (શા હકથી) દાવમાં મૂકી? આ સભામાં બહુઓના પ્રભુ એવા કૌરવો બેઠા છે તે બધા મારા પ્રશ્નનો યથાર્થ ઉત્તર આપે.' દ્રૌપદી ભારતની પ્રથમ સ્ત્રી બેરિસ્ટર હતી, તેણે આગળ ચલાવ્યું, 'આ દુઃશાસને મને ખેંચી ખેંચીને વિહ્વળ કરી મૂકી છે, પૂર્વે મને ઘરમાં વાયુ અને સૂર્ય પણ જોઇ શકયા નથી. તે આજે તમારી વચ્ચે એક વસ્ત્રે ઊભી છું. હું ભીષ્મની અને કુરુઓની પુત્રવધૂ છું. હું પાંડવોની પત્ની, ધૃષ્ટદ્યુમ્નની બેન ને શ્રીકૃષ્ણની સખી છું, છતાં આ દુઃશાસન મને પીડે છે ને તમે સૌ જોઈ રહો છો, તેથી મને લાગે છે કે કાળ બદલાયો છે ને કુરુઓનો વિનાશ નજીક છે.'

બાર વરસના વનવાસમાં પાંડવો ગયા ત્યારે કામ્યક વનમાં ધૃષ્ટદ્યુમ્ન, ધૃષ્ટકેતુ અને શ્રીકૃષ્ણ તેમની ખબર કાઢવા ગયા. દ્રૌપદીએ શ્રીકૃષ્ણને કહ્યું :-

'હે કેશવ! હું પાંડવોની ભાર્યા. ધૃષ્ટદ્યુમ્નની બહેન, શ્રીકૃષ્ણની સખી છું. મને કોઇથી સભામાં કેમ ઘસડી શકાય? હું રજસ્વલા હતી, રુધિરથી ખરડાયેલી હતી, મારાં અંગ પર માત્ર એક જ વસ્ત્ર હતું. દુઃખને લીધે હું ધ્રુજતી હતી. છતાં મને સભામાં ઘસડી આણી, હું ભીષ્મની કુલવધૂ ને દ્રુપદરાજની પુત્રી, તમે સૌ જીવતા હો, મારો વીરો જીવતો હોય, મારા પતિઓ જીવતા હોય, છતાં મારી આ દશા થાય છે ત્યારે તમને સૌને ધિક્કાર છે.'

કામ્યક વનમાંથી પાંડવો દ્વૈતવનમાં ગયા, ત્યાં પરસ્પર ભવિષ્યની યોજનાઓની ચર્ચા થવા લાગી, ભીમ અને દ્રૌપદી પરાક્રમથી કૌરવોનું નિકંદન કાઢવાના મતના હતા, વનવાસથી બળાજળા રહેતી દ્રૌપદી બોલી :-

'હે મહારાજ! બીજા રાજાઓ ઇંદ્ર સમાન તેજસ્વી હોઇને પૃથ્વીને ભોગવે છે ત્યારે તમે, હાથી જેમ ફૂલની માળાને ફેંકી દે તેમ રાજપાટ ફેંકી દીધા છે, જેઓ કપટી લોકો સાથે કપટી થતા નથી તે મૂઢજનો પરાભવ પામે છે. તમારા વિના બીજો કયો રાજા શત્રુ પાસે પોતાની રાજલક્ષ્મીનું હરણ કરાવે? જે માર્ગની શૂરવીરો નિંદા કરે છે તે માર્ગની ધૂળમાં તમે આળોટો છો, અને પરિણામે શત્રુની સરજેલી દુર્દશા અનુભવો છો, આમ છતાં તમને કેમ અંતરમાં આગ લાગતી નથી? જેનો ક્રોધ અન્યનું નિકંદન કાઢવા જેટલો પ્રબળ હોય છે તેવા શક્તિશાળી નરને જ લોકો તાબે રહે છે, જેનામાં ક્રોધ જ નથી તેનો શત્રુઓ કદી આદર કરે ખરા? આ ભીમસેનના ચંદનના લેપને ઉચિત અંગો આજે રસ્તાની ધૂળથી રજોટાય છે. તે નિહાળીને તમને કાંઇ થતું નથી? ઇન્દ્ર સમાન તેજસ્વી જે અર્જુને કુલુપ્રીણની ઉત્તરે આવેલા પ્રદેશો જીતીને ત્યાંથી તમને અઢળક સોનું આણી આપ્યું હતું તે જ અર્જુન આજે તમને પહેરવા માટે વલ્કલો ધરે છે, તે નિરખી તમને જરાય બળતરા થતી નથી? આ માદ્રીપુત્ર નકુળ-સહદેવ શિર પર બિખરાયેલા વાળ સાથે અરણ્યમાં જંગલી હાથીની પેઠે રખડે

છે તે પેખીને તમને તમારા આ યમને આ નિયમ તજવાનું મન કેમ નથી થતું ? હૃદયને બાળી નાખતી તમારી આ વિપત્તિનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે તમને શા વિચારો ઊઠતા હશે તે તો હું જાણી શકતી નથી પરંતુ મારું પોતાનું હૈયું તો ચિરાઈ જાય છે, પૂર્વે રાજમહેલમાંના વૈતાલિકો પ્રભાતમાં તમારાં યશોગાન ગાઈને તમને સુમધુર કંઠે જગાડતા આજે આ વગડાનાં શિયાળિયાં કરુણ લાળી કરીને તમને ઉઠાડે છે. પૂર્વે બ્રહ્મભોજન કરાવીને તમે પ્રસાદ આરોગતા ત્યારે તમારો દેહ રમણીય દીસતો, આજે તમારા આ કુલાહારથી તમારી કાયા ને તમારી કીર્તિ બંને કરમાયાં છે, પૂર્વે મણિમય પાદપીઠ ઉપર મૂકેલા તમારા ચરણોને પ્રણામ કરતા રાજવીઓના મસ્તકની પુષ્પમાળાના કેસરથી જે ચરણો છંટકાતા હતા તે જ તમારા ચરણો આજે યજ્ઞાર્થે ઋષિઓએ વાઢેલા દર્ભોની મધ્યમાં આથડે છે. દુશ્મનોએ સરજેલી આ દુર્દશા મારા મનને મથી નાખે છે. દૈવકૃત દુર્દશાનો ઉપાય નથી, પરંતુ આ માનવકૃત દુર્દશાનો ઉપાય તમારા જ હાથમાં છે, હવે આ મનની શાંતિને વેગળી મૂકીને શત્રુના વધનો ઉપાય વિચારો, શમદમથી માત્ર મુનિઓ જ સિદ્ધિ પામે છે–રાજવીઓ નહિ, પ્રતાપીઓમાં અગ્રેસર, યશોધનના નિધિરૂપ રાજા જો આવાં અપમાનો સહેવામાં સંતોષ માનતા હોય તો પછી ગૌરવ અને અભિમાનને આશરો કયાં મળશે ? જો તમે પરાક્રમને પરહરીને ક્ષમાને જ સુખનું સાધન માનતા હો તો પછી ધનુષ્યબાણને નેવે મૂકી, ઋષિ-મુનિની જેમ લાંબી જટા વધારી, દિન-પ્રતિદિન હોમહવનો કર્યે રાખજો. નિત્ય નવાં અપમાનો ઉપજાવનારા શત્રુ ઉપર વેર લેવાને તો બાર વરસની વાર છે એમ જો તમે વિચારતા હો તો તે મુમુક્ષુઓનું તત્ત્વજ્ઞાન હશે પણ ક્ષત્રિયોની રાજનીતિ તો નથી જ. વિજય વાંછતા રાજાઓ તો કોઈને કોઈ બહાનું ઉપજાવીને પરસ્પર થયેલી સંધિને દોષમય ઠરાવે છે અને પછી તેને ચીંથરાંની જેમ ઉડાડી મૂકે છે. વિધિએ નિર્મેલા અસ્તકાળે સૂર્યનારાયણ પણ એક વાર આથમી જાય છે ખરા પરંતુ પ્રભાતકાળ થતાંવેંત જ અંધકારને વિદારીને તેઓ ઝળહળી ઊઠે છે. અંધકાર ઉચ્છેદ કરનારા આવા સૂર્યને જેમ શ્રીની પ્રાપ્તિ થાય છે તેમ તમને પણ તે પ્રાપ્ત હો.'

સૌરાષ્ટ્રના કોઈ રાજવીને ત્યાં રાજકન્યા જન્મી, જોશીએ જોષ ભાખ્યા કે આને પરણશે તેનું લગ્નમાં મૃત્યુ થશે, રાજાએ કન્યાને તળાવની પાળે તજી દીધી. મજેવડી ગામનો કુંભાર તળાવની માટી લેવા નીકળેલો તેણે તેને જોઈ અને નિઃસંતાન હતો તેથી તેને પુત્રી તરીકે ઉછેરી. પંદર વરસની વયે કન્યાનું રૂપ ઊઘડ્યું, ચારણોએ જૂનાગઢના રા' ખેંગારને તથા પાટણના રાજા સિદ્ધરાજને તેની જાણ કરી અને તેના રૂપનાં વખાણ કર્યાં, નજીકના જૂનાગઢનો રા'ખેંગાર રાણકદેવીને પરણ્યો અને દૂરનો સિદ્ધરાજ રહી ગયો. સિદ્ધરાજે વેર વાળવા જૂનાગઢને બાર વરસનો ઘેરો ઘાલ્યો. અંતે ધરના ઘાતકી ભાણેજના દગાથી ઉપરકોટનો દરવાજો ઊઘડ્યો અને રા'ખેંગાર યુદ્ધ કરતાં મરાયો. સિદ્ધરાજે રાણકની તપાસ કરી તો તે ઉપરકોટમાંથી ગુપ્ત માર્ગે ગિરનાર પર્વતે પહોંચેલી તેમ જાણ્યું. ત્યાંથી તેને પકડી મંગાવી અને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. સતી રાણકે ના પાડી તેથી તેના મોટા પુત્રને મારી નાખ્યો. તો ય તે ન ડગી આથી તેને ઉઠાવીને પાટણ ચાલ્યો. વઢવાણ આવતાં રાણકને સત ચડ્યું ને ત્યાં સતી થઈ, ગિરનારથી ઊતરતાં રાણકદેવી સોરઠની ભૂમિનાં ઝાડપાન, પહાડ, પશુપક્ષી વગેરેને સંબોધી કઠોર વચનો કહે છે અને ગુજરાતની ભૂમિની નિંદા કરે છે. રાણકદેવી કહે છે :

'હે ખેંગારના વેગવંતા ઘોડા! તારો રવામી મરતાં આજે મારે ગુજરાતનું ગામતરું થાય છે, એ જોઈને તારું હૃદય ફાટી કેમ નથી પડતું ? હે વનના મોરલા ! ઉપરકોટને કાંગરેથી તું શીદ ટૌકા કરે છે? તારા મીઠા ટૌકા આજે મારા કાળજાને શારી નાખે છે, જાણે કે પાણીથી મારું દેહપિંજર ઠરવાને સાટે દાઝે છે. હે વાવ ઉપર ઝકુંબેલા વડલા તું નધણિયાતો છતાં લીલો કેમ રહ્યો? ખેંગારના શોકમાં બળીને તું લાકડું કેમ ન થયો ? હે ચંપા! તારી સુગંધ માણનાર ખેંગાર ગયો છતાં તું કેમ ફૂલ્યો છે ? તારા ધડમાં હું આગ મૂકીને તને રાખ કરી નાખું એવી આગ આજે અંતરમાં સળગે છે, હે ગિરનાર ! વાદળ સાથે વાતો કરતો હોય તેટલો તું ઊંચો છે. તને ભૂમિનાં માનવીના હૃદયની શી ગતાગમ હોય ? ખેંગાર મરતાં રંડાપો તો મને આવ્યો, તને નહિ, ગોઝારા ગિરનાર શું જોઈને તું વેરીને વળાવી રહ્યો છે? શોકથી તું ભાંગી કેમ નથી પડતો ? જ્યાં પટોળાં નામના મૂલ્યવાન સાળુ બને છે તે પાટણના દરવાજામાં પૂળો મુકાઓ, સુદર તો આ સોરઠની ભોમકા છે કે જ્યાં ઊનની કામળીને મળતી લોબડી લાખેણી ગણાય છે, સત્યાનાશ જાજો એ પાટણ પ્રદેશનું કે જ્યાં ઝીણા પોરા (જંતુ) જીવતા રહે એટલું પાણી યે લોકો પામતાં નથી, એથી તો અદકો છે મારો સોરઠ દેશ કે જ્યાં સાવઝ જેવાં કદાવર પશુઓ પણ અખંડ વહેતા સરિતાજળમાં પડીને આકંઠ જળપાન કરી શકે છે. જેની ભાગોળે ભોગાવો નદી વહે છે એવા આ સુંદર વઢવાણ શહેરને પાદરે હું આજ સતી થાઉં છું. હે ભોગાવાના ભરથાર ! મારા જે દેહને ખેંગાર ભોગવતો હતો તેને હવે તારામાં તાકાત હોય તો ભોગવજે. મને સતી થવા માટે તેં દેવતા પણ મળવા દીધો નથી, તને અબળખા હશે કે હજી રાણક મને પરણશે. ભોગવજે આ દેહને તારા લાવલશ્કરના બળ ઉપર ! હે સૂર્યનારાયણ ! મને આ ફાની રાજ અગ્નિ નથી આપતો તો તમારા આથમતા બિંબમાંથી મને કિરણાગ્નિ આપો !' રાણક આટલું બોલી ત્યાં તેના પગનો અંગુઠો સળગ્યો ને ચિતા ભડભડાટ ચેતી.

સૌરાષ્ટ્રના બરડા ડુંગરમાં ચારણના નેસમાં અમરા કાળા નામનો ચારણ ભેંસો વડે ગુજરાન કરતો હતો. તેને ઊજળી નામે એક કન્યા હતી, એકવાર ચોમાસાની ઋતુમાં એક બેભાન ઘોડેસવારનો ઘોડો તેને આંગણે આવીને ઊભો. ઘરમાં કોઈ હતું નહિ. ઊજળીએ અસવારને સેજમાં સૂવાડી તેને બાથ ભરીને દૂધ આપી. અસવાર જાગ્યો. પોતાનાં અંગ અભડાયાં માની ઊજળીએ તેને અંતર અર્પણ કર્યું, તે પુરુષ ધુમલી નગરીનો રાજકુમાર મેહ જેઠવો નીકળ્યો. પરસ્પર લગ્નના કોલ અપાયા, તિથિ નક્કી થઈ. વારંવાર મેહનાં તેની સાથે મિલનો થયાં. રાજાને ખબર પડતાં તેણે કહ્યું કે રાજપૂત અને ચારણનો સંબંધ ભાઈ-બહેનનો છે. લગ્ન નહિ થાય, મેહ ચૂપ થઈ રહ્યો, તિથિ વહી જતાં ઊજળી ધુમલી ગઈ ને રાજમહેલ સામે ઊભી રહીને 'એકવાર તો મોં બતાડ' એવી

આજીજી કરવા લાગી. મેહજીયે બારીમાંથી કહ્યું કે 'રાજપૂત અને ચારણ ભાઇબેન છે માટે બધું બનેલું તું ભૂલી જજે.' ઊજળી કહે છે :-

'હે બરડાના ધણી જેઠવા! આજ સુધી તો તું મને મીઠે સ્વરે બોલાવતો ને આજ કૂચા જેવાં વેણ શીદ ઉચ્ચારે છે? જાણી જોઇને છાણે ચડાવેલો વીંછી ડંખ ન મારે તો બીજું શું કરે? મેં તને બરડાના બિલેશ્વર પાસેથી માગી લીધો એટલે મને તારા ડંખ વાગે જ ને! તારી અધમતા આટલી હદે જશે એમ મેં નહોતું ધાર્યું, જો તેમ જાણત તો મારા પગ ઢાંકીને હું બાળકુંવારી બેસી રહેત, તેં મને પ્રીતિ કરીને પાટુ મારી, હું સામે ચાલીને અહીં આવનારી આજ હલકી પડી ગઇ. જો તારા દિલમાં પ્રેમ ન હતો તો ના પાડવી ઘટારત હતી, હે કુલીન કુમાર! તેં મારી લાજ લઇને લોકમાં મને ભોંઠી પાડી, મારાં જેવી પરદેશી (વનવાસી) કન્યાની પીડા તું નગરજન કેમ કરીને જાણવાનો? તેં ભાથાં ભરીને તીર રાખેલાં તે એક પછી એક મને માર્યે જ રાખ્યાં! હું પ્રણયમાં વીંધાઇને ચાળણી જેવી થઇ ગઇ. પરિણામ એ આવ્યું કે હું સદાય તારી ઓશિયાળી જ રહી, તારી ડેલીના ટોડલા ઝાલીને નીચે મોઢે ઊભા રહેવાની દયામણી દશા હવે શેં ટળે? તેં મને કાયમ માટે મેણિયાત કરી મૂકી, બાળોતિયામાં વીંટેલી હતી ત્યારથી જ હું દુઃખી છું, મારું બાળપણ નિરાધાર ગયું, માતા મરી ગઇ ને તેના થાનેલા ઉપર હું કદી ઠરીને ધાવવા પામી જ નહિ, માએ જેમ તરછોડી તેમ આજ તેં મને તરછોડી! તાવમાં ઉકરાંટા આવતાં માણસ જેમ અન્નને ધુતકારે તેમ આજે ધુમલીના કુલીન કુમારે મને દગાથી ધુતકારી! મારી મીઠી પ્રીત એને અફીણ જેવી કડવી લાગી, આ બરડાનો મુલક ખારો નીકળ્યો, એનાં ખારાં હૈયાંનાં માનવી માત્ર મોઢેથી જ મીઠું બોલી જાણે છે. આવા નગુણા સાથે નેહ શો ને નાતો શો? અરેરે! મેં કુંભારની કાચ્યમાંથી કાચો ઘડો પસંદ કર્યો, મેં નહોતું જાણ્યું કે પ્રેમજળમાં આ કાચો ઘડો ગળશે ને મને ડુબાડશે, આભપરાને ડુંગરેથી ફેંકાઇને હું મહેરામણમાં ડૂબી, હવે તો હે પૂર્વના પ્રીતમ! આપણે સ્વર્ગમાં જ મળશું. આ કરતાં તો તું મરી ગયો હોત તો કરમના લેખ માનીને હું મન વાળી બેસી રહેત. આજ તું મને જીવતીને ભડભડાટ કેમ બાળે છે? ભોળી કન્યાને દગો દેનારા હે કૃતઘ્ન કામી! તારી આ ધુમલી નગરી ઉપર કાગડા કળકળશે. તારી નામવંત નગરીના ધુમટા ભાંગીને ભૂકો થશે, તારા રાજમાં રોજ ને રોજ આગ લાગ્યા કરશે, પાણીના જળસાપો પગ તળે દબાતાં સહેજ ડંખ મારે છે. એ પરડોતરાંના ડંખે મોત ન નીપજે, પરંતુ હળાહળ વિષવંતા નાગના ડંખેલા માનવી તો પાવળું પાણી માગવા જેટલાંય ન જીવે, તેમ પામર સ્ત્રીના શાપ ન ફળે પણ મારી જેવી પવિત્ર, કુલીન, નિર્દોષ ચારણકન્યાના શાપે તારું ધનોતપનોત નીકળશે.'

દક્ષિણ આફ્રિકાનાં પાશ્ચાત્ય બાંધણીનાં ઘરોમાં બાળ-બોરી હોતાં નથી. રાતની હાજત થાય તો તેનાં ખાસ ચીનીમાટીનાં વાસણોમાં તે પતાવી ઘરના માલિક જાતે જ તે ઉપાડતા. ગાંધીજી વકીલાતના ધંધામાં મહેતાજીઓને પોતાના ઘરમાં રાખતા. જૂના મહેતાઓ પોતાની હાજતનાં વાસણો પોતે ઉપાડતા. પણ એક નવા ખ્રિસ્તી મહેતાને આ સ્વાશ્રયના રિવાજની ખબર નહિ. ગાંધીજીએ કસ્તુરબાને તે ઉપાડવા હુકમ કર્યો. કસ્તુરબાની ગૌણવ પ્રકૃતિને આ પારકાં મળમૂત્ર ઉપાડવાં અપમાનજનક લાગ્યું. આંખમાંથી આંસુ પડતાં જાય, લાલ આંખે તેઓ ગાંધીજી તરફ જોતાં જાય અને વાસણ ઉપાડતાં જાય. પણ ગાંધીજી કહે હસતાં હસતાં ઉપાડો. તે કેમ બને. ગાંધીજી કહે : 'આ કંકાસ મારા ઘરમાં નહિ ચાલે', 'ત્યારે તમારું ઘર તમારી પાસે રાખો, હું ચાલી!' કસ્તુરબાએ સંભળાવ્યું, ગાંધીજીએ કસ્તુરબાનું કાંડું પકડ્યું ને સીડી ઉતરાવી દરવાજા સુધી તેમને બેચી ગયા. દરવાજો અરધો ઉઘાડ્યો. કસ્તુરબાએ પરખાવ્યું, તમને તો લાજ નથી, મને છે. જરા તો શરમાઓ, હું બહાર નીકળીને ક્યાં જવાની હતી? અહીં બાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઇ એટલે મારે તમારા ધુબ્બા ખાવા જ રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઇ જોશે તો બેમાંથી એકે નહિ શોભીએ!"

આવા છે અબળાના ઉદ્‌ગારો, સુંદરીના સપાટાઓ, સતીના શાપો, તરુણીના તમાચાઓ, સર્પિણીના સુસવાટાઓ ન નાગણના ફુંફાડાઓ. મહાન કવિઓ જ આવી લલનાના મુખમાંથી લાવારસ વહાવી શકે. પ્રેમાળ સીતા કટાક્ષમાં વાગ્બાણ ફેંકી શકે છે, પતિના પડછાયા જેવી દ્રૌપદી દાઝુણ દાવાનળ જેવી વાગ્ધારા વહાવી શકે છે, લાડકા પુત્રને પોતાની સગી આંખ સામે કતલ થતો જોતાં અબળા રાણકના મુખમાંથી આગ ઝરે છે, વનચરોની વચ્ચે ઉછરેલી ઊજળીનો આત્મા અગ્નિશિખા જેવાં વચનો વડે મેહને મૂંગોમંતર બનાવી દે છે. અને અશિક્ષિત કસ્તુરબાનાં વચનોનો હુતાશ બેરિસ્ટર બાપુજીની બુદ્ધિને બહેર મારતી કરી મૂકે છે, છંછેડાયેલી છબિલી લલનાની પ્રકોપપૂર્ણ વાગ્ધારા, સાહિત્યને વાંચવાથી નથી સરજાતી પણ તે આત્માની કલામાંથી ઊપજે છે ને અનાયાસે સાહિત્યનું ગૌરવ ધારણ કરે છે. *

પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ ૩૯સ ૧૮૫૬ના અન્વયે)

(ફૉર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિનું સ્થળ	: રસધારા કો. ઓ. હા. સોસાયટી,
	: ૩૮૫ સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.
૨. પ્રસિદ્ધિનો ક્રમ	: દર મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ	: ચીમનલાલ જે. શાહ
કયા દેશના	: ભારતીય
ઠેકાણું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી,
	: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪.
૪. પ્રકાશકનું નામ	: ચીમનલાલ જે. શાહ
કયા દેશના	: ભારતીય
ઠેકાણું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪
૫. તંત્રીનું નામ	: ડો. રમણલાલ ચી. શાહ
કયા દેશના	: ભારતીય
ઠેકાણું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વી. વી રોડ, મુંબઇ-૪
૬. માલિકનું નામ અને	: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ,
સરનામું	: ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૮૮ **રમણલાલ ચી. શાહ**

શ્રમ મંદિર અને મુનિ સેવા આશ્રમની મુલાકાત

* શાંતિલાલ ટી. શેઠ

સંઘના અધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો તેમજ દાતાઓ એમ એકંદર ૩૨ ભાઈ – બહેનોએ રવિવાર તા. ૨૧-૨-૧૯૮૮ ના રોજ વડોદરાની નજીક આવેલી રકતપિત્તના દર્દીઓ માટેની શ્રમમંદિર નામની વસાહતની મુલાકાત લીધી હતી.

ગત્ પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે સંઘે શ્રમ મંદિરને આર્થિક સહાય માટે અપીલ કરી હતી, તેના અનુસંધાનમાં આવેલ રકમમાંથી રૂ. ૧,૩૧,૦૦૦ અગાઉ તેમને મોકલવામાં આવ્યા હતા અને ત્યારબાદ પ્રાપ્ત થયેલ રકમ રૂા. ૪,૩૦૦૦૭ના ચેકની અર્પણવિધિ માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

રવિવાર, તા. ૨૧ મી ફેબ્રુઆરીએ સવારે ૯–૩૦ કલાકે અમો સૌ શ્રમમંદિર પહોંચ્યા હતા. ત્યાંના કાર્યકરો તરફથી અમારું સૌનું ઊષ્માભર્યું સ્વાગત થયું હતું.

સંઘે આપેલી રકમ સામે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નામનું એક સંકુલ બાંધવાનો તેમની પોતાની પ્રેરણાથી ત્યાંના વ્યવસ્થાપકોએ સંકલ્પ કર્યો હતો અને જે જમીન પર તે બાંધવામાં આવનાર છે તેનું ભૂમિપૂજન સૌની વિનંતીથી સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ અને પ્રા. તારાબહેન ર. શાહના શુભ હસ્તે કરાવવામાં આવ્યું હતું. ભૂમિપૂજન કરનાર તો બન્ને વિદ્વાન વ્યકિતઓ હતી જ, પરંતુ જેમણે ભૂમિપૂજન વિધિ કરાવી તે શાસ્ત્રીજી પણ ઘણા વિદ્વાન હતા, અને તેમણે વિધિપૂર્વક અને બધાંને સ્પષ્ટ રીતે સમજાય એવી સરળ સંસ્કૃત ભાષામાં ભૂમિપૂજન કરાવ્યું હતું. મહારાજ ખૂબ જ સાત્વિક વૃત્તિના અને સરળ સ્વભાવી હતા. તેમની આ વિધિથી અમો સૌ ખૂબ જ પ્રભાવિત થયા હતા વિધિ પૂરી થયે ગોળધાણા અને ચા–પાણીને ન્યાય આપ્યો હતો. આ સંકુલમાં બાર રૂમો અને એક ડોરમેટરી બાંધવામાં આવશે જેના પર શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું નામ રહેશે.

ભૂમિપૂજનના કાર્યક્રમ પછી સૌ મહેમાનોએ વસાહતના જુદા જુદા વિભાગની મુલાકાત લીધી હતી. ત્યાર પછી ત્યાંના કાર્યકરો તેમ જ નિવાસીઓની એક સભા યોજવામાં આવી હતી. સંઘે એકત્ર કરેલ નિધિનો ચેક શ્રમ મંદિર માટે એકત્ર કરેલ નિધિના મુખ્ય દાતા શ્રી કાંતિલાલ નારણદાસ શાહના હસ્તે શ્રમમંદિરના પ્રમુખ શ્રી ઇન્દુભાઇ પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રમમંદિરના કાર્યકરો શ્રી ઇન્દુભાઇ પટેલ, શ્રી સુરેશ સોની અને શ્રી દિલીપભાઈ શાહે તેમનાં વકતવ્યોમાં સંઘના કાર્યકરોનો તેમજ સંઘનો કૃતજ્ઞતાપૂર્વક–હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

એ પછી સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, પ્રો. તારાબહેન ર. શાહ, શ્રી કે. પી. શાહ, શ્રી પ્રવીણભાઈ કે. શાહ-આદિએ પોતાનાં વકતવ્યોમાં જણાવ્યું હતું કે આવા સારા કામમાં અનુદાન આપવાની અમને જે તક મળી તે માટે અમો ધન્ય અનુભવીએ છીએ, આમાં અમે કોઈ ઉપકાર કરતા નથી, ફકત અમારી ફરજ બજાવીએ છીએ. અને જ્યારે મોકો મળશે ત્યારે તમોને સહયોગ આપવા અમો તત્પર રહેશું, એવી ભાવના વ્યકત કરવામાં આવી. આ પ્રસંગે જૈન યુવક સંઘ તરફથી શ્રમમંદિરમાં ભોજનની કાયમી તીથિ માટે રૂ. ૧૪૦૦૦,નું દાન જાહેર કરવામાં આવ્યું, જેની વિગત આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે.

ત્યારબાદ બધાજ મહેમાનોનું સુતરની આંટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રમમંદિર વડોદરાથી ૧૬ કિ. મી.ના અંતરે છે. ત્યાં ૫૫૦ રકતપિત્તિયા દર્દીઓને વસાવવામાં આવ્યા છે. તેમને પાકી રૂમો આપવામાં આવી છે અને એક રૂમમાં બે સ્ત્રી અથવા બે પુરુષોને તેમજ લગ્ન કરેલા હોય એવા એક દંપતીને રાખવામાં આવે છે. ત્યાં દવાખાનું ચાલે છે તેમાં તેમને સારવાર આપવામાં આવે છે. અત્યારે ૮૦ ટકા વ્યકિતઓને સારવારથી ખૂબ જ ફાયદો થયો છે. ત્યાં ખેતીવાડી, અંબર ચરખા, બૂટ ચંપલ, ગૌશાળા વગેરેનુ કામ તેમને આપવામાં આવે છે. તેમને મજૂરી પણ ચૂકવવામાં આવે છે. ગુજરાત સરકારે આ સંસ્થાને મહી નદીના કાંતરોમાં ૩૦ એકર જમીન આપી હતી તેને સમથળ બનાવી આખી વસાહત ઊભી કરવામાં આવી છે. હમણાં ગુજરાત સરકારે બીજી સો એકર જેટલી જમીન આપી છે અને તેને સમથળ કરવાનું કામ ચાલી રહ્યું છે. અત્યારે શ્રમમંદિરને માસિક દોઢ લાખનો ખર્ચ આવે છે તેમાં પચાસ ટકા સરકારી ગ્રાન્ટ મળે છે. બાકીનો તૂટો રહે છે તે કાર્યકરો અનેક જગ્યાએથી ભેટો મેળવી પૂરો કરે છે.

શ્રમમંદિરની હોસ્પિટલ જોઈ. ત્યાં દરદીઓની જે સુશ્રુષા ચાલી રહી છે તેના દર્શન કર્યા. સુતારકામ, મોચીકામ, ખાદી-કામ વિગેરે અનેક કાર્યો નિહાળ્યાં અને સૌ ખૂબ જ પ્રભાવિત થયા.

ત્યાંના મુખ્ય કાર્યકર શ્રી સુરેશ સોની તેમજ તેમના પત્ની અ. સૌ. ઇન્દુબહેન સોનીએ પોતાનું સમગ્ર જીવન સંસ્થાને સમર્પિત કર્યું છે. આ કામમાં તેઓ ખૂંપી ગયા છે. શ્રી સુરેશભાઇ સાદાઈની મૂર્તિ સમા છે. અત્યંત નિષ્ઠાપૂર્વક સંસ્થાનું કામ સંભાળી રહ્યા છે. શ્રી ઇન્દુભાઈ પટેલ ત્યાંના મુખ્ય કાર્યવાહક છે.

શ્રમમંદિરના એક કાર્યકર શ્રી રમણિકભાઇ તુરખીયા, સવારે ૭ વાગ્યે બસ લઇને બરોડા સ્ટેશન પર આવ્યા હતા અને રાત્રે પોણા અગિયાર વાગ્યે બરોડા સ્ટેશને અમો પહોંચ્યા ત્યાં સુધી આખો દિવસ તેઓ અમારી સાથે જ રહ્યા હતા ધન્યવાદ.

તે દિવસે બપોરના અમો સંઘના આજીવન સભ્ય શ્રી જશુભાઇ શાહ તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી મૃદુલાબહેન શાહની ભલામણથી હાલોલ ખાતે આવેલ તેમના ઉદ્યોગગૃહ મે. એમ. જે. ફાર્માસ્યુટિકલ્સની મુલાકાત લીધી આ ખૂબ જ મોટું સંકુલ છે. પરદેશની પદ્ધતિથી ખૂબ જ કાળજીપૂર્વક આ ઉદ્યોગગૃહ ચલાવવામાં આવે છે અમેરિકન કોલોબ્રેશન છે અને ત્યાં ઉત્પન્ન થતી બધી જ દવાઓ રશિયા મોકલવામાં આવે છે. તેના વિનયી સ્ટાફના ભાઇઓએ વિવિધ વિભાગોની અમને મુલાકાત કરવી હતી અને આ જોઇને અમો ખૂબ જ પ્રભાવિત થયા. ત્યાંની કેન્ટીનમાં અમારે માટે ચા–પાણી,

નાસ્તાની વ્યવસ્થા રાખેલી તેને ન્યાય આપી અમે ત્યાંથી વિદાય લીધી હતી.

સાંજના ૭ વાગ્યે અમે બધાં વાઘોડિયા તાલુકામાં આવેલ ગોરજ ગામે મૌનીબાબાની પ્રેરણાથી સ્થપાયેલ મુનિ સેવા આશ્રમની મુલાકાતે ગયાં હતાં. ત્યાંના મુખ્ય સંચાલક અને આશ્રમના પ્રાણસમા ભગવતી એવા બહેનશ્રી અનુબહેન ડુંકકરની મુલાકાત લીધી. તેમની મુલાકાતથી અમો સર્વે ખરેખર પ્રભાવિત થયા. ત્યારબાદ તેમણે ત્યાંની પ્રવૃત્તિઓનો ટુંકમાં અમને પરિચય કરાવ્યો હતો.

તેમની પ્રવૃત્તિઓમાં, મંદબુદ્ધિની બહેનોને ત્યાં રાખી તેમની આવજત કરવામાં આવે છે. અત્યારે ત્યાં આવી ૧૪ બહેનો છે. જે આજે તેમના કુટુંબથી અળગી થઇને અત્યારે અનુબહેન ડુંકકરના સાનિધ્યમાં રહે છે. તેમને ખૂબ જ વાત્સલ્યભાવપૂર્વક રાખવામાં આવે છે અને અનુબહેન તેમને માતાથી પણ અધિક સુશ્રુષા આપી રહ્યાં છે. મંદબુદ્ધિની બહેનોને પ્રેમભાવપૂર્વક વર્તન, સારું ભોજન અને સારા કપડાં આપવામાં આવે તો એને કશાની જરૂર નથી રહેતી, અને અનુબહેન તેમની આ માન્યતા પ્રમાણે સારવાર આપે છે. તે બહેનોની અમોએ મુલાકાત લીધી. સારવારની આવી પદ્ધતિના કારણે તે બધી બહેનો ખૂબ જ આનંદવિભોર હતી. તેમનો માનસિક વિકાસ ત્યાં અવશ્ય થશે જ, તેવી અમોને પ્રતીતિ થઇ.

બીજું, તરતનાં જન્મેલાં બાળકોને કોઈ છોડી ગયું હોય અથવા તેને સાચવવા માટે જે અશકય હોય એવા બાળકોને અહીં લાવીને સાચવવામાં આવે છે અને અનુબહેન તેમની સાચી માતા બનીને તેમને હૃદયના ઊંડા ભાવપૂર્વક પોતાની દીકરી-ઓની માફક સાચવે છે. અહી એક વર્ષથી માંડીને પાંચ છ વર્ષ સુધીની બાળાઓને પણ અમોએ ખુશખુશાલ હસતી-રમતી જોઇ. આ બંને પ્રકારની બાળાઓના દર્શનથી અને તેની લેવાતી સંભાળથી અનુબહેન પ્રત્યે મનોમન દંડવત પ્રણામ થઈ ગયા. આવા જંગલ જેવા વિસ્તારમાં આવી મોટી જવાબદારી સંભાળીને ખૂબ જ સાત્વિક ભાવથી અનુબેન આ આશ્રમ ચલાવે છે. તેની પ્રશંસા કરવાના મને શબ્દો નથી મળતા.

આ સિવાય આજુબાજુના વિસ્તારમાં ઘોડિયાઘર ચલાવે છે. તેમાં ૨૦૦ બાળકો છે. ત્યાં ગૌશાળા ચાલે છે અને ત્યાંના વિસ્તારના માણસોને છાશ વિનામૂલ્યે આપવામાં આવે છે. એ વિસ્તારનો કોઈ પણ માણસ બેકાર હોય તેને થોડુ કામ કરાવીને ત્યાં જમાડવામાં આવે છે અને ઘરે વૃદ્ધો હોય તેમના માટે મફત અનાજ આપવામાં આવે છે.

આશ્રમમાં હોસ્પિટલ ચલાવવામાં આવે છે અને ત્યાં નાના-મોટા દરેક જાતનાં ઓપરેશનો નજીવી ફી લઇને કરવામાં આવે છે. અહીં પ્રસુતિગૃહ પણ છે. અલગ અલગ ગામોમાં આશ્રમશાળા પણ ચલાવવામાં આવે છે.

આ આખો વિસ્તાર લૂંટારાઓનો હતો. દારૂ તેમનો દેવતા હતો. એવા માણસોની વચ્ચે અનુબહેને યજ્ઞ માંડ્યો છે. વ્યસન, પાપ, હિંસા આવા દુર્ગુણોને છોડાવવા તેમનો આંતરિક પ્રયત્ન સતત ચાલે છે અને તેનું ખૂબ જ મૂલ્યવાન પરિણામ આવ્યું છે. અમોએ સાંજનું સાત્વિક ભોજન ત્યાં લીધું અને આ સંસ્થાને પણ અમે રૂપિયા પંદર હજાર ભેટ આપવાની જાહેરાત કરી હતી, જેની વિગત અન્યત્ર આપવામાં આવી છે.

અત્રે ભોજન બાદ છેલ્લે દસ મિનિટ બધાએ સાથે મળી ગોષ્ઠિ કરી અને અનુબહેને મધુરકંઠથી બે ભજનો સંભળાવ્યા અને અમોને બધાને ડોલાવ્યા. ખરેખર અનુબહેન સેવા અને સાત્વિકતાની મૂર્તિ સમાં છે. વિગતો ટુંકમાં જ આપી છે. સંપૂર્ણ વિગતો સાંભળનારને પ્રશ્ન થાય કે એક સ્ત્રી આવા જંગલમાં મંગલ જેવું વિરાટ કાર્ય કરી શકે? પરંતુ અનુબહેનનું સેવાકાર્ય તો અમો નજરોનજર નિહાળીને આવ્યા. તેમના આશ્રમની પ્રસન્નતા, સ્વચ્છતા અને સાત્વિકતા અમારા સૌના હૃદયને સ્પર્શી ગઇ. અમે અહીં એક વાત્સલ્ય-મૂર્તિ અને સેવામૂર્તિના સ્વરૂપે એક આદર્શ ભારતીય નારીનાં દર્શન કર્યાં. અને ધન્યતા અનુભવી. સેવા મૂર્તિ અનુબહેનની ઉત્કૃષ્ટ સેવા, હિંમત અને દીનજનો પ્રત્યેની તેમની હમદર્દી પ્રત્યે અમારા સૌનું મસ્તક ઝુકી ગયું. હજુ પણ એ આશ્રમની મુલા-કાતનાં સુખદ સ્મરણો હૈયાને આનંદની હેલીથી ભરી દે છે.

શ્રમમંદિર (સિંધરોટ)માં એક કાયમી ભોજનતિથિ માટે સંઘ તરફથી જાહેર થયેલી રકમ

૧૫૦૦-૦૦ મફતલાલ ભીખાચંદ શાહ
૧૫૦૦-૦૦ કુ. મીનાબહેન શાહ
૧૦૦૦-૦૦ શ્રીમતી રસીલાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી
૧૦૦૦-૦૦ શ્રી કાન્તીલાલ નારણદાસ શાહ
૧૦૦૦-૦૦ શ્રીમતી રમાબહેન પારેખ
૧૦૦૦-૦૦ ડૉ. રમણભાઇ શાહ, તારાબહેન શાહ તથા શ્રી પ્રમોદભાઈ સી. શાહ
૧૦૦૦-૦૦ શ્રી અનિલભાઇ અને શ્રીમતી સુલીબહેન હિરાણી
૧૦૦૦-૦૦ શ્રી શાંતાબહેન બાબુભાઇ કામદાર
૧૦૦૦-૦૦ શ્રી પ્રવીણભાઈ કે. શાહ અને શ્રીમતી ભાનુબહેન પી. શાહ
૧૦૦૦-૦૦ શ્રી હરસુખભાઇ શાહ અને શ્રીમતી ચંદ્રાબહેન શાહ
૧૦૦૦-૦૦ શ્રી વિનુભાઇ મહેતા અને શ્રીમતી રમાબહેન મહેતા
૧૦૦૦-૦૦ એક બહેન તરફથી હ. મોહિનીબહેન દલાલ
૧૦૦૦-૦૦ શ્રી પ્રમોદભાઇ શાહ અને શ્રીમતી જ્યોતિબહેન પી. શાહ

૧૪૦૦૦-૦૦ રૂ.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાન માળા

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સંઘના ઉપક્રમે સોમવાર, તા. ૧૮-૪-'૮૮થી બુધવાર, તા. ૨૦-૪-'૮૮ સુધી ત્રણ દિવસની વસંત વ્યાખ્યાનમાળાનું આયોજન ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર (ચર્ચગેટ)ના સભાગૃહમાં કરવામાં આવ્યું છે. વ્યાખ્યાનનો વિષય છે-**'આર્થિક અંધારાં'ધી દેખાય, છે કોઈ માર્ગ?'** ત્રણેય દિવસના વ્યાખ્યાનનો સમય સાંજના ૬-૧૫ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. આ અંગેની વધુ વિગતો આગામી અંકમાં જાહેર કરવામાં આવશે.

મંત્રીઓ

હેમચન્દ્રાચાર્યની આઠમી શતાબ્દી

(પૃષ્ઠ ૨થી ચાલુ)

એ માટે અત્યારથી જ વિવિધ પ્રકારનાં આયોજનો કરવાની જરૂર છે. જૈન સમાજ પાસે નાણાંની કમી નથી. ત્યાગી સાધુસમાજ સમય પણ ઘણો ફાળવી શકે એમ છે. એટલે આચાર્ય ભગવંતો અને અન્ય મુનિ મહારાજોએ ઠેર ઠેર લોકોને પ્રેરણા અને ઉપદેશ આપી આઠમી શતાબ્દીની ઉજવણીના વાતાવરણને સજીવન બનાવવું જોઇએ, ગાજતું કરવું જોઇએ.

હેમચંદ્રાચાર્યના સાહિત્ય વિષે હજુ ઘણું કાર્ય કરવાનું બાકી છે. એમના ગ્રંથોની અધિકૃત વાચનાઓ (પાઠાંતરો સહિત) તૈયાર કરાવવા સાથે હિન્દી, અંગ્રેજી, મરાઠી, તમિળ વગેરે ભાષાઓમાં એનાં ભાષાંતરો થાય તે માટે પ્રયાસ થવો જોઇએ. વિવિધ દૃષ્ટિકોણથી તુલનાત્મક અધ્યયનો થવાં જોઇએ. સ્થળે સ્થળે હેમચંદ્રાચાર્યના જીવન અને કાર્ય વિષે વ્યાખ્યાનો યોજવાં જોઇએ. વિષયવાર, કૃતિવાર એમ જુદી જુદી દૃષ્ટિથી પરિસંવાદોનું આયોજન થવું જોઇએ. હેમચંદ્રાચાર્ય પ્રત્યે જૈન-જૈનેતર સર્વ વિદ્વાનોને અપાર અનુરાગ રહ્યો કર્યો છે. વ્યાખ્યાનો, પરિસંવાદો, સંપાદનો, અનુવાદ-સંશોધન-અધ્યયન વગેરેમાં જૈન - જૈનેતર અને દેશવિદેશના સર્વ વિદ્વાનોનો સહકાર મેળવી હેમચંદ્રાચાર્યની આઠમી શતાબ્દી અનેક સ્થળે ભવ્ય સ્વરૂપે ઉજવાય એ માટે આચાર્ય ભગવંતો અને મુનિ મહારાજોએ, સંઘોએ, વિવિધ સંસ્થાઓએ, શ્રેષ્ઠિઓ, વિદ્વાનો વગેરે સૌ કોઇએ અત્યારથી એ દિશામાં સજાગ બની આયોજન કરવું જોઇએ. જુદે જુદે સ્થળે અને જુદે જુદે સમયે નાના નાના સ્વતંત્ર કાર્યક્રમો સહિત મુંબઇ, દિલ્હી, કલકત્તા, મદ્રાસ, અમદાવાદ જેવાં મોટાં સ્થળોએ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજવા જોઇએ. કાયમી સ્વાધ્યાયપીઠની યથાશક્ય સ્થાપના કરવી કરાવવી જોઇએ.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો સમસ્ત માનવજાત ઉપર અને વિશેષપણે ગુજરાત ઉપર ઘણો મોટો ઉપકાર રહ્યો છે. એમનું એટલું મોટું ઋણ રહ્યું છે કે એમની આ આઠમી જન્મશતાબ્દી યોગ્ય રીતે ઊજવીને આપણે કંઇક ઋણમુકત બની શકીએ. વર્તમાન સમયમાં નાણાં અને આધુનિક વૈજ્ઞાનિક સાધન-સામગ્રીનો યથોચિત ઉપયોગ કરી આઠમી શતાબ્દીની ઉજવણી એવી સરસ કરવી જોઇએ કે જે એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના બની જાય. ભવિષ્યના ઇતિહાસકારોને પણ એની નોંધ લીધા વિના ચેન ન પડે.

દૃષ્ટિસંપન્ન સજાગ સાધુભગવંતો અને ગૃહસ્થો વૈયકિતક અને સામૂહિક ધોરણે આ દિશામાં સોત્સાહ ઉદ્યમ કરશે ?

-રમણલાલ ચી. શાહ

મહાવીર જન્મ કલ્યાણક અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬-૩-૧૯૮૮ તથા તા. ૧-૪-૧૯૮૮નો અંક ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે સંયુકત અંક તરીકે તા. ૧-૪-૧૯૮૮ના રોજ પ્રગટ થશે.

-તંત્રી

સ્વરાજ અને નશાબંધી

(પૃષ્ઠ ૧૦થી ચાલુ)

અર્ધી વસતિ સ્ત્રીઓની છે. તેઓ તો નશાખોરીની વિરુદ્ધ છે જ અને મોટા ભાગના લોકોને નશો પસંદ નથી. પણ લોકશાહીમાં ખોલકા લોકો ફાવી જાય છે, એવા લોકો રાજકીય પક્ષોને ધૂમ પૈસા આપીને પોતાનું 'અંક' કરી લેતા હોય છે.

આજે આપણા દેશમાં વિવિધ કક્ષાએ ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંના ઠીક ઠીક પ્રમાણમાં દારૂના ધંધા સાથે સંકળાયેલા છે અથવા તો તેમનો હાથ એવા ધંધાર્થીઓ નીચે દબાએલો છે પછી શું થાય? એવા લોકોની શરાબલોબી રાજસ્થાનના ઋષિસમા શ્રી ગોકુળભાઇને પણ હડસેલાવી શકે છે. બધે જ આવું જ ચાલે છે.

આ તો વાત થઈ નશાબંધીની. અન્ય ક્ષેત્રોમાં પણ આવાં જ બળો કામ કરી રહ્યાં છે. જરીપુરાણાં બળો પુનઃ માથું ઊંચકી રહ્યાં છે ને દેશને ૨૧ મી સદીમાં લઇ જવાને બદલે પાછા ખેંચી રહ્યાં છે. પ્રશ્નનો કોઇ પ્રશ્ન હોય તો તે આ છે કે જાહેર જીવન કેમ વિશુદ્ધ થાય. અસામાજિક તત્ત્વો તેમજ સ્થાપિત હિતોવાળા લોકોની નાગચૂડમાંથી દેશ તેમજ લોકો કેમ છૂટે ?

ગાંધી નિર્વાણ પર્વ આપણા માટે આ દિશાનું આત્મચિંતન કરવાનો પ્રસંગ બની રહેવો જોઇએ. એ અંગે વિચારીએ, દિશાપરિવર્તન કરીએ. દિશાપરિવર્તન એટલે ગાંધી ચીંધ્યો માર્ગ. વિકેન્દ્રિત સમાજરચના અર્થરચનાનાનું એટલું સુંદરવાળી વાત (Small is beautiful) યંત્રવાદના રાક્ષસી નાગચૂડમાંથી છુટકારો. કુદરત તરફ પ્રતિગમન, સાદાઈ, શ્રમનિષ્ઠા, પાયાનાં મૂલ્યોનું પુનઃ સ્થાપન. આવું આવું ઘણું ઘણું કરવાનું છે જે પાયાનું છે. આજની દુઃખદ પરિસ્થિતિ એ વર્તમાન સમાજરચનાનો અભિશાપ છે તેથી એ પરિસ્થિતિ પલટાવ્યા વિના છૂટકો નથી. મોટા ભાગનાં દુઃખદર્દોનાં મૂળ અહીં પડેલાં છે તેટલું સમજી લઇએ તો સારું.

મુનિ સેવા આશ્રમને ભેટ રકમ

રવિવાર, તા. ૨૧મી ફેબ્રુઆરીએ સંઘના કાર્યકર્તાઓ, સમિતિના સભ્યો, દાતાઓ વગેરેએ વડોદરા પાસે, ગોરજમાં આવેલી મુનિ સેવા આશ્રમ નામની સંસ્થાની મુલાકાત લીધી હતી તે સમયે ત્યાં ઉપસ્થિત રહેલી વ્યકિતઓએ રૂપિયા પંદર હજારની રકમ આશ્રમને ભેટ આપવાની જાહેર કરી હતી, જેની વિગત નીચે પ્રમાણે છે :

રૂા.	૧૦,૦૦૦-૦૦ એક બહેન અને એમના પરિવાર તરફથી
	૧૦૦૦-૦૦ શ્રી કાન્તિલાલ નારણદાસ શાહ
	૧૦૦૦-૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
	૧૦૦૦-૦૦ શ્રી પ્રમોદચંદ્ર સી. શાહ
	૧૦૦૦-૦૦ એક બહેન તરફથી
	૫૦૦-૦૦ શ્રી ચંદ્રાબહેન હરસુખભાઇ શાહ
	૫૦૦-૦૦ શ્રીમતી સુલીબહેન અને અનિલભાઇ હિરાણી
	૧૫૦૦૦-૦૦

સ્વરાજ અને નશાબંધી

● જયાબેન શાહ

ગાંધી નિર્વાણ પખવાડિયું તો ઉજવાઈ ગયું અને ગાંધીજીને પ્રિય એવા અનેક કાર્યક્રમો પણ ઉજવાઇ ગયા. અગાઉ પણ ઉજવાતા હતા ને હજુ પણ ઉજવાતા રહેશે; પણ તેનું નક્કર કોઇ પરિણામ આવ્યું ખરું? એ દિશામાં કોઇ પ્રગતિ થઇ ખરી કે પીછેહઠ થઈ રહી છે તે વિચારવું પડે તેમ છે.

સ્વરાજ પહેલાં નશાબંધી કે હરિજન ઉત્કર્ષનું કામ કરવાનું પ્રમાણમાં સરળ હતું પણ સ્વરાજ્યમાં એ કામ વધુ દુર્ગમ બનવા લાગ્યું છે અને વાસ્તવિકતા સમજ્યા વિના દોડ્યા જ કરીશું તો થાકવાના જ ને નિષ્ફળતા જ મળવાની. કારણ કે વર્તમાન કાળમાં આ બંને જ શા માટે; બીજા પણ સમાજસુધારણાના કાર્યક્રમોમાં પ્રતિક્રાંતિનાં દર્શન થઈ રહ્યાં છે નહિ તો 'સતી'નો બનાવ બની શકે ખરો? માતાજીના શરણે બાળકોના બલિ ચડી શકે ખરા? સ્ત્રીઓ ઉપર વ્યાપક રીતે બળાત્કારના કિસ્સાઓ બની શકે ખરા? લગ્નો પાછળ સિંધિયા તેમજ હિંદુજાએ જે નઘરોળ ખર્ચાં કર્યાં તે થઇ શકે ખરા? આવી કેટલી બાબત ગણાવવી? ઘણી બધી છે. વરવિક્રય – દહેજ પ્રથાએ માઝા મૂકી છે. લગ્નમાં ભયંકર સોદાબાજી ચાલી રહી છે ને કેટકેટલી નવયુવતીઓનાં બલિદાન દેવાઇ રહ્યાં છે? એક બાજુ મોટાં મોટાં આલીશાન મકાનો ઊભાં થઇ રહ્યાં છે તો સાથોસાથ એનાથી વધુ પ્રમાણમાં ઝુંપડપટ્ટીઓ સર્જાઈ રહી છે ને માનવ જેવો માનવ જીવતા દોઝખમાં સબડી રહ્યો છે. આ બધું બહારથી જુદું જુદું દેખાતું હોવા છતાં એ એક જ પ્રક્રિયાના ભાગરૂપે છે એમ સમજવું રહ્યું.

ગુલામી કાળમાં પણ દુઃખો તો હતાં જ; પણ જુદાં પ્રકારનાં. પણ હતાં તો ખરાં જ અને તેથી જ સ્તો સ્વતંત્રતાની લડત ચલાવી દેશનેતાઓએ લોકોને ગળે આશાની ઘંટડી બંધાવી હતી કે એકવાર સ્વરાજ આવવા દો પછી આપણે બધું સરખું કરી નાખીશું. ત્યારે એવી કલ્પના હતી જે લોકોએ સ્વતંત્રતા માટે પ્રાણ ન્યોચ્છાવર કરવાની તાલાવેલી બતાવેલી હતી. તેઓ સ્વરાજ આવ્યે પ્રજાને આપેલાં વચનો ચરિતાર્થ કરી બતાવશે. પણ વાત એમ છે કે અહીં જ કાંઇક ભૂલથાપ થઇ ગઇ હોય તેવું લાગે છે. જે લોકો સ્વરાજ મેળવવા ઝઝુમ્યા તેમાંના મોટા-ભાગના આગેવાનો પાસે સ્વરાજમાં દેશનું નવનિર્માણ કરવાના ખ્યાલો જુદા જુદા હતા. ગાંધીકથિત એવા હતા જ એવું તો નથી કહી શકાતું કારણ કે નહિ તો આજે જે પરિસ્થિતિ નિર્માણ થઇ છે તેવી સ્થિતિ પેદા ન જ થાત એટલું તો માનવું રહ્યું.

સ્વરાજમાં નશાબંધી માટે મહેનત કરવી પડશે તેવી કોઇએ પણ કલ્પના કરી નહિ હોય. સ્વરાજ આવતાંની સાથે જ નશાખોરી સામે પ્રતિબંધ મુકાશે, મુકાશે ને મુકાશે જ એવી સૌની ખાતરી હતી અને સ્વરાજ આવ્યું ત્યારે દારૂનો વેપાર કરનારા, ભઠ્ઠીઓ ચલાવનારા કેટલા ડરતા હતા તેનો મને જાત-અનુભવ છે. સ્વરાજ આવ્યું. સૌરાષ્ટ્રનું એકમ થયું. હજુ દારૂબંધીનો કાયદો થવાનો બાકી હતો. ચિતળ અને ધ્રોળ વગેરે મુકામે દારૂની ભઠ્ઠીઓ છડેચોક ચાલતી શું કરવું? કાર્યકર્તા-ઓએ નક્કી કર્યું કે આપણે ત્યાં પહોંચી જવું ને પિકેટિંગ કરીને પણ એ બધું બંધ કરાવવું; પણ અમારે એવું કોઇ પગલું ભરવું પડે તે પહેલાં જ દારૂનો ધંધો કરનારાઓ સમજી ગયા ને ભઠ્ઠીઓ બંધ પડી ગઇ. તેનું વળતર આપવું જોઇએ એવો સૂર કોઈ છાને ખૂણેથી સંભળાયો; પણ દારૂના વેપારીઓને વળતર માગવાના હોશહોશ રહ્યા ન હતા. તેવી જ રીતે સરકારી અધિકારીઓ, કર્મચારીઓ પણ સમજી ગયા હતા કે સ્વરાજમાં હવે આપણો–'દોરદમામ' નહિ ચાલે. પણ થયું કાંઇક જુદું જ. કેમ થયું તેનો ઇતિહાસ લખવાનો અહીં સમય નથી પણ થયું. અને તેને માટે કોઈ જવાબદાર હોઇએ તો આપણે સૌ જવાબદાર છીએ.

સ્વરાજ્યને સુરાજ્યમાં ફેરવવાને બદલે આપણે વિકાસનો જે પંથ પકડ્યો તે દિશા જુદી હતી, જુદી સાબિત પણ થઇ. દેશને સમૃદ્ધ બનાવવા માટે મોટી મોટી હરણફાળો ભરવા માંડી. ગાંધીજીએ કહેલું કે તમે જે કાર્ય કરો તેનાથી દરિદ્રનારાયણને કેટલો ફાયદો થશે તે અંગે વિચારજો. તેઓ તો આપણને એવો એસિડ ટેસ્ટ આપતા ગયા પણ આપણને મોહ લાગ્યો કે ગમે તે કરીને ઝટપટ વિકાસદર ઊંચે લાવવો. વિકાસદર એટલે શું? તેનો વિચાર કરવામાં આપણે ભૂલ ખાઇ ગયા? વિકાસદર એટલે નાનામાં નાના, ગરીબમાં ગરીબ માણસનું જીવનધોરણ ઊંચે લાવવું, તેને શારીરિક, આર્થિક તેમજ સાંસ્કારિક રીતે સંપન્ન બનાવવો. આવું કાંઇક થવું જોઇતું હતું.

લખતાં, હાથ ધ્રુજે છે પણ લખ્યા વગર રહી શકાતું નથી કે સ્વરાજમાં વિકાસ માટે અરે, ગરીબોના વિકાસ માટે જેસા મેળવવા માટે જ્યાં જ્યાં દારૂબંધી હતી તેને દેશવટો દેવામાં આવ્યો. બિચારો વ્યસની પ્રશ્ન પૂછવાના હોશમાં નથી કે તમે આ શું કર્યું? તમે એક રૂપિયો મેળવવા માટે મારા બિસ્સામાંથી ત્રણ રૂપિયાની તફડંચી કરવાનું આ કાવતરું કેમ કર્યું? શા માટે કર્યું? ગાંધીજીએ કહેલું કે માંદા બાળકની સામે મીઠાઇની ટોપલી ન રાખી શકાય. તેવી રીતે વ્યસનીઓ સામે દારૂની દુકાનો, ભઠ્ઠીઓ ન જ હોઇ શકે; પણ આજે તો ચોમેર શરાબ-ખાનાં શરૂ થઇ ગયાં છે. હમણાં એક સમાચાર હતા કે મહારાષ્ટ્રમાં શરાબીલોબીનું પ્રભુત્વ વધવા માંડ્યું છે. અરે મહારાષ્ટ્રમાં જ શા માટે; સમગ્ર દેશમાં શરાબલોબી તેમજ દારૂના કેફી દ્રવ્યોના ધંધાર્થીઓનું વર્ચસ્વ જામી પડ્યું છે. સ્વરાજમાં આવું હોઈ શકે ખરું?

ઘણા લોકો કહે છે કે તમે લોકોમાં દારૂબંધી અંગે ઉંડાણથી વ્યાપક પ્રચાર કરો, પણ વાત એટલી સાદી-સરળ નથી. માત્ર પ્રચારથી જ પતતું હોત તો રાજસ્થાનમાં, ઉત્તરાખંડમાં, તામિલ-નાડુમાં કેટલાયે કાર્યકર્તાઓએ અને લોકોએ પ્રચાર કરવામાં કાંઇ જ બાકી રાખી નથી. પ્રચારની પણ હદ હોય છે. દેશની વસતિમાં

(પૃષ્ઠ ૯ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૪૯ અંક ૨૨-૨૩

મુંબઇ તા. ૧૬-૩-૧૯૮૮ અને ૧ ૪-૮૮ | મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૩-૦૦ | પરદેશમાં વાર્ષિક રૂા. ૬૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

જાતિવાદ વિષે ભગવાન મહાવીર

ભારતમાં હમણાં હમણાં જાતિવાદ ફરી પાછો ઉગ્ર બનવા લાગ્યો છે. એને ઉશ્કેરવામાં રાજકારણમાં પડેલા માણસોનો સ્વાર્થી આશય ઘણું કામ કરે છે. હિન્દુ, મુસલમાન, શીખ, નવબુદ્ધો વગેરે વર્ગના કેટલાક સંકુચિત માનસવાળા લોકો ઠેરઠેર કંઇ નિમિત્ત શોધી સંઘર્ષ જન્માવે છે અને હિંસક આંદોલનો ચલાવે છે. પરિણામે સત્તાધીશોને તાત્કાલિક નમતું આપવું પડે છે મનુષ્યનો મનુષ્ય તરીકે સ્વીકાર કરવાની સમાનતાની ઉચ્ચ ભારતીય ભાવનાનું વખતોવખત વિલોપન થાય છે.

ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળમાં બ્રાહ્મણ પરંપરા અને શ્રમણ પરંપરા એમ બે પરંપરા કેટલાયે સૈકાઓ સુધી ચાલ્યા કરી છે. બ્રાહ્મણ પરંપરામાં વૈદિક ધર્મ અને શ્રમણ પરંપરામાં જૈન ધર્મ તથા બૌદ્ધ ધર્મનો સમાવેશ થાય છે. હજારો વર્ષ પૂર્વે પ્રાચીનકાળમાં ઋષિમુનિઓએ અને સમાજચિંતકોએ જીવન સુખમય જીવવા માટે કેટલીક વ્યવસ્થા ઊભી કરી હતી. ધર્મના રંગે રંગાતાં એ વ્યવસ્થાનાં મૂળ વધુ ઊંડાં અને સુદૃઢ બન્યાં હતાં.

જીવન-વ્યવસ્થાના મીમાંસકોએ મનુષ્યના ચાર મુખ્ય પ્રકારો પાડ્યા હતા : (૧) બ્રાહ્મણ (૨ ક્ષત્રિય (૩) વૈશ્ય અને (૪) શુદ્ર. વ્યવસાયને અનુલક્ષીને આ પ્રકારો પાડવામાં આવ્યા. તે સમયે એનો હેતુ વર્ણ-વ્યવસ્થા દ્વારા જીવન-વ્યવસ્થા પરસ્પર સહકારમય અને સુખમય બને એવો હતો. વર્ણ-વ્યવસ્થાના એટલા બધા કડક નિયમો દાખલ કરવામાં આવ્યા હતા કે જેથી દરેક વર્ગના પોતાના જુદા જુદા સારા સંસ્કારો સારી રીતે સચવાઈ રહે. વર્ણ-વ્યવસ્થાની જ્યારે શરૂઆત થઈ હશે ત્યારે તેનું પ્રયોજન તે કાળની અપેક્ષાએ ઘણું મોટું અને પ્રશસ્ય હશે. વર્ણસંકર પ્રજાનાં માઠાં પરિણામો પણ ઘણાં જોવા મળ્યાં હશે. કોઇપણ નવી સામાજિક વ્યવસ્થા સમાજ ઉપર પરાણે લાદી શકાતી નથી. તેની ઉપયોગિતા ન હોય તો સમાજ તે સ્વીકારતો નથી; પરંતુ એક વખત ચાલુ થયેલી વ્યવસ્થામાંથી બહાર નીકળવાનું સમાજ માટે સહેલું નથી. ક્રાંતિકારી વિચારકોનો જ્યારે ઘણો મોટો પ્રભાવ સમાજ ઉપર પડે છે ત્યારે જૂની વ્યવસ્થા તૂટે છે અને નવી વ્યવસ્થા તેનું સ્થાન લે છે.

પ્રત્યેક પ્રજામાં, પ્રત્યેક સમાજમાં એટલું જ નહિ, પ્રત્યેક માનવમાં સરેરાશપણે કેટલાંક રૂઢિગ્રસ્ત તત્ત્વો હોય છે, અને કેટલાંક નવીન તત્ત્વો હોય છે. એકના એક માણસમાં કેટલીકવાર યુવાનીમાં બંડખોર વૃત્તિ હોય છે અને પ્રૌઢાવસ્થા કે વૃદ્ધાવસ્થામાં સંરક્ષક વૃત્તિ જોવા મળે છે. લોકોના આચાર-વિચારમાં કેટલાક નવા ફેરફારો કરવા માટે કોઇ નવી પેઢીને ઘણું ઝઝુમવું પડે છે, તો બીજી બાજુ સમય જતાં એ જ ફેરફારો કશા પણ પુરુષાર્થ વિના સમાજમાં સહજ રીતે થઈ જાય છે. કાળનો એ પ્રભાવ હોય છે. પરિસ્થિતિ બદલાતાં જૂની વાતની ઉપયોગિતા રહેતી નથી.

અઢી હજાર વર્ષ પૂર્વે જ્યારે જાતિ અને વર્ણની વ્યવસ્થા ઘણી જ કડક હતી એ સમયે ભગવાન મહાવીરે એમાં રહેલાં દૂષણો પ્રત્યે લોકોને જાગૃત કર્યા હતા. વર્ણવ્યવસ્થા, જાતિવાદ કે ગોત્રના અભિમાન સામે નવા ક્રાંતિકારી વિચારો દર્શાવવાનું સરળ નહોતું. પરંતુ ભગવાન મહાવીરે પોતાના વિચારો એવી સરસ, પ્રિય અને સચોટ વાણીમાં રજૂ કર્યા હતા કે જેથી લોકો ઉપર તેનો પ્રભાવ ઘણો મોટો પડયો હતો. ભગવાન મહાવીરે કહ્યું છે :

જે માહણે ખત્તિए जाइए वा,
तहुग्गपुत्ते तह लेच्छवी वा ।
जे पव्वइए परदत्तभोई,
गोत्तेण जे थब्भति माणबद्धे ॥
ण तस्स जाती व कुलं व ताणं,
णण्णत्थ विज्जाचरण सुचिण्णं ।
णिक्खम्म से सेवईऽगारिकम्मं
ण से पारए होति विमोयणाए ॥
(सूत्रकृतांग १/१३/१०-११)

(જે કોઇ બ્રાહ્મણ હોય અથવા ક્ષત્રિયકુલમાં ઉત્પન્ન થયેલ હોય અથવા ઊંચા કુલનો પુત્ર હોય અથવા લિચ્છવી વંશમાં જન્મેલો હોય, પરંતુ જે પુરુષ દીક્ષા ગ્રહણ કરીને બીજાનો આપેલો આહાર ખાય છે અને પોતાના ઊંચ ગોત્ર કે કુળનું અભિમાન નથી કરતો તે જ વીતરાગ માર્ગનો આરાધક છે.

જાતિ અને કુળ તેનું રક્ષણ કરી શકતાં નથી વિદ્યા અને સદાચાર સિવાય અન્ય કોઇ રક્ષણ કરવા સમર્થ નથી. જે મુનિ દીક્ષિત થઇને ગૃહસ્થનાં કાર્યોનું સેવન કરે છે તે સંસારનો પાર પામી શકતો નથી.)

જાતિમદ, કુલમદ, ગોત્રમદ ઇત્યાદિની નિરર્થકતા સમજાવતાં ભગવાન મહાવીરે કહ્યું છે :

પણ્ણામદં ચેવ તવોમદં ચ,
णिण्णामए गोयमदं च भिक्खू ।
आजीवगं चेव चउत्थमाहु,
से पंडिए उत्तमपोग्गले से ॥
(સૂત્રકૃતાંગ ૧/૧૩/૧૫)

(જે સાધુઓ હોય તે બુદ્ધિમદ, તપોમદ, ગૌત્રમદ અને આજીવિકામદ ન કરે. જે આવો મદ કરતા નથી તે જ પંડિત છે અને તે જ સર્વશ્રેષ્ઠ છે.)

એવી જ રીતે માત્ર બાહ્ય લક્ષણો કે બાહ્ય આચરણથી ઉત્તમ મનુષ્ય નથી થઇ શકાતું, પરંતુ આંતરિક સદ્‌ગુણો ખીલવવાથી તેમ થવાય છે તે દર્શાવતાં ભગવાને સરસ કહ્યું છે :

न वि मुण्डिएण समणो,
न ओंकारेण बम्भणो ।
न मुणी रण्णवासेणं,
कुसचीरेण न तावसे ॥
समयाए समणो होइ,
बम्भचरेणे बम्भणो ।
नाणेण य मुणी होइ,
तवेणं होइ तावसो ॥
(ઉત્તરાધ્યયન સૂત્ર ૨૫/૨૭-૩૦)

(શિરમુંડનથી કોઇ શ્રમણ થતું નથી. ૐ નો જાપ કરવાથી કોઇ બ્રાહ્મણ થતો નથી. અરણ્યવાસ કરવાથી કોઇ મુનિ થતો નથી અને વલ્કલનાં વસ્ત્રો પહેરવાથી કોઈ તાપસ થતો નથી. સમતાથી માણસ શ્રમણ થાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થાય છે, જ્ઞાનથી મુનિ થાય છે અને તપશ્ચર્યાથી તાપસ થાય છે.)

વૈદિક પરંપરાના હિન્દુઓમાં જ્યારે વર્ણવ્યવસ્થા અત્યંત ચુસ્ત હતી ત્યારે જૈન પરંપરામાં ચારે વર્ણ માટે મોકળો અવકાશ હતો. ભગવાન મહાવીર પોતે ક્ષત્રિય હતા. તેમના ગણધરો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો અને શુદ્રો પણ હતા. એટલે કે જૈનધર્મના પરિપાલનમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચારે વર્ણને સરખો અધિકાર હતો. વર્ણના કારણે કોઇને ઊંચ કે નીચ લેખવામાં આવતા ન હતા. ભગવાનના શ્રમણસંઘ દીક્ષા લેનાર રાજકુમારો પોતાની પૂર્વે સાધુ થયેલા પોતાના દાસને પણ વંદન કરતા. ભગવાને સમતા અને આત્માની સમાનતાનો એવો એક આદર્શ પ્રજા સમક્ષ મૂક્યો હતો. ઊંચે બેઠેલા માણસો જ્યારે નીચે ઊતરીને સમાનતાની સાચી વાતો કરે છે ત્યારે તે પ્રિય અને સદા સ્વીકાર્ય બને છે. ક્ષત્રિય રાજકુમાર વર્ધમાને રાજ્યના સુખોપભોગોનો અને ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને જ્યારે વર્ણવ્યવસ્થા અને જાતિમદ, કુલમદ કે ગોત્રમદનું અભિમાન ન કરવા માટે ઉપદેશ આપ્યો ત્યારે તે સહર્ષ સ્વીકાર્ય બન્યો હતો.

વર્ણવ્યવસ્થાનો પ્રશ્ન આજે આપણને ગૌણ લાગે છે, પરંતુ એ સમયે, અઢી હજાર વર્ષ પૂર્વે આવી રૂઢ વ્યવસ્થા સામે માનવમાત્રની સમાનતાના ક્રાંતિકારી વિચારો દર્શાવવા એ સરળ વાત નહોતી.

ભગવાન મહાવીરનાં એ વચનોમાંથી પ્રેરણા લઇ આપણાં વૈયક્તિક અને સામૂહિક જીવનમાં પરિવર્તન આણવું એ આપણી સાંસ્કૃતિક નિષ્ઠાથી દ્રષ્ટિએ પણ આવશ્યક છે.

રમણલાલ ચી. શાહ

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રન્થ શ્રેણી

ગ્રન્થ ચોથો

જિનતત્ત્વ ભાગ—૨

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

પ્રગટ થઈ ગયો છે.

મૂલ્ય રૂા. ૨૦/-

—: પ્રકાશક :—

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ,

મુંબઇ-૪૦૦ ૦૦૪ ફોન : ૩૫૦ ૨૯૬

નોંધ : સંઘના સર્વ સભ્યોને માટે કિંમત રૂપિયા પંદર

સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે ૨૦૬૨ના સળગતા પ્રશ્નો પર પ્રતિવર્ષ **'સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાન માળા'નું** આયોજન કરવામાં આવે છે.

આ વર્ષની વ્યાખ્યાનમાળા **મંગળવાર, બુધવાર અને ગુરુવાર, તા. ૧૯, ૨૦, ૨૧ એપ્રિલ, ૧૯૮૮**ના રોજ યોજવામાં આવી છે. તેનો કાર્યક્રમ નીચે મુજબ છે :

વિષય : 'આર્થિક અંધાધુંધી : દેખાય છે કોઈ માર્ગ ?'

'Economy In Chaos : Any Way Out'

દિવસ	વાર	વ્યાખ્યાતા
૧૯-૪-૮૮	મંગળવાર	**શ્રી સી. સુબ્રમણ્યમ્** ભારતના માજી નાણાપ્રધાન
૨૦-૪-૮૮	બુધવાર	**શ્રી મોહિત સેન** સામ્યવાદી સિદ્ધાંતોના સમર્થ વિદ્વાન
૨૧-૪-૮૮	ગુરુવાર	**શ્રી હોમી પી. રાનીના** નાણાકીય બાબતોના પ્રખર અભ્યાસી

સ્થળ : શ્રી વાલચંદ હીરાચંદ સભાગૃહ,
ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦ ૦૨૦

સમય : ત્રણે દિવસ સાંજના ૬-૧૫ કલાકે

આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન **શ્રી અમર જરીવાલા** સંભાળશે.

સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

કે. પી. શાહ

રમણલાલ ચી. શાહ પ્રમુખ

પન્નાલાલ ૨. શાહ મંત્રીઓ

શ્રી તીર્થંકરદેવની મુર્તિ ઉપર ત્રણ છત્ર

* પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી યશોદેવસૂરિજી મહારાજ

પૂ. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત વીતરાગસ્તોત્ર વાંચનારો વર્ગ શ્રીસંઘમાં ચારે અંગો છે. એને કંઠસ્થ કરનારાં સેંકડો સાધુ-સાધ્વીજી વગેરે છે અને અર્થજ્ઞાન ધરાવનારા હજારો માણસો છે. એવું મહત્ત્વનું આત્મસ્પર્શી, હૃદયંગમ એ સ્તોત્ર છે. પરંતુ એ સ્તોત્રના પાંચમા પ્રકાશના ત્રણ છત્રને લગતા શ્લોકનો અર્થ કેટલાક ખોટો કરતા રહ્યા. અને સેંકડો વર્ષો સુધી એ જ ખોટા અર્થની પરંપરા વહેતી રહી.

અલબત્ત ત્રણ છત્રની આ બાબત એવી નાનકડી-સામાન્ય છે કે એના પરિચયની પૂરી જરૂર પડે ત્યારે જ એના ઉપર લક્ષ કેન્દ્રિત કરી સંશોધન દ્વારા સાચો નિર્ણય લાવી શકાય. આંકી ઉપર ઉપરથી સામાન્ય અર્થ કરી જવાથી હું હોઉં કે બીજા હોય, યથાર્થ નિર્ણય ન કરી શકે કે યથાર્થ નિર્ણય ન આપી શકે?

કેટલાક મોટામોટા આચાર્યભગવંતોએ તેમજ વિદ્વાન મુનિઓએ ત્રણ છત્ર ગોઠવવાના ક્રમમાં નીચેથી ઉપર નાનું, મોટું અને એથી મોટું આ માન્યતામાં શાસ્ત્રાધાર તરીકે વીતરાગસ્તોત્રના શ્લોકને-શ્લોકની ટીકાને માનીને ઉજમણાના ચંદરવા-પુંઠીયામાં, મૂર્તિઓની પલાંઠીમાં, અષ્ટમહાપ્રાતિહાર્યોનાં ચિત્રોમાં ખોટી રીતે ત્રણ છત્રો મૂક્યાં છે, મુકાવ્યાં છે અને મુકાવરાવે છે. આ પ્રથા ખૂબ જ વિસ્તરી ગઇ છે.

જો કે વીતરાગ સ્તોત્રના શ્લોકનો અને તેની ટીકાનો અર્થ ઊંડાણથી વિચારવામાં ન આવે, એનું વ્યાપક રીતે મનન કરવામાં ન આવે તો સૌ કોઇ ભ્રમણામાં પડે-ભુલાવો ખાય તેવું છે. તેને આધાર માની વર્તમાનમાં વિખ્યાત આચાર્યોએ ખોટી રચના કરાવી નાખી છે એનો ઉલ્લેખ આ લેખના અંતમાં કરીશું. એ કોઇની જરાય લઘુતા કે ન્યૂનતા દાખવવાના હેતુથી નહીં પણ એક અસત્ય માન્યતાને સદાયને માટે દેશવટો અપાય તે ખાતર જ કરીશું.

ત્રણ છત્રની કદી ન ચલાવી શકાય તેવી તદ્દન ખોટી પદ્ધતિથી, ચાલી રહેલા ખોટા ક્રમથી સહુ બચી જાય અને જ્યાં જ્યાં ખોટી રીતે છત્રો લટકાવ્યાં હોય તે તમામ સ્થળોએ તે છત્રો સુધારી નાખવામાં આવે તેમજ ભગવંતની શાસ્ત્રોક્ત રીતે ભક્તિ થાય એ જ એક શુભ ભાવનાથી પ્રેરાઇને મારા અલ્પ-સ્વલ્પ ક્ષયોપશમ મુજબ નિષ્પક્ષપણે કોઇ પણ જાતના પૂર્વગ્રહ વિના આ લેખ લખ્યો છે. આ લેખને સહુ કોઈ જરા પણ ઉતાવળા થયા વિના કે પક્ષીય આગ્રહમાં તણાયા વિના મારા ગુરુજીએ કે મારા વડીલોએ જે કહ્યું અથવા કર્યું તે જ સોએ સો ટકા સાચું આવી સમજને ઘડીભર સત્ય સમજવા ખાતર બાજુએ મૂકી 'સાચું એ મારું' એ ભાવનાથી મધ્યસ્થભાવે વાંચે અને વિચારે. મને શ્રદ્ધા છે કે આગમશાસ્ત્રોના પ્રબળ પુરાવા સાથેનો આ લેખ સમગ્ર જૈન સંઘમાં ઊભી થયેલી વિષમ પરિસ્થિતિને જડમૂળથી ઉખેડવામાં સારામાં સારો ફાળો નોંધાવશે અને ત્રણ છત્રની ગોઠવણનો સાચો માર્ગ સદાયને માટે ખુલ્લો કરશે. વિસ્તૃત અને સમાલોચનાત્મક છણાવટવાળો આ લેખ વાચકોને જરૂર કાંઈક નવી સૂઝ-સમજ પણ પ્રાપ્ત કરાવશે.

પ્રથમ વીતરાગસ્તોત્ર અંગેની વાત :

પહેલાં મોટા ભાગને ખોટો ભ્રમ ઉત્પન્ન કરનાર વીતરાગસ્તોત્રના શ્લોકની તેમજ ટીકાની વિચારણા કરશું. તે પછી કેટલાક આચાર્યભગવંતાદિ મુનિવરોના મનમાં વીતરાગસ્તોત્રના શ્લોકનો અને એની ટીકાનો ખોટો અર્થ બેસી જવાથી ચાલી પડેલી ત્રણ છત્રની પ્રથા કેટલી અશાસ્ત્રીય છે એ આગમશાસ્ત્રોના પ્રબળ પુરાવાથી સિદ્ધ કરશું.

દરેક શ્રી તીર્થંકર પરમાત્માઓ અષ્ટમહાપ્રતિહાર્યથી એટલે આઠ પ્રભાવશાળી વસ્તુઓથી શોભાયમાન હોય છે. તેમાંનું એક 'પ્રતિહાર્ય' ત્રણ છત્ર છે.

આપણે પહેલો પ્રશ્ન એ છે કે-ત્રણ છત્રો પરમાત્માના મસ્તક ઉપર કેવી રીતે રાખવાં? શું તોરણની જેમ સીધા એક જ લાઇનમાં ગોઠવવાં કે પ્રભુના મસ્તકે ઉપરાઉપરી (ઊંચાઇમાં) ગોઠવવાં?

જવાબ-આ માટે પૂ. હેમચંદ્રાચાર્યજીએ વીતરાગસ્તોત્રના પાંચમા પ્રકાશના આઠમા શ્લોકમાં બહુ જ સ્પષ્ટ રીતે જણાવી દીધું છે કે-

तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धि – क्रमसव्रह्मचारिणी ।
छत्रत्रयी त्रिभुवन – प्रभुत्वप्रौढिशंसिनी ॥

એટલે આ શ્લોક મુજબ ત્રણ છત્ર તોરણની જેમ આડા નહીં પણ દાદરનાં પગથિયાંની જેમ એકની ઉપર એક...એમ સમજવાના છે.

બીજો પ્રશ્ન એ છે કે-વીતરાગસ્તોત્રના શ્લોકમાં ત્રણ છત્ર ઉપરાઉપરી રાખવાનું કહ્યું પણ માપમાં પ્રમાણમાં કેવાં રાખવાં? એટલે કે ત્રણે સરખાં રાખવાં કે નાનાં-મોટાં?

જવાબ-ના, સરખા માપનાં નહીં પણ એક છત્ર સૌથી મોટું, બીજું નાનું, ત્રીજું તેથી પણ નાનું-આ રીતે સમજવા.

ત્રીજો પ્રશ્ન એ છે કે-એક છત્ર મોટું રાખવાનું કહ્યું તે શું સૌથી નીચેનું સમજવું? ક્રમકે શ્લોકમાં કે ટીકામાં આ બાબતનો કશો સ્પષ્ટ ઉલ્લેખ નથી. આ ત્રીજા પ્રશ્નનો જવાબ મેળવવા અહીં થોડી વિસ્તૃત ચર્ચા કરવી પડશે.

વીતરાગસ્તોત્રના **तवोर्ध्वमूर्ध्वं**.....આ શ્લોકમાં કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીએ છત્રત્રયી શબ્દથી છત્ર એક નહીં પણ ત્રણ હોવાં જોઇએ, એ સ્પષ્ટ જણાવી દીધું છે. તમોર્ધ્વમૂર્ધ્વ પદથી ત્રણ છત્ર ઉપરાઉપરી સમજવાનાં છે. પરંતુ ત્રણ છત્રોનું માપ શું હોવું જોઇએ તેની આ શ્લોકમાં કોઇ જ સ્પષ્ટતા નથી.

पुण्यर्द्धिक्रमसव्रह्मचारिणी પદથી ત્રણે સરખા માપનાં નથી, એ વાતનો સંકેત જરૂર કર્યો છે. એક નાના શ્લોકમાં બધી વાતો જણાવાય પણ શી રીતે? ટીકાકારે **पुण्यर्द्धि** શબ્દનો અર્થ સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ કર્યો છે. અર્થાત્ સમ્યક્ત્વનો

પહેલો કલાસ (નંબર), દેશવિરતિનો બીજો કલાસ અને સર્વ-વિરતિનો ત્રીજો કલાસ, આ કથનનું તાત્પર્ય એ છે કે સમ્યક્ત્વ વગેરેની જેમ છત્રમાં પણ એક નાનું, બીજું એથી મોટું અને ત્રીજું એનાથી પણ મોટું. અહીં પ્રશ્ન એ થાય છે કે–નીચેનાને મોટું ગણવું કે ઉપરનાને મોટું ગણવું ?

વીતરાગસ્તોત્રના પ્રસ્તુત શ્લોકની ટીકામાં આ અંગે કોઇ નિર્દેશ નથી. ટીકામાં તો એટલું જ કહ્યું છે કે–**पुण्यर्द्धिक्रमस्तद्-वदातपत्रत्रयी**. એટલે કે પુણ્યર્દ્ધિના ક્રમ મુજબ આતપત્રત્રયી એટલે કે છત્રત્રયી સમજવી. પણ તે છત્રત્રયી નીચેથી ઉપર લઇ જવી કે ઉપરથી નીચે લઈ જવી એ બાબતમાં ટીકાકાર સર્વથા મૌન છે.

અહીં ભ્રમ પેદા થવાનું કારણ એ બને છે કે ત્રણ છત્રની વાત આવે એટલે હૃદય-ચક્ષુ સામે ભગવાન હાજર થઇ જાય. પછી તરત જ માથાથી 'પૂણ્યર્દ્ધિક્રમ' ગોઠવવાનું મન થઇ જાય. સામાન્ય રીતે બધા વાચકો એવો જ અર્થ-ભાવાર્થ ખેંચે પણ આગળ જણાવવામાં આવનારા આગમના પાઠો અને પ્રાચીન મૂર્તિઓમાં કંડારેલા ત્રણ છત્રોના જીવતા-જાગતા પ્રત્યક્ષ પુરાવા-પ્રમાણોથી એ બાબત તદ્દન ખોટી ઠરવાની છે.

પ્રભુના મસ્તક ઉપરનું નાનું પછી મોટું અને પછી એથી મોટું-આવાં અવળાં છત્ર કરાવનાર વિદ્વાનોને પૂછવાનું મન થાય કે જ્યારે વીતરાગસ્તોત્ર મૂળમાં કે તેની ટીકામાં નિર્ણયાત્મક કશું જણાવ્યું નથી તો આપ સહુ કયા આધારે છત્ર અવળાં કરાવો છો ? શા માટે મંદિરોમાં કે પટોમાં ખોટાં છત્રો ચિતરાવો છો ? પુણ્યર્દ્ધિથી સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ-એ ત્રણે બાબતોને આપણે ઉપરથી નીચેના ક્રમે ગોઠવીએ તો શું વાંધો ? એમ કરવાથી ભગવાનના માથા ઉપર સર્વવિરતિ આવશે, અને તેથી ત્યાં મોટું છત્ર ગોઠવાશે. આમ સ્વીકારીએ તો જ આગમના પાઠો સાથે સમન્વય-સુમેળ સાધી શકાશે.

વચ્ચે બીજી વાત વિચારી લઇએ :

અહીં એક સવાલ ઉઠાવી શકાય કે વીતરાગસ્તોત્ર ૧૨મી સદીમાં રચાયું છે. એના ઉપર કર્તાની પોતાની (સ્વોપજ્ઞ), એમના શિષ્યની કે એમના સમકાલીન કોઈ મુનિની ટીકા નથી. આપણી પાસે જે વિવરણ-ટીકા છે તે ૩૦૦-૩૦૦ વર્ષ જેવો લાંબો ગાળો ગયા બાદ થયેલા મુનિરાજોની છે. વિવરણકારે પુણ્યર્દ્ધિથી સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ એવા અર્થનું ગ્રહણ કર્યું પણ ખરેખર પૂ. હેમચંદ્રાચાર્યજીને આ જ અર્થ ઇષ્ટ હતો ખરો ? ૩૦૦ વર્ષ પછીના ટીકાકારો દરેક વખતે મૂળકર્તાના પૂરા આશયને સમજી જ શકે એવું નિશ્ચિતપણે માની શકાય ખરું ? અસાધારણ કોટિના સાતિશય વિદ્વાન હોય તો વાત જુદી છે. બાકી સામાન્ય સાધુપુરુષનું જ્ઞાન ક્ષાયોપશમિક છે. એની અનેક મર્યાદાઓ છે એટલે મૂલકારના આશયને ન્યાય ન આપી શકે એમ પણ બને. સાથે બીજી બાબત એ છે કે પુણ્યર્દ્ધિથી કદાચ બીજી કોઇ ત્રણ બાબત લેવાની હશે ખરી? એ વિચારવું રહ્યું.

પુણ્યર્દ્ધિનો અર્થ સમવસરણની ઋદ્ધિ પણ કરી શકાય. પુણ્યર્દ્ધિ તરીકે સમવસરણની ઋદ્ધિ જ વધારે બંધબેસતી લાગે છે. અને જો એ અર્થ લઇએ તો ભ્રમ થવાનો કે ભૂલ થવાનો પ્રશ્ન જ ન રહે. જેમ સમવસરણમાં ઉપરથી લઇએ એટલે પ્રથમગઢ નાનો પછી બીજો તેનાથી મોટો અને ત્રીજો એથીય મોટો એ ક્રમ મુજબ ત્રણ છત્ર બરાબર બંધ-બેસતાં આવે.

અત્યારે તો સમ્યક્ત્વાદિ ત્રણને સાદર સ્વીકારી લઇએ તો પણ ત્રણ છત્રની શાસ્ત્રીય માન્યતા સાથે કશો બાધ આવે તેમ નથી કારણ કે વિવરણકારે તો **पुण्यर्द्धिक्रम : तद्वद् आतपत्रत्रयी**–પુણ્યર્દ્ધિના ક્રમ મુજબ છત્રત્રયી સમજવી. (એટલે એક છત્ર નાનું, બીજું તેનાથી મોટું અને ત્રીજું તેનાથી મોટું આટલી જ વાત કરી.) બાકી મોટું ઉપરથી લેવું કે નીચેથી લેવું તેનો કશો સીધો સંકેત પ્રસ્તુત ટીકા કરતી નથી. એટલે સમ્યક્ત્વાદિ અર્થ પણ આપણને બાધક નથી.

અરે ! મને તો વીતરાગસ્તોત્રના ચૂર્ણિકાર અને વિવરણ-કાર સામે જોરદાર ફરિયાદ કરવાનું મન થાય છે કે તેઓએ ટીકામાં અ તે તાત્પર્યાર્થ કે ફલિતાર્થ શબ્દ મૂકીને છત્રોનો ક્રમ કેવી રીતે સમજવો તેની સ્પષ્ટતા ક્રમ ન કરી ? શું આગમના **छत्रातिछत्र** શબ્દથી તેઓ અજાણ હતા ? કે શું તે વખતે એ વાતનું ધ્યાન નહીં રહ્યું હોય ? જે હોય તે, પણ ફલિતાર્થ ન લખવાના કારણે સ્પષ્ટતા થઇ નહીં તેથી ઉપર ઉપરથી વીતરાગ-સ્તોત્રના શ્લોક અને તેની ટીકાનું અધ્યયન કરનારાઓ દેરાસરોમાં, ચિત્રોમાં, ચંદરવા, પુંઠીયા વગેરે દરેક માધ્યમો ઉપર ખોટાં ચિત્રો ચિતરાવતા રહ્યા છે. અને કોઈ કોઈ આચાર્યો તેમ જ મુનિરાજોએ તો નવી મૂર્તિઓમાં પથ્થરમાં અંદર જ ઉપસાવી દીધા છે. મેં એક મુનિરાજને આવું સાહસ ન કરવા અગાઉથી વિનંતિ કરી અને એમણે માન્ય પણ રાખી છતાંય છેવટે છત્ર અવળાં જ કરાવ્યાં. ખરી રીતે મને પૂછો તો શ્રદ્ધેય ટીકાકારે ટીકામાં જ **तद्वद् आतपत्रत्रयी** પંક્તિ લખ્યા પછી **एषा छत्रत्रयी आगमोक्तछत्रातिछत्रवत् ज्ञातव्या** । ફક્ત આટલું જ લખ્યું હોત તો કોઈ ખોટો અર્થ કરત નહીં. અને વર્ષોથી ક્યાંક કયાંક મૂર્તિના માથે તો ક્યાંક મૂર્તિની જ ગાદી નીચે અષ્ટમહાપ્રાતિહાર્ય ઉપસાવ્યા. તેમાં છત્રો અવળાં ઉપસાવ્યાં. જે હજારો વર્ષો સુધી ખોટા થયાની યાદી આપ્યા કરશે તે સ્થિતિ ઊભી થવા પામત નહીં. આ બધી વાત વીતરાગસ્તોત્ર અને તેની ટીકાને લગતી પૂરી થઇ.

*

ઉપરની બધી વાતનો સાર એ આવ્યો કે ત્રણ છત્રો રાખવાં અને એમાં એક નાનું, બીજું તેથી મોટું અને ત્રીજું તેથી મોટું રાખવું. પણ મોટું ઉપરથી લેવું કે નીચેથી એ વાત હજુ લેખમાં નિશ્ચિત થઇ શકી નથી. અદ્ધર રહેલી એ વાતનો નિર્ણય કરવા માટે ત્રણ છત્રની બાબતમાં કોઇ પણ જાતની નાની-મોટી શંકા રહેવા ન પામે એ માટે અને સરળતાથી બધી રીતે સમાધાન થાય એ માટે આપણે સન્માન્ય આગમશાસ્ત્રોના આધારો તરફ આગળ વધીએ.

ત્રણ છત્રની બાબતમાં આગમશાસ્ત્રોના પુરાવા :

સૌથી પહેલા મજબૂતમાં મજબૂત પાયાની વાત વાચકો આંખ સામે એ રાખે કે શાસ્ત્રકારોએ ત્રણ છત્રના ક્રમ માટે **छत्तातिछत्तं – छत्रातिछत्रं** શબ્દ નક્કી કર્યો છે. તે કયા કયા આગમમાં ક્યાં ક્યાં આવે તે આપણે જોઇએ.

(i) * આવશ્યક નામના મહત્ત્વના આગમશાસ્ત્રની **चेइअदुमपेढछंदयआसणछत्तं च०** આ ૫૫૩ મી મૂળ ગાથામાં

*ચૂર્ણિ-નિર્યુક્તિ વગેરેમાં **तस्योपरि छत्तातिछत्तं च** । એવું સ્પષ્ટિકરણ કર્યું છે.

ત્રણ છત્રનો વાચક छत्त શબ્દ છે. એ શબ્દથી કેટલાં છત્રો લેવાં અને તેનો ક્રમ કેવી રીતે સમજવો તેની સ્પષ્ટતા મૂળમાં કરી ન હોય ત્યારે એ સ્પષ્ટતા કરવાની ફરજ હંમેશા ટીકાકારો બજાવતા હોય છે. અહીંયા પણ छत्तनો અર્થ ટીકાકાર પૂ. હરિભદ્રસૂરિજીએ માત્ર 'છત્ર' એટલો તત્સમ ન કરતાં પર્યાયવાચક કહો કે તાત્પર્યાર્થ કહો પણ સીધો જ છત્રાતિછત્ર શબ્દ વાપરીને સ્પષ્ટતા કરી છે.

મૂળ ગાથાના એકલા छत्त શબ્દથી તો (૧) ત્રણ છત્રો શું સમાન લાઘનમાં રાખવાનાં હશે? (૨) અથવા ઉપરાઉપરી રાખવાનાં હશે? (૩) અથવા ત્રણે સરખા માપનાં રાખવાનાં હશે? (૪) અથવા નાના-મોટા ઉપરથી નીચે કે નીચેથી ઉપર કઈ રીતે રાખવાનાં હશે?...આવી બધી શંકાઓ જન્મે છે. આ બધી શંકાઓનો સદંતર અંત લાવવા માટે અને ટૂંકમાં જ બધું સમજાઈ જાય એ માટે છત્રાતિછત્ર જેવો મજબૂત શબ્દ આગમકારોએ પસંદ કર્યો છે. ટીકાકારોએ પણ એનું જ અનુસરણ કર્યું છે.

(ii) જ્ઞાતાધર્મકથાંગ નામના આગમશાસ્ત્રના પ્રથમ શ્રુત સ્કંધના ૨૨ મા સૂત્રમાં महावीरस्स छत्तातिछत्तं० એવો પાઠ છે. ત્યાં પણ ત્રણ છત્ર માટે જ छत्तातिछत्तं શબ્દ વાપર્યો છે.

પ્રશ્ન : છત્રાતિછત્ર શબ્દનો ચોકકસ અર્થ – ભાવાર્થ શું છે? તે પહેલાં સમજીલો.

ઉત્તર : 'છત્રાતિછત્ર' શબ્દનો અર્થ છે પહેલું છત્ર મોટું, પછી તેની ઉપરનું નાનું અને તેની ઉપરનું તેથીયે નાનું એટલે મંગલગ્રહ માટે વપરાતા પ્રવાલ રત્નનો જેવો ત્રિકોણ આકાર હોય છે તેવો ત્રિકોણ △ (ટ્રાયંગલ) રચના જેવો ત્રણ છત્રોનો આકાર બને.

પ્રશ્ન : ઉપર છત્રાતિછત્ર શબ્દનો અર્થ કર્યો તે બરાબર છે પણ આવો જ અર્થ થાય અને એ જ અર્થ સાચો એની પાછળ કોઇ પ્રબળ પુરાવો છે ખરો?

ઉત્તર : હા, એનો પ્રબળ પુરાવો છે. શાસ્ત્રોમાં જ્યાં જ્યાં છત્રાતિછત્ર શબ્દ વાપર્યો છે અને ત્યાં ત્યાં એ શબ્દનો જે જે અર્થ કર્યો છે એ શોધવાથી અને જાણવાથી ખ્યાલ આવશે કે ઉપર કરેલો અર્થ યથાર્થ છે.

મોટી સંગ્રહણીની ૨૧૧મી ગાથામાં छत्ताइच्छत्त શબ્દ આવે છે. સાત નરક કયા આકારે રહેલી છે તે સમજાવવા માટે સંગ્રહણીકારે છત્રાતિછત્ર શબ્દ યોજ્યો છે તે પાઠ આ પ્રમાણે છે – नामेहिं पुढवीओ छत्ताइच्छत्तसंठाणा ॥

આનંદની વાત એ છે કે છત્રાતિછત્ર શબ્દના સત્ય-સચોટ અર્થને સમજવા માટે આપણને અશાશ્વત કે અનિત્ય વસ્તુ નહીં પણ અનાદિકાલીન શાશ્વતી વસ્તુ પુરાવારૂપે મળી આવી છે. સાત નરકના આકારનો પુરાવો મળી આવતાં છત્રાતિછત્ર શબ્દનો અર્થ સમજવાનું કામ એકદમ સરળ બની ગયું. આથી હું ખાતરીપૂર્વક કહી શકું છું કે આ પુરાવાથી વાચકોને સંપૂર્ણ સંતોષ થશે. કોઈ શંકા કે વિવાદ ઊભો નહીં રહે.

આ બધાનું તાત્પર્ય એ થયું કે છત્રાતિછત્ર શબ્દ દ્વારા સાત નરકના આકારનો પરિચય આપ્યો. એટલે જ્યાં જ્યાં છત્રાતિછત્ર શબ્દ યોજ્યો હોય ત્યાં ત્યાં તે તે વસ્તુ કે વસ્તુનો આકાર સાત નરક જેવો સમજવો. ત્રણ છત્રોની બાબતમાં પણ ઉપરોકત અર્થઘટનમાં એ જ સાત નરકના આકારનું દૃષ્ટાંત સચોટ પુરાવારૂપ છે.

પ્રશ્ન : સાત નરકના આકાર માટે છત્રાતિછત્ર શબ્દ વાપર્યો તો એ નરકનો આકાર કેવો સમજવો?

ઉત્તર : સાત નરકનો આકાર ઊંધું વાળેલા મોટા કુંડા જેવો છે. વીંટીમાં જડવામાં આવતા મંગળગ્રહના રત્ન જેવો ત્રિકોણ આકાર હોય છે સૌથી છેલ્લી નીચેની સાતમી નરક ઘણી મોટી તે પછી છઠ્ઠી તેનાથી નાની, પાંચમી તેનાથી નાની, આ પ્રમાણે સાત નરકનો આકાર હોય છે. ત્રણ છત્રની ગોઠવણીની બાબતમાં આપણને તો નીચેની ત્રણ જ નરકના આકારની જરૂર છે.

પ્રશ્ન : આ માટે એકદમ સ્પષ્ટ સમજાય તેવો કોઈ પુરાવો છે ખરો?

ઉત્તર : હા, તે માટે લોકપ્રકાશ નામના ગ્રંથના ૧૨ મા સર્ગનો ૧૬૫મો શ્લોક જુઓ:

अधो महत्तमं छत्रं तस्योपरि ततो लघु ।
छत्राणामिति सप्तानां स्थापितानां क्रमा इमाः ।।[1]

આ શ્લોકથી સારી એવી સ્પષ્ટતા થાય છે. દરેક નરકને છત્ર શબ્દથી ઓળખાવીને આ શ્લોક સ્પષ્ટ કરે છે કે દરેક નરક છત્રાકારે જ દેખાય છે. માથે ઊધાડી છત્રી રાખીએ છીએ તેવો આકાર બને. આ સાત નરકોમાં સૌથી મોટી કઇ? એના જવાબમાં ગ્રંથકારે अधो શબ્દ લખી સૌથી નીચેની જણાવી પછી તેને तम् પ્રત્યયવાળું महत्तमम् વિશેષણ લખી એ સૌથી મોટામાં મોટા છે એવી સ્પષ્ટતા કરી

અહીં ખાસ સમજવા જેવી વસ્તુ એ છે કે–સૌથી મોટું છત્ર કયું તે સમજવા માટે ખાસ अधः શબ્દ વાપર્યો છે. उपरि શબ્દ વાપર્યો નથી. એટલે સ્પષ્ટ છે કે ત્રણ છત્રમાં સૌથી નીચેનું છત્ર જ મોટું સમજવાનું છે.

પૂર્વાચાર્યોની ખુશી થવા જેવી બાબત એ છે કે છત્રો △ આવા ત્રિકોણ આકારે છે એ જણાવવા સૌએ છત્રાતિછત્ર આ એક જ શબ્દનો પ્રયોગ કરી એકવાકયતા જાળવી રાખી, અથવા સર્વસંમતિ જણાવી. આગમમાં આવતો આ એક છત્ર શબ્દ સિદ્ધ બન્યો છે. એટલે ગમે તે વસ્તુનો આકાર સમજવા શાસ્ત્રમાં જ્યાં છત્રાતિછત્ર શબ્દ વાપર્યો હોય ત્યાં સાત નરકના આકાર જેવી અથવા ત્રિકોણ △ પદ્ધતિવાળી તે વસ્તુ સમજી લેવી. જ્ઞાતા-ધર્મકથા વગેરે આગમગ્રંથોમાં તીર્થંકરદેવના પ્રતિહાર્યના પ્રસંગમાં મૂળસૂત્રમાં જ छत्तातिछत्त શબ્દ વાપર્યો છે.

(iii) [2]સમવસરણસ્તવ પ્રકરણની ૧૧મી ગાથામાં પાઠ છે કે तदुवरि चउ छत्ततिआ० તેની અવચૂરિમાં લખ્યું છે કે तेषामुपरि चत्वारि छत्रत्रिकाणि 'छत्रातिछत्रवत्' । આમાં ચારે

---

૧. કર્તા આ. શ્રી ધર્મઘોષસૂરિજી : સમય : ચૌદમી શતાબ્દીનો પૂર્વાર્ધ.

૨ આ શબ્દ બીજા બધુ સ્થળે વપરાયો છે.

બાજુના ભગવાનનાં ત્રણ ત્રણ છત્રની વાત કરી જેમ આ અવચૂરિકારે છત્રાતિછત્ર શબ્દ વાપરી મૂળગાથાના કથનને સ્પષ્ટ કરી બતાવ્યું એવું વીતરાગસ્તોત્રના ટીકાકારે અને અવચૂર્ણિકારે સ્પષ્ટિકરણ કરી નાખ્યું હોત તો બહુ સારું થાત. ખોટી પ્રવૃત્તિ ન ચાલત. આ લેખને પણ જન્મ ન મળત. આગમમાં અનેક સ્થળે આવતો પ્રખ્યાત શબ્દ કેમ ધ્યાન પર ન આવ્યો ? ખેર !

(iv) શ્રીસ્થાનાંગસૂત્ર નામના આગમગ્રંથનો એક વધુ પુરાવો જોઇએ. શ્રીસ્થાનાંગસૂત્રના ૭મા ઠાણમાં **छत्तातिछत्तं – छत्रातिछत्रं** શબ્દનું નિર્વચન કરતાં ટીકાકારમહર્ષિ વિગ્રહ કરે છે– ... **छत्र – मतिक्रम्य छत्रं छत्रातिछत्र तस्य संस्थानं– आकारोऽधस्तनं छत्र महद्वुपरितनं लघु – इति तेन संस्थिता : छत्रातिछत्र संस्थानसंस्थिता:**, સ્થાનાંગના ટીકાકારે તો દીવા જેવું સ્પષ્ટ જ લખી નાખ્યું કે અધસ્તન એટલે નીચેનું છત્ર મોટું તે પછીનું નાનું એટલે ઓટોમેટિક ત્રિકોણાકાર બની ગયો એ જ આકારે ત્રણ છત્રો સમજવાં એવું આપણા આગમો અને એની ટીકાઓ સ્પષ્ટ જણાવી રહી છે. ઉપરના આગમોના પુરાવાઓથી છત્રાતિછત્ર શબ્દનો અર્થ આપણે જોઇ આવ્યા. આટલું જાણ્યા પછી હું માનું છું કે હવે ત્રણ છત્રના ક્રમની બાબતમાં કોઇને કશી જ શંકા કે દ્વિધા નહિ રહે.

હવે પ્રત્યક્ષ પ્રમાણો જોઇએ

પ્રત્યક્ષ પ્રમાણ આદ્ય-સૌથીશ્રેષ્ઠ-નિઃશંક અને નિર્વિવાદ પ્રમાણ ગણાય. એનાથી વસ્તુ હસ્તામલકવત્ સ્પષ્ટ સમજાય છે. પ્રત્યક્ષ પ્રમાણ માટે બીજા કશા પુરાવા-સાબિતીની જરૂર રહેતી નથી. અને જ્યારે બે-ચાર નહીં પણ ડઝનબંધ પુરાવા મળતા હોય ત્યારે તો કોઇ દલીલો કે ચર્ચાને સ્થાન જ રહેતું નથી. અહીં આપણે એ માટે લગભગ ૨૫૦૦ વર્ષથી ઉપલબ્ધ ધાતુમૂર્તિઓ અને પાષાણમૂર્તિઓનો વિચાર કરીએ.

(૧) પાંચ-પાંચ ફૂટ કે તેથી વધુ મોટી કાળમીંઢ પથ્થરની ૨૦૦૦ વર્ષ જૂની મૂર્તિઓના ફોટા ઘણાં પુસ્તકોમાં છપાઇ ગયા છે. તેમાં પણ માથા ઉપર અંદર જ ખોદીને પથ્થરના જ બનાવેલાં છત્રો છે; બહારથી લાવેલાં કે લટકાવેલાં હોય તેવાં નહીં પણ મૂર્તિ ઘડી ત્યારે જ ભેગાં ઘડેલાં છે તેથી તે આગમને અને તદનુસાર વર્તતી મારી માન્યતાને જ અનુસરતા છે.

(૨) મેં જોયેલી થોડીક પાંચમા સૈકાથી દશમા સૈકા સુધીની નાનીમોટી ધાતુમૂર્તિઓમાં પણ અંદર જ સ્પષ્ટ રીતે ધાતુનાં છત્રો ઉપસાવેલાં હતાં. તે પણ આગમની અને તદનુસાર મારી માન્યતાને જ અનુસરતાં સવળાં જ બનાવેલાં હતાં.

(૩ આ સિવાય છેલ્લા ૧૦૦૦–૧૨૦૦ વરસની ઢગલાબંધ શ્વેતાંબર-દિગંબર મૂર્તિઓમાં ઇંગ્લિશ A કે △ ત્રિકોણાકારની જેમ ભગવાનના માથા ઉપરનું મોટું, તેની ઉપર તેથી નાનું અને તેની ઉપર તેથીય નાનું, આ રીતે છત્રો પથ્થરમાં બનાવેલાં હતાં અને આજે પણ છે. જેના ફોટા સરકારી મ્યુઝિયમોમાં તથા મૂર્તિશિલ્પના છપાયેલા અનેક ગ્રંથોમાં જોવા મળે છે. મથુરાના કંકાલી ટીલાની કાળમીંઢ પથ્થરની ૩૩ ફૂટ કે તેથી વધુ મોટી મૂર્તિઓમાં પણ સ્પષ્ટ જોવા મળે છે. ઇતિહાસ મહોદધિ પૂ. આ. શ્રી ઇન્દ્રસૂરિજીના લખેલા ભગવાન મહાવીર ચરિત્રના પુસ્તકમાં તેના ફોટાઓ છે.

સવળા ત્રણ છત્રોવાળી પ્રાચીનમૂર્તિઓ ભારતમાં પાર વિનાની છે. મેં મંદિરમાં રહેલી, ગુફાઓમાં રહેલી કે દક્ષિણ-ભારતમાં પહાડની શિલાઓમાં કોતરેલી ધાતુ કે પાષાણની સેંકડો મૂર્તિઓ જોઇ એમાં એક પણ મૂર્તિ ઊંધા ત્રિકોણ △ ના અથવા અવળા આકારના છત્રવાળી ન જોઇ. જોડાજોડ ગોખલાઓ બનાવી તેમાં કંડારેલી ૧૦, ૧૫, ૨૫ મૂર્તિઓ જોઇ તે તમામ મૂર્તિઓનાં છત્રો સવળા ત્રિકોણાકારના જ છે. મારી પાસે તેના પુસ્તકો, ફોટાઓ છે આ ધરતી ઉપર અવળા આકારના છત્રવાળી એક પણ મૂર્તિ મારા જોવામાં આવી નથી. હા, કોઇ ભૂણેભાંચરે અજ્ઞાનભાવે આજે જેમ ખોટું થાય છે તેવી તે વખતે ખોટાં છત્રોવાળી કોઇએ કરાવરાવી હોય અને એકાદ-બે કદાચ મળી આવે તો પણ તેનું શું મૂલ્ય ?

પાલિતાણાતીર્થ ઉપરથી લઇ જઇ ભારતનાં અન્ય તીર્થો, પહાડો, મંદિરોમાં ઠેર ઠેર બિરાજમાન કરેલી સેંકડો પાષાણની મૂર્તિઓ છે. તેમાં પરિકરવાળી મૂર્તિઓ પણ છે એ બધી મૂર્તિઓમાં સ્પષ્ટ ત્રણ છત્ર કરવાની અનુકૂળતા બધી વખતે હોતી નથી. એટલે એક છત્ર તો સૌને દેખાય એવું કરેલું હોય જ છે. અને તે છત્રના ઉપરના ભાગમાં બીજાં બે છત્રનું સૂચન કરનારા એક દોરાની અથવા બબ્બે દોરાની ઊંચાઇવાળા હાંસિયા પાડેલા હોય છે. કેટલીક મૂર્તિઓમાં હાંસિયાની પણ જગ્યા ન હોય તો એક પછી એક એમ પાતળી બે રેખાઓ બતાવેલી હોય છે એ ત્રણ છત્રોની પૂરતી માટે જ કરવાની વર્ષો જૂની પ્રથા છે. નાની મૂર્તિઓમાં ત્રણ છત્રો કરવાં મુશ્કેલ હોય છે એટલે એક બતાવી બાકીના બે માટે હાંસા-આંટા બતાવી દે છે. સૌને મૂર્તિ-શિલ્પમાં રસ ન હોય તે સ્વાભાવિક છે. પણ પાલિતાણા જાવ ત્યારે પરિકરવાળી અનેક મૂર્તિઓ જોજો અથવા વિહારમાં સપરિકરમૂર્તિ ઉપરનાં છત્રો ઉપર નજર ફેરવજો તોય ખ્યાલ આવી જશે. પણ આજે દર્શન કરવાનો માંડ ટાઇમ હોય ત્યાં કોણ આવું આડુંઅવળું નિરીક્ષણ કરે ?

દિગંબરોના દક્ષિણ ભારતનાં તીર્થોની તમામ પાષાણ-ધાતુ મૂર્તિઓ ઉપરના અંદર બનાવેલાં છત્રો સવળાં જ છે. દિગંબરીય શિલ્પસ્થાપત્ય અને કળાનાં જૈન પુસ્તકો જોઇ જવાથી ખાતરી થશે.

હવે-ઘડીભર માટે માની લઇએ કે હેમચંદ્રાચાર્યજી મહારાજનો આશય ભગવાનના માથા ઉપર પ્રથમ છત્ર નાનું, પછી મોટું, અને પછી એથી મોટું એવું કહેવાનો હતો. તો પછી તરત જ પ્રશ્ન ઊભો થશે કે આગમ તથા આગમની ટીકાઓમાં અષ્ટમહાપ્રાતિહાર્યના વર્ણન પ્રસંગે છત્રાતિછત્ર શબ્દ મૂક્યો છે, તે શું એમના જોવામાં નહિ આવ્યો હોય ? એવું કોઇનાથી યે કહી શકાય તેમ છે ખરું ? હરગીજ નહિ. આગમના આટલા મોટા આધારને છોડીને આગમવિરુદ્ધ વાત સૂરિજી કરે તે કેંદી માની શકાય તેમ નથી. બીજું જે છત્રાતિછત્ર આકારને ન અનાદિ અનંતકાળથી શાશ્વત રહેલા સાત નરકના આકારને પણ નથી માનતો એમ કહેવું પડશે અને એ વાત પ્રત્યક્ષ શાસ્ત્રવિરોધી બની જશે. આવી કોઇ આપત્તિઓ ન આવે માટે તેમ જ આગમ સાથે વિરોધાભાસ ન આવે તે માટે પુણ્યવૃદ્ધિ ક્રમને ઉપરથી નીચે ઊતરતો સ્વીકારીએ એ સંપૂર્ણ રીતે સુયોગ્ય છે.

'અમૃતવેલ'ની સજ્ઝાયમાં સાધનાપદ્ધતિઓનું આલેખન

● પૂ. પં. યશોવિજય ગણિ

નકશા વિના મોટા શહેરની ગલીકૂંચીમાં માર્ગ ગોત્યો જડે નહિ. સ્નેહીનું ઘર મળે નહિ.

સાધનાક્ષેત્રે પણ નવાસવા સાધકને આ મૂંઝવણ ઘણી વાર થતી હોય છે : પોતાની ચાલુ ભૂમિકાથી આગળ શરૂઆત ક્રમ કરવી અને ક્યાંય અટવાઈ ન જવાય તેમ લગાતાર શી રીતે આગળ ધપ્યા કરવું. સાધનાપથનો નકશો હોય તો સારું એમ લાગ્યા કરે.

'ચેતન ! જ્ઞાન અજવાળીએ...'ના મધુરા આમંત્રણથી શરૂ થતી 'અમૃતવેલ'ની સજ્ઝાય સાધકો માટે માર્ગદર્શિકાની ગરજ સારે તેવી આસ્વાદ્ય, નાનકડી, ગેય કૃતિ છે. ગાતા જાવ ને આગળ વધતા જાવ !

'પંચસૂત્રક' ગ્રન્થના પ્રથમ સૂત્રને નજર સામે રાખી બનાવવામાં આવેલ ગણાતી આ કૃતિ માત્ર અવતરણ ન બની રહેતાં સુન્દરતર મૌલિક રચના બની ઊઠી છે, તે મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજની કલમનો ચમત્કાર છે.

મધુર કંઠે, ભાવવાહી રીતે કોઈ સાધક પ્રસ્તુત સ્વાધ્યાયની ઓગણત્રીસ કડીઓ ગાતો હોય તો શ્રોતાઓય તેના રસ-પ્રવાહમાં સાથે સાથે વહ્યા કરે તેવી સ-રસતા પ્રસ્તુત કૃતિમાં છે.

જો કે, સૌથી વધુ મહત્ત્વની બાબત તો એ જ છે કે આ કૃતિ ગાગરમાં સાગરની જેમ સાધનામાર્ગને સચોટતાથી, એકદમ સંક્ષેપમાં મૂકી જાય છે.

ફ્રોલ્ડેડ નકશાની જેમ 'અમૃતવેલ'ની સજ્ઝાયને જોઈએ તો ફ્રોલ્ડ્સ આ રીતે ખૂલશે : પહેલી કડીમાં આત્મગુણના અનુભાવનનું આમંત્રણ છે. આ અનુભાવન પહેલાં હૃદયમાં જે મધુમય ઝંકાર ઊપડે છે તેની નોંધ ૨જી અને ૩જી કડી આપે છે સાધનાની પૃષ્ઠભૂમિ મધુર આલેખન.

૪થી ૨૩ મી કડી અનુભાવનના માર્ગનું વિશદ વર્ણન આપે છે. ચતુઃશરણ ગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદનાની સાધનાનું રસ ઝરતું બ્યાન ઉપરોક્ત દુહાઓમાં છે.

સાધનાપદ્ધતિનું બીજીવાર વર્ણન કરતાં પહેલાં ૨૪મી અને ૨૫મી કડી સાધક તરફ કેમેરા ફેરવે છે. આત્મદર્શનની મધુરી વાતો આ બે દુહાઓમાં છે.

૨૬ થી ૨૮ મી કડીમાં ફરી સાધનામાર્ગના માર્મિક પક્ષનું ઉદ્ઘાટન થયું છે. હિતશિક્ષા સાથે ૨૯મી કડીએ કૃતિ પૂરી થાય છે.

સાધનામાર્ગનું વર્ણન બે વાર થયું છે : ૪થી થી શરૂ કરીને ૨૩મા દુહા સુધી; ૨૬થી ૨૮મા દુહા સુધી. પહેલી વખતે ચતુઃશરણ ગમન આદિ ત્રણ તત્ત્વોની વાત છે, બીજી વખતે સ્વધ્યાય, નિર્મોહતા આદિ આઠ Steps બતાવાયા છે.

ચાલો કડીઓને ગતાં ગાતાં આ ફ્રોલ્ડેડ નકશાએ ચીંધેલા રાહ પર ચાલીએ:

પહેલી કડી

'ચેતન ! જ્ઞાન અજવાળીએ,
ટાળીએ મોહસંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીએ,
પાળીએ સહજગુણ આપ રે.'

મઝાનું નિમંત્રણ છે આત્મગુણના અનુભાવનનું : 'પાળીએ સહજગુણ આપ રે.' કેવો અનેરો આનંદ આવે, જ્ઞાન કે અસંગતા જેવા ગુણોના અનુભાવનનો !

અનુભાવન. ડૂબી જવાનું. Feel કરવાનું. પછી સ્વાધ્યાયમાં વંચાતા મહર્ષિઓનાં વચનો-પ્રવચનો કે સંગોષ્ઠીઓમાં કવોટ કરવા માટેનાં જ નહિ, અંદરની દુનિયામાં પ્રવેશ કરાવનારાં બની રહેશે. આનંદની છાકમછોળ ઊઠી રહે.

ચાલો, આમંત્રણ તો મઝાનું છે. પણ એ સમારોહમાં પ્રવેશવા માટેનું આમંત્રણપત્ર ક્યાં ?

ચિત્તસ્થૈર્યની કેડીએ ચલાય તો જ પેલા સમારોહમાં ઉપસ્થિત રહી શકાય. એ કેડી તરફ જ આનંદલોકનું દ્વાર ખુલ્લું હોય છે. 'ચિત્ત ડમડોલતું વાળીએ.' ચિત્તનું ડામાડોળપણું જાય અને તે સ્થિર બને તો આત્મગુણોનું અનુભાવન થઈ શકે.

આત્મગુણોની અને આપણી વચ્ચે જે પડદો છે તેને ચીરી નાખવાનો છે, સંત કબીર માર્મિક રીતે કહે છે : 'ધૂંધટ કા પટ ખોલ રે, તોહિ પિયા મિલેંગે...'

ચિત્તની ડામાડોળ અવસ્થા જ પડદો છે.

તો, ચિત્તની બહિર્મુખી સફરને અન્તર્મુખી બનાવી શકાય તો જ જ્ઞાનાદિ ગુણોનું અનુભાવન થાય.

તમે પૂછશો : પણ આખરે ચિત્ત બહાર જ કાં દોડ્યા કરે ?

ચિત્તની આ દોડનું કારણ છે પદાર્થો અને વ્યક્તિઓ પરનો મોહ. મનગમતા પદાર્થોને જોતાં જ ચિત્તનું ત્યાં અનુસંધાન થાય છે. એ પદાર્થો પર પોતાનું સ્વામિત્વ સ્થાપવા માટેના પ્રયાસોની લાંબી હારમાળા શરૂ થાય છે. એક એક પદાર્થને જુએ અને ચાહે યા ધિક્કારે એવું આ ચિત્ત. એને સ્થિર બનાવવા અમોહ લાવવો પડે. તમે વસ્તુને માત્ર જુઓ જ. નિર્ભેળ દર્શન આકર્ષણ નહિ.

વાત તો ઠીક છે. પણ જન્મોથી ઘર કરી બેઠેલા મોહના ચોરને કઈ લાકડીએ હાંકી કાઢવો ? 'ચેતન ! જ્ઞાન અજવાળીએ.' જ્ઞાનનો ઉજાસ અંદર જતાં જ મોહ ભાગશે. પ્રકાશમાં રહેવાનું ચોરને પાલવે નહિ.

જ્ઞાન અમોહ ચિત્તસ્થૈર્ય આત્મગુણોનું અનુભાવન. કેટલો મઝાનો ક્રમ !

શાસ્ત્રીય વચનોના અનુપ્રેક્ષણાત્મક જ્ઞાનથી મોહ હટે. મોહ ઓછો થતાં ચિત્તનું ડામાડોળપણું અસ્થૈર્ય દૂર થાય. ને ત્યારે જ્ઞાનાદિ ગુણોનું અનુભાવન થાય. અનુપ્રેક્ષાથી પ્રારંભાઈ અનુભૂતિમાં વિરમતી આ યાત્રા કેવી તો સુખદ છે !

બીજી અને ત્રીજી કડી : મધુમય ઝંકાર

ઉપશમ અમૃત રસ પીજીયે,
કીજીયે સાધુગુણ ગાન રે;
અધમ વયણે નવિ ખીજીયે,
દીજીયે સજ્જનને માન રે...
ક્રોધ અનુબંધ નવિ રાખીએ,
ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિત રત્ન રુચિ જોડીયે,
છોડીયે કુમતિ મતિ કાચ રે...

સાધનાના ક્ષેત્રે કદમ ઉપાડતાં પહેલાં હૃદયે જોઈશે મધુમય ઝંકાર. બીજી અને ત્રીજી કડી આ ઝંકારની વાતો લઈ આવી રહી છે.

ઉપરના બે દુહામાં વણ'વેલ આઠ હિતશિક્ષાઓનું પાલન આપણને સમતા, સાધુપુરુષો પ્રત્યેનું સન્માન, સત્યભાષણ અને સમકિત જેવી સંપદાઓની ભેટ આપે છે.

'ઉપશમ અમૃત રસ પીજીએ,' 'અધમ વયણે નવિ ખીજીયે' અને 'ક્રોધ અનુબંધ નવિ રાખીએ' આ ત્રણ હિતવચનોના પાલનથી સમતા પુષ્ટ બને છે. 'કીજીયે સાધુ ગુણ ગાન રે' અને 'દીજીયે સજ્જનને માન રે' પંક્તિઓ સાધુપુરુષોની ભક્તિ કરવા પ્રેરે છે. 'ભાખીએ વયણ મુખ સાચ રે' કહી સત્ય ભાષણ માટે ઉદ્બોધન આપે છે. 'સમકિત રત્ન રુચિ જોડીએ' અને 'છોડીયે કુમતિ મતિ કાચ રે' આ બે હિત-વચન મિથ્યા દૃષ્ટિ છોડી સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે પ્રેરણા આપે છે.

આઠે હિતશિક્ષાઓનું પાલન કેવો ઝંકાર ખડો કરે છે?

ચિત્તમાં સમત્વ વ્યાપી જાય ત્યારે અનાદિની રાગ અને દ્વેષની ગાંઠો થોડી ઢીલી પડવાથી ચિત્ત રસથી છલકાતું બને છે. શ્રીપાળ રાસમાં ગ્રન્થકારે કહ્યું છે તેમ સરસતાને ગ્રન્થિમુક્તતા નિર્ગ્રન્થતા જોડે પૂરો સંબંધ છે. (પ્રેમ તણી પેરે શીખો સાધો, જોઈ શેલડી સાંઠો; જિહાં ગાંઠ તિહાં રસ નવિ દીસે, જિહાં રસ તિહાં નવિ ગાંઠો રે...)

હવે મહાપુરુષોનાં ગુણગાન કરવાનું મન થાય છે. ફૂંફાડા મારતો અહમ્નો ફણિધર હવે હેઠો બેઠો છે. અહમ્ની શિથિ-લતાને જ કારણે કોઈ કદાચ જેમ તેમ બોલી જાય છે તો મન પર કશું આવતું નથી. એવી સામાન્ય વ્યક્તિત્વોની વાતોને કૂદવી જઈએ છીએ. [અધમવયણે નવિ ખીજીએ.] હા, સત્પુરુષોની વાતો પર, તેમના હિતોપદેશ પર પૂરતું ધ્યાન અપાય છે.

નિર્ગ્રન્થતા એટલી હદે વિકસવી જોઈએ કે વાતે વાતે ગાંઠો મારતા હતા તે ભૂતકાળની ઘટના બની જાય. 'ક્રોધ અનુબંધ નવિ રાખીએ.' અનુબંધ ન રહે. ક્રોધ તાત્કાલિક આવી જાય, પણ એ ઘણો સમય ટકનારો ન બને. ગાંઠ મડાગાંઠ ન પડતાં સૈદ્ધાંતના પ્રકારની ગાંઠ જ પડે, જે પલક-વારમાં છૂટી જાય.

ક્રોધનો અનુબંધ ન રહે, તેનું સાતત્ય ન રહે એનું કારણ ઉપશમ રસનું કરાયેલું પાન છે. અસત્ય બોલવા આદિનાં દૂષણો પણ જડ્યા રહ્યાં છે.

ગ્રન્થિઓ બધી ઓગળી રહી છે. નિર્ગ્રન્થતા વિકસી રહી છે. મિથ્યાત્વની ગ્રન્થિ જતાં, એ મોતિયાનું ઓપરેશન થતાં દૃષ્ટિ ઝળાંહળાં થઈ ગઈ છે. 'સમકિત રત્ન' સાથેની આત્મીયતા સમીપતાએ મિથ્યાત્વના કાચની અસલી ભૂમિકા છતી કરી દીધી છે.

આ ઝંકાર / ભીતરી રણત્કારની પૃષ્ઠભૂ ઉપર સાધક સાધનને પંથે પળે છે. આગળની કડીઓ એ સાધનાપથનું માર્મિક વર્ણન લઈ આવી રહી છે.

કડી ૪ થી ૮ા : ચતુઃ શરણ ગમન

શુદ્ધ પરિણામના કારણે,
ચારનાં શરણ ધરે ચિત્ત રે,
પ્રથમ તિહાં શરણ અરિહંતનું,
જેહ જગદીશ જગમિત્ત રે...
જે સમવસરણમાં રાજતા,
ભાંજતા ભવિક સંદેહ રે,
ધર્મના વચન વરસે સદા,
પુષ્કરાવર્ત જેમ મેહ રે...
શરણ બીજું ભજે સિદ્ધનું,
જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવનગરનું
જ્ઞાન આનંદ ભરપૂર રે...
સાધુનું શરણ ત્રીજું ધરે,
જેહ સાધે શિવપંથ રે;
મૂળ ઉત્તર ગુણે જે વર્યા,
ભવ તર્યા ભાવ નિર્ગ્રન્થ રે...
શરણ ચોથું ધરે ધર્મનું,
જેહમાં વર દયા ભાવ રે;
જે સુખ હેતુ જિનવર કહ્યો,
પાપજળ તરવા નાવ રે...
ચારનાં શરણ એ પડિવજે,
વળી ભજે ભાવના શુદ્ધ રે...

ચતુઃશરણ ગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના. સાધનાનો રાજપથ. ઉપશમ અમૃતનાં પાન અને સાધુજનોનાં ગુણગાન વડે જેના હૈયે મધુર ઝંકાર ઉપડ્યો છે તે સાધના-માર્ગ ભણી ઢળે છે.

શરણ સ્વીકાર આદિની ત્રિપુટી દ્વારા મોક્ષ મળે છે. જનમજનમથી વિષયો ને કષાયો ને કર્મોના બન્ધનમાં ફસાયેલ આતમ મુક્તિપંથે પ્રયાણ કરવા હવે પાંખો વીંઝે છે.

પવિત્ર પંચસૂત્રક ગ્રન્થ કહે છે તેમ આ ત્રિપુટી દ્વારા સંસારનાશનો ક્રમ આ પ્રમાણે છે: ત્રિપુટીની સાધના તથા ભવ્યત્વનો પરિપાક, પાપ કર્મનો નાશ, શુદ્ધ ધર્મની પ્રાપ્તિ, સંસાર નાશ.

'અમૃતવેલ'ની સજ્ઝાયમાં ચતુઃશરણગમન આદિ દરેક દ્વારા પ્રાપ્ત થતા અલગ અલગ ગુણની ચર્ચા છે.

[૧] ચતુ:શરણ સ્વીકાર દ્વારા શુભ ભાવ પ્રાપ્તિ.

[૨] દુષ્કૃતગર્હા દ્વારા સંવરની વૃદ્ધિ.

[૩] સુકૃત અનુમોદના દ્વારા કર્મક્ષય.

શરણ-સ્વીકારની સાથે પરમાત્માના અનુગ્રહ ક્ષેત્રમાં અને ધર્મ મહાસત્તાના પ્રભાવક્ષેત્રમાં આવેલ સાધકના હૈયામાં શુભ ભાવોનો પ્રવાહ ઉછળવા માંડે છે.

પાપોની નિન્દા દ્વારા કર્મોને આવવાનાં દ્વારો બંધ થાય છે.

સુકૃત અનુમોદના દ્વારા જૂનાં કર્મો નિર્જરી જાય છે.

કેવી સુન્દર આ ત્રિપુટી! મોહથી કલુષિત ચિત્તને નિર્મોહ બનાવવા માટેનો આ કેવો સરસ સાધનાક્રમ!

અદ્‌ભુત છે શરણુસ્વીકાર.

અહમ્‌નું વિગલન સાધકને શરણાતિને પંથે લઇ જાય છે.

'શુદ્ધ પરિણામના કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે...'

જગતના સ્વામી અને જગતના મિત્ર અરિહંત પરમાત્માનું શરણ સાધક સ્વીકારે છે. સાધકની મનની આંખો સમક્ષ સમવસરણ ખડું થઇ જાય છે. સમવસરણમાં પરમાત્મા સિંહાસન પર બેઠા છે. દેશનાની રમ્ય ઝડી વરસી રહી છે. વચ્ચે વચ્ચે પુછાતા પ્રશ્નોનો પણ મધુરતાથી પરમાત્મા ઉત્તર આપી રહ્યા છે.

સમ્મેતશિખરની યાત્રાએ જઇ રહેલા એક મુમુક્ષુને મે કહેલું: ઋજુવાલિકા નદીના કાંઠે કલાક બે કલાક જો ધ્યાનમાં સરી શકાય તો અઢી હજાર વરસોનો સમય કંઇ મોટો નથી. કૈવલ્ય-પ્રાપ્તિ પછી દેવાધિદેવ મહાવીર પ્રભુના પ્રથમ સમવસરણની ધ્યાન દ્વારા મળેલ એ ઝલક ખરેખર અદ્‌ભુત હોય.

બીજું શરણ સિદ્ધ પરમાત્માનું. જેમણે તમામ કર્મોનો ક્ષય કર્યો અને શિવનગરીનું રાજ હાથવગું કર્યું.

એક સિદ્ધ પરમાત્મા સિદ્ધિમાં ગયેલા ત્યારે આપણે અનાદિ નિગોદમાંથી નીકળી બહાર આવેલા. આપણી વિકાસયાત્રા જેમની સિદ્ધિ દ્વારા શરૂ થઈ તે પરમાત્માના ચરણોમાં અનંતશઃ વન્દના.

ત્રીજું શરણ સાધુ મહારાજનું. ભાવ નિર્ગ્રન્થનું મુક્તિ-માર્ગની આરાધના કરતા, મહાવ્રતોના ધારક, ઉત્તર ગુણો (ચરણ સિત્તરિ કરણ સિત્તરિ આદિ)ના પાલક મુનિરાજના ચરણોમાં વન્દના.

ચોથું શરણ ધર્મનું દયાથી સોહતો આ ધર્મ સુખના હેતુરૂપ છે અને આ ધર્મ જ સંસારના સાગરને પેલે પાર જવા માટે નાવડી સમાન છે.

કડી ૮॥ થી ૧૪॥ : દુષ્કૃત ગર્હા

દુરિત સવિ આપણા નિંદીયે,
જેમ હોય સંવર વૃદ્ધિ રે...
બહુ ભવ પરભવ આચર્યા,
પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક ઘણા,
નિન્દીયે તેહ ગુણઘાત રે...
ગુરુ તણાં વચન તે અવગણી,
ગૂથિયાં આપ મત જાળ રે;
બહુ પરે લોકને ભોળવ્યા,
નિંદીયે તેહ જંજાળ રે...
જેહ હિંસા કરી આકરી,
જેહ બોલ્યા મૃષાવાદ રે,
જેહ પરધન હરી હરખિયા,
કીધલો કામ ઉન્માદ રે...
જેહ ધનધાન્ય મૂર્ચ્છા કરી,
સેવિયા ચાર કષાય રે,
રાગને દ્વેષને વશ હુઆ,
જે કિયો કલહ ઉપાય રે...
જૂઠ જે આળ પરને દીયા,
જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદ માયા મૃષા,
વળીય મિથ્યાત્વ સંતાપ રે...
પાપ જે એહવા સેવિયા,
તેહ નિંદીયે તિહું કાળ રે...

સાધક પોતાનાં પાપોની નિન્દા કરે છે. બહુ માર્મિક પંક્તિઓ છે આ દુષ્કૃતગર્હાની. સાધક એ કડીઓ રટતો જાય છે ને રડતો જાય છે. આંસૂજળથી ભીના મુખકમલથી ઉચ્ચારાતી આ કડીઓ ધસમસતા આવી રહેલા કર્મના પૂરને ખાળવા માટે સમર્થ છે.

તીર્થંકર પરમાત્માની અને ગુરુદેવની અશાતનાથી લઇને હિંસા આદિ અઢાર પાપસ્થાનકો પૈકીના કોઇપણ પાપને પોતે આચર્યું હોય તો તેને સાધક નિન્દે છે.

કડી ૧૪॥ થી ૨૩ : સુકૃત અનુમોદના

સુકૃત અનુમોદના કીજિયે,
જિમ હોય કર્મ વિસરાલ રે...
વિશ્વ ઉપકાર જે જિન કરે,
સાર જિન નામ સંયોગ રે;
તે ગુણ તાસ અનુમોદિયે,
પુણ્ય અનુબંધ શુભ યોગ રે...
સિદ્ધની સિદ્ધતા કર્મના,
ક્ષય થકી ઉપની જેહરે;
જેહ આચાર આચાર્યનો,
ચરણ વન સીંચવા મેહ રે...
જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો,
સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુના જે વળી સાધુતા,
મૂળ ઉત્તર ગુણધામ રે...
જેહ વિરતિ દેશ શ્રાવક તણી,
જે સમકિત સદાચાર રે;
સમકિત દ્રષ્ટિ સુર નર તણો,
તેહ અનુમોદિયે સાર રે...

---

[૧] શુદ્ધ પરિણામના કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે...
[૨] દુરિત સવિ આપણા નિંદિયે, જિમ હોય સંવર વૃદ્ધિ રે...
[૩] સુકૃત અનુમોદના કીજિયે, જિમ હોય કર્મ વિસરાલ રે...

અન્યમાં પણ દયાદિક ગુણો,
જેહ જિનવચન અનુસાર રે,
સર્વ તે ચિત અનુમોદીએ,
સમકિત બીજ નિરધાર રે...
પાપ નવિ તીવ્ર ભાવે કરે,
જેહને નવિ ભવ રાગ રે,
ઉચિતસ્થિતિ જેહ સેવે સદા,
તેહ અનુમોદવા લાગ રે...
થોડલો પણ ગુણ પર તણો,
સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતા,
નિર્ગુણ નિજાતમા જાણ રે...
ઉચિત વ્યવહાર અવલંબને,
એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નય ભાવના,
પાવનાશય તણું ઠામ રે...

બહુ સરસ છે બાવીસમી કડી. આપ્તીય 'અમૃતવેલ'ની સજ્ઝાય અદ્‌ભુત છે. પણ કોઈ કહે કે, ઓગણત્રીસ કડી યાદ રહે તેમ નથી; કોઇ બે-ચાર 'હીટ' કડી બતાવો, તો બાવીસમી કડી કંઠસ્થ કરવાનું સૂચવવાનું મન થાય.

'થોડલો પણ ગુણ પર તણો, સાંભળી હર્ષ મન આણ રે; દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમા જાણ રે...' આપણી દ્રષ્ટિને અનુમોદનાનો ઝોક આપવા માટે આ કડીનું વારંવારનું રટણ જરૂરી છે.

સુકૃતની અનુમોદના. 'જિમ હોય કર્મ વિસરાલ રે ..' કલ્યાણ મંદિર સ્તોત્રનું પેલું રૂપક યાદ આવી જાય છે: 'ગોસ્વામિનિ સ્ફુરિતચેતસિ દૃષ્ટમાત્રે...' ચોરો ગાયોના ધનને લઈ જઈ રહ્યા છે. ભરવાડને ખબર પડે છે અને તે ડંગોરો લઈ દોડતો પાછળ પડે છે. તેની હાક અને તેનું રૌદ્ર સ્વરૂપ જોઈ ચોરો ઘણું મૂકી 'ગચ્છન્તિ' કરી જાય છે.

અરિહન્તોના આર્હન્ત્યની અનુમોદના કરતી વખતે થાય કે પરમાત્માના પ્રભાવથી મારાં કર્મો વિલીન થઇ રહ્યાં છે. સિદ્ધોના સિદ્ધત્વની, આચાર્ય મહારાજના આચારની ઉપાધ્યાયજીના અધ્યાપનની અને મુનિરાજના મહાવ્રતપાલનની આપણે અનુમોદના કરીએ અને તે તે ગુણો ઉત્કટ રીતે આપણામાં કઇ રીતે આવે એનું ચિન્તન કરીએ.

શ્રાવકોના દેશવિરતિ ધર્મની અને સમકિતના સદાચારની જ નહિ, જ્યાં જ્યાં કોઇનામાં પણ પાપભીરુતા, કરુણા આદિ દેખાય ત્યાં ત્યાં તેના તે તે ગુણની અનુમોદના કરવાની છે.

આ અનુમોદના આપણા હૃદયને વિશુદ્ધ બનાવે છે.

કડી ૨૪-૨૫

દેહ મન વચન પુદ્‌ગલ થકી,
કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું,
જ્ઞાન આનંદ સ્વરૂપ રે...
કર્મથી કલ્પના ઊપજે,
પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું,
દેખતાં દ્રષ્ટિ સ્થિર મેલ રે...

ત્રિપુટી સાધનાથી મોહ પાતળો પડ્યો. નિર્મોહિતા આવવાથી આત્મગુણોનું અનુભાવન શક્ય બન્યું. 'હું' કોણ અને 'મારું' શું'ની તાત્ત્વિક ભૂમિકા પ્રાપ્ત થઈ.

આ ભૂમિકા ભણી ઇશારો કરતાં મહોપાધ્યાયજી કહે છે: તું કોણ છે એ જાણ, તું શરીર નથી, તું મન નથી, તું શબ્દો નથી, તું પુદ્‌ગલ પરમાણુઓનો સંચય નથી, તું કર્મ દ્વારા ચાલિત પૂતળું નથી, તું એ બધાથી ઉપર છે. ચોવીસમી કડીનો પૂર્વાર્ધ 'નેતિ - નેતિ'ની ઔપનિષદિક ભાષામાં આત્મસ્વરૂપ દરશાવે છે. ઉત્તરાર્ધ હકારાત્મક ભાષામાં એ વાત રજૂ કરે છે. 'અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે.' આત્માનું આ જ્ઞાનમય અને આનંદમય સ્વરૂપ છે તે કદી ક્ષીણ ન પામે તેવું અને બિલકુલ ડાઘ વગરનું છે.

પ્રશ્ન એ થશે કે, ભીતર આવો આનંદનો ઉદધિ ઉછળી રહ્યો છે તો મનુષ્ય ચપટી આનંદ માટે વલખાં કાં મારી રહ્યો છે?

મહોપાધ્યાયજી કહે છે: સંકલ્પો ને વિકલ્પોના પવનના કારણે તરંગાયિત બનેલ ચિત્તસમુદ્રમાં આત્મિક આનંદની ઝાંય પડી શકતી નથી. પવન મોજાંને હિલોળે ચડાવી રહ્યો હોય તો દરિયાના પાણીની આરપાર નજર જઈ શકે નહિ. હા, દ્રષ્ટિને વેધક ને સ્થિર બનાવીએ તો આભાસ પામી શકાય. ચિત્તસ્થૈર્ય આ રીતે પડદો ઉઠાવે છે.

'રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દ્રષ્ટિ સ્થિર મેલ રે.' દ્રષ્ટિ પેલા તરંગોને વીંધીને ભીતર પહોંચે એવું કંઇક કરવું છે. એક વાર આત્મગુણોના અનુભવનનો રસાસ્વાદ લીધા પછી વારંવાર એ અનુભવ દોહરાવવાનું મન થશે.

કડી ૨૬ થી ૨૮ : શ્રેણિબદ્ધ સાધનાસોપાન

ધારતાં ધર્મની ધારણા,
મારતાં મોહ વડ ચોર રે;
જ્ઞાનરુચિ વેલ વિસ્તારતાં,
વારતાં કર્મનું જોર રે...
રાગ વિષ દ્વેષ ઉતારતાં,
જારતાં દ્વેષ રસ શેષ રે,
પૂર્વ મુનિવચન સંભારતાં,
વારતાં કર્મ નિઃશેષ રે...
દેખિયે માર્ગ શિવનગરીનો,
જે ઉદાસીન પરિણામ રે,
તેહ અણછોડતાં ચાલિયે,
પામીયે જેમ પરમધામ રે...

એ રસાસ્વાદ કઈ રીતે મળે? આ માટે એકી સાથે ખૂબ ખૂબ કામ કરવાનું છે. ચિત્તવૃત્તિઓને નિયન્ત્રિત કરવા માટે એને ખૂબ બધું home-work સોંપી દીધું છે મહોપાધ્યાયજીએ.

આઠ સ્ટેપ્સ છે અહીં.

ધર્મધ્યાનમાં ગરકાવ થવું ને મોહને દબાવવો, સ્વાધ્યાય-રુચિતાને વિસ્તારવી ને કર્મના આક્રમણને ખાળવું; રાગ અને દ્વેષ રૂપી ઝેર ઉતારવું, પૂર્વ મહર્ષિઓનાં વચનોને વારંવાર

સમરવાં અને કર્મોના ક્ષય તરફ આગળ વધવું.

સાધનાનો આ બીજો તબક્કો શરણગમન આદિ દ્વારા મળેલ ગુણપ્રાપ્તિને સ્થાયીભાવ આપે છે. પાપોની નિંદાય કરી અને સુકૃતની અનુમોદનાય કરી; હવે એનું સાતત્ય ચાલુ રહે એ માટે ધર્મધારણા અને સ્વાધ્યાય. મોહને વારવા માટેનો અને રાગ, દ્વેષ રૂપી ઝેરને ઉતારવાનો ઉપદેશ સમતા ગુણને ટકાવી રાખવા માટે છે.

સમતાનું સાતત્ય પહેલેથી રાખવાનું છે. ૨જી અને ૩જી કડીમાં પ્રબોધેલ આઠ સ્ટેપ્સમાં પણ સમત્વપુષ્ટિની વાત છે.

આગળ મેં કહ્યું હતું કે, ૨જી અને ૩જી કડી સાધકના જીવનમાં એક મધુમય ઝંકાર રેડવા માટે છે. આ વાતના અનુસંધાનમાં કહી શકાય કે ૨૬ થી ૨૮ મી કડી પેલા ઝંકારને કાયમી ક્રમ કેદ કરી શકાય તે વાત સૂચવવા આવી છે. ત્રિપુટીની મધ્યવર્તી સાધનાના આઠ આઠ સોપાનમય પ્રારંભિક અને અન્ત્ય બિન્દુઓ.

અથવા તો સાધનાને જ ત્રિપથગામિની ગંગા તરીકે કલ્પી શકીએ. બીજો અને ત્રીજો દુહો : પ્રથમ ફાંટો, ચોથાથી તેવીસમા દુહા સુધી બીજો ફાંટો અને છવીસમાથી ૨૮ મા દુહા સુધી સાધનાનો ત્રીજો ફાંટો. ગંગા, જમના ને સરસ્વતીનો આ કેવો મધુર સંગમ!

ઉદાસીનતાના આ સંગમમાં સ્નાન કરનારનો પરિભ્રમણનો થાક દૂર થઈ જાય છે. ઉદાસીન. ઊંચે ચઢેલો. સાધનાની ઊંચાઈએ ચડયા પછી હવે 'પરમધામ' સામે જ દેખાય છે.

કડી ૨૯મી : ઉપસંહાર

શ્રી નયવિજય ગુરુ શિષ્યની,
શીખડી જેહ અમૃતવેલ રે;
એહ જે ચતુરનર આદરે,
તે લહે સુજસ રંગરેલ રે...

આનંદની રંગરેલ માટેનું આ મધુમય આમંત્રણ, મહોપાધ્યાયજીનું આમંત્રણ, ને ન સ્વીકારીએ તો ચાલે કેમ?

ભક્તિયોગમાં ઊતરવા માટે મહોપાધ્યાયજીની ચોવીશી, સાધના ક્ષેત્રે આગળ વધવા માટે પ્રસ્તુત 'અમૃતવેલ'ની સજ્ઝાય અને દ્રવ્યાનુયોગના ચિંતન માટે 'દ્રવ્યગુણ પર્યાયનો રાસ'. કેવળ ગુજરાતી ભાષા જાણનારાઓ માટે પણ મહોપાધ્યાયજીએ કેવો મોટો ખજાનો ખોલી દીધો છે!

મહોપાધ્યાયજી, વન્દન તમને! ❁

'પ્રબુદ્ધ જીવન' અંગે-

'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં દરેક વર્ષે પાનાંની સંખ્યાનો ક્રમાંક ૧ થી શરૂ કરી સળંગ સંખ્યાંક વર્ષના અંત સુધી ચોવીસ અંક સુધી અપાતો હતો.

ટપાલના નવા નિયમ અનુસાર હવેથી 'પ્રબુદ્ધ જીવન'ના પ્રત્યેક અંકમાં પાનાનો સંખ્યાંક નવેસરથી ૧ થી શરૂ કરવામાં આવ્યો છે, તેની સૌએ નોંધ લેવા વિનંતી.

-તંત્રી

રાતા મહાવીર-આદિવાસી અનાજ રાહત ફંડ

સંઘના સમિતિના કેટલાક સભ્યોએ રાતા મહાવીર (રાજસ્થાન)ની તીર્થયાત્રા કરી હતી તે પ્રસંગે ત્યાંના આદિવાસીઓ માટે અનાજ રાહત ફંડમાં નીચે પ્રમાણે રકમ લખાવી હતી:

૫૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ
૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૫૦૦ શ્રીમતી વસુબહેન ભણશાલી
૫૦૦ એક સજ્જન તરફથી હ. શ્રી ચીમનલાલ જે. શાહ
૫૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૫૦૦ શ્રી જયંતીલાલ ફત્તેચંદ શાહ
૫૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫૦૦ શ્રીમતી જયાબહેન વીરા
૫૦૦ શ્રીમતી મૃદુલાબહેન શાહ
૫૦૦ શ્રીમતી ધીરજબહેન વોરા
૨૫૧ શ્રીમતી પુષ્પાબહેન પરીખ
૨૫૦ શ્રીમતી મીનાબહેન શાહ
૨૫૦ શ્રીમતી કમલાબહેન પીસપાટી
૨૫૦ શ્રીમતી ચંદ્રાબહેન એચ. શાહ
૨૫૦ શ્રીમતી રમાબહેન વી. મહેતા
૨૫૦ એક બહેન તરફથી હ. શ્રીમતી જ્યોતિબહેન શાહ
૧૫૧ શ્રી બસંતલાલ નરસિંહપુરા

૬૬૫૨

સાભાર સ્વીકાર

[] **ઓચ્છવ** * લે. હસિત બૂચ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૧૨૦ * મૂલ્ય રૂા. ૨૦-૦૦ પ્રકા. ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. [] **મારી અભિનય દીક્ષા** લે. કાશીબેન મહેતા * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૨૬ મૂલ્ય રૂ ૧-૫૦ પ્રકા. શિશુવિહાર, ભાવનગર (સૌરાષ્ટ્ર) [] **સાહસિક ટોળી** લે. ગિરિશ ગણાત્રા * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૧૪૧ * મૂલ્ય રૂ ૧૮/- પ્રકા. કુસુમ પ્રકાશન ૬૧/એ નારાયણનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૭ [] **વડલાની છાયા** [] **દીવડાએ દીપ ઝલે** [] **આંગણું મહેંકી ઊઠ્યું** * ત્રણેના લેખક-પદમા ફડિયા * ક્રાઉન સોળ પેજી * ત્રણેની કિંમત રૂા. ૩૦/- પ્રકા. ઉપર મુજબ [] **રંગ બિલોરી** [] **મન બિલોરી** [] **હાસ બિલોરી** * ત્રણેના લેખક: શ્રી રજનીકુમાર પંડયા * ક્રાઉન સોળ પેજી * ત્રણેનું મૂલ્ય રૂ. ૬૩-૦૦ પ્રકા. રૂપાલી પબ્લિકેશન, પીર મહમદશાહ મેન્શન, ઘીકાંટા કૉર્નિંગ, રિલીફ રોડ, અમદાવાદ-૧. [] **શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી** (સુધારેલી બીજી આવૃત્તિ) લે. નેમચંદ ગાલા * રેમી સાધુઝ * પૃષ્ઠ-૧૨૭ * મૂલ્ય રૂા. ૨૫/- પ્રકા. આર. આર. શેઠની કું. ૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકાનો પરિચય

❖ પૂ. આ. શ્રી વિજય હેમચંદ્રસૂરિજી મહારાજ

ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા એ પૂજ્ય ન્યાયદિશાસ્ત્ર નિષ્ણાત ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે રચેલ અનેક ગ્રંથો પૈકી એક ગ્રન્થરૂપ છે.

આ ચતુર્વિંશતિકામાં આ અવસર્પિણીકાલના પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ પ્રભુથી લઇને ચોવીશમા તીર્થપતિ શ્રી મહાવીર પરમાત્મા સુધીના ચોવીશ તીર્થંકર પરમાત્માઓની સ્તુતિ કરવામાં આવી છે.

મૂળ શ્લોકો તો ૯૬ જ છે પણ એની રચના તેમજ એમાં યમ-અનુપ્રાસ આદિ વિવિધ અલંકારોની ગુંથણી એટલી તો સુંદર છે કે એ વાંચનારને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની વિદ્વત્તા તથા કવિત્વશકિત માટે અપૂર્વ માન ઉત્પન્ન થયા વગર રહે નહિ.

'સ્તુતિચતુર્વિંશતિકા'ની શરૂઆત 'ઐન્દ્રવ્રાત નતઃ।' એ પદથી થતી હોવાથી આનું નામ 'ઐન્દ્રસ્તુતિ' એ રીતે પ્રસિદ્ધ થયું છે. આપણે ત્યાં ઘણાં સ્તુતિ-સ્તોત્રોનાં નામ તે સ્તુતિ સ્તોત્રોના પ્રથમ પદથી પડેલાં છે. ભકતામર-કલ્યાણમંદિર વગેરે તેનાં ઉદાહરણો છે. આ ચોવીશ સ્તુતિમાં એક એક ભગવાનની ચાર ચાર શ્લોકની સ્તુતિ છે તેમાં પ્રથમ શ્લોકમાં અધિકૃત જિનની સ્તુતિ, બીજા શ્લોકમાં સર્વ જિનની સ્તુતિ, ત્રીજા શ્લોકમાં શ્રુત જ્ઞાનની સ્તુતિ અને ચોથા શ્લોકમાં અધિકૃત તીર્થંકર ભગવાનના અધિષ્ઠાયક શાસનદેવ-દેવીની સ્તુતિ કરવામાં આવે છે.

પ્રસ્તુત સ્તુતિની વિશિષ્ટતા

એક મહાકવિની રચનામાં જે સાહિત્યિક ગુણો જોવામાં આવે તેવા ગુણો આ કૃતિમાં જોવા મળે છે. આપણે ત્યાં સ્તુતિસાહિત્ય ખૂબ જ વિપુલ પ્રમાણમાં મળે છે. એમાં કેટલીક સ્તુતિ તો એવી અદ્‌ભુત હોય છે કે જે વાંચતાં-સાંભળતાં આત્મા ભાવવિભોર બની કોઇ જુદી જ દુનિયામાં પહોંચી જાય છે. વળી એ પદ્યોની રચના પણ એવી તો મધુર પ્રાસાદિક અને હૃદયંગમ હોય છે કે એ અનાયાસે જીભે ચડી જાય છે અને રહી રહીને જીભના ટેરવે વાંચવા માંડે છે. એમાં પણ ચમકમય સ્તુતિની રચના કરવી એ ઘણું જ કપરું કામ છે. ઐન્દ્રસ્તુતિના લગભગ બધા જ શ્લોકોમાં પ્રાયઃ બીજું ચરણ અને ચોથું ચરણ એકસરખું આવે છે, શબ્દો એ જ હોય પણ અર્થ જુદા, આ જ એની ખૂબી ગણાય છે.

આ સ્તુતિમાં જુદા જુદા ૧૭ છન્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એમાં પહેલા, સોળમા અને બાવીશમા ભગવાનની સ્તુતિમાં એકસરખો શાર્દુલવિક્રીડિત છંદનો ઉપયોગ કર્યો છે. ત્રીજા અને પાંચમા ભગવાનની સ્તુતિમાં 'સ્કન્ધક' છન્દનો ઉપયોગ કર્યો છે. ચોથા, દશમા અને ચૌદમા ભગવાનની સ્તુતિમાં એકસરખો, 'દ્રુતવિલમ્બિત' છન્દ પ્રયોજ્યો છે તેમજ સાતમા અને સત્તરમા ભગવાનની સ્તુતિમાં માલિની છન્દ વાપર્યો છે. બારમા તથા ત્રેવીશમા ભગવાનની સ્તુતિમાં એક સમાન સ્ત્રગ્ધરા છન્દનો ઉપયોગ કર્યો છે, એ સિવાય બાર તીર્થંકર ભગવન્તોની સ્તુતિમાં અલગ અલગ બાર છન્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શ્રી શોભન મુનિએ રચેલી 'સ્તુતિચતુર્વિંશતિકા'ના અનુકરણરૂપ આ સ્તુતિ રચાઈ છે, તેમ છતાં પોતાની આગવી વિશેષતાઓ દ્વારા એ મૂળકૃતિની સાથે બેસી શકે તેવી છે.

શ્રી શોભન મુનિએ રચેલી આ એક જ કૃતિ આપણને મળે છે. પણ આ એક જ કૃતિથી તેઓનું સ્થાન વિદ્વાનો તથા કવિઓની આગલી હરોળમાં મૂકવામાં આવે છે, એ જ એ કૃતિની મહત્તા છે.

આ સ્તુતિ ચતુર્વિંશતિકા ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે-જેનાથી આ સ્તુતિનાં પદાર્થો, ભાવાર્થો અને રહસ્યો સમજવામાં આપણને ઘણી સુગમતા રહે છે.

આ ગ્રંથ વિ. સં. ૧૯૮૪માં આગમપ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ દ્વારા સંપાદિત (ત્રુટિતવૃત્તિ સહિત) પ્રકાશિત કરવામાં આવેલ ત્યારબાદ મુનિરાજશ્રી યશોવિજયજી (હાલ આ. શ્રી યશોદેવસૂરિજી) મહારાજ દ્વારા સંપાદિત થઈ સંપૂર્ણ વૃત્તિ તથા હિન્દી અનુવાદ સહિત વિ. સં. ૨૦૧૬માં પ્રકાશિત થયેલ છે.

શોભન સ્તુતિની જેમ આ સ્તુતિ પણ કંઠસ્થ કરી પ્રતિક્રમણ, દેવવંદન વગેરેમાં અવશ્ય ઉપયોગમાં લેવા જેવી છે.

કાવ્યદૃષ્ટિએ અનેક અલંકારોથી શોભતી આ સ્તુતિઓ સહૃદય હૃદયને આકર્ષિત કર્યા સિવાય રહેતી નથી.

મહાકાવ્યની જેમ આ સ્તુતિનો પણ અન્વય-વિગ્રહ-સમાસ અને અર્થ આદિપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો અભ્યાસીને અવશ્ય વ્યુત્પત્તિ થયા વગર રહેતી નથી. ઉદાહરણ તરીકે ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિનો પહેલો શ્લોક જોઇએ—

'सौधे सौधे रसे स्वे रुचिरुचिरया हारिलेखारि लेखा,
पायं पायं निरस्ताधनय धनयशो यस्य नायस्य नाऽथ ।
पार्श्वे पार्श्वे तत्रोद्यौ तमऽहतमहमऽक्षोमजालां भजाऽलां,
कामं कामं जयन्त मधुर मधुरमा मोजनत्वं जन ! त्वम् ॥'

આમાં 'सौधे सौधे' પદ છે એમાં એક સૌધનો અર્થ ભવન કરવામાં આવ્યો છે. બીજા સૌધ પદનો અર્થ સુધા એટલે અમૃત સંબંધી અર્થ કરવામાં આવ્યો છે 'पायं पायं'નો અર્થ 'पीत्वा पीत्वा' છે. પાન કરીને-'पार्श्वे पार्श्वे' પદમાં એક પાર્શ્વનો અર્થ પાર્શ્વનાથ ભગવાન કર્યો છે. જ્યારે બીજા પાર્શ્વ પદનો અર્થ 'पशूनां समूहः पार्श्व' એટલે કે કુહાડીઓનો સમુદાય એવો અર્થ કર્યો છે. 'कामं कामं' પદમાં એક કામનો અર્થ છે. કામદેવ અને કામપદનો અર્થ છે અત્યન્ત. વળી 'हारिलेखारिलेखा' પદમાં લેખા શબ્દનો બે વાર પ્રયોગ છે તેમાં એક લેખા પદનો અર્થ લેખ એટલે દેવતા અને તેના અરિ-શત્રુ એટલે દાનવ એવો કર્યો છે જ્યારે બીજો લેખા શબ્દનો અર્થ 'પંકિત' કરવામાં આવ્યો છે.

અધ્યાત્મ–ઉપનિષદનો પ્રસાદ

* પૂ. મુનિશ્રી જયસુંદરવિજયજી

શ્રી યશોવિજય ઉપાધ્યાયજીએ રચેલ અધ્યાત્મ–ઉપનિષદ ગ્રન્થ જૈન સાહિત્યનું એક અમૂલ્ય રત્ન છે.

અધ્યાત્મમતપરીક્ષા, અધ્યાત્મસાર અને અધ્યાત્મોપનિષદ્ આ ત્રણ 'અધ્યાત્મ' શબ્દ ગર્ભિત કૃતિઓ પૂ ઉપાધ્યાયજીએ રચી છે. તે ચૈકી અધ્યાત્મમતપરીક્ષામાં અધ્યાત્મના નામ-સ્થાપના દ્રવ્ય–ભાવ એ ચાર નિક્ષેપા દર્શાવીને, પ્રધાનપણે તત્કાલીન બનાવટી આધ્યાત્મિકમતનું નિરસન કરાયેલું છે. ભાવ–અધ્યાત્મનું સૌથી વિશાળ નિરૂપણ અધ્યાત્મસારગ્રન્થમાં કરાયું છે. અધ્યાત્મ–ઉપનિષદ ગ્રન્થનો મુખ્યપણે સૂર એ છે કે– 'વાસ્તવિક અધ્યાત્મની પીછાન વિશુદ્ધશાસ્ત્ર – વચનથી થાય છે; શાસ્ત્રવચન દ્વારા આત્મા, જ્ઞાનયોગ અને ક્રિયાયોગના સમન્વયરૂપ અધ્યાત્મસાધનાને આત્મસાત્ કરે છે–તેનાથી મુક્તિ-સાધક સમતાયોગ સિદ્ધ થાય છે.'

આ ગ્રન્થમાં ચાર વિભાગ પાડવામાં આવ્યા છે :

(૧) શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર (૨) જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર
(૩) ક્રિયાયોગશુદ્ધિ ,, (૪) સામ્યયોગશુદ્ધિ ,,

* શાસ્ત્રયોગ શુદ્ધિ *

વિભાગ–૧ : આ વિભાગમાં અધ્યાત્મની વ્યાખ્યા વ્યવહાર અને નિશ્ચય, એમ બે નયના આધારે જુદી જુદી કરેલી છે. એવંભૂતનય એ અહીં નિશ્ચયનય છે અને એ 'અધ્યાત્મ' શબ્દની વ્યુત્પત્તિથી લભ્ય અર્થ પર ભાર મૂકતાં કહે છે કે આત્માને લક્ષમાં રાખીને જે જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ અને વીર્ય આ પાંચે આચારોનું સુંદર પાલન થાય તે અધ્યાત્મ છે. આ અર્થ વ્યુત્પત્તિ દ્વારા એ રીતે ફલિત થાય છે કે **'आत्मनि इति अध्यात्म'** અર્થાત્ આત્માને ઉદ્દેશીને થનારી વિશુદ્ધ ક્રિયા, એટલે કે જ્ઞાનાદિ પાંચ આચારોનું પાલન.

આત્માનું શુદ્ધ–બુદ્ધ–નિરંજન–નિરાકાર સિદ્ધાત્મ–સ્વરૂપ તો નિષ્ક્રિય છે, પરંતુ જ્યાં સુધી જીવ કર્મબદ્ધ છે ત્યાં સુધી અજ્ઞાન–અવિશ્વાસ–અંધશ્રદ્ધા–અશ્રદ્ધા–લમ્પટતા અને ખા ખા કરવું વગેરે અનેક દુરાચારોમાં રચ્યો–પચ્યો અને ફસાયેલો છે. શુદ્ધ નિષ્ક્રિય આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે આ દુરાચારો–પાપાચારોનું વર્જન અનિવાર્ય છે. તે બે રીતે સંભવી શકે: જીવ તમામ પ્રવૃત્તિઓને સર્વથા એકાએક બંધ કરી દે, અથવા અજ્ઞાનાદિની **વિરોધી** જ્ઞાનાદિ પાંચ આચારમય પ્રવૃત્તિને અપનાવી લે. પણ આ બેમાં **પ્રથમ** રીત પ્રારમ્ભમાં તદ્દન અશક્યપ્રાયઃ છે તેથી આત્માને સતત નજર સામે રાખીને, જ્ઞાનાદિ પંચાચારના પાલન સ્વરૂપ અધ્યાત્મ માર્ગે જીવ આગેકૂચ કરે તો જ અજ્ઞાનાદિ દુરાચારોથી જીવ સર્વથા મુક્ત બનીને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે, માટે એવંભૂતનયે પંચાચારનું સુંદર પાલન એ જ અધ્યાત્મ છે.

વ્યવહાર અને ઋજુસૂત્ર આ બે નય આધ્યાત્મિક વ્યવહારનયમાં સમાવિષ્ટ છે એટલે એ કહે છે કે બાહ્યપ્રવૃત્તિરૂપ પંચાચારપાલનની સાથે ચિત્ત, મૈત્રી –પ્રમોદ–કરુણા અને ઉપેક્ષા આ ચાર ભાવનાઓથી વાસિત–ભાવિત–તન્મય બનતું જાય તે જ અધ્યાત્મ છે. વ્યવહારનયનો ઝોક બાહ્યપ્રવૃત્તિ ઉપર વધુ પડતો હોવાથી પંચાચારપાલનને તો તે અનિવાર્ય ગણે છે, પણ આ વ્યવહારનય ઋજુસૂત્રનયના દૃષ્ટિકોણથી ગર્ભિત હોવાના કારણે પંચાચારપાલનકાળે ચિત્તમાં મૈત્રી આદિ ભાવોની સુવાસને આવકારે છે. કારણ કે એના વિના પંચાચારનું પાલન શુષ્ક બની જાય છે. ઋજુસૂત્ર નયનો દૃષ્ટિકોણ એવો છે કે ભૂતકાળ સારો હતો કે ખરાબ એ મારે નથી જોવું, પણ સારા ભવિષ્યના નિર્માણ માટે વર્તમાનકાળ કેવો જોઇએ એ વિચારવાનું છે. વર્તમાન સમયે ચિત્ત જો શત્રુભાવ ગુણદ્વેષ–નિર્દયતા અને પરપંચાતના દ્વેષોથી ખરડાયેલું હશે તો શુદ્ધ અધ્યાત્મનો અનુભવ અશક્ય છે. માટે તેના વિરોધી મૈત્રી આદિ ભાવોથી ચિત્ત સુવાસિત હોય તો જ વર્તમાનમાં અધ્યાત્મ અનુભવસિદ્ધ થાય. વર્તમાનમાં જ અધ્યાત્મને જીવતું–જાગતું અનુભવવા માટે આ ઋજુસૂત્રનયનો વ્યવહારસંકલિત દૃષ્ટિકોણ ખૂબ મહત્ત્વનો છે.

અધ્યાત્મના માર્ગે પ્રગતિ કરવા માટે મનને સર્વ પૂર્વો-ગ્રહોથી મુક્ત રાખીને, મધ્યસ્થ ભાવગર્ભિત જિજ્ઞાસામાં રમતું રાખવાની ખાસ જરૂર છે શુષ્ક તર્કવાદ પ્રગતિને રૂંધનારો છે તેથી અતીન્દ્રિય તત્ત્વોની જિજ્ઞાસાપૂર્તિ માટે એકલા તર્કવાદ પર નિર્ભર ન રહેતાં વીતરાગ વચનરૂપી શાસ્ત્રનું અવલમ્બન લેવું અત્યંત જરૂરી બને છે.

શાસ્ત્રના નામે પ્રસિદ્ધ ગ્રન્થોની સંખ્યાનો કોઈ પાર નથી, માટે જેના તેના વચનને શાસ્ત્ર સમજી લઇને આગળ વધવામાં કાંઇ સાર નથી. જેણે જૂઠું બોલવાનું કોઇ જ કારણ શેષ નથી અને જે સર્વ તત્ત્વોના જ્ઞાતા છે એવા વીતરાગ–સર્વજ્ઞનો ઉપદેશ એ જ ખરું શાસ્ત્ર છે.

આજે તો કેટલાક સમ્પ્રદાયો પોતપોતાના ગ્રન્થોને સર્વજ્ઞરચિત કહી રહ્યા છે ત્યારે એમાંથી ખરેખર સર્વજ્ઞરચિત શાસ્ત્ર કયું છે ? એ શોધી કાઢવા માટે ઉપાધ્યાયજી મહારાજે આ પ્રથમ વિભાગમાં વિસ્તારથી ત્રિવિધ શાસ્ત્રપરીક્ષાનું વર્ણન કર્યું છે.

પૂજ્યપાદ હરિભદ્રસૂરિમહારાજથી માંડીને પરવર્તી અનેક જૈનાચાર્યોએ પોતપોતાના ગ્રન્થોમાં આ કષ–છેદ અને તાપ એમ ત્રિવિધ શાસ્ત્રપરીક્ષાને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. જૈનાચાર્યો પોતે જે શાસ્ત્રના આધારે પ્રવર્તતા હોય છે–તે એમ ને એમ જ આંખો મીંચીને બીજાને સ્વીકારી લેવાનો આગ્રહ ન રાખતાં શાસ્ત્રપરીક્ષા પર ભાર મૂકે છે–એ તેમની આગવી વિશેષતા છે.

સુવર્ણને પ્રથમ કસોટીના પથ્થરથી કસવામાં આવે છે, પછી સહેજ છેદ પાડીને અંદરના ભાગની પરીક્ષા કરાય છે અને તે પછી છેલ્લી અને આકરી તાપપરીક્ષા એટલે કે અગ્નિ-પરીક્ષા કરાય છે. એમાં ઉત્તીર્ણ થનાર ધાતુને સાચા સુવર્ણ તરીકે ઓળખવામાં આવે છે.

આ રીતે શાસ્ત્ર પણ નિમ્નોક્ત ત્રણ કસોટીમાંથી ઉત્તીર્ણ થવું જોઇએ. એક વાત અત્રે ધ્યાનમાં લેવાની છે કે 'શાસ્ત્ર' શબ્દની વ્યુત્પત્તિથી ફલિત અર્થ નીકળે છે **શાસન** અને **ત્રાણ**. આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે શુદ્ધ કર્તવ્યનું વિધાન કરવું તે **શાસન**; અને લક્ષ્યવિરોધી કૃત્યોથી બચાવવા માટે

તેનો નિષેધ કરવો તે **ત્રાણ**. તાત્પર્ય, (૧) લક્ષ્ય સાથે સંગત એવા વિધિ-નિષેધ દર્શાવવા એ શાસ્ત્રનું મુખ્ય પ્રયોજન છે; અને એ કથનામની પહેલી કસોટી છે. આત્માને સુધારવાને બદલે વધુ વિકૃત કરે એવા વિધિ નિષેધ દર્શાવનાર ગ્રન્થ આ પહેલી પરીક્ષામાં જ નાપાસ થઇ જાય છે.

(૨) વિધિ-નિષેધ દર્શાવ્યા બાદ તેના પાલન માટે અત્યંત ઉપયોગી, પોષક અને નિર્દોષ ક્રિયાઓ પણ શાસ્ત્રે દર્શાવવી જોઇએ. દા. ત. અબ્રહ્મસેવનનો નિષેધ કર્યા પછી સ્ત્રીપરિચય-ત્યાગ, વિકૃતાહારત્યાગ, સ્ત્રીકથાત્યાગ વગેરે યોગ્ય આચારો જો ન દર્શાવાય તો બ્રહ્મચર્યની સાધના સફળ બને નહિ એ ગળે ઊતરે એવી વાત છે. જે ગ્રન્થમાં આ રીતે નિર્દોષ ક્રિયાઓનું સૂચન જ ન હોય અથવા તો વિપરીત ક્રિયાઓનું સૂચન હોય તે બીજી છેદપરીક્ષામાં નાપાસ થાય છે.

(૩) ત્રીજી તાપપરીક્ષા એ રીતે છે કે શાસ્ત્ર દ્વારા આત્માદિ જે અતીન્દ્રિય પદાર્થોનું નિરૂપણ કરાય તે વિધિ-નિષેધ, નિર્દોષક્રિયા અને મુખ્ય લક્ષ્ય સાથે સંગતિ ધરાવતું હોવું જોઇએ એ પ્રકારના નિરૂપણ માટે તત્ત્વોનાં (પરસ્પર વિશુદ્ધ દેખાતાં) અનેક પાસાંઓને ધ્યાનમાં લેવાં જરૂરી છે-એનું જ બીજું નામ અનેકાન્તવાદ છે. જો કોઇ એક જ દૃષ્ટિકોણથી તે તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવે તો પાર વિનાની અસંગતિ ઊભી થાય અને એવો ગ્રન્થ તાપપરીક્ષામાં નાપાસ થાય.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ત્રણ પરીક્ષાઓનું વર્ણન ઘણી સૂક્ષ્મતાથી કર્યું છે અને વીતરાગસ્તોત્રના આઠમા પ્રકાશના કેટલાક શ્લોકોના આધારે, સાંખ્ય-બૌદ્ધ-નૈયાયિક-વૈશેષિક તથા પ્રભાકર, કુમારીલભટ્ટ કે મુરારિમિશ્ર વગેરે જૈનેતર દર્શનિકોની માન્યતાઓથી સ્યાદ્વાદનું સુંદર સમર્થન કર્યું છે.

* જ્ઞાનયોગ શુદ્ધિ *

વિભાગ-૨ : આ વિભાગની ભૂમિકા કરતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે ત્રિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ એવા શાસ્ત્રથી ચીંધાયેલી દિશામાં ચાલતાં ચાલતાં, શાસ્ત્રદર્શિત અતીન્દ્રિયતત્ત્વોની, ખાસ કરીને આત્મતત્ત્વની વિશેષોપલબ્ધિ માટે જ્ઞાનયોગ સાધતાં રહેવું જોઇએ. આત્મતત્ત્વની વિશે-ષોપલબ્ધિનું જ બીજું નામ પ્રાતિભજ્ઞાન છે. જો કે આ પ્રાતિભજ્ઞાન શાસ્ત્રીય પરિભાષા મુજબ તો કેવલજ્ઞાનના અનુ-ણોદયરૂપ હોવાથી બારમા ગુણસ્થાનકની નીચે હોય નહિ, પણ પૂ. ઉપા. મહારાજે જ્ઞાનબિંદુ વગેરે ગ્રન્થોમાં તરતમ ભાવવાળા પ્રાતિભજ્ઞાનનું નિરૂપણ કરેલું હોવાથી નિમ્ન-નિમ્નતર કક્ષાનું પ્રાતિભજ્ઞાન ચોથા વગેરે ગુણસ્થાનકોમાં પણ સંભવી શકે છે-જે સાધકો માટે અત્યંત આશ્વાસનરૂપ વાત છે.

આ પ્રાતિભજ્ઞાનનું આ વિભાગમાં અને અન્યત્ર પણ આત્મદર્શન, આત્મજ્ઞાન, ભાવનાજ્ઞાન, સાક્ષાત્કાર અદ્વૈત-બ્રહ્માનુભવ, નિર્વિકલ્પસમાધિ, નિરાલમ્બનયોગ વગેરે જુદી જુદી પરિભાષાઓથી નિરૂપણ થયેલું છે. પરિભાષા ભિન્ન હોવા છતાં આ બધાં જ્ઞાનયોગનાં જ વિવિધસ્વરૂપો છે. આ જ્ઞાનયોગની પ્રાપ્તિ માત્ર શાસ્ત્રાભ્યાસથી નથી થતી, પરંતુ આત્મદર્શનની તીવ્ર ઉત્કંઠા અને શાસ્ત્રજ્ઞાનપ્રેરિત અન્તર્મુખતાવડે તે પ્રાપ્ત થાય છે.

લગભગ દરેક યોગની બે અવસ્થા હોય છે: (૧) સિદ્ધદશા અને (૨) સાધ્યમાન દશા. સિદ્ધજ્ઞાનયોગીને પરખવાનું લક્ષણ એ છે કે બાહ્ય ઇન્દ્રિયવિષયો તેને ઝેર જેવા લાગતા હોઇ સહજ રીતે જ તેમાં તેની પ્રવૃત્તિ હોતી નથી. સાધ્યમાન દશામાં કદાચ આટલી ઉચ્ચ સ્થિતિ ન હોય પણ તે દિશામાં પ્રગતિ તો હોય જ. ઉચ્ચકોટિની સાધ્યમાન દશામાં અથવા સિદ્ધદશામાં કેવું આત્મજ્ઞાન થતું હશે તેની કંઇક ઝાંખી કરાવતા પૂ. ઉપાધ્યાયજી કહે છે કે-'બીજી સઘળીય વસ્તુઓથી આત્મામાં એકમાત્ર ચિન્મય-સ્વરૂપકૃત ભિન્નતાની નિરંતર પ્રતીતિ થયા કરે-અર્થાત્ આત્મામાં વિશુદ્ધ ચિન્મયતા સિવાય બીજું કાંઇ જ લક્ષિત ન થાય તેવું જ્ઞાન એ શ્રેષ્ઠ આત્મજ્ઞાન છે.' (શ્લો. ૧૫) 'મન, વચન અને બાહ્યદૃષ્ટિથી જે કાંઇ નજરે ચડે એ બધું પરસ્વરૂપ છે, શુદ્ધદ્રવ્યનું એ સ્વરૂપ નથી, શુદ્ધ આત્મદ્રવ્ય તો એનાથી તદ્દન પર છે. આગમો અને વેદોમાં રૂપ, રસ, વચન વગેરે ઉપાધિઓની વ્યાવૃત્તિ કરવા દ્વારા જ શુદ્ધાત્માના સ્વરૂપને દર્શાવવામાં આવ્યું છે. એ બધી ઉપાધિઓથી પર એવા અતીન્દ્રિય બ્રહ્મતત્ત્વનું ભાન સેંકડો શાસ્ત્રો કે તર્કોથી નહીં પણ એક માત્ર વિશુદ્ધ અનુભવજ્ઞાનથી જ થઇ શકે છે.' (શ્લો. ૧૮-૧૯-૨-૨૧). 'આ અનુભવદશા સુષુપ્તિ (બેભાન દશા) રૂપ નથી કારણ કે મોહથી અલિપ્ત છે. સ્વપ્ન કે જાગ્રત દશારૂપપણું નથી કારણ કે એમાં તો કલ્પના-વિકલ્પોના ખેલ ચાલુ હોય છે. માટે આ અનુભવ-દશા એ બધાથી જુદી જ 'તુર્ય (=ચતુર્થ) દશા'ના નામે ઓળખાય છે.' (શ્લો. ૨૪) આ અનુભવદશામાં કર્મકૃત સ્ત્રી-પુરુષ-મનુષ્ય આદિ પર્યાયો સાવ ગળાઇ ગયા હોય છે. જેમ રસ્તે જતા લોકો લૂંટાય ત્યારે અલ્પજ્ઞ લોકો 'રસ્તો લુટાયો' એવો વ્યવહાર કરતા હોય છે તેમ 'હું ગોરો, શામળો, રૂપાળો...' વગેરે શબ્દપ્રયોગો દ્વારા અજ્ઞાની લોકો કર્મકૃત વિકૃતિઓનો પોતાનામાં ઉપચાર કરતા હોય છે, પણ અનુભવદશામાં આવું કશું હોતું નથી.

આવા સિદ્ધજ્ઞાની પુરુષોની સ્વાર્થવૃત્તિ તદ્દન નાબૂદ થઇ જાય છે અને તેથી લોક વચ્ચે રહેવા છતાં પણ તેઓ જલકમલવત્ નિર્લેપ રહી શકે છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે અહીં ચેતાવણીના સ્વરો ઉચ્ચારતા કહ્યું છે કે આવા શ્રેષ્ઠ નિર્વિકલ્પસમાધિદશાની વાતો પરિપક્વબોધવાળાને જ કરવી જોઇએ, નહીં કે અધૂરા બોધવાળાને. જો અધૂરા બોધવાળાને 'તું અને આખુંય જગત બ્રહ્મમય જ છે' એમ સમજાવાય તો અગમ્યગમન વગેરે મહા અનર્થ મચી જાય. માટે પ્રારમ્ભદશામાં તો વ્રતનિયમોથી અને શુભવિકલ્પોથી ચિત્તશુદ્ધિ કરવાનું જ બતાવવું જોઇએ.

* ક્રિયાયોગ શુદ્ધિ *

વિભાગ-૩ : ખુદ તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ વાહનમાં બેસીને મુસાફરી નહીં કરતા પગે ચાલીને જ વિહાર કરે છે, યાવત્ બધી જ મુનિચર્યાઓનું લગભગ પાલન કરે છે. એનાથી ક્રિયાયોગ કેટલો મહત્ત્વનો છે તે સમજાય છે; પણ જ્ઞાનયોગની વાતો એટલી સોહામણી છે કે એ ભલભલા સાધકોને વિભ્રમમાં નાખી દે છે. 'અધૂરો ઘડો છલકાય' એ કહેવત અનુસાર આજે પણ દેખાય છે કે કેટલાય સાધકો અનુભવજ્ઞાન, નિરાલ-મ્બન યોગ કે ધ્યાન-અધ્યાત્મના નામે ક્રિયાયોગને સર્વથા ત્યજી

દર્શી ત્રિશંકુદશામાં મુકાઇ જાય છે. કેટલાક તો એમ પણ માનતા થઇ જાય છે કે યોગ અને ધ્યાનમાં આપણે તો ચઢી ગયા, એટલે હવે આચરણશુદ્ધિની કોઇ કિંમત નથી. તેવાને ચીમકી આપતા પૂ. ઉપા. મહારાજ કહે છે કે અદ્વૈતતત્ત્વબોધમાં લીન થયેલાએ પણ જો સ્વચ્છંદ આચરણ કરે તો પછી અશુચિભક્ષણ કરતા કૂતરાઓ અને એ કહેવાતા તત્ત્વજ્ઞાનીઓમાં શું તફાવત રહ્યો ?! ખરેખર જેઓ તત્ત્વજ્ઞાની હોય છે તેમના જીવનમાં ક્યારેય એવી સ્વચ્છંદ પ્રવૃત્તિઓને સ્થાન હોતું નથી– સ્વભાવથી જ તેઓ યથાશક્ય શુભપ્રવૃત્તિઓમાં આદરવાળા હોય છે.

કેટલાક એમ સમજે છે કે 'જો ભાવ હાજર હોય તો પછી ક્રિયા નકામી છે કારણ કે ક્રિયાથી પણ આખરે તો ભાવ જ લાવવાનો હોય છે. જો ભાવ ન હોય તો એકલી ક્રિયાનો પણ કાંઈ અર્થ નથી–આમ બંને રીતે ક્રિયા નકામી છે.' –આની સામે ઉપાધ્યાયજી કહે છે કે ભાવ વગરની ક્રિયા પણ ભાવને સિદ્ધ કરવા માટે ખૂબ ઉપયોગી છે અને ભાવ હોય તો તેને સ્થિર અને પુષ્ટ બનાવવા માટેય ક્રિયા ઉપયોગી છે. આમ બંને રીતે ક્રિયાનું મહત્ત્વ છે. ક્રિયાયોગના સમર્થન માટે ત્યાં સુધી કહ્યું છે કે ક્રિયા વગરનું જ્ઞાન સાવ નિરર્થક છે–બોજરૂપ છે. રસ્તાના જ્ઞાન માત્રથી ઇચ્છિત સ્થાને પહોંચાતું નથી પણ ઇચ્છિત સ્થાનની દિશામાં ગતિક્રિયા કરવાથી જ ત્યાં પહોંચાય છે. બળતા દીવામાં પણ જો તૈલપૂરણક્રિયા યોગ્ય સમયે ન થાય તો એ દીવો ધીમે ધીમે બુઝાઇ જાય છે. તે રીતે યોગ્ય ક્રિયા વિના ભાવનો દીપ પણ બુઝાઇ જવાની શક્યતા રહે છે. આ સંદર્ભમાં ઉપાધ્યાયજીએ એક તાત્ત્વિક ચર્ચા પ્રસ્તુત કરી છે.

વેદાન્તી વગેરે કહે છે કે 'અજ્ઞાન અને જ્ઞાન અન્યોન્ય વિરોધી હોવાથી જ્ઞાનથી જ અજ્ઞાનનો નાશ થાય, માટે ક્રિયા નિરર્થક છે'– તેની સામે ક્રિયાવાદી કહે છે કે 'અજ્ઞાન નષ્ટ થયા પછી પણ જ્ઞાનીને સંચિત અદૃષ્ટ (=કર્મ)નો નાશ કરવા માટે ક્રિયાની આવશ્યકતા ઊભી જ રહે છે.' જો વેદાન્તી એમ કહે કે 'જ્ઞાનીને સર્વ કર્મો બળી ગયાં હોવાથી કોઇ અદૃષ્ટ શેષ રહેતું નથી'–તો એ યોગ્ય નથી, કારણ કે એવું માનીએ તો જ્ઞાન થયા પછી તરત જ જ્ઞાનીનું મોત થવું જોઇએ, અર્થાત્ અદૃષ્ટના અભાવે શરીર પણ છૂટી જવું જોઇએ. કોઇ એમ કહેતું હોય કે 'શરીર તો શિષ્યાદિના અદૃષ્ટથી ટકી રહે છે'– તો તો પછી શત્રુઓના અદૃષ્ટથી જ્ઞાનીના શરીરનો નાશ પણ માનવો પડે. ટુંકમાં, ઉપાધ્યાયજી કહે છે કે આવા ઉચ્છૃંખલ મતની ઉપેક્ષા કરીને એ વાતનો સ્વીકાર કરવો જોઇએ કે જ્ઞાનીને પણ શેષ પ્રારબ્ધ નામનું અદૃષ્ટ ખતમ ન થાય ત્યાં સુધી શરીર ટકી રહે છે અને એ અદૃષ્ટનો નાશ કરવા માટે તેને ક્રિયાનો આધાર લેવો જ પડે છે. માટે જ્ઞાનયોગની જેમ ક્રિયાયોગ પણ ધ્યેયસિદ્ધિ માટે આવશ્યક છે. જે લોકો માત્ર જ્ઞાનનું અભિમાન રાખીને ક્રિયા છોડી દે છે તે જ્ઞાન-ક્રિયા ઉભયથી ભ્રષ્ટ થયેલા નાસ્તિકો છે એમ ઉપા. મહારાજ સ્પષ્ટ કહે છે.

* સામ્યયોગ શુદ્ધિ *

વિભાગ–૪ : આ વિભાગમાં ગ્રન્થકારે સુંદર રૂપક આપ્યું છે–'જ્ઞાન અને ક્રિયા બે ઘોડા સાથે જોડેલા સામ્યરથમાં બેસીને આતમરામ મુક્તિમાર્ગે પ્રયાણ કરે છે. હવે જોડા ન પહેરવા છતાં પણ તેમને ક્ષુદ્ર કાંટા વગેરેનો ઉપદ્રવ નડતો નથી.' સમતાયોગમાં ઝીલનારા સાધકની ઉચ્ચ દશાનું આ વિભાગમાં ગ્રન્થકારે ખૂબ જ હૃદયંગમ વર્ણન કર્યું છે જે જૈનેતર વાચકને 'ગીતા'ના સ્થિતપ્રજ્ઞ પુરુષની યાદ અપાવી દે એવું છે.

લોકોત્તર સમભાવમાં આરૂઢ યોગી આત્મસાધનામાં અત્યંત જાગ્રત રહે છે; પારકી પંચાત પ્રત્યે તે બહેરો–આંધળો અને મૂંગો થઇ જાય છે. (ત્રણ વાંદરાનું રમકડું યાદ કરો.) સદા જ્ઞાનાનંદમાં મગ્ન રહે છે. સાધનાના પંથમાં ગમે તેવાં પ્રબળ કષ્ટો સહેવાં પડે, તે સમભાવે સહી લેવા તૈયાર હોય છે. સમતાસુખના સરોવરમાં ઝીલી રહેલો યોગી ક્યારેય બાહ્યસુખના કીચડથી પગ બગાડતો નથી.

સૌથી મોટો સવાલ એ છે કે આવો શ્રેષ્ઠ સમભાવ શી રીતે આવે ? ગ્રન્થકારે તેનો ખૂબ સુંદર જવાબ આપ્યો છે: શુદ્ધ આત્મતત્ત્વ વિશે ક્રમશઃ વધુને વધુ ઊંડાણમાં થતું ચિંતન, જ્યારે કોઇ ધન્ય પળે શુદ્ધ આત્મતત્ત્વની સ્પર્શનારૂપ સંવેદનમાં પરિણમી જાય અને આત્મભિન્ન કશાનું ભાન જ ન રહે ત્યારે એવી ઉચ્ચ દશામાં કોઇ ધણના ઘા મારે કે પુષ્પોથી પૂજા કરે, બંનેમાં સમભાવ તેવો ને તેવો ટકી રહે છે. આવા ઉચ્ચ સમભાવની સિદ્ધિ માટે સાધકે ક્રોધાદિ કષાયોથી અત્યંત સાવધ રહેવાની જરૂર હોય છે.

શ્રેષ્ઠ સમભાવના આદર્શરૂપે ગ્રન્થકારે અહીં દમદન્તમુનિ, નમિરાજર્ષિ, ખંધકસૂરિના શિષ્યો, મેતાર્યમુનિ, ગજસુકુમાળ–મુનિ, અન્નિકાપુત્ર આચાર્ય, દૃઢપ્રહારી વગેરે અનેક સમતાયોગીઓનું સુંદર શબ્દચિત્ર આલેખ્યું છે.

પરિશેષ :

આ ગ્રન્થના પ્રારંભમાં મંગલશ્લોકમાં વીતરાગદેવને પ્રણામ સાથે ગ્રન્થકારે વાગ્દેવતાબીજ ઐંકારનું પણ સ્પષ્ટ સ્મરણ કર્યું છે જે તેમના લગભગ દરેક ગ્રન્થોમાં ઉપલબ્ધ થાય છે. પૂ મુનિસુંદરસૂરિ મહારાજે જેમ પોતાની દરેક કૃતિઓમાં પ્રારંભે 'જયશ્રી' શબ્દમુદ્રાનું અંકન કર્યું છે તેમ આ ગ્રન્થકારે પણ આ ગ્રન્થમાં દરેક વિભાગને અંતે 'યશઃશ્રી' શબ્દમુદ્રાનું અંકન કર્યું છે. આ ગ્રન્થની પ્રાચીન હસ્તપ્રતો હાલ બે-ચારથી વધુ મળતી નથી.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે આ ગ્રન્થને, વીતરાગસ્તોત્ર યોગ–સારપ્રાભૃત વગેરે પ્રાચીન અનેક ગ્રન્થોના અક્ષરશઃ લીધેલા શ્લોકોથી શણગાર્યો છે તથા 'જ્ઞાનસાર' નામના ગ્રન્થકારના જ બનાવેલા અષ્ટકગ્રન્થના મગ્નતાષ્ટક, અનુભવાષ્ટક, નિર્લેપતાષ્ટક, ક્રિયાષ્ટક વગેરેના અનેક શ્લોકો આમાં પણ અક્ષરશઃ ઉપલબ્ધ હોવાની તે તે શ્લોકોનો ભાવાર્થ સમજાવવામાં જ્ઞાનસાર ગ્રન્થનો ગ્રન્થકારે પોતે જ બનાવેલો ટબો ખૂબ જ ઉપયોગી બની રહે તેમ છે. અધ્યાત્મોપનિષદ્ગ્રન્થ ઉપર હજારો જ પૂ. ભદ્રંકરસૂરિજીએ ટીકા રચી છે.

આ ગ્રન્થમાં પૂ. ઉપાધ્યાયજીએ ચાર વિભાગોમાં ખરેખર અધ્યાત્મપ્રેમીઓ માટે ઉત્તમ સામગ્રી સંચિત કરીને આપી છે.

ગ્રન્થકાર તે સમયના જૈન–જૈનેતર દર્શનશાસ્ત્રોના અને તર્કગ્રન્થોના પ્રખર અભ્યાસી હોવા છતાં આ ગ્રન્થમાં તેઓએ તર્ક–વિતર્કની પરમ્પરા લમ્બાવવાને બદલે સાધકોને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું છે તે તેમના જીવનની ઉચ્ચ યોગિદશા–સાધકતામાં સાખ પુરાવે છે. ખરેખર હવે એમ કહેવાનું મન થાય છે કે અધ્યાત્મ-ઉપનિષદ્ સમગ્ર અધ્યાત્મવિશ્વ (Spiritual sphere)નું ઝળહળતું રત્ન છે.

રાતા મહાવીર

રમણલાલ ચી. શાહ

થોડા સમય પહેલાં રાજસ્થાનમાં આવેલા 'રાતા મહાવીર' નામના તીર્થસ્થળની યાત્રા કરવાનો ઉપરાઉપરી બે વાર લાભ મળ્યો હતો. મુંબઇના શ્રી અરિહંત આરાધક મંડળના ઉપક્રમે રાતા મહાવીરનો એક યાત્રાપ્રવાસ સ્વાધ્યાય, ગોષ્ઠિ અને ભક્તિસંગીત સહિત યોજવામાં આવ્યો હતો. મંડળના સૂત્રધાર શ્રી વસંતભાઇ ભેદાના આગ્રહથી સુખ્યાત તત્ત્વચિંતક પૂ. શ્રી કિરણભાઇની સાથે મને પણ આ તીર્થયાત્રામાં જોડાવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. ત્યારપછી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સમિતિના કેટલાક સભ્યો સાથે રાણકપુર અને રાતા મહાવીરનો યાત્રાપ્રવાસ યોજાયો હતો, તે અવસરે પણ આ તીર્થની યાત્રાનો લાભ મળ્યો હતો. સંઘના આજીવન સભ્ય અને રાતા મહાવીર તીર્થધામના ટ્રસ્ટી શ્રી ઉમેદમલજી જૈને સમિતિના સભ્યોને રાતા મહાવીરની યાત્રા કરવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરી હતી અને જાતે ત્યાં હાજર રહી અમારા સૌનું ઉમળકાભર્યું સ્વાગત કર્યું હતું

શ્રી અરિહંત આરાધક મંડળ તરફથી રાતા મહાવીર ઉપરાંત નાણા, દિયાણા અને નાંદિયાની તીર્થયાત્રા પણ યોજાઈ હતી. રાજસ્થાનમાં જૈનોમાં એવી લોકોક્તિ સુપ્રસિદ્ધ છે કે–

'નાણા, દિયાણા, નાંદિયા,
જીવિતસ્વામીને વાંદિયા.'

એવી માન્યતા છે કે ભગવાન મહાવીરસ્વામી પોતાની સાડા બાર વર્ષની તપશ્ચર્યાના કાળ દરમિયાન વિચરતાં વિચરતાં રાજસ્થાનમાં આ બાજુ પધાર્યા હતા. ચંડકૌશિકની ઘટના પણ કદાચ આ પ્રદેશમાં બની હશે. નાંદિયામાં ડુંગરની તળેટીમાં પથ્થર ઉપર ચંડકૌશિક અને ભગવાનના ચરણની આકૃતિ કંડારેલી જોવા મળે છે. તે કેટલી પ્રાચીન છે તે અનિશ્ચિત છે. પરંતુ નાણા, દિયાણા અને નાંદિયા એ ત્રણે તીર્થસ્થળે ભગવાન મહાવીરસ્વામીની જે પ્રતિમા છે તે ભગવાન મહાવીર જ્યારે વિદ્યમાન હતા ત્યારે એમની ઉપસ્થિતિમાં એમના ભાઇ નંદીવર્ધને ભરાવેલી હતી એમ મનાય છે. ભગવાન જીવતા હતા ત્યારે જ એમની પ્રતિમા ભરાવેલી હોવાથી એ પ્રતિમાઓને 'જીવિતસ્વામી' તરીકે ઓળખાવવામાં આવે છે. રાજસ્થાનના આ પ્રદેશમાં નાણા, દિયાણા, નાંદિયા, મૂછાળા મહાવીર, રાતા મહાવીર વગેરે સ્થળે ભગવાન મહાવીરસ્વામીનાં જિનમંદિરો સવિશેષ જોવા મળે છે. એ ઉપરથી પણ આ પ્રદેશમાં મહાવીરસ્વામીનો પ્રભાવ પ્રાચીનકાળથી સવિશેષ રહ્યા કર્યો છે એમ પ્રતીત થાય છે.

રાતા મહાવીર તીર્થસ્થાન રાજસ્થાનમાં પાલી જિલ્લામાં ગોડવાડ પ્રદેશ (નાની મારવાડ)માં અરવલ્લી પર્વતમાળાની તળેટીમાં આવેલું છે. ફાલના, બાલી, રાણકપુર વગેરે સ્થળોની નજીકમાં આવેલું આ તીર્થ છે. બીજાપુર ગામથી ત્રણ કિલોમિટર દૂર તે આવેલું છે. આ તીર્થસ્થળમાં આસપાસ અત્યારે કશી વસ્તી નથી. પ્રાચીન નગરીના અવશેષરૂપે એક માત્ર મંદિર અત્યારે ત્યાં વિદ્યમાન છે. એમાં ગભારામાં માત્ર એક જ મોટી પ્રતિમા છે અને તે ભગવાન મહાવીરની છે. મુખાકૃતિ, શિલ્પવિધાન, લાંછન ઇત્યાદિની દૃષ્ટિએ તથા પ્રભાવની દૃષ્ટિએ પ્રતિમા અદ્વિતીય છે.

રાતા મહાવીરના જિનાલયમાં નીચે ભોંયરામાં આરસની પરિકરની પ્રવાલ જેવા રાતા વર્ણની ભગવાન મહાવીરની પ્રતિમાની સ્થાપના કેટલાંક વર્ષ પહેલાં કરવામાં આવી છે. આ ભવ્ય પ્રતિમા પણ ધ્યાન ધરવા માટે બહુ ઉપયોગી છે. આમ રાતા મહાવીર તીર્થમાં ભગવાન મહાવીરની રાતા વર્ણની બે પ્રતિમા છેઃ એક ઈંટવેળુની પ્રાચીન પ્રતિમા મૂળ નાયક તરીકે ગભારામાં અને બીજી રાતા આરસની ભોંયરામાં ધ્યાન ધરવા માટે.

પ. પૂ. મુનિશ્રી અરુણવિજયજી મહારાજ બીજાપુરના છે. કેટલાંક વર્ષ પહેલાં રાતા મહાવીર તીર્થનો મને વિગતવાર પરિચય પહેલો એમણે આપેલો. ત્યારથી એ તીર્થસ્થળે જવાની ઉત્કંઠા થયેલી. થોડાંક વર્ષ પહેલાં જ્યારે રાતા મહાવીરની પ્રથમવાર યાત્રા કરી ત્યારે એ તીર્થસ્થળ અને એના ભગવાન મહાવીરની પ્રતિમાજીનો મારા મન ઉપર ઘણો પ્રભાવ પડેલો. નવકારમંત્રના આરાધક પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પોતાના ધ્યાનના પ્રયોગો અને અનુભૂતિ માટે રાતા મહાવીરના એકાંત સ્થળમાં લાંબા સમય સુધી રહેતા તેઓ મંદિરમાં નીચેના ભોંયરામાં ધ્યાન ધરવા માટે કલાકો સુધી બેસતા. આવી એક વિશિષ્ટ વાતાવરણવાળી પ્રાચીન, ઐતિહાસિક તીર્થભૂમિમાં જતાં જ દરેક વખતે કંઇક વિશિષ્ટ સ્પંદનો અનુભવવા મળ્યાં છે.

'રાતા મહાવીર' એવું ભગવાન મહાવીરનું નામ કંઇક વિલક્ષણ હોય એવું પ્રથમવાર સાંભળનારને કદાચ લાગે. ચોવીસ તીર્થંકરોના જુદા જુદા વર્ણ બતાવવામાં આવ્યા છે, એમાં રાતો વર્ણ તો ફક્ત પદ્મપ્રભુ અને વાસુપૂજ્યસ્વામી એ બે તીર્થંકરોનો હતો. મહાવીરસ્વામીની કાયા તો કંચનવરણી હતી. એટલે 'રાતા મહાવીર' એવો શબ્દ કંઇક અપરિચિત લાગવાનો સંભવ રહે. પરંતુ અહીં મહાવીરસ્વામીની જે પ્રતિમા છે તે રાતા વર્ણની; બલકે સિંદુર જેવા લાલ વર્ણની છે. આ પ્રતિમાનું શિલ્પ-વિધાન જોતાં પ્રથમ દર્શને જ લાગે કે એ પ્રાચીન પ્રતિમા છે. પ્રતિમા આરસની નથી, પરંતુ ઈંટ અને વેળુની બનાવેલી છે. આ પ્રતિમાનો ચમત્કાર સૈકાઓ દરમિયાન જૈન – અજૈન સર્વ લોકોને અનુભવવા મળ્યો હશે. એટલે આ પ્રતિમાજીનાં દર્શન-પૂજા માટે જૈનો ઉપરાંત આસપાસના અન્ય લોકો પણ આજ દિવસ સુધી આવતા રહ્યા છે. જૂના વખતમાં એવા લોકો આ પ્રતિમાની પૂજા હિંગળોકથી કરતા. એને કારણે પ્રતિમા લાલ બની ગઇ હતી અને એને લીધે લોકોમાં આ તીર્થ 'રાતા મહાવીર' તરીકે જાણીતું બની ગયું હતું. આ તીર્થનો છેલ્લા ચાર-પાંચ દાયકામાં જીર્ણોદ્ધાર થયો ત્યારથી પ્રતિમા ઉપર લાલ રંગનો જ લેપ કરવામાં આવ્યો છે. એને લીધે પ્રતિમાની આકૃતિ અને રંગ તરત આકર્ષણ જન્માવે એવાં રહ્યાં છે.

વિ. સં. ૧૩૩૫ના પ્રાચીન શિલાલેખમાં 'શ્રી રાતામિઘાનસ્ય શ્રી મહાવીરદેવસ્ય' એવો ઉલ્લેખ મળે છે. એ ઉપરથી સહેજે ૭૦૦ વર્ષ પૂર્વે પણ આ તીર્થ રાતા મહાવીરના નામથી પ્રસિદ્ધ હતું એમ જણાય છે.

આ પ્રતિમાની પ્રાચીનતાનું બીજું પણ એક લક્ષણ છે. મહાવીરસ્વામીની પ્રતિમાઓ નીચે જોવા મળતાં સિંહના લાંછન કરતાં આ પ્રતિમાની નીચે કંઈક જુદી આકૃતિ છે. અહીં હાથીના મુખવાળા સિંહની આકૃતિ કોતરવામાં આવી છે. આગળના અર્ધા ભાગમાં સૂંઢવાળી હાથીની આકૃતિ અને પાછળના અર્ધા ભાગમાં સિંહની દેહાકૃતિ છે. એટલે કે ગજસિંહના પ્રકારની આ આકૃતિ છે. વળી હાથીના મસ્તક ઉપર બે પાંખો પણ બતાવવામાં આવી છે. એ દૃષ્ટિએ આ પ્રતિમા અત્યંત પ્રાચીન હોવાનું નિશ્ચિત થાય છે. (ભગવાન મહાવીરના લાંછન તરીકે ગજસિંહની આકૃતિ બતાવવામાં આવી હોય એવી અન્ય કોઈ પ્રતિમા જાણવામાં નથી. આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભસ્વામીનું લાંછન પણ સિંહ છે. ભગવાન પદ્મનાભનાં મંદિરો ખાસ જોવા મળતાં નથી, પરંતુ ઉદયપુરમાં ભગવાન પદ્મનાભનું મંદિર છે તેમાં પણ પ્રતિમા અત્યંત પ્રાચીન છે અને તેની નીચે ગજસિંહનું લાંછન કોતરવામાં આવેલું છે. એટલે કે આ વિસ્તારમાં પ્રાચીન સમયમાં ગજસિંહનું લાંછન કોતરવાની પ્રણાલિકા પ્રચલિત હશે એમ જણાય છે. પ્રાચીન સચિત્ર હસ્તપ્રતોમાં સિંહની જે જુદી જુદી આકૃતિઓ જોવા મળે છે તેમાં ગજસિંહના પ્રકારની આકૃતિ પણ જોવા મળે છે. પ. પૂ. યશોદેવસૂરિજીએ પ્રાચીન હસ્તપ્રતોના આધારે તૈયાર કરાવેલાં ચિત્રોમાંના કેટલાંક ચિત્રમાં ગજસિંહની આકૃતિ જોવા મળી છે.)

રાતા મહાવીરનું આ મંદિર ઐતિહાસિક દૃષ્ટિએ ૧૭૦૦ વર્ષથી વધુ પ્રાચીન છે. પ્રાચીન જૈન ઇતિહાસના અભ્યાસી મુનિશ્રી જ્ઞાનસુંદરજી મહારાજે 'श्री पार्श्वनाथ भगवानकी परंपराका इतिहास' નામનો ગ્રન્થ લખ્યો છે, એમાં એમણે બતાવ્યું છે કે ભગવાન મહાવીરસ્વામીના સમય પછી પણ કેટલાક સમય સુધી ભગવાન પાર્શ્વનાથની સાધુપરંપરા ચાલુ હતી અને એ પરંપરામાં ૩૦મી પાટ ઉપર આવેલા આચાર્ય શ્રી સિદ્ધસૂરિએ આપેલા ઉપદેશથી શ્રેષ્ઠિ ગોત્રના વીરદેવ નામના શ્રાવકે આ જગ્યાએ ભગવાન મહાવીરસ્વામીનું ભવ્ય જિનાલય પ્રથમવાર બંધાવ્યું હતું અને એમાં આચાર્ય સિદ્ધસૂરિએ વિ. સં. ૩૬૦ માં ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી.

રાતા મહાવીરનું સ્થળ હત્થુંડી કે હથ્થુંડી તરીકે ઓળખાય છે. હત્થુંડી શબ્દ 'હસ્તિકુંડી' અથવા 'હસ્તિતુંડી' પરથી આવેલો છે. 'હસ્તિકુંડિકા' શબ્દનો ઉલ્લેખ પણ પ્રાચીન સંદર્ભોમાં મળે છે. આ પ્રદેશમાં પ્રાચીન સમયમાં રાષ્ટ્રકૂટોનું અર્થાત્ રાઠોડોનું રાજ્ય પ્રવર્તતું હતું. ત્યારે આ પ્રદેશમાં હાથીઓ ઘણા હતા. રાષ્ટ્રકૂટોની સેવામાં પણ હસ્તિસેના મહત્ત્વની ગણાતી હતી. હાથીઓની તાકાત ઉપર રાઠોડ રાજાઓ યુદ્ધમાં વિજય મેળવતા અને દૂર દૂર સુધી પોતાની આણ પ્રવર્તાવતા. એટલા માટે આ નગરીનું નામ 'હસ્તિકુંડી' પડ્યું હશે. એના ઉપરથી સમય જતાં અપભ્રષ્ટ નામ 'હથુંડી' બની ગયું હશે.

કેટલાક સાક્ષરો અને સંશોધકો એવો તર્ક કરે છે કે હત્થુંડી શબ્દ 'હસ્તિતુંડી' ઉપરથી પણ કદાચ આવ્યો હોય. 'તુંડ' એટલે 'મુખ.' હાથી જ્યાં મુખરૂપે છે એ સ્થળ એ 'હસ્તિતુંડી.' રાઠોડ રાજાઓની સેનામાં અગ્રસ્થાન હાથીઓનું રહેતું. એટલે કે હાથીઓ સેનાના મુખરૂપ હતા માટે 'હસ્તિતુંડી' એવું નામ હોઈ શકે અથવા આ તીર્થમાં બિરાજમાન ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમામાં લાંછન તરીકે જે સિંહની આકૃતિ કોતરવામાં આવી છે તેનું મુખ સૂંઢવાળા હાથીનું બતાવવામાં આવ્યું છે એટલા માટે એ લાંછનને 'હસ્તિતુંડી' તરીકે ઓળખાવવામાં આવ્યું હોય અને એના ઉપરથી હથ્થુંડી નામ આવ્યું હોય એવું પણ એક અનુમાન કરાય છે.

સ્વ. મુનિશ્રી જિનવિજયજી પ્રખર પુરાતત્ત્વવેત્તા હતા. એમણે જૈન મંદિરોના શિલાલેખોનો ઘણો ઊંડો અભ્યાસ કરેલો છે. 'પ્રાચીન જૈન લેખ સંગ્રહ' નામના એમના ગ્રન્થમાં એમણે હસ્તિકુંડી વિષે લખતાં જણાવ્યું છે કે રાજસ્થાનમાં ૫૫૬ જેટલાં પ્રાચીન જૈન મંદિરોના જે શિલાલેખો મળે છે, તેમાં સૌથી પ્રાચીન શિલાલેખ હસ્તિકુંડીના રાતા મહાવીરનો છે, ડો. સોહનલાલ પટનીએ હસ્તિકુંડી વિશે લખેલા ગ્રંથમાં આ વિશે ઘણી ઐતિહાસિક માહિતી આપી છે.

ઈસવી સનની છઠ્ઠીથી અગિયારમી શતાબ્દી દરમિયાન રાજસ્થાનનો આ વિસ્તાર ઘણો સમૃદ્ધ હશે, પરંતુ ત્યારપછી વખતોવખત યુદ્ધો અને ઉપરાઉપરી દુકાળના કારણે આ પ્રદેશની સમૃદ્ધિ નષ્ટ થઈ ગઈ હશે. એક સમયે હસ્તિકુંડી રાઠોડોની એક અત્યંત સમૃદ્ધ નગરી હતી. એનું વર્ણન કરતાં એક કવિએ લખ્યું છે કે-

'આઠ કૂવા, નવ વાવડી રે,
સોળ સહસ પણિહાર.'

એના ઉપરથી સમજાય છે કે આ નગરીમાં પીવાના પાણી માટે આઠ મોટા મોટા કૂવા હતા, નવ વાવ હતી અને સોળ હજાર જેટલી પનિહારીઓ સવારના ત્યાં પાણી ભરવા જતી. આ પ્રદેશનું પાણી પણ મીઠું અને આરોગ્યપ્રદ રહ્યું છે. પ્રાચીન સમયની નગરીઓની સમૃદ્ધિનું માપ એ નગરીમાં કૂવા, વાવ, તળાવ, ચોટાં, મંદિરો કેટલાં હતાં તેના ઉપરથી નીકળતું. રાતા મહાવીર તીર્થસ્થળની બાજુમાં જ એક વાવ અત્યારે ચાલુ છે. વળી નજીકમાં ખોદકામ કરતાં બીજી એક વાવ મળી આવી છે. આ વિસ્તારમાં જો વિશેષ ખોદકામ કરવામાં આવે તો અનેક પ્રાચીન અવશેષો મળી આવવાનો સંભવ છે.

વિક્રમના અગિયારમા સૈકામાં મહમદ ગજનવીએ સોમનાથ ઉપર ચડાઈ કરી. તે સમયે આ રસ્તેથી સોમનાથ તરફ જતાં અને સોમનાથથી પાછા ફરતાં રાજસ્થાનમાં હિન્દુ રાજાઓ સાથે પણ એણે યુદ્ધો કર્યાં હતાં એની વિશાળ સેનાએ કેટલાંય નગરો અને મંદિરો ઉજ્જડ બનાવી દીધાં હતાં. એ સમયે રાજસ્થાનના આ પ્રદેશના હસ્તિકુંડીમાં રાઠોડ રાજાનું રાજ્ય હતું. અને નાડોલમાં ચૌહાણ રાજાનું રાજ્ય હતું. મહમદ ગજનવીની સેનાએ એ સમયની આ બંને મોટી નગરીઓનો નાશ કર્યો હતો. હસ્તિકુંડી નગરીની સમૃદ્ધિ મહમદ ગજનવીના આક્રમણ પછી નાશ પામી. લોકો નગરી છોડીને નાસી ગયા. કાલાનુક્રમે નગરી જીર્ણશીર્ણ થઈ ગઈ હતી ત્યાર પછી ક્રમે ક્રમે ફરી પાછી નગરી સમૃદ્ધ થતી ગઈ અને વિક્રમના તેરમા-ચૌદમાં સૈકામાં ફરી તે સમૃદ્ધિની ટોચે પહોંચી હતી.

પ્રાચીન ઉલ્લેખો પ્રમાણે રાજ્યની સરહદના પ્રશ્ને હસ્તિ-

કુંડીમાં અનેકવાર મોટાં યુદ્ધો ખેલાયાં છે. એટલે હસ્તિકુંડીની ચઢતીપડતી વારંવાર થયા કરી છે. અહીં હરિવર્મા, વિધગ્ધરાજ, મમ્મટરાજ, ધવલરાજ વગેરે રાઠોડ વંશના રાજાઓએ રાજ કર્યાના ઉલ્લેખો ઇતિહાસમાં સાંપડે છે.

હસ્તિકુંડીની આ પ્રાચીન પવિત્ર તીર્થભૂમિ ઉપર સૈકાઓ દરમિયાન કેટલાય મહાન આચાર્યોનાં પગલાં થયેલ છે. વિ. સં. ૩૬૦માં આચાર્ય સિદ્ધસૂરિએ સૌ પ્રથમ આ સ્થળે ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવી અને ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યારપછી આચાર્ય કક્કસૂરિ (સાતમા), દેવગુપ્તસૂરિ સાતમા , કક્કસૂરિ (આઠમા), કક્કસૂરિ (નવમા), સિદ્ધસૂરિ (નવમા) યશોભદ્રસૂરિ, શાંતિભદ્રસૂરિ, વાસુદેવસૂરિ, (અપરનામ બલિભદ્રસૂરિ અને કેશવ સૂરિ), સૂર્યસૂરિ વગેરે મહાન આચાર્ય ભગવંતોએ આ તીર્થના જીર્ણોદ્ધારમાં આપેલા યોગદાનના ઉલ્લેખો વિવિધ લેખોમાં મળે છે.

વિક્રમના સાતમા સૈકામાં આ પ્રદેશમાં ભયંકર દુકાળ પડયો હતો, ત્યારે આચાર્ય દેવગુપ્તસૂરિએ લોકોને પ્રેરણા અને ઉપદેશ આપીને અનાજ અને ઘાસચારાની વહેચણી એવી સરસ રીતે કરાવી હતી કે દુકાળ-સુકાળમાં પરિણમ્યો હતો.

વિક્રમના આઠમા સૈકામાં આચાર્ય કક્કસૂરિ (નવમા) હસ્તિકુંડીમાં પધાર્યા હતા અને અહીં એક સાથે ૫૦૦ વ્યક્તિઓને દીક્ષા આપી હતી.

વિક્રમના નવમા સૈકામાં સર્વદેવસૂરિ પોતાના ૫૦૦ શિષ્યો સાથે અહીં પધાર્યા હતા. તે વખતે એમના ઉપદેશથી હસ્તિકુંડીના રાજા જગમાલે શિકારનું વ્યસન છોડયું હતું અને સપરિવાર જૈનધર્મ અંગીકાર કર્યો હતો.

અચલગચ્છની પટ્ટાવલી અનુસાર આચાર્ય જયસિંહદેવસૂરિ વિક્રમના તેરમા સૈકામાં હસ્તિકુંડી પધાર્યા હતા તે વખતે રાજા અનંતસિંહ રાઠોડ ત્યાં રાજ્ય કરતા હતા. રાજાને જલોદરનો ભયંકર અસાધ્ય રોગ થયો હતો. એ વખતે રાજાની વિનંતીથી જયસિંહદેવસૂરિ રાજમહેલમાં પધાર્યા હતા અને એમણે મંત્ર ભણીને આપેલું પાણી પીવાથી રાજાનો રોગ મટી ગયો હતો. એથી પ્રભાવિત થઇને અનંતસિંહ રાઠોડ રાજાએ આચાર્યશ્રી પાસે સપરિવાર જૈનધર્મ અંગીકાર કર્યો હતો.

હસ્તિકુંડીમાં સમયે સમયે પધારેલા આચાર્ય ભગવંતોમાં યશોભદ્રસૂરિ અને બલિભદ્રસૂરિ (વાસુદેવાચાર્ય)નાં નામ વિખ્યાત છે. આજે પણ આ તીર્થમાં યશોભદ્રસૂરિ અને બલિભદ્રસુરિની પ્રતિમા જુદી એક દેરીમાં જોવા મળે છે. યશોભદ્રસુરિ વિક્રમના દસમા સૈકામાં થઇ ગયા. તેઓ સંડેરકગચ્છના ઇશ્વરસૂરિના શિષ્ય હતા બાલ દીક્ષિત યશોભદ્રને બદરીદેવીના પ્રખર આરાધક એવા ગુરુમહારાજે નાની વયમાં જ ઘણું જ્ઞાન આપ્યું અને વિવિધ વિદ્યાઓ શીખવાડી હતી. અગિયાર વર્ષની કિશોરવયે તો યશોભદ્રને આચાર્યની પદવી આપવામાં આવી હતી, જે દર્શાવે છે કે એમની તેજસ્વિતા કેટલી બધી હશે! યશોભદ્રસૂરિના જીવનની ઘણી વિગતો 'યશોભદ્રસૂરિ રાસ'માં તથા 'સંસ્કૃત ચરિત્ર' નામની કૃતિઓમાં સાંપડે છે.

યશોભદ્રસૂરિના તેજસ્વી શિષ્યોમાંના એક બલિભદ્રસૂરિ હતા પોતાના ગુરુની પાટે પોતાને સ્થાન ન મળતાં એમને પોતાના ગુરુ સાથે મતભેદ થયો હતો. એટલે પાછળથી બલિભદ્રસૂરિએ પોતાનું નામ વાસુદેવાચાર્ય રાખ્યું હતું અને પોતે હસ્તિકુંડી નામના જુદા ગચ્છની સ્થાપના કરી હતી. બલિભદ્રસૂરિ (વાસુદેવાચાર્ય) પણ ઘણા પ્રભાવક આચાર્ય હતા. એમના સદુપદેશથી હસ્તિકુંડીના વિદગ્ધરાજ જે જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવી તેમાં ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તે સમયે ઉદયપુર પાસેના રાજા અલ્લટની રાણીને રેવતી નામનો વળગાડનો રોગ થયો હતો અને તે કોઈ રીતે મટતો ન હતો. એને બલિભદ્રસૂરિની વિદ્યાશક્તિની ખબર હતી. એથી એણે હસ્તિકુંડી દૂત મોકલ્યો અને બલિભદ્રસૂરિને પોતાને ત્યાં પધારવા માટે નિમંત્રણ મોકલ્યું. પરંતુ બલિભદ્રસૂરિએ દૂતને પાછો મોકલ્યો અને હસ્તિકુંડીમાં બેઠાં બેઠાં જ રાજાની રાણીના રેવતી રોગને મટાડી આપ્યો હતો. એથી રાજા અલ્લટ ખૂબ પ્રભાવિત થયો હતો. તે સમયે બલિભદ્રસૂરિએ રાતા મહાવીરની પ્રતિમા સન્મુખ રેવતી રોગના અધિષ્ઠાયક દેવતાની – રેવતી યક્ષ (મહાવીર યક્ષ)ની સ્થાપના કરી હતી. આ યક્ષપ્રતિમા આજે પણ ત્યાં છે. યશોભદ્રસૂરિ અને બલિભદ્રસૂરિ (કેશવસૂરિ) બંને આચાર્યો મંત્રશક્તિ અને વિવિધ વિદ્યાઓના સાધક હતા અને યક્ષ-યક્ષિણીઓના ઉપાસક હતા. એથી બંનેના જીવનમાં બનેલા ચમત્કારોની કેટલીયે વાતો આ પ્રદેશમાં પ્રચલિત બની હતી. એવી દંતકથાઓ 'જસિયા' (યશોભદ્રસૂરિ) અને 'કેસિયા' (કેશવસૂરિ)ના ચમત્કારો તરીકે પ્રચલિત છે.

રાતા મહાવીરના જિનમંદિરનો ૧૭૦૦ વર્ષ દરમિયાન કેટલીયે વાર જીર્ણોદ્ધાર થયો છે. મંદિરનું સ્થળ પણ કદાચ બદલાયા કર્યું હશે. અંગ્રેજોના શાસન દરમિયાન વેરાનમાં આવેલું તીર્થ ઘણા લાંબા સમય સુધી જીર્ણ હાલતમાં રહ્યું હતું. આ પ્રાચીન ભવ્ય તીર્થનો જીર્ણોદ્ધાર કરવાની ભાવના બીજાપુરના શ્રેષ્ઠિઓને હતી. ગત શતકમાં રાજસ્થાનના આ વિભાગમાં આચાર્ય વિજય વલ્લભસૂરિનો પ્રભાવ ઘણો મોટો રહ્યો હતો. એમની પ્રેરણાથી વિ. સં. ૧૯૮૮માં મંદિરના જીર્ણોદ્ધારનું કામ બીજાપુરના સંઘે ઉપાડી લીધું અને આચાર્ય વિજય વલ્લભસૂરિની પ્રેરણાથી સારો આર્થિક સહયોગ મળતાં વિ. સં. ૨૦૦૬માં રાતા મહાવીરજીમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠાવિધિ કરવામાં આવી હતી. ત્યારથી ઉત્તરોત્તર આ તીર્થમાં નવનિર્માણનું કાર્ય સારી રીતે થયું છે. ધર્મશાળા, ભોજનશાળા, ઉપાશ્રય, પુસ્તકાલય વગેરેની સારી સગવડ કરવામાં આવી છે અને હવે પ પૂ. મુનિશ્રી અરુણવિજયજી મહારાજની પ્રેરણાથી ત્યાં સમવસરણ મંદિરની રચનાનું કાર્ય પણ સંઘે ઉપાડયું છે.

રાતા મહાવીર રાત્રિ મુકામ સહિત અનુભવ લેવા જેવું એક તીર્થસ્થળ છે, ધ્યાનના અભ્યાસીઓ માટે સવિશેષ.

ભૂલ-સુધાર
હેમચંદ્રાચાર્યની નવમી શતાબ્દી

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં (તા. ૧-૩-૮૮) હેમચંદ્રાચાર્યનો જન્મ વિ. સં. ૧૨૪૫ માં થયો હતો એમ લખવામાં ઉતાવળે વિસ્મૃતિ દોષ થયો છે. લેખ છપાઇ ગયા પછી તે ભૂલ તરફ ધ્યાન ગયું હતું. કેટલાક વાચકો તરફથી પણ ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. હેમચંદ્રાચાર્યનો જન્મ વિ. સં. ૧૧૪૫માં થયો હતો. હેમચંદ્રાચાર્ય વિષે લખેલી મારી પરિચય પુસ્તિકામાં પણ તે પ્રમાણે સાચી સાલ આપેલી છે. એટલે હવે હેમચંદ્રાચાર્યની આઠમી નહિ પણ નવમી શતાબ્દી ઊજવવાનો અવસર પ્રાપ્ત થાય છે એમ વાંચવું.

આ ભૂલ માટે ક્ષમા ચાહું છું. – તંત્રી

યોગ–ઉપયોગ—કેટલુંક ચિંતન

પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

જીવ રોગી થાય તો તેનો સ્વભાવ બગડતો જાય અને જીવ અજ્ઞાની બની રહે, આવી સ્થિતિથી બચવા માટે આપણે આરોગ્ય માગવાનું છે.

ઇન્દ્રિયોના વિષયોને રોગ માને તેનું નામ યોગી.

ઇન્દ્રિયોના વિષયોમાં આનંદ માને તેનું નામ ભોગી

ભોગીને જો દેહમાં રોગ આવે તો તેને ભોગમાં વિશ્રાંતિ મળે છે તેમ સમજવું જોઇએ. જ્યારે યોગીને દેહમાં રોગ આવે તો દેહરહિત થતાં પહેલાં ભૂતકાળમાં કરેલ દોષની સજા સમજીને કર્મરાજનું દેવું–ઋણ ચૂકવે છે તેમ તે સમજે છે.

આત્મા દેહ સાથે સંબંધે જે જોડાયેલ છે તે Body-Pressureથી બચવા માટે આત્માએ દેહથી ભિન્ન થવાનું ભેદજ્ઞાનના આવરણથી આત્માના જ્ઞાનદર્શન ઉપયોગને 'હું દેહરૂપ છું' તે ભાવથી નિવારવાનો છે. 'હું દેહ નથી' પરંતુ 'આત્મા છું' અને અનાત્મભાવમાં ન રહેતાં આત્માના સ્વરૂપ-ભાવમાં-સદ્‌ચિદાનંદ ભાવમાં પ્રવર્તવાનું છે. પછી દેહભાવરહિત થવાથી દેહની અસર નહિ વર્તે.

શાતા–અશાતા વેદનીય કર્મ એ અઘાતી કર્મનો ઉદય છે, જે દેહાશ્રિત છે. તે આત્માના કૈવલ્યજ્ઞાનના કેવળી ભગવંતોના ઉપયોગને કાંઇ અસર કરી શકતો નથી. દેહભાવ જીવમાં વર્તતો હોય તો શાતા–અશાતા જીવને અસર કરી શકે છે.

આત્માનો જ્ઞાન–દર્શન ઉપયોગ આત્માના પ્રદેશોનો આધાર લઇને નીકળવા છતાં સ્વ–ક્ષેત્રે જોતો નથી. કર્મબન્ધ થવાનું કારણ શું? આત્માનો જ્ઞાન–દર્શન ઉપયોગ જ્યાંથી [સ્વઆત્મ-પ્રદેશોથી] નીકળે છે ત્યાં દૃષ્ટિ કરતો નથી અને ઉપયોગ પર પદાર્થોમાં સુખબુદ્ધિએ ફરે છે. અશાતા વેદનીય જીવને થાય છે તે આત્મપ્રદેશોએ થાય છે તે જ બતાવે છે કે સ્વક્ષેત્રે દૃષ્ટિ કરો તો કર્મનિર્જરા થશે.

ઉપયોગ બે રીતે છે:–

(i) પરપદાર્થને જાણવું–જોવું તે જ્ઞાન–દર્શન ઉપયોગનું કાર્ય છે. જ્ઞાયકભાવ છે.

(ii) સ્વક્ષેત્રે જેવો ઉપયોગ તેવું વેદન થાય છે તે વેદક-ભાવ છે. અશુદ્ધ ઉપયોગથી આત્મપ્રદેશો ચૈતન્ય હોવા છતાં જડવત્–પુદ્‌ગલભાવયુક્ત થાય છે; કારણ ઉપયોગ પરપદાર્થોમાં સુખબુદ્ધિએ રમતો હોય છે. સ્વક્ષેત્રે જો ઉપયોગ–દૃષ્ટિ વર્તે. ઉપયોગ ચૈતન્યમય–સુખમય વેદાય. આવરણ હટવાથી કર્મોની નિર્જરા થવાથી.

મોહ ઉપર વિજય મેળવશો તો અશાતા વેદનીય ઉપર વિજય મેળવાશે. મોહની ચેષ્ટા બંધ કરવાથી મોહ જીતાશે.

મોહનો નાશ બે રીતે થાય છે: (૧) મોહની ચેષ્ટા બંધ કરવાથી, (૨) સ્વરૂપભાન રાખવાથી.

આપણા જ્ઞાન–દર્શન ઉપયોગને આપણા આત્માના પ્રદેશો ઉપર જ સ્થિર કરવાનો છે, જેથી સ્વરૂપ ઉપર આવરણ જેમ જેમ હટે તેમ તેમ સ્વરૂપ રમણતા થતી જશે.

શાતા–અશાતા વેદનીય કર્મજનિત છે તેથી તે પરાધીન છે જ્યારે પરીષહો સ્વેચ્છાએ સ્વીકારવાનાં હોય છે.

આત્માનો ઉપયોગ જે પાંચે ઇન્દ્રિયોના વિષય–કષાય ઉપર જીવ કરે છે તેને બદલે પોતાના આત્માના પ્રદેશો ઉપર ઉપયોગ–દૃષ્ટિ કરવાની હોય છે.

દુઃખ સમયે તો જીવ એકાંતે આત્માના પ્રદેશો સાથે ઉપયોગવંત રહે છે. માટે સ્વેચ્છાએ પરીષહ ઊભો કરવાનો છે જેથી આત્મપ્રદેશો ઉપર ઉપયોગ સ્થિર થાય તેમ જ્ઞાન દશાએ રહીએ તો ઉપસર્ગ વખતે પણ આત્મ–પ્રદેશો ઉપર ઉપયોગ સ્થિર રહી શકે, જ્યારે સુખ વખતે વસ્તુ અને વ્યક્તિઓ ઉપર દૃષ્ટિ રહે છે. આત્મપ્રદેશો ઉપર દૃષ્ટિ નથી રહેતી. માટે ધ્યાનના ભેદો શરીરની અંદર બતાવેલ છે. પડચક્ક આદિ જેથી સ્વઆત્મ–પ્રદેશોએ દૃષ્ટિ કરી સ્થિર થવાય અને બહારની વસ્તુઓ અને વ્યક્તિઓ ઉપરની દૃષ્ટિ બંધ થાય.

બહાર ભગવાનની મૂર્તિ ત્રાટક કરીને દૃષ્ટિ–સ્થિરતા પ્રાપ્ત કરીને, સ્વરૂપ પામવા માટે નિરાવરણ કરવા માટે, પોતાના આત્મ–પ્રદેશોએ ત્રાટક કરીને સ્વમાં સ્થિર થવાનું હોય છે જ્યાંથી જ્ઞાન–દર્શન–ઉપયોગ નીકળે છે ત્યાં જ આપણે સ્થિર થવાનું છે જેથી આપણા વિષય–કષાય–રાગ–દ્વેષ–મોહ આદિ ભાવો પતલા પડતા જાય છે. મંદતા આવે છે.

આત્મ–પ્રદેશો એ ઉપયોગનું ઘર છે, સ્વ છે. વસ્તુઓ અને વ્યક્તિઓ એ ઉપયોગ માટે પર છે. માટે પરમાં ન વસતાં-સ્વઘરમાં વસવું જોઇએ, તે માટે ધ્યાન આદિ સાધના છે. મંદિર–મૂર્તિમાં ભગવાન સમક્ષ ધ્યાન કરીને પરિણામરૂપે પોતાના આત્મ–પ્રદેશોમાં ધ્યાન કરવાનું છે. આત્માના પ્રદેશો ઉપર મનને સ્થિર કરવાનું છે.

આપણું અરૂપી સ્વરૂપ જે જ્ઞાન–દર્શન શક્તિ છે તેના પ્રતીકરૂપે ચર્મચક્ષુ મળી છે.

જ્ઞાન–દર્શન ઉપયોગને સ્થિર કરો સ્થિર કર્યાં કરાય? અસ્થિર–અનિત્યમાં કે સ્થિર–નિત્ય એવા આત્મતત્ત્વ માટે આત્મ-પ્રદેશોમાં ઉપયોગને સ્થિર કરવાનું છે જેથી સ્વમાં લીન થયા પછી વિષય–કષાય–રૂપ કોઇ સાધન ઉપયોગને રમવા માટે નહિ મળે

જે જીવો પોતાના આત્મપ્રદેશો ઉપર દૃષ્ટિ નથી રાખતા, પોતાનામાં ઉપયોગ સ્થિર નથી કરતા અને બહારની વસ્તુમાં–વ્યક્તિઓમાં સુખબુદ્ધિથી ઉપયોગથી રમણતા કરે છે તે જીવો માટે કુદરત શિક્ષા ઊભી કરે છે, અશાતાવેદનીયના ઉદયને પામે છે. જેથી આત્મ–પ્રદેશોએ દુઃખ ભયંકર વેદે છે અને વિષય–કષાય ભોગવવા માટે દીન–અશક્ત–હીન બની જાય છે.

વસ્તુઓ અને વ્યક્તિઓ બહાર છે. વિષય અને કષાયના પદાર્થો પણ બહાર છે. આત્મ–પ્રદેશોમાં આ નથી છતાં ત્યાં આ ચિત્રામણ કરે છે અને જીવ દુઃખી થાય છે. સ્વઆત્મ-પ્રદેશોમાંથી તો માત્ર જ્ઞાન અને આનંદ નીકળે છે. આત્મ–પ્રદેશોએ ઉપયોગ જો સ્થિર કરશું તો જ્ઞાન અને આનંદને વેદાશે.

ઉપાસના તત્ત્વમાં હજી બહારનું આલંબન છે જ્યારે ધ્યાન–સમાધિમાં બહારનું આલંબન પણ નથી. ધર્મ અનુષ્ઠાનોની ક્રિયા કરતા કરતા સ્વરૂપમાં ઉપયોગ–દૃષ્ટિ અંતરથી સ્થિર કરો આત્મ–પ્રદેશોએ.

દેહના સુખ–ભોગના પાયે કદી પણ આત્માનું સુખ નિરાવરણ થતું નથી:

જ્ઞાન એ આત્મપ્રદેશોના ઉપયોગના આધારે છે અને અશાતા-વેદનીય એ ઉપયોગ અને આત્મપ્રદેશો ઉભયના આધારે રહે છે. અશાતાવેદનીય વખતે જીવ આત્મ–પ્રદેશોએ દુઃખ વેદે છે એટલે અસહાય–હીન અશક્ત–નિર્બળ બને છે. વિષય–કષાય પણ નિર્બળ બને છે જેથી ભોગ–સુખ આદિ સુખેથી વેદી નથી શકતો.

ધ્યાન કરતી વખતે સ્વદોષદર્શન કરતાં શીખવું જોઇએ.

પોતાના જ્ઞાનદર્શન ઉપયોગમાં વસ્તુઓ–વ્યક્તિઓ વિષય–કષાયનાં ચીતરામણ થતાં નથીને તે જોવું જોઇએ.

ઉપયોગ–તત્ત્વ એ આદર્શતત્ત્વ છે. વિશ્વના પદાર્થો ભલે તેમાં પ્રતિબિંબિત થાય પરંતુ ઉપયોગથી આપણે આપણા પ્રદેશોમાં વસવું જોઇએ, રમવું જોઇએ, પ્રતિબિમ્બ્ય પદાર્થોમાં ન રમવું જોઇએ. [૪૬–૪૭]

ધ્યાનનું મહત્ત્વ જ્ઞાન માટે છે. જ્ઞાન ઉપયોગ આત્મપ્રદેશોએ સ્થિર થાય છે.

અધિકરણની અપેક્ષાએ ઉપકરણ ઊંચા છે. ઉપકરણ તમારી સામે છે. ઉપકરણ ઉપકરણની સામે નથી. તમે ઉપકરણની સામે છો. જેમ તમે તમારી સાથે અથવા સામે છો. આત્માને પોતાની ઉપયોગ–દ્રષ્ટિથી જોવાનો છે. સ્વદર્શન કરવાનું છે. (આલંબનથી સ્વાવલંબનમાં જવાનું છે). કર્તા–ભોકતાભાવ એ ભાવતત્ત્વો છે આત્મા કર્તા ભોગતા છે. આત્મા સિવાય બીજા કોઇ પદાર્થ કર્તા–ભોકતા નથી.

પર–પદાર્થના કર્તા–ભોકતા અર્થમાં જેટલા રોકાયેલા રહીએ છીએ, તે વખતે 'હું' જે કર્તા–ભોકતારૂપ છે તેનું દર્શન કરતાં શીખવું જોઇએ. તો સત્યદર્શન થતું જશે. પ્રતિક્ષણે જીવનો (સાધુનો પણ) કર્તા–ભોકતાભાવ–રાગભાવ ચાલુ છે. કર્તા–ભોકતાભાવ એ જ સંસાર છે. કર્તા–ભોકતા–ભાવના પદાર્થ સંબંધી કાંઇ પણ કરવાનું ન હોય, જો ત્યાં કરવા રહ્યા તો કર્તા–ભોકતાભાવ ચાલુ રહેશે. કર્તાભોકતાભાવ એ રાગભાવ–અજ્ઞાનભાવ–મોહભાવ છે.

કોઇ પણ જ્ઞાનીની ખરી પરીક્ષા કયારે? અશાતા વેદનીયના ઉદય વખતે મન સુધી દુઃખની જરા પણ અસર ન થાય તો તે સાચો જ્ઞાની.

કાયા અને ઇન્દ્રિયો તો તેના સ્વરૂપમાં રહે છે. આપણો મનોયોગ કાયા અને ઇન્દ્રિયોના ઉપયોગમાં રહી રહીને નિર્બળ બની ગયેલ છે.

મન એટલે ચૈતન્ય–સ્ફુરણ–પ્રતિક્ષણે મતિજ્ઞાનના ઉપયોગમાં સ્ફુરે છે. આયુષ્યનો બંધ પણ મનના ભાવ ઉપર થાય છે. બીજા કર્મના બંધ પણ મનના ભાવ ઉપર થાય છે,

આપણી સાધનાનું કેન્દ્ર બનાવવાનું છે આપણા મનોયોગને.

જે જીવ પોતાનામાં રહેલા કર્તા–ભોકતાભાવનાં દર્શન કરે છે–સ્વદોષદર્શન કરી શકે છે–તે જીવ પરમાત્માના દર્શનને પામી શકે છે.

વિહરમાન કેવળી ભગવંતને કોઇ વસ્તુની સાધના કરવાની રહેતી નથી તેમજ મન–વચન–કાયાના યોગ પ્રમાણે અઘાતી કર્મના ઉદય પ્રમાણે થયા કરે છે, બન્યા કરે છે, તેમ આપણે પણ સાધનાકાળમાં કાંઇ કરતા નથી; તેમ ઉપયોગથી વર્તવું અને આપણા અઘાતી કર્મના ઉદય પ્રમાણે થયા કરશે; બન્યા કરશે તેમ સાક્ષીભાવે જોયા કરવું. જગત સક્રિય છે તે બન્યા કરે છે, ચાલ્યા કરે છે. આત્મા અક્રિય છે, સ્વરથી, તે લક્ષ્ય રાખીને જે બન્યા કરે છે, ચાલ્યા કરે છે તેમાં કર્તા–ભોકતાભાવ ન કરવો. આપણે મોહ–અજ્ઞાનતાએ સમજીએ છીએ કે હું કરું છું, હું બનાવું છું, હું ભોગવું છું, એમ કર્તા–ભોકતાભાવે સમજીએ છીએ. જો આપણા કર્તા–ભોકતા-ભાવથી જ જગત ચાલતું હોય તો આપણે કર્તા–ભોકતાભાવ બંધ કરવા છતાં પણ જો જગતની સક્રિયતા ચાલુ રહે છે તો આપણા કર્તા–ભોકતાભાવથી જગત ચાલે છે તેમ માનવું એ ખોટું છે.

કેવળજ્ઞાની ભગવંતનું અઘાતી કર્મના ઉદયરૂપ જેવું ઉપયોગથી અક્રિય અને યોગથી સક્રિય જીવન છે તેવું જીવન આપણે સાધનાકાળમાં છાયારૂપે ઉતારવાનું છે. [૫૯]

કર્મના ઉદય તેનું કામ કરે છે, ઉદય યખતે મોહભાવ કરવો અગર ન કરવો તે જીવના હાથમાં છે. વિપાકોદય એ ઉપયોગમાં હોય અને પ્રદેશથી ઉદય હોય, ઉપયોગમાં ન હોય. સમ્યગ્દ્રષ્ટિ જીવને વિપાકોદયમાં અનંતાનુબંધી કષાય ઉપયોગમાં નથી આવતો અને તે પ્રદેશોદયથી નિર્જરી જાય છે. તેવી રીતે આગળ આગળના ગુણ–સ્થાનકે પ્રદેશોદયથી અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, નિર્જરી જાય છે; ઉપયોગમાં આવ્યા વગર. સંજ્વલન કષાય જાય એટલે વીતરાગતા આવે, કેવળજ્ઞાન નિરાવરણ બને છે.

મોહભાવ કરવો એ વિકૃતિ છે; પણ આપણી પ્રકૃતિ નથી. મોહભાવ ન કરવો તે આપણી પ્રકૃતિ છે.

વર્તમાનકાળમાં આત્માના સ્વભાવની તાકાતથી જ્ઞાનદશામાં વર્તવાથી, નિર્મોહતા કરવાથી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની આદિ કષાય પ્રદેશોદયથી જ નિર્જરી જાય અને વિપાકોદય સુધી આવવા ન દે આ છે ધર્મ–મોક્ષપુરુષાર્થ.

વિભાવ ઉપર સ્વભાવ વડે તાળું મારવાનું છે.

મોહનીય પ્રકૃતિમાં અનંતાનુબંધી કષાયનો રસ વર્તે છે. પરંતુ જાગૃત થયેલ જ્ઞાનદશામાં વર્તતા આત્માની તાકાત છે. અનંતાનુબંધી કષાય પ્રદેશોદયથી નિર્જરી જાય છે, વિપાકોદયમાં આવતો નથી.

નિર્વિકલ્પ ઉપયોગરૂપ ચારિત્ર એ આત્માના જ્ઞાનદર્શન ઉપયોગમાં છે; મનોયોગમાં–ભાવમનમાં મનઅમન થયેલ હોય ત્યારે ભલે દેહ હોય અગર ન હોય.

નિર્વિકલ્પ ઉપયોગ એટલે મનનું અમન કરવું

ચારિત્ર્ય અને તપ એ સંસારમાં સંસ્કાર અર્થથી શરૂ થાય છે અને તેની પૂર્ણાહુતિ મનને અમન કરવાથી નિર્વિકલ્પ ઉપયોગ (જે નિશ્ચયથી ચારિત્ર્ય છે) પામ્યાથી થાય છે. પંચ મહાવ્રત–યોગસ્થિરતા એ વચ્ચેનું સ્ટેજ (વચલી અવસ્થા) છે.

જ્ઞાન ઉપયોગમાં છે ત્યાં રાગદશા છે. છદ્મસ્થતામાં આત્માનો ઉપયોગ આત્માના પ્રદેશોથી તદ્રૂપ છે. એકમેક છે. એકક્ષેત્રી છે. આત્માના પ્રદેશો અને દેહ બન્ધસંબંધે એકમેક છે. ઉપયોગમાં જે વેદાય તે દેહમાં વેદાય. પરંતુ દેહમાં જે વેદાય (શાતા–અશાતા) તે ઉપયોગમાં વેદાય તેવું એકાંત નથી. જો તેમ હોય તો ઉપયોગ વીતરાગ–સર્વજ્ઞજ્ઞાનરૂપ બની ન શકે. ઘોર પરિષહ ઉપસર્ગ–કાળમાં અશાતા વેદનીયની અસર દેહ ઉપર હોવા છતાં તેની લેશ માત્ર પણ અસર મનોયોગમાં જ્ઞાન ઉપયોગમાં ન થાય તો ક્ષપકશ્રેણી માંડીને ઘાતીકર્મોનો ખતમ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ચારે અઘાતી કર્મના પુણ્ય પાપના વિપાકોદયની જે લેશ માત્ર અસર ન લે, તે ઘાતીકર્મનો ક્ષય કરવાને શક્તિમાન બની શકે છે. અઘાતીકર્મના વિપાકોદયની અસર જોને વર્તતી હોય તે મોહભાવથી મુકત નથી. જ્ઞાન ઉપયોગમાં; આ ઉપયોગને અસર કરે છે. એટલે જીવ અબન્ધ થતો નથી. મુકત થતો નથી.

ઉપયોગમાં જે મોહભાવ છે, અજ્ઞાનભાવ છે તે નડે છે. માટે મોહભાવ–અજ્ઞાનભાવનો ખતમ કરવાનો છે. ઉપયોગમાં જીવ પોતાના અજ્ઞાનભાવને મોહભાવને વેદે છે એટલે આનંદને વિકારી બનીને જીવ દુઃખ ભોગવે છે. દુઃખનું મૂળ કારણ, સંસાર જેના ઉપર ચાલે છે તે મોહનીય કર્મ છે, મોહભાવ છે; અજ્ઞાનભાવ છે.

જેવા આકારનું પાત્ર હોય, આકારમાં પાણી પરિણમશે.

ઉપયોગ પણ જે પદાર્થનો વિચાર કરે તે પ્રમાણે પરિણમે છે અને તે પ્રમાણે કર્મબંધ થાય છે. આમ વિજાતીય એવા પર – પદાર્થ સાથે ઉપયોગ બદ્ધસંબંધે ક્ષીરનીરની જેમ પરિણમે છે. તો સજાતીય અને સ્વરૂપ ઐક્ય એવા અરિહંત-સિદ્ધ પરમાત્મામાં ઉપયોગથી પરિણમશું તો આપણો ઉપયોગ પણ વીતરાગ-નિર્વિકલ્પ-અવિનાશી એવા કેવળજ્ઞાનમાં પરિણમશે. છેવટે જો કેવળજ્ઞાન ન થાય તો દેવ મનુષ્ય-ગતિ અપાવે અને અરિહંત-સિદ્ધપદના સ્વરૂપપદની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરાવી આપવા તક આપે છે.

ઉપયોગનો નિયમ: કોઈ પણ પરપદાર્થમાં ઉપયોગ તન્મય થાય એટલે તે રૂપે ઉપયોગ પરિણમે છે. તો સજાતીય અને સ્વરૂપ-ઐક્ય એવા અરિહંત-સિદ્ધપદમાં ઉપયોગથી પરિણમવું તે મોક્ષમાર્ગની અનન્યસાધના છે.

ઉપયોગ અનાદિકાળથી લક્ષણ રૂપે છે અને ઉપયોગમાંથી અશુદ્ધિ નીકળી જાય એટલે ઉપયોગ શુદ્ધ રહે છે.

અરિહંતપદની સેવના કરવી એટલે સ્વદોષદર્શન કરી કરીને દોષરહિત થવા ઉદ્યમી બનવું. અરિહંતપદની ધર્મ-સાધના સાથે સાથે જરૂર કરવાની છે.

આવરણ હટે છે :

(i) હું સદ્‌ચિદાનંદ સ્વરૂપે છું તે વિધેયાત્મક જ્ઞાન-ધ્યાન છે.

(ii) જાતીય-ઐક્ય અને સ્વરૂપ-ઐક્ય એવા અરિહંત-સિદ્ધના જ્ઞાન-ધ્યાનથી આવરણો હટે છે.

ગુરુજન પરત્વે વિનય-વૈયાવચ્ચ-નમ્રતા-દીનતાથી તેમના ગુણ સાથે અભેદ થવાય છે-એટલે આપણા તે ગુણોનો આવિર્ભાવ થાય છે. પશ્ચાતાપથી દોષોનો ભેદ (ખંડન) થાય છે અને ગુણો નિરાવરણ બને છે.

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું શ્રીમદે મૂકેલ છે. કારણ જ્ઞાન એ મૌનતત્ત્વ છે. વચનયોગ એ જ્ઞાનતત્ત્વનો આધાર લઈને બહાર નીકળે છે. પરંતુ વચનયોગ એ જ્ઞાનતત્ત્વ નથી. જ્ઞાન એ બોલતત્ત્વ નથી. જો તેમ હોત તો સિદ્ધભગવંત પણ બોલતા હોત. મુનિપણું એટલે મૌન અવસ્થા. જ્ઞાનસ્વરૂપમાં સ્થિત થવું, નિર્વિકલ્પતા સેવવી. વચનયોગનો સંબંધ શરીર સાથે છે; ઉભય જડ પૌદ્‌ગલિક તત્ત્વ છે.

જે વસ્તુ જેની સાથે પરમાર્થિક ભાવે અભેદ હોય તેમાં કાળક્ષેપ ન હોય. સદા હોય જ.

જ્ઞાન અને વચનયોગ એ ભેદ-તત્ત્વ છે છતાં વચનયોગ જ્ઞાન વડે નીકળે છે જ્ઞાનને આધીન વચનયોગ છે. વચન-યોગને આધીન જ્ઞાન નથી. તેથી મૌન સેવવું તે ઉચિત છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ જ્ઞાનના આધારે છે. પણ ભેદ-તત્ત્વ છે. સાદિ-સાંત છે. કેવળજ્ઞાન નિત્ય છે. મૌન રહીએ તો બોલવાનું બંધ થાય પણ જ્ઞાન વગરના ન થઈએ. જ્ઞાનનો સાચો અર્થ અબોલ છે. મૌન=અબોલ રહીએ તો જ્ઞાન થાય. મતિ-અવધિ-મનઃપર્યવ-કેવળજ્ઞાન એ મૂકજ્ઞાન છે. શ્રુતજ્ઞાન એ બોલતું જ્ઞાન છે. આધાર ભલે મતિ આદિ ચાર મૂકજ્ઞાનનો લે.

જેમ શરીર અને આત્માનો વિવેક ભૂલી જઈએ છીએ અને શરીરને આત્મા માનીએ છીએ તેમ જ્ઞાન અને બોલનો વિવેક ભૂલી જઈને બોલને જ્ઞાન સમજી લઈએ છીએ.

દ્રવ્યમૌન એ જીભથી ન બોલવું તે છે પરંતુ અંદરથી વિચારણા-વાતો કરીએ છીએ. ભાવમૌન એટલે નિર્વિકલ્પ અવસ્થામાં રહેવું-પ્રવર્તવું તે છે. ભાવમૌન જાળવીએ તો જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થવાશે. આત્મા અરૂપી છે-દેહરૂપી છે. આત્મા અશબ્દ છે. વચનયોગ શબ્દરૂપ છે. (જ્ઞાન એ અબોલ તત્ત્વ છે).

વિહરમાન કેવળી ભગવંત અબોલ બનીને વચનયોગનો ઉપયોગ કરે છે એટલે તેમનામાં લેશમાત્ર રાગદ્વેષ રતિ-અરતિ આદિ મોહજનિત ભાવ નથી હોતો. તેથી તેમણે તેમના જ્ઞાનને અબોલ બનાવેલ છે અને બોલે છે. જ્યારે છદ્મસ્થ જીવ બોલે છે ત્યારે બોલ બહાર નીકળે છે કારણ જ્ઞાનને અબોલ નથી બનાવ્યું. વીતરાગ-નિર્મોહ-નિષ્કષાય-નિર્વિકલ્પ જ્ઞાન હજી નથી બનાવ્યું. જ્ઞાનનું સ્વરૂપ મૌન-અબોલ છે એટલે જ્ઞાન વીતરાગ-નિર્વિકલ્પ છે.

નિર્વિચાર-નિર્વિકલ્પ-શૂન્યમય સ્થિતિની શક્તિ અનંતી છે. જે ત્રણે કાળનું જગત એક સમયમાં પ્રતિબિંબિત બનાવે છે. અબોલ-મૂક જ્ઞાન (મૌન) એ આનંદરૂપ છે. સચ્ચિદાનંદ છે. જ્યાં સુધી અંતરજ્ઞાનને અબોલ ભાવમૌન નિર્વિકલ્પ વીતરાગ જ્ઞાન નહિ બનાવીએ ત્યાં સુધી (મનનું મૌન) આત્માનો આનંદ સચ્ચિદાનંદનું સુખ નહિ વેદાય. મનનું મૌન એનું નામ જ્ઞાન-નિર્વિકલ્પ-જ્ઞાન જેમ શરીર હું નથી તેમ વચનયોગ-બોલ એ હું નથી. તેમ વિચાર એ પણ હું નથી. વિચાર છે એ વિકલ્પ છે-એ રાગ છે અને વિચાર છે એટલે બોલ આવશે.

જ્ઞાન સુખ વગરનું નથી. પણ જ્ઞાન જ્યાં સુધી વીતરાગ-નિર્વિકલ્પ-અબોલ નથી બન્યું ત્યાં સુધી જ્ઞાનનું સુખ પરિવર્તન પામીને પુદ્‌ગલદ્રવ્યાશ્રિત ભોગવીએ છીએ. પરિવર્તન-સુખ એટલે રાજા રંક બને તેમ અનંત સુખ અલ્પ સુખ બનીને આવે છે અગર દુઃખમય બનીને આવે છે, અજ્ઞાન અને મોહવશથી આમ બને છે.

કેવળી ભગવંત અંદરથી અબોલ બનીને દેશના આપે છે અને છદ્મસ્થ એવા આપણે બોલને સાંભળીને અબોલ-અશબ્દ રૂપ ભાવમૌન બનવાનું છે એથી આત્મજ્ઞાન ત્યાં મુનિપણું એમ શ્રીમદ્ કહે છે.

સાધુપણાની સાધના તો બાહ્યપંચાચાર સેવાય તો પણ ચાલતી હોય. જ્યારે મુનિપણું એ અભ્યંતર તત્ત્વ છે. પરમ શાંત તત્ત્વ છે; વિશ્વની અનંત અશાંતિ ભાવમુનિને લેશ માત્ર અશાંત ન કરે તેવું પરમ શાંત તત્ત્વ એ મુનિતત્ત્વ છે.

વચન અને વિચારરહિત ઉપયોગ એ જ્ઞાનતત્ત્વ છે. નિશ્ચયથી જ્ઞાન એ પરમશાંત તત્ત્વ છે. વીતરાગતા [અશબ્દ કેવળજ્ઞાન-અબોલતત્ત્વ]ના બોલ વચનામૃત છે. જિનવાણી છે. કેવળજ્ઞાન એ પરમશાંત રસ છે. કેવળી ભગવંત દેશના આપે છે તે પરમશાંતરસ અને સુખરૂપ વેદાય છે.

છદ્મસ્થ જીવનો અ-વિવેક એ કાયરતારૂપ છે. વિવેક જ્ઞાન પ્રગટતા અનંતવીર્ય નિરાવરણ બને છે

અરિહંત કેવળી ભગવંત એક જ ભેદે છે એટલે ત્યાં માત્ર (કેવળ) જ્ઞાન છે. જ્યારે ગુરુમાં બે ભેદ છે: સદ્‌ગુરુ અને કુગુરુ. એટલે જ્ઞાન અને અજ્ઞાનરૂપ બે ભેદ પડે છે.

અપૂર્ણ તત્ત્વ છે તે કદી પૂરું થાય નહિ. સંસારનાં કામ કદી પૂર્ણ થતાં નથી, અપૂર્ણ વસ્તુ પૂરાય જ નહિ

બોલમાંથી અબોલ બનીએ-શબ્દમાંથી અશબ્દ બનીએ ત્યારે જ્ઞાનના પ્રદેશમાં પ્રવેશ કરશું અને સુખતત્ત્વનો, શાંત તત્ત્વનો અનુભવ કરશું.

આ નાનકડા દેશની અપેક્ષાએ ઘણું કંપાવનારા છે.

આ ઉપરાંત ત્રીસ લાખથી વધુ અફઘાન નિરાશ્રિતો પાકિસ્તાનમાં ભરાયા છે. વળી ઈરાનમાં પણ કેટલાય અફઘાન નિરાશ્રિતો ધૂસેલા છે. એટલે પાકિસ્તાન માટે સરહદ પર સોવિયેત સૈનિકો હોય એ ગંભીર સમસ્યાની સાથે સાથે અફઘાન નિરાશ્રિતોની સમસ્યા પણ ઘણી મોટી છે. આવી સમસ્યાઓનો આર્થિક ભાર પણ જેવોતેવો હોતો નથી.

અમેરિકાને અફઘાનની સમસ્યામાં માનવભોગ કશોય આપવો પડયો નથી, પરંતુ પાકિસ્તાન દ્વારા સોવિયેત યુનિયનની ધુસણખોરી પ્રત્યે પ્રતિકાર કરવાને માટે આર્થિક ભોગ ઘણો મોટો આપવો પડયો છે ફકત ગયા એક વર્ષ દરમિયાન છ અબજ અને ત્રીસ કરોડ ડોલરની શસ્ત્રસહાય અમેરિકાએ પાકિસ્તાન દ્વારા અફઘાન બળવાખોરોએ પૂરી પાડી છે. અગાઉ પણ પ્રતિવર્ષ અબજો ડોલરની શસ્ત્રસહાય અફઘાન બળવાખોરોને અપાઈ છે. અફઘાનિસ્તાન ગેરીલાઓ માટે આટલાં બધાં શસ્ત્રો આવે તો એ તો દેખીતું છે કે માનવસંહાર ઘણા મોટા પ્રમાણમાં થયા કરે. પરંતુ હવે અમેરિકા પણ આર્થિક શસ્ત્ર-સહાય કરવામાં થાકવા લાગ્યું છે. એટલે સમાધાનની કોઈ શકયતા હોય તો તે સ્વીકારવા તે કેટલાક સમયથી ઉત્સુક બન્યું હતું.

સામાન્ય રીતે સોવિયેત યુનિયને એક વખત ભૌગોલિક સત્તા જમાવ્યા પછી કયાંયથી પીછેહઠ કરી નથી. પરંતુ અફઘાનિસ્તાનનો એનો અનુભવ વિપરીત પુરવાર થયો છે. આમ જોવા જઈએ તો સોવિયેત યુનિયન, અમેરિકા, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન એ ચારે દેશ આ સમસ્યાથી ખૂબ થાકયા છે. (બિચારા ઈરાનની તો વાત જ શી? એ અફઘાન નિરાશ્રિતોને સંભાળે કે ઈરાક સાથેના પોતાના યુદ્ધને સંભાળે?)

આ પરિસ્થિતિમાં ચારેય સત્તાઓ વચ્ચે સુલેહ માટે જો કોઈએ યશસ્વી કામગીરી બજાવી હોય તો તે યુનાઈટેડ નેશન્સના અન્ડર સેક્રેટરી જનરલ ડીએગો કોરડોવેઝે. એમણે જીનિવા, કાબુલ, ન્યુયોર્ક, મોસ્કો અને રાવલપિંડીની અનેકવાર વિમાન – સફર કરીને અને ડહાપણ, દુરંદેશી સાથે તથા ચતુરાઈપૂર્વક અથાગ પ્રયત્નો કરીને સમાધાનનો માર્ગ કાઢયો છે. એ અનુસાર સોવિયેત યુનિયન ક્રમેક્રમે નવ મહિનામાં અફઘાનિસ્તાનમાંથી પોતાની લગભગ સવા લાખ સૈનિકોની સેના ખસેડી લેશે. અને તેમાંની અડધી સેના તો ત્રણ મહિનામાં જ ખસેડી લેશે. જો કે એમ કરવામાં અમેરિકા અને પાકિસ્તાન જો અફઘાન મુજાહિદ્દીનોને શસ્ત્ર-સહાય કરવાનું ચાલુ રાખે તો પરિસ્થિતિ અમેરિકાને પક્ષે પલટાઈ જાય. એટલે છેવટે અમેરિકાને પણ પોતાની શસ્ત્રસહાય પ્રમાણસર ઘટાડતા જવાનો સિદ્ધાંત સ્વીકારવો પડયો છે. સોવિયેત યુનિયનનો એ આગ્રહ હતો, કારણ કે તેમ ન થાય તો સોવિયેત યુનિયન ખસી ગયા પછી અમેરિકા અફઘાનિસ્તાન ઉપર પોતાનું વર્ચસ્વ જમાવી બેસે અને સોવિયેત સરહદ સુધી પોતાનાં લશ્કરી થાણાં અફઘાનિસ્તાનમાં સ્થાપી શકે.

જો કે સોવિયેત યુનિયન આપણે ધારીએ એવું કાચું નથી. આવી મોટી મહાસત્તાને જરાપણ ગફલતમાં રહેવાનું પોસાય નહિ. પોતાની સેના પાછી ખેંચાયા પછી અફઘાનિસ્તાનની પરિસ્થિતિ કેવી થશે તે કહેવું મુશ્કેલ છે, કારણ કે એથી તરત શાંતિ સ્થપાશે જ, એવું એકદમ માની શકાય નહિ. વર્ષોથી ચાલતી જૂની દુશ્મનાવટને કારણે ગેરીલા બળવાખોરો અને સત્તાધારી દળો વચ્ચે ભારે રકતપાત થયા વિના રહે નહિ. સમગ્ર સત્તા પોતાના હાથમાં લેવા માટે જુદાં જુદાં પરિબળો કામ કરવા લાગશે. સોવિયેત યુનિયનની પૂતળા સરકાર નહિ પરંતુ સર્વના પ્રતિનિધિત્વવાળી લોકશાહી સરકાર સ્થાપવાનો સિદ્ધાંત દેખાવમાં સારો છે; પરંતુ વ્યવહારમાં એ કેટલો અમલી બની શકશે તે મોટો પ્રશ્ન છે. વળી સોવિયેત યુનિયન પોતાની સરહદે અડીને આવેલા વાખાન વિસ્તાર ઉપર પોતાનું લશ્કરી વર્ચસ્વ ધરાવવાનું ચાલુ રાખશે. ત્યાં જરા પણ જોખમ જણાતાં સોવિયેત યુનિયન ફરીથી અફઘાનિસ્તાનમાં પોતાનું લશ્કરી વર્ચસ્વ સ્થાપવા માટે પ્રવેશ કરે તો નવાઈ નહિ.

વળી, રાજરમતો કેવી ભયંકર હોય છે! આ સુલેહની વાત છેલ્લા તબકકામાં આવતાં અમેરિકાએ બાર મહિના ચાલે એટલાં શસ્ત્રો બળવાખોરોને આપી દીધાં છે. તો સોવિયેત યુનિયને પણ સેકંડો ટ્રકો ભરીને શસ્ત્રો નજીબુલ્લાની સરકારને પહોંચાડી દીધાં છે. એટલે જો કરારનો અમલ થાય તો પણ અફઘાનિસ્તાનની પરિસ્થિતિ થાળે પડતાં બાર મહિના તો લાગશે.

શાંતિથી, પ્રેમથી, સહકારથી સુખમય જીવન જીવતી નાનકડા દેશની પ્રજાને મહાસત્તાઓ પોતાના લશ્કરી સ્વાર્થ માટે કેવી માંહોમાંહે લડાવી મારે છે અને પ્રજાને પાયમાલ અને ખેદાન-મેદાન કરી નાખવા સાથે પરસ્પર કાયમી દુશ્મનાવટનાં બીજ કેટલાં ઊંડા રોપી દે છે તે ફ્રાન્સિયા કે વિયેટનામની જેમ અફઘાનિસ્તાનમાં પણ આપણને જોવા મળે છે.

પાર વગરની લશ્કરી તાકાત ધરાવતી મહાસત્તાઓને ભગવાન સદ્‌બુદ્ધિ આપે અને નિર્દોષ માણસોનો સંહાર અટકે એ જ પ્રાર્થના કરવી રહી!

રમણલાલ ચી. શાહ

સત્સંગ એક સવારનો

(આર્થિક સહયોગ : શ્રી કિશોર લક્ષ્મીચંદ વોરા)

'અપૂર્વ અવસર'

વ્યાખ્યાતા : ડૉ. રમણલાલ ચી. શાહ

ભકિત સંગીત : કુ. ઈન્દુબહેન ધાનક

સ્થળ : ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭.

સમય : રવિવાર, તા. ૮-૫-૧૯૮૮

સવારના ૧૦-૦૦ કલાકે

સૌને પધારવા પ્રેમભર્યું નિમંત્રણ

મંત્રીઓ

મુદ્રણ દોષ

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંક (તા. ૧-૪-'૮૮)માં પૃષ્ઠ-૨ ઉપર નીચે પ્રમાણે છપાયું છે, જેમાં મુદ્રણ દોષ છે :

'ભગવાન મહાવીર પોતે ક્ષત્રિય હતા. તેમના ગણધરો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો અને શુદ્રો પણ હતા.'

આ વાકયો સુધારીને નીચે પ્રમાણે વાંચવા વિનંતી.

'ભગવાન મહાવીર પોતે ક્ષત્રિય હતા. તેમના ગણધરો બ્રાહ્મણ હતા અને એમના શિષ્યોમાં વૈશ્યો અને શુદ્રો પણ હતા.'

મુદ્રણ દોષ માટે ક્ષમા યાચીએ છીએ.

જ્યારે હોમર ઝોલાં ખાતો હતો !

● તનસુખ ભટ્ટ

ગ્રીક મહાકવિ હોમરની કાવ્યરચનામાં કેટલાક વિવેચકોએ ભૂલો જોઇ છે. આ ભૂલો માટે અંગ્રેજીમાં કહેવાય છે કે When Homer was nodding અર્થાત્ જ્યારે હોમર ઝોલાં ખાતો હતો અથવા તો રીંગણાં તોળતો હતો ત્યારે તેણે અરધી ઊંઘમાં લેખન ચાલુ રાખવાથી આવી ભૂલો કરી છે. આવી ભૂલો ભારતીય સાહિત્યમાં પણ જોવા મળે છે. એવા થોડા નમૂના જોઇએ:

સનક, સનત, સનાતન અને સનંદન એ ચાર બ્રહ્માના માનસપુત્રોને એકવાર વિષ્ણુનાં દર્શન કરવાની ઇચ્છા થવાથી તેઓ વૈકુંઠમાં ગયા. દ્વારપાળ જય-વિજય તેમને ઓળખી ન શક્યા અને તેમનો પ્રવેશ અટકાવ્યો, આથી ચાર ઋષિઓએ તેમને શાપ આપ્યો કે 'જાઓ, પૃથ્વી પર અસુર થઇને અવતરો, ત્રણ ભવ પછી તમે વૈકુંઠમાં પાછા ફરશો.'

અહીં પ્રશ્ન એ થાય છે કે આ ઋષિઓ શું પહેલ-વહેલા જ વિષ્ણુનાં દર્શને ગયા હશે જેથી તેમની ઓળખાણ દ્વારપાળોને ન થઇ? અથવા તો એ દ્વારપાળો જ ફરજ પર નવાસવા હશે? વૈકુંઠના દ્વારપાળો પણ દેવકોટિના જ હોય છે, તેમનામાં દેવોને મળેલી બધી ચમત્કારી શક્તિઓ હોય છે, તેઓ અંતર્યામી પણ હોય છે. આવા સિદ્ધ દેવો પવિત્ર ઋષિઓને કેમ ન ઓળખે? વ્યાસને વિશે કહેવાય છે કે આખા જગતનું (અર્થાત્ ભારતનું) સર્વ સાહિત્ય તે વ્યાસનું ઉચ્છિષ્ટ (એઠવાડ) છે. એટલે વ્યાસમુનિ સરસ્વતી કે ગણપતિ સમા વિદ્યાવાન હતા. છતાં આવા વ્યાસનારાયણને લખતી વેળા ઝોલું આવી ગયું હોય એમ જણાય છે. ખરી વાત એ છે કે વ્યાસને શાપ માટે કંઇક નિમિત્ત ખોળવું હતું; પરંતુ ધોધમાર વહેતી પ્રેરણા અને સર્જનાએ તેમને વિચાર કરવા ન દીધો.

બાણભટ્ટની કાદંબરીકથામાં ઋષિકુમાર રાજકન્યાના પ્રેમમાં પડીને મિત્ર દ્વારા પ્રેયસી ઉપર સંદેશો મોકલે છે. આ મિત્ર ઋષિકુમારે નગર જોયું હશે કે કેમ તે વાત શંકાસ્પદ છે. રાજમહેલ તો તેણે સ્વપ્નામાં જ જોયો હશે. નાગરિકોની દૃષ્ટિએ અજડ, ગમાર અને રોંચો ગણાય તેવો વનસંસ્કૃતિનો ચારસદાર સડસડાટ રાજમહેલમાં જાય છે. મુખ્ય દ્વારે કે કન્યાના મહેલના દ્વારે તેને કોઇ ચોકીદાર અટકાવતા નથી. ટપાલીની જેટલી ચોકસાઇથી તેને ખબર છે કે ક્યાં પહોંચવું અને કોના હાથમાં પત્ર મૂકવો. આ કુમાર અજાણ્યો હોવા છતાં ક્યાંય મૂંઝાતો નથી, ફાંફાં મારતો નથી. પત્ર સખીઓના હાથમાં મૂકીને તે પાછો સડસડાટ મહેલની બહાર નીકળે છે ત્યારે પણ કન્યાના મહેલના કે રાજમહેલના દ્વારપાળો તેને રોકતા નથી, તેની પાછળ ઘોડેસવાર બની પીછો પકડતા નથી. આમ બની શકે ખરું? જેને માટે કહેવાય છે કે વાણીએ (વાણીનો હિંદી ઉચ્ચાર બાણી થાય છે) નરદેહ ધારણ કરતાં તે બાણીમાંથી બાણ બની તેવા પ્રતિભાસંપન્ન નવલકથાકારને અહીં ઝોલું આવી ગયું જણાય છે.

સરસ્વતીચંદ્ર મુંબઇ છોડીને વહાણમાં સફરે નીકળ્યો. તોફાનમાં વહાણ એકને બદલે બીજે બંદરે નંખાયું. અજાણ્યા મહેમાન તરીકે તે ત્યાંના નાગર દીવાનને ત્યાં ઠીક ઠીક સમય સુધી રહ્યો. હવે પ્રશ્ન એ થાય છે કે ગુજરાતી પ્રજા પારકામાં પૂરો રસ લે છે. રેલના ડબ્બામાં અજાણ્યા પ્રવાસીઓ એક-બીજાનાં ગામઠામ તો પૂછે છે પણ ધંધોપાણી પૂછ્યા પછી કૌટુંબિક પ્રશ્નોમાં પણ ઊતરે છે. સ્ત્રીઓ હોય તો તો સાસુ-વહુને બને છે કે નહિ તે પણ પૂછી લે છે. નાગરો રહ્યા મુત્સદ્દી કોમ. રેલવેના સ્ટેશને પાણીના નળે પાણી ભરવા ઊતરેલા એક તંત્રીને સલૂનમાં બેઠેલા સર પ્રભાશંકર પટ્ટણીએ બોલાવીને બેસાડ્યા, પૂછપરછ કરી અને અંતે મનુભાઇએ વડોદરાનું દીવાનપદ કેમ છોડ્યું તે પણ અજાણ્યા માણસને પૂછી લીધું. બુદ્ધિધન નાગર હતો, રાજમંત્રી હતો, કુશળ વહીવટકાર હતો. તેણે સરસ્વતીચંદ્રને આશરો આપ્યો. પરંતુ પોતાની જ્ઞાતિના યુવાન વિશે કંઇ પૂછપરછ જ ન કરી? જ્ઞાતિજનો આખી જ્ઞાતિના દરેક કુટુંબના વડીલોને ઓળખતા હોય છે. તેમનાં આશાસ્પદ સંતાનો વિશે પણ માહિતી ધરાવતા હોય છે. તો ગુમ થયેલો એક શ્રીમંત સરસ્વતીચંદ્ર અને આ અજાણ્યો બુદ્ધિમાન યુવાન કદાચ એક જ હોય તેવી શંકા સરખી આ ચતુર, ખબરદાર, દૂરંદેશી દીવાનને ન થઇ? એમ લાગે છે કે સરસ્વતીચંદ્રકારને આ લખતી વેળાએ ઝોલું આવી ગયું હોવું જોઇએ.

રમણભાઇ નીલકંઠના ભદ્રંભદ્ર મોહમયીની મૂલ્યપત્રિકા માગતી વખતે ટિકિટબારીમાં આખું માથું નાખી દે છે. અંદર બેઠેલો પારસી સોરાબજી તેના નાક ઉપર મુક્કો મારે છે. ઝડપથી માથું બહાર કાઢતાં તેઓ નાક ચંચવાળે છે અને અંધારામને કહે છે કે દુષ્ટ યવનનો સ્પર્શ થયો. હવે સ્નાન કરવું જોઇશે.

ભારતની આમજનતા માટેના ત્રીજા વર્ગની (હવે બીજા વર્ગની) ટિકિટબારી એટલી તો સાંકડી હોય છે કે તેમાં બે માણસોની મૂઠી જઇ શકે, ત્રીજાની મૂઠી કદાચ જાય, નવજાત શિશુનું મસ્તક તેમાં જઇ શકે, પરંતુ જ્ઞાનમંદિર, કુમારમંદિર કે વિનયમંદિરમાં ભણતા છોકરાનું માથું તેમાં કદી પણ ન પ્રવેશી શકે; છતાં પાઘડીધારી ભદ્રંભદ્રનું માથું ટિકિટબારીને ભેદીને અંદર કેમ ગયું હશે? રમણભાઇ નીલકંઠે કદી જાતે જઇને ત્રીજા વર્ગની ટિકિટ લીધી જણાતી નથી. અહીં રમણ-ભાઇને એક ઝોલું આવી ગયું જણાય છે.

રમણલાલ વ. દેસાઇની એક નવલકથાનો નાયક આગ લાગી ત્યારે એક તરુણીને તેમાંથી બચાવે છે. તે વ્યાયામવીર હતો એટલે પદ્માસન વાળીને તરુણીને પલાંઠી પર બેસાડે છે તથા બે હાથે દોરડું પકડીને ઊંચે ચડી જાય છે. પર્વતારોહણની તાલીમમાં દોરડું પકડીને ચડવાનું આવે છે. તે કામ બહુ કઠણ છે. બાહુબળ પુષ્કળ હોય તે જ દોરડે ઉપર ચડી શકે. માણસ એકલો હોય તો લટકીને કે પદ્માસન વાળીને દોરડે ચડી ઉપર જાય તેમાં નવાઇ નથી. પણ પલાંઠી પર બેસાડેલી તરુણીનો બોજો લઇને ચડી શકાય ખરું? તરુણી જો ત્યારે બેભાન હોય તો બોળામાંથી છટકી ન પડે? બચાવનાર

[પૃષ્ઠ ૫ ઉપર]

વ્યાસોચ્છિષ્ટમ્ જગત્ સર્વમ્

● ચંદુલાલ સેલારકા

એક રવિવારની સાંજે, ટી. વી. પર દર્શાવાઈ રહેલી હિન્દી ફિલ્મ અમે જોઈ રહ્યાં હતાં. ફિલ્મનું નામ યાદ નથી રહ્યું. ફિલ્મ બહુ પ્રસિદ્ધિ પામેલી પણ નહોતી. છુટ્ટા થઈ ગયેલાં પતિ પત્નીની વાત હતી. તેમની, હવે ઉંમરલાયક થઈ રહેલી પુત્રી, જે માતા સાથે રહેતી હતી, તેને પિતાને મળવાની ઝંખના થાય છે. અને માતાની ઇચ્છા વિરુદ્ધ અને તેનાથી છૂપી છૂપી તે પિતાને શોધવા નીકળે છે. આવી કંઈક વાત આગળ ચાલી રહી હતી. વિષય તરીકે મને રસ પડયો હતો. કલાકારો નવા હતા છતાં વિષયનો વિકાસ કેમ થાય છે તેનું કુતૂહલ હતું તેથી ટી. વી. સામે બેસી રહ્યો હતો.

વચ્ચે, 'બાતમ્યા'–મરાઠી સમાચારનો સમય આવ્યો ત્યારે ટેલિફોનની ઘંટડી રણકી. મેં રિસીવર ઉપાડયું અને 'હલ્લો' કહ્યું.

'મારું નામ જયંતીલાલ...ચંદુભાઈ, તમે અત્યારે ટી. વી. પર દેખાડાઇ રહેલી ફિલ્મ જુઓ છો?' સામે છેડેથી પ્રશ્ન થયો.

'હા.' મેં કહ્યું.

'મેં ફિલ્મનો પ્રારંભ નથી જોયો, ટી. વી. ચાલુ કરવામાં મોડા પડયા તેથી તેના–ફિલ્મની વાર્તા–લેખકનું નામ જાણી શકયો નથી. પણ આ ફિલ્મ તમારી નવલકથા–'આપણી વચ્ચે દરિયા' ઉપરથી તમે લખી છે?'

'ના, ના. આ ફિલ્મના લેખક કોઇ અન્ય જ છે. મેં તેની વાર્તા નથી લખી.' મેં આશ્ચર્યથી કહ્યું.

'પણ આ ફિલ્મની વાર્તા તમારી નવલકથા ઉપરથી જ લીધી હોય તેવું અમને લાગે છે. કદાચ તમારી સંમતિ વગર, જાણ વગર તેઓએ 'પ્લોટ'ની ઉઠાંતરી કે અનુકરણ કર્યું હોય!' શ્રી જયંતીલાલભાઇએ મારા પ્રત્યેની સદ્‌ભાવનાને કારણે કહ્યું.

મેં કહ્યું: 'આ ફિલ્મની કથાનાં મુખ્ય પાત્રોનો 'બેઝ'–બાંધણી કદાચ મારી નવલકથાનાં પાત્રોને આધારે કરી હોય. તોપણ તેના પ્રસંગો અને કથાવિકાસ જુદી રીતે થાય છે અને હજુ તેનો અંત પણ જોવાનો બાકી છે તેથી તમણે મારી નવલકથા પરથી આ ફિલ્મકથા લખી હોય તેમ માની ન શકાય. તમારા સદ્‌ભાવ બદલ આભારી છું. તમે મારી નવલકથા યાદ રાખીને મારું ધ્યાન દોરવા ફોન કર્યો તે પણ તમારી સજ્જનતા અને સજ્જનતા છે.'

*

સાહિત્યસર્જનનું ક્ષેત્ર હવે અત્યંત વિસ્તૃત બની ગયું છે. જ્યાં સુધી સાહિત્યકૃતિઓ છપાયેલા શબ્દોમાં સીમિત હતી ત્યાં સુધી તે નિશ્ચિત અને મર્યાદિત વાચકવર્ગ સુધી પહોંચતી. હવે તે સાહિત્યકૃતિઓ ફિલ્મને પડદે રેડિયોની 'વાણી' ઉપર અને ટી. વી.ના બોક્ષમાંથી ઉભરાઈ રહી છે. સેંકડો નહિ પણ હજારો કવિ–લેખકો સાહિત્ય–સર્જન કરી રહ્યા છે. પુરસ્કારપે કે દૈનિક સાપ્તાહિક સામયિકોમાં પણ અદ્યતન કૃતિઓ પ્રગટ થઈ રહી છે, અનેક ભાષાઓમાં કામ થઈ રહ્યું છે, દેશનાં વિવિધ-ભાષી રાજ્યોમાં અને પરદેશોમાં અસંખ્ય ભાષાઓમાં. આમાં અકસ્માતરૂપે કયાંક, કયારેક, બે કૃતિઓ વચ્ચે ઘણું મોટું સામ્ય જોવામાં આવે તો 'અપહરણ'નો કે 'અનુકરણ'નો આક્ષેપ કરી દેવો તે કેટલે અંશે વાજબી ગણાશે? નિષ્ઠાપૂર્વક સાહિત્ય-સાધના કરતા સર્જકોને તેથી અન્યાય થવાનો સંભવ નથી?

ટી. વી. ઉપર કેટલાક મહિના પહેલાં, એક ગુજરાતી લેખકની વાર્તા પરથી 'એપીસોડ' – ટી. વી. રૂપાંતર-આવેલું. તેમાં, ત્યારે સામા માણસના મનની વાત સંભળાય–સમજાય તેવો 'જાદુઈ અનુભવ' થતો. એ 'જાદુઈ ચશ્માં' હતાં. સામા માણસના, બજારમાંથી જૂના ચશ્માં ખરીદનાર વ્યકિતને એ ચશ્માં પહેરે સાથે વસતા સ્વજનના મનની ગોપિત વાતો આપણે સાંભળતા નથી, જાણતા નથી ત્યાં સુધી જ સારું છે, ત્યાં સુધી જ જીવનમાં અને જગતમાં શાંતિ છે. નહિ તો ભડકો થઈ ઊઠે તેવો આ સંસાર અને માણસનાં મન છે, એવી વાત હતી તે જોતાં મને વર્ષો પહેલાં પ્રસિદ્ધ હાસ્યલેખક અને નાટયલેખક શ્રી તારક મહેતાએ લખેલ અને અમારી નાટય સંસ્થા 'રંગમંચ' (ઘાટકોપર) એ ભજવેલું નાટક-'દુનિયાને ઊંધા ચશ્મા' યાદ આવી ગયું. તેમાં પણ આ જ વિષય અથવા 'ટેકનિક' લીધી છે. ઘરનો જૂનો રસોઇયો જૂના સામાન-વાળાને ત્યાંથી જૂના ચશ્મા લાવે છે અને એ જ્યારે પહેરે છે ત્યારે તેને બીજા બધાનાં મનમાં ચાલતી વાતો જાણવા મળે છે. એ નાટકને તે વખતના મહારાષ્ટ્ર-રાજ્ય નાટયોત્સવમાં પ્રથમ પારિતોષિક પણ મળેલું. હવે આને શું કહેવું?

ટી. વી. પર પોતાની વાર્તા આપનાર એ ગુજરાતી લેખકે શ્રી તારકભાઇનું નાટક કદાચ જોયું પણ નહિ હોય, વાંચ્યું પણ નહિ હોય. એ એમનો સ્વતંત્ર તુકકો–કલ્પના, 'ટેકનિક' જે કહો તે હોય. પણ એક બીજી શકયતા છે.

વર્ષો પહેલાં જ્યારે શ્રી તારકભાઇના એ નાટકને રજૂ કરવામાં આવ્યું ત્યારે કોઈ નાટયવિવેચકે એવો આક્ષેપ કરેલો કે એ કોઇ–પાશ્ચાત્ય–નાટકનું 'અનુકરણ' કે 'અપહરણ' છે. (અન્ડર ધ આલ્મસ્ટ્રી) કે એવું કંઈ અંગ્રેજી નાટકનું નામ પણ તેમણે એટલે કે વિવેચકે જણાવેલું. તેની કંઇ ટેકનિક શ્રી તારકભાઇએ ઉપાડી છે તેવો આક્ષેપ હતો. આપણે અત્રે તેની ચર્ચામાં નથી ઊતરતા. મારે એટલું કહેવું છે કે કદાચ એ અંગ્રેજ કે અમેરિકન લેખકના મનમાં નાટકની જેવી તરકીબ કે વિષય સૂઝયો તેવો શ્રી તારક-ભાઇના મનમાં કેમ ન ઊગ્યો હોય? અને ધારો કે માત્ર એક વિચાર માત્ર લીધો–તો તેને ઉઠાંતરી ગણવી? અને લેખક પર ટીકા–નિંદાની ઝડીઓ વરસાવવી? એ અનુસર્જન કહેવાતું હોય તો લેખકને એ વિચાર ઉપર કેટલું બધું કાર્ય પોતાની રીતે કરવું પડયું હોય? અને એ અંગ્રેજી નાટકનો વિચાર ત્યાર પછી બીજા લેખકે ઉપયોગમાં લીધો હોય અને ટી. વી. પર પેલું રૂપાંતર રજૂ થયું હોય! તે શકય છે!

થોડા વખત પહેલાં, એક જૈન મુનિશ્રીએ, એમના એક લેખની ગુજરાતીના એક પ્રસિદ્ધ સાહિત્યકારે ઉઠાંતરી કરી

હતી તેની વાત મને કરી હતી. જૈનમુનિશ્રીનો એ લેખ લગભગ સર્વાંશે પોતાના નામે છપાવનાર એ વ્યક્તિ પાસે, એ લેખ પ્રગટ કરનાર દૈનિકના તંત્રીએ ખુલાસો માગ્યો. તેમાં એ વાત કબૂલ પણ કરાઈ, અને તે સાહિત્યકારનાં દ્વાર ઘણું ખરું તે દૈનિકની કટારો માટે બંધ થયાં. જૈનમુનિશ્રીએ ગમ્મતમાં છતાં હકીકતમાં–કહ્યું હતું:

'જ્યારે એમને પૂછ્યું કે તમે મુનિશ્રીના લેખની કેમ આમ ચોરી કરી?'

ત્યારે તે સાહિત્યકારે જણાવ્યું હોવાનું કહેવાય છે કે :

'મને શું ખબર કે મુનિશ્રી મુંબઈમાં હશે?'

જોકે, આ સાહિત્યકારે આવું કેમ કર્યું હશે તે મને સમજાતું નથી!

*

સ્વ. મુનશી કે સ્વ. ખબરદારના કેટલાક સાહિત્ય-સર્જનના અંશોની 'ચોરી' પકડવાથી સર્જકોને નુકસાન થયું નથી. એ 'ચોરી' ગણી જ નહિ હોય સર્જકસર્જક ચિત્તમાં ક્ષણે ક્ષણે આસપાસના જગતમાં બનતી ઘટનાઓની, ચાલના વાર્તાલાપોની, વંચાતાં-પુસ્તકો-સામયિકોની છાપ પડતી જ રહેતી હોય છે. ચિત્તના નીચેના સ્તરોમાંથી, અજાગૃત મનનાં પડોમાંથી કયારે કઈ વાત તેના સર્જાતા સાહિત્યમાં એકરસ થઈને, રૂપાંતરિત થઈને વણાઈ જાય છે તેનું સર્જકને ધ્યાન પણ નથી રહેતું. વળી માનવહૃદય, સંવેદના અને સૂક્ષ્મ બુદ્ધિતંત્ર એ કેટલા ઊંડાણે, એવા એવા સ્તરે, એટલી વૈવધ્યભરી લીલાઓથી કામ કરતું હોય છે કે બે સર્જકોને એકસરખા વિચારો કે વિષયો સૂઝે એ અસંભવિત નથી.

કોઈ પ્રસિદ્ધ-પ્રતિષ્ઠિત સાહિત્યકાર એકાદ કૃતિની 'ચોરી' કરી પોતાની પ્રતિષ્ઠા અને ચારિત્ર્ય હોડમાં મૂકે એ હું માની શકતો નથી. લાખો રૂપિયા કમાતો વ્યાપારી બીજાના સો-બસો રૂપિયાની 'ચોરી' કરે તેવી આ વાત છે. સામાન્ય રીતે આમ ન જ બને. છતાં માનવમનની ગહરાઈઓ, સંકુલતા અને વિચિત્રતા એવી છે કે કરોડપતિ પણ કયારેક અલ્પ કિંમતની વસ્તુથી આકર્ષાઈ તેને ખિસ્સામાં મૂકવા લલચાય તેવી માનસિક ગ્રંથિ કે વૃત્તિ ધરાવતો હોય, તેવા કિસ્સા પણ ઇતિહાસમાં નોંધાયેલા છે. જોકે ત્યાં પણ, એ કિસ્સાઓમાં પણ સિક્કાની બીજી બાજુ આપણે જાણતા નથી હોતા. અને એવા કિસ્સા અપવાદરૂપ અને દયાને પાત્ર હોય છે, ટીકાને કે આક્ષેપને નહિ.

આ લેખ સાહિત્યિક-તફડંચીના બચાવમાં નથી લખ્યો. પરંતુ સર્જકચિત્તનું અલ્પમતિદર્શન કરાવીને, સર્જકને ન્યાય આપવાના હેતુથી આ લખવાનું સાહસ કર્યું છે.

સ્વ. ચુનીલાલ મડિયા કહેતા કે સમસ્ત જગતની સાહિત્યિક કૃતિઓ-મહદંશે વાર્તાઓ, બાર કે ચૌદ પ્રકારના પ્લોટ પર જ આધારિત હોય છે. અસંખ્ય કથાઓનાં કથાનકોના મૂળમાં આ બાર-પંદર 'પ્લોટની ફોર્મ્યુલા' જ હોય છે. જો આમ હોય તો બે કૃતિઓમાં આકસ્મિક સામ્યની કેટલી બધી શકયતા રહે છે?

અને કોઈ ઋષિએ તો કહ્યું જ છે ને કે–

'व्यासोच्छिष्टम् जगत् सर्वम्।'

ભગવાન બાદરાયણે, વેદવ્યાસે મહાભારત-ભાગવત રચ્યા પછી જગતમાં કંઈ લખવા જેવું બાકી રહ્યું જ નથી, જે કંઈ લખાયું તે વ્યાસના અનુકરણમાં જ-તેમના 'ઉચ્છિષ્ટ સ્વરૂપે' જ લેખવું!

જ્યારે હોમર ઝોલાં ખાતો હતો!

[પૃષ્ઠ ૩ થી ચાલુ]

દોરવું પકડે કે બેભાન સુંદરીને સાચવે? રમણલાલ દેસાઈને આ લખતી વેળાએ ઝોલું આવ્યું હશે એવું અનુમાન થાય છે.

'ધૂમકેતુ'ની એક નવલિકામાં સૃષ્ટિ પર ઓગણપચાસ દિવસ સુધી મેઘતાંડવનો ઉત્પાત ચાલે છે. આખી સૃષ્ટિ ડૂબી ગઈ. રહ્યાં માત્ર બે જણાં-એક યુવાન અને એક યુવતી, પરંતુ બંને સામસામી ટેકરી પર હતાં. વચ્ચે પ્રલયનું પૂર વહેતું હતું. વાર્તાના આરંભે 'ધૂમકેતુ' લખે છે કે તેઓ એક-બીજાની ભાષા જાણતાં ન હતાં, વાર્તા વધે છે તેમ બંનેમાં વાતચીત શરૂ થાય છે. વાતચીત થાય તે તો ઠીક પણ પ્રેમની ફિલસૂફીમાં પણ પેલી તરુણી ઊતરી પડે છે. જો પરસ્પરની ભાષાથી તે યુગલ અજાણ હતું તો વાતચીત થઈ કઈ રીતે? ઇશારાથી? તેમ હોય તો પ્રેમની ફિલસૂફીનું પીંજણ કઈ ભાષામાં થયું હશે? અહીં 'ધૂમકેતુ'ને ઝોલું આવેલું સ્પષ્ટ દીસે છે.

મહાકવિ નાનાલાલ ઇન્દુકુમારના આખા પ્રથમ એક અંકના સ્થળ તરીકે હિમાલયને વર્ણવે છે. પછી અંદર એક પ્રવેશમાં સમુદ્રતટ આવે છે. હિમાલયમાં સમુદ્ર ધૂસી ગયો કયાંથી? ધરતીકંપ થયો હશે ખરો? એમ લાગે છે કે મહાકવિ નાનાલાલ રીગણાં તોળતા હતા.

સાભાર સ્વીકાર

[] **કોઈના મનમાં ચોર વસે.** લે. નેમચંદ ગાલા * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ ૧૭૮ * મૂલ્ય રૂ. ૨૪/- પ્રકા. લોકપ્રિય પ્રકાશન ૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ [] **જીવન સુખી કેમ બને?** લે. પં. પૂર્ણાનંદવિજયજી * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૫૪ * મૂલ્ય અમૂલ્ય * પ્રકા. શ્રી વિદ્યા-વિજય સ્મારક ગ્રંથમાળા C/o શ્રી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ મુ. **સાઠંબા** (સાબરકાંઠા) [] **તારા જીવનને અજવાળ** લે. શ્રી કેવલ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૭૨ [] **રેડ સિગ્નલ** લે. એ. એ. શાહ * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૪૧ [] **નારી તું નારાયણી** લે. મફતલાલ સંઘવી * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૩૨. છેલ્લાં ત્રણ પુસ્તકના પ્રકાશક : સર્વકલ્યાણકાર સમિતિ, આરાધનાધામ, મુ. વડાલીયા સિંહણ (જિ. જામનગર) **પ્રેરણા** (કાવ્યસંગ્રહ) લે. અરુણ દેસાઈ * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૬૦ પ્રકા. પ્રતાપ દેસાઈ, ૩૯, રૂંગટા પાર્ક, ટાગોર રોડ, સાન્તાક્રૂઝ (પશ્ચિમ), મુંબઈ-૫૪.

ઉપાધ્યાય યશોવિજયજી કૃત વૈરાગ્યકલ્પલતા

● ડા. પ્રહલાદ ગ. પટેલ

ઉપાધ્યાય યશોવિજયજીકૃત કૃતિ યુગલ 'વૈરાગ્યરતિ' અને 'વૈરાગ્યકલ્પલતા' પરવર્તી જૈન સંસ્કૃત સાહિત્યમાં અનેક રીતે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. સ્વરૂપ-પ્રકારની દૃષ્ટિએ વિચારતાં આ કૃતિઓ રૂપકાત્મક કથાસાર મહાકાવ્યની અનેક લાક્ષણિકતાઓ ધરાવે છે.

વૈરાગ્યરતિ ખંડિત કૃતિ છે અને વૈરાગ્યકલ્પલતા પૂર્ણ કૃતિ છે; વાસ્તવમાં તો નામભેદે ભિન્ન લાગતી આ એક જ કૃતિ છે, તેથી અહીં વૈરાગ્યકલ્પલતામાં વૈરાગ્યરતિ અભિપ્રેત સમજવી.

આ રૂપકાત્મક કૃતિ હોવાથી જૈન સંસ્કૃત સાહિત્યમાં તેનું સ્થાન વિચારતા પહેલાં રૂપક સાહિત્યના ઉગમ-વિકાસ તરફ દૃષ્ટિપાત કરવાનો ઉપક્રમ છે.

જૈન સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યમાં રૂપકનાં આદ્યબિંદુઓ આગમગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે, અને એ જ રૂપકો ઉત્તરકાલીન કથાઓના મૂળસ્રોત સમાન છે. પરંતુ આ આગમિક રૂપકાત્મક યા પ્રતીકાત્મક દૃષ્ટાંતોમાં કથાદેહ માંસલ નથી, છતાંયે પરવર્તી જૈન કથાસાહિત્યમાં રૂપકાત્મક સાહિત્યનાં બી અહીં પડ્યાં છે.

'સૂત્રકૃતાંગ'નું પુંડરીક અધ્યયન કે 'જ્ઞાતા ધર્મકથા'નું ધનશેઠ અને પુત્રવધૂઓનું દૃષ્ટાંત આકાર યા કથાવસ્તુની દૃષ્ટિએ પુષ્ટ નથી છતાં જૈન સાહિત્યનાં ઉપનયયુક્ત રૂપકોનાં કથાત્મક વર્ણનોની ઉગમભૂમિ છે. આને પગલે જ સંઘદાસ ગણી કૃત પ્રાકૃત કથા 'વસુદેવહિંડી'નું (છઠ્ઠી સદી) મધુબિંદુ દૃષ્ટાંત. હરિભદ્રાચાર્યકૃત 'સમરાઇચ્ચકહા' (૮મી સદી)નું ભવાટવિ દૃષ્ટાંત કે ઉદ્યોતનસૂરિ કૃત 'કુવલયમાલા' શક સં. ૭૦૦)નું કુડંગ દ્વીપ દૃષ્ટાંત ઉપનયો સાથે સજ્જ થયાં.

ભારતીય સાહિત્યમાં રૂપકનું ખેડાણ જૈન સાહિત્યમાં સવિશેષ થયું છે, અને તે પણ બે સ્વરૂપે. (૧) દૃષ્ટાંત રૂપકો તરીકે (૨) સંપૂર્ણ રૂપકો તરીકે. આ બીજા પ્રકારમાં અમૂર્ત ભાવોને મૂર્ત કરીને તેમનામાં માનવીય ભાવોનું આરોપણ કરીને વિકસાવેલી એક વિશિષ્ટ પદ્ધતિ છે.

આ પદ્ધતિનું સૌ પ્રથમ મંડાણ કરનાર છે ઉદ્યોતનસૂરિ. 'કુવલયમાલા'માં તેમણે ક્રોધ, માન, લોભ, માયા વગેરે અમૂર્ત ભાવોનું માનવીકરણ કર્યું છે, અને ત્યાર પછી પરવર્તી જૈન સાહિત્યમાં આનો વિશાળ રાજમાર્ગ શરૂ થયો.

આ રૂપક સાહિત્યને તેની ચરમ સીમાએ પહોંચાડવાનો યશ 'ઉપમિતિભવપ્રપંચાકથા' દ્વારા સિદ્ધર્ષિ ગણીને ફાળે જાય છે. તો એ જ વિરાટ કૃતિને સંક્ષિપ્ત કરી, કથાસાર મહાકાવ્ય જેવા નવતર સ્વરૂપે મૂકવાનું માન 'વૈરાગ્યકલ્પલતા' દ્વારા ઉપા. યશોવિજયજીને ફાળે જાય છે.

સિદ્ધર્ષિ ગણી કૃત ઉપમિતિભવપ્રપંચાકથાને ડો. યાકોબીએ ભારતીય સાહિત્યની The first Allegorical work –પ્રથમ રૂપક કૃતિ કહી છે તો યશોવિજય કૃત વૈરાગ્યકલ્પલતા ભારતીય સાહિત્યમાં સર્વોત્તમ સંસ્કૃત કથાસાર મહાકાવ્ય છે.

વૈરાગ્યકલ્પલતાનું કથાવસ્તુ, પાત્રો, પ્રસંગો, આંતરિક ભાવનાઓ, સિદ્ધાંત પ્રદર્શન, વર્ણન પરંપરા, કથયિતવ્ય—આ બધું જ ઉપમિતિ. અનુસાર જ છે. છતાં વૈરાગ્યકલ્પલતામાં યશોવિજયજીએ પોતાની અસાધારણ વિદ્વત્તા પ્રકટ કરવા કેટલાંક નવસર્જનો-પરિવર્તનો કરીને મૌલિકતા રજૂ કરી છે, તોપણ કહેવું જોઇએ કે તેઓ મૂલ કૃતિની પ્રભાવક અસરમાંથી મુકત થઇ શક્યા નથી. મોતીચંદ કાપડિયાએ યોગ્ય જ કહ્યું છે કે:– યશોવિજયજીના ગ્રંથયુગલમાં ઉપમિતિ.નો ટૂંકો સાર જાણે કે સિદ્ધર્ષિએ જ લખ્યો હોય તેવી પદ્યરચના છે.

આમ છતાં યશોવિજયજીની અસાધારણ વિદ્વત્તા, મૌલિક સર્જન-શકિત અને વિશેષ તો જૈનશાસનની સર્વોત્તમતાદર્શક રજૂઆત-શકિતનાં દર્શન થાય છે. તેથી સૂક્ષ્મતાથી જોનારને સંક્ષેપમાં નવસર્જનના અંશો અવશ્ય જણાશે. તેમનું નવસર્જન આ રીતે જોઇ શકાય :–

વૈરાગ્ય કલ્પલતાનો પ્રથમ સ્તબક યશોવિજયજીનું મૌલિક સર્જન છે. આ આખ્યેય સ્તબક તેમની પરિણત પ્રજ્ઞા અને અધ્યાત્મ તરફના અનુરાગનું સુફળ છે. વૈરાગ્યકલ્પલતાનો આ પ્રસ્તાવરૂપ સ્તબક નવસર્જન હોવાથી ઉપમિતિ. માં આઠ પ્રસ્તાવ છે જ્યારે વૈરાગ્યકલ્પલતામાં નવ સ્તબક છે.

ઉપમિતિ.ના પ્રથમ પ્રસ્તાવ અને વૈરાગ્યકલ્પલતાના પ્રથમ સ્તબકમાં એક વૈષમ્ય નોંધપાત્ર છે.–સિદ્ધર્ષિએ રૂપકાત્મક શૈલીની અપૂર્વતા છતાં તેની શાસ્ત્ર-સંમિતિ પ્રસ્થાપિત કરતાં सत्कल्पितोपमानं तत्सिद्धान्तेऽप्युपलभ्यते (ઉપ. પ્ર. ૧–૮૯) કહીને ઉપનયયુક્ત પીઠબંધમાં આત્મલઘુતાનું નિવેદન કર્યું છે, જ્યારે યશોવિજયજીએ પ્રથમ સ્તબકમાં સત્તરમી સદીના જૈન શાસનમાં તેમણે નિહાળેલી વિકૃતિઓ ઉપર પ્રહારો કર્યા છે.

સિદ્ધર્ષિની આ રૂપકાત્મક અને પ્રસ્થાપિત શૈલીનો લાભ યશોવિજયજીએ પૂર્ણ સ્વરૂપમાં લીધો છે; તેથી તેમણે ઉપમિતિ. જેવી વિશાળ કથાને બે રીતે નવાજીને જૈન સંસ્કૃત-સાહિત્યમાં અંતિમ પ્રતિભાવંત સર્જક તરીકે અક્ષયકીર્તિ પ્રાપ્ત કરી છે. આ બે રીતોમાં એક છે :–સારસક્ષેપ છતાં નવસર્જન કોટિની રૂપકાત્મકતા અને બીજું છે કથાસાર મહાકાવ્યમાં સ્વરૂપ રૂપાંતર.

અલંકારશાસ્ત્રકથિત મહાકાવ્ય વિષયક લક્ષણોની સુસંગતતા યા વિસંવાદિતાનો વિચાર કર્યા વગર, કોઇ નિશ્ચિત ધ્યેય યા આગવા દૃષ્ટિબિંદુની પૂર્તિ માટે જૈનસર્જકોએ પ્રાકૃત-સંસ્કૃત મહાકાવ્યો કથાઓને આધારે કથાસાર મહાકાવ્યનાં સર્જન કર્યાં છે; અને તે પરંપરા વિમલપ્રભસૂરિકૃત 'પઉમચરિય'થી શરૂ કરીને છેક સત્તરમી સદીના યશોવિજયજી કૃત વૈરાગ્યકલ્પલતા સુધી વિસ્તરી.

જોકે આ પ્રકારની પ્રવૃત્તિનાં મૂળ ઘણાં પ્રાચીન છે. ગોડાભિનંદે કાદંબરીનો સારસંક્ષેપ કર્યો છે. આ ઉપરાંત પ્રદ્યુમ્નસૂરિકૃતિ 'સમરાદિત્યસંક્ષેપ' અને ધનપાલની 'તિલકમંજરી'ના ચારેક સારસંક્ષેપો જાણીતા છે. ઉપમિતિ.ના સારસંક્ષેપો પણ નોંધપાત્ર છે, જેમ કે :—

વર્ધમાનસૂરિ કૃત 'ઉપમિતિભવપ્રપંચાકથાનામ–

સમુચ્ચય,' હંસ ગણી કૃત 'ઉપમિતિભવપ્રપંચાકથા સારોદ્ધાર', દેવસૂરિ કૃત 'ઉપમિતિપ્રપંચોદ્ધાર' આ ઉપરાંત હેમચંદ્રાચાર્ય કૃત 'ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર'નાં સંક્ષેપો સુવિદિત છે.

આવી કથાસારકૃતિઓના સર્જન પાછળ અનેક ઉદ્દેશો કામ કરે છે; જેમ કે 'સમરાદિત્યસંક્ષેપ'માં પ્રદ્યુમ્નસૂરિએ લખ્યું છે કે आत्मनः हेतवे । પરંતુ ખાસ તો જે તે કૃતિની ભવ્યતા, ધાર્મિક સત્ત્વશીલતા, પ્રભાવકતા વધુ પ્રેરક છે.

યશોવિજયજી તો સાક્ષાત કૂર્ચાલી સરસ્વતી હતા, તો તેમણે નવીન કૃતિ રચવાને બદલે સાર-સંક્ષેપ કેમ કર્યો ? એનું ગૂઢ કારણ એ હોઇ શકે કે સમગ્ર જૈન સિદ્ધાંતોને એક કથાના રૂપમાં મૂકવાનો સૌથી મહાન અને સફળ પ્રયત્ન ઉપમિતિ.માં થયો છે અને સર્વ જીવોને શાસન-રસિત કરવાની તેમની નેમ હતી તેથી સર્વ જીવ-પરોપકારાર્થે ઉપમિતિ.નો સારસંક્ષેપ કર્યો હશે.

વૈરાગ્યકલ્પલતા એ ઉપમિતિ.નું સંક્ષિપ્તીકરણ માત્ર નથી; પરંતુ તેમાં મૌલિક નવસર્જન સાથે તેનું સ્વરૂપગત પરિવર્તન કરી જાણે નવી કૃતિનું સર્જન કર્યું હોય તેવું લાગે છે. ઉપમિતિ. કથા કેટલાકને મતે ચંપૂકાવ્ય છે. વૈરાગ્યકલ્પલતા ઉચ્ચ સાહિત્યિક મૂલ્ય ધરાવતું કથાસાર મહાકાવ્ય છે. જોકે સમગ્ર સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કથાસાર મહાકાવ્યનો ઉલ્લેખ સરખો નથી. આ કૃતિ તેના આ સ્વરૂપમાં સર્વોત્તમ કૃતિ છે. આમ વૈરાગ્યકલ્પલતા સમગ્ર ભારતીય સંસ્કૃત સાહિત્યમાં બે રીતે અનોખું સ્થાન ધરાવે છે : (૧) રૂપકકથા તરીકે (૨) કથાસાર મહાકાવ્ય તરીકે.

આમ રૂપકકથાઓએ ભારતના ધાર્મિક તેમજ ઔપદેશિક સાહિત્યમાં ઉત્તુંગ શિખરો સર કર્યાં છે; કારણ કે અલંકારશાસ્ત્રીય બંધનરહિતતાની મોકળાશે તેને વિસ્તરવામાં આડકતરી મદદ કરી છે. પરિણામે જૈન-આગમ સાહિત્યમાંથી વહેતાં આવતાં રૂપકઝરણાં ધીમે ધીમે ઔપદેશિકતાના મહાગિરિ ઉપરથી નીચે ઊતરી સિદ્ધર્ષિ સુધીમાં તો મહાનદ બની જાય છે પછી તેનાં વિશાળ વારિરાશિમાંથી પરવતી રૂપક સાહિત્યની અનેક નહેરો નીકળી. પરંતુ તેમાંથી નિર્મળ, સુરમ્ય સરોવર સર્જ્યું તે યશોવિજયજીની લાક્ષણિક કૃતિ વૈરાગ્યકલ્પલતા. ઉત્તરકાલીન જૈન સાહિત્યમાં ભાગ્યે જ એવો કોઈ રૂપકકાર હશે કે જેની ઉપર ઉપમિતિ.ની અસર ન પડી હોય.

વૈરાગ્યલતાને સાહિત્યિક રીતે મૂલવતાં તેમાં અનેક તત્ત્વોનું સંમિશ્રણ જોવા મળે છે, છતાં તેના આંતરિક સ્વરૂપને જોતાં તે મહાકાવ્યનું સ્વરૂપ ધરાવે છે. ટૂંકમાં કેટલીક જૈન કૃતિઓને કોઇ ચોકકસ કાવ્યસ્વરૂપમાં જોવામાં મુશ્કેલીઓ પડે છે; તેવું આ કૃતિની બાબતમાં થયું છે.

અહીં કૃતિના સ્વરૂપનું શૈથિલ્ય એ દુર્ગુણ નથી પરંતુ વૈશિષ્ટય છે. તે કથાસાર મહાકાવ્ય છે તેથી તેમાં અલંકારશાસ્ત્ર કથિત કેટલાંક મહાકાવ્ય-લક્ષણો અનાયાસે જોઈ શકાય છે. જોકે અલંકારશાસ્ત્રની સુદીર્ઘ પરંપરામાં અનેક આલંકારિકોને હાથે, અનેક પ્રકારના સાહિત્યિક, સાંસ્કૃતિક વાતાવરણ તથા તત્કાલીન અસરો નીચે વ્યાખ્યા ઘડાતી આવી હોવાથી 'સર્વલક્ષણયુકત' મહાકાવ્ય ભાગ્યે જ જોવા મળશે

આમ છતાં કાવ્યશાસ્ત્ર સંમત અનેક મહાકાવ્ય લક્ષણો જેવાં કે : સર્ગબદ્ધતા, છંદયોજના, પ્રારંભ, પુરુષાર્થ નિરૂપણ, સર્ગાન્તે ભાવિ કથનસૂચન, ઋતુવર્ણન, સૂર્યોદય, સૂર્યાસ્ત, ચંદ્રોદય, સંધ્યાવર્ણન, રાત્રિવર્ણન, મંત્રણા, દૂતપ્રેષણ, યુદ્ધવર્ણન, રસ નિરૂપણ - વગેરે કાવ્યશાસ્ત્રીય પ્રણાલિકાનું સભાનતાપૂર્વકનું અનુસરણ સૂચવે છે.

રૂપકકથાઓમાં જેમ ઉપમિતિ. સર્વોત્તમ શિખર છે તેમ સંક્ષિપ્ત કથાસાર-મહાકાવ્યમાં વૈરાગ્યકલ્પલતા સર્વોત્તમ શિખર છે.

યશોવિજયજી જેવા મહાન તાર્કિક, દાર્શનિક, કવિ અને પરમતખંડનપટુએ ઉપમિતિ. જેવી વિરાટકાય કૃતિનો સંક્ષેપ કરીને વૈરાગ્યકલ્પલતા જેવી નવ્ય કૃતિ આપીને માત્ર જૈન સાહિત્યમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃત-સાહિત્યની ઉત્કૃષ્ટ સેવા કરી છે.

અવધૂ ક્યા માગું ગુનહીના

❖ રમાબહેન વિનોદભાઈ મહેતા

હું કોણ ? ક્યાંથી ? તમે વળી કોણ ? આ સર્વ પ્રપંચ શેનો ? પોતામાં અનુભવથી સમજી શકાય એવા આકાશતુલ્ય આનંદ નામના પૂર્ણ તત્ત્વનો પ્રકાશ થાય છે. બાહ્ય અને અંતરથી રહિત સમરસ ઘનના રજો, તમો, સત્ત્વગુણથી રહિત માર્ગમાં વિચરનારને વિધિ શું કે નિષેધ શું ?

આ વિચારને યથાર્થ કવિ આનંદઘનજીનું જીવન હતું. ચિદાનંદમાં મસ્ત રહેતા તેઓ એક અવધૂત યોગી હતા. જેથી જ તેઓ સમાજની અવહેલના, લોકનિંદા અને તિરસ્કારથી અલિપ્ત રહીને જલ કમલવત નિર્લેપ જીવન જીવતા હતા આ ત્યારે જ શકય બને જ્યારે અધ્યાત્મનો રંગ તેમની રગેરગમાં વણાઇ ગયો હોય. તેથી જ આપણે કહી શકીએ કે આનંદઘનજીનો પર્યાય એટલે જ અધ્યાત્મ. અધ્યાત્મભર્યા જીવનનો આનંદ તો ઘનસ્વરૂપ જ ધારણ કરે ને ? આપણો આનંદ તો પ્રવાહી. ઘડીકમાં આમ ઢળે કે ઘડીકમાં તેમ-વહેણ ક્યારે સૂકાઈ જાય તે પણ ખબર ન પડે.

આવા આનંદસ્વરૂપ યોગીનું હૃદય કવિહૃદય હતું. સાથે તેઓને સંગીતના વિષયનું પણ સૂક્ષ્મ જ્ઞાન હતું; જે તેમના દરેક પદનું વિશ્લેષણ કરતાં ખ્યાલ આવે છે. કયાંય યતિભંગ થતો નથી. સરળતાથી તેમનાં પદોનું ગાન થાય છે, અધ્યાત્મભર્યા પદોને પણ સંગીતનો સ્પર્શ થાય તો આપણે પણ તે પદો સુગમતાથી ગાઈ શકીએ જેથી આપણો આત્મા પણ અભિનવ ઉન્નત દશા અનુભવે.

આવા ઉચ્ચ કોટિના આત્માને સમજનારા તેમના જમાનામાં ઘણા ઓછા હતા. જેથી કેટલાક વિષાદભર્યા પ્રસંગો તેમના જીવનમાં બન્યા હોવાનું કહેવાય છે. તેવા પ્રસંગોમાં પણ હતાશ કે નિરાશ ન થતાં તેઓ સમતા ધારણ કરી અધ્યાત્મભર્યા પદ લલકારી ઊઠતા, જે તેમના સમગ્ર વ્યકિતત્વને આપણી સમક્ષ દ્રષ્ટિગોચર કરી દે છે.

એક દંતકથા પ્રમાણે ત્રણ દિવસના ઉપવાસને પારણે સમાજની અણસમજ અને અંધશ્રદ્ધાથી ગોચરી ન મળતાં ક્ષણવાર માટે તેઓ હતાશામાં ઘેરાઇ જાય છે. પરંતુ તરત જ તેમાંથી ઉપર ઊઠીને તેમનું હૃદય ગાઇ ઊઠે છે કે-**'આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે.'** પેટની ભૂખ સંતોષવા માટે બીજાની આશા કરવાની શી જરૂર છે ? તે તો પાછી ત્રણ દિવસ પછી ફરી એમ જ ભટકાવશે. તો તેમાં સમય વ્યતિત

ન કરતાં આત્માની ભૂખ ભાંગવાના પ્રયત્નમાં શા માટે ન જોડાવું ? જે ભૂખ ભાંગતા જ ભવની ભૂખ પણ ભાંગી જશે. તરત જ તેઓ ગુફામાં સાધના માટે બેસી જાય છે.

આવી ઉચ્ચ ભૂમિકાએ રચેલાં તેમનાં સ્તવનો અને પદો સમજવામાં ઘણાં અઘરાં છે. છતાં પણ એ વાંચતાં જ મન આનંદવિભોર બની જાય છે એવા એક સુંદર પદમાં આનંદઘનજી લખે છે:

અવધૂ કયા માગું ગુનહીના, વે ગુન ગનિન પ્રભિના;
ગાય ન જાનું, બજાય ન જાનું, ન જાનું સુરમેવા,
રીઝ ન જાનું, રિઝાય ન જાનું, ન જાનુ પદસેવા.-અવધૂ.

સતત આત્મદશામાં લીન રહેનાં એવા આનંદઘનજી આ પ્રમાણે જ્યારે પદ ગાઈ ઊઠે છે ત્યારે ક્ષણવાર માટે તો થાય કે ક્યાં આપણે અને ક્યાં આનંદઘનજી. 'અધૂરો ઘડો છલકાય' એ કહેવતને આપણે આપણા જીવનમાં યથાર્થ કરી છે. ઘણું ન જાણવા છતાં પણ અલ્પજ્ઞાનને પણ આપણે પૂર્ણ માનીને સંતોષ અનુભવીએ છીએ. કદાચ અહમ્માં અટવાઇએ છીએ. જ્યારે અવધૂત આનંદઘનજીની અતિ નમ્રતાનું દર્શન આ પદમાં આપણે કરી શકીએ છીએ.

આનંદઘનજી પ્રભુને ઉદ્દેશીને કહે છે કે, હે પ્રભુ! હું આપની પાસે શું માગું? ગુણહીન એવો હું અજ્ઞાન, રાગદ્વેષે ભરેલો હોવાથી આપના પરમ ઉત્કૃષ્ટ ધર્મને શી રીતે જાણી શકું? જેમના અનંત આત્મપ્રદેશો નિર્મળ થયા હોય તેવા શુદ્ધાત્મપણું પામેલા કેવળી ભગવંત પણ આપના ગુણોને સમસ્ત પ્રકારે જાણવા સમર્થ છે તોપણ તે કહી શકતા નથી તો મારું તો શું ગજું?

વિભાવથી હું રાગના વશમાં છું, હું દ્વેષી છું. આપ અદ્વેષી છો. આપ નિરીક્ષક અને પૂર્ણ પરમાનંદમય છો અને હું જગતના વિષયોનો જ અભિલાષી છું. આમ હું બહિરાત્મામાં જ રમણ કરી રહ્યો છું. આપની કૃપાથી સહજ અંતરાત્મનો લક્ષ થયો છે. છતાં પણ આપના અનંત અનંત ગુણોને ગાઇ શકવાને અસમર્થ છું. મારી અલ્પજ્ઞતા જાણવા છતાં પણ બક્ષિસ તો હું મોટી માગી રહ્યો છું. સ્વરૂપપદની પ્રાપ્તિની આકાંક્ષા હૃદયમાં સ્થિત થઇ ગઇ છે. પરંતુ મારામાં હજુ કઈ કઇ ખામી છે તે જ હું જાણતો નથી તો મારે માગવું શું?

આપ અવ્યાબાધ સુખમાં વિરાજમાન છો. ત્યાંનાં વાસ્તવિક સુખ અને અહીંનાં માની લીધેલાં સુખમાં શું અંતર છે તેની પણ સ્પષ્ટતા મનમાં નથી. જેથી મને ગડમથલ રહ્યા કરે છે. સદ્‌ગુણો વડે અધિકાર પ્રાપ્ત કર્યા વિના કોઈ વસ્તુની પ્રાપ્તિ થતી નથી સદ્‌ગુણોનો સર્વથા અભાવ હોવા છતાં પણ પરમાત્મપદની મહેચ્છા રાખી રહ્યો છું. પોતાના અજ્ઞાનપણાની જાણ પ્રભુને કરીને પોતે જેવા પામર છે તેમ વર્ણવીને પોતાની લઘુતા છતી કરે છે. જોકે આનંદઘનજી પોતે પોતાનું જીવન સાધનામાં જ વિતાવતા હતા.

પોતાના મનના ભાવોને વ્યકત કરવા કવિ કવિતાદેવીને શરણે પોતાનો અર્ઘ ચડાવે છે. પરંતુ તેઓ કહે છે કે તે રીતે પણ આપના અનંતગુણોને ગાઇને વર્ણવવાની પણ મારી શકિત નથી. કીર્તનકાર થઇને ગુણોનું કીર્તન કરતાં પણ આવડતું નથી. સંગીતના સૂરોના ભેદને જાણતો નથી, લયને જાણતો નથી તો સંગીત દ્વારા પણ તમારાં ગુણગાન કેવી રીતે ગાઇ શકું? સંગીતનું સ્થાન તે જમાનામાં કેટલું બધું અગ્રસ્થાને હશે તે આ પદની પંકિત ઉપરથી ખ્યાલ આવે છે.

આપને રીઝવવાની કોઇ કળા પોતાને આવડતી નથી તેમજ એવા કોઇ હાવભાવ કરીને રીઝવવાની કળા પણ હસ્તગત નથી.

પરમાત્મપદની સેવા માટેના યોગ્ય ગુણો જેવા કે શુદ્ધ હૃદય, શુદ્ધ પ્રેમ તેમજ શુદ્ધ કરણી તેનો પણ મારામાં અભાવ છે તેથી જ મારી આ દશા છે.

કોઇપણ સાધન દ્વારા આપના ગુણોને વર્ણવવા અસમર્થ છું, તો હું કેટલો ગુણહીન છું?

પ્રભુપ્રેમ પ્રાપ્ત કરવા કેવાં કેવા ગુણોની આવશ્યકતા છે તે આ પંકિત ઉપરથી સમજાય છે:

'વેદ ન જાનું, કિતાબ ન જાનું, જાનું ન લચ્છન છંદા;
તરક વાદવિવાદ ન જાનું- ન જાનું કવિકંદા.'

શ્રી વ્યાસજીએ વિભકત કરેલા ચાર વેદને પણ તેઓ જાણતા નથી. આત્મજ્ઞાન જેને વાસ્તવિક રીતે મેળવવું હોય તેણે પરસ્પર નયાપેક્ષી જ્ઞાનને સારી રીતે સમજવું જોઇએ. તે જ્ઞાન બરાબર ન હોય તો એકાંગી શ્રદ્ધા થાય. જેથી આત્મિક જ્ઞાન અપૂર્ણ રહે. વિચારતાં પ્રશ્ન ઊઠે કે શું આવા પરમજ્ઞાની આ બધું નહિ જાણતા હોય? પરંતુ પરમજ્ઞાની હોવાથી જ તેઓ જાણે છે કે કેવળજ્ઞાન આગળ સર્વશ્રુતજ્ઞાન અલ્પ જ છે.

વેદ એટલે સ્વરૂપજ્ઞાન એમ અર્થ લઇએ તો આપના યથાર્થ સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન નથી એમ કહેવાય

મુસલમાનોનું પવિત્ર ધર્મશાસ્ત્ર કુરાને શરીફ છે. તેનું પણ જ્ઞાન નથી. સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા બધાં જ ધર્મશાસ્ત્રોનું અધ્યયન જરૂરી છે. બધાંનાં દ્રષ્ટિબિંદુઓને સમજવાં એ આત્મજ્ઞાનીનું પરમ લક્ષ્ય હોય છે.

'કિતાબ'નો એક અર્થ થાય છે બક્ષિસ.' એવો અર્થ લેતાં કવિ કહે છે કે 'આપની કૃપા કેમ મળે–કેવી રીતે મળે તે પણ હું જાણતો નથી.'

પિંગળનાં લક્ષણો, છંદ વગેરેની પણ જાણકારી ન હોવાથી કવિત્વકળાનો આશરો લઇને પણ કેવી રીતે ગુણોની યાચના કરું? તર્ક – વિતર્ક–વિવાદ વગેરે કંઈ જ જાણતો નથી. યથાશકિત તર્કના નિયમ પ્રમાણે ચર્ચા કરીને શાસ્ત્રાનુભવ સિદ્ધ વસ્તુની સ્થાપના પણ કરી શકતો નથી તેમજ વિપરીત વાદ પણ કરી શકતો નથી.

આપના ગુણોને વર્ણવવા માટે કોઈ પણ સાધનની ઉપલબ્ધિ મારી આગળ નથી. તેથી મારું મન દ્વિધા અનુભવે છે કે આ સાધનો માગું કે સાધ્ય માગું? હે પ્રભુ મને માર્ગ બતાવો.

'જપ ન જાનું, જુવાબ ન જાનું, ન જાનું કવિ બાતા;
ભાવ ન જાનું, ભગતિ ન જાનું, ન સીરા તાતા.'

સ્વરૂપનું સંપૂર્ણપણે જ્ઞાન ન હોવાથી જાપ પણ બરાબર થઈ શકતા નથી. માનસિક સાક્ષાત્કાર વિનાના જાપની કોઇ ફલશ્રુતિ નથી. આપના સ્વરૂપદર્શનની કોઇ ઝાંખી ન થવાથી આપ કેવા છો તે પણ વર્ણવી શકતો નથી. આપને મેળવવાના અનેક માર્ગો મહાપુરુષો બતાવી ગયા છે. જેમાંથી હું એક પણ જાણતો નથી. આપ કેવા શીતળ છો, કેવા ઉષ્ણ છો

તે આપનાં લક્ષણ પણ જાણતો નથી. ભક્તિની રીત પણ જાણતો નથી. તેથી અનેક રીતે ભક્તિ કરવા છતાંપણ આપનું દર્શન મને થયું નથી. મારી ભક્તિ નિષ્ફળ ગઈ છે ઉત્કૃષ્ટ સાધના કરતાં હોવા છતાં પણ જ્યારે આનંદઘનજી આ પ્રમાણે લખે ત્યારે વિચાર આવે કે કેવી ઉત્કૃષ્ટ રીતે પ્રભુ-ભક્તિ કરવી જોઇએ કે જેથી આપણે લક્ષ્યને સાધ્ય બનાવી શકીએ ભવના ફેરા મટી જાય એવી એકાગ્રતાથી ભક્તિ કરવા માટે સદ્‌ગુણોની જ આવશ્યકતા છે.

આત્માનો કર્મતાપ મટાડી દઇ તેને શીતળ કરે એવાં હિતકાર્યો કયાં છે તે પણ તે જાણતા નથી

પંક્તિએ પંક્તિએ પોતે કેવા લઘુ છે અને પ્રભુ કેવા મહાન છે એમ જણાવીને આપણને નમ્રતા-લઘુતા કેળવવાનો કવિ બોધ આપે છે:

'જ્ઞાન ન જાનું, વિજ્ઞાન ન જાનું, ન જાનું ભજનામા.
આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે, રટન કરું ગુણધામા.'

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચે જ્ઞાનના ભેદને હું જાણતો નથી. આ પંચજ્ઞાનનું પરિપૂર્ણ સ્વરૂપ તો કેવળી જ જાણે. આપણે ગમે તેટલું જાણીએ છતાં પણ તે કેવળીના જ્ઞાન આગળ અનંતમા ભાગનું છે. તત્ત્વસંબંધના સૂક્ષ્મ વિજ્ઞાનને પણ તેઓ જાણતા નથી. પ્રભુના ભજનથી સંકલ્પ-વિકલ્પનો નાશ થાય છે. મનના આવેશ શમી જાય છે. મનોવૃત્તિ પરમાત્મ-મય બની જાય છે. આવી ભક્તિ પણ હું જાણતો નથી.

આપના અનંત ગુણોને લક્ષીને આપનાં અનંત નામો છે તે પણ પૂરેપૂરાં જાણતો ન હોવાથી જુદા જુદા નામ – જાપ કરી શકતો નથી.

આમ દરેક રીતે કવિ પોતાનું અજાણપણું જણાવીને પ્રભુની મહત્તા ગાય છે. પ્રભુને પામવાનો માર્ગ કેવો કઠિન છે તે તેઓ જણાવે છે.

પોતે મુંઝઈ ગયા છે. શું માગું, કેવી રીતે માગું–વિચારનો કોઈ પાર જ નથી. તેથી જ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્રરૂપ પ્રભુના મંદિરના દરવાજા પાસે ઊભા રહીને આપના ગુણો ગાતો બેઠો છું, પ્રભુનાં દ્વાર પાસે રટણ કરવાથી જરૂર ગુણપ્રાપ્તિ થશે જે પરમાત્મપદની પ્રાપ્તિ કરાવશે. દૃઢ ભાવનાથી સતત આપના પદની ઇચ્છા કરીશ તો તે અવશ્ય ફળશે જ, જે પ્રાપ્ત કરવા યોગ્ય જ છે એમ કવિ જણાવે છે.

સતત રટણ કરવાથી મન સંસાર તરફ ઉદાસીન બને છે. વિષય-કષાય તરફ મન વિમુખ બને છે જેથી શાંતિનો સાક્ષાત્કાર થાય છે, જે પ્રભુ સાથે અભેદતા આણશે. આવરણો હઠી જશે. આ જ સંદેશ કવિ આનંદઘનજી આ પદ દ્વારા આપે છે. ●

સંઘના ઉપક્રમે બે કાર્યક્રમો

(પૃષ્ઠ ૧૦ થી ચાલુ)

ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સર્વનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે સંઘના સભ્યો પરસ્પર હળેમળે, એકબીજાની વધુ નજીક આવે, પરસ્પર સ્નેહ, ભ્રાતૃભાવ કેળવે એ હેતુથી છેલ્લાં કેટલાંક વર્ષથી સંઘ દ્વારા આ વાર્ષિક સ્નેહ સંમેલન યોજાય છે. તેમાં શ્રીમતી વિદ્યાબહેન મહાસુખલાલ ખંભાતવાલા દ્વારા માતબર રકમનું દાન મળ્યું છે, તેથી વિદ્યાબહેનની ઇચ્છાનુસાર પ્રતિ-વર્ષ મહાવીર જયંતીના પર્વની આસપાસના રવિવારે 'મહાવીર-વંદના' કાર્યક્રમ સાથે આ સ્નેહ સંમેલન યોજવામાં આવે છે. આ પ્રવૃત્તિને વેગ આપવા માટે અમે વિદ્યાબહેનના અત્યંત ઋણી છીએ.

સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે કાર્યક્રમનું સંચાલન અને સ્વાગત કર્યું હતું. એ પછી શ્રી બંસીભાઈ ખંભાતવાલા અને વૃન્દનો 'મહાવીર વંદના' કાર્યક્રમ રજૂ થયો હતો. આ કાર્યક્રમમાં સંઘ દ્વારા ચાલતા ભક્તિ સંગીતના વર્ગની બહેનો, ઉષાબહેન મહેતા, પુષ્પાબહેન પરીખ, રમાબહેન મહેતા, રેખા શાહ, જયશ્રી શાહ, જ્યોત્સના શાહ, કુસુમ શાહ અને વર્ગઅધ્યાપક શ્રી બંસીભાઈ ખંભાતવાલાએ પંડિત વીરવિજયજી, સ્વ. શાંતિલાલ શાહ અને પોતાનાં સ્વરચિત ગીતોની સુંદર રજૂઆત કરી હતી. તબલા પર પ્રા. રમેશ ભોજક, ઢોલક પર ભગવતીભાઇએ, બે-જો પર રહેમાનભાઇએ અને સાઇડ રીધમ પર નટવર ત્રિવેદીએ સરસ સાથ આપી કાર્યક્રમને યશસ્વી અને યાદગાર બનાવ્યો હતો.

સંકલન : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

ફોન : ૩૫૦૨૯૬

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ, મુંબઇ-૪૦૦ ૦૦૪

વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૭મી મે, ૧૯૮૮ના રોજ સાંજના ૫-૦૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે:-

(૧) ગત વર્ષના વૃત્તાંત તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલયના અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા

(૩) સંઘના પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી

(૪) શ્રી મણિલાલ એમ. શાહ સાર્વજનિક વાચનાલયના ટ્રસ્ટી-ઓની મુદત પૂરી થતાં પાંચ ટ્રસ્ટીઓની નિમણૂક કરવા.

(૫) સંઘ તેમજ વાચનાલય – પુસ્તકાલયના ઓડિટર્સની નિમણૂક કરવી.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૨૦-૪-૧૯૮૮ થી તા. ૫ ૫-૧૯૮૮ સુધીના દિવસોમાં બપોરના ૧ થી ૫ સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઇને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

લિ.

નિરુબહેન એસ. શાહ — **કે. પી. શાહ**
શૈલેશ એચ. કોઠારી — **પન્નાલાલ ર. શાહ**
વસુબહેન ભણસાલી — **મંત્રીઓ**
સહમંત્રીઓ

સંઘના ઉપક્રમે બે કાર્યક્રમો

'ગુજરાતી રંગભૂમિના છેલ્લા ચાર દાયકા' – પરિસંવાદ

સંઘ દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષથી જુદા જુદા વિષયો પર પરિસંવાદ યોજવામાં આવે છે તદનુસાર આ વર્ષે 'ગુજરાતી રંગભૂમિના છેલ્લા ચાર દાયકા' એ વિષય પરનો પરિસંવાદ શનિવાર, તા. ૨જી એપ્રિલ, ૧૯૮૮ના રોજ બપોરના ૨-૩૦થી ૭-૩૦ સુધી ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં મુંબઈના નાટ્યાચાર્ય શ્રી ચંદ્રવદન ચી. મહેતાના પ્રમુખસ્થાને યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી મીનળ પટેલના સંસ્કૃત શ્લોક ગાનથી થયો હતો. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે સંસ્થાની રૂપરેખા આપી હતી.

ડૉ. દિનેશ ભટ્ટે પરિસંવાદની ભૂમિકા બાંધતાં ગુજરાતી નાટકના ઉદયથી શરૂ કરી છેલ્લા ચાર દાયકાના મહત્ત્વના વળાંકોનો નિર્દેશ કર્યો હતો.

છેલ્લા બે દાયકાની ગુજરાતી નાટ્ય પ્રવૃત્તિને આવરી લેતો શ્રી પ્રાગજી ડોસાનો લેખ શ્રી વનલતા મહેતાએ વાંચ્યો હતો તેમાં શ્રી પ્રાગજીભાઈએ ગુજરાતી રંગભૂમિના ભવાઈ, પરંપરાગત રંગભૂમિ, આધુનિક રંગભૂમિ અને પારસી રંગભૂમિ એવા વિભાગ પાડી એ દરેક વિભાગનો ટૂંકો ઇતિહાસ અને એ સમયગાળા કે વિભાગનાં નોંધપાત્ર નાટકો–નાટ્યકારોની વિગતો આપી હતી.

શ્રી વિષ્ણુકુમાર વ્યાસે છેલ્લા ચારે દાયકાના અભિનયની દૃષ્ટિએ નાટ્યક્ષેત્રના મહત્ત્વના પ્રવાહોને નોંધપાત્ર બનાવનારા નિર્માતા - દિગ્દર્શકો અને કલાકારોનો પરિચય કરાવતાં જણાવ્યું હતું કે છેલ્લાં ૩૦ વર્ષમાં આપણે ૮૦૦ જેટલાં નાટકો ભજવ્યાં. આમાંનાં ૪૦૦ કાઢી નાખીએ તો પણ ૪૦૦ નાટકો અચૂક સારાં ભજવાયાં. ગુજરાતી રંગભૂમિની આ કંઈ નાનીસૂની સિદ્ધિ નથી.

શ્રી જગદીશ શાહે જણાવ્યું હતું કે ગુજરાતી રંગભૂમિ અન્ય રંગભૂમિઓ કરતાં ઊતરતી છે એવી લઘુતાગ્રંથિ છોડીને, એણે સાધેલી પ્રગતિને વધાવવાનો સમય હવે આવી ચૂક્યો છે. આ પ્રગતિની ધારેલી ગતિ તો જ વધારી શકાય જો આપણે અંદર અંદર પગ ખેંચવાની વૃત્તિ છોડી દઈ ગુજરાતી કલાકારોનું સારું કામ બિરદાવીએ.

શ્રી માર્કંડ ભટ્ટે જણાવ્યું હતું કે નાટક લોહીમાં ન હોય ત્યાં સુધી એને સન્માની શકાતું નથી. આપણે તો ખાલી નાટકની મજાક જ કરી શકીએ છીએ. આપણી પ્રજા કલાકારનું જેટલું ગૌરવ કરવું જોઈએ તેટલું કરતાં શીખી નથી.

શ્રી બકુલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે મુંબઈની રંગભૂમિ પ્રગલ્ભા બની ચૂકી છે, જ્યારે ગુજરાતની રંગભૂમિ ચિર-યૌવના છે. મુંબઈ ગુજરાતી રંગભૂમિનું ખોડવે છે તો અમદાવાદ 'ઓફ ઓફ ઓફ ખોડવે' છે.

શ્રી પ્રબોધ જોષીએ જણાવ્યું હતું કે ગુજરાતી રંગભૂમિ એક અપેક્ષાએ જગતની શ્રેષ્ઠ રંગભૂમિ છે. ઉદાહરણ તરીકે ૩૦ મી માર્ચ, ૧૯૬૮ ના દિવસે ચં. ચી. મહેતા આંતરરાષ્ટ્રીય નાટ્યસ્પર્ધાના નિર્ણાયકો માટેની સ્પર્ધામાં 'બ્રેઇલિ'ની રજૂઆત દ્વારા જગતનું પ્રથમ ઇનામ જીતી લાવે તે એને અનુસરનારા એટલા ઉત્તમ ક્રમ ન હોય?

શ્રી કાંતિ મડિયાએ જણાવ્યું હતું કે ગુજરાતી રંગભૂમિએ ટેકનિકમાં અસાધારણ પ્રગતિ કરી તેમાં શું ખોટું થયું? જે કંઈ ઠઠારો થાય છે એ નાટકના 'નેચરાલિસ્ટીક' વાતાવરણ માટે થાય છે. આમાં ખોટું શું છે? શું હજી પણ અમે કાગર-ચિતરા પડદા આગળ ઊભા રહી ગળું ફાટી જાય એવી ઘૂમો સાથે સંવાદ બોલીએ તો એ તમને સારું લાગશે?

શ્રી તારક મહેતાએ જણાવ્યું હતું કે નાટક માત્ર બે પ્રકારનાં હોય છે: સારાં અને ખરાબ. 'શાકુંતલ' જેવું નાટક પણ ખરાબ રીતે રજૂ કરી શકાય છે, ને પ્રમાણમાં સામાન્ય નાટકની સારી રજૂઆત કરી શકાય છે.

શ્રીમતી મીનળ પટેલે જણાવ્યું હતું કે અભિનય તથા નેપથ્યમાં પણ શીખેલા કલાકારો-કસબીઓ આવ્યા એથી રંગભૂમિને વધુ લાભ થયો. નાટક કરતાં વધુ અશ્લીલતા એની જાહેરખબરમાં હોય છે, પણ લોકોને યાદ તો સારાં નાટકો જ રહેતાં હોય છે.

શ્રી ઉત્પલ ભાયાણીએ જણાવ્યું હતું કે ગુજરાતી રંગ-ભૂમિમાં દિગ્દર્શન અને અભિનય આપણાં સદ્ધર પાસાં છે. ટેકનિકલ પાસામાં સંનિવેશ ખૂબ સુંદર પણ પ્રકાશમાં હજી ગફલતો થાય ને પાર્શ્વસંગીતમાં ઘણી એકવિધતા છે. હજી આપણાં ૯૦ ટકા નાટકો રૂપાંતર પર જ આધાર રાખે છે.

આ પરિસંવાદના પ્રમુખ નાટ્યમહર્ષિ શ્રી ચંદ્રવદન ચી. મહેતાએ આપણી પોતીકી નાટકશાળા માટેની પોતાની દાયકા જૂની માગણીનો સખેદ પુનરુચ્ચાર કરતાં જણાવ્યું કે જગતમાં ઊંચું ઊંચું કરીને બતાવી શકીએ એવી રજૂઆત-અભિનય આપણે કર્યાં નથી. જુવાનિયાઓ છે, સારું કામ કરે છે, પણ હજી તેમણે ઘણું કરવાનું છે. આજે લક્ષ્મી છાકે ચડી છે અને આપણો અભ્યાસ કાચો છે. જે જૂનું છે એને આપણે સાચવી શકયા નથી, તો નવી નાટકશાળા ઊભી કરવાની વાત જ ક્યાં?

કાર્યક્રમના અંતે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભાર-વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સંયોજક ડૉ. ધનવંત ટી. શાહે કર્યું હતું.

* સંઘ આયોજિત સ્નેહ સંમેલન

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને સામાન્ય સભ્યોનું એક સ્નેહ સમેલન રવિવાર, તા. ૩જી એપ્રિલ, ૧૯૮૮ના સવારના ૧૦-૩૦ થી ૧૨-૩૦ સુધી ચોપાટી ખાતેના બિરલા

(પૃષ્ઠ ૯ પર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનભાઈ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૭૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૧

મુંબઇ તા. ૧-૫-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

અખાતી યુદ્ધ

એક બાજુ અફઘાનિસ્તાનમાં આંતરવિગ્રહની પરિસ્થિતિને દૂર કરવા અમેરિકા અને સોવિયેત યુનિયન સહિત પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સમજૂતીના કરારો થયા છે, તો બીજી બાજુ ઇરાનના અખાતમાં અને મધ્યપૂર્વના કેટલાક દેશોમાં યુદ્ધનું વાતાવરણ વધતું જવા લાગ્યું છે.

છેલ્લા થોડા દિવસની ઘટનાઓ જોઇએ તો ઇરાનના અખાતમાં ઇરાને જે સુરંગો ગોઠવી છે તેથી અમેરિકન જહાજને નુકસાન થયું. તેના વળતા પગલારૂપે અમેરિકાનાં યુદ્ધજહાજોએ ઇરાનના ઓઇલ પ્લેટફોર્મ ઉપર બોમ્બવર્ષા કરી છે. આ હુમલાના જવાબમાં ઇરાને સંયુક્ત આરબ અમીરાતમાં આવેલા અમેરિકા સંચાલિત તેલક્ષેત્ર પર હુમલો કર્યો છે અને સાથે સાથે એક બ્રિટિશ ટેન્કર ઉપર પણ હુમલો કર્યો છે. વળી ઇરાને એક અમેરિકન ટગબોટ ઉપર પણ હુમલો કર્યો છે તો એક ઇરાની મિસાઇલ બોટને અમેરિકી જહાજોએ ઉડાડી દીધી છે. આમ ઇરાન સાથેના સઘર્ષમાં અમેરિકા સીધું સંડોવાતું જાય છે. ઇરાને એના યુદ્ધબોર માનસ અનુસાર તાત્કાલિક જોર બતાવ્યું છે, પરંતુ અમેરિકા સામે તે ઝાઝો સમય ચાલે એમ નથી. ઇરાનના અખાતમાં અમેરિકી યુદ્ધજહાજો ગોઠવાઇને જાપ્તો રાખી રહ્યાં છે અને દરિયાઇ યુદ્ધ માટે સજ્જ થઇ ગયાં છે.

કેટલાક સમય પહેલાં ઇરાકે ઇરાન ઉપર ક્ષેપકાસ્ત્રો છોડવાનું વધારી દીધું અને સાથે સાથે રાસાયણિક ક્ષેપકાસ્ત્રો પણ છોડવાનું ચાલુ કર્યું. વળતા જવાબ રૂપે ઇરાને પણ ઇરાક ઉપર ક્ષેપકાસ્ત્રો છોડવાનું વધારી દીધું. ઇરાકે બે વર્ષ પહેલાં ગુમાવેલો પોતાનો ફાવ (Fao) નામનો પ્રદેશ પાછો મેળવી લીધો છે. ઇરાન – ઇરાકના યુદ્ધમાં ઇરાક વધુ બળવત્તર બનતું જાય છે. મધ્યપૂર્વમાં ઇરાની અખાતના દેશોમાં યુદ્ધની પરિસ્થિતિ ઊભી કરવા અને વધારવામાં સૌથી મોટો હાથ ઇરાનનો રહ્યો છે. ઇરાનને યુદ્ધનો મદ ચડયો છે. તે ઘણો માર ખાય છે; પણ નમતું આપવા તૈયાર નથી. ઇરાકે એકપક્ષી યુદ્ધવિરામની જાહેરાત અગાઉ કરી હતી પણ ઇરાન ઠંડું પડયું નહિ. ઇરાકે પોતાની વધુ તાકાત બતાવ્યા પછી ફરી યુદ્ધવિરામની જાહેરાત કરી છે. શાંતિ માટે નહિ તો થાક ખાવા માટે પણ ઇરાન માટે–બંને દેશ માટે આ સારી તક છે.

ઇ. સ. ૧૯૭૯ માં ઇરાનના શાહને હાંકી કાઢી આયાતોલ્લાહ ખોમેનીએ ઇરાન ઉપર પોતાનું વર્ચસ્વ જમાવ્યું ત્યારથી ઇરાન જંપીને બેઠું નથી. ખુદ ઇરાનમાં માનવહત્યા પાર વગરની થઇ છે. ઇરાનના શાહના લશ્કરી અમલદારોએ અને લશ્કરી દળના જે જે માણસોએ લોકો ઉપર અત્યાચારો કરેલા તે બધાને વીણી વીણીને ઇરાનમાં મારી નાખવામાં આવ્યા છે. એની વેરની ક્રિયા–પ્રતિક્રિયા પણ ત્યાં ચાલ્યા કરી છે.

ઇરાનના અખાતની આસપાસ આવેલા દેશમાં ઇરાન પાસે વિસ્તાર ઘણો મોટો છે, વસ્તી પણ ઘણી મોટી છે અને તેની પાસે તેલની કમાણી પાર વગરની છે. એને લીધે ઇરાનમાં આસપાસનાં નાનાં રાજ્યો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવાની લાલસા જાગી અને ૧૯૮૦થી ઇરાક સાથે તે યુધ્ધે ચડયું છે. આયાતોલ્લાહ ખોમેની ધાર્મિક વડા છે અને રાષ્ટ્રના નેતા છે. ૮૭ વર્ષના આ નેતા લોકોમાં ધાર્મિક જનૂન ઉશ્કેરીને વતન માટે ભોગ આપવા ઉદ્બોધન કરી રહ્યા છે. ઇરાનની મોટા ભાગની પ્રજા એમની પાછળ ઘેલી છે અને બાર–પંદર વર્ષના કિશોરોથી માંડીને ૮૦–૯૦ વર્ષના વૃદ્ધો સુધીના ઘણા લોકો શિયા મુસ્લિમોની 'ઇસ્લામી ક્રાંતિ' માટેની 'જેહાદ'માં જોડાયા છે.

ઇરાન – ઇરાકનું યુદ્ધ આઠ વર્ષથી ચાલે છે તો પણ એનો હજુ અંત આવ્યો નથી. આટલાં વર્ષ દરમિયાન એક બાજુ ઇરાકને પક્ષે એક લાખથી વધુ સૈનિકો મૃત્યુ પામ્યા છે તો ઇરાનના પક્ષે અઢી લાખથી વધુ સૈનિકો માર્યા ગયા છે. આ આંકડાઓ પણ સાચા હશે કે કેમ તે પણ શંકાસ્પદ છે, કેમકે બંને દેશો પોતાની ખુવારીના આંકડા છુપાવે છે. સૈનિકો ઉપરાંત હવે તો ક્ષેપકાસ્ત્રોને કારણે નાગરિકો પણ સેંકડો–હજારોની સંખ્યામાં મૃત્યુ પામવા લાગ્યા છે.

ઇરાન સાથેના યુદ્ધમાં ઇરાક થોડો વખત નબળું રહ્યું, પરંતુ એની પાસે વધુ આધુનિક શસ્ત્રસરંજામ દિવસે દિવસે વધતો જાય છે. ફ્રાંસ, આર્જિલ, સોવિયેત યુનિયન વગેરે દેશો પાસેથી ઇરાક દર વર્ષે અબજો ડોલરનાં શસ્ત્રો ખરીદી રહ્યું છે તો બીજી બાજુ ઇરાન પણ લીબિયા અને સીરિયા દ્વારા સોવિયેત શસ્ત્રો ખરીદી રહ્યું છે. વળી ઉત્તર કોરિયા અને ચીન જેવા સામ્યવાદી દેશો પણ ઇરાનને શસ્ત્રો વેચી રહ્યા છે. અમેરિકા ઇરાનને સીધી શસ્ત્રસહાય કરતું નથી; પરંતુ ઇઝરાયલ અને પાકિસ્તાનને વેચેલાં શસ્ત્રો ઇરાનને વેચાય છે તે એ જાણે છે. વળી ઇરાનને પોતે કરેલી ગુપ્ત શસ્ત્રસહાય માટે પણ પ્રમુખ રેગનની અમેરિકામાં આકરી ટીકા થયેલી છે.

અમેરિકા એક બાજુ પોતાનાં શસ્ત્રો ઇરાનમાં વેચાય તેની સામે આંખમિચામણાં કરે છે તો બીજી બાજુ ઇરાન સાથે પ્રગટ સંઘર્ષમાં પણ આવે છે. સોવિયેત યુનિયન દેખીતી રીતે તટસ્થ રહેવા ઇચ્છે છે, પરંતુ આડકતરી રીતે તે પણ પોતાનાં શસ્ત્રો એક બાજુ ઇરાનને અને બીજી બાજુ ઇરાકને વેચ્યા કરે છે. આમ ઇરાક-ઇરાનનું યુદ્ધ ચાલ્યા કરે એ શસ્ત્રો ખપાવવાની દ્રષ્ટિએ પોતાના હિતમાં છે એમ અમેરિકા અને સોવિયેત યુનિયન માને છે. ઇરાક અને ઇરાનનું તેલ ખરીદીને અમેરિકા તથા રશિયા પોતે જે મોંઘી કિંમત ચૂકવે છે તે અબજો ડોલરનાં શસ્ત્રો તેમને વેચીને પાછી મેળવી લે છે અને ઉપરથી નફો કરે છે. ઇરાન અને ઇરાક તેલની સારી કમાણી કરે છે; પરંતુ એ કમાણી લોકોની સુખાકારી માટે નહિ, પણ શસ્ત્રસરંજામમાં વપરાઇ જાય છે. એ બંને દેશોને યુદ્ધમાં નાણાંની સાથે માણસોનો પણ ઘણો મોટો ભોગ આપવો પડે.

આયાતોલ્લાહ ખોમેનીએ યુદ્ધને ધર્મયુદ્ધ તરીકે ઓળખાવ્યું છે અને એથી ઇરાનના ધાર્મિક વડાઓ-મુલ્લાઓ પણ યુદ્ધની તાલીમ લે છે. યુદ્ધમાં શહીદ થવાની ભાવનાને ધાર્મિક રંગ લગાડ્યો હોવાથી હજારોની સંખ્યામાં કિશોરો અને યુવાનોનો ભોગ યુદ્ધના મોરચે અપાય છે. ઇરાકના ફોવનો થોડોસરખો પ્રદેશ જીતી લેવા માટે ઇરાને પંદર હજારથી વધુ સૈનિકોનો ભોગ આપ્યો હતો. અને અનનજીક તથા કરબલાને માટે ચાલીસ હજાર જેટલા ઇરાનીઓ ઇરાકી તોપમારા સામે મૃત્યુ પામ્યા હતા. ભારત ચીન યુદ્ધ વખતે ચીને હજારોની સંખ્યામાં માનવભોગ આપીને ભારત ઉપર સરસાઇ મેળવી હતી તેવી નીતિ ઇરાને ઇરાક સાથેના યુદ્ધમાં અપનાવી હતી. પરંતુ ઇરાક સાથેનું યુદ્ધ ધાર્યા કરતાં લાંબું ચાલવાથી ઇરાન હવે થાકયું છે અને એથી ભૂરાંટું થયું છે. અમેરિકા અને સોવિયેત યુનિયનને તો યુદ્ધનો તાલ જોવાની મજા છે; પરંતુ આસપાસનાં મુસ્લિમ રાષ્ટ્રો પણ ચૂપ છે, દરેકને પોતપોતાનો સ્વાર્થ છે અને ઇરાક-ઇરાન નબળા પડે અને બોખરા થાય તેમાં રસ છે.

વીસમી સદીની શરૂઆતથી યુદ્ધ માત્ર સૈનિકો પૂરતું મર્યાદિત રહ્યું નથી. નાગરિકો ઉપર પણ હુમલાઓ થવા લાગ્યા. વિમાની બોમ્બમારામાં જરાક લક્ષ્ય ચૂકે તો એકને બદલે બીજી જગ્યાએ બોમ્બ પડે અને નહિ ધારેલા માણસો મૃત્યુ પામે. યુદ્ધની ટેકનિક ઉત્તરોત્તર વધતી ગઇ છે અને નવી નવી જાતનાં શસ્ત્રો શોધાતાં ગયાં છે.

લડાયક વિમાનો દ્વારા દુશ્મનનાં રાજ્યો ઉપર બોમ્બમારો કરવાની પદ્ધતિની એક મર્યાદા છે, કેમકે એ માટે લડાયક વિમાનો જોઇએ અને તે ચલાવનાર કાબેલ વિમાની સૈનિકોની જરૂર રહે. પરંતુ હવે ક્ષેપકાસ્ત્રો આવતાં તે છોડવાનું સરળ બની ગયું છે. પાંચસો-છસો માઇલ સુધીના અંતરમાં ધારેલા વિસ્તાર ઉપર ક્ષેપકાસ્ત્રો છોડી શકાય છે. લડાયક વિમાન જેવું તે ધાર્યું પરિણામ ન આપે તો પણ એની વિનાશકતા ઓછી ભયાનક નથી. છોડેલાં ક્ષેપકાસ્ત્રો જ્યાં પડે ત્યાં સૈનિકો અથવા નાગરિકોનો મોટી સંખ્યામાં સંહાર થાય. ક્ષેપકાસ્ત્રોથી યુદ્ધનો જલદી અંત આવતો નથી, પરંતુ માનવસંહાર અને મિલકતોને નુકસાન મોટા પાયા ઉપર થાય છે. રાસાયણિક ક્ષેપકાસ્ત્રોથી એક સાથે હજારો માણસોને મારી નાખવામાં આવે છે. ઇરાકે એનો ઉપયોગ કર્યો છે. આંતરરાષ્ટ્રીય યુદ્ધનીતિની દ્રષ્ટિએ આ ગંભીર લેખાય એવી બાબત છે. એક સાથે હજારો નાગરિકોનું નિકંદન કાઢનારી આ યુદ્ધનીતિ જો ચાલુ રહે તો ભવિષ્યમાં બીજાં રાષ્ટ્રો પણ એનો દાખલો લેશે અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે ભવિષ્યનાં યુદ્ધો માનવસંહારની દ્રષ્ટિએ વધુ ભયંકર બનશે. બીજા રાષ્ટ્રની ભૂમિ ઉપર સૈનિકો દ્વારા આક્રમણ કરી તે રાષ્ટ્રની સેનાને પરાજિત કરી, જીત મેળવતાં યુદ્ધનો અંત આવતો, પરંતુ હવે ભયંકર ક્ષેપકાસ્ત્રો દ્વારા કોણ બીજા રાષ્ટ્રનો કેટલો સંહાર કરી શકે છે અને છેવટે કોને લાચારીથી નમતું આપવું પડે છે તે નિર્ણાયક બાબત જો બની જાય તો કોઇ પણ યુદ્ધનો અંત આવતાં પહેલાં અસંખ્ય નાગરિકોનો સંહાર થઇ જશે.

વિશ્વનાં મોટી તાકાતવાળાં રાષ્ટ્રોના મનમાં અન્ય દેશોના માનવસંહારની વાત જ્યાં ગૌણ બની ગઇ છે ત્યાં સદ્‌બુદ્ધિ અને શાંતિની પ્રિય વાતોની અપેક્ષા કેટલી રાખી શકીશું ?

રમણલાલ ચી. શાહ

ગાંધીજીની ક્રાંતિકારકતા

સંઘના ઉપક્રમે બુધવાર, તા. ૧૩ મી એપ્રિલ, ૧૯૮૮ના રોજ સાંજના ૬-૧૫ કલાકે ચર્ચગેટ ખાતેના સિડનહામ કોલેજના સભાગૃહમાં જાણીતા સંસદસભ્ય પ્રો. મધુ દંડવતેનું 'ગાંધીજીની ક્રાંતિકારકતા' એ વિષય પર એક પ્રવચન યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી અમરભાઇ જરીવાલાએ લીધું હતું. સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કર્યું હતું.

પ્રો. મધુ દંડવતેએ જણાવ્યું હતું કે ગાંધીજીની અહિંસા-બોધની ખરી કસોટી સરહદના ગાંધીની ધરપકડ પછી તેમના ખુદાઈ ખિદમતગારોએ વિખરાઈ જવાને બદલે ખુલ્લી છાતીએ ગોળીઓ ઝીલવા માંડી હતી ત્યારે થઈ હતી. વિશ્વને સ્તબ્ધ કરી દેનારા આ બનાવમાં સૈનિકોએ આ નિઃશસ્ત્રો પર ગોળીઓ ચલાવવાના બ્રિટિશ અધિકારીના હુકમો માનવાનો ઇન્કાર કરી દઇ અહિંસાના વિજયની દુનિયાને પ્રતીતિ કરાવી આપી હતી. બ્રિટિશ સલ્તનત સામે સમાંતર સરકાર ચલાવવી અને દેશની જૂનીપુરાણી પરંપરા બદલવી એ માત્ર મહાત્મા ગાંધી જેવા મહાન ક્રાંતિકારી જ કરી શકે. તેમણે કરેલા સત્યાગ્રહો ત્યાગ અને બલિદાનની ગાથા સમાન છે. આ મુઠ્ઠીભર હાડકાંના માણસ તેમના અહિંસાના શસ્ત્ર વડે જીવલેણ હથિયારો ધરાવતા લોકોના મન પર પણ રાજ કરતા હતા. તેમની શક્તિના સ્ત્રોતમાં લોકોનો ટેકો હતો. ગાંધીજી જાણતા હતા કે ખેડૂતો તથા મહિલાઓના સક્રિય સાથ વિના કોઇ ચળવળ સફળ ન થઈ શકે. ગાંધીજીએ મીઠાને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક ગણ્યું હતું. આજના આપણા દેશના શાસકો સન ૧૯૩૦ની દાંડીકૂચને સાચી અંજલિ આપવા માગતા હોય તો તેમણે બનાવટી દાંડીકૂચો કરવાને બદલે મીઠા પર લેવાતો વેરો નાબૂદ કરવો જોઇએ.

આ પ્રસંગે ખાસ પધારેલ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી શ્રી બાબુભાઇ જશભાઇ પટેલે જણાવ્યું હતું કે પૂજ્ય મહાત્મા ગાંધીએ તેમના વિરલ ક્રાંતિકારી અભિગમથી દેશનું પાયાનું ચણતર કર્યું હતું. તેમણે યુવાનો જ નહિ; મહિલાઓ, બાળકો, પ્રૌઢો અને વૃદ્ધોમાં પણ આઝાદી માટે લડવાની ચેતના અને શક્તિ જન્માવી હતી.

કાર્યક્રમના અંતે શ્રી સુબોધભાઈ એમ. શાહે આભારવિધિ કરી હતી.

'સંગીતકારોના સાન્નિધ્યમાં'

● પ્રો. ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી

આપણા શાસ્ત્રીય સંગીતના જાણકારો અને સંગીત-રસિકોમાં જેમનું નામ સારી પેઠે જાણીતું છે એવા શ્રી બટુકભાઈ દીવાનજી પાસેથી એમના 'સમર્પણ' અને 'નવનીત-સમર્પણ'માં છપાઈ ચૂકેલા લેખો 'સંગીતકારોના સાન્નિધ્યમાં' એ નામના પુસ્તકરૂપે મળે છે એ અવશ્ય આનંદની વાત છે. ગુજરાતી ભાષામાં લખાયેલું આ પુસ્તક આપણા શાસ્ત્રીય સંગીતના ગાયકો-વાદકોની અને તેની અંતર્ગત ઘરાણા, બાજ, વાદ્યો આદિની જે રસપ્રદ માહિતી આપે છે તે જોતાં લેખકે ગુજરાતી ભાષા પૂરતી કહીએ તો એક મોટી ખોટ પૂરી પાડી છે. લેખકે પોતાના 'નિવેદન'માં જણાવ્યું છે કે 'શાસ્ત્રીય સંગીત વિષેની સમજ તથા કદરદાનીમાં બીજા પ્રદેશોની સરખામણીમાં ગુજરાત ઘણું જ પછાત છે. આ પુસ્તકના પ્રકાશનથી જો ગુજરાતની પ્રજા તે દિશામાં કિંચિત્ પણ પ્રગતિ કરી શકશે તો મારો આ પ્રયાસ યથાર્થ લેખાશે.'

આ પુસ્તકનાં ત્રીસ પ્રકરણોમાં સંગીત ક્ષેત્રે સુપ્રસિદ્ધ ગાયકો, ગાયિકાઓ અને વાદકોનો પોતાની આગવી રીતે લેખકે પરિચય કરાવ્યો છે. મોટા ભાગના સંગીતકારોનો એમને અંગત પરિચય હોઈ તેમનાં વ્યક્તિત્વનાં, તેમની ગાયકીનાં ભિન્ન ભિન્ન પાસાં સંબંધી કેટલીક વિરલ કહી શકાય એવી માહિતી વાચકને અહીં મળે છે.

'શાસ્ત્રીય સંગીત' શીર્ષકવાળું પહેલું પ્રકરણ સંક્ષેપમાં છતાં ઠેઠ વેદકાળથી માંડીને અત્યાર સુધીના સંગીતનો પ્રાથમિક પરિચય આપે છે. ધ્રુપદ, ખ્યાલ, ઠુમરી, ટપ્પા આદિ ગાનશૈલીઓ તેમજ તેમની અંતર્ગત આવતા કેટલાક ગીતપ્રકારોનો તેમજ સંગીતની ચોકકસ પરિભાષાનો ખ્યાલ આપવા લેખક મથ્યા છે. આ જાતની માહિતી એના ઉચિત સંદર્ભમાં લેખકે અન્ય પ્રકરણોમાં પણ ગૂંથી લીધી છે.

જેમની પાસેથી લેખકને માતા સમા વહાલ સાથે હળવા શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન મળ્યું તે 'ઠુમરી સંગીતના શિરતાજ' સિદ્ધેશ્વરી દેવીથી લેખકે આરંભ કર્યો છે. અન્ય પ્રસિદ્ધ ગાયિકાઓમાં 'ગઝલ સંગીતની સર્વશ્રેષ્ઠ અને તેજસ્વી તારિકા' બેગમ અખ્તર, 'સંગીતકલાની પરાકાષ્ઠાનું મૂર્તિમંત સ્વરૂપ' સૂરશ્રી કેસરબાઈ અને હાલ સંગીત ક્ષેત્રની પ્રસિદ્ધ ગાયિકાઓમાં સ્થાન પામેલાં શ્રીમતી લલિતા રાવનો સમાવેશ થાય છે. લેખકની કવિત્વમય વર્ણનશકિતનું એક ઉદાહરણ નોંધપાત્ર છે. તેઓ લખે છે: 'જો બેગમ અખ્તરના સંગીતને સંગેમરમર પર બેનમૂન નકસીદાર કોતરણીની તથા સિધ્ધેશ્વરી દેવીના સંગીતને મસ્તી-ભર્યા ઝરણાની ઉપમા આપી શકાય તો કેસરબાઈના સંગીતને ભાગીરથીના અસ્ખલિત જલપ્રવાહ જેવું વર્ણવી શકાય.'

શાસ્ત્રીય સંગીત તપશ્ચર્યાનું એક સાધન છે અને સંગીતના માધ્યમ દ્વારા ઈશ્વર સાથે ઐક્ય સાધવાનું શકય છે એવો મત પણ આ પુસ્તકમાં બે-ત્રણ સ્થળે પ્રગટ થયો છે. પંડિત રવિશંકર જેવાને સંગીતના સ્વરોમાં જ ઘણુંખરું પ્રભુનું દર્શન થાય છે. નાદબ્રહ્મના સમર્થ ઉપાસકોમાં સંગીતસમ્રાટ તાનસેન, શાને અવધ વાજીદ અલીશાહ, પંડિત વિષ્ણુ દિગંબર, સંગીત-માર્તંડ ઓંકારનાથ, સંગીત-સમ્રાટ અલાદિયાખાન, ગાયકોત્તમ ઉસ્તાદો વિલાયતહુસેનખાં, બડે ગુલામઅલીખાં, અમીરખાં, ફૈયાઝખાં, હાફિઝ અહમદખાં, ખાદીમ હુસેનખાં ઉપરાંત પંડિત ભીમસેન જોષી, પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડે, પંડિત દિનકર કૈકિણી જેવાઓનાં નામો છે. તો વાદકોમાં સિતારવાદક પંડિત રવિશંકર, સારંગી-સરતાજ પંડિત રામનારાયણ, સરોદવાદક ઉસ્તાદ અલીઅકબરખાં, વિશાળ શિષ્યપરંપરાવાળા ગાયક-વાદક ઉસ્તાદ અલા-ઉદ્દીનખાં, તબલાનવાઝ અહમદજાન થિરકવા, શરણાઈનવાઝ ઉસ્તાદ બિસ્મિલ્લાખાન, સિતારવાદક ઉસ્તાદ વિલાયતખાં તથા શ્રી અરવિંદ પરીખ ઉપરાંત પાશ્ચાત્ય વાયોલિનવાદક યહુદી મેન્યુહીન જેવાઓનો સમાવેશ થયો છે. વળી લેખકે ગાયક - વાદકોની ગુરુ - શિષ્ય પરંપરા તેમ જ ભિન્ન ભિન્ન ઘરાણાની ગાયકીઓની વિશિષ્ટતા, વાદ્યોનો ઐતિહાસિક પરિચય, ચોકકસ રાગો સંબંધી માહિતી અને ક્યારેક વચ્ચે વચ્ચે ટૂચકાઓ સાંકળીને પોતાની આ ક્ષેત્રની વિસ્તૃત જાણકારીનો ટૂંકમાં છતાં જે અસરકારક ખ્યાલ આપ્યો છે તે સંગીત-રસિકોને સવિશેષ આહલાદક બની રહે તેવો છે. આ જાતની સંગીતક્ષેત્રે અતિ ઉપયોગી માહિતી રસાળ શૈલીમાં રજૂ કરતું ગુજરાતીમાં બીજું પુસ્તક મારી જાણમાં નથી. આપણી યુનિવર્સિટીઓમાં શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ પુસ્તકમાંથી ઉપયોગી માહિતી ઉપરાંત સંગીત - પ્રેરણા પણ મેળવી શકે તેવી સ્થિતિ છે. વધુ જાણકારી મેળવવા ઇચ્છતા રસિકોને માર્ગદર્શન મળે એ હેતુથી લેખકે અન્ય ભાષાઓમાં લખાયેલાં આવાં પુસ્તકોની યાદી છેલ્લે મૂકી હોત તો સારું થાત. કેટલાક લેખોમાં જ્યાં લેખકે સમય અંગેના ઉલ્લેખો કર્યા છે તે જોતાં દરેક લેખનું લખ્યાવર્ષ લેખને છેડે આપવામાં આવ્યું હોત તો તેનું અનિવાર્ય ઔચિત્ય સ્પષ્ટ થાત.

આ પુસ્તક માટે લેખક શ્રી બટુકભાઈ દીવાનજી સર્વથા અભિનંદને પાત્ર છે એમ વિના સંકોચ કહી શકાય. ●

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯-૩૦ થી ૩-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો ઓપરેટિવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦૦૦૪ (ફોન : ૩૫૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવડનગર, સી. ટી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૮ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોકત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

લિ.

પ્રવીણચંદ્ર મંગલદાસ શાહ — મંત્રીઓ

સંયોજક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-મુંબઈ

તા. ૩૧ ડિસેમ્બર ૧૯૮૭ ના દિવસનું સરવૈયું

૩૧-૧૨-૧૯૮૬	ફંડો અને દેવું			૩૧-૧૨-૧૯૮૬	મિલકત અને લેણું			
	રીઝર્વ ફંડ :				બ્લોક (કરાર મુજબ)			
					રસધારા ડે. એ. હા. સો. લિ.			
૧૧૧૨૨૮૦-૧૮	ગયા સરવૈયા મુજબ		૧૧૩૫૮૦૮-૧૮	૫૧૨૩૦-૪૦	ગયા સરવૈયા મુજબ બાકી			૫૧૨૩૦-૪૦
	ઉમેરો : આજીવન સભ્યોનાં :	૯૮૩૭૧-૦૦			**ઇન્વેસ્ટમેન્ટસ** ચોપડા પ્રમાણે			
૧૪૫૨૮-૦૦	લવાજમના વસુલ (નેટ)				પરિશિષ્ટ બ પ્રમાણે			
૯૦૦૦-૦૦	પેટ્રન સભ્યોના લવાજમનાં :	૧૦૦૦૦-૦૦		૫૬૩૫૦-૦૦	શેરો તથા ડીબેન્ચર્સ	૪૯૩૫૦-૦૦		
			૧૫૮૩૭૧-૦૦	૧૦૨૦૦૦-૦૦	યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા યુનિટો	૧૦૨૦૦૦-૦૦		
				૧૩૨૦૦૦૦-૦૦	ગવ. પ્રોમાં ડીપોઝીટ	૧૨૨૦૦૦૦-૦૦		
૧૧૩૫૮૦૮-૧૮				૮૩૫૦૦૦-૦૦	બેંકમાં ફીક્સ ડીપોઝીટ	૮૩૫૦૦૦-૦૦		
	અન્ય ફંડો :			૨૩૧૩૩૫૦-૦૦				
૧૪૩૮૪૭૦-૩૨	પરિશિષ્ટ અ મુજબ		૧૩૦૮૦૦૫-૨૪		**ફર્નીચર અને ફીક્ષર** (ચોપડા પ્રમાણે)			
	દેવું			૧૧૫૩૦-૨૪	ગયા સરવૈયા મુજબ બાકી	૨૫૭૯૧-૨૪		
૩૧૪૦૪-૮૭	સ્ટાફ પ્રો. ફંડના :	૪૦૫૩૫-૩૭		૬૫૮૨-૨૪	બાદ : કુલ ઘસારાના ૧૯૮૬ સુધી	૭૬૮૨-૨૪		
૧૦૨૫-૦૦	અગાઉથી આવેલ			૪૯૪૮-૦૦		૧૮૧૦૯-૦૦		
	લવાજમના :	૧૦૪૦-૦૦		૧૪૨૬૧-૦૦	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી	૫૫૫૦-૦૦		
૨૬૮૭૨૯-૦૦	પરચુરણ દેવું :	૫૩૫૨૧૪-૨૩		૧૯૨૦૯-૦૦		૨૩૬૫૯-૦૦		
			૫૭૬૭૮૯-૬૦	૧૧૦૦-૦૦	બાદ વર્ષ દરમિયાન ઘસારાના	૧૮૧૦-૦૦		
				૧૮૧૦૯-૦૦			૨૧૮૪૯-૦૦	
					ડિપોઝિટ :			
				૧૨૫-૦૦	પોસ્ટ ઓફિસમાં	૧૨૫-૦૦		
				૯૭૫-૦૦	બી. ઇ. એસ. ટી.	૧૩૨૫-૦૦		
				૩૬૦-૦૦	ટેલિફોન અંગે	૩૬૦-૦૦		
				૬૦૦-૦૦	બિરલા ક્રીડા કેન્દ્ર	૬૦૦-૦૦		
				૨૦૬૦-૦૦		૨૪૧૦-૦૦	૨૪૧૦-૦૦	

	લેણું સદ્ધર		
૧૭૯૬૮૨-૭૩	શ્રી. મણિલાલ એમ. શાહ સા. વા. પુસ્તકાલય	૨૦૮૦૯૧-૭૩	
૧૫૮૪૦-૧૬	ઇન્કમટેક્ષ રીફંડ	૨૪૮૫૦-૧૬	
૭૨૫૮૧-૨૯	ડીબેન્ચરો તથા ડીપોઝીટ પર લેણા થયેલ વ્યાજ	૬૮૪૦૯-૪૬	
૩૩૮૨૦-૮૩	સ્ટાફ પાસે	૩૪૧૪૩-૪૫	
૫૭૦૦-૦૦	ખર્ચ અંગે અને પરચુરણ લેણું	૨૦૦-૦૦	
૩૦૭૬૨૫-૦૧			૩૩૫૬૬૪-૮૦
	રોકડા તથા બેંક બાકી		
૪૭૦૬-૪૫	બેંક ઓફ ઇ. ચાલુ ખાતે : ૧૦૭૨૬-૨૬		
૧૬૭૦૮૮-૧૭	,, ,, ,, બચત ખાતે : ૪૭૬૨૬૦ ૬૭	૪૮૬૬૮૬-૬૩	
૫૩-૬૨	રોકડ પુરાંત	૨૦૭-૮૭	
૧૭૧૮૫૧-૨૪			૪૮૭૧૬૭-૮૦
	શ્રી જનરલ ફંડ (આવક ખર્ચ ખાતું)		
૫૭૦૩૬-૬૨	વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો		
૬૩૨૮-૬૫	બાદ : ગયા સરવૈયા મુજબ ઉધાર	૧૧૨૧૧-૭૨	
	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો	૪૦૦૮-૦૫	
૪૭૭૧૦-૬૭			
૫૮૬૨૨-૬૬	બાદ પ્રબુદ્ધ જીવન આવક ખર્ચ ખાતેથી ઘટના	૫૬૦૨૨-૨૫	
૧૧૨૧૧-૭૨	ચોકખી ઘટ		૭૪૨૪૨-૦૨
૨૮૭૫૪૩૭-૩૭	કુલ રૂ. ૩૧૭૮૬૭૪-૦૨		૨૮૭૫૪૩૭-૩૭

ટ્રસ્ટી / હોદ્દેદારો

ઓડિટરનો રિપોર્ટ

અમોએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુંબઇનું તા. ૩૧-૧૨-૮૭ ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે. અને અમારા ધી મુંબઇ પબ્લિક ટ્રસ્ટ એકટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

મુંબઇ તા. ૨૩-૩-૧૯૮૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ-મુંબઈ

તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૮૭ ના સરવૈયામાં દર્શાવેલ અન્ય ફંડોની વિગત દર્શાવતું પરિશિષ્ટ 'અ'

અનુ. નંબર	ફંડની વિગત	તા. ૧-૧-૮૭ ના વર્ષ દરમ્યાન		હવાલા	વ્યાજના હવાલા	વર્ષ દરમિયાન ખર્ચ	હવાલા તા. ૩૧-૧૨-૮૭ના દિવસે	
		રોજ	ભેટ					
૧	શ્રી મકાન ફંડ	૧૫૮૨૯-૧૯		—	—	૬૦૦૦-૦૦	—	૯૮૨૯-૧૯
૨	શ્રી પુસ્તક પ્રકાશન ખાતું	૩૦૩૮૨-૫૯	૬૨૦૮-૫૦	—	—	૧૦૦૨૦-૦૦	—	૨૬૫૭૧-૦૯
૩	શ્રી પ્રેમળ જ્યોતિ રિઝર્વ ફંડ	૨૧૬૮૭૨-૬૨	૧૦૭૬૧૮-૦૦	—	—	૧૦૬૦૮૫-૨૨	૧૪૦૮૫-૦૦	૨૦૪૩૨૦-૪૦
૪	શ્રી પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ	૨૦૦૦-૦૦		—	—	—	—	૨૦૦૦-૦૦
૫	શ્રી દીપચંદ ત્રિ. શાહ ટ્રસ્ટ	૭૭૧૩૪-૨૮	૨૬૯૭-૦૦	—	૭૭૧૩-૦૦	૧૬૭૪૬-૧૬	—	૭૦૭૯૮-૧૨
૬	શ્રી વિદ્યાસત્ર પ્રવૃત્તિ ફંડ	૪૯૫૦૫ ૦૦		—	—	—	—	૪૯૫૦૫-૦૦
૭	શ્રી જીવન ઘડતરલક્ષી પ્રવૃત્તિ ખાતું	૫૪૬૨-૮૦		—	—	—	—	૫૪૬૨-૮૦
૮	શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક નિધિ અને પુરસ્કાર ફંડ	૧૬૫૬૬૮-૦૫		—	—	૫૧૦૦૦-૦૦	—	૧૪૪૬૬૮-૦૫
૯	શ્રી સ્ટોલ રિઝર્વ ફંડ	૮૬૫૬૦-૧૫	૭૦૦૧-૦૦	—	—	૮૦૧૪૩-૦૦	—	૧૬૩૬૮-૧૫
૧૦	શ્રી દત્તક બાળક પ્રવૃત્તિ રિઝર્વ ફંડ	૫૩૦૦૧-૦૦		—	—	—	—	૫૩૦૦૧-૦૦
૧૧	શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યા. ફંડ	૨૫૦૦૦-૦૦		—	—	—	—	૨૫૦૦૦-૦૦
૧૨	શ્રી ઘરમપુર પ્રોજેક્ટ ખાતું ઉધાર ઉધાર	૧૨૮૭૧-૫૫	૪૦૦-૦૦	—	—	—	—	ઉધાર ૧૨૪૭૧-૫૫
૧૩	શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાન શ્રેણી	૭૬૯૬૩-૦૦		—	—	—	—	૭૬૯૬૩-૦૦
૧૪	શ્રી ધી. ધ. શાહ પ્ર. જીવન શ્રેષ્ઠ લેખક પારિતોષિક ફંડ	૧૧૦૦૦-૦૦		—	—	—	—	૧૧૦૦૦-૦૦
૧૫	શ્રી ટી. બી. દફ્તરી એડોપશન ખાતું	૩૦૦૦-૦૦	૨૫૦૧-૦૦	—	—	૫૫૦૧-૦૦	—	૦૦-૦૦
૧૬	શ્રી મહિલા વકતૃત્વ ખાતું	૧૭-૦૦	૬૫૦-૦૦	૧૬૩૪-૫૦	—	૨૬૦૧-૫૦	—	૦૦-૦૦
૧૭	શ્રી ધીરજબેન દીપચંદ શાહ રમકડાં ઘર	૪૪૪૫૦-૧૬	૧૨૦૬૨-૦૦	(આવક ખર્ચ ખાતે)	૪૪૪૫-૦૦	૧૭૩૪૬-૨૦	—	૪૩૬૪૦-૬૬
૧૮	શ્રી મહાવીર વંદના સ્નેહમિલન	૧૫૦૦૦-૦૦		—	—	—	—	૧૫૦૦૦-૦૦
૧૯	શ્રી પ્રવાસ આવક ખર્ચ ખાતું	૬૬૬૭-૦૦	૬૦૧૫-૦૦	—	—	૪૮૩૮-૦૦	—	૮૧૪૪-૦૦
૨૦	શ્રી કેળવણી ફંડ	૫૨૫૧-૦૦		—	—	—	—	૫૨૫૧-૦૦
૨૧	શ્રી અનાજ રાહત ફંડ	૬૨૪૧૨-૦૦	૮૧૮૦-૦૦	—	૬૨૪૧-૦૦	૨૦૩૫૦-૦૦	—	૫૬૪૮૩-૦૦
૨૨	શ્રી સી. યુ. શાહ મેડીકલ એઇડ ફંડ	૬૦૮૫૬-૦૦	૫૦૦૦૦-૦૦	૧૪૦૮૫-૦૦	—	૫૪૬૭૬-૦૦	—	૧૦૦૨૧૨-૦૦
૨૩	શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક ફંડ	૧૫૦૦૦-૦૦		—	—	—	—	૧૫૦૦૦-૦૦
૨૪	શ્રી સરસ્વતી ડાહ્યાભાઇ ઝવેરી ચશ્મા ઘર		૨૧૪૦૪-૦૦	—	—	૨૫૫-૦૦	—	૨૧૧૪૯-૦૦
	કુલ રૂા.	૧૪૬૪૨૧૩-૪૨	૧૩૫૦૬૬-૫૦	૧૫૦૭૧૯-૫૦	૧૮૩૬૬-૦૦	૩૭૫૫૬૫-૦૮	૧૪૦૮૫-૦૦	૧૩૦૮૦૦૫-૨૪

ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડિટર્સ

મુંબઇ તા. ૨૩-૩-૧૯૮૮

ટ્રસ્ટીઓ/હોદ્દેદારો

તા. ૩૧ ડિસેમ્બર ૧૯૮૭ ના દિવસના સરવૈયા મુજબ બતાવેલ ઈન્વેસ્ટમેંટની વિગત દર્શાવતું પરિશિષ્ટ "બ"

વિગત			
(૧) શેરો અને ડીબેંચરો :			
૫૦૦–૦૦ રસધારા કો. ઓ. હા. સો. લિ. શેર	૧૦	૫૦૦–૦૦	
૨૦૦૦૦–૦૦ તાતા ઓઇલ કું. લિ. ડીબેન્ચરો	૧૬૦૦૦–૦૦		
૧૫૦૦૦–૦૦ બોમ્બે ડાઇંગ એન્ડ મેન્યુ. કું. લિ.	૧૫૦૦૦–૦૦		
૧૫૦૦૦–૦૦ વોલ્ટાસ લિ.	૧૨૦૦૦–૦૦		
૫૮૫૦–૦૦ તાતા લોકો એન્ડ એન્જિ. કું. લિ. બોન્ડ	૫૮૫૦–૦૦		
૫૧૩૫૦–૦૦		૪૮૮૫૦–૦૦	
			૪૯૩૫૦–૦૦
૧૦૨૦૦૦–૦૦ (૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઇ.ના યુનિટ			૧૦૨૦૦૦–૦૦
(૩) ગવ. કું.માં ફીક્સ ડીપોઝીટ			
૩૫૦૦૦–૦૦ હિન્દુસ્તાન ઝીંક લિ.		૩૫૦૦૦–૦૦	
૫૦૦૦૦–૦૦ ઇન્ડિયન ટેલિફોન ઇન્ડ. લિ.		— —	
૫૬૫૦૦૦–૦૦ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન		૨૧૫૦૦૦–૦૦	
૧૫૦૦૦૦–૦૦ ભારત હેવી ઇલેકટ્રીકલ કું. લિ.		૫૦૦૦૦–૦૦	
૨૦૦૦૦૦–૦૦ ભારત પેટ્રો. કોર્પોરેશન		૨૦૦૦૦૦–૦૦	
૬૦૦૦૦–૦૦ રાષ્ટ્રીય કેમી. એન્ડ ફર્ટીલાઇઝર		૪૦૦૦૦–૦૦	
૮૦૦૦૦–૦૦ સ્ટીલ ઓથોરીટી ઓફ ઇ. લિ		૧૮૦૦૦૦–૦૦	
૧૦૦૦૦૦–૦૦ મદ્રાસ રીફાયનરી કું લિ.		૧૦૦૦૦૦–૦૦	
૫૦૦૦૦–૦૦ નેયવેલી લેગ્નાઇટ કોર્પોરેશન		૫૦૦૦૦–૦૦	
સિમેંટ કોર્પોરેશન ઓફ ઇ. લિ.		૧૦૦૦૦૦–૦૦	
હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.		૫૦૦૦૦–૦૦	
ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પો. લિ.		૨૦૦૦૦૦–૦૦	
૧૩૨૦૦૦૦–૦૦			૧૨૨૦૦૦૦–૦૦
(૪) બેંકોમાં ફીક્સ ડીપોઝીટ			
૩૨૫૦૦૦–૦૦ બેંક ઓફ ઇ. ફીક્સ: વી. પી. રોડ,		૩૨૫૦૦૦–૦૦	
૩૦૦૦૦–૦૦ જૈન સહકારી બેંક લિ.		૩૦૦૦૦–૦૦	
૧૨૦૦૦૦–૦૦ કપોળ કો. ઓ. બેંક લિ.		૧૨૦૦૦૦–૦૦	
૧૨૦૦૦૦–૦૦ માંડવી કો. ઓ. બેંક લિ.		૧૨૦૦૦૦–૦૦	
૧૨૦૦૦૦–૦૦ ધી બોમ્બે મર્ક કો. ઓ. બેંક લિ		૧૨૦૦૦૦–૦૦	
૧૨૦૦૦૦–૦૦ સારસ્વત કો. ઓ. બેંક લિ.		૧૨૦૦૦૦–૦૦	
૮૩૫૦૦૦–૦૦			૮૩૫૦૦૦–૦૦
૨૩૧૩૩૫૦–૦૦			૨૨૦૬૩૫૦–૦૦

દેવું		
૧૯૮૮ સભ્ય લવાજમના	૧૦૦૦–૦૦	
૧૯૮૯ ,, ,,	૪૦–૦૦	
		૧૦૪૦–૦૦
શ્રમ મંદિર	૪૬૩૬૦૬–૧૧	
ખર્ચ અંગે	૧૫૦૦–૦૦	
આગમ વાચના	૫૦–૦૦	
દુષ્કાળ રાહત ફંડ	૬૫૧–૦૦	
દાદર સ્કૂલ અંધ બાળક ખાતું	૨૨૩૦૫–૦૦	
સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી	૫૦૧–૦૦	
અલ્પાહાર	૨૨૧–૧૨	
લીફ્ટ ડીપોઝીટ	૫૦૦૦–૦૦	
યુસુફ મહેરઅલી સેન્ટર	૩૧૬૮–૦૦	
ઇન્ટરનેશનલ લેકચર સીરીઝ	૬૪૦૦–૦૦	
		૫૩૫૨૧૪–૨૩
શ્રી શાંતિલાલ ટી. શેઠ પ્રો. ફંડ	૧૬૭૬૮–૧૩	
,, એલ એમ. મહેતા પ્રો. ફંડ	૨૩૭૩૭–૨૪	
		૪૦૫૩૫–૩૭
લેણું :		
તેજપાળ હોલ		૨૦૦–૦૦
સ્ટાફ પાસે		
શ્રી શાંતિલાલ ટી. શેઠ	૩૩૭૦–૬૦	
,, એલ. એમ. મહેતા	૩૨૫૬–૩૦	
,, ચીમનલાલ એમ શાહ	૬૪૦૦–૦૦	
,, દીપક એન. શાહ	૮૮૧૩–૫૫	
પ્યુન હરિચંદ એ. નવાડે	૨૬૦૦–૦૦	
,, અશોક પલસમકર	૭૫૫૦–૦૦	
,, વિજય સાવંત	૧૮૫૦–૦૦	
		૩૪૧૪૩–૪૫

ટ્રસ્ટીઓ/હોદ્દે દ્વારા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૮૭ ના દિવસે પૂરાં થતાં વર્ષના આવક ખર્ચનો હિસાબ

આવક

ભેટના :

૧૦૦૫૦૩–૦૦	ચાલુ ભેટ	૬૫૪૮૧–૦૦	
૧૭૫૨–૦૦	પર્યુષણ વ્યાખ્યાનમાળામાં	૩૬૨–૦૦	
૧૦૨૨૫૫–૦૦			૬૫૮૪૩–૦૦

લવાજમ :

૪૧૫૦–૦૦	વસુલ આવ્યા	૩૬૪૫–૦૦	
૧૨૫૦–૦૦	બાદ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને પ્ર. જીવનની પ્રતો વિના મૂલ્યે મોકલી તેના	૧૦૦૦–૦૦	
૨૯૦૦–૦૦			૨૬૪૫–૦૦

વ્યાજ તથા કમીશનના :

૬૪૧૩–૭૦	ડીબેન્ચરો અને બોન્ડના :	૫૭૭૩–૨૦	
૬૨૮૫૫–૭૦	બેંકના ખાતાઓના	૧૦૭૮૬૨–૪૧	
૧૭૭૬૫૧–૨૨	ગવ. પ્રુ.ની ડીપોઝીટ પર	૧૮૧૬૦૩–૧૧	
૧૩૭૫૦–૦૦	યુનિટ ટ્રસ્ટના યુનિટ પર	૧૩૬૨૦–૦૦	
૩૫૦૦–૦૦	ડીપોઝીટ પર કમીશનના	૬૫૭૫–૦૦	
૨૬૪૪૭૦–૬૨			૩૧૬૦૩૩–૭૨
	બાદ : આજીવન સભ્યોને પ્ર. જીવનની પ્રત વિના મૂલ્યે મોકલી તેના		
૧૭૫૦૦–૦૦	બાદ :	૧૮૦૦૦–૦૦	
૧૧૫૫૦–૦૦	અન્ય અંકીત ફંડોને ૧૦%	૧૮૩૬૬–૦૦	
૨૬૦૫૦–૦૦			૩૬૩૬૬–૦૦
૨૬૫૪૨૦–૬૨			૨૭૬૬૩૪–૭૨
૧૧૫૦–૦૦	પરમાનંદ કાપડિયા સભાગૃહ લવાજમના		૭૦૮–૦૦
	સંગીત ક્લાસ પ્રવૃત્તિ (નેટ)		૧૨૭૬–૫૦
	કેસેટ		૬૧૬–૦૦
	આવક કરતાં ખર્ચનો વધારો		૪૦૦૬–૦૫

ખર્ચ :

વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ :

૬૩૩૭૬–૦૦	પગાર તથા બોનસ	૬૫૨૬૫–૦૦	
૭૦૪૬–૧૧	બ્લોક મેન્ટેનન્સ તથા વીજળી ખર્ચ	૧૪૨૨૦–૩૨	
— —	લીફ્ટ ખર્ચ	૨૫૪૬–૦૦	
૩૮૪૬–૦૦	પ્રીન્ટીંગ અને સ્ટેશનરી	૬૬૭૭–૮૦	
૪૭૫૦–૦૦	ટેલિફોન ખર્ચ	૬૬૦૧–૪૦	
૧૬૦–૦૦	પોસ્ટેજ	૨૬૦–૦૦	
૧૦૦૦–૦૦	ઓડિટરોને ઓનરેરિયમ	૧૫૦૦–૦૦	
૫૮૬૫–૦૦	સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ ફાળો અને વ્યાજ	૮૪૦૦–૦૦	
૨૦૮૨૫–૫૦	ગાડીભાડું, છત્રી, ડ્રેસ, અન્ય ખર્ચના	૨૧૬૨૭–૨૦	
૧૧–૫૦	બેંક કમીશન	૧૨૭–૦૦	
૧૮૮૬–૦૦	કેસેટ ખર્ચ	— —	
	મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એન્ડ ફંડ ફાળાના	૬૭૨૪–૦૦	
૬૭૬૨–૦૦	સ્ટાફ બેનીફીટ ખર્ચ, રેલ્વે પાસ, ચહા	૧૭૪૨૬–૦૦	
૧૧૦૦–૦૦	ફરનીચર ઘસારાના	૧૮૧૦–૦૦	
	પ્રોફેશ્નલ ટેક્ષ	૨૫૦–૦૦	
૧૪૬૬૬૧–૧૧			૧૮૬૪૬૪–૭૨

ઉદ્દેશો અંગે :

શૈક્ષણિક :

૬૨૧–૦૦	પરિસંવાદ	૩૮૬૮–૦૦	
૧૦૦૦૩–૦૦	રમકડાં ઘર	— —	
૨૭૨–૫૦	મરાઠી ગોષ્ટી ખર્ચ	— —	
૨૧૪૬–૦૦	હિન્દી ગોષ્ટી લેકચર ખર્ચ	૭૮૫–૦૦	
૧૬૧–૦૦	અભ્યાસ વર્તુળ ખર્ચ	૨૬૪૭–૫૦	
૧૬૦૦–૦૦	શ્રેષ્ઠ લેખક પારિતોષિક	૧૬૦૦–૦૦	
૬૦૬૨–૮૦	વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ	૬૨૫૨–૨૦	
૩૪૫૧–૭૫	વિજયવલ્લભસૂરિ વ્યાખ્યાનમાળા	૬૭૫૦–૫૦	
૩૮૭૬–૦૦	વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખર્ચ	૨૬૩૧–૫૦	
૪૧૮૨૫–૮૦	પર્યુષણ વ્યાખ્યાનમાળા ખર્ચ	૪૫૪૭૬–૨૫	
૪૬–૫૦	લંડન સ્પોન્સર	— —	

	— — પુસ્તક ભેટ	૫૦૧૦–૦૦	
	— — પર્યટન ખર્ચ	૫૫૩૩–૦૦	
	— — મહિલા વકતૃત્વ	૧૬૩૪–૫૦	
	સંઘના ઉદ્દેશ અંગે ખર્ચ	૮૨૯૭–૦૦	
	યોગના કલાસ	૫૪૦–૦૦	
૭૩૪૨૪–૩૫			૬૪૬૫૮–૪૫
	વૈદ્યકીય :		
૧૭૯૫૧–૦૦	નેત્રયજ્ઞ	૩૭૧૫૮–૬૦	
૧૯૪૯–૦૦	શ્રમ મંદિર રકતપીત્ત	૪૧૫૬–૦૦	
૩૦૦૦૦–૦૦	અન્ય સંસ્થાઓને		
૪૯૯૦૦–૦૦			૪૧૩૧૪–૬૦
	અન્ય હેતુ :		
૫૧૮૫–૦૦	અનાજ રાહત		
૨૩૦૧૧–૦૦	સ્નેહ સંમેલન	૧૬૫૬૬–૫૦	
૪-૨૪	સરવૈયાફેરના	— —	
૧૩૫૦૦–૦૦	અન્ય સંસ્થાઓને	૧૦૦૦૦–૦૦	
૪૧૭૦૦–૨૪			૨૬૫૬૬–૫૦
૫૭૦૩૬–૬૨	વર્ષ દરમિયાન ખર્ચ કરતાં આવકનો વધારો		૧૬૫૫૭૨–૫૫
૩૭૧૭૨૫–૬૨		૩૭૧૭૨૫–૬૨	૩૫૫૦૩૭–૨૭

ટ્રસ્ટીઓ હોદ્દેકારો

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને અમારા જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઇ તા. ૨૩–૩–૧૯૮૬

ઉત્તમચંદ એસ શાહ

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

ઓડિટર્સ

તા. ૩૧–૧૨–૮૬

૩૭૧૭૨૫–૬૨ ૩૫૫૦૩૭–૨૭

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-મુંબઈ

તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૮૭ના દિવસે પૂરાં થતાં વર્ષનો શ્રી 'પ્રબુદ્ધ જીવન'નો આવક ખર્ચનો હિસાબ

૩૧-૧૨-૧૯૮૬	આવક :			૩૧-૧૨-૧૯૮૬	ખર્ચ		
	લવાજમ :			૪૮૦૦-૦૦	પગાર તથા બોનસ	૪૮૦૦-૦૦	
૬૬૪૭-૦૦	વસુલ આવ્યા	૮૮૩૮-૦૦		૩૭૬૫૨-૫૪	પ્રીન્ટીંગ	૪૪૫૦૩-૮૫	
૧૨૫૦-૦૦	પ્રબુદ્ધ જીવનની પ્રત વિનામૂલ્યે			૩૦૦૪૦-૦૦	પ્રબુદ્ધ જીવન માટે પેપર ખરીદ્યો	૨૦૪૫૦-૭૫	
	સભ્યોનો મોકલી તેના : ૧૦૦૦-૦૦			૭૪૭૨-૬૫	પોસ્ટેજ	૧૨૬૮૮-૬૫	
૧૭૫૦૦-૦૦	આજીવન સભ્યોને પ્રબુદ્ધ જીવનની			૫૦૦૮-૫૦	પુરસ્કાર	૩૫૦૪-૦૦	
	પ્રત વિનામૂલ્યે મોકલી તેના : ૧૮૦૦૦-૦૦			૨૬૨૨-૦૦	પરચુરણ ખર્ચ	૧૧૭૪-૦૦	૮૭૧૨૧-૨૫
		૧૯૦૦૦-૦૦					
૨૮૬૯૭-૦૦			૨૭૮૩૮-૦૦				
૨૭૬-૦૦	ભેટ		૨૬૧-૦૦				
૫૮૯૨૨-૬૯	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૫૬૦૨૨-૨૫				
૮૭૮૬૫-૬૯			૮૭૧૨૧-૨૫	૮૭૮૬૫-૬૯			૮૭૧૨૧-૨૫

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર માલુમ પડ્યો છે.

ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ અકાઉન્ટન્ટસ
ઓડીટર્સ

મુંબઈ તા. ૨૩-૩-૧૯૮૮

ટ્રસ્ટીઓ/હોદ્દેદારો

૩૧-૧૨-૧૯૮૭ના રોજ પૂરાં થતાં વર્ષનો

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય–મુંબઈ

તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૮૭ ના દિવસનું સરવૈયું

૧૯૮૬	ફંડો અને દેવું :-			૧૯૮૬	મિલકત અને લેણું :-		
	કાયમી ફંડો :-				ઇન્વેસ્ટમેન્ટસ :-		
૧૦૭૮૬૪–૦૦	ગયા સરવૈયા મુજબ		૧૦૭૮૬૪–૦૦		ફીકસ ડીપોઝીટ :-		
	શ્રી પુસ્તક ફંડ :-			૫૦૦૦૦–૦૦	હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ્સ લિ.		૫૦૦૦૦–૦૦
૫૫૦૦–૦૦	ગયા સરવૈયા મુજબ		૫૫૦૦–૦૦		ફર્નીચર :- (ખરીદ કિંમતે)		
	શ્રી ફર્નીચર ફંડ :-			૧૦૬૯૫–૯૩	ગયા સરવૈયા મુજબ	૧૫૬૬૧–૬૩	
૨૪૦૦–૦૦	ગયા સરવૈયા મુજબ		૨૪૦૦–૦૦	૫૨૬૫–૭૦	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી :	૩૨૨૬– ૦	
	શ્રી રીઝર્વ ફન્ડ :-			૧૫૬૬૧–૬૩			૧૬૧૮૭–૬૩
૩૧૬૭૩–૪૨	ગયા સરવૈયા મુજબ		૩૧૬૭૩–૪૨	૭૫૪૫–૯૩	બાદ : કુલ ઘસારાના : ગયા સરવૈયા મુજબ	૮૩૮૬–૬૩	
૧૪૭૪૬૭–૪૨				૬૪૦–૭૦	બાદ : વર્ષ દરમિયાન ઘસારાના	૭૫૭–૦૦	૬૧૪૩–૬૩
	દેવું :-		૧૪૭૪૬૭–૪૨	૮૩૮૬–૬૩			૧૦૦૪૪–૦૦
૧૫૩૪૬–૦૦	પુસ્તકો અંગે ડીપોઝીટ		૧૬૮૦૬–૦૦	૭૫૭૫–૦૦			
૪૫૩૭–૭૨	સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના		૬૧૧૦–૧૨		પુસ્તકો (ખરીદ કિંમતે)		
૧૭૬૬૮૨–૭૩	શ્રી મુંબઇ જૈન યુવક સંઘના		૨૦૮૦૬૧–૭૩	૮૨૦૧૭–૩૫	ગયા સરવૈયા મુજબ	૮૨૬૧૭–૬૦	
૧૦૦૦–૦૦	ખર્ચ અંગે		૧૦૦૦–૦૦	૧૩૮૬૦–૫૫	ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી :	૧૭૬૬૪–૧૫	
૨૦૦૫૬૬–૪૫			૨૩૮૦૦૭–૮૫	૯૫૮૭૭–૬૦		૧૦૦૬૧૨–૦૫	
				૧૨૬૬૦–૦૦	બાદ : વર્ષ દરમિયાન ઘસારાના		
				૮૨૬૧૭–૬૦	લખી વાળ્યા	૧૨૩૦૦–૦૦	
					લેણું :-		૮૮૬૧૨–૦૫
					મ્યુનિસિપાલિટી ઑક્ટના આવવાના બાકી	૧૦૦૦૦–૦૦	
				૧૦૦–૦૦	સ્ટાફ પાસે	— —	
							૧૦૦૦૦–૦૦

ચાલુ વર્ષ ૮૭–૮૮

	રોકડ તથા બેંક બાકી :-		
૧૫૦૬૩–૬૯	બેંક ઓફ ધ્રન્ડિયા બચત ખાતે (ટ્રસ્ટના નામે)	૮૦૩૨–૭૪	
૪૯–૫૯	રોકડ પુરાંત	૫૩–૬૨	
૧૫૧૧૩-૨૮			૮૦૮૬–૩૬
	શ્રી આવક ખર્ચ ખાતું :-		
૧૭૩૮૧૦–૧૪	ગયા સરવૈયા મુજબ	૧૬૨૩૨૭–૬૯	
૧૦૦૦૦–૦૦	બાદ : મુંબઇ મ્યુનિસિપાલિટીના ગ્રાંટના લેણા	૧૦૦૦૦–૦૦	
૧૬૩૮૧૦–૧૪		૧૮૨૩૨૭–૬૯	
૨૮૫૧૭–૫૫	ઉમેરો : વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો	૩૬૪૦૫–૧૭	
૧૬૨૩૨૭–૬૯			૨૧૮૭૩૨–૮૬

ઓડીટરોનો રિપોર્ટ :-

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય, મુંબઇનું તા. ૩૧–૧૨–૮૭ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર લાયબ્રેરીના ચોપડા અને વાઉચરો વગેરે તપાસ્યા છે. અમારા ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ઓડીટર્સ

મુંબઇ તા. ૨૨–૩–૧૯૮૮

૩૪૮૦૩૩–૮૭	કુલ રૂા.	૩૮૫૪૭૫–૨૭	૩૮૫૪૭૫–૨૭

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય–મુંબઈ

તા. ૩૧–૧૨–૮૭ ના દિવસે પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

૩૧–૧૨–'૮૬	આવક			૩૧–૧૨–'૮૬	ખર્ચ		
	વ્યાજ અને કમિશન				**વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ**		
૧૭૪–૭૦	બેંકનાં વ્યાજનાં વગેરે	૬૭૮–૪૨		૭૮૧૩–૬૫	પેપર લવાજમ	૮૧૬૯–૧૦	
૭૨૫૦–૦૦	ગવ. કંપનીની ફીક્સ ડીપોઝીટનું	૭૮૦૬–૧૬		૪૧૩૬૫–૦૦	પગાર તથા બોનસ વગેરે	૪૩૪૭૭–૦૦	
૭૪૨૪–૭૦			૮૪૮૪–૫૮	૧૩૩૦–૦૦	બુક બાઇન્ડિંગ	૧૩૬૯–૫૦	
	ભેટનાં :			૧૬૧૩–૪૦	પ્રો. ફંડ ફાળાના તથા તેના પર વ્યાજના	૨૭૩૬–૦૦	
૫૦૦૦–૦૦	અન્ય ટ્રસ્ટો તરફથી	૨૫૦૦૦–૦૦		૧૦૫–૦૦	વિમા પ્રિમિયમનાં	૧૦૫–૦૦	
૧૬૬૩૦–૦૦	ભેટનાં	૧૧૭૨–૦૦		૫૨૨૭–૦૫			૫૫૮૫૬–૬૦
૭૨૮૦–૦૦	પુસ્તક લવાજમનાં	૭૬૫૨–૦૦			**વ્યવસ્થા ખર્ચ :**		
૨૧૬૧૦–૦૦			૩૪૧૨૪–૦૦	૧૦૦૦–૦૦	ઓડિટરને ઓનેરિયમના	૧૦૦૦–૦૦	
	પરચુરણ આવક :			૬૬૮–૦૦	સ્ટાફને : ચહા, રેલ્વે પાસ, મેડીકલ, છત્રી		
૮૨૪–૨૦	પસ્તી વેચાણનાં	૭૮૮–૦૦			અને અન્ય સાફસફાઈ, પરચુરણ ખર્ચના	૬૩૫૦–૭૫	
૬૧૭૫–૦૦	જુની જમા ડીપોઝીટના માંડી વાળ્યા	—		૬૨–૦૦	પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી	૧૦૧૮–૦૦	
૫૨૧–૩૦	લેઇટ ફીનાં	૨૩૮–૬૦		૫૦–૦૦	પ્રોફેશનલ ટેક્ષ	૨૫૦–૦૦	
૪૮૫–૦૦	દાખલ ફીનાં	૪૬૫–૦૦		૬૮૩૦–૦૦			૧૧૬૧૮.૭૫
૮૦૦૫–૫૦			૧૫૨૧–૬૦		**ઘસારાનાં :**		
૪૭૩૪૦–૨૦				૮૪૦–૭૦	ફર્નીચર પર ઘસારાનાં ૧૦%	૭૫૭–૦૦	
૨૮૫૧૭–૫૫	વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો		૩૬૪૦૫–૧૭	૧૨૬૬૦–૦૦	પુસ્તક પર ઘસારાનાં ૧૫%	૧૨૩૦૦–૦૦	
				૧૩૮૦૦–૭૦			૧૩૦૫૭–૦૦
૭૫૮૫૭–૭૫			૮૦૫૩૫–૩૫	૭૫૮૫૭–૭૫			૮૦૫૩૫–૩૫

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર માલુમ પડ્યો છે.

ઉત્તમચંદ એસ. શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
ઓડીટર

મુંબઈ તા. ૨૨–૩–૧૯૮૮

ટ્રસ્ટીઓ

તા. ૧૨–૫–૮૮ મણિલાલ મોકમચંદ શાહ 13

વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા આ વર્ષે પણ તા. ૧૯, ૨૦ અને તા. ૨૫ મી એપ્રિલ, ૧૯૮૮ના રોજ ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં સાંજના સમયે યોજવામાં આવી હતી. 'આર્થિક અંધાધૂંધી: દેખાય છે કોણ માર્ગ?' એ વિષય પર ભારતના ભૂતપૂર્વ નાણાપ્રધાન શ્રી સી સુબ્રમણ્યમ્, સામ્યવાદી સિદ્ધાંતોના સમર્થ વિદ્વાન શ્રી મોહિત સેન અને નાણાકીય બાબતોના પ્રખર અભ્યાસી શ્રી એચ. પી. રાનીનાનાં વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો થયાં હતા.

સી. સુબ્રમણ્યમે કહ્યું હતું કે આત્યાધુનિક ટેકનોલોજીને કામે લગાડયા વિના દેશ ધારેલી પ્રગતિ કરી શકશે નહીં. કૃષિક્ષેત્રે પણ દુષ્કાળનો સામનો કરી શકે તેવાં ઉત્પાદક બીજ વિકસાવીને તેનો ઉપયોગ કરાવો જરૂરી છે. સિંચાઇવાળા વિસ્તારમાં ભારે ઉત્પાદકતા ધરાવતા બીજનો ઉપયોગ કરવો જોઇએ. વરસાદ પર આધારિત જમીન માટે અલગ વ્યૂહ કામે લગાડવા પડશે. અનેક સ્થળોએ સિંચાઇનું પાણી ખારું થઇ ગયું હોવાના કે પાણી ભરાઇ ગયું હોવાની સમસ્યા છે તે દૂર કરવી પડશે. વસતિવધારાને કાબૂમાં લેવાની, દેશના નાગરિકો અને ખાસ કરીને બાળકોને પૌષ્ટિક આહાર તથા ફરજિયાત શિક્ષણ પૂરું પાડવાની ખાસ જરૂર છે. દેશની પ્રગતિ માટે લોકો શિક્ષિત હોય તે અનિવાર્ય છે. વિશ્વના બીજા દેશોની જેમ ભારતમાં પણ અર્થતંત્રમાં અંધાધૂંધી દ્રષ્ટિગોચર થાય છે. આ માટે મુખ્યત્વે ભ્રષ્ટાચાર, ગંભીર દુકાળ, સંરક્ષણ પરનો મહાકાય ખર્ચ, ભારે ખાધવાળું અંદાજપત્ર વગેરે જવાબદાર છે. ભ્રષ્ટાચારે માણસોની તથા કાર્યોની ગુણવત્તા સાવ ઉતારી પાડી છે. રાજકીય વર્ગ તથા ભ્રષ્ટાચારને કારણે લાયક ન હોય તેવા લોકોની નિમણૂક કરાય છે. જાહેર જીવનમાંથી ભ્રષ્ટાચારનું નામોનિશાન મિટાવી દેવા લોકોએ જેહાદ ચલાવવી જોઇએ.

દુકાળને પગલે દેશમાં અન્નનું ઉત્પાદન ઓછું થયું છે. ૧૯૮૫-૮૬માં આ ઉત્પાદન ૧૫ કરોડ ટન જેટલું હતું; જે હવે ઘટીને ૧૩.૪ કરોડ ટન થઇ ગયું છે. કૃષિ ઔદ્યોગિક પર આધારિત છે અને તેમાં ખાસ વિકાસ થયો નથી. માત્ર સિંચાઇના પાણીનો જ પૂરતો ઉપયોગ કરાય તો ઉત્પાદનમાં સો ટકાનો વધારો થઇ શકે તેમ છે. કૃષિ-વિજ્ઞાનમાં આપણે બીજા દેશોની બરાબરી કરી શકે તેવી ટેકનોલોજી ધરાવીએ છીએ, પરંતુ સૌથી મોટી સમસ્યા યોજનાઓના યોગ્ય અમલીકરણની છે. આયોજન કરવામાં આપણે સર્વોત્તમ છીએ, પરંતુ અમલીકરણમાં આપણે અત્યંત નબળો દેખાવ કરીએ છીએ.

શ્રી મોહિત સેને પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું કે આપણા દેશમાં આયોજન તથા જાહેર ક્ષેત્રે અર્થતંત્રની પ્રગતિમાં ચાવીરૂપ ભાગ ભજવ્યો છે. આ ક્ષેત્રમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાની, જરૂરી ચીજવસ્તુઓના ભાવોને નિયંત્રણમાં લેવાની, ઉત્પાદક રોજગારીમાંના વધારા દ્વારા ગરીબી પર સીધો પ્રહાર કરવાની, જમીન સુધારણાનો લાભ નાના કે જમીનવિહોણા ખેડૂતોને આપવાની ખાસ જરૂર છે. કૃષિ ક્ષેત્રે પણ આવકવેરો લાગુ કરવાની આવશ્યકતા છે. આપણા દેશના કેટલાક મહત્ત્વના પ્રશ્નો ઉકેલાયા નથી અને બીજા કેટલાક પ્રશ્નો વધુ ગંભીર બન્યા છે. આમ છતાં દેશના અર્થતંત્રમાં અંધાધૂંધી સર્જાઇ છે એમ કહેવું ઉચિત નથી. દેશનું અર્થતંત્ર વિરોધાભાસી ચિત્ર ઉપસાવે છે તે કબૂલ કરવું રહ્યું. જો કે ભારતે આઝાદી બાદ સારી એવી પ્રગતિ કરી છે અને અર્થતંત્ર વધુ સક્ષમ બન્યું છે. આપણા દેશના અર્થતંત્રને જાપાન કે પશ્ચિમ જર્મનીના અર્થતંત્ર સાથે સરખાવી ન શકાય; કારણ કે આઝાદી બાદ આપણે શૂન્યથી શરૂઆત કરી છે. જ્યારે આ દેશો બીજા વિશ્વયુદ્ધમાં પરાજિત થયા ત્યારે વિકસિત હતા. ભારતની સરખામણી પાકિસ્તાન તથા ત્રીજા વિશ્વના દેશો સાથે કરી શકાય. ભારતનું અર્થતંત્ર તેમની સરખામણીમાં અત્યંત સદ્ધર છે.

શ્રી એચ. પી. રાનીનાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે છેલ્લાં અનેક વર્ષોમાં સરકારની ખોટી આર્થિક નીતિઓ છતાં ઔદ્યોગિક વિકાસ થતો રહ્યો છે, તે આ દેશના અંગભૂત સામર્થ્યને આભારી છે. આજે ભારત વિશ્વની નવમા ક્રમાંકિત ઔદ્યોગિક સત્તા છે. સરકારની અનેક નીતિઓ અને કાયદા માનવસ્વભાવથી વિપરિત છે અને તે વેરો છુપાવવાનો તથા કાળાં નાણાંના સર્જન માટે સીધું પ્રોત્સાહન પૂરું પાડે છે. બીજી અનેક નીતિઓ અને કાયદા ઔદ્યોગિક વિકાસમાં નાહક બાધારૂપ થાય છે. આવી નીતિઓ અને કાયદા બદલવા આવશ્યક છે. ખોટી નીતિઓને કારણે અર્થતંત્ર અસ્તવ્યસ્ત થઇ ગયું છે. ભાવ-વધારો, વિદેશ વ્યાપારની અસમતુલા, જાહેર ક્ષેત્રની નબળી કામગીરી, કાળું નાણું, ઓછો થતો જતો ઔદ્યોગિક વિકાસ વગેરે અર્થતંત્રના વિકાસમાં બાધારૂપ બની રહેલાં મુખ્ય પરિબળો છે. ભાવવધારો એ એક પ્રકારનો આડકતરો વેરો છે, જે ગરીબો પર સૌથી વધુ અસર કરે છે. સરકારને માત્ર કઇ રીતે વધુને વધુ વેરો જમા કરવો તેની ચિંતા છે. સરકારી ખર્ચની ૪૦ ટકા રકમ ચવાઇ કે ઘેડકાઇ જાય છે. સરકારે તેના બિનઉત્પાદક ખર્ચમાં ધરખમ કાપ મૂકીને લોકોનો દરેક પૈસો સાચી રીતે વપરાય તેની કાળજી રાખવાની જરૂર છે. આ રીતે બાધ-વિનાનું અંદાજપત્ર તૈયાર કરી શકાશે અને તેને પરિણામે ભાવવધારા પર પણ કાબૂ મેળવી શકાશે.

વ્યાખ્યાનમાળાના કાર્યક્રમનો પ્રારંભ શ્રી મનમોહન સાય-ગલની મંગલ પ્રાર્થનાથી થયો હતો. શ્રી સી. સુબ્રમણ્યમે દીપ પ્રગટાવી આ વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. વ્યાખ્યાન-માળાના પ્રમુખ શ્રી અમરભાઇ જરીવાલાએ વ્યાખ્યાતાઓનો પરિચય કરાવ્યો હતો. સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કર્યું હતું. પ્રથમ દિવસે સંઘની સમિતિના સભ્ય શ્રી સુબોધભાઇ એમ. શાહે, બીજા દિવસે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના મહામંત્રી શ્રી રામુ પંડિતે અને ત્રીજા દિવસે સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે આભારવિધિ કરી હતી. ત્રણે વ્યાખ્યાનોમાં સારી એવી સંખ્યામાં લોકોએ હાજરી આપીને રસપૂર્વક આ વ્યાખ્યાનોનો આસ્વાદ માણ્યો હતો. અને તેમાંના કેટલાક શ્રોતાઓએ વ્યાખ્યાન પછીની પ્રશ્નોત્તરીમાં પણ ભાગ લઇ પોતાની જિજ્ઞાસા સંતોષી હતી.

ધન્ય ગુરુ! ધન્ય શિષ્ય!

(પૃષ્ઠ ૧૪થી ચાલુ)

સભા બરખાસ્ત થઇ. આ કોયડાનો ઉકેલ-અંત ન આવે ત્યાં સુધી બીજી વાતમાં કોઇને રસ ન રહ્યો. સૌ રાત ક્યારે પડે તેની વાટ જોવા માંડ્યા.

આચાર્ય હેમચન્દ્ર ઉપાશ્રયમાં જઈ એકાંતમાં ઓઝલ થઈ ગયા. આજે અમાસ જ છે-એવી પાકા પાયે ખાતરી ધરાવતા દ્વેષીલા પંડિતો, કાલે કલિકાલસર્વજ્ઞનું બિરુદ ગુરુનું રદ શી રીતે કરાવવું તેની વેતરણમાં પડી ગયા.

જોતજોતામાં સંધ્યા ઢળી. કંકુવરણા આભલામાં ગોધણની રજોટી ભળતાં આકાશ ધૂંધળું થતું ચાલ્યું. સૌ કોઇની, રાજાની ને નગરજનોની ને પંડિતોની ને ધર્મગુરુઓની નજર ઉગમણી દિશે નોંધાયેલી હતી. ઘડીએક વીતી ત્યાં તો સૌના અચરજ વચ્ચે પૂર્વ દિશાના ખોળે પૂનમના ચાંદનો ઉદય થતો વર્તાયો અને બે-ત્રણ ઘડીમાં તો એણે પોતાની સોળે કળા વિસ્તારી, ચાંદનીની વૃષ્ટિ કરતાં કરતાં ધરતી ઉપર પોતાનો પ્રભાવ અને પ્રકાશ પાથરી દીધો!

આકાશમાં જેમ જેમ ચાંદની વિસ્તરતી ગઇ તેમ તેમ ટીકાકારોનાં મોં પર કાલિમા પથરાતી ગઇ એ તો અલગ વાત છે; પણ રાજા કુમારપાળને ખુદને જ શંકા પડી કે ગુરુએ કોઈ ઇન્દ્રજાળ તો નથી રચીને? કોઇ માયાજાળ કે નજરબંધી તો નહિ હોય? એણે તરત જ ઘોડેસવાર સેવકોને ચારે દિશાએ તપાસ કરવા આદેશ આપ્યો.

સંબંધ ગુરુ-શિષ્યનો સાચુકલો, છતાં તેમાં અંધશ્રદ્ધાનો છાંટો નહિ, તે આનું નામ!

વીસ-વીસ, પચીસ પચીસ ગાઉ સુધી પેલા ઘોડેસવારો દોડ્યે જ જાય છે. પરોઢ થયું ત્યાં સુધી ઘોડા દોડાવ્યે જાય છે. પણ જ્યાં જાય છે ત્યાં સર્વત્ર ચાંદની! જ્યાંથી જુએ છે ત્યાંથી આકાશમાં વિલસતો ચંદ્રમા દેખાયા કરે છે! સેવકોની શંકા નિર્મૂળ બની. સવાર પડતાં તે પાછા ફર્યા. રાજાજીને હકીકતથી વાકેફ કર્યા. રાજાજીએ કાન પકડ્યો. ટીકાકારોનાં મોં બંધ! નગરમાં ચૌરે ને ચૌટે આચાર્યની પ્રશંસા અને પ્રશસ્તિ રચાતી રહી!

આચાર્ય હેમચન્દ્ર જેટલા યોગબળના ધણી તેટલા જ સાધુતાના પણ એ સ્વામી. પાંચ પાંચ મહાવ્રત એમણે આજીવન ધરેલાં. એમાં એક મહાવ્રત તે મશ્કરીમાં પણ અસત્ય ન બોલવું તે. આ બધાં વ્રતનું અખંડ અને અણીશુદ્ધ પાલન કરવામાં આચાર્ય ખડકશા અડોલ અને અચલ હતા.

પૂનમનો ને અમાસનો પ્રસંગ તો પૂરો થઈ ગયો. પણ ગુરુના મનમાં એક વાત ઊગી આવી. એમને થયું કે હકીકતમાં હતી તો અમાસ જ. મારાથી ઉતાવળમાં, પ્રમાદને લીધે 'પૂનમ' બોલાઈ ગયું પણ તે તો મૃષાવાદ છે મારો! યોગબળથી ચન્દ્ર અને ચાંદની ભલે હું દેખાડી શકયો; પણ અસત્યને સત્ય બનાવવાની મારી ક્ષમતા નથી. અસત્ય તો સદા અસત્ય જ રહેશે. ના, મારે મારી ભૂલને સુધારવી જ જોઇએ.

સત્યની ઉપાસના કરે તે સાધુ. સત્યોપાસક સાધુ સ્વચ્છંદી ન હોય, એને માથે સંઘનું શિરછત્ર અવશ્ય હોય.

ગુરુ હેમચન્દ્ર. મહાન આચાર્ય, મહાન વિદ્વાન, મહાન સંત છતાં સ્વતંત્ર-સ્વચ્છંદ નથી. સંઘનું શિરછત્ર એમના શિરે હમેશાં ધરાયેલું જ રહે છે. આવા ગુરુએ તરત જ સકલ સંઘને બહુમાનપૂર્વક આમંત્રણ્યો.

સંઘ ભેગો થયો. સંઘના મોભી હતા આચાર્ય. અને ખુદ આચાર્ય ચતુર્વિધ સંઘને આમંત્રે ત્યારે કોણ જાણે કેવી યે વાત હશે, એટલે આખોયે સંઘ આચાર્ય પાસે ઉપસ્થિત થયો.

સંઘના મોવડીઓ તો ગુરુને અભિનંદન આપવાનું મનોમન ગોઠવીને આવ્યા હતા. પણ તેમને એવું કરવાની તક જ ચતુર ગુરુએ લેવા ન દીધી!

ઉપસ્થિત શ્રી સંઘ સમક્ષ ગુરુ હેમચન્દ્રે, ઊભા થઇ, બે હાથ જોડી, નમ્ર સૌમ્યભાવે પોતાની હકીકત નિવેદી: 'મહાનુભાવો! તે દિવસે રાજસભામાં મેં અમાસને પૂનમ ભૂલભૂલમાં કહી હતી. તે મારો પ્રમાદ અને અસત્યવાદ હતો. એટલું જ નહિ, પણ યોગબળ દ્વારા એ અસત્યવચનની મેં પુષ્ટિ થાય તેવી પ્રવૃત્તિ પણ કરી છે.'

'હું જિનશાસનનો વ્રતધારી સાધુ છું, આચાર્ય છું. પ્રસંગવશ મારાથી અસત્યવાદ થયો છે; પણ તે મારા જેવા માટે ઉચિત ન ગણાય. મારી એ ભૂલ છે.'

'મારી એ ભૂલને શ્રી સંઘની સામે કબૂલ કરવા, તેની ક્ષમા માગવા મેં આપ શ્રી સંઘને અત્રે આમંત્રણ્યા છે. હવે શ્રી સંઘને ઠીક લાગે તે પ્રાયશ્ચિત્ત મને આપે તેવી મારી વિજ્ઞપ્તિ છે...'

સંઘ થીજી ગયો! રે! આવા મહાન આચાર્ય ને આવી લઘુતા? આવા ધર્મપ્રભાવક પુરુષ ને આવી પાપભીરુતા! ધન્ય ધન્ય! સૌના મોંમાંથી 'ધન્ય ધન્ય' શબ્દો સરી રહ્યા!

શ્રી સંઘે પણ પોતાની વડાઈ જાળવી રાખી. આવા મહાન સાધુપુરુષ સંઘ સમક્ષ નિખાલસભાવે ક્ષમા પ્રાર્થે એથી અધિક એમને શું પ્રાયશ્ચિત્ત હોઈ શકે?

સંઘની આમન્યા આચાર્યે જાળવી.

આચાર્યની અદબ સંઘે જાળવી.

'વ્યકિત નહિ, સંઘ જ મહાન' એ સિધ્ધાંતનું આદર્શ-પાલન એ દિવસે આચાર્ય હેમચન્દ્રે કરી બતાવ્યું અને 'સંઘની શોભા આવા ધર્મપુરુષો જ છે' એ ઉકિતને સંઘે ચરિતાર્થ કરી બતાવી...

આવા ધર્મગુરુ મેળવવા બદલ રાજા કુમારપાળ પોતાની જાતને અભિનંદી રહ્યો.

ધન્ય ગુરુ! ધન્ય શિષ્ય!

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રન્થ શ્રેણી

ગ્રન્થ ચોથો

જિનતત્ત્વ ભાગ-૨

લેખક : ડૉ. રમણલાલ ચી. શાહ

પ્રગટ થઈ ગયો છે.

મૂલ્ય રૂા. ૨૦/-

-: પ્રકાશક :-

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

૩૮૫, સરદાર વી. પી. માર્ગ,

મુંબઇ-૪૦૦ ૦૦૪ ફોન : ૩૫૦ ૨૯૬

નોંધ : સંઘના સર્વ સભ્યોને માટે કિંમત રૂપિયા ૫'૬૨

ધન્ય ગુરુ ! ધન્ય શિષ્ય !

પ. પૂ. પં. શીલચન્દ્રવિજય ગણિ

આચાર્ય હેમચન્દ્ર.....

રાજા કુમારપાળ.....

એક ગુરુ, એક શિષ્ય.

ગુરુ સંસ્કારપુરુષ, શિષ્ય વીરપુરુષ.

ગુરુ કલિકાલસર્વજ્ઞ, શિષ્ય પરમ આર્હત.

ગુરુએ ગુર્જરભૂમિમાં દયા, વિદ્યા અને સંસ્કારિતાનાં બી રોપ્યાં, તો શિષ્યે બાગબાન જેવી માવજત આપી એ બીને ઉછેર્યાં, વિકસાવ્યાં ને પ્રસરાવ્યાં.

ગુરુ હેમચન્દ્ર યોગબળના ધણી, તો શિષ્ય કુમારપાળ બાહુબળનો પ્રતાપી સ્વામી.

ગુરુ-શિષ્યની આ જુગતે જોડી જામી છે. ગુરુને શિષ્ય ઉપર અદકેરાં હેત છે. શિષ્યને ગુરુ પ્રત્યે અનેરી પ્રીત છે.

શિષ્યનું અને શિષ્ય દ્વારા સમસ્ત પ્રજાનું ભલું કરવું એવી ગુરુની નેમ છે, તો આવા કલ્યાણમિત્ર ગુરુનું વેણ ન ઉથાપવું એવા શિષ્યનાં નીમ છે. ગુરુને હોંશ છેઃ જીવતરને સહુનાં ભલાં કાજે ખરચવાની; ને શિષ્યને વિશ્વાસ છેઃ ગુરુ જે કહે-કરે તેથી ભલું જ થશે.

આવા ગુરુ ને આવા શિષ્ય,

એક સાધુ ને બીજો સંસારી.

છતાં બન્નેને એકબીજા વિના ઘડીએ ચેન ન પડે.

છતાં બન્ને પોતાની કરણી અને મર્યાદા લોપતા નથી, ચૂકતા નથી.

શિષ્ય રાજા છે. સોલંકીવંશનો ગૂર્જર સમ્રાટ છે. અઢાર અઢાર રાજ્યોનો એ સ્વામી છે. ચૌલુક્યોનો સૂર્ય એના શાસન-કાળમાં મધ્ય આકાશે હજાર હજાર કિરણે પ્રકાશે છે. એની વીરતાનાં તેજમાં ભલાભલા નરેશો અંજાય છે, એની વીરતાની ધાક સૌ બળિયાઓને થરથરાવે છે.

અને છતાં એની દયાનો કોઈ પાર નથી. અકારણ કોઇ જીવની હિંસા ન થાય તે માટે તેણે આખા રાજ્યમાં તકેદારી રાખી છે. એની દયા, એની અહિંસા એ કાયરની નહિ; પણ વીરની દયા છે. અને આ વીરત્વમઢી દયાના પ્રેરણાહાર છે ગુરુ હેમચન્દ્ર, ગૂજરાતની સંસ્કારગંગોત્રી.

આવા શિષ્ય ને આવા ગુરુ, બન્ને એક વેળા રાજસભામાં બેઠા છે. દરબાર ભર્યો છે. મંત્રીઓ અને અમાત્યે, સેનાપતિઓ અને શેઠિયાઓ, છયે દર્શનના ધર્મગુરુઓ અને પંડિતો... બધા બેઠા છે. જ્ઞાનગોષ્ઠી ચાલી રહી છે. બુદ્ધિની કસરત અને અકકલની મૂઠભેડ જામી છે.

આ બધામાં કેન્દ્રસ્થાને વિરાજે છે ગુરુ હેમચન્દ્ર. ગમે તે ચર્ચા ચાલે, ગમે તે મુદ્દા પર વિવાદ થાય, ગમે તેવો કોયડો આવે, એનો કોઇ રીતનો ઉકેલ સાંપડે તોય અને ન સાંપડે તોય, રાજા કુમારપાળની નજર મૃદુમધુર સ્મિત રેલાવ્યે જતા ગુરુ હેમચન્દ્ર ઉપર જ ઠરતી. છેવટનો ઉકેલ કે નિચોડ એમણે આપવાનો જ રહેતો. અને એમનો શબ્દ પડતાં જ બધાના નિચોડો અને ઉકેલો ઝંખવાણા પડી જતા...અકાટય તર્ક અને વિલક્ષણ – છતાં પ્રેમાળ – બુદ્ધિબળ એમની આગવી મૂડી હતી. એટલે એમના મોંમાંથી નીકળતો જવાબ આખરી જ નહિ, પણ યથાર્થ અને નિષ્પક્ષ પણ રહેતો.

આજે પણ બુદ્ધિની આવી જ કસરત જામી છે. સવાલ ને જવાબ, ખંડન ને મંડન, દલીલો ને તર્કો..... અનંત ચર્ચાઓ ચાલી રહી છે.

વાતમાં વાત આવતાં અચાનક રાજાજીએ ગુરુને પૂછી દીધું: 'મહારાજ, આજે કઈ તિથિ?'

વાતનો વિષય જુદો હતો. કોઇક રસિક ચર્ચા ચાલી રહી હતી. ને એમાં એકાએક આવો, વિષય બહારનો પ્રશ્ન આવતાં, ગુરુના મોંમાંથી સહસા નીકળી ગયું: 'આજે તો પૂનમ છે.'

ગુરુનાં આ વેણ કાને પડતાં જ આખી સભા ખડખડ હસી પડી. પંડિતો પણ અરસપરસ તાળી આપતાં હસી રહ્યા. એકાએક આ તાલ જોતાં ગુરુના કે રાજાના મનમાં કાંઇ ખ્યાલ ન બેઠો. એ કળી ગયેલા પંડિત વામકરાશિ બોલ્યાઃ 'મહારાજ, તમને થતું હશે કે આ બધા કેમ હસે છે, નહિ? પણ અમે કાંઇ ગમાર નથી મહારાજ, આ તો અમને એમાં હસવું આવ્યું કે અમારા રાજગુરુ કલિકાલસર્વજ્ઞ તો કહેવાય છે. પણ આ એક અભણ ગામડિયોય જાણે છે કે આજે અમાસ છે, ને આ અમારા કલિકાલસર્વજ્ઞને તો આટલીયે ગતાગમ નથી! બસ, અમને તો આટલી વાત પર જ હસવું આવી ગયું. બાકી તો આપ કહો તે પ્રમાણ જ હોય! કેમકે આપ ઠર્યા કલિકાલસર્વજ્ઞ!'

ગુરુ હેમચન્દ્ર. ભારે ગંભીર અને અજબ સમયજ્ઞ. વાત તો હતી સાવ નાનકડી, પણ એની પાછળ આશય ડોકાતો હતો, પ્રતિભાખંડનનો. પોતે ઉતાવળમાં અમાસને ઠેકાણે પૂનમ બોલી દીધું હતું એ વાત પણ ખરી હતી. ને એટલી નાનકડી પોતાની ક્ષતિ કબૂલતાં એમને કાંઈ નાનમ પણ નહોતી; પણ ચકોર ગુરુએ જોયું કે અહીં તો પક્ષદ્વેષ અને પ્રતિભાહનનની વૃત્તિ પ્રવર્તે છે. વાત ભલે દમ વિનાની છે, પણ વાતનું વતેસર કરવામાં પાવરધા આ પંડિતો આજે ભારે ગેલમાં આવી ગયા છે. બાજી પલટ્યા વિના હવે ચલાજ નથી.....

બુદ્ધિબળના સ્વામી હેમચન્દ્ર, યોગબળના ધણી હેમચન્દ્ર.

એમણે ક્ષણાર્ધમાં જ બાજી સંભાળી લીધી. કહ્યું: 'આજે અમાસ છે કે પૂનમ, તેની ખબર તો અત્યારે કેમ પડે? રાતે જોઈશું. અજવાળું અને ચાંદરણું પથરાશે પૃથ્વી પર તો પૂનમ, ને અંધારું ફેલાશે તો અમાસ. જે હશે તેનાં પારખાં રાતે થઈ જશે.'

(પૃષ્ઠ ૧૫ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. 137

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૨

મુંબઇ તા. ૧૬-૫-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

'પ્રબુદ્ધ જીવન'ના પચાસમા વર્ષમાં પ્રવેશ

તારીખ ૧લી મે, ૧૯૮૮ના અંકથી 'પ્રબુદ્ધ જીવને' પચાસમા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

સંસ્થાના એક વૈચારિક મુખપત્રનું, જાહેરખબર ન લેવાની નીતિ સહિત સતત પાંચ દાયકા સુધી પ્રકાશિત થવું એ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસની એક નોંધનીય ઘટના ગણાય. એના પાયામાં સમર્થ, સંનિષ્ઠ પુરોગામીઓનું તપ રહેલું છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના ઈ. સ. ૧૯૨૮ ના નવેમ્બરમાં થઇ હતી. એની સ્થાપનાને આજે ૭ દાયકા જેટલો સમય થયો છે. તે સમયના કાર્યકર્તાઓએ પહેલી બેઠકમાં સંસ્થાનું નામ 'ધી જૈન યુથ લીગ-મુંબઇ' એ પ્રમાણે રાખ્યું હતું. ત્યાર પછી થોડાક મહિનામાં ૧૯૨૯માં સંસ્થાનું બંધારણ ઘડાયા બાદ 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ' એવું નામ રાખવામાં આવ્યું હતું.

ત્યાર પછી સંસ્થાના કાર્યકર્તાઓએ સંસ્થાનું એક મુખપત્ર શરૂ કરવાનો નિર્ણય કર્યો. તે અનુસાર ઇ. સ. ૧૯૨૯માં 'મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા' નામનું એક સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું હતું, જે લગભગ બે વર્ષ સુધી પ્રગટ થતું રહ્યું હતું.

તે બંધ થયા પછી ઇ સ ૧૯૩૩ માં થોડાક સમય માટે સંસ્થાના મુખપત્ર તરીકે 'પ્રબુદ્ધ જૈન'ના નામથી એક સાપ્તાહિક શ્રી રતિલાલ ચીમનલાલ ઢોઢારીના તંત્રીપણા હેઠળ શરૂ કરવામાં આવેલું; પરંતુ એમાં 'અમર અરવિંદ' નામની એક વાર્તા પ્રગટ થયેલી, જે બ્રિટિશ સરકારની દૃષ્ટિએ વાંધાજનક હતી. સરકારે એ વખતે ચેતવણી આપવા સાથે જામીનગીરી માગી. જામીનગીરી ભરવા કરતાં સંઘે સાપ્તાહિકનું પ્રકાશન બંધ કરવાનું નક્કી કર્યું. ત્યાર પછી ઈ. સ ૧૯૩૪ માં 'તરુણ જૈન'ના નામથી સંસ્થાનું મુખપત્ર શરૂ કરવામાં આવ્યું હતું. તેના સંપાદક તરીકે શ્રી ચંદ્રકાંત સુતરિયા, શ્રી મણિલાલ મોકમચંદ શાહ અને તારાચંદ ઢોઢારીએ સેવા આપી હતી. ત્રણેક વર્ષ 'તરુણ જૈન'નું પ્રકાશન ચાલ્યું હતું.

આમ લગભગ એક દાયકા સુધી સંઘની પ્રવૃત્તિઓમાં અને તેના મુખપત્રમાં ટૂંકલાક ફેરફારો થતા રહ્યા. ઇ સ ૧૯૩૯માં સંઘની નવરચના થઇ ત્યારપછી તા. ૧-૫-૧૯૩૯થી સંસ્થાના મુખપત્ર તરીકે 'પ્રબુદ્ધ જૈન' નામનું પાક્ષિક શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ મુખપત્રનું પ્રકાશન ત્યારથી આજ સુધી પચાસમા વર્ષ એકધારું ચાલુ રહ્યું છે. (ઈ. સ. ૧૯૪૨ની ક્રાંતિના સમય દરમિયાન ચાર મહિના માટે 'પ્રબુદ્ધ જૈન'નું પ્રકાશન સંજોગવશાત્ બંધ રહ્યું હતું.)

ઇ. સ. ૧૯૩૯ માં 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થયું ત્યારે તેના તંત્રી તરીકેની જવાબદારી શ્રી મણિલાલ મોકમચંદ શાહે સ્વીકારી હતી, પરંતુ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ તેના સમગ્ર સંપાદનની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી હતી. સ્વ. મણિભાઇના અવસાન પછી ઇ. સ. ૧૯૫૧ થી શ્રી પરમાનંદ કાપડિયાએ 'પ્રબુદ્ધ જૈન'ના તંત્રી તરીકે જવાબદારી સ્વીકારી હતી, જે એમણે જીવનના અંત સુધી સારી રીતે વહન કરી હતી. આમ, ત્રણ દાયકાથી વધુ સમય સુધી સ્વ. પરમાનંદભાઇની એકધારી સંનિષ્ઠ સેવા 'પ્રબુદ્ધ જીવન'ને સાંપડી હતી.

'પ્રબુદ્ધ જૈન'નું પ્રકાશન સૌ પ્રથમ થયું ત્યારે જૈન યુવક સંઘના તે સમયના બધા જ કાર્યકર્તાઓ ગાંધીજીની પ્રબળ અસર નીચે આવેલા હતા અને ગાંધીજીએ જેમ 'હરિજન' કે 'હરિજનબંધુ' જેવાં સાપ્તાહિકો જાહેરખબર વિના પ્રકાશિત કરવાનું ચાલુ કર્યું હતું, તે જ રીતે 'પ્રબુદ્ધ જીવન'ની બાબતમાં પણ કોઇપણ પ્રકારની જાહેર ખબર લીધા વિના સામયિક પ્રકાશિત કરવાની નીતિ એના આરંભકાળથી જ અપનાવાઈ હતી. તે નીતિ સદ્ભાગ્યે આજ દિવસ સુધી ચાલુ રહી છે. આરંભના સમયથી તે આજ દિવસ સુધી એના તંત્રીઓએ માનાર્હ સેવા આપી છે. આરંભના સમયમાં તો લેખકોને પુરસ્કાર પણ અપાતો નહિ અને ઘણી કરકસરપૂર્વક 'પ્રબુદ્ધ જૈન' પ્રગટ થતું રહ્યું હતું.

ઇ. સ. ૧૯૫૩માં સુપ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કાકાસાહેબ કાલેલકરની પ્રેરણા અને ભલામણથી 'પ્રબુદ્ધ જૈન'ને બદલે 'પ્રબુદ્ધ જીવન' એવું નામ રાખવામાં આવ્યું અને તે આજ દિવસ સુધી ચાલુ છે.

સંસ્થાનું મુખપત્ર હોવાને કારણે તથા જાહેરખબર ન લેવાની નીતિ હોવાને કારણે 'પ્રબુદ્ધ જીવન' જેવું વૈચારિક પત્ર આર્થિક દૃષ્ટિએ પગભર ન બની શકે એ સ્વાભાવિક છે. સદ્ભાગ્યે સંસ્થાનું આર્થિક પીઠબળ એને હંમેશાં મળ્યા કર્યું છે કે જેથી એનું પ્રકાશન અદ્યાપિ પર્યન્ત ચાલુ રહ્યું છે.

'પ્રબુદ્ધ જીવન'ને માટે સુદીર્ઘ સેવાઓ સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાએ આપી હતી. 'પ્રબુદ્ધ જીવન'ની સાથે તેઓ એકરૂપ બની ગયા હતા. અને પ્રત્યેક અંકમાં તેઓ જુદા જુદા વિષયો ઉપર પોતાની તંત્રીનોંધ લખતા. કેટલીકવાર તેઓ મુખપત્રના અગ્રલેખ તરીકે પોતાનો મૌલિક ચિંતનાત્મક લેખ પ્રગટ કરતા, તો કેટલીકવાર મુખ્ય લેખ તરીકે અન્ય કોઈ સમર્થ લેખકનો લેખ મૂકીને, અંદરના પાને તેઓ તંત્રીસ્થાનેથી જુદા જુદા વિષયો ઉપર નાની કે મોટી નોંધ મૂકતા. સાહિત્ય, શિક્ષણ, ધર્મ, સમાજ અને રાજકારણ એમ જુદા જુદા ક્ષેત્રમાં બનતી તત્કાલીન ઘટનાઓ ઉપર તેઓ પોતાના પ્રતિભાવો વિચારો નિર્ભયપણે વ્યક્ત કરતા. એમાં પણ જૈન સમાજના પ્રશ્નો ઉપર તેમની કલમ વેધકપણે ચાલતી.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનું તા. ૧૭-૪-'૭૧ના અવસાન થયા પછી 'પ્રબુદ્ધ જીવન'નું સુકાન સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સંભાળ્યું. સ્વ. ચીમનભાઈ આંતરરાષ્ટ્રીય ખ્યાતિના એક સમર્થ રાજકીય પુરુષ અને તત્ત્વ-ચિંતક હતા. એમણે તત્કાલીન બનતી ઘટનાઓ ઉપર નાની-મોટી તંત્રીનોંધ લખવાને બદલે પ્રત્યેક અંકમાં ધર્મ-તત્ત્વજ્ઞાન, રાજ-કારણ, શિક્ષણ, સાહિત્ય ઇત્યાદિ વિષય પર સ્વતંત્ર લેખ લખવા ચાલુ કર્યા. સ્વ. ચીમનભાઈ વ્યવસાયે સોલિસિટર હતા, રાજકારણમાં સક્રિય રસ અને ભાગ લેતા અને પાર્લામેન્ટના સદસ્ય હતા. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રાજકારણનો એમનો અભ્યાસ ઘણો ઊંડો હતો. એટલે એવા વિષયો ઉપર એમના લેખો વધુ પ્રગટ થતા. કેટકેટલી ગંભીર સમસ્યાઓ ઉપર સ્વ. ચીમનભાઈનું મંતવ્ય શું છે તે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા જાણવા ઘણા વાચકો ઉત્સુક રહેતા. કટોકટીના સમય દરમ્યાન એમણે નિર્ભયપણે પોતાની કલમ ચલાવી હતી. સ્વ. ચીમનભાઈનો ધર્મ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ ઘણો ઊંડો હતો અને એવા વિષયો ઉપર પણ તેમણે પોતાની સમર્થ કલમ ચલાવી હતી. એકંદરે, સ્વ. પરમાનંદભાઈનું લખાણ સામાજિક સમસ્યાઓ ઉપર સવિશેષ રહ્યું હતું, તો સ્વ. ચીમનભાઈનું લખાણ રાજકીય સમસ્યાઓ ઉપર સવિશેષ રહ્યું હતું.

નવેમ્બર, ૧૯૮૨માં ચીમનભાઈનું અવસાન થયું, ત્યાર પછી 'પ્રબુદ્ધ જીવન'ની જવાબદારી સંઘની કાર્યવાહક સમિતિએ મને સોંપી. સાહિત્યના અધ્યાપક તરીકે કામ કરનાર અને ધર્મ-ચિંતનમાં વિશેષ રસ ધરાવનાર મારા જેવા માટે આ જવાબદારી વ્યવસાય અને લેખનની અન્ય પ્રવૃત્તિઓમાંથી સમય ફાજલ પાડવાની દૃષ્ટિએ ઘણી મોટી હતી સ્વ. પરમાનંદભાઈ કાપડિયા અને સ્વ. ચીમનલાલ ચકુભાઈ શાહ જેવા સમર્થ તંત્રીઓના અનુગામી તરીકે મારી પાત્રતા ઘણી ઓછી ગણાય. વળી, રાજકારણ મારા રસનો જેટલો વિષય તેટલો અભ્યાસનો નહિ. એટલે એમની સરખામણીમાં મારી પાસેથી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે રાજ-કારણના વિષયો ઉપર લેખોની અપેક્ષા રખાય તે મારી પ્રકૃતિ અને સ્થિતિની મર્યાદા જોતાં ન સંતોષાય એ સ્વાભાવિક છે. મારી સમક્ષ બે પ્રશ્ન હતા: સ્વ. પરમાનંદભાઈ કે સ્વ. ચીમન-ભાઈની જેમ તત્કાલીન, સામાજિક કે રાજકીય વિષયો ઉપર અભ્યાસ કરી લેખ લખવા અને કાં તો મારી પ્રકૃતિને વફાદાર રહીને મારાં રસ અને રુચિ અનુસાર વિભિન્ન વિષયો ઉપર લેખ લખવા. પુરોગામીઓનું માત્ર કરવા ખાતર અનુકરણ કરવાને બદલે મારી જાતને વફાદાર રહેવું તે મને વધુ યોગ્ય લાગ્યું છે. એ સ્પષ્ટતા સાથે જ મેં આ સ્વૈચ્છિક માનાર્હ જવાબદારી સ્વીકારી છે. મને રુચે તે વિષય ઉપર લેખ લખવાનું મેં સ્વીકાર્યું છે. એમાં દેખીતી રીતે જ જૈન ધાર્મિક વિષયો ઉપર લેખ વધુ આવે તે સ્વાભાવિક છે. 'પ્રબુદ્ધ જીવન' એક વૈચારિક પત્ર છે તેમ સાથે સાથે જૈન યુવક સંઘનું મુખપત્ર છે. એટલે એમાં જૈન વિષયોનું પ્રમાણ વધતું-ઓછું રહ્યા કરે તો તે પણ સ્વાભાવિક અને નિર્વાજ્ય છે. 'પ્રબુદ્ધ જીવન'નો મુખ્ય વાચક વર્ગ એના સભ્યોનો છે, તેમ છતાં તે સાર્વજનિક પત્ર પણ છે. દૈનિકો અને સામયિકોના વાચકોમાં એક વર્ગ એવો હોય છે જે વાર્તા, કટાક્ષલેખ, આરોગ્ય, રાજકારણ વગેરેમાં પોતાના કોઈ પ્રિય લેખકના બંધાણી થઈ જાય છે, અને એ લેખકનું લખાણ ન હોય તો નિરાશ થઈ જાય છે. બાકીનું કશું વાંચવામાં એને રસ નથી હોતો. એટલે કોઈપણ સામયિકમાં ફેરફારો થાય ત્યારે એનો એક પ્રકારનો વાચકવર્ગ ઘટે તો અન્ય પ્રકારનો વાચકવર્ગ વધે એમ બને.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતી લેખ-સામગ્રીનું સ્વરૂપ સમયે સમયે બદલાયા કર્યું છે. એમાં વાચકોની અભિરુચિ ઉપરાંત તંત્રીની પોતાની દૃષ્ટિ, રુચિ અને શક્તિએ પણ કાર્ય કર્યું છે. વસ્તુતઃ તંત્રીની જવાબદારી વાચકોની રુચિને ઘડવાની પણ હોય છે. એમાં વાર પણ લાગે છે. 'પ્રબુદ્ધ જીવન'ની જવાબદારી મેં સ્વીકારી ત્યાર પછી વિષયોનું વૈવિધ્ય વધે એ માટે પ્રયાસો કર્યા છે. માત્ર સામાન્ય વાચકોને જ લક્ષમાં રાખ્યા નથી. અધિકારી વાચકોને માટે ગહનગંભીર, અભ્યાસનિષ્ઠ, ગ્રંથસ્થ કરી શકાય એવી લેખસામગ્રી આપવાનો પ્રયાસ પણ કર્યો છે.

વર્તમાન સમયમાં ભારતમાં ટી. વી.ના માધ્યમનો ફેલાવો દિનપ્રતિદિન વધતો ચાલ્યો છે. એટલે લોકોનો ફાજલ સમય વાંચવામાં જે વપરાતો હતો તેમાંથી ઘણો સમય હવે ટી. વી. જોવામાં વપરાવા લાગ્યો છે. વળી પ્રાસંગિક વાંચનસામગ્રીની દૃષ્ટિએ દૈનિકો અને તેના વિવિધ વિભાગો તથા સચિત્ર સાપ્તા-હિકો ઘણો પ્રચાર પામ્યાં છે. સામાન્ય જનતાને તત્કાલીન બનતી જતી ઘટનાઓની વિગતોમાં વિશેષ રસ હોય એ દેખીતું છે. ખૂન, બળાત્કાર, ચોરી, આપઘાત, અકસ્માત, કાવતરાં, મારામારી, લડાઈ, દુર્ઘટના, દુકાળ, આતંકવાદ, આંતરવિગ્રહ, રેલ ઇત્યાદિ પ્રકારની ઘટનાઓ વિષે રંગીન ફોટાઓ સહિત જેમાં સભર માહિતી આપવામાં આવી હોય તેવા પ્રકારના લખાણોમાં સામાન્ય વાચકોને રસ વધુ પડે છે સારી કમાણી કરતાં એવાં કેટલાંક સામયિકો સુસજ્જ લેખક કે ફોટોગ્રાફર દ્વારા ઘણી સારી માહિતી એકત્ર કરીને પ્રગટ કરે છે. એવાં વિવિધભાષી સાપ્તાહિકોના ફેલાવાની વચ્ચે વૈચારિક પત્રને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનો પ્રશ્ન પણ ઘણો ગંભીર હોય છે. તોપણ આપણું સદ્‌ભાગ્ય છે કે ગુજરાતના કેટલાંક એવાં સામયિકો પ્રકાશિત થતાં રહ્યા છે. સામાન્ય દૈનિકો અને સાપ્તાહિકો કરતાં માત્ર લેખસામગ્રી પ્રગટ કરતાં વૈચારિક પત્રોનું કાર્ય, કાર્યક્ષેત્ર, ધ્યેય અને કર્તવ્ય જુદાં જુદાં હોય છે અને તેની અસર પણ લાંબા ગાળાની હોય છે. અલબત્ત આવાં સામયિકોનો સૌથી મોટો પ્રશ્ન તે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાનો હોય છે. વળી દૈનિક કે સાપ્તાહિક કરતાં પાક્ષિક કે માસિકને પોતાની વાચન-સામગ્રી

(પૃષ્ઠ ૧૩ ઉપર)

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા

પૂ. મુનિશ્રી અભયશેખરવિજયજી મહારાજ

'महाजनो येन गतः स पन्थाः' આ ન્યાયને મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ જેમાં સાર્થક કર્યો છે તે ગ્રન્થ એટલે દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા. તાર્કિકશિરોમણિ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજાએ બત્રીસ શ્લોકની બનેલી બત્રીશી રચી, અષ્ટક, ષોડશક, વિંશિકા અને પંચાશક જેઓના હાલ પણ ઉપલબ્ધ છે તે ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા સૂરિપુરંદર, શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ બત્રીશી પણ રચી હશે એવી કલ્પના અશક્ય નથી. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજાએ પણ બત્રીશીઓ રચી છે. મહાજનોએ કંડારેલા આ માર્ગે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાયજીએ પણ પદાર્પણ કરી એક નહીં, બે નહીં...બત્રીશ-બત્રીશ બત્રીશીઓની હૃદયંગમ રચના કરી છે. ગ્રન્થના નામ અનુસાર બત્રીશેય પ્રકરણોમાં બત્રીશ-બત્રીશ મૂળ શ્લોકો છે, ન ન્યૂન-ન અધિક. આ થઇ મૂળ ગ્રંથની વાત.

એના પર ઉપાધ્યાયજીએ 'તત્ત્વાર્થદીપિકા' નામની સ્વોપજ્ઞવૃત્તિરચી છે. આ સ્વોપજ્ઞવૃત્તિનું નામ 'તત્ત્વાર્થદીપિકા' છે એ પ્રશસ્તિના નીચેના શ્લોક પરથી જાણી શકાય છે.

यशोविजयनाम्ना तच्चरणांभोजसेविना। द्वात्रिंशिकानां विवृतिश्चक्रे तत्त्वार्थदीपिका ॥ કેટલાક મૂળશ્લોકો પર વિસ્તૃત વૃત્તિ છે, તો કેટલાક પર સંક્ષિપ્ત અવચૂરિ જેવી. કેટલાક શ્લોકોની વૃત્તિમાં સાક્ષીપાઠો ટાંકીને જ અભિપ્રેતાર્થ જણાવ્યો છે તો કેટલાક શ્લોકોની વૃત્તિમાં માત્ર દિકપ્રદર્શન કરી વિસ્તરાર્થે અન્ય-અન્થોનો અતિદેશ કર્યો છે. આ અન્ય-ગ્રન્થો તરીકે બહુધા સ્વકીય જ ધર્મપરીક્ષા, સ્યાદ્વાદ કલ્પલતા, ઉપદેશ રહસ્ય વગેરે ગ્રન્થો છે. સખ્યાબંધ શ્લોકો પર તો 'स्पष्टः' ઇત્યાદિ કહીને વૃત્તિ જ રચી નથી. યાવત્ બત્રીશમી બત્રીશીના તો એકેય શ્લોક પર વૃત્તિ રચી નથી. વળી લગભગ ૮૦ ટકા જેટલા શ્લોકોની અવતરણિકા કરી નથી. વૃત્તિગ્રન્થની આ બધી પ્રથમ નજરે આંખે ચડતી વાતો છે.

અધ્યાત્મસારમાં ઉપાધ્યાયજીએ કહ્યું છે કે-

शास्त्रात्परिचितां सम्यक् सम्प्रदायाच्च धीमताम्।
ईहानुभवयोगाच्च प्रक्रियां कामपि ब्रुवे ॥ ७ ॥

શાસ્ત્ર, પ્રાજ્ઞપુરુષોનો સંપ્રદાય અને સ્વકીય ઇહા ગ્રન્થ-ગ્રથનના આ ત્રણ જે સોર્સ (Source) આ શ્લોકમાં બતાવ્યા છે તેનો સ્પષ્ટ ઉપયોગ પ્રસ્તુત ગ્રંથમાં જોવા મળે છે. અષ્ટક-પ્રકરણ, ષોડશકપ્રકરણ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ, ઉપદેશપદ અને પાતંજલયોગદર્શન...મુખ્યતયા આ ગ્રન્થોમાંથી જાણવા મળેલી વાતોનો સંપ્રદાય અને સ્વકીય ઇહા અનુસારે પ્રસ્તુત ગ્રન્થમાં સંક્ષેપ યા વિસ્તાર કરવામાં આવ્યો છે એટલે કે તે તે મૂળ શાસ્ત્રમાં જ જેનો વિસ્તાર સુસ્પષ્ટ છે તેનો અહીં માત્ર સંક્ષેપથી જ ઉલ્લેખ કર્યો છે, જે જે વાતનો પોતાને વધુ સ્પષ્ટ વિસ્તાર કરવાનો સંપ્રદાય અને સ્વકીય વિચારણા-સ્ફુરણા અનુસારે અવસર લાગ્યો તેનો તેનો અહીં પરિમિત વિસ્તાર કર્યો છે, વિસ્તૃત વિસ્તાર માટે અન્ય ગ્રન્થનો અતિદેશ કર્યો છે, કેમકે આ ગ્રન્થ માત્ર દિકપ્રદર્શન માટે જ છે એવું ઉપા. મહારાજે જ ૪/૧૨ની વૃત્તિમાં જણાવ્યું છે.

એટલે ઘડીકમાં એમ લાગે છે કે અષ્ટકષોડશક પ્રકરણ વગેરેનો આ સમરી ગ્રન્થ છે, તો ઘડીકમાં એમ લાગે કે જુદાં જુદાં શાસ્ત્રોમાં પથરાયેલા તે તે સંદર્ભનાં પ્રતિપાદનોનો આ સંકલનાગ્રન્થ છે. દા. ત. અમુક બત્રીશીનો પ્રારંભ યોગબિન્દુના અમુક અધિકારથી થયો હોય, પછી સમાન સંદર્ભવાળા એનો જ અન્ય અધિકાર આવે, પછી એના સંદર્ભવાળો પાતંજલ યોગદર્શનનો અધિકાર આવે, પછી યોગદૃષ્ટિસમુચ્ચયનો થોડો અધિકાર આવે, પછી પાછો યોગબિન્દુનો મૂળ અધિકાર આવી જાય. આવી આવી સંકલનાઓ અષ્ટકપ્રકરણ વગેરેના પદાર્થોની પણ તે તે બત્રીશીમાં છે. એમાં વળી વચ્ચે વચ્ચે ક્યારેક આગમ પાઠોના સંદર્ભથી પણ પ્રસ્તુત અધિકારનું સમર્થન કરાયું છે. અન્યાન્ય ગ્રન્થમાં રહેલા સમાન સંદર્ભવાળા અધિકારોનું આ સંકલન, પદાર્થોની ધરણા કરી પૂર્વાપર અનુસંધાન કરવાની ઉપાધ્યજી મહારાજની કુશળ પ્રતિભાને જણાવવા માટે પરિપૂર્ણ છે. વળી ક્યારેક એમ લાગે કે આ કોઇ ટીપ્પણ ગ્રન્થ છે. એટલે કે જેમ આચાર્યવર્ય શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજાએ કર્મપ્રકૃતિ ચૂર્ણિ પર વિષમપદ ટીપ્પણ કર્યું છે-ચૂર્ણિગત તે તે બાબતોનું હેતુ વગેરે બતાવવા દ્વારા સ્પષ્ટિકરણ કર્યું છે તેમ ઉપરોક્ત ગ્રન્થોના તે તે અધિકારોની અમુક અમુક બાબતો પર વિશેષ પ્રકાશ પાથરવા માટે ટીપ્પણગ્રન્થની રચના કરી ન હોય એવો આ ગ્રન્થ છે. ફેર એટલો છે કે અભિપ્રેત તે તે ગ્રન્થાધિકારોનો એક સળંગ ગ્રન્થ જો હોત તો મને લાગે છે કે તેઓએ એવી ટીપ્પણ જ રચી લીધી હોત. પણ એવો સળંગ ગ્રન્થ ન હોવાથી, સ્વસંકલના અનુસારે એ ગ્રન્થાધિકારોને ગોઠવી આ નવો ગ્રન્થ રચ્યો છે અને વિશેષ પ્રકાશ પાથર્યો છે.

૧૪૪૪ ગ્રન્થપ્રણેતા યાકિનીમહત્તરાસૂનુ આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપલબ્ધ આગમાદિ શાસ્ત્રોમાં ન મળતી અથવા નિર્દેશ માત્ર રૂપે મળતી ઘણી બાબતો પર સ્વકીય માર્ગાનુસારી પ્રજ્ઞાના પ્રભાવે સુંદર પ્રકાશ પાડ્યો, શંકા-સમાધાન દ્વારા ઘણી બાબતોનું યથાર્થ નિર્ણયાત્મક પ્રરૂપણ કર્યું-કેટલીય આગમિક બાબતોને હેતુવાદની કસોટી પર ચઢાવી તર્કપૂર્ણ સિદ્ધ કરી, કેટલાંય મૌલિક નિરૂપણો અને નિષ્કર્ષોથી જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને તૃપ્ત કરી છે. એ જ રીતે ઉપાધ્યાયજી મહારાજે શાસ્ત્રીય બાબતો અંગે ઢગલાબંધ નિષ્કર્ષો, મૌલિક સુસંવાદી પ્રરૂપણો, આગમિક બાબતોનું તર્કપુરસ્સર પ્રરૂપણ, નિર્દોષ લક્ષણો, શાસ્ત્રવચનોના તાત્પર્ય વગેરે પ્રરૂપવા દ્વારા જિજ્ઞાસુઓને સાનંદ આશ્ચર્યના અફાટ સમુદ્રમાં ગરકાવ કરી દીધા છે. આ ગ્રન્થમાં ઠેર ઠેર આ વાતની પ્રતીતિ થયા વિના રહેતી નથી. એ જ રીતે હરિભદ્રસૂરિ મહારાજાએ મૂળગ્રન્થમાં સંક્ષેપમાં પ્રરૂપેલી વાતોને ઉપાધ્યાયજી મહારાજે એમાં હેતુપ્રદર્શન, શંકા-સમાધાન વગેરે કરીને વધુ સુસ્પષ્ટ કરી છે. પૂર્વવૃત્તિકારે વિભાગીકરણપૂર્વક વિશદ વિવેચન કદાચ ન કર્યું હોય, તો યોગ્ય વિભાગીકરણપૂર્વક તે બાબતને વધુ વિશદ કરેલી હોય એવું પણ આ ગ્રન્થમાં જોવા મળે છે.

જેમકે ચોથી જિનમહત્ત્વદ્વાત્રિંશિકામાં પ્રભુના સંવત્સરીદાન

અંગે એક વાત આવે છે કે 'પ્રભુનો પ્રભાવ જ એવો હોય છે કે જીવો સંતોષ-સુખવાળા બને છે'. આમાં ઉપાધ્યાયજી મહારાજાએ સંતોષ સુખનું એવું પૃથક્કરણ કરી દેખાડ્યું છે કે 'ધનગ્રહણ કરવાની ઇચ્છા ઊભી કરનાર કર્મ જેઓનું સોપક્રમ હોય તેઓને અનિચ્છારૂપ સંતોષ થાય છે અને તે કર્મ જેઓનું નિરુપક્રમ હોય તેઓને પરિમિત ઇચ્છારૂપ સંતોષ થાય છે.' આ વિભાગીકરણથી જ એ દાનનો સર્વથા અભાવ થઇ જવાની શંકાનું પણ નિરાકરણ કરી દીધું છે અને અસંખ્યદાનની અસંભાવનાનું સમર્થન પણ કરી દીધું છે.

ભવવિરહાંક શ્રી હરિભદ્રસૂરિ મહારાજાની પ્રરૂપેલી વાતોનું, તેમના પછી ઊભા થયેલા પૂર્વપક્ષોનું કે અન્ય સંભવિત શંકાઓનું નિરાકરણ કરીને સમર્થન કર્યું છે તેમજ વધુ સ્પષ્ટિકરણ આ ગ્રન્થમાં કર્યું છે. જેમકે (૧) નિજભાવની જ નિજઆત્મામાં મુખ્ય પ્રતિષ્ઠા થાય છે અને પ્રતિમામાં ઉપચારથી પ્રતિષ્ઠા થાય છે. પ્રતિષ્ઠિતત્ત્વના પ્રતિસંધાન દ્વારા થયેલ સમાપત્તિથી પૂજાફળની પ્રાપ્તિ થાય છે. આ વાસ્તવિકતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પ્રરૂપેલી છે. તત્ત્વચિન્તામણિકારનો મત એવો છે કે 'પ્રતિષ્ઠિતં પૂજયેદ્' એવું વિધિવાક્ય કર્તૃ પ્રત્યયાન્ત હોઇ અતીતપ્રતિષ્ઠાને યાને પ્રતિષ્ઠાધ્વંસને પૂજાફળ પ્રયોજક જણાવે છે. એટલે કે પ્રતિષ્ઠાકાલીન સઘળા અરૂપ્યરૂપસ્પર્શાદિના સંસર્ગાભાવથી જે યુક્ત હોય એવો પ્રતિષ્ઠાધ્વંસ પૂજ્યતાને પ્રયોજક છે. 'અવિચારિતરમણીય' કહીને ઉપાધ્યાયજી મહારાજે આનું નિરાકરણ કર્યું છે કે પ્રતિષ્ઠા જો પ્રતિષ્ઠાચાર્યની વિહિતક્રિયાની ઇચ્છારૂપ હોય તો એનો ધ્વંસ પ્રતિમામાં રહ્યો ન હોઇ એ, પ્રતિમાને પૂજ્ય શી રીતે બનાવે? પ્રતિષ્ઠા જો પ્રતિષ્ઠાપક અને પ્રતિમાના, વિધિ માટે થયેલ વિશિષ્ટ સંયોગરૂપ હોય તો એનો ધ્વંસ દ્વિષ્ઠ હોઇ પ્રતિમાની જેમ પ્રતિષ્ઠાપક પણ પૂજ્ય બની જાય. વળી પ્રતિષ્ઠાધ્વંસ એ કારણીભૂત અભાવ રૂપ બનવાથી પ્રતિષ્ઠા પૂજાફળનો પ્રતિબંધક હોવી ફલિત થઇ જવાની આપત્તિ આવે. વળી કર્તૃ પ્રત્યયવાળા 'પ્રોક્ષિતા વ્રીહયઃ' ઇત્યાદિ સ્થળે પણ ધ્વંસની વ્યાપારરૂપ કલ્પના કરાયેલી નથી તો અહીં પણ શી રીતે કરાય? એ કલ્પના એટલા માટે નથી કરી શકાતી કે કાલાન્તરભાવી ફળ અંગે ચિરકાળનષ્ટ કારણનો વ્યાપાર ભાવાત્મક જ હોય એવો નિયમ છે, અન્યથા દાનાદિના વ્યાપાર તરીકે કલ્પાયેલ અપૂર્વ (અદૃષ્ટ) ઊડી જ જવાની આપત્તિ આવે, કેમકે દાનધ્વંસને જ ત્યાં વ્યાપાર તરીકે કલ્પી શકાય છે.

(૨) બાળાદિને આપવાની દેશનાનું વિધાન ષોડશક-પ્રકરણમાં છે. એને અનુસરીને ઉપાધ્યાયજી મહારાજે એનું દેશનાબત્રીશીમાં નિરૂપણ કર્યું છે એ પછી અવશિષ્ટ રહેલ શંકા-સમાધાન પણ ત્યાં કરીને પરિપૂર્ણતા સંપન્ન કરી છે. ત્યાં શંકા આવી છે કે 'બાળાદિને તે તે એકનયની દેશના આપવાનું તમે કહો છો એ શી રીતે યોગ્ય છે? કેમકે એકાન્ત (એક નય) એ મિથ્યાત્વ છે. આ શંકાનું સમાધાન આપતાં ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે 'ભવિષ્યમાં શ્રોતાની અન્ય નયથી પણ જે વ્યુત્પત્તિ કરવાની હોય છે તેનો આ એક નય સાથે સમાહાર થવાથી પ્રમાણતા સંપન્ન થઇ જાય છે. માટે આ એકનયની દેશના પણ યોગ્યતારૂપે પ્રમાણદેશના જ હોઇ મિથ્યા નથી. બાકી જેનાથી બુદ્ધિનો બંધાપો થાય એવી તો પ્રમાણદેશના પણ પ્રમાણ નથી.

અન્ય શાસ્ત્રકારની સ્વમાન્ય વાતોની ન્યૂનતા વગેરેનો પરિહાર કરી પૂર્ણતા કરવાનું પણ ઉપાધ્યાયજી મહારાજ ચૂકતા નથી. જેમકે પ્રભુ ધ્વસ્તદ્વેષ હોય છે એની સિદ્ધિ માટે સમંતભદ્રોક્ત અનુમાન આપ્યું છે કે 'કોઇક આત્મામાં દ્વેષ અને આવરણની સંપૂર્ણ હાનિ થાય છે, કેમકે તારતમ્યવાળી હાનિરૂપ હોય છે. જેમકે સ્વહેતુઓથી થતો સુવર્ણમલ ક્ષય.' આમાં પક્ષનો વિચાર કરતાં જે બાધ અને અસિદ્ધિ દોષ આવે છે તેનું પ્રદર્શન કરી, શંકા-સમાધાન કરવા દ્વારા નિષ્કર્ષ કાઢી આપ્યો છે કે: 'દોષત્વ અને આવરણત્વ નિઃશેષ ક્ષીણ થતાં પદાર્થમાં રહેલ છે, કેમકે અંશતઃ ક્ષીણ થતા પદાર્થમાં રહેલ જાતિરૂપ છે, જેમકે સ્વર્ણમલત્વ' આવા અનુમાનપ્રયોગનું તાત્પર્ય હોવાથી કોઇ દોષ રહેતો નથી.

આચાર્યપુંગવશ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ઉપલબ્ધ આગમાદિશાસ્ત્રોમાં જોવા ન મળતા અને પદાર્થોનું અન્યદર્શન-શાસ્ત્રમાંથી જૈનશાસ્ત્રોમાં સમાવતાર રૂપે પ્રરૂપણ કર્યું છે. જેમકે શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન, ભાવનાજ્ઞાન, પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ વગેરે. આ પદાર્થોનો તેઓના તે તે ગ્રન્થોના વૃત્તિકારોએ તેઓના અન્યાન્ય ગ્રન્થોની વૃત્તિઓમાં ઉપયોગ કરેલો દેખાય છે. પણ ઉપાધ્યાયજી મહારાજ સિવાયના અન્ય કોઇ ગ્રન્થકારે એ પદાર્થોનું સ્વકીય ગ્રન્થોમાં પ્રરૂપણ કરેલું હોય કે સાક્ષી વગેરે તરીકે ઉલ્લેખ કરેલો હોય એવું પ્રાયઃ જોવા મળ્યું નથી, સિવાય કે એક વિવાદાસ્પદ ગ્રન્થ. એટલે એમ કહી શકાય કે ઉપાધ્યાયજી મહારાજાએ શ્રી હરિભદ્રસૂરિ મહારાજાના પ્રરૂપેલા એ પદાર્થોનું વધુ સમર્થન કર્યું છે, માન્યતા બક્ષી છે. અને વધુ પ્રચાર-પ્રસાર કર્યો છે. પ્રસ્તુત ગ્રન્થ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા તો આવા પદાર્થોનો દરિયો છે. આની સ્પષ્ટતા માટે બત્રીશેય બત્રીશીમાં મુખ્યતયા કયા કયા ગ્રન્થાધિકારોનો અધિકાર છે તે જોઇએ.

૧ દાનબત્રીશી-અનેક ગ્રન્થગત દાનવિષયક પ્રરૂપણાઓ પરથી આમાં સ્વકીય ઇહા અનુસારે મૌલિક પ્રરૂપણ કરેલું છે. ધન અંગેની વ્યવસ્થા એક પ્રકરણમાં આ રીતે કરેલી હોય એવું ક્યાંય જોવા મળ્યું નથી. આમાં ૨૭મા તીર્થકૃદ્દાનનિષ્ફળતાપરિહારાષ્ટકનો થોડો ઘણો અધિકાર છે.

૨ દેશનાબત્રીશી – આમાં મુખ્યતયા પ્રથમ ષોડશક, દશમું ષોડશક, ૨૧મું સૂક્ષ્મબુદ્ધિ આશ્રયણાષ્ટક અને બીજા ષોડશકનો અધિકાર છે.

૩ માર્ગ બત્રીશી-આમાં ધર્મરત્ન પ્રકરણ અને ઉપદેશમાલાના અમુક અધિકારને અનુસરીને સ્વકીય ઇહાના બળે મૌલિક પ્રરૂપણા કરી છે.

૪ જિનમહત્ત્વબત્રીશી – આમાં થોડીક મૌલિક પ્રરૂપણા છે, અને ૨૪, ૨૫, ૨૬, ૨૭ તેમજ ૨૮મા અષ્ટકોનો અધિકાર છે.

૫ ભક્તિબત્રીશી – આમાં ૬, ૭, ૮ અને ૯મા ષોડશકોનો અધિકાર છે.

૬ સાધુસામાન્ય બત્રીશી – ૯મું જ્ઞાનાષ્ટક, ૫મું ભિક્ષાષ્ટક, ૬ઠું સર્વસંપત્કરી ભિક્ષાષ્ટક, ૧૦મું વૈરાગ્યાષ્ટક, ૨૨મું ભાવશુધિ વિચારાષ્ટક અને ૨૩મા શાસનમાલિન્યનિષેધાષ્ટકનો આમાં અધિકાર છે.

૭. ધર્મવ્યવસ્થા બત્રીશી – ૧૭મું માંસભક્ષણદુષણાષ્ટક, ૧૮મું માંસભક્ષકમતદુષણાષ્ટક, ૧૯મું મદ્યપાન દુષણાષ્ટક, ૨૦મું મૈથુનદુષણાષ્ટક અને ૧૧મું તપોકર્મનો આમાં અધિકાર છે.

૮. વાદબત્રીશી ૧૨મું વાદાષ્ટક, ૧૩મું ધર્મવાદાષ્ટક, ૧૪મું એકાન્ત નિત્યપક્ષખંડનાષ્ટક ૧૫મું એકાન્ત અનિત્ય પક્ષખંડનાષ્ટક અને ૧૬મું નિત્યાનિત્યપક્ષમંડનાષ્ટકનો આમાં અધિકાર છે.

૯. કથાબત્રીશી – શ્રીદ શવૈકાલિકના ક્ષુલ્લિકા ચાર કથા અધ્યયનની નિર્યુક્તિનો અધિકાર છે.

૧૦ યોગલક્ષણબત્રીશી – યો. બિ. ૮૬ થી ૯૧ શ્લોક, ૩ જું ષોડશક, યો. બિ. ૯૨ થી ૯૬ શ્લોક અને યો. બિ. ૩૪૯ થી ૩૫૧ શ્લોકોનો આમાં ક્રમશ : અધિકાર છે.

૧૧ પાતંજલયોગ લક્ષણબત્રીશી – પાતંજલયોગદર્શનનો આમાં અધિકાર છે. એ લક્ષણ કૂટસ્થનિત્ય અપરિણામી આત્મામાં સંગત થતું નથી એ આમાં દેખાડયું છે.

૧૨ પૂર્વસેવાબત્રીશી–યોગપૂર્વસેવા અંગેના યો. બિ.ના ૧૦૬થી ૧૩૬ અને ૧૬૪થી ૧૭૦ શ્લોકોનો આમાં અધિકાર છે.

૧૩ મુક્તિઅદ્વેષપ્રાધાન્યબત્રીશી–યો. બિ.ના ૧૪૦ થી ૧૬૩ અને ૧૭૩ થી ૧૭૭ શ્લોકોનો આમાં અધિકાર છે.

૧૪ અપુનર્બન્ધબત્રીશી–યો. બિ.ના ૧૭૮ થી ૧૮૬. ૧૬૩થી ૨૨૦ અને ૨૩૨ થી ૨૫૧ શ્લોકોનો આમાં અધિકાર છે.

૧૫ સમ્યગ્દૃષ્ટિબત્રીશી–યો. બિ.ના ૨૫૩ થી ૨૭૨ શ્લોકોનો આમાં અધિકાર છે, શેષ મૌલિક પ્રરૂપણા છે.

૧૬ ધ્રુવાનુગ્રહબત્રીશી – પાતંજલયોગદર્શનનો અને યોગબિન્દુના શ્લોક ૩૦૦ થી ૩૧૬નો આમાં અધિકાર છે.

૧૭. દ્વૈધપુરુષકાર બત્રીશી–યો. બિ.ના ૩૧૮થી૩૫૬ શ્લોકોનો આમાં અધિકાર છે.

૧૮. યોગભેદ બત્રીશી – યો. બિ.ના ૩૫૮ થી ૪૬૭ શ્લોકોનો, અને ૧૩મા ૧૪મા ષોડશકનો આમાં અધિકાર છે.

૧૯ યોગવિવેક બત્રીશી – યોગદૃષ્ટિસમુચ્ચયના ૨ થી ૧૦, યો. બિ.ના ૩૬૯ થી ૩૭૮– અને પછી યો. દૃ. સમુ.ના ૨૦૯ થી ૨૨૧ શ્લોકોનો આમાં અધિકાર છે.

૨૦ યોગાવતાર બત્રીશી – પાતંજલયોગદર્શન, યો. બિ. ૪૫૧ થી ૪૨૪ અને યો. દૃ. સમુ. ૧૩ થી ૨૦ શ્લોકોનો આમાં અધિકાર છે.

૨૧ મિત્રાબત્રીશી–યો. દૃ. સમુ.ના ૨૧ થી ૪૦ શ્લોકોનો અને પતંજલયોગદર્શનનો આમાં અધિકાર છે.

૨૨ તારાદ્વિત્રય બત્રીશી–યો. દૃ. સમુ.ના ૪૧ થી ૩૮ શ્લોકોનો અને પા. યો. દૃ.નો આમાં અધિકાર છે-

૨૩ તર્ક ગ્રહનિવૃત્તિ બત્રીશી–યો. બિ. ૬૬/૬૭ અને યો. દૃ. સમુ.ના ૮૬ થી ૧૪૮ શ્લોકોને આમાં અધિકાર છે.

૨૪ સદ્દૃષ્ટિબત્રીશી–યો દૃ સમુ.ના ૧૫૪ થી ૧૮૨ શ્લોકોનો અધિકાર છે.

૨૫ ક્લેશહાનોપાયબત્રીશી – પાતંજલયોગદર્શનનો કેટલોક અધિકાર છે, શેષ મૌલિક પ્રરૂપણા છે.

૨૬ યોગમાહાત્મ્યબત્રીશી – પાતંજલયોગદર્શનનો કેટલોક અધિકાર છે.

૨૭ ભિક્ષુબત્રીશી–મૌલિકપ્રરૂપણા છે અને દશવૈકાલિક નિર્યુક્તિનો કેટલોક અધિકાર છે.

૨૮ દીક્ષાબત્રીશી – બારમા ષોડશકનો અને ૧૦મા ષોડશકનો આમાં થોડો અધિકાર છે.

૨૯. વિનયબત્રીશી ૩૦ કેવલિભુક્તિવ્યવસ્થાપનબત્રીશી ૩૧. મુક્તિબત્રીશી અને ૩૨મી સર્વજ્ઞસ્તુતિ બત્રીશી આ ચારેય બત્રીશીમાં મુખ્યતયા કોઇ ગ્રન્થનો સીધો અધિકાર નથી, મૌલિક પ્રદુષણાઓ છે.

આ બધા અધિકારો પરથી અને એમાં ઉપાધ્યાયજી મહારાજાએ સંભવિત શંકાઓ ઉઠાવીને જે સમાધાન વગેરે આપ્યાં છે તેના પરથી સૂચિત થાય છે કે ઉપાધ્યાયજી મહારાજનું તે તે શાસ્ત્રોના અધ્યયનથી થયેલ જ્ઞાન માત્ર શ્રુતજ્ઞાન રૂપ નહોતું કે માત્ર પદાર્થ–વાક્યાર્થ બોધરૂપ નહોતું. કિન્તુ એની ઉપર ઉપરની કક્ષાને પામેલું હતું. આનો જ પ્રભાવ લાગે છે કે લગભગ કયાંય સંભવિત પૂર્વપક્ષ–શંકા એમની નજરમાંથી ચૂકી શકયો નથી. અને પછી એનું સમાધાન તો હોય જ. જેમકે સાધુના આપવાદિક અનુકંપાદાન અંગે પૂર્વગ્રન્થમાં નહીં ઉઠાવાયેલી ગિહિણો વેયાવડિય ઇત્યાદિ શાસ્ત્રવચનના ભાસતા વિરોધની શંકા ઉઠાવી એનું સમાધાન આપ્યું છે. દેશના અંગે 'न भवति धर्मः श्रोतुः' ઇત્યાદિ વાચક વચનને આગળ કરી, અનુગ્રહબુદ્ધિ હોય તો શ્રોતા કેવો છે એ જોયા વગર બોલનાર વકતાને પણ લાભ જ થવો જોઇએ એવી શંકા ઉઠાવીને એનું સમાધાન આપ્યું છે.

વાક્યાર્થ – મહાવાક્યાર્થાદિથી ભરેલા આ ગ્રન્થનું સૂક્ષ્મ બુદ્ધિથી અધ્યયન–અનુપ્રેક્ષણ વગેરે કરીને ઉપાધ્યાયજી મહારાજાએ કરેલા અનન્ય ઉપકારને આપણે સહુ પણ ઝીલીએ અને આપણી બુદ્ધિને પણ એવી પરિકર્મિત કરીએ કે જેથી અન્ય શાસ્ત્રીય વિધાનો અંગે પણ વાક્યાર્થ મહાવાક્યાર્થાદિ બોધ પામી શકવાની શકિત પ્રાપ્ત થાય એવી શુભેચ્છાથી જ્ઞાનમૂર્તિના ચરણોમાં મસ્તક ઝુકાવીએ.

સંઘ સમાચાર

શ્રી મોહનલાલ મહેતા–'સોપાન' પારિતોષિક શ્રી હરીન્દ્રભાઈ દવેને

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રીમતી લાભુબહેન મહેતા દ્વારા મળેલી દાનની રકમમાંથી પ્રતિવર્ષ સ્વ. મોહનલાલ મહેતા–'સોપાન' પારિતોષિક આપવાનું નકકી કરવામાં આવ્યુ છે. આ યોજના અનુસાર પ્રતિવર્ષ મુંબઇનાં દૈનિકોમાં પ્રગટ થતી સાહિત્ય સહિત સામાજિક વિષયો ઉપરની મૌલિક ચિંતનાત્મક કોલમને માટે રૂપિયા એક હજારનું પારિતોષિક અપાશે.

ઇ. સ. ૧૯૮૭ના વર્ષ માટેનું પારિતોષિક શ્રી હરીન્દ્રભાઇ દવેને 'જન્મભૂમિ'ની એમની કોલમ 'વેરાતું સ્વપ્ન ધૂંટાતું સત્ય' માટે આપવાનું નકકી કરવામાં આવ્યું છે. એ માટે શ્રી હરીન્દ્રભાઈ દવેને અભિનંદન. આ પારિતોષિક માટે નિર્ણાયકો તરીકે (૧) ડો. રમણલાલ ચી. શાહ (૨) ડો. ઉષાબહેન મહેતા (૩, શ્રી ઘનશ્યામ દેસાઇ (૪) શ્રી ગુણવન્તલાલ ઝવેરી અને (૫) શ્રી પન્નાલાલ ર. શાહે સેવા આપી હતી.

–મંત્રીઓ

વિલાયતી ગાંધી

● તનસુખ ભટ્ટ

મહાત્મા ગાંધીજી વિષે એક અંગ્રેજ દિગ્દર્શકે એક ફિલ્મ ઉતારી છે. ગાંધીજીની હત્યાને ૪૦ વર્ષ થઈ ગયાં છે. એટલે ૪૦ ૫૦ વર્ષની ઉંમરના ઘણાંખરાં ભારતવાસીઓએ ગાંધીજીને જોયા નથી. સ્વરાજ્ય આવ્યું હોવાથી અંગ્રેજોનું દમન કે દ્રવ્યહરણ નથી. તેથી પ્રજા પ્રમાણમાં સુખી છે. સુખમાં સ્વરાજ લાવનાર મહાત્માની યાદ હવે ન આવે એ સ્વાભાવિક છે. એક સ્વાતંત્ર્ય સૈનિકે એમ કહેલું કે તે પોતાના પૌત્રને સંગ્રામની વાતો સંભળાવે છે ત્યારે પૌત્રને તે સાંભળતાં કંટાળો આવે છે. હવે ગાંધીની ગરજ ક્યાં રહી છે?

'વિલાયતી ગાંધી' અર્થાત્ 'ગાંધી' નામની વિલાયતી ફિલ્મથી ભારતીય કિશોરો, તરુણો, પ્રૌઢો અને વૃધ્ધોને ગાંધીજીના જીવન વિષે નવેસરથી કંઈક જાણવા મળ્યું. દુરદર્શન ઉપર પણ તે ફિલ્મ રજૂ થઈ. આ ફિલ્મનો એ મોટો પ્રભાવ કે ઉપકાર ગણાય. ભારતીયોને તેણે ગાંધીજીમાં રસ લેતા કરી દીધા. ફિલ્મના દિગ્દર્શકને પણ ગાંધીજી ફળ્યા અને સાંભળ્યા પ્રમાણે તેને પચાસ કરોડની પેદાશ થઈ એટલખરો ન્યાલ થઈ ગયો. ગાંધીજી તેની ઉપર રૂઠ્યા, વરસ્યા અને અંગ્રેજને માલામાલ કરી દીધો.

આટલો ઉપકાર સ્વીકાર્યા પછી આ ફિલ્મની કેટલીક વિગતો તરફ દ્રષ્ટિ કરવી અનુચિત નહિ ગણાય.

(૧) ગાંધીજીને પુણ્યશ્લોક કહી શકાય.

पुण्यश्लोको नलो राजा, पुण्यश्लोको युधिष्ठिर ।
पुण्यश्लोकाश्च वैदेही, पुण्यश्लोको जनार्दनः ॥

આમાં ભવિષ્યમાં મહાત્મા ગાંધીજીનું નામ ઉમેરાશે, આથી ફિલ્મમાં તેમના જીવનનો આરંભ મંગળ પ્રસંગથી થવો જોઇએ તેવી અપેક્ષા રહે. પરંતુ તેમના ખૂનના પ્રસંગથી જ ફિલ્મ આરંભાય છે. કલાની દ્રષ્ટિએ આને 'ફ્લેશબેક' કહેવાય. કેટલાક પ્રેક્ષકની દ્રષ્ટિએ આને ચાબુકના ફટકા કહી શકાય. આવો આરંભ મારા જેવા ગાંધીપૂજકોને ખૂંચે એવો છે.

(૨) ગાંધીજીના વિદ્યાર્થીજીવનમાં ખોટી અંગ્રેજી જોડણી કરતાં માસ્તરે તેમને બૂટની અણી મારી ચેતવ્યા હતા, પણ વિદ્યાર્થી ગાંધીજીને ચાલાકીની સમજણ ન પડી અને છેતરપિંડીની રમત રમતાં ન આવડી. આ પ્રસંગ ગાંધીજીના વ્યક્તિત્વનો દ્યોતક હોઇ ફિલ્મમાં મૂકવા જેવો હતો.

(૩) કિશોરાવસ્થામાં ગાંધીજીને રંભા નામની કુટુંબની નોકરાણીએ તેમને રામનામનો મંત્ર શીખવ્યો હતો, અહીંથી તેમના મહાત્માપણાનો આરંભ થાય છે. મહાત્માપણાની દીક્ષા દાતા જેવો આ પ્રસંગ મૂકવો આવશ્યક હતો.

(૫) સ્ટીમરની મુસાફરીમાં કપ્તાનની સાથે હબસણ વેશ્યાને ત્યાં ગાંધીજી જાય છે પણ પાપ કરતાં આવડતું નથી. તેથી તેઓ મૂઢની જેમ બેઠા રહે છે. આ પ્રસંગ તેમના ચારિત્ર્યનો દ્યોતક છે. તેથી તે ફિલ્મમાં મૂકવા જેવો હતો.

(૬) તે જ રીતે પરણેલા હોવા છતાં કુંવારા હોવાનો ડોળ કર્યાનો તેમને પસ્તાવો થતાં તેમણે એક અંગ્રેજ બાઇને વિલાયતમાં અભ્યાસ કરતી વેળાએ લખેલો પત્ર પણ તેમનુ મહાત્મા પદ સિદ્ધ કરે છે. તે પ્રસંગ આવશ્યક હતો.

(૭) રાજકોટમાં અંગ્રેજ મિત્રની ઓળખાણનો લાભ લેવા મોટાભાઇએ સલાહ આપી તેથી ગાંધીજી તેમની પાસે ગયા, પણ મિત્ર ફરી ગયો હતો ને ગુલામ ગાંધીનો ગોરો માલિક બની બેઠો હતો. તેણે અપમાન કર્યું. આ પ્રસંગ અગત્યનો છે.

(૮) આફ્રિકામાં પરવાનાની હોળી કરી ત્યારે ગાંધીજીને ગોરા અધિકારીએ માર્યા ન હતા. ફિલ્મમાં મારપીટ દેખાડી છે તેવું ઇતિહાસમાં બન્યું નથી. અતિશયોક્તિભરેલી મારઝુડ કાલ્પનિક છે.

(૯) ગાંધીજી ઉપર મીરઆલમ પઠાણનો હુમલો તથા ગોરા પાદરીએ તેમની કરેલી સેવાસુશ્રુષા ફિલ્મમાં બતાવવા જેવાતાં હતાં.

(૧૯) ગાંધીજી પ્રથમવાર જેલમાં ગયા ત્યારે જે મૂંઝવણ અનુભવી હતી તે બતાવાયું હોત તો સારું હતું. દક્ષિણ આફ્રિકાના ટોલ્સટોય ફાર્મમાંની તથા ફિનિક્ષ આશ્રમમાંની કંઈ નહીં તો ખ્રિસ્તી પ્રાર્થનાઓ ચિત્રમાં ગાઇ સંભળાવી હોત તો ગોરા પ્રેક્ષકો રાજી થાત.

(૧૧) ગાંધીજી ભારતમાં આવ્યા ત્યારે ગુરુદેવ રવીન્દ્રનાથે તેમને શાંતિનિકેતનમાં રહેવા નોતર્યા. શાંતિનિકેતનનું દ્રશ્ય તથા ગાંધી–ટાગોરના મિલનનું દ્રશ્ય પવિત્ર અને તીર્થધામ બની રહેત.

(૧૨) ગાંધીજીના સાબરમતી આશ્રમને ચિત્રાંકિત કર્યો હોત તો ગુજરાતીઓમાં તથા ભારતીયોના હૃદયો ફૂલાત. શાંતિનિકેતન તથા સાબરમતી આશ્રમના ચિત્ર–દ્રશ્યનું વર્જન ભારતીયોની દ્રષ્ટિએ ભારે ભૂલ છે

(૧૨) ધરાસણાની મીઠાની લૂંટના પ્રસંગમાં તો અઢી હજારની સેનાને સરોજિનીદેવીએ દોરી હતી. નરહરિભાઇને પદ્મતિસર પ્રથમ માથે, પછી બને ખભે, પછી છાતીની બંને બાજુ, પછી કેડની બંને બાજુ, પછી સાથળની બંને બાજુ, પછી પીંડીની બંને બાજુ લાઠીઓથી ઝુડી નાખવામાં આવ્યા હતા. ઝોળીઓમાં ઘાયલ સૈનિકોને ધરિપતાલમાં લઇ જવાતા હતા. આંટિયા અને આલમશાહ ફોજદારોનો ત્રાસ સત્યાગ્રહીઓની ભયંકર લોહીલોહાણ મારપીટને બદલે અહીં જુદું દ્રશ્ય છે. મીઠાના ઢગલાઓને ઘેરો ઘાલવાને બદલે સૈનિકો સલામ આપે છે. અને માર ખાધો તેવું દર્શાવાયું છે. ધરાસણાના મીઠાના રાશિના આક્રમણની આ માત્ર મશ્કરી છે. મૂર્ખ ઉપહાસ છે.

(૧૩) મીરાંબહેન ગાંધીજીની પરિચારિકા અને સતત સેવિકા હતાં. અહીં તેમને ઉચિતસ્થાન અપાયું નથી. તેને બદલે ફોટો પડાવનારી ફ્રાઇ મેડમને બહુ સ્થાન મળ્યું છે આ બાઇને ભારતમાં કે ઇંગ્લેન્ડમાં કોઇ ઓળખતું પણ નથી. આટલી સાદી સૂઝબૂઝ (કોમનસેન્સ) અહીં દેખાતી નથી.

(૧૪) આજ રીતે મહાદેવભાઇ તથા પ્યારેલાલને ફિલ્મમાં દર્શાવાયા નથી.

આ તો મને સૂઝ્યા એવા કેટલાક મુદ્દાઓ મેં દર્શાવ્યા છે. ફિલ્મની અંદર બધી જ વિગતો આવી ન શકે. વળી ફિલ્મ ઉતારનારની પોતાની પણ કંઈક દ્રષ્ટિ હોય છે. તેમ છતાં ગાંધીજી સાથે જેમણે પ્રત્યક્ષ કાર્ય કર્યું હોય એવા અનેક લોકોને આ ફિલ્મમાં કેટલીક ત્રુટિઓ જણાય તો તે સ્વાભાવિક છે.

આમ છતાં વિલાયતી ગાંધી ફિલ્મે ભારતના અનાથ, અજ્ઞાન તરુણોને, પ્રૌઢોને મહાત્મા ગાંધીજી વિષે માહિતી આપી તે માટે 'વિલાયતી ગાંધી'નો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માત્ર સંસ્થા નથી, પરંતુ અનેકવિધ પ્રવૃત્તિઓનો સ્ત્રોત છે. ૭૭ વર્ષ પહેલાં સ્થપાયેલી આ સંસ્થાએ વિચાર જાગૃતિ અને વિચાર પરિવર્તનની મશાલને સતત પ્રજ્વલિત રાખી છે અને સમાજના સંસ્કાર-ઘડતર માટે અગ્રીમ ભાગ ભજવ્યો છે. આ સંસ્થાના સદ્‌નસીબે તેને સમયે સમયે યોગ્ય નેતૃત્વ મળતું રહ્યું છે. સંસ્થાના પ્રારંભથી જ સ્વ. શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ નિર્ભિક નેતૃત્વ પૂરું પાડીને આ સંસ્થાની વિકાસયાત્રામાં મોટો ફાળો આપ્યો છે, તો સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે આ સંસ્થાની પ્રવૃત્તિઓને નવું પરિમાણ આપીને આ સંસ્થાને વધુ લોકપ્રિય બનાવી છે અને તદ્‌નુસાર આજ દિન સુધી સંસ્થા અનેક સભ્યો અને કાર્યકરોના સહકારથી સતત પ્રગતિ કરતી રહી છે અને સંસ્થાની પ્રવૃત્તિઓ નવા નવા ક્ષેત્રમાં પ્રસરતી રહી છે.

સંઘ એના ૫૯ મા વર્ષની યાત્રા પૂરી કરે છે ત્યારે વીતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતાં અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ 'પ્રબુદ્ધ જીવન'માં અગાઉ પ્રગટ થયેલ છે. એટલે અહીં એ પ્રવૃત્તિઓ પર ઊડતી નજરે અવલોકન કરીશું.

વહીવટ અને આર્થિક દ્રષ્ટિએ આ અહેવાલ તા. ૧-૧-૧૯૮૭ થી તા. ૩૧-૧૨-૧૯૮૭ સુધીનો છે અને કાર્યવાહીની દ્રષ્ટિએ ગત વર્ષ દરમિયાન વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫-૪-૧૯૮૭ના રોજ મળી હતી ત્યારથી ચાલુ વર્ષે તા. ૭-૫-૧૯૮૮ના રોજ વાર્ષિક સામાન્ય સભાએ અહેવાલ મંજૂર કર્યો ત્યારસુધીનો છે.

સંઘના સભ્યો :

સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે : પેટ્રન ૧૫૩, આજીવન સભ્ય ૧૬૪૦, સામાન્ય સભ્ય ૧૧૦ અને 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો ૨૪૩.

'પ્રબુદ્ધ જીવન' :

'પ્રબુદ્ધ જીવન' શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર છે, તેમ એક વૈચારિક સામયિક પણ છે. યથાશક્ય નિયમિતપણે પ્રગટ કરવા માટે અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો અમને સારો સહકાર સતત સાંપડતો રહ્યો છે, જે માટે અમે તેમના ખૂબ આભારી છીએ. સાહિત્ય, શિક્ષણ, ધર્મ, રાજકારણ, વિજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજસેવા ઇત્યાદિ વિવિધ વિષયો પર લેખો પ્રગટ કરીને 'પ્રબુધ્ધ જીવન'માં વૈવિધ્ય જાળવવા પ્રયત્ન કરીએ છીએ.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતા લેખોને અન્ય દૈનિકો અને સામયિકો ઉધ્ધૃત કરે છે એ આપણા માટે ગૌરવની બાબત છે.

'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન સમયસર-નિયમિત થઇ શકયું છે એ માટે મે. ટ્રેન્ડ પ્રિન્ટર્સ અને તેના મુખ્ય સંચાલક શ્રી કાકુભાઇના અને તેમના સ્ટાફના સભ્યોના અમે આભારી છીએ.

શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૧૭,૯૬૪/૬૫ નાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. વર્ષ આખરે આશરે ૧૩,૦૦૦ પુસ્તકો છે.

વાચનાલય અને પુસ્તકાલય સમિતિના સભ્યો અને મંત્રીશ્રી હરિલાલ ગુલાબચંદ શાહનો તેમજ બૃહદ મુંબઇ મહાનગર-પાલિકાનો અમે આભાર માનીએ છીએ.

પ્રેમળજ્યોતિ :

સંઘ સંચાલિત અને ખંભાતનિવાસી શ્રી મહાસુખભાઇ પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે વર્ષ દરમ્યાન પરેલ, શીવરી, મઝગાંવ, વરલી, અંધેરી, ગોરેગાંવ, મલાડ, કાંદિવલી, બોરીવલી, ભાયંદર અને મુલુન્ડ વગેરે જુદાં જુદાં સ્થળોએ ટેલિફ્રોન બૂથ આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત અંધજનોને પગભર કરવા માટે તેમને સિલાઇ મશીનો અપાયાં હતાં.

'પ્રેમળ જ્યોતિ'ના સંયોજકો શ્રીમતી નિરુબહેન શાહ અને શ્રીમતી કમલબહેન પિસપાટીની દેખરેખ હેઠળ 'પ્રેમળ જ્યોતિ'ની પ્રવૃત્તિઓ સુપેરે ચાલી રહી છે એ માટે તેમના અને અન્ય કાર્યકર બહેનોના અમે આભારી છીએ.

વિલેપાર્લાની પ્રેમળ જ્યોતિ શાખા :

આજથી સાડા ત્રણ વર્ષ પહેલાં વિલેપાર્લા ખાતે 'પ્રેમળજ્યોતિ'ની શાખાનો પ્રારંભ થયો હતો. આ શાખાની બહેનો દર ગુરુવારે વિલેપાર્લાની નાણાવટી હોસ્પિટલના દર્દીઓને આર્થિક સહાય આપે છે, આ શાખાના સંયોજકો તરીકે શ્રીમતી સ્મિતાબહેન કામદાર અને શ્રીમતી સુલીબહેન હીરાણી વગેરે બહેનો સેવા આપે છે તેની સાભાર નોંધ લઇએ છીએ.

અસ્થિ સારવાર કેન્દ્ર :

સંઘના પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૩૧-૭-૧૯૮૩થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે, આ કેન્દ્રમાં હાડકાંના દરદોના નિષ્ણાત ડો. જે. પી. પીઠાવાલા દર રવિવારે ૯-૦૦ થી ૧-૩૦ દરમિયાન હાડકાંના રોગોની સારવાર કરે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે કારોબારી સમિતિના સભ્ય શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ દર રવિવારે અચૂક હાજરી આપી રહ્યા છે. એમના અને ડો. પીઠાવાલાના તેમજ તેમના સાથી કાર્યકરોના અમે ઋણી છીએ.

અંધેરીમાં અસ્થિ સારવાર કેન્દ્ર :

તા. ૨૬-૧-૧૯૮૫ના રોજ સંઘ દ્વારા શરૂ થયેલા આ કેન્દ્રમાં દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૩૦ સુધી અસ્થિ નિષ્ણાત ડો. જે. પી. પીઠાવાલા સેવા આપે છે. આ કેન્દ્રના સંયોજકો તરીકે શ્રી પ્રવીણભાઇ મંગળદાસ શાહ અને શ્રીમતી પર્ણલેખાબહેન દોશી સેવા આપે છે. તેઓ સૌનો અમે હાર્દિક આભાર માનીએ છીએ તેમજ અંધેરી ખાતે શ્રી વર્ધમાન જૈન શ્વે. શ્રાવક સંઘનો તેમની જગ્યાનો ઉપયોગ કરવા દેવા માટે અમો આભારી છીએ.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે ઉપરોકત વ્યાખ્યાનમાળા તા. ૬, ૭ અને ૮ એપ્રિલ, ૧૯૮૭ના રોજ ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં સાંજના ૬-૦૦ વાગે યોજાઇ હતી. 'રાષ્ટ્રીય એકાત્મતા : પડકાર અને નિરાકરણ' એ વિષય પર ધારાશાસ્ત્રી શ્રી નાની પાલખીવાલા અને સંસદસભ્ય શ્રી આરીફ મોહમ્મદખાને પ્રવચનો કર્યાં હતાં અને 'પંજાબ અને શીખો' એ વિષય પર ખ્યાતનામ પત્રકાર શ્રી ખુશવંતસિંહે પ્રવચન આપ્યું હતું. પ્રમુખસ્થાન શ્રી અમરભાઇ જરીવાલાએ લીધું હતું. આ માટે અમે તેમના અને વ્યાખ્યાતાઓના આભારી છીએ.

એકયુપ્રેશર તાલીમ વર્ગ :

સંઘના ઉપક્રમે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં આ વર્ષે તા. ૨૩-૪-૧૯૮૭ ના અને તા. ૯-૧-૧૯૮૮ ના એકયુપ્રેશર તાલીમ વર્ગના બે સત્રો યોજવામાં આવ્યા હતા. અંગ્રેજી ભાષામાં ચાલતા આ તાલીમ વર્ગમાં સારી સંખ્યામાં ભાઇ-બહેનોએ લાભ લીધો હતો. આ વર્ગના માનદ્ સંચાલક શ્રી જગમોહનભાઇ દાસાણીનો અમે આ તકે આભાર માનીએ છીએ.

'જ્ઞાનગોષ્ઠિ'ના ઉપક્રમે વાર્તાલાપો :

સંઘ સંચાલિત 'જ્ઞાનગોષ્ઠિ'ના ઉપક્રમે નીચેના વાર્તાલાપો-પ્રવચનો યોજાયાં હતાં.

* ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી શ્રી બાબુભાઇ જશભાઇ પટેલનો 'ગુજરાત અને નર્મદાનાં નીર' એ વિષેનો એક એક વાર્તાલાપ સોમવાર, તા. ૨૭-૪-૧૯૮૭ના રોજ રાખવામાં આવ્યો હતો.
* જાણીતા પત્રકાર એમ. વી. કામથનું 'રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને અખબારો' એ વિષય પરનું વ્યાખ્યાન ગુરુવાર, તા. ૪-૬ ૧૯૮૭ના રોજ રાખવામાં આવ્યું.
* શ્રી નગીનદાસ સંઘવીનું 'હરિયાણાની ચૂંટણીનાં પરિણામો' એ વિષય પરનું પ્રવચન સોમવાર તા ૨૯ ૬-૧૯૮૭ના યોજવામાં આવ્યું હતું.
* સરદાર પૃથ્વીસિંહ આઝાદનું 'આઝાદીની લડતનાં સંસ્મરણો' એ વિષય પરનું વ્યાખ્યાન શુક્રવાર, તા. ૩જી જુલાઇ, ૧૯૮૭ના રોજ રાખવામાં આવ્યું હતું.
* જાણીતા સર્વોદય નેતા શ્રી ઠાકુરદાસ બંગનું 'વર્તમાન રાષ્ટ્રીય સંદર્ભમાં ગાંધીજીની પ્રસ્તુતતા' એ વિષય પરનું એક વ્યાખ્યાન શુક્રવાર, તા. ૩૦-૧૦-૧૯૮૭ના રોજ રાખવામાં આવ્યું હતું.

ઉપરોકત કાર્યક્રમમાં પધારેલા વિદ્વાન વ્યાખ્યાતાઓ અને આ પ્રવૃત્તિના સંયોજક શ્રી સુબોધભાઇ એમ. શાહ તથા શ્રી અમરભાઇ જરીવાલાના અમે એ માટે આભારી છીએ.

ભકિત સંગીત :

સંઘના ઉપક્રમે પરમાનંદ કાપડિયા હોલમાં છેલ્લા એક વર્ષથી બહેનો માટે ભકિત સંગીતના વર્ગો ચલાવવામાં આવે છે. અત્યાર સુધીમાં તા. ૬-૫-૧૯૮૭ના, તા. ૧૩-૧૧-૧૯૮૭ના અને તા. ૨-૪-૧૯૮૮ના એમ છ અઠવાડિયાંના ત્રણ વર્ગ યોજવામાં આવ્યા હતા. તેમાં સારી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો. વર્ગનું સંચાલન કરનાર શ્રી બંસીભાઇ ખંભાતવાલા અને વર્ગના સંયોજક શ્રી ઉષાબહેન મહેતાના એ માટે અમે આભારી છીએ

પર્યુષણ વ્યાખ્યાનમાળા :

સંઘના ઉપક્રમે શુક્રવાર, તા. ૨૧-૮-૮૭ થી શનિવાર, તા. ૨૯-૮-'૮૭ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનમાળા બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭ ખાતે યોજવામાં આવી હતી. આ નવેય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખ સ્થાન ડૉ. રમણલાલ સી. શાહે શોભાવ્યું હતું. ગત વર્ષની માફક આ વર્ષે પણ કલોઝ સરકિટ ટી. વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો આ પ્રમાણે છે:

*	શ્રી સુનંદાબહેન વોહોરા	સુખપ્રાપ્તિ અને દુઃખ મુકિતનો ઉપાય
*	શ્રી શશિકાન્ત મહેતા	આજનો યુગધર્મ: જીવનમાં અધ્યાત્મની પ્રતિષ્ઠા
*	શ્રીમતી મૃણાલિની દેસાઇ	ઋગ્વેદમાં રાષ્ટ્રીય ભાવના
*	પૂ. રમેશભાઇ ઓઝા	કૃષ્ણ વંદે જગદ્ ગુરુમ્
*	પૂ મુનિશ્રી યશોભદ્રવિજયજી	मानव जीवन और अध्यात्म
*	પૂ. વિજય મુનિ પંજાબી	जैन धर्म में तप
*	પૂ. રાજમતીશ્રીજી	સ્વસ્થ કેવે રહે ?
*	ડૉ. શેખરચંદ્ર જૈન	મૃત્યુ મહોત્સવ
*	ડૉ. કુમારપાળ દેસાઇ	મહાવીરનો ધર્મ, મહાવીરથી દૂર
*	શ્રી અનિરુદ્ધ સ્માર્ત	સમસ્ત જીવન યોગ છે
*	પ્રા. પ્રકાશ ગજ્જર	આધુનિક જીવન અને ધર્મ
*	ડૉ. ગુણવંત શાહ	માણસની દુષ્ટતામાંથી મારી શ્રદ્ધા ઊઠી ગઇ છે.
*	પ્રા. તારાબહેન ર. શાહ	ઉપાધ્યાય યશોવિજયજી
*	પ્રા હરિભાઇ કોઠારી	ઢાઇ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય.
*	પૂ. મોરારી બાપુ	જીવન અને ધર્મ
*	ડૉ. નરેન્દ્ર ભાણાવત	पर्यावरण शुद्धि और धर्म
*	શ્રી ડોલરભાઇ વસાવડા	બિનસાંપ્રદાયિકતા
*	ડૉ. રમણલાલ ચી. શાહ	ધર્મધ્યાન

આ સર્વ વ્યાખ્યાતાઓના સહકાર બદલ અમે આભારી છીએ.

વ્યાખ્યાનમાળાના ખર્ચ માટે મે. સેવંતીલાલ કાંતિલાલ શાહ તરફથી ઇ. સ. ૧૯૮૨માં માતબર રકમનું દાન સંસ્થાને મળેલ છે. તેથી તેમના આર્થિક સહયોગથી આ વ્યાખ્યાનમાળા સારી રીતે ચાલી રહી છે. સંઘ તરફથી તેમની ઉમદા ભાવના અને પ્રેમ બદલ આ તકે અમે તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજાતી આ વ્યાખ્યાનમાળા માટે મુંબઇ મહાનગરપાલિકાના ડે. કમિશનર શ્રી પ્રવીણભાઈ કામદાર તથા મે. કુકકર કેટરર્સના સહયોગ માટે તેમજ શ્રી કુંવરજી કરમશી તાડપત્રીવાળાનો તાડપત્રી વિના મૂલ્યે ઉપયોગ કરવા માટે આપવા બદલ અમે તેઓના અત્યંત ઋણી છીએ.

વલ્લભસૂરિ વ્યાખ્યાન શ્રેણી :

સંઘના ઉપક્રમે અને શ્રી આત્માનંદ જૈન સભા પ્રેરિત પ્રતિવર્ષ યોજાતી આ વ્યાખ્યાન શ્રેણીમાં આ વર્ષે શનિવાર, તા. ૧૯ મી સપ્ટેમ્બર, ૧૯૮૭ના રોજ સવારના ૯-૩૦ કલાકે બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી ખાતે પૂ. મુનિશ્રી જિનચંદ્રવિજયજી (બંધુત્રિપુટી)નું 'જૈન સંસ્કૃતિમાં આચાર્યોનું પ્રદાન' એ વિષય પર પ્રવચન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે શ્રી આત્માનંદ જૈન સભા (મુંબઇ), વ્યાખ્યાતા પૂજ્ય મુનિશ્રી તથા કાર્યક્રમના સંયોજક શ્રી શૈલેશભાઈ ઠાકોરીનો અમે આભાર માનીએ છીએ.

નેત્રયજ્ઞ :

સંઘ દ્વારા નેત્રયજ્ઞની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે તે મુજબ તા. ૩૧-૧૦-'૮૭ના રોજ શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ સંચાલિત વિશ્વવત્સલ ઔષધાલય - ગુંદીના ઉપક્રમે સંઘની આર્થિક સહાયથી સાણંદ તાલુકાના માણકોલ ગામે એક નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. તેમાં સંઘની સમિતિના દસેક સભ્યોએ ભાગ લીધો હતો.

તદુપરાંત તા. ૧૫ નવેમ્બર, ૧૯૮૭ના સુરત જિલ્લાના કડોદ ગામે ત્યાંની દામોદરદાસ ગાંધી હોસ્પિટલના ઉપક્રમે સંઘની આર્થિક સહાયથી નેત્રયજ્ઞ યોજાયો હતો. આ પ્રસંગે સંઘની સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

નેત્રયજ્ઞની વ્યવસ્થાની સઘળી જવાબદારી વહન કરવા માટે બંને સંસ્થાના પદાધિકારીઓના અને આ પ્રવૃત્તિના સંયોજક શ્રી રસિકલાલ લહેરચંદ શાહના અમે આભારી છીએ.

કડી કન્યા છાત્રાલયની મુલાકાત :

માણકોલના નેત્રયજ્ઞની મુલાકાતેથી પાછા ફરતાં સમિતિના સભ્યોએ તા. ૩૧-૧૦-૧૯૮૭ના રોજ કડીમાં આવેલી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કન્યા છાત્રાલયની મુલાકાત લીધી હતી. છાત્રાલયના પ્રમુખશ્રીએ સંસ્થાની પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી.

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ :

સંઘના ઉપક્રમે ગત વર્ષની જેમ આ વર્ષે પણ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તા. ૭-૧૧-૧૯૮૭ થી બહેનો માટેનો એક વકતૃત્વ તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો. આ વર્ગના અધ્યાપક પ્રા. ધીરેન્દ્ર રેલિયાના તથા સંયોજક શ્રીમતી જ્યોતિબહેન પી. શાહના અમે આભારી છીએ.

દિગમ્બર જૈનાચાર્યનું વ્યાખ્યાન :

સંઘના ઉપક્રમે શુક્રવાર, તા. ૧૩ મી નવેમ્બર, ૧૯૮૭ના બપોરના ૩-૩૦ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં દિગમ્બર જૈનાચાર્ય પૂ. બાહુબલી મહારાજનું 'માનવતાનું સુખ' એ વિષય પર એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. એ માટે વ્યાખ્યાતા પૂજ્ય આચાર્ય મહારાજના તથા કાર્યક્રમના સંયોજક શ્રી ભગવંતલાલ નરસિંહપુરાના અમે આભારી છીએ.

મહિલા માટે યોગના વર્ગો :

સંઘના ઉપક્રમે તા. ૧લી ડિસેમ્બર, ૧૯૮૭થી તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૮૭ સુધીના અને તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૮૮થી તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૮૮ સુધીના મહિલાઓ માટેના યોગના વર્ગો પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યા હતા. આ માટે કાર્યક્રમના સંયોજક ડો. નલિનીબહેન મહેતા અને શ્રીમતી હેમાબહેન શાહના અમે આભારી છીએ.

વિદ્યાસત્ર :

સંઘના ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્ર તા. ૧૧, ૧૨ જાન્યુઆરી, ૧૯૮૮ના રોજ સાંજના ૬-૧૫ વાગે ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના કમિટિ રૂમમાં યોજવામાં આવ્યું હતું. 'ઉપાધ્યાય યશોવિજયજીનું જીવન અને સાહિત્ય' એ વિષય પર પ્રા. જયંતભાઇ ઠાકોરીએ બે વ્યાખ્યાનો આપ્યાં હતાં. વ્યાખ્યાતા શ્રી જયંતભાઇના તથા કાર્યક્રમના સયોજક પ્રા. તારાબહેન ર. શાહના અમે આભારી છીએ.

મરાઠી ભાષામાં ગોષ્ઠિ :

સંઘના ઉપક્રમે મરાઠી ભાષાનાં જાણીતાં લેખિકા અને સાજસેવિકા શ્રી જ્યોતિબહેન સોમણનું 'જીવનસંધ્યાચે રંગ' એ વિષય પર મરાઠી ભાષામાં ગુરુવાર, તા. ૧૩-૧-૧૯૮૮ના સાંજના ૪ વાગે પરમાનંદ કાપડિયા હોલમાં પ્રવચન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંયોજન શ્રીમતી કમલબહેન પિસપાટીએ કર્યું હતું. વ્યાખ્યાતા જ્યોતિબહેન સોમણ તથા સંયોજકશ્રીના અમે આભારી છીએ.

શ્રમમંદિર અને મુનિસેવા આશ્રમની મુલાકાત :

ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે સંઘ તરફથી શ્રમ મંદિરને સહાય અર્થે એકત્ર કરવામાં આવેલ કુલ રકમ રૂા. ૫,૬૧,૦૦૦ અર્પણ કરવા રવિવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ શ્રમમંદિર, સિંધરોટ ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘની સમિતિના સભ્યો અને દાતાઓ સિંધરોટ ગયા હતા.

સંઘે આપેલી રકમ સામે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના નામનું એક સંકુલ બાંધવાનો તેમની પોતાની પ્રેરણાથી ત્યાંના વ્યવસ્થાપકોએ સંકલ્પ કર્યો હતો અને જે જમીન પર તે બાંધવામાં આવનાર છે તેનું ભૂમિપૂજન સૌની વિનંતીથી સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહ અને એમનાં ધર્મપત્ની પ્રા. તારાબહેન ર. શાહના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે શ્રમ મંદિરમાં આપેલી રકમના દાતાઓનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. શ્રમ મંદિરની મુલાકાતથી પ્રભાવિત થઈ, સભ્યોએ ઉપસ્થિત પોતાના તરફથી શ્રમમંદિરમાં એક ભોજનતિથિ લખાવવા માટે રૂપિયા ચૌદ હજારનો ફાળો નોંધાવ્યો હતો.

શ્રમ મંદિરની મુલાકાતનું કાર્ય પૂર્ણ કરી સૌ ભાઇ-બહેનો વાઘોડિયા તાલુકાના ગોરજ ગામે માનવતાની મહેંક

સમી સંસ્થા શ્રી મુનિ સેવા આશ્રમની મુલાકાત લીધી હતી. સંસ્થાના સ્થાપક અને સૂત્રધાર-સંચાલક શ્રીમતી અનુબહેન ઠક્કરની ભારે જહેમતથી આ સંસ્થાની વિકાસયાત્રા અવિરત આગળ ચાલી રહી છે તે જોઈ સૌ પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સભ્યોએ પોતાના તરફથી આશ્રમ માટે રૂપિયા પંદર હજારનો ફાળો જાહેર કર્યો હતો.

પરિસંવાદ :

સંઘના ઉપક્રમે 'ગુજરાતી રંગભૂમિના છેલ્લા ચાર દાયકા' એ વિષેનો એક પરિસંવાદ શનિવાર, તા. ૨જી એપ્રિલ, ૧૯૮૮ના બપોરના ૨-૦૦ થી ૭-૦૦ સુધી ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં ગુજરાતના સુપ્રસિદ્ધ નાટ્યાચાર્ય શ્રી ચંદ્રવદન ચી. મહેતાના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સર્વશ્રી પ્રકાશ જોશી, કાંતિ મડિયા, વિષ્ણુભાઈ વ્યાસ, ડો. દિનેશ ભટ્ટ, જગદીશ શાહ, તારક મહેતા, પ્રા. બકુલ ત્રિપાઠી, પ્રા. માર્કન્ડ ભટ્ટ, મીનળ પટેલ, પ્રાગજી ડોસા અને શ્રી ઉત્પલ ભાયાણીએ ભાગ લીધો હતો અને ઉપરોક્ત વિષય પર રસપ્રદ પ્રવચનો કર્યાં હતાં. કાર્યક્રમના પ્રમુખશ્રી, વ્યાખ્યાતાઓ અને સંયોજક ડો. ધનવંત શાહના અમે આભારી છીએ તેમજ આ પ્રવૃત્તિ માટે આર્થિક સહયોગ આપનાર શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિના પણ અમે આભારી છીએ.

સંઘના સભ્યોનું વાર્ષિક સ્નેહ સંમેલન :

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને સામાન્ય સભ્યોનું વાર્ષિક સ્નેહ સંમેલન રવિવાર, તા. ૩જી એપ્રિલ ૧૯૮૮ના રોજ સવારના ૧૦-૦૦ થી ૧૨-૩૦ સુધી ચોપાટી ખાતેના બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવ્યું હતું. દરેક સભ્યોએ અલ્પાહાર લઇને શ્રી બંસીભાઇ ખંભાતવાલા અને મહિલા ભક્તિ સંગીત વર્ગનાં બહેનોનો 'મહાવીર વંદના'નો કાર્યક્રમ પ્રસન્ન ચિત્તે માણ્યો હતો. આ કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપનારા શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલાના, 'મહાવીર વંદના'નો કાર્યક્રમ આપનારા શ્રી બંસીભાઇ ખંભાતવાલા અને ભક્તિ સંગીત વર્ગના બહેનોના તેમજ આ કાર્યક્રમના સંયોજક શ્રી ચીમનલાલ જે. શાહના અમે આભારી છીએ.

સંસદસભ્ય પ્રા. મધુ દંડવતેનું પ્રવચન :

સંઘના ઉપક્રમે બુધવાર, તા. ૧૩ મી એપ્રિલ, ૧૯૮૮ના રોજ ચર્ચગેટ ખાતેની સિડનહામ કોલેજનાં સભાગૃહમાં જાણીતા સંસદસભ્ય પ્રા. મધુ દંડવતેનું 'ગાંધીજીની ક્રાંતિકારકતા' એ વિષય પર એક પ્રવચન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી અમરભાઇ જરીવાલાએ લીધું હતું. ગુજરાતના માજી મુખ્ય મંત્રી શ્રી બાબુભાઇ જશભાઇ પટેલે પણ આ પ્રસંગે પધારીને પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે ઉપરોક્ત વ્યાખ્યાનમાળા તા. ૧૯, ૨૦ અને ૨૫મી અપ્રિલ, ૧૯૮૮ના રોજ ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં સાંજના સમયે યોજાઇ હતી. 'આર્થિક અંધાધૂંધી : દેખાય છે કોઈ માર્ગ ?' એ વિષય પર ભારતના ભૂતપૂર્વ નાણાપ્રધાન શ્રી સી. સુબ્રમણ્યમ્, સામ્યવાદી પક્ષના સિદ્ધાંતોના સમર્થ વિદ્વાન શ્રી મોહિત સેન અને અર્થશાસ્ત્રના પ્રખર અભ્યાસી શ્રી એચ. પી. રાનીનાએ ઉપરોક્ત વિષય પર પ્રવચનો કર્યાં હતાં. પ્રમુખસ્થાન શ્રી અમરભાઇ જરીવાલાએ લીધું હતું. આ માટે અમે તેમના અને વ્યાખ્યાતાઓના આભારી છીએ.

શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીનો ચરિત્રકીર્તન કાર્યક્રમ :

સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ જે. શાહના પ્રમુખસ્થાને શ્રી મહેન્દ્રભાઇ મેઘાણીનો ચરિત્ર કીર્તન કાર્યક્રમ તા. ૨ જી મે, ૧૯૮૮ ના રોજ સાંજના ૬-૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહ ખાતે યોજવામાં આવ્યો હતો.

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક :

સંઘના ભૂતપૂર્વ કાર્યકર સ્વ. ધીરજલાલ ધનજીભાઇ શાહની સ્મૃતિમાં પારિતોષિક માટે શ્રીમતી કમળાબહેન સૂતરિયા તરફથી રૂ. ૧૧,૦૦૦/- સંઘને ભેટ મળ્યા હતા. તે મુજબ 'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન (જાન્યુઆરીથી ડિસેમ્બર) પ્રગટ થયેલ લખાણ (એક અથવા વધુ લેખો) માટે રૂ. ૧૦૦૦/-નું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક પં. પનાલાલભાઇ જગજીવનદાસ ગાંધીને તેમના લેખો બદલ આપવામાં આવ્યું છે. આ પારિતોષિકના નિર્ણાયકો તરીકે ડો. રમણલાલ ચી. શાહ, ડો. દિનેશ ભટ્ટ, શ્રી જયેન્દ્રભાઇ એમ. શાહ અને શ્રી પન્નાલાલ ર. શાહે સેવા આપી હતી. આ માટે અમે તે સર્વેનો આભાર માનીએ છીએ.

સ્વ. મોહનલાલ મહેતા-'સોપાન' પારિતોષિક :

શ્રીમતી લાભુબહેન મોહનલાલ મહેતા તરફથી મળેલી દાનની રકમમાંથી સંઘ દ્વારા પ્રતિવર્ષ સ્વ. મોહનલાલ મહેતા-'સોપાન' પારિતોષિક આપવાનું નકકી કરવામાં આવ્યું છે. આ યોજના અનુસાર મુંબઇનાં દૈનિકોમાં પ્રગટ થતી સાહિત્ય સહિત સામાજિક વિષયો ઉપરની મૌલિક ચિંતનાત્મક કોલમને માટે રૂપિયા એક હજારનું પારિતોષિક અપાશે.

ઇ.સ. ૧૯૮૭ના વર્ષ માટેનું પારિતોષિક શ્રી હરીન્દ્ર દવેને એમની 'જન્મભૂમિ'ની કોલમ 'વેરાતાં સ્વપ્ન, ઘૂંટાતું સત્ય' માટે આપવાનું નકકી કરવામાં આવ્યું છે. એ માટે શ્રી હરીન્દ્ર દવેને અભિનંદન તથા નિર્ણાયકો (૧ ડો. રમણલાલ ચી. શાહ (૨) ડો. ઉષાબહેન મહેતા (૩) શ્રી ઘનશ્યામ દેસાઇ (૪) શ્રી ગુણપતભાઇ ઝવેરી અને (૫) શ્રી પન્નાલાલ ર. શાહના અમે આભારી છીએ

સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ :

સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહના પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈન ધર્મનાં પુસ્તકોના પ્રકાશન માટે રૂા. ૩૦,૦૦૦ની રકમ ભેટ આપવામાં આવી હતી અને તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. મહાવીર વાણી, નિહ્નવવાદ, જિનતત્ત્વ ભાગ-૧ વગેરે પ્રકાશનો આ ટ્રસ્ટ ફંડ દ્વારા અગાઉ પ્રગટ થયાં છે. ચાલુ વર્ષ દરમિયાન જિનતત્ત્વ ભાગ-૨ જો પ્રગટ થઈ ગયો છે અને 'જિનતત્ત્વ' ભાગ-૩ જો છપાઈ રહ્યો છે.

શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાં ઘર :

સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડાં આપવાની

આ પ્રવૃત્તિ દર રવિવારે ૩-૦૦ થી ૫-૩૦ સુધી નિયમિત ચલાવવામાં આવે છે.

આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૧૨૫ જેટલી રહી છે. રમકડાં ઘર માટે વખતોવખત નવાં રમકડાં ખરીદવામાં આવે છે અને બાળકો તેનો સારો લાભ લે છે. આ પ્રવૃત્તિના સંયોજક ડૉ. અમૂલ શાહ અને શ્રીમતી જ્યાબહેન વીરા દર રવિવારે કાર્યાલયમાં નિયમિત હાજર રહી સારી સેવા આપે છે. એ માટે અમે તેમના આભારી છીએ.

દુષ્કાળ રાહત નિધિ :

આ વર્ષે પણ ગુજરાતમાં દુષ્કાળ હોવાથી મૂંગાં જાનવરોને ઘાસચારા વગેરે માટે સંઘ તરફથી દુષ્કાળ રાહત નિધિ એકત્ર કરવામાં આવ્યો હતો તેમાં કુલ રૂ. ૯૭,૯૫૧-૦૦ની રકમ મળી હતી. આ રકમમાંથી રૂ. ૯૭,૦૦૦/- ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની જીવદયાનું કાર્ય કરતી જુદી જુદી સંસ્થાઓને મોકલી આપવામાં આવી હતી.

શ્રી સી. યુ. શાહ મેડિકલ એઇડ ફંડ :

અત્યાર સુધીમાં 'પ્રેમળ જ્યોતિ' દ્વારા જુદા જુદા દરદીઓને દવાના રૂપમાં જે સહાય કરવામાં આવી હતી એને વિકસાવવા 'શ્રી સી. યુ. શાહ મેડિકલ એઇડ ફંડ'ની સ્થાપના કરવામાં આવી છે અને તેના ઉપક્રમે દરદીઓને દવા વગેરેની સહાય કરવાનું કાર્ય સારી રીતે ચાલે છે. એ માટે શ્રી સી. યુ. શાહના અમે આભારી છીએ.

મોતિયાના દરદીઓને ચશ્માં માટે સહાય :

સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા મોતિયાના દરદીઓને ઓપરેશન પછી ચશ્માં માટે સહાય આપવાની યોજના કરવામાં આવી છે. તે માટે શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી તરફથી સંઘને રૂા. ૧૫૦૦૦/-નું દાન મળ્યું છે તે માટે અમે એમના અત્યંત ઋણી છીએ

શ્રી જમનાદાસ હાથીભાઇ મહેતા અનાજ રાહત ફંડ :

શ્રી જે. એચ. મહેતાના કુટુંબીજનો તરફથી રૂ. ૨૫૦૦૦/- અનાજ રાહત ફંડમાં મળતાં જરૂરિયાતવાળા કુટુંબોને સસ્તા દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે આ પ્રવૃત્તિ માટે જુદા જુદા દાતા તરફથી અત્યાર સુધીમાં રૂ. ૩૧,૪૮૩-૦૦ની રકમ મળેલ છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબહેન મહેતા સેવા આપી રહ્યાં છે. આ પ્રવૃત્તિના સંયોજકો અને દાતાઓના અમે આભારી છીએ.

આભાર :

* વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની આઠ સભા મળેલ હતી. કારોબારી સમિતિ, સહયોગ સમિતિ અને કારોબારી સમિતિના નિમંત્રિત સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે એનો અમને આનંદ છે.

* ચોકકસ પ્રવૃત્તિ માટે મળેલ માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે કે વર્ષ દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થસિંચન કરનાર દાતાઓને તો કેમ ભુલાય ? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

* સંઘની પ્રવૃત્તિને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. એથી જ ગીરનાં ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાનાં માતબર દૈનિકો અને સંચાલકોએ સંઘની દરેક પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને સમાજમાં નવું પરિમાણ આપ્યું છે. તે દરેક વર્તમાનપત્રો અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.

* આપણી વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો અને વ્યાખ્યાનશ્રેણી કે વાર્તાલાપના વિદ્વાન વકતાઓ આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો આભાર માનીએ છીએ.

* સંઘની પ્રવૃત્તિઓના ફલકનો આટલો બધો વિસ્તાર થયો છે તેનું મુખ્ય કારણ સમિતિના ઘણા બધા સભ્યોએ યથાશકિત ઉત્સાહપૂર્વક જુદી જુદી પ્રવૃત્તિઓની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી છે. એ સર્વ સંયોજકોનાં નામોનો તો તે તે પ્રવૃત્તિના અહેવાલમાં નિર્દેશ કરવામાં આવ્યો છે. સંયોજકોના આવા ઉદારદિલ સહકાર અને સમયના ભોગ વિના સંઘની આટલી બધી પ્રવૃત્તિઓની જવાબદારી માત્ર મંત્રીઓ વહન કરી શકે નહિ. એ માટે એ સર્વ સંયોજકોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

* સંઘને અનેકવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા માટે અને સંઘના દરેક સભ્યોને પ્રેમભરી હૂંફ આપવા બદલ સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહનો આ તકે અમે અત્યંત આભારી છીએ.

* સંસ્થાના હિસાબો ચીવટપૂર્વક અને સમયસર જોઇ-તપાસી આપવા માટે ઓડિટર્સ મે. યુ. એસ. શાહ એન્ડ એસોસિએટસ અને શ્રીયુત ઉત્તમચંદ એસ. શાહનો અમે આભારી છીએ.

* સંઘના હિસાબો માટે ઇન્ટરનલ ઓડિટરની માનદ્ સેવા આપવા બદલ સંઘની સમિતિના સભ્ય શ્રી ભકતલાલ ભીખાચંદ શાહના અમે આભારી છીએ.

* સંઘનો કર્મચારીગણ પણ આપણી પ્રવૃત્તિઓમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો જ ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે.

નિરુબહેન એસ. શાહ — **કે. પી. શાહ**
શૈલેશ એચ. કોઠારી — **પન્નાલાલ ર. શાહ**
વસુબહેન ભણશાલી — મંત્રીઓ
સહમંત્રીઓ

* **કારોબારી સમિતિએ મંજૂર કર્યા તા. ૧૨-૪-૧૯૮૮**
* **વાર્ષિક સામાન્ય સભાએ મંજૂર કર્યા તા ૭-૫-૧૯૮૮**

૧૯મી સદી પૂર્વાર્ધના કવિ ઉત્તમવિજય

● રમણ સોની

મધ્યકાલીન ગુજરાતી જૈન કવિઓ માટે સાહિત્યની સાધના અનિવાર્યપણે ધર્મસાધનાનો જ એક સક્રિય અંશ રહી છે. એટલે ધર્મલાભ અને ધર્મપ્રસાર અર્થે પ્રયોજાયેલું જૈનસાહિત્ય સાતત્યપૂર્ણ વિપુલ લેખનની, ધર્મકથાઓના વિસ્તારપૂર્વકના આલેખનની અને પ્રચલિત-લોકપ્રિય સાહિત્યસ્વરૂપો તેમજ ગેય ઢાળોને પ્રયોજતા રહેવાની લાક્ષણિકતા બતાવે છે. એકાદ સુગેય સઝાયથી માંડીને સુદીર્ઘ રાસાઓ સુધીના જૈન સાહિત્યની આવી મુદ્રા ઊપસે છે. મધ્યકાળના લાંબા સમયપટ પર મહદંશે સામ્પ્રદાયિકતાની અને પ્રરૂઢ સાહિત્યપરંપરાની પ્રણાલિકાને જ અનુસરતું ને વિસ્તારતું હોવા છતાં આ સાહિત્યમાં પણ નોંધપાત્ર સર્જકશક્તિનો આવિષ્કાર થોડાક ઉત્તમ લેખકોમાં તેમજ કેટલાક ગૌણ લેખકોની કોઈકોઈ કૃતિઓમાં થતો રહ્યો છે. આવા સર્જકોને ને મહત્ત્વની સાહિત્યકૃતિઓને તારવી લેવામાં આવે તો આલેખનકૌશલ, સ્વરૂપસિદ્ધિ તેમજ પદ્યરચનાની પ્રયુક્તિઓ આદિમાં જણાતી આગવી સાહિત્યસૂઝનો તથા સર્જકશક્તિનાં વૈવિધ્ય અને સમૃદ્ધિનો પણ સાચો અંદાજ આવી શકે.

આવી તારવણીમાં ૧૯મી સદી પૂર્વાર્ધના કવિ ઉત્તમવિજયનો સમાવેશ પણ થઈ શકે. આ સદીના પદ્મવિજય ને વીરવિજય જેવા વિવિધ પ્રકારોની વિપુલસંખ્ય કૃતિઓ સર્જનાર મોટા કવિઓ ઉપરાંત કેટલાક ગૌણ કવિઓમાં પગચ્છના વિમલવિજયની પરંપરામાં ખુશાલવિજયના શિષ્ય આ ઉત્તમવિજય વિશેષ નોંધપાત્ર છે. એમની આરંભની એક કૃતિમાં કવિનું ઉત્તમચંદ નામ પણ મળે છે.

ઉત્તમવિજયે છંદ સઝાય જેવી લઘુ કૃતિઓ, 'વેલ' કે 'વેલી' નામે ઓળખાવાયેલી ઊર્મિકેન્દ્રી કથાકૃતિઓ અને લાંબા રાસ – એમ વિવિધ પ્રકારની દસેક કૃતિઓ રચી છે.

એમની સર્વ લઘુ કૃતિઓ મુદ્રિત થયેલી છે. એમાં 'રહનેમિ-રાજિમતી ચોક/સઝાય' (રચનાવર્ષ ઈ. ૧૮૧૯/સં. ૧૮૭૫, કારતક સુદ બારસ, રવિવાર) ૪-૪ કડીઓનાં ૪ ગુચ્છ એટલે કે ચોકમાં રચાયેલી છે : 'પાર્શ્વનાથ સ્વામીનો છંદ' ૮ રચનાવર્ષ ઈ. ૧૮૨૪/ સં. ૧૮૮૦, મહા દશમ) તોટક છંદની ૧૩ કડીઓની રચના છે; 'એકસોઆઠ નામ ગર્ભિત-શંખેશ્વર પાર્શ્વજિન-છંદ' (રચના વર્ષ ઈ. ૧૮૨૫ સં. ૧૮૮૧, ફાગણ વદ બીજ, કડખાની દેશી પ્રયોજતું ૨૧ કડીઓનું કાવ્ય છે અને 'પરદેશી રાજાની સઝાય' ૧૮ કડીઓની રચના છે.

આ કવિએ રચેલી બંને રાસકૃતિઓ બહુધા પરંપરાનુસારી છે-૪ ખંડ અને ૭૧ ઢાળમાં વિસ્તરેલો 'ધનપાળ-શીલવતીનો રાસ' (રચનાવર્ષ ઈ. ૧૮૨૨/ સં. ૧૮૭૮ માગશર પાંચમ, સોમવાર) તથા ૭ ઢાળનો 'ઢુંઢક રાસ/ લુમ્પક-લોપક તપગચ્છ જયોત્પત્તિ રાસ' (રચના વર્ષ ઈ. ૧૮૨૨/ સં. ૧૮૭૮, પોષ સુદ તેરસ.)

શત્રુંજય આદિ પાંચ તીર્થોના તીર્થંકરોની પૂજા વિશેની એમની એક કૃતિ 'પંચતીર્થ પૂજા' (રચનાવર્ષ ઈ. ૧૮૩૪/ સં. ૧૮૯૦, ફાગણ સુદ પાંચમ) આમ તો પરંપરાગત રચના છે પરન્તુ સળંગ દુહાના ૭ ઢાળમાં ચાલતી આ કૃતિમાં કવિએ વચ્ચે વચ્ચે જે વૈવિધ્યપૂર્ણ ગીતો પ્રયોજ્યાં છે એની દેશીઓ તે સમયે પ્રચલિત મહત્ત્વનાં જૈનેતર પદ-ગરબીઓને આધારે રચેલી છે. જેમકે, કેટલીક દેશીઓ 'મા પાવા તે ગઢથી ઊતર્યા...', 'ગોકુલની ગોવાલણી મહી વેચવા ચાલી', 'જાદવા રે તમે શાને રોકો છો રાનમાં' આદિ પરથી રચી હોવાનો નિર્દેશ કવિએ કરેલો છે. જો કે આ રીતે થતું લોકપ્રિય ઢાળોનું અનુસરણ એ પણ તે સમયની કાવ્યપ્રવૃત્તિનું એક પરંપરાગત લક્ષણ જ છે, પરન્તુ કેટલાંક ગીતોને ઉત્તમવિજય સાચે જ ઊર્મિવાહી ને કાવ્યાત્મક પણ બનાવી શક્યા છે એ એમનું વૈશિષ્ટ્ય છે. એકમાત્રિક વર્ણોની બહુલતાવાળી અનુપ્રાસાત્મક રચના પણ આ કૃતિમાં ઠીકઠીક જોવા મળે છે ઉ. ત.

'સજલ જલદ તન સ્યંત કૃત, ઉરગ લખન પગ જાસ;
કમઠ દલન જન જય કરત, નમત અમર નિત તાસ.

આવી પ્રયુક્તિઓ પદ્યરચનાની વિલક્ષણતામાં કવિને રસ હોવાનું ને એમાં એમની હથોટી પણ હોવાનું બતાવે છે. આ કૃતિ પણ મુદ્રિત થયેલી છે.

'વેલ' કે 'વેલી' નામે ઓળખાવાયેલી એમની કૃતિઓમાં 'નેમિ-રાજિમતી સ્નેહવેલ' (રચનાવર્ષ ઈ. ૧૮૨૦/ સં. ૧૮૭૬, આસો વદ પાંચમ, મંગળવાર) પંદર તિથિ અને બાર માસના વર્ણનને સમાવતી ૧૫ ઢાળની બારમાસી રચના છે અને 'સિદ્ધાચલ સિદ્ધાવેલી' (રચનાવર્ષ ઈ. ૧૮૨૯/ સં. ૧૮૮૫, કારતક સુદ પૂનમ) નામની ૧૩ ઢાળની મુદ્રિત રચના સિદ્ધાચલનો ઇતિહાસ ને એનો મહિમા વર્ણવે છે પરન્તુ ૧૫ ઢાળ ને ૨૧૦ કડીઓની એક અન્ય મુદ્રિત કૃતિ 'નેમિનાથની રસવેલી' (રચનાવર્ષ ઈ. ૧૮૩૩/ સં. ૧૮૮૯, ફાગણ સુદ સાતમ) ઉત્તમવિજયની સર્વ કૃતિઓમાં સૌથી વધુ નોંધપાત્ર ને એમના સર્જકતાને ઉત્તમ રીતે ઉપસાવી આપતી રચના છે.

નેમિનાથના જાણીતા કથાનકમાં મિલનોત્સુકતાનો શૃંગાર, વિલાપનો કરુણ અને અંતે ઉપસમનો શાન્તરસ એમ વિવિધ રસોને આલેખવા-ઉપસાવવાની રહેલી તક અનેક કવિઓએ લીધેલી છે. જ્યારે અહીં કવિએ કૃષ્ણની રાણીઓ નેમિનાથને સમજાવે-મનાવે છે એ પ્રસંગને જ કેન્દ્રમાં રાખ્યો છે ને એથી એકભાવકેન્દ્રી કથાનકની દ્રષ્ટિએ કૃતિ નોંધપાત્ર બની છે. ઉપરાંત, સ્ત્રીઓના મરમાળા ઉદ્‌ગારોમાં ઊપસતું શૃંગારનું સૌમ્ય-પ્રસન્ન રૂપ કૃતિને એકરસકેન્દ્રી રચનાનું વિશિષ્ટ પરિમાણ અર્પે છે. રુક્મિણી, સત્યભામા, પદ્માવતી આદિએ કરેલો નેમિનાથનો અનુનય એક-એક ઢાળમાં આલેખાતો જ્યાં એવી યોજનાને કારણે એ પ્રત્યેકનાં વ્યક્તિત્વ ને વાણીચાતુર્ય પણ નિરાળી રીતે પ્રગટ્યાં છે. પુરુષના નારીશૂન્ય જીવનની શુષ્કતા ને એમ નારીસ્નેહનો મહિમા સ્ત્રીઓની જ ઉપાલંભભરી નર્મોક્તિઓમાં કવિએ આલેખ્યો હોવાથી પ્રેમનું એક લાક્ષણિક ને આસ્વાદ્ય

રૂપ આલેખી શકાયું છે. આ કારણે 'નારીને નાવડિયે મેસી તરવો પ્રેમસમુદ્ર' એના કર્ષક રૂઢ અલંકરણને આલેખતી પંક્તિ પણ કાકુને બળે રસિક બને છે તો, 'અલબેલીને આલિંગને રે કંકણની પડે ભાત્યો' એવી સ્પષ્ટપણે તાજગીપૂર્ણ ને કાવ્યાત્મક પંક્તિઓ પણ એમાં ચમકી જાય છે. કવિની રસિકતા ને કલ્પનાને પ્રગટવા કથાનકના આવા રચનાવિધાનનો ખારસો લાભ મળી ગયો છે. આ રાણીઓના રૂપલાવણ્યને તેમજ લગ્નોત્સુક રાજુલ અને નેમિનાથ બન્નેના દેહસૌન્દર્યને આલેખવાનું પણ કવિ ચૂકયા નથી. આ આલેખનો પણ ઠીકઠીક આસ્વાદક રૂપ બન્યાં છે.

કરુણમાં પલટાતા ને શાંતમાં પર્યવસાન પામતા મૂળ કથાનકના ઉત્તરાર્ધને કવિએ સંક્ષેપમાં સમેટી લીધો છે કારણ કે એમને કૃતિને સપ્રયોજનને સંકલ્પપૂર્વક એકરસકેન્દ્રી રાખવી છે. છેલ્લા ઢાળમાં એમણે કહ્યું પણ છે કે રાજુલવિલાપને પ્રાધાન્ય નથી આપ્યું કારણ કે પોતાને 'રસ-વેલી' જ અલેખવી છે ને એમાં કરુણનું આલેખન એ 'સાકરમાં ખાર' જેવું ને 'કમલકેલિમાં કાંટા' રોપવા જેવું બને.

ઢાળ બદલાતાં જેમ પાત્રોક્તિ બદલાય છે એમ દેશી પણ બદલાય છે એ કૃતિના રચનાબંધની દૃષ્ટિએ ઉચિત લાગે છે. પ્રત્યેક નારીના ઉદ્‌ગારને માટે એમણે સરસ કડીઓ આપી છે એમાં પણ પદ્યબંધની એમની ચોપાઇ જોઇ શકાય. અનુપ્રાસાત્મક ભાષા પણ કૃતિને સમૃદ્ધ કરે છે.

આવી એકાદ વિશિષ્ટ કૃતિથી પણ ઉત્તમવિજય મધ્યકાળના અલ્પસંખ્ય સર્જક કવિઓની હરોળમાં આવી શકે. મધ્યકાળના વિસ્તીર્ણ પદ્યરાશિમાંથી તારવેલી સર્જકશક્તિવાળી આવી કૃતિઓનો સંચય પણ હવે આપણી એક મોટી આવશ્યકતા છે.

મોત જ્યારે નજીક આવે છે

(પૃષ્ઠ ૧૪ થી ચાલુ)

તો નહીં બનાવે પણ નિર્બળ બનાવી દેશે. તમારા આશ્રિતો માટેની ખોટી ચિંતા તમારા મનને ભારેખમ બનાવી દેશે !

અલબત્ત, તબિયતની ખબર કાઢવા આવતા લોકોને આવાં વાક્યો બોલતાં તમે બંધ તો નહીં કરી શકો પરંતુ એમ કરતાં અટકાવવાનો એક સારામાં સારો ઉપાય છે. તમારી પથારીની આજુબાજુ ૫-૧૫ પુસ્તકો મૂકી રાખો અથવા તો નવકારવાળીનો ઢગલો રાખી મૂકો. તમારી તબિયતની ખબર કાઢવા આવનારને કાં તો એ પુસ્તક વાંચવાનું કહો અથવા તો નવકારવાળી ગણવાનું કહો. આપોઆપ પેલા શબ્દોનાં ઉચ્ચારણો બંધ થઈ જશે અને એના કારણે તમારું મન ડહોળાતું અટકી જશે. અને છેલ્લી વાત...

કુંતીએ પરમાત્માને કરેલી પેલી પ્રાર્થના યાદ છે ?

विपदः नः सन्तु शाश्वत :

હે ભગવંત ! વિપત્તિઓ તો મારા પર કાયમ માટે તૂટી જ પડજો. કારણ કે વિપત્તિના કાળમાં જ હું તારી પાસે રહી શકું છું.

કુંતીની આ પ્રાર્થનાને નજર સામે રાખજો.

શરીરને ઘેરી વળેલો આ જીવલેણ રોગ તમારા આત્માને જો પરમાત્મા પર ભારે રાગ કરાવનારો બની રહેશે તો કેન્સરની આ બીમારી તમારા જન્મમરણના ચકરાવાને કેન્સલ કરનારી અચૂક બની રહેશે, તેમાં કોઇ જ શંકા નથી.

તમે આવા પરમ સૌભાગ્યના સ્વામી બની રહો એ જ શુભેચ્છા.

'પ્રબુદ્ધ જીવન'નો પચાસમા વર્ષમાં પ્રવેશ

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

વારસી ન આવી જાય તે જોવાનો પ્રશ્ન પણ મહત્ત્વનો હોય છે, અને એટલો જ મહત્ત્વ પ્રશ્ન તે પોતાની સામગ્રીનું સ્તર જાળવી રાખવાનો હોય છે. વાર્તા-કવિતા લખનારા કરતાં ચિંતનાત્મક લેખો-નિબંધો લખનારા લેખકોનો વર્ગ ઘણો નાનો હોય છે, એટલે વૈચારિક પત્રને પોતાની સામગ્રી મેળવવાનો પ્રશ્ન પણ એટલો જ મહત્ત્વનો રહે છે

સદ્‌ભાગ્યે જૈન યુવક સંઘના સભ્યોની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. એથી 'પ્રબુદ્ધ જીવન'નો ફેલાવો ઉત્તરોત્તર વધતો રહ્યો છે. સંઘની સભ્યસંખ્યા સારી હોવાને કારણે 'પ્રબુદ્ધ જીવન'ને આર્થિક પીઠબળ પણ સારું રહ્યું છે. આમ છતાં કાગળ, મુદ્રણ, ટપાલ વગેરેના ખર્ચમાં ઉત્તરોત્તર જે રીતે વધારો થતો જાય છે તે જોતાં ભવિષ્યમાં ખર્ચની સમસ્યાને ગંભીર દૃષ્ટિથી વિચારીને આયોજન કરવાનું પ્રાપ્ત થશે.

'પ્રબુદ્ધ જૈન' અને 'પ્રબુદ્ધ જીવન'ના પ્રકાશનમાં આજ દિવસ સુધી જે કોઇ લેખકો, સંપાદન સમિતિના સભ્યો, વ્યવસ્થાપક સંઘના તથા પ્રેસના કર્મચારીઓ વગેરેનો સહકાર સાંપડયો છે તે બદલ તેઓના અમે અત્યંત ઋણી છીએ.

'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન ક્ષતિરહિત આદર્શ પદ્ધતિથી હંમેશાં થયું છે એવો દાવો કોણ કરી કરી શકે ? 'પ્રબુદ્ધ જીવન'ની વ્યવસ્થા વિષયક કેટલીક મર્યાદાઓ રહ્યા કરી છે. એથી સંઘના કેટલાક વાચકોને, કેટલાક લેખકોને, કેટલાક પત્રલેખકોને અસંતોષ રહ્યા કર્યો હશે ! લેખના અસ્વીકાર માટે કોઇકને કયારેક માઠું પણ લાગ્યું હશે. સામયિક ચલાવવામાં આમ ન બને તો જ નવાઇ.

સ્વ. પરમાનંદભાઇ કાપડિયા અને સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ કરતાં મારી મર્યાદાઓ, સમય, શક્તિ, રુચિ, દૃષ્ટિ ઇત્યાદિની દૃષ્ટિએ ઘણી વધારે છે. એ વિશે હું પોતે પણ સભાન છું. સ્વ. ચીમનભાઇની જેમ મારી પાસે પણ 'પ્રબુદ્ધ જીવન' માટે આવતી બધી જ સામગ્રી વાંચી જવા જેટલો સમય, અન્ય રોકાણોને કારણે રહેતો નથી. વળી વાચકો, લેખકો વગેરેના આવતા પત્રોના જવાબ પણ હું આપી શકતો નથી. સ્વ. ચીમનભાઇની જેમ મારો પણ ઘણો બધો ભાર સંપાદન સમિતિએ ઉપાડી લીધો છે. આમ છતાં વાચકોને, અને લેખકોને કે પત્રલેખકોને જે કંઇ અસંતોષ થયો હોય તે માટે ક્ષમા પ્રાર્થીએ છીએ.

વૈચારિક પત્રોનું કામ વાચકોને માહિતી આપવા સાથે દૃષ્ટિ પણ આપવાનું છે. 'પ્રબુદ્ધ જીવન' દ્વારા થોડાક વાચકોનો પણ જીવન પ્રત્યેનો અભિગમ વધુ ઉચ્ચ, ઉદાત્ત અને દૃષ્ટિસંપન્ન બન્યો હશે તો તેનું પ્રકાશન કૃતાર્થ ગણાશે !

રમણલાલ ચી. શાહ

મોત જ્યારે નજીક આવે છે

પૂ. મુનિશ્રી રત્નસુંદરવિજયજી મહારાજ

શાંતિભાઈ ! .....ધર્મલાભ . ...

તમારો ટૂંકો પત્ર મળ્યો...ડૉકટર પાસે તમે જઈ આવ્યા અને માંદગીના નિદાનમાં ડૉકટરે તમને 'કેન્સર' હોવાનું કહ્યું એ જાણ્યું. તમે સમાધિ ટકી રહે તેવા પ્રેરક પત્રની માગણી કરી છે એથી આ પત્ર તમને લખી રહ્યો છું...

આમ તો 'કેન્સર' શબ્દ પણ માણસના લોહીને થીજવી દે તેવો છે. પણ એ રોગ વાસ્તવિક બનીને જ્યારે તમારા શરીરમાં અડ્ડો જમાવીને બેઠો જ છે ત્યારે મારે તમને એક મહત્ત્વની વાત જણાવવી છે.

એક વાત ખાસ સમજી રાખજો કે તંદુરસ્ત શરીરે માણસ પોતાના મોત માટે વિચારવાય તૈયાર હોતો નથી. એને કોઈ એના મોતની યાદ કરાવે તો એ સામી વ્યકિત પર ગુસ્સે થઈ જતો હોય છે. અરે! બીજાના મોતને પોતાની સામે નજરોનજર નિહાળવા છતાં એ લેશપણ ફુજરી અનુભવતો નથી હોતો પરંતુ પોતે જ જ્યારે રોગનો ભોગ બની બેસે છે, અસાધ્ય રોગથી ખુદનું જ શરીર જ્યારે ઘેરાઈ જાય છે ત્યારે મોતની બિહામણી પણ વાસ્તવિકતા એને કંઈક અંશે સમજવા માંડે છે.

તમે પણ અત્યારે એવા અસાધ્ય રોગના ભોગ બની બેઠા છો. આમ જોવા જાઓ તો દુનિયામાંથી વિદાય થવાના તમારે હવે દિવસો જ ગણવાના છે. વરસોથી મહેનત કરીને એકઠી કરેલી સંપત્તિ, સામગ્રી, બંગલા, મોટર, ફર્નિચર, ફેકટરી વગેરે બધુંય અત્રે મૂકીને જવાનું છે. અરે પાળીપોષીને તગડા બનાવેલા શરીરનેય અત્રે છોડી દેવાનું છે. મોતની એક બાજુ આ છે, જ્યારે બીજી બાજુ એ પણ છે કે આ જીવનમાં આરાધના કરવા માટે જરૂરી એવા તંદુરસ્ત શરીરના અત્યારે તમે સ્વામી નથી. વિહરમાન તીર્થંકર ભગવંતોનાં દર્શન આજે અત્રે સુલભ નથી શાશ્વતા તીર્થોની યાત્રા કરવાનું સૌભાગ્ય તમને અત્યારે મળ્યું નથી.

આ જીવનની સમાપ્તિ થઈ જાય તો આવતા જન્મમાં એ તમામ તારક તત્ત્વોની પ્રાપ્તિ થઈ જાય એવી શકયતા છે પરંતુ આવતા જનમની એ શકયતાને અત્યારે એક બાજુ રાખીને મારે તમને આજન્મની જ કેટલીક શકયતાઓ અંગે કંઈક કહેવું છે.

એક વાતનો ખ્યાલ છે? કયારેક એવું બનતું હોય છે કે મોત જ્યારે નજીક આવે છે ત્યારે જ માણસ સાચું જીવન જીવતાં શીખે છે. કાયર માણસની વાત જવા દો, બાકી જે સમજદાર છે એ માણસ મોતની આ વાસ્તવિકતાને જોઈને પોતાની જીવનપદ્ધતિ, વિચારસરણી, બોલવાની ઢબ વગેરેમાં આમૂલચૂલ પરિવર્તન લાવી દે છે.

તમે અત્યારે મોતની સામે જ ઊભા છો અથવા તો મોત તમારી સામે જ આવીને ઊભું છે જ્યારે એ તમને અહીંયા લાંબો સમય રહેવા દેવા નથી જ માગતું ત્યારે મારી તમને સલાહ છે કે મોતને તમે કહી દો કે દોસ્ત! તારું આગમન તો મારા જન્મદિને જ નિશ્ચિત થઈ ગયું હતું. અલબત્ત, તારા આગમનનો કોઈ નિયત સમય મને ખ્યાલમાં નહોતો; પરંતુ આજે જ્યારે તું મારી સામે આવી જ ગયો છે ત્યારે હું તને ખુમારી સાથે કહું છું કે આજથી મારી જીવનપદ્ધતિ બદલાઈ જ જશે. મામૂલી પણ પ્રતિકૂળ બાબતોમાં મને થઈ જતો કષાય હવે સ્થગિત થઈને જ રહેશે. ગમે તેટલા ભયંકર નુકસાન વચ્ચેય મગજની સમતુલા ગુમાવી બેસવાનું અકાર્ય હવે હું કરવાનો નથી જ. સંપત્તિ ખાતર આજુબાજુવાળા સાથે વૈરવિરોધ કરીને ઊભી કરેલી દુશ્મનાવટને હું ઊભેડી નાખ્યા વિના રહેવાનો નથી જ.

ટૂંકમાં કહું તો તારું આગમન મારા માટે ત્રાસરૂપ નથી બન્યું પણ આશીર્વાદરૂપ બન્યું છે. તારી હયાતીએ મને ભયભીત નથી બનાવ્યો પરંતુ વધુ નિર્ભય બનાવ્યો છે. તું મારા જીવનને સમાપ્ત કરી રહ્યો હોય એવું મને નથી લાગતું પરંતુ નવા જીવનમાં પ્રવેશ કરવામાં તું મને સહાય કરી રહ્યો હોય તેવું લાગે છે.

મહાનુભાવ! કેન્સરની આ બીમારીમાં મનને આવી ઉદાત્ત વિચારધારામાં રમતું કરી દેજો. અલબત્ત, એમાં કઠિનાઈનો અનુભવ જરૂર થશે પરંતુ મોત જેવી અસંદિગ્ધ વાસ્તવિકતા પ્રત્યે આવી વિચારધારાને અમલી બનાવ્યા વિના છૂટકોય નથી. આ વિચારધારા પરલોકમાં તો સદ્‌ગતિ આપશે. મોતને તો મંગળમય બનાવશે પરંતુ આવી જીવલેણ બીમારીમાંય મનને અદ્‌ભુત સમાધિ આપશે!

અને બીજી મહત્ત્વની વાત કરું? દુઃખને જ્યારે રોતાં રોતાં ભોગવીએ છીએ ત્યારે એ હોય એના કરતાંય બમણું લાગે છે, જ્યારે એને હસતાં હસતાં ભોગવીએ છીએ ત્યારે એ હોય એના કરતાં અડધું લાગે છે. આ વાસ્તવિકતાનેય નજર સામે જ રાખજો. રોગજન્ય વેદના જો અનુભવવાની જ છે તો પછી એમાં હાયવોય શું કરવી? ધૂમધડાકા શું કામ પાડવા? બીજાને ત્રાસરૂપ શું કામ બનવું?

શા માટે મસ્તીથી એ વેદનાને સહન ન કરવી? વેદનાના એ હુમલાને મનની પ્રસન્નતા દ્વારા શા માટે ઘટાડી ન નાખવો? શા માટે આવા સમયે મનને શુભ ભાવોમાં રમતું ન રાખવું? હું તો કહું છું, હાથની વાતને હાથમાં રાખો. આડાંઅવળાં ફાંફાં મારવાનું બંધ કરો.

એક વાતનો ખ્યાલ રાખજો કે આવા સમયે કુટુંબીજનો અને આજુબાજુવાળાઓ સહાનુભૂતિ જરૂર બતાવશે પરંતુ એ સહાનુભૂતિમાં રોતલવેડા જ હશે, કાયરતા જ હશે, દીનતા જ હશે: હાય હાય! તમને આવો જીવલેણ રોગ થઈ ગયો? કેટલી ભયંકર વેદના તમને થતી હશે? ભગવાને તમારા જેવા ધર્માત્માને શા માટે આવા દુઃખી કર્યા? આવી વેદનાથી મરવા કરતાં હાર્ટએટેકથી મરવું શું ખોટું? તમારા ગયા પછી બિચારાં બાળકોનું કોણ? મોત તો આવશે ત્યારે આવશે પણ આ બીમારી તમને આર્થિક બાબતમાં કેટલા તોડી નાખશે?

ધા પર મીઠું ભભરાવવા જેવા આવા શબ્દો સહુના મોઢે સાંભળવા મળશે. પરંતુ તમે એ શબ્દોને મન પર લેશ પણ લેશો નહીં. કારણ કે આવા શબ્દો તમારા મનને મજબૂત

(પૃષ્ઠ ૧૩ ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH By / South 54 Licence No : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૩

મુંબઇ તા. ૧-૬-૧૯૮૮

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

ધાર્મિક સ્થળોનો અધાર્મિક ઉપયોગ

પંજાબમાં શીખ આતંકવાદીઓએ અમૃતસરમાં સુવર્ણ-મંદિરનો કબજો લઇને સશસ્ત્ર સામનો કરીને જે પરિસ્થિતિનું નિર્માણ ૧૯૮૪માં અને ૧૯૮૮માં કર્યું હતું તે ઘટનાઓએ કોઇ એક ધાર્મિક સ્થળનો વધુમાં વધુ કેટલો બધો દુરુપયોગ થઇ શકે છે તેનું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

ધર્મસ્થળના દુરુપયોગની આવી ઘટના માત્ર સુવર્ણ-મંદિરમાં જ બની છે એવું નથી. ઇતિહાસે અગાઉ પણ આવી ભિન્ન ભિન્ન પ્રકારની ઘટનાઓ નિહાળી છે. પોતાના ધર્મ-સ્થળનો વિધર્મીઓથી બચાવ કરવા માટે તેમાં સશસ્ત્ર તૈયારી કરવામાં આવી હોય એવું ભૂતકાળમાં મંદિરોમાં અને મસ્જિદોમાં પણ થયું છે. વિભિન્ન ધર્મવાળાં બે રાષ્ટ્રો વચ્ચે કે એક જ રાષ્ટ્રની બે વિભિન્ન ધર્મવાળી જાતિ કે પ્રજા વચ્ચેના સંઘર્ષ પણ આવું ઉગ્ર સ્વરૂપ નિહાળ્યું છે. મધ્યપૂર્વના દેશોમાં યહૂદીઓ અને મુસલમાનો, ખ્રિસ્તીઓ અને મુસલમાનો તથા મુસલમાનોમાં શિયા અને સુન્ની વચ્ચે સશસ્ત્ર સંઘર્ષ ઘણા વખતથી ચાલ્યા કરે છે.

પોતાના જ રાષ્ટ્રમાં થોડાક ઝનૂની માણસો ધર્મસ્થળનો કબજો લઇ પોતાની સરકારનો સશસ્ત્ર સામનો કરે એવી ઘટના સુવર્ણમંદિરમાં બની છે. એ સશસ્ત્ર અથડામણમાં આતંકવાદી-ઓને શીખ બહુમતીઓનો ટેકો હતો એમ ન કહી શકાય. બીજી બાજુ પરિસ્થિતિ એવી નાજુક અને વિષમ હતી કે સામાન્ય શીખોને માટે લાચાર બનીને પરિસ્થિતિને નિહાળી રહેવાનું બન્યું. આતંકવાદીઓને પાકિસ્તાની સહાય હતી અને જાતે લેડાયક કોમ હોવાથી અને શીખ પ્રજાજનોમાં લશ્કરમાંથી નિવૃત્ત થયેલાની સંખ્યા પણ ઘણી મોટી હોવાથી સશસ્ત્ર દાવપેચ તેમને માટે અધરા નહોતા. વળી ધર્મને ખાતર શહીદ થવાના કસમ કેટલાયે ખાધેલા હતા, એટલે પરિસ્થિતિ ધાર્યા કરતાં વધુ ઉગ્ર બને તે સ્વાભાવિક હતું. આતંકવાદીઓને કેટલાક ભૂતપૂર્વ અને વર્તમાન પ્રધાનો અને ધારાસભ્યો તરફથી ગુપ્ત આશ્રય અને સહાય મળતાં હતાં એથી પણ પરિસ્થિતિ વધુ ગૂંચવાડાભરી બનતી. સદ્‌ભાગ્યે અત્યારે પરિસ્થિતિ અંકુશમાં આવી ગઇ છે અને ઇન્દિરા ગાંધીએ સળગાવેલી હોળી અનેકના પ્રાણ લીધા પછી હવે ઠરશે એવી આશા રાખી શકાશે. વર્તમાન સરકારે જે મક્કમ પગલું લીધું તે યોગ્ય જ છે અને તમામ ધાર્મિક સ્થળોના દુરુપયોગ અંગે વટહુકમ બહાર પાડ્યો છે તે પણ યોગ્ય જ છે. જો કે વટહુકમ બહાર ન પાડ્યો હોય તોપણ ધાર્મિક સ્થળોનો આવો દુરુપયોગ ગેરકાનૂની જ ગણાય છે અને તેની સામે કાયદેસર પગલાં ભરી શકાય છે. તોપણ વટહુકમથી બધાં જ ધર્મસ્થળો માટે પરિસ્થિતિ વધુ સ્પષ્ટ બની જાય છે.

માત્ર ધાર્મિક સ્થળ જ નહિ, કોઇ પણ જાહેર સ્થળનો ઉપયોગ અન્ય હેતુ માટે ન જ થઇ શકે કે નથી જ થતો એવું નથી. આવા પ્રકારની ઘણી ઘટનાઓ બને છે, બનતી આવી છે.

માણસ પોતાના રહેવા માટે ઘર બાંધે છે. ભાડૂતી હોય કે માલિકીનું હોય, બારી – બારણાં વગરનું પોતાનું ઝુંપડું હોય કે આલીશાન રાજમહેલ હોય, તેનો ઉપયોગ પોતાને માટે તે કરે છે, પરંતુ સમાજવ્યવસ્થા, શિક્ષણવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા, અર્થવ્યવસ્થા વગેરેને માટે માનવ-જાતનો સાંસ્કૃતિક દૃષ્ટિએ જે વિકાસ થતો આવ્યો છે તે જોતાં જાહેર ઉપયોગ માટેનાં વિવિધ સ્થળોનું નિર્માણ કરવાની પરંપરા અત્યંત પ્રાચીન સમયથી ચાલી આવે છે. જેમ પ્રજાની સામુદાયિક જરૂરિયાત વધારે તેમ લોકોને એકત્ર થવા માટે જાહેર સ્થળોનાં નિર્માણ વધારે થવાનાં. માણસ અંતર્મુખ છે અને બહિર્મુખ પણ છે, પ્રવૃત્તિશીલ છે અને નિવૃત્તિશીલ પણ છે, મળતાવડો છે અને એકલવાયો પણ છે, અશિક્ષિત છે અને શિક્ષિત પણ છે. મનુષ્યજીવનમાં રહેલાં આવાં પરસ્પર ભિન્ન લક્ષણોને કારણે તેની જરૂરિયાત અનુસાર વિવિધ પ્રકારનાં જાહેરક્ષેત્રો વખતોવખત નિર્માણ થયાં કરે છે. ધર્મશાળા, કૂવા, વાવ, તળાવ, નદીના ઘાટ, આરામ-વાટિકા, ઉદ્યાન, મંદિરો, મઠ, ઉપાશ્રય, પ્રાર્થનાસ્થળ, ગઢ કિલ્લો, ગુરુકુળ, શાળા, કોલેજ, યુનિવર્સિટી, સંશોધન કેન્દ્ર, દવાખાનાં, વ્યાયામશાળા, થિયેટરો, સ્ટેડિયમ, હોસ્પિટલ, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, હોટેલ, એરપોર્ટ – આમ અનેક પ્રકારનાં જાહેર સ્થળોનું નિર્માણ જરૂરિયાત અને આર્થિક સગવડ અનુસાર સરકાર તરફથી કે સમાજના પોતાના પૈસાથી થયા કરે છે. જેમ જેમ વૈજ્ઞાનિક પ્રગતિ વધતી ગઇ છે તેમ તેમ મનુષ્યની જરૂરિયાતો પણ વધતી ગઇ છે અને તેમ તેમ સામાન્ય સુવિધા માટે નાનાં-મોટાં નવાં નવાં પંદર પચીસ હજાર કે લાખ માણસ બેસી શકે એવાં જાહેર સ્થળો અસ્તિત્વમાં આવી રહ્યાં છે

સ્થળોનાં વિભિન્ન ઉપયોગ અથવા રૂપાંતર કામચલાઉ કે કાયમી ધોરણે થાય છે. કબ્રસ્તાનમાં બાલઉદ્યાન, શાળાના

મકાનમાં હૉસ્પિટલ, હૉસ્પિટલમાં પુસ્તકાલય, પુસ્તકાલયના મકાનમાં દુકાનો અને ઑફિસો એવું એવું રૂપાંતર ઘણે ઠેકાણે થયેલું જોવા મળશે. વળી જ્યાં જ્યાં જે જે જાહેરસ્થળ હોય છે ત્યાં ત્યાં તે તે સ્થળનો હંમેશાં સ્વાંશે તે જ હેતુ માટે ઉપયોગ થાય છે એવું નથી. જરૂરિયાત અનુસાર અન્ય ઉપયોગ કરવો પડે એવું જરૂરી પણ બન્યું છે. બધાં જ જાહેર સ્થળો સતત વપરાતાં નથી. ફાજલ સમયે તેનો અન્ય સદ્‌પ્રવૃત્તિ માટે ઉપયોગ થાય એ ધ્યાન પણ છે. શાળાના મકાનમાં રજાઓમાં નેત્રયજ્ઞ થાય કે નાના ગામમાં લગ્નની જાનને ઉતારો અપાય તેમાં અયોગ્ય કેટલું? બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બૉમ્બમારા વખતે લોકો થિયેટરોમાં, દેવળોમાં, અંડરગ્રાઉન્ડ રેલવે સ્ટેશનોમાં આશ્રય લેતા. એટલે જાહેર સ્થળોનો ઇતર ઉપયોગ ન થઇ શકે એવું નથી; પણ એનો દુરુપયોગ હંમેશાં ટીકાપાત્ર રહ્યો છે.

ધાર્મિક સ્થળો વિશાળ હોવાથી ઇતર ગુપ્ત પ્રવૃત્તિઓ માટે જેમ તે અનુકૂળ ગણાય તેમ જાહેર પ્રવૃત્તિઓ માટે પણ તે અનુકૂળ ગણાય.

ધાર્મિક સ્થળોનું નિર્માણ શાંતિમય આરાધના માટે થાય છે, પરંતુ ત્યાં પણ ઝઘડા અને મારામારી નથી થતાં એવું નથી. દુનિયામાં કોઇ ધર્મ એવો નથી કે જેના કોઇકને કોઇક ધર્મસ્થળમાં ઝઘડો કે મારામારી ન થયાં હોય.

યુવક-યુવતીઓનાં ગુપ્ત પ્રેમમિલન માટે ધાર્મિક સ્થળોનો ઉપયોગ ઠેઠ પ્રાચીનકાળથી બધા જ ધર્મોમાં થતો આવે છે. પરંતુ વર્તમાન સમયમાં તો દાણચોરીની વસ્તુઓ ગુપ્ત રીતે સંતાડી રાખવા માટે પણ મંદિર-મસ્જિદોનો ઉપયોગ ભારતમાં અને ભારત બહાર થયો છે. ધર્મસ્થળ એક એવી જગ્યા છે કે જે માટે કોઇને બહુ જલદી શંકા આવે નહિ, શંકા આવે તો પણ તેમાં પોલીસને દાખલ થતાં વાર લાગે અને માલ પકડાયા પછી તેના ગુનેગારને પકડવાનુ અઘરું બને.

જાહેર સ્થળોનો ઉપયોગ સમાચારોની લેવડદેવડ માટે, ચાડીચૂગલી માટે કે કાવતરાંઓ ઘડવા માટે પણ થાય છે. કેટલાંક સ્ત્રીપુરુષો નદી-કૂવે, મંદિરે કે બગીચામાં એ હેતુ માટે જ જતાં હોય છે. જાહેર સ્થળોનો ઉપયોગ જાસૂસી માટે પણ થાય છે. લશ્કરમાં જાસૂસીની તાલીમ આપવામાં આવે છે ત્યારે ગુપ્ત વેષે જાહેર-સ્થળે ટોળામાં ભળી જઇ કેવી રીતે માહિતી મેળવવી તેની ખાસ તાલીમ અપાય છે. જ્યાં રોકટોક વિના, અજાણ્યા હોવા છતાં સહેલાઇથી જઇ શકાય એવું કોઇ સ્થળ હોય તો તે ધાર્મિક સ્થળ છે. જૂના સમયમાં ગુપ્તચરો ધાર્મિક સ્થળોનો ઘણો ઉપયોગ કરતા અને વર્તમાન સમયમાં પણ જાસૂસીના હેતુ માટે દુશ્મન રાજ્યનાં ધાર્મિક સ્થળોનો વધુ ઉપયોગ થયો છે.

ભારતમાં હિન્દુ-મુસલમાનનાં કોમી હુલ્લડો વખતે નાનાં-મોટા શહેરોમાં કેટલીયે મસ્જિદોનો ઉપયોગ શસ્ત્રો અને લડવા માટેની અન્ય સામગ્રી ભરવા માટે થયો છે. કેટલાયે સશસ્ત્ર હુમલા મસ્જિદમાંથી નીકળેલાં ટોળાંઓએ કરેલા છે. તેવી રીતે હિન્દુ મંદિરોનો પણ ઉપયોગ થયેલો છે.

બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મની, ફ્રાંસ, ઇટાલી, બ્રિટન વગેરે કેટલાક દેશોએ પણ પોતાના ચર્ચની અંદર શસ્ત્ર-સરંજામ ગોઠવેલાં હતાં. ચર્ચ ઉપર બૉમ્બમારો ન કરવાની નીતિ ઘણે અંશે અપનાવાઇ હતી, તોપણ ચર્ચનો દુરુપયોગ કેટલાયે દેશોએ યુદ્ધ વખતે કર્યો હતો. પોતાનાં શસ્ત્રાગારને બચાવવા માટે કયાંક કયાંક રેડક્રોસનો વાવટો પણ ફરકાવવામાં આવ્યો હતો. તો બીજી બાજુ બૉમ્બમારો કરતી વખતે અચૂક કે હૉસ્પિટલને પણ ન છોડવાં એવું ઝનૂન કેટલાયે સૈનિકોએ બતાવ્યું છે. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ વખતે યુરોપમાં ધાર્મિક સ્થળોનો ઉપયોગ યુદ્ધ માટે ઠીક ઠીક પ્રમાણમાં થયો હતો.

શસ્ત્ર સહિતની અથડામણ માટે ધાર્મિક સ્થળોનો ઉપયોગ એક જ રાષ્ટ્રના વિભિન્ન પક્ષો વચ્ચે પણ થયો છે. દુશ્મન રાષ્ટ્રની સામે પણ થયો છે અને પોતાની સરકારની સામે પણ થયો છે. જ્યારે કોઇ પણ પ્રજામાં સશસ્ત્ર આંતરવિગ્રહ શરૂ થાય છે ત્યારે આવા ધાર્મિક અને ઇતર પ્રકારનાં જાહેર સ્થળોનો ઉપયોગ અધાર્મિક હેતુઓ માટે થયો છે એમ ઇતિહાસ કહે છે.

ઇરાનમાં મસ્જિદની અંદર જ મુલ્લાઓને શસ્ત્રો ચલાવવાની તાલીમ અપાઇ રહી છે. શ્રીલંકામાં બૌદ્ધ ભિક્ષુઓ પણ પોતાના મઠમાં રાખેલા શસ્ત્રો લઇને તામિલ ટાઇગર સામે યુદ્ધે ચડયાના બનાવો બન્યા છે. કયારેક ધર્મને નામે જ યુદ્ધ થતું હોય ત્યારે આવી અધાર્મિક પ્રવૃત્તિને ન્યાયયુક્ત ઠેરાવવાનો પ્રયાસ એ ધર્મના ધર્માચાર્યો દ્વારા થયો છે.

જેમ જેમ સમય પલટાતો જાય છે તેમ તેમ આધુનિક શસ્ત્રો ઉપયોગમાં લેવાતાં જાય છે. ઓટોમેટિક રાઇફલો, મશીન-ગનો, હાથબોમ્બ વગેરે ઘાતક શસ્ત્રોનો પ્રચાર દિનપ્રતિદિન વધતો ચાલ્યો છે. શસ્ત્રો, ગોળીઓ, ગોળાઓ વગેરેનું ઉત્પાદન દુનિયાભરમાં એટલું બધું ઝડપથી વધી રહ્યું છે કે એ બનાવનાર સરકારી કે બિનસરકારી કંપનીઓને કયાંક તો એ વેચવું પડે. મારામારી કે લડાઇ થાય, શસ્ત્રોનો અને દારૂગોળાનો ઉપયોગ થાય તો જ એવી કંપનીઓના માલનું વેચાણ થાય, તો જ તેનું ઉત્પાદન ચાલુ રહે અને તેનું અસ્તિત્વ ટકી શકે. એટલે નાના કે મોટા પાયા ઉપર યુદ્ધ એ આવી કંપનીઓનું સ્થાપિત હિત બની જાય છે. એટલા માટે તેઓ પોતાના ગુપ્ત એજન્ટો દ્વારા એક અથવા બીજા દેશમાં પોતાની કે સરકારની ગુપ્ત સહાય સહિત કે સહાય વગર કયાંકને કયાંક પ્રશ્નો સળગાવીને લોકોના વિભિન્ન પક્ષો વચ્ચે અથવા પ્રજા અને સરકાર વચ્ચે અથડામણો ઊભી કરાવે છે. અથડામણ અને યુદ્ધ એ એનો રોટલો છે. આ દૂષણ દિવસે દિવસે એટલું બધું વધતું જાય છે કે શાણા રાજદ્વારી પુરુષો પણ તે અટકાવવા બહુ સમર્થ રહી શકે એમ નથી. ગમે તેવા નબળા માણસના હાથમાં પણ એક વખત શસ્ત્ર આવ્યા પછી તે જોરમાં આવી જાય છે અને તરત શસ્ત્રનો આશ્રય લે છે. ઝનૂની યુવાનો તેનો જલદી ભોગ બને છે અને ધાર્મિક નેતાઓ આવા સંવેદનશીલ યુવાનોને હાથા બનાવવામાં કુશળ હોય છે.

કોઇ પણ દેશમાં કોઇ પણ સામાજિક, રાજકીય કે ધાર્મિક જૂથ પોતાની સરકારની સામે બહારવટે ચડે અને તે માટે ધાર્મિક સ્થળનો દુરુપયોગ કરે ત્યારે સરકારને સશસ્ત્ર પગલાં લેવાં પડે છે, લેવાં પણ જોઇએ. પરંતુ એમાં પણ જેટલી કુનેહથી કામ લેવાય તેટલું પરિણામ સારું આવે, કારણ કે ધાર્મિકક્ષેત્ર વધુ સંવેદનશીલ હોય છે અને તેના બહોળા પ્રત્યાઘાત લાંબા સમય સુધી પડે છે.

પંજાબની ઘટનાઓમાંથી માત્ર ભારતે જ નહિ, દુનિયાના બીજા દેશોએ પણ બોધપાઠ લેવા જેવો છે.

રમણલાલ ચી. શાહ

'૪૮થી '૮૮ ની રંગભૂમિ

ડૉ. ચંદ્રવદન ચી. મહેતા

સને ૧૯૪૮થી ૧૯૮૮ એટલે સ્વરાજ્ય મળ્યા પછીના ચાર દાયકાઓ–એ પહેલાની રંગભૂમિ વિષે ટૂંકમાં કહેવાનું હોય તો પારસી નટ–નાટકોમાં બાલીવાલા કાવસજી ખટાઉ, દાદીમા કુંવર, જહાંગીર ખંભાતા તથા કાબરાજીથી માંડી અદી મર્ઝબાન સુધીના લેખકોનો ફાળો તેમજ ગુજરાતીમાં પહેલું નાટક લખનાર 'ગુલાબ'ના લેખક મારફતિયાથી માંડી લગભગ બે–અઢી હજાર નાટક મંડળીઓના તેમજ જયશંકર બાપુલાલ આદિ નટોથી માંડી છેલ્લા હયાત પ્રાગજીભાઇ ડોસા સુધીની અનેક રસપ્રદ વાતો વિશે કહેવું પડે. ઉપરાંત આ પારસી તેમજ ઇતર નાટક મંડળીઓની પોતીકી માલિકીના ગેઇટી, બાલીવાલા જેવી ગુજરાતમાં મોરબી, વાંકાનેર આદિ નાટક મંડળીઓની નાટકશાળા વિશે વિગતવાર કહી છેલ્લી દેશી નાટક મંડળીની પોતાની નાટકશાળા પણ આજે એ સ્વરૂપમાં હયાત નથી એ પણ કબૂલવું પડે!

સ્વરાજ્ય મળ્યું તે પહેલાં જ નાટકશાળાઓનો લોપ થવા માંડ્યો હતો, એને બદલે હોલ્સ–અંગ્રેજીને ભૂલવાનું કહેનારાઓએ પણ નાટકશાળા જેવો સુંદર શબ્દ ભુલાવી જયશંકર સુંદરી હોલ, ટાગોર હોલ જેવા શબ્દો પ્રચલિત કરવા શરૂ કર્યા હતા તે આજે બિરલા માતુશ્રી હોલ, ભાઉદાસ હોલ, સન્મુખાનંદ હોલ યા ગાંધી સ્મારક હોલ સુધી આપણે વિચર્યા છીએ. નાટકની એ શાળા–એમાં રોજ રિયાઝ, મુખપાઠ, રિહર્સલો, પોતાની કરામત કરાવી શકાય એવા પડદા, સીન-સીનરી, સજાવટ હવે ભુલાઈ ગયાં. પાંચ કલાકનાં નાટકોને બદલે ત્રણ કલાકનાં નાટકો આવ્યાં એ અનુભવની વાત છે.

વધારામાં આ હોલ્સમાં માઇક્રોફોન હવે જાયુકનાં થઈ ગયાં. એકોસ્ટિકનો પ્રયોગ ટાટાની નરીમાન પોઇન્ટ પરની નાટકશાળામાં લિંકન સેન્ટરના નિષ્ણાતોએ આવી દાખલ કરી સુવિધા કરી આપી હતી. ત્યાં પણ હવે લાઉડસ્પીકરોને ટાણે અટાણે દાખલ કરવામાં આવ્યાં. ચાલુ જમાનાની સિનેમાની અસરને પરિણામે મોટાભાગની પ્રજાને ઘોંઘાટ તથા માઇકનો સાદ કોઠે પડી ગયો છે. એટલે ભરતના વાચિક અભિનયની મુલાયમ વિવિધ પ્રકારની કાકુઓ, સાકવળાંકો, હૃદયસ્પર્શી શ્રુતિ સુરાવલી વિગેરે હવે સાંભળવા મળતી નથી.

દાખલા તરીકે હવે શિશિર ભાદુરી કે જયશંકર, બાલગાંધર્વ કે રઘુવીર સાવકાર, હીરાબાઇ બરોડેકર કે શાંતા આપ્ટે જેવા અભિનયપટુઓના ગળામાંથી નિસરતી સ્પષ્ટ, સુરેખ, હૃદયંગમ વાચિક કારીગરી સાંભળવા મળતી નથી.

મોટેભાગે નાટકમાંથી નાટકને બહલાવનાર નવનવીન બાંધણીમાં રચાયેલાં ગીત ગાય તો તેમજ સંગીતના સાજ અલોપ થઇ જતાં, હવે કેવળ કયાંક તાવડીમાંથી નિસરતી સુરાવલી સાંભળવા મળે છે; એ લોકરુચિને ગમવા પણ માંડી છે, લોકરુચિને એ કોઠે પણ પડી ગઈ છે.

ભરતાચાર્યે વિવિધ પ્રકારના રસોમાં શૃંગાર તથા કરુણને મહત્ત્વનું સ્થાન આપ્યું, એમાં હાસ્યને એણે શૃંગારનો વિભાગીય રસ કહી હાસ્યને ભારોભાર અન્યાય કર્યો એ હાસ્ય આજે રંગભૂમિ ઉપર વર્ષોભરનું વ્યાજ સાથે વેર લઇ અતિ મહત્ત્વનો ભાગ ભજવવો શરૂ કરી રહ્યો છે, એ પણ લોકરુચિને ગમતો વિષય બની રહ્યો છે, એ નિર્વિવાદ ઘટના નોંધનીય છે. મારે મને મતે જૂની નાટકની બાંધણીમાં ત્રણ અંકમાં પ્રહસન યા અંગ્રેજી રૂઢ થએલો શબ્દ ફાર્સ–એ ત્રણ ભાગમાં વહેંચાયેલો રહેતો–ને હવે ત્રણે ભાગ એકઠા થઇ, એકેક ભાગ વિસ્તાર પામી કાં તો બે ભાગમાં યા ત્રણ ભાગમાં ઉપસ્થિત થઇ, મોટે ભાગે કરુણનો, વીરને ભયાનકને બાજુએ હડસેલી હાસ્યને મોખરે આવવા મંડ્યો છે. લોકરુચિને ગમે પણ છે.

આ ઉપરાંત એક નવો રસ સારા પ્રમાણમાં પ્રગટ થઇ રહ્યો છે. તે જીવાદ્ધર રસ–હિચકોકનો જીવ તાળવે ચોંટાડેલો રાખવાનો ફોર્મિયો તે સસ્પેન્સ રસ લંડનમાં ત્રીસ ત્રીસ વર્ષથી ચાલતા નાટક 'માઉસટ્રેપ' એ ફોર્મિયો છે, શું થશે હવે શું થશે એ, રસની કારિકા છે. પકડની જકડ એનો રસસિદ્ધાંત છે. રસમાં ક્રમશઃ તરબોળવા કરતાં તરતા જીવ તાળવે ચોંટાડવાનો આ ફોર્મિયો લોકપ્રિય બનતો જાય છે. આમ જોઇએ તો આજના ઝપાટાબંધ ચાલતા યુગમાં સસ્પેન્સ સકલ રસોમાંથી નીપજેલો અર્ક જ કહેવાય. શેરલોક હોમ્સ, અગાથા ક્રિસ્ટી, હીચકોક એના પંડિતો. આપણે ત્યાં અસલ બહુરૂપી બજાર અને તિલેસ્માતી ભંડારની સાત ભાગમાં વાર્તાઓ મળતી. નાટક ટૂંકાં થાય, એટલે રસમાં ચિત્ત ઝપાટાબંધ જ પકડી સ્થાયી કરવું જ પડે. સંગીતમાં એક જ રાગ દોઢ–બે કલાકમાં વિસ્તારી એમાં જે રીતે મન રસ પલ્લવિત થાય, ભાવોમાં મુગ્ધ થતું રહે, રસમાં મસ્ત થાય એવું અહીં હવે નાટકમાં બનવું અઘરું છે એ બે અનુભવો જુદા જ રહે છે. આકાશવાણી પર પણ હવે સંગીતમાં એ લાંબા રસપ્રદ અનુભવો મળતા નથી. સંખ્યામાં નાની, પણ લાંબી બેઠકોમાં જ એ રસલહાણ મહાણવી પડે છે. એમ એવો નાટયરસ મહાણવાનો અનુભવ હવે ટાગોરના ડાકઘર કે રક્તકરબી જેવા કે શેકસપીઅરની કેટલીક અમર કૃતિઓના કે ચેકોવના ઝીણી સૂઝવાળા 'ચેરીઓરસ' કે 'થ્રી સિસ્ટર' કે જાપાનમાં કેવળ 'નોહ' કૃતિઓમાં જ એ મહાણવા મળે.

૧૯૨૪માં નાટક કરવા નીકળ્યા ત્યારે અમને કોલેજ કક્ષાએ પણ માંડ સ્ત્રીપાત્ર મળે. બહુ બહુ તો બહેન કે માનું પાત્ર મળે – એટલે અમારે અખા ભગતમાં ધર્મની બહેન જમનાનું પાત્ર રચવું પડ્યું! આજે સ્ત્રીપાત્રો માટે અત્યંત સુવિધા થઇ ગઇ છે. એટલું જ નહિ પણ એમને એ નારીપાત્રોમાં કમાણી પણ સારા પ્રમાણમાં થવા માંડી છે એ એક ઘણું શુભ લક્ષણ જોવા મળે છે! પહેલાં નટને રોટલા અને ઓટલાની ચિંતા રહેતી. હવે નટી પાસે નાની 'મારુતિ' કાર જોવા મળે છે. એ ફેરફાર પણ સૂચક ગણાવો જોઇએ નહીં. વાહન પાસે વાહન મળે તો નટ, રજૂઆત કરનાર સૂત્રધાર યા દિગ્દર્શકને વાહન ઉપરાંત સારું દિવાનખાનું અને વૈવિધ્યવાળું રસોડું તો મળે એ દેખીતું જ છે. એ આવકારજનક જ ગણાય.

અસલ રણછોડભાઇનું લલિતા દર્શક નાટક કાબરાજીનાં નાટકો, રાણીનાનાં, આગા હશ્રનાં અને અનેક મહારાષ્ટ્રીયન

નાટક લેખકોનાં નાટકોની છાપેલી પ્રતો વાંચવા મળતી. આ દિશામાં નાટક મંડળીનો ચાલક કવિઓને ભારે યા વેચાતા રાખી એની પ્રતો પર પોતાનો હકક જમાવી, બીજાને વાંચવા મળે એવી સ્થિતિ કદી થવા દેતો નહિ. અને એ પ્રતો સોલિસિટરોના પટારામાં ઉધઇએ ખાધી ! ૧૯૪૮ પછી પણ મોટા ભાગની નાટયકૃતિઓ વાંચવા મળતી નથી. રચાઈ છે હજારેકની સંખ્યામાં. આમ નાટયકૃતિઓની નકલો નહિ મળવાને કારણે અહીંની અભિનયકલાને અનહદ વેઠવું પડે છે, એના એકબે દાખલા ટૂંકમાં રજૂ કરું તો દરગુજર કરશો. પ્રત્યેક કલામાં સર્જનાત્મક ખૂબીઓ ન હોય તો એ કેવળ નકલ ન બની રહે. અભિનયકલા પણ એક સર્જનાત્મક કલા હોવાને કારણે, સમજદારીમાં પણ ફરક પડે, એટલે અભિનયના ભાવ પ્રદર્શન કરવામાં ફેરફાર જોવા મળે. આટલું યાદ રાખી આપણે ચાલીએ, તો શેકસપિયરનું 'મેકબેથ' નાટક લ્યો અને બે પ્રખ્યાત નટ ધુરંધરોની ક્રિયા જુઓ. એક સર લોરેન્સ ઓલિવિયર બીજા સર જોન ગિલગુડ, બંને સાથે સારો સંબંધ, બંને વળી એકબીજાના દોસ્ત. બંને મેકબેથના પાકા અભ્યાસી. હવે એમના હાથમાં 'મેકબેથ'ની છુપાયેલી પ્રત-લખાણ. છાનું-છપનું પટારે બંધાયેલું નહીં. મેકબેથના પાત્રમાં એની એટલે કે એ પાત્રની કલ્પનાશકિત ગિલગુડને પ્રશંસાપાત્ર લાગી. ઉપરાંત શરૂઆતમાં વૈરવૃત્તિનો એના સ્વભાવમાં અભાવ. બે દશ્યો બાદ લેડી મેકબેથ એનામાં વૈરભાવ ઉશ્કેરી એને આગમાં ચમકાવે છે. લોરેન્સ ઓલિવિયર એ નાટકમાં જેવા તખતા પર પ્રવેશે છે કે એ વૈરાગ્નિની મૂર્તિસ્વરૂપે જ શરૂઆતથી દેખાય છે. અભિનય પ્રદર્શનમાં આ બહુ મોટો તફાવત-જેણે પાઠ પૂરો વાંચ્યો હોય અને પચાવ્યો હોય તે આ સૂક્ષ્મ ભાવો પ્રદર્શન કરી શકે. ભાવભેદ સમજી શકે. મરચન્ટ ઓફ વેનિસમાં શાયલોકનો બીજો દાખલો. ગિલગુડ મહાશયે બે દિવસ મને એના બે વિદ્યાર્થીઓના શાયલોકના તખ્તા પર અર્થઘટન બતાવ્યા. પહેલે દિવસે પ્રેક્ષકોએ યહુદીઓને ભાંડયા, દુષ્ટ કહી વગોવ્યા. બીજા દિવસે યહુદીઓ બિચારા આવ્યા એને આપણે 'કટ થ્રોટ ડોગ્સ' કહ્યા. કટ થ્રોટ ડોગ્સ એ એના અર્થઘટનમાં વાકબ્યાપાર વાચિક અભિનયની મૂળકૂંચી! અભિનયકલામાં આટલું ઝીણું કંતામણ શિશિર ભાદુરી અને જયશંકર કરી શકતા. ગઈ કાલ સુધી શંભુ મિત્ર ડોલ્સ હાઉસ-'પુતુલ ખેલા'માં કરી બતાવતા. આ ઘટના '૪૮ પછી '૮૮ સુધી હજી બની શકી હોય તો મારા જોવામાં નથી આવી. હાથમાં પ્રતો જ નહીં, ત્યાં નવો મર્મ શોધે જ કોણ ?

વળી ચાર દાયકામાં હોલ્સ બંધાતા ચાલ્યા છે. મોટે ભાગે સરકારી ઇજનેરો આ તખેલા બાંધે પણ એમાં અસલની માફક કોઇ નાટય સંસ્થાએ પોતાની નાટકશાળા બાંધી ત્યાં દેશીની માફક નાટકો ભજવ્યાં નથી. પોતાની નાટકશાળા હોય ત્યાં જ આવા ઉપર કહ્યા એવા અખતરાઓ શકય બને, નાટક પોતાનું સાચું પોત પ્રકાશમાન કરી શકે, નટ પોતાના અભ્યાસમાં રચ્યોપચ્યો રહી સર્જનશકિત પ્રગટ કરી શકે.

આપણે ઠીક ઠીક પ્રગતિ કરી છે એમ કહી શકીએ. સ્ત્રીઓને સ્ત્રીપાઠ કરવા વિનાસંકોચે ઊતરવા દઇએ છીએ. સંપૂર્ણ સગવડવાળું નાટયઘર તો નથી પણ ઠીક પ્રમાણમાં હોલ્સ બાંધતા ચાલ્યા આવ્યા છીએ પ્રજાને નાટક જોવામાં રસ ઠીક આવ્યો છે. પૈસો ઉછળે છે. એટલે ટિકિટો ખપતી રહે છે. પ્રકાશ યોજનામાં સારી પ્રગતિ કરી છે. પોતીકી નાટકશાળા નથી, એ ખોટ ઘણાને સાલે છે. પણ અઢીસો વર્ષ પહેલાં બ્રિટિશ સરકારે કલકત્તામાં નાટકશાળામાં પહેલીવાર સેન્સરશિપ નાખી ત્યારે એની સામે બંગાળી લેખકો અને નટમંડળીઓએ વાંધો ઉઠાવ્યો, જેલબંધન પણ સ્વીકાર્યાં, તે સેન્સરશિપ આજે ગ્રેટ બ્રિટનમાંથી તો એની પ્રજાએ તગેડી મૂકી. ત્યાં નથી પણ અહીં હજી એ હિન્દ સ્વતંત્ર થયા પછી પણ આપણે એ શૃંખલા તોડી શકયા નથી એ હકીકત છે. એનો અર્થ એ કે પ્રજાએ નાટકની શકિતનું પૂરું ભાન પ્રમાણ્યું નથી. સરકારે નાટકને પોતાના પ્રચાર અર્થે જ વાપર્યું કર્યું છે. નવી સદીમાં એ જશે કે રહેશે એ કહેવાની મારામાં શકિત નથી.

ગુજરાતી નાટકો મોટે ભાગે ભરપટ્ટે મુંબઇમાં થાય છે. અમદાવાદ-સુરતમાં પણ એ પ્રવૃત્તિ છે. મુંબઇની નટટોળી નવસારી, સુરત, વડોદરા, અમદાવાદ એકાદબે નાટયકૃતિઓ ભજવવા અવારનવાર જાય છે. ઉપરાંત મુંબઇનાં પરાંઓમાં પણ ખેલ ખેલી આવે છે. એ સૌ જૂથોને પોતાની માલિકીની નાટકશાળા નહીં હોવાથી સેટસ, પરદા, સીન - સીનરી લઈ જવા-લાવવામાં ભારે અગવડો પડતી જ હશે. એથી એના દિગ્દર્શકો સમય-સ્થાન અનુસાર ઓછામાં ઓછી તકલીફ પડે એવું વિચારતા જ હશે. એવાં ઘણાં કારણથી નાટકની વસ્તુમાં વિવિધ પ્રકારનાં ચટાકેદાર સંવાદ તેમજ ક્રિયાઓ ઉમેરતા હશે. એમાં જ્યારે જ્યારે આજના સંસારના આટાપાટા-એમાં પ્રેમ, મહોબ્બતના વારતવવાદ-એમાં ગલગલિયાં આવે એવાં પાસાં-પડખાં રજૂ કરી પ્રેક્ષકોનું મનરંજન કરતા હશે એ સમજી શકાય એવી વાત છે.

આપણે આપણી કાર્યશકિતને એક તો હજારેક નાટકોની રજૂઆત, બીજું પ્રેક્ષકો અને શ્રોતાઓને મોંઘી ટિકિટ ખરીદી નાટક જોતા કરવા, ત્રીજું નટ-નટીને રોટલો, ઓટલો અને ઘણા દાખલાઓમાં ગાડી-વાહનની સગવડ મળવા માટે સંતોષ-જનક વાતો કરી ઠીક ઠીક ફૂલાયા પણ છીએ. અને એ ફૂલણજી બહુ ફૂલી એ અવસ્થામાં ગુજરાતી નાટક, મરાઠી કે બંગાલી કરતાં ઊતરતું નથી. કયાંક વધારે સારું છે, એવાં વિધાનો પણ કર્યાં છે. બધું કબૂલ, એનો અર્થ એટલો જ કે પ્રજાને હવે ઠીક મનોરંજન ગમ્યું છે. કોઠે પડી ગયું છે. પ્રજા પાસે પૈસો વધવા માંડયો છે. એટલે એનો ગર્વ યા છાક હવે સારા પ્રમાણમાં પ્રગટ થવા માંડયો છે. નાટક જોઇ ટિકિટના અરધિયા બહારના ચોગાનમાં ફેંગેરી, ઘર પહોંચતાં નાટકની સફળ અસર પણ ટિકિટના અરધિયા જેમ ખંખેરી આપણે આપણા રોજિંદા વ્યવસાયમાં મથી પડીએ છીએ. એથી સંતોષ અને ખુશી બહાણીએ છીએ. પણ અંતરનો મનવો બહાલ્યો હોય, ઉદાત્ત રસોલ્લાસે થનગન્યો હોય, જીવન છે, જીવતર છે તે જેવું છે તે જોઇ તે ઉપરાંત ઉચ્ચતર સ્તરના આહલાદક રસોન્મત દશામાંથી બ્રહ્માનંદ સહોદર આનંદની પ્રાપ્તિ કરી હોય એવો અનુભવ સાંપડયો નથી. એમ બની શકે છે, એ જાણ્યું પણ નથી. સમાજમાં લોકજીવન યા સંસારી જીવનમાં કંઇક નવતર, ઉચ્ચતર, આદર્શ, મનોલ્લાસની નવલી ભૂમિકા-નાટયકલા મારફત સંગીત, ચિત્ર, નૃત્યના પરાક્રોટિના શિબિરો હજી બહાણવાના બાકી છે.

એનો અંદાજ કાઢયો નથી–એમ બને–એ મહાત્મા મોહનદાસ ગાંધીને એનો ખ્યાલ આવ્યો હતો. એ માટે એક રાજપુરુષ હોવા છતાં સામાન્ય શહેરી યા પ્રજાજન તરીકે એના જ શબ્દોમાં હરિજન તા. ૨૬-૭-'૪૨ પાનું-૨૩૮માંનું એમનું લખાણ વિચારીએ–

'ગામ (શહેર નહીં) ગામ પોતાની નાટકશાળા, વિશાળ, સભાખંડ નભાવતું હશે. એને પોતાનું વારિગૃહ હશે. એમાંથી એને ચોકખું પાણી મળતું હશે. શિક્ષણ ખુનિયાદી તાલીમના છેલ્લા ધોરણ સુધી ફરજિયાત હશે. આજના જેમ ઊંચનીચ અને અસ્પૃશ્યતાના અનેક ભેદોવાળી ન્યાતો નહીં હોય...ત્યારે ગામડાંઓનો પૂરો વિકાસ થશે. ત્યારે એમના આત્માને સંતોષી શકે એવી કળા, ગામડાંઓમાં કવિ, ચિત્રકાર, શિલ્પી, ભાષા વિશારદ, સંશોધક હશે. ટૂંકમાં જીવનની એવી એક પણ ચીજ નહીં હોય જે ગામડામાં નહીં હોય.'

પ્રત્યેક ગામમાં વિશાળ, સભાખંડ તે જુદો, આજનો નાટક માટે હોલ પછી પણ નાટકશાળા ઉપરાંત ચિત્રકાર, શિલ્પી અને કવિ એટલે આજના '૮૮ના શિક્ષણમાંથી કવિતામાં છંદ અને અલંકારોને ઉડાવી દેવામાં આવ્યા છે. તેવું શિક્ષણ તો નહી જ હોય. એમણે નાટકશાળા શબ્દ વાપર્યો છે. આપણે જયશંકરનુ નામ જોડી એને હજી હોલ કહીએ છીએ. ક્યારે આ બધું થશે? ગામેગામ નાટકશાળા અને જુદો સભાખંડ અને ત્યાં સાહિત્ય તથા કલાના નિષ્ણાતો વસી કામ કરતા રહે એ તો મોહનદાસ ગાંધીનું સ્વપ્ન. આ દંભી, તકલાદી ધનલાલસા, લાલચની ભરચકક મનોવૃત્તિના જમાનામાં અલભ્ય, અશકય પણ નાટકના રસિયા ગુજરાતે થિયેટરો બાંધવા રાજાઓએ નાટકશાળા બાંધવા સારી દોલત આપી. પણ સરવાળે?

સન ૧૮૫૦ થી ૧૯૬૦–લગભગ દોઢસો વર્ષના ગાળામાં આપણે બે જ મહાન અભિનય નિષ્ણાત અને નાટકની રજૂઆત કરનાર વ્યકિતઓ પેદા કરી. એના નામની બે નાટકશાળાઓ બંધાવી. પ્રજાએ એક ખુરશીદ બાલીવાલાના નામે ગ્રાન્ટ રોડમાં બાલીવાલા થિયેટર નામે મશહુર, બીજું અમદાવાદમાં જયશંકર સુંદરી હોલ. એને હોલ કહીએ છીએ નાટક શાળા કહેતાં સૂગ આવે છે. એમાં બાલીવાલા થિયેટરનું નામોનિશાન ભૂંસી સિનેમા બતાવ્યો. બીજા બે–ત્રણ દાયકામાં જયશંકરના નામને ભૂંસી ત્યાં સિનેમા નહીં બતાવીએ એની શી ખાતરી? પણ આપણે કેવળ ગુજરાતી સમાજ વ્યવસ્થામાં ગોઝારી નારીનું સ્થાન તેને દાયજાની નાગચૂડમાંથી બચાવવાની પેરવી, ગોવામાં મુરિલમ બાનુને હિન્દની બાનુ જેટલા હકક એ સરખાપણાંનું ભાન કર્ણાટક, સૌરાષ્ટ્ર, સુરત જેવાં રથળોમાં હજી હરિજનને કરોડપતિ નર્કમાં ચંપલ બોળીને ખવડાવે, ઉપરથી મારે તે દુર્દશાનું નિકંદન કરનારાં બાળકોને કાવ્ય-છંદ વૃતાદિ સાહિત્યથી વિમુખ રાખી બાળકોની અભ્યાસવૃત્તિને રહેંસનારા સામાજિક જીવનમાં વોટ વોટ-વોટ એ મતના દુરાગ્રહના અંધાપામાં સ્વાર્થના તોરમાં. હરિજન નાયકના અવસાન બાદ એની વહુ અને પોતાની ઉપવસ્ત્ર જેવી બીજી નારી ઘરધણીઆણી કરતાં બહેતર. અઢળક મિલકતને અધારે એ બે નારી અને વસવાયાનું વર્ચસ્વ. એ શુદ્ધ અને સ્વતંત્ર જીવનનાં ચિન્હો નથી. એવાં અનેક દૂષણો પ્રજાના મનમાંથી અને રાજકર્તાના સત્તાશીલ તુમાખીભર્યા મગજમાંથી નિર્મૂળ કરવાની નાટક લેખક તથા ભજવનારની આજે તાકીદની ફરજ થઇ પડે છે. એ તરફ યુવાન કલાકારો તેમજ લેખકોએ વિચાર કરી સક્રિય પગલાં ભરવાની જરૂર છે.

આ દિશામાં આંગળી ચાટે પેટ નહિ ભરાય. બહુ બલવત્તર નાટક અને ક્રિયા નવેસરથી દાયકા બે–દાયકાની પ્રવૃત્તિની જેટલી આજે જરૂર છે. એટલી ધંધાદારી, સરકારી, નથી રહેવાની, આજની પૈસાને છાકે ઉભરાતી સૌ કોઇ પ્રવૃત્તિ પ્રજાના રાષ્ટ્રધોરણ બદલવા, ગાંધીજી જેવાનાં સ્વપ્ન સાકાર કરવા મહેનત કરવી પડશે. ●

જેલ–જીવનનાં સંસ્મરણો

● તનસુખ ભટ્ટ

તા. ૧૨-૩-૧૯૩૦ના રોજ સવારે સાડા ૭ વાગે મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ દાંડીયકૂચ નું જોડાયો હતો, મારા નંબર તેર હતો. કૂચમાં આશ્રમના મંત્રી છગનલાલ નથુભાઇ જોશી, ગુજરાત વિદ્યાપીઠના અંગ્રેજીના પ્રાધ્યાપક વાલજી ગોવિંદજી દેસાઇ, પાછળથી મુંબઇની અદાલતના એડવોકેટ અને મેજિસ્ટ્રેટ બનેલા હરિલાલ માહિમતુરા વગેરે જાણીતી વ્યકિતઓ હતી. આગલે દિવસે સાંજે ચાર વાગે તા. ૧૧-૩-૧૯૩૦ના રોજ અમદાવાદના માહુલીકર નામના મહારાષ્ટ્રીયન છબિકારે આ ટુકડીની છબિ લીધી હતી. તેમાં મહાત્માજી નથી. તેઓ ત્યાં ત્યારે આવ્યા ન હતા. આ ફોટોગ્રાફ આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટી તરફથી પ્રગટ થયેલા ચાર ભાગના પુસ્તક 'આખરી ફેંસલો'માં છપાયેલો છે. 'યંગ ઇન્ડિયા'ના તા. ૧૨-૩-૧૯૩૦ ના અંકમાં તેમજ 'નવજીવન'ના તા. ૧૬-૩-૧૯૩૦ના અંકમાં આશ્રમ ટુકડીના દાંડીકૂચકારોમાં મારું નામ, ઓળખાણ તથા ઉંમર છે. ગુજરાત સરકાર તરફથી 'દાંડીકૂચ'ના નામે છૂટી પુસ્તિકા બહાર પડેલી છે, તેમાં પણ મારું નામ છે

તા. ૧૩-૫-૧૯૩૦ના રોજ વડોદરા રાજ્યના નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ અબ્બાસ તૈયબજીની સરદારી નીચે આશ્રમ ટુકડી ધરાસણાના મીઠાના અગરો લૂટવા ઊપડી (ગાંધીજી પકડાઇ ગયા હતા.) તેમાં બે ફર્લાંગ ચાલ્યા પછી સુરતના કલેકટર રેમિંગ્ટોહામે ૧૪૪મી કલમ હેઠળ અમને વિખરાઇ જવા હુકમો કર્યો તેનો ભંગ કરતા તા. ૧૩-૫-૧૯૩૦ના રોજ જલાલપુર (જિલ્લો–સુરત)ના ન્યાયાધીશ મિ. જ્યુએલે આશ્રમ ટુકડીને ત્રણ માસની સજા ફરમાવી. તા. ૧૪ ૫-૧૯૩૦ના રોજ અમે સાબરમતી જેલમાં દાખલ થયા. અમારી સાથે ખબરપત્રી શ્રી જુગતરામ દવે પણ પકડાયા હતા સાબરમતી જેલમાં મોહનલાલ કામેશ્વર પંડયા અમારા આગેવાન હતા. ગુજરાત વિદ્યાપીઠમાં પ્રથમ વર્ષમાં ભણતા કવિશ્રી કૃષ્ણલાલા શ્રીધરાણી તથા હરિજન ચિત્રકાર છગનલાલ જાંબવ, ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી નવલ જેરાજાણી વગેરે સાથે હતા.

સાબરમતી જેલમાં સત્યાગ્રહીઓનો ભરાવો તથા ભીડ થતાં તા. ૧૧-૬-૧૯૩૦ના રોજ નાસિક જેલમાં જેલ બદલી થઇ ત્યાં વિલેપાર્લાના કાર્યકર્તા ગોકુળભાઇ ભટ્ટ તથા રાજકોટના કાર્યકર્તા વજુભાઇ શુકલનો પરિચય થયો. વજુભાઇ ચુસ્ત ગાંધીવાદી હતા અને પાછળથી તેઓ સામ્યવાદી થયા હતા.

બીજીવાર હું ખેડા જિલ્લાના ડભાસી ગામમાંથી સરધસની આગેવાની લેતાં પકડાયો. તા. ૨૪-૫-૧૯૩૦ના રોજ બોરસદના ફર્સ્ટક્લાસ મેજિસ્ટ્રેટ મિ. નાણાવટીએ છ મહિનાની સજા અને દંડ અથવા વધુ દોઢ મહિનાની સજા કરી. તા. ૨૭-૬-૧૯૩૨ના રોજ નાસિક રોડ જેલમાં બદલી થઇ. અહીં નવસારીના હરિજન આશ્રમના વ્યવસ્થાપક હરિવદન, નડિયાદના અનાથઆશ્રમના મંત્રી ભોગીલાલ ચોકસી, 'નવજીવન' પત્રના વ્યવસ્થાપક જીવણલાલ તથા તેમના સાથી પોપટલાલ, ભરુચના આગેવાન છોટુભાઇ પુરાણી વગેરેની સાથે ઓળખાણ થઇ. સાને ગુરુજી અમારી સાથે જ હતા, પરંતુ સામેની બેરેકમાં હતા. મહારાષ્ટ્રીયન ગાંધીવાદી આગેવાન દ્વારકાને પણ અમારી સાથે જુદી બેરેકમાં હતા. સાને ગુરુજી તથા દ્વારકાને સાથે ઓળખાણ પણ થયેલી.

એકવાર અમે જેલના બગીચામાં બળદને બદલે ક્રોસ ખેંચવા જતા હતા ત્યારે સત્યાગ્રહી કેદીઓ બબ્બેની જોડીમાં બેઠેલા, તેમાંની એક તરફ આંગળી ચીંધીને ક્રોધકે કહ્યું: આ પેલા બેઠા તે મનુભાઈ પંચોળી. આ નામ ત્યાં મે પહેલીવાર સાંભળ્યું. ત્યારે તેઓ લેખક ન હોવાથી 'દર્શક' તરીકે જાણીતા ન હતા. તેમનું મુખ નહિ પણ માત્ર પીઠ મને દેખાઇ. તેમની ઉંમર ત્યારે અઢાર વરસની હશે.

ત્રીજીવાર વ્યકિતગત સત્યાગ્રહ શરૂ થયો. ગાંધીજીએ સામુદાયિક સત્યાગ્રહ પાછો ખેંચી લીધો હતો ત્યારે હું બોરસદ તાલુકા પત્રિકામાં સંપાદનકાર્ય કરતો હતો. અમે આશરે નવેક જણાએ બોરસદના ફોજદારને નોટિસ આપેલી. તા. ૯-૮-૧૯૩૩ના રોજ અમે બોરસદમાં પકડાયા. ત્યાંથી અમને ખેડા શહેરમાં લઇ ગયા. ખેડામાં ફર્સ્ટક્લાસ મેજિસ્ટ્રેટ મિ. શાહે અમને શહેરની હદ ન છોડવા લેખિત હુકમ આપ્યો હતો. પરંતુ ત્યારે વરસાદ બહુ પડવાથી ખેડા પાસે આવેલી કાંડાબૂડ પાણીવાળી વાત્રક નદીમાં પૂર આવેલું. તેથી પોલીસે અમને હુકમભંગ કરાવવામાં મદદ કરીને હોડીમાં બેસાડી સામે પાર ઉતાર્યા અને પૂર ઓસરતાં પકડીને પાછા આણ્યા. મિ. શાહે બાર મહિનાની સજા તથા દંડ અથવા ત્રણ મહિનાની વધુ સજા કરી. આ વખતે બધો વખત સાબરમતી જેલમાં જ હું હતો. આ વેળા મારી સાથે ગુજરાત વિદ્યાપીઠના કવિ સ્નેહરશ્મિ, કવિ સુંદરમ્ તથા બાળકવિ સોમાભાઇ ભાવસાર હતા. જેલમાં ચાર કવિ તથા બે ચિત્રકારોનો એકંદરે પરિચય થયેલો. સ્નેહરશ્મિને જેલની ઓફિસમાં કારકૂનનું કામ મળેલું. તેઓ દરરોજ સાંજે અમારી પાસે સાથે બેરેકમાં પૂરાતા. ઘણીવાર તેઓ પોતે ત્યાં નવા જ બનાવેલાં કાવ્યો અમને વાંચી સંભળાવતા. જેમ સ્નેહરશ્મિ, સુંદરમ્, કૃષ્ણલાલ શ્રીધરાણી તથા સોમાભાઇ ભાવસાર, એ ચાર કવિઓ જુદેજુદે વખતે સાથે હતા તેમ બે ચિત્રકારો છગનલાલ જાદવ તથા હરિવદન ભટ્ટ જુદેજુદે વખતે અમારી સાથે જ હતા. સુંદરમ્ પાછળથી આધ્યાત્મિકતાને કારણે અરવિંદ આશ્રમમાં ગયા હતા. છગનલાલ જાદવ તે જ કારણે ગંગોત્રીમાં ગયા હતા અને હરિવદન ભટ્ટ પણ અરવિંદ આશ્રમમાં ગયા હતા. જ્યારે કૃષ્ણલાલ શ્રીધરાણી અમેરિકા ગયા હતા.

પહેલી તથા ત્રીજી વારની જેલમાં સામાન્ય કેદીને વેઠવા પડતાં દુઃખો હતાં. બીજીવારની કેદમાં નાસિક જેલમાં એંગ્લો ઇન્ડિયન જેલર મિ. રોશે સત્યાગ્રહી કેદી સૂરતના અમૃતલાલને બેહદ માર મરવ્યો. તેથી અમે ચાર ઉપવાસ કરેલા. અંતે કલેકટરને તે બેરકાયદેસરની માર પીટની જાણ થઈ. તેણે જેલની રાતે દસ વાગે ઓચિંતી મુલાકાત લીધી. માર પીટની વાત સત્ય નીકળતાં જેલરને સસ્પેન્ડ કરી તેને એક વરસની સજા કરેલ.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં જુદે જુદે વખતે મેં આમ જેલવાસ દુઃખમય હોવા છતાં અમારી સત્યાગ્રહની તથા સ્વરાજ્યની તમન્નાને કારણે તથા સામુદાયિક જીવનને કારણે મારે માટે એકંદરે આનંદમય નીવડેલો.

મનુષ્ય અને વનસ્પતિના સ્થળાંતરની રસપ્રદ કથા

વિજયગુપ્ત મૌર્ય

તા. ૧૬-૨-૮૮ના પ્રબુદ્ધ જીવનના અંકમાં મારા વિદ્વાન મિત્ર શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલે સ્થળનાં નામોની રસપ્રદ ભેટ આપી છે તેના સંદર્ભમાં હું કેટલીક માહિતીઓ આપું છું.

અરબી સમુદ્રમાં એડનના અખાતના મુખ પાસે સોકોટ્રાઝ નામનો ટાપુ છે. અત્યારે તે દક્ષિણ યમનના શાસન નીચે છે. સોકોટ્રાઝ નામ અપભ્રંશ છે. તેનું સાચું નામ શું છે અને કેમ પડ્યું તે જાણવા જેવું છે.

કંઇ નહિ તો ૨૦૦૦ વર્ષોથી ભારતનાં વહાણો ધરાની અખાતના દેશો, રાતા સમુદ્રના દેશો, અરબી સમુદ્રના દેશો અને હિંદી મહાસાગરના દેશો ઉપરાંત દક્ષિણ અને અગ્નિ એશિયાના દેશો સાથે વેપાર કરતાં હતાં ત્યારે સુએઝની નહેર ન હોવાથી યુરોપ સાથેનો વેપાર આરબો દ્વારા થતો હતો. ભારતનાં વહાણો સુએઝ સુધી જાય અને ત્યાંથી આરબો ભૂમધ્ય સમુદ્રમાં જમીનમાર્ગે પહોંચાડે. વેપારનો આ ધોરી માર્ગ હતો.

ભારતનાં બંદરોમાંથી વહાણો અરબી સમુદ્ર ઓળંગે ત્યારે આશરે એક અઠવાડિયા સુધી ઉપર આકાશ અને નીચે સમુદ્ર સિવાય બીજું કંઇ દેખાય નહિ. કોઇવાર તોફાન પણ નડે. ખોરાક અને મીઠું પાણી પૂરતા પ્રમાણમાં ભરી જવાં જોઇએ, કારણ કે સફરમાં વધુ સમય પણ લાગે.

આખરે તેમને એક ભૂમિ અથવા ધરા ક્ષિતિજ ઉપર દેખાય તે હરિયાળી પણ હોય. તે વખતે દિશાશોધનાં આજે છે તેવાં વૈજ્ઞાનિક સાધનો ન હતાં અને પવન પ્રતિકૂળ હોય તો સઢવાળાં વહાણોએ વાંડાચૂકા પણ હંકારવું પડે તેથી દિશા બદલાયા કરે અને માલમેળ (નેવિગેટરે) વારંવાર દિશા શોધવી પડે. આવાં કષ્ટ અને ચિંતા પછી જ્યારે હરિયાળી ભૂમિ દેખાય અને વહાણ ત્યાં પહોંચે તથા હરિયાળી ધરા પર પગ મૂકે ત્યારે તે સુખ અનુભવે. તેથી એ ટાપુનું નામ 'સુખધરા' પડ્યું. અને સૈકાઓ સુધી એ નામે આ ટાપુ ઓળખાતો રહ્યો છે.

ભારતની પશ્ચિમઘાટની પર્વતમાળાને સંસ્કૃતિમાં મલયાચલ નામ અપાયું છે અને તેની પરથી વાતા પવનને મલયાનિલ તરીકે ઓળખાવવામાં આવેલ છે. કંઇ નહિ તો ઇ. સ. ના આરંભથી ભારતના વહાણવટીઓ, વેપારીઓ, કલાકારો, ધર્મપ્રવર્તકો, સૈનિકો વગેરે અગ્નિ એશિયાના દેશોમાં જતા

હતા અને તેમણે ત્યાં પ્રજાઓને ભારતીય ધર્મ અને સંસ્કૃતિ આપ્યાં હતાં. તેના પ્રતાપે ત્યાં ભવ્ય સામ્રાજ્યો પણ રચાયાં હતાં અને રાજ્યો, નગરો વગેરેને ભારતીય નામ આપવામાં આવ્યાં હતાં. થાઇલેન્ડ હમણાં સુધી શ્યામ નામે ઓળખાતો હતો. તેની ઉપરથી બ્રિટન અને અમેરિકાએ તેને શિયામ નામ આપ્યું. શ્યામ એ શ્રીકૃષ્ણનું એક નામ છે. આ દેશની પ્રજાએ ભારતની સંસ્કૃતિ એવી પચાવી લીધી કે તેને પોતાની રાજધાનીને અયોધ્યા અને રાજાને વંશપરંપરાગત રામનું નામ આપવામાં આવ્યું. અત્યારે પણ રાજાનું નામ ગમે તે હોય, પણ રામ કહેવામાં આવે છે અને તે રાજવંશજના રામનો કેટલામો નંબર છે તેનો આંકડો રામની સાથે જોડવામાં આવે છે પ્રજા બહુ જ છે છતાં રામાયણનો મહિમા ઘણો છે અને નાટકો, નૃત્ય વગેરે રામાયણ પર આધારિત હોય છે. રાજાઓનાં નામ અપભ્રંશ સંસ્કૃતમાં હોય છે.

હિંદી ચીનના ત્રણ દેશો પૈકી લાઓસ એક દેશ છે. કેટલાક વિદ્વાનો માને છે કે એ નામ રામચંદ્રજીના પુત્ર લવ ઉપરથી આપવામાં આવ્યું છે. અંગ્રેજો 'રાવ' શબ્દને Rao એ રીતે લખે છે તેમ તેમણે 'લવ'નું Lao અને તેનું બહુવચન Laos કર્યું. આ બહુવચન આ દેશની પ્રજા કે જાતિઓના સંદર્ભમાં કરેલ છે.

ભારતનો મલય શબ્દ અગ્નિ એશિયામાં વધુ લોકપ્રિય બન્યો. એક મોટા દ્વીપકલ્પને મલય નામ આપવામાં આવ્યું. પશ્ચિમી દેશો તેને મલાયા નામે ઓળખતા આવ્યા છે. મલાયા સ્વતંત્ર બન્યું ત્યારે ચીનાઓની વસ્તી ઘટાડવા તેમણે સિંહપુર એટલે કે સિંગાપુર જતું કર્યું અને ઇન્ડોનેશિયાનો એક નાનો ટાપુ મેળવીને મલયેશિયા નામનું રાષ્ટ્ર બન્યું. આમ મલય નામ તો ચાલુ જ રહ્યું.

અગ્નિ એશિયાની પ્રજાને મલય પ્રજા તરીકે ઓળખાવવામાં આવે છે. અગ્નિ એશિયામાં ચીનાઓ મોટી સંખ્યામાં વસ્યા છે અને ખ્રિસ્તી તથા મુસ્લિમ ધર્મનો ઘણો પ્રચાર થયો છે તેમ છતાં ભારતીય સંસ્કૃતિ હજી જીવતી રહી છે અને ઘણા પુરુષો અને સ્ત્રીઓનાં નામ પણ ભારતીય છે. હિંદી ચીનના બીજા એકમ કમ્બોડિયા (હવે કાંપુચિયા) નામમાં કમ્બોજ શબ્દ તારતનો છે. તેના પદભ્રષ્ટ રાજાનું નામ નરોત્તમ સિંહાલોક છે. ઇન્ડોનેશિયામાં શુકર્ન વગેરે અનેક નામો સંસ્કૃત ભાષાનાં છે. આપણી પૂર્વના પાડોશીને આપણે બ્રહ્મદેશ નામ આપ્યું હતું. હવે તે બર્મા તરીકે ઓળખાય છે. ઇન્ડોનેશિયામાં એક નાનકડા બલિ ટાપુ સિવાય બધે મુસ્લિમોની વિશાળ બહુમતી છે, તેથી સંસ્કૃત નામની સાથે મુસ્લિમ નામ જોડવામાં આવે છે. દા ત. અહમદ શુકર્ન અલિ શાસ્ત્રવિદ્ વગેરે.

હવે અગ્નિ એશિયામાં મુસ્લિમ તથા ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ ઘણો છે તથા ચીને પણ પોતાની સંસ્કૃતિ આપી છે તેથી ભારતીય નામો ભૂંસાતાં જાય છે, તેમ છતાં ભારતીય સંસ્કૃતિ પ્રદેશ અને પ્રજા પ્રમાણે થોડીઘણી ટકી રહી છે.

હવે માનવોના સ્થળાંતર પછી વનસ્પતિના સ્થળાંતર વિશે વાત કરીએ:

હિંદી મહાસાગર અને અરબી સમુદ્ર ઉપર સૈકાઓ સુધી ધમધોકાર વેપાર કરતા હતા.

તે પછી ૧૬મી સદીમાં પોર્ટુગીઝો આવ્યા. નામ બગાડવામાં તેઓ કુશળ હતા તેથી 'સુખધરા'ને 'સોકોત્રા' નામ આપ્યું, જે 'સુખધરા'નો અપભ્રંશ છે. તે પછી અંગ્રેજો આવ્યા તેઓ પણ પોર્ટુગીઝોથી ઓછા ઊતરે તેવા ન હતા. તેથી તેમણે આપણા ભરૂચને બ્રોચ નામ આપ્યું હતું તેમ, દ્વીપકલ્પને 'સોકોટ્રા' નામ આપ્યું અને હજી બિચારો સુખધરા ટાપુ 'સોકોટ્રા'ના નામે ઓળખાય છે. ભરૂચનું સાચું નામ તો ભૃગુકચ્છ છે. પોર્ટુગીઝોમાં અવગુણ ઘણા હતા. તેઓ ક્રૂર, સાહસી, જુલ્મી, ધર્મઝનૂની અને વિશ્વાસઘાતી હતા; પરંતુ તેઓ અપનાવવા જેવા સદ્‌ગુણો પણ ધરાવતા હતા. તેઓ બહાદુર સાગરખેડુ હતા. નવી ભૌગોલિક શોધો કરવામાં અને સમુદ્રનું વિજ્ઞાન સમજવામાં તેઓ કુશળ હતા. તેઓ વનસ્પતિપ્રેમી હતા અને ઉપયોગી વનસ્પતિ એક દેશમાંથી બીજા દેશમાં અને એક ખંડમાંથી બીજા ખંડમાં ફેલાવતા હતા એટલું જ નહિ, પણ સુધારતા હતા. દા.ત. આપણી હાફૂસ કેરી તેમણે સુધારી હતી અને તેને 'આલ્ફોન્સો' નામ આપ્યું હતું. 'આલ્ફોન્સો' એક પ્રખ્યાત સાગરખેડુ સૈનિક અને ખ્રિસ્તી ધર્મનો જુલ્મી પ્રચારક હતો

આપણે કેટલીક ચીજો ખાઇએ છીએ કે વાપરીએ છીએ તે કેટલીક પોર્ટુગીઝોની અને તેમના પિતરાઇ ભાઇ સ્પેનને આભારી છે. દા.ત. ચીકુ. તે કેટલા રસતરબોળ અને સ્વાદિષ્ટ મીઠાં ફળ છે? ચીકુના છોડના પિતરાઈ ભાઈ રબ્બરના છોડ છે. ચીકુના ઝાડ જેવા આ ઝાડના છાલ (ક્ષીર) એટલે કે દૂધ ધરાવે છે. અમેરિકન ખંડોમાંથી ભારતમાં આવ્યા સ્પેનિયાર્ડો જ્યારે દક્ષિણ અમેરિકામાં પહોંચ્યા ત્યારે તેઓ એન્ડિઝ પર્વતમાળા ઉપર ચઢ્યા. ત્યાં તેમણે આદિવાસી લોકોને બટાટાની ખેતી કરતા જોયા તેમણે બટેટાનો અભ્યાસ કર્યો અને જાણ્યું કે ખોરાક તરીકે તે ઉપયોગી અને સ્વાદિષ્ટ હોય છે તેથી સ્પેનિયાર્ડો અને પોર્ટુગીઝો યુરોપ, આફ્રિકા અને એશિયામાં બટેટાની ખેતીનો પ્રચાર કરવા લાગ્યા. યુરોપમાં આ કંદ બહુ જ લોકપ્રિય થઇ ગયું. આયર્લેન્ડમાં તો લોકોનો મુખ્ય ખોરાક બટેટા બની ગયો. પછી એક વાર બટેટાનો દુકાળ પડ્યો ત્યારે આયરિશ પ્રજા ભૂખમરામાં ધકેલાઇ ગઇ અને કેટલાક આયરિશો પેટ ભરવા માટે પરદેશ ભેગા થઈ ગયા. ઘણા આયરિશો અમેરિકા પહોંચ્યા. તેમાં એક કેનેડી કુટુંબ પણ હતું. તે ત્યાં એટલું સમૃદ્ધ થઇ ગયું, એટલું વગદાર થઇ ગયું તે એક કેનેડી બ્રિટનમાં અમેરિકાના એલચી તરીકે નિમાયો. તેનો એક પુત્ર જહોન કેનેડી અમેરિકાનો પ્રમુખ બન્યો. તેના બાપે એક વાર કહ્યું હતું કે હું મારા દીકરાઓને નાણાંની બેન્કો વારસામાં આપી શકું એટલું ધન મારી પાસે છે. પ્રમુખ કેનેડીની હત્યા થઇ ગઇ એ તો અર્વાચીન ઇતિહાસની વાત છે,

જો આયર્લેન્ડમાં બટેટાનો દુકાળ પડ્યો ન હોત તો કેનેડી કુટુંબ અમેરિકા ગયું ન હોત, તો કેનેડી કુટુંબ હજી આયર્લેન્ડમાં હોત. પ્રમુખ કેનેડી જ્યારે યુરોપ ગયો ત્યારે આયર્લેન્ડમાં પોતાના પૂર્વજોનાં ગામો અને રહેઠાણ જોવા ગયા હતા.

અમેરિકા બહાર કોઇ દેશની પ્રજામાં બટેટાનું નામ ન હતું, તેથી ઘણા દેશોએ જરા ફેરફાર સાથે બટેટાને દક્ષિણ અમેરિકન નામ અપનાવ્યું. અંગ્રેજો તેને 'પોટેટો' કહે છે અને આપણે બટાકા અથવા બટેટા કહીએ છીએ. આમ બટાકા વિશ્વવિજયી બની ગયા.

ચીકુ ઉપરાંત પપૈયા પણ અમેરિકન ખંડોની ભેટ છે અને પપાયા એ નામ પણ અમેરિકન છે. સ્વાદ અને ગુણમાં ઉત્તમ એવું આ ફળ મધ્ય અમેરિકામાંથી પોર્ટુગીઝો લાવ્યા હતા અને હવે તો ઉષ્ણ કટિબંધના બધા દેશોમાં થાય છે. સ્પેનિયાર્ડો અને પોર્ટુગીઝોએ જોયું કે આદિવાસીઓ પપૈયાનાં પાંદડામાં માંસ લપેટીને રાંધે છે તેથી માંસ વહેલું રંધાઈ જાય છે અને સ્વાદિષ્ટ થાય છે. તે પાચક પણ છે. પછી જાણવા મળ્યું કે કાચા પપૈયાનાં છીદ્રમાં એક રસાયણ છે, જે પાચનના ઔષધ તરીકે ઉપયોગી છે. તેને પેપેઇન નામ આપવામાં આવ્યું આપણે પેપેઇન વાપરીએ છીએ અને નિકાસ પણ કરીએ છીએ. તે એક ઉપયોગી એનઝાઇમ છે.

અમેરિકાએ જગતને એક બહુ ખરાબ અનિષ્ટ ફળ આપ્યું છે અને તે છે તમાકુ. આ શબ્દ તોબેકામાંથી આવ્યો છે અને ટોબેકો અમેરિકાના આદિવાસીઓના શબ્દ પરથી આવેલ છે. બ્રિટિશ સાગરખેડુઓ જ્યારે અમેરિકા પહોંચ્યા ત્યારે તેમણે આદિવાસીઓને ધૂમ્રપાન કરત જોયા અને તેમનું અનુકરણ કરી જોયું. તેની માદક અસર તેમને તાજગી આપતી જણાઇ. જેથી તેઓ યુરોપ, રશિયામાં તથા આફ્રિકામાં તમાકુનું વાવેતર અને વેપાર ફેલાવવા લાગ્યા. આજે આપણા દેશમાં ગરીબમાં ગરીબ માણસો પણ બે વ્યસન ધરાવે છે: ચા અને બીડી. ઉપલા વર્ગના લોકો સિગારેટો કે તમાકુનું સેવન કરે છે. કોઈ સૂંઘવા માટે તો કોઇ ચાવવા માટે, એમ જુદી જુદી રીતે તમાકુ વપરાય છે. જેઓ ધૂમ્રપાન ન કરતા હોય તેમને પણ બીજી રીતે તમાકુ વાપરવામાં સંકોચ થતો નથી. ખરેખર તો તમાકુમાં રહેલ નિકોટીન ભારે નુકશાન કરે છે. તેથી કાયદાથી ફરજ પાડવામાં આવી છે કે 'ધૂમ્રપાન તંદુરસ્તી માટે હાનિકારક છે' એવું વાક્ય સિગારેટના વેચાણ સાથે છાપીને આપવું. તમાકુ કેન્સર માટે પણ જવાબદાર ગણાય છે.

દુનિયામાં મોટામાં મોટા જે વેપાર ગણાય છે તેમાં તમાકુ અને તેની બનાવટો પહેલી હરોળમાં છે.

દુનિયાને રબ્બર મળ્યું, તે પણ અમેરિકન ખંડોનું પ્રદાન છે. સ્પેનિશ લોકોએ જોયું કે આદિવાસીઓ એક દડા વડે રમે છે, જે કે કવાથી ઘણો ઉછળે છે. તપાસ કરતાં જણાયું કે તે એક પ્રકારના ઝાડના છીણમાંથી બનાવવામાં આવે છે. પછી તો અમેરિકા અને યુરોપના લોકોએ તેના ઘણા ઉપયોગ શોધી કાઢયા. આજે આપણે પણ રબ્બરના ઝાડનું વાવેતર કરીએ છીએ અને વધારતા જઇએ છીએ

આપણા પૂર્વજોએ બટેટાનું કે ટમેટાનુ નામ પણ સાંભળ્યું ન હતું. ટમેટા ફળ તરીકે પણ ખવાય છે અને શાક તરીકે પણ વપરાય છે. તેનો આભાર તેમના મૂળ વતન અમેરિકન ખંડોનો માનવો જોઇએ. અમેરિકન લેખકો જણાવે છે કે જગતને મકાઇ મળી તે પણ અમેરિકન ખંડોનો પ્રતાપ છે. કૃષિવિજ્ઞાનીઓએ મકાઇની વધુ સારી જાતો ઉત્પન્ન કરી છે. આવું તો ઘણું છે, જે એક ખંડે બીજા ખંડોને; એક દેશે બીજા દેશોને આપ્યું છે. તેનાં દ્રષ્ટાંત મરી, લવિંગ વગેરે. તેજાના અને સફરજન, નારપત, લીચી, જરદાલુ વગેરે ફળો અને કેટલીક જાતનો મેવો છે. આપણે બહુ મોટા જથ્થામાં કાજુ નિકાસ કરીએ છીએ અને મોટા ભાગે રશિયા અને અમેરિકા ખરીદે છે. પોર્ટુગીઝો પૂર્વ આફ્રિકાથી કાજુ લાવ્યા, આપણે તેનું હવે વધુને વધુ વાવેતર કરીએ છીએ અને ત્યાંથી આયાત પણ કરીએ છીએ. કાજુ છોલીને સેકવા અને પેક કરવા એ કેરળમાં એક મુખ્ય ઉદ્યોગ છે.

સાગરખેડુઓએ દરિયાઇ માર્ગો શોધ્યા અને વિદ્યા તથા વેપારના તથા ધર્મપ્રચારના પણ વાહક બન્યા. તેથી દુનિયાની સૂરત કેવી બદલાઇ ગઇ છે! ●

સંઘની નવી કાર્યવાહક સમિતિ અને અન્ય સમિતિઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૭-૫-૧૯૮૮ના રોજ સાંજના ૫-૦૦ વાગે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળી હતી. સંઘના અન્વેષિત હિસાબો, સરવૈયું અને નવા વર્ષનાં અંદાજપત્રો રજૂ થયા બાદ નીચે પ્રમાણે પદાધિકારીઓની અને કાર્યવાહક સમિતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી:

પદાધિકારીઓ : ડો. રમણલાલ ચી. શાહ-પ્રમુખ; શ્રી ચીમનલાલ જે. શાહ-ઉપપ્રમુખ; શ્રી કે. પી. શાહ તથા શ્રીમતી નિરુબહેન એસ. શાહ-મંત્રીઓ; શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ-કોષાધ્યક્ષ

કાર્યવાહક સમિતિ : (૧) શ્રી પન્નાલાલ આર. શાહ (૨) શ્રી શૈલેશ એચ. કોઠારી (૩) શ્રી વસુબહેન ભણસાલી (૪) પ્રા. તારાબહેન ર. શાહ (૫) શ્રી સુબોધભાઇ એમ. શાહ (૬) શ્રી ગણપતલાલ એમ. ઝવેરી (૭) શ્રી રસિકલાલ લહેરચંદ શાહ (૮) શ્રી અમર જરીવાલા (૯) શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ (૧૦) શ્રી કમલાબહેન પિસપાટી (૧૧) શ્રી મફતલાલ ભીમાચંદ શાહ (૧૨) શ્રી ધનવંત ટી. શાહ (૧૩) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ (૧૪) શ્રીમતી રમિતાબહેન એસ. કામદાર (૧૫) શ્રી ધીરજલાલ કુલચંદ શાહ.

બુધવાર, તા. ૧૧-૫-૧૯૮૮ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભામાં નીચેની વિગતે કો-ઓપ્ટ સભ્યો, સહમંત્રીઓ, સહયોગ સમિતિના સભ્યો, નિમંત્રિત સભ્યો અને વાચનાલય પુસ્તકાલય સમિતિના ટ્રસ્ટીઓ અને સભ્યોની નીચે મુજબ નિયુક્તિ કરવામાં આવી હતી:

કો-ઓપ્ટ સભ્યો: (૧) શ્રી જ્યોતિબહેન પી. શાહ (૨) અરવિંદભાઇ એમ. ચોકસી (૩) શ્રી જયંતીલાલ પી. શાહ (૪) શ્રી જયાબહેન ટી. વીરા (૫) શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ.

સહમંત્રીઓ: (૧) શ્રી શૈલેશભાઇ એચ કોઠારી (૨) શ્રી વસુમતીબહેન ભણસાલી અને (૩) શ્રી ધીરજલાલ કુલચંદ શાહ.

સહયોગ સમિતિ: (૧) શ્રી એ. જે. શાહ (૨) શ્રી હુંગરશી રામજી ગાલા (૩) શ્રી વિદ્યાબહેન એમ. ખંભાતવાલા (૪) શ્રી ઉષાબહેન મહેતા (૫) શ્રી શાંતિલાલ દેવજી નન્દુ (૬) શ્રી જયંતીલાલ ફતેહચંદ શાહ (૭) શ્રી રમણલાલ લાલભાઇ લાકડાવાલા (૮) શ્રી માણેકલાલ વી. સવાણી (૯) શ્રી વસનજી લખમશી શાહ (૧૦) શ્રી ચંપકલાલ એમ. અજમેરા (૧૧) શ્રી જેરમલ મંગળજી મહેતા (૧૨) શ્રી સી. એન. સંઘવી,

(૧૩) શ્રી બસંતલાલ નરસિંહપુરા (૧૪) શ્રી પ્રવીણચંદ્ર ટી. શાહ.

નિમંત્રિત સભ્યો : (૧) શ્રી બિપિનભાઇ જૈન (૨) શ્રી કપૂરભાઇ ચંદેરિયા (૩) શ્રી શર્મીબહેન ભણુસાલી (૪) શ્રી મીરાંબહેન રમેશભાઇ મહેતા (૫) શ્રી ચંદ્રકુમાર જે. શાહ (૬) શ્રી સુલીબહેન હિરાણી (૭) શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ (૮) શ્રી તરુણાબહેન બી શાહ (૯) શ્રી જ્યોત્સનાબહેન શેઠ (૧૦) શ્રી શિરીષભાઈ કામદાર (૧૧) શ્રી પુષ્પાબહેન પરીખ (૧૨) શ્રી રજનીભાઇ વોરા (૧૩) શ્રી પર્ણલેખાબહેન દોશી (૧૪) શ્રી જગમોહન દાસાણી (૧૫) ડો. અમુલભાઇ શાહ (૧૬) શ્રી ચંદ્રાબહેન હરસુખલાલ શાહ (૧૭) શ્રી રમાબહેન વિનોદભાઈ મહેતા (૧૮) શ્રી રૂપચંદ ભણુસાલી (૧૯) શ્રી સરોજબહેન મહેતા (૨૦) શ્રી મૃદુલાબહેન જે. શાહ (૨૧) શ્રી રવીન્દ્રભાઇ એચ. મહેતા (૨૨) શ્રી મુકુન્દભાઇ ગાંધી (૨૩) શ્રી શાંતિલાલ બી. ગાંધી ૨૪) શ્રી શ્રીપાળભાઇ ભંડારી (૨૫) શ્રી પ્રદીપભાઇ એ. શાહ (૨૬) શ્રી મહેન્દ્રભાઇ વોરા (૨૭) શ્રી મીનાબહેન એન. શાહ (૨૮) શ્રી ધીરજબહેન વોરા (૨૯) શ્રી અરુણભાઈ પરીખ (૩૦) શ્રી નવનીતભાઇ એમ. પારેખ (૩૧) શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (૩૨) શ્રી કુસુમબહેન એન. ભાઉ (૩૩) શ્રી દમયંતીબહેન એન. શાહ (૩૪) શ્રી નાનાલાલ સંઘરાજકા (૩૫) શ્રી મીરાંબહેન ભંડારી (૩૬) શ્રી યશોમતીબહેન શાહ (૩૭) શ્રી રમાબહેન જે. વોરા (૩૮) શ્રી બચુભાઇ પી દોશી (૩૯) શ્રી રસિલાબહેન મહેન્દ્રભાઇ ઝવેરી (૪૦) શ્રી નલિનીબહેન બી મહેતા (૪૧) શ્રી સરલાબહેન એસ. પરીખ (૪૨) શ્રી આશાબહેન મહેન્દ્રભાઇ મહેતા (૪૩) શ્રી રેખાબહેન દોશી (૪૪) શ્રી શારદાબહેન ગાંધી (૪૫) શ્રી નટુભાઇ પટેલ (૪૬) શ્રી મહાસુખભાઇ કામદાર (૪૭) શ્રી ગુલાબ દેઢિયા (૪૮) શ્રી રિમતાબહેન બી. શાહ (૪૯) શ્રી આશિતાબહેન કાંતિલાલ શેઠ (૫૦ શ્રી પૂનમબહેન અતુલભાઇ શાહ (૫૧) શ્રી સંયુકતાબહેન પ્રવીણભાઇ મહેતા (૫૨) શ્રી વિનુભાઇ જમનાદાસ મહેતા (૫૩) શ્રી કીર્તિભાઇ કુલચંદ દોશી (૫૪ શ્રી હેમંતભાઇ શાહ (૫૫) શ્રી જ્યોતિબહેન હેમંતભાઇ શાહ (૫૬) શ્રી ધીરજલાલ છોટાલાલ દોશી (૫૭) શ્રી નેમચંદ મેઘજી ગાલા (૫૮) શ્રી જ્યોતિબહેન વીરેન શાહ (૫૯) શ્રી કૃષ્ણાબહેન નલિનભાઇ પારેખ (૬૦) શ્રી ચંદ્રકાન્ત ગાંધી (૬૧) શ્રી હિંમતભાઇ ગાંધી (૬૨) શ્રી મહીપતરાય જાદવજી શાહ (૬૩) શ્રી શાંતિલાલ ટોકરશી શાહ.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાચનાલય પુસ્તકાલય સમિતિ : ટ્રસ્ટીઓ : (૧) ડો રમણલાલ ચી. શાહ (૨) શ્રી ચીમનલાલ જે. શાહ (૩) શ્રી કે. પી. શાહ (૪) શ્રી સુબોધભાઇ એમ. શાહ ૫) શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ. **પુસ્તકાલય સમિતિ:** (૧) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ –મંત્રી (૨) શ્રી ગણપતલાલ મ. ઝવેરી (૩) શ્રી પન્નાલાલ આર શાહ (૪) શ્રી જ્યોતિબહેન પી. શાહ.

'ગમન-આગમન'

(પૃષ્ઠ ૧૦થી ચાલુ)

અલજબ્ર-એલજિબ્રા : અરબો પાસેથી આ વિદ્યાનું જ્ઞાન–ધણું કરીને ઇટલી દ્વારા-યુરોપમાં પ્રવેશ્યું. આ જ્ઞાન જોડે તે વિશેની અરબી રચનાઓ (પુસ્તકો–ગ્રંથો) પણ ત્યાં પ્રવેશી. આમાંની અલ ખ્વારિઝમીની વિખ્યાત રચના 'કિતાબ અલ જબ્ર વ અલ મુકાબલહ'નો પ્રભાવ એટલે પ્રબળ ને ઊંડો હતો કે પછી એ વિદ્યા, એ પુસ્તકને નામે જ ઓળખાતી થઇ જે વ્યવહારમાં ઇટાલિયન અને લેટિન ભાષાઓમાં એના સંક્ષેપરૂપ (પ્રારંભના અંશ) 'અલજબ્ર' પરથી 'એલજિબ્રા' નામે જાણીતી થઈ.

અંગ્રેજીએ આ નામ ઇ. સ. ૧૫૫૧માં અપનાવ્યાનું નોંધાયું છે. ઉર્દૂમાં તો આજેય આ વિદ્યા એના મૂળ અરબી નામને અનુસરીને 'જબ્રોમુકાબલા' [જબ્ર-ઓ-મુકાબલહ] નામે ઓળખાય છે.

એક આડપેદાશ :

'જબ્ર' શબ્દના અર્થોમાં, ઉપર જોયા તે ઉપરાંત એક અર્થ છે 'હાડકું બેસાડવું'! તૂટેલાં કે ખડેલાં હાડકાં ફરી સરખાં–યોગ્ય રીતે બેસાડી દેવાં, એ કાર્ય માટે પણ આ ક્રિયાપદ પરથી, હાડકું બેસાડવાની વિદ્યા–એટલે કે 'હાડવૈદું' એ–માટે પણ આ શબ્દ ઇટાલીમાં વપરાતો અને પછી તો એક જમાનામાં, અંગ્રેજીમાં પણ આ 'એલજિબ્રા' 'હાડવૈદ્ય'ના અર્થમાં વપરાતો હતો–એવી યે નોંધ મળે છે. 'એલજિબ્રા' શબ્દના અર્થમાંથી નીપજેલી આ એક આડપેદાશ જ હતી ને!

આમ ૧૬ મી–૧૭મી સદીમાં અ ા ગણિતવિદ્યાનો ખૂબ જ ઝડપી વિકાસ થતો રહ્યો. હવે તો આ વિદ્યા, ગણિતશાસ્ત્રનું એક અત્યંત મહત્વનું ને અનિવાર્ય અંગ બની ગઈ છે.

પણ સ્થિતિ હવે એવી છે કે આપણે ત્યાં વ્યવસ્થિત થઈ વિકાસ માર્ગે વળેલી આ વિદ્યાના અવનવા ઉન્મેષો માટે આપણે પશ્ચિમ તરફ નજર રાખવી પડે છે.

સાભાર સ્વીકાર :

[] **પ્રશમરતિ** લે. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા * પૃષ્ઠ-૭૨૩ * મૂલ્ય રૂ. ૪૦ ૦૦ પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ ૩૬ [] **ધન્ય છે ધર્મ તને!** લે. જૈનાચાર્ય વિજયવલ્લભસૂરિ સંપા. ડો. કુમારપાળ દેસાઇ * ડેમી સાઇઝ * પૃષ્ઠ–૨૦૫ * મૂલ્ય રૂ. ૧૦–૦૦ પ્રકા. શ્રી આત્માનંદ જૈન સભા, ૩૯–૪૧, ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩ [] **સ્ત્રીપુરુષ સહજીવન** લે. દાદા ધર્માધિકારી * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ–૧૭૧* મૂલ્ય રૂા. ૮–૦૦ પ્રકા. યજ્ઞ પ્રકાશન, હુંજરાત પાગા, વડોદરા–૧ [] **સ્વભૂત ચિકિત્સાને સમજો** લે. જગદીશ શાહ, * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ–૫૬ * મૂલ્ય રૂા. ૩–૦૦ પ્રકા ઉપર મુજબ. [] **સુચિતા સપ્તક** * લે. વિનોબા * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ ૩૨ * મૂલ્ય રૂા. ૨–૦૦ પ્રકા. ઉપર મુજબ.

'ગમન–આગમન'

● પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

શાળાંત પરીક્ષાઓ (એસ. એસ. સી., આઇ. સી. એસ. ઇ., સી. બી. એસ. ઈ. વગેરે) પતે એટલે શાળાઓમાં પરીક્ષાઓની હારમાળાઓનો આરંભ થાય. ઉપલા વર્ગોની પરીક્ષાઓમાં કેટલાયે વિદ્યાર્થીઓના વિષયોમાં એક 'એલજિબ્રા' પણ હશે–અલબત્ત, કેટલાક આને 'ઓલજિબ્રા' પણ કહે છે. આપણે એને 'બીજગણિત' નામે ઓળખીએ છીએ.

એલજિબ્રાનાં નામ! :

ઉચ્ચકક્ષાના ગણિતની આવશ્યકતા હોય એવાં સર્વ શાસ્ત્રોની–વિજ્ઞાનોની–સર્વ શાખાઓમાં આ 'એલજિબ્રા' અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મોટા ગણિતશાસ્ત્રીઓ તથા વિજ્ઞાનીઓએ પણ અલબત્ત, ભિન્ન ભિન્ન કક્ષાએ–આ વિષયથી પરિચિત રહેવું પડે છે. આ વિદ્યામાં અજ્ઞાત સંખ્યાના પ્રતીક તરીકે અક્ષરોનો વિનિયોગ કરીને ગણતરી થતી હોવાથી આ પદ્ધતિ 'અક્ષર–ગણિત' પણ કહેવાઈ છે. વળી આ પદ્ધતિમાં 'વ્યકત' તેમ જ 'અવ્યકત' સંખ્યાઓના પરસ્પર સંબંધનું વિસ્લેષ્ય-વિવેચન થતું હોવાથી ગુજરાત વિશ્વવિદ્યાલયે એને માટે 'અવ્યકત ગણિત' એવું પારિભાષિક નામ પણ યોજ્યું છે. આમ છતાં શિક્ષિત વર્ગમાં તેમ જ શિક્ષણ-ક્ષેત્રમાં આ માટે મોટે ભાગે 'એલજિબ્રા' કે 'ઓલજિબ્રા' નામ જ પ્રચલિત છે.

આગમન અંગ્રેજી દ્વારા? :

પણ આ નામ તો અંગ્રેજી છે, ખરું ને? જોકે હવે તો એણે આંતરરાષ્ટ્રીય સ્થાન પણ પ્રાપ્ત કર્યું છે, એમ કહી શકાય; આપણે તો આ નામ અંગ્રેજીમાંથી જ અપનાવ્યું છે, એય ખરું! પણ હકીકતમાં આ નામ મૂળ અંગ્રેજી યે નથી!

ઉત્પત્તિ ને વિકાસ :

આ બીજગણિતનાં ઉત્પત્તિ ને વિકાસનો ઇતિહાસ વિદ્વાન સંશોધકો ખૂબ જ પ્રાચીનકાળ સુધી લઇ ગયા છે. ઇ. સ. પૂર્વે ૧૮૦૦થી ૧૬૦૦ના બેબિલોનથી માંડીને, ઇજિપ્તી, ગ્રીક, ભારતીય ને અરબી સંસ્કૃતિ પછી, એ અર્વાચીન કાળમાં યુરોપ સુધી આવે છે.

ઇજિપ્તે આમાંની અવ્યકત સંખ્યા માટે 'હ' અને ગ્રીકોએ એને માટે 'સ' અક્ષર પ્રયોજ્યો; અરબીમાં એ અવ્યકત સંખ્યા 'શૈ' (વસ્તુ–અમુક–'thing') કહેવાઇ છે. આને અનુસરીને પછી લેટિન ભાષામાં એ 'RES' કહેવાઈ છે ને ઇટાલિયન ભાષામાં એ 'Cos' (વસ્તુ) નામે ઓળખાઇ છે.

શાસ્ત્રીય સ્વરૂપ – ભારતમાં :

પણ પ્રારંભના સૂચક માત્ર તથા તૂટક–ને કંઇક ખામીવાળા આ અપૂર્ણ જ્ઞાન પછી, આ વિદ્યાને વ્યવસ્થિત શાસ્ત્રીય સ્વરૂપ આપવાનું માન આપણા પ્રાચીન પાટલિપુત્રમાં જન્મેલા ગણિતશાસ્ત્રી આર્યભટ્ટ (આસરે ઇ. સ. ૪૭૬)ને ફાળે જતું હોવાની નોંધ મળે છે. મોટાભાગના વિદ્વાનોએ આ વાત માન્ય કરી છે.

જોકે આ પછી યે બ્રહ્મગુપ્ત (આસરે ઇ. સ. ૬૩૦) તથા લીલાવતી અને બીજગણિતના રચયિતા ભાસ્કરાચાર્ય (આસરે ઇ. સ. ૧૧૫૦) જેવા અન્ય નિષ્ણાત ગણિતશાસ્ત્રીઓએ પણ આ શાસ્ત્રના વિકાસમાં ઘણો મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

ગમન ભારતમાંથી અરબમાં

આ માન્યતા અનુસાર આ શાસ્ત્રનું જ્ઞાન અહીંથી–ભારતમાંથી–જ યાકુબ, મુસા વગેરેનાં પુસ્તકો દ્વારા અરબ પ્રજામાં પહોંચ્યું તથા તે પછી, આ અરબો મારફત યુરોપમાં પહોંચ્યું હતું. (અરબીમાં ગણિતના અર્થમાં વપરાતો 'હિન્દસા' શબ્દ સવિશેષ બીજગણિત માટે વપરાતો હતો એ આ સંદર્ભમાં નોંધવા જેવું છે.)

અરબીમાં વિશિષ્ટ નામ :

ઇસ્લામના ઉદય પછી, અરબ વિશ્વ ગણિતવિદ્યાનું મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું. અહીંના ગણિતવિદ્યાના નિષ્ણાતોએ બીજગણિતવિદ્યામાં પણ ઘણો વિકાસ સાધ્યો. અરબી ભાષામાં આ વિદ્યા 'ઇલ્મ–અલ–જબ્ર–વ (ઓ)–અલ–મુકાબલહ' નામે ઓળખાતી. આમાં 'ઇલ્મ' એટલે વિદ્યા; 'અલ' અંગ્રેજી The જેવો આર્ટિકલ છે (મહાન વિભૂતિઓના નામ જોડે પણ પ્રારંભમાં એ વાપરવાની પ્રથા ત્યાં પ્રચલિત છે. જેમકે વિશ્વવિખ્યાત તત્ત્વજ્ઞાની 'પ્લેટો'નું નામ મૂળ ગ્રીક Platon પરથી અરબી ભાષામાં 'પ્લાતૂન' બન્યું પણ એ 'અલ'પ્લાતૂન' કહેવાયું જે પછી વ્યવહારમાં 'અફ્લાતૂન' રૂપ ધારણ કરી પ્રચલિત બન્યું છે.) પછી, 'જબ્ર' એટલે ફરી જોડવું, બેસાડવું, ભાંગેલા ટુકડા જોડી-સાંધી ફરી આખું કરવું, સમારી લેવું વગેરે. આ પરથી ગણિતની ભાષામાં, અપૂર્ણાંકને પૂર્ણાંકમાં ફેરવવા કે અવ્યકત સંખ્યાને વ્યકતમાં ફેરવી લેવી તે પણ 'જબ્ર'!

હવે 'વ' (કે-ઓ) એટલે 'અને'; પછી 'મુકાબલહ' એટલે મુકાબલો, સરખામણી, સરખાવી લેવું, એટલે કે ગણિતની પરિભાષામાં કહીએ તો 'સમીકરણ'!

આમ કોઇ અવ્યકત સંખ્યાને (દા. ત. ગુજરાતીમાં 'ક'ને કે અંગ્રેજીમાં 'એક્સ'ને) ફરી સંખ્યામાં અંક રૂપમાં બદલી લેવાની, બેસાડી લેવાની, જોડી લેવાની ને એમ સમીકરણ કરી લેવાની વિદ્યા તે 'ઇલ્મ–અલ–જબ્ર-વ–અલ–મુકાબલહ'–એટલે કે બીજગણિત!

અરબ વિશ્વમાં આ વિદ્યાક્ષેત્રે અનેક નિષ્ણાત ગણિતશાસ્ત્રીઓએ ખેડાણ કર્યું છે. વિશ્વવિખ્યાત કવિ, તત્ત્વજ્ઞાની ઉમર ખય્યામ પણ આમાંના એક હતા.

(પૃષ્ઠ ૯ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. ન. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH Bv / South 54 Licence No : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૪

મુંબઇ તા. ૧૬-૬-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સાધકનાં લક્ષણો

હમણાં અચલગચ્છના પંદરમા શતકના એક મહાન કવિ શ્રી જયશેખરસૂરિનું સાહિત્ય વાંચવાનો અવસર પ્રાપ્ત થયો છે.

'ઉપદેશ ચિંતામણિ,' 'પ્રબોધ ચિંતામણિ,' 'ધમ્મિલકુમાર ચરિત્ર', 'જૈનકુમારસંભવ' જેવી મહાન સુદીર્ઘ કાવ્ય-કૃતિઓ ઉપરાંત 'ત્રિભુવનદીપક પ્રબંધ,' 'નેમિનાથ ફાગુ', 'સમ્યકત્વ-કૌમુદી', 'સંબોધસિત્તરી' તથા સંખ્યાબંધ નાની મોટી કૃતિઓ સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતી ભાષામાં લખનાર આ મહાકવિની તેજસ્વિતા અને પવિત્રતાનો પરિચય પદે પદે થાય છે.

'પ્રબોધ ચિંતામણિ' નામના રૂપકકાવ્યમાં કવિએ કૃતિના આરંભમાં સાધકનાં કેટલાંક લક્ષણોની વિચારણા કરી છે. જેઓને સાધનાને માર્ગે પ્રામાણિકતાપૂર્વક જવું હોય તેને ગમી જાય એવાં એ લક્ષણો છે. સાંસારિક મહાપુરુષો કરતાં સાધક કેટલો બધો ઊંચી કક્ષાએ બિરાજે છે અને તે માટે તેણે કેવો અભ્યંતર પુરુષાર્થ કરવાનો હોય છે તેનો ખ્યાલ આ લક્ષણોથી આવે છે.

કેટલાક ગૃહસ્થો અને સાધુસંતો તપ, જપ, જ્ઞાન, ધ્યાનમાંથી કોઇ એક અથવા વધુનો માર્ગ અપનાવે છે અને એ દિશામાં જવાનો પ્રયાસ કરે છે, પરંતુ પછી ક્યારેક ફરિયાદ પણ કરે છે કે પોતાની સાધનાનું પરિણામ જોઇએ તેવું આવતું નથી. કેટલાક ગૃહસ્થો થોડી સાધના કરે છે, રાજી રાજી થઇ જાય છે, અને ચારે બાજુ પોતે જ તેની વાહ વાહ પોકારે છે; પરંતુ તેમના જીવનમાં આવેલું સદ્‌પરિવર્તન અલ્પ-કાલીન હોય છે. થોડા વખતમાં જ ફરી પાછા તેઓ ક્રોધ, માન, માયા અને લોભના કષાયોમાં એટલા જ આવેગથી ધસડાતા અને લપેટાતા હોય છે. સ્વાર્થ, દંભ, જુઠ્ઠાણાં અને કાવતરાંઓની આટ-ઘૂંટીમાં એટલા બધા તેઓ રચ્યાપચ્યા રહે છે કે એમને જોઇને અનુકંપા થાય છે કે એમણે કરેલી સાધના કેટલી ઝડપથી એમને હાથતાળી દઇને ભાગી ગઇ છે. તેનું કારણ એ છે કે સાધનાનો મર્મ તેમને પૂરો સમજાયો નથી હોતો અને સાધનાનાં મૂળ એમના જીવનમાં ઊંડાં ઊતર્યાં હોતાં નથી. સાંસારિક ભોગોપભોગના પ્રલોભનોના પવનનો જરાક ઝપાટો આવતાં જ તેમના જીવનમાંથી સાધના મૂળસોતી ઊખડી જાય છે અને દુર્ભાગ્યે કેટલાકને પોતાને જ તેની ખબર હોતી નથી.

ભારતીય સંસ્કૃતિની પરંપરામાં સાધનાના અનેક માર્ગ બતાવાયા છે. હિન્દુ, જૈન તથા બૌદ્ધ પરંપરામાં અનેક સંત-મહાત્માઓ ગૃહસ્થજીવનનો ત્યાગ કરી, સાધુ સંન્યાસીનું જીવન અપનાવી ઊંડી આધ્યાત્મિક સાધનામાં લીન થઇ જાય છે. કેટલાય મહાન સાધકોની વાત આપણા સુધી પહોંચતી નથી અને ન પહોંચે તે જ તે સાધકોને મન ઇષ્ટ વાત છે. તેમ છતાં કેટલાક મહાન સાધકોના પરિચયમાં આપણે આવીએ છીએ ત્યારે આપણને પ્રતીતિ થાય છે કે સાચા સાધક સાધુ કેવી કોટિના હોવા જોઇએ.

સાધુનો વેશધારણ કરવાથી લોકોની નજરે સાધુ થઇ શકાય, પરંતુ તેથી સાધક થઇ જ શકાય એમ માની લેવું યોગ્ય નથી. જેટલા જેટલા સાધુ તેટલા તેટલા સાધક એવી વ્યાપ્તિ બાંધી શકાય નહિ. પરંતુ જે સાચા સાધકો છે, તેમનામાં સાધુતાના અંશો જરૂર રહેલા જ હોય છે. પછી ભલે તેઓએ સાધુનો વેષ ધારણ કર્યો હોય કે ન કર્યો હોય. એટલે કે જેઓ સાચા સાધક છે તેઓ બધા એક અપેક્ષાએ સાધુ છે એમ જરૂર કહી શકાય, કારણ કે સાચી સાધુતા સાચા સાધકના જીવનમાં અંતર્ગત હોય છે. તેમાં પણ જો એને સાધુનો વેષ ધારણ કરવાની અનુકૂળતા પ્રાપ્ત થઇ હોય તો તે ઉત્તમ છે. સાધુનો વેષ મળ્યો હોવા છતાં સાધના તરફ લક્ષ્ય ન હોય એ તો મોટું દુર્ભાગ્ય ગણાય.

જયશેખરસૂરિએ 'પ્રબોધચિંતામણિ'માં સાધકનાં લક્ષણો દર્શાવતાં નીચેના કેટલાક શ્લોક આપ્યા છે :

न वादसादरो, नावलिप्तो न ख्यातिकामुकः ।
न क्वाप्यौत्सुक्यभूर्नैव यत्तत्स्वोक्तसमर्थकः ॥

વાદ કરવામાં આદરવાળો ન હોય, અહંકારી ન હોય, કીર્તિનો અભિલાષી ન હોય, કોઇપણ બાબતમાં ઉત્સુકતાવાળો (ઉતાવળિયો) ન હોય, તથા જેમ જેમ બોલાયેલા પોતાના વચનનું સમર્થન કરનાર ન હોય.

न गोष्ठीकुतूनन्यिदेशवेषभाषादिपृच्छकः ।
न गीतादिप्रियोनक्षिलोल : स खलु साधकः ॥

વાતોડિયો ન હોય, બીજાના દેશ, વેશ ભાષાદિકની પૂછ-પરછ કરનારો હોય, ગીત-ગાયન વગેરેમાં રાચનારો હોય, નેત્રની ચપલતાવાળો ન હોય તેને ખરેખર સાધક જાણવો.

आकृष्टो याति न द्वेषं स्तुतो भवति नोन्मनाः ।
अबाधित समाधिस्थः स्वस्थो भवति साधकः ॥

આક્રોશ કર્યાથી જે દ્વેષ ન કરે, અને સ્તુતિ કર્યાથી જે ઉન્મત્ત ન થાય, એવી સ્વસ્થતામાં જે રહેતો હોય તે સાધક

કહેવાય છે

लवलेशमुहूर्तादिक्रमाद्यः संगवर्त्यपि ।
निःसंगतार्थं यतते विद्वस्तं विद्धि साधकम् ॥

લેશમાત્ર મુહૂર્તાદિકના ક્રમથી જે સંગમાં વર્તે છતાં સંગરહિતપણાને માટે પ્રયત્ન કરે છે તેને હે વિદ્વાન તમે સાધક જાણો.

ज्ञाततत्त्वतया वेत्ति लोकवृत्तं विसंष्ठुळ ।
तथापि कुरुते नैव स्वात्मोकर्षान्यगर्हणे ॥

'આ દુનિયાના લોકોનાં ચારિત્રો – આચરણો વિસંષ્ઠુલ એટલે કે અસ્થિર વિપરીત છે એમ તત્ત્વવેત્તા હોવાથી પોતે સમજે છે, તોપણ બીજાની નિંદા કરીને પોતાનો ઉત્કર્ષ સાધક કોઈ વખત કરતો નથી.

योगी शैलाणुवज्जानन्नप्याध्यात्मिक बाह्ययोः ।
धर्मयोरंतरं भिंत्ते व्यवहारं गिरापि न ॥

આધ્યાત્મિક ધર્મ અને બાહ્ય ધર્મને વિશે પર્વત અને પરમાણુ જેટલું અંતર જાણવા છતાં યોગી વચનથી પણ વ્યવહારને છેદતા નથી.

शृण्वन्नप्यैऽवद्योगी पश्यन्नप्यंधवद् ध्रुवं ।
वक्तापि मूकवद्विद्वानपि बालसमो भवेत ॥

યોગીએ–સાધકે સાંભળવા છતાં પણ બહેરા જેવા, દેખતા છતાં પણ આંધળા જેવા, બોલતા છતાં પણ મૂંગા જેવા અને વિદ્વાન છતાં પણ બાળક જેવા થવુ જોઇએ.

આ લક્ષણોમાંથી નમૂનારૂપ ત્રણેક લક્ષણોનો વિચાર કરીએ. જયશેખરસૂરિ કહે છે કે સાધક 'વાદસાદર' ન હોવો જોઇએ. એટલે કે વાદવિવાદ કરવામાં આદરવાળો ન હોવો જોઇએ. સંસારમાં પ્રત્યેક પ્રસંગ, પરિસ્થિતિ કે પ્રત્યેક વિચારસરણીનું પૃથક્કરણ વિભિન્ન દ્રષ્ટિકોણથી થઇ શકે. એટલા માટે અપેક્ષાભેદને લક્ષ્યમાં રાખી માણસ જો પોતાના વિચારો વ્યક્ત કરે તો વાદવિવાદ કે સંઘર્ષ ઊભો થાય નહિ. સાધકો પોતાનો કક્કો ખરો કરવા માટેના રસિયા હોતા નથી. જ્યાં સાચી રુચિ અને સાચી જિજ્ઞાસા હોય ત્યાં જ તેઓ વાત કરવા, ચર્ચા-વિચારણા કરવા કે અપેક્ષાભેદથી જુદા જુદા મત સમજાવવા રાજી હોય છે. પરંતુ પોતાનો મત સામી વ્યક્તિ સ્વીકારે જ એવો આગ્રહ સાધકો રાખતા નથી. વળી તત્ત્વચર્ચા કરનાર સામી વ્યક્તિ પોતાના મતની જ આગ્રહી છે, ખુલ્લું મન રાખીને અન્ય અપેક્ષાથી કશું જ વિચારવાની તેની તત્પરતા નથી, પૂર્વગ્રહ કે ગ્રંથિઓથી તે ભરેલી છે એવું જ્યારે સાધકને જણાય છે ત્યારે તે તેની સાથે તત્ત્વચર્ચા કરવાનું છોડી દે છે અને મૌન ધારણ કરે છે. આમ સાધક ચર્ચા કે વાદ જરૂર કરે, પરંતુ વાદ કે ચર્ચા, કરવા ખાતર કરવામાં તેને રસ કે આદર ન હોવાં જોઇએ. એટલે જયશેખરસૂરિએ કહ્યું છે તેમ સાધક 'વાદસાદર' ન હોવો જોઇએ તે સર્વથા યોગ્ય જ છે.

બીજું એક લક્ષણ જણાવતાં જયશેખરસૂરિએ કહ્યું છે કે સાધક 'ખ્યાતિકામુક' ન હોવો જોઇએ. કવિએ પ્રસિદ્ધિની લાલસાવાળા માણસો માટે 'ખ્યાતિકામુક' જેવો સરસ શબ્દ પ્રયોજ્યો છે. યશ અને કીર્તિ ભલભલા સાધુ–સંન્યાસીઓને પણ લલચાવનાર અને કેટલીક વખત તો નીચે પાડનાર એક મોટું પ્રલોભન છે. પોતાનું નામ અનેક લોકોમાં જાણીતું થાય એ માટે ઘણા માણસો બહુ વલખાં મારતા હોય છે. વર્તમાન સમયમાં પ્રચારમાધ્યમો વધી ગયાં છે. એટલે છાપાં–ચોપાનિયાંમાં પોતાનું નામ કે ફોટો આવે તો ઘડીકમાં લાખો માણસો સુધી તે પહોંચી જાય. પરંતુ લોકસ્મૃતિ બહુ અલ્પજીવી હોય છે એટલે 'ખ્યાતિકામુક' માણસોને તો વખતોવખત પોતાનું નામ છાપાચોપાનિયામાં આવ્યા કરે તેવા પ્રયત્નો કર્યા કરવા પડે છે. તો જ લોકોની સ્મૃતિમાં પોતે જીવંત છે એવી પ્રતીતિ પોતાને રહે વસ્તુતઃ અતિ ખ્યાતિ સાધકની સમાધિને ભગ્ન કરનારી નીવડે છે. જેમને સાધના કરવી છે તેઓને લોકવિમુખ થયા વિના ચાલશે નહિ. લોકોનાં ટોળાં વેવલાં હોય છે. એમાં જે ભળ્યો તે સાધનાથી ચળ્યો. એકાંત અને નિઃસંગપણું એ સાધના માટેની પૂર્વ–તૈયારી છે. જ્યાં ખ્યાતિ માટેની અભિલાષા છે, ત્યાં એકાંત અને નિઃસંગપણું પ્રાપ્ત થશે નહિ. ખ્યાતિ કે લોકપ્રિયતા કેટલાકને માટે મદિરા સમાન નીવડે છે, એનો નશો ઊતરતાં બહુ વાર લાગે છે. એટલા માટે સાચા સાધકે ખ્યાતિથી વિમુખ થવાનું છે.

વળી જયશેખરસૂરિ કહે છે કે સાધક પોતાનાથી જાણતાં-અજાણતાં ગમે તેમ બોલાઈ ગયેલાં વચનનું સમર્થન કરનાર ન હોવો જોઇએ. માણસ જ્યારે જ્યારે બોલે છે ત્યારે તે બરાબર વિચારીને જ બોલે છે એવું હંમેશાં બધા માણસોની બાબતમાં બનતું નથી. ક્યારેક ઉતાવળે બોલવામાં એકને બદલે બીજો શબ્દ વપરાઇ જાય છે; ક્યારેક પોતાની પાસેની માહિતી અધૂરી હોય છે, ક્યારેક આવેશમાં અયોગ્ય વચનો બોલી જવાય છે. આવા કેટલાક પ્રસંગે પાછળથી માણસને મનથી ખાતરી થાય છે કે પોતે જે કહ્યું છે તે બરાબર નથી, પરંતુ અહંકાર અને પ્રતિષ્ઠા તેને પોતાની ભૂલનો સ્વીકાર કરવા દેતાં નથી. જે સાચા સાધકો હોય છે તે ભાષાના ઉપયોગમાં ચિત્તના ઉપયોગને પૂરેપૂરા રાખનારા હોય છે. વાણી ઉપર તેઓ સંયમ ધરાવનાર હોય છે. તેઓ પુષ્ત વચન ઉચ્ચારનારા હોય છે. ભાષાસમિતિનું તેઓ ચુસ્તપાલન કરનારા હોય છે. એમ છતાંય ક્યારેક ઉતાવળે, ક્યારેક પ્રમાદથી, ક્યારેક આવેગમાં, ક્યારેક પ્રતિકારરૂપે, ક્યારેક અપૂર્ણ કે અર્ધસાહિતીને કારણે ખોટું વચન ભૂલથી ઉચ્ચારાઈ ગયું હોય તો તેઓ તેને વળગી રહેતા નથી કે તેનો આગ્રહ રાખતા નથી કે તેનું સમર્થન કર્યા કરતા નથી. પોતાની ભૂલનો તેઓ તરત સ્વીકાર કરી લે છે અને ક્ષમા માગી લે છે. સાધકમાં દંભ નહિ, નિખાલસતા હોય છે, અહંકાર નહિ, પણ સચ્ચાઇ હોય છે. માટે જ તેઓ પોતાના અયોગ્ય વચનનું સમર્થન કરતા કે કરાવતા નથી હોતા.

જયશેખરસૂરિએ આ ઉપરાંત દર્શાવેલાં સાધકનાં લક્ષણો ઉપર પણ મનન કરી શકાય. અહીં તે બધાંનો વિચાર કરવાનો, વિસ્તાર ભયે અવકાશ નથી.

જયશેખરસૂરિએ સાધકનાં દર્શાવેલા આ બધાં લક્ષણો સાધકે પુરુષાર્થ કરી મેળવવાં જોઇએ કે તેમનામાં સહજ રીતે તે પ્રગટ થતાં હોય છે? આવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. જેનું લક્ષ્ય સાચી સાધના તરફ છે અને જેમને અંદરનો પ્રકાશ સાંપડ્યો હોય છે તેમનામાં તો આવાં લક્ષણો સહજ રીતે જ પ્રગટ થતાં હોય છે, પરંતુ સાધનાપથના દરેક પ્રવાસીમાં એ બધાં લક્ષણો પહેલેથી જ પ્રગટ થયાં હોવાં જોઇએ એમ માની શકાય પણ નહિ કે કહી શકાય. નહિ. બધા પ્રવાસીઓએ પોતાના લક્ષ્યસ્થાન તરફ હંમેશા એક સરખું અંતર કાપ્યું હોતું નથી. એટલે પણ એમાં ફરક રહેવાનો. વળી દરેક લક્ષણમાં સ્થૂલ અને સૂક્ષ્મ, બાહ્ય અને આંતર ભેદો પણ રહેવાના અને તે દરેકમાં તરતમતાની કોટિ પણ રહેવાની. સાચો સાધક તો સતત જાગૃત અને પોતાના મનોભાવોનું, અધ્યવસાયોનું સતત અવલોકન કરનાર રહેવાનો. એટલે જ્યાં એને જરૂર લાગે ત્યાં તે પુરુષાર્થ કર્યા વગર રહે નહિ.

રમણલાલ ચી. શાહ

પર્યાવરણની પાંખે

❁ ડૉ. પ્રવીણ દરજી

પર્યાવરણને એક વિષય લઈને અભ્યાસ કરનાર એક વિદ્યાર્થી હમણાં મળ્યા હજી તે ભાઈ પ્રથમ વર્ષમાં જ છે એટલે પર્યાવરણ વિશે તેમની પાસે ઝાઝી જાણકારીની મેં અપેક્ષા રાખી નહોતી, પણ આ 'પર્યાવરણ શી બલા છે?' એવો પ્રશ્ન તેમણે જ્યારે મને કર્યો ત્યારે મને સખેદ આશ્ચર્ય થયું હતું. આ પરિસ્થિતિ માત્ર વિદ્યાર્થીઓની છે એવું નથી, મોટેરાં પણ પર્યાવરણ વિશે ભાગ્યે જ જાણકારી ધરાવે છે. કદાપી જાણે છે તો તે અપૂરતી વિગતો છે, અથવા તો ખોટા પ્રકારની માહિતી એની પાસે છે. પર્યાવરણના પ્રશ્ને આપણે ભાગ્યે જ ઉત્કટતા ધરાવીએ છીએ. અમેરિકામાં પણ પરિસ્થિતિ સારી છે એમ માનવાને કારણ નથી. ૧૯૭૦માં ત્યાં 'ધરતી દિન' ઉજવાયો, બે કરોડ જેટલા પર્યાવરણપ્રેમીઓએ તેમાં ભાગ લીધો એટલું જ નહિ ત્યાંનાં રેડિયો, ટેલિવિઝન જેવાં લોકમાધ્યમોએ પણ તેમાં સક્રિય સંડોવણીનું કાર્ય કર્યું. શાસક અને વિરોધ પક્ષોએ તો ચૂંટણી વેળા એ મુદ્દાને મહત્ત્વનું રૂપ આપ્યું, એ દિશામાં મહત્ત્વનાં કદમ પણ ઉઠાવાયાં છતાં છેલ્લે ૧૯૮૫માં 'ધરતી દિન' ઉજવાયો ત્યારે ન્યૂયોર્કમાં માત્ર સો માણસોએ જ એ અંગેની રેલીમાં ભાગ લીધો! જાણે કે પ્રદૂષિતતાનો આપણે મનેકમને હવે સ્વીકાર કરી લીધો છે અથવા તો તે પછી આપણને ફાટે પડી ગઈ છે, યા તો પડશે તો દેવાશે એવી કાચ વૃત્તિથી એ પ્રશ્ન પરત્વે આપણે ઘણું ખરું હવે આંખ આડા કાન કરતા થઈ ગયા છીએ!

પણ આવી વૃત્તિ આપણા માટે છેવટે આત્મઘાતક પુરવાર થનાર છે. જે લોકોને મનુષ્યજીવનમાં રસ છે અથવા તો આગળ વધીને કહીએ તો જેઓ પોતાને 'મનુષ્ય' તરીકે ઓળખાવે છે એ સર્વને ક્ષણેક્ષણ સ્પર્શતો આ પ્રશ્ન છે, આજનો કદાચ એક મહાપ્રશ્ન. આપણે સૌએ આપણી જાતને ઢંઢોળીને આ કે આવા બીજા પ્રશ્નો પૂછવાનો ને તે વિશે તાકીદે એના ઉપાયો યોજવાનો સમય હવે પાકી ચૂક્યો છે. જેમકે — આપણે આપણાં ફેફસાંમાં એક દિવસમાં સિગરેટનો, વાહનોનો, મિલોનો કે કારખાનાંનો કેટલો ધુમાડો ભેગો કરીએ છીએ? આપણે જે ખોરાક ખાઈએ છીએ તેમાં કેટકેટલી જાતની અશુદ્ધિઓ એ ખોરાકની સાથે હરરોજ આરોગીએ છીએ? આપણા કાનમાં વહીસલો, મોટરો કે અન્ય યંત્રસાધનોનો કેટલો અવાજ ભરીએ છીએ? આપણે જે પાણી પીએ છીએ, જે પીણાં ઢીંચીએ છીએ એમાં કેટકેટલા ને કેવા કેવા પ્રકારની પ્રદૂષિતતા પ્રવેશેલી છે?—આપણા શરીરનાં મસ્તક, હૃદય, કાન, આંખ, ફેફસાં એ સર્વ ઉપર તેની કેવી વિપરીત અસર થાય છે? આવા પ્રશ્નોની એક આખી લાંબીલચ હારમાળા સર્જાય એટલું પ્રદૂષણનું વૈવિધ્ય આપણી ચારે બાજુ એનો સખત ને ક્રૂર પંજો ફેલાવીને વિસ્તર્યું છે. બીજી રીતે કહીએ તો આપણે આપણાં હાડપિંજરો ઊભાં કરી રહ્યા છીએ.

આપણાં તળાવો, નદીઓ, સમુદ્ર, અવકાશ અને સાથે પૃથ્વી, એની જમીન અને એ જમીન ઉપરનાં વૃક્ષો–ડુંગરો એ બધાંનો વિચાર કરીશું તો ખ્યાલ આવશે કે અધધધ આપણે એ સર્વને આ કક્ષાએ પ્રદૂષિત કરી મૂક્યાં છે! જે પર્યાવરણ આપણા પોષણ અને વિકાસમાં, આપણા હૃદયવિસ્તારમાં નિમિત્તરૂપ બને છે, એ જ પર્યાવરણને આપણે કેટલી હદ સુધી અકુદરતી કરી મૂક્યું છે!

આપણાં જંગલોનો વિચાર કરો. આપણે આપણી મોજ-શોખની ચીજો બનાવવા માટે કે બળતણ તરીકે એનો ઉપયોગ કરવામાં વાળાઝુડીને એને સાફ કરી દીધાં છે. આંખને ઠારે, મનને ભરી દે ને ઋતુએ ઋતુએ નવી મુદ્રાઓ ધારણ કરતાં વૃક્ષોનું ખેદાન-મેદાન કરી નાખ્યું છે. આડેધડ કપાતાં વનોને રોકવા આપણે કશું જ કરતા નથી. જંગલખાતું પણ રેઢિયાળ થઈને, ઊલટાનું એય વૃક્ષોના વિનાશકકાર્યમાં પાછલે બારણેથી ભળી જાય છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે આ વૃક્ષો વાયુમંડળને સંતુલિત રાખે છે, પ્રદૂષણની માત્રાને ઘટાડે છે, વર્ષા માટે અનુકૂળતા ઊભી કરે છે, જમીનોના ધોવાણને અટકાવે છે. ભારત જેવા ત્રીજા વિશ્વના દેશ માટે વૃક્ષનું જતન તો એક અનિવાર્ય સ્થિતિ બને છે. આપણા ઋષિ-મુનિઓએ પ્રાચીનકાળમાં આ વૃક્ષના મહિમાને માણ્યો-પ્રમાણ્યો છે, એને છેક ઈશ્વરનો પર્યાય લેખવા સુધી તેઓ પહોંચ્યા છે; પણ એ જ વૃક્ષોને આપણે નેસ્તનાબૂદ કરવાની સ્પર્ધામાં જાણે આજે તો ઊતર્યા છીએ! પશ્ચિમમાં તો આ ભર્યાભાદર્યા વૃક્ષોને 'વાલ્ગસ્ટરવેન' નામના જીવલેણ રોગનો એરુ આભડી ગયો છે. ત્યાં વૃક્ષોની ટોચ પહેલાં પીળી પડવા માંડે છે, પછી ધીમેધીમે આખું વૃક્ષ સુકકુંભડું બની જાય છે. ઇટાલી, ફ્રાંસ, સ્વિડન, જર્મની જેવા દેશોમાં તો હજારો એકરોમાં ફેલાયેલાં વૃક્ષો ઉપર આ જીવલેણ બીમારીનો નાગપાશ વીંટળાઈ વળ્યો છે. વૃક્ષોનું આ કેન્સર ઈશ્વરનો પાડ માનો કે હજી ભારતમાં પ્રવેશ્યું નથી. બાકી એક સર્વેક્ષણ પ્રમાણે દક્ષિણ – પશ્ચિમ જર્મનીમાં તો ૭૫% વૃક્ષો નાશ પામ્યાં છે, ફ્રાન્સમાં પણ પાંચ હજારથીય વધુ હેકટરમાં આ રોગ વ્યાપી વળ્યો છે. પૂર્વ જર્મનીમાં તેનું પ્રમાણ સૌથી વધુ ૮૬% જેટલું રહ્યું છે. જ્યારે ચેકોસ્લોવાકિયાના અરણ્યમાં ૨૦%થી વધુ વૃક્ષો આ રોગોનો ભોગ બન્યાં છે. સંશોધકોનું તારણ છે કે પ્રદૂષિત વાયુમંડળમાં રહેલ નાઇટ્રોજન અને સલ્ફર ઓકસાઇડયુકત ગેસ છે. જે વરાળ સાથે ભળી જઈને સલ્ફ્યુરિક એસિડ અને નાઇટ્રિક એસિડ બનાવી આવાં ખિલખિલ કરતાં વૃક્ષોને ઓહિયાં કરી જાય છે. રાસાયણિક કારખાનાંઓમાંથી નીકળતા ગેસ, પેટ્રોલનો ધુમાડો વગેરે આમ વાયુમંડળને સતત દૂષિત કરતાં રહ્યાં છે અને એ સર્વની વૃક્ષો ઉપર, નાનાં જીવજંતુઓ ઉપર ને ઘણીબધી રીતે માનવ-શરીર ઉપર પણ તેની આડઅસરો થતી રહે છે. ઉદ્યોગો વિકસે, વાહનવ્યવહાર વધે એની સામે ફરિયાદ ન હોવી જોઈએ પણ એની જો આવી ઝેરીલી અસરો થતી હોય તો તેનો વિકલ્પ સત્વરે શોધવો જ રહ્યો.

પણ માનવી જ જ્યાં માનવીનો દુશ્મન બન્યો હોય ત્યાં ફરિયાદ કોની સામે? માનવી જાણે કે પ્રકૃતિ ઉપર વિજય માટે પેલી 'મોબિડિક' નવલકથાના નાયકની જેમ ધજા લઈને નીકળ્યો છે; પણ એ ભૂલી જાય છે કે આખરે

એમાં એનો વિજય નહિ પણ સર્વનાશ જ થતો હોય છે. ભૂગર્ભ જળને બહાર કાઢી લઈને આ માનવીએ આખરે તો ધરાતત્ત્વોને અસંતુલિત કર્યાં એ જ મળ્યું ને ? રાસાયણિક ઉદ્યોગોની હરણફાળમાં છેવટે તો ભોપાલ જેવી ગેસ દુર્ઘટનાઓ જ એના કપાળમાં તો અફળાઈને? કારખાનાં ઊભાં કરી એનાં ગંદા પાણીથી છેવટે તો નદીનાળાનાં જલ જ દુષિત થયાં ને? ઉપજાઉ જમીન જ છેવટે તો ઊપર બનવા માંડીને? પ્રકૃતિગત તત્ત્વોનો વિનાશ અટકાવવા માટે, પર્યાવરણને પોષકરૂપે ટકાવી રાખવા માટે આથી જ આજે અગાઉ કયારે નહોતી એવી જરૂર ઊભી થઈ છે. આવા દુષિત પર્યાવરણથી માત્ર જીવનશૈલી જ નહિ, આખું જીવન તૂટી પડે છે. ૬૪૦૦૦ ચો.માઈલના વિસ્તારમાં ફેલાયેલા ચીઝવીક ઉપસાગરમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી દુષિતતાનું પ્રમાણ એટલું બધું વધી ગયું છે કે ત્યાં ૧૮૮૦માં એક કરોડ વીસ લાખ ખુશાલ મત્સ્ય વગેરે બજારમાં આવતાં હતાં તેને બદલે હવે માત્ર એ સંખ્યા દસ લાખ ઉપર આવીને ઊભી છે! એક અંદાજ મુજબ પ્રદુષિત થતા પાણીના ૯૬ ટકા ભાગ ધરેલુ કારણોને આભારી છે ! ખોલો આપણે જ પાણીને બગાડીને, પાછું એ જ ઝેરી પાણી ગટગટાવીએ છીએ ને ! આજે અંગારવાયુનું પ્રમાણ જુદી જુદી દૂષિતતાઓને કારણે ધરતી ઉપર એટલું બધી ગયું છે કે વાતાવરણ નયું ગરમીભર્યું રહે છે. ઋતુઓ અનિયમિત થઈ રહી છે. લીલી ધરતી સૂકી થતી જાય છે, ખેતીલાયક જમીનોમાં બાવળના ઝાડની જેમ મકાનો ફૂટી નીકળ્યાં છે, ધરતીને દિનપ્રતિદિન રણમાં ફેરવતા જઈએ છીએ, અગણિત વરતીવધારાને કારણે યેનકેન પ્રકારેણ જીવન ટકાવવાની વાત મુખ્ય બની છે; પછી એ જીવન ભલેને નર્કના પાયા ઉપર ઊભું હોય! દુષ્કાળ, પાણીની તંગી, અનાવૃષ્ટિ આ સર્વ પેલા પર્યાવરણની સાથે માનવીએ કરેલાં ચેડાંનું પરિણામ છે. અણુશસ્ત્રો, અણુપ્રયોગોએ તેમ જ અવકાશી પ્રયોગોએ પણ ધરા અને આકાશના અસલ રૂપને જોખમાવ્યું છે.

ઔદ્યોગિક પ્રદુષણને નાથીને, પ્રકૃતિગત જળ, હવા, ધરા, વૃક્ષ તેમ જ પ્રાણીજીવનને સંરક્ષીને આપણે પર્યાવરણને સંતુલિત કરી શકીએ તેમ છીએ.

'ઝોલું' : તેમનું કે આપણું ?

● ડા. હસમુખ દોશી

'પ્રબુદ્ધ જીવન'ના એપ્રિલના પહેલા અંકમાં પ્રા. શ્રી તનસુખભાઈ ભટ્ટે 'જ્યારે હોમર ઝોલાં ખાતો હતો' એવા શીર્ષક તળે ઘણા સાહિત્યસર્જકોએ પોતાનાં સર્જનોમાં જે અસંભવિતતાઓ મૂકેલી છે તેની હળવી શૈલીમાં મજાક કરી છે. શ્રી તનસુખભાઈ ભટ્ટ એક બહુશ્રુત પ્રોફેસર છે અને હું વિદ્યાર્થી હતો ત્યારથી તેમનું નામ સાંભળતો આવ્યો છું. પણ હવે તેઓ ઘણા સમયથી નિવૃત્ત અધ્યાપક છે એટલે એમ લાગે છે કે સાહિત્ય સાથેનો તેમનો જીવંત સંપર્ક જોઈએ તેવો રહ્યો નહિ હોય. નહિ તો તેમણે આવી મજાક કરી ન હોત. તેમની ક્ષમાયાચના સાથે તેમણે દર્શાવેલી અસંભવિતતાઓ અને વિગતદોષો અંગે સ્પષ્ટતા કરવાની અહીં નમ્ર કોશિશ કરેલી છે.

સાહિત્યની રચનાઓમાં અસંભવિતતા -Improbability હંમેશાં સાપેક્ષ હોય છે. લાંબા અનુભવે મેં એ પણ જોયું છે કે આપણા વિદ્વાનો અને વિવેચકો જેટલા પુસ્તકોની દુનિયા સાથે સંકળાયેલા રહે છે એટલા જીવતની વાસ્તાવિકતાઓની સાથે રહેતા નથી. તેમનું અનુભવવિશ્વ સાંકડું અને પરિમિત હોય છે. પરિણામે તેમને જે અસંભવિત લાગે છે તે અન્ય વ્યકિતઓની કે લેખકોના જીવનની વાસ્તવિકતા હોય છે. જીવનમાં કેટલીક ઘટનાઓ એવી બનતી હોય છે કે તેનો અનુભવ કરનારા બહુ ઓછા લોકો હોય છે. એમ પણ જોઈ શકાયું છે કે વિશ્વસાહિત્યની કોઈ પણ શ્રેષ્ઠ ગણાતી રચના એવી નહિ હોય જેમાં વધતી – ઓછી અવાસ્તવિકતા ન હોય. વાસ્તવિક હોવાનું કે અતિવાસ્તવિક – Surrealistic હોવાનું અભિમાન લેતી ગુજરાતી સાહિત્યની છેલ્લી પચ્ચીસીની ઘણી નવલકથાઓને આપણા જીવન સાથે કોઈ સીધો સંબંધ હોય તેમ લાગતું નથી. એક પ્રકારની અવાસ્તવિક વાસ્તવિકતાથી જ આ નવલકથાઓ ભરેલી છે. જીવનના વાસ્તવનું સાહિત્યિક વાસ્તવમાં રૂપાન્તર કરવાનો તેમનો આદર્શ ઘણો નિરર્તેજ અને નાકામિયાબ પુરવાર થયો છે. કલાવાદનું પૂંછડું પકડવા જતાં તે સાચી કલાનું હાર્દ ખોઈ બેઠી છે. સાહિત્યકલાની વાસ્તવિકતા આમ સાપેક્ષ વસ્તુ છે. બને ત્યાં લગી આ મુદ્દાને આ માટે જ વિવેચનના સિદ્ધાંતોમાં મહત્ત્વનું સ્થાન આપવું ન જોઈએ. લેખક જે કંઈ લખે છે એ સંભવિત છે તેટલો તેની સચ્ચાઈ ઉપર વિશ્વાસ રાખીને વિવેચકે આગળ વધવું જોઈએ અને તેની અનુભૂતિને એ રીતે જ તપાસવી જોઈએ.

સંસ્કૃત સાહિત્યમાં 'કાદંબરી' એક ઉત્તમ સૌન્દર્ય સરોવર છે. તેનાં વર્ણનો, તેનાં અલંકારો, અનુસ્યૂતપણે તેમાં વિલસી રહેલું ભવ્ય મને સુંદર કવિત્વ અમુક સમયે તે અપૂર્વ અને અનુત્તર લાગે છે. તેમાં રહેલું અફાટ સૌન્દર્ય અને તેનો નિરવધિ કલ્પનાવૈભવ સમીક્ષકની દૃષ્ટિને હંફાવે તેવાં છે. કમભાગ્યે આવી રૂપવતી સાહિત્યરચનામાં વાર્તાનું તત્ત્વ ઠીક રીતે નિર્બળ છે કમકે તેમાં માણસ પશુ બને છે, પક્ષી માણસની ભાષા બોલે છે અને જન્મજન્માંતરની કથાઓ ચાલતી રહે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ બધું આજે Fantasyમાં ખપે તેવું છે. આપણા ધર્મગ્રંથો જન્મજન્માન્તરની ઘટનાઓને કેન્દ્રસ્થાને રાખીને જ રચાયેલા છે અને એ ઘટનાઓ ઉપર જ ભારતીય ધર્મોનો કર્મનો સિદ્ધાંત મંડિત થયેલો છે. આ બધું આજની કલાદૃષ્ટિને સંતર્પક લાગતું નથી. પણ આવી રચનાને સંભવિતતા-અસંભવિતતાના ધોરણે મૂલવવા જતાં ખુદ વિવેચન પાછું પડે છે કમકે 'રામાયણ', 'મહાભારત' અને 'શાકુન્તલ' જેવી રચનાઓ Fantasyનાં ભરચક લક્ષણો ધરાવે છે. અને કેટલીકવાર તો એ ઐતિહાસિક ઘટનાઓ ફકત કાવ્યો હોય એમ માનવાને મન પ્રેરાય છે. પણ એ સમયનો કાવ્યાદર્શ જ એ પ્રકારનો હતો. તેને આજનાં ધોરણોથી માપવામાં કોઈ ઔચિત્ય નથી. પશ્ચિમના સાહિત્યમાં શેકસપિયરનાં નાટકો, મિલ્ટનનાં મહાકાવ્યો કે ગેટે અને શેલીનાં ભાવપ્રધાન નાટકો વાસ્તવવાદની કસોટીમાંથી ભાગ્યે પાર ઊતરે છે. એટલે આ બધી રચનાઓને આધુનિક સાહિત્યસિદ્ધાંતોથી માપી શકાય નહિ.

પ્રાચીન ભારતમાં ઋષિમુનિઓનું અને ઋષિકુમારોનું ફકત

સમાજમાં નહિ, રાજ્યમાં પણ ઘણું માન હતું. રાજાઓ ઋષિઓને મળવા વનમાં જતા અને ઋષિમુનિઓ પણ વારંવાર રાજ્યોમાં આવતા હતા તેમ આપણાં મહાકાવ્યો દર્શાવે છે. ત્યારે નગર-સંસ્કૃતિ અને અરણ્યસંસ્કૃતિ તદ્દન જુદાં હોવા છતાં બન્ને સંસ્કૃતિઓના લોકોને એકમેક પ્રત્યે ઘણો આદર હતો. ત્યારે સામ્રાજ્યસમ્રાટો તામસકન્યાઓને કે મત્સ્યકન્યાઓને પરણતા હતા તે દુષ્યંત અને શાન્તનુના પ્રસંગોમાં જોઈ શકાય છે. આવા યુગમાં કોઈપણ ઋષિકુમાર ગમાર કે રોંચો હોય, નગર-સંસ્કૃતિથી અજ્ઞાન હોય એમ શા માટે માનવું જોઈએ? રાજમહેલોમાં પણ ઋષિકુમારો છૂટથી આવતા-જતા હશે એમ કેમ ન માની શકાય?

'સરસ્વતીચંદ્ર' નવલકથામાં બુદ્ધિધન મુત્સદ્દી હતો, નાગર મંત્રી હતો, કુશળ વહીવટકાર હતો, એટલે એ પોતાની જ્ઞાતિના આશાસ્પદ માણસોને અને એ રીતે સરસ્વતીચન્દ્રને ઓળખતો જ હોય એમ કેમ માની શકાય? મુત્સદ્દીઓ તો સ્વાર્થી, ખંધા, ધીટ અને લુચ્ચા માણસો હોય છે. પોતાના સ્વાર્થ સિવાય તેમની દૃષ્ટિ આગળ વધતી નથી. શ્રી તનસુખભાઈએ એમ પણ નોંધ્યું છે: 'જ્ઞાતિજનો આખી જ્ઞાતિનાં દરેક કુટુંબના વડીલોને ઓળખતા હોય છે.' આ કેમ માની શકાય? આજે ખુદ મુંબઈમાં જ જ્ઞાતિજનો એક-બીજાને કેટલા પ્રમાણમાં ઓળખે છે? અમારા શહેરમાં ચાલીસ હજાર જૈનો વસે છે તેની એક ગણતરી છે. હું ભાગ્યે જ ચારસો જૈનોને ઓળખતો હોઈશ અને ભાગ્યે બસો જૈનો મને ઓળખતા હશે. મારા પિતા વર્ષો સુધી અમારા શહેરના મુખ્ય દેરાસરના પ્રતિષ્ઠિત પ્રમુખ હોવા છતાં મારા જીવનની આ એક વાસ્તવિકતા છે.

'ભદ્રંભદ્ર' ઈ.સ. ૧૯૦૦માં પુસ્તકાકારે પ્રસિદ્ધ થઈ હતી. એ જમાનામાં રેલવે સ્ટેશન ઉપર ટિકિટબારીઓ કેવડી હતી એ આજે કોણ જાણે છે? ભદ્રંભદ્ર કે સર રમણભાઈના સમય પછી ભારતીય રેલવેમાં અને તેની ટિકિટબારીઓમાં કોઈ પરિવર્તન આવ્યું જ નહિ હોય? આજે ટિકિટબારીઓ સાંકડી હોય છે એથી એમ ન માની લેવું જોઈએ કે એ સમયમાં પણ ટિકિટબારીઓ એવી જ હશે. 'સરસ્વતીચન્દ્ર'માં સરસ્વતીચન્દ્ર ગૃહત્યાગ કરે છે ત્યારની ચોપાટીનું અને ચર્ની રોડ સ્ટેશનનું જે વર્ણન આવે છે તે શું આજનું જ હશે? થોડાંક વર્ષો પહેલાં 'સરસ્વતીચન્દ્ર'નું ચિત્રપટ ઊતર્યું હતું એ જોઈને એમ લાગ્યું હતું કે તેના દિગ્દર્શકે ગૃહત્યાગ વેળાના ચોપાટી અને ચર્નીરોડનાં વાસ્તવિક દૃશ્યો જરૂર લેવાં જોઈતાં હતાં. પણ એ સમયના ચર્નીરોડ કે ચોપાટી આજના સમય જેવા નહિ જ હોય. દિગ્દર્શકે બહુ કુનેહપૂર્વક દૃશ્યો ટાળીને પોતાની રીતે સરસ્વતી-ચન્દ્રના ગૃહત્યાગનું દૃશ્ય લીધું હતું તેમાં તેમની સૂઝ હતી અને જોવા જઈએ તો આ બન્ને નવલકથાઓમાં કેટલું વાસ્તવિક છે?!

ધૂમકેતુની 'જીવનનું પ્રભાત' એક સર્વાંગસુંદર ટૂંકી વાર્તા છે. તેમાં સુકુમારતા અને ભવ્યતાનો, સુંદરતા અને મનોહારિતાનો એવો સમુચિત સમન્વય થયેલો છે કે ભાગ્યે જ એવું નિરૂપણ અન્યત્ર ટૂંકી વાર્તામાં આ રીતે મળી શકે. એથીય વિશેષ તેમાં રહેલી લેખકની દૃષ્ટિ સમજવા જેવી છે. એ જમાનો સભાન પ્રતીક યોજનાઓનો નહોતો, ટૂંકી વાર્તા ગદ્યના સીમાડા છોડીને પદ્યની કક્ષાએ પહોંચવી જોઈએ એવા દુરાગ્રહનો નહોતો અને ઘટનાહ્રાસનો પણ નહોતો. અને છતાં સહજ સ્વાભાવિક કલાદૃષ્ટિએ ધૂમકેતુએ અહીં આ બધું જ સિદ્ધ કર્યું છે. બે અજાણ્યાં સ્ત્રી-પુરુષ મળે, જે પરસ્પરની ભાષા ન જાણતા હોય એટલે કોઈ વ્યવહાર ન કરી શકે, પ્રેમ ન કરી શકે એમ કેમ કહી શકાય? પ્રેમ કરવા માટે ભાષાની જરૂર પડે છે? આ દેશની ધરતી ઉપર ચીની મુસાફરો, મુસલમાનો, મોગલો, ફ્રેન્ચ અને પોર્ટુગીઝ રાજકારણીઓ અને પછી અંગ્રેજો આવ્યા હતા. તેઓ અહીંના લોકો સાથે કેવી રીતે વ્યવહાર કરતા હશે? ત્યારે આજના જેવી દુભાષિયાઓની સુવિધાઓ પણ નહોતી અને છતાં બધો વ્યવહાર ચાલતો જ હતો. એ ઇતિહાસ પણ કહે છે. ત્યારે પણ આન્તરરાષ્ટ્રીય સ્ત્રી-પુરુષ વચ્ચે પ્રેમ થતો જ હતો એ સેલ્યુકસની કન્યા અને સમ્રાટ ચન્દ્રગુપ્ત વચ્ચેનો પ્રણયકિસ્સો કહી જાય છે. ભાષાનું માધ્યમ તો લેખક કે સર્જક માટે છે. લેખકે પોતાની માતૃભાષા દ્વારા જ બધું સિદ્ધ કરવાનું હોય છે; પણ લોકોનો વ્યવહાર ભાષા વિના ચાલ્યો છે અને હજી પણ ચાલે છે. કેટલીક વાર ગુજરાતી નવલકથાઓમાં અંગ્રેજી કે વિદેશી પાત્રો આવે છે પણ એ બધાં લેખકની ગુજરાતી ભાષા જ બોલે છે કેમકે લેખક પોતાની ભાષામાં લખે છે અને પોતાની ભાષા દ્વારા જ તેણે પોતાના વાચકો સુધી પહોંચવાનું હોય છે. રમણ-લાલ દેસાઈની પહેલી નવલકથા 'ઠગ' કર્નલ સ્લીમાનના શબ્દોમાં કહેવાયેલી છે. સ્લીમાન અંગ્રેજ છે, પણ તેની અભિવ્યક્તિ ગુજરાતી ભાષામાં થઈ છે કેમકે એ લેખકની અને તેના વાચકોની ભાષા છે. શ્રી દર્શકની નવલકથા 'સોક્રેટિસ' તો સમગ્ર રીતે ગ્રીક પ્રજાની નવલકથા છે અને તે ગુજરાતી ભાષામાં લખાયેલી છે.

સૌથી મોટો ગોટાળો તો પ્રા. શ્રી તનસુખભાઈએ રમણલાલ દેસાઈ અને કવિ ન્હાનાલાલની બાબતમાં કર્યો છે. તેમણે સ્પષ્ટ રીતે રમણલાલ દેસાઈની નવલકથાનું નામ આપ્યું નથી, તેમણે લખ્યું છે કે 'રમણલાલ દેસાઈની એક નવલકથાનો નાયક આગ લાગી ત્યારે એક તરુણીને તેમાંથી બચાવે છે. તે વ્યાયામવીર હતો એટલે પદ્માસન વાળીને તરુણીને પલાંઠી પર બેસાડે છે તથા બે હાથે દોરડું પકડીને ઊંચે ચડી જાય છે.'

રમણલાલ દેસાઈની બે નવલકથાઓમાં આ પ્રકારનાં દૃશ્યો આવે છે: 'દિવ્યચક્ષુ' 'હૃદયનાથ': અને 'દિવ્યચક્ષુ'નો નાયક અરુણ ક્રાન્તિકારી છે અને 'હૃદયનાથ'નો હૃદયનાથ વ્યાયામવીર છે, અરુણ એક અંગ્રેજ બાલિકાને (તરુણી નહિ) આગમાંથી બચાવવા માટે ઉપરની બારીએથી આગની વચ્ચે કૂદકો મારે છે ને પોતાની આંખો ગુમાવે છે. આમાં પદ્માસનની પર્વતારોહણ જેવી ઘટનાનો લેખકે કયાંય નિર્દેશ નથી કર્યો. 'હૃદયનાથ' સમગ્ર રીતે એક વ્યાયામવીરની નવલકથા છે. તેમાં હૃદયનાથ બે યુવતીઓ-વૃંદા અને મિસ કોલિન્સને બે હાથ પર રાખી માત્ર પગ પર તરીને બચાવવાનું સાહસ કરે છે. સ્વ. નવલરામ ત્રિવેદી જેવા ગુણદૃશી વિવેચકે આ સાહસની મજાક ઉડાવી પણ છે. પરન્તુ જે રીતે હૃદયનાથનું પાત્રાલેખન લેખકે કર્યું છે તેમાં આ સાહસ ભાગ્યે કૃત્રિમ લાગે તેવું છે.

કવિ ન્હાનાલાલની ટીકામાં આવો જ વિગતદોષ જોવા

મળે છે. 'ઇન્દુકુમાર'નું સમગ્ર નાટક કલ્પનિક છે. તેના પહેલા અંકમાં જ કવિએ સ્થળ-સમયનો નિર્દેશ કર્યો છે. તે પ્રમાણે નાટકની લીલાભૂમિ ગુજરાતનું જ અમૃતપુર નામનું કોઇ કાલ્પનિક નગર છે ત્યાં સાગર જરૂર છે, પણ હિમાલય નથી. 'હિમાલય'ની ભૂમિકા ઉપર તો કવિએ 'જયા-જયન્ત'ની રચના કરેલી છે. એટલે 'ઇન્દુકુમાર'માં હિમાલયનું વર્ણન કે ઉલ્લેખ કર્યાંય છે જ નહિ. શ્રી તનસુખભાઇ નોંધે છેઃ 'મહાકવિ નહાનાલાલ 'ઇન્દુકુમાર'ના આપ્યા પ્રથમ અંકના સ્થળ તરીકે હિમાલયને વર્ણવે છે. પછી અંદર એક પ્રવેશમાં સમુદ્રતટ આવે છે. હિમાલયમાં સમુદ્ર ધૂસી ગયો કર્યાંથી ? ધરતીકંપ થયો હશે ખરો ? એમ લાગે છે કે મહાકવિ નહાનાલાલ રીંગણાં તોળતાં હતા.'

વાસ્તવિક રીતે હિમાલયમાં સમુદ્ર ધૂસી જતો નથી અને ધરતીકંપ થયો નથી અને મહાકવિએ રીંગણાં તોળ્યાં નથી. હા, ગુજરાતી વિદ્વત્તાએ અને વિવેચનાએ આ મહાકવિની બાબતમાં વારંવાર જરૂર રીંગણાં તોળ્યાં છે ને ઓલાં ખાધાં છે.

પ્રેમપૂર્ણ હોઇએ એટલી પળો જ ધબકતું જીવન

પન્નાલાલ ૨. શાહ

પ્રેમ અંગે પ્રત્યેક વ્યક્તિના વિચારો સ્વપ્નિલ હોય છે. કાં તો એ સ્વપ્ન સાથર્ક કે સાકાર થાય, કાં તો એનાથી વાસ્તવિકતા જુદી જ છે એવું સમજાય. એ પછી પણ જે ટકે તે જ સાચો પ્રેમ. આવા પ્રેમનો અનુભવ પામવો એને એક સૌભાગ્ય કહી શકાય. એની સાથે જ જે વહેલો-મોડો અનુભવ થવાનો તે વિરહનો. પ્રેમના અને વિરહના પ્રત્યેક અનુભવ અને અનુભૂતિ માણવા જેવાં હોય છે. દરેક બાહ્ય અનુભવ અને સૂક્ષ્મભૂતિની કંઇ વિશિષ્ટતા હોય છે. આવા પ્રેમ અને વિરહનાં અનેક પાસાંઓની વાત લઇને શ્રી દિલીપ રાણપુરા આવ્યા છે—એમના પ્રણયકથાઓના સંગ્રહ-'પણ માંડેલી વાર્તાનું શું ?' દ્વારા

કોઇ આપણને પ્રેમ કરે કે આપણે કોઇના પ્રત્યે પ્રેમપૂર્ણ હોઇએ એટલી પળોમાં જ જીવન ધબકતું લાગે છે. પાલણપુર તરફના ગામમાં સભાને સંબોધી કેતનની કાર મન્દાર આવે છે અને કારની ગતિ સાથે તેની સ્મૃતિના મીણિયા દોરનો દડો ઊછળી રહે છેઃ પોતે મન્દારમાં વર્ષો પહેલાં પ્રાથમિક શાળામાં શિક્ષક હતો ત્યારે સવારે સાડા સાત વાગે એક કન્યા મંદિરે પૂજા કરવા આવતી. એ છોકરી કેવી લાગતી ? જો એ ઓઢણું ઓઢતી ન હોત, પોલકાની જગ્યાએ કંચુકી બાંધતી હોત, ઘાઘરીની જગ્યાએ વલ્કલ વીંટાળ્યાં હોત અને છૂટા વાળમાં વગડાઉ ફૂલ પરોવ્યાં હોત તો તે શકુંતલા જેવી લાગત. એના અંતરમાં એ કન્યાનું આ રૂપ વસ્યું હતું તે કેતન એને બીજે દિવસે કહેવા માગતો હતો. પરંતુ સમયના વહેણમાં એ કન્યા સારવાર અર્થે અમદાવાદ ગઇ અને કેતન વિખૂટો પડયો. આજે આટલાં વર્ષે મન્દાર આવવાનું થયું તો એણે કલાલની એ દીકરી ગુલાબની તપાસ કરાવી. એને જાણવા મળ્યું કે ગુલાબ ત્રણ મહિનાની માંદગીમાં અવસાન પામી હતી. પ્રાગૈતિહાસિક કાળના અવશેષોનું સંશોધન કર્યાનો એને આનંદ ન હતો : એને સ્પષ્ટ રીતે લાગ્યું કે પોતે એ ગુલાબને ચાહતો હતો. ચાહવાની લાગણી સ્પષ્ટ થાય એ પહેલાં એની આંખમાં આંસુ આવતાં હતાં. તે ઝડપથી સંશોધકની કાળજીથી પોતાની લાગણીઓને સાચવવાનો, આંતરવાનો પ્રયાસ કરતો કારમાં જઇ બેસે છે. [પૃષ્ઠ—૪૩]

તો આવી જ બીજી એક કથા ત્રીસ વર્ષના કાળખંડને ઊતરડીને સ્મૃતિને સંકોરે છે. ચભાડિયામાં પોતાની માસીના અવસાન નિમિત્તે આવેલ કથાનાયક સમક્ષ ગૌરીની યાદ તાજી થાય છે. દર વેકેશનમાં માસીને ત્યાં તે અચૂક આવતો. તેની માસીનું ઘર જે શેરીમાં હતું એ શેરીના નાકે માધવલાલનું ઘર હતું. એને સંતાનમાં એક દીકરી, ગૌરી. કથાનાયકની સમવયસ્ક. તે એની સાથે રમતો તોફાન કરતો, રિસાતો, ક્યારેક ચોટલે ઝાલીને એને ઘસડતો. ક્યારેક એના ગાલે ચૂંટી ખણી લેતો. ક્યારેક એના હાથે બચકું પણ ભરી લેતો. ને ત્યારે ગૌરી દબાયેલી ચીસ પાડતી. તેને મારવા હાથ ઉગામતી. તે દૂર ખસી જતો ત્યારે તે ખિલખિલ હસતી. વાચક આ ભાવસૃષ્ટિને આત્મસાત કરે તો એની શેરીમાં સૂતેલું બાળપણ એને આળસ મરડીને બેઠું થતું જણાશે. ત્રણ દાયકા પહેલાંની યાદોના અંકુર ફૂટી નીકળે છે અને કથાનાયક, માધુભાઇ અને એની દીકરીની પૃચ્છા કરે છે. માધુભાઇએ ગૌરીને પરણાવી હતી અને તે કોઇકથી રિસાઈ ગઇ હતી અને તે સળગીને મરી ગઇ તેમ જાણવા મળ્યું. ગૌરી જેનાથી રિસાઇ ગઇ તે કથાનાયક હોવાનું અભિપ્રેત છે અને એણે જોયું : 'માધુભાઇનું ઘર ખંડેર બની ગયું હતું. દીવાલો પડી ગઇ હતી. માટીનો ઢગલો જ હતો, ત્યાં એના હૃદયમાં ચીસ ઊઠી. એને થયું અહીં માત્ર માસી જ નહિ, મારી ગૌરી પણ મરી ગઇ છે. એની સ્મૃતિનાં ખંડેરોમાંથી રિસામણાના કલ્પાંત ઊઠી રહ્યા છે. (પૃષ્ઠ—૧૧૩)

પ્રેમનું તો એવું છે કે કઇ ક્ષણે હૃદયનો કબજો લઈ લે તે કહી શકાતું નથી. એ કારણોથી પર છે અને દલીલો કે સમજૂતીના સકંજામાં આવતો નથી. એનાં મૂળ તો કર્યાંના કર્યાંય હોય અને એને પોષણ મળવાની રીતો પણ અવનવી ! નાટક પૂરું થતાં પિન્કી પારેખ સભાગૃહમાંથી નીકળી સીધી ગ્રીન રૂમમાં ધૂસી ગઇ. ત્યાર બાદ અદ્વાકાર સંદીપને એક મહિને મળી. પિન્કી એને કહે છે : 'તમારા જીવનમાંથી અભિનય અને અભિનયમાંથી જીવન પ્રગટવું જોઇએ.' આ વાત અધરી હતી સંદીપ મૌન રહ્યો. એટલે પિન્કી પારેખ એના જાગી ઊઠેલા અતીતની વાત કરે છે એનો આંગિક અને વાચિક અભિનય, એની સ્કૂટર ચલાવવાની રીત, એની સિગારેટ પીવાની આદત સોમેનની આદતની અનુકૃતિ હતી. એમાંથી તે એની ખોવાયેલી જિંદગી પ્રાપ્ત કરતી હોય એવું લાગ્યું. અંતે તે સંદીપને પૂછે છેઃ 'તમે મને ચાહતા નથી ?' પ્રત્યુત્તરમાં તે માર્મિક વાત કરે છે : 'ચાહું છું, ઓડિટોરિયમમાં જોયું એ ક્ષણથી. પણ હું તમારી પીડાને આંચકી લેવા નથી ઇચ્છતો. સોમેનની યાદ તમારી પીડા છે, તમારું જીવન છે, પીડામાંથી મુકત થયા પછી જીવન નહિ હોય, સોમેનની યાદનો માત્ર અભિનય હશે. અભિનય જીવન નથી, પિન્કી, હું તમને ચાહતો રહીશ સોમેન તમને યાદ આવ્યા કરે એ રીતે પિન્કીને થયું : 'સંદીપે અભિનયને પચાવ્યો છે ને સમજ્યો છે.' (પૃષ્ઠ—૧૩૩).

તો સંગીતજ્ઞ આશિષના કંઠમાં રહેલા મીઠાશભર્યા દર્દ પર મુગ્ધ મીનળ આશિષને કહે છે: 'મારા આરાધ્યદેવ, તમે મને પ્રેમ નથી કરવાના પણ તમે ગાયેલાં ગીતોમાં તમારી જે આરઝુ ટપકતી રહી છે તે હું ફીલ કરી શકું છું. તમે કોઇકને ઝંખી રહ્યા છો, જે તમારા ગીતને, ગળાને સમજે. તમારા લય સાથે તાલ મિલાવે. સર, એક ખાલ આપી દો...તમારો સફેદ ખાલ.' આશિષને મુગ્ધ મીનળની વાતમાં ઘેલછા અને ઉન્માદ દેખાય છે એની આંખો જવાન થઇ ગઈ છે અને એટલે તે આવું બધું બોલે છે અને આંખો જવાન બને છે ત્યારે બધું સુંદર લાગે છે; પણ એ આંખો જ્યારે અનુભવી લાગે છે ત્યારે...? એવું આશિષ કહે છે ત્યારે મીનળ કહે છે: 'સર, મારી આંખો કયારેય અનુભવી બને એવું હું ઇચ્છતી નથી. એટલે હું તમને 'તમે મને પ્રેમ કરો એમ કહેતી નથી, હું જવાન આંખો સાથે જ જીવવા માગું છું. અનુભવી થવું એટલે વૃદ્ધ થવું. અનુભવી થવું એટલે મરી જવું.' (પૃષ્ઠ ૪૧) આ પ્રણયકથાથી તદ્દન જુદી જ, સામા છેડાની વાત કદાચ દર્શના અને રશ્મિકાંતની કથનીમાં જોવા મળે છે. પ્રશંસાથી છેતરાયેલી દર્શના રશ્મિકાન્તની વાતમાં આવતી નથી. છોકરીઓને સૌંદર્યની પ્રશંસાનાં સ્વપ્નો આપવામાં નરી બનાવટ હોય છે. સ્વપ્નો છોકરીઓને વિહવળ બનાવી દે અને તે બધું સમર્પિત કરી દે છે. સ્ત્રીની આ સમર્પણની લાગણીને બહેકાવવામાં આવે છે એવું તે અનુભવથી શીખી છે, અને એટલે અંતે તે કહે છે: 'મારું સંવેદનતંત્ર એટલું તીવ્ર બની ગયું છે કે હું હવે પ્રેમ અને વાસનાની ભેદરેખાને પારખી શકું છું. આજ સુધી હું એ રેખાને પકડવાની રાહ જોઇ રહી હતી.' (પૃષ્ઠ–૧૮૮) એ રેખા પકડાઇ એટલે તે સ્વસ્થતાથી ઊભી થઇ ગઇ.

શરમાળ યશોધરા અને જયદેવ અચાનક એક સ્ટેશન પર ભેગાં થાય છે. સંચારબંધી લાગુ પડવાથી બન્નેને સ્ટેશનના પ્લેટફૉર્મ પર રાત ગુજારવી પડે એવી સ્થિતિ સર્જાય. જયદેવ એને શાળાના દિવસોની યાદ આપે છે પરંતુ યશોધરાને એનું કશું સ્મરણ નથી થતું. એના શાળાના દિવસોમાં એ બધા છોકરાઓને લબાડ સમજતી હતી. જો જયદેવને જોયાનું યાદ હોત તો તેમાં તેઓ ન હતા એનું એને ગૌરવ થાત. જયદેવને જોયાનું યાદ નથી એનું એ વખતે દુઃખ થાય છે. શા માટે? એનું કારણ જણાવતાં 'એ તો એ તો ..' આટલું કહી યશોધરા આહું જોઇ જાય છે. અને એનું આમ આહું જોઇ જવામાં જયદેવને એની ત્રીસ વર્ષની ઝંખનાને ફળ લાગી જવા જેવું લાગ્યું અને તે કંપતા સ્વરે કહે છે: 'મારી વાસનાઓનો મોક્ષ થઇ ગયો છે, યશોધરા!' (પૃષ્ઠ ૧૬૭,

વિધુર શાંતિલાલ અને વૈધવ્ય ભોગવતી અન્નપૂર્ણા એકવાર મુસાફરીમાં ભેગાં થઇ જાય છે બન્ને વચ્ચે ઘરોબો બંધાય છે. બન્ને રવિવારે બપોરે એથી પાંચ વાગ્યા સુધીમાં નિયમિત મળે છે. બન્ને વચ્ચે ઔપચારિક સંબંધ છે, પણ વિવશતા નથી. બન્નેને હૂંફ મળે છે પણ એમાં દાહકતા નથી. ત્યાર બાદ ગેસ્ટ હાઉસમાંના એકાંતમાં મળે છે. વાતો કરે છે. પોતાના વીતી ગયેલાં સમયોની પોટલીઓ છોડીને જુએ છે. કયારેક ભીનાં થઇ જાય છે. કયારેક મૌન બની જાય છે. બન્ને કશીક તૃપ્તિ અનુભવે છે. શરીર હોવાનો ખ્યાલ બન્નેને આવતો નથી. આપણે એટલા પરિપકવ છીએ એટલે આ પણે દુર રહીએ છીએ એવું જ્યારે શાંતિલાલ પૂછે છે ત્યારે અન્નપૂર્ણા પ્રત્યુત્તરમાં સરસ કહે છે 'ના. આપણી જરૂરિયાત શરીરની નથી. એટલે આપણે તળાવ કાંઠે તરસી માછલી જેવાં હતાં. હવે સ્નેહનું પાણી મળી ગયું. જુગ જૂની તરસ છીપાઇ રહી છે.' [પૃષ્ઠ ૬૦] આટલું કહી અન્નપૂર્ણા શાંતિલાલ સામે મુગ્ધતાથી જોઇ રહી. તો શાંતિલાલને એ નજરમાંથી ટપકતું અમી ઝીલી લઇને પોતાની આંખોમાં આંજી દેવાની કલ્પનામાં. પણ આનંદ આવતો હતો.

આવા પ્રણય અને વિરહાનુભૂતિનાં અનેક પાસાંઓ અહીં શ્રી દિલીપ રાણપુરાએ ઝીલ્યાં છે. એના એક એક પાસાને પારખીને એના કથાસ્વરૂપમાં તેઓ ચમત્કૃતિ લાવ્યા છે. સાચા હીરાના એક એક પાસાની જેમ આ વાર્તાસંગ્રહના દરેક પાસામાં એના પારખનારને ચમત્કૃતિ લાગ્યા વિના રહેશે નહીં. આ પુસ્તકને આવકારતાં આનંદ થાય છે. ●

જીવનનું ચિત્ર

● ડૉ. કનુભાઇ જાની

જીવનનું ચિત્ર જેવું કવિને મળે છે એવું, અનુભૂત સ્વરૂપે, ફિલસૂફને મળતું નથી. કવિને તો એ ઝબકારામાં મળે છે, માટે જ એમાં ચમત્કૃતિ અને દર્શન બન્ને હોય છે. કવિનું આવું ચિત્ર પછી લોકહૈયે જેવું ફોતરાઇ જાય છે એવું ફિલસૂફનું વેણ ફોતરાતું નથી! એટલે જ કવિને દ્રષ્ટા કહ્યો છે. એ નજરોનજર જે નિહાળે છે તે શબ્દમાં એવું મૂકે છે કે સાંભળનાર પણ દ્રષ્ટા થઇ જાય. 'કોઇ કવિ બન જાય'! એ ભાવકનો પ્રભાવક છે

જીવન વિષે સદીઓથી, સહસ્રાબ્દિઓથી વિચારાતું આવ્યું છે ને હજી વિચારાતું રહેશે. જીવનનું રહસ્ય કયાં કોઇ પૂરું પામ્યું છે? પણ એક ચિત્ર એવું છે જે જમાનાના જમાનાઓને એવું ગમ્યું કે લોકહૈયે હજારો વર્ષથી તરતું–ઊતરતું આવ્યું છે

જીવન છટકતું જ રહ્યું છે. કોઇની મુઠ્ઠીમાં ન આવે. કોઇની નજરમાં ન બંધાય. છતાં કોઇ ધન્ય ક્ષણે કવિનું ત્રીજું નેત્ર એને પકડી પાડે છે! પકડીને શબ્દમાં જકડી પાડે છે. બધું તો નથી પકડાતું પણ ક્ષણના ઝબકારમાં, વીજળીને ઝબકારે પાનબાઇ મોતી પરોવી લે એમ કવિ દર્શનને અંકે કરી લે છે!

આવું એક જીવનચિત્ર કોઇક ઉપનિષદના ઋષિને મળ્યું. (એ કઠ જેવા અનેક ઉપનિષદો અને ગીતાદિમાં છે.) એ ઉપનિષદ પ્રમાણે જીવન એ વૃક્ષ છે, પણ એનાં મૂળ ધરતીમાં નથી, આકાશમાં ઊંચે છે. દ્રષ્ટમાં નાહે, અદ્રષ્ટમાં છે. સામાન્ય વૃક્ષથી વિરુદ્ધ જ એ વૃક્ષ ઊર્ધ્વમૂલ છે ને પાંદડાં વગેરે ઊંચે હોવાને બદલે નીચે છે! એ વૃક્ષ ઊંધું! મૂળને કદી ઊધઈ ન લાગે. મૂળ અક્ષય છે, મૂળ સનાતન છે, મૂળ અક્ષુણ્ણ છે; જ્યારે પાંદડાં ક્ષણભંગુર છે! પાંદડાં ખરતાં જ રહે છે, ને ફૂંપળો ફૂટતી જ રહે છે. ફૂંપળો ભલે પીળાં પાંદડાંને હસે:

'પીંપળ પાન ખરંતાં, હસતી ફૂંપળિયાં '

ભલે. પણ ફૂંપળોય પાન બની, પીળી પડી, ખરે છે, પણ જે ખરે છે તે પાન; બીજ નહિ. પાન-પાન ખરે, બીજ-બીજ ફળે એવી કરામત છે આ વૃક્ષની! ઝટ નજરે ચડે આ સાદી વાત. માટે તો છાંદોગ્યોપનિષદના પેલા ગુરુ શ્વેતકેતુને વડનું ફળ લાવવા કહે છે, પછી તોડવા કહે છે, પછી એમાંનાં અસંખ્ય બીજમાંથી એકને નિહાળવા કહે છે, પછી એ એકને તોડીને અંદર શું છે તે કહેવા કહે છે ત્યારે એ મૂંઝાય છે! એને એમાં કાંઇ દેખાતું નથી! એ 'કાંઇ-નથી'માં તો અસંખ્ય મોટાં વટવૃક્ષો છે! નરસિંહે એ જોયેલું; 'બીજમાં વૃક્ષ તું' એણે ડાળ-પાંદડાં (છાંદાંસિ; પુચ્છાઓ, પુચ્છાઓ કેવળ પુચ્છાઓ) ન જોયાં! જીવનની સનાતનતાની ભાળ એને મળી ગઇ જીવન પીપળો છે.

પીપળો, જે દ્રશ્યમાન છે તે, તો કહેવાય 'અ-શ્વ-ત્થ.' 'અ' એટલે 'નહિ,' 'શ્વ:' એટલે 'આવતી કાલ', અને 'ત્થ' એટલે 'ટકવાનું.' જેને આવતી કાલ પણ છે જ નહિ તે દ્રષ્ટ તત્ત્વ; પણ એની પછવાડેનું બીજભૂત સનાતન જીવનતત્ત્વ અમેય, અનન્ત, સનાતન છે એ મરતું નથી. એ તો ભીંત ફાડીનેય ઊગે છે. જે સૂક્ષ્મ છે તે વધુ સબળ છે

એ દ્રષ્ટ નથી, છતાં દ્રષ્ટની સાથોસાથ જોડાએલું છે! મર્ત્યની જોડાજોડ છે અમર્ત્ય! મનુષ્યની જોડાજોડ જ છે દેવ! એક જ ડાળનાં જાણે બે પંખી. એક જ વૃક્ષ પર રહે. આપણાં પરંપરાગત ચિત્રમાં (મુંડકોપનિષદમાં) કહ્યું છે કે 'દ્વા સુપર્ણા સયુજા સખાયા, સમાનં વૃક્ષં પરિષસ્વજાતે. બન્ને એક વૃક્ષ પર રહે છે, બન્ને મિત્રો છે. ફેર એટલો છે કે એકની પુચ્છાઓનો પાર નથી, બીજું નિહીચ્છ છે. એકને તો જેટલાં પાંદડાં એટલી પુચ્છા! બીજું આત્મનાતુષ્ટ:

આવી જ કલ્પના વર્ડઝવર્થને પણ કેવી રીતે આવી હશે?! 'ટુ અ સ્કાય-લાર્ક'માં આવા આકાશી પંખીના આવા આત્મ-તુષ્ટ 'અન્તરયાન' પ્રતિ પોતાને લઇ જવાની એ પ્રર્થના કરે છે!

'Lift me, guide me, high and high
To thy banqueting-place in the sky.'

આ માટે ઊધડતા સવાર જેવો સદ્દોદિત આનંદ ને પહાડો ફોરતી નદી જેવી તાકાત–એવી આત્મશક્તિ ને હૈયે હરિનું રટણ, એટલું બસ મળે તો ભયો ભયો!

"With a soal as strong as a mountain river...Pouring out praise to the Almighty-Giver...Joy and Jollity be with us both!"

આનંદ કશુંક છંદ (પુચ્છા) પ્રમાણે મેળવ્યાનો નથી, આનંદ ઊડવાનો છે! ઊડવું એટલે ઊડવું! નિરુદ્દેશે! પંખી એ જાણે છે. રવીન્દ્રનાથ ('શાન્તિનિકેતન'–૨, ૧૯૬૫; પૃ. ૮૬) આ જ વાત કરે છે: 'પંખી આકાશને જાણે છે કે આકાશને પાર કરી શકાતું નથી. પોતે આકાશને પાર કરી શક્યું નથી એમ તે જાણે છે માટે તે આનંદ અનુભવે છે, એટલા માટે જ તે આકાશમાં ઊંડ્યા કરે છે. એમાં કોઇ પ્રાપ્તિ નથી સમાપ્તિ નથી, કોઇ પ્રયોજન નથી, છતાં ઊડવામાં જ તેને આનંદ આવે છે'

જીવન એ આવું પંખીનું નિરુદ્દેશે આનંદોડ્ડયન નથી? ●

સત્સંગ

● પ્રા. અરુણ જોષી

સત્સંગ એટલે સારા માણસોનો સંગ, આપણે ત્યાં કહેવત છે કે સંગ તેવો રંગ, અર્થાત્ આપણે જે પ્રકારના માણસોની સાથે રહેતા હોઇએ તેમની અસર આપણને થાય છે જ. તેથી જ કહેવાયું છે કે 'સોબત તેવી અસર' જો આપણે સારા માણસોનો સંગ કરીએ તો આપણે સારા થઇએ અને દુર્જનોનો સંગ કેળવીએ તો દુર્જન જેવા થઇએ આમ, સારા કે માઠા ગુણોનો આધાર સોબત છે.

આ હકીકતને સમજાવવા માટે ભર્તૃહરિએ 'નીતિશતક'માં એક સુંદર દ્રષ્ટાંત રજૂ કરેલ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જળનું બિંદુ જ્યારે તપેલા લોખંડ ઉપર પડે છે ત્યારે ક્ષણવારમાં તે પોતાનું અસ્તિત્વ ગુમાવે છે. તે જ બિંદુ જ્યારે કમળપત્ર ઉપર પડે છે ત્યારે મોતીની શોભા ધારણ કરે છે અને જ્યારે સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છીપમાં પડે છે ત્યારે મોતી બની જાય છે. આ જ અર્થમાં પ્રકારાન્તરે સર્વેન્ટિસ જણાવે છે કે "મને કહો કે તમારા મિત્રો કોણ છે અને હું કહીશ કે તમે કેવા છો?' આ જ અર્થમાં અંગ્રેજીની એક કહેવતમાં કહેવામાં આવ્યું છે કે A man is known by the company he keeps

સજ્જનોનો સંપર્ક આપણામાં આમુલ પરિવર્તન લાવી શકે છે. તેઓનો સંગ આપણી બુદ્ધિની જડતાને દુર કરે છે. આપણને અસત્ય બોલવામાંથી તેઓ રોકે છે, આપણી ઉન્નતિ થાય તેવું માર્ગદર્શન આપે છે અને આપણાં પાપોનો નાશ કરે છે. સત્સંગના આવા ફાયદાઓ 'નીતિશતક'માં રજૂ થયેલા છે. સંસ્કૃતનાં એક અન્ય સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે–

સત્સંગેન પરં પ્રાપ્ય દુસ્તરં તરતે ચિરાત્.
તસ્માત્ અતિપ્રયત્નેન સત્સંગં સતતં કુરુ ॥

અર્થાત્ સત્સંગથી પરમપદ પ્રાપ્ત થાય છે અને મુશ્કેલ વસ્તુ પણ સુગમ બને છે. તેથી ખૂબ પ્રયત્નશીલ રહી સતત સત્સંગ કરો.

સત્સંગના મહિમાને જે ભૂલી જાય છે તે દુર્જનનો સંગ થતાં અનેક આપત્તિઓનો ભોગ બની જાય છે. પરિણામે તેના વિવેક, વિચાર, આચાર વગેરેમાં અધ:પાત થાય છે. એકવાર વિવેક ચૂકી જનારના જીવનમાં વિનિપાત આવ્યા વગર રહેતો નથી. આ બાબતમાં ભર્તૃહરિએ 'નીતિ-શતક'માં ગંગાનું દ્રષ્ટાંત આપતાં કહ્યું છે કે સ્વર્ગમાં વહેતી ગંગા વિવેકભ્રષ્ટ થઇ તેથી પર્વત ઉપર પડી ત્યાંથી ખારા સમુદ્રને પામી. આમ વિવેકભ્રષ્ટાનાં વિનિપાતः શતમુખः ભવતિ.

સત્સંગને પ્રતાપે એકાદ સારું વાક્ય સાંભળવા મળતાં જ દુરાચારી માણસોએ દુરાચાર છોડ્યાનાં અનેક દ્રષ્ટાંતો જોવા મળે છે. તુલસીદાસે પણ જણાવ્યું છે કે:

તાત સ્વર્ગ અપવર્ગ સુખ ધરી તુલા કોઇ સંગ તુલે ન તાહી સકલ મિલિ જે લવ સુખ સત્સંગ, એટલે કે હે ભાઇ, જો સ્વર્ગ અને મોક્ષનું સુખ એક સાથે ત્રાજવામાં મૂકવામાં આવે તો પણ અલ્પ એવા સત્સંગનું ત્રાજવું નમે છે અર્થાત્ સત્સંગ તો સ્વર્ગ અને મોક્ષ કરતાં પણ ચઢિયાતો છે.

સત્સંગનો લાભ આપવા માટે સંન્યાસીઓ અવારનવાર જનસ્થાનોમાં પધારતા હોય છે તેઓને પોતાનો કોઇ સ્વાર્થ સાધવાનો બાકી રહ્યો હોતો નથી છતાં લોકકલ્યાણ અર્થે તેઓ વ્યાખ્યાનો આપે છે; જેમાં માનવોને પ્રેરક બોધ પ્રાપ્ત થાય છે.

આપણે ત્યાં ધાર્મિક કથાઓ સાંભળવા માટેનાં આયોજનો થતાં હોય છે તે પાછળ પણ સત્સંગનો લાભ સુલભ બનાવી આપવાનો જ આશય હોય છે.

આમ, સત્સંગનો મહિમા અનેરો છે ●

ઉપા. યશોવિજયજીકૃત 'વિહરમાન જિન વીશી'

(પૃષ્ઠ ૧૦ થી ચાલુ)

'તું માતા તું બંધવ મુજ તુંહી પિતા તુજ શું મજ ગુજ.'
(સ્ત.ક્ર.૧૫)

વીશીમાં નિરૂપાયેલા કવિના ભક્તિભાવને આપણે જોયો. એની અભિવ્યક્તિકલામાં કવિ કેવી સૌંદર્યછટા દાખવે છે તે જોઇએ. કવિની નિરૂપણકલામાં ઊંડાને આંખે વળગે છે તે તો કવિને હાથે થયેલો દ્રષ્ટાંતોનો પ્રચુર ઉપયોગ. ક્યારેક તો સળંગ દ્રષ્ટાંતમાલાઓ કવિ પ્રયોજે છે.

ગરવા જનો કદી ભેદભાવ ન કરે એ વાત કવિ આ રીતે કરે છે :

'મોટા નાહના અંતરો રે, ગિરૂઆ નવિ દાખંત,
શશિ દરિશણ સાયર વધે રે, કૈરવ વન વિકસંત' (સ્ત. ક્ર.૧)
'ઘામ-કુઘામ નવિ લેખવે રે, જગ વરસંત જલધાર' (સ્ત. ક્ર.૧)
'રાય-રંક સરિખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર,
ગંગાજલ તે બિહું તણા રે, તાપ કરે સસિ દુર.' (સ્ત. ક્ર. ૧)

ભગવાન ભક્તની સાથે-સહાયમાં હોય પછી દુરિત-પાપ-કર્મો કેમ જ ટકે એ વાત નિરૂપતાં કવિ કહે છે:

'ભુજંગ તણા ભય તિહાં નહિ, જિહાંવન વિચરે મોર' (સ્ત. ક્ર.૩)
'જિહાં રવિ તેજે ઝલહલે, તિહાં કિમ રહે અંધકાર' (સ્ત ક્ર.૩)
'કેસરી જિહાં ક્રીડા કરે, તિહાં ગજનો નહિ પ્રચાર,
તિમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરિત સંભાર' (સ્ત. ક્ર.૩)

ભક્તનું પ્રભુમાં મન કેવું ભળી ગયું છે ?-

'ઊગે ભાનુ આકાશ, સરવર કમલ હસેરી,
દેખી ચંદ, ચકોર પીયા અમીઅ ધસેરી,
દુર થકી પણ તેમ પ્રભુ શું ચિત્ત મિલ્યું રી' (સ્ત. ક્ર. ૫)

કવિ કહે છે કે હે ઇશ્વર! તારી પાસે તો સમ્યક્ત્વનો-કેવળજ્ઞાનનો અનંત ખજાનો છે. એમાંથી એક કણ આપતાં આટલી વિમાસણ શાને?

'કેવલજ્ઞાન અનંત ખજાનો, નહિ તુજ જગમાંહે છાનો રે,
તેહનો લવ દેતાં શું નાસે, મન માંહે કાંઇ વિમાસે રે' (સ્ત. ક્ર. ૧૨)

પછી એનાં દ્રષ્ટાંતોની માલા પ્રયોજતાં કવિ લખે છે-

'રયણ એક દિયે રયણે ભરિયો, જો ગાજંતો દરિયો રે,
તો તેહને કાંઇ હાણ ન આવે, લોક તે સંપત્તિ પામે રે,
(સ્ત. ક્ર. ૧૨)
'અલિ માગે પરિમલ લવ પામી, પંકજ વન નહિ ખામી રે,
અંબ લુંબ કોટિ નવિ છીજે, એકે પિક સુખ દીજે રે,
(સ્ત. ક્ર. ૧૨)
'ચંદ્ર કિરણ વિસ્તારે છોછું, નવિ હોયે અમીયમાં ઓછું રે,
આશાતીર કરે બહુત નિહોરા, તે હોવે સુખિત ચકોરા રે.'
(સ્ત. ક્ર. ૧૨)

અહીં જૈનેતર કથાનકોમાંથી પણ દ્રષ્ટાંતો મળે છે. જેમ કે-

'...કમળા મન ગોવિંદ રે' (સ્ત. ક્ર. ૮)
'જિમ નંદનવન ઇંદને રે' (સ્ત. ક્ર. ૮)
'સીતાને વહાલો રામ રે' (સ્ત. ક્ર. ૮)

કેટલાંક અન્ય દ્રષ્ટાંતો જુઓ :

'ચાતક ચિત્ત જેમ મેહલો રે, જિમ પંથી મન ગેહ રે,
હંસા મન માનસરોવરુ રે, તિમ મુજ તુજ શું નેહ રે.'
(સ્ત. ક્ર. ૮)

કેટલાક વ્યતિરેક અલંકારો પણ કવિ પ્રયોજે છે તે જુઓ :

'કટિ-લીલાએ કેસરી, તે હાર્યો ગયો રાન,
હાર્યો હિમકર તુજ મુખે, હજીય વળે નહીં વાન' (સ્ત.ક્ર. ૧૯)
'તુજ લોચનથી લાજિયાં, કમળ ગયાં જળ માંહી,
અહિપતિ પાતાળે ગયો જીત્યો લલિત તુજ બાંહી' (સ્ત.ક્ર ૧૯)
'જીત્યો દિનકર તેજ શું ફિરતો રહે તે આકાશ,
નિંદ ન આવે તેહને, જેહ મન ખેદ અભ્યાસ' (સ્ત ક્ર ૧૯)

આ વીશીમાં કાવ્યપદાવલિની કેટલીક છટાઓ આપણું અવશ્ય ધ્યાન ખેંચશે. દેશીબદ્ધ પંક્તિઓમાં અંતે હો, રે, જી જેવાં લયાત્મક ઉચ્ચારણો તો અહીં છે જ, એમાં 'રી' ઉચ્ચારણ વિશેષ લાડકું લાગે છે

'પ્રભુ શું ચિત્ત મિલ્યું રી', 'હેજે હિલ્યું રી',
'ભલોરી-કર્યોરી' વ. (સ્ત. ક્ર. ૫)

ઝડઝમક અને 'ન'-'દ'ની પુનરુક્તિઓથી ઊભા થતા સંગીતનું એક ઉદાહરણ જુઓ:

'દેવાનંદ નરીંદનો જનરંજનો રે લાલ,
નંદન ચંદન વાણી રે દુઃખભંજનો રે લાલ' (સ્ત. ક્ર. ૧૩)

'ભોજન વિણ ભાંજે નહિ ભામણડે જિમ ભૂખ રે' (સ્ત. ક્ર. ૬)માંની વર્ણસગાઇ ધ્યાન ખેંચે છે.

'અલિ માગે પરિમલ લવ પામી, પંકજ વન નહિ ખામી રે' (સ્ત. ક્ર. ૧૨) એ પંક્તિમાંની લલિત-કોમલ પદાવલિ કર્ણપ્રિય બની છે.

કવિ ક્યારેક આંતરપ્રાસ મેળવે છે તે જુઓ :

'રવિચરણ ઉપાસી, કિરણ વિલાસી' (સ્ત ક્ર. ૧૬)
'ભવિજનમનરંજન, ભાવદુભંજન' (,,)
'નેમિ પ્રભુ વંદુ, પાપ નિકંદુ, (,,)
'ગંગાજલ નાહ્યો, હું ઉમાહ્યો' (,,)
'તું દોલતદાતા, તું જગત્રાતા' (,,)

અને 'મુખમટકે જગજન વશ કરે, લોયણલટકે હરે ચિત્ત,
ચારિત્રચટકે પાતિક હરે, અટકે નહિ કરતો હિત' (સ્ત. ક્ર. ૯)

'પ્રભુ દૂર થકી પણ ભેટયા, તેણે પ્રેમ દુઃખ સવિ મેટયા' (સ્ત. ક્ર ૧૧) આ પંક્તિમાં કવિ 'ભેટયા' સાથે પ્રાસ મેળવવા શબ્દને મરડીને 'મેટયા' આપે છે. પણ આવી શબ્દમરોડ કાવ્યમાં આકર્ષક બની જાય છે.

આ ઉપરાંત અનેક સ્થળે મળતી હિન્દીની છાંટ કાવ્યલઢણનો આકર્ષકતા આપે છે. જેમકે 'યું મેરે મન તું વસ્યો જી.' (સ્ત. ક્ર. ૬-૮)

જૂની પશ્ચિમી રાજસ્થાની (પ્રાચીન ગુજરાતી) પછીની ભૂમિકાએ હિન્દી-ગુજરાતી વ. ભાષાઓએ અલગઅલગ અસ્તિત્વ ધારણ કર્યું ત્યારે હિન્દીમાં મધ્યવર્તી ઇકાર, ઉકાર ચાલુ રહ્યા. ગુજરાતીમાં, નીકળી ગયા. (લિખના-લખવું, ફિરના-ફરવું, મિલના-મળવું, લુનના-લણવું વ.) પણ આ કવિમાં હિન્દી શબ્દોની છાંટ ધ્યાન ખેંચશે.

'ચિત્ત ફિરે તુમ સાથ' (સ્ત. ક્ર. ૧૪), 'કાગળ લિખવો કારમો' (સ્ત. ક્ર. ૧૪)
'ચિત્ત મિલ્યું રી' (સ્ત. ક્ર ૫, 'હેજે હિલ્યું રી' (સ્ત. ક્ર ૫).

ઉપરાંત 'ધસારત', 'બિજમત,' 'દીદાર' જેવા અરબી-ફારસી શબ્દપ્રયોગો પણ અહીં નજરે ચઢશે.

'વીશી'નાં સ્તવનોની કેટલીક પંક્તિઓના અર્થ અસ્પષ્ટ રહે છે. છતાં ટૂંકાં ટૂંકાં પદોની આ નાનકડી 'વીશી' ભક્તિભાવે ભીંજવેલી છે. એના કેટલાક અંશો કાવ્યાત્મક બની આવ્યા છે અને કેટલીક પદાવલિઓ પ્રાસ-આંતરપ્રાસ, વર્ણસગાઇ અને લયની આકર્ષક છટાઓ દાખવે છે એમ જરૂર કહી શકાય.

ઉપા. યશોવિજયજીકૃત 'વિહરમાન જિન-વીશી'

● પ્રા. કાન્તિભાઇ બી. શાહ

આજથી ત્રણસો વર્ષ પૂર્વે ૧૭મી સદીમાં થયેલા, આધ્યાત્મિક, દાર્શનિક અને સર્જક તરીકેની બહુમુખી પ્રતિભા ધરાવતા આ સાધુકવિએ જેમ સંસ્કૃત-પ્રાકૃતમાં ગ્રંથો રચ્યા તેમ ગુજરાતી ભાષામાં પણ; આધ્યાત્મિક-દાર્શનિક ગ્રંથો આપ્યા તેમ ભક્તિભાવસભર કાવ્યરચનાઓ પણ; અને જંબુસ્વામીરાસ, શ્રીપાળરાસ, દ્રવ્યગુણપર્યાયનો રાસ, સમુદ્ર-વહાણ સંવાદ, ૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાનાં સ્તવનો જેવી લાંબી રચનાઓ આપી તેમ ટૂંકી પદરચનાઓ પણ એમની આ ટૂંકી રચનાઓમાં સ્તવનો, સઝાયો, સ્તુતિઓ, હરિયાળીઓ વ.નો સમાવેશ થાય. સ્તવનોમાં ધ્યાન ખેંચે એવી ત્રણ 'ચોવીશી'ઓ આપવા સાથે એક 'વીશી' પણ એમણે આપી છે. નામ 'વિહરમાન જિન-વીશી'.

આ 'વિહરમાન જિન-વીશી' શું છે? જૈન ધર્મની માન્યતા પ્રમાણે ભરતક્ષેત્રની આગામી ચોવીશીના સાતમા તીર્થંકર નિર્વાણ પામશે અને આઠમા તીર્થંકર જન્મ પામશે તે વચ્ચે શ્રી સીમંધરસ્વામી આદિ વીશ વિહરમાન જિનેશ્વર દેવો શ્રાવણ સુદ ત્રીજને દિવસે નિર્વાણપદને પામશે. આ વીશીના પ્રત્યેક જિનેશ્વર દેવને વિશે રચાયેલા એકએક સ્તવનનો સમૂહ તે 'વીશી.'

આ વીશીનાં સ્તવનોની રચનાના લઘુ માળખામાં એક ચોક્કસ ભાત અને પ્રમાણ જોવા મળે છે. આ સ્તવનો ઓછામાં ઓછાં ૫ કડીનાં અને વધુમાં વધુ ૭ કડીનાં છે. પ્રત્યેક સ્તવનને કાં તો આરંભે, કાં તો છેવટની કડીઓમાં જિનેશ્વરદેવનાં ઓળખ-પરિચય અપાયાં છે. જન્મસ્થાન, નગર, માતાપિતાનાં નામ, પોતે કઇ નારીના કંથ અને એમનું લાંછન-સામાન્યત: આ છે પરિચયની વિગતો. છેલ્લી કડીમાં કવિનું નામ 'વાચક જશ', ગુરુ નયવિજય સુશીશ', 'નયવિજય તણો સેવક' એ રીતે મળે છે અને વચ્ચેની કડીઓમાં જિનેશ્વર પ્રત્યેના ભક્તિભાવનું આલેખન છે. આ બધાં જ સ્તવનો વિવિધ ગેય દેશીઓમાં મળે છે.

વીશીનો મુખ્ય વિષય છે તીવ્ર-ઉત્કટ ભક્તિભાવ. જૈન ધર્મે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષપદને પામ્યા છે તેવા તીર્થંકરોને પંચ પરમેષ્ટીમાં સર્વોચ્ચ પદે સ્થાપ્યા છે. એમના પ્રત્યેની ભક્તિનો મહિમા જૈનોમાં અપરંપાર છે દહેરાસરોમાં પૂજન-કીર્તન એકાદ્યની વર્ષોથી એક પરંપરા રહી છે અને તે સંદર્ભે અઢળક સ્તવન, સઝાય, સ્તુતિ, પૂજાનું સાહિત્ય રચવામાં આવ્યું છે જે આજે પણ વિવિધ રાગરાગિણીઓથી સભર સંગીત અને નૃત્યની સહાય સાથે રજૂ કરાય છે. આ વીશીમાં ઉ. યશોવિજયજીએ જિનેશ્વર દેવ પ્રત્યેનો ભક્તિભાવ ખૂબ ઉત્કટતાથી ગાયો છે ને એમાં અનેક દૃષ્ટાંતોની સહાય લીધી છે.

ભક્તિના ભગવાન પ્રત્યેના સ્નેહના મેળની વાત કરતાં કવિ કહે છે :

'તુજ શું મુજ મન નેહલો રે ચંદન ગંધ સમાન,
મેળ હુઓ એ મૂળગો રે સહજ સ્વભાવ નિદાન.' (સ્ત. ક. ૨)

ભક્તિ વિનાના જીવનની વ્યર્થતા કવિ આ રીતે દર્શાવે છે:

'તે દિન સવિ એળે ગયા, જિહાં પ્રભુ શું ગોઠ ન બાંધી રે' (સ્ત. ક. ૩)

ભક્ત તરીકે કવિ ક્યાંક ઉપાલંભ-ચીમકી આપવાના, કટાક્ષ કરવાના અને મહેણું મારવાના અધિકારો પણ ભોગવે છે :

'મુજ શું અંતર કિમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ' (સ્ત.ક.૧)
'મુખ દેખી ટીલું કરે તે નવિ હોવે પ્રમાણ,
'મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ' (સ્ત.ક.૧)
'ચખવી સમકિત સુખડી, હોળવીઓ હું બાળ રે' (સ્ત.ક.૬)

'એકને લલચાવી રહો રે, એકને આપો રાજ,
એ તુમને કરવો નવિ ઘટે રે પંકિતભેદ જિનરાજ'.
(સ્ત. ક. ૬)

ભક્ત કહે છે કે જો મુક્તિનો ઉપાય મળશે તોય ભગવાનને લઇને મળશે :

'અગ્નિ મિટાવે શીતને, જો સેરો થઇ થિર થંભ હો,
જિમ એ ગુણ વસ્તુ સ્વભાવથી તિમ તુમથી મુગતિ ઉપાય હો.'
(સ્ત. ક. ૭)

ભક્ત પોતાનો દૃઢ નિર્ધાર અને પરમાત્મા પ્રત્યેની લગની આ રીતે વ્યક્ત કરે છે :

'ચખવી સમકિત સુખડી રે, હોળવીઓ હું બાળ,
કેવળ-રત્ન લહ્યા બિના રે ન તજું ચરણ ત્રિકાળ' (સ્ત. ક. ૬)

અર્થાત્ હે ભગવાન, જો સમકિત-સુખડીની લાલચ આપીને તેં મને હોળ્યો જ છે તો હું પણ તને કેવળરત્ન પામ્યા વિના તજવાનો નથી જ. કવિ આગળ લખે છે:

'કાગળ લિખવો કારમો, આવે જો દુરજન હાથ રે,
અણમિલવું દુરંત રે, ચિત્ત ફિરે તુમ સાથ રે.' (સ્ત. ક. ૧૪)

ભક્ત-ભગવાન વચ્ચેનો પ્રેમનો રંગ કેટલો પાકટ છે તે દર્શાવતાં કવિ લખે છે :

'મસિ વિણ જે લિખ્યા તુજ ગુણે અક્ષર પ્રેમના ચિત્ત રે,
ધોઇએ તિમ તિમ ઉઘડે ભગતિ જલે તેહ નિત્ય રે (સ્ત. ક. ૧૭)

કવિ ભક્તિની તુલનાએ અનુભવની ભૂમિકાને ઊંચેરી ઠેરવે છે. ભક્તિને દૂતિકા અને અનુભવને મિત્ત ગણ્યાં છે. એમાંથી આ વાત સ્પષ્ટ થાય છે:

'ભગતિ દૂતિકાએ મન હર્યું, પણ વાત કહી છે આધી રે,
અનુભવ મિત્ત જો મોકલું તો તે સઘળી વાત જણાવે રે.'
(સ્ત. ક. ૪)

અને છેવટે ભક્તને માટે ભગવાન જ સર્વસ્વ-સર્વ કાંઇ છે તે દર્શાવતાં કવિ કહે છે :

(પૃષ્ઠ ૯ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No : 37

વર્ષ : ૫૦ અંક :-૫

પ્રબુદ્ધ જીવન

મુંબઇ તા. ૧-૭-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

પશુપંખીઓની નિકાસ

જેટ વિમાનની ત્વરિત ગતિને કારણે એકબીજા દેશો સાથેનો વ્યવહાર છેલ્લા બે-ત્રણ દાયકામાં ઘણો બધો વધી ગયો છે. વિમાનો એક સ્થળેથી બીજા સ્થળે સીધું ઉડ્ડયન કરી શકે છે અને એવાં સીધાં ઉડ્ડયનો દિવસે દિવસે વધતાં જાય છે એટલે ફેરબદલીમાં વેડફાતો સમય બચી જાય છે. થોડાક કલાકોમાં માણસ હજારો માઇલ દૂરના સ્થળે, મહાસાગરો ઓળંગીને પહોંચી જઇ શકે છે. મનુષ્યોની વધતી જતી અવરજવરની સાથે દુનિયાભરમાં ચીજવસ્તુઓની હેરફેર પણ વધતી ગઇ છે. એક દેશમાં બનેલી નવી ચીજવસ્તુઓ ઘડીકમાં બીજા દેશોમાં પહોંચી જઇ શકે.

ચીજવસ્તુઓની સાથે સાથે આહાર માટેની વસ્તુઓની હેરફેર પણ વધી છે. જૂના વખતમાં સ્ટીમર દ્વારા મોકલાતા સૂકા ખાદ્યપદાર્થો પણ બગડી જતા. હવે જેટકારગો વિમાનો દ્વારા તાજા ખાદ્યપદાર્થો વાતાનુકૂલિત કન્ટેઇનરોમાં સચવાઇને બીજા દેશોમાં પહોંચી શકે છે. કેટલાયે દેશોમાં પોતપોતાની આયાત-નિકાસની નીતિ અનુસાર ફળફળાદિ, શાકભાજી, દૂધ, દહીં કે શાકાહારી તથા માંસાહારી ખાદ્યપદાર્થોની આયાત-નિકાસ વધી છે અને એનો વેપાર કરનારા વેપારીઓનો નવો વર્ગ દિવસે દિવસે વધતો ચાલ્યો છે.

જ્યાં વેપાર આવે ત્યાં ખોટી રીતરસમો પણ આવે. ખોટી રીતે વધુ કમાઈ લેવાની વૃત્તિ પણ તેમાં આવ્યા વગર રહે નહિ પોતાના દેશની ખરાબ અને બગડેલી સામગ્રી ગરીબ અને ગરજાઉ દેશને વેચી મારવાની વૃત્તિ વધતી જવા લાગી છે. એક દેશનું કિરણોત્સર્ગવાળું માખણ બીજા દેશને પધરાવી દેવામાં આવે છે પોતાના દેશમાં નુકસાન-કારક જાહેર થયેલી પ્રતિબંધિત દવાઓ બીજા દેશમાં એ જ અથવા બીજા નામે વેચવાનાં કાવતરાં પણ થવા લાગ્યાં છે. લોભને થોભ હોય નહિ. કમાણી કરવામાં સામાન્ય નીતિ-નિયમોનો ભંગ કરતાં લાલચુ માણસ અચકાતો નથી. એમાં પણ ભારત જેવા ભ્રષ્ટ સરકારી તંત્રનો લાભ દેશવિદેશના અનેક વેપારીઓ ઘણી કુટિલ નીતિરીતિ અજમાવીને વખતો-વખત ઉઠાવ્યા કરે છે.

શાકાહારી ખાદ્યપદાર્થોની સાથે સાથે માંસાહારી ખાદ્યપદાર્થોની આયાત-નિકાસ પણ દુનિયામાં વધતી ચાલી છે. કેટલાક દેશોના અર્થતંત્રને આવી આયાત-નિકાસ દ્વારા સારો ટેકો રહે છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં ઘેટાંઓની ઘણી મોટી વસ્તી છે. એ દેશો ઘેટાંઓના માંસની વિવિધ વાનગીઓની નિકાસ દુનિયાના જુદા જુદા દેશોમાં કરે છે. જાપાન ઓફશિટર માછલી ઉપરાંત બીજી ઘણી જાતની માછલીઓ ખાવા માટે ડબ્બામાં પેક કરીને દુનિયાના ઘણા દેશોને મોકલાવે છે. ભારતમાંથી મધ્યપૂર્વનાં ધનવાન રાષ્ટ્રોને અને અન્ય દેશોને ગાયનું માંસ સારા પ્રમાણમાં પૂરું પડાતું રહ્યું છે. દુનિયાના કેટલાક દેશોના માંસાહારી લોકોને ખાવાની વાનગી તરીકે દેડકાંના કામળ પગ બહુ ભાવે છે. ભારતમાંથી દેડકાંના પગની નિકાસ ઘણા મોટા પ્રમાણમાં કાયદેસર કે ગેરકાયદે થતી રહી છે. ઘેટાં-બકરાંનાં માંસ, માછલીઓ વગેરેની ભારતમાંથી વધતી જતી નિકાસની તો વાત જ શી કરવી ? પશુપંખીઓની હત્યાને જો પાપ ગણવામાં આવતું હોય તો દુનિયાભરમાં માંસાહારને નિમિત્તે ઘણું પાપ દિવસે દિવસે વધી રહ્યું છે એમ કહેવાય. દુનિયાની જે પ્રજાઓ માંસાહારને પાપ ગણતી નથી અને ભગવાને આ પશુસૃષ્ટિ માનવને માટે જ સર્જી છે એમ માને છે તેમની તો દયા જ ચિંતવવી રહી.

માંસાહારી અફાટ વાનગીની આયાત-નિકાસની જેમ જીવતાં પશુપંખીઓની આયાત નિકાસ પણ દુનિયામાં વધી રહી છે. પ્રાણીસંગ્રહાલયો માટે સરકારી ધોરણે તે અપાય તે સમજી શકાય તેવી વાત છે. તદુપરાંત વૈજ્ઞાનિક પ્રયોગ-શાળાઓ માટે દેડકાં, ઉંદર ઉપરાંત સસલાં, વાંદરા વગેરે જીવતાં પ્રાણીઓની ઘણી જરૂર પડે છે. તેવાં પ્રાણીઓ ઉપર નિર્દય રીતે પ્રયોગો થયા કરે છે અને પછી નિર્દય કતલ પણ થતી હોય છે. આવા પ્રયોગોને અંતે કેટલીક નવી તબીબી કે અન્ય પ્રકારની વૈજ્ઞાનિક શોધ થાય છે અને તેનો લાભ માનવજાતને મળે છે એ વાતનો અસ્વીકાર નહિ થઇ શકે. તોપણ એવા કાર્યમાં પ્રાણીઓ પૂરાં પાડીને સહભાગી થવાનું બધા માટે અનિવાર્ય નથી. એમાં પણ જીવદયાને વરેલા લોકો માત્ર આંધળી કમાણી કરવા ખાતર પંચેન્દ્રિય જીવોની હત્યામાં નિમિત્ત બને એ શોચનીય છે. એવાં પ્રાણીઓ ભારત પૂરાં નહિ પાડે તો તેથી સંશોધન અટકી જશે એવો ડર રાખવાની જરૂર નથી. ભારતમાંથી એ પ્રાણીઓ સસ્તામાં મળે છે માટે જ લેવાય છે. અને વેચનારાઓ માનવ તતના

સંશોધનની દૃષ્ટિને અને ભાવનાને લક્ષમાં રાખી તે વેચતા નથી; પરંતુ માત્ર કમાણી કરવાના આશયથી જ વેચે છે. સંશોધન માટે માનવનું મૃત શરીર પણ પ્રયોગશાળામાં ઉપયોગમાં લેવાય છે. જો પશુઓ વેચવામાં કમાણીને બદલે પોતાનામાં રહેલી સંશોધનની જ ભાવના વિશેષ પ્રબળ હોય તો તેવા લોકોએ પોતાના સ્વજનોના મૃતદેહની નિકાસ પરદેશમાં કરવી જોઇએ. સંશોધનની ભાવનાથી પ્રેરાઇને જેઓ જીવતાં પશુપંખીઓને વાદવપ માટે વેચી દેવાની ભલામણ કરે છે તેઓને તેવા ઉમદા કાર્ય માટે પોતાનાં જીવતાં સ્વજનોને કે પોતાની જાતને સોંપી દેવાનું મન થશે ખરું? ધર્મ, સામાજિક કર્તવ્ય અને જીવન-વ્યવહાર વચ્ચે જો વિસંવાદ રહેતો હોય તો પ્રામાણિક માણસે ધર્મને ઉચ્ચતર ધ્યેય તરીકે સ્વીકારવું જોઇએ.

ભારતમાં પશુપંખીઓની નિકાસનો વ્યવસાય દિવસે દિવસે વધતો ચાલ્યો છે. એની સામે વખતોવખત ઊહાપોહ થયો છે અને તે બાબતમાં ધ્યાન આપવા માટે કેન્દ્ર સરકારે ભૂતકાળમાં ખાતરી પણ આપી છે, તોપણ સમયે સમયે બદલાતા સરકારી તંત્રમાં રહેલા ભ્રષ્ટાચારના કારણે અને લાગતાવળગતા પ્રધાનોની બેદરકારી અથવા ગુપ્ત સંમતિને કારણે આ વ્યવસાયમાં અનેક પ્રકારની ગેરરીતિઓ ચાલતી રહી છે. સરકાર પણ વાર-વાર પોતાની નીતિ બદલતી રહી છે અને લાગતાવળગતા મોટા વેપારીઓની આર્થિક કે રાજકીય જોરદાર લાગવગને વશ થઇ તેમની ઇચ્છાનુસાર હુકમો બહાર પાડે છે અને એક અથવા બીજી કલમ હેઠળ છૂટછાટ આપી દેવાય છે. એવી કાયદેસર છૂટ મેળવીને વેપારીઓ પશુપંખીઓની નિકાસ કરીને ધૂમ કમાણી કરી લે છે. સરકારનું એ તરફ ધ્યાન ખેંચવામાં આવે અને ઘણો બધો ઊહાપોહ થાય ત્યાં સુધીમાં તો વર્ષ પૂરું થઇ જાય છે અને નવા વર્ષમાં સરકાર કદાચ કંઇક પગલાં લે અને નિકાસ અટકાવે તો થોડા વખતમાં પાછલે બારણેથી પરવાના અપાઇ જાય છે. ઇંદિરા ગાંધીના વખતમાં શાંતિદૂત સમા પારેવાંની નિકાસ સામે ભારે ઊહાપોહ મચાવીને તેની નિકાસ બંધ કરાવી દેવાઇ હતી તે ફરી પાછી ચાલુ થઈ ગઇ છે. આ તો કાયદેસર મેળવેલા અધિકૃત પરવાનાઓની વાત છે; પરંતુ આપણા દેશમાં તો ચોરીછૂપીથી અનધિકૃત નિકાસ પણ કેટલી બધી થાય છે! એમાં પણ સરકારી તંત્રના લાગતાવળગતા કર્મચારીઓનાં આંખ-મિંચામણાં કેટલાં હશે તે કોણ જાણે છે? આ વર્ષે પારેવડાં, કાગડા, મેના, ચકલાં, પેરાકીટ, ઘોડા, ગધેડાં, ખચ્ચર વગેરે જીવતાં પશુપંખીઓની નિકાસની કાયદેસર છૂટ આપવામાં આવી છે. આવી છૂટછાટવાળી નિકાસનીતિ ભારત જેવા દેશને માટે પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે કેટલી બધી નુકસાનકારક નીવડે એવી છે તેનો વિચાર કોણ કરે છે? ભારતમાં તો વર્તમાન સમયમાં વેપારના દરેક ક્ષેત્રે જે ગેરરીતિઓ પ્રવર્તે છે અને નાનાંમોટાં કૌભાંડો બહાર આવે છે તે જોતાં જીવતાં પશુપંખીઓના આ નિકાસવ્યવસાયનો પણ કેટલો ખોટો ગેરલાભ ઉઠાવાશે તે કોણ કહી શકે? અને કાયદેસર થયેલી નિકાસ પણ ભારતના આધ્યાત્મિક, સાંસ્કૃતિક જીવનને કેટલો બધો આઘાત પહોંચાડે છે તે પ્રત્યે પણ કોણ લક્ષ આપે છે?

ન્યૂઝીલેન્ડ કે ઓસ્ટ્રેલિયામાં ઘેટાંનું પ્રમાણ અને જાપાનમાં માછલીઓનું પ્રમાણ એટલું બધું હોય છે કે થોડાકની નિકાસ કરવાથી તે દેશને કશો ફરક પડતો નથી, બલકે સારો નફો થાય છે. વળી જીવદયાના સંસ્કાર તેઓના લોહીમાં ન હોવાથી આવી નિકાસથી ત્યાં તો કોઇના પેટનું પાણી હાલતું નથી. ભારતમાં પશુપંખીઓની સંખ્યા એટલી બધી ત્રાસદાયક વધી ગઇ નથી કે જેથી એની નિકાસ કરવાથી દેશને રાહત અને શાંતિ અનુભવવા મળે. વસ્તુતઃ ખેતીપ્રધાન ભારતને પર્યાવરણની જાળવણી માટે પણ પશુપંખીઓની એટલી જ આવશ્યકતા હંમેશાં રહી છે. ચીન, જાપાન, રશિયા વગેરે દેશોએ અનાજ બચાવવા માટે જ્યારે ચકલાંઓ માર્યાં ત્યારે અન્ય જીવાતનો ઉપદ્રવ ઘણો વધી ગયો અને પર્યાવરણની જાળવણી માટે ચકલાં મારવાનું બંધ કરવું પડયું બીજા દેશના અનુભવોમાંથી પણ ભારત સરકારે કંઇક શીખીને પોતાની આયાત-નિકાસની નીતિ ઘડવી જોઇએ.

વૈજ્ઞાનિક શોધખોળો દિવસે દિવસે વધતી જાય છે. તેમાંની કેટલીક તો માણસના વિવિધ વિચિત્ર શોખને પોષવા માટે જ થતી હોય છે એ માટે કેટલાંય નિર્દોષ પ્રાણીઓનો સંહાર થાય છે. કેટલાક દેશોની શ્રીમંત મહિલાઓને કેટલાય વખતથી મગરની ચામડીમાંથી કે સાપની કાંચળીમાંથી બનાવેલી પર્સ પોતાની પાસે રાખવાનો નાદ લાગ્યો છે. એને લીધે ભારતમાં અને એશિયાના બીજા કેટલાક દેશોમાં સાપ અને મગરની ગેરકાયદે હત્યા અને એની ચામડીની ગેરકાયદે નિકાસ ઘણી વધી ગઇ છે. પાળેલાં પશુઓ અને પંખીઓની નિકાસ પણ વધવા માંડી છે. જુદાંજુદાં પશુપંખીના માંસની નવી નવી વાનગીઓ દુનિયામાં વધવા લાગી છે. એક દેશમાંથી બીજા દેશમાં મોકલવામાં આવતાં બધાં જ પશુપંખીઓ જીવતાં રહે છે એવું બનતું નથી. કેટલાંય પશુપંખીઓ નવા વાતાવરણમાં ગૂંગળામણ અનુભવે છે. નવી આબોહવા તેમને માફક નથી આવતી. વળી પોતાની જાતિની વસતિથી વિખૂટા થવાને કારણે ભાથી અને અન્ય કારણે તેઓ જલદી મૃત્યુ પામે છે. કેટલીકવાર તો વિમાનમાં લઇ જવાતાં ભયને કારણે અથવા ગૂંગળામણને કારણે આવાં પશુપંખીઓ વિમાનમાં જ મૃત્યુ પામ્યાના દાખલા અવારનવાર બન્યા કરે છે. વેપારીઓ આ બધા નુકસાનની ગણતરી ગણીને જ પોતાનો વેપાર એવી રીતે કરે છે કે જેથી પોતે સારું ધન કમાઈ શકે. તોપણ આવો વેપાર સમગ્ર દેશ ઉપર માઠી અસર પહોંચાડે છે માનવજાતની ધનલાલસાને કારણે નિર્દોષ પશુપંખીઓને કેટલું બધું ભોગવવું પડે છે!

મોર ભારતનું રાષ્ટ્રીય પંખી છે. ભારતના ઘણા પ્રદેશોમાં તે જોવા મળે છે. મોર કૃપાળુ પંખી છે. એનાં પીછાં આકર્ષક અને મનોહર છે. દુનિયાના ઘણા દેશોમાં મોર નથી. એવા દેશના લોકોને પોતાના પ્રાણીસંગ્રહાલયમાં મોર હોય તેવી ઇચ્છા રહે અને મોરનાં પીછાં અને એમાંથી બનાવેલી સુશોભિત વસ્તુઓ વાપરવી ગમે તે સ્વાભાવિક છે. એટલે મોરનાં પીછાંની નિકાસનો વેપાર દિવસે દિવસે વધતો ચાલ્યો છે. મોરનાં ખરી પડેલાં પીછાં વપરાય એની સામે વાંધો ન હોઇ શકે, પરંતુ આ વધતા જતા વેપારને કારણે પીછાં મેળવવા માટે મોરની ખાનગીમાં ગેરકાયદે હત્યાના પ્રસંગો ગુજરાત, રાજસ્થાન અને અન્ય પ્રદેશનાં ગામડાંઓમાં દિવસે દિવસે વધતા ચાલ્યા છે. કમાણી કરવા આંધળી દોટ મૂકનાર વેપારીઓને કંઇ લાજશરમ કે દેશની ચિંતા જેવું હોતું નથી. ગામડાંઓના ગરીબ અશિક્ષિત લોકો પૈસાની લાલચે તેમની સાથે ભળે છે અને મોરનો શિકાર

(પૃષ્ઠ પાના ૮ ઉપર)

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની દાર્શનિક પ્રતિભા

ડૉ. હેમંત જે. શાહ

સન્મતિ તર્ક મૂળના કર્તા આચાર્ય સિદ્ધસેન દિવાકર પછી લગભગ બારસો વર્ષે, એક હજારથી પણ વધુ ગ્રંથોના કર્તા મહાન જ્યોતિર્ધર શ્રીમાન્ હરિભદ્રસૂરિ પછી લગભગ એક હજાર વર્ષે, યોગ અને અહિંસાના મહાન પ્રચારક કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી અને શ્રી હીરવિજયસૂરિજી પછી તુરત જ અને શ્રી આનંદઘનજીની સાથે જ જૈન દર્શનના મહાન દાર્શનિક અને જૈન સાહિત્યની 'વિવિધ રીતે પુરવણી અને ઉપાસના કરનાર' શ્રીમદ્ યશોવિજયજીનો સમય આવે છે. વિક્રમના સત્તરમા-અઢારમા સૈકામાં તેમનો જન્મ ગુજરાતના અણહિલપુર પાટણની નજીક કનોડા ગામમાં થયો હતો. તેઓશ્રીના જીવનપ્રસંગોની તિથિઓ અને સાલ ચોકકસ રીતે ઉપલબ્ધ થતી નથી, છતાં મુની શ્રી કાન્તિવિજયજીએ લખેલ 'સુજસવેલી ભાસ' નામના ગ્રંથમાં ઉપાધ્યાયજીના જીવન અંગેની કેટલીક હકીકતો જાણવા મળે છે.

જૈન ધર્મના પરમ પ્રભાવક એવા આ મહાપુરુષની સ્મરણ-શકિત બાળપણથી જ તીવ્ર હતી. તેઓ સં. ૧૬૮૮માં બાલ્યવયમાં દીક્ષિત બન્યા અને સં. ૧૭૧૮માં તેઓને ઉપાધ્યાય પદવી મળી. તે સમયે ગુજરાતમાં ઉચ્ચ કોટિના વિદ્વાનોના અભાવને કારણે તેઓ કાશીના વિદ્યાધામમાં ગયા જ્યાં તેઓએ ઉપનિષદો, વેદો, ષડ્દર્શનો, બૌદ્ધદર્શન તેમજ જૈનદર્શન વ. વિવિધ દર્શનોનો ખૂબ ઊંડો અભ્યાસ કર્યો અને તે ઉપર તેઓએ અદ્ભુત પ્રભુત્વ મેળવ્યું. તેઓ 'ષડ્દર્શનવેત્તા' તરીકે પંકાયા અને અનેક વિદ્વાનો તેમ જ અધિકારીઓ સમક્ષ તેમણે કરેલા શાસ્ત્રાર્થોને કારણે તેમ જ તેમના અગાધ પાંડિત્યપૂર્ણ ગ્રંથોથી પ્રસન્ન થઇને વિદ્વાનોએ શરૂઆતમાં 'ન્યાયવિશારદ'ની અને ત્યાર બાદ 'ન્યાયાચાર્ય'ની પદવીથી તેઓને અલંકૃત કર્યા હતા. પોતાના સમગ્ર જીવન દરમ્યાન તેઓએ લગભગ એકસોથી વધુ ગ્રંથોની રચના ઉપરાંત બે લાખ શ્લોકની રચના કરી. તેઓના મોટા ભાગના ગ્રંથો અલભ્ય છે. આ મહાન જૈન મુનિવરે યોગ્ય સમયે અમદાવાદમાં જાહેર અવધાનના પ્રયોગો કરી બતાવ્યા હતા એવો ઉલ્લેખ પણ મળે છે. તેઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય, સંયમ અને તપમાં ખૂબ જ ઉચ્ચ પ્રકારનું દીર્ઘાયુ જીવન જીવ્યા અને પોતાના અદ્ભુત જ્ઞાનને કારણે તેઓ 'લઘુ હરિભદ્ર' તરીકે સંબોધાયા.[1] વિ. સં. ૧૭૭૩માં ગુજરાતના વડોદરા શહેરથી આશરે ૧૯ માઇલ દૂર આવેલ પ્રાચીન દર્ભાવતી (વર્તમાનમાં ડભોઇ) શહેરમાં તેઓ કાળધર્મ પામ્યા.

સિદ્ધસેનના 'સાક્ષાત્ વિદ્યાશિષ્ય'પણાનું માન મેળવનાર,' સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં 'વિપુલ સાહિત્ય રચનાર' આ મહાન 'તાર્કિકશિરોમણિ' ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીએ કયા વિષય પર નથી લખ્યું તે કહેવું જ મુશ્કેલ છે. તેઓની કૃતિઓ આગમિક અને સ્વતંત્ર તર્કમૂલક બન્ને પ્રકારની છે. આ કૃતિઓમાં પૂર્ણ તેમજ અપૂર્ણ, ઉપલબ્ધ તેમજ અનુપલબ્ધ, જૈન તેમજ અજૈન ગ્રંથોનો સમાવેશ થાય છે. આ ગ્રંથો સ્વયં જ તેમના 'સર્વગ્રાહી પાંડિત્યનો પ્રખર પુરાવો છે. શૈલીની દૃષ્ટિએ જોઇએ તો આ કૃતિઓ ખંડનાત્મક, પ્રતિપાદનાત્મક અને સમન્વયાત્મક છે.'[2] અનેક ગ્રંથોની રચનાઓ દ્વારા તેઓ અદ્ભુત સમન્વયશકિત ધરાવતા અને જૈન તેમજ અજૈન મૌલિક ગ્રંથોનું ઊંડું અધ્યયન કરીને જે તે વિષયની મહત્તમ ગહેરાઇએ પહોંચીને તેના ઉપર સમભાવપૂર્વક મંતવ્ય આપનાર'[3] વિવિધ વાડ મયના પારંગત એવા એક બહુશ્રુત વિદ્વાન તરીકેની કીર્તિને તેઓ પામ્યા.

અનેક માનાર્થ તેમજ ગૌરવાસ્પદ બિરુદોને પામનાર ઉ. શ્રી યશોવિજયજીની જીવનઝાંખી જોયા બાદ આપણે તેમની કૃતિઓમાંથી ઊપસતી તેમની દાર્શનિક પ્રતિભાનું દર્શન કરવાનો પ્રયત્ન કરીશું તો અને તો જ તેમને યોગ્ય ન્યાય આપી શકીશું. કોઇપણ વિદ્વાન કે ખ્યાતનામ વ્યકિતની દાર્શનિક પ્રતિભાનું દર્શન કરવા તેણે રચેલી કૃતિઓની સંખ્યા કે વિષય તેમજ ભાષાના માધ્યમની વિવિધતા વ. પર્યાપ્ત નથી. દાર્શનિક પ્રતિભા સમજવા માટે સૌ પ્રથમ આપણે સ્પષ્ટપણે એ જાણી લઇએ કે દાર્શનિક પ્રતિભા એટલે શું? આ માટે સર્જકની કૃતિઓના બાહ્યાંતર નહીં પણ અભ્યાંતર તત્ત્વોને પામવાં પડે, જાણવાં પડે. દાર્શનિક પ્રતિભા સમજવા માટે આપણે એ જાણવું જોઇએ કે દર્શન અથવા તત્ત્વજ્ઞાન એ સમગ્ર જીવનનું કે તેના કોઇ એક પાસાનું બૌદ્ધિક વિશ્લેષણ અથવા તો અંતઃસ્ફૂરણાત્મક દર્શન છે. આ દર્શન જીવનના જે તે પાસાના મૂળગામી સત્યોના સંદર્ભમાં જ હોવાનું. બહુ જ સાદી ભાષામાં કહીએ તો જે વ્યકિત આવું બૌદ્ધિક વિશ્લેષણ કરે અથવા જેને અંતઃસ્ફૂરણા દ્વારા મૂળગામી દર્શન થાય તેને દાર્શનિક કહેવાય. આવી વ્યકિતનું વ્યકિતત્વ દાર્શનિક વ્યકિતત્વ કે પ્રતિભા દાર્શનિક પ્રતિભા કહેવાય. આમ બૌદ્ધિક વિશ્લેષણ દ્વારા જીવ, જગત, ઇશ્વરનાં રહસ્યોને પામનાર કેંટ, શંકરાચાર્ય, ઉમાસ્વાતિ કે હેમચંદ્રાચાર્યને પણ દાર્શનિક પ્રતિભા કહી શકાય અને અંતઃસ્ફૂરણા દ્વારા અસ્તિત્વનાં રહસ્યોને પામનાર જીસસ ક્રાઇસ્ટ, મહાવીર, બુદ્ધ, રામકૃષ્ણ પરમહંસ વ.ને પણ દાર્શનિક પ્રતિભા કહી શકાય આવી દાર્શનિક પ્રતિભાનું દર્શન સાપેક્ષ નહિ પરંતુ નિરપેક્ષ, સનાતન, શાશ્વત અને ડહાપણને પ્રતિબિંબિત કરનારું હોય છે અને માટે જ દાર્શનિકને સમગ્ર કાળ અને અસ્તિત્વનો દ્રષ્ટા પણ કહેવામાં આવે છે. મહાન ગ્રીક તત્ત્વચિંતક પ્લેટો દાર્શનિક વ્યકિતના ચારિત્ર્યના ગુણોમાં 'શાશ્વત અને સનાતન સત્યો પ્રત્યેનો અગાધ પ્રેમ, જ્ઞાનની તીવ્ર ઝંખના, સંયમીપણું, મનની વિશાળતા, સર્વ સમયની સર્વ વાસ્તવિકતાનું દર્શન કરવાની શકિત, મૃત્યુથી અભય, વાણી-વર્તન અને વિચારમાં સંતુલનપણું અને સદા સત્ય, ન્યાય, હિંમત અને શિસ્તના સહયારિપણાને'[4] મુખ્ય ગણાવે છે. ટૂંકમાં જ્ઞાન-દર્શનનો પ્રકાશ, સંયમ, તપ, પ્રેમ અને દિવ્ય દૃષ્ટિ એ કોઇપણ પ્રતિભાસંપન્ન દાર્શનિકના મુખ્ય ગુણો ગણાવી શકાય.

દાર્શનિક પ્રતિભાના ઉપરોકત ગુણો મુખ્યત્વે તેના ચારિત્ર્યના ગુણો છે. આ ઉપરાંત કોઇપણ દાર્શનિક પ્રતિભાસંપન્ન

---

[1] 'શ્રી જૈન દર્શન મીમાંસા અને અન્ય લેખો' – પૃષ્ઠ. ૧૩૩.

[2] 'વૈરાગ્યરતિ' – મુનિ યશોવિજયજી પા-૧૫

[3] 'પાંતજ્જલ યોગદર્શન'-પં. સુખલાલજી પા. ૯

[4] પ્લેટોનું રિપબ્લિક-(પેંગ્વીન બુકસ) પા-૨૪૪

પંડિતમાં મેધાવી બુદ્ધિશક્તિને કારણે અદ્‌ભુત અર્થઘટન, અભિવ્યક્તિ અને વિચારોની સુસંગતતા તેમજ સુતર્ક પણ જણાવવાના. આ પ્રકારની યોગ્યતા જે તે સમયના અનેક આચાર્યો અને પંડિતોમાં કે જેઓ દાર્શનિક છે તેઓમાં જોવા મળે છે, અને આ બધું શ્રી યશોવિજયજીમાં હોવા છતાં તેઓની વિશેષતા માત્ર ગુજરાતના જ નહીં પણ બધી પરંપરાના ભારતીય પંડિતોથી નિરાળી અને વિરલ છે. તે વિશેષતા એટલે અનેક વિષયોના પાંડિત્ય અને સર્જન ઉપરાંત તેઓની કૃતિઓમાંથી પ્રગટ થતું તેઓનું અનેકાન્તદૃષ્ટિવાળું 'આધ્યાત્મિક અને ઊર્ધ્વગામી વલણ.'

શ્રીમદ્ યશોવિજયજીનું જીવન અને તેમણે રચેલા ગ્રંથોની ઝીણામાં ઝીણી વિગતો જોઇએ તો તેઓની પ્રતિભાના પરિપાકરૂપે નિતરતી તેમની વિશેષતાઓ અનેક થાય. આ સ્થળે તે તમામની છણાવટ શક્ય નથી અને અનિવાર્ય પણ નથી. છતાં ઉપાધ્યાયજીના જે મુખ્ય મુખ્ય ગ્રંથો અને સાહિત્ય ઉપલબ્ધ છે તેને નજર સમક્ષ રાખીને અને જૈન પરંપરા તેમજ તેમના સમયના સંદર્ભમાં વિચારીએ તો તેમની જે લાક્ષણિક વિશેષતાઓ છે કે જે તેમની દાર્શનિક પ્રતિભાનું દર્શન કરાવે છે તે મુખ્યત્વે આ પ્રમાણે ગણાવી શકાય : તેઓની અદ્‌ભુત સમન્વય શક્તિ, જૈન તેમજ અજૈન ગ્રન્થોનું ઊંડું જ્ઞાન તથા અભ્યાસ, મંતવ્યોમાં સમભાવપણું, શાસ્ત્રીય અને લૌકિક સાહિત્યનું સર્જન, નિર્ભયતા, વિદ્વત્તાપૂર્ણ અર્થઘટન, નવ્યન્યાયની શૈલીમાં જૈન સિદ્ધાંતોનું નિરૂપણ વ. નોંધપાત્ર છે. શ્રી યશોવિજયજીની આ યોગ્યતાઓ અને વિશેષતાઓને આપણે જરા વધુ વિગતે જોવાનો પ્રયત્ન કરીએ.

પૂ. ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી તેઓના સમગ્ર સર્જનકાળ દરમ્યાન આગમ પરંપરાને સુસ્ત રીતે માન્ય રાખનાર અને અનેકાંતદૃષ્ટિને કયારેય બાજુએ ન મૂકનાર એક પ્રખર સુસંગત જૈન ચિંતક તરીકેની છાપ ઉપજાવે છે. તેઓએ સામાન્ય માનવીઓ માટે વ્યવહારની મુખ્યતા રાખી નિશ્ચય દૃષ્ટિની ગૌણતા મર્યાદારૂપે બતાવી. તેઓએ એ બતાવ્યું કે નવકારમંત્રમાં આવતું 'અરિહંતપદ' પ્રથમ અને 'સિદ્ધપદ' બીજું રાખવા પાછળ અરિહંતપદ વ્યવહાર અને સિદ્ધપદ નિશ્ચય છે.' સ્વાભાવિક છે કે અરિહંત વગર અરૂપી સિદ્ધપદની ઓળખાણ શક્ય નથી.

જૈન દર્શન એટલે આચારમાં અહિંસાપ્રધાન અને વિચારમાં અનેકાન્તદૃષ્ટિ વસ્તુની કોઇપણ એક બાજુ તરફ નજર ન રાખતા તેની અનેક બાજુ તરફ નજર રાખવી તે અનેકાન્તદૃષ્ટિ શબ્દનો સીધો અર્થ છે. જૈન દર્શનની અનેકાન્તદૃષ્ટિ તેના સ્વાદ્‌વાદના અને નયવાદના સિદ્ધાંતોથી જ સ્પષ્ટ થાય. જૈન દર્શન એ એક વાસ્તવવાદી દર્શન છે અને તે પદાર્થને અનેક ધર્મવાળો લેખે છે. સત્યના બધા જ અંશો ગ્રહણ કરવા સામાન્ય માણસ માટે શક્ય નથી. આપણે સામાન્ય માણસો જે કાંઇ ગ્રહણ કરીએ છીએ તે સંપૂર્ણ સત્ય નહીં પરંતુ સત્યાંશ જ. દરેક સત્ય તેની જે તે અપેક્ષાએ પ્રાપ્ત થયેલ હોવાથી જે તે અપેક્ષાના સંદર્ભમાં તે સત્ય સ્વીકૃત જ લેખાય. આ સત્યની સ્વીકૃતિ પ્રમાણથી સિદ્ધ થાય. વસ્તુને સમજવાનો પ્રયત્ન નય છે. 'આપણી દૃષ્ટિ, બધી સામાન્ય કે બધી વિશેષ દૃષ્ટિઓ પણ એકસરખી નથી હોતી, તેમાં પણ અંતર હોય છે. મૂળ બે દૃષ્ટિઓના (દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક) કુલ સાત ભાગો પડે છે અને તે જ સાત નય છે'[5] જૈન દર્શન મુજબ કોઇપણ વસ્તુ સાત જુદી જુદી અપેક્ષાએ સમજી શકાય અને તે સાતે સાત નયનું વિવરણ જૈન નયવાદમાં આવે છે. આમ જૈન દર્શનના ખૂબ જ પાયાના સિદ્ધાંત સ્યાદ્‌વાદ અને નયવાદમાં સત્યને પામવાની અને સમજવાની અનેકાન્તદૃષ્ટિનો ઉલ્લેખ જોવા મળે છે. ઉપર જણાવેલ નયના ભેદોની સંખ્યા પરત્વે પણ જુદા જુદા મતો જોવા મળે છે. આ મતોનું વિગતે વર્ણન કરવું અહીં પ્રસ્તુત નથી; પરંતુ તેમાંનો એક મત સિદ્ધસેન દિવાકરનો છે જેઓ નૈગમનયને સ્વતંત્ર નય તરીકે ન સ્વીકારતા 'સંગ્રહથી એવંભૂત સુધીના છ જ નયો સ્વતંત્ર છે અને દ્રવ્યાસ્તિક દૃષ્ટિની મર્યાદા વ્યવહાર નય સુધીની જ છે જ્યારે ઋજુસૂત્રથી માંડીને બધા જ નયો પર્યાયાસ્તિક નયની મર્યાદામાં આવે છે એમ દર્શાવે છે;'[6] અને આ જ મતનું કે જે આગમ પરંપરાથી જુદો છે તેનું ઉપાધ્યાયજી ખૂબ જ સચોટ રીતે તાર્કિક પદ્ધતિએ સમર્થન કરીને પોતે ષડનયને સ્વીકારે છે. પં. સુખલાલજીના શબ્દોમાં કહીએ તો 'સંપ્રદાયમાં રહીને પણ સંપ્રદાયના બંધનની પરવા નહિ કરતાં જે ઉચિત લાગ્યું તેના પર નિર્ભયપણે લખનાર' એવા એક દાર્શનિક તરીકે પૂ. ઉ શ્રી યશોવિજયજી આપણી સમક્ષ આવે છે.

હવે આપણે શ્રી યશોવિજયજીની એ વિશેષદૃષ્ટિની વાત કરીએ કે જે તેમની પ્રખર દાર્શનિકતા રજૂ કરનાર સાબિત થાય છે અને આ દૃષ્ટિ તે જ તેમની ન્યાયદૃષ્ટિ. આ વાતને સવિસ્તાર સમજવા આપણે એટલું જાણવું આવશ્યક છે કે કોઇપણ દર્શન સમજવા માટે જે તે દર્શનના મૂળભૂત સિદ્ધાંતોને સમજવા ખૂબ જ આવશ્યક હોય છે. આ સિદ્ધાંતો તેના ગ્રંથો કે આગમોમાં સૂત્રાત્મક રીતે સિદ્ધાંતોના સ્વરૂપમાં હોય છે. આ સિદ્ધાંતોને સમજવા માટે એ જે ભાષામાં લખાયેલા છે તે ભાષાનું જ્ઞાન અને તેમાં રજૂ થતા વિચારોમાં સમજવા માટે તર્કના નિયમોનું જ્ઞાન આવશ્યક બને છે. આમ એક ભાષાના ઢાંચાને સમજવાની અને બીજી બાજુ વિચારના ઢાંચાને સમજવાની એટલે કે વ્યાકરણશાસ્ત્રની અને તર્કશાસ્ત્રની કોઇ પણ દાર્શનિક સિદ્ધાંત સમજવા માટે પાયાની જરૂરિયાત બની રહે છે. ન્યાયશાસ્ત્ર તર્કશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્ર વ. નામોથી પણ ઓળખાય છે, હવે જૈન પરંપરામાં 'અનેકાન્ત એ શ્રુતપ્રમાણ છે; તે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બે દૃષ્ટિઓ ઉપર અવલંબિત છે. એ બન્ને દૃષ્ટિએ અનુક્રમે સામાન્યબોધ અને વિશેષબોધને લીધે પ્રવર્તે છે. આ બન્ને પ્રકારના બોધો જૈનશાસ્ત્રમાં અનુક્રમે દર્શન અને જ્ઞાનથી ઓળખાય છે.'[7] જૈનો દર્શનની આગમ પરંપરામાં શરૂઆતથી જ એક એવો મત પ્રસિદ્ધ હતો કે દર્શન અને જ્ઞાન બન્નેની ઉત્પત્તિ ક્રમથી થાય છે. આગમ પરંપરાના આ મત સામે એવો મત ચાલ્યો કે દર્શન અને જ્ઞાન બન્નેની ઉત્પત્તિ ક્રમથી નથી થતી પરંતુ સાથે જ થાય છે. આ બન્ને મતોની સામે એક ત્રીજો મત આવ્યો જેનાં દર્શન અને જ્ઞાનનો અભેદ દર્શાવાયો. આમ દર્શન અને જ્ઞાન સંબંધમાં આગમ પરંપરા પ્રમાણેનો મત એ રહ્યો કે દર્શન અને જ્ઞાન ભિન્ન છે અને બન્ને એક સાથે ઉત્પન્ન ન થતા

[5] 'તત્ત્વાર્થસૂત્ર'–પં. સુખલાલજી પા–૬૮
[6] 'સન્મતિ પ્રકરણ'–સં. પં. સુખલાલજી પા–૧૩૪
[7] 'સન્મતિ પ્રકરણ'–સં. પં. સુખલાલજી પા–૧૬૭–૧૬૮

ક્રમશ: અર્થાત્ એક એક સમયના અંતરે ઉત્પન્ન થાય છે. વાચક ઉમાસ્વાતિ પહેલાંના બધા જ આચાર્યો અને ખાસ તો જિનભદ્રગણિ તેમજ ક્ષમાશ્રમણ વ. આ મતના આગ્રહી જણાય છે. આ મત 'ક્રમવાદ' તરીકે ઓળખાયો. દર્શન અને જ્ઞાન સંબંધી જે બીજો મત છે તે પ્રમાણે બન્ને ઉપયોગ ભિન્ન હોવા છતાં ઉત્પત્તિ ક્રમિક ન થતાં એક સાથે જ હોય છે. આચાર્ય મલ્લીવાદી આ મતના ખાસ આગ્રહી છે અને આ મત 'સહવાદ' તરીકે ઓળખાયો. ઉપરોક્ત બન્ને મતોની સામે સિદ્ધસેન દિવાકરનો ત્રીજો મત જેમાં દર્શન અને જ્ઞાનનો અભેદ બતાવ્યો છે તે 'અભેદવાદ' તરીકે ઓળખાય છે. આ આખો મુદ્દો, જૈન પરંપરામાં જોવા મળતી બન્ને શ્વેતાંબરીય અને દિગંબરીય પરંપરાઓમાં વાઙ્મયનો આખો ઇતિહાસ, શ્રી યશોવિજયજી માત્ર ઐતિહાસિક રીતે જ નહીં પણ એક વિદ્વાન બહુશ્રુતને શોભે તે રીતે ચર્ચે છે. તેઓ ત્રણે મતોના પુરસ્કર્તાની વાત સ્પષ્ટ કરે છે અને સમગ્ર ચર્ચાના અંતે તેના તાત્પર્ય અને સ્વોપજ્ઞ વિચારણારૂપે બે મુદ્દાઓનો ઉલ્લેખ કરે છે. એક તો એ કે પોતે 'અભેદવાદ'ના પક્ષમાં છે અને બીજો મુદ્દો એ કે નયભેદની અપેક્ષાએ ત્રણે પક્ષનો સમન્વય શક્ય છે. ઉ. શ્રીમદ્ યશોવિજયજીએ પોતાના જ્ઞાન-બિન્દુ નામના ગ્રંથમાં આ સમસ્યાના સમાધાનમાં સમન્વયાત્મક દૃષ્ટિબિંદુને સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે 'ક્રમિકવાદ'નું ઋજુસૂત્ર નયથી પ્રતિપાદન થાય છે; 'સહવાદ'નું વ્યવહાર નયથી પ્રતિપાદન થાય છે અને 'અભેદવાદ'નું સંગ્રહનયથી પ્રતિપાદન થાય છે આમ ખૂબ જ તાર્કિક રીતે પોતાની અનન્ય એવી સમન્વય શક્તિથી તેઓ એ 'નયભેદની અપેક્ષાએ આ ત્રણે સૂરિપક્ષો પરસ્પર વિરુદ્ધ નથી' [8] તેમ બતાવ્યું છે. આ અને આવા અનેક જ્ઞાનમીમાંસકીય પ્રશ્નોની ચર્ચાઓમાં આપણને શ્રી યશોવિજયજીની અનેકાન્તદૃષ્ટિનો તેમજ તેમની વિશિષ્ટ સૂઝનો કે જે તેમની દાર્શનિક પ્રતિભા ઉપસાવનાર તત્ત્વો છે તેનો પરિચય મળે છે.

પ્રાચીન સમયમાં પ્રમાણો દ્વારા પ્રમેયની પરીક્ષા કરનાર શાસ્ત્રને ન્યાયશાસ્ત્ર કહેવાતું. આમ સમય જતાં 'પ્રમાણ' શબ્દ ન્યાયનો બોધક બન્યો. જૈન ન્યાય કે જૈન તર્ક અનુસાર પ્રમાણ અને નય બન્ને વસ્તુને સમજવાનો પ્રયત્ન કરે છે. આમ શ્રી યશોવિજયજી પહેલા પ્રમાણ અને નય બન્નેને જૈન તર્કમાં અર્થ પરીક્ષાના મુખ્ય સાધન ગણાતા. શ્રી યશોવિજયજીએ પોતાના જૈન-તર્ક ભાષા'માં તર્કમાં પ્રમાણ અને નયની સાથે 'નિક્ષેપ'નો પણ સમાવેશ કર્યો. 'નિક્ષેપ' શબ્દને સમજવાનો પ્રયત્ન છે જે જૈન તર્ક અનુસાર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર દૃષ્ટિએ થાય છે. અહીં નિક્ષે-પની ચર્ચા પ્રસ્તુત નથી છતાં તેઓએ ન્યાયમાં જે પ્રદાન કરેલ છે તેની સમજણ તેમની દાર્શનિક પ્રતિભા સમજવામાં સૌથી વધુ ઉપકારક છે ભારતીય પરંપરામાં આમ તો ન્યાયશાસ્ત્રનો ઇતિહાસ ખૂબ લાંબો છે. જો આપણે "ગૌતમના ન્યાયસૂત્રથી (ઈ. સ ૩૫૦) લઈએ તો ઇ સ ૧૦૦૦ સુધીનો ન્યાયદર્શનનો વિકાસ પ્રધાનપણે બૌદ્ધ તાર્કિકોના સંઘર્ષથી થયો છે." [9] શ્રી યશોવિજયજીનો સમય ૧૭-૧૮મા સૈકાનો છે. તેઓના અગાઉ વિદ્વાનોમાં નવ્યન્યાયનો ખૂબ ફેલાવો થઇ ચૂક્યો હતો. "આ નવ્યન્યાયના મુખ્ય પ્રવર્તક ચૌદમી શતાબ્દીના મિથિલાના ગંગેશ છે કે જેઓએ 'ન્યાયતત્ત્વ ચિંતામણી' નામના ગ્રંથમાં નવ્યન્યાયનું વ્યવસ્થિત રીતે વિસ્તૃત વર્ણન કર્યું.' [10] નવ્યન્યાયનો વિકાસને કારણે સાહિત્ય, છંદ, વિવિધ દર્શન તથા ધર્મશાસ્ત્ર પર વિશેષ વ્યાપક પ્રભાવ પડ્યો. આ વિકાસના પ્રભાવથી બૌદ્ધ અને જૈન સાહિત્ય વંચિત રહ્યા હતાં. બૌદ્ધ સાહિત્ય માટે આ ત્રુટિ પુરાવવી આમેય સંભવ ન હતી. કારણ કે બારમી અને તેરમી સદી બાદ ભારતનાં બૌદ્ધ વિદ્વાનોની પરંપરા માત્ર નામની જ રહી હતી. પરંતુ જૈન સાહિત્યમાં તો આ ત્રુટિ સામે જ ખટકતી હતી. ભારતમાં અસંખ્ય જૈન વિદ્વાનો, જૈન ત્યાગીઓ અને જૈન ગૃહસ્થો હતા કે જેઓનું મુખ્ય જીવન-વ્યાપી ધ્યેય શાસ્ત્રચિંતન હતું. પં. સુખલાલજી કહે છે કે 'જૈન સાહિત્યની આ કમી દૂર કરનાર અને તે પણ એકલે હાથે દૂર કરવાનો ઉજ્જ્વલ અને સ્થાયી યશ જો કોઇ પણ જૈન વિદ્વાનને ફાળે જાય તો તે ઉપાધ્યાય યશોવિજયજી ને જ.' [11] તેઓએ જૈન તર્કભાષા, જ્ઞાનબિન્દુ પ્રકરણ, અષ્ટસહસ્રી જેવા ગ્રંથો દ્વારા ચૌદમા સૈકાથી માંડીને છેક સત્તરમા સૈકા સુધી નવ્ય નૈયાયિકોએ નવ્ય ન્યાયના જે પ્રધાન તત્ત્વોનું પ્રતિપાદન કર્યું હતું તેનું જૈન ન્યાયની અપેક્ષાએ વિસ્તૃત નિરૂપણ શ્રીમદ્ યશોવિજયજી સિવાય બીજા કોઇ પણ વિદ્વાન દ્વારા નવ્યન્યાયની શૈલીમાં જૈન દાર્શનિક તત્ત્વોનું વિસ્તૃત વિવેચન જોવા મળતું નથી.' [12]

શ્રી યશોવિજયજી એક તરફ શાસ્ત્રીય તેમજ લૌકિક ભાષામાં પોતાના સરલ તેમજ કઠિન વિચારોને જિજ્ઞાસુઓ સમક્ષ રજૂ કરવાની ચેષ્ટા કરનાર વિદ્વાન તરીકે નજર સમક્ષ આવે છે તો બીજી તરફ બંગાળ અને મિથિલાના નવ્યનૈયાયિકો રઘુનાથ શિરોમણિ ગુણાનંદ અને નારાયણના એ વિચારો કે જે સાથે વારતવમાં તેઓ સંમત નથી તેની ખુલ્લે મોંએ પ્રશંસા કરનાર પોતાના પ્રતિપક્ષ તરફ નિખાલસ, જ્ઞાનના અનન્ય ભક્ત તરીકે નજર સમક્ષ આવે છે. તેઓનું 'દૃષ્ટિબિંદુ તદ્દન વસ્તુ-લક્ષી અને આગવી શૈલીમાં છે. તેઓ પોતાના પ્રતિપક્ષ પ્રત્યે પ્રમાણિક અને વફાદાર જણાય છે.' [13]

શ્રી યશોવિજયજી અને તેમની પંક્તિના વિદ્વાન બહુશ્રુત જૈનાચાર્યો કે જેઓ દાર્શનિક પ્રતિભા ધરાવનાર છે તેઓને દૃષ્ટિ સમક્ષ રાખી એક મહત્ત્વના મુદ્દાની વાત પણ કરી લઇએ. આ મુદ્દો છે વિચારો કે સિદ્ધાંતોને લગતી મૌલિકતા કે નવસર્જનનો, ઉપાધ્યાયજીના અને તેમના જેવા બહુશ્રુત વિદ્વાનોના ગ્રંથો તેના વિષયની દૃષ્ટિએ મૌલિક જણાતા નથી, પરંતુ આથી આ વિદ્વાનોનું મહત્ત્વ ઘટતું નથી, દાર્શનિક પ્રતિભા ઓછી થતી નથી; કારણ કે આપણે જોયું તેમ અભેદવાદ, ષડનય, નિક્ષેપ, નવ્યન્યાય વ.માં એમનું જે વિશિષ્ટ પ્રદાન છે તે એમની એક દાર્શનિક તરીકેની અત્યંત પ્રભાવશાળી પ્રતિભાનું દર્શન કરાવે છે. આવી દાર્શનિક પ્રતિભા હોવા છતાં એમણે કયાંય કશું પોતે નવું કહેવા માગે છે અને તેને કારણે પરંપરાની બહાર તેમના વ્યક્તિગત અહમ્નો

[8] જ્ઞાનબિન્દુ પ્રકરણ'-સિંઘી પ્રકાશન (હિન્દી) પા.-૬૩
[9] 'ન્યાય-વૈશેષિક દર્શન' – લે. નગીન શાહ પા. ૪૪૮
[10] 'જૈન તર્ક ભાષા' – સં. ઇશ્વરચંદ્ર શર્મા (હિન્દી) પા. ૧૨
[11] 'દર્શન ઔર ચિન્તન' – પં. સુખલાલજી પા. ૪૫૬
[12] જૈન તર્ક ભાષા – સં. ઇશ્વરચંદ્ર શર્મા (હિન્દી) પા. ૧૨
[13] Jain Tark Bhasha–Dr. D. Bhargav p. xvii.

ઝંડો ઘણે ઊંચે લહેરથી ફરફરતો થાય છે એમ દર્શાવવાનો યત્ન કર્યો નથી. તેમણે નમ્રપણે પોતાની દાર્શનિક પ્રતિભાને જૈન દર્શનના મુખ્ય સિદ્ધાંતોની સમજણ વિસ્તારવામાં સમર્પિત કરેલી છે.

અંતે, જૈન પરંપરાનો અને જૈન દર્શનના વિદ્વાન બહુશ્રુતોનો ઇતિહાસ જોતાં સ્પષ્ટપણે જણાય છે કે ત્રીજા સૈકા સુધીમાં આવતા કુન્દકુન્દાચાર્ય અને ઉમાસ્વાતી; પાંચમા સૈકા સુધીમાં આવતા પૂજ્યપાદ, સામંતભદ્ર, સિદ્ધસેન દિવાકર, સાતમા–આઠમાં સૈકામાં આવતા મલ્લવાદી, જિનભદ્રગણિ, ક્ષમાશ્રમણ, ગંધહસ્તી, હરિભદ્ર; નવમા સૈકાથી પંદરમા – સોળમા સૈકા સુધીમાં આવતા અકલંક, વીરસેન, વિદ્યાનંદી, વાદીદેવસૂરિ અને હેમચંદ્રાચાર્ય સુધી ચાલ્યો આવતો જૈન વાડ્મયનો વિકાસ છેલ્લે ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી સુધી આવે છે. તેઓએ પોતાના જીવન દરમ્યાન માત્ર 'સુંદર, સચોટ અને સતર્ક' દાર્શનિક વિશ્લેષણ તેમજ પ્રતિપાદન' [14] જ નથી કર્યું પરંતુ જૈન વાડ્મયના વિકાસને વધારે ફળદાયી વળાંક આપીને પોતાની અનન્ય એવી દાર્શનિક પ્રતિભાથી અતિશય પ્રભાવક રીતે જાળવી રાખ્યો છે, પરંપરાને સાચવી છે વિશ્વ-દર્શનના ફલક પર દિપાવી છે.

માત્ર જૈન શાસનના જ નહિ પરંતુ સમગ્ર દાર્શનિક દુનિયાના સર્વકાલ અને સર્વ સમયના આ મહાન જ્યોતિર્ધર વિદ્વાન બહુશ્રુતને વંદન. ●

[14] 'દર્શન ઔર ચિન્તન' – પં. સુખલાલજી–પા. ૪૫૭

સત્પ્રણયના કવિ : શ્રી ખોટાદકર

● ડા. બળવંત જાની

કવિશ્રી ખોટાદકરની કવિતામાંથી પ્રથમ નજરે દૃષ્ટિગોચર થાય છે ગ્રામજીવન અને ગૃહજીવનનું નિરૂપણ. પરન્તુ જરા ઊંડાણથી તપાસીએ છીએ ત્યારે એ કવિતાઓમાંથી એમની સત્પ્રણયની વિભાવના આપણને પ્રાપ્ત થાય છે. કવિશ્રીને જે કંઈ જીવન સત્યદર્શન લાધ્યું છે, તે આ વિભાવના રૂપે કવિતાઓમાં કલાત્મક રીતે નિરૂપાયેલ છે. મારે મન કવિશ્રીની આ જીવનવિભાવના અને એના નિરૂપણ કૌશલ્યનું બહુ મોટું મૂલ્ય છે. તેમની આ બે બાબતને કારણે કવિશ્રી ખોટાદકર મને સવિશેષ સ્પર્શ્યા છે.

ખોટાદકર એની પોતીકી એવી જીવનવિભાવનાથી પૂરા સભાન હોવા જોઇએ. અને કદાચ એ કારણે જ મને લાગે છે કે તેઓ પોતાના પ્રત્યેક સંગ્રહના આરંભે શિખરિણી છંદમાં આ વિભાવનાનું દ્યોતક એવું એક–એક મુકતક રચીને મૂકતા હશે.

'કલ્લોલિની'ના આરંભે
'ધરે રૂપો કોટિ અવિકૃત અને એક જ છતાં
સ્વયંભૂ સર્વાત્મા પ્રતિહૃદયમાં પૂજિત સદા,
ચહ્યો વ્યાપી નિત્યે સકળ જડ ને ચેતન વિષે,
સ્મરું, વંદું, સેવું પ્રભુ પ્રગટ તે સત્પ્રણયને.'

અનેક રૂપે પણ જે એક જ છે, જે સ્વયંભૂ છે અને નિરંતર જે જડ અને ચેતનમાં વ્યાપી છે તેવા સત્પ્રણયને કવિશ્રી સ્મરે છે, વંદે છે અને સેવે છે કવિચિત્તમાંથી પ્રગટેલી આ એક આદર્શ ભાવના છે જે જુદે જુદે રૂપે કાવ્યમાં કયાંક તે કયાંક પડેલી છે નિહિત છે.

'સ્ત્રોતસ્વિની' આ આરંભે પણ કવિએ મુકતક મૂકયું છે જેમાં પણ આ જ વિભાવના છે.

'વસે ના વૈરાગ્યે, જપતપ થકી જે નવ જડે
અનાયાસે આવી વિમળ ઉરને સત્વર વરે,
પ્રતાપે પૃથ્વીમાં સુરસદનસૌંદર્ય વિરચે
સ્મરું, વંદું, સેવું પ્રભુ પ્રગટ તે સત્પ્રણયને.'

વૈરાગ્ય અને જપ કે તપથી જેની પ્રાપ્તિ નથી થતી પણ અનાયાસે જ વિમળ હૃદયમાં જે સ્થાન લઇ લે છે અને જેના પ્રતાપે એક પ્રકારનું દૈવી સૌંદર્ય આ પૃથ્વી પર વિલસતું રહે છે, એવા સત્પ્રણયને કવિ સ્મરે છે, વંદે છે અને સેવે છે.

'નિર્ઝરિણી' નામના ત્રીજા કાવ્યસંગ્રહના આરંભે પણ એ જ રીતે કવિશ્રીએ સત્પ્રણયની વિભાવનાને ગાતું મુકતક પ્રયોજયું છે.

કટાક્ષે જોતાં જે વિષ થકી સુધાવર્ષણ કરે
અને અગનમાં શત શશીનાણું શૈત્ય સરજે,
સ્મૃતિ જેની સહેજે દ્રઢ નસનાં બંધન હણે
સ્મરું વંદું, સેવું પ્રભુ પ્રગટ તે સત્પ્રણયને

જે હંમેશા અમૃત વરસાવે છે, અને શત શત શશિ જેવી શિતળતા વરસાવે છે અને જેની સ્મૃતિ જેવી પાવનકારી છે છે કે એનાથી દ્રઢ એવા નરકનાં બંધન હણાય છે આવા સત્પ્રણયને કવિશ્રી વંદે છે, સ્મરે છે અને સેવે છે.

આવી એક ભવ્ય અને ઉદાત્ત એવી સત્પ્રણયની વિભાવના આ ત્રણ મુકતકોમાંથી અત્યંત કોમળ એવા સૂરે પ્રગટે છે. 'રાસતરંગિણી' કવિશ્રીની રાસકૃતિઓનો સંચય છે એટલે એના આરંભે આ પ્રકારનું મુકતક નહીં મૂકયું હોય અને 'શૈવલિની' કવિશ્રીનો મરણોત્તર કાવ્યસંગ્રહ છે.

પરંતુ આ પાંચેય કાવ્યસંગ્રહની રચનાઓમાંથી કવિશ્રીને અભિપ્રેત એવી સત્પ્રણયની વિભાવના તો એક યા બીજા રૂપે પ્રાપ્ત થાય જ છે.

'ઊર્મિલા' ખંડકાવ્ય છે, તો 'વાત્સલ્ય' એક રાસકાવ્ય છે. એમાં છે તો નારીચિતનું મંથન, પણ સાથે સાથે સત્પ્રણયની વિભાવનાથી ઊપસે છે ખરી. ઊર્મિલાનું ભાવવિશ્વ પરિચિત છે એમાં કવિશ્રીએ કેટલીક કાવ્યકંડિકાઓ દ્વારા શુદ્ધ પ્રેમના મહિમાને ગાયો છે.

'આર્તનાદ ન કે' કાંઈ, ના ચેષ્ટા સ્નેહની કશી
સ્નેહશૌર્ય ધરી ઊભી આપદ્‌ભાર ઉઠાવતી
સ્નેહગર્વ નથી જેને સ્નેહશોક ન એ ધરે
તૂટતા આભને ઝીલી લેવાની શકિત એ ઉરે.'

* *

'સ્વાર્થને પોષવા તારે અંતરે વાસના નથી
સ્નેહીના ચિત્તને શોભે એવી તે શાંતિ સાચવી'

* *

'સ્નેહીકેરું હૃદય સમજે તે તણું તત્ત્વ સર્વે'

ઊર્મિલાના રૂપક દ્વારા જાણે કે કવિશ્રી, સત્પ્રણયની

વિભાવના જ રજૂ કરે છે. પ્રબળ પ્રેમ પાસે નથી ખેંચતો, એ દૂર પણ ધકેલે છે. સ્નેહ અને સત્પ્રણયનો કેવો પ્રભાવ છે : એવો એક સૂર આપવા ખંડકાવ્યમાં એક રસ થઈ ગયો છે.

'વાત્સલ્ય' રાસમાં
'સરવરતીરને રે તોડી જળલહરી વહી જાય
ગોડી સંચરી રે એવો સહિયરનો સમુદાય
કાંટા કાંકરા રે એને અડકે નહીં પગમાંય
ચરણે ચાલતી રે જાણે પાંખણી ઊડી જાય'

પોતાના પિયર સહિયરનો સગાથ છોડીને જઈ રહેલી સ્ત્રી સ્નેહના બળે-પ્રભાવે શું-શું અનુભવતી હોય એનું આલેખન પછીની પંક્તિઓમાં કવિ કરે છે.

મનહર મોઢડાં રે જોતાં હૈયું ઊચરે 'હાશ'
અડતાં અંગને રે ઊપજે અણમૂલો ઉલ્લાસ
ઉર આલિંગને રે લેતી દેવભવનની લ્હાણ
ચારુ ચુંબીને રે મળતી મોક્ષ તણી કે માણ.
એ છબી આગળ રે ઝાંખા કોટિક શશિયર સૂર
એ સુરભિ કને રે ફીકી કુલડાંની કે ફોર

પતિવ્રતા નારી, પતિમિલન માટે ઉત્સુક હોય એ ચિત્ર કેટલું કલાત્મક રીતે કવિએ દોર્યું છે તેનું અહીં દર્શન થાય છે. આમ પ્રણયનું એક મંગલ-વત્સલરૂપ કવિએ આલેખ્યું છે.

'એ દ્રષ્ટિ' કાવ્ય સત્પ્રણયનો જ મહિમા ગાતું કાવ્ય છે એ દ્રષ્ટિ એટલે સત્પ્રણયની દ્રષ્ટિ કે જે સતત સૌંદર્ય-એકતા અને સર્વાત્મભાવનાનો અનુભવ કરાવે છે. કવિ સત્પ્રણયના ઉપાસક છે, આરાધક છે એની પ્રતીતિ આ કાવ્યમાંથી પ્રબળરૂપે થાય છે

'એ દ્રષ્ટિ આ જગ સકળમાં પૂર્ણ સૌંદર્ય જોતી
ને મીઠી કૈ કુદરત તણી લાણ સર્વત્ર લેતી,
વ્યક્તિ માત્રે વસી વિમળતા એકતા એ નિહાળે
જૂદો પેલો જગવિષયનો ભેદ ના કાંઈ ભાળે.'

શુદ્ધ સાત્ત્વિક એવા સત્પ્રણયના પ્રભાવનું મન મૂકીને ગાન આ 'એ દ્રષ્ટિ' કાવ્યમાં કવિએ ગાયું છે. આ જ ભાવ તીવ્ર રીતે 'અમારો યજ્ઞ' કાવ્યમાં વ્યક્ત થયેલો છે

'નિસ્વાર્થ પ્રેમ છે જેને, હૃદય રસરૂપ છે જેને
અમારા યજ્ઞમાં વરવા તણો અધિકાર છે તેને.'

* * *

'અમારા એ જ અધ્વર્યુ અને અધિકારીઓ સાચા
પ્રણય મળતા ખરા ભાગી, સકળ આ સત્ર કરનારા'

સત્પ્રણયી ચિત્ત આ વ્યક્તિનું કવિએ આંકેલું મહત્ત્વ અહીં જોઈ શકાય છે. કવિને મન સત્પ્રણયી જ શ્રદ્ધેય છે.

કવિની આ સત્પ્રણયની વિભાવના આમ સાત્ત્વિક અને નિર્મમ નિર્મળા છે. પ્રેમમગ્ન ઉરમાં કાંઈ જ સ્થૂળ અભિલાષા જાગતી નથી. કારણ કે આ સાત્ત્વિક એવા સત્પ્રણયનો સ્પર્શ જેના ચિત્તને થયો છે એ પ્રણયમૂરિત ચિત્તમાં-વ્યક્તિત્વમાં પછી કશી જ, કંઈ જ ન્યૂનતા કે ખાલીપો રહેતાં નથી તેની સભરતાનો અને પરમતૃપ્તિનો અનુભવ અહર્નિશ થતો હોય છે. એટલે જ તેઓ ગાય છે કે 'પ્રણય સરખો જ્ઞાતા કર્તા નહીં જગમાં જડે'

'સદા ન્યારો ન્યારો પ્રણય પ્રિય : નૈસર્ગિક વસે
અને એનાં પાત્રો પણ સહજ શોધ્યાં નવ જડે'

સત્પ્રણયથી સભર હૃદયવાળાં પાત્રો વિરલ હોય છે એનો બરોબર કવિને ખ્યાલ છે. સત્પ્રણયી કયારેક વિકૃળા રહેતો નથી એવી દૃઢ શ્રદ્ધાથી કવિ ગાય છે કે,

'સત્પ્રેમ આગળ અશક્ય ન કૈં જણાય
ને સ્નિગ્ધ માનસ વિશે ભાના સમાય
ભક્તિ ખરા જિગરની નહીં વ્યર્થ જાય
કર્તવ્યનિષ્ઠ ઉરનો ન નિપાત થાય'

કવિની પ્રણયભરતીનો-શ્રદ્ધાનો વિશેષ પરિચય અહીં થાય છે.

'પ્રણયનાં મીઠડા મંત્રો અને ગીતો અમે ગાશું
ભલે સંસારના શિષ્યો સૂણે કે ના સૂણે – તોયે'

આમ સત્યપ્રણયનું ગાન તેઓ જ્યાં જ્યાં અવકાશ મળે ત્યાં ઔચિત્ય જાળવીને ગાય છે. એટલે કે સત્પ્રણયની તેમની વિભાવનાનું સંયોજન કવિતાના મૂળભાવ સાથે તેઓ એવી રીતે કરે છે કે એ કવિતાના સત્પ્રણયની વિભાવનાની પ્રચારક કે નરી ઉપદેશપ્રધાન કવિતા લાગતી નથી, તેઓ નક્કર વાસ્તવ-હાર્ડ રિયાલિઝમના કવિ નથી. પણ કોમળ-કોમળ ભાવના, સંવેદનાના કવિ છે. આ માટે કઠોર વાસ્તવને બદલે કાલ્પનિક જગત તેઓ ખડું કરે છે. નરી ભાવના, આદર્શસ્થિતિ અને કલ્પનાનું એક ઉદાત્ત વિશ્વ રચીને એમાં પોતાને અભિપ્રેત મંગલ, શિવ, દર્પ અને સત્પ્રણયનો ભાવ આલેખે છે તેમ છતાં તેમનું આ કલ્પનાવિશ્વ નથી તરંગી, અતિશયોક્તિથી ભર્યું ભર્યું લાગતું નથી તે તેની અભિવ્યક્તિની ઊંડી સૂઝને કારણે.

આમ તેમની કેટલીક પ્રિય વિભાવનાઓ જીવનસત્યોમાંથી સત્પ્રણય એ પ્રમુખ તત્ત્વ છે અને વ્યાપકરૂપે તેઓ એ તત્ત્વનું આલેખન તેમની કવિતામાં કરતાં દ્રષ્ટિગોચર થાય છે.

ખંડકાવ્ય હોય કે ગીત, રાસ કે ઊર્મિકાવ્ય; પણ કવિ જ્યાં જ્યાં તક મળે ત્યાં પૂરા ઔચિત્યથી એમની પોતીકી એવી સત્પ્રણયની વિભાવનાને કલાત્મક રીતે નિરૂપી દે છે અને કાવ્યને એક જુદું જ તથા આગવું પરિમાણ પ્રાપ્ત થાય છે.

ઓટાદકરે એક ભાવનાલોકનું સર્જન કર્યું જે ચિરંજીવ રહેશે, સતત સ્પર્શી જાય છે તે આ ભાવનાલોકને લયાન્વિત રૂપે આલેખ્યકત કરવાની આવડત, કુશળતા, એક દ્રષ્ટિબિંદુ-Poin of View નું આવી ઊંડી સૂઝથી કાવ્યને ઉપકારક બને એ રીતે આલેખન કરવું એ ઘણી મોટી બાબત છે મને ઓટાદકર આ કારણે મોટા ગજના દ્રષ્ટિવંત કવિ લાગે છે.

●

પર્યુષણ અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮નો તથા તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૮૮નો અંક પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રસંગે સંયુક્ત અંક તરીકે તા. ૧ સપ્ટેમ્બરના રોજ પ્રગટ થશે.

-તંત્રી

પશુપંખીઓની નિકાસ

(પૃષ્ઠ ૨થી ચાલુ)

ચવા લાગે છે. પરંતુ ભારતમાં મોરની સંખ્યા ઘટતી ચાલી છે એ જોતાં પોતાના રાષ્ટ્રીય પંખીની જાળવણી માટે ભારત સરકારે ચિંતિત થવાની જરૂર છે. કાંગારુ ઓસ્ટ્રેલિયાનું રાષ્ટ્રીય પ્રાણી છે એની સંખ્યામાં ઘટાડો જણાતાં કેટલાંયે વર્ષ પૂર્વે ઓસ્ટ્રેલિયાની સરકારે કાંગારુના શિકારને ગેરકાનૂની જાહેર કરી દીધેલો છે અને પ્રાણીસંગ્રહાલય પૂરતી જ તેની મર્યાદિત નિકાસની છૂટ રખાઈ છે. પોતાના રાષ્ટ્રીય પ્રાણી કે પંખી પ્રત્યે ગૌરવની ભાવના જગાડવી એ સરકારનું પણ કર્તવ્ય છે. પરંતુ તેને બદલે ભારતમાં સરકારી સ્તરે જ પ્રધાનોથી માંડીને ફારકૂન અને ચપરાશી સુધી અજ્ઞાનયુક્ત કે અવળી મનોદશા પ્રવર્તે છે એ બહુ ખેદની વાત છે. ભારતના અનેક સરકારી કર્મચારીઓને એ અબર પણ નહિ હોય કે મોર એ આપણું રાષ્ટ્રીય પક્ષી છે.

ભારત વિકાસશીલ દેશ હોવાથી વિદેશી હૂંડિયામણની એને જરૂર રહે છે. પશુપંખીઓની નિકાસ દ્વારા ભારતને સારુ વિદેશી હૂંડિયામણ મળે છે એવી દલીલ કદાચ કોઈ કરે, પરંતુ ભારતના અર્થતંત્રનો સમગ્રપણે અભ્યાસ કરવામાં આવે તો પશુપંખીઓની નિકાસ દ્વારા મળતું વિદેશી હૂંડિયામણ નહિ જેવું જ છે તેની ખાતરી થયા વિના નહિ રહે. પશુ-પંખીઓની નિકાસ દ્વારા મળતા વિદેશી હૂંડિયામણ કરતાં અનેકગણું વધુ હૂંડિયામણ તો ભારત અન્ય વેપારોની ગેર રીતિઓ દ્વારા ગુમાવે છે અને તેમાં પાર્લામેન્ટના સભ્યો અને પ્રધાનોના હિસ્સા પણ હોવાનું કહેવાય છે. વેપારીઓ ઉપરાંત સરકારી તંત્ર અને પ્રધાનો થોડાંક વધુ પ્રામાણિક બને તો પણ ઘણું બધું હૂંડિયામણ બચાવી શકે એમ છે. એટલે હૂંડિયામણની લૂલી દલીલ કરીને નિર્દોષ પશુપંખીઓની નિકાસનો બચાવ કરવો એ ગેરવાજબી છે.

ભારતીય સંસ્કૃતિમાં જીવદયાને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. ભારતમાં માંસાહારી લોકોનું ઠીક ઠીક પ્રમાણ છે, તોપણ પશુ-પંખીઓ પ્રત્યે પ્રેમ એ સમગ્ર ભારતીય પ્રજાનું હજારો વર્ષથી એક આગવું વિશિષ્ટ લક્ષણ રહ્યું છે ભારતીય સંસ્કારની એ પારાશીશી છે. એટલે જીવદયાની દૃષ્ટિએ તેમ જ ભારતીય પર્યાવરણની જાળવણીની દૃષ્ટિએ પશુપંખીઓની નિકાસના પ્રશ્નનો સરકારે ગંભીરપણે વિચાર કરવો ઘટે છે.

રમણલાલ ચી. શાહ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘ દ્વારા પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે ગુરુવાર, તા. ૮-૯-૧૯૮૮ થી શુક્રવાર, તા. ૧૬-૯-૧૯૮૮ સુધી એમ નવ દિવસ માટે બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટીમાં યોજવામાં આવી છે.

આ વ્યાખ્યાનમાળાનો સવિગત કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

-મંત્રીઓ

કાવ્યશાસ્ત્ર વડે કાલનિર્ણય

(પૃષ્ઠ ૧૦થી ચાલુ)

घटं भिन्द्यात् पटं छिन्द्यात् कुर्यात् रासभरोहणम् ।
येन केन प्रकारेण प्रसिद्ध : पुरुषो भवेत ॥

પ્રસિદ્ધિ માટે ફાંફાં મારીને નિરાશ થયેલા કીર્તિઘેલાઓને કવિ કહે છે કે પ્રસિદ્ધિ મેળવવી સહેલી છે. સભા-સંમેલનોમાં પાણી પીવા માટે રાખેલાં માટલાં ફોડવાં ત્યાં બેઠેલાઓના બેસવા વગેરે વસ્ત્રો ફાડવાં અથવા તો સભાસ્થળ આગળથી ગધેડે ચડીને નીકળવું. આમ હર કોઈ જનનો ઉપાય અજમાવીને પુરુષે પ્રસિદ્ધ થવું.

*

कमले कमला शेते हर : शेते हिमालये ।
विष्णु : क्षीरनिधौ शेते मन्ये मत्कुण शंकया ।

લક્ષ્મી કમળમાં પોઢે છે, શિવજી હિમાલયમાં સૂએ છે અને વિષ્ણુ ક્ષીરસાગરમાં સંતાયે છે તેનું કારણ હું માનું છું કે માંકડનો ડર કે તેની શંકા છે.

*

स्वयं महेश : श्वशुरो नगेश :
सखा धनेश : तनयो गणेश :
तथाऽपि भिक्षाटनमेव शंभो ;
बलीयसी केवलमीश्वरेच्छा ॥

પોતે મહેશ્વર છે, સસરા નગાધિપતિ હિમાલય છે, મિત્ર કુબેર છે, પુત્ર ગણેશ છે અને તોય શંકર ભગવાનને ભિક્ષા માગવા ભટકવું પડે છે, ઈશ્વરની ઇચ્છા જ કેવળ બળવાન છે.

*

उपदेशो न दातव्यो यादृशे तादृशे जने ।
पश्य वानरयूथेन सुगृही निर्गृही कृता ॥

જેવા તેવા માણસને ઉપદેશ આપવો નહિ જો કે ટાઢમાં ઠરતા વાંદરાને સુગરી (પક્ષીએ)એ ઘર બાંધવાની શિખામણ આપી તો વાંદરાએ બદલામાં તેનો ઘર જેવો માળો જ ઉખેડી નાખ્યો.

*

यस्य कस्य तरोर्मूलं येन केनापि पेशितम् ।
यस्मै कस्मै प्रदातव्यं यद्वा तद्वा भविष्यति ॥

ઊંટવૈદ્યોની મજાક કરતાં કરતાં કવિ કહે છે કે હરકોઈ ઝાડનું મૂળ લઈને તેને હરકોઈ પદાર્થ સાથે પીસી નાખવું, પછી હરકોઈ રોગીને તે આપવું. અંતે જે થાય તે ખરું.

*

तृणादपि लघुस्तूल : तूलादपि च याचक : ॥
वायुना किं न नीतोऽसौ मामयं प्रार्थयेदिति ॥

તણખલા કરતાં રૂ હલકું છે અને રૂ કરતાં માગણ હલકો છે, તો પછી વાયુ તેને ઉપાડી કેમ ન ગયો? ઉત્તર એ છે કે વાયુને બીક લાગી કે માગણ મારી પાસે પણ કંઈક માગશે.

*

अश्वं नैव गजं नैव व्याघ्रं नैव च नैव च ।
अजापुत्रं बलिं दद्यात् देवा : दुर्बलघातका : ॥

ઘોડાને નહિ, હાથીને નહિ અને વાઘને તો બલિદાનમાં

કદી પણ આપવો જ નહિ. બકરાને બલિદાનમાં ચડાવવો. દેવો (પશુ) દુર્બળના જ ઘાતક છે.

*

યાવજ્જીવં સુખ જીવેદ્ ઋણ કૃત્વા ઘૃતં પિબેત્ ।
ભસ્મી ભૂતસ્ય દેહસ્ય પુનરાગમનં કુત : ।।

જીવીએ ત્યાં સુધી લહેરથી જીવવું. તે માટે દેવું કરીને પણ ઘી પીવું, (મિષ્ટાન્ન ખાવું). આ દેહ ચિતામાં ભસ્મ થયો પછી તેને કયાં પાછા આવવું છે?

*

નિર્વિષેણાઽ સર્પેણ કર્તવ્યા મહતી ફણા ।
વિષમસ્ત ન ચાપ્યસ્તિ સ્કટાટોપો ભયંકર : ।।

ઝેર વગરના સાપે પણ મોટી ફેણ ફેલાવી દેખાડવી જોઇએ કારણ કે ઝેર હોય કે ન હોય, પરંતુ ફેણનો ઘેરાવો જ ભયંકર છે.

*

ખલ્વાટો દિવસેશ્વરસ્ય કિરણૈ : સંતાપિતો મસ્તકે
વાંછન્ દશમમાઽપ વિવિધશાત્ તાલસ્ય મૂલં યયૌ ।
તત્રાપ્યસ્ય મહાફલેન પતતા ભગ્નં સશબ્દં શિર :
પ્રાય : ગચ્છતિ યત્ર ભાગ્યરહિત : તત્રૈવ યાન્ત્યાપદ : ।।

સૂર્યનાં કિરણોથી ત્રાસેલો ટાલિયો માણસ છાયો શોધતો, ભાગ્યવશાત તાડના (અથવા નાળિયેરીના) મૂળ આગળ આવ્યો તો ત્યાં ઉપરથી મોટું ફળ તેને માથે પડયું અને માથું ભાંગી ગયું. અભાગિયો માનવી જ્યાં જાય ત્યાં ઘણું ખરું આફત આવી પહોંચે જ છે.

*

કેશવં પતિત દ્રષ્ટવા પાંડવા : હર્ષ નિર્ભરા : ।
રુદન્તિ કૌરવા : સર્વે હા હા કેશવ કેશવ ।।

(સંસ્કૃતમાં ક=જળ અને શવ=મડદું એવો અર્થ થાય છે) કેશવને (જળમાં મડદાને) પડેલ જોઇને પાંડવો (માછલાં હરખમાં આવી ગયાં, પરંતુ 'હાય, કેશવ, હાય કેશવ' એમ બોલતા કૌરવો (કાગડા) રડવા લાગ્યા (કૌ, કૌ એવો રવ છે જેમનો એવા તે કાગડા)

*

એકો ના વિંશતિ : સ્ત્રીણાં સ્નાનાર્થં સરયૂં ગતા : ।।
વિંશતિ : પુનરાયાતા એકો વ્યાઘ્રેણભક્ષિત : ।।

વીસમાં એક ઓછી (ઓગણીસ) સ્ત્રીઓ સ્નાન કરવા સરયૂ તટે ગઇ. સ્નાન પછી વીસ મનુષ્યો પાછા આવ્યા અને એકને વાઘ ખાઇ ગયો. તે કેવી રીતે? (એક + ઉના = એક ઓછી; એકો ના = એક નર) ઓગણીસ સ્ત્રીઓ ગઇ અને વીસ જણાં પાછા ફર્યા કારણ કે વીસમો જણ પુરુષ હતો) (ન=ના=નર)

*

મંત્રિત્વે રમોરુ ત્રિદશવદન ગ્લાનિરઘુના ।
સ રામો મે સ્થાતા ન યુદ્ધ પુરતો લક્ષ્મણ સખ : ।
ઇયં યાસ્યત્યુચ્ચૈ વિવિદમધુના વાનરબલમ્ :
લઘિષ્ઠેદં ષષ્ઠાક્ષર પર વિલોપાત્પલ પુને : ।।

રાવણ સીતાને મનાવતાં નીચેના શબ્દો ઉચ્ચારે છે. 'કદલી વૃક્ષની સમાન સાથળવાળી હે સુંદરી! હમણાં થોડા સમયમાં દેવોનાં મોઢાં કાળાં થશે. લક્ષ્મણની સહાયતાવાળો રામ યુદ્ધમાં મારી સામે ટકી નહિ શકે. વાનરોનું આ સૈન્ય આફતમાં ફસાશે.' આના ઉત્તરમાં સીતા કહે છે કે 'નીચ! તારા શ્લોકનો સાતમો અક્ષર બાદ કરીને ફરી વાર શ્લોક બોલ તો ખરો.'

ઘૃત ન શ્રુયતે કર્ણે દધિ સ્વપ્ને ન દ્રશ્યતે]
મુગ્ધે દુગ્ધસ્ય કા વાર્તા તક્ર શક્રસ્ય દુર્લભમ્ ।।

નવી પરણીને આવેલી પત્નીએ પોતાના દરિદ્ર પર પંડિત બ્રાહ્મણ પતિને પૂછ્યું કે આપણા ઘરમાં રોટલો ને મીઠું અથવા રોટલો ને મરચું કેમ ખવાય છે? દૂધ – દહીં – છાશ – ઘી વગેરે કેમ વપરાતાં નથી? પતિ કહે છે: ઘી શબ્દ કાને સાંભળવા મળતો નથી. દહીં સ્વપ્નમાં પણ દેખાતું નથી હે ભોળી નારી! ત્યાં દુધની કયાં વાત કરવાની રહી? તું કહે કે છાશ તો મળે ને! તો તેનો ઉત્તર એ છે કે છાશ તો સ્વર્ગમાં ઇન્દ્રને પણ મળતી નથી.

*

કન્યા વરયતે રૂપં માતા વિત્ત પિતા શ્રુતમ્ ।
બાન્ધવા : કુલમિચ્છન્તિ મિષ્ટાન્નમિતરે જના : ।।

કન્યા રૂપ ઉપર મોહે છે, માતા ધન ઉપર વારી જાય છે પિતા વિદ્યાભ્યાની આશા કરે છે. ભાઇઓ ઊંચા કુળની અભિલાષા સેવે છે અને નાતીલાઓ (મળવાના) મિષ્ટાન્નને ઝંખે છે

સદા વક્ર : સદા ક્રૂ : સદા પૂજામપેક્ષતે ।
કન્યારાશિસ્થિતો નિત્યં જામાતા દશમો ગ્રહ : ।।

સદાય વાંકો, સદાય ક્રૂર, સદાય પૂજાની અપેક્ષા રાખનારો કન્યા રાશિમાં જ (કાયમ) વસનારો જમાઇ (નામનો) દસમો ગ્રહ (પૃથ્વી ઉપર) છે.

*

દંતાનાં ભાખુરીણાં ચ મહદ યુદ્ધ પ્રવર્તને ।
ન જાને જાનકીનાથ કસ્ય મંત્રો ભવિષ્યતિ ।।

દાંત અને ભાખરી (અથવા રોટલા) વચ્ચે આજે મોટી લડાઇ ચાલી રહી છે. હે જાનકીનાથ! હું જાણતો નથી કે દાંત અને ભાખરીમાંથી કોણ ભાંગશે?

*

અલંકારપ્રિયો વિષ્ણુ : જલધારાપ્રિય : શિવ : ।।
નમસ્કાર પ્રિયો ભાનુ : બ્રાહ્મણા : મોદક પ્રિયા : ।।

વિષ્ણુ અલંકાર ધારણ કરવાના પ્રેમી છે. શિવ જળધારામાં સ્નાન કરવાના શોખીન છે સૂર્યને કોઇ ભકત નમસ્કાર કરે તેથી હર્ષ થાય છે અને બ્રાહ્મણો લાડવાથી રીઝે છે.

*

દ્વન્દો દ્વિગુરપિ ચાહં મદગેહે નિત્યમવ્યયીભાવ : ।
તત્પુરુષ કર્મધારય યેનોહંસ્યાં બહુવ્રીહ : ।।

હે શ્રીમાન (અથવા રાજા!) હું સજોડે છું મારી સાથે બે ગાયો (ખાણ નીરણ આપવા માટે) છે. મારા ઘરમાં (બિલકુલ આવક ન હોવાથી) બિલકુલ ખરચ થતો નથી, તેથી હે પુરુષ શ્રેષ્ઠ! મને કોઇક કામ આપો કે જેથી કરીને મારે ઘેર ચોખાનો ભંડાર ભરાય (હું ધન-ધાન્યવાળો થાઉં) અહીં છ સમાસોનાં નામો વાપરીને કવિએ આ શ્લોક રચ્યો છે.

ભો દારિદ્ર નમસ્તુભ્યં સિદ્ધોઽહં ત્વત્પ્રસાદત : ।
પશ્યામ્યહં જગત્સર્વં ન માં પશ્યતિ કશ્ચન ।।

હે દરિદ્રતાદેવી! તારી કૃપાથી હું યોગસિદ્ધિ પામ્યો છું. હું આખા જગતને જોઇ શકું છું, પણ (તારી કૃપા વડે અદૃશ્ય રહેવાથી) મને કોઇ જ જોતું નથી.

કાવ્યશાસ્ત્ર વડે કાલનિર્ગમન

• તનસુખ ભટ્ટ

મુક્તક એટલે મુક્ત અથવા છૂટો શ્લોક. છૂટો શ્લોક એટલે એક જ કડી હોય. મુક્તકનાં લક્ષણો એ છે કે તે સ્વયં પર્યાપ્ત હોય. અર્થાત્ (૧) તેનો અર્થ સમજવા માટે કોઇ જાતના પૂર્વાપર સંબંધની આવશ્યકતા ન હોય (૨) તેમાં એક જ વિચાર, કલ્પના કે રસનું નિરૂપણ થયું હોય (૩) તે અત્યંત ધારદાર કે ચોટદાર હોય (૪) તેની શૈલી, સઘન, સંક્ષિપ્ત તથા અર્થવતી (અર્થભારવતી) હોય. ટૂંકાણ અને ચોટ મુક્તકનો પ્રાણ છે. બે કે ચાર લીટીના શ્લોકમાં વિચાર, કલ્પના કે રસનું સચોટ નિરૂપણ કરવામાં ઉત્તમ કલા-શક્તિ જોઇએ. કવિને વક્તવ્ય ટૂંકાણમાં મૂકતાં આવડવું જોઇએ. વિચાર, રસ કે કલ્પનાને ઘૂંટી ઘૂંટીને તેનું સત્ત્વ કે અર્ક કાઢ્યાં હોય તો જ તે ટૂંકાણમાં મુકાય અને ઉત્તમ શબ્દોમાં પ્રસ્તુત થઇ શકે. આમ કાવ્યનો આ લઘુતમ પ્રકાર કવિની ગુરુતમ કાવ્યકલા માગી લે છે. આ કારણે મુક્તકની રચના ઘણા કવિઓને કઠિન ભાસે છે. સંસ્કૃત ભાષામાં મુક્તકોનો ભંડાર છે તેમાંથી હાસ્ય રસના સ્મિતપ્રેરક કે વિનોદપ્રદ થોડાં મુક્તકો જોઇએ. અહીં કોઇ દાખલામાં પૂર્વાપર સંબંધની જરૂર પડે છે ખરી; પરંતુ તેની રચના એવી આનંદપ્રદ છે કે મુક્તકનાં લક્ષણોનો ભંગ થવા છતાં આપણને તે ગમે છે અને નિયમભંગ ક્ષમ્ય લાગે છે.

જેનો ત્રણે કાળમાં અભાવ છે તેને સંસ્કૃતમાં અત્યંતાભાવ કહે છે. મૃગતૃષ્ણા, આકાશ-પુષ્પ, વંધ્યાપુત્ર અને શશશૃંગ તેનાં ઉદાહરણો છે. આ ચારે અશક્ય વસ્તુઓને એકત્ર કરીને કલ્પનાચિત્ર રજૂ કરતાં કવિ કહે છે :

मृगतृष्णाऽम्भसि स्नातः खपुष्पकृत शेखरः ।
एष वंध्यासुतो याति शशशृंग धनुर्धरः ॥

મૃગજળમાં સ્નાન કરીને, આકાશપુષ્પના ગુચ્છા વડે મસ્તક શોભાવીને, સસલાના શીંગડાનું ધનુષ્ય ધારણ કરીને, આ વંધ્યાપુત્ર (અહીંથી) જાય છે.

*

मर्कटस्य सुरापानं तस्य वृश्चिकदंशनम् ।
तन्मध्ये भूतसंचारो यद्वा तद्वा भविष्यति ॥

માંકડાએ દારૂ પીધો, પછી તેને વીંછી કરડ્યો ત્યાં તેને ભૂત વળગ્યું, હવે જે થાય તે ખરું.

*

उष्ट्राणां च गृहे लग्नं गर्दभाः शान्तिपाठकाः ।
परस्परं प्रशंसन्ति अहो रूपम् अहो ध्वनिः ॥

ઊંટોને ઘેર લગ્નપ્રસંગ આવ્યો, તેમાં શાંતિપાઠ કરવા માટે ગધેડાઓને તોતર્યા, ગધેડા (ડાવકાઇથી) કહે છે કે 'અહોહો! તમારું રૂપ કેવું મનોહર છે!' ઊંટો (આભિજાત્યથી) ગધેડાને કહે છે કે 'અહોહો! તમારો ધ્વનિ કેવો કર્ણમધુર છે!'

*

वक्तारः किं करिष्यन्ति श्रोता यत्र न विद्यते ।
नग्नक्षपणके देशे रजकः किं करिष्यति ॥

જે સભામાં શ્રોતા જ ન હોય ત્યાં વક્તાઓ શું બોલવાના હતા? નાગાબાવાઓના દેશમાં ધોબીઓ શું ધંધો ચલાવવાના હતા?

*

नवनीतमयं लिंगं पूजार्थं केनचित कृतम् ।
हन्त तस्य प्रमादेन शिवोमक्षित औंदुना ॥

એક ભક્તે પૂજાને અર્થે માખણનું શિવલિંગ બનાવ્યું, પરંતુ તેની ગફલતને લીધે, અરેરે! કોઇ બિલાડો તે ખાઇ ગયો.

*

के गो न याति वंश लोके मुखपिंडेन पूरितः ॥
मृदंगो मुखलेपेन करोति मधुर ध्वनिम् ॥

જેનું મોઢું ભરી દીધું હોય તેવો કયો માણસ આ જગતમાં વશ થતો નથી? મૃદંગનું મોઢું (શહેરમાં શાહીથી અને ગામડામાં ઘઉંના લોટના પીંડાથી) ભરી દેવામાં આવે છે તો તે મીઠું અવાજે બોલે છે.

*

अस्माकं बदरीचक्रे युष्माकं बदरीतरूः ।
बादरायणसंबंधात् यूयं यूयं वयं वयम् ॥

(પૂર્વાપર સંબંધ :– બોરડીના લાકડામાંથી બનાવેલાં પૈડાંવાળું ગાડું લઇને સાંજ પડતાં નજીકના કોઇ અજાણ્યાને ઘેર મહેમાન થતાં યજમાન તરફથી ઓળખાણ કે સગપણ પૂછવામાં આવ્યાં. ગાડાવાળાએ ઓળખાણ આપતાં કહ્યું કે–)

અમારા ગાડાને બોરડીના લાકડાનાં બે પૈડાં લાગેલાં છે અને તમારા કુળિયામાં બોરડીનું મોટું ઝાડ ઊભેલું છે આમ આપણા વચ્ચે બોરડીનો (બદરી=બોરડી; બાદરાયણ=બોરડીનો) બાદરાયણ સંબંધ છે એ ઓળખાણ ઓછી છે? આ સગપણ કે ઓળખાણને લીધે અમે તે અમે છીએ અને તમે તે તમે છો.

*

न मेतव्यं न बोद्धव्यं न श्राव्यं वादिनो वचः ।
झटित्ति प्रतिवक्तव्यं सभासु विजिगीषुभिः ॥

સભાઓમાં વાદવિવાદમાં કે શાસ્ત્રાર્થમાં જીતવા માગનારા-ઓએ (સ્વપક્ષ નબળો પડતાં) જરાય ડરવું નહિ, સામા પક્ષનું કથન જાણવાની દરકાર કરવી નહિ, એટલું જ નહિ પણ તેનું કહેવું જ (બોલબોલ કરીને કે ફાવે તેવો બકાટ કરીને પણ) સાંભળવું નહિ. જે કરવાનું છે તે એટલું જ કે પ્રતિપક્ષી જે બોલે તેનો (અર્થહીન કે તર્કદુષ્ટ હોય તોપણ) ઝટ ઉત્તર આપવો. (વાદવિવાદમાં પાંડિત્યને જીતવા માટે ગુંડાગીરી જ એક માત્ર ઉપાય છે.)

*

(પૃષ્ઠ ૮ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ કે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. 1 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૬

મુંબઇ તા. ૧૬-૭-૧૯૮૮
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

પાશવી રમત બોક્સિંગ

વિશ્વમાં હેવીવેઇટ બોક્સિંગ સ્પર્ધામાં પ્રખ્યાત બોક્સર માઇક ટાઇસને અમેરિકામાં આટલાંટિક શહેરમાં પોતાના પ્રતિસ્પર્ધી રિમ્રંકસને હરાવીને વિશ્વવિજેતાનું પોતાનું પદ જાળવી રાખ્યું છે. રમતમાં પ્રતિસ્પર્ધીને મારી નાખવા જેટલી ક્રૂરતા ચહેરા પર લાદનાર અને હુંકારભર્યાં જંગલી વચનો બોલનાર ટાઇસન ચર્ચાનો વિષય બન્યા છે.

વ્યવસાયી બોક્સરોની આ સ્પર્ધામાં હેવીવેઇટ ચેમ્પિયન બનવામાં સફળ થવા માટે માઇક ટાઇસનને બે કરોડ ડોલર જેટલી જંગી રકમ ઇનામ તરીકે મળશે. જ્યારે બીજે નંબરે આવનાર રિમ્રંકસને એક કરોડ પાંત્રીસ લાખ ડોલર જેટલી રકમ મળશે. વ્યવસાયી રમતોમાં ભાગ લેનારને આટલી મોટી રકમ મળી છે માટે જ બોક્સિંગે દુનિયાના ઘણા લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું છે. વિજય મેળવ્યા પછી અભિમાનપૂર્વક ટાઇસને કહ્યું છે કે– 'વિશ્વમાં કોઇ એવી વ્યકિત નથી કે જે મને હરાવી શકે, મારા જેવો લડાયક મુકકેબાજ વિશ્વમાં કોઇ મળશે નહિ.'

બોક્સિંગની રમતમાં મુખ્યત્વે મોઢા ઉપર જ મુક્કા મારવાના હોય છે. મોઢા માથામાં પાંચે ઇન્દ્રિયો આવેલી છે. કયારેક આંખને નુકસાન થાય, કયારેક નાકમાંથી લોહી કૂટી પડે, કયારેક કાન પર મુકકો વાગતાં કાનનો પડદો ફાટી જાય અને તમ્મર આવી જાય, કયારેક જોરથી દાંત વાગવાને કારણે હોઠ કે જીભ કપાય અને તેમાંથી લોહી નીકળે અને કયારેક દાંત તૂટી પણ જાય અને કયારેક જડબાં કે ડોક વાંકી થઇ જાય. બોક્સિંગ એવી પાશવી રમત છે. કમરની નીચે ન મરાય, પીઠ પાછળ ન મરાય, હાથથી પકડીને ન મરાય વગેરે એના નિયમો છે. તોપણ બોક્સિંગ એ કાયદેસરની મારામારી છે. રમતગમતોમાં તે પાશવી, જંગલી, અસંસ્કારી રમત છે એમ કહેવું જોઇશે. માણસમાં નિર્દયતાના સંસ્કારોને જાગ્રત કરનાર અને પોષનાર એ રમત છે. માઇક ટાઇસનના વિજયમદભર્યા વર્તન પછી પશ્ચિમના રમતગમતના વિવેચકોએ પણ એની ટીકા કરી છે

ઇ. સ. ૧૯૫૦માં કર્ણાટકના બેલગામ શહેરમાં આવેલા મિલિટરી સેન્ટરમાં જ્યારે મારે ત્રણ મહિનાની લશ્કરી તાલીમ લેવાની હતી ત્યારે બોક્સિંગની રમત અમારા માટે ફરજિયાત વિષય તરીકે હતી. એ ત્રણ મહિના બોક્સિંગની ઘણી સારી પ્રેકટિસ કરી હતી. લશ્કરી તાલીમ માટે જોડાયો ત્યારે બોક્સિંગ ફરજિયાત હશે એવી કલ્પના પણ નહોતી. જાડા વજનદાર ગ્લોવ્ઝ હાથમાં કયારેય પહેર્યાં નહોતાં. ફ્રેમ પહેરવાં તે પણ આવડતું નહોતું. અમારા શિક્ષકે અમને બધાને તે પહેરતાં શિખવાડયું. બોક્સિંગ માટે કેવી રીતે ઊભા રહેવું, ડાબો પગ અને જમણો પગ શરૂઆતમાં કેવી રીતે રાખવા, મુઠ્ઠી વાળેલો ડાબો હાથ નાક પાસે બચાવ માટે કેવી રીતે રાખવો અને મુઠ્ઠી વાળેલા જમણા હાથથી પ્રતિસ્પર્ધીને મોઢા અને માથા ઉપર કેવી રીતે સપાટાબંધ મુક્કા મારવા કે જેથી તે ઓછો બચાવ કરી શકે અને તેના ડાબા રક્ષક હાથને કેવી રીતે ચૂકવીને મુક્કા મારી લેવા વગેરેની તાલીમ અપાતી. શરૂઆતમાં થોડી થોડી વારે નિશાન તાકીને મુક્કા મારતા પણ પછી ઝપાટાબંધ મુક્કા કયારે મારવા અને પ્રતિસ્પર્ધીને થકવીને, ઘુંટણ પમાડીને કેવી રીતે ઉપરા–ઉપરી મુક્કા મારી પાડી નાખવો તેની તાલીમ અમને અપાતી. તો બીજી બાજુ જીતવાની આશા ઓછી હોય ત્યારે કેવી રીતે રક્ષણાત્મક કરવો, આઘાપાછા થવું અને મોઢે મુકકા ખાવામાંથી બચવું તે પણ શિખવવામાં આવતું. બોક્સિંગની આ રમતથી એક પ્રકારનું જોર અને ઝનૂન આવી જતું. માર ખાવામા બચવું અને પ્રતિસ્પર્ધીને વધુમાં વધુ માર મારીને, પટકી પાડીને પરાજિત કરવો તે માટે બંને બોલાડીઓના શરીરમાં શકિત ઉભરાતી. આમ સ્વાનુભવથી એ સમજાયું હતું કે બોક્સિંગ એ શારીરિક તાકાતની કસોટી કરનાર પણ ઘાતકીપણાના, વેરભાવના, નિર્દયતાના અંશોને પુષ્ટ કરનાર પાશવી રમત છે. અમે બધા શીખાઉ હતા એટલે શરીરે વધુ વાગવાનો સંભવ નહોતો, તોપણ એ શીખતી વખતે એ રમત પ્રત્યે નફરત થયેલી

બોક્સિંગની ત્યારે તાલીમ લીધી હતી, પરંતુ ત્યારપછી જાતે બોક્સિંગ કરવાનો કોઇ અવસર પ્રાપ્ત થયો નહોતો. પરંતુ એન. સી. સી ઓફિસર તરીકે બોક્સિંગની સ્પર્ધામાં નિર્ણાયક તરીકે એન. સી. સી કેમ્પમાં કેટલીયેવાર કામ કરવાનું આવ્યું હતું, 'સેન્કન્ડ્સ આઉટ ઓફ ધી રિંગ'ની જાહેરાત થતાં બોક્સરના મદદનીશો રિંગની બહાર નીકળી જતા. પછી ઘંટડી વાગતી અને બે બોક્સરો વચ્ચે રમત ચાલુ થતી. ઓછા અનુભવી છોકરાઓની આ રમત હતી તોપણ અન્ય રમતો કરતાં બોક્સિંગની રમત વધુ દિલ ધડકાવનારી હોય છે

એ તો સ્પષ્ટ અનુભવાતું. પ્રેક્ષક તટસ્થ હોય તો એને મન કોણપણ જીતે તે આનંદની વાત હોઇ શકે. પરંતુ બૉક્સિંગમાં (અન્ય ઘણી રમતોની જેમ) તાટસ્થ્ય જાળવવું ઘણું અઘરું છે. જાણતાં અજાણતાં કોઇકનો પક્ષ લેવાઇ જાય અને પોતાનો તે પ્રિય બૉક્સર જીતતો જાય તો બહુ આનંદ થાય અને માર ખાઇને હારતો જાય તો દુઃખ થાય. બૉક્સિંગની રમત જોનારાઓનું દિલ બહુ ધડકે, નાડી વેગથી ચાલે અને કયારેક તો બૉક્સરની સાથે સાથે પોતાના બંને હાથનો અભિનય જાણતાં-અજાણતાં આવેશપૂર્વક થઇ જાય એવું ઘણીવાર નજરે જોવા-અનુભવવા મળ્યું હતું.

બૉક્સિંગની રમતની શરૂઆત ઇ. સ. ૧૮૬૭ માં બ્રિટનમાં થયાનું કહેવાય છે. પ્રાઇઝ ફાઇટિંગ-Prize Fighting-નામની રમતમાંથી આ બૉક્સિંગની રમતનો વિકાસ થયો હોવાનું મનાય છે. બ્રિટનના ક્વીન્સબેરીના માર્કવીસે તે સમયે બૉક્સિંગની રમત માટે નિયમો ઘડ્યા હતા. માટે એ નિયમો 'ક્વીન્સબેરી નિયમો' તરીકે ઓળખાય છે. એ નિયમો પ્રમાણે બૉક્સરે હાથમાં ગ્લોવ્ઝ પહેરેલાં હોવાં જોઇએ. એનાં આંગળાં વળેલાં હોવાં જોઇએ. શરીરે અડધી ચડ્ડી, ગ્લોવ્ઝ અને બૂટ સિવાય કશું પહેરેલું ન હોવું જોઇએ. દોરડું બાંધેલી મર્યાદિત જગ્યામાં-રિંગમાં આ રમત જુદા જુદા રાઉન્ડમાં રમાવી જોઇએ પ્રત્યેક રાઉન્ડ ત્રણ મિનિટનો હોવો જોઇએ બે રાઉન્ડ વચ્ચે એક મિનિટનો વિરામ હોવો જોઇએ. રમત નકકી કર્યા પ્રમાણે ત્રણ-પાંચ કે વધુમાં વધુ પંદર રાઉન્ડમાં રમાવી જોઇએ

જૂના વખતમાં યુરોપમાં દ્વન્દ્વ યુદ્ધમાં બે વ્યકિતઓ લડતી. તેમાં સમયનું કોઇ બંધન રહેતું નહિ. એકબીજી વ્યકિતને શરીરમાં ગમે ત્યાંથી પકડીને છૂટા હાથે મારી શકાતી અને એ મારામારીમાં જે માણસ બીજાને અતિશય માર મારીને પછાડી નાખે તે માણસ વિજેતા ગણાતો. દ્વન્દ્વ યુદ્ધના પાયામાં બે હરીફો વચ્ચેનો વેરભાવ કારણભૂત રહેતો. એથી દ્વન્દ્વ યુદ્ધ એટલે જાહેરમાં વેર લેવાની રમત એમ મનાતું દ્વન્દ્વ યુદ્ધમાં નિર્દયતા પૂરેપૂરી રહેલી હોય બેલદિલીનું એમાં નામ નહિ. દ્વન્દ્વ યુદ્ધમાં પ્રેક્ષકો વર્તુળાકારે આસપાસ એકઠા થતા. તેઓ વચ્ચે ધસી ન આવે તે માટે વર્તુળાકારે દોરડું રાખવામાં આવતુ, માટે તે 'રિંગ' તરીકે ઓળખાતું દ્વન્દ્વ યુદ્ધ કરનારાઓ જેમ જેમ ખસતા જાય તેમ તેમ દોરડું પકડનારા રિંગ પણ ખસેડતા જાય આવી રીતે રમાતાં દ્વન્દ્વ યુદ્ધોમાં કોઇ સમયમર્યાદા રહેતી નહિ ઇ સ. ૧૮૫૬માં ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં જેમ્સ કેની અને જેક સ્મિથ વચ્ચે રમાયેલું દ્વન્દ્વ યુદ્ધ સળંગ સવા છ કલાક સુધી ચાલ્યું હતું. આવાં દ્વન્દ્વ યુદ્ધમાંથી બૉક્સિંગની રમત વિકસી વર્તુળાકારને બદલે ચોરસ રિંગ આવી. બધાંને ચારેબાજુથી બરાબર દેખાય એટલે પ્લેટફોર્મ ઉપર રિંગ બનાવવામાં આવતી અને એક નિર્ણાયક રિંગમાં તથા ચાર નિર્ણાયકો ચારે બાજુ બેસે એવી વ્યવસ્થા થઇ. કોણ વધુમાં વધુ સ્પષ્ટ જોરદાર મુકકા (Punch) મારે છે તેને આધારે અને કોણ કોને નિયમાનુસાર પટકી પાડે છે તેને આધારે પરિણામ જાહેર થતાં.

એક રાઉન્ડ પૂરો થાય એટલે બૉક્સર ઘણો હાંફી ગયો હોય. તેને રિંગના ખૂણામાં બેસાડી તેના મદદનીશો તેનો પરસેવો સાફ કરી, તેના મોઢા ઉપર ફૂટેલી લોહીની ટશરો સાફ કરી, પાવડર અને દવા લગાડી, તેના મોઢામાં દાંત વાગી ન જાય તે માટે ભરાવેલું રૂનું કે લૂગડાનું કે રબરનું પેડિંગ કાઢી નાખી, બીજું પેડિંગ ભરાવી આપે અને તેણે બહુ સરસ મુકાબલો કરી છે. તેવું પ્રોત્સાહન આપે. બૉક્સર હારી જતો હોય તો હિંમત આપે. અનુભવી મદદનીશો નવાં નવાં સૂચનો કરે અને એમ બીજા રાઉન્ડ માટે બૉક્સર તૈયાર થાય. જે જીતતો હોય તે સ્વસ્થ લાગે પણ જેણે બહુ માર ખાધેલો હોય તેની હતાશા જોઇને દયા ઊપજે. વધારે પડતો માર ખાધો હોય તો પાસે રાખેલા ડાકતરો પણ તેની તરત સારવાર કરે.

અમેરિકા અને બીજા દેશોમાં ધંધાદારી બૉક્સરોની રમત ચાલે છે. આવી રમતમાં ગોરાઓ કરતાં કાળા હબસીઓ વધુ ભાગ લે છે શારીરિક તાકાત કે ઝનૂન અમેરિકન કાળાઓમાં વિશેષ હોય છે. ભૂતકાળમાં આવા કદાવર કાળા ગુલામોથી ગભરાતા ગોરા શ્રીમંતોએ તેઓને માંહોમાંહે લડાવી મારવા અને તેમને માર ખાતા જોઇ આનંદ પામવા માટે રમતના પ્રકારની આ એક શિષ્ટ તરકીબ શોધી કાઢેલી કહેવાય છે. એમાં કેટલુ તથ્ય હશે તેની ખબર નથી. પરંતુ બૉક્સિંગની રમત અમેરિકન કાળાઓમાં જેટલી લોકપ્રિય છે તેટલી બીજાઓમાં નથી. વિશ્વના હેવીવેઇટ ચેમ્પિયન તરીકે જો લૂઇ, મહમદઅલી, ટાયસન વગેરે કાળાઓએ જેટલું સ્થાન મેળવ્યું છે તેટલું ગોરાઓએ મેળવ્યું નથી.

બૉક્સિંગની રમતમાં ભાગ લેનારના વજન અનુસાર હેવી-વેઇટ, મિડલવેઇટ, લાઇટવેઇટ, ફેધરવેઇટ વગેરે પ્રકારના જુદા જુદા વિભાગ પાડવામાં આવે છે કે જેથી પ્રતિસ્પર્ધી રમતવીરો એકબીજાનો બરાબર મુકાબલો કરી શકે. ઓલિમ્પિક રમત-ગમતોમાં પણ બૉક્સિંગને સ્થાન આપવામાં આવ્યું છે તો પણ દુનિયાના કેટલાય દેશો તેમાં ભાગ લેતા નથી અને તે રમતને બહુ આવકારતા નથી.

પાશ્ચાત્ય દેશોમાં સ્થાપિત હિત ધરાવતા કેટલાક મોટા માણસો બૉક્સિંગની રમતની જોરદાર હિમાયત કરે છે, પરંતુ ત્યાં પણ રમતગમતના ક્ષેત્રના કેટલાયે નિષ્ણાતો બૉક્સિંગની રમતની વિશુદ્ધ મત ધરાવે છે.

બૉક્સિંગની રમતમાં રમતવીરો વચ્ચે બાહ્ય દૃષ્ટિએ ઔપચારિક ક્રિયા તરીકે બેલદિલી કદાચ દેખાય તોપણ રમત શરૂ થયા પછી બેલદિલી રહેતી નથી. શારીરિક ઝનૂન જ એવું હોય છે કે સામી વ્યકિતને મુકકા મારી મારીને કેવી રીતે પછાડવો અને પરાજિત કરવો તે જ રમનારનું ધ્યેય બની જાય છે. બે મિત્રો કે સગા બે ભાઇઓ રમતા હોય તો પણ આવું ઝનૂન આવી જાય છે. આવી મુકકાબાજીમાં જેમ વધુ નિર્દયતા અને આવેશ તેમ વધુ આવેગ અને ઝનૂન આવે. કેટલાક રમતવીરો એટલી હદ સુધી નિર્દય હોય છે અથવા પ્રસંગે થઇ જાય છે કે પ્રતિસ્પર્ધીની આંખ કે નાકમાંથી લોહી નીકળતું હોય અને બચાવ માટે ફાંફાં મારતો હોય તોપણ એને મુકકા મારી મારીને પટકી પાડવા સુધી પોતાની મુકકાબાજી ઘાતકીપણે સતત ચાલુ રાખતા હોય છે. દુનિયામાં આવી મુકકાબાજીને કારણે અનેક રમતવીરો મૃત્યુ પામ્યા છે. કેટલાય તો રિંગની અંદર જ મૃત્યુ પામ્યાના બનાવો બન્યા છે. એમ કહેવાય છે કે છેલ્લા ચાર પાંચ દાયકામાં એકલા અમેરિકામાં અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ અને સમગ્ર વિશ્વમાં

(પૃષ્ઠ ૭ ઉપર)

શિવકુમાર જોશી : એક અદૃષ્ટ દર્શન

● ડૉ. હસમુખ દ્વાશી

જે વ્યક્તિ સાથે છેલ્લાં આઠ આઠ વર્ષોથી પત્રવ્યવહાર ચાલતો હોય, અને એ પત્રો પણ કેવા ? ટૂંકા કે અક્ષરી નહિ પણ વિસ્તૃત પટ પર ફેલાયેલા પત્રો ! જેની સંખ્યા લગભગ સો-સવાસો જેટલી થતી હોય ! તેના લેખકને મારે રૂબરૂમાં મળવાનું બન્યું નહિ તે કેવી કરુણ પરિસ્થિતિ ? શિવકુમાર જોશી ગુજરાતથી બહુ દૂર કલકત્તામાં વસતા હતા, પણ તેઓ ત્યાં વસતા હતા એટલું જ. મુંબઇ, અમદાવાદ, વડોદરા સુધી તેમની દોડધામ સતત્ ચાલતી જ હોય. જેટલા સર્જનકાર્યમાં અને લેખનકાર્યમાં તેઓ સક્રિય હતા એટલા જ સાહિત્ય સાથે જોડાયેલી પ્રવૃત્તિઓમાં પણ તેઓ સક્રિય જ રહેતા. સિત્તેર વર્ષો વહી ગયાં હોય, તબિયત ખૂબ નાજુક થઇ ગઇ હોય, ભયંકર વ્યાધિઓ વારંવાર આક્રમણ કરતી હોય છતાં સાહિત્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તેમના પ્રવાસોનો કોઇ અન્ત નહિ. સાહિત્ય પરિષદો, તેની ચૂંટણીઓ, સાહિત્ય સભાઓ અને તેનાં વ્યાખ્યાનો સતત્ ચાલતાં જ હોય. થતું હતું કે કઇ માનસિક તાકાત સાથે આ જીવન આટલી મેપરવાઇથી દોડતું હશે ? કંઈ વિશિષ્ટ શક્તિ સાથે આ વ્યક્તિત્વ આટલું પ્રવૃત્ત રહી શકતું હશે ? અને કેવા શારીરિક આત્મવિશ્વાસ સાથે આ કાયા આટલું અનુસંધાન કેળવી શકતી હશે ? પક્ષાઘાતના બબ્બે હુમલાઓ આવી ગયા હોય છતાં તેમને કોઇ નિરાંત નહિ, કોઇ આરામ નહિ, કોઇ જંપ નહિ. જીવનના કયા અખૂટ રસે તેમને જીવનના આટલા ચાહક બનાવ્યા હશે ?

તેમને વાર વાર લખવામાં આવતું હતું કે 'તમે તમારી તબિયત સંભાળો. આ બધી દોડાદોડી છોડી દો. ગુજરાતને તમે દૂર રહીને પણ ઘણું બધું આપ્યું છે અને કલકત્તામાં સ્થિર રહીને હજી પણ ખૂબ આપી શકો તેમ છો.' પરન્તુ આવા શબ્દોની ખાસ કોઇ અસર નહિ. શિવકુમારભાઇ મસ્ત માણસ હતા. તેમને તેમનાથી અલગ પાડવાનું શક્ય નહોતું. અને...અન્તે પરિણામ આવીને જ રહ્યું. જીવનના રસથી છલોછલ ભરેલો એ જામ ઢોળાઇ ગયો.

મુંબઇમાં ભરાયેલી છેલ્લી સાહિત્ય પરિષદમાં જવા માટે નાદુરસ્ત તબિયતે તૈયાર થઇ ગયેલા. ત્યાં તેમને જાણવા મળ્યું કે નવલકથા વિશેનો ખાસ પરિસંવાદ હોવા છતાં તેમને નવલકથા વિશે બોલવાનું કહેવામાં આવ્યું નથી. રચનાકલાની દૃષ્ટિએ કે વસ્તુ યા જીવનમૂલ્યોની દૃષ્ટિએ ખાસ કંઇ વિશેષ ન આપી શકેલા બે-ત્રણ નવા લેખકોનો તેમાં સમાવેશ થતો હતો અને તેમની તેમાંથી બાદબાકી કરી નાખવામાં આવી હતી ! એ જાણીને તેઓ આપમેળે અટકી ગયા. સાહિત્ય પરિષદમાં જ જવાનું માંડી વાળ્યું તેમને વારંવાર કહેવામાં આવ્યું હતું કે આવી પરિષદો સાહિત્યકારોની નથી હોતી, સાહિત્યિક રાજકારણીઓની હોય છે. તેમાં સાહિત્યને બદલે અન્ય મૂલ્યોનું જ ગૌરવ થતું હોય છે. નહિ તો મુંબઇમાં મળતી સાહિત્ય પરિષદ આલિયા માલિયા ફાલિયાને કોઇને કોઇ વિભાગના પ્રમુખસ્થાને ઝીંકી દે અને ચાલીસ-પચાસ સત્ત્વશીલ પુરસ્કર્તાના લેખકોને નિમંત્રણ જ ન આપે ? સાહિત્ય પરિષદો આવી સંભવી શકે ? થોડા સમય પહેલાં રાજકોટમાં મળી ગયેલા ગુજરાતીના અધ્યાપક સંઘની સભામાં બહારના 'ધૂરંધરો' કોઇને કોઇ પ્રણાલીના બહાના તળે પધારેલા ને ખુદ રાજકોટના જ ગુજરાતીના અધ્યાપકો રહી ગયેલા ! તેના જેવો જ આ ખેલ હતો. આવા અધ્યાપક સંઘો કે આવી પરિષદો રીઢા રાજકારણીઓ જેવા બની ચૂકેલા સભ્યો માટે અને વિશેષ તો અસભ્યો માટે હોય છે. જેને એક પ્રકારની પ્રાઇવેટ લિમિટેડ જ કહી શકાય. આવી સંસ્થાઓનો મોહ શું રાખવાનો ? એમાં જઇને શું મેળવવાનું ? ન જઇને ય શું ગુમાવવાનું ?...પણ કમભાગ્યે શિવકુમારભાઇને આ જ્ઞાન બહુ મોડું થયું - ખૂબ જ મોડું થયું જ્યારે તેમના જીવનનો અન્ત લગભગ નજીક હતો. તેમના લગભગ દરેક પત્રમાંથી અસંતોષની છૂપી આહ સંભળાતી જ રહેતી, પણ પ્રગટ રીતે તેઓ કદાપી સૌજન્યને મૂકી શક્યા નહિ, કહેવાતા મિત્રોને છોડી શક્યા નહિ, અને એટલે જ જીવનના ગહેરા જખ્મોને ટાળી શક્યા નહિ.

*

તેઓ મને મળવાને ખૂબ આતુર હતા. રાજકોટ આવવા માટે હું વારંવાર તેમને લખતો હતો. તેઓ અમદાવાદ સુધી આવે ત્યારે લગભગ રાજકોટ આવવાનું નક્કી કરીને જ આવે. છેલ્લે બધું નક્કી જ હતું અને અમદાવાદમાં કોઇ સભાને સંબોધતા તેમની વાચા જ ચાલી ગઇ. જીભ ઉપર પક્ષાઘાતની એ પહેલી અસર હતી, તેઓ રાજકોટ ન આવી શક્યા. અને કદાપી ન જ મળી શક્યા, પોતાની મર્યાદાઓ ભૂલીને હું અમદાવાદ ન જઇ શક્યો, તેમની તબિયત જોવા પણ ન જઇ શક્યો એ શક્ય જેવું તેવું નથી. આજે જ્યારે તેમનો જીવનદીપ બુઝાઇ ગયો છે ત્યારે તો એ ઘટના એક અપરાધની જેમ સાલે છે. તેમની વાચા ઉપર અસર થઇ એ પહેલાં તેઓ આવવાના જ હતા. સ્ટેશન ઉપર ઓળખવિધિ માટે તેમણે કેટલીક નિશાનીઓ પણ મને લખી મોકલેલી... પણ એ નિશાનીઓ કદીય જોવા ન પામ્યો. રિલ્કેના શબ્દો યાદ આવે છે :

Those who had seen him living
saw no trace
of his deep uuity, with all that passes;
for these, these valleys here,
these meadow-grasses,
these streams of running water, were his face.

શિવકુમારે ઘણું બધું લખ્યું છે. પણ તેમનો પક્ષપાત નાટકો અને રંગભૂમિ પ્રત્યે વિશેષ હતો. શિવકુમાર જોશીનું નામ એક અભિનેતા તરીકે જ પહેલીવાર સાંભળવા મળેલું. ઇ. સ ૧૯૫૦ની આસપાસ અમદાવાદના રૂપકસંઘ દ્વારા કવિ ન્હાનાલાલનું સુપ્રસિદ્ધ નાટક જયા-જયન્ત' ભજવાતું હતું અને તેમાં તેઓ જયન્તની ભૂમિકા કરતા હતા. એ સમયે એ નાટ્યપ્રયોગની સમીક્ષાઓમાં તેમનો અભિનય ખૂબ વખણાયો હતો જે વાંચીને એક વિદ્યાર્થી તરીકે મને ઘણી ઉત્તેજના થતી હતી. એ પછી તો તેઓ નાટ્ય દિગ્દર્શક, નિર્માતા અને નાટ્યકાર પણ બન્યા. તેમણે કેટલાંક એકાંકી નાટકો ને ઘણાં એકાંકીઓ લખ્યાં છે.

ગુજરાતમાં રંગભૂમિના ઉદ્ધારની જે લગન શ્રી ચન્દ્રવદન મહેતાને હતી તેવી જ કંઈક નાટકો ભજવવાની લગન ગુજરાત બહાર શિવકુમારને હતી. શ્રી ચન્દ્રવદન મહેતાએ નાટક અને રંગભૂમિ વિશે ઘણું અભ્યાસપૂર્ણ લખ્યું છે. શ્રી શિવકુમારના બે વિવેચનસંગ્રહો 'નવકોઠાનું યુદ્ધ' ને 'રંગભીના ચહેરા'માં વધારે લેખો નાટ્યસાહિત્ય અને રંગભૂમિ વિશેના છે. તેમનાં સંસ્મરણો 'મારગ આ છે પણ શૂરાનો' શીર્ષકથી પ્રસિદ્ધ થયાં છે. તેમાં મુખ્યત્વે રંગભૂમિ અને નાટકોનાં જ સંસ્મરણો છે. સંસ્મરણોનું આવું રસાળ પુસ્તક તેમના નાટ્ય-પ્રેમને આભારી છે. કેટલાંક સારાં નાટકોનું તેઓ સર્જન કરી શક્યા છે છતાં તેમની જે પ્રતિભા હતી અને તદ્વિષયક તેમનું જે જ્ઞાન હતું તેની અભિવ્યક્તિની પરાકાષ્ટાથી ગુજરાત વંચિત રહી ગયું છે. જેમ શ્રી ચંદ્રવદન મહેતા દેશવિદેશમાં નાટકો અને રંગભૂમિના પરામર્શ માટે પ્રસિદ્ધ છે છતાં તેનું ઉત્તમ ફળ સર્જન રૂપે ગુજરાતને મળ્યું નથી તેવું જ સ્વ. શિવકુમાર માટે બન્યું છે. 'સુમંગલા' કે 'સુવર્ણરેખા' જેવાં તેમનાં સફળ નાટકો ગુજરાતી નાટકને ઉચ્ચ પરિમાણ આપી શકતાં નથી. કદાચ સમગ્ર ગુજરાતી નાટ્યસાહિત્યની આ ગર્ભિત કરુણતા છે 'રાઇનો પર્વત'ને વિદ્વાનો ને વિવેચકો વખાણતા થાકયા નથી પણ વિવેચકોની બેહદ પ્રશંસાને સાર્થક કરે તેવું ઉચ્ચ કલાત્મક સર્જન એ નથી જ 'શવિલક' ઉચ્ચ સિદ્ધિઓથી મંડિત થયેલું હોવા છતાં તે સંપૂર્ણ કલાકૃતિ નથી. આધુનિક નાટકો ટેકનિકની દ્રષ્ટિએ પુષ્કળ વૈવિધ્ય દર્શાવે છે પણ એમાંથી કોઇ કલાત્મક સર્જનની કક્ષાએ પહોંચે એવું માતબર નથી. 'રાઇનો પર્વત' ને 'શવિલક'થી આધુનિક નાટકો વચ્ચે શિવકુમારનાં નાટકોનું સ્થાન છે પણ ઐતિહાસિક દ્રષ્ટિએ તેમનું જેટલું મૂલ્ય છે તેટલું કલાદ્રષ્ટિએ નથી. તેમનાં એકાંકીઓ નગરસંસ્કૃતિનો એક સ-રસ દ્રષ્ટિકોણ લઇને આવે છે પણ રચનાકલાની દ્રષ્ટિએ તેનો બહુ વિકાસ જોવા મળતો નથી. એમ લાગે છે કે ફકત ગુજરાતના લેખકો નહિ, સમગ્ર ભારતના લેખકો આ ક્ષેત્રે પછાત રહી ગયા છે. ઇબ્સનના 'રોસમર શોમ'ની કલા કે બર્નાડે શોના 'સેન્ટ જોન'ની ભવ્યતા, એકેટના 'વેઇટિંગ ફોર ગોદ્રો'ની કલ્પનયોજના કે આયનેસ્કોના 'એમીદી'ની ફિલસૂફીથી ભારતનું નાટ્યસાહિત્ય વંચિત જ રહી ગયું છે. આયર્લેન્ડના શેકસપિયર ગણાતા સીન્જે ઉત્તમ નાટકો માટે Poetry and Beauty–કવિતા અને સૌન્દર્ય–ની ભરપૂર અપેક્ષા રાખેલી. ઇબ્સન અને શોનાં કેટલાંક નાટકોમાં છલકાતાં સરોવરની જેમ કવિતા અને સૌન્દર્ય ઉભરાય છે, જે ભારતીય નાટકોમાં નથી. અને શિવકુમાર તેમાં અપવાદ નથી. જે ભારતીય કે ગુજરાતી નાટ્ય-સાહિત્યની મર્યાદા એ જ શિવકુમારની મર્યાદા.

ટૂંકી વાર્તાના વિકાસમાં એક સર્જક તરીકે તેમની ગણના થતી નથી એથી શિવકુમાર સભાન હતા. અને એ સજ્ઞાનતાથી તેમને ખૂબ દુઃખ થતું હતું. આ સ્વરૂપ વિશેષ તેમનો આત્મવિશ્વાસ છલકાતો હતો અને ગુજરાતી વિદ્વાનોની ઉપેક્ષા તેમનાથી સહન થતી નહોતી તેમ તેમના પત્રોમાં વારંવાર વાંચવા મળ્યું છે. નગરસંસ્કૃતિનાં ભદ્ર-અભદ્ર પાસાંઓનું નિરૂપણ તેમની નવલિકાઓમાં થયું છે અને વિશેષ તો કલકત્તાનો જે સમાજ છે અને એ સમાજમાં ગરીબીથી પીડાતી જે નિરાધાર યુવતીઓ છે તેમનાં જીવનની વેધક કરુણતાનું અનન્ય દર્શન તેઓ કરાવી શકે છે સભાન કલાકારની અદાથી પ્રત્યેક વાર્તા તેઓ આકારવા મથે છે પણ તેમાં તેમને બહુ સફળતા મળતી નથી. ઇ. સ. ૧૯૫૭ પછી ટૂંકી વાર્તામાં રચનાકલાનો જે વિકાસ થયો એ વિકાસમાં પોતાની સર્જકતાને ઓકવવાનું તેમને બહુ ફાવતું નહોતું અને છતાંય પોતે પ્રગતિશીલ મટી જવા માગતા નહોતા ! પરિણામ બહુ તૃપ્તિપદ આવતું નહોતું : આવા પ્રયાસોમાંથી કેટલીક નકશીપૂર્ણ વાર્તાઓ તેઓ આપી શકયા છે એ તેમની કલાનો વિજય છે

–પણ ગુજરાતની પ્રજા જે શિવકુમારને ઓળખે છે એ તો એક નવલકથાકાર તરીકે ઓળખે છે. એ સમજવા જેવું છે કે જેમની સર્જકતાનો મુખ્ય ઓક નાટકો પ્રત્યે હતો અને જેમની મુખ્ય અભિરુચિ નાટકો પ્રત્યે હતી એ સર્જક નવલ-કથાઓ વિશેષ ઉન્મેશથી સર્જે છે લાગે છે કે તેમના અન્તરમાં પ્રેરણાનો ધોધ વહેતો હતો અને સર્જકતાનું પૂર આવ્યું હતું તેને નાટકનું મર્યાદિત ફલક ઝીલી શકે તેમ નહોતું. અને એટલે જ તેઓ નવલકથાઓ પ્રત્યે વળ્યા હતા. કેટલાક લોકો એમ પણ કહે છે કે વર્તમાનપત્રોના તંત્રીઓની માગને પહોંચી વળવા એક ફરમાસુ લેખક તરીકે જ તેમનો આ આયાસપૂર્ણ વ્યાયામ હતો. મેં પણ એવી ટકોર કરેલી ત્યારે તેમણે ખૂબ દુઃખપૂર્વક એક પત્રમાં લખેલું કે તેમણે ભાગ્યે જ એવી કોઇ નવલકથા લખી હશે જેની રચના પૂર્વયોજિત ન હોય અથવા તો લખાયેલી નવલકથાઓ તેઓ ધારાવહી રૂપે પત્રોના તંત્રીઓને છાપવા આપતા હતા. અગર તો અમુક નવલકથાની યોજના પોતાના વર્કશોપમાં લગભગ તૈયાર હોય અને તેનાં અમુક પ્રકરણો તેઓ લખી ચૂકયા હોય એવીજ વાર્તાઓ તેમણે વર્તમાનપત્રોના તંત્રીઓને આપેલી છે. પણ નદીનું મૂળ ભુલાઇ જાય છે અને તેનો વહેતો ધસમસતો પ્રવાહ જ આપણને પુલકિત કરે છે. તેમની નવલકથાઓના સર્જનનું નિમિત્ત ગમે તે હોય, તેમણે જીવાતા જીવનની અનેક નવલકથાઓ ગુજરાતને આપી છે અને જે યુગમાં ઘટનાપ્રધાન નવલકથાઓનું, જીવનના દર્શનનું કે જીવનનાં મૂલ્યોનું ગૌરવ સાહિત્ય-સર્જન માટે ઝપાટાભેર હણાતું જતું હતું એવા જમાનામાં તેમણે સાહિત્યના વહેતા પ્રવાહોની બહુ પરવા કર્યા વિના પણ ગુજરાતી નવલકથાને જીવંત રાખી હતી. ગુજરાતના અને ભારતના જીવાતા જીવનને શિવકુમારે લગભગ ત્રણ દાયકા સુધી પોતાની વિવિધ નવલકથાઓ દ્વારા ધબકતું કર્યું હતું.

'કંચુકીબંધ' કે 'અનુરાગ' સ્ત્રીપુરુષોના સંબંધ ઉપર લખાયેલી નવલકથાઓ છે અને તેમાં શૃંગારની કક્ષાએ સેકસને સ્થાપવાનો તેમણે રસિક પ્રયાસ કર્યો છે. 'દિયો અભયનું દાન', 'ધન મધરાતે', 'આ અવધપુરી, આ રામ' વગેરે નવલકથાઓ વિશાળ ફલક ઉપર આપણા રાષ્ટ્રીય જીવનને તેની સામાજિક ભૂમિકા સાથે નિરૂપવાનો તેમનો પ્રચંડ પ્રયાસ છે. મહાકાય નવલકથાઓ બદલાયેલી નવલકથાની વિભાવનાના સંદર્ભમાં જ્યારે અપમાનિત થતી હતી ત્યારે તેમણે એવી રચનાઓને ગૌરવભરી પ્રતિષ્ઠા આપવાની કોશિશ કરેલી છે. પરંતુ શિવકુમાર સાંપ્રત પ્રવાહોનીય ઉપેક્ષા કરે એવા સર્જક નહોતા. તેમણે લઘુ નવલકથાઓ પણ લખવા માંડી. સ્વ. સુરેશ જોશીની ટેકનિક વિશેની જે વિશિષ્ટ વિભાવના હતી તેના ચોકઠામાં બેસી શકે તેવી તેની રચનાકલા, અલબત્ત નહોતી. પરંતુ આકૃતિનિર્માણના તેમણે

અનેક પ્રયોગો કરીને પ્રત્યેક લઘુનવલ માટે નવલા આકૃતિ-સૌંદર્યનું વારંવાર સર્જન કર્યું છે. અને તે સંદર્ભમાં તેમની 'સોનલછાંય', 'રજતરેખ', 'એક કણ રે આપો', 'ઊડી ઊડી જાય પારેવડાં', 'અસીમ પડછાયા', 'કલહંસી' જેવી નવલકથાઓએ નોંધપાત્ર વિકાસ દર્શાવ્યો છે. 'એક કણ રે આપો' લગભગ બસો પાનાંની નવલકથા છે. તેનું આકારસૌષ્ઠવ અદ્વિતીય કહી શકાય તેવું છે. એક જ દિવસમાં આ નવલકથા બને છે. પાત્રોના ભૂતકાળને તેઓ સમયના વિશાળ પ્રવાહમાં વહેતો બતાવે છે પણ વાચકોને પાત્રોના જીવનની એ લીલા માત્ર એક જ દિવસમાં જોવા મળે છે, એવું સરસ તેનું રચનાકૌશલ છે. તેમાં પ્રકૃતિની પીઠિકાની સૌન્દર્યલહેરો પાત્રોના ઊર્મિશીલ મનોભાવો સાથે એવો કવિત્વયુક્ત પુટ રચે છે કે ભાવકો કોઈ અનેરી કલાસૃષ્ટિની અનુભૂતિ કરે છે. પરન્તુ ઉક્ત લઘુનવલની રચનામાં પરિણીત સ્ત્રી-પુરુષોનો પ્રેમ એ સુંદર કલાસૃષ્ટિને ખૂબ ઝાંખપ લગાડે છે. આ નવલકથાની નાયિકા એક નહિ, ત્રણ ત્રણ પુરુષોને પોતાનો પ્રેમ આપે છે અને અતૃપ્ત રહે છે. આવું કથાવસ્તુ ગુજરાતી સમાજમાં બંધબેસતું નથી. તેમની લગભગ ઘણી નવલકથાઓમાં પરિણીતોના પ્રેમનું નિરૂપણ થયું છે. તેમાં અસ્વાભાવિકતા તો રહેલી જ છે, પરન્તુ એકવિધતાય ખૂબ અનુભવાય છે. આપણા દેશમાં હજી લગ્ન પહેલાંનો પ્રેમ પણ એક અકસ્માત હોય છે. એવા સમાજમાં પરિણીતા કોઈ પરપુરુષને પ્રેમ કરે એ માત્ર અપવાદ હોય છે. પશ્ચિમના દેશોમાંય આ પ્રકારનો પ્રેમ છૂટાછેડાની ભૂમિકા બને છે. ત્યારે ગુજરાતની ધરતી આવા નિરૂપણ માટે તૈયાર ન હોય એ સ્વાભાવિક છે. શિવકુમારભાઈને બહુ ધીમેથી તેમની આ મર્યાદા દર્શાવેલી અને લખેલું કે આ અસંગતિ તેમને મહાન નવલકથાકાર થતા અવરોધે છે ત્યારે તેઓ ખૂબ તપી ગયેલા. તેમનો બચાવ તેમના અન્ય સમકાલીન લેખકો જેવો જ લૂલો હતો. તેઓ માત્ર સ્ત્રી-પુરુષનું સર્જન કરે છે અને તેમનાં પાત્રોને ગુજરાતની બંધિયાર હવા સામે બહુ નિસ્બત નથી. પણ જ્યારે આપણે ગુજરાતી સ્ત્રી-પુરુષને ગુજરાતના જ વાતાવરણમાં દર્શાવીએ છીએ ત્યારે એ પાત્રો ગુજ'ર સંસ્કારોનો પરિહાર કરી શકે નહિ. ગુજરાતની આધુનિક યુવતી પણ મોટે ભાગે લગ્ન પછી પરપુરુષના પ્રેમનો વિચાર કરી શકતી નથી. અને છતાંય ગુજરાતનો લેખક કલ્પનાનો આશ્રય લઈને કે કોઈ અપવાદરૂપ એવા કિસ્સાને ધ્યાનમાં લઈને આ પ્રકારનું નિરૂપણ કરે છે ત્યારે પ્રજાએ તેનો કદાપી સ્વીકાર કર્યો નથી. જે લોકો ખુદ આવો અનૌરસ પ્રેમ કરતા હોય છે તેઓ પણ જાહેરમાં તેની નિંદા કરતા હોય છે; આવી સાહિત્યકૃતિ તેમને પણ આકર્ષી શકતી નથી. શિવકુમારની આવી કેટલીક સુંદર નવલકથાઓને 'શિવ'નો સ્પર્શ થઈ શક્યો નથી તેનું રહસ્ય આ છે. સો વર્ષ પછી પણ આવું નિરૂપણ આપણે ત્યાં વાસ્તવાભિમુખ લાગશે કે કેમ એ પ્રશ્ન છે.

'સોનલછાંય' તેમની સર્વાંગસુંદર નવલકથા છે. તેની સંકલના, તેનું માર્ગદર્શન, તેના ભાવપૂર્ણ સ્વભાવિક સંવાદો, માનવજીવનના રહસ્યનું તેમાં થતું રમ્ય દર્શન અને તેની સમગ્ર રચનામાં ઓતપ્રોત થયેલું કવિત્વ શિવકુમારની સર્ગશક્તિનો જ્વલંત સ્પર્શ કરાવે છે. આ એક જ લઘુનવલ પાસે તેમની મહાકાય કે અતિકાય નવલકથાઓ ઝાંખી પડી જતી અનુભવાય છે. નવલકથાકાર તરીકે શિવકુમારને ચિરસ્મરણીય બનાવી શકે અને સર્જકકલાકાર તરીકે તેમનું સંપૂર્ણ દર્શન કરાવી શકે તેવી આ નવલકથાની કલાત્મકતા છે. તેમણે પોતે પણ થોડીક આનાકાની પછી મારા આ વિચારોને પોતાના એકાદ પત્રમાં સંમતિ આપી હતી. ગુજરાતી નવલકથા-સાહિત્યમાં શિવકુમારનું ગૌરવભર્યું સ્થાન છે અને રહેશે.

ઐતિહાસિક દૃષ્ટિનો અભાવ કે મૌન?

● પન્નાલાલ ૨. શાહ

ઈ. સ. ૧૯૬૪માં શ્રી વીરચંદ ગાંધીની જન્મ-શતાબ્દી હતી. ઈ. સ. ૧૮૯૩માં શિકાગોમાં વિશ્વ ધર્મ પરિષદ મળેલી. એમાં એમણે જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરેલું. એમની જન્મશતાબ્દી નિમિત્તે એમના વિષે સંશોધન કરનારને એક વિરલ અને વિસ્મયજનક અનુભવ થયેલો. એમના સમકાલીન મહાપુરુષો અને એ બધા વિષે સંશોધન કરનાર કે માહિતી ધરાવનારનો એ સંશોધકે સંપર્ક સાધેલો. એમાં આપણા એક ગણ્યમાન્યએ જણાવ્યું: 'એ દિવસોમાં જ્યારે મેં વર્તમાન-પત્રોમાં વાંચેલું કે 'Gandhi Represented Jainism' ત્યારે મેં એમ માનેલું કે આ ગાંધી એટલે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ કરનાર ગાંધી.' છેક ૧૯૧૫-૧૬માં ગાંધીજીએ સ્થાપેલા આશ્રમમાં જ્યારે તેઓ આવ્યા ત્યારે એ ભ્રમનું નિરસન થયેલું કે શિકાગોમાં જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિની રજૂઆત કરનાર શ્રી વીરચંદ ગાંધી અને દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ કરનાર ગાંધીજી: એ બન્ને વ્યક્તિ એક ન હતી પણ ભિન્ન હતી. સમકાલીનોમાં આવી પરિસ્થિતિ હોય ત્યારે સંશોધકોનું ધૂળધોયાં જેવું કામ કેટલું મુશ્કેલ હોય છે એનો કંઈક અણસાર આથી મળે છે. આપણા કેટલાય પૂર્વકાલીન મહાપુરુષોનાં જીવન વિષે આપણે સંપૂર્ણપણે જાણી શકતા નથી. કેટલાય મહાપુરુષો વિષે આપણી પાસે લોકવાયકારૂપે માહિતી સંગ્રહાયેલી છે. એમના વિષે જાણવા ઐતિહાસિક સાધનો આપણી પાસે નથી. કદાચ આપણામાં ઐતિહાસિક દૃષ્ટિનો અભાવ હોવાથી આપણે આ બાબતમાં આટલા રાંક છીએ એવું આરોપણ થઈ રહ્યું છે!

ખરેખર, ઐતિહાસિક દૃષ્ટિના અભાવનું એ પરિણામ છે કે આવા મૌન વિના કોઈ પણ મનુષ્ય મહાન હોતો નથી એ સત્યની એમાંથી ઝાંખી મળે છે એ વિચારવા જેવું છે. જો શાંતિના મહાન સમુદ્રનો તટ જોવો હોય તો યશને, કીર્તિને લેશ માત્ર મહત્ત્વ ન આપવું એવી સ્વયં શિસ્તથી આવા મહાપુરુષોએ પોતાના વિષે મૌન સેવ્યું નહિ હોય? એ પ્રકારના બીજા અંતિમેથી વિચારવું જોઈએ. જો એમ જ હોય તો ઐતિહાસિક દૃષ્ટિનો આપણામાં અભાવ છે એવી ભૂમિકાથી આપણી આવી દૃષ્ટિની ભૂમિકા અલગ તરી આવે છે.

પોતાની જાત વિષે મૌન રહેવાની વિવેકબુદ્ધિ એ ખરી

રીતે આંતરિક જીવનવિકાસનું એક પ્રાથમિક અને જરૂરી અંગ છે. કદાચ સઘળી બહિર્વૃત્તિઓના શમન પછી પણ એક લોકેષણાની વૃત્તિ બાકી રહે છે એની એટલી પ્રબળતા જોઈને જ એ જીવનમાં મૌનને મહાન ગુણ માનવામાં આવ્યો છે. ભગવાન બુદ્ધે તો 'अप्प पि चे सहितं भासमानो धम्मस होति अनुधम्मचारा' એમ કહીને અલ્પોક્તિનો, અલ્પ ભાષણનો મહિમા કર્યો છે. આચારાંગસૂત્રમાં પણ કહ્યું છે કે કેટલાક સાધકો થોડો કે ઘણો, નાનો કે મોટો, સચિત્ત કે અચિત્ત પરિગ્રહ રાખે છે એમ કહીને સઘળા ત્યાગ પછી પણ એક રાગ રહે છે અને તે પોતે મહત્તા પ્રાપ્ત કરવાની આસક્તિ, કીર્તિનો મોહ, યશનો લોભ-એ છોડવાની તૈયારી કરવી હોય તો પ્રાથમિક ભૂમિકા તરીકે જ્ઞાન વિલોપન ધર્મ સેવવો રહ્યો. મૌનના મહાસાગરમાં નિમજ્જન કરી, એવી વ્યકિત એક એવી અદ્વિતીય વસ્તુ સિદ્ધ કરે છે કે જે વડે, એના પોતાના આંતરિક વિકાસથી, સાધુ અને અ-સાધુ સઘળાને સરખું આકર્ષણ કરવાની શકિત મેળવે છે રપેન્સર કહે છે તેમ 'The Inner relation corresponds with its own efficient cause.' શરીર, મન, પ્રાણ અને ધર્મ વચ્ચે કયાંય વિસંગતિ ન જાગે એવી સિદ્ધિ આપણા મહાપુરુષોએ મૌનના મહાસાગરમાં નિમજ્જન કરી મેળવી લીધી હોય છે.

બીજી રીતે કહીએ તો સાધુત્વ, એ સંસાર ભીરુત્વના દોષને ઢાંકનાર તરીકે નહીં, પણ એ પોતે ગુણ તરીકે હોવો જોઈએ. મેકડુગલ સરસ રીતે બતાવે છે કે 'All the true negative qualities'ને સુધારવી મુશ્કેલ છે પરંતુ 'Positive undesirable qualities'ને સુધારીને વાળી શકાય છે, આવા વિકાસને અંતે The quality of his outward behaviour becomes a quality of his character.' એટલે આ સંયમધર્મ, એ પ્રકારના જીવન પ્રત્યેની રસવૃત્તિમાંથી જન્મતો અથવા પોષાતો અથવા કેળવાતો હોવો જોઈએ. સંસાર ભીરુતામાંથી સંયમનો જન્મ સંભવે જ નહિ. પં. સુખલાલજીએ દર્શાવ્યું છે તેમ,[૧] જ્યારથી આત્માની પ્રવૃત્તિ બહિર્લક્ષી, સ્વરૂપોન્મુખ થાય છે ત્યારથી જ તેની ક્રિયામાં શુભાશયનું તત્ત્વ દાખલ થાય છે અને તો જ એ ધર્મક્રિયા ખરા અર્થમાં છે.

આપણે ત્યાં આત્મકથા લખવાનો રિવાજ નથી એની પાછળ એક સંસ્કાર છે. કોઈ એક કામમાં કોઈ એક વ્યકિતમાં દોષ જણાય તો ઢાંકવા, એની બેય ખુલ્લી ન પાડવી; તેનામાં ગોપિત રહેલા સદ્ગુણો ક્રમ વિકસે એવા પ્રયત્નો કરવા; એ પ્રકારે કામ થતું હોય તો ત્યારે કે ત્યારબાદ આ કામગીરી તેના ખરા સ્વરૂપમાં જો કોઈ જાણે અને વાત ફેલાય તો પ્રયત્નનો મૂળ હેતુ માર્યો જાય. એટલે સામી વ્યકિત ગમે તેટલી 'અ-સામ.જિક' પ્રવૃત્તિ કરતી હોય તોપણ તેનું સ્વમાન જળવાય, તેના અહંભાવને આંચ ન આવે એ રીતે તે આપમેળે સદ્માર્ગે વળવા પ્રેરાય એવું આપણું વર્તન હોવું જોઈએ, એવું આપણું સામાજિક વાતાવરણ. એવી સમાજની આબોહવા હોવી જોઈએ એવા સંસ્કાર આપણને ગળથૂથીમાં મળ્યા છે. માનવી પોતે માનવી પેઠે જીવે અને બીજાને તે રીતે જીવવા પ્રેરે અને એ વાત છાની રહે એની ઓર મજા છે વર્તમાન સમયમાં કે ભૂતકાળમાં પૂરતા પ્રયત્નો છતાં માનવીના હૃદયનું પરિવર્તન થયું નથી કે થતું નથી તેનું કારણ અહીં પડેલું છે. જાહેરમાં કે સમાજમાં ઊતરી પડવાનો ભાવ આપણા પ્રગટ-અપ્રગટ વર્તનથી સામી વ્યકિતમાં સંક્રાન્ત થાય તો લાખ ઉપાય છતાં બધું ઠપ થઈ જાય. આપણે એનો રોષ વહોરી લઈએ છીએ એટલું જ નહિ પરંતુ ધ્યેય સિદ્ધિ પણ થતી નથી માનવીને સુધારવાની, એને સાચી દિશામાં વાળવાની અને વિકાસના પથે મૂકવાની વાત એના લાભમાં હોવા છતાંય એ વાત જાહેર પડવાથી કે પાડવાથી થતી સ્વમાનહાનિના કારણે આમ બને છે, જેની આત્મકથા લખાય તેવી વ્યકિત તો પોતાના વિકાસ દરમિયાન આવા કેટલાય સંઘર્ષમાંથી પસાર થઈ હોય અને એવા સંઘર્ષમાં સામે પક્ષે રહેનાર વ્યકિત જીવંત હોય તો એ સંઘર્ષના વિગતપૂર્ણ આલેખનથી તે વ્યકિત પ્રત્યે વ્યાપક અભાવ થાય અને બન્ને પક્ષની તેવી વ્યકિતઓ હયાત ન હોય તો એમના વંશ-વારસદારોમાં પરસ્પર વેરભાવ પ્રગટ થાય એવી સંભાવના લેખાય અને પરિણામે આત્મકથા લખનારના મનમાં પણ કલેશ ઉત્પન્ન થાય. આત્મકથાનું આલેખન નહીં કરવાની પાછળ આવી ફિલસૂફી કદાચ કામ કરતી હોય.

[૧]. જુઓ: પુરાતત્ત્વ વર્ષ ૧ : ૨

સાભાર સ્વીકાર

શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ (૫૯, બેન્ક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨) તરફથી પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં લખાયેલાં પુસ્તકો ❖ **સાચા સુખનો માર્ગ** * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૨૮૦ * મૂલ્ય રૂ. ૩૦/- ❖ **મુકિતનો રાજમાર્ગ** * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૨૮૮ * મૂલ્ય રૂ. ૩૦/- ❖ **આત્માને ઓળખો** * ડેમી સાઇઝ * પૃષ્ઠ * ૨૩૨ * મૂલ્ય રૂ. ૨૮/- ❖ **સાચા સુખની શોધમાં** * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૩૯૧ * મૂલ્ય રૂ. ૩૨/- ❖ **કેમ ઊતરશો પાર** * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૩૩૯ * મૂલ્ય રૂ. ૩૦/- ❖ **સંઘ સ્વરૂપ દર્શન ભાગ ૧ - ૨** * ડેમી સાઇઝ * પૃષ્ઠ ૩૭૧ + ૪૯૬ મૂલ્ય બંને ગ્રંથના રૂ. ૪૦/-

❖ **હું આત્મા છું** * ભાગ-૧ ૨/૩ લે. પૂ. ડો. તરુલતાબાઈ મહાસતીજી * ડેમી સાઇઝ * ત્રણેનાં કુલ પૃષ્ઠો-૯૯૪ * ત્રણે ગ્રંથોનું મૂલ્ય-રૂ. ૬૯ * પ્રકાશક : શ્રી ગુજરાતી શ્વે. સ્થા. જૈન એસોસીએશન, ૭૮ ૭૯, રીથર્ડન રોડ, પુરુષવાકમ, મદ્રાસ-૬૦૦૦૦૭.

❖ **આવર્તન** (કાવ્યસંગ્રહ) લે. ત્રિભુવન વ્યાસ ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૧૩૦, મૂલ્ય રૂ. ૧૦-૦૦, પ્રકા. રશ્મિબહેન ત્રિ. વ્યાસ, વ્યાસ નિવાસ, ૨, ગુંદાવાડી, રાજકોટ-૩૬૦૦૦૨.

❖ **સરસ્વતીચંદ્ર-વીસરાયેલાં વિવેચનો** સંપાદકો : જયંત કોઠારી અને કાંતિભાઈ બી. શાહ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૨૩૬ * મૂલ્ય રૂ. ૪૬/- પ્રકા રન્નાદે પ્રકાશન, મહાલક્ષ્મીની પોળ, રાયપુર, અમદાવાદ-૧

❖ **અખાના છપ્પા : કેટલોક અર્થવિચાર.** લે. જયંત કોઠારી * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૧૬૩ * મૂલ્ય રૂ. ૨૫/- પ્રકા. જયંત કોઠારી ૨૪, સત્યકામ સોસાયટી, અમદાવાદ-૧૫

❖ **હોસ્પિટલ પોએમ્સ** લે. જ્યા મહેતા * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૪૪ * મૂલ્ય રૂ. ૧૫/- પ્રકા. શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા વિદ્યાપીઠ, ૬, નાથીબાઈ ઠાકરશી રોડ, ન્યુ મરીન લાઇન્સ, મુંબઈ-૨૦

પાશવી રમત બૉક્સિંગ

(પૃષ્ઠ ૨થી ચાલુ)

મળીને ૫૦૦ થી વધુ રમતવીરો બૉક્સિંગની રમતને કારણે તત્કાળ મૃત્યુ પામ્યા છે. એટલા માટે જ જે રમત રમતવીરના તત્કાલ સહેતુક મૃત્યુને પૂરો અવકાશ આપતી હોય તે રમતને સંસ્કારી નહિ પણ પાશવી કે પિચાશી રમત તરીકે જ ઓળખાવી શકાય. દ્વન્દ્વ યુદ્ધમાંથી ઘાતકીપણાના કેટલાક અંશો દુર કરવામાં આવ્યા તોપણ બૉક્સિંગના પાશવીપણામાં બહુ ફેર પડયો નથી.

બૉક્સિંગની રમતમાં ઘવાઈ પામેલાઓને કેટલીક વાર તેનાં પરિણામો તાત્કાલિક જણાતાં નથી. પરંતુ થોડાં વર્ષો પછી શરીર પર તેની માઠી અસર વર્તાવા લાગે છે. મસ્તકના અંદરના ભાગમાં થયેલી ઈજાઓ વખત જતાં ઉગ્ર બને છે અને બૉક્સર ગંભીર બીમારીનો ભોગ બને છે. જાપાનના 'સુમો' કુસ્તીબાજો બહુ મોટી કાયાને કારણે જેમ લાંબું જીવતા નથી તેમ બૉક્સરો પણ એકંદરે લાંબું જીવતા નથી.

ભારતમાં વ્યાયામવીરો વચ્ચે મલ્લકુસ્તીની રમત રમાય છે. એના પણ નિયમો હોય છે. વ્યક્તિની શારીરિક તાકાતનું માપ કાઢવા માટેની એ રમત છે. તોપણ એ રમતનો બીજાને ઈજા પહોંચાડવાનો આશય નથી તેમજ રમતને અંતે કોઈ ઘાયલ થાય કે મૃત્યુ પામે તેવો સામાન્ય રીતે સંભવ પણ નથી હોતો. કુસ્તીબાજો વચ્ચે પણ પૂરેપૂરી ખેલદિલી હોય છે અને પરસ્પર આદર જળવાઈ રહે છે. જાપાનમાં 'સુમો' ની રમત રમનારાઓ મહાકાય પહેલવાનો હોય છે. જાપાનની એ પારંપારિક પ્રાચીન રમત છે. એમાં પણ રમતવીરો વચ્ચે એકબીજાને મારી નાખવા જેટલી પાશવી નિર્દયતાનો અવકાશ નથી હોતો. હમણાં હમણાં દુનિયામાં ફ્રીસ્ટાઇલની કુસ્તીના પ્રયોગો વધવા લાગ્યા છે. બૉક્સિંગની અસર એના ઉપર દેખાઈ આવે છે અને એટલે જ એ પ્રકારની કુસ્તી સંસ્કારી નહિ પણ ગ્રામ્ય બની ગઈ છે.

બૉક્સિંગ એ માત્ર ગ્રામ્ય કે અશિષ્ટ રમત છે એટલું જ નહિ એ પાશવી, નિર્દય અને જીવલેણ નીવડે એવી રમત છે. આવી રમત ઉત્તરોત્તર વધુ લોકપ્રિય થાય તે પ્રજાના પોતાના હિતમાં જ નથી વસ્તુત: તે રમતનો વિકાસ અને વિસ્તાર થાય તેના કરતાં તે ઉત્તરોત્તર મર્યાદિત અને ઓછી લોકપ્રિય અને ઓછી ઝનૂની બને તે વધુ ઇષ્ટ છે. ભારત જેવા દેશ પાસે વ્યાયામ, રમતો, યોગાસનો વગેરેનો અનુભવસિદ્ધ પ્રાચીન સાંસ્કૃતિક વારસો છે. જે દેશો પાસે મલ્લકુસ્તી જેવી સંસ્કારી રમત છે તેઓએ બૉક્સિંગને બહુ આવકાર આપવા જેવું નથી. ભારતની એકાદ -- બે યુનિવર્સિટીઓમાં બૉક્સિંગ રિંગમાં જ વિદ્યાર્થી મૃત્યુ પામ્યાના બનાવ પછી ઘણી ખરી યુનિવર્સિટીઓમાંથી આંતરકૉલેજ સ્પર્ધામાંથી બૉક્સિંગની રમતને તિલાંજલિ અપાઈ છે તે યોગ્ય જ થયું છે. **રમણલાલ ચી. શાહ**

અંખિયાં હરિ દરસનકી પ્યાસી

(પૃષ્ઠ ૭થી ચાલુ)

વાત્સલ્યથી શૃંગારમાં પરિણત થતી એમની રચનાઓનું આશ્રયસ્થાન ગોપીઓ જ છે, સંયોગ ને વિપ્રલંભ શૃંગારનાં એમનાં પદો પણ અત્યંત મર્મસ્પર્શી છે. તેમાં યે વિપ્રલંભ શૃંગારના નિરૂપણમાં તો એમની પ્રતિભા ઔર ખીલી ઊઠે છે. કનૈયાના વિરહમાં વ્યાકુળ થયેલી ગોપીઓની દશા તો જુઓ–

અંજન થિર ન રહત અખિયનમેં
કર કપોલ ભયે કારે
કંચુકીપટ સૂખત નહીં કબહૂં
ઉર બિચ બહત પનારે,
નિસદિન બરસત નૈન હમારે !

વિરહ–વિહ્વળ ગોપીઓને સાન્ત્વન દેવા મથુરાથી કૃષ્ણે ઉદ્ધવને મોકલ્યા ને ઉદ્ધવે ગોપીઓને કૃષ્ણને ભૂલી નિર્ગુણ ભક્તિયોગનો ઉપદેશ આપવા માંડયો પણ ગોપીઓએ શું કહ્યું, જાણો છો ? એમણે કહ્યું–

'ઊધો ! યોગ, યોગ હમ નાહીં !'
'ઉદ્ધવજી, અમે યોગને યોગ્ય નથી–' ને કહ્યું–
'અબલા, જ્ઞાનસાર કહા જાનૈ
કસ ધ્યાન ધરાહીં'
તે પે મૂંદન નૈન, કહત હૈ
હરિ મૂરતિ જા માહીં !'

અમે અબળાઓ જ્ઞાનની વાતોમાં શું સમજીએ ? તમે તો વળી ઉપરથી કહો છો, આંખ બંધ કરી ધ્યાન ધરો ! જે નયનોમાં કનૈયો વસે છે, એ નયનો ધ્યાન ધરવા માટે બંધ કરવાનું કહો છો ?– એ કેમ બને ?

કનૈયાનો આ વિયોગ અનન્ત હોય તો યે શું ? કનૈયાને સ્થાને અન્ય કોઇને તે કદી બેસાડી શકાય ? એ પરબ્રહ્મ હોય તો યે શું ?–

'ઊધો ! મન ન ભયે દસ બીસ !
એક હુ તો સો ગયો સ્યામ સંગ
કો આરાધે ઈસ ?

'ઉદ્ધવજી ! મન કંઇ દસવીસ નથી હોતાં ! એક જ હોય ને તે તો કનૈયાની જોડે જ ચાલ્યું ગયું છે ! હવે મન છે જ કયાં કે જેમાં તમે કહો છો તેવા ઈશ્વરની આરાધના થઈ શકે ?'

'પ્રભુ મોરે અવગુન ચિત ન ધરો' એવી આર્જવભરી વિનંતી કરી, 'અબ મૈં નાચ્યો બહુત ગોપાલ' કહી શરણની યાચના કરનાર આ સંત કવિનું કાવ્યક્ષેત્ર વિષયની દૃષ્ટિએ ભલે સીમિત લાગે પણ એમાં યે એમણે જેટલું ઊંડાણ આંખ્યું છે એટલું હજુ સુધી તો કોઇએ આંખ્યું જાણ્યું નથી. એટલેરતો કહેવાય છે–

'સૂર સૂર, તુલસી શશિ–'

'હિંદી સાહિત્યના કાવ્યાકાશમાં સૂરદાસ સૂરજ છે ને તુલસીદાસ ચન્દ્ર છે !'

નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી વિષે વ્યાખ્યાન

સઘના ઉપક્રમે નીચે પ્રમાણે એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે

વ્યાખ્યાતા : શ્રી સનતભાઇ મહેતા
(સરદાર સરોવર નર્મદાનિગમના અધ્યક્ષ)
વિષય : નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી
પ્રમુખ : શ્રી અમર જરીવાલા
સ્થળ : વાલચંદ હીરાચંદ સભાગૃહ, ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર, ચર્ચગેટ, મું–૪૦૦૦૨૦
દિવસ અને સમય : ગુરુવાર, તા. ૨૮મી જુલાઇ, ૧૯૮૮ સાંજના ૬-૧૫ કલાકે

સૌને સમયસર પધારવા હાર્દિક નિમંત્રણ છે

રમણલાલ ચી. શાહ–પ્રમુખ કે. પી. શાહ
ચીમનલાલ જે. શાહ–ઉપપ્રમુખ નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ–કોષાધ્યક્ષ મંત્રીઓ

અંખિયાં હરિ દરસનકી પ્યાસી

પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

'નિસિ દિન બરસત નૈન હમારે...'

જલદી પાછા ફરવાનો વાયદો કરી કૃષ્ણ, ગોકુળ છોડી મથુરા ગયા ને ગોપીઓ અહીં એમની રાહ જોતી જ રહી– જોતી જ રહી! પણ કૃષ્ણ ન જ આવ્યા ને વિરહાકુલ ગોપીઓના નયનોમાંથી દિવસ-રાત આંસુ વહેતાં રહ્યાં–વરસતાં રહ્યાં. વર્ષા તો વરસમાં એક જ વાર આવે ને થોડા મહિના રહી ચાલી જાય; પણ વિરહાકુળ ગોપીઓની આંખોમાં તો બારે માસ ને આઠે પહોર વર્ષાઋતુ ચાલી રહી...'સદા બસત પાવસ ઋતુ હમપે, જબતેં સ્યામ સિધારે, નિસિદિન બરસત નૈન હમારે'

અનુભૂતિની આવી તીવ્રતા ને આવી મુગ્ધકર અભિવ્યક્તિ રજૂ કરનાર સૂરદાસજીની રચનાઓ વ્રજભાષામાં લખાયેલી છે.

આ વ્રજભાષા, આમ તો હિંદીના વિકાસક્રમની અવાંતર કડી જ છે. પરંતુ એવા સ્વરૂપે પણ એણે સાધેલા અદ્‌ભુત વિકાસને લઈને હિંદીભાષાના ઇતિહાસમાં એ યુગપ્રવર્તક બની રહી છે. આવી સમર્થ વ્રજભાષાના આ મહાકવિ છે.

સૂરદાસજીના અંગત જીવન વિશે પ્રમાણમાં બહુ જ ઓછી સામગ્રી મળે છે ને જે મળે છે તેમાં યે ઘણી બાબતો સંદિગ્ધ છે છતાં એ બધું ય તારવી સંક્ષેપમાં કહીએ તો દિલ્હી પાસેના સીહીંગામમાં એમનો જન્મ થયો હતો. બાલ્યાવસ્થામાં જ વિરકત થઈ એમણે ઘર છોડયું ને આગ્રેક ક્રોસ દુરના એક ગામમાં જઈ વસ્યા

ત્યાં ઠીકઠીક સ્થિર થયા પણ એમનો સુષુપ્ત વિરકત આત્મા જાગી ઊઠતાં એ ફરી નીકળી પડયા ને મથુરા-આગ્રા વચ્ચેના ગઉઘાટ ગામે જઈ સ્થિર થયા ને ભગવદ્‌ભક્તિમાં લીન થઈ ગયા

એમની અપૂર્વ કાવ્યસર્જન શકિત, મધુરકંઠ ને સંગીતમાં નિપુણતા, આ ગુણોને લઈને એ આસપાસના પ્રદેશમાં લોકપ્રિય થઈ પડયા.

અહીં, પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંપ્રદાયના સંસ્થાપક મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી જોડે એકવાર એમની મુલાકાત થઈ ને એ એમના સંનિષ્ઠ અનુયાયી બન્યા. એમની જોડે જ એ નીકળી પડયા ને શ્રીનાથજીના મંદિરમાં કીર્તન-સેવામાં લાગી ગયા. શ્રી વલ્લભાચાર્યજી પછી ગો. વિઠ્ઠલનાથજીએ સંપ્રદાયના મુખ્ય આઠ કવિઓના સમૂહની–અષ્ટછાપની-સ્થાપના કરી. આ સૌમાં યે સૂરદાસજીનું મહત્ત્વ અનોખું છે

'અંખિયાં હરિ દરસનકી પ્યાસી' લખનાર સૂરદાસજી જન્માંધ હતા કે પછીથી એમણે નેત્રજ્યોતિ ગુમાવી, એ વિશે કોઈ સંદિગ્ધ હકીકત મળતી નથી. પણ એમની રચનાઓમાં જે વૈવિધ્યપૂર્ણ તાદશ વર્ણનો તથા રંગો વગેરેના ઉલ્લેખો મળી આવે છે તે પરથી લાગે છે કે એ જન્માંધ નહોતા. જોકે શ્રદ્ધાળુ ભકતો ને અનુયાયીઓ, એમના જન્માંધ હોવાના સમર્થનમાં કેટલાક ચમત્કારિક પ્રસંગો નોંધે છે ખરા!

સૂરદાસજી સંસ્કૃત અને વ્રજભાષાના વિદ્વાન હોવા ઉપરાંત કાવ્યશાસ્ત્રના પંડિત હતા. એમની રચનાઓ સાહિત્યિક દૃષ્ટિએ પરિપકવ હોવા છતાં મૂળ તો એ ભકિતપ્રેરિત જ હતી.

એમની રચનાઓમાં વાત્સલ્ય, શૃંગાર ને ભકિતનો અપૂર્વ સુમેળ છે. વાત્સલ્ય ભાવના નિરૂપણની દૃષ્ટિએ એમની રચનાઓ વિશ્વસાહિત્યમાં અનોખું ગણાય છે. બાલકૃષ્ણની નાની નાની ચેષ્ટાઓ, મનોભાવો વગેરેનાં નિર્વ્યાજ સૌંદર્યસભર ચિત્રો એમની લલિત પદાવલિ દ્વારા સજીવ થઈ ઊઠે છે.

માખણ-રોટી ખાવાના શોખીન બાલકૃષ્ણ દુધ પીવાનું ટાળતા; માએ સમજાવ્યું–દુધ પીવાથી વાળ વધશે બલરામના છે તેવા લાંબા વાળ થશે! ભોળા કૃષ્ણ, આ લાલચમાં દુધ પી ગયા! પણ બાળકની અધીરતા! વાળ પર વારંવાર હાથ ફેરવી જુએ છે, કંઈ વધારો? અહં! ગયા મા પાસે ને કહ્યું–

'મૈયા, કબ હી બઢેગી મેરી ચોટી?
કિતિ દેર મોહે દૂધ પિબત ભઇ,
યહ અજહૂ હૈ છોટી',

'મા, મારા વાળ કયારે વધશે? દૂધ પીધાને તો કેટલી બધી વાર થઈ ગઈ! ને વાળ તો હજુ હતા એવડા જ છે! અમથી અમથી મને કાચું દુધ પીવડાવે છે– માખણ-રોટી નથી દેતી!'

'કાચો દુધ પિવાવતિ પચિપચિ,
દેત ન માખન – રોટી ..'

એકવાર એમણે મોટાભાઈ બલરામ સામે ફરિયાદ કરી– 'મા, દાઉ (બલરામ) મને બહુ ખીજવે છે. કહે છે–

'મોસો કહત, મોલ લીનૌ તોહિ,
જસુમતિ કબ જાયો?'

'તને તો બજારથી ખરીદ્યો છે–વેચાતો લીધો છે. તું કંઈ જસુમતિનો દીકરો નથી' ને કહે છે-

'ગોરે નંદ, જસોદા ગોરી,
તુમ કત સ્યામ સરીર?'

'નંદબાબા ને જસોદામાતા તો બંને ગોરાં છે! તું એમનો દીકરો હોય તો આવો શામળો શી રીતે હોય? ને આમ કહી સૌ ગોપબાળકોને મને ખીજવવા ઉશ્કેરે છે. હવે હું એ લોકો જોડે રમવા નહીં જાઉં.'

ને આ માખણચોર કનૈયાની સિરજોરી તો જુઓ! કહે છે-

'મૈયા મોરી, મૈં નહીં માખન ખાયો!
મૈં બાલક, બહિયન કો છોટો,
છિકો કિસ બિધ પાયો...'

હું નાનો બાળક, મારા હાથ પણ નાના! આ ઊંચે લટકાવેલા શીકા સુધી મારા હાથ શી રીતે પહોંચે, તુ જ કહે! વાત એમ છે, મા! કે–

'ગ્વાલબાલ સબ બૈર પરે હૈ
બરબસ મુખ લપટાયો...'

'આ બધા ગોપબાલકો મારા વેરી થયા છે! એટલે એમણે મને ચોર ઠરાવવા, બળજબરીથી મારા મોં પર માખણ ચોપડી દીધું છે!'

અત્યંત સાધારણ સામગ્રી ને સામાન્ય શબ્દો પણ કવિની પ્રતિભાને સ્પર્શે કેવો ચમત્કાર સર્જે છે!

(પૃષ્ઠ ૭ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ · ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૭

મુંબઇ તા. ૧-૯-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

વર્લ્ડ જૈન કોંગ્રેસ

ઇંગ્લેન્ડમાં લેસ્ટર શહેરમાં ત્યાંના જૈન સેન્ટરમાં યોજાયેલા પ્રતિષ્ઠા મહોત્સવના એક ભાગ રૂપે ત્યાંની સંસ્થા 'જૈન સમાજ યુરોપ' તથા ભારતના 'જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશન'ના સંયુક્ત ઉપક્રમે વર્લ્ડ જૈન કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તા. ૨૧, ૨૨ અને ૨૩ જુલાઇ, ૧૯૮૮ના રોજ લેસ્ટરમાં ગ્રાન્બી હોલ્સમાં યોજવામાં આવ્યો હતો.

ત્રણ દિવસના આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન સમારોહ તથા આઠ બેઠકો રાખવામાં આવી હતી. બેઠકોમાં કેટલાક અભ્યાસપૂર્ણ નિબંધો વંચાયા હતા. અને તેથી એકંદરે કાર્યક્રમ સંતોષકારક રીતે ઉલ્લાસપૂર્વક પાર પડયો હતો એમ કહી શકાય.

આ સમગ્ર કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇએ સ્વીકાર્યું હતું.

પ્રથમ દિવસે બપોરે લેસ્ટરના લોર્ડ મેયરની ઉપસ્થિતિમાં એમના હાથે દીપ પ્રગટાવીને વર્લ્ડ જૈન કોંગ્રેસની ઉદ્‌ઘાટનવિધિ થઇ હતી. એ માટે લોર્ડ મેયરે પોતાના ઉત્સાહ અને આનંદ વ્યકત કર્યા હતા. આ જૈન કોંગ્રેસના પ્રમુખ શ્રી શ્રેણિકભાઇ, તથા જૈન સમાજ યુરોપ અને જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશનના પદાધિકારીઓએ પ્રાસંગિક વકતવ્યો રજૂ કર્યા હતાં. વર્લ્ડ જૈન કોંગ્રેસ નામની બીજી એક સંસ્થા પણ ચાલે છે એટલે આ કોંગ્રેસના એકસરખા નામ માટે સ્પષ્ટતા પણ કરાઇ હતી.

ત્યાર પછી ખુલ્લી બેઠક રાખવામાં આવી હતી. આરંભમાં પચ્ચીસ પાઉન્ડની ફી ભરનાર ડેલિગેટના વકતવ્ય પૂરતી મર્યાદિત રખાયેલી આ ખુલ્લી બેઠક પછીથી તો ઉપસ્થિત રહેલા સર્વ શ્રોતાઓને માટે ખુલ્લી મૂકવી પડી હતી અને વિવિધ વકતાઓએ પોતાનાં મતવ્યો અને સૂચનો અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં રજૂ કર્યા હતાં.

બીજે દિવસે, તા. ૨૨ મી જુલાઇ ૧૯૮૮ ના રોજ સવારે લોર્ડ મેયરની ઉપસ્થિતિમાં કોંગ્રેસની કાર્યવાહીનો પ્રારંભ થયો હતો. લોર્ડ મેયર અને કોંગ્રેસના પ્રમુખ શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. ત્યાર પછી આ પ્રથમ બેઠકમાં શ્રી લક્ષ્મીમલ સિંઘવીએ ૪૫ મિનિટનું પોતાનું વિદ્વત્તાપૂર્ણ લેખિત ઉદ્‌ઘાટન પ્રવચન રજૂ કર્યું હતું. એથી કોંગ્રેસની કાર્યવાહીની ગૌરવભરી છાપ ઊપસી હતી. એ જ હોલમાં અગાઉના દિવસોના પ્રતિષ્ઠા મહોત્સવના ધોંધાટિયા વાતાવરણની તુલનામાં કોંગ્રેસના રસિક શ્રોતાજનોની શિસ્ત અને શાંતિથી વાતાવરણને ચિંતનાત્મક ચર્ચાવિચારણા માટે પ્રશસ્ય ગાંભીર્ય સાંપડયું હતું. પ્રમાણમાં શ્રોતાઓની હાજરી પણ સારી હતી. જૈન સમાજ યુરોપ અને જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશનના પદાધિકારીઓ શ્રી નટુભાઇ શાહ, શ્રી સી. એન. સંઘવી, શ્રી હરસુખભાઇ તંબોલી વગેરેએ સૌનું સ્વાગત કરવા સાથે પ્રાસંગિક વકતવ્યો રજૂ કર્યાં હતાં.

પ્રથમ દિવસે ખુલ્લી બેઠક પછી Fringe Meeting રાખવામાં આવી હતી અને તેના પ્રમુખ તરીકે શ્રી પ્રતાપ ભોગીલાલ હતા. આ Fringe Meeting એટલે શું તેનો ખ્યાલ કોઇને નહોતો. ખુદ પ્રતાપભાઇ સાથે વાત થતાં તેમણે પણ જણાવ્યું હતું કે તેમાં પોતાને શું કરવાનું છે તેની તેમને ખબર નથી. Fringe એટલે કિનાર, લટકતો છેડો, ઝુલ, ઝાલર વગેરે અર્થ થાય છે. કિનારનું કામ વસ્ત્રને શોભા આપવાનું છે એટલે આવી બેઠકનો આશય સમગ્ર કાર્યક્રમને ઓપ આપવાનો હોઇ શકે અથવા બાકી રહેલી કાર્યવાહીની પૂર્તિરૂપ તે હોઇ શકે, પરંતુ સાંજે ચાર વાગે યોજવા ધારેલા આ કાર્યક્રમમાં અકારણ વિલંબ થતાં અને વચ્ચે અન્ય કાર્યક્રમો ગોઠવાઇ જતાં એનો વારો Fringe-લટકતા છેડાની જેમ રાત્રે સાડા નવ વાગે આવ્યો હતો કે જ્યારે આંગળીના વેઢે ગણાય એટલી વ્યકિતઓની ઉપસ્થિતિમાં શ્રી પ્રતાપભાઇને દસેક મિનિટ જેટલું પ્રાસંગિક વકતવ્ય રજૂ કરવાની તક સાંપડી હતી.

બીજી બેઠક પ. પૂ. ભટ્ટારક શ્રી ચારૂકીર્તિના અધ્યક્ષપદે યોજવામાં આવી હતી. આ બેઠકમાં 'Jainism and its Philosophy' એ વિષય ઉપર ઓકસફર્ડ યુનિવર્સિટીના પ્રો. ગોમ્બ્રિજે પોતાનો અભ્યાસપૂર્ણ નિબંધ વાંચ્યો હતો. એક વિદેશી અધ્યાપક જૈન ધર્મનો કેટલો ઊંડો અભ્યાસ કરે છે તેની પ્રતીતિ ગોમ્બ્રિજના આ અભ્યાસપૂર્ણ લેખથી થતી હતી Jain Principles and its relevance to mordern world', એ વિષય પર ફ્રાંસના મેડમ કેલેટનું વકતવ્ય રાખવામાં આવ્યું હતું. તેઓ પોતે સંજોગવશાત આવી શકયાં ન હતાં, પરંતુ તેમણે પોતાનો લેખ મોકલી આપ્યો હતો. એ લેખ વાંચવાનું બીજા એક ભાઇને સોંપવામાં આવ્યું હતું, પરંતુ તેમણે લેખની સાથે સાથે પોતાની પણ કેટલીક અપ્રસ્તુત વાતો ઉમેરી હતી. એથી લેખની સ્પષ્ટ છાપ જોઇએ તેવી પડી નહિ. ભટ્ટારક શ્રી ચારૂકીર્તિજીએ અંગ્રેજી ભાષામાં બંને વકતવ્યોના ઉપસંહારરૂપે જૈનધર્મના સિદ્ધાંતો ઉપર સારો પ્રકાશ પાડયો હતો.

શ્રી સી. એન. સંઘવીના પ્રમુખપદે મળેલી ત્રીજી બેઠકમાં ડો. કુમારપાળ દેસાઇએ 'Jain Institutions' વિષે સવિસ્તર માહિતીપૂર્ણ નિબંધ રજૂ કર્યો હતો. ત્યાર પછી શ્રી ચિત્રભાનુએ 'Chaturvidh Sangh' વિષે પોતાનું મૌખિક વકતવ્ય અંગ્રેજીમાં રજૂ કર્યું હતું. અને તે પછી લંડનના નવયુવાન શ્રી અતુલ કેશવજી શાહે 'Young Jains' વિષે નિબંધ વાંચ્યો હતો અને તેમાં યુરોપ-અમેરિકાના જૈન નવયુવાનોમાં સાચી ધાર્મિક જાગૃતિ લાવવા માટે કેટલાંક સરસ ઉપયોગી સૂચનો કર્યાં હતાં.

એ દિવસે શ્રી અશોક જૈનના પ્રમુખપણા હેઠળ યોજાયેલી ચોથી બેઠકમાં ડો. સરયૂબહેન દોશીએ 'Jain Art, Culture & Literature' વિષે પૂર્વભૂમિકા બાંધીને તેને લગતી કેટલીક મહત્ત્વની સ્લાઇડ બતાવી હતી. એ દિવસે રાત્રે શ્રી ધનદુમતી ધાનકનો ભક્તિસંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

શનિવાર, તા. ૨૩ મી જુલાઇના રોજ સવારે શ્રી પ્રતાપભાઇ ગાંધીના પ્રમુખપણા હેઠળ યોજાયેલી પાંચમી બેઠકમાં શ્રી પ્રતાપ ભોગીલાલે 'Contribution of Jainas in Business, Industries and Professions' વિષે અને શ્રી વીરેન્દ્ર હેગડેએ 'Contribution of Jainas in Social and Political Life' ના વિષે અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કર્યા હતા.

શ્રી દીપકચંદભાઇ ગાર્ડીના પ્રમુખપદે મળેલી છઠ્ઠી બેઠકમાં 'Jain Community in India' એ વિષય પર મેં લખેલો મારો નિબંધ રજૂ કર્યો હતો. ત્યારપછી 'Jain Community outside India and their needs' એ વિષય પર પૂ. શ્રી સુશીલકુમારજીનું વકતવ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ તેઓ પધાર્યા નહોતા. એટલે એ વિષય પર શ્રી વિનોદ કપાસીએ સારી તૈયારીપૂર્વક માહિતી એકત્ર કરીને પોતાનો અભ્યાસપૂર્ણ નિબંધ રજૂ કર્યો હતો.

સાતમી બેઠકના પ્રમુખ તરીકે શ્રી શશિકાન્ત મહેતાનું નામ છપાયું હતું, પરંતુ તેઓ આવ્યા ન હતા. એટલે ઉત્તર ભારતના દિગમ્બર સમાજના અગ્રણી શ્રી નિર્મલકુમાર શેઠીને તે સ્થાન આપવામાં આવ્યું હતું. એ બેઠકના મુખ્ય વકતા ડો. સોનેજી પણ આવ્યા ન હતા અને શ્રી રાજકુમાર જૈન પણ પોતાનો નિબંધ લખીને લાવ્યા ન હતા. એટલે આ બેઠકમાં શ્રી રાજકુમાર જૈન, ડો. પોલ મેરેટ, ડો. હુકમચંદ ભારિલ્લ, શ્રી સી. એન. સંઘવી વગેરેનાં મૌખિક વકતવ્યો રજૂ થયાં હતાં.

સૂચનો અને ઠરાવો માટેની આઠમી બેઠક શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇના પ્રમુખસ્થાને રાખવામાં આવી હતી, પરંતુ તેમની નાદુરસ્ત તબિયતના કારણે એ બેઠક સવારે પાંચમી બેઠક પછી યોજી લેવામાં આવી હતી. એમાં કેટલાક ઠરાવો પસાર થયા હતા અને કાયમી આંતરરાષ્ટ્રીય સંસ્થા સ્થાપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય સ્તરનાં સંમેલનો કે અધિવેશનો યોજવાનું કામ સરળ નથી. આંતરરાષ્ટ્રીય વિમાનભાડાં ઘણાં મોંઘાં થતાં જાય છે અને ભોજન અને ઉતારાની તથા વાહનની વ્યવસ્થા પણ એટલી મોંઘી બનતી જાય છે કે બધાંને પહોંચી વળવાનું કામ સદ્ધર સંસ્થા સિવાય સહેલું નથી. જો આવાં સંમેલનોમાં સાહિત્યકારો, વિદ્વાનો, અભ્યાસીઓ, તત્ત્વચિંતકો, સંગીતકારો, સેવાભાવી સામાજિક કાર્યકરો વગેરેને ટિકિટ આપીને નિમંત્રવામાં ન આવે તો તે સંમેલનો બહુધા શ્રેષ્ઠી-સંમેલનો જેવાં બની જવા સંભવ છે. ભારતમાં પણ કેટલાંક સંમેલનોમાં જો પ્રવાસ અને ભોજન-ઉતારાની નિઃશુલ્ક વ્યવસ્થા નથી હોતી તો કેટલીયે સંનિષ્ઠ તેજસ્વી વ્યકિતઓ તેમાં ભાગ લઈ શકતી નથી. જો આમ હોય તો આંતરરાષ્ટ્રીય સંમેલનોની વાત જ શી ? શ્રેષ્ઠી વર્ગ તો આવા પ્રસંગે જો ધારે તો સંમેલન માટેના પોતાના પ્રવાસની સાથે સાથે વેપાર -- પ્રવાસને જોડી દઈ શકે છે. પોતપોતાની કંપનીઓના ખર્ચે અને હિસાબે પણ કેટલાક શ્રેષ્ઠીઓ પ્રવાસ કરી શકે છે અને ધારે તો સંમેલન માટેના પ્રવાસખર્ચ કરતાં પણ વધુ આર્થિક વેપારી લાભ મેળવીને પાછા આવી શકે છે. પરંતુ એકલા શ્રેષ્ઠીઓની હાજરીથી આવા સંમેલનને જે પરિમાણ – Dimension મળવું જોઇએ તે મળી શકે નહિ. વિવિધ ક્ષેત્રની પ્રતિનિધિરૂપ નિષ્ણાત વ્યકિતઓની ઉપસ્થિતિ વિના આવાં અધિવેશનોને ગૌરવ સાંપડે નહિ અને તેની કાર્યવાહીમાં તેજ આવે નહિ ખાનપાનના મેળાની જેમ તેનું મૂલ્ય નહિવત્ જ રહે. એટલે આંતરરાષ્ટ્રીય સંમેલન યોજવાની જવાબદારી મોટા આર્થિક પીઠબળની અપેક્ષા રાખે છે. લેસ્ટરમાં એ રીતે શ્રી ભટ્ટારક ચારુકીર્તિ, શ્રી ચિત્રભાનુ, શ્રી લક્ષ્મીમલ સિંઘવી, પ્રોફેસર ગોમ્બ્રિજ, પ્રોફેસર પોલ મેરેટ, ડો. સરયૂબહેન દોશી વગેરે વિદ્વાન મહાનુભાવોની ઉપસ્થિતિથી આ વર્લ્ડ જૈન કોંગ્રેસને ઘણું ગૌરવ સાંપડ્યું હતું. જૈનોના ચારે ફિરકાની વ્યકિતઓ ઉપરાંત અજૈન વિદ્વાનોની પણ હાજરીને કારણે તેમાં એકતા, સુસંવાદિતા અને ઉદારતાની હવા પ્રસરી હતી.

આમ એકંદરે વર્લ્ડ જૈન કોંગ્રેસનો કાર્યક્રમ સારી રીતે યોજાયો હતો એમ કહી શકાય. એમ છતાં આ કાર્યક્રમ સર્વથા સંપૂર્ણપણે સંતોષકારક હતો એમ તો કેમ કહી શકાય? દરેક સભા, સમારંભો, સંમેલનો, અધિવેશનો વગેરેમાં કેટલીક નાની-મોટી ત્રુટિઓ રહી જતી હોય છે ભવિષ્યનાં કોઇ આંતરરાષ્ટ્રીય સંમેલનો માટે ઉપયોગી થાય એ દૃષ્ટિથી લેસ્ટરમાં યોજાયેલી આ કોંગ્રેસ વિશે અવલોકનને આધારે કેટલાક નિખાલસ વિચારો અહીં રજૂ કર્યા છેઃ

(૧) કોંગ્રેસની પ્રથમ ખુલ્લી બેઠકમાં રજૂ થયેલાં વકતવ્યોમાં અસંતોષ અને વિસંવાદનો સૂર સ્પષ્ટપણે દેખાઈ આવ્યો હતો. પ્રતિષ્ઠા મહોત્સવના ભાગરૂપે યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠા મહોત્સવમાં સ્વયંસેવક તરીકે ખડે પગે પરિશ્રમપૂર્વક માનદસેવા આપનારા સવસોથી બધુ કાર્યકર્તાઓને પણ ડેલિગેટ તરીકેની પચીસ પાઉન્ડની ફી ન ભરી હોય તો હાજર રહેવાનો હકક આપવામાં આવ્યો ન હતો. તેથી અસહકાર અને વિરોધનો પ્રબળ સૂર ઊઠ્યો હતો. એને પરિણામે ખુલ્લી બેઠક પછી કોંગ્રેસ બધાને માટે ખુલ્લી મૂકવાનું જાહેર કરવુ પડ્યું હતું. પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું, કારણ કે લંડન અને બીજાં શહેરોના ઘણા માણસો પાછા ચાલ્યા ગયા હતા એટલે આવી જાહેરાત થયા પછી પણ કોંગ્રેસનો લાભ લેવાવો જોઇએ તેટલો લેવાયો ન હતો.

(૨) કોંગ્રેસ માટે પચીસ પાઉન્ડની ફી વધુ પડતી હતી અને સમિતિના સભ્યો કે દૂરના યાત્રીઓ વગેરે કે જેમની પાસેથી ફરજિયાતરૂપે સીધી કે આડકતરી રીતે એ ફી લેવાઇ હતી તે સિવાય પોતાની સ્વેચ્છાએ કોંગ્રેસમાં હાજર રહેવા માટે સામેથી ઉત્સાહપૂર્વક, હોંશથી ફી ભરી હોય એવી વ્યકિતઓની સંખ્યા, ફી ઉઘરાવનાર એક વ્યકિત પાસેથી અધિકૃત રીતે જાણવા મળ્યું છે તે પ્રમાણે આખી દુનિયામાંથી મળીને ૧૫-૨૫ની પણ ન હતી. વળી, ડેલિગેટની બાબ્યા અને જુદા જુદા દેશ અનુસાર વ્યવસ્થા પણ યોગ્ય રીતે વિચારાઇ નહોતી.

(પૃષ્ઠ ૯ ઉપર)

સૃષ્ટિના સૌથી મોટા પ્રાણીની હજારોની સંખ્યામાં હત્યા

● વિજયગુપ્ત મૌર્ય

મનુષ્ય કેટલો હિંસક અને ક્રૂર થઇ શકે? ઉત્ક્રાંતિમાં માણસ પશુમાંથી ઊતરી આવેલ છે. એટલે તેનામાં થોડીઘણી પાશવતા હોય. તે જેટલી પાશવતાને જીતી શકે એટલી તેની માનવતા ખીલે છે. ઈસુ, બુદ્ધ, મહાવીર, ગાંધીજી વગેરે મહામાનવ હતા; જેમણે પાશવતા ઉપર જીત મેળવી હતી. એક વ્યકિત તરીકે કોઇ એક માણસ વધુ પાશવી હોય તે પણ સમાજ માટે ભયરૂપ કહેવાય; પરંતુ જ્યાં સમગ્ર કોમ કે સમગ્ર સમાજ ક્રૂર પાશવતા આચરતો હોય ત્યારે તે પાશવતા કેવી હોય તે આપણે જર્મનીના હિટલર અને તેના નાત્સીઓની પાશવતામાં જોયું. તે પાશવતા માણસ તરફથી માણસ તરફ હતી અને લગભગ સમગ્ર જગતે તેના પ્રત્યે પુણ્યપ્રકોપ ઠાલવ્યો હતો.

પરંતુ માણસ મૂંગાં પ્રાણીઓ પ્રત્યે કેવી પાશવતા અને ક્રૂરતા આચરે છે તે બધાના જાણવામાં નથી આવતુ. જીવસૃષ્ટિના સૌથી મોટા પ્રાણી વ્હેલનો શિકાર કેવી ક્રૂર રીતે થાય છે તે જાણવા જેવુ છે. હાથી પણ જેના મોંમાં સમાઇ જાય એવી પ્રચંડ કાયા અને એટલું પ્રચંડ મોટું ધરાવનાર બ્લ્યુ વ્હેલ ૩૩ મીટર એટલે કે ૧૦૦ ફૂટ લંબાઈ સુધી પહોંચે છે અને તેનું વજન ૧૫૦ ટન સુધી હોય છે. તે માછલું નથી પણ બચ્ચાને જન્મ આપી દૂધ પાઇને ઉછેરનાર પશુ છે. વ્હેલના પૂર્વજો ધરતી પર હતા. ત્યાંથી જીવનસંગ્રામમાં ખોરાક અને રક્ષણની શોધમાં સમુદ્રમાં રહેવા ગયા, ત્યારે ઉત્ક્રાંતિમાં પગ ગુમાવ્યા અને શરીર માછલા જેવું, પણ નળાકાર બન્યું અને તેમની એક ડઝન જેટલી જાતિઓ વિકસી, તેમનું કદ પણ ઘણું વધ્યું

લાખો વર્ષો સુધી બધી જાતની વ્હેલ નિર્ભય હતી, કારણ કે મનુષ્ય હજી પૃથ્વી ઉપર પ્રગટયો ન હતો. એક લાખ વર્ષ પહેલાં આજના મનુષ્ય જેવો મનુષ્ય પ્રગટયો અને હજારો વર્ષ પછી સમુદ્ર ઉપર પણ શિકાર કરવા લાગ્યો ત્યારે વ્હેલના વિનાશની શરૂઆત થઇ. નોર્વેમાં ખડકો ઉપર હજારો વર્ષો પહેલાં કોતરેલાં ચિત્રો છે; જેમાં માણસો વ્હેલનો શિકાર કરતા દેખાય છે.

ઇતિહાસકાળમાં જોઇએ તો ફ્રાન્સ અને સ્પેનમાં સાગરમાં બારક જાતિના લોકો વ્હેલનો શિકાર કરતા હતા. તે વખતે તેમની પાસે સાધનો અને શસ્ત્રો બહુ કઠંગાં હતાં, પણ બુદ્ધિમાં માણસ પછાત ન હતો. તેથી ૭ ફૂટનો માણસ ૧૦૦ ફૂટની વ્હેલનો શિકાર કરી શકતો હતો અને કોઇવાર શિકારીઓ પોતે પણ માર્યા જતા હતા.

વ્હેલને પ્રાણવાયુ લેવા માટે માછલીને હોય છે તેવી ચૂઈ નથી હોતી, પરંતુ આપણને ફેફસાંવાળું શ્વસનતંત્ર છે તેમ વ્હેલને પણ નસકોરાં અને ફેફસાં હોય છે અને થોડી થોડીવારે શ્વાસ લેવા સમુદ્રની સપાટી પર આવે છે. વળી આરામ કરવો હોય અને માત્ર થોડી મિનિટો ઊંઘી જવું હોય ત્યારે તે સમુદ્રની સપાટી પર આવે છે. તે ઉચ્છ્વાસની હવા બહાર કાઢે તેમાં ભેજ હોવાથી બહારની ઠંડી હવામાં ભેજ ઠરીને ફુવારા રૂપે દેખાય ત્યારે તે શિકારીઓની નજરે પડે. ૧૬મી સદીમાં શિકારીઓ હોડીમાં બેસીને આરામ કરતી વ્હેલ પાસે જાય અને પોતાના બધા જોરથી બાણ જેવું હારપુન તેના શરીરમાં ખોસી દે. હારપુનના છેડે ખૂબ લાંબું દોરડું ઘડીબંધ રાખેલું હોય. ઘવાયેલ વ્હેલ ભાગે ત્યારે દોરડું અને તેની સાથે હોડી પણ ખેંચાતાં જાય. આખરે રકતસ્રાવથી વ્હેલ નબળી પડી જાય ત્યારે શિકારીઓ તેની પાસે જઇને તેના ફેફસાંનું નિશાન લઇને ભાલા ભોંકી દે. અને આ રીતે વ્હેલને મારી નાખીને કાંઠા પાસે ખેંચી લાવે. કોઇવાર વ્હેલ ગુસ્સે થઇને હોડીને પૂંછડાની એક જ ઝાપટ મારીને તેના ફુરચા કરી નાખે. કોઇવાર વ્હેલ ઘવાયા પછી દુર ભાગવાને બદલે ઊંડે ડૂબકી મારી દે ત્યારે શિકારીએ હારપુન અને દોરડું બન્ને ગુમાવવાં પડે એવું પણ બને છે. તે સમયે વ્હેલનો શિકાર હજારોના હિસાબે નહોતો થઇ શકતો, તેથી વ્હેલની વસ્તી પણ ઘણી હતી

તે પછી લાકડાનાં મોટાં વહાણોનો યુગ આવ્યો અને યુરોપી વહાણવટીઓ છેક દક્ષિણ ધ્રુવ મહાસાગરમાં પહોંચ્યાં અને જોયું કે તેના ઠંડા પાણીમાં વ્હેલની વસ્તી ઘણી છે તેથી યુરોપી દેશો અને અમેરિકા વ્હેલના શિકાર માટે ખાસ પ્રકારનાં વહાણો બાંધીને દ. ધ્રુવ મહાસાગરમાં મોકલવા લાગ્યા. જ્યારે અદ્યતન સાધનોવાળી લોખંડની આગબોટો બની ત્યારે રશિયા, યુરોપી દેશો, અમેરિકા, કેટલાક લેટિન અમેરિકન દેશો, જાપાન વગેરેમાં વચ્ચે વધુને વધુ વ્હેલ મારવાની સ્પર્ધા જાગી. વ્હેલના શિકાર માટે ગયેલો કાફલો એકથી ત્રણ વર્ષ વ્હેલના શિકારમાં ગાળે, તેમનાં જહાજ 'વ્હેલર' તરીકે ઓળખાય છે. જહાજની સાથે એન્જિનવાળી અને હારપુનથી સજ્જ થયેલી બીજી નાની નૌકાઓ પણ હોય. તેઓ વ્હેલની શોધમાં જાય. તદ્‌ઉપરાંત મુખ્ય જહાજમાં એક નાનું વિમાન કે હેલિકોપ્ટર હોય આ બધાં વાહનો વાયરલેસથી સજ્જ હોય તેઓ વ્હેલની શોધ ચલાવે. વ્હેલ નાનામોટાં ટોળાંમાં હોય છે અને અવારનવાર ફેફસામાંથી હવા બહાર ફાઢતી હોય, તેના ફુવારા ઊડતા હોય તેની ઉપરથી જાણી શકાય કે વ્હેલનું ટોળું કયાં છે?

હવે હારપુનને યાંત્રિક બનાવવામાં આવ્યું છે. તેના ફણામાં શકિતશાળી નાના બોમ્બ હોય અને હારપુનની છેક ઝીણી પણ મજબૂત દોરી તો હોય. વ્હેલના માથાનું નિશાન લઇને તોપ વડે હારપુન મારવામાં આવે જેથી તે વ્હેલના મગજમાં ઊંડે ઊતરી જાય અને ત્યાં જઇને બોમ્બ ફાટે એટલે વ્હેલ મરી જાય. તે સમયે ટનના હિસાબે તેનું લોહી સમુદ્રમાં રેડાય તેથી સમુદ્રનું પાણી લાલ બની જાય.

આવી પ્રચંડકાય વ્હેલ તરફડિયાં મારતી હોય, પ્રચંડ પૂંછડા વડે સમુદ્રમાં મોજાં ઉછાળતી હોય અને લોહીના ફુવારા ફૂટતા હોય. તે દ્રશ્ય રંગીન ફિલ્મોમાં પણ કમકમાટી ઉપજાવે એવું લાગે છે, તો પ્રત્યક્ષ કેવું હશે?

કાફલાનું મુખ્ય જહાજ ફેકટરી જહાજ તરીકે ઓળખાય છે. તેમાં એક કારખાનું હોય છે જેમાં વ્હેલના અંગના દરેક ભાગ છૂટા પાડી નાખવામાં આવે છે. ફેકટરી જહાજના પાછલા છેડે

એક મોટો દરવાજો હોય છે અને દરવાજાના તૂતક સુધી ચડાણ આવે છે. મરી ગયેલી વ્હેલને પૂછડેથી બાંધીને આ દરવાજા-માંથી યંત્રો વડે તૂતક ઉપર લાવવામાં આવે છે. અહીં વ્હેલનાં માંસ, ચરબી, હાડકાં વ્હેલબોન નામનો પદાર્થ વગેરે છૂટાં પાડી પેક કરી લેવામાં આવે છે. યંત્રો વડે આ બધું કામ ઝડપથી કરવામાં આવે છે. સ્પર્મ વ્હેલ નામની વ્હેલ હોય તો તેનાં આંતરડાંમાં અંબર નામના સુગંધી અને કિંમતી પદાર્થોની શોધ કરવામાં આવે છે. આપણે ઔષધમાં અને સુગંધી મસાલા તરીકે તેમજ સુગંધી પદાર્થ બનાવવા માટે જે અંબર વાપરીએ છીએ તે સ્પર્મ વ્હેલનાં આંતરડાંમાં ઉત્પન્ન થાય છે. વ્હેલ તે કાઢી નાખે ત્યારે મળરૂપે કાઢેલો આ પદાર્થ સમુદ્ર ઉપર તરતો હોય છે. અહીં તડકા અને ઓક્સિજનની રાસાયણિક અસરથી થતી દુર્ગંધ ઊડી જાય છે અને તે સુગંધી અને કિંમતી અંબર બને છે.

વ્હેલના શરીરના વિસર્જનનું કામ ઝડપથી ચાલે છે. કલાકમાં એક વ્હેલના શરીરનો નિકાલ થઇ જાય તે પછી એક પછી એક બધી વ્હેલનો આ રીતે નિકાલ થાય છે.

વ્હેલના શરીરમાંથી ચરબી, તેલ, વ્હેલબોન, માંસ વગેરે જે મળે છે તે બધું કિંમતી અને ઉપયોગી હોય છે. દોઢસો વર્ષ પહેલાં જ્યારે પેટ્રોલિયમનો ઉદ્યોગ શરૂ નહોતો થયો ત્યારે ધાસલેટના દીવાને બળતણ તરીકે વ્હેલનું તેલ અથવા ચરબી વપરાતાં હતાં. દીવા, મીણબત્તી વગેરેમાં પણ એ જ વપરાતું હતું. પેટ્રોલિયમનો ઉદ્યોગ ખીલ્યા પછી પણ વ્હેલનો શિકાર ઓછો થયો નહીં, કારણ કે તેના ઘણા ઉપયોગો હતા. ઈ. સ. ૧૯૫૦ પછીના દાયકામાં દર વર્ષે સરેરાશ ૬૫ હજાર વ્હેલ મારવામાં આવતી હતી. તેમણે ૩૦ લાખ પીપ ભરાય એટલું તેલ આપ્યું હતું. વ્હેલ-મારક દેશો વચ્ચે હરીફાઈ ચાલતી હશે, પરિણામે જુદી જુદી જાતની વ્હેલોની વસ્તી એટલી બધી ઘટી જવા લાગી કે તેમને લાગ્યું કે જગતમાંથી બધી વ્હેલ ખતમ થઇ જશે તેથી તેમણે સંખ્યાનાં કેટલાંક નિયંત્રણો સ્વીકાર્યાં. દ. ધ્રુવ મહાસાગર (એન્ટાર્કટિક) ઉપરાંત ઉત્તર પેસિફિક મહાસાગરમાં પણ વ્હેલ મારવાની પ્રવૃત્તિ શરૂ થઇ હતી. સરેરાશ ૬૫ હજારને બદલે ૪૨ હજાર વ્હેલ મારવી એમ નક્કી થયું. નિયંત્રણ માટે સંમત થનાર કેટલાક દેશોએ નિયંત્રણનો એવો અર્થ કર્યો કે મોટી વ્હેલ મારવા ઉપર જ નિયંત્રણ છે, નાની વ્હેલ નહી તેથી તેઓ મોટી વ્હેલના બચ્ચાને અને નાની જાતની વ્હેલોને મારવા માંડ્યા. આખરે ૧૯૮૦માં અમેરિકાએ જાહેર કર્યું કે બધી જાતની વ્હેલોને રક્ષણ આપવાની જરૂર છે તેથી અમે બધી જાતની વ્હેલોને રક્ષણ આપીશું. વધુ શિકાર કરવામાં રશિયા અને જાપાન વચ્ચે હરીફાઇ હતી. અમેરિકા તે વખતે દુનિયામાં મરાતી વ્હેલોનું ૨૦થી ૩૦ ટકા ઉત્પાદન આયાત કરતું હતું.

વ્હેલના શિકારી મુખ્ય જહાજ ૩૦ હજાર ટન જેટલા મોટા હોય છે અને એક ફેક્ટરી જહાજમાં આશરે ૪૦૦ માણસો કામ કરતા હોય છે. એક ફેક્ટરી જહાજને ૧૨ જેટલી ડીઝલ એન્જિનવાળી નૌકાઓ હોય છે. કેટલીક જાતિની વ્હેલ મરી ગયા પછી ડૂબી જાય છે તેથી તેમને મર્યા પછી તરત જ તેમના શરીરમાં હવા ભરી દેવામાં આવે તે માટે એક અણીદાર નળી તેમની છાતીમાં ભોંકવામાં આવે છે.

વ્હેલબોન ઘનપદાર્થ હોય છે અને કેળાની છાલ ઉતારો એવી રીતે તેનાં પડ ઊખડે છે. તેને અનુકૂળ કદના કટકામાં કાપીને ઘણી ચીજો બનાવવાના કામમાં વાપરવામાં આવે છે. માંસ થીજાવીને માંસાહારી પ્રાણીઓને ખવડાવવા માટે વેચવામાં આવે છે. જો અંબર મળે તો સ્પર્મ વ્હેલ બહુ કિંમતી નીવડે છે.

ઋતુ પ્રમાણે કેટલીક જાતની વ્હેલ આપણા સમુદ્રમાં આવ-જા કરે છે. કોઇવાર મરી ગયેલી વ્હેલ આપણા સાગર-કાંઠે તણાઇ આવ્યાના બનાવ બન્યા છે. ચારેક દાયકા પહેલાં એક મોટી વ્હેલ પૂનમ-અમાસની મોટી ભરતીના સમયે મહીસાગરમાં આવી ચઢી હતી. પુનમ-અમાસના દિવસે ઓટ પણ મોટી થાય છે તેથી પાણી ઓટાઈ જતાં આ વ્હેલ ફસાઇ પડી. તે પોતાના વજન વડે જ દબાઇ મરી, કારણ કે એકસો ટન જેટલા શરીરનો ભાગ તેની છાતી પર આવવાથી તે ગૂંગળાઇ ગઇ. શ્વાસ લેવા માટે તે ફૂંફાડા મારતી હતી. તેના અવાજ નજીકનાં ગામોમાં સંભળાતા હતા પ્રકૃતિવિજ્ઞાની સ્વ. હરિનારાયણ આચાર્ય તે જોઇ આવ્યા હતા, પણ વ્હેલને બચાવવા કાંઈ થઇ શકે તેમ ન હતું. સામાન્ય રીતે વ્હેલ કાંઠાથી દુર રહે છે તેથી આપણા માટે વ્હેલના દર્શન દુર્લભ છે, પરંતુ અંગ્રેજીમાં જેને ડોલ્ફિન કહે છે અને આપણે મલાબિયા અને સૂંસૂ (બંગાળી) હિન્દીમાં તે વ્હેલની નાની આવૃત્તિ જ હોય છે અને આપણા શાંત સમુદ્ર પર તે ગુલાંટો મારતી જતી હોય ત્યારે કાંઠા પરથી તેને ઘણી વાર જોઇ શકાય છે.

વ્હેલમાં નર અને માદા બન્ને હોય છે. તેમનું સંવનન, પ્રજનન, બાળઉછેર વગેરે બધું સમુદ્રમાં જ થાય છે. આવા ઉમદા પ્રાણીની હજારોની સંખ્યામાં દર વર્ષે કુર રીતે કતલ કરી નાખવી એમાં પાશવતા નહિ તો બીજું શું છે?

આવી ક્રુરતાનો એક બીજો દાખલો પણ જોઇએ, ઉત્તર પેસિફિક અને ઉત્તર મહાસાગરના ઠંડા ટાપુઓમાં કેટલાક ઉજ્જડ અને નિર્જન છે. સીલ નામનાં આંચળવાળાં દરિયાઇ પશુઓનાં ટોળાં ત્યાં દર વર્ષે પ્રજનન માટે જાય છે. તેમાં મુલાયમ રૂવાંટીવાળાં નર અને માદા સીલ હોય છે. તેઓ એક માસ આ નિર્જન ટાપુઓ પર ગાળે છે અને અગિયાર માસ સમુદ્રમાં ગાળે છે. જ્યારે ટાપુઓ આ પ્રાણીઓથી ભરપુર થઇ જાય અને ભારે કોલાહલ કરતા હોય ત્યારે શિકારીઓ વજનદાર ધોકા લઇને પહોંચે છે અને દરેક સિલનાં માથાં ધોકા મારીને ફોડી નાખે છે. જો ગોળીબાર કરે તો ગોળીથી ચામડું વીંધાઇ જાય તેથી તેની કિંમત ઘટી જાય. આ પ્રાણીના પૂર્વજો પણ વ્હેલની જેમ ધરતી પરથી સમુદ્રમાં આવ્યા હતા અને નવા પર્યાવરણમાં ઉત્ક્રાંતિથી આ પ્રાણીઓએ પગ ગુમાવ્યા આગલા પગ તરવાની પાંખોમાં ફેરવાઇ ગયા તેથી તેઓ સપાટ કાંઠા ઉપર મુશ્કેલીથી ચડી આવી શકે છે, પણ ઝડપથી ભાગી શકતા નથી. હજારો નિરાધાર અને ભયભીત પ્રાણીઓ ગભરાટ અને વેદનાથી ચીસો પાડતાં હોય અને એ અવાજથી હવા કાંપતી હોય, તેમ છતાં શિકા-રીઓ ધોકા મારીને તેમની હત્યા કરતા હોય એ દૃશ્ય કેવું હૃદયદ્રાવક હશે? આવું દર વર્ષે બને છે. ●

પળે પળે રંગ–રૂપ બદલતું રમકડું

● મનોજ્ઞા દેસાઈ

એક શાળાના ચોથા ધોરણના વર્ગમાં રિસેસમાં વાતો ચાલી રહી હતી:

'એ, શું જુએ છે?' એક આંખે 'રમકડું' જોતા એક બાળકને બીજાએ પૂછ્યું.

'આને કેલિડોસ્કોપ કહેવાય' જોનાર બાળકે જોવાનું ચાલુ રાખતાં કહ્યું.

'મને બતાવને... એમાં શું દેખાય છે?'

'ખૂબ બધી ડિઝાઇનો દેખાય' ત્રીજાએ પેલાને સમજાવતાં કહ્યું.

'અને ગોળ ફેરવીએ એટલે ડિઝાઇન બદલાય.'

કેવું સરસ રમકડું! આપણે બધાંએ નાનપણમાં કોઇકવાર આ પળેપળે દૃશ્ય બદલતું રમકડું ખૂબ જ રસથી જોયું હશે.

એ બનાવવું પણ ખૂબ સહેલું છે. ત્રણ આરસીને એકબીજાને સાઠ અંશને ખૂણે ગોઠવીએ એટલે આપણને વચ્ચે મૂકેલી વસ્તુનાં પાંચ પ્રતિબિંબ મળે. આમ પાંચ પ્રતિબિંબ અને વસ્તુ પોતે મળીને એકસરખી છ ભાત ષટકોણે ગોઠવાયેલી જોવા મળે. જો વસ્તુની જગ્યાએ સુંદર ઘણા બધા રંગીન કાચના ટુકડા મૂક્યા હોય તો? કેટલી સુંદર સુંદર અને વિધવિધ આકૃતિ ડિઝાઇનો બને! એ જોવાની કેટલી મઝા આવે! આમાં બનતી ડિઝાઇનોનો ઉપયોગ ટેક્સટાઇલ ડિઝાઇનિંગમાં પણ થાય છે.

આ રસપ્રદ રમકડાની શોધ ગઇ સદીની શરૂઆતમાં થઇ. એના શોધકનું નામ ડેવિડ બ્રયુસ્ટર. જન્મ ૧૭૮૧ના ડિસેમ્બરમાં– બસો કરતાંય વધારે વર્ષ થઇ ગયાં. એણે બનાવ્યું એ વાતને પણ પોણાબે સૈકા તો થઈ ગયા. છતાંય કેલિડોસ્કોપ આજે પણ એટલું જ માનીતું, લોકપ્રિય અને મનોરંજક છે.

'પુત્રનાં લક્ષણ પારણામાંથી'ને ન્યાયે બ્રયુસ્ટરને નાનપણથી જ જગત તરફ, આજુબાજુની વસ્તુઓ તરફ એક વૈજ્ઞાનિક અભિગમ ખરો. દસ વર્ષે એણે ટેલિસ્કોપ બનાવેલું. એના પિતા ચર્ચની સ્કૂલમાં કામ કરતા હતા. પુત્ર પણ ચર્ચમાં ધાર્મિક ભાષણ આપે એવી એમની ઇચ્છા હતી. આમ તો ડેવિડમાં ધાર્મિક ભાષણો આપવાની ક્ષમતા પણ હતી તેવીસ વર્ષે એણે પહેલું પ્રવચન આપ્યું પણ ખરું પરંતુ એ એના રસનો વિષય ન હતો તેથી એની તૈયારીમાં એને ખૂબ મહેનત પડતી હતી. છેવટે એણે રોજી રળવા માટે સંપાદનનું અને શિક્ષણનું કામ સ્વીકાર્યું.

અભ્યાસ કરીને કેમ્બ્રિજ યુનિવર્સિટીની એમ. એ.ની પદવી મેળવી અને ત્રીસ વર્ષની અંદર જ 'પ્રકાશ' વિશે અભ્યાસ અને ઊંડી શોધ શરૂ કરી. સ્ટીરિયોસ્કોપ નામે સાધનમાં સુધારા પણ કર્યા.

ત્યારપછી એણે, આજે પણ જેનો રમકડા તરીકે બહોળો ઉપયોગ થાય છે, એવા કેલિડોસ્કોપની શોધ કરી.

કોઇપણ શોધક કે વિજ્ઞાનીના જીવનની સૌથી મોટી કરુણતા કદાચ એ જ હશે કે એણે ખૂબ નિષ્ઠા અને પરિશ્રમથી કરેલું સંશોધન 'એનું' ન ગણાય. બ્રયુસ્ટરનું પ્રારબ્ધ પણ રિસાયું. એણે કઢાવેલી કેલિડોસ્કોપની 'પેટન્ટ'માં કંઇક ભૂલ હોવાને કારણે, આજ–કાલની 'વીડિયો પાયરસી'ની જેમ એનું આ લોકપ્રિય રમકડું પણ ચોરે ને ચૌટે વેચાવા લાગ્યું. નવું–નવું હોવાને કારણે લોકોમાં તો જાણે એ ખરીદવાનો જુવાળ ઊપડેલો, પણ બ્રયુસ્ટરને બિચારાને એના વેચાણમાંથી કાણી કોડી ય ના મળી. પોતે શોધેલી વસ્તુ પર બીજાને નાણાં કમાતા જોઇને બ્રયુસ્ટર એના હક મેળવવા ઘણુ ફર્યો. એના ભાગ્યમાં 'કેલિડોસ્કોપ'ની બદલાતી ભાતની જેમ જીવનના બદલાતા રંગ જોવાનું હતું. એ રંગોને રમકડામાંથી એને દ્રવ્યોપાર્જન ન થયું, પણ યશોપાર્જન જરૂર થયું. ગુણક પ્રતિબિંબના સિદ્ધાંત પર બનાવેલા એના આ રમકડાએ અને બીજાં સંશોધનોએ એને 'કોપલે મેડલ' મેળવી આપ્યો.

આ સંશોધન પછી પણ એ 'પ્રકાશમય' રહ્યો; 'પ્રકાશ'ના ક્ષેત્રે બીજાં સંશોધનો પણ કર્યાં. દીવાદાંડીના દીવામાં એણે સુધારા સૂચવ્યા.

વિજ્ઞાનીના કે શોધકના માની લેવામાં આવતા વ્યક્તિત્વ કરતાં એનું વ્યક્તિત્વ ઘણું જુદું હતું. એને સાહિત્યમાં પણ રસ હતો. આટઆટલાં સંશોધનોની વચ્ચે પણ એ જોક (રમૂજી ટૂચકા) પણ માણી શકતો હતો. એના ઘણા મિત્રો પણ આનંદી હતા.

વિજ્ઞાન-રત રહેવા છતાં એ અન્યાયના વિરોધમાં સરઘસ કાઢવું હોય તો એ આનંદથી સમય ફાળવતો. સ્કોટલેન્ડનું ચર્ચ છોડીને વિરોધ કરનારા ચારસોથી યે વધારે પાદરીઓની સાથે એ પણ હતો એને કારણે એનું આચાર્યપદ પણ જાય એમ હતું. છતાં એ અણનમ રહ્યો.

જીવનમાં લેખનકાર્ય પણ એણે ઘણું કર્યું. એણે કેટલાક શૈક્ષણિક લેખોનું સંપાદન કર્યું, જાતજાતના વિશ્વકોશોમાં પ્રદાન કર્યું અને ત્યારના કે પહેલાંના વિજ્ઞાનીઓની જીવન-કથાઓ પણ લખી.

બીજી અને કદાચ સૌથી અચરજભરી વાત. તે વખતનો ખૂબ જાણીતો વિજ્ઞાની જહોન ડોલ્ટન એનો મિત્ર હતો. ડોલ્ટન 'કલર બ્લાઇન્ડ'–રંગાંધ હતો. એણે એ સ્થિતિ–રંગાંધતા–ઓળખી અને એને વિશે પણ સંશોધનો કર્યાં.

એનાં બીજાં સંશોધનો માટે આપણે બ્રયુસ્ટરને ઓછો ન આંકીએ તોય એની કેલિડોસ્કોપની શોધને કારણે આજે પણ એ સતત બદલાતાં પ્રતિબિંબોમાં, એ જોતી વખતે આનંદ અનુભવતાં હૃદયોમાં, પળે પળે બદલાતા રંગોમાં અને એને જોતાં અને માણતાં અનેક બાળકોની આંખોના વિસ્મયમાં જાણે બ્રયુસ્ટર હજી જીવે છે. ●

પર્યુષણ અંક

'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૮૮નો તથા તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૮૮નો અંક પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રસંગે સંયુક્ત અંક તરીકે તા. ૧ સપ્ટેમ્બરના રોજ પ્રગટ થશે.

–તંત્રી

નર્મદા યોજના : ગુજરાતની જીવાદોરી

સંઘના ઉપક્રમે ગુરુવાર, તા. ૨૮ મી જુલાઈ, ૧૯૮૮ના રોજ સાંજના ૬/૧૫ કલાકે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં ગુજરાતના ભૂતપૂર્વ નાણામંત્રી અને હાલના સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન શ્રી સનતભાઈ મહેતાનું ઉપરોક્ત વિષય પરનું એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી અમરભાઈ જરીવાલાએ સંભાળ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે વ્યાખ્યાતા અને શ્રોતાઓનું સ્વાગત કરવાની સાથે આ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે સુખડના હાર વડે શ્રી સનતભાઈનું અભિવાદન કર્યું હતું. શ્રી અમરભાઈ જરીવાલાએ વ્યાખ્યાતાનો પરિચય આપ્યો હતો.

શ્રી સનતભાઈ મહેતાએ 'નર્મદા યોજના : ગુજરાતની જીવાદોરી' એ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે ગુજરાતની સમૃદ્ધિ અને વિકાસની જીવાદોરી સમી નર્મદા યોજનાને પર્યાવરણીય મંજૂરી મળી જતાં રાજ્યની પ્રજાની વર્ષો જૂની આશા, આકાંક્ષા સંતોષાઈ છે. નર્મદા એ ભારતની સાત મોટી નદીઓમાંની એક છે અને કદાચ એક માત્ર એવી મુખ્ય નદી છે કે જેનું સરેરાશ ૪૫,૦૦૦ મિ. ઘનમિટર એટલે કે ૩૬૪ લાખ એકર ફૂટ પાણી વપરાયા વિના દરિયામાં વહી જાય છે. એ રીતે નર્મદા નદીના પાણીને જનહિતાર્થે' ઉપયોગમાં લેવાની યોજના એ બીજા વિશ્વયુદ્ધ પછી હાથ ધરવામાં આવેલા નિર્માણ-યોજનાઓમાંની એક મહત્ત્વની યોજના તરીકે ગણનાપાત્ર ઘટના છે. સમગ્ર નર્મદા નદી-ખીણનો અભ્યાસ ૧૯૪૭માં કરવામાં આવ્યો હતો. નર્મદા નદી પર ગોરા ગામ પાસે નીચી સપાટીનો બંધ બાંધવા માટે ૧૯૫૭માં ભલામણ કરવામાં આવી હતી. ૧૯૬૦માં ગુજરાતનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. એપ્રિલ ૧૯૬૧માં તે વખતના વડા પ્રધાન સદ્‌ગત શ્રી જવાહરલાલ નહેરુના હસ્તે આ યોજનાનો શિલારોપણવિધિ કરવામાં આવ્યો હતો. ત્યારથી ગુજરાત રાજ્યની પ્રજા માટે નર્મદા એ માત્ર એક પવિત્ર નદી જ નથી રહી; પરંતુ આશાનું કિરણ બની રહી છે. નર્મદા જળવિવાદ પંચે ૧૯૭૯માં આપેલા એવોર્ડ અનુસાર આ મહાયોજનાના લાભ અને ખર્ચનાં ભાગીદાર રાજ્યો ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર છે. એવોર્ડ અનુસાર સરદાર સરોવરની પૂર્ણ જળાસપાટી ૧૩૮.૬૮ મીટર અને ઉપયોગી જળાસંગ્રહ ક્ષમતા ૫૮૦૦ મિ. ઘનમીટર હશે. ટૂંકમાં પંચ દ્વારા ચુકાદાના તબક્કા સુધી પહોંચવા માટે, ગુજરાતની આ બહુલક્ષી યોજનાએ જુદા જુદા ૬૦ તબક્કાઓમાંથી પસાર થવું પડ્યું હતું અને ૩૦ વર્ષની લાંબી તપસ્યા કરવી પડી હતી.

ભારતની આ સૌથી મોટી સિંચાઈ યોજનાને લીધે ૩,૩૨૨ કુટુંબોને અસર થશે એવો અમારો અંદાજ છે. કેટલાક લોકો કહે છે કે આ ત્રણ હજાર કુટુંબોને ફરીથી વસાવવાની તાકાત ગુજરાતમાં નથી. આવું બોલનાર ગુજરાતનાં ખમીર અને એની અસ્મિતાનું અપમાન કરે છે. આવા લોકોને મારે એટલું જ કહેવું છે કે મોરબીમાં જઈને જુઓ, હજુ આઠ વર્ષ પહેલાં જ મોરબી અને તેની આસપાસનાં ગામોમાં પૂરે સર્વનાશ વેર્યો હોવા છતાં આજે ત્યાં આવા ભયાનક વિનાશની એક પણ નિશાની જોવા મળતી નથી એટલું બધું પુનરુત્થાન મોરબીમાં થયું છે. ફરી બેઠા થવાનું ખમીર ગુજરાતની પ્રજા જ બતાવી શકે છે.

નર્મદાયોજનાને પૂરી થતાં ૧૭ વરસ લાગશે અને ત્યારબાદ નહેરોમાં પાણી વહેતું થશે એવી પ્રવર્તતી ગેરસમજ દૂર કરતાં શ્રી મહેતાએ જણાવ્યું હતું કે ૧૯૬૩–'૬૪ સુધીમાં અમારે ગુજરાતની પાંચ લાખ હેકટર જમીનને નર્મદાનું પાણી આપવું છે. અત્યારે નર્મદાયોજનાની ૮૨ કિમી. લાંબી મુખ્ય નહેર વડોદરા સુધી પહોંચી છે અગાઉ આ યોજના ૧૭ વરસમાં પૂરી કરવાની ધારણા રખાઈ હતી, પરંતુ હવે દસ વરસમાં એ પૂરી કરવાનો અમારો નિર્ધાર છે. પ્રોજેક્ટનો સમયગાળો ટૂંકાવવા માટે અમે આખા વિશ્વમાંથી નિષ્ણાતોને બોલાવી એમની મદદ લીધી છે.

નર્મદા વિષેના જાતજાતના ભ્રમ અને વિવાદોનું પોતાના પ્રવચનમાં એક પછી એક કરીને સમાધાન કરતાં સનતભાઈ મહેતાએ કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે પંજાબમાં ખેતીની સ્થિતિ આજે ગુજરાતમાં છે એવી જ નબળી હતી; પરંતુ રાવી, સતલજ અને બિયાસ નદીઓ પર બંધ બાંધીને એના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ થતાં પંજાબમાં હરિયાળી ક્રાંતિ આવી છે પંજાબની આ ત્રણ નદીઓથી ઘણું બધું વધુ પાણી, નર્મદા યોજનાને લીધે, ગુજરાતને મળશે. એટલે એને લીધે રાજ્યની ખેતીને કેટલો લાભ થશે એનો વિચાર કરી જુઓ. ગુજરાતની ખેતીની આવક વધીને રૂ. ૧૧૦૦ કરોડ થશે અને પાણી સિંચાઈ તથા વીજળી મારફત જ રાજ્યને નર્મદા યોજનાને લીધે રોજની ચાર કરોડ રૂપિયાની આવક થશે. યોજનાનું આયોજન એવું કરાયું છે કે જ્યાં ૧૦થી ૧૫ ફૂટનો ઘોધ પડતો હશે ત્યાં પણ વીજળી પેદા કરવાની ગોઠવણ થશે.

ગુજરાત–સૌરાષ્ટ્ર – કચ્છનાં લગભગ દરેક દુષ્કાળગ્રસ્ત ગામોને આ યોજના હેઠળ પીવાના પાણી સહિત ખેતી, વીજળી વગેરે માટે આવરી લેવાયાં છે. જે જે વિસ્તારોને આ યોજનાથી ફાયદો થશે તે તે વિસ્તારોનો આર્થિક, સામાજિક નિરીક્ષણ (survey) સંબંધિત યુનિવર્સિટીના નિષ્ણાતો દ્વારા કરવામાં આવ્યો છે.

આ યોજના માટે રૂ. ૨૫૦૦ કરોડ ઊભા કરવા પડશે. પણ મને એની ચિંતા નથી. ગુજરાત માટે લોકો ગમે તે કહે પરંતુ ગુજરાતની પ્રજામાં કર્મજોરીને બદલે શક્તિનાં પરિબળો વધુ છે. આ યોજનામાં ગુજરાતની જનતાનો પૂરો સહયોગ મળી રહ્યો છે. મુંબઈના ગુજરાતીઓ પણ ગુજરાતના નવનિર્માણ સમી આ યોજનાને સાકાર સ્વરૂપ આપવા માટે ગુજરાત નર્મદા વેલી ડેવલપમેન્ટ કોર્પોરેશનનો માત્ર એક શેર ખરીદીને એનું ડિવિડન્ડ ગુજરાતના વિકાસના નામે લખી આપે એવી તેમણે સૌને અપીલ કરી હતી.

કાર્યક્રમના અંતે સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે આભાર માન્યો હતો.

અહેવાલ સંકલન : ચીમનલાલ કલાધર

'જિનતત્ત્વ' – વક્તવ્ય અને ઉદ્દેશ

● ડૉ. હસમુખ દોશી

ડૉ. રમણલાલ ચી. શાહના 'જિનતત્ત્વ'નો પહેલો ભાગ થોડા સમય પહેલાં વાંચ્યો હતો. હમણાં બીજો ભાગ પણ વાંચવા મળ્યો. 'જિન-તત્ત્વ' વિશે કે કોઈપણ ધર્મતત્ત્વ વિશે જે કાંઈ લખાયું હોય તેની સમીક્ષા કરવાની પાત્રતા કોઈની કેટલી હોઈ શકે? એવો પ્રશ્ન નમ્રતાથી કરીને પછી સમાલોચના કરી જ નાખવી એવી ખોટી નમ્રતાનો ડોળ કરવાનો શો અર્થ? સામાન્ય રીતે સાહિત્યકારોની નમ્રતા આજે તો અહંકારને પોષવામાં જ ખપ લાગતી હોય છે એમ ઘણા માને છે. એટલે પોતે નમ્ર છે એમ કોઈ કહે તોપણ તેનો સ્વીકાર ક્યાં થવાનો છે? અહમભાવને ઓગાળીને આ પુસ્તકના લેખકની જેમ સૌને લખતાં આવડે તો તો ઘણું સારું. પણ જ્યાં સુધી એવું ન આવડે, એવી સિદ્ધિ ન મળે ત્યાં સુધી તો આ રીતે કામ ચલાવવું રહ્યું.

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી એક વાર કહેતા હતા કે: સાચું પાંડિત્ય Ph.D.ની ડિગ્રી મેળવવામાં નથી અને એ સાચી વિદ્વત્તા નથી. જ્યાંસુધી મન રાગદ્વેષાદિ કષાયોથી મુકત ન બને ત્યાં સુધી એ પાંડિત્ય કે એ વિદ્વત્તા અધૂરાં છે! તેમને રૂબરૂમાં તો જવાબ આપવાનું સરળ નહોતું પણ મન ત્યારે ગણગણ્યું હતું કે સંસારમાં રહીને રાગદ્વેષાદિથી મુકત થવાનું સરળ નથી. તેમાંય સાહિત્યની દુનિયામાં અટવાયેલો જીવ એ પાપસ્થાનોથી મુકત બની શકે એ શકય જ નથી. રાગદ્વેષની બુનિયાદ ઉપર જ આજની સાહિત્યસૃષ્ટિ મંડિત થયેલી છે. એટલે સાચા જિન બનવાનું સંસારી જીવ માટે શકય નથી. એ માટે તો સંસારનો પરિહાર કરીને સાધુ બનવું પડે. અને કેટલા ઓછા જૈનસાધુઓ પણ સાચા અર્થમાં 'જિન' બની શકતા હશે?

પણ આપણે જિનતત્ત્વો ન પચાવી શકીએ એટલે એ તત્ત્વોની મહત્તા થોડી ઘટી જવાની છે? એ તત્ત્વોમાં ઉચ્ચ જીવનનાં જે મૂલ્યો નિહિત છે તેનું મહત્ત્વ તો અજ્ઞેય જ રહે છે. જીવનથી જુદી રીતે ધર્મનો વિચાર કરી શકાય નહિ. જીવન સમગ્રમાં, તેની પ્રત્યેક ક્રિયા–પ્રક્રિયામાં ધર્મ ઓતપ્રોત હોવો જોઇએ. 'જિન – તત્ત્વ'ના બન્ને ભાગો વાંચતાં આવી પ્રતીતિ થાય છે. જૈન ધર્મના ભારે તત્ત્વજ્ઞાનને જીવનમાં નહિ સમાવી શકતા લોકોનો એક વિશાળ વર્ગ છે. કદાચ દરેક ધર્મમાં આવો વર્ગ આજે અસ્તિત્વ ધરાવે છે જે ધાર્મિક ક્રિયાઓની જટિલતા સ્વીકારી શકતો નથી. તેમનું એમ માનવું છે કે મનની શુદ્ધિ હોય અને શરીર ચોકખું હોય તો પછી ધાર્મિક ક્રિયાઓની જીવનમાં કોઈ જરૂરિયાત નથી. એ ફકત બાહ્ય ઉપકરણો છે. અને એવી ધાર્મિકતા દાંભિકતાનું રૂપ લ્યે છે. ઘણે અંશે તેમનો આવો અભિગમ સાચો પણ હશે. પણ ડૉ. રમણભાઇએ આ બન્ને પુસ્તકોમાં ધાર્મિક ક્રિયા–પ્રક્રિયા વિના ધર્મનું પુણ્યસ્વરૂપ પામી શકવાનું શકય નથી એ વારંવાર સમજાવ્યું છે. 'સાંવત્સરિક ક્ષમાપના', 'કાઉસગ્ગ,' પચ્ચક્ખાણ,' 'તપશ્ચર્યા' વગેરે લેખો આ દૃષ્ટિએ લખાયા છે. 'નિરા મિષાહાર'નો લેખ સમગ્ર માનવજાતનો ઉદ્ધાર કરી શકે એવી દૃષ્ટિ ધરાવે છે. 'પરીષહ' મુખ્યત્વે સંસાર ત્યાગીને સાધુ–સાધ્વી બનેલાં સ્ત્રી–પુરુષોને ધ્યાનમાં રાખીને લખાયેલો લેખ છે. જૈન સાધુઓ માટે સાધુત્વ અસિધારા વ્રત જેવું છે તેનું સ્વેચ્છાએ સમજીને પાલન કરવામાં ન આવે તો પતન સહજ છે એમ લેખકે વારંવાર દર્શાવ્યું છે. આમ છતાં જૈન સાધુઓ સ્નાન કરીને સ્વચ્છ ન બને અને તેમના જીવનમાં સ્નાનની કોઈ આવશ્યકતા નથી એવું વિધાન સ્વીકારવાનું સહેજે મન થાય તેવું નથી. તેમાંય લેખક જ્યારે એમ લખે છે કે ઉગ્ર બ્રહ્મચર્ય જ્યાં હોય ત્યાં દુર્ગંધ પ્રવેશી જ ન શકે અને સાચા જૈન સાધુ–સાધ્વીઓ બ્રહ્મચારીઓ હોવાથી તેમને અસ્વચ્છતા સ્પર્શી ન શકે એ ન માની શકાય તેવા વિચારો છે. માનવશરીર અન્ત સુધી કોઇને છોડતું નથી અને શરીર સાથે શરીરના ગુણધર્મો જોડાયેલા જ રહે છે. સ્નાન ન કરવાથી બ્રહ્મચારીનું શરીર દુર્ગંધ ન ફેલાવે એ વિચારો ઘણા ચમત્કારિક લાગે છે. અને તેમાં રહેલી અવાસ્તવિકતા સ્વીકારી શકાય તેમ નથી. શ્રીમદ્ રાજચન્દ્ર જીવનના અંતિમ વર્ષોમાં સંધરણી કે કોઇ એવા ભયાનક વ્યાધિથી પીડાતા હતા પણ જે સ્ત્રી પુરુષો તેમની સેવા કરતાં હતાં તેમને શ્રીમદ્ના શરીરની રોગજન્ય દુર્ગંધ સ્પર્શી શકતી નહોતી, ઊલટાની તેમાંથી અલૌકિક સુવાસ ફેલાતી હતી એમ ડૉ. રમણભાઇનાં એક વિદ્યાર્થિનીએ તેમના શ્રીમદ્ વિશેનાં Ph.D.ના મહાનિબંધમાં લખ્યું છે જે શબ્દો કોઇ હિસાબે માન્ય થઇ શકે તેમ નથી. અલબત્ત આ અમારી સંસારી સમજશકિતની મર્યાદા પણ હોઇ શકે. આજીવન અખંડ સંનિષ્ઠ બ્રહ્મચર્યનું ત્રિવિધેત્રિવિધ પાલન કરનારા મહાત્માઓ સ્વાનુભવને આધારે તેના ઉપર વિશેષ પ્રકાશ પાડી શકે.

ડૉ. રમણભાઇની શૈલી ઘણી સરળ છે. તેમની ભાષા સ્પષ્ટ અને સાદી હોવાથી સામાન્ય વાચકોની પહોંચ બહાર રહેતી નથી. ધર્મ કે તત્ત્વજ્ઞાન વિશે લખતા આપણા ઘણા વિદ્વાનો વિષય જેટલી જ ભાષાશૈલી ધરાવતા હોય છે અને પરિણામે અધિકારી વાચકો સુધી જ તેમનો જીવનસંદેશ પહોંચી શકે છે. જ્યાં ધાર્મિક પરિભાષાના શબ્દો અઘરા હોય છે ત્યાં લેખકે સંક્ષેપમાં તેની સમજૂતી આપીને વકતવ્યને સર્વસુલભ બનાવવાની ઘણી કાળજી લીધી છે, અને એટલે જ ઘણા વિષયો સર્વગમ્ય બની શકયા છે. કેટલાક લેખો તો સાંપ્રદાયિક મટી સાર્વદાયિક થઇ શકયા છે તે આ કારણે. તેમનું ગદ્ય કોઇને ઠંડું લાગે પણ તથ્ય છે. સત્યનું નિરૂપણ કરનારનું ગદ્ય આવું જ રહેતું હશે. સ્વાભાવિક ગદ્યશૈલીને ચમકદમકની બહુ જરૂર રહેતી નથી.

દૂરદર્શન, વીડિયો અને અનૈતિક સાહિત્યના આક્રમણ સામે આવાં પુસ્તકો પ્રગટ થાય છે, પ્રગટ થાય છે એટલું જ નહિ, બહુ ટૂંકા ગાળામાં તેના પ્રથમ ભાગની તો બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે એ પ્રજાજીવનનો અને તેની નૈતિકતાનો મોટો વિજય છે. લેખકે 'જિનતત્ત્વ' ભાગ પહેલાને અન્તે લખ્યું છે: 'ઇતિહાસ સાક્ષી પૂરે છે કે વિભિન્ન વિદેશી આક્રમણો અને વિષમ પરિસ્થિતિઓ દરમિયાનમાં ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખનાર પરિબળોમાં આપણાં ધાર્મિક પર્વોનું યોગદાન ઓછું નથી' તેમાં 'ધાર્મિક પર્વો'ને બદલે ફકત 'ધર્મોનું' લખીએ તો સમજાશે કે ભારતીય જીવનને અને સંસ્કૃતિને ટકાવી રાખનાર ધર્મ જ હતો, છે અને રહેશે. 'જિનતત્ત્વ'ના બન્ને ભાગો ધર્મના સાચા સ્વરૂપની સાથે આ રહસ્યને દૃઢાવે છે.

★

માળવાળી લિપિઃભારત

(પૃષ્ઠ ૧૦ થી ચાલુ)

હ્રસ્વ ઇને માટે તેની ઉપલી વેલાંટી (કમાન) ની પૂર્વે બીજી નાની ઊંધી કમાન કરીને અક્ષરની પછી જ છાપવી જોઇએ. જેમ કે કિશોરલાલને બદલે કઇશોરલાલ, અખિલને બદલે અખઇલ. તે જ રીતે ઋકારને તળમજલામાંથી ખેંચીને વર્ણમાલામાં જ અક્ષર પછી મૂકવો જોઇએ. જેમકે કૃષ્ણને કરૂષ્ણ. નિર્ણયસાગર મુદ્રણાલયનો 'લઘુ-રુદ્રાભિષેક' લઇને વાંચવાથી તેમાંની વૈદિક લિપિમાં છાપેલા 'ઋ'કાર તથા અનુસ્વાર આવો જ છે તે સમજાશે. તેમાં અનુસ્વારને બદલે 'દઃ' આવું ચિહ્ન છે. કાનો, દીર્ઘ ઇ, ઓકાર, ઔકાર તથા અઃ (વિસર્ગ) તો કોઈ જ રીતે કષ્ટપ્રદ નથી તે કહેવાઇ ગયું છે. અર્ધ રકાર (રાષ્ટ્ર)ને માટે શુક્લવારના અર્ધ રકારની જેમ લખવો રહ્યો. અર્થાત્ 'ક્ર'ની જેમ છેકવો રહ્યો. આટલું કરતાં મુદ્રાલેખનની તકલીફો દૂર થશે.

અજ્જુ (ઇકાર), વરુ (ઉકાર) ઋકાર માત્રાઓ, અનુસ્વાર અને અર્ધરકાર – આટલાં ચિહ્નોમાં ફેરફાર કરવો પડે. રેફને બદલે અર્ધ રકાર લખાય. આ ફેરફારોમાં ચિહ્નોના સ્થાનોતર જ સૂચવાયાં છે. તેમને માટે નવી સંજ્ઞાઓ સુચવાઇ નથી (સિવાય કે વેલાંટી) અર્થાત્ નાની ઇની ઉપલી કમાન એકને બદલે બે કરવી.

લિપિસુધાર વિષે ગુજરાતી ભાષામાં અગાઉ ઘણી ચર્ચા થઇ ગઈ છે. કોઇ ઉત્સાહી લિપિ-સુધારકે નવા અક્ષરો કે ચિહ્નો સરજીને 'કુમાર'માં પોતાના લેખો તે સુધારેલી લિપિમાં છપાવ્યા પણ છે.

સંસ્કૃતમાં **ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ** શ્લોકમાં ઉકાર રકારની પછી જ લખાય છે. તે જ રીતે પુરુષસૂક્તમાં **ઉચ્ચૈ તદસ્ય યદ્રેફ્ય** પંક્તિમાં દીર્ઘ ઉકાર પણ અક્ષરની પછી જ લખાય છે. બંગાળીમાં અનુસ્વાર અક્ષરની પછી લખાય છે. જેમકે વંશને બદલે 'વઁશ' લખે છે. એટલે આ અનુસ્વારને પણ ગુજરાતીમાં, બંગાળીની જેમ માથે ચડાવવાને બદલે બાજુએ હડસેલી શકાય. હકીકતમાં મુદ્રાલેખનમાં ખરો પ્રશ્ન તો હ્રસ્વ ઇકાર, એકાર તથા ઐકારનો જ રહે છે. બંગાળીમાં 'એ' શબ્દની પૂર્વે લખાય છે. ગુજરાતીમાં આપણે તેને સ્થાનભ્રષ્ટ કરીને અક્ષરની પછી લખી શકીએ જેમકે એકને બદલે 'આક' અને ઐરાવતને બદલે 'અ"રાવત' આ ત્રણ સંજ્ઞાઓ પૂરતી છૂટ લઇને નવો ફેરફાર કરીએ તો મુદ્રાલેખનકાર્ય સરળ અને શાસ્ત્રીય રીતે ઉચ્ચાર ક્રમાનુસાર લેખન ક્રમને જાળવનારું ગણાય.

હ્રસ્વ ઇકારનું સૂક્ષ્મ અવલોકન કરતાં જણાશે કે તે ઇકાર અને કાનો મેળવવાથી બન્યો છે. હવે જો ઇકારમાંથી ઉપલો દ કાઢી નાખીએ અને કાનો રાખીએ તો તે (J) આ અક્ષર જેવો લાગે. આમાં સૌંદર્ય નથી. તેથી આ નવી આકૃતિમાં મૂળની હ્રસ્વ ઇની ઉપરની નિશાની રૂપ દરવાજો (િ) જોડી દેતાં 'ઇ' આવો આંકડો કે અંગ્રેજી S ને મળતો અક્ષર થશે. ટ વર્ગના ત્રીજા અક્ષર S કારથી તેને જુદો પાડવા માટે ઉપલો દરવાજો પૂરેપૂરો આલેખવો; આશા છે કે સુધારાવાંછુઓને આ લેખ વિચારપ્રેરક લાગશે.

★

વર્લ્ડ જૈન કોંગ્રેસ

(પૃષ્ઠ ૯ થી ચાલુ)

આ કોંગ્રેસમાં લેસ્ટરના લોર્ડ મેયર બે વાર પધાર્યા, એમના તરફથી લંચ આપવામાં આવ્યું. ડો. લક્ષ્મીચંદ સિંઘવી વગેરેએ અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કર્યા અને યુવાનોને એમાં સ્થાન આપવામાં આવ્યું એ એના મહત્ત્વના ગુણપક્ષે છે. કોંગ્રેસની ફલશ્રુતિરૂપે એક સંસ્થાનું નિર્માણ કરવાનો નિર્ણય લેવાયો તે પણ મહત્ત્વનું કાર્ય ગણી શકાય. જો કે એનું કેવું સ્વરૂપ ઘડાય છે અને તે કેવું કાર્ય કરશે તે તો ભાવિ કહી શકે.

છેલ્લાં થોડાં વર્ષોમાં ભારતમાં અને વિદેશોમાં યોજાયેલા વિવિધ પ્રકારનાં જૈન સંમેલનો અને અધિવેશનો એક દ્રષ્ટિએ જોઇએ તો વિવિધ પ્રકારના અનુભવોની કાચી સામગ્રી પૂરી પાડે છે એમ કહી શકાય. આવાં સંમેલનો દ્વારા પાયાનું કેટલુંક મહત્ત્વનું કામ થઈ રહ્યું છે, જે ભવિષ્યના આયોજકોને માટે વધુ લોકશાહી ઢબે, વધુ પ્રતિનિધિત્વવાળાં, વધુ વ્યવસ્થિત, વધુ દ્રષ્ટિસંપન્ન, વધુ સુયોજિત સંમેલનો યોજવા માટે માર્ગદર્શનરૂપ થઇ પડે એવું છે.

વિદેશ પ્રવાસની વધતી જતી સગવડોને કારણે આંતરરાષ્ટ્રીય પ્રકારનાં સંમેલનો યોજવાની આકાંક્ષા હવે ઉત્તરોત્તર વધતી જવાની. જૈનો પાસે પૈસા છે, શક્તિ છે, ઉદારતા છે અને આવડત પણ છે. એટલે લંડન, ન્યુયોર્ક, દિલ્હી વગેરેમાં યોજાયેલાં આંતરરાષ્ટ્રીય પ્રકારનાં જૈન સંમેલનો પછી લેસ્ટરમાં યોજાયેલી આ કોંગ્રેસમાં પૂર્વના સંમેલનો કરતાં આયોજનમાં અને પ્રતિનિધિત્વમાં કંઇક વધુ પ્રગતિની અપેક્ષા રાખી શકાય પરંતુ આપણે ત્યાં યોજાતાં આવા આંતરરાષ્ટ્રીય સંમેલનો કોઇક બે વ્યક્તિઓની મરજી પ્રમાણે હજુ ચાલતાં હોવાના કારણે તથા સ્થાનિક કાર્યક્રમ જેવાં બની જતાં હોવાને કારણે તેને મળવી જોઇએ, તેટલી વ્યાપકતા, ગહનતા અને સર્વગ્રાહિતા બહુ મળી નથી, પરંતુ ક્રમેક્રમે એ અવશ્ય મળવા લાગશે અને પરિણામલક્ષી સંમેલનો દેશવિદેશના જૈન સમાજના ભૌતિક તથા આધ્યાત્મિક અભ્યુત્થાનમાં ફાળો આપશે એવી આશા જરૂર રાખી શકાય.

-રમણલાલ ચી. શાહ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે ગુરુવાર, તા. ૮-૯-૧૯૮૮ થી શુક્રવાર, તા. ૧૬-૯-૧૯૮૮ એમ નવ દિવસ માટે યોજવામાં આવી છે. આ દિવસો દરમિયાન રોજ સવારના ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦થી ૧૦-૨૦ સુધી એમ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળા બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭ ખાતે **ડો. રમણલાલ ચી. શાહ**ના પ્રમુખસ્થાને યોજવામાં આવી છે.

આ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાતા તરીકે પૂ. સાધ્વીશ્રી કરતુરાજી, પૂ. ભટ્ટારક ચારુકીર્તિજી, શ્રી સત્યનારાયણ ગોએન્કા, પૂ. મોરારીબાપુ, ડો. રમણલાલ ચી. શાહ, શ્રી પુરુષોત્તમ માવલંકર, શ્રી શશિકાન્ત મહેતા, શ્રી સુનંદાબહેન વોહોરા, ડો. ઉષાબહેન મહેતા, ડો. વિલાસ સાંગાવે, પ્રા. જયંતભાઇ કોઠારી, પ્રા. તારાબહેન ર. શાહ, ડો. કુમારપાળ દેસાઈ, ડો. રમેશભાઇ ભટ્ટ, પ્રા. રમેશભાઈ દવે, ડો. દોલતભાઇ દેસાઇ, ડો. નરેન્દ્ર ભાણાવત અને શ્રી ચંદનમલ ચાંદ પધારશે.

વ્યાખ્યાનના વિષયો સહિત વિગતવાર કાર્યક્રમ હવે પછી જણાવવામાં આવશે.

– મંત્રીઓ

વર્લ્ડ જૈન કૉંગ્રેસ

(પૃષ્ઠ ૨ પરથી ચાલુ)

આવી પરિસ્થિતિમાં આ કૉંગ્રેસ પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યક્રમો માટે ખુલ્લી રાખવામાં આવે એવી અગાઉથી જોરદાર માગણી હોવા છતાં એક જ વ્યક્તિએ પોતાની પાસે બધી સત્તા રાખેલી હોવાને કારણે છેલ્લી ઘડી સુધી કશો નિર્ણય લઈ શકાયો ન હતો બેઠક બધા માટે ખુલ્લી મૂકવામાં આવી એથી ફી ભરનારા કેટલાકને તે માટે પસ્તાવો થયો હતો.

(૩) સમગ્ર વિશ્વના ઉપક્રમે આવડી મોટી કૉંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં નિબંધ વાંચનારાઓનાં નામ છપાયાં હતાં તો પણ કૉંગ્રેસમાં ભાગ લેનાર બધા વક્તાઓને વ્યવસ્થિત રીતે લેખિત નિમંત્રણપત્રો અને ભોજન-ઉતારો, વાહનવ્યવસ્થા માટેના પરિપત્રો મોકલાયા ન હતા. આવડા મોટા કાર્યક્રમમાં મહિનાઓ પહેલાં માત્ર ટેલિફોનથી મેળવેલી સમતિ એ નિમંત્રણ તરીકે પૂરતી ગણી શકાય નહિ. કૉંગ્રેસના થોડા દિવસ અગાઉ ડો. હિમાંશુ ઘડિયાળીને કૉંગ્રેસના વક્તાઓ માટેની કાર્યવાહી આગળ ચલાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી, પરંતુ તેમને પણ પૂરી સત્તા અને માહિતીના અભાવે કામ કરવામાં મર્યાદા નડી હતી. ત્યારપછી મારા મિત્ર શ્રી નેમુભાઈ ચંદ્રેરિયાને જવાબદારી સોંપાઈ હતી. તેમણે કૉંગ્રેસમાં ભાગ લેનારા ભારતના ઘણા મહાનુભાવોને પોતાના ખર્ચે લંડનથી ઉપરાઉપરી ટેલિફોન કરીને, ચીવટપૂર્વ સંગઠિત પ્રયત્નો કરીને શક્ય એટલા વધુ નિબંધ વાંચનારાઓને લંડન-લેસ્ટર આવવા માટે બધી સગવડની ખાતરી આપીને પ્રોત્સાહિત કર્યા હતા. (શ્રી નેમુભાઇ ચંદ્રેરિયાનો મારા ઉપર આઠેક વખત લંડનથી ટેલિફોન આવ્યો હતો અને ટિકિટ, ઉતારો અને લંડન – લેસ્ટરના વાહનવ્યવહારની પાકી વ્યવસ્થાની એમણે પોતે ખાતરી કરી લીધી હતી એટલે જ એમના પ્રેમભર્યા આગ્રહને વશ થઇ, શ્રી સી. એન સંઘવી તથા શ્રી લાભુભાઇના આગ્રહને માન આપી કૉંગ્રેસમાં ભાગ લેવાનું હું ટાળી શકયો ન હતો.) ડો. હિમાંશુ ઘડિયાળી અને શ્રી નેમુભાઇ ચંદ્રેરિયાએ જે કાર્ય કર્યું તેનો આભારવિધિ વખતે ઉલ્લેખ થયો હતો?

(૪) કૉંગ્રેસમાં ભાગ લેનાર પ્રમુખ, વિભાગીય બેઠકોના પ્રમુખ, વક્તાઓ અને ડેલિગેટો માટે કોઈ બિલ્લાની કે નામના કાર્ડની વ્યવસ્થા થઈ ન હતી આ પાયાની આવશ્યકતા પણ પૂરી પાડી શકાઈ ન હતી. એટલે કૉંગ્રેસમાં કોણ પ્રમુખ છે, કોણ વક્તા છે અને કોણ પાઉન્ડ ભરીને બનેલા પ્રતિનિધિ છે અને કોણ પાઉન્ડ ભર્યા વગર માત્ર શ્રોતા છે તેવો કોઈ ભેદ રહ્યો ન હતો. એથી સમાનતાની ભાવના સારી જળવાઈ હતી.

(૫) કૉંગ્રેસના પ્રતિનિધિઓ, વક્તાઓ, બેઠકોના હોદ્દેદારો વગેરે માટે કાગળ, પેન વગેરે સહિતનાં પોતાનાં ખાસ બનાવેલાં ફોલ્ડરો નહોતાં. તાત્કાલિક બજારમાંથી જે લઇ અવાયાં તે વર્લ્ડ કૉંગ્રેસને ગૌરવ અપાવે એવાં નહોતાં.

(૬) વિભાગીય બેઠકોના બધા પ્રમુખોનો અને બધા નિબંધ વાચનારાઓનો સંક્ષિપ્ત પરિચય પ્રથમ દિવસે શ્રોતાઓને કરાવવો જોઇતો હતો તે કરાવવામાં આવ્યો નહોતો. જેમ જેમ બેઠકો ચાલતી ગઇ તેમ તેમ બેઠકના પ્રમુખ અને વક્તાઓનો પરિચય અપાતો ગયો. પરિણામે છેલ્લે દિવસે છેલ્લી બેઠકના પ્રમુખ અને વક્તાનાં પરિચય વખતે પચાસેક શ્રોતાઓની હાજરી પણ માંડ રહી હશે કે કેમ તે પ્રશ્ન છે.

(૭) પ્રત્યેક નિબંધ પછી પ્રશ્નોત્તરી અને ચર્ચા-વિચારણા માટે આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં ૧૦-૧૫ મિનિટ ફાળવવામાં આવે છે. સમયની તેવી ફાળવણી આ સંમેલનમાં પહેલેથી રાખવામાં આવી ન હતી. એટલે વક્તાઓએ વ્યક્ત કરેલાં વિધાનોમાં કોઇ ત્રુટિ હોય, અપૂર્ણતા હોય, વિગતફેર હોય, અન્ય મત હોય કે શ્રોતાઓ પાસે નવી પ્રમાણભૂત માહિતી હોય તો તે માટે કોઇ અવકાશ નહોતો. મૌખિક વક્તવ્યોમાં વિષયાન્તરનું પ્રમાણ પણ ઠીક ઠીક રહ્યું હતું. એક વર્ષ પહેલાં વિષયે અને વ્યાખ્યાતાઓ નક્કી થયા હોવા છતાં કેટલાક વ્યાખ્યાતાઓએ મૌખિક વક્તવ્ય રજૂ કર્યાં તે આયોજનની ત્રુટિ દર્શાવે છે.

(૮) આ કૉંગ્રેસમાં નિબંધ વાચનારાઓનાં નામ અગાઉથી નક્કી કરીને છાપવામાં આવ્યાં હતાં, પરંતુ આવાં આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં બીજા કોઇને પોતાનો લેખિત નિબંધ પોતાને ખર્ચે આવીને રજૂ કરવો હોય તો તે માટે ખુલ્લું નિમંત્રણ જેમ અપાય છે તેવું નિમંત્રણ અહીં અપાયું નહોતું. અલબત્ત, એવા નિબંધની સ્વીકૃતિનો આધાર નિબંધના સ્તર ઉપર અને આયોજકોના ધોરણ ઉપર રહે છે પરંતુ એમ ન થવાથી દેશવિદેશની અન્ય કેટલીક ઉત્તમ વ્યક્તિઓનાં વક્તવ્યનો લાભ કૉંગ્રેસને મળી શકયો નહિ.

(૯) વર્લ્ડ જૈન કૉંગ્રેસની સમગ્ર કાર્યવાહી માટે અંગ્રેજી ભાષા નિશ્ચિત કરવામાં આવી હતી અને નિબંધો તથા વિભાગીય પ્રમુખોનાં વક્તવ્યો અંગ્રેજી ભાષામાં થયાં હતાં. શ્રોતાઓમાં મોટા ભાગના ગુજરાતી શ્રોતાઓ હતા અને પ્રથમ દિવસની ખુલ્લી બેઠકમાં અંગ્રેજી, ગુજરાતી અને હિંદીમાં વક્તવ્યો રજૂ થયાં હતાં. પરંતુ છઠ્ઠી બેઠકમાં કેટલાક શ્રોતાઓએ ગુજરાતીમાં વક્તવ્યો માટે માગણી કરી હતી અને એક બેઠકના પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડીએ ગુજરાતીમાં બોલવાની તત્પરતા દર્શાવી હતી તો પણ તેમને તે માટે પરવાનગી અપાઇ ન હતી. અને અંગ્રેજીમાં જ બોલવાનો આગ્રહ રખાયો હતો. પરંતુ ત્યાર પછીની બેઠકમાં જેમનું નામ નહોતું છપાયું તેવા એક વ્યાખ્યાતાને હિન્દીમાં વક્તવ્ય રજૂ કરવાની સંમતિ મળી હતી અને જેમનું નામ નહોતું છપાયું એવા તાત્કાલિક નક્કી થયેલા વિભાગીય બેઠકના પ્રમુખે ઉપસંહાર પણ હિન્દી ભાષામાં કર્યો હતો. ભારતની રાષ્ટ્રભાષા હિન્દી પ્રત્યે બ્રિટનમાં કોઇને વાંધો ન હોય, પરંતુ કૉંગ્રેસની કાર્યવાહીમાં સુસંગતિ-Consistencyની અપેક્ષા તો અવશ્ય રાખી શકાય. વર્લ્ડ કૉંગ્રેસની કાર્યવાહીની સાથે સાથે વચ્ચે વચ્ચે પ્રતિષ્ઠા મહોત્સવની બાકી રહેલી કાર્યવાહીથી અને અન્ય કાર્યક્રમોથી કૉંગ્રેસની કાર્યવાહીનું ગૌરવ જોઇએ તેટલું જળવાયું નહોતું.

આમ, વર્લ્ડ જૈન કૉંગ્રેસ વિશે મેં અહીં કેટલાંક અવલોકનો, સૂચનો, અભિપ્રાયો તટસ્થાપૂર્વક, નિર્ભાલસતાથી દર્શાવ્યાં છે તેની સાથે બધા જ સમત થાય એવી કોઇ અપેક્ષા નથી, આવશ્યકતા પણ નથી. કોઇને એમાં બીજાં બેચાર સૂચનો ઉમેરવાનું મન થાય અને કોઇને એમાંનાં કેટલાંક સૂચનો સાથે સંમત થવા જેવું ન પણ લાગે.

લેસ્ટરના વર્લ્ડ જૈન કૉંગ્રેસના કાર્યક્રમમાંથી ભવિષ્યના તેવા પ્રકારના આયોજકોને ઘણું જાણવા અને શીખવા મળે એવું છે. મર્યાદિત શમય-શકિત હોવા છતાં વર્લ્ડ જૈન કૉંગ્રેસનો કાર્યક્રમ યોજી શકાયો અને પાર પડયો એટલું પણ તેના આયોજકોને અભિનંદનને પાત્ર ગણવા માટે પૂરતું છે.

પૃષ્ઠ ૮ ઉપર)

માળવાળી લિપિઇમારત

© તનસુખ ભટ્ટ

ઇ. સ. ૧૯૩૦માં અભ્યાસ તૈયબજીની સરદારી નીચે ધરાસણાના અગરો લૂંટવા જતાં અમને બ્રિટિશ સરકારે જેલભેગા કર્યા. ત્રણ માસે નાસિક જેલમાંથી છૂટી આશ્રમવાસી રાવજીભાઇ નાથાભાઇના વતન સોજિત્રામાં ગયો અને તેમના માર્ગદર્શન નીચે 'ખેડા જિલ્લા પત્રિકા' કાઢી તેનું સંપાદનકાર્ય કર્યું. થોડા જ વખતમાં ત્યાંના વતની અને ગુજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. મણિભાઇ પટેલ, પીએચ. ડી. (જર્મની) એક નવું જ ગુજરાતી ટાઇપ રાઇટર અમારા માટે લાવ્યા મને તે શીખવાની હોંશ થઇ અને આખી રાત જાગી 'મુંબઇ સમાચાર'નાં પાનાં ટાઇપ કરવા પ્રયત્ન કર્યો. હું આપમેળે આમ ગુજરાતી ટાઇપિંગ શીખ્યો પણ તેમાં કદી ઝડપ ન આવી.

પરંતુ ટાઇપિંગમાં પડતી તકલીફો તરફ આથી મારું ધ્યાન ખેંચાયું આવી તકલીફ અંગ્રેજી મુદ્રાલેખન (ટાઇપિંગ)માં હોતી નથી. નાગરીલિપિમાં જ તે જોવા મળે છે. આ તકલીફના પ્રકારો જોઇએ

ભારતીય મુદ્રણમાં ત્રણ માળ આવે છે. વચલા માળમાં આવન અક્ષરની આખી વર્ણમાલા હોય છે, ઉપલા માળમાં અજાજુ (નાની-મોટી 'ઇ') એ, ઐ, ઓ, ઔની માત્રાઓ, અનુસ્વાર તથા રેફ રહે છે. નીચલા માળમાં વરહુ (નાનુ - મોટું 'ઉ') ઋકાર (કૃષ્ણ શબ્દમાં છે તેવો) તથા અર્ધ રકાર (રાષ્ટ્ર શબ્દમાં છે તેવો) હોય છે. નાગરી અને ઉર્દુ લિપિઓમાં ઓછી જગ્યામાં વધારે શબ્દો સમાવવાના ઉત્સાહમાંથી આ માળવાળી લિપિ અર્થાત્ શબ્દની ઉપર કે નીચે ચિહ્નોવાળી લિપિ સરજાઇ. રોમન લિપિ વધારે જગ્યામાં ઓછા શબ્દો સમાવે છે. તે માટે તે વર્ણવિસ્તાર અર્થાત્ સુદીર્ઘ જોડણીને આવકારે છે. અંગ્રેજી ટાઇપરાઇટરની રચના એવી હોય છે કે દરેક અક્ષરની કળને દાબતાં યંત્રનો લખનાર ભાગ પોતાની મેળે જ એક અક્ષરની નવી જગ્યા આપવા પૂરતો ખસે છે. આથી નવા અક્ષર માટે નવી કોરી જગ્યા મળે છે. પરંતુ ભારતીય લિપિઓ માટે આથી એક તકલીફ સર્જાય છે. દાખલા તરીકે અજાજુ (બંને ઇ) તથા વરહુ (બંને ઉ)ની કળ પહેલાં દાબીએ તો તેના કામનો અક્ષર આવ્યો હોતો નથી. પછી દાબતા આવીને ખસી ગયો હોય છે. અજાજુની કળ દાબતાં માત્ર હ્રસ્વ ઇ છપાય છે અને એક અક્ષર માટે નવી જગ્યા કરવા યંત્ર ખસે છે. તેથી અક્ષરના માથા ઉપર અજાજુ (હ્રસ્વ ઇ)ની વેલાંટી વેલ કે કમાન) જેવો ભાગ) આવતી નથી. દીર્ઘ ઇને ટાઇપ કરતાં આવી મુશ્કેલી નડતી નથી. તે જ રીતે પહેલાં અક્ષર ટાઇપ કરીને તેના નીચે વરહુ (ઉકાર) ટાઇપ કરીશું એમ માનવા જતાં યંત્ર ખસીને આપણો ભ્રમ ભાંગી નાખે છે. અર્થાત્ અક્ષરની નીચે વરહુ છાપવાને બદલે અક્ષરની પછીને સ્થાને તે છપાય છે. આ મુશ્કેલી દૂર કરવા માટે એક ગતિરોધક કળ હોય છે. તેને દાબીને પછી હ્રસ્વ ઇ ને ટાઇપ કરવાથી યંત્ર ખસતું નથી. અને નવો અક્ષર તે વેલાંટી (વેલ કે કમાન)ની નીચે જ છપાય છે. આવું જ વરહુ (ઉકાર) માટે કરવુ પડે છે. ગતિરોધક કળ દાબવાથી અક્ષર ન ખસતાં તેની જ નીચે ઉકાર છપાય છે. એ, ઐની માત્રાઓ તથા અનુસ્વાર પણ ઉપરની ગતિરોધક કળની સહાયતાથી બરાબર છપાય છે. કાનો, ઓકાર, ઔકાર તથા અના વિસર્ગ કુદરતી ક્રમમાં સ્વાભાવિકપણે છપાય છે તેથી ત્યાં તકલીફ નથી.

પ્રાચીનકાળમાં તથા મધ્યયુગમાં શિલાલેખો ટાંકનારાઓને થોડી જગ્યામાં વધારે લખાણ સમાવવાનું રહેતું તેથી ત્રણ માળવાળી લિપિમાં તે લખાય તો બહુ જ જગ્યા જાય. આને માટે ટાંકણકારોએ લિપિમાં થોડી છૂટછાટ દાખલ કરીને, માળવાળી લિપિમાંથી બચવાનો પ્રયત્ન કર્યો છે, બંગાળી લિપિમાં માત્રા અક્ષરની ઉપર લખવાને બદલે અક્ષરની પૂર્વે, તેની હારના વચલા માળમાં લખાય છે. પરંતુ ઉચ્ચારમાં પ્રથમ વ્યંજન અને પછી સ્વર સંભળાય છે, બંગાળી માત્રામાં પ્રથમ સ્વર તથા પછી વ્યંજન આવે છે, તેથી તે લિપિ, માત્રા પૂરતી, વૈજ્ઞાનિક નથી. ગુજરાતી હ્રસ્વ ઇમાં પણ આ જ પૂર્વાપર ક્રમભંગનો દોષ આવે છે. બંગાળી લિપિમાં મીંડું અક્ષરની પછી અક્ષરની હારના વચલા માળામાં જ મુકાય છે, તે રીતે શાસ્ત્રશુદ્ધ છે. ગુજરાતી લિપિ અહીં બંગાળીનું અનુકરણ કરી શકે તો સારું એમ લાગે છે. બંગાળી માત્રાલેખન આપણે ત્યાં પણ હતુ. આપણા વડવાઓ તેને 'પડી માત્રા' કહેતા. કેટલીય જૈન હસ્તપ્રતોમાં 'પડી માત્રા' જોવા મળે છે.

આપણે શિલાલેખના ટાંકણહારોની રીત જોઇએ તેમાં અક્ષરની પછી ઉકાર મૂકવામાં આવે છે.

મેં કોઇ શિલાલેખમાં આમ જોયું નથી. પણ મારું તેવું અનુમાન છે. તેનું કારણ સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓની કૃતિઓવાળા 'છંદરત્નાવલી' નામના ગ્રન્થમાં મળે છે. તેમાં શિલાછાપ પ્રેસની છપાઇમાં આવા ઉકારને અસર પછી મુક્યા છે. બીજાં ન હોવાથી શિલાલેખના ટાંકણહારની ઢબે જ નાગરી જેવી લાંબી માથાબંધણી લીટીમાં અક્ષરો ગોઠવવાનો તેમાં પ્રયત્ન છે.

શિલાછાપમાં ઉકારને વ્યંજન પછી વ્યંજનની સાથે જ જોડવામાં આવેલ છે. આ માટે તેના લેખકને પ્રાચીનોનું પ્રમાણ સુલભ છે. હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મોના મંત્રો અલગ છે છતાં તેનો આરંભ ૐકારથી જ થાય છે. આ ૐકારમાં અ, ઉ, મ અને અનુસ્વાર ઉચ્ચારદર્શક, અર્ધમાત્રા છે. ૐકારને ગુજરાતી ત્રગડા જેવો (૩) કર્યો. ઉકારને ગુજરાતી સાતડા (૭) જેવો કર્યો અને ૐકારની પીઠમાં તેની અણી ભોંકી દીધી. આથી 'ૐ અક્ષર બન્યો. 'મ'નું અનુસ્વાર તેને માથે મૂક્યું. આમ ૐ શબ્દ બન્યો. 'મ'કારની અર્ધ ઉચ્ચારદર્શક નીચે (અર્થાત મ્ એમાં દેખાય છે તેવી)ની અર્ધમાત્રાને મીંડાની નીચે મૂકી આથી અ + = ઉ + મ + ાંમાંથી ૐકાર થયો, અહીં ઉકારને અકાર પછી ૂ, તે જ હારમાં તે ૂમાનામાં લખવામાં આવ્યો છે. અને આ પદ્ધતિ હજારો વર્ષ પુરાણી છે, માટે તેને સ્વીકારવામાં વાંધો ન હોવો જોઇએ.

(પૃષ્ઠ ૮ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮મ, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૬૫૨૯૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૯-૯

મુંબઇ, તા. ૧-૯-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૩-૦૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વાધ્યાય

મનુષ્યની પાસે વાણી, ભાષા અને સાહિત્ય ન હોત તો મનુષ્યનું જીવન પશુજીવન જેવું જ રહ્યું હોત. મનુષ્ય પાસે વિકસિત મન અને વાચા છે અને તેથી તે પોતાના વિચારોને અને અનુભવોને સારી રીતે વ્યક્ત કરી શકે છે. અલબત્ત, કેટલાક અનુભવો ઇન્દ્રિયાતીત હોવાથી ભાષામાં તે યથાતથ રજૂ કરી શકાતા નથી. ભાષાનું માધ્યમ તે માટે અપૂર્ણ છે એવી ત્યારે પ્રતીતિ થાય છે. વિકસિત વાણી અને ભાષા દ્વારા માનવજાત પોતાનાં વિચારો, અનુભવો, સંવેદનો, કલ્પનાઓ, એષણાઓ વ્યક્ત કરી શકે છે અને બીજામાં સંક્રાન્ત કરી શકે છે, એટલે કે બીજાના ચિત્ત સુધી પહોંચાડી શકે છે. જીવનને સારું બનાવવા માટે શું ઉપયોગી છે અને શું નિરુપયોગી છે તેની સમજણ એટલે કે સારાસાર વિવેક ભાષા વડે મનુષ્ય દર્શાવી શકે છે. લિપિની શોધ પછી ભાષાના માધ્યમ દ્વારા સાહિત્યનું સવિશેષ નિર્માણ થતું રહ્યું છે, અને એક વ્યક્તિએ રચેલું સાહિત્ય સ્થળ અને કાળની મર્યાદા ઓળંગીને અન્ય વ્યક્તિ પાસે પહોંચી જઇ શકે છે. જ્યારે લિપિ નહોતી ત્યારે ભલે મર્યાદિત પ્રમાણમાં, આવું સાહિત્ય શ્રવણ પરંપરાથી, એક વ્યક્તિ પાસેથી સાંભળીને બીજી વ્યક્તિ પાસે અને એક પેઢી પાસેથી બીજી પેઢી પાસે પહોંચી શકતું હતું. એટલા માટે એ સાહિત્યને શ્રુત સાહિત્ય આપણે કહીએ છીએ. આજે 'શ્રુત સાહિત્ય' અથવા 'શ્રુતજ્ઞાન' જેવા શબ્દો શબ્દના માધ્યમ દ્વારા પ્રાપ્ત એવા તમામ સાહિત્ય માટે વપરાવા લાગ્યા છે.

જે કોઈ વ્યક્તિમાં ભાષાની અભિવ્યક્તિની જરા સરખી પણ શક્તિ હોય છે તે કંઇક વિશિષ્ટ બોલવા કે લખવા પ્રેરાય છે, પરંતુ જેટલું બોલાયું અને લખાયું તેટલું બધું જ કાયમને માટે સંગ્રહી રાખવાની પાત્રતાવાળું હોતું નથી. સમય અને સંદર્ભ બદલાતાં કેટલું યે સાહિત્ય જૂનવાણી થઇ જાય છે અને પોતપોતાનું આયુષ્ય પૂર્ણ કરી કાળના ગર્તમાં વિલીન થઇ જાય છે. માનવજાતને સજાગતા સારાનરસા તમામ સાહિત્યનો ભારવહન કરવાનુ પરવડે એવું નથી. જે સાહિત્ય પોતાના જીવનમાં કામ લાગ્યું છે અને ભવિષ્યમાં અનેક લોકોને કામ લાગશે એવી પ્રતીતિ થાય તો જ માનવજાત તે સાહિત્યને બીજી ત્રીજી પેઢી સુધી આગળ પહોંચાડવાનો પુરુષાર્થ કરતી રહે છે. કેટલુંક સાહિત્ય એકાદ યુગ જેટલું જીવંત રહે છે, તો કેટલુંક સાહિત્ય હજારો વર્ષ સુધી જીવંત રહે છે. માનવજાત પોતાના સ્વાર્થને ખાતર આવા ચિરંતન સાહિત્યને જીવની જેમ સાચવે છે. વેદો-ઉપનિષદો, આગમો-ત્રિપિટકો, કે રામાયણ-મહાભારત જેવાં મહાકાવ્યોનું સાહિત્ય આજ દિવસ સુધી સચવાઇ રહ્યું છે. તે નષ્ટ થઇ જાય તો કંઇ વાંધો નથી એવો પ્રમાદ આજ દિવસ સુધી માનવજાતે સેવ્યો નથી, અને સેવશે કે કેમ તે પ્રશ્ન છે.

અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન વગેરેના કેટલાયે ગ્રંથો પચીસ-પચાસ વર્ષે, નવી નવી શોધ થતાં અને નવી નવી થિયરી પ્રચલિત થતાં કાળગ્રસ્ત બની જાય છે. કેટલુંયે સાહિત્ય વર્તમાન ભૌતિક જીવનને સુખસગવડભર્યું, સૌંદર્યમંડિત અને ઉલ્લાસમય કેમ બનાવી શકાય તેના ઉપાયોને લગતું હોય છે. કેટલુંયે સાહિત્ય તત્કાલીન બનતા બનાવો કે પ્રશ્નોની સવિગત માહિતી આપનારું હોય છે. પરંતુ થોડા દિવસમાં જ તે વાસી થઇ જાય છે. ગ્રંથસ્થ થવાને તેની પાત્રતા રહેતી નથી, અને ગ્રંથસ્થ થાય તો પણ તે ઝાઝું સચવાતું નથી. છાપાંઓ; સાપ્તાહિકો અને અન્ય પ્રકારના ચોપાનિયાંઓનું ઘણું ખરું સાહિત્ય આ પ્રકારનું હોય છે. તેમાંના કેટલાકનું ઐતિહાસિક દસ્તાવેજી મૂલ્ય કદાચ રહે તો રહે, પરંતુ એકંદરે તો સમય વીતતાં તે નિર્માલ્ય બની જાય છે.

એક ચીની ફિલસૂફને કોઇકે પૂછ્યું, કે 'તમે છાપાં કેમ વાંચતા નથી ?' તેણે કહ્યું, 'છાપાં વાંચવાની મારે કંઈ જરૂર નથી, કારણ કે દુનિયામાં જે કંઇ મહત્ત્વની જાણવા જેવી ઘટનાઓ બને છે તેની માહિતી કોઇકને કોઇક મારફત મોડી કે વહેલી મને મળી રહે છે. અને ન જાણવા જેવી જે કંઇ ઘટનાઓ વિશેની માહિતી છાપાંઓમાં આવે છે તેની મારે કંઇ જરૂર રહેતી નથી. એટલે છાપાંઓ વાંચવામાં મારો કિંમતી સમય હું બગાડવા ઇચ્છતો નથી.' જગતમાં કેટલાયે મહાત્માઓ આ પ્રમાણે છાપાં – ચોપનિયાં વાંચવામાં પોતાનો સમય નિરર્થક વ્યતિત કરવા ઇચ્છતા નથી હોતા. જે રાજકારણમાં પડેલા હોય છે, જેઓ અમુક પ્રકારના વ્યવસાયમાં પડેલા હોય છે, જેઓ માત્ર વર્તમાનમાં જ જીવવા ઇચ્છતા હોય છે અથવા ગમે તેમ કરીને પોતાનો નિવૃત્ત સમય ભરવા કે પસાર કરવા ઇચ્છતા હોય છે તેઓને છાપાં ચોપાનિયાં વગર ન ચાલે તે દેખીતું છે, પરંતુ જેઓ

આત્માથી છે તેઓને માટે છાપાં ચોપાનિયાનું કશું જ મૂલ્ય નથી

આટલા બધા સાહિત્યમાંથી માણસે શું વાંચવું અને શું ન વાંચવું? કેટલુંક ઉત્તમ સાહિત્ય વાંચવા માટે પણ એક જિંદગી ઓછી પડે. માટે જ માણસે પોત પોતાની પસંદગી કરી લેવાની રહે છે. કહ્યું છે:

अनन्तशास्त्रं बहुला च विद्या
अल्पश्च कालो बहुविघ्नता च ।
यत्सारभूतं तदुपासनीयं
हंसो यथा क्षीरमिवाम्बुमध्यात् ॥

શાસ્ત્રો અનંત છે, વિદ્યાઓ ઘણી બધી છે, સમય થોડો છે અને વિઘ્નો ઘણાં બધાં છે. એટલે માણસે હંસની જેમ, પાણીમાંથી દુધ પ્રાપ્ત કરવાની ક્ષીરનીર વિવેકબુદ્ધિ વાપરી શાસ્ત્રોમાં અને વિદ્યાઓમાં જે સારભૂત તત્વ હોય તે ગ્રહણ કરીને તેની ઉપાસનામાં લાગી જવું જોઇએ.

આમ, તત્વની વિચારણા કરતું, આત્મોન્નતિના વિવિધ ઉપાયો સૂચવતું, અનેકવિધ પ્રકારની આધ્યાત્મિક અનુભૂતિઓ ઉપર પ્રકાશ પાડનારું, અતીન્દ્રિય શક્તિઓનો પરિચય કરાવનારું-એવું એવું સાહિત્ય સુપાત્ર અધિકારી વ્યક્તિને હાથે જો લખાયું હોય અને તેમાં તેમની ઉચ્ચ, પવિત્ર, પ્રભાવક પ્રતિભાનું દર્શન થતું હોય તો તેવું સાહિત્ય માનવજાત દીર્ઘકાળ સુધી સાચવી રાખે છે.

સાહિત્યના આમ મુખ્ય બે પ્રકાર પડે છે. એક મિથ્યાશ્રુત અને બીજું સમ્યકશ્રુત. જે સાહિત્ય જીવને ભૌતિક મોહદશામાં રાચતો કરી દે, જે એના મિથ્યાત્વને પોષીને એના ભવભ્રમણને વધારી દે તે સાહિત્ય એ મિથ્યાશ્રુત. જે સાહિત્ય જીવને સમ્યગદર્શન, જ્ઞાન અને ચારિત્રનો માર્ગ દર્શાવે, જીવને એ માર્ગ ઉપર આરૂઢ થવા પ્રેરે અને મુક્તિ તરફ લઇ જાય તે સમ્યકશ્રુત. એકંદરે મિથ્યાશ્રુત કરતાં સમ્યકશ્રુતની રુચિ ઓછા જીવોને થાય, કારણ કે તેમ થવા માટે પાત્રતાની આવશ્યકતા રહે અને તેવી પાત્રતા દુર્લભ હોય છે.

કોઇપણ પ્રકારના લખાણનું ચીવટપૂર્વક વાંચન કરવું અને તે વાંચન મનનપૂર્વક વારંવાર કરવું તે અધ્યયન છે. આવું અધ્યયન સમ્યકશ્રુતનું તેમ મિથ્યાશ્રુતનું પણ હોઇ શકે. ઉદાહરણ તરીકે વ્યવહારુ શિક્ષણ લેતા શાળાકોલેજના વિદ્યાર્થીઓ પરીક્ષાના અર્થે પોતાના પાઠય ગ્રંથોનું (મિથ્યાશ્રુતનું) વારંવાર અધ્યયન કરતા હોય છે. તેનો હેતુ અમુક સમય પૂરતો મર્યાદિત રહે છે.

અધ્યયન કરતાં સ્વાધ્યાય શબ્દ અર્થની દ્રષ્ટિએ વધુ ચડિયાતો છે. અનેક જ્ઞાની મહાત્માઓએ અધ્યાત્મ જ્ઞાનના એક એક પદાર્થ ઉપર વિવિધ દ્રષ્ટિકોણથી પ્રકાશ પાડયો છે, જે કેટલાય જીવોને આત્મિક કલ્યાણની દ્રષ્ટિએ ઉપયોગી નીવડે છે. એવા ગ્રંથોનું વારંવાર અધ્યયન સ્વ-અર્થે, આત્મકલ્યાણ અર્થે જ્યારે થાય છે ત્યારે તે અધ્યયન સ્વાધ્યાય બને છે. વારંવાર સ્વાધ્યાય કરવાથી જીવને પોતાનામાં રહેલાં સારાસાર તત્વોનો પરિચય થાય છે, હેય અને ઉપાદેય તત્વોની પ્રતીતિ થાય છે અને એથી પ્રેરાઇને પોતાના પુરુષાર્થ વડે યોગ્ય માર્ગદર્શન સહિત પોતાનો આત્માને નિર્મળ કરવા તરફ તે વળે છે. સમ્યક શ્રુતના સ્વાધ્યાયથી આ રીતે સવિશેષ આત્મિક લાભ થાય છે.

'સ્વાધ્યાય' શબ્દની નીચે પ્રમાણે વ્યાખ્યા આપવામાં આવે છે:

(૧) स्वस्यः आत्मनः अध्ययनम् स्वाध्यायः ।

પોતાનું એટલે કે આત્માનું અધ્યયન તે સ્વાધ્યાય.

(૨) अध्ययनमध्यायः सु सुन्दरो ध्यायः स्वाध्यायः ।

સુંદર અધ્યયન અર્થાત્ સત્શાસ્ત્રનું મર્યાદાપૂર્વક અધ્યયન તે સ્વાધ્યાય.

સ્થાનાંગ સૂત્રની ટીકામાં લખ્યું છે:

(૩) शोभनं आ – मर्यादया अध्ययनश्रुतस्याधिकमनुसरणं स्वाध्यायः ।

વિધિ અનુસાર, મર્યાદા સહિત શ્રુતનું અધ્યયન, કે અનુસરણ તે સ્વાધ્યાય.

(૪) सुष्ठु आ-मर्यादया अधीयते इति स्वाध्यायः ।

સત્ શાસ્ત્રનું મર્યાદા સહિત અધ્યયન કરવું તેનું નામ સ્વાધ્યાય.

(૫) स्वाध्यायस्तत्वज्ञानस्याध्ययनमध्यापनं स्मरणं च ।

તત્વજ્ઞાન ભણવું, તે ભણાવવું કે તેનું સ્મરણ કરવું તે સ્વાધ્યાય છે.

(૬) ज्ञानभावनालस्यत्यागः स्वाध्यायः ।

આળસનો ત્યાગ કરી જ્ઞાનની ભાવના કે આરાધના કરવી એ સ્વાધ્યાય છે.

(૭) बारसंग जिणक्खादं सज्झायं कथितं बुधे ।

બાર અંગ જે જિનેશ્વર ભગવાને કહેલાં છે એને પંડિતજન સ્વાધ્યાય કહે છે.

જે અધ્યયનથી આત્મસ્વરૂપની ઉપલબ્ધિનો સંભવ હોય એટલે કે આત્મકલ્યાણનો સંભવ હોય એવા શ્રેષ્ઠ ગ્રંથોના ધ્યાન સહિતના અધ્યયનને સ્વાધ્યાય કહેવામાં આવે છે.

ગમે તે પ્રકારના ગમે તે ગ્રંથનું વાંચન કરવું એ અધ્યયનનો સામાન્ય અર્થ છે, પરંતુ સ્વ એટલે આત્માને ઉપકારક એવા ગ્રંથોનું અધ્યયન જ સ્વાધ્યાય કહેવાય. છાપાં વાંચવાં, સામાજિક વિષયો, આર્થિક વિષયો કે રાજનૈતિક વિષયોની ચર્ચા કરતાં ચોપનિયાં વાંચવાં, શૃંગારિક વાર્તાઓ વાંચવી, પ્રણય પ્રવૃત્તિ કે સામાજિક વિષયોની કવિતાઓ વાંચવી ઇત્યાદિ તમામ વાંચન જીવને બહિર્મુખ બનાવનારું છે. જે વાંચન જીવને અંતર્મુખ બનાવે અને એનામાં રહેલી અશુદ્ધિ કે મલિનતાને દુર કરે એવું વાંચન તે સ્વાધ્યાય. વ્યાવહારિક દ્રષ્ટિએ જોઇએ તો સ્વાધ્યાય, ચિંતાહરણની જડીબુટ્ટી છે. માણસ ગમે તેટલો નિરાશ થયો હોય, ચિંતામાં આવી પડયો હોય ત્યારે જો તે સત્ ગ્રંથોનું વાંચન ચાલુ કરી દે છે તો બધી ચિંતા ભૂલાવા લાગે છે. જો કે માણસને સૌ પ્રથમ તો સ્વાધ્યાયમાં રસ પડવો જોઇએ. રસ પડે અને તેમાં તલ્લીન બની જવાય તો એ આનંદ બ્રહ્માનંદ સહોદર જેવો છે. જ્ઞાતા,

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

ચાર નિક્ષેપા

✡ પં. શ્રી પનાલાલ જગજીવનદાસ ગાંધી

આખુંય જગત નામ રૂપાત્મ અને દ્રવ્ય ભાવાત્મક છે. અર્થાત્ જગત આખુંય શબ્દાતુરકત અને દૃશ્યાતુરકત છે.

નામનો સંબંધ શબ્દ સાથે છે અને રૂપ - દ્રશ્યનો સંબંધ વર્ણ (રંગ) અને સંસ્થાન (પિંડાકૃતિ - આકાર) સાથે છે. વળી શબ્દનો સંબંધ શ્રવણેન્દ્રિય સાથે છે જ્યારે રૂપ – દ્રશ્યનો સંબંધ ચક્ષુરેન્દ્રિય સાથે છે આ બે ઇન્દ્રિયોની પ્રાપ્તિથી જ સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્યપણાની પૂર્ણતા છે. આ બે ઇન્દ્રિયોને જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે અને ઇન્દ્રિયપ્રાપ્તિના ક્રમમાં શ્રવણેન્દ્રિયની પ્રાપ્તિથી જ પૂર્ણ પંચેન્દ્રિયપણાની પ્રાપ્તિ છે.

દૃશ્ય-જગત આંખથી દેખાય છે અને એના નામ આદિ સાંભળવા દ્વારા તેની વિશેષે ઓળખ થાય છે અથવા તો પ્રથમ નામથી જાણ્યા બાદ આગળ વસ્તુ અગર વ્યક્તિનો સંબંધ સ્થપાય છે. વર્તમાન સમયના યાંત્રિક યુગમાં તો દૃશ્ય-શ્રાવ્ય (Audio-Vision)નું વિશેષે મહત્ત્વ છે.

દૃષ્ટિ દૃશ્ય વિનાની નથી, પછી તે બંધ હોય કે ઉઘાડી; તેમ વસ્તુ કે વ્યક્તિ નામવિહોણી નથી. જગત આખાનો પ્રત્યેક જીવનવ્યવહાર જ એ પ્રમાણે છે. જે જીવનનો વ્યવહાર છે તેમાંથી જ સાધ્યની પ્રાપ્તિ માટેના સાધનનું નિર્માણ થાય છે. સાધ્યની પ્રાપ્તિ માટે સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂકેલ વ્યક્તિની ભક્તિ થતી હોય છે. ભક્તિયોગ અર્થાત્ ઉપાસનાયોગ માટેનાં સાધનોની વહેંચણી ચાર વિભાગમાં કરવામાં આવેલ છે : સંસ્કૃત ભાષામાં ક્ષીપ ધાતુ વહેંચણી માટે છે. જેને 'ની' ઉપસર્ગ લાગતાં નિક્ષેપ શબ્દની વ્યુતપત્તિ થાય છે. ઉપાસનાનાં એ ચાર સાધનોને જૈન દર્શને નિક્ષેપા તરીકે ખ્યાતિ આપેલ છે જે સર્વનો જીવનવ્યવહાર હોઇ સહુ કોઇને સરખા લાગુ પડે છે. એ ચાર નિક્ષેપા (૧) નામ નિક્ષેપો (૨) સ્થાપના નિક્ષેપો (૩) દ્રવ્ય નિક્ષેપો અને (૪) ભાવ નિક્ષેપો તરીકે ઓળખાય છે.

જેનું નામ છે એનું રૂપ છે અને રૂપ છે તેનું નામ છે. અને તેનો આગલો-પાછલો ઇતિહાસ છે, જે તેની કથા છે. અર્થાત્ દ્રવ્ય નિક્ષેપો છે. વળી દ્રવ્ય, ભાવાત્મક છે એટલે કે દ્રવ્યના પોતાના ગુણધર્મ છે અને તે ગુણ પ્રમાણે કાર્ય છે. જેને ભાવનિક્ષેપો કહેવાય છે અથવા તો જેનું નામ છે, જેનું રૂપ છે, જેનો ઇતિહાસ–કથા છે તેનું અસ્તિત્વ કોઈ કાળે કોઇ ક્ષેત્રે છે અને તેનો પ્રત્યક્ષ સંયોગ થવો તે ભાવ નિક્ષેપો છે.

નામ નિક્ષેપો એ નામ-સ્મરણ છે.

રૂપ (સ્થાપના) નિક્ષેપો એ દર્શન-સ્મરણ છે.

દ્રવ્ય નિક્ષેપો એ કથાશ્રવણ સ્મરણ છે.

ભાવ નિક્ષેપો એ સ્વરૂપ સ્મરણ છે યા તો પ્રત્યક્ષ યોગ છે.

'પરમ પદ્મપરમેષ્ઠિમાં પરમેશ્વર ભગવાન. ચાર નિક્ષેપે ધ્યાઇએ નમો નમો શ્રી જિનભણ.' વળી કહ્યું છે કે... (નામ) નામજિણા જિણનામા (જિનેશ્વર ભગવંતનું નામ).

(સ્થાપના) ઠવણજિણા જિણિંદપડિમાઓ (જિનેશ્વર ભગવંતની પ્રતિમાઓ).

(દ્રવ્ય) દવ્વજિણા જિણજીવા (તીર્થંકર નામ કર્મ ઉપાર્જિત કરેલ છે એવા જિનેશ્વર થનારા જીવો).

(ભાવ) ભાવજિણા સમવસરણટ્ઠા (સમોવસરણમાં બિરાજમાન સાક્ષાત પ્રત્યક્ષ જિનેશ્વર ભગવંત).

આવા ચાર નિક્ષેપાની વિશિષ્ઠતા અને વૈજ્ઞાકિતાનો તાર્કિક અભ્યાસ કરીશું.

જ્ઞાનનું વાહન ભાષા છે. અમૂર્ત જ્ઞાન ભાષામાં ઊતરી મૂર્તરૂપ બની વ્યવહાર્ય બને છે. ભાષા શબ્દાત્મક છે, અને શબ્દનો સામાન્ય અર્થ પ્રયોગ ઉપર જણાવ્યા મુજબ ચાર પ્રકારનો છે.

એ ચાર નિક્ષેપાને પ્રથમ આપણે 'રાજા'ના ઉદાહરણથી સમજીશું.

'રાજા' કોઇનું નામ હોય ત્યારે તે નામથી વ્યવહૃત થાય છે. એ નામ માત્રથી 'રાજા' હોઇ, નામ રાજા છે. રાજા શબ્દનો આ અર્થ નામ નિક્ષેપો કહેવાય.

રાજાની મૂર્તિ, છબી કે ચિત્રને પણ 'રાજા' કહેવામાં આવે છે. જેમ ભગવાનની મૂર્તિને ભગવાન કહેવામાં આવે છે તેમ. એ સ્થાપના અર્થાત્ ચિત્ર–છબી–મૂર્તિના રૂપે રાજા હોઇ સ્થાપના રાજા છે. 'રાજા' શબ્દનો અર્થ સ્થાપના નિક્ષેપો કહેવાય.

રાજાની પ્રતિકૃતિ એવી પ્રતિમાની જેમ રાજપ્રતીક રાજમુદ્રા અને રાજદૂત એટલે કે રાજાના પ્રતિનિધિને પણ રાજાતુલ્ય માનવામાં આવે છે જે પણ સર્વ સ્થાપના નિક્ષેપાના જ ભેદ છે. મૂળ વસ્તુ યા વ્યક્તિનો એની મૂર્તિ, છબી, ચિત્ર કે પ્રતિકૃતિમાં આરોપ કરવો યા ઉપચાર કરવો તેને સ્થાપના નિક્ષેપો કહેવાય છે.

જે ભૂતકાળમાં રાજા હતો અથવા ભવિષ્યમાં રાજા બનનાર છે તેને પણ 'રાજા' કહેવામાં આવે છે. એ દ્રવ્ય એટલે કે પાત્રપણાની અપેક્ષાએ 'રાજા' હોઇ દ્રવ્ય રાજા છે. રાજા શબ્દનો આ અર્થ દ્રવ્યનિક્ષેપો કહેવાય.

જે ગાય, બ્રાહ્મણોનો પાલનહાર, રક્ષણહાર છે, દુષ્ટોને દંડ દેનાર અને સજ્જનોનું રક્ષણ કરનાર પ્રજાનું પાલન તથા રક્ષણ કરનાર છે તેને ગોબ્રાહ્મણ પ્રતિપાલક, નૃપ, પ્રજારક્ષકના અર્થમાં અને જે રાજપણાથી રાજમાન (શોભિત) હોય તેને 'રાજા' કહેવામાં આવે છે તે જાણીતુ છે. માત્ર પુણ્યના ઉદયથી ભૂપતિ, નૃપતિ બનીને ભોગસામગ્રીનો ભોગવટો કરતો ભોગવિલાસમાં રાણીવાસમાં પડી રહેનારો, સુરા અને સુંદરીમાં ચકચૂર રહેનારો વારતવિક, ગુણથી તેમજ કાર્યથી રાજા નથી. આમ જે ભાવથી એટલે કે યથાર્થપણે ગુણકાર્યથી રાજા હોઇ ભાવ રાજા છે. 'રાજા' શબ્દનો આ અર્થ ભાવનિક્ષેપો કહેવાય.

હવે આ ચારે નિક્ષેપાના એક એક વિભાગનું વિશ્લેષણ કરી તેને અવલોકીશું.

નામ નિક્ષેપો :- જીવ જે શીવ સ્વરૂપ છે તે જેમ અરૂપી છે એમ અનામી છે. નામ અને રૂપ પુદ્‌ગલના–પંચ-ભૂતના છે. ઉપર જણાવ્યા મુજબ આખુંય જગત નામ–રૂપાત્મક છે અથવા તો શબ્દાનુરકત ને દ્રશ્યાનુરકત છે. વર્ણ અને સંસ્થાન દ્રશ્ય જગતમાં આંખથી દેખાય છે. તેનાં નામ આદિ સાંભળવા દ્વારા વિશેષે ઓળખ થાય છે અથવા એથી વિપરીત પહેલાં નામ, શબ્દવર્ણન સાંભળ્યા બાદ તે વસ્તુ યા વ્યકિતના દર્શનથી એનો વિશેષે પરિચય થાય છે. જેવું સતી રાણકદેવીના કિસ્સામાં બન્યું, કે ચારણે આવી સિદ્ધરાજ જયસિંહ આગળ નીચેના શબ્દોમાં વર્ણન કરતાં રાજા સિદ્ધરાજ માત્ર શબ્દવર્ણનથી રાણકદેવીના રૂપનો પાગલ તેને વગર જોયે બની ગયો

'મૃગનયની, કટિ કેશરી, નાગણ જેવા વાળ,
બલાઓ એક જ ઘડી, સાચું કહું ભૂપાળ.'

નામ–શબ્દ શું કામ કરે છે તે આ દુહો બનાડે છે. ટુંકમાં ભગવાનનો નામોચ્ચાર, સ્વરૂપની ઓળખ કરાવવા જબ્બરદસ્ત સમર્થ છે.

ઉપશમ–સંવર–વિવેક. માત્ર એ ત્રણ શબ્દોએ જ સાધક ચિલાતીપુત્રને કેવલજ્ઞાનની પ્રાપ્તિના શિખરે પહોંચાડયા તે વાત પ્રસિદ્ધ છે.

નામનું નામાંતરપણું અને રૂપનું રૂપાંતરપણું એ અનિ-ત્યતા છે. નામ–રૂપ નાશવંત છે. તે પણ વાસ્તવિકતા છે. પરંતુ અવિનાશી પરમાત્મા જે અનામી ને અરૂપી છે તેના નામનું રટણ–નામસ્મરણ અને એનું દર્શન સાધકને અનામી, અરૂપી બનાવવા સમર્થ છે; કારણકે પરમાત્માનાં જેટલાં નામ છે તે સર્વ સ્વરૂપથી અવિરુદ્ધ છે અને પરસ્પર પૂરક છે. અરૂપી–પૂર્ણ કહીએ એટલે અવિનાશી–અવિકારી હોય અને અવિનાશી અવિકારી કહીએ એટલે પૂર્ણ–શુદ્ધ–અને અરૂપી હોય જ.

જ્યારે પુદ્‌ગલદ્રવ્યનાં નામો એકબીજા પર્યાયથી વિરુદ્ધ છે. ઘઉં રોટલી નથી, તેમ રોટલી ઘઉં નથી. ચોખા બાજરી નથી તેમ જુવાર, મકાઈ નથી. પુદ્‌ગલદ્રવ્યનું નામ ફરે એટલે રૂપ ફરે અને તેમ તેનું કાર્ય પણ ફરે. ઘઉં, લોટ, કણક, રોટલી, પૂરી, શીરો, લાપશી આદિ એક જ પુદ્‌ગલદ્રવ્ય (ઘઉં)ના રૂપ ફરતાં નામ અને કાર્ય ફરી જાય છે. આત્મસ્વરૂપ અર્થાત્ શીવ સ્વરૂપ એવું નથી. પરમાત્માનાં જે અનેક સ્વરૂપ વિશેષણો રૂપ નામો છે, તે સર્વના પારમાર્થિક અર્થ એકસરખા થાય છે, અખંડ, અરૂપી, અવિનાશી, અનન્ત, અક્ષય, અવ્યાબાધ, અકલ, અનઘ તેમ નિરંજન, નિરાકાર, નિષ્કર્મા, નિષ્કલંક, આદિ સંપદાનાં સ્વરૂપવિશેષણો ભાવતત્ત્વથી પરમાર્થરૂપ એકસરખાં અર્થને અને સ્વરૂપને કહેનારા તેમજ ઓળખાવનારા છે. માટે જ પરમાત્માને અનામી, અરૂપી કહેલ છે. આમ નામનો નાશ છે પણ અનામીનો નાશ નથી. રૂપનો નાશ છે પણ અરૂપીનો નાશ નથી. સંસારી જીવોનાં જે નામો છે તેમજ પુદ્‌ગલ સ્કંધોનાં જે નામો છે એના અર્થ પરમાત્મ તત્ત્વમાં ઘટતાં નથી. એ જ રીતે રૂપમાં રૂપાંતરતા નહિ, પરિવર્તનતા નહિ અને સાદિ અનંત જે એકરૂપ છે અર્થાત્ એક જ સ્વરૂપ છે તે અરૂપી છે જ્યારે પુદ્‌ગલ અર્થાત્ કર્મજનિત ઘાતિ–અઘાતિના કર્મોદય સ્વરૂપ અવસ્થાવાળા એવા સંસારી જીવોનાં નામ–રૂપ કે સ્વભાવ, કાર્ય તથા વેદન–અનુભવન એકસરખા અર્થથી, ભાવથી કે પરમાર્થથી હોતા નથી તેમ તે સહુનું વેદન પણ એકસરખું હોતું નથી. તે સર્વ ભિન્ન ભિન્ન હોય છે.

કોઈપણ ભાવ–અર્થ માટે શબ્દ પકડવો પડે. પહેલા નામ–શબ્દ પછી તેનો અર્થ અને ભાવ આવે જે ભાવ અરૂપી છે. કોઈપણ ગુણ પકડવો હોય તો પહેલાં તો ગુણ જેમાં છે તે દ્રવ્યને પકડવું પડે. ગળપણ જોઈતું હોય તો ગળપણયુકત ગળ્યાં દ્રવ્યો ગોળ, સાકર આદિ લેવાં પડે

જગત નામમય છે. સ્થાપના, દ્રવ્ય અને ભાવના પણ નામ હોય છે, પ્રવેશ – ઓળખ નામથી થાય છે ભેદ નામ વડે કરીને પાડી શકાય છે. ભાવ પકડવા પહેલાં દ્રવ્ય લેવું પડશે. દ્રવ્ય તરીકે, વ્યકિત તરીકે ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી આદિ તીર્થંકર અરિહન્ત ભગવંતોનાં નામ આવશે. ઋષભદેવ ભગવંત કેવાં? તો કે' વીતરાગ ક્ષાયિકભાવવાળા, આમ ભાવનું પણ નામકરણ કરવું પડે છે. આ જિનમંદિરમાં મૂળનાયક ભગવંતની પ્રતિમા કયા ભગવાનની? તો તેના પ્રત્યુત્તરમાં પણ નામ દેવું પડશે કે સુપાર્શ્વનાથ પ્રભુની છે. આમ નામ એ બાકીના બધાંય ત્રણ નિક્ષેપા, સ્થાપના, દ્રવ્ય અને ભાવનો આધાર છે. માટે જ નિક્ષેપાના ક્રમમાં નામ નિક્ષેપાને પ્રથમ ક્રમાંકે મૂકેલ છે. આખું જગત નામપ્રધાન છે. નામ લીધા પછી તેના અર્થ અને ભાવમાં જવાનું હોય છે પાંચ અસ્તિકાયમાં જીવાસ્તિકાય (જીવ) પ્રધાનપણે સ્વ–પર પ્રકાશક હોવાથી જાણવા માટે નામ નિર્દેષની જરૂર રહે છે. નામનિક્ષાપાથી જ જગત આખાનો વ્યવહાર ચાલે છે. પછી જ સ્થાપનાથી–મૂર્તિ–રૂપથી જેનું નામ લીધું છે તેના સંબંધમાં કર્તા–ભોકતા બની સક્રિય બનીએ છીએ. જગત નામ રૂપાત્મક છે. રૂપ પણ નામથી જાહેર થાય છે. આંખમાં રૂપ ગોઠવાયું છે જ્યારે કાન અને જીહવાગ્રે નામ ગોઠવાયેલ છે.

મનુષ્યયોનિમાં જન્મેલો જીવ ચાહે તે જાતિ, જ્ઞાતિ, ધર્મ, દેશ કે ક્ષેત્રનો હોય પરંતુ તે વિશ્વના કોઈપણ પદાર્થના અર્થ કે ભાવને–જન્મતાંની સાથે જાણતો કે સમજતો નથી. પરંતુ બીજાના શબ્દોચ્ચાર વડે સાંભળીને પહેલાં તો તે ઉચ્ચારાયેલ શબ્દને જ પકડે છે અને શબ્દને જ અનુસરે છે ને ગ્રહણ કરે છે. ત્યારબાદ અવસ્થાની પરિપકવતાએ ધારણામાં (ચિત્ત–સ્મૃતિમાં) રાખેલ શબ્દના અર્થ અને ભાવને પામે છે. વળી જે સાંભળી શકે છે તે જ બોલી શકે છે જે નામ–શબ્દનું મહાત્મ્ય દર્શાવે છે. માટે જ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ ગાયું છે કે...

'નકો મંત્ર, નવિ યંત્ર, નવિ તંત્ર મોટો,
દિસ્યો નામ તાહરો, સમાશ્રિત લોટો;
પ્રભુ! નામ, મુજ તુજ, અક્ષય નિધાન,
ધરું ચિત્ત સંસાર તારક પ્રધાન.'

રામ નામે પથ્થર પણ તર્યા છે, તરે છે અને તરશે એમ જે કહેવાય છે તે નામસ્મરણ, નામ નિક્ષેપાનું મહાત્મ્ય જણાવે છે.

શબ્દ એ તો મતિજ્ઞાનનો દ્રવ્યપર્યાય છે અને શ્રુતજ્ઞાન એ મતિજ્ઞાનની અક્ષરમૂર્તિ છે.

સ્થાપના નિક્ષેપો :-

પરક્ષેત્રે અને પરકાળે રહેલ ક્રોધપણ દ્રવ્ય વિષે વર્તમાનવત્ ભાવવાહી, તે દ્રવ્યની પ્રતિકૃતિ ઊભી કરીને બની શકાય છે. જેને પ્રતિમા મૂર્તિ અર્થાત્ સ્થાપના નિક્ષેપો કહેવાય છે.

અથવા તો પરક્ષેત્રે પરકાળે રહેલ પદાર્થના સ્મરણ માટે બનાવેલ પ્રતીક તે જ સ્થાપના!

જગત આખાનો વ્યવહાર પ્રતીક પ્રતિકૃતિ અને પ્રતિનિધિથી ચાલે છે કારણ કે ક્રોધપણ પદાર્થની સ્થાપનાના તે ત્રણ પ્રકાર છે. અ) ધ્વજાદિ પ્રતીક, સ્થાપનાચાર્ય વિગેરે અસદ્‌ભૂત અને પુદ્‌ગલના હોય છે. (બ) ચિત્ર, ફોટોગ્રાફ, પ્રતિમા, પ્રતિકૃતિ આદિ પણ પુદ્‌ગલના હોય છે પરંતુ સદ્‌ભુત હોય છે એટલે અસલ – મૂળ દ્રવ્ય જે આપણા લક્ષમાં છે તેની હુબહુ પ્રતિકૃતિ હોય છે. (ક) જ્યારે સંદેશવાહક, દુત, પ્રતિનિધિ આદિ જીવંત ચેતન હોય છે.

રાજાના સિપાઇનું અપમાન રાજાના અપમાન બરોબર હોય છે કેમકે એમાં રાજાના પ્રતિનિધિની સ્થાપના છે કોઇ એક શેઠનો નોકર ઉઘરાણીના પૈસા લેવા ગયો હોય અનેતે તેનું અપમાન થાય તે શેઠના અપમાન બરોબર છે.

સર્વ જ્ઞેય પદાર્થની હુબહુ પ્રતિકૃતિ-પ્રતિબિંબ કેવલિભગવંતના કેવલજ્ઞાનમાં સ્થાપના નિક્ષેપે રહેલ છે એ કેવલિભગવંતો, જ્ઞાની ગુરુ ભગવંતો, તીર્થંકર ભગવંતોની પ્રતિકૃતિ સમ પ્રતિમા બનાવી તેની પૂજા-અર્ચના-સેવા-ભક્તિ દ્વારા, આપણે તેમની પ્રતિમાના આલંબને તેમના જેવા કેવલિભગવંત બનવાની સાધના કરવાની હોય છે. ગુરુ દ્રોણાચાર્ય પાસેથી જે વિદ્યા મળવાનાં દ્વાર બંધ થયાં તે દ્વાર ગુરુ-દ્રોણાચાર્યની પ્રતિમાથી ઊઘડી ગયાં. અને પ્રત્યક્ષ જે આપી શકે તે પરોક્ષથી પ્રતિમા દ્વારા એક-લવ્યે સાધ્ય કરી આપણી સામે પ્રતિમાના મહાત્મ્ય અને અગત્યતાનો એક બેનમૂન આદર્શ મૂકયો છે.

ગુરુ અને ગ્રંથ શું છે? ગ્રથ, શાસ્ત્ર, આગમ આદિ શ્રુતજ્ઞાન એ તો મતિજ્ઞાનની મૂર્તિ છે. કારણ કે શ્રુત એ મતિ-જ્ઞાનનું મૂર્ત અર્થાત્ દ્રશ્ય-શ્રાવ્ય સ્વરૂપ છે. જ્યારે ગુરુ, જ્ઞાની પુરુષો, સંતો એ પ્રભુના વાહક એવા સંદેશવાહક, પ્રભુના પ્રતિનિધિ છે. ગુરુ અને ગ્રંથ ઉભય પરમાત્મતત્ત્વના વાહક છે. ગુરુ વાહક અને વાહક ઉભય છે. ગ્રંથ એ ગુરુના-ભગવંતના ઉપયોગની મૂર્તિ છે જે દેવગુરુ નિર્મિત છે જ્યારે દેવ-ગુરુની પાષાણમૂર્તિ એ દેવગુરુના યોગ (દેહ)ની મૂર્તિ છે જે ભક્ત નિર્મિત છે.

જ્ઞેયને જ્ઞાન દ્વારા પ્રતિકૃતિ, પ્રતીક કે પ્રતિનિધિના સ્થાપના નિક્ષેપાથી જાણી શકાય છે. દ્રશ્ય અને દ્રષ્ટિનો સંબંધ છે અને તે સંબંધ પ્રમાણે કર્મબંધ થાય છે જે સર્વ ક્રોધને સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. એ વૈજ્ઞાનિક હકીકત છે જે સર્વના રોજ-બ-રોજના અનુભવમાં આવતી નક્કર હકીકત છે. એને કોઇ કાળેય જગતના કોઇ પણ ક્ષેત્ર અને કોઇ પણ ધર્મની વ્યકિત નકારી શકે એમ છે જ નહિ.

કામોત્તેજક સાહિત્યના વાચનની, કામોદ્દીપક સંગીતના શ્રવણની અને બીભત્સ તથા નગ્ન ચિત્રોની તેમ જ ભયંકર હિંસા, મારફાડ ને બળાત્કાર આદિના ખોલપટ (ફિલ્મ)ની અવળી ખરાબ અસર જે વાંચનારા, સાંભળનારા અને જોનારા ઉપર થાય છે અને તેવા સંબંધથી તથા પ્રકારનો કર્મબંધ પણ પડે છે. વર્તમાનમાંય જીવ તેવા પ્રકારના સંબંધથી ભ્રષ્ટ થાય છે, તો એ જ પ્રમાણે સારા તાત્વિકને સાત્વિક ગ્રંથાદિના વાચનની, સંગીતની, ભજન-કીર્તન-પ્રભુ નામ સ્મરણાદિના ઉચ્ચારણ, શ્રવણની તથા સારા ચિત્ર, પ્રતિમા આદિના દર્શનની પણ જોનાર ઉપર અસર વર્તે જ એ માનવું રહે. જો નકારાત્મક અસરને સ્વીકારીએ તો પછી હકારાત્મક અર્થાત્ વિધેયાત્મક અસરને પણ સ્વીકારવી જ પડે. કેમકે એ પ્રત્યક્ષ અનુભૂત અને જીવન છે. એ કાંઇ માત્ર શાસ્ત્રવિધાન નથી. 'રાજા ભરથરી' ચિત્રનું ઉદાહરણ આપણી પાસે મોજૂદ છે. આ સત્યને આધારે એ સ્વીકારવું જ પડશે કે- પરમાત્માની મૂર્તિ સાથે સંબંધમાં આવવાથી દ્રષ્ટામાં જે પ્રશાંતભાવ-ભગવદ્‌ભાવ-લઘુતા-નમ્રતાભાવ ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે કર્મનિર્જરા પણ થતી હોય છે. તેથી જ ઉપાસકના ઉપાસ્ય પ્રતિના ઉપાસનાભાવનું ફળ પ્રાપ્ત થાય છે.

ચેક, હુંડી, કરન્સી નોટ, નાણાં ઇત્યાદિ દ્વારા થતો આપણો લેણદેણનો વ્યવહાર એ સ્થાપના નિક્ષેપો જ છે.

શબ્દ અવાજ સાંભળીને આપણે મનથી માનસપટ ઉપર પોતાની રીતે કલ્પના-ચિત્રણ કરીને ચિત્ર ઉપાસાવવા મથીએ છીએ પરંતુ ફરી ફરી એકસરખું એવું જ ચિત્ર ઊપસતું નથી અને તેથી એકાગ્રતા-સ્થિરતા આવતી નથી. જ્યારે ત્રાટક કરવા પૂર્વક મૂર્તિના દર્શન વડે માનસપટ ઉપર જે ચિત્ર ઊપસે છે તે માનસપટ-મનમાં-ચિત્તમાં-સ્મૃતિમાં કંડારાઇ જાય છે. એ સ્થિરતા અને એકાગ્રતા લાવવામાં અદ્‌ભુત સહાયક છે.

મૂર્તિ એ સાધન-આલંબન-ઉપચાર છે એ સ્થાપના નિક્ષેપો છે. નિરાલંબન-અનુપચરિત-અમૂર્ત તત્ત્વ તો પરમાત્મ-તત્ત્વ છે જેનું શોધન પરમાત્માની પ્રતિમા દ્વારા થવું જોઇએ મૂર્તિનું મૂલ્ય એટલા માટે છે કે જીવને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આશ્રિત-ભાવ આવે છે. ભગવાનની-પરમાત્માની મૂર્તિ દ્વારા જે પુણ્યબંધ થાય છે તેનાથી પરમાત્મા બિરાજમાન હોય તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ જીવને પ્રાપ્ત થાય છે.

અરૂપીમાં વાસ કરી શકાય છે. આકાશમાં અવગાહના લેવા રૂપ, અરૂપી એવાં આકાશમાં વાસ કરીએ છીએ. અરૂપી એવા પરમાત્મતત્ત્વનું જ્ઞાન કરી શકાય છે પરંતુ અરૂપી એવાં પરમાત્મતત્ત્વનું વેદન સ્વયં પરમાત્મા બન્યા સિવાય થઇ શકતું નથી. ઇન્દ્રિયો દ્વારા ભોગ પુદ્‌ગલદ્રવ્ય જે રૂપી છે તેનો જ થાય છે. કારણ ઇન્દ્રિયો રૂપી એવાં પુદ્‌ગલની બનેલી છે. રૂપીનું બધું જ રૂપી હોય.

ભગવંતની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરીને એમાં પ્રદેશોની સ્થિરતાના ભાવ સમજવાના છે અને તે પ્રતિમાનો આકાર તેવો ને તેવો જ રહે છે; તેમાં અવિનાશી પર્યાયના ભાવ સમજવાના છે. આમ સિદ્ધ પરમાત્માના અરૂપીપણાની જે વ્યાખ્યા છે કે 'પ્રદેશ સ્થિરત્વ અને પર્યાય અવિનાશી'-એની સ્થાપના પ્રભુ પ્રતિમામાં ભાવવાની છે. જિન પ્રતિમા જિન સારીખીની ભાવના આ સંદર્ભમાં ભાવવાની છે.

ભગવાનની મૂર્તિ (જડ)ને ચૈતન્ય માનીશું તો તરી જઇશું.

જ્યારે દેહ (ચેતન)ને ચૈતન્ય માનીશું તો ડુબી જઇશું.

દ્રવ્ય નિક્ષેપો :-

જે અનામીનું નામ લઇ નામ નિક્ષેપાથી પૂજા કરવાનું ઠરાવ્યું અને જે અરૂપીનું રૂપ મૂર્તિમાં નિહાળી સ્થાપના નિક્ષેપાથી પૂજા કરવાનો નિશ્ચય કર્યો તે દ્રવ્ય શું છે? તેનું નામ શા માટે લેવાનું? અને તેનાં દર્શન શા માટે કરવાનાં? એના જવાબમાં તે દ્રવ્યનું અર્થાત્ તે વ્યક્તિનું જીવન અને કવન આવે છે પૂજ્યના જીવનની જીવનકથા – ચરિત્રકથા તે જ તે પૂજ્યનો દ્રવ્યનિક્ષેપો. અને તે ચરિત્રનાયકની ચરિત્રકથાનું શ્રવણ, વાંચન, મનન તે તેમના દ્રવ્યનિક્ષેપોથી થતી પૂજા છે. પર્યુષણ સૂત્રનું થતું વાચન એ દ્રવ્યનિક્ષેપાથી થતું પ્રભુ પૂજન છે

દ્રવ્યનિક્ષેપો જેનો છે તે કેન્દ્ર છે. અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવ એ શાખા (Branches) છે. નામ-સ્થાપના-દ્રવ્ય અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એ ત્રિક સાધન છે જ્યારે સાધ્ય ભાવ છે

પૂજ્ય પ્રતિના પૂજ્યભાવ લાવવામાં, જાળવવામાં અને વૃદ્ધિ કરવામાં તે પૂજ્યની ચરિત્રકથા મહત્ત્વનો અને અગત્યનો ભાગ ભજવે છે. કથાશ્રવણથી ચરિત્રનાયક પ્રતિ અહોભાવ, પૂજ્યભાવ સહજ થઇ જાય છે. નિત્ય એમના ગુણગાન ગાતાં થઇએ છીએ. અને તેવા ગુણ પંડમાં-સ્વમાં વિકસાવતા જઇએ છીએ.

ચક્ષુનું દર્શન બુદ્ધિ માટે છે અને બુદ્ધિથી કરેલું દર્શન હૃદય માટે છે. આંખ જે જડ એવાં રૂપી પુદ્ગલની બનેલ છે તેનાથી જડ અને રૂપી એવાં પુદ્ગલદ્રવ્યનાં જ દર્શન કરી શકાય છે. જ્યારે બુદ્ધિના ઊહાપોહથી ચૈતન્યદર્શન અર્થાત્ પરમ ચૈતન્ય એવાં સર્વજ્ઞ વીતરાગ પરમાત્મ ભગવંતનાં દર્શન થાય છે.

આ રીતે કથાવાચન દ્વારા મૂળ સર્વસ્વ હૃદયમાં વસી જાય એટલે પરમાત્મા હૃદયમાં બિરાજમાન થઇ જાય છે. આ પ્રકારે હૃદયમાં પરમાત્માની સ્થાપના કરીએ તો પરમાત્મા હૃદયમાંથી જાય નહિ. એ પૂજ્યનો અજપાજાપ થયા કરે. કાન્તાનું મન કાન્ત-કંથને જ કેન્દ્રમાં રાખી પ્રત્યેક કાર્ય કર્યા કરે એવી મનઃસ્થિતિનું નિર્માણ થાય છે.

બુદ્ધિનું કામ તર્ક અને હેતુથી જોવું તે છે. ચક્ષુથી કરેલું દર્શન, બુદ્ધિથી ચકાસી, વિવેક કરી હૃદય સુધી પહોંચાડવાનું છે.

અધ્યાત્મમાં જે કોઈ વાતો આવે, સૂત્રો આવે, તે સઘળાં ભગવાનના ખાતે જમા કરવાં જોઇએ. પરમાત્મતત્ત્વમાં, પરમાત્માનું મૂલ્યાંકન છે. પરમતત્ત્વને બાદ રાખી કથા-સૂત્રાદિ યથાર્થ સમજી શકાશે નહિ એ બાદ રાખવું જરૂરી છે કે પૂજ્યનું મહાત્મ્ય હોય અને નહિ કે પૂજકનું! અધિષ્ઠાનનું મહાત્મ્ય હોય અને નહિ કે અધ્યસ્થનું! પાર્શ્વનાથ પ્રભુનું મહાત્મ્ય હોય અને નહિ કે ધરણેન્દ્ર પદ્માવતીનું! ધરણેન્દ્ર-પદ્માવતી જે કાંઇ છે તે સ્વભાવતત્ત્વ એવા પાર્શ્વનાથપ્રભુ પરમાત્મતત્ત્વનો પ્રભાવ છે

ભાવનિક્ષેપો :-

જે નામથી, સ્થાપનાથી અને દ્રવ્યથી પ્રાપ્ત છે તેની પ્રત્યક્ષ ભાવ સ્વરૂપ પ્રાપ્તિ તે ભાવનિક્ષેપો છે. વર્તમાન ચોવિસીના ચરમ તીર્થપતિ મહાવીરસ્વામી ભગવંતનો અથવા તો વર્તમાને વિહરમાન મહાવિદેહક્ષેત્ર સ્થિત શ્રી સીમંધરસ્વામી પ્રભુનો, તેમના કાળમાં અને તેનના ક્ષેત્રમાં જે જે વ્યક્તિને સંયોગ થયો તે તે વ્યક્તિને મહાવીરપ્રભુનો સાક્ષાત યોગ હતો અને વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રની વ્યક્તિને સીમંધરસ્વામીનો સાક્ષાત યોગ છે તેવા પ્રત્યક્ષ પ્રાપ્ત પ્રભુની સન્મુખ રહી તેમનું જે કાંઇ અભિવાદન, નમન, વંદન, સત્કાર, સન્માન, બહુમાન, દર્શન, પૂજન, સેવા, વૈયાવચ્ચ ઇત્યાદિની જે કાંઇ ભક્તિ કરાય તે પ્રભુની વાસ્તવિક ભાવનિક્ષેપાથી પૂજા છે.

પ્રભુના પ્રત્યક્ષ સંયોગના અભાવમાં એમનું નામસ્મરણ કરીએ છીએ, એમની પ્રતિમાનાં દર્શન, વંદન, પૂજન કરીએ છીએ, એમની ચરિત્રકથાનું શ્રવણ કરી એમની ગુણગંગામાં સ્નાન કરીએ છીએ તે નામ-સ્થાપના અને દ્રવ્યનિક્ષેપાનું પૂજન છે. જ્યારે કર્મક્ષયે પ્રગટ થતા પ્રભુના ક્ષાયિકગુણો તથા તે ગુણ પ્રમાણેના કાર્યનું સ્તવન, ચિંતન, શોધન, મનન, મંથન, ભાવન કરવું અને તેવા ગુણોનું ઉત્તરોત્તર સ્વમાં પ્રાગટીકરણ કરવું તે તેમનું ભાવનિક્ષેપાથી થતું સર્વોત્કૃષ્ટ પૂજન છે કે જે પૂજન માટે જ નામનિક્ષેપા – સ્થાપનાનિક્ષેપા અને દ્રવ્યનિક્ષેપાથી પૂજન કરવાનું હોય છે. ભાવનિક્ષેપો એ મનઃચક્ષુ દર્શન અર્થાત્ અચક્ષુ દર્શન છે. ચર્મચક્ષુ શું જુએ છે તેનું મહત્ત્વ છે, અને તેની સાથે જ પ્રધાન સંબંધ છે. મનઃચક્ષુના હૃદયચક્ષુના દર્શન પ્રમાણે જીવને રાગ-દ્વેષ થાય છે

આપણું જ્ઞાન અરૂપી છે અને પરમાત્મતત્ત્વ પણ અરૂપી છે. અરૂપી એવા આપણા જ્ઞાનથી, અરૂપી એવા પરમાત્મ-તત્ત્વની પરમપૂજ્ય અભ્યંતર અંતઃકરણ અર્થાત્ મનોયોગથી કરી કૃતકૃતાર્થ થવાનું છે. તેમ ન કરી શકીએ ત્યાં સુધી તેવું કરી શકવા-શક્તિમાન થવા માટે બાહ્યમાં ભગવાનની મૂર્તિ-પ્રભુજીની પ્રતિમાની પૂજા વિનયથી, ઉપચારથી, સત્કાર, સન્માન-સહ સદ્ભાવપૂર્વક અવિરત કરવી ચાલુ રાખવાની છે.

પોતાના આત્માથી પરમાત્માનું જે સ્મરણ-રટણ કરવું જોઇએ. જિહ્વાથી, વચનથી, હાથથી, માળાથી, મંત્રથી, મનથી, ધારણાથી આદિ પ્રકારના સાધન દ્વારા પરમાત્મ નામસ્મરણ રટણ કરતાં કરતાં ઉપર ઊઠી, ઉપલી ભૂમિકાએ આત્મા જો આત્માથી અંતઃકરણથી પરમાત્માનું સ્મરણ-રટણ કરવા લાગે તો તે પરમાત્મામાં લીન થઇ જઇ શકે છે. પરમાત્મમય બની જઇ પરમાત્મામાં લય પામી શકે છે જેને લયયોગ કહેવાય છે જે ભાવઆશ્રિત ભાવ છે

ભગવાનને માનું છું એટલે ભાવનિક્ષેપાથી માનું છું. ભાવથી ભગવાનને ભાવીએ તે ભાવનિક્ષેપો છે. એટલે જ તો ગાયું છે કે...

'ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન, ભાવે કેવલજ્ઞાન'

'મૂર્તિ-પ્રતિમાને ભગવાન માનું છું એ પાકો સ્થાપનાથી ભાવનિક્ષેપો છે. મૂર્તમાં અમૂર્તનાં દર્શન કરવાનાં છે અને તે જ સાચાં દર્શન છે, સાચી મૂર્તિપૂજા છે સ્થાપનાનિક્ષેપા માટે સ્થાપનાનિક્ષેપો નથી. પરંતુ સ્થાપનાનિક્ષેપો ભાવ-નિક્ષેપા માટે છે. મૂર્તિમાં ભગવાનનાં દર્શન કરી પોતાના

આવરણ (અજ્ઞાન-વિકારના પડળ)નો ભંગ કરી નિરાવરણ (શુદ્ધ) બનીએ-સ્વયં ભગવાન થઇએ તો નિશ્ચયથી ભગવાનનાં દર્શન કર્યા કહેવાય-દર્શન થયાં કહેવાય ક્રમકે તે કેવલજ્ઞાનની પ્રાપ્તિ છે કે જે કેવલજ્ઞાનમાં સર્વ અરિહંત પરમાત્મા, સર્વ સિદ્ધ પરમાત્મા સહિત સકલ વિશ્વના સર્વકાળના, સર્વક્ષેત્રના, સર્વ-પદાર્થોનું તેમના સર્વપર્યાય સહિત સહજ દર્શન થાય છે.

મૂર્તિમાં ભગવાનના અર્થાત્ અમૂર્તનાં દર્શન કરી લક્ષ્ય આપણે આપણામાં અંદર રહેલાં અમૂર્ત-અરૂપી-અવિકારી-અજરામર-અવિનાશી-અખંડ એવા આત્માના પરમ આત્મતત્ત્વનું દર્શન કરવાનું છે. અનામી-અમૂર્ત-અરૂપી-અકલ-અજરામર-અશરીરી-અવિકારી-અખંડ-અવિનાશી એવો મારો આત્મા આ દેહમંદિરમાં રહેલ છે તે દેહથી ભિન્ન છે એ ભેદજ્ઞાન કરી પ્રભુમંદિરમાં રહેલ પરમાત્મપ્રતિમાનું દર્શન કરતાં કરતાં તે પરમાત્માનું આલંબન લઇ પરમાત્માના સાન્નિધ્યમાં પરમાત્માને સન્મુખ રાખી આપણા આત્માના પરમાત્મ સ્વરૂપની ચિંતવના કરતાં કરતાં આપણા આત્માને એવા જ પરમાત્મ સ્વરૂપે પ્રગટાવવાનો પુરુષાર્થ કરવાનો છે. એમ કરીશું તો તેવી ચૈતન્ય મૂર્તિપૂજા ફળવંતી બનશે. આવા ઊંચા ભાવ ઊંચી ક્રિયાથી આવે છે. ક્રિયા જેટલી ઊંચી તેટલા ભાવ ઊંચા. અને ભાવ જેટલા ઊંચા તેટલી ક્રિયા પણ ઊંચી. ભાવનો ક્રિયામાં આવિષ્કાર કરવાનો છે અને ક્રિયામાં ભાવ ભેળવવાનો છે, ક્રિયા કરતાં ક્રિયામાં ન રહેતાં ભાવમાં ચઢવાનું છે. ભાવરૂઢ થઇ, ભાવવિભોર બની ધ્યાનમાં લીન થવાનું છે અને આત્મામાં લય પામવાનું છે. ક્રિયા કદી પૂર્ણ કરી શકાશે નહિ પરંતુ ભાવ પરિપૂર્ણ ભાવી શકાશે. માટે જ ક્રિયા ઉપર ભાવનું આધિપત્ય છે છતાં ઉભય અન્યોન્યના પૂરક છે. ક્રિયા દ્વૈતતત્ત્વ છે. ભાવ સર્વતત્ત્વ છે ક્રિયા ત્રિકાલ એકસરખી હોતી નથી. ભાવ ત્રિકાલ એક-સરખા હોઈ શકે છે. આત્માનો ભંડાર ખોલવા માટે ધર્મ કરવાનો છે. ક્રિયા ગણવા માટે ધર્મ નથી કરવાનો હોતો

આંખથી-ચર્મચક્ષુથી દૃશ્ય પ્રભુપ્રતિમાના દર્શનની સાધના-ત્રાટક કરીને આંખ બંધ કરીને દ્રષ્ટાએ સ્વયં પોતાના ભાવમાં અભેદ થવાનું હોય છે. મૂર્તની પૂજા કરી પોતાના અમૂર્ત સ્વરૂપથી પોતે અભેદ થવાનું છે: અરૂપીના રૂપને મૂર્તિમાં નિહાળી-પૂજી સ્વયં અમૂર્ત-અરૂપી થવાનું છે.

જેનું જ્ઞાન તેનો આત્મા ! અને જેવું ધ્યાન તેવો આત્મા ! માટે જ પ્રભુદર્શન-પ્રભુપૂજા અને પ્રભુભક્તિનું મહાત્મ્ય છે.

તે જ પ્રમાણે વાચ્ય-જાપ્ય-ભાષ્ય એવાં પરમાત્માનાં નામ જપથી સ્વયં સ્વરૂપના ભાવમાં લીન થવાનું છે. અનામી બનવાનું છે. દ્રવ્ય નિક્ષેપાથી પરમાત્માના ચરિત્રકથન સાંભળીને પોતાના દ્રવ્યને વિશુદ્ધ કરવા રૂપ પોતાના ભાવોને નિર્મળ કરવાના છે.

નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ એ ચારેય નિક્ષેપા અંતે જમા તો થાય છે ભાવમાં જ. ક્રમકે ભાવનિક્ષેપો એ કાર્ય છે અને નામ - સ્થાપના - દ્રવ્ય નિક્ષેપા કારણ છે. ભાવ નિરપેક્ષ બાકીનાં નામ - સ્થાપના - દ્રવ્ય નિક્ષેપા આદરીશું તો સંઘર્ષ રહેશે. અને તે ત્રણ સાધન હોતે છતે સાધ્ય બની રહેશે જેથી સાધનમાં જ અટવાતાં રહીશું. નામ-સ્થાપના-દ્રવ્ય નિક્ષેપા દ્વારા ભાવને સાધીશું તો તે ત્રણેય નિક્ષેપા પ્રમાણ ઠરશે

વીતરાગતા આવે તો અને આવે ત્યારે જ પરમાત્મા બનાય. માટે જ જે સાધન સાધનામાં અપનાવીએ તે દ્વારા વીતરાગતા આવવી જોઇએ. તો જ તે અપનાવેલ સાધન સાચાં અને સાધના સાચી.

પુણ્ય પાપકર્મનો બંધ કે ઉભય પુણ્ય-પાપકર્મ નિર્જરા જીવના પોતાના આશય-લક્ષ્ય-ઉદ્દેશ અને ભાવ ઉપર અવલંબે છે. એ બંધ યા નિર્જરાને સાચી પ્રતિપક્ષી વ્યક્તિના ભાવ સાથે કોઈ સંબંધ કે લેવા-દેવા નથી.

સાધનાના બે પ્રકાર છે. (અ) પરમાત્મ ભક્તિ અને (બ) ત્યાગ.

પરમાત્માની સાધના-ભક્તિ-ઉપાસના જેની આપણે ચર્ચા કરી રહ્યાં છીએ તે ચાર નિક્ષેપાથી બતાડેલ છે. જ્યારે સાધનાનો બીજો પ્રકાર આપણા પોતાના જીવનમાં ઉતારવા માટે છે. જે ત્યાગથી થતી સાધના છે એ ત્યાગ-ધર્મના ચાર પ્રકાર દાન-શીલ-તપ અને ભાવ છે જે ત્યાગધર્મથી સ્વરૂપ અર્થાત્ સ્વભાવને પ્રાપ્ત કરી શકાય છે. સાધકે દાન-શીલ-તપ-ભાવની ત્યાગરૂપ સાધના કરવાની છે અને પવિત્ર-સંયમી જીવમ જીવવાનું છે. એમાં ભાવ એટલે મન-ઇચ્છાનો ત્યાગ અને પરમભાવરૂપ પરમાતત્ત્વની પ્રાપ્તિની સાધના નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ એ ચાર નિક્ષેપાથી કરવાની છે અને સ્વમંના પૂર્ણભાવને - પરમભાવ અર્થાત્ સ્વભાવને પ્રાપ્ત કરવાનો છે. વાસ્તવિક તો તે પ્રાપ્તની પ્રાપ્તિ છે. માટે તેને સ્વભાવનું પ્રાગટીકરણ કહેવું યથાર્થ ઠરશે.

સાધકે પોતે પોતાના નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ નિક્ષેપાને છોડી દઇ એના બદલામાં પરમાત્માના નામ-સ્થાપના -દ્રવ્ય અને ભાવનિક્ષેપામાં રત (નિમગ્ન) રહેવાથી સંસારભાવ-મોહભાવ ઘટતો જાય છે. એના પરિણામે શુભભાવમાં વૃદ્ધિ થાય છે, નિર્મળતા આવે છે અને તે સ્વભાવમાં સ્થિરતા લાવે છે.

કર્મના ગમે એવાં કપરાં વિપાકોદયમાં પરમાત્માના નામ સ્થાપના-દ્રવ્ય-ભાવનિક્ષેપા ભાવવાથી દુઃખ, દુઃખરૂપ લાગતું નથી અને પરમભાવમાં-આનંદમાં-સમાધિમાં રહેવાય છે. એનાથી દુર્ભાવ, દુર્ધ્યાન, મોહભાવ દુર થાય છે અને સમતા-સમાધિ તથા શાંતિ અનુભવાય છે. ભાવતત્ત્વ દ્રવ્ય ક્ષેત્ર-કાળથી સંકળાયેલ-લેપાયેલ અને ઘેરાયેલ જરૂર છે. પરંતુ તે કાંઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી બંધાયેલ કે જકડાયેલ તો નથી જ. પરિષહ અને ઉપસર્ગ જેવા દુઃખદ કાળમાંય ભાવથી પૂર્ણતા પ્રાપ્ત કરી શકાય છે જેનાં દૃષ્ટાંતો-તીર્થંકર ભગવંતોના ચરિત્ર-કથનમાં તથા અન્ય દૃઢપ્રહારી, ઢંઢણમુનિ ખંધક મુનિ અને તેમના પાંચસો શિષ્યો, અર્જુનમુનિ, મેતારજમુનિ, ગજસુકુમાર ઇત્યાદિ મહાત્માઓના જીવનકથનમાં જોવા મળે છે.

વિશ્વના ભાવોમાં જે પરિવર્તન થાય છે તેવું પોતાના ભાવમાં જીવે-સાધકે પરિવર્તન નથી કરવાનું. આત્મા સ્વરૂપથી અપરિવર્તનશીલ છે. પરિવર્તન ભાવોની સામે સાક્ષી બની રહેવાનું છે પણ એમાં ભળવાનું નથી.

ભાવનિક્ષેપાથી સમજવું તે ધર્મનો મર્મ છે. નામ-

સ્થાપના-દ્રવ્ય-નિક્ષેપા પણ ભાવનિક્ષેપાને અર્થાત્ ભાવને પામવાને માટે જ કરવાના છે. **ધર્મની સ્થાપના અને સંચાલન, ક્રિયા તેમ જ અનુષ્ઠાન વિના થાય નહિ એ હકીકત છે. પરંતુ ધર્મની પ્રાપ્તિ ભાવ વિના થતી નથી એ પણ સત્ય છે.**

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ

નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ

દાન-શીલ-તપ-ભાવ

ધર્મ-અર્થ-કામ-મોક્ષ (ભાવ)

જાગૃત-સ્વપ્ન-નિદ્રા-તુર્યાવસ્થા (ભાવ).

આ પાંચે ચતુષ્કોમાં ભાવ આવે છે. સર્વ કાંઈ સાધના ભાવપૂર્વક કરી અંતે સ્વરૂપમાં અર્થાત્ સ્વભાવમાં સ્થિર થવાનું છે.

નામ ભગવાનનું લઇએ તો ભાવપૂર્વક લઇએ. સ્થાપના-પ્રાણપ્રતિષ્ઠા-અંજનશલાકા ભગવંતની કરીએ તો ભાવપૂર્વક કરીએ અગર આરાધના ભગવંતના સ્થાપના નિક્ષેપાની કરીએ તો તેમાં ભાવવિભોર થઇ જઇએ, દ્રવ્ય તીર્થંકરને ભજીએ તોય ભાવભીના થઇ ભજીએ અને જો સદ્‌ભાગી હોઇએ ને ભાવતીર્થંકર અર્થાત્ સાક્ષાત તીર્થંકર અરિહન્ત પરમાત્મા ભગવંતનો યોગ થાય તો તે પ્રત્યક્ષ ભાવ ભગવંતમાં જો આપણા ભાવ ભેળવી દઇએ, પૂર્ણ સમર્પણ કરી દઇએ તો સ્વરૂપનું-સ્વભાવનું પ્રાગટીકરણ સહજ થઇ જાય

દાન દઇએ તો લેનારો આપનારો થઇ જાય એવા ભાવ સહિત દાન દઇએ, શીલ-સયમ પાળીએ, તપ તપીએ તે ભાવપૂર્વક યથાખ્યાત ચારિત્ર્ય-સહજાનંદી પૂર્ણકામ અવસ્થાને લક્ષમાં રાખી કરીએ અને ભાવ ભાવીએ એમાં ભાવ ભેળવીએ તો ભાવની શુદ્ધિ ને વૃદ્ધિ કરી પરાકાષ્ઠા ભાવોથી સ્વભાવનું પ્રાગટીકરણ કરી શકીએ.

ધર્મભાવથી, અર્થના (ધનના) અનર્થથી દૂર રહી, કામમાં અનાસક્ત રહી ધર્મપુરુષાર્થથી નિષ્કામ બની રહી પૂર્ણકામ થઇ મોક્ષને અર્થાત્ સ્વભાવને હાંસલ કરી શકાય છે.

જાગૃતાવસ્થામાં નિદ્રાવત (નિર્લેપ) રહી, સ્વપ્ન અને નિદ્રાવસ્થાની પેલે પારની તુર્યાવસ્થા (કેવલજ્ઞાનીઅવસ્થા)-સ્વભાવદશાને પ્રાપ્ત કરી શકાય છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની ચોકડી તોડી નાખી, ચક્રાવાને ભેદી, દ્રવ્યમાં ક્ષેત્ર ભેળવીને, કાળનો ભાવથી કાળિયો કરી જઇ કેવળ દ્રવ્ય (આત્મપ્રદેશ) અને સ્વરૂપભાવ-સ્વભાવ (જ્ઞાન અને આનંદ) રૂપ અર્થાત્ સચ્ચિદાનંદ બની શકાય છે અને યથાર્થપણે કાળ અને ક્ષેત્રવિજેતા થઇ શકાય છે.

આમ સ્વરૂપ-સ્વભાવના પ્રાગટીકરણ માટે સર્વમાં ભાવ ભેળવવાનો હોય છે. ભાવ ભેળવ્યા વિનાનું સર્વ કાંઇ મોળું-ફિક્કું રહેવાનું. જેમકે મીઠા (સભરસ-નમક) વિનાની રસોઇ. આમ ભાવ એ સભરસ છે. સભરસ એકલું જ મમળાવવું (ગમે) ભાવે અને અન્ય પદાર્થમાં ભળતાં તે પદાર્થને મીઠાશ બક્ષે છે અથવા તો કહો કે ભાવ સાકર જેવો મિષ્ટ છે જે અન્ય પદાર્થ સાથે ભળીને તેનેય મીઠો બનાવે છે.

દ્રવ્ય, ભાવાત્મક છે. એટલે કે આત્મા પોતે ભાવપ્રધાન છે. માટે આત્મા પોતાપણું અથાત્ ભાવ આત્માની ક્રિયામાં-અધ્યાત્મ ક્રિયામાં ભેળવે તો પોતાપણાને પામે અર્થાત્ પરમાત્મતત્ત્વ જે પોતામાં જ સત્તાગત પડેલ છે તેનું પ્રાગટીકરણ-આવિષ્કાર કરી શકે છે.

જગતમાં જે સૌંદર્ય છે તે આત્માનું છે.-આત્માની દ્રષ્ટિ (ભાવ)નું છે, દ્રશ્યનું નથી માટે જ તો કહ્યું છે કે 'પિંડે સો બ્રહ્માંડે!'

જે કાંઇ ભણે એ જાણે. પરંતુ ભણે એટલે જીવ આગળ વધ્યો એમ ન મનાય. જીવની જેટલી ભાવશુદ્ધિ વધે તેટલો જીવ સુધરે અને જીવ સુધર્યો તેટલો આગળ વધ્યો-વિકસિત થયો લેખાય. **બુદ્ધિનો વધારો શક્તિ છે. બુદ્ધિમાં સુધારો એ સદ્‌બુદ્ધિ છે. આધ્યાત્મિક ક્ષેત્રે સદ્‌બુદ્ધિની કિંમત છે.** ધર્મ જીવની ભાવશુદ્ધિ વધારી આપે છે પુણ્યવૃદ્ધિ કરી આપનાર ધર્મ કરતાં ભાવશુદ્ધિ કરી આપનાર ધર્મ ચઢિયાતો છે.

'ભણ્યો પણ ગણ્યો નહિ' એ કહેણી આ સંદર્ભમાં જ છે. માત્ર કાયયોગની ક્રિયાથી મોહનો નાશ કદી થતો નથી. ક્રિયા મોહને દબાવી દઇ શકે છે એટલું જ. મોહનો સર્વથા નાશ તો આત્માના જ્ઞાન-દર્શન ઉપયોગથી સત્તા-પરમાત્માના બળથી અને ભાવથી થઇ શકે છે. કાયા સ્થૂલ છે અને તેનું ક્ષેત્ર મર્યાદિત છે. મન સૂક્ષ્મ છે અને તેનું ક્ષેત્ર વિશાળ અને વ્યાપક-અમર્યાદિત છે. ક્રિયાની મર્યાદા છે જ્યારે ભાવ વ્યાપક છે.

ભાવ આશ્રિતભાવ આવે તે શ્રેષ્ઠ સાધના છે. દ્રવ્ય આશ્રિત, ક્ષેત્ર આશ્રિત, કાળ આશ્રિત ભાવ તો જ સફળ બને જો ભાવ આશ્રિત ભાવ આવે. તેમ ન થાય તો તે માત્ર યોગ (કાયિક) ક્રિયા બની રહેશે. ઉપયોગક્રિયા (આંતરક્રિયા) નહિ બને. ક્રિયાભાવ લાવી આપે પણ ક્રિયાભાવનું કામ નહિ કરી આપે. ભાવ જ ભાવનું કામ કરી આપે.

જાગવાનું શેમાં છે? ચેતને ચેતનમાં જાગવાનું છે. ચેતને કાંઇ જડમાં જાગવાનું નથી. પુદ્‌ગલ (ભૌતિકપદાર્થ)માં રમણ-ભમણ કરવાનું નથી ચેતને તો ચેતનને જોવાનો અને જાણવાનો છે. એટલું જ નહિ પણ ચેતને તો ચેતનમાં ભળી જવાનું વિલીન થઇ જવાનું છે.

દ્રવ્ય ક્ષેત્ર-કાળ એ પરિચ્છિન્ન વસ્તુ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આશ્રિત ભાવમાં હોય ત્યાં સુધી આત્મા દ્રવ્યાત્મા કહેવાય. જે કાં તો અંતરાત્મા હોય કે કાં તો બહિરાત્મા હોય. જ્યારે આત્મા એના શુદ્ધ ભાવસ્વરૂપે અપરિચ્છિન્ન છે. આત્મા પૂર્ણભાવમાં આવે તો ભાવાત્મા અટલે કે પરમાત્મા કહેવાય. આત્માના શુદ્ધ ભાવમાં સાપેક્ષપણે પણ દ્રવ્યક્ષેત્ર-કાળ નથી. તેથી આત્મા એના શુદ્ધ સ્વરૂપે નિરપેક્ષ કહેવાય છે.

ભાવ આશ્રિત ભાવમાં આવીએ અને રહીએ તો તે સમયે દેહભાન ભુલાઇ જાય અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ પણ ભુલાઈ જાય, ભાવ આશ્રિત ભાવ જીવે સ્વતંત્ર એટલે કે પૂર્વ સાધન અને સાધનાનાં ફળરૂપે કરવાનો છે જેનાથી ઘાતિકર્મનો સર્વથા ક્ષય થઇ શકે છે.

આત્મા ચૈતન્ય સ્વરૂપ હોઇ ભાવસ્વરૂપપ્રધાન છે. બાકીના દ્રવ્યો અજીવ-જડ-હોવાથી તે સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળપ્રધાન છે

કેમકે ત્યાં ભાવ-રસ-લાગણીનો પ્રશ્ન તે પદાર્થો જડ હોઈ ઉદ્‌ભવતો નથી. આત્મા જ કેવળ ચૈતન્ય સ્વરૂપ હોઇ ભાવસ્વરૂપપ્રધાન છે.

આત્માનો જ્ઞાનગુણ-આત્માની જ્ઞાનશક્તિ દેશપ્રધાન નથી. કારણ કે આત્મા એના પૂર્ણજ્ઞાન કેવલજ્ઞાનમાં એક સમયે સર્વકાળના સર્વક્ષેત્રના સર્વદ્રવ્યો તેના સર્વ પર્યાય સાથે જુએ છે જાણે છે બલકે દેખાય છે અને જણાય છે. (જોવાય જવું પડતું નથી. (Not going to see or know but come to see–come to know) એનું જ નામ દ્રવ્યાતીત-ક્ષેત્રાતીત-કાળાતીત ! કોઇ વસ્તુમાં કાંઈક જોવું અને કાંઇક હોવું તેનું નામ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-પરિચ્છિન્ન ભાવ. કારણ કે તે દેશવિભાગ છે.-દેશતત્ત્વ છે.

પરમાત્માનું ભાવસ્વરૂપ પૂર્ણ છે. એવા એ પૂર્ણ સર્વજ્ઞ ભગવંતનું પૂજન તે તેમનું ભાવનિક્ષેપાથી પૂજન છે.

ખાદ્ય પદાર્થને આરોગવા એ ક્રિયા છે. આરોગેલા ખાદ્યપદાર્થો જો અંદરમાં ભૂખ હશે એટલે કે જઠરાગ્નિ પ્રદીપ્ત હશે અને જીભમાં અમી હશે તો સાત ધાતુમાં પરિણમશે. એટલે અન્ન શરીર સાથે એકરૂપ થશે તદ્‌રૂપ થશે. તે જ પ્રમાણે ધર્મક્રિયા કરતાં કરતાં, પરમાત્મ પૂજા કરતાં કરતાં આત્મા પરમાત્માથી અભેદ થઈ શકશે, અને સ્વયં પરમાત્મા બની શકશે. એ ભૂલવા જેવું નથી-કે સંસાર અને મોક્ષ આપણા ભાવ અને રસ ઉપર આધારિત છે.

નામ-સ્થાપના-દ્રવ્યથી પરમાત્માને પૂજવા તે પ્રેમલક્ષણા ભક્તિ છે જ્યારે ભાવ સ્વરૂપે પરમાત્માને ભાવવા-ભજવા તે જ્ઞાનલક્ષણા ભક્તિ છે.

ઇન્દ્રિયો (ચક્ષુ-કાન-જીભ) દ્વારા પરમાત્માના ત્રણ નિક્ષેપા ગ્રહણ કરવાના છે જ્યારે મન દ્વારા પરમાત્માનો ભાવનિક્ષેપો ગ્રહણ કરવાનો છે.

નયનચક્ષુથી પરમાત્માને જોનારા કરતાં હૃદયચક્ષુથી જોનારા એટલે કે સ્વરૂપના જ્ઞાન ધ્યાનાદિ દ્વારા પરમાત્માના દર્શન કરનારા વિકાસમાર્ગે છે. નયનચક્ષુથી જોનારાએ જોવાના છે પરમાત્માને પ્રતિમાના માધ્યમ દ્વારા, હૃદયચક્ષુથી પરમાત્માનું દર્શન એટલે કે પરમાત્મતત્ત્વ-કેવલજ્ઞાનનું-સચ્ચિદાનંદ સ્વરૂપનું દર્શન. આમ પરમાત્માના ભાવનિક્ષેપાનો વિચાર ભાવવાનો છે. ભાવનિક્ષેપાને પ્રાપ્ત કરવા માટે જ નામ સ્થાપના-દ્રવ્ય એ ત્રણ સાધનનિક્ષેપા છે.

પૂર્ણ વીતરાગ એ પરિપૂર્ણ છે. તે ધ્યેયરૂપ છે. પરમાત્માની પ્રતિમા પ્રતિ અનિમેષ (સ્થિર-અપલક) નજર સ્થાપવી જોઇએ અને પૂજા સ્તુતિ-પ્રાર્થના-સ્તવન આદિ બોલવા-સાંભળવા જોઇએ તેવો અનુષ્ઠાનનો નિયમ છે. ઉપયોગ અને ધ્યાન વિનાની બેધ્યાનપણે કરવાની કોઇ ક્રિયા, કોઇ અનુષ્ઠાન સર્વજ્ઞ ભગવંતોએ બતાડેલ નથી.

સંગીતના અવાજની મધુરતામાં અર્થાત્ કર્ણેન્દ્રિયના રસમાં અટકીએ તો ધ્યેયરૂપ સાધ્યરૂપ પરમાત્મભાવમાં લીન થવું જોઇએ તે અને પરમાત્માનું લક્ષ્ય થવું જોઇએ, તે થશે નહિ.

તે જ પ્રમાણે પરમાત્માની પ્રતિમાની આંગી અર્થાત્ અંગરચનાના દર્શન કરતાં કરતાં આંગીમાં જ નહિ અટકતાં જેની અંગરચના રચવામાં-સજાવવામાં આવી છે તે પરમાત્માની સમગ્રકૃતિ અને મુખાકૃતિના દર્શન કરવા જોઇએ. સમગ્રાકૃતિમાં જલધરજંઘ અને સહસ્રાર સહિત પદ્માસનમુદ્રા નામની યોગામુદ્રામાં સ્થિત એવાં પરમાત્માની સ્થિરતા-સમતા-પ્રશાંતતા-મુદિતા-સહજતા-સચ્ચિદાનંદ સ્વરૂપના દર્શન કરી સ્વયં તે સ્વરૂપમાં આવવાની – તે સ્વરૂપને પામવાની ભાવના લાવવી જોઇએ.

આવા મૂર્તિના દર્શન જે કોઇ ભક્ત કરે છે તે વાસ્તવિક પ્રભુદર્શન અર્થાત્ પરમાર્થથી અમૂર્તના જ દર્શન કરે છે. આવી ભાવના ભાવવાવાળો દર્શનાર્થી ભક્ત જ 'ભાવે ભાવના ભાવીએ ભાવે કેવલજ્ઞાન' ગાતા ગાતા-ભાવના ભાવતા ભાવતા દર્શન કરવા દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

આપણે નામમાં અનામીનો રસ રેડવાનો છે, રૂપીમાં અરૂપીનો રસ રેડવાનો છે, દ્રવ્યમાં ભાવનો રસ રેડવાનો છે અને ભવાંત લાવનારો છે. જેમ પરમાત્માનું દ્રવ્ય સ્વરૂપ પરમાત્માની પ્રતિમા છે તેમ અનામી - અરૂપી ભાવ એ પરમાત્માનું ભાવ સ્વરૂપ છે તીર્થંકર નામ કર્મનો વિપાકોદય અને તેથી સર્જાતું અષ્ટપ્રાતિહાર્યો સહિતનું સમોવસરણ સ્થિત પરમાત્માનું બાહ્ય દ્રશ્ય સ્વરૂપ દ્રવ્ય સ્વરૂપ છે. જ્યારે અંતરમાં રહેલ કેવળજ્ઞાના-જ્ઞાનનંદાવસ્થા-સચ્ચિદાનંદ અવસ્થા એ એમનું ભાવસ્વરૂપ છે

તુરીય ભેદ પડિવત્તી પૂજા, ઉપશમ ખીણ સંગોગી રે,
ચઉહા પૂજા ધ્રુમ ઉત્તરાધ્યયણે, ભાખી કેવલભોગી રે,
– સુ૦

– સુવિધિનાથ જિન સ્તવન આનંદઘનજી મ.

આપણા ઉપયોગમાં કેવલિભગવંતને સ્થાપી, આપણા ઉપયોગથી કેવલજ્ઞાનની પૂજા કરવી જોઇએ. આપણા મતિજ્ઞાનના ઉપયોગને કેવલજ્ઞાનરૂપ ઉપયોગ બનાવવો જોઇએ.

આપણા ઉપયોગમાં કેવલજ્ઞાનનો અભેદવાસ છે. એ પરમાત્માની સાચી મૂર્તિ છે જે આપણા મનમંદિરમાં બિરાજે છે.–આપણા ઉપયોગમાં બિરાજે છે. જીવનો ઉપયોગ કેવલજ્ઞાનરૂપ બને અર્થાત્ જીવ શીવ બને તે પરમાત્માની આત્યંતિક પૂજા છે. સ્વયંનો ઉપયોગ (અંતઃકરણ) કેવલજ્ઞાન બની શકે છે–પરમાત્મા બની શકે છે.

પોતાના મનમાં, હૃદયમાં, પરમાત્માની સ્થાપના કરીને પોતાના મનને પૂજાની સામગ્રી બનાવીને પરમાત્માની પૂજા કરવી તે ભાવપૂજા છે.

બહારના મંદિર-મૂર્તિ-આગમ એ પોતાના જ્ઞાનદર્શનના ઉપયોગને નિર્વિકલ્પ વીતરાગ-સર્વજ્ઞ (કેવલજ્ઞાનરૂપ) બનાવવા માટેના પ્રતિક છે. દ્રવ્ય સાધનથી આમ ભાવ સાધન દ્વારા ઉપયોગને વીતરાગ-નિર્વિકલ્પ બનાવવાનો છે.

અમૂર્ત-અરૂપી પરમાત્માને ઉપયોગથી મનોયોગ દ્વારા ચિંતવવાથી સ્વરૂપની, સ્વરૂપથી ભાવપૂજા કરવા દ્વારા પરમાત્મતત્ત્વની સાથે અભેદ થવાનું છે.

પરમાત્માનું નિર્વિકલ્પ સ્વરૂપ છે તેની સાથે આપણે મનથી અને ઉપયોગથી એકાકાર-એકાગ્ર થવાનું છે અને અંતે

તદાકાર અર્થાત્ તદ્રૂપ થવાનું છે જે ભાવપૂજા છે.

પોતાની શક્તિ હોવાથી શક્તિ અનુસાર અને ગૃહસ્થ ધર્માનુસાર જે પરિગ્રહી હોય તેમણે હંમેશા દાન આપવું જોઇએ અને દ્રવ્યપૂજા વિનય-ઉપચારરૂપ કરવાની હોય છે. અને પછી એનાથી આગળ વધીને ભાવપૂજા કરવાની છે.

અમૂર્ત પરમાત્મતત્ત્વની સ્થાપના મૂર્ત એવી મૂર્તિમાં કરીને આપણા ચક્ષુ જે પણ મૂર્ત છે તેના ત્રાટક દ્વારા પરમાત્માની મૂર્તિમાં તેને સ્થિર કરીને તે ધ્યાન ઉપર મનથી આપણા તે ઉપયોગને જોવા માંડયું. જેથી મૂર્ત (ચક્ષુ), મૂર્ત (પરમાત્મા-મૂર્ત) દ્વારા ખતમ થશે અને અમૂર્ત આપણે ઉપયોગ અમૂર્ત આત્મામાં ભળી જશે ભળી જશે-લીન થઇ જશે-સ્થિત સ્થિર થઈ જશે. ઇન્દ્રિયો દ્વારા મનમાં જવું અને મનથી મનને અમન કરવું તે ધ્યાનની સાધના છે.

જિન પડિમા જિન સારીખીની સાધનાની મૂર્તિ દ્વારા આત્મા જે અમૂર્ત છે તેનો મૂર્તિના માધ્યમ દ્વારા આપણે અનુભવ કરવાનો છે.

શબ્દ દ્વારા અશબ્દ (આત્મા)નો સ્વાદ લેવાનો છે, મૂર્તિ દ્વારા અમૂર્ત (આત્મા)નો સ્વાદ લેવાનો છે.

મૂર્તિ એ અમૂર્ત તત્ત્વની ખ્યાતિ માટે છે. શબ્દ એ અશબ્દ તત્ત્વ-પ્રશાંત તત્ત્વની ખ્યાતિ માટે છે.

આત્મા એ અશબ્દ દેશ છે. – નીરવ દેશ છે. – એ જ્ઞાનીનો દેશ છે. અરૂપી – અમૂર્ત – અશબ્દ દેશ છે કે જ્યાં પરમશાંતિ છે. અરૂપી એ જ અશબ્દ, અરૂપી એ જ પરમશાંત તત્ત્વ છે.

જ્યાં અશબ્દ તત્ત્વ (મૌનાવસ્થા) છે, ત્યાં અમૂર્ત તત્ત્વમાં, પ્રશાંતતત્ત્વમાં-પ્રશાંતાવસ્થામાં પ્રવેશ છે.

આપણે જ્યારે અશબ્દ-અમૂર્ત-અરૂપી દેશમાં પ્રવેશ કરીશું ત્યારે જગતનો બાહ્ય કોલાહલ આપણને બાધક નહિ રહેશે. નિદ્રામાં, અશબ્દતા હોવાથી શાંતિ છે, જે અનુભવ ગમ્ય છે.

જ્યાં વિનાશ નથી ત્યાં હાનિવૃદ્ધિને અવકાશ નથી. ત્યાં આત્માનું સમત્વ છે જે એકાંત-મૌન-અસંગરૂપ છે.

જિન-આગમ ભગવાનનો અક્ષરદેહ છે જે અશબ્દને ખ્યાતિ આપે છે. જ્યારે જિન-મૂર્તિ એ ભગવાનનો પાર્થિવ દેહ છે જે અમૂર્તને ખ્યાતિ આપે છે. જિનાગમ દ્વારા આત્માએ અશબ્દ બનવાનું છે. અને જિનમૂર્તિ દ્વારા આત્માએ અમૂર્તતા પ્રાપ્ત કરવાની છે. આ છે મોક્ષમાર્ગની સાધના !

તીર્થંકર ભગવંતના શબ્દદેહ દ્વારા તીર્થંકર પરમાત્મા જે સ્વયં નિર્વિકલ્પ-નિર્વિચાર-અશબ્દ છે તેમને સંભારવાના છે. અને તીર્થંકર ભગવંતની મૂર્તિ દ્વારા સિદ્ધ થયેલ, અરૂપી-અમૂર્ત એવાં તીર્થંકર ભગવંતના સિદ્ધ સ્વરૂપને સંભારવાનું છે.

ઉભય જિનાગમ-જિનમૂર્તિની સાધના દ્વારા જીવે નિર્વિકલ્પ કેવલજ્ઞાન – સર્વજ્ઞતા-અશબ્દ – અમૂર્ત – સિદ્ધત્વની પ્રાપ્તિ કરવાની છે.

જેમ પાષાણમાંથી ભગવાનની મૂર્તિ બનાવી શકાય છે, તેમ, પરમાત્મા-ભગવાન બનવાની સાચી કાચી ધાતુ હોય તો તે સંસારીજીવ છે, જે સ્વયં પરમાત્મા બનવાથી અરૂપી-અમૂર્ત બની જશે જ્યારે પાષાણની મૂર્તિ તો અમૂર્ત જ રહે છે. પરંતુ તેના દર્શકના ભાવાનુસાર તે જ મૂર્તિ દર્શકને અમૂર્ત બનવામાં સહાયરૂપ આલંબનરૂપ થાય છે.

દેહ પણ જડ પુદ્ગલનો છે અને મૂર્ત છે. જેમાં રહેલ જીવને અમૂર્ત – અરૂપી – શીવસ્વરૂપ – સિદ્ધસ્વરૂપ – સ્વસ્વરૂપી બનાવવાનો છે જેથી કરીને જીવે નવો દેહ ધારણ કરવો નહિ પડે એટલે કે અજરામર અવિનાશી બની જાય.

મૂર્તમાં (મૂર્તિમાં) અમૂર્ત ભાવ સ્થાપીને, મૂર્ત (દેહમાં રહેલ આત્માને અમૂર્ત-નિરંજન-નિરાકાર-અરૂપી બનાવવો તે પ્રયોજન છે.

મૂર્તિને આગે જેમ મંદિરની રચના છે તેમ આત્માને આગે શરીર છે. મહત્ત્વ આત્માનું છે. શરીરનું નથી તેમ છતાં આપણે દેહ મોહભાવે અજ્ઞાની બનીને-આત્માને ભૂલીને રાગ-યુક્ત જીવન જીવીએ છીએ અને દુઃખી થઇએ છીએ.

તીર્થંકર ભગવંતને તેમના તીર્થંકર નામકર્મના વિપાકોદયના પરિણામે સમોવસરણ, અષ્ટપ્રાતિહાર્ય આદિ જે છે તે પુદ્ગલના બનેલા સ્કંધોના તેજ છે. તીર્થંકર ભગવંતના કેવલજ્ઞાનનું તેજ આપણે જોઇ શકતા નથી. આપણે પરમાત્મા તીર્થંકર ભગવંતના દેહના દર્શન કરીએ છીએ. તેમના કેવલ-જ્ઞાનનું દર્શન કરી શકતાં નથી.

બહારથી આપણને એમ લાગે છે કે કેવલિ ભગવંત તેમના દેહમાં રહેલ છે પરંતુ વાસ્તવિકતા તો એ છે કે તેમનો સ્વયંનો દેહ પણ સમસ્ત વિશ્વના પદાર્થોની જેમ તેમના કેવલજ્ઞાનમાં પ્રતિબિંબિત થઇ રહેલ હોય છે.

પરમાત્માની મૂર્તિ તો પરમાત્માની સ્થૂળ-ઔદારિક આકૃતિ છે. એનાથી સૂક્ષ્મ આકૃતિ પરમાત્માનો અક્ષરદેહ અર્થાત્ જિનવાણી-જિનાગમ છે. અને તેથીય સૂક્ષ્મ અર્થાત્ સૂક્ષ્માતિ સૂક્ષ્મ મૂર્તિ જો પરમાત્માની હોય તો તે પરમાત્મા દ્વારા વિસર્જિત કરાયેલા શુકલ લેશ્યાના મનોવર્ગણાના પુદ્ગલો છે જેનું ગ્રહણ કરવું તે અર્થાત્ શુભભાવમાં અને શુકલ લેશ્યામાં રહેવું એ પરમાત્માની સર્વોત્કૃષ્ટ અર્ચના છે

પરમાત્માની પ્રતિમાના દર્શન એ આંખનો વિષય છે જે સ્થૂલ છે. પરમાત્માના વચન અર્થાત્ જિનવાણીનું શ્રવણ એ કાનનો વિષય છે જે સૂક્ષ્મ છે. જ્યારે પરમાત્મા ભાવિત ભાવોથી મનનુ-અંતઃકરણનું શુદ્ધિકરણ તે મનનો-અંતઃકરણનો વિષય જે સૂક્ષ્માતિસૂક્ષ્મ છે.

આમ દર્શન-પૂજન એ સ્થૂલ દૈહિક-કાયિક પૂજા છે. જે સ્થાપના નિક્ષેપાની પૂજા છે.

પરમાત્મ નામસ્મરણ અર્થાત્ જાપ તથા પરમાત્મ ચરિત્ર કથાશ્રવણ એ વાચિક છે જે નામનિક્ષેપા ને દ્રવ્યનિક્ષેપાથી કરાતી પૂજા છે.

જ્યારે પરમાત્મભાવથી ભાવિત થવું તે પરમાત્માની માનસ પૂજા (મનથી થતી પૂજા) છે જે ભાવનિક્ષેપાથી થતી પૂજા છે.

ભગવાનને તેમના નામનિક્ષેપા-સ્થાપના નિક્ષેપા (મૂર્તિ)ના આલંબનથી એમના દ્રવ્યનિક્ષેપા (ચરિત્ર) અને ભાવનિક્ષેપા (ભગવાનના ક્ષાયિકગુણો)ને અન્વયાત્મકરૂપે આપણામાં સ્થિર કરવા જોઇએ. તો ભગવાનની ચાર નિક્ષેપે સાચી પૂજા કરી

કહેવાય. બાકી તો ઉપાધ્યાયજી મહારાજએ ગાયું છે તેમ... 'પરમપ્રભુ સળ જન શબ્દે ધ્યાવે, પઢત પુરાણ વેદ અરૂ ગીતા, મુરખ અર્થ ન ભાવે ઉતપ્રત ફિરત, ગ્રસત રસ નાહિ પશુચર્વિત જવું ચાવે...'

નિક્ષેપા એ આલંબન છે. આલંબન ખરાબ નથી. પરંતુ સ્વાવલંબન માટે તો આલંબનને સર્વસ્વ સમજીને અટકવું નહિ જોઇએ પરમાત્માને પામવા માટે, અર્થાત, સ્વયં પરમાત્મા બનવા માટે અખંડ અને સરળ માર્ગ જાણવો જોઇએ. ચૌદે ગુણસ્થાનક બરોબર જાણવા અને સમજવા તે અખંડ અને સરળમાર્ગ જાણવા બરોબર છે. તે જ પ્રમાણે સિદ્ધ પરમાત્માને તેમના સિદ્ધસ્વરૂપ અને સિદ્ધાવસ્થાને પૂરેપૂરા જાણવા-સમજવા તે સાધ્યને, અર્થાત્, સ્વયંના પરમવિશુદ્ધ સ્વરૂપને એટલે કે અખંડ તત્ત્વને બરોબર જાણવા-સમજવા રૂપ છે.

મુકામને જાણીએ, માર્ગને જાણીએ અને દ્રઢતાથી જાણેલા માર્ગે આગળ વધીએ તો મુકામે પહોંચીએ. અન્યથા તો હવામાં બાચકાં ભરવા જેવુ કે આંધળુકિયાં કરવા જેવુ થાય.

છતાંય વિનય અને વિવેકયુક્ત ક્રિયા હોય, દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે બહુમાન, અને રુચિ હોય, તો વિશેષ જ્ઞાન ન હોવા છતાંય, માર્ગ કે મુકામની ગતાગમ ન હોવા છતાં ય, માર્ગદર્શક-સાર્થવાહ જેમિયા એવાં જ્ઞાની દેવ-ગુરુની આજ્ઞા અને આદેશ અનુસાર આગળ વધનાર શુકલપાક્ષિક જીવ છેવટમાં છેવટ એક પુદ્ગલ પરાવર્ત કાળ સુધીમાં તો મોક્ષને પામે છે એટલે કે મુકામે પહોંચે છે. જે જીવ તીવ્ર વૈરાગી કે મોક્ષની ઇચ્છાવાળો ન હોય પરંતુ ધર્મતત્ત્વ એ જ સત્યને ઉપકારક છે અને તેનાથી જ આપણું ભલું થાય છે એવાં ભાવપૂર્વક જે કાંઇપણ, ઉપાસના, સાધના, અનુષ્ઠાનો કરે છે તથા પોતાનામાં દુર્જનતા હોતી નથી એવાં જીવો શુકલ-પાક્ષિક જીવો કહેવાય છે કે જે એક પુદ્ગલ પરાવર્ત કાળમાં ભવસંસાર તરી જનારા હોય છે. પરંતુ એમાં આવશ્યકતા છે વિનય-વિવેક-નમ્રતા-સરળતા-ભદ્રિકતા લઘુકર્મિતા સહિત સતત દેવ ગુરુના સહવાસ અને માર્ગદર્શનની.

દેવગુરુના બળે આગળ વધનારે સતત દેવગુરુનો સહવાસ અને પૂર્ણ સમર્પિતતા કેળવવા પડશે. જ્યારે સ્વબળે દ્રઢતાથી આગળ વધનારે સ્વરૂપ સમજ અને સ્વરૂપ રમમાણતા કેળવવા પડશે.

નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ નિક્ષેપાના આલંબને ભાવ ભગવંતને સહુ કોઇ પ્રાપ્ત કરી સ્વભાવમાં આવે અને મુકામે પહોંચે એવી અભ્યર્થના !

-સંકલન : **સુર્યવદન ઠાકોરદાસ જવેરી**

એકવીસમી સદી અને જૈનધર્મ

★ ડો. કુમારપાળ દેસાઈ

એકાએક દારુણયુદ્ધ ફાટી નીકળ્યું અને આકાશમાં ચોમેર બોંબ ઝીંકનારાં વિમાનો ચકરાવા લેવા લાગ્યાં. ભૂમિ પર માણસો, પશુઓ અને પક્ષીઓ બોંબના સર્વનાશથી બચવા માટે જીવ હથેળીમાં લઇને નાસતાં હતાં, ત્યારે એક દીવાલ પર બે બેફિકરા ગીધ કશાય ઉચાટ કે ચિંતા વગર બેઠા હતાં.

નિરાંતે વાતો કરતાં આ ગીધ પર એક પક્ષીની નજર પડી અને એણે ઉતાવળે ગીધ પાસે જઇને ધમણિયા શ્વાસે કહ્યું:

'અરે ચાલો ભાગી છૂટો. યુદ્ધ ફાટી નીકળ્યું છે. માનવ દાનવ બનીને એકબીજાના લોહી માટે તરસ્યો બન્યો છે. માનવીઓની લડાઇમાં વિના કારણે આપણે ખુવાર થઇ જઇશું. ચાલો નાસો. હજુયે ઊગરી જવાની તક છે.'

પક્ષીની આ વાત સાંભળીને પેલા વૃદ્ધ અને અનુભવી ગીધ ખડખડાટ હસી પડ્યા અને ઠાવકા અવાજે બોલ્યા, 'અરે દયાવાન માનવીની લડાઇ એ અમારે માટે તો સ્વાદિષ્ટ મીઠાઈ છે. આવું યુદ્ધ થાય એ તો અમારે માટે સોનેરી અવસર. માનવીનું યુદ્ધ અને તેનું મોત એટલે અમારે માટે મહેફિલ, મિજબાની અને જયાફતના દિવસો.'

બીજા વૃદ્ધ ગીધે ચાંચીચાંચીને કહ્યું, તેં અમારાં શાસ્ત્રો ક્યાંથી વાંચ્યાં હોય? અમારાં શાસ્ત્રોમાં તો લખ્યું છે કે ગીધ પર કૃપા વરસાવવા માટે જ ઇશ્વર માનવીને યુદ્ધમાં ધકેલે છે. યુદ્ધ અને માનવીનો મેળ ઇશ્વર ગીધને માટે જ સર્જે છે.'

વર્ષોના અનુભવી ગીધને ભાગી નીકળવાની સલાહ આપનાર પેલા મોટે પાછો ફર્યો. બંને ગીધ યુદ્ધની મોજ માણવા પાંખો ફેલાવીને આકાશમાં અહીંતહીં આનંદભેર ઘૂમવા લાગ્યા, જમીન પર બેસીને મીઠા ભોજનનાં સ્વપ્નાં સેવવા લાગ્યાં. પરંતુ એવામાં જ બોંબ પડ્યો અને એના અવશેષ પણ શેષ ન રહ્યા.

પરિવર્તનને પારખી નહીં શકનાર અને ભવિષ્યને ઓળખી નહીં શકનારની સ્થિતિ પેલા ગીધ જેવી થાય છે જે માત્ર ભૂતકાળના દોર પર ચાલે છે તે વર્તમાનમાં વિસંવાદ જ સર્જે છે. થયેલા પરિવર્તનને ઓળખવા માટે સતત ગતિશીલ દૃષ્ટિ જોઇએ. ભવિષ્યનો વિચાર નહીં કરનારી દૃષ્ટિ વર્તમાનમાં સ્થિતિસ્થાપક રહે છે. પ્રસિદ્ધ ચિંતક એલવિન ટોફ્લર કહે છે- 'If we do not learn from History, we shall be compelled to relive it true. But if we do not change the future, we shall be compelled to endure it. And, that could be worse.'

આ દૃષ્ટિએ આવતી સદીમાં ધર્મની ગતિવિધિ કેવી હશે એનો વિચાર કરીએ.

એકવીસમી સદીમાં કોઇ મુલાકાતી તમારા મકાનનો મુખ્ય દરવાજો બોલશે ત્યારે તમે દીવાનખંડની આરામખુરશીમાં બેઠાં બેઠાં સ્ક્રીન પર આગંતુકનો ચહેરો જોઇ શકશો અને બાજુમાં પડેલા 'રિમોટ કન્ટ્રોલ'ની એક ચાંપ દબાવશો એટલે બારણું ખૂલી જશે યંત્રમાનવ એને માટે શિયાળો હોવાથી ગરમ મસાલાવાળી ચા લાવશે. એ વ્યક્તિ તમને તમારા દાદાના પિતાનું નામ પૂછશે અને તમે તરત જ કોમ્પ્યુટરમાંથી એની

માહિતી આપશે. મગજમાં કોઈ વિગતો કે માહિતી રાખવાની જરૂર નહીં હોય, કારણ કે કોમ્પ્યુટર જ માહિતીનો સંગ્રહ અને માહિતીની પુનઃપ્રાપ્તિનું બધું જ કામ કરતું હશે. એ કોમ્પ્યુટર જ કવિતાનું સર્જન કરતું હશે. ભલભલા કાબેલ બેલાડીને ચેસમાં હરાવતું હશે. વપરાશનાં જુદાં જુદાં સાધનોનું સંયોજન સાધતું હશે. કોમ્પ્યુટર ટર્મિનલ શિક્ષણકાર્ય કરતું હશે. આજના યુગને કોમ્પ્યુટર ક્રાંતિના યુગ તરીકે ઓળખવામાં આવે છે અને એ કોમ્પ્યુટર એકવીસમી સદીમાં માનવજીવનના મોટા ભાગનું કાર્ય બજાવતું હશે. સંદેશો મોકલવાનું, અન્ય ભાષામાં તરજુમો કરવાનું, નોકરી કે જીવનસાથીની પસંદગી કરવાનું કામ કોમ્પ્યુટર વ્યવસ્થિત રીતે બજાવતું હશે. સુપર કોમ્પ્યુટર આંખના પલકારામાં અનેક પ્રશ્નોના જવાબ હાજર કરી દેશે. આજથી એકાદ દાયકામાં જ કોમ્પ્યુટરની કામગીરી કેવી હશે એ વિશે ન્યુ યોર્કની પોલિટેકનિક ઇન્સ્ટિટ્યુટના પ્રો. જ્યોર્જ બુગ્લીઆરેલોએ 'સ્પેકટ્રમ' સામયિકમાં કાલ્પનિક ચિત્ર આલેખતાં લખ્યું : 'મેરી નામની સ્ત્રી સવારે થોડી મોડી ઊઠે છે, તબિયત અસ્વસ્થ લાગતાં એ પર્સનલ / કોમ્પ્યુટર પાસે જાય છે. કોમ્પ્યુટર દ્વારા તે તેના ડોકટરને કન્સલ્ટ કરે છે. તુરત ડોકટર તેને કોમ્પ્યુટરના સ્ક્રીન ઉપર જ જવાબ આપે છે, એટલે મેરી તેના ઘરે રાખેલા ટેલિમેટ્રિક સેન્સસેના તારની સાથે પોતાના શરીરને જોડે છે. તેના દ્વારા ડોકટરને તેની ઓફિસમાં બેઠાં-બેઠાં મેરીનું બ્લડપ્રેસર, નાડીના ધબકારા, ટેમ્પરેચર અને બીજી બાબતોની માહિતી મળી જાય છે. કોમ્પ્યુટર આ માહિતીને 'મોડેમ' નામના એક ઇલેકટ્રોનિક સાધન દ્વારા ડોકટરને પહોંચાડે છે. માઇલો દૂર બેઠેલો ડોકટર આ બધો 'ડેટા' વાંચે છે એ પછી ડોકટર પોતાના કોમ્પ્યુટરમાં મેરીનો હેલ્થ રેકોર્ડ જોઈ લે છે. એ પછી એક એકસપર્ટ સિસ્ટમનાં પ્રોગ્રામિંગ પ્રમાણે કોમ્પ્યુટરમાં તે મેરીની તકલીફમાં સંભવિત નિદાનો કરે છે. એમાંથી એક નિદાન કરીને મેરીને માટે દવા લખી આપે છે અને કોમ્પ્યુટર દ્વારા મેરીને કહે છે. એ પછી મેરી તેના મેડિકલ સ્ટોરનું બટન દબાવીને ઘેર બેઠાં જ તેને જોઇતી દવાનો ઓર્ડર આપી દે છે. સ્ટોરવાળો મેરીના બેંકના ખાતાને કોમ્પ્યુટર દ્વારા ચકાસીને મેરીને દવા મોકલી આપે છે. મેરી તેના કોમ્પ્યુટર સાથે ડિસ્પેન્સરીનો પ્લગ જોડી દે છે એટલે ડોકટરના કોમ્પ્યુટરે લખ્યા પ્રમાણે દવાનો ડોઝ આવી જાય છે'

આમ મેરીએ સવારે સાત વાગ્યે ડોકટરનો સંપર્ક સાધ્યો અને ત્રણેક કલાકમાં તો દવાનો પ્રથમ ડોઝ લેવાઇ ગયો. આપણા દેશમાં આટલી પ્રક્રિયા માટે કેટલાય દિવસ જાય. ખુદ અમેરિકામાં આખો દિવસ લાગે અને આવવા-જવાનો તેમજ ચિકિત્સાનો ઘણો સમય વેડફાય, એ કામ કોમ્પ્યુટર ભારે ઝડપથી કરી આપશે. ડાયાબિટિસ, બ્લડપ્રેસર, થાયરોઇડ જેવા રોગોમાં દર્દીને આજે રોજ દવાની અમુક ગોળીઓ લેવી પડે છે. પણ આવતી સદીમાં એવી એક કેપસ્યુલ શોધવામાં આવશે કે જે શરીરમાં નિયમિતપણે જરૂરી ડોઝ આપતી રહેશે.

બહારની દુનિયાની સઘળી માહિતી ટેલિ-ટેકસથી મળી રહેશે. બસ, ટ્રેન કે વિમાનનો સમય, સિનેમાના શોની વિગત કે હવામાનની માહિતી આસાનીથી સાંપડતી રહેશે. આમ સમૂહમાધ્યમો માનવજીવનું અવિભાજ્ય અંગ બની ગયાં હશે. ટેલિવિઝન અખબાર અને ટેલિફોનની સેવા આપશે. ઇલેકટ્રોનિકસનો એટલો બધો વિકાસ થયો હશે કે મોટા ભાગની ટપાલો ઇલેકટ્રોનિકસ દ્વારા મળતી હશે. આજે 'ફ્રોરેન રિટર્ન'નો મહિમા છે, એ સમયે 'મુન રિટર્ન' રસ્તે હાલતાં ચાલતાં મળશે. આર્થર કલાર્ક '૨૦૦૧ થાઉઝન્ડ ટૂ' નામનું પુસ્તક લખ્યું છે. એમાં એણે લખ્યું છે કે ઈ. સ. ૨૦૦૨માં એવાં યંત્રો શોધાયાં હશે કે ચંદ્રયાત્રા માટે બળતણનો કુલ ખર્ચ માત્ર ૮ ડોલર થશે.

આજે મેડિકલ સાયન્સ ખૂબ ઝડપથી પ્રગતિ સાધી રહ્યું છે. માનવીનાં અંગો બદલવાની બાબતમાં એણે ઘણી મોટી સિદ્ધિ મેળવી છે. પોતાના જીર્ણ અંગોને બદલે નવાં અંગો નાખીને માનવી વધુ લાંબું જીવી શકશે. એમ પણ કહેવામાં આવે છે કે થોડા સમયમાં અંગોનાં 'કાળાજ્વર' થશે ! માનવીની પંગુતા આવતી સદીમાં નિવારી શકાશે. કૃત્રિમ હાથ અને પગની મદદથી એ સશકત માનવી જેટલું જ કામ કરી શકશે. બીજી બાજુ 'કૃત્રિમ બુદ્ધિ'નો એટલો બધો વિકાસ થયો હશે કે માણસને બહુ મહેનત કરવાની જરૂર નહીં રહે. આખી કચેરી એના ઘરના નાનકડા ઓરડામાં સમાઇ જશે. માનવી એની પંચેન્દ્રિયનો પૂરેપૂરો ઉપયોગ કરે છે, પણ એનામાં એક છઠ્ઠી શકિત છે જેને E. S. P. કહે છે, આ શકિતને બળે યુરીગેલર માત્ર પોતાની આંખોની દૃષ્ટિ નોંધીને સળિયો વાળી શકે છે. અવકાશયાત્રી એડગરમિશલે આવકાશમાં રહીને ટેલિપથીનો પ્રયોગ કર્યો. બીજાના રોગોને માત્ર સ્પર્શથી મટાડવાની હીલિંગની પ્રક્રિયા આજે જાણીતી છે. અત્યારે માનવીની આ છૂપી 'છઠ્ઠી ઇન્દ્રિય'ની શકિત વિશે સંશોધનો ચાલી રહ્યાં છે. આવતી કાલે માણસ નહીં, પણ યંત્રોય આ છઠ્ઠી ઇન્દ્રિય શકિતનો ઉપયોગ કરતાં હશે.

માનવીના જીવનમાં જન્મ, લગ્ન અને મૃત્યુ એ ત્રણ સૌથી મહત્ત્વની ઘટના મનાય છે. પરંતુ એ ત્રણેમાં આવતી સદીમાં ઊથલપાથલ કરનારું પરિવર્તન આવશે. કૃત્રિમ વીર્યદાનને કારણે નરમાદાના સંયોગની અનિવાર્યતાનો છેદ ઊડી જશે. ઇચ્છિત પ્રકારની સંતતિની પ્રાપ્તિ માટે વીર્યબેંકમાં તેજસ્વી કે પ્રતિભાવંત પુરુષોના વીર્યની મોટી માંગ રહેશે. માતાના ઉદરમાં નહીં, પણ પ્રયોગશાળાની કસનળીમાં ટેસ્ટ ટયૂબ બાળક ઉછરતું હશે અથવા તો કોઇ અન્ય સ્ત્રીના ઉદરમાં એનો વિકાસ થતો હશે. ટેસ્ટ ટયૂબ બાળક આવતાં જ માતૃત્વ અને વંધ્યત્વના ખ્યાલોમાં આજે જ કેટલું બધું પરિવર્તન આવી ગયું છે! એવી જ રીતે કોમ્પ્યુટર લગ્નનો ગોર બનશે. જ્યારે કૃત્રિમ અંગોને કારણે કોઇ માનવી પાંગળો કે અશકત નહિ થાય. એ પોતાનાં અંગોને આસાનાથી બદલી શકશે. આ રીતે માનવજીવનમાં સમૂળગું પરિવર્તન આવ્યું હશે.

વ્યકિતની જ્ઞાનોપાર્જનની પદ્ધતિમાં સમૂળી ક્રાંતિ થઇ ગઇ હશે. નાની કેટલોગ ટૈમાં હજારો ગ્રંથોની વિગતો સમાયેલી હશે પ્રકાશક પુસ્તક પ્રગટ કરવાને બદલે કોમ્પ્યુટરને સોંપીને માઇક્રોપ્રકાશનના માધ્યમથી તરત જ ઘેર બેઠાં પુસ્તકો પહોંચાડશે વિશાળ પુસ્તકાલયો કે બ્લડબેન્ક નકામાં બની જશે, કારણ કે એક નાનકડા ખંડમાં આખું પુસ્તકાલય આવી જશે

અને સિન્થેટિક બ્લડની શોધ થતાં લોહીને સંધરી રાખવાની જરૂર નહીં રહે. વ્યકિતનું આયુષ્ય એટલું બધું વધી ગયું હશે કે સાઠ વર્ષની વ્યકિતને વૃદ્ધ કે ડોસો કહેશો તો તમારું આવી બનશે ! પરંતુ આ ટેકનોલોજીના વિકાસની બીજી બાજુ પણ છે.

વિખ્યાત ચિંતક સુમાકાર કહે છે કે, 'ટેકનોલોજીના મદમાં માણસ પૂરપાટ આગળ જતો રહ્યો છે અને ટેકનોલોજીનાં પરિણામ શું આવે એની એ પરવા કરતો નથી'. પેટ્રોલિયમ થોડા વખતમાં ખલાસ થઇ જશે, પછી શું ? ખાણોમાંથી કોલસો ખૂટી જશે પછી શું ? પેટ્રોલ, પ્રદુષણ અને ખનીજોની અછત એ માનવજાતની મહાસમસ્યા છે.

એકવીસમી સદીમાં ઘણા વૈજ્ઞાનિકોની માન્યતા પ્રમાણે લીકવીડ હાઇડ્રોજન (LH_2)નો વપરાશ મુખ્ય બળતણ તરીકે થતો હશે. વિમાનો સહિત મોટા ભાગનાં વાહનો આ લીકવીડ હાઇડ્રોજનથી ચાલતાં હશે એ સાચું છે કે લીકવીડ હાઇડ્રોજનને ખૂબ સંભાળપૂર્વક સંધરવો પડે છે અને એને ભરવા માટે ઘણી મોટી ટેન્ક જોઇએ છે. પરંતુ આ લીકવીડ હાઇડ્રોજન શુદ્ધ સ્વરૂપમાં મળે છે અને એથીય વધુ તો એ પ્રદૂષણમુકત હોય છે.

માનવીએ વૃક્ષોનો એટલો બધો નાશ કર્યો છે કે વિશ્વનો પ્રત્યેક માનવી રોજ એક વૃક્ષ વાવે તો જ તે સરભર થઇ શકે. આજે જે રીતે રહ્યાં-સહ્યાં વૃક્ષોનો નાશ થયો છે તે જોતાં એકવીસમી સદીમાં વરસાદ વરસશે પણ એમાં પાણીના બદલે કારખાનાઓમાંથી નીકળતા કેમિકલ્સને પરિણામે એસિડ-વર્ષા થશે. દુનિયાની સંપત્તિના એંશી ટકા દુનિયાના છ ટકા લોકો વાપરે છે. બાકીના ચોરાણું ટકા માણસોને ભાગે દુનિયાની વીસ ટકા સંપત્તિ જ આવે છે. આ આર્થિક અસમાનતા જગતના અનેક દેશોમાં ગરીબી અને ભૂખમરાના રૂપે જોવા મળે છે.

અમેરિકાના પ્રમુખ આઇઝન હોવરે 'કલીનબોંબ'ની હિમાયત કરી. આ કલીનબોંબ માણસને અપંગ કે રોગગ્રસ્ત બનાવે નહીં, પણ એને સોએ સો ટકા મારી નાખે, એનું આખુ અસ્તિત્વ જ કલીન – સાફ ને સફાચટ કરી નાખે. આ પછી લેસર કિરણોના ઉપયોગથી 'સ્માર્ટબોંબ' શોધાયો. હવે નપામ બોંબ શોધ્યો છે, જેમાં ભીંત, ખુરશી, દીવાલો બધું જ રહે, માત્ર એની વચ્ચે કોઈ જીવંત ચેતના ન રહે. અણુભઠ્ઠીના અકસ્માતોએ સાવ જુદો જ ભરમાસૂર ખડો કર્યો છે.

આજે ૫૦,૦૦૦ જેટલાં આણ્વિક શસ્ત્રો માનવસંહાર માટે હાજરાહજૂર છે. એક અમેરિકન વિચારકે કહ્યું કે જો હવે અણુયુદ્ધ ફાટી નીકળે તો દુનિયાની મોટાભાની વસ્તીનો નાશ એક પ્રગાઢ ચુંબન જેટલો સમય લે તેટલા સમયમાં થઇ જાય. આ દુનિયાનો દોઢસો વખત સંહાર કરી શકે એટલાં સંહાર સાધનો માણસે તૈયાર કર્યાં છે, તેથી જ હવે જગતમાં યુદ્ધ અને શાંતિ એવા બે સમયગાળા આવતા નથી પણ યુદ્ધનો કાળ અને યુદ્ધની તૈયારીનો કાળ એવા બે સમયગાળા હોય છે

છેલ્લાં ૩૦૦૦ વર્ષમાં ૧૫૦૦૦ જેટલાં યુદ્ધો ખેલાયાં છે. બધાં જ પ્રાણીઓમાં પોતાના જાતભાઇઓનો સૌથી વધુ નાશ કરવાનું 'ગૌરવ' મનુષ્યજાતિ ધરાવે છે હવે જો યુદ્ધ થાય તો અણુશસ્ત્રોને પરિણામે આ પૃથ્વી પર 'ન્યુકલીયર વિન્ટર' સર્જાશે અને એવો શીતયુગ વ્યાપી જાય કે આજનો આપણો એક નહીં, પણ આવા એકસો સૂર્ય પણ એની ઠંડીને ફેડી શકશે નહીં.

આ પરિસ્થિતિમાં મેકિસમ ગોર્કીના જીવનની એક ઘટના યાદ આવે છે. રશિયાનાં ગામડાઓમાં જઇને ગોર્કી વિજ્ઞાનની સિદ્ધિઓ વિશે વાત કરતો હતો, એ કહેતો કે વિજ્ઞાનને પરિણામે માનવી આકાશમાં ઊંડી શકે છે, દરિયાના તળિયે ખાંખાખોળા કરી શકે છે. મોટું ખેતર એ પળવારમાં ખેડી શકે છે. એક નાનકડા ગામમાં મેકિસમ ગોર્કી વિજ્ઞાનની અદ્‌ભુત સિદ્ધિ વિશે પ્રવચન આપતો હતો, ત્યારે એક વૃદ્ધ પુરુષે પૂછ્યું:

'તમે માનવીને આકાશમાં ઊડતા અને દરિયાના તળિયે પહોંચતા કેમ આવડયું તે બતાવ્યું. પણ આપણને આ દુનિયામાં ધરતી પર કેમ રહેવું એ આવડતું નથી તેનું શું ?'

વૃદ્ધનો પ્રશ્ન સાચો અને માર્મિક હતો ધરતી પર માનવીને કેમ રહેવું તે શીખવવું એ જ પ્રત્યેક ધર્મનું હાર્દ છે. આથી જ धार्यते इति धर्म : અર્થાત્ જેનાથી આપણે સારી રીતે જીવન જીવી શકીએ તે ધર્મ.

આજે તો માનવીએ વિનાશક અણુશસ્ત્રો સર્જીને ભસ્માસૂરને જગાડયો છે, જે ભસ્માસૂર ખુદ માનવજાતિને જ સ્વાહા કરી જાય તેવો છે, સ્ટાસ્વોર્સ જગતને ઘેરીને બેઠી છે. આવતી કાલે ટેંક રોકેટ કે બોંબ નકામાં બની જશે. ઝેરી વાયુ કે માનસ-પ્રભાવ કરતાં યુધ્ધો ખેલાશે. શસ્ત્રોનાં રૂપ બદલાય છે, પણ માનવીની હિંસકવૃત્તિમાં તો વધુ ને વધુ ઘી હોમાય છે, આથી જ માનવજાત આજે બુદ્ધ, મહાવીર, પ્રભુ કે ગાંધી તરફ આશાભરી મીટ માંડીને બેઠી .

આવે સમયે પ્રસિદ્ધ ફ્રેંચ નવલકથાકાર વિકટરહ્યુગોના શબ્દો યાદ આવે છે 'વિશ્વનાં તમામ લશ્કરો કરતાં એક વસ્તુ બળવાન છે અને તે છે સવેળાનો વિચાર'

અહીં એ વિચાર કરીએ કે જૈનદર્શનનાં કયાં તત્ત્વો આ ભૂલી-ભટકી, મૂંઝાયેલી અકળાયેલી અને હિજરાયેલી યાતનાગ્રસ્ત માનવજાતને માટે આવતી સદીમાં દિશાસૂચક બની રહે તેમ છે. આને માટે સર્વ પ્રથમ વિચાર કરીએ જૈનધર્મના મૂળ સિદ્ધાંત જેવા અપરિગ્રહનો, 'સૂત્રકૃતાંગ' નામના જૈન આગમના પ્રથમ અધ્યયનમાં અપરિગ્રહની વાત કરવામાં આવી છે, પરિગ્રહને કારણે જ પાપ થાય છે, હિંસા થાય છે, ભ્રમ અને અસત્યનો આશરો લેવાય છે. પરિગ્રહની લાલસાએ માનવીને દાનવી બનાવ્યો છે. એનામાં નિરંતર ભોગવૈભવની લાલસાનું તાંડવ રચ્યું છે. આથી વર્તમાન સમયના ચિંતકો ભારે વિષાદ સાથે એટલું જ કહે છે–

'The less I have, the more I am.' વળી જૈનદર્શન કોઈ વસ્તુની પ્રાપ્તિ કે સંગ્રહ એને જ પરિગ્રહ કહેતું નથી. કોઇપણ વસ્તુ માટેની મૂર્છા અને આસકિત એને પરિગ્રહ ગણે છે. આજે આપણે જોઇએ છીએ કે ધનની આસકિતએ માનવીને કેવો બોદો અને મૂલ્યહીન બનાવી દીધો છે. સત્તાની આસકિત આંધળી – સંહારક દોડમાં પરિણમી છે. વર્તમાન જગતની અસીમ યાતનાઓનું મુખ્ય કારણ માનવીની વકરેલી બહેકેલી અને વણસેલી

પરિગ્રહવૃત્તિ છે; પરંતુ હકીકતમાં પરિગ્રહ જ એના દુઃખનું અને બંધનનું કારણ બને છે, એ માનવીને બાહ્ય વસ્તુઓનો ગુલામ બનાવે છે. પ્રસિદ્ધ ચિંતક એમર્સને કહ્યું કે વસ્તુઓ માનવમતની પીઠ પર સવાર થઇને બેસી ગઇ છે.' આવે વખતે જૈનદર્શન કહે છે કે જેટલો પરિગ્રહ ઓછો, એટલું ઓછું પાપ થાય. ભગવાન મહાવીરે કહ્યું 'જેમ ભમરો પુષ્પ-માંથી રસ ચૂસશે, પરંતુ પુષ્પનો નાશ કરતો નથી એ જ રીતે શ્રેયાર્થી મનુષ્ય પોતાની વ્યવહારિક પ્રવૃત્તિમાં બીજાને ઓછામાં ઓછો કલેશ કે પીડા આપશે.' આવતા યુગમાં દુઃખી માનવી કે સંતૃપ્ત જગતને આ અપરિગ્રહનો દૃષ્ટિકોણ નવો અભિગમ આપશે. આ જ અપરિગ્રહના વિચારનો ગાંધીજીએ નવા સંદર્ભમાં ઉપયોગ કર્યો. એમણે ટ્રસ્ટીશિપના સિદ્ધાંતની વાત કરીને કહ્યું કે તમારી પાસે જે કાંઇ 'વધારાનું' છે તે બીજાનું છે. તમારું કાર્ય તો માત્ર એને જતનભેર જાળવવાનું છે. તમારી જરૂરિયાતોનું તમે રક્ષણ કરો એનાથી યે વધુ ચીવટ અને સંભાળ આ 'વિશેષ'નું જતન કરવામાં લેવાની છે. જે કુનેહથી તમે વધારાનું મેળવ્યું છે તેનાથી પણ વધુ કુનેહથી તમારે એ વહેંચવાનું છે.

જીવનના વ્યવહારમાં માર્ગાનુસારીના પ્રથમ નિયમ 'ન્યાય-સંપન્ન વિભવઃ'ના પાયા પરથી અપરિગ્રહના આદર્શ તરફ મીટ માંડી શકાય. આવતીકાલના પરિગ્રહની મૂર્છામાં ડૂબેલા જગતને અને એમાં રચ્યાપચ્યા રહેનારા માનવીને અપરિગ્રહનો નવો સંદર્ભ, નવી આશા અને નવી સમાનતા તરફ દોરી જાય ખરો.

જૈનધર્મનાં પાંચ મહાવ્રતમાં સહુથી પહેલું મહાવ્રત છે અહિંસા. આજે જગત હિંસાના શિખરે બેઠું છે, ત્યારે આ અહિંસાના સિદ્ધાંતની અગાઉ કદી નહોતી તેટલી પ્રતિષ્ઠા કરવી જરૂરી છે. વ્યક્તિના અંગત જીવનથી માંડી વિશ્વના વ્યાપક ફલક પર એક યા બીજા રૂપે હિંસા વધતી જાય છે. કારમા ભૂખમરાથી ઘેરાયેલી માનવજાતના કરમાંથી દર છ રૂપિયે એક રૂપિયો ખર્ચાય છે. લશ્કર પાછળ અને તેના બદલામાં મળે છે ભય, આતંક અને અસલામતી પ્રજાના કર-વેરામાંથી જંગી શસ્ત્રસામગ્રી ઊભી કરનારી સત્તાઓને હવે એ શસ્ત્રસામગ્રીના નાશ માટે કરારો કરવા પડે છે. આજે રાષ્ટ્રો વાતો કરે છે શાંતિની ઝંખનાની અને તૈયારી કરે છે યુદ્ધની. અહિંસા એ કોઇ બાહ્યાચાર નથી, બલકે સમગ્ર માનવને ઘાટ આપતી જીવનશૈલી છે જૈનધર્મના સૌથી પ્રાચીનગ્રંથ 'આચારાંગસૂત્ર'માં કહેવાયું છે કે 'કોઇપણ પ્રાણી જીવ કે સત્ત્વની હિંસા ન કરવી એ શુદ્ધ, નિત્ય અને શાશ્વત ધર્મ છે.' આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યાયમાં હિંસાનાં કારણો અને સાધનોનો વિવેક બતાવ્યો છે, ભગવાન મહાવીરની અહિંસા વિચારણાનો અર્ક એમની આ વાણીમાં મળે છે.

જેને તું હણવા માગે છે તે તું જ છે, જેના પર તું શાસન કરવા માગે છે તે તું જ છે, જેને તું પરિતાપ ઉપજાવવા માગે છે, તે તું જ છે. જેને તું મારી નાખવા માગે છે તે પણ તું જ છે. આમ જાણી, સમજુ માણસ કોઇને હણતો નથી, કોઇના પર શાસન ચલાવતો નથી કે કોઇને પરિતાપ આપતો નથી'

અહિંસા એ જૈનધર્મનો પાયો છે. જૈનધર્મે એને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે તેમ જ એને અંગે સૂક્ષ્મ વિચારણા કરી છે, બધા જીવોની સમાનતાના સિદ્ધાંત-માંથી અહિંસાનો આવિષ્કાર થયો છે. સર્વ જીવ જીવવા ઇચ્છે છે. કોઇને મરવું ગમતું નથી. સહુ સુખ ઇચ્છે છે; કોઇ દુઃખ ઇચ્છતું નથી. હિંસા અને કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે, આથી જૈનધર્મમાં હિંસા અને અહિંસા એ કર્તાના ભાવ પર આધારિત છે. જ્યાં પ્રમાદ છે ત્યાં નિત્ય હિંસા હોય છે. અસત્યવાણી અને વર્તન એ હિંસા છે. બીજાને આઘાત આપવો કે ભ્રષ્ટાચાર કરવો એ પણ હિંસા છે.

પહેલાં વિચારમાં હિંસા આવે છે અને પછી વાણી અને વર્તનમાં હિંસા આવે છે. આથી જ કહેવાયું છે :

'War is born in the hearts of men' આચાર્ય ઉમાસ્વાતિએ કહ્યું છે **'परस्परोपग्रहो जीवानाम्'** અર્થાત્ જીવોનું જીવન એકબીજાના સહકારથી ચાલી શકે. મહાવીરની અહિંસા એ માત્ર મનુષ્ય પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ પ્રાણીમાત્રને આવરી લે છે. જીવનની એકતા- (unity of life)માં માને છે સર્વ જીવને એ સમાન ગણે છે અને એના પ્રત્યે સમાન આદર રાખે છે. જે પ્રાણી પ્રત્યે ઘાતકી થાય, તે માનવ પ્રત્યે પણ ઘાતકી થઇ શકે. કરતા એ માત્ર બાહ્ય આચરણ નથી પરંતુ આંતરિક દુર્વૃત્તિ છે જેના હૃદયમાં ઘાતકી હશે, તે પ્રાણી હોય કે મનુષ્ય-સહુ પ્રત્યે ઘાતકી વર્તન કરશે. માનવી એટલો ઘાતકી બન્યો છે કે પોતાની નવી બંદૂક બરાબર ચાલે છે કે નહીં તે જોવા થોડાક લોકોને ગોળીથી ઠૂંકી દેતાં એનું રુંવાડું યે ફરકતું નથી. બે-પગા થવા છતાં ચોપગાની હિંસા માનવીમાંથી ગઇ નથી. જમાનો છે પશુબળનો. We kill for the sake of Killig'. અમેરિકામાં એક ઘરમાં પિતાએ પુત્રને સહેજ ઠપકો આપ્યો, ને પુત્રે જવાબ આપ્યો, 'I will shoot you.' આમ માનવીના જીવનમાં, એના આહારમાં તેમજ અખબાર, ચલચિત્ર કે ટેલિવિઝન જેવાં સમૂહ માધ્યમોથી, હિંસાવૃત્તિને ઉશ્કેરતાં પુસ્તકોથી એનું દિમાગ હિંસાથી ખદબદે-ખળભળે છે. ત્યારે આ અહિંસાની ભાવના પથદર્શક બનશે, જેના હૃદયમાં કરુણા હશે એ બધાં પ્રાણી પ્રત્યે કરુણાભર્યું વર્તન કરશે, અહિંસાનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે —

तुंगं न मंदराओ, आगासाओ किसामयं नत्थि ।
जह तह जयंमि जाणसु, धम्ममहिंसासमं नत्थि ॥

(મેરુ પર્વતથી ઊંચું અને આકાશથી વિશાળ જગતમાં કશું નથી, તેવી જ રીતે અહિંસા સમાન જગતમાં બીજો કોઇ ધર્મ નથી.)

મહાવીરની અહિંસાની કૂંચી અઢી હજાર વર્ષ પછી મહાત્મા ગાંધીને મળી અને એમણે એની તાકાત બતાવી આપી ૧૯૪૬ના ઓગસ્ટ મહિનામાં શસ્ત્રધારી ઉશ્કેરાયેલાં ટોળાં સામે નિઃશસ્ત્ર ગાંધી ઊભા રહ્યા અને ટોળાંને આ અનુકંપાની અડગ શિલા સામે નમવું પડ્યું. આ સમયે લોર્ડ માઉન્ટબેટને કહ્યું :

'જે કામ આપણે આખી બ્રિગેડિયર મોકલીને ન કરી શકયા હોત તે કામ આ માણસે એકલાએ કર્યું છે, અને હિન્દુસ્તાનની પૂર્વ પાંખને ભડકે બળતી બચાવી છે.' અહીં સ્વ. એસ. આર. ભટ્ટના એક વાક્યનું સ્મરણ થાય છે 'અઢી

હજાર વર્ષ પહેલાં વિચારવામાં આવેલો વિચાર જે આસમાનમાં ચૂંજતો હશે તે ગાંધીમાં ઊગ્યો : 'અહિંસાનો વિચાર.' 'As if there was an Invisible traffic between Mahavira and Gandhi.'

અહિંસાના આ સૂત્રને વ્યક્તિગત જીવનમાં આવતી સદીના માનવીએ ઉતારવાનું રહેશે. જૈનદર્શન એ અખંડિતતાનો, સમગ્રના (to tality)નો આગ્રહ સેવે છે. ખંડિત નહીં પણ અખંડિત આચરણ અને ભાવનાનો ધર્મ છે. અને તેથી ઘરનો માનવી અને દુકાનનો માનવી બંને એક હોવા જોઇએ. આજે દેશાસરનો માનવી દુનિયાદારીમાં જતાં પલટાઇ જાય છે. એ બે વચ્ચે આજે ભેદ પડી ગયો છે ત્યારે અહિંસાની ભાવના વ્યક્તિના સમગ્ર જીવનમાં પ્રગટવી જોઇએ તે આવશ્યક છે એ કીડી-મંકોડાને બચાવે પણ માણસનું શોષણ કરે તે ન ચાલે. એ કુટુંબમાં વહાલસોયું વર્તન કરતો હોય અને વ્યવહારમાં કઠોર હોય તે ન ચાલે એક સ્ત્રી ઘરમાં સમર્પણશીલ માતા હોય અને બહાર વસ્તુઓની લાલસા રાખતી નારી હોય તે ન ચાલે. અહિંસાની ભાવના માત્ર રસોડામાં, ભક્ષ્ય-અભક્ષ્યના વિચાર આગળ જ અટકી જવી જોઇએ નહીં, બલ્કે એ પ્રેમ અને અનુકંપાની સક્રિયતા સાથે જીવનમાં પાંગરવી જોઇએ. અહિંસાની આવી સક્રિયતાને ભગવાન મહાવીર, ચંડકૌશિક જેવા વિના કારણે દંશ દેનારા ક્રોધી સર્પ સુધી લઇ ગયા હતા અને છતાંય એની સાથેના વર્તનમાં એમનું વિશ્વવાત્સલ્ય લગીરે ઓછું થયું નહોતું.

પરિગ્રહનો સીધો સંબંધ છે હિંસા સાથે, અને તેથી આવતી કાલના સમાજને માટે શોષણ અને ભ્રષ્ટાચાર એ પણ હિંસાનું જ એક રૂપ બનશે. ગરીબ, નબળા દલિત, લાચાર કે શોષિતનો ખોટો લાભ લેવો તે માત્ર સામાજિક અન્યાય જ નથી, બલ્કે એ હિંસા અને ઘાતકીપણું પણ છે. આ જ અહિંસા અન્ય મત, ધર્મ કે દર્શન સાથેના સહઅસ્તિત્વનું સૂચન કરે છે. આથી જ મુનિ સંતબાલજીએ કહ્યું, 'માનવસમાજને આહિંસક સંસ્કૃતિની અને સહ-અસ્તિત્વની ભેટ આપનાર જૈનધર્મ છે' આજના યુગને અને આવતી કાલના વિશ્વને આવી ભાવનાઓની વિશેષ જરૂર છે. જોનાથન સ્વિફ્ટે એક સ્થળે લખ્યું છે—'We have just enough religion to make us hate but not enough to make us love one another.' આ ભાવનાઓનાં અંજન આંખમાં આંજીને જ આપણે ધર્મઝનૂન, ધર્માંધતાને ઓળંગીને 'Religious fellowship' સુધી પહોંચી શકીએ. આજે જગતમાં આતંકવાદ અનેકવિધ સ્વરૂપે ફેલાયેલો છે ત્યારે આ અહિંસા દ્વારા માનવજાતને ઉગારી શકાય. આ અહિંસામાંથી સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ફોરે છે. એનો મૂળ પાયો મહાવીરે અપરિગ્રહમાં દર્શાવ્યો છે તે ભૂલવું ન જોઇએ.

અહિંસાના આચારની દૃષ્ટિમાંથી જૈનધર્મની આહાર સંબંધી ઊંડી વિચારણા પ્રગટે છે. આહારનો સંબંધ મન સાથે છે. જેવું અન્ન તેવું મન; એથી જ આહાર અંગેની જાગૃતિ રાખવાનું કહ્યું છે. એણે ઉપવાસ અને મિતાહારનો મહિમા કહ્યો છે. આજે ઉપવાસનું મહત્ત્વ સ્વાસ્થ્ય અને આરોગ્યના ક્ષેત્રમાં એટલું જ સ્વીકારાયું છે. નિસર્ગોપચાર એના પહેલા પગથિયા તરીકે ઉપવાસનું મહત્ત્વ દર્શાવે છે. આયુર્વેદના ગ્રંથોમાં પણ એની એટલી જ મહત્તા દર્શાવવામાં આવી છે જૈન સમાજમાં લાંબા સમયના ઉપવાસ પ્રચલિત છે. પશ્ચિમના દેશોમાં પણ ૯૦-૯૦ દિવસના ઉપવાસ કરાવીને દર્દીઓને રોગમુક્ત કરાયાના દાખલા નોંધાયા છે. ડૉ. ફ્રેરિંગ્ટન કહે છે, 'ઉપવાસથી હૃદયને ખૂબ જ શક્તિ મળે છે, હૃદયને મજબૂત અને સશક્ત બનાવવા માટે ઉપવાસ સૌથી સારો માર્ગ છે કારણ કે એનાથી એક બાજુ હૃદયને વધુ આરામ મળે છે અને ઝેરી દવા વગર લોહી વધુ શુદ્ધ થાય છે.' આ તો થયું ઉપવાસના શારીરિક અસરનું પરંતુ એની સાથે જેમ વર્ષોથી શરીરમાં સંચિત કરેલી અશુદ્ધિઓ દૂર થાય છે, એ જ રીતે હૃદયમાં જાગતી દુષ્પ્રવૃત્તિઓ પણ ઓછી થાય છે. આવી જ રીતે જૈનધર્મમાં શાકાહારનો મહિમા ખૂબ વર્ણવવામાં આવ્યો છે. આજે વિદેશમાં ફેલાયેલ વિદેશી ચિત્રકારો, અદાકારો, શાકાહાર અપનાવે છે અને એ જ શાકાહાર જૈનધર્મની આહાર વિચારણાનો પાયો છે. આજે હાર્ટએટેક અને બ્લડપ્રેશર જેવા રોગોનું પ્રમાણ વધ્યું છે ત્યારે આયંબિલ ખૂબ ઉપયોગી બને. આ આહારશાસ્ત્રને આજની વૈજ્ઞાનિક દૃષ્ટિએ આલેખવાની જરૂર છે. એ સમયની સમગ્ર વિચારણા અનુભવ પર આધારિત હતી. આજનું વિજ્ઞાન પ્રયોગ પર આધારિત છે. જે પ્રયોગ તમે કરો તે હું કરું જ્યારે અનુભવમાં તો જે અનુભવ તમે પ્રાપ્ત કરો તે બીજાને ન પણ થાય. આજના સમયમાં અમેરિકામાં ડૉક્ટરો સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવાની વાત દર્દીની સૂચનાઓમાં લખે છે. આ વાત વર્ષો પહેલાંના શાસ્ત્રમાં લખેલી છે. એમાં પરમાણુની ગતિનો વિચાર થયેલો છે. ભાષાની ઉત્પત્તિનો વિચાર થયેલો છે તેમ જ રેડિયો નહોતો છતાં એક જ સમયમાં અનેક લોકો સુધી વાણી પહોંચાડવાની વાત થઇ છે. એની ધ્યાનની પ્રણાલી આવતી કાલના માનવીના તન અને મનના રોગોને દૂર કરી શકે તેવી છે. 'પ્રેક્ષાધ્યાન'ના પ્રયોગો આનું જીવંત ઉદાહરણ છે. મનની શક્તિ માટે પચ્ચખાણ, ધ્યાનની ઉચ્ચ ભૂમિકા માટે કાઉસગ્ગ, આંતરદોષોની ઓળખ માટે પ્રતિક્રમણ, આંતરશુદ્ધિ માટે પર્યુષણ વીરતાની ભાવના માટે ક્ષમા જેવી ભાવનાઓ અપનાવવાથી જ આવતી કાલે આપણે ધબકતો માનવી મેળવી શકીશું પ્રસિદ્ધ અમેરિકન ચિંતક હેનરી થોરોએ એક માણસનો હાથ પકડ્યો અને એની આંખમાંથી આંસુ સરવા લાગ્યાં! કારણ કે એ હાથ એને લાકડાના ટુકડા જેવો જડ અને નિશ્ચેતન લાગ્યો. માનવીને ઊર્ધ્વગામી અને ચેતનવંતો બનાવવા માટે જૈનધર્મ દાન શીલ, તપ અને ભાવની ચાર ભાવનાઓનો ઉદ્ઘોષ કરે છે. એક સૂત્ર મળે છે : 'માણુસં ખુ સુ દુલ્લહં' 'હે મનુષ્ય, મનુષ્ય થવું કઠિન છે.' મનુષ્ય જન્મતો નથી, પણ ભીતરમાંથી મનુષ્યને જગાડવાનો છે. બાળકના જન્મ પછી થતો આ બીજો જન્મ તે મનુષ્યજન્મ

અમેરિકાના રંગભેદવિરોધી નેતા માર્ટિન લ્યુથર કિંગે એક સ્વપ્ન સેવ્યું. એમણે એક એવા જગતની કલ્પના કરી કે જ્યાં માનવીની પહેચાન ચામડીના રંગથી નહિ પણ ચારિત્ર્યના મૂલ્યથી થતી હોય. 'Not by the colour of the skin, but by the content of his character.' જૈનધર્મમાં વર્ણનો વિરોધ છે જાતિનો વિરોધ છે. જન્મ નહીં પણ કર્મથી માણસની ઓળખ મેળવવામાં આવે છે. ૐકારના જાપથી બ્રાહ્મણ જંગલમાં

રહેવાથી મુનિ કે શિરમુંડનથી શ્રમણ કહેવાય નહીં. જૈનધર્મે કહ્યું કે બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને સમતાથી શ્રમણ થવાય. એના નમસ્કારમંત્રમાં કોઈ વ્યક્તિને પ્રણામ નથી પરંતુ તીર્થંકર, સિદ્ધ, આચાર્ય જેવા ગુણોના ધારકને પ્રણામ છે. ખુદ ભગવાન મહાવીરે એમ કહ્યું,

'મારે શરણે નહીં પણ ધર્મના શરણે આવવાથી મુક્તિ મળશે.'' આજે દુનિયા પ્રદૂષણથી ઘેરાઈ છે. વૃક્ષોનાં નાશે માનવીને દુષ્કાળનો શાપ આપ્યો છે. પ્રાણીઓની અમુક જાતો નષ્ટ થઈ ગઈ છે ત્યારે જૈનધર્મની જયણાને સંભારવા જેવી છે. જૈન શ્રાવકો તિથિએ લીલોતરી ખાતા નથી. જૈન-સાધુના આચારમાં પર્યાવરણની કેટલી બધી ઝેવના જોવા મળે છે !

જૈનદર્શનમાં સત્યની અનોખી પ્રતિષ્ઠા છે. એના બીજા મહાવ્રતરૂપે સત્યનું સ્થાન છે. 'પ્રશ્ન વ્યાકરણ'માં 'સત્ય એ જ ભગવાન છે' એમ કહેવામાં આવ્યું છે, જ્યારે 'આચારાંગ સૂત્ર'માં કહ્યું છેઃ 'સત્યની આજ્ઞા પર ઊભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે.' આ સત્યનો અનુભવ માનવીના અંતરમાં થતો હોય છે. મહાવીરનું જીવન જ સ્વયં સાધનાથી પ્રાપ્ત થયેલા અનુભવ પર આધારિત છે આથી જ તેઓ કહે છે કે હું પૂર્ણજ્ઞાની છું અને તે તમે સ્વીકારો તેમ નહિ પણ દરેક જીવ સાચી સાધના કરે તો એ પદને પ્રાપ્ત કરી શકે છે એવો એમનો ઉપદેશ છે. ખુદ ભગવાન મહાવીરે પણ ૨૭ ભવની સાધના અને એ પછી સાડાબાર વર્ષની તપશ્ચર્યા બાદ તીર્થંકર પદની પ્રાપ્તિ કરી હતી.

આવી સત્યપાલનની જાગૃતિ જેના મનમાં હોય તેની શું વાત કરવી? સત્ય બોલનારને અગ્નિ સળગાવી શકતો નથી કે પાણી ડૂબાડી શકતું નથી. જૈનદર્શને સત્યની વ્યાપક વિચારણા કરી છે. 'હું કહું છું તે જ સત્ય' એવા આગ્રહ, દુરાગ્રહ કે પૂર્વગ્રહમાં વિચારની હિંસા સમાયેલી છે. જ્યારે બીજાના કથનમાં પણ સત્યનો અંશ હોઈ શકે તેવી ઉદાર દ્રષ્ટિ તે અનેકાંત, કારણ કે સત્ય સાપેક્ષ છે. તમારી નજરનું સત્ય અને તેના પરની તમારી શ્રદ્ધા તેમજ બીજાની નજરનું સત્ય અને તેના તરફની તેની વિચારણા. આમ જીવનની સર્વ દ્રષ્ટિ ને અનેકાંતમાં સમતા છે, સહિષ્ણુતા છે, સમન્વય છે અને સહ-અસ્તિત્વની ભાવના છે. સત્યશોધ માટેના અવિરત પ્રયાસની આ એક સાચી પદ્ધતિ છે. બધી વસ્તુને સાપેક્ષભાવે વિચારવી અને દરેક સ્થિતિમાં રહેલા સત્યના અંશને જોવો એનું નામ અનેકાંત છે. 'મારું જ સાચું' એમ નહિ પરંતુ 'સાચું તે મારું' એવી ભાવના પ્રગટ થઈ. ભગવાન મહાવીરના જીવનમાં 'સાચું તે મારું' બતાવતા અનેક પ્રસંગો મળે છે. એમણે એમના પટધર જ્ઞાની ગૌતમને આનંદ શ્રાવકની ક્ષમા માગવા કહ્યું હતું. ભગવાન મહાવીરના સમયે અનેક વિવાદો ચાલતા હતા. દરેક પોતાની વાત સાચી ઠેરવવા માટે બીજાના વિચારનું ખંડન કરે, બીજાના વિચારના ખંડનને બદલે મંડનની ભાવના ભગવાને બતાવી. એમણે કહ્યું,

'તમારી એકાન્તી બનેલી દ્રષ્ટિને અનેકાન્તી બનાવો. એમ કરશો તો જ તમારી દ્રષ્ટિને ઢાંકી દેતો 'સર્વથા' શબ્દનો બનેલો કદાગ્રહરૂપી પડદો હઠી જશે અને પછી તરત જ તમને શુદ્ધ સત્યનું સ્પષ્ટ અને સુરેખ દર્શન થશે.'

આમ ભગવાન મહાવીરે મત, વાદ વિચારસરણી અને માન્યતાઓના માનવીના હૃદયમાં ચાલતા વિવાદયુદ્ધને ખાળવાનો પ્રયાસ કર્યો. આને માટે એમણે સાત આંધળા હાથીને જે રીતે જુએ છે તેનું દ્રષ્ટાંત આપ્યું. આ અનેકાન્તવાદથી માનવી બીજાની દ્રષ્ટિએ વિચારતો થઈ જશે અને આમ થાય તો જગતનાં અર્ધા દુઃખો ઓછાં થઈ જાય. અનેકાન્ત સમન્વય અને વિરોધ પરિહારનો માર્ગ બતાવે છે. વિનોબાજી કહે છે કે અનેકાન્ત દ્રષ્ટિ એ મહાવીરની જગતને વિશિષ્ટ દેન છે.

આઇન્સ્ટાઇને ભૌતિકજગતમાં સાપેક્ષવાદ શોધ્યો. ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં વ્યવહાર જગતનો સાપેક્ષવાદ બતાવ્યો. અનેકાંતવાદની ઓળખ આપતાં આચાર્ય જિનભદ્ર કહે છે,

'પરસ્પર વિરોધી મંતવ્યોમાં વિરોધ ત્યાં સુધી જ રહે છે, જ્યાં સુધી એ બધાંને સંગત કરીને એક સમગ્ર-પૂર્ણ દર્શનરૂપે સમન્વય પામે નહીં. વિરોધનો આધાર પરસ્પરમાં રહેલા દોષો કે ન્યૂનતાઓ છે.'

અધ્યાત્મયોગી આનંદઘનજી શ્રી નેમિજિન સ્તવનનો આરંભ 'ષટ દરશન જિન અંગ ભણી જે' કહીને દર્શાવે છે કે સાંખ્ય અને યોગ એ જિનભગવાનનાં ચરણ છે. બૌદ્ધ અને મીમાંસક એમના હાથ છે. લોકાયતિક (નાસ્તિક અથવા બૃહસ્પતિને માનનારા) એમની કુખ જેવા છે. આ રીતે સર્વ વિચારણાઓના સમન્વયની એક ભૂમિકા અહીં મળે છે, જગત જેમ સાંકડું થતું જાય છે તેમ તેમ ધર્મોનું સહઅસ્તિત્વ સર્જાતું જાય છે ત્યારે જૈનધર્મની ધર્મો અને દર્શનોના સહઅસ્તિત્વની ભાવના વિચારવા જેવી છે એક બાજુ વિચારોનો સમન્વય છે તો બીજી બાજુ અન્ય ધર્મો પ્રતિ આદર છે. સમ્રાટ કુમારપાળ કે વિષ્ણુવર્ધન જેવા રાજાઓએ જૈનમંદિરોની સાથોસાથ વિષ્ણુ અને શિવનાં મંદિરો બંધાવ્યાં. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે સોમનાથના મંદિરમાં શિવ-પ્રાર્થના કરી એટલું જ નહિ, પણ શિવસ્તુતિનો એક શ્લોક પણ રચ્યો. ભવિષ્યમાં ધર્મના ઉદાત્ત તત્ત્વનો સમન્વય કરવા માટે અનેકાંત દ્રષ્ટિ આધારશિલા બની રહે એમ છે.

જૈનધર્મે માનવગૌરવની વાત કરી છે. ભગવાન મહાવીરે કહ્યું, 'તું જ તારો ભાગ્યવિધાતા છે.' પોતાના સમયની અંધશ્રદ્ધાઓ અને માન્યતાઓ સામે એમણે જેહાદ ચલાવી. જડ પરંપરાનો ત્યાગ અને અંધવિશ્વાસનો અનાદર હોય તોજ નિગ્રંથ થવાય. વર્ધમાન એટલે પ્રગતિશીલ એ પ્રગતિ-શીલનું પૂર્વગ્રહથી મુકત એવું ખુલ્લી કિતાબ જેવું જીવન એ જ નિગ્રંથનો સાચો અનુયાયી અને આથી જ જીવનને ધર્મ-ભાવનાની પ્રયોગભૂમિ બનાવવાનું કહ્યું. મહાવીરની પાસે હતો માત્ર પ્રકાશ. આજે ધર્મની આસપાસ લાગેલાં માન્યતા, અંધ-શ્રદ્ધા અને ચમત્કારોનાં આવરણ દૂર થવા લાગ્યાં છે અને માત્ર પ્રકાશની શોધ અને પ્રાપ્તિના માર્ગ તરીકે ધર્મ રહ્યો છે.

કેટલાક ધર્મો વિજ્ઞાનના પડકાર સામે ટકી શકયા નથી. મહાવીર એક મહાન વૈજ્ઞાનિક હતા. ડો. જગદીશચંદ્ર બોઝે પ્રયોગ કરીને સાબિત કર્યું કે વનસ્પતિમાં જીવન છે. પાણી પાનારો માળી આવતાં વૃક્ષ હસે છે, અને કઠિયારો આવતાં ધ્રુજે પણ છે! ભગવાન મહાવીર અને એથીય

પહેલાં ભગવાન ઋષભદેવે આ વાત કહી હતી. કોઇ પણ પ્રકારના માઇક્રોસ્કોપ વિના કંદમૂળમાં રહેલા અસંખ્ય જીવો વિશેનું જ્ઞાન હતું હકીકતમાં ધર્મ પોતે જ વિજ્ઞાન છે. ધર્મ પાસે અનુભૂતિનું સત્ય છે. વિજ્ઞાન પાસે તર્ક અને પ્રયોગનું સત્ય છે. આવી વિજ્ઞાનની દૃષ્ટિએ ધર્મની શૈલી પારખવામાં આવે તો ઘણા અનુભવનાં સત્યોને તર્કનું પીઠબળ મળે.

નારીપ્રતિષ્ઠાનો પ્રબળ ઉદ્‌ઘોષ આ ધર્મમાં સતત સંભળાય છે ભગવાન મહાવીરે નારીને જ્ઞાન અને મુક્તિની અધિકારિણી જાહેર કરી. ચંદનબાળા સાધ્વીને સહુથી પહેલાં દીક્ષા આપીને નારીજાતિના પ્રશ્નો ઉકેલવા માટે એને માધ્યમ બનાવી, મલ્લિનાથ સ્વામી સ્ત્રી હોવા છતાં તીર્થંકર થયા. શ્રેણિક રાજાની પત્ની ચેલણા ઠંડીમાં તપ કરતા મુનિને જોઇને 'એનું શું થશે? એવા શબ્દો બોલ્યાં. શ્રેણિકને પત્નીના ચારિત્ર વિશે શંકા ગઈ. ભગવાન મહાવીરે શ્રેણિકની શંકાનું સમાધાન કરીને કહ્યું, 'તમને ચેલણા જેવી પતિવ્રતા સ્ત્રી તરફ ખોટી શંકા છે. આથી ચેલણા સાથે જ નહીં આખી નારીજાતિ પ્રત્યે અન્યાય કર્યો.' આવી નારીપ્રતિષ્ઠા જૈનધર્મમાં પહેલેથી જ છે

આવતી સદીમાં માનવજાતને ધર્મ શું આપી શકે, એનો આ તો માત્ર અંગુલિનિર્દેશ જ થયો. ધર્મના મર્મને પામવા જેમ જેમ પ્રયાસ કરીએ તેમ એમાંથી માનવજાતને માટે દિશાદર્શક નવનીત સાંપડવાનું જ આને માટે કેટલું કે ઘોડવું પડશે. નવી દૃષ્ટિ સ્વીકારવી પડશે. પુરાણી ચીજોના પ્રશંસાગાનમાંથી મુક્ત થવું પડશે જડ ક્રિયાના ઢાંચલાને ભેદવું પડશે ટેકનોલોજીની હરણફાળની વેળાએ એની ઉપેક્ષા કે અવગણના હવે શક્ય નથી હવે તો માનવઆત્મા સાથે એનો મેળ બેસાડવાનો છે. અક્રિયતા, ગતાનુગતિકતા અને કૂપમંડૂકતામાંથી બહાર આવીને ધર્મભાવનાની સક્રિયતા અને સમયસંદર્ભતા પ્રગટાવવી પડશે. માનવજાતના ભાવિને નીરખતાં બર્ટ્રાન્ડ રસેલે ત્રણ શક્યતા દર્શાવી; એક તો આપણે જીવસૃષ્ટિનો અંત, બીજી શક્યતા એ કે મહાસંહારમાંથી ઊગરી ગયેલી કોઇ નાનકડી વસ્તી ફરી આદિમજીવન શરૂ કરે, ત્રીજી શક્યતા તે કે એક વિશ્વસરકાર હેઠળ માનવજાત એક બને.

આ ત્રીજી શક્યતાની ખોજ માટે હવેના સમયે પુરુષાર્થ કરવાનો છે. આવે સમયે અહિંસાની ભાવનાના આહલેકથી વિશ્વશાંતિ ભણી કદમ ભરી શકીએ. અપરિગ્રહથી શોષિત અને વ્યથિત માનવીઓને સહાયરૂપ થઇ સમાજવાદ પ્રતિ ગતિ કરીએ. જાતિ, જ્ઞાતિ અને વર્ણના વાડા ભેદીને માનવનું ગૌરવ કરીએ નારીની પ્રતિષ્ઠા સાથે માનવકરુણાની ભાવના જગાડીએ. ધર્મ, રાજ્ય કે રાષ્ટ્રથી વહેંચાયેલા જગતમાં અનેકાંતની દૃષ્ટિથી સહઅસ્તિત્વની, વિશ્વસરકારની અને વિશ્વમાનવની ઝંખના કરીએ.

"પર્વાધિરાજ પર્યુષણ"

● ગુણવંતલાલ મ. ઝવેરી

પર્યુષણ એ જૈનોનું મહાન ધાર્મિક પર્વ છે. પર્યુષણનો શબ્દાર્થ છે બધી બાજુઓથી સ્થિર થવું તે અને આત્મામાં લીન થવું એ તેનો ભાવાર્થ છે. આ ધર્મનું ઉત્કૃષ્ટ મંગલ છે અને આત્માભિમુખ થવાનું અલૌકિક પર્વ છે. પુણ્યનું પોષણ અને પાપોનું શોષણ કરવાનું આ અમૂલ્ય અવસર છે. પરમતત્ત્વની ઉપાસનાનો અને ધર્મપ્રભાવનાનો આ બહુમૂલ્ય ઉત્સવ છે. પ્રભુનો ધર્મપિંડ બાંધવાનો આ યજ્ઞ છે. પર્યુષણપર્વમાં પ્રશાન્ત બનીને ક્રાન્તદર્શન કરવાનો ઉદ્દેશ્ય સમાએલો છે. સ્વાધ્યાય, સત્સંગ અને સેવાભાવનું અતિ મહત્ત્વનું આ પર્વ છે

જૈન અને જૈનધર્મ : જે મનને જીતે તે જૈન. જિનેશ્વર પ્રભુના ઉપદેશેલા માર્ગે ચાલે તે જૈન. જૈનધર્મ માનવપ્રધાન ધર્મ છે. કર્મપ્રધાન ધર્મ છે. વિચાર સ્વાતંત્ર્ય તથા વર્ગવિહીન સમાજનો ધર્મ છે. ખરા સમાજવાદને પોષનારો અને પ્રેમતત્ત્વને જીવંત રાખનારો આ ધર્મ છે. જૈન વ્યક્તિ એ વૈજ્ઞાનિક વ્યક્તિ છે, વૈશ્વિક વ્યક્તિ છે. જૈનધર્મ વાત્સલ્ય અને કરુણાનું પ્રતીક છે. તપ, અહિંસા સત્ય અને બ્રહ્મચર્ય એનાં પાયાનાં તત્ત્વો છે. જ્યારે અપરિગ્રહ, સ્યાદ્‌વાદ અને સાપેક્ષતા જૈન ધર્મના ગૌરવપૂર્ણ સિદ્ધાંતો છે.

આયોજન અને પ્રયોજન : પ્રત્યેક વર્ષે વર્ષાઋતુ દરમિયાન આઠ દિવસ સુધી પર્યુષણપર્વની અને ત્યારબાદ દસ દિવસ સુધી, દિગંબર મતાનુસાર દસ લક્ષણાપર્વની ઉજવણી થાય છે વિશ્વમાં કોઇપણ સ્થળે રહેતાં જૈન ભાઇબહેનો આ મહાપર્વની યથાશક્તિ આરાધના કરીને ધન્યતા અને સાર્થકતા અનુભવે છે. પરાપૂર્વકાળથી ચોમાસામાં જ આ પર્વનું આયોજન કરવા પાછળ એક વિશિષ્ટ દૃષ્ટિ અને થોડાંક કારણો રહેલાં છે. જેમકે : પરગામ કે પરદેશ ગયેલા સ્વજનો પ્રાયઃ વર્ષાના પ્રારંભે સ્વગૃહે અને સ્વદેશે પાછા ફરે છે (૨) વૈશાખ જેઠના ધમધોખતા તાપમાં ધરતીમાતાને પોતાના પવિત્ર ચરણોથી પાવન કરતા કરતા, પગપાળા વિહાર કરીને જૈન સાધુ ભગવંતો અને મહાસતી સાધ્વીજીઓ, વર્ષાઋતુના આરંભ પૂર્વે જ નિર્ધારિત સ્થળે પહોંચી જતાં હોય છે, કારણ કે વર્ષા–આગમનને કારણે ઉદ્‌ભવતા અસંખ્ય સૂક્ષ્મજીવજંતુઓ અને સદ્ય ઊગેલાં ઘાસ-તૃણ, લીલોતરી–વનસ્પતિ, નિષ્કારણ પગ તળે કચરાય નહીં કે હણાય નહીં. ટુકમાં વર્ષાકાળ દરમિયાન આવાગમન જેટલું ઓછું અને સ્થિરતા જેટલી વધુ તેટલા પ્રમાણમાં અજાણ્યે થતી આવી જીવહિંસાની માત્રા પણ ઓછી રહે (૩) વર્ષાઋતુનો શાંત અને શીતળ વાતાવરણમાં ધર્મની સાધના-આરાધના માટે સાનુકૂળતા વધુ હોય (૪) આ સમય દરમિયાન, ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થઇ શકે જેથી બાહ્યયાત્રા કરતાં અંતર્યાત્રા કરવાની વધુ તક મળે (૫) વળી, આરોગ્યની દૃષ્ટિએ પણ આ જ ઋતુમાં પર્યુષણપર્વનું આયોજન હિતકર અને વૈજ્ઞાનિક છે. આ મોસમમાં પાચનક્રિયા સહજ રીતે મંદ થઇ જતી હોય છે એટલે. આહારાદિમાં નિયંત્રણ આવશ્યક બને છે. આ જ કારણસર, પર્યુષણ પર્વ દરમિયાન જૈન પરંપરા પ્રમાણે, ઉપવાસ, વ્રત, તપ, આદિનું ઘણું મહત્ત્વ સ્વીકારાયું અને આદેશાયું છે. આવી અનેક પ્રકારની નાનીમોટી તપસ્યા, વધુમાં વધુ આ સમય દરમિયાન જ થતી હોય છે જેથી કાયા નિરોગી અને નિરામા રહે

વ્રતો અને તપસ્યાઓ :–પર્યુષણપર્વ એ કેવળ સ્થૂલ ધાર્મિક ક્રિયાકાંડનું પર્વ નથી. આ છે જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યશુદ્ધિનું પર્વ. ધર્મની સમુચિત સાધના કરવા માટે મન અને શરીર સ્વચ્છ અને સ્વસ્થ હોવાં જરૂરી છે. ઉપવાસ વ્રતાદિ દીર્ઘ તપસ્યાઓના આચરણમાં મનોબળ પ્રધાનરૂપે હોવા છતાં શારીરિક શક્તિ અને સજ્જતા ટકાવી રાખવાનું પણ અતિ આવશ્યક છે એટલા માટે, એવી કઠોર તપસ્યાઓ કે જેનાં દેહ અતિ ક્ષીણ અને અશક્ત બની જાય તેને જૈન શાસ્ત્રોએ વર્જ્ય ગણી છે. તદનુસાર, યોગ્ય જ કહેવાયું છે કે 'કાયા દેખી કીજે પચ્ચખાણ' ટુંકમાં વ્રત તપ સાથે વિવેકદ્રષ્ટિ હોવી જરૂરી છે. દેખાદેખી રીતે કરાતી અથવા સ્પર્ધાત્મક તપસ્યાઓને તિલાંજલિ આપવી જોઇએ.

આડંબર અને દુર્વ્યય : પર્યુષણ પર્વ નિમિત્તે યોજાતી રથયાત્રાઓ, શોભાયાત્રાઓ લાખેલી આંગીઓ, શણગાર–સજાવટો અને આયોજનો જમણવારો ઇ. માં જ્યાં જ્યાં આડંબર, ધનવ્યયનો અતિરેક અથવા પ્રસિદ્ધિનો મોહ હોય તે સર્વેનો વિવેકપુરઃસર ત્યાગ કરવો જોઇએ. જેથી જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો જેવાં કે અપરિગ્રહ અને વિરકિતની અવહેલના ન થાય.

ધાર્મિક વ્યાખ્યાનો અને પ્રવચનો : આષાઢ શુદ્ધ ૧૪થી તે કાર્તિક શુદ્ધ ૧૫ સુધીના સમયગાળાને 'આષાઢી ચાતુર્માસ" કહેવામાં આવે છે. આ ચાતુર્માસ દરમિયાન અને ખાસ કરીને પર્યુષણ પર્વના આઠ દિવસોને 'અષ્ટાહ્નિકા પર્વ" કહેવામાં આવે છે. આ દિવસોમાં જૈન અપાસરા સ્થાનકો, પોષધશાળાઓ, વ્યાખ્યાનખંડો ઇ.માં વિદ્વાન મુનિમહારાજો અને વિદુષી સતીસાધ્વીજીઓ કલ્પસૂત્ર, જૈનાગમો, જૈનદર્શન, તીર્થંકર ભગવાનોનાં જન્મચરિત્રો, ધર્મકથાનકો, ઉપદેશાત્મક વાર્તાઓ–દ્રષ્ટાંત ઇ. નાં પ્રવચનો અને વ્યાખ્યાનો આપતાં હોય છે અને હજારો ભાવિક જૈનો અને ક્વચિત જૈનેતરો પણ ભાવપૂર્વક શ્રવણ કરતા હોય છે જોકે આવાં વ્યાખ્યાનોમાં દર વર્ષે અમુક વિષયો અને ધર્મકથાઓનું પુનરાવર્તન જ થતું હોય છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ : ઉપર કથિત ચીલાચાલુ વ્યાખ્યાન પરંપરાથી ભિન્ન રીતે અને નવા જ દ્રષ્ટિકોણને આધારે લગભગ પાંચ દાયકાઓ પૂર્વે 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ' સંસ્થાએ પર્યુષણ વ્યાખ્યાનમાળા' શ્રેણીનો પ્રારંભ કર્યો. ઉકત વ્યાખ્યાનમાળાઓમાં જૈન ધર્મના પ્રખર વિદ્વાનો ઉપરાંત અનેક દ્રષ્ટિવંત જૈનેતર સારસ્વતો, બૌદ્ધિકો અને ચિંતકોને ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક આદિ વિષયો પર પ્રવચનો આપવા આમંત્રવામાં આવે છે. એક પ્રયોગ રીતે આરંભાયેલી આવી વ્યાખ્યાનશ્રેણીઓએ ક્રમશઃ યોગનું સ્વરૂપ ધારણ કર્યું છે અને વર્ષે, પ્રતિવર્ષ આ વ્યાખ્યાનમાળાઓને સુજ્ઞ શ્રોતાજનોનો હાર્દિક અને સુંદર સહકાર મળતો રહ્યો છે. 'સર્વધર્મ સમભાવ'ના ઉદ્દેશ્ય અને ઉપદેશવાળી આ વ્યાખ્યાનશ્રેણીઓ એક જીવંતજ્ઞાનની પરબ બની ગઇ છે, આને પગલે પગલે મુંબઇમાં અનેક ઠેકાણે, અમદાવાદ, સુરત, પૂના અને દક્ષિણ હિંદના પણ કેટલાંક શહેરોમાં આવી વ્યાખ્યામાળાઓ હવે દર વર્ષે યોજાય છે. જૈનો ઉપરાંત જૈનેતર ભાઇબહેનો પણ હજારોની સંખ્યામાં ઉમંગભેર ભાગ લે છે. ઉપર વર્ણવેલાં વિવિધ વ્યાખ્યાનો અને પ્રવચનોના શ્રવણ દ્વારા આપણાં અંતરના પાથરણામાં જ્ઞાનરૂપી સાથિયા રચાય છે, આપણી વૈચારિક શક્તિને સંવેગ મળે છે. પરિણામે, આપણી અંતર્યાત્રા આલ્હાદક અને સંતર્પક બને છે

સાંવત્સરિક પ્રતિક્રમણ : પર્યુષણ પર્વનો અંતિમ દિવસ છે સંવત્સરિ અને આ દિવસની અંતિમ ધર્મક્રિયા છે સાંવત્સરિક પ્રતિક્રમણ. સંવત્સર (છમછરી) એટલે એક વર્ષ. પ્રતિક્રમણ એટલે દેહ અને મનમાં વ્યાપેલાં મોહ–આસકિતનો ત્યાગ કરીને આત્મામાં લીન થવું. અશુભ માંથી શુભમાં પાછા ફરવું અને વૃત્તિઓને સ્થિર કરવી. પ્રતિક્રમણ એ જૈનપરંપરાની સર્વશ્રેષ્ઠ વિધિ છે. વર્ષભરનું આત્મસ્નાન છે. એકાન્તે બેસીને શાંત અને એકાગ્ર ચિત્તથી કરવામાં આવતી આ સામૂહિક ધાર્મિક ક્રિયા છે. લગભગ અઢી કલાક સુધી ચાલતી આ ક્રિયા દરમિયાન પૂર્વકાળથી પ્રવર્તમાન એવા શાસ્ત્રોકત અને પ્રામાણિત વિધિવિધાનો, ધાર્મિક શ્લોકો, તીર્થંકર ભગવાનોની સ્તુતિ–વંદના, સાધુધર્મ, શ્રાવકધર્મના અતિચારો ઇ.નું પઠનપાઠન વિસ્તૃત રીતે અને પ્રગટપણે કરવામાં આવે છે. આ ક્રિયાનું મહત્ત્વનું લક્ષણ છે 'પ્રાયશ્ચિત". વર્ષ દરમિયાન પોતાનાથી જાણતાં કે અજાણતાં સૂક્ષ્મ કે સ્થૂલ રીતે થયેલાં દ્વેષો અને પાપોનો એકરાર કરવો અને એમનું પ્રાયશ્ચિત કરવું. આ ખરે જ એક ઉદાત્ત અને અજોડ ક્રિયા છે અને પવિત્ર ભાવનું દર્શન છે. અત્રે કવિ કલાપીની પંકિતઓનું સ્મરણ થાય છે :

'હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે પાપી તેમાં ડુબકી દઇને પુણ્યશાલી બને છે.'

વળી, "શુદ્ધ હૃદયનો પસ્તાવો એ પરમેશ્વરને પામવાનું પહેલું પગથિયું છે" કેવી સુંદર પંકિત છે ? આવા જ ભાવને વ્યકત કરતું જૈન પારિભાષિક સૂત્ર છે મિચ્છામિ દુક્કડમ્' (મારાં દુષ્કૃત્યો મિથ્યા થાઓ). આમ, પ્રતિક્રમણ એક સાધના છે યોગક્રિયા છે. જેનાથી વક્રતા અને જડતા નિર્મૂળ થાય છે અને મન નિર્મળ અને વિનમ્ર બને છે.

ક્ષમાપના : સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યા પછી 'ક્ષમાપના'નું આદાનપ્રદાન શરૂ થાય છે ક્ષમાપના એટલે ક્ષમા માગવી અને ક્ષમા આપવી. આ એક ઉજ્જવળ અને માનવીય કર્તવ્ય છે. જૈનધર્મનું મનુષ્યધર્મનું ભૂષણ છે, જીવનનું રસાયણ છે. ક્ષમાભાવ એ જીવનનો વસંતકાળ છે મુકિતનો દરવાજો છે. યોગ્ય જ કહેવાયું છે 'ક્ષમારૂપં તપસ્વીનામ્', ક્ષમાપના એટલે નિખાલસ પ્રેમની અભિવ્યકિત; અંતરમાં રહેલી કરુણાનું પ્રતિબિંબ, પર્યુષણ પર્વના પ્રથમ દિવસથી આરાધેલી ધર્મસાધના પરનો સુવર્ણકલશ એટલે ક્ષમાપના. પશ્ચાત્તાપની સહજ પરણતિ એટલે ક્ષમાપના, રોજિંદા ઔપચારિક કે અનૌપચારિક વ્યવહારમાં પરિવારજનોથી માંડીને મિત્રવર્ગ અને સ્નેહીજનો સાથે દરેક વ્યકિતને કોઇ ને કોઇ કારણે સંપર્કમાં આવવાનું બને છે. પરિણામે, કવચિત મતભેદ અને મનભેદ થઇ શકે છે; અને કટુવચનો આક્રોશ તથા દુર્વ્યવહારની આપ–લે થાય છે. આવા નાનાંમોટાં અપરાધો, ભૂલો કે અવિનયી વર્તન માટે પોતે ભાવપૂર્વક ક્ષમા માગવી અને બીજાઓને આપવી. કુટુંબના નાના બાળકથી માંડીને વડીલો સુધ્ધાંની ઘરના નોકરચાકરથી માંડીને હાથ નીચેના કર્મચારી

વર્ગની પણ ખુલ્લે મને અને પ્રગટપણે ક્ષમા માગવી અને આપવી, આવી એક ઉચ્ચ પ્રણાલિકા જૈન ધર્મ સિવાય અન્ય ધર્મોમાં આટલી વ્યાપક રીતે ભાગ્યે જ પ્રવર્તે છે. આવી ક્ષમાપનાક્રિયા કેટલીક વખતે અણધાર્યા વરદાનરૂપે સાબિત થાય છે; જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે અથવા બે કુટુંબો વચ્ચે દીર્ઘકાળના અબોલા કે અટપ રહેલાં હોય તો આ પ્રસંગે પરસ્પર ક્ષમાયાચના કરીને આપસમાં હંમેશ માટે સુમેળ અને સમાધાન સ્થપાઈ જાય છે. આમ ક્ષમાપના દ્વારા અહંભાવનું નિરસન થાય છે. મનુષ્યમાં વિનમ્રતા અને શાલીનતાના ગુણો વિકસે છે જે, અંતે વિશ્વવાત્સલ્યની વિશાળ પરિધિમાં પરિણમે છે. આ વિચારને સુસંગત પ્રાચીન જૈન સૂત્ર આ રહ્યું :

खामेमि सव्वजीवे सव्वेजीवा खमंतु मे
मित्तीमे सव्वभुएसु वेरं मज्झ न केणुई ।

(ભાવાર્થ : હું પ્રાણી માત્રની ક્ષમા માગું છું. સર્વે જીવો મને ક્ષમા કરો. જગતના સર્વ જીવો સાથે મારે મૈત્રી છે. કોઈ સાથે મને વેરભાવ નથી) એ જ પ્રમાણે–

"મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે
શુભ થાઓ આ સકળ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે".

ચાલો, આપણે પણ પર્વાધિરાજ પર્યુષણમાં વહેતી ધર્મ અને જ્ઞાનરૂપી સરિતાના નિર્મળ નીરનું યથાશક્તિ આચમન કરીએ, પાવન થઈએ અને મનકુંભમાં ક્ષમા અને કરુણારૂપી અમૃત ભરી લઈને જીવનને સાર્થક બનાવીએ

અંતે, પર્યુષણ મહાપર્વની ફલશ્રુતિ રૂપે જિનેશ્વર પ્રભુને પ્રાર્થીએ કે જેથી આપણું જીવન સંયમિત બને, વાણી પ્રેમમય બને, દૃષ્ટિ અમૃતમ બને, હાથ દાનેશ્વરી બને અને આપણે ઊર્ધ્વગતિને પ્રાપ્ત કરીએ.

સ્વાધ્યાય

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

જ્ઞાન અને જ્ઞેય એ ત્રિપુટીનો એમાં વિલય થાય છે.

કિશોરલાલ મશરૂવાળાએ એક સ્થળે એવું લખ્યું છે કે 'ગમે તેવા અતિશય નિરાશાજનક સંજોગોમાં હું આવી પડયો હોઉં ત્યારે શ્રીમદ્ ભાગવદ્ ગીતાનું વાંચન હું ચાલુ કરી દઉં છું. એમ કરવાથી થોડીવારમાં જ મારાં ચિંતા અને નિરાશા ચાલ્યાં જાય છે.' લોકમાન્ય ટિળકે ક્યાંક એવું લખ્યું છે કે 'મારા મનપસંદ ધર્મગ્રન્થો સ્વાધ્યાય માટે મને પાસે રાખવા દો, પછી તમે મને નરકમાં મોકલો તો ત્યાં પણ સ્વર્ગ જેટલો આનંદ હું અનુભવીશ.'

માણસ જેમ વધુને વધુ સ્વાધ્યાય કરે છે તેમ તેમ તેનું જ્ઞાન અને તેની વાણી સમૃદ્ધ બને છે. આથી એક જ વિષયને વિવિધ દૃષ્ટિકોણથી વિવિધ રીતે વ્યકત કરવાની કુશળતા એનામાં આવે છે. એને પરિણામે સ્વાધ્યાય કરનાર વ્યક્તિની વકતૃત્વકલા ખીલે. એની વકતૃત્વ કલામાં આડંબર કે દંભ હોતાં કે રહેતાં નથી. પોતે કરેલો સ્વાધ્યાય જીવનમાં પરિણમવાને કારણે સાચો સ્વાધ્યાય કરનારાઓના મુખમાંથી નીકળતાં વચનો પ્રભાવશાળી હોય છે. શ્રોતા ઉપર એની તરત અસર થાય છે. એમની વાણીમાં અનુકંપા, માધુર્ય, ઋજુતા, નિર્મળતા, વાત્સલ્ય, સરળતા વગેરે ગુણો રહેલા હોય છે

જૈન ધર્મની દૃષ્ટિએ આવો સ્વાધ્યાય એ આભ્યંતર તપનો એક પ્રકાર છે. જૈનધર્મમાં છ પ્રકારનાં બાહ્ય અને છ પ્રકારનાં આભ્યંતર તપ બતાવવામાં આવ્યા છે. એમાં આભ્યંતર તપ આ પ્રમાણે છે : (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન, (૬) કાઉસગ્ગ.

હિન્દુધર્મમાં પણ સ્વાધ્યાયને વાણીના તપ તરીકે ઓળખાવ્યું છે. ભગવદ્ગીતામાં કહ્યું છે : **स्वाध्यायाभ्यासनं चैव वाङ्मय तप उच्यते ।**

સ્વાધ્યાયથી માણસની વાણી યથાર્થ શબ્દને પકડે છે અને યથાર્થ અર્થને વ્યકત કરવાનું શીખે છે. સ્વાધ્યાયથી વાણી વધારે નિર્મળ થાય છે. સ્વાધ્યાય એટલા માટે મુખમંડન જેવો બની રહે છે. સ્વાધ્યાય કરવાના પરિણામે અને તે સ્વાધ્યાયનું રહસ્ય જીવનમાં ઊતરવાને પરિણામે સ્વાધ્યાય કરનાર વ્યક્તિનાં વચનો અમોઘ બને છે.

સાધુઓ માટે પ્રતિલેખન, પ્રતિક્રમણ, વૈયાવૃત્યાકરણ અને ધ્યાન એ જેમ રોજનાં નિયત કાર્ય છે તેમ સ્વાધ્યાય પણ સાધુઓ માટે રોજનું નિયત કાર્ય છે સાધુ સવારના ઊઠી પડિલેહણ કરી ગુરુમહારાજને પૂછે છે, 'ગુરુ ભગવંત, મારે હવે શું કરવું જોઈએ?' વૈયાવચ્ચ કે સ્વાધ્યાય? તે માટે આજ્ઞા આપશોજી.' એવે વખતે ગુરુ જે પ્રમાણે આજ્ઞા આપે તે પ્રમાણે શિષ્ય હર્ષપૂર્વક કરે છે.

સાધુઓએ દિવસનો પ્રથમ પ્રહર સ્વાધ્યાયમાં વિતાવવો જોઈએ. બીજો પ્રહર ધ્યાનમાં. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે : **'पढमं पोरिसि सज्जाय, बीयझाणं झयायइ ।'**

સાધુએ ત્રીજા પ્રહરે ભિક્ષા અને ચોથા પ્રહરે ફરી સ્વાધ્યાય કરવો જોઈએ.

રાત્રે સાધુએ પ્રથમ પ્રહરે સ્વાધ્યાય, બીજા પ્રહરે ધ્યાન, ત્રીજા પ્રહરે નિદ્રા અને ચોથા પ્રહરે સ્વાધ્યાય કરવો જોઈએ. આમ દિવસરાત મળીને સાધુઓએ રોજ ચાર વાર સ્વાધ્યાય કરવાનું વિધાન છે. ગુરુ ગૌતમસ્વામી એ પ્રમાણે ચાર વખત સ્વાધ્યાય કરવાના કાર્યમાં સદાય અપ્રમત્ત રહેતા. સાધુ સવાર અને સાંજ પ્રતિક્રમણ કરે ત્યારે દિવસ કે રાત્રિ દરમિયાન જો સ્વાધ્યાય ન કર્યો હોય તો તે માટે ક્ષમા માંગે છે તેનું પ્રતિક્રમણ કરે છે : આવશ્યક સૂત્રમાં કહ્યું છે :

पडिक्कमामि चाउक्कालं सज्जायस्य अकरणयाए ।

(ચારે કાળ મેં સ્વાધ્યાય નથી કર્યો તેના માટે હું પ્રતિક્રમણ કરું છું.)

દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે :

सज्जायसज्जाणरयस्स ताइणो,
अपावभावस्स तवे रयस्स ।
विसुज्झइ जसि मलं पूरे कंड,
समीरियं रूप्पमल व जोइणो ॥

જેવી રીતે અગ્નિમાં તપાવવાથી ચાંદી-સોનાનો મેલ નષ્ટ થઈ જાય છે તેવી રીતે સ્વાધ્યાય અને સદ્ધ્યાનમાં લીન તથા

શુદ્ધ અંતઃકરણવાળા અને તપમાં અનુરક્ત એવા સાધુઓ, પૂર્વના કરેલાં કર્મોનો મેલ નષ્ટ થતાં વિશુદ્ધ થાય છે.

મૂલાચાર'માં કહ્યું છે :

सज्जायं कुव्वंतो, पंचेंदियसंवुडो तिगुत्तो य ।
हवदि य एयग्गमणो, विणएण समाहिओ भिक्खू ॥

પંચેન્દ્રિયોમાં સંયમવાળા, ત્રણ ગુપ્તિને ધારણ કરવાવાળા તથા વિનય સમાધિયુક્ત મુનિ સ્વાધ્યાય કરતાં એકાગ્રચિત્તવાળા બની જાય છે.

દિવસમાં બધો સમય સ્વાધ્યાય થઇ શકતો નથી. એટલે સ્વાધ્યાયની સાથે ધ્યાન અને જપને જોડવામાં આવ્યાં છે. એટલા માટે 'શ્રાદ્ધવિધિ'માં કહ્યું છે :

जपश्रान्तो विशेद ध्यानं, ध्यानश्रान्तो विशेज्जपम् ।
द्वाभ्यां श्रान्तः पठेत् स्तोत्र–मित्येवं गुरुभि स्मृतम् ॥

જપથી શ્રાન્ત થનારે - થાકી જનારે ધ્યાન ધરવું જોઇએ. ધ્યાનનો થાક લાગતાં ફરી જપ કરવો જોઇએ. જપ અને ધ્યાન બંનેનો થાક લાગે ત્યારે સ્તોત્ર વાચવું જોઇએ (અર્થાત્ સ્વાધ્યાય કરવો જોઇએ) એવું ગુરુ મહારાજે કહ્યું છે.

એ જ પ્રમાણે 'तत्त्वानुशासन'માં લખ્યું છે :

स्वाध्यायाद् ध्यानमध्यास्तां, ध्यानात् स्वाध्यायमामनेत् ।
ध्यान स्वाध्यायसंपत्त्या, परमात्मा प्रकाशते ॥ ८१ ॥
यथाभ्यासेन शास्त्राणि, स्थिराणि सुमहान्त्यपि ।
तथाध्यानमपि स्थैर्यं, लभतेऽभ्यासवर्तिनाम् ॥ ८२ ॥

સ્વાધ્યાય દ્વારા ધ્યાનનો અભ્યાસ કરવો જોઇએ. અને ધ્યાન દ્વારા સ્વાધ્યાયને ચરિતાર્થ કરવો જોઇએ. ધ્યાન અને સ્વાધ્યાય એ બંનેની સંપ્રાપ્તિથી-પોતાનામાં રહેલા પરમાત્મા પ્રકાશિત થાય છે. અર્થાત્ એથી ઉચ્ચ આત્માનુભૂતિ થાય છે.

અભ્યાસથી જેમ શાસ્ત્રો પોતાનામાં સ્થિર થાય છે તેવી રીતે અભ્યાસ કરનારનું ધ્યાન સ્થિર થઇ જાય છે

સ્વાધ્યાય એ તપનો એક ઉત્તમ પ્રકાર છે. સ્વાધ્યાયસમં તપો નાસ્તિ એમ કહેવાય છે. કર્મની નિર્જરા કરવામાં તે બહુ ઉપયોગી છે.

ચંદ્રપ્રજ્ઞપ્તિમાં કહ્યું છે :

बहुभवे संचियं खलुसज्जाएण खणे खवेइ ।

અનેક ભવોનાં સંચિત કર્મોનો સ્વાધ્યાય દ્વારા ક્ષણભરમાં ક્ષય કરી શકાય છે. એમાં પણ વિશેષપણે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવ્યા પ્રમાણે-

ભગવાનને પૂછવામાં આવે છે : **सज्झाएणं भंते जीवे किं जणयइ ?** (હે ભગવંત ! સ્વાધ્યાયથી જીવ શું મેળવે છે ?) ભગવાન કહે છે: **सज्झाएणं नानावरणिज्जं कम्मं खवेइ ।** (સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીય કર્મ ખપાવે છે.)

સર્વ આચરણનું મૂળ સ્વાધ્યાયમાં રહેલું છે. જેમ જેમ સ્વાધ્યાય વધતો જાય અને શ્રદ્ધાપૂર્વક પરિણમતો જાય તેમ તેમ સ્વાધ્યાય કરનારનું આચરણ શુદ્ધ થતું જાય. એટલા માટે સ્વાધ્યાય તપનો વિશિષ્ટ મહિમા દર્શાવતાં કહેવાયું છે કે તીર્થંકરોએ કહેલા એવા ૭ અભ્યંતર અને ૭ બાહ્ય એવા બાર પ્રકારના તપને વિષે સજ્ઝાય સમાન બીજું એકે તપકર્મ હતું નથી, અને ભવિષ્યમાં નહિ થાય.

बारसविहम्मि वि ता सब्भिंतरबाहिरे कुसलदिट्ठे ।
न वि अत्थि न वि य होही सज्झायसमं तवोकम्मं ॥

સ્વાધ્યાયનું ફળ દર્શાવતાં પાતંજલયોગદર્શનમાં કહ્યું છે : **स्व ध्यायादिष्टदेवता - संप्रयोगः ।** (સ્વાધ્યાયથી ઇષ્ટદેવતાનો સાક્ષાત્કાર થાય છે.)

વળી સ્વાધ્યાયનો મહિમા દર્શાવતાં કહેવામાં આવ્યું છે :

स्वाध्यायगुणने यत्नः, सदा कार्यो मनीषिभिः ।
कोटिदानादपि श्रेष्ठं, स्वाध्यायस्य फलं यतः ॥

(બુદ્ધિમાનોએ હંમેશાં સ્વાધ્યાય ગણવામાં યત્ન કરવો જોઇએ, કારણ કે કરોડોના દાન કરતાં પણ સ્વાધ્યાયનું ફળ શ્રેષ્ઠ છે.)

'सर्वार्थसिद्ध'માં કહ્યું છેઃ

प्रज्ञातिशयः प्रशस्ताध्यवसायः परमसंवेगस्तपोवृद्धितिचारनिःशुद्धिरित्येवमाद्यार्थः ।

પ્રજ્ઞામાં અતિશય લાવવા માટે, અધ્યવસાયને પ્રશસ્ત કરવાને માટે, પરમસંવેગને માટે, તપવૃદ્ધિ અને અતિચાર શુદ્ધિને માટે સ્વાધ્યાય તપ આવશ્યક છે.

આરાધક મુમુક્ષુ આત્માઓ માટે સ્વધ્યાયની આવશ્યકતા દર્શાવતાં ભગવતી આરાધના'માં કહેવાયું છે ;

सज्झायं कुव्वंतो पंचिंदियसुवडो तिगुत्तो य ।
हवदि य एयग्गमणो विणएण समाहिदो भिक्खू ॥
जह जह सुदमोग्गाहदि अदिसयरसपसरसमुदपुव्व तु ।
तह तह पल्हादिज्जदि नवनवसंवेगसड्ढाए ॥
आयापायविदण्हू दंसणणातवसंजम ढिच्चा ।
विहरदि विसुज्झमाणो जावज्जीवं तु णिक्कंपो ॥

જે સાધુ સ્વાધ્યાય કરે છે તે પાંચ ઇન્દ્રિયોનો સંવર કરે છે. મન વગેરે ગુપ્તિઓને પણ પાળવાવાળો હોય છે. અને એકાગ્રચિત્ત બનીને વિનયકર સંયુક્ત થાય છે.

જેમાં અતિશય રસનો પ્રસાર છે અને જે અશ્રુતપૂર્વ છે એવા શ્રુતમાં તે જેમ જેમ અવગાહન કરે છે તેમ તેમ અતિશય નવીન ધર્મશ્રદ્ધાથી સંયુક્ત બનીને પરમ આનંદનો અનુભવ કરે છે.

સ્વાધ્યાયથી પ્રાપ્ત આત્મા વિશુદ્ધિ દ્વારા નિષ્કમ્પ તથા હેયોપાદેયમાં વિચક્ષણ બુદ્ધિથી યાવજ્જીવન રત્નત્રય માર્ગમાં પ્રવર્તે છે.

ભગવતીસૂત્રમાં સ્વાધ્યાયના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે :

सज्जए पंचविहे पणत्ते तं जहा वायणा,
पडिपुच्छणा, परियट्टणा, अणुप्पेहा धम्मकहा ।

સ્વાધ્યાયના પાંચ પ્રકાર કહ્યા છે–જેમ કે (૧) વાચના (૨) પૃચ્છના (૩) પરિવર્તના (અથવા પરાવર્તના) (૪) અનુપ્રેક્ષા અને (૫) ધર્મકથા.

દિગંબરાચાર્ય અમિતગતિએ કહ્યું છે:

नियम्यते येन मनोऽतिचञ्चलं
विलीयते येन पुरार्जितं रजः ।
विह्रीयते येन भवाश्रवोऽखिलः
स्वधीयते तज्जिनवाक्यमर्चितं ।।

જેના વડે અત્યંત ચંચળ એવું મન વશ થાય છે, જેના વડે પૂર્વે ઉપાર્જિત કરેલા કર્મોરૂપી રજ નાશ પામે છે, જેનાથી સંસાર વધારનાર બધાં જ કર્મોનો આશ્રવ રોકાઇ જાય છે, તે જિનેન્દ્ર દેવની વાણીના સ્વાધ્યાયને 'સ્વાધ્યાય' નામનું તપ કહે છે.

આ પાંચે પ્રકારનું ક્રમશ: અને વિધિપૂર્વક આસેવન કરવાથી સ્વાધ્યાય સારો થાય છે. માટે કહ્યું છે:

यत्तु खलु वाचनादेरासेवनमत्र भवति विधिपूर्वम् ।
धर्मकथान्तं क्रमशस्तत्स्वाध्यायो विनिर्दिष्टः ।।

એ સમજાવતાં જયશેખરસૂરિ 'ઉપદેશ ચિંતામણિ'માં લખે છે:

तत्रानधीतस्य सूत्रस्य ग्रहण वाचना १ ततः सदेहे सति प्रच्छना पृच्छा २, निश्चितस्य सूत्रस्य अविस्मरणार्थं गुणन परिवर्तना ३, सूत्रवदर्थस्यापि चिंतनमनुप्रेक्षा ४. अभ्यस्तसूत्रार्थस्यपरं प्रत्युपदेशदानं धर्मकथेति ।

આ પાંચ પ્રકારમાં નહિ અભ્યાસ કરેલા સૂત્રનું જે ગ્રહણ કરવું તે વાચના કહેવાય છે. તેમાં સંદેહ પડતાં કંઇ પૂછવું તે પૃચ્છના કહેવાય છે. પછી નિશ્ચય કરેલા સૂત્રને ન ભૂલી જવા માટે ગણવું તે પરિવર્તના કહેવાય છે. સૂત્રની પેઠે અર્થનું પણ ચિંતવન કરવું તે અનુપ્રેક્ષા કહેવાય છે તથા અભ્યાસ કરેલા સૂત્ર તથા અર્થનો બીજાને ઉપદેશ આપવો તે ધર્મકથા કહેવાય છે.

'ઉપદેશકલ્પવલ્લી'માં પણ સ્વાધ્યાયના પ્રકાર નીચે પ્રમાણે સમજાવ્યા છે :

स्वाध्यायः पञ्चधा ज्ञेयो वाचना प्रच्छना तथा ।
परावृत्तिरनुप्रेक्षा धर्मसम्बन्धिनी कथा ।
वाचना तु गुरुपार्तऽध्ययनं विजयेन यत् ।
प्रच्छनाऽधीतशास्त्रान्तर्गत संशय निर्णयः ।।
परावृत्तिः पुराधीतागमाधारः पुनः पुनः ।
तत्रिचारस्त्वनुप्रेक्षा, व्याख्या धर्मकथा भवेत ।।

વાચના, પ્રચ્છના, પરાવૃત્તિ, અનુપ્રેક્ષા અને ધર્મસંબંધી કથા એ પ્રમાણે પાંચ પ્રકારે સ્વાધ્યાય જાણવો.

ગુરુમહારાજ પાસે વિનયપૂર્વક જે ભણવું તે વાચના કહેવાય અને ભણેલા શાસ્ત્રોની અંદર રહી ગયેલા સંશયોને પૂછી તેનો નિર્ણય કરવો તે પૃચ્છના કહેવાય.

અગાઉ ભણેલાં શાસ્ત્રોનો વારંવાર ઉચ્ચાર કરવો–આવૃત્તિ કરવી તે પરાવૃત્તિ કહેવાય એ ભણેલા શાસ્ત્રોની વિચારણા કરવી તે અનુપ્રેક્ષા કહેવાય અને તેનું વ્યાખ્યાન કરવું તે ધર્મકથા કહેવાય

વાચના વગેરે પ્રકારોના કેટલાક પેટા પ્રકારો પણ દર્શાવવામાં આવે છે. જેમકે વાચનાના ચાર પ્રકાર છે: (૧) નંદા (૨) ભદ્રા (૩) જયા અને (૪) સૌમ્યા ગુરુ શિષ્યોને ગ્રંથનું અધ્યાપન કરાવતી વખતે અન્ય દર્શનોનો પૂર્વ પક્ષ પહેલાં સમજાવી, પછી તેનું નિરાકરણ કરી, પોતાનો પક્ષ સમજાવે તેવી વાચનાને નંદા કહેવામાં આવે છે. પૂર્વાપર વિરોધનો પરિહાર કરીને સિદ્ધાંત કે તેમાં રહેલા તત્ત્વની વ્યાખ્યા કરવામાં આવે તે ભદ્રા વાચના છે. પૂર્વાપર વિરોધની આવશ્યકતા રહિત સિદ્ધાંતોના અર્થનું કથન કરવામાં આવે તે જયા વાચના છે અને કાંક કાંક સ્ખલિત વૃત્તિથી વ્યાખ્યા કરવામાં આવે તે સૌમ્યા વાચના છે.

ગુરુ પાસેથી વાચનાદિ પ્રકારે સ્વાધ્યાય કરતી વખતે પ્રથમ મૂંગા મૂંગા શ્રવણ કરી જવું પછી બીજીવાર શ્રવણ કરતી વખતે હોંકારો ભણવો વગેરે વિધિ જૈન શાસ્ત્રગ્રંથોમાં બતાવવામાં આવી છે, અને યોગવિધિ (જોગ) સહિત સ્વાધ્યાયની વિધિ પણ દર્શાવવામાં આવી છે.

કેટલાક લોકો સ્વાધ્યાય કરતા હોય છે, પરંતુ તેમાં તેનું પ્રયોજન જો માત્ર વિદ્વતા કે પ્રસિદ્ધિ મેળવવા પૂરતું જ હોય છે તો તેનું આધ્યાત્મિક દૃષ્ટિએ ખાસ ફળ મળતું નથી. શ્રદ્ધારહિત, ભાવરહિત કે રસરહિત કરેલો સ્વાધ્યાય નિરર્થક છે. જ્ઞાનધ્યાન માટે સ્વાધ્યાયની જ્યારે વાત કરવામાં આવે ત્યારે તેમાં શ્રદ્ધા અપેક્ષિત જ હોય છે. તે ન હોય તો 'જ્ઞાનધ્યાન' જેવો શબ્દ જ તે માટે અપ્રસ્તુત બની જાય છે. સમ્યક્ત્વ સહિતનો સ્વાધ્યાય જ આત્માર્થીઓનો વિશેષ ઉપકારક બને છે, અન્યથા તે માત્ર ભાર વહન કરનારની વેઠ જેવો બની રહે છે. એટલે જ કહેવાયું છે કે– 'संसारो विदुषां शास्त्रमध्यात्मरहितानां'– જેઓ અધ્યાત્મ રહિત છે એવા વિદ્વાનો માટે તો શાસ્ત્ર એ સંસાર છે અને સંસાર એ શાસ્ત્ર છે.

જૈન શાસ્ત્રગ્રંથોમાં સ્વાધ્યાયની વિશિષ્ટ વિધિ દર્શાવવામાં આવી છે. ગમે ત્યારે ગમે તે વાંચવું એ સ્વાધ્યાય નથી પરંતુ ગુરુ કે વડીલ જ્ઞાની પાસેથી વિનયપૂર્વક અને વિધિપૂર્વક જ્ઞાન ગ્રહણ કરવું તે સ્વાધ્યાય છે. એને માટે નિશ્ચિત કાલ, સ્થળ, આજ્ઞા વગેરે દર્શાવવામાં આવ્યાં છે. વળી દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની દૃષ્ટિએ કેટલાક નિષેધ ફરમાવવામાં આવ્યા છે. એવા અસ્વાધ્યાયના કાળમાં સ્વાધ્યાય કરી શકાતો નથી. સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, પાસે મૃતકલેવર પડ્યું હોય, લોહી વગેરે અશુચિ હોય, આકાશમાં વીજળી થતી હોય વગેરે પ્રકારના અસ્વાધ્યાયનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ હોય ત્યારે સ્વાધ્યાય કરવાથી અસમાધિ, વ્યાધિ, કલહ, ઉપદ્રવ, વિયોગ વગેરે થવાનો સંભવ છે. એવી અનુભવોને આધારે માન્યતા થયેલી છે. અલબત્ત એવા અસ્વાધ્યાય કાળમાં વાચના, પૃચ્છના, પરાવર્તનાના પ્રકારનો સ્વાધ્યાય નથી થઇ શકતો, પણ અપવાદરૂપે અનુપ્રેક્ષાના પ્રકારનો સ્વાધ્યાય કેટલાક નિયમો સાથે થઇ શકે છે.

સ્વાધ્યાય શબ્દ ઉપરથી પ્રાકૃતમાં 'સજ્ઝાય' શબ્દ આવેલો છે. સજ્ઝાય શબ્દ વિશિષ્ટ પ્રકારની જૈન સાહિત્યકૃતિઓ માટે પણ વપરાય છે. પ્રાકૃતમાં જેમ સ્તોત્ર, સ્તવન, સજ્ઝાય છે તેમ સ્તવન અને સજ્ઝાય એ બે પ્રકારની

લઘુકૃતિઓ ગુજરાતીમાં પણ વિશેષ પ્રચલિત બનેલી છે સ્તવનમાં તીર્થંકર ભગવાનની સ્તુતિ હોય છે અને અને સજ્ઝાયમાં આત્મચિંતનના અવલંબન માટે કોઇ મહાપુરુષોનાં ચરિત્ર કે વિવિધ તત્ત્વ વિચાર લેવાય છે. ભરતેશ્વર બાહુબલિની સજ્ઝાયમાં પૂર્વે થઇ ગયેલાં ભરતેશ્વર, બાહુબલિ અભયકુમાર ઢંઢણકુમાર, અર્ણિકાપુત્ર અતિમુક્તક, મેતાર્યમુનિ, વગેરે સંત મહાત્માઓ તથા બ્રાહ્મી સુંદરી સુલસા, ચંદનબાળા મનોરમા, દમયંતી, રાજીમતી, મૃગાવતી વગેરે મહાસતીઓનું સ્મરણ કરવામાં આવે છે. ક્રોધ માન,માયા, લોભ વગેરે કષાયો કે તે સહિત અઢાર પાપસ્થાનકો અથવા સમકિતના સડસઠ બોલ વગેરેની સજ્ઝાયોમાં તે તે વિષય ઉપર ચિંતન થયેલું હોય છે, જેનું ભાવન આત્મવિશુદ્ધિમાં અત્યંત ઉપયોગી છે. જૈન સજ્ઝાય સાહિત્ય પણ બહુ સમૃદ્ધ છે. આ સાહિત્ય પ્રકાર જૈનોએ વિશિષ્ટ રીતે વિકસાવ્યો છે.

આમ, સ્વાધ્યાયનું મહત્ત્વ ઘણું છે. વારવાર સ્વાધ્યાય કરવા છતાં એમાં પુનરુક્તિનો કે પુનરાવૃત્તિનો દોષ આવતો નથી, બલકે પુનરુક્તિ સ્વાધ્યાય માટે ઇષ્ટ મનાય છે.

સ્વાધ્યાયનો મહિમા દર્શાવતાં કહેવાયું છે :

उवसमइ किण्हसप्पो जह मंतेण विधिणा पउत्तेण ।
तह हिदयकिण्हसप्पो सुट्ठु-जुत्तेण णाणेण ॥

જેવી રીતે વિધિથી પ્રયુક્ત મંત્ર દ્વારા કૃષ્ણસર્પ શાંત થઇ જાય છે તેવી રીતે સપ્રયુક્ત જ્ઞાનથી મનરૂપી કાળો સાપ શાંત થઇ જાય છે.

વળી ઉત્તરાધ્યન સૂત્રમાં કહ્યું છે :

जहा सुई ससुत्ता पडिया वि न विणस्सइ ।
तहा जीवे ससुत्ते संसारे न विणस्सइ ॥

જેવી રીતે સસૂત્ર (દોરાથી યુકત) સોય પડી જવાથી પણ વિનિષ્ટ (ગુમ) નથી થતી એવી રીતે સસૂત્ર (શ્રુત સંપન્ન) જીવ સંસારમાં ગુમ નથી થતો.

આ રીતે સાચો સ્વાધ્યાય જીવને પરંપરાએ સંસારમાંથી મુકિત અપાવે છે. ભગવતીસૂત્રમાં કહ્યું છે :

सवणे नाणे य विन्नाणे, पच्चक्खाणे य संजमे ।
अणण्हए तव चेव, वादाणे अकिरिया सिद्धि ॥

સાધુની સંગતિથી ધર્મશ્રવણ સાંપડે છે. ધર્મશ્રવણથી તત્ત્વજ્ઞાન, તત્ત્વજ્ઞાનથી વિજ્ઞાન (વિશિષ્ટ તત્ત્વબોધ) વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન (સાંસારિક પદાર્થોની વિરકિત અને તે માટેના નિયમો), પ્રત્યાખ્યાનથી સંયમ, સંયમથી અનાશ્રવ (નવા કર્મોનો અભાવ) અનાશ્રવથી તપ તપથી વ્યવદાન (પૂર્વે બાંધેલાં કર્મોનો નાશ), વ્યવદાનથી અકર્મતા (કર્મરહિતતા - નિષ્કર્મતા), એ નિષ્કર્મતાથી સિદ્ધિ (મુકિત પ્રાપ્ત થાય છે.

એટલા માટે જ તૈત્તિરીયોપનિષદમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે મુકિતલક્ષી આત્માઓએ સ્વાધ્યાયની બાબતમાં પ્રમાદ ન કરવો જોઇએ

स्वाध्यायान्मा प्रमदः ।

રમણલાલ ચી. શાહ

સાભાર સ્વીકાર

★ **અવધૂત શ્રી આનંદઘન ચોવીશી** * ભાવાર્થ-રાયચંદ અજાણી સંપા. નવીન ઘરમશી અને લક્ષ્મીચંદ મહેશ્વરી * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૧૦૫ મૂલ્ય-દર્શાવ્યું નથી. પ્રકા. શ્રી માણેકજી વેલજી ખોના ચેરિટેબલ ફાઉન્ડેશન એ/૩. ભાવેશ્વરનગર નં. ૪, ૩૦ તિલક રોડ ઘાટકોપર (પૂર્વ) મુંબઇ-૭૭.

★ **ભવની ભવાઈ** લે. ધીરુબહેન પટેલ * પૃષ્ઠ-૫૦ મૂલ્ય રૂા. ૧૫ પ્રકા. રસિક ઠાકર, સમન્વય હિંગળાજ માતા, નજર બાગપુરા, અમદાવાદ-૯ ★ **જીવન એક ખેલ** લે. કુંદનિકા કાપડિયા * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૪૮ મૂલ્ય : ૫-૦૦ પ્રકા. કુસુમ પ્રકાશન, ૬૧ એ. નારાયણનગર, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૭ ★ **જીવનમાં સફળતા મેળવવી છે ?** લે. મુકુન્દ પી. શાહ * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૪૮ * મૂ. રૂા. ૫-૦૦ પ્રકા. ઉપર મુજબ

★ **નિરોગી રહેવાની કળા** લે. વૈદ્ય બળદેવપ્રસાદ પનારા * ક્રાઉન સોળપેજી * પૃષ્ઠ-૮૦ * મૂલ્ય રૂ. ૧૦-૦૦ પ્રકા ઉપર મુજબ ★ **શ્રી સામયિક સૂત્ર** (અર્થ સાથે) ડેમી સાઇઝ * પૃષ્ઠ-૨૦ મૂલ્ય : સદુપયોગ પ્રકા. શ્રી લક્ષ્મીચંદ છ. સંઘવી-ફોરવર્ડ સ્ટુડીઓ, ૨, ઘૃતપાપેશ્વર બિલ્ડિંગ, મંગલવાડી, ૨૪૦, શંકરશેઠ રોડ, મુંબઇ-૪.

★ **દાદાજીનું વ્યવહારવિજ્ઞાન** પ્રકા. શ્રી દાદા ભગવાન વીતરાગ ટ્રસ્ટ વતી શ્રી ખેતશી નરશી ૨૦/૧૦, એ-જલલેન્ડ, નાયગામ ક્રોસ રોડ, વડાલા, મુંબઇ-૩૧.

★ **આંખો માટેના કુદરતી ઉપચાર** * ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૩૨ મૂલ્ય: રૂ. ૧૩૦ પ્રકા. શિશુવિહાર. કૃષ્ણનગર ભાવનગર ૩૬૪૦૦૨ ★ **ઉપવાસનું શાસ્ત્ર** લે. સંતબાલ, ક્રાઉન સોળ પેજી * પૃષ્ઠ-૩૨ મૂલ્ય રૂ. ૨-૦૦ પ્રકા. શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઇની વાડી, અમદાવાદ-૩૮૦૦૦૪.

★ **સુઘ્ઘર સાવજ રી વાત** સંપા. ડો પ્રભાશંકર તેરૈયા અને શ્રી રતુદાન રોહડિયા * ડેમી સાઇઝ * પૃષ્ઠ-૧૯૮ * મૂલ્ય રૂા. ૩૦/- પ્રકા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડો. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯-૩૦ થી ૧-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો-ઓપરેટિવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે પ્રાર્થના સમાજ, મુંબઇ-૪૦૦૦૦૪ (ફોન : ૩૫૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮ ખાતે ડો. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોકત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

પ્રવીણચંદ્ર મંગલદાસ શાહ **કે. પી. શાહ**
સંયોજક **નિરુબહેન એસ. શાહ**
મંત્રીઓ

સંઘના હીરક મહોત્સવ પ્રસંગે મળેલી ભેટ રકમ

અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે આ વર્ષે સંઘની સ્થાપનાને ૬૦ વર્ષ પૂરાં થાય છે એ હીરક મહોત્સવ પ્રસંગે સંઘની કાર્યવાહક સમિતિએ સંઘની જ્ઞાનલક્ષી, સંસ્કાર-લક્ષી અને કરુણાભરી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ માટે રૂપિયા પચ્ચીસ લાખનો નિધિ એકત્ર કરવાનું ઠરાવ્યું છે. સંઘની સમિતિમાં આ પ્રસ્તાવ મૂકતા સમિતિના સૌ સભ્યોએ ઉમંગ અને ઉલ્લાસથી ઘણી મોટી રકમ નોંધાવી છે. તદુપરાંત સંઘના મિત્રો તેમજ શુભેચ્છકોનો સંપર્ક સાધતાં તેમનો પણ સારો પ્રતિસાદ સાંપડ્યો છે. તેના પરિણામે તા. ૨૬-૮-'૮૮ સુધીમાં પાંચ લાખથી વધુ રકમના વચનો મળ્યાં છે, તેની યાદી નીચે પ્રગટ કરવામાં આવે છે. સ્થળસંકોચને કારણે વધુ નામાવલી આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે. પર્યુષણ પર્વ નિમિત્તે સંઘના સભ્યો અને શુભેચ્છકો તરફથી અમને મોટી રકમની ભેટ દ્વારા સારું પ્રોત્સાહન મળી રહેશે એવી આશા છે.

૧૦૦૦૦૦ શ્રી દીપચંદભાઈ એસ. ગાડી
૫૧૦૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ શાહ
૨૫૦૦૦ મે. નવનીત પ્રકાશન
હ. શ્રી હુંગરશી રામજી ગાલા
૧૫૦૦૦ શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાલા
૧૫૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૧૫૦૦૦ શ્રી હિંમતલાલ ડાહ્યાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ
હ. શ્રી શૈલેશભાઈ કોઠારી
૧૫૦૦૦ શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ
૧૫૦૦૦ મે સવાણી ટ્રાન્સપોર્ટ
૧૫૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૧૧૦૦૦ શ્રી બિપિનભાઈ જૈન
૧૧૦૦૦ શ્રી મહિપતરાય જાદવજી શાહ
૧૧૦૦૦ શ્રી વસનજી લખમશી શાહ
૧૧૦૦૦ શ્રી શાંતિલાલ ભાવચંદ ગાંધી
૧૧૦૦૦ શ્રી અરુણભાઈ પરીખ
૧૧૦૦૦ મે. સ્ટાન્ડર્ડ વાયર પ્રોડક્ટસ
૧૧૦૦૦ શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન
૧૧૦૦૦ શ્રી મહાસુખભાઈ મણિલાલ શાહ
૧૦૦૦૦ મે. એશિયન પેઇન્ટસ
૧૦૦૦૦ શ્રી કલાવતીબહેન મહેતા પરિવાર તરફથી
૧૦૦૦૦ શ્રી મૃદુલાબહેન જસુભાઈ શાહ
૭૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૬૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫૦૦૦ ડો. રમણલાલ ચી. શાહ તથા પ્રા. તારાબહેન ર. શાહ
૫૦૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૫૦૦૦ શ્રી. કે. પી શાહ
૫૦૦૦ શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૫૦૦૦ શ્રી સી. એન. સંઘવી
૫૦૦૦ શ્રીમતી જ્યોતિબહેન પી શાહ
૫૦૦૦ શ્રીમતી મીરાંબહેન મહેતા
૫૦૦૦ શ્રી સંયુકતાબહેન મહેતા
૫૦૦૦ શ્રી રમાબહેન વોરા
૫૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ વોરા
૫૦૦૦ શ્રી કિશોરભાઈ લક્ષ્મીચંદ વોરા
હ. શ્રી રજનીભાઈ વોરા
૫૦૦૦ શ્રી મહેન્દ્રભાઈ સી. મહેતા
૫૦૦૦ શ્રી પૂનમબહેન અતુલભાઈ શાહ
૫૦૦૦ શ્રી વિદ્યાબહેન ચત્રભૂજ સંઘવી
૫૦૦૦ શ્રી મણીલાલ શામજી વીરાણી ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી ચંપકભાઈ અજમેરા
૫૦૦૦ શ્રી યશવંતભાઈ દાદભાવાલા
ચેરીટેબલ ટ્રસ્ટ, હા. ધીરજબહેન
૪૦૦૦ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૪૦૦૦ શ્રી ગણપતલાલ મ. ઝવેરી
૩૦૦૮ શ્રી જસવંતલાલ મગનલાલ અજમેરા
૨૫૦૦ શ્રી નિરુબહેન એસ. શાહ તથા
શ્રી સુબોધભાઈ એમ. શાહ
૨૫૦૦ શ્રી વસુમતીબહેન ભણસાલી
૨૫૦૦ શ્રી મનમોહનદાસ ડી. સંઘવી
૨૫૦૦ શ્રી કુસુમબહેન ભાઉ
૧૫૦૦ શ્રી સ્મિતાબહેન એસ. કામદાર
૧૫૦૦ શ્રી જ્યાબહેન ટી. વીરા
૧૫૦૦ શ્રી ધીરજબહેન વોરા
૧૫૦૦ શ્રી બચુભાઈ પી. દોશી
૧૫૦૦ શ્રી શાંતાબહેન બાબુભાઈ કામદાર
૧૫૦૦ મે. રવિ ટ્રાન્સપોર્ટ સરવીસ

૫૧૨૫૦૦
૧૯૯૦૭ આ સિવાયની રૂા. ૧૫૦૦ થી નીચેની આવેલ રકમોનો સરવાળો.

૫૨૩૪૦૭

શ્રી દીપચંદ ત્રિભોવનદાસ ટ્રસ્ટ ગ્રન્થ શ્રેણી
ગ્રન્થ ચોથો
જિનતત્ત્વ ભાગ-૨
લેખક : ડો. રમણલાલ ચી. શાહ
પ્રગટ થઈ ગયો છે.
મૂલ્ય રૂા. ૨૦/-
-: પ્રકાશક :-
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વી. પી. માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૪ ફોન : ૩૫૦ ૨૯૬
નોંધ : સંઘના સર્વ સભ્યોને માટે કિંમત રૂપિયા પંદર

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ગુરુવાર, તા. ૮-૯-૧૯૮૮ થી શુક્રવાર, તા. ૧૬-૯-૧૯૮૮ સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ – ૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ નવેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૨૦ અને ૯-૩૦ થી ૧૦-૨૦ એમ રોજ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :—

દિવસ	તારીખ	વ્યાખ્યાતા	વિષય
ગુરુવાર,	૮-૯-૮૮	૧. શ્રી શશીકાન્ત મહેતા	જૈન ધર્મમાં પુનર્જાગરણનો યુગ
		૨ શ્રી સુનંદાબહેન વોહોરા	વીતરાગ માર્ગબોધનું રહસ્ય
શુક્રવાર,	૯-૯-૮૮	૧. ડૉ. રમેશભાઇ ભટ્ટ	ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના
		૨. ડૉ. નરેન્દ્ર ભાણાવત	वीतरागताः आधुनिक संदर्भमें
શનિવાર,	૧૦-૯-૮૮	૧. પ્રા. જયંતભાઇ કોઠારી	ઉપાધ્યાય યશોવિજયજી : જ્ઞાનમાર્ગી અને અનુભવમાર્ગી
		૨. શ્રી પુરુષોત્તમ માવળંકર	સર્વપલ્લી રાધાકૃષ્ણન : દાર્શનિક રાજનીતિજ્ઞ
રવિવાર,	૧૧-૯-૮૮	૧. પૂ. સાધ્વીશ્રી કસ્તુરાંજી	समत्व और व्यक्तित्व
		૨. શ્રી સત્યનારાયણ ગોએન્કા	સાંપ્રદાયિકતાવિહીન ધર્મ
સોમવાર,	૧૨-૯-૮૮	૧. શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદી	સંતવાણી
		૨. શ્રી ચંદનમલ ચાંદ	જૈન ધર્મ एवम् दर्शनकी मौलिक विशेषताए
મંગળવાર,	૧૩-૯-૮૮	૧. ડૉ. વિલાસ સંગાવે	भारतीय संस्कृतिमें जैनोंका योगदान
		૨. ડૉ. દોલતભાઇ દેસાઇ	સુખ નામે લીલૂડા પ્રદેશમાં
બુધવાર,	૧૪-૯-૮૮	૧. પ્રા. રમેશભાઇ દવે	મન કે જીતે જીત
		૨. ડૉ. ઉષાબહેન મહેતા	શ્રી માં શારદાદેવી
ગુરુવાર,	૧૫-૯-૮૮	૧. પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજી	સંવત્સરી મહાપર્વ
		૨. પ્રા. તારાબહેન ર. શાહ	કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય
શુક્રવાર,	૧૬-૯-૮૮	૧. ડૉ. રમણલાલ ચી. શાહ	બે ઘડિદુર્લભ ભાવના
		૨. પૂ. મોરારી બાપુ	ધર્મ અને સંસ્કૃતિ

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ પ્રાર્થના અને ભજનો રજૂ કરશે– અનુક્રમે શ્રી રવિ નાસર, શ્રીમતી શ્યામલી મુખરજી, શ્રીમતી પૂર્ણિમા શેઠ, શ્રીમતી ચંદ્રા કોઠારી, શ્રી જતીન શાહ, શ્રી લલિત સોઢા, શ્રીમતી હેમંતી ઝવેરી, શ્રીમતી શોભા સંઘવી, કુ. સાધના સરગમ અને કુ સોનાલી બાજપાયી.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સૌ સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, શુભેચ્છકો તથા મિત્રોને પ્રેમભર્યું નિમંત્રણ છે.

લિ.

શૈલેશ એચ. કોઠારી	રમણલાલ ચી. શાહ–પ્રમુખ	કે. પી. શાહ
વસુમતીબહેન સી. ભણશાલી	ચીમનલાલ જે. શાહ–ઉપપ્રમુખ	નિરુબહેન એસ. શાહ
ધીરજલાલ એફ. શાહ	પ્રવીણચંદ્ર કે. શાહ–કોષાધ્યક્ષ	માનાર્હ મંત્રીઓ
–સહમંત્રીઓ		

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૬૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૧૦

મુંબઇ, તા. ૧૬-૯-૧૯૮૮
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

श्रीवीतरागस्तोत्रम्

મુંબઇમાં સંગીત ભવન ટ્રસ્ટ તરફથી શ્રી અજિત શેઠ અને શ્રીમતી નિરુપમા શેઠે તા. ૩, ૪ અને ૫, સપ્ટેમ્બરના રોજ શ્રી હેમ સારસ્વત સત્રનું સુંદર આયોજન કર્યું હતું. એ સત્રમાં મારે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યનાં સ્તોત્ર, કોશ તથા કાવ્યાલંકારના સાહિત્ય વિશે બોલવાનું હતું. એ પ્રસંગે હેમચંદ્રાચાર્યના 'વીતરાગસ્તોત્ર'નું ફરી એકવાર અધ્યન કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

હેમચંદ્રાચાર્યે 'વીતરાગસ્તોત્ર'ની રચના વીસ પ્રકાશના કુલ ૧૮૮ શ્લોકમાં કરી છે. આ રચના એમણે રાજા કુમારપાળને માટે કરી હતી એમ એમાં આવતા નીચેના શ્લોક ઉપરથી તે સ્પષ્ટ છે.

श्रीहेमचन्द्रप्रभवाद्वीतरागस्तवादितः ।
कुमारपालभूपालः प्राप्नोतु फलमीप्सितम् ॥

(શ્રી હેમચંદ્રસૂરિએ રચેલા આ શ્રી વીતરાગસ્તવથી શ્રી કુમારપાલ ભૂપાલ શ્રદ્ધા-વિશુદ્ધિલક્ષણ અને કર્મક્ષય લક્ષણ ઇચ્છિત ફળને પ્રાપ્ત કરો.)

આમ, પોતાની કૃતિમાં હેમચન્દ્રાચાર્યે પોતાના નામનો અને કુમારપાળ મહારાજાના નામનો નિર્દેશ ગૂંથી લીધો છે. મૂળ કૃતિમાં જ નામનો સમાવેશ કરાયો હોવાથી કુમારપાળ મહારાજા માટે આ કૃતિ લખાઇ છે એ વિશે સંદેહ રહેતો નથી. વળી આ શ્લોક વીતરાગસ્તોત્રમાં એક નહિ પણ બે વાર અપાયો છે. પ્રથમ પ્રકાશને અંતે અને ફરીથી છેલ્લે વીસમા પ્રકાશના અંતે.

વીતરાગસ્તોત્રની રચના હેમચંદ્રાચાર્યે બરાબર કઇ સાલમાં કરી હશે તે નિશ્ચિતપણે આધારસહિત જાણવા મળતું નથી. પરંતુ કુમારપાળ રાજા ગાદીએ આવ્યા અને ત્યારપછી એમણે જૈનધર્મ અંગીકાર કર્યો તે પછી જ આ રચના થઇ છે એમ આ શ્લોક ઉપરથી સ્પષ્ટ થાય છે. આંતરબાહ્ય પ્રમાણો ઉપરથી વિદ્વાનો માને છે કે વિ. સં. ૧૨૦૦ની આસપાસ આ કૃતિની રચના થયેલી છે.

એક કિંવદંતી પ્રમાણે જીવનની ઉત્તરાવસ્થામાં તબિયત વગેરેને કારણે કુમારપાળ મહારાજા અસ્વસ્થતા અનુભવતા હતા તે સમયે એમને સાંત્વન આપવા માટે તથા જૈનધર્મ વિશે કેટલીક તાત્વિક સમજણ આપવા માટે હેમચંદ્રાચાર્યે આ સ્તોત્રની રચના કરી હતી

આ સ્તોત્રમાં હેમચંદ્રાચાર્યે જે રીતે શ્લોક લખ્યા છે અને આખી કૃતિનું આયોજન કર્યું છે તથા તેમાં ભાષા અને વિચારની જે પ્રૌઢિ જણાય છે તે ઉપરથી આ વીતરાગસ્તોત્રની રચના હેમચંદ્રાચાર્યે જીવનની ઉત્તરાવસ્થામાં કરી હશે એવી સ્પષ્ટ પ્રતીતિ થાય છે. 'સિદ્ધહેમશબ્દાનુશાસન', 'દ્વયાશ્રય મહાકાવ્ય', 'ત્રિશષ્ટિશલાકા-પુરુષ ચરિત્ર' અને 'યોગશાસ્ત્ર' જેવા મહાન ગ્રંથોની રચના પછી હેમચંદ્રાચાર્ય તરફથી એમની પરિણત પ્રજ્ઞાના ફળ તરીકે આ કૃતિ આપણને પ્રાપ્ત થાય છે. જેમ 'યોગશાસ્ત્ર'ની રચના કુમારપાળ મહારાજાની પ્રેરણાથી કરવામાં આવી હતી તેવી જ રીતે 'યોગશાસ્ત્ર' પછી આ 'વીતરાગસ્તોત્ર'ની રચનામાં પણ કુમારપાળ મહારાજાની પ્રેરણા રહેલી છે. કુમારપાળ પ્રતિબોધક હેમચંદ્રાચાર્ય પાસેથી આપણને આ બે મહાન કૃતિઓ કુમારપાળ મહારાજાને નિમિત્તે પ્રાપ્ત થઇ છે. એ રીતે આ બે કૃતિઓ માટે હેમચંદ્રાચાર્ય ઉપરાંત કુમારપાળ મહારાજા પ્રત્યે પણ આપણે ઋણી છીએ.

'વીતરાગસ્તોત્ર' નામનું આ સ્તોત્ર 'વીતરાગસ્તવ' અથવા 'વિંશતિપ્રકાશ' એવા અપર નામથી પણ પ્રચલિત છે. સ્તોત્ર ઉપર ખરતરગચ્છના પ્રભાનંદસૂરિએ ૨૧૨૫ જેટલા શ્લોકની 'દુર્ગપદપ્રકાશ' નામની ટીકા લખી છે. તદુપરાંત સોમ-ઉદયગણિએ વિ. સ. ૧૫૧૨માં એક ટીકા લખી છે. રાજસાગરે અને માણિક્યગણિએ પણ એના ઉપર ટીકાઓ લખી છે. તદુપરાંત મેઘરાજે વિ. સં. ૧૫૧૦માં અને નયનસાગરગણિ (અથવા નંદિસાગરગણિ)એ વિ. સ. ૧૫૨૫માં 'વીતરાગસ્તોત્ર' ઉપર અવચૂરિ લખી છે આ ઉપરાંત બીજી કેટલીક ટીકાઓ, વૃત્તિઓ કે અવચૂરિઓ 'વીતરાગસ્તોત્ર' ઉપર લખાઇ છે આ ઉપરથી હેમચંદ્રાચાર્યની સ્તોત્રના પ્રકારની આ કૃતિ કેટલી મહત્ત્વની છે તે આપણને સમજાય છે.

અર્વાચીન સમયમાં વીતરાગસ્તોત્રના કેટલાક ગુજરાતી અનુવાદો પણ થયા છે. એમાં મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીએ (ઇ. સ. ૧૯૪૯) તથા મુનિશ્રી કપૂરવિજયજીએ ગુજરાતી અનુવાદ કર્યો છે. તદુપરાંત સાંકળચંદ પીતાંબર શાહ નામના એક ગૃહસ્થે હરિગીત તથા અન્ય છંદમાં સુંદર ગુજરાતીમાં પદ્યાત્મક અનુવાદ કર્યો છે. આગમોદ્ધારક સાગરાનંદસૂરિએ પણ

આરંભના ૭ પ્રકાશ સુધીનો પદ્યાત્મક અનુવાદ કર્યો છે અને તે વિ. સં. ૨૦૦૬માં છપાયેલો છે.

કુમારપાળ મહારાજા પછી પાટણની ગાદીએ આવેલા અજયપાળ રાજાના મંત્રી યશઃપાલ સંસ્કૃત ભાષાના મોટા વિદ્વાન હતા અને એમણે 'મોહરાજ પરાજય' નામનું સંસ્કૃતમાં નાટક લખ્યું છે. એમાં એમણે વીતરાગસ્તોત્રના વીસ પ્રકાશને વીસ દિવ્ય ગુલિકા (ગોળીઓ) તરીકે ઓળખાવ્યાં છે.એટલે 'વીતરાગ-સ્તોત્ર' એ આધ્યાત્મિક રોગમાં દિવ્ય ઔષધ સમાન છે એમ મનાય છે. એના રસપૂર્વકના અને શ્રદ્ધા સહિતના અધ્યયનથી એ વાતની પ્રતીતિ થાય છે.

હેમચંદ્રાચાર્યે 'અયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા,' અન્યયોગ-વ્યવચ્છેદદ્વાત્રિંશિકા', 'મહાદેવસ્તોત્ર' તથા 'સકલાર્હંતસ્તોત્ર' જેવાં સ્તોત્રોની રચના કર્યા પછી, આ વિષયમાં સિદ્ધહસ્ત થયા પછી 'વીતરાગસ્તોત્ર'ની રચના કરી છે. એટલે પોતાની પુરોગામી સ્તોત્રકૃતિઓ કરતાં 'વીતરાગસ્તોત્ર'માં એમની સર્જકતા કાવ્યની બાહ્ય આકૃતિની દૃષ્ટિએ પણ વધુ ખીલી છે. વળી એમાં ભક્તિભાવની આર્દ્રતાની સ્થળે સ્થળે પ્રતીતિ થાય છે. કેટલાક પ્રકાશમાં તત્ત્વજ્ઞાનની ચર્ચા એટલી સપ્રમાણ, સંક્ષિપ્ત અને સચોટ રીતે અભિવ્યક્ત થઇ છે કે તે વાંચતાં જ વાચકના મનમાં વસી જાય છે

વીતરાગસ્તોત્રના વીસ પ્રકાશમાં કેવા વિષયનું નિરૂપણ આવે છે તે વિતરણકાર શ્રી પ્રભાનંદસૂરિએ નીચે પ્રમાણે એક એક શબ્દમાં જણાવ્યું છે.

પ્રકાશ (૧) પ્રસ્તાવના, (૨) સહજાતિશયવર્ણન (૩) કર્મક્ષય-જાતિશયવર્ણન, (૪) સુરકૃતાતિશયવર્ણન, (૫) પ્રાતિહાર્ય (૬) વિપક્ષનિરાસ, (૭) જગત્કર્તૃત્વનિરાસ, (૮) એકાન્તનિરાસ, (૯) કલિકાલોપાલંભ, (૧૦) અદ્‌ભુત (૧૧) મહિમ, (૧૨) વૈરાગ્ય, (૧૩) વિરોધહેતુનિરાસ, (૧૪) યોગશુદ્ધિ, (૧૫) ભક્તિ, (૧૬) આત્મગર્હા, (૧૭) શરણ, (૧૮) કર્તવ્યોદ્યત, (૧૯) આજ્ઞા અને (૨૦) આશિષ.

હેમચંદ્રાચાર્ય પ્રથમ પ્રકાશના પ્રથમ શ્લોકમાં પરમાત્માનું સ્વરૂપ વર્ણવતાં કહે છે :

યઃ પરાત્મા પરંજ્યોતિઃ, પરમઃ પરમેષ્ઠિનામ્ ।
આદિત્યવર્ણં તમસઃ, પરસ્તાદામનન્તિ યમ્ ॥ ૧ ॥

(જે પરમાત્મા, પરંજ્યોતિ અને પરમેષ્ઠિઓમાં શ્રેષ્ઠ છે, જેમને પંડિતપુરુષો અજ્ઞાનની પેલેપાર ગયેલા અને સૂર્યની જેવા ઉદ્‌દ્યોત કરવાવાળા માને છે.)

આરંભના ચાર શ્લોકોમાં પરમાત્માનું સ્વરૂપ વર્ણવીને તેમને નમસ્કાર કરતાં તેઓ કહે છે :

તત્ર સ્તોત્રેણ કુર્યાં ચ, પવિત્રાં સ્વાં સરસ્વતીમ્ ।
ઇદં હિ ભવકાન્તારે, જન્મિનાં જન્મનઃ ફલમ્ ॥

(ઉપર બતાવેલ પ્રભુ વિષે સ્તુતિ કરવા વડે હું મારી વાચાને પવિત્ર કરું છું કારણ કે આ ભવરૂપી અટવીમાં પ્રભુનું સ્તવન કરવું એ જ આ જન્મધારિયોનાં જન્મનું ફળ છે.)

આવા પરમાત્માની સ્તુતિ કરવા વિશે પોતાની લઘુતા, અપાત્રતા દર્શાવતાં તેઓ કહે છે :

ક્વાહં પશોરપિ પશુર્વીતરાગસ્તવઃ ક્વ ચ ।
ઉત્તિતીર્ષુરરણ્યાનીં પદ્‌ભ્યાં પંગુરિવાસ્મ્યહમ્ ॥

(પશુમાં પણ ક્ષુદ્ર પશુ જેવો હું ક્યાં? અને વીતરાગ પરમાત્માની સ્તુતિ ક્યાં? એટલે હું તો પગે ચાલીને આખું અરણ્ય ઓળંગવાની ઇચ્છા ધરાવનાર લંગડા માણસ જેવો છું.)

તથાપિ શ્રદ્ધામુગ્ધોહં નોપાલમ્યઃ સ્ખલન્નાપ ।
વિશૃઙ્ખલાપિ વાગ્વૃત્તિઃ શ્રદ્દધાનસ્ય શોભતે ॥

(તો પણ શ્રદ્ધાથી મુગ્ધ એવો હું પ્રભુની સ્તુતિ કરવામાં સ્ખલના પામવા છતાં ઉપાલંભને પાત્ર નથી. શ્રદ્ધાળુ આત્માની સંબંધ વિનાની વાક્યરચના પણ શોભાને પામે છે.)

બીજા પ્રકાશમાં ભગવાનના સહજાતિશયનું વર્ણન કવિ કરે છે. પ્રભુના દેહ વિશે તેઓ કહે છે :

ન કેવલં રાગમુક્તં, વીતરાગ ! મનસ્તવ ।
વપુઃસ્થિતં રક્તમપિ, ક્ષીરધારાસહોદરમ્ ॥

હે વીતરાગ ! કેવળ આપનું મન રાગરહિત છે એમ નથી; આપના શરીરમાં રહેલું રુધિર પણ (રાગના અભાવથી) દૂધની ધારા જેવું ઉજ્જ્વળ છે.

ત્રીજા પ્રકાશમાં કર્મક્ષયને લીધે ઉત્પન્ન થયેલા અગિયાર અતિશયોનું વર્ણન એમણે કર્યું છે અને મૈત્રી વગેરે ચાર ભાવના વડે પૂજનીય એવા યોગાત્મસ્વરૂપ પરમાત્માને તેઓ નમસ્કાર કરે છે. જુઓ :

મૈત્રીપવિત્રપાત્રાય, મુદિતામોદશાલિને ।
કૃપોપેક્ષાપ્રતીક્ષાય, તુભ્યં યોગાત્મને નમઃ ॥

મૈત્રીભાવનાના પવિત્ર પાત્રરૂપ, પ્રમોદ ભાવના વડે સુશોભિત તથા કરુણા અને માધ્યસ્થ ભાવના વડે પૂજનીય યોગાત્મા–યોગસ્વરૂપ એવા આપને નમસ્કાર થાઓ.

ચોથા પ્રકાશમાં દેવકૃત અતિશયોનું વર્ણન છે. સમવસરણમાં બિરાજમાન તીર્થંકર પરમાત્માનું વર્ણન કરતાં કવિ કેવી સુંદર કલ્પના કરે છે :

દાનશીલતપોભાવભેદાદ્ધર્મં ચતુર્વિધમ્ ।
મન્યે યુગપદાખ્યાતું, ચતુર્વક્ત્રોઽભવદ્ભવાન્ ॥

દાન, શીલ, તપ અને ભાવનાભેદથી ચાર પ્રકારના ધર્મને એક સાથે કહેવા માટે જ હોય નહિ તેમ આપ ચાર મુખવાળા થયા છો, એમ હું માનું છું.

પાંચમા પ્રકાશમાં ભગવાનના અશોકવૃક્ષ. સુરપુષ્પવૃષ્ટિ, ચામર, દિવ્યધ્વનિ વગેરે આઠ પ્રાતિહાર્યોનું વર્ણન છે. દિવ્ય-ધ્વનિ વિશે વર્ણવતાં કવિ લખે છે :

માલવકૈશિકીમુખ્ય, — ગ્રામરાગપવિત્રિતઃ ।
તવ દિવ્યો ધ્વનિઃ પીતો, હર્ષોદ્‌ગ્રીવૈર્મૃગૈરપિ ॥

માલકોશ વગેરે ગ્રામરાગથી પવિત્ર થયેલો આપનો દિવ્યધ્વનિ હર્ષ વડે ઊંચી ગ્રીવાવાળા બનેલા હરણિયાઓ દ્વારા પણ પીવાયો છે.

છઠ્ઠા પ્રકાશમાં વીતરાગ પરમાત્માનું સ્વરૂપ અન્ય સંપ્રદાયના દેવો કરતાં કેટલું વિશિષ્ટ છે તે આચાર્યશ્રી તર્કયુક્ત દલીલો સાથે સમજાવે છે. તીર્થંકર પરમાત્મા રાગદ્વેષ રહિત હોય છે. રાગરહિત થવું સરળ નથી. તેમાં પણ દૃષ્ટિરાગથી મુક્ત થવું એ તો અત્યંત દુષ્કર છે. કવિ લખે છે:

कामरागस्नेहरागावीषत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामपि ॥

કામરાગ અને સ્નેહરાગનું નિવારણ સુકર છે, કિન્તુ પાપિષ્ઠ એવો દ્રષ્ટિરાગ સજ્જન પુરુષોને પણ દુરુચ્છેદ્ય છે.

'વીતરાગસ્તોત્ર'માં એનો સાતમો પ્રકાશ ઘણો મહત્ત્વનો છે કારણ કે એમાં જગતના કર્તૃત્વનો પ્રશ્ન કવિએ લીધો છે. ભગવાને આ જગતની રચના કરી છે એવું જો માનવામાં આવે તો કેટલા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે જેના સંતોષકારક જવાબ મળતા નથી. માટે જૈન ધર્મ માને છે કે આ જગત અનાદિ અનંત છે. એના કોઈ સર્જનહાર કે વિસર્જનહાર નથી. શરીરરહિત પરમાત્માને એ ઘટતું પણ નથી કવિ લખે છે:

अदेहस्य जगत्सर्गे, प्रवृत्तिरपि नोचिता ।
न च प्रयोजनं किंचित्, स्वातन्त्र्यान्नपराज्ञया ॥

શરીર રહિતને જગતનું સર્જન કરવાની પ્રવૃત્તિ પણ ઘટતી નથી. કૃતકૃત્ય હોવાથી સર્જન કરવાનું કોઇ પ્રયોજન નથી અને સ્વતંત્ર હોવાથી પારકાની આજ્ઞાએ પણ પ્રવર્ત્તવાનું નથી.

क्रीडया चेत्प्रवर्त्तेत, रागवान् स्यात् कुमारवत् ।
कृपयाऽथ सृजेत्तर्हि, सुखयेत् सकलं सृजेत् ॥

ક્રીડા માટે જો પ્રવર્તે તો બાળકની જેમ રાગવાન ઠરે, અને જો કૃપાથી બનાવે તો સકળ જગતને સુખી જ બનાવે.

दुःखदौर्गत्यदुर्योनिजन्मादिक्लेशविह्वलम् ।
जनं तु सृजतस्तस्य, कृपालोः का कृपालुता ?

દુઃખ, દૌર્ગત્ય અને દુષ્ટ-યોનિઓને વિષે જન્માદિના કલેશવડે વિહવલ એવા જગતને સર્જતા તે કૃપાલુની કૃપાલુતા ક્યાં રહી ?

कर्मापेक्षः स चेत्तर्हि, न स्वतन्त्रोऽस्मदादिवत् ।
कर्मजन्ये च वैचित्र्ये, किमनेन शिखण्डिना ? ॥

દુઃખાદિ દેવામાં જો તે પ્રાણીઓના કર્મની અપેક્ષા રાખે છે, તો તે અમારી-તમારી જેમ સ્વતંત્ર નથી અને જગતનું વૈચિત્ર્ય જો કર્મજન્ય છે તો નપુંસક સમાન ઈશ્વરને વચ્ચે લાવવાની પણ શી જરૂર છે ?

આઠમો પ્રકાશ દાર્શનિક તત્ત્વચર્ચાથી યુકત છે. એમાં દ્રવ્ય અને પર્યાય, નિત્ય અને અનિત્યની ચર્ચામાં જૈન દર્શને અનેકાન્તવાદ દ્વારા કેવો સરસ સમન્વય કર્યો છે તે દર્શાવાયું છે. કવિ લખે છે:

तत्त्वस्यैकान्तनित्यत्वे कृतनाशाकृतागमौ ।
स्यातामेकान्तनाशेऽपि, कृतनाशाकृतागमौ ॥

પદાર્થનું એકાન્ત નિત્યપણું માનવામાં કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષ છે. એકાન્ત અનિત્યપણું માનવામાં પણ કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષ રહેલા છે.

એક સાથે નિત્ય અને અનિત્ય એ બે ગુણ કેમ સંભવી શકે તેના ઉત્તરમાં તેઓ કહે છે કે સમન્વય દ્રષ્ટિથી દોષો નિવારી શકાય છે. આયુર્વેદમાંથી સરસ દૃષ્ટાન્ત આપતાં તેઓ કહે છે:

गुडो हि कफहेतुः स्यान्नागरं पित्तकारणम् ।
द्वयात्मनि न दोषोऽस्ति, गुडनागरभेषजे ॥

ગોળ એ કફનો હેતુ છે અને સૂંઠ એ પિત્તનું કારણ છે. જ્યારે ગોળ અને સૂંઠ બન્ને એકત્ર મળે છે ત્યારે દોષ રહેતો નથી. કિન્તુ ભેષજ (ઔષધ) રૂપ બની જાય છે.

નવમા પ્રકાશમાં કલિયુગનો મહિમા દર્શાવ્યો છે. કેટલીક અપેક્ષાએ સત્યયુગ કરતાં પણ કલિયુગ ચડિયાતો છે અને પ્રભુની અલ્પકાળની ભકિતથી મોક્ષ અપાવનારો છે એની કેટલીક વિશેષતા હેમચન્દ્રાચાર્યે સરસ બુદ્ધિગમ્ય રીતે દર્શાવી છે. નમૂના તરીકે નીચેના ત્રણ શ્લોક જુઓ :

यत्राऽल्पेनाऽपि कालेन, त्वत्स्यक्तैः फलमाप्यते ।
कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ॥

જ્યાં અલ્પકાળમાં પણ આપની ભકિતનું ફળ પ્રાપ્ત કરાય છે, તે એક કલિકાલ જ સ્પૃહણીય છે। કૃતયુગાદિ અન્ય યુગો વડે સયું.

श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्ययातां यदीश ! तत् !
त्वच्छासनस्य साम्राज्यमेकच्छत्रं कलावपि ॥

હે ઇશ! શ્રદ્ધાવાન શ્રોતા અને બુદ્ધિમાન વકતા, એ બેનો યોગ થાય તો આ કલિકાલમાં પણ આપના શાસનનું સામ્રાજ્ય એકછત્રપણે વર્તે છે.

बहुदोषो दोषाढ्यैनात्वत्तः कलिरशोभत ।
विषयुक्ता विषहरात् फजीन्द्र इव रत्नतः ॥

અઢાર દોષ રહિત એવા તમારા વડે ઘણા દોષવાળો કલિકાલ શોભી રહ્યો છે. જેવી રીતે વિષવાળો વિષધર સર્પ વિષને હરણ કરનાર મણિથી શોભે છે, તેવી રીતે આ કલિકાલ શોભે છે

દશમા પ્રકાશમાં તીર્થંકર પરમાત્માના વિવિધ ગુણોનું હૃદયગમ વર્ણન તેઓ કરે છે. એમના મહિમાનું વર્ણન કરતાં તેઓ લખે છે:

नारका अपि मोदन्ते यस्य कल्याणपर्वसु ।
पवित्रं तस्य चारित्रं को वा वर्णयितुं क्षमः ॥

જેના કલ્યાણકારી ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, મોક્ષ-કલ્યાણક પર્વોમાં સર્વદા દુખી-નારકીઓ પણ હર્ષ પામે છે, તેના પવિત્ર ચારિત્રનું વર્ણન કરવાને કોણ સમર્થ છે ?

અગિયારમા અને બારમા પ્રકાશમાં વીતરાગ પ્રભુના વિવિધ ગુણોનું સંકીર્તન તેઓ કરે છે, અને અન્ય તીર્થિકો કરતાં તીર્થંકર કેવી રીતે ભિન્ન છે તે દર્શાવે છે. બારમા પ્રકાશમાં તેઓ કહે છે:

दुःखगर्भं मोहगर्भं वैराग्यं निष्ठिताः परे ।
ज्ञानगर्भं तु वैराग्यं त्वदुच्चैकायनतां गतम् ॥

હે ભગવન ! પરતીર્થિકો દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યમાં સ્થિત થયેલા છે, પરંતુ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો કેવળ આપનામાં જ એકીભાવને પામેલ છે.

તેરમા પ્રકાશમાં હેમચંદ્રાચાર્ય તીર્થંકરને પણ મહાદેવ, વિષ્ણુ કે બ્રહ્મા તરીકે કેવી રીતે ઓળખાવી શકાય તે દર્શાવતાં લખે છે:

अभवाय महेशायऽगदाय नरकच्छिदे ।
असजस्तय वहणे करमैचिद् भगवते नमः ॥

ભવ (મહાદેવ) નહિ છતાં મહેશ્વર, ગદા નહિ છતાં નરકને છેદનારા નારાયણ, રજો ગુણ નહિ છતાં બ્રહ્મા એવાં કોઇ એક આપને નમસ્કાર થાઓ.

ચૌદમા પ્રકાશમાં પરમાત્માના યોગનું માહાત્મ્ય વર્ણવતાં કવિ લખે છે :

ध्याता ध्येयं तथा ध्यान, त्रयमेकात्मतां गतम् ।
इति ते योगमाहात्म्यं कथं श्रद्धीयतां परैः ? ॥

ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણે આપને વિષે એકપણાને–અભેદભાવને પામી ગયા છે. આ પ્રકારના આપના યોગના માહાત્મ્યને બીજાઓ કેવી રીતે શ્રદ્ધા કરી શકે ?

પંદરમા પ્રકાશમાં પરમાત્માના અપૂર્વ ગુણોને ઓળખવા બદલ કવિ પોતાની કૃતકૃત્યતા વર્ણવે છે. સોળમા અને સત્તરમા પ્રકાશમાં પોતાની ભક્તિ અને શરણાગતિના ભાવનું નિરૂપણ છે. અઢારમા શતકમાં પશુપક્ષીરૂપી આસન કે હાથમાં આયુધો–રહિત દેવાધિદેવની મહત્તા કેવી છે તે દર્શાવ્યું છે

ઓગણીસમા પ્રકાશમાં ભગવાનના પ્રસાદ કરતાં તેમની આજ્ઞાના પાલનનું મહત્ત્વ કવિ સમજાવે છે. મોક્ષનું લક્ષ્ય સમજાવીને અરિહંત દેવોના સર્વ ઉપદેશનું રહસ્ય એક વાક્યમાં સમજાવતાં તેઓ લખે છે :

आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टिरन्यदस्याः प्रपञ्चनम् ॥

આશ્રવ એ ભવનો હેતુ છે અને સંવર એ મોક્ષનું કારણ છે, શ્રી અરિહંત દેવોના ઉપદેશનું આ સંક્ષિપ્ત રહસ્ય છે, અને બીજો સર્વ એનો વિસ્તાર છે.

છેલ્લા વીસમા પ્રકાશમાં હેમચન્દ્રસૂરિ શ્રદ્ધા અને ભક્તિ પૂર્વક, તીર્થંકર પરમાત્માને પોતાનો સર્વ સમર્પણનો ભાવ દર્શાવતા લખે છે :

तव प्रेस्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ॥

હે નાથ ! હું આપનો પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું અને કિંકર છું. માટે 'આ મારો છે' એ પ્રમાણે આપ સ્વીકાર કરો. આથી અધિક હું કાંઇ કહેતો નથી.

આમ 'વીતરાગસ્તોત્ર' હેમચન્દ્રાચાર્યની, મહાન તત્ત્વવેત્તા અને શરણાગત ભક્ત એ બંનેના સુભગ સમન્વયની અદ્‌ભુત કૃતિ છે. એમાં કવિ તરીકે દાર્શનિક તરીકે અને વિનમ્ર ભક્ત તરીકે એમની અલૌકિક છબિનાં દર્શન થાય છે.

આવા મહાન સ્તોત્રનું રોજ નિયમિત પુન કરવાનો કુમારપાળ મહારાજાએ નિયમ લીધો હતો એ જ એની મહત્તા દર્શાવે છે.

–રમણલાલ ચી. શાહ

ઊલટી વહે આ ગંગા.....

● ડૉ. હસમુખ દોશી

થોડાક લેખકો બહુ નિર્દોષ હોય છે. હૃદયની વિશાળતા અને ઉદારતાથી તેઓ બધું જોઇ શકે છે, અને જતું પણ કરી શકે છે ખારા સમંદરમાં મીઠા સરોવર જેવો તેમનો દૃષ્ટિકોણ હોય છે અને એટલે જ સાહિત્યિક ઉઠાંતરીને તેઓ આકસ્મિક ગણવા પ્રેરાય છે. સ્ત્રી-પુરુષનાં સંવેદનો સમાન નહિ હોવા છતાં તેને સમાન ગણીને તેઓ બે–ચાર સાહિત્યકૃતિઓ વચ્ચે રહેલું સામ્ય તપાસે છે અને અન્તે સાહિત્યના મશહૂર ચાંચિયાઓને પણ નિર્દોષ ગણાવે છે.

પરન્તુ આ જમાનો નિર્દોષોનો નથી. આજે નિર્દોષો બેવકૂફોમાં ખપે છે અને ઉદાર લોકો પાગલ ગણાય છે. લુચ્ચા અને દ્વેષિત લોકો વારંવાર તેમનું દમન પણ કરતા રહે છે. સાહિત્યમાં ઉઠાંતરી કે અપહરણ વિશે વારંવાર ઊહાપોહ થતો રહે છે. ગુજરાતી સાહિત્યમાં એક યુગ એવો હતો જ્યારે ઉઠાંતરી ચલાવી લેવામાં આવતી નહોતી. સ્વ. શ્રી વિશ્વનાથ ભટ્ટે આવા અપહરણકારોને 'ચોરશિરોમણિ' તરીકે ઓળખાવ્યા હતા અને સદ્‌ગત શ્રી વિજયરાય વૈદ્યે પોતાની હળવી શૈલીમાં અપહરણકારોને વારંવાર ઉઘાડા પાડ્યા હતા. બલવંતરાય ઠાકોર પણ આ વિષે બહુ સ્પષ્ટ હતા.

પણ ઊલટી ગંગાનો આ યુગ છે. જીવનના દરેક ક્ષેત્રે ગંગા અવળી વહે છે. રાજકારણ, શિક્ષણ, ધર્મ, વહીવટી તંત્રો અને સાહિત્ય મહદ્‌ અંશે આવા પ્રવાહોથી આજે આવૃત્ત છે. માનવજીવનની સાથે અનીતિ, અધર્મ કે ભ્રષ્ટાચાર કદાચ સહ-અસ્તિત્વ ધરાવતાં હશે; પણ આજનો યુગ પ્રગતિશીલ હોવાથી આ વિશેષ તેમાં ઘણી પ્રગતિશીલતા દેખાય છે. જેમકે માંસા-હારને ખુદ વિદેશી ડૉકટરો અકુદરતી આહાર તરીકે હવે ઓળખાવે છે ને માનવઆરોગ્ય માટે ખૂબ હાનિકારક ગણાવે છે ત્યારે આપણા પ્રગતિશીલ લેખાતા લેખકો તેને 'નોર્માલિટી' કહે છે ! 'નોર્માલિટી' કહે ત્યાં સુધી તો ઠીક; પણ જે લોકો માંસાહાર કરતા નથી તેને 'એબનોર્મલ' ગણવામાં તેઓ ગૌરવ લ્યે છે. મુંબઇના એક દૈનિક પત્રમાં ગુજરાતના એક મહાપુરુષ'ની આત્મકથા છપાય છે. તેમાં તેઓશ્રી માંસા-હારનું આ રીતે ગૌરવ કરે છે. દુઃખની વાત તો એ છે કે આ 'મહાપુરુષ' એક યુસ્ત જૈન કુટુંબના નબીરા છે !

એ જ રીતે મદ્યપાનનો પણ ડૉકટરો વિરોધ કરી રહ્યા છે ત્યારે ગુજરાતના કેટલાક લેખકો મદ્યનિષેધને અકુદરતી આક્રમણ તરીકે ઓળખાવે છે. પીવામાં કાંઇ પાપ નથી અને 'પાપ' તો આજે શેમાંય રહ્યું નથી; પણ જે લોકો ભરચક પીએ છે તે બધાં 'નોર્મલ' છે અને જે લોકો નથી પીતાં તે બધા 'એબનોર્મલ' છે એવું ગણિત આજે ચાલી રહ્યું છે.

સ્ત્રી પુરુષના જાતીય સંબંધો આપણે ત્યાં હંમેશાં ધર્મની ભાવનાથી બદ્ધ થયેલા ગણાય છે. સ્ત્રી–પુરુષનું લગ્નજીવન કે સહજીવન આપણે ત્યાં અનેક પછડાટો ખાઇને મહદ્‌ અંશે ટકી રહ્યું છે. સ્ત્રી–પુરુષના સહજીવનમાં નૈતિકતા કે સંયમ ન હોય તો કોઇપણ સમાજ તન્દુરસ્ત રહી શકે નહિ. મુકત પ્રણયજીવનને કારણે સ્વિડનની પ્રજાને કેટલું સહેવું પડ્યું છે તેનો ઇતિહાસ તાજો જ છે. પણ આપણા સાંપ્રત સાહિત્યસર્જકો અને કહેવાતા કેટલાક ચિંતકો સંયમને પણ એક પ્રકારની વિકૃતિ ગણે છે તેમને સંયમબદ્ધ પ્રેમ ખપતો નથી, પણ 'દિલ ફાડી

નાખે' એવો જ પ્રેમ વધારે જચે છે. બ્રહ્મચર્યનું ગૌરવ શા માટે થવું જોઇએ ? બ્રહ્મચર્ય એ કોઇ સિદ્ધિ નથી અને સ્વચ્છંદી મુક્તવિહાર એ જ મનુષ્યની સાચી પ્રકૃતિ છે એમ કોઇ ચિંતકે તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા પોતાના એકાદ પુસ્તકમાં લખ્યું છે. તેને કેટલીક ગુજરાતી લેખિકાઓએ 'મૌલિક' વિચારો માની લઇને એ પ્રમાણે મુક્ત જીવન જીવવાની ભલામણ કરવા માંડી છે. સ્ત્રીપુરુષના સંબંધમાં ધર્મ કે સંયમ ન પ્રવેશે તો પછી સમાજજીવન કેવી રીતે ટકી શકશે ટકી શકશે તો એ સમાજ કેવો હશે તેની કલ્પના કરવાનું આ લેખક-લેખિકાઓએ માંડી વાળ્યું છે. માણસના મનની શાંતિ કે માણસના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સાથે સંયમી જીવનને કે બ્રહ્મચર્યને સીધો સંબંધ હોવાનું એ વિશેના નિષ્ણાતો પણ આજે કબૂલે છે છતાં બ્રહ્મચર્યને કે સંયમી જીવનને એક પ્રકારના રોગ તરીકે કે એક પ્રકારની વિકૃતિ તરીકે ઓળખાવવાનો આ મહાન મનુષ્યોને ધખારો છે. અને એટલે તેમના કોપનું પહેલું નિશાન કવિ ન્હાનાલાલ બને છે. ક્રમકે કવિ ન્હાનાલાલે સંયમપ્રધાન લગ્નજીવનનું અને બ્રહ્મચર્યનું હંમેશાં ગૌરવ કર્યું છે. કવિ ન્હાનાલાલને આ વિશે અપયશ દેવાનું પહેલેથી જ બહુ સરળ અને સહેલું ગણાયું છે. મહાત્મા ગાંધી અને કવિ ન્હાનાલાલ વચ્ચે ગમે તેટલો મતભેદ કે મનભેદ હતો પણ આ વિષયમાં બન્ને વચ્ચે ખૂબ સામ્ય અને સુમેળ જોવા મળે છે. પરન્તુ ગાંધીજીને ભાંડવાની પ્રવૃત્તિ અમુક બંડખોરો જ કરી શકે છે. મોટા ભાગના લેખક - લેખિકામાં તેમને આ વિશે લગભગ ધરાદાપૂર્વક ભૂલી જઇને કવિ ન્હાનાલાલનો જ કાન પકડવાનું મુનાસીબ અને ફાયદાજનક ગણે છે

સાહિત્યકાર તો બાદશાહ છે અને બાદશાહ જે કંઇ કરે એ બાદશાહી રસમ જ ગણાય એવી વિચારણા પણ આવી જ કોઇ માનસિક અવસ્થાનો નિર્દેશ કરે છે. સાહિત્યકાર ખૂબ સંવેદનશીલ હોય છે અને એટલે એ જે કંઇ જુએ છે, અનુભવે છે, વાંચે છે તે બધું તેને ખૂબ જ સૂક્ષ્મતાથી સ્પર્શે છે. તેનાથી પ્રેરાઇને એ જે કંઇ સર્જન કરે તેમાં ચોરી હોય તોપણ એ ચોરી ન ગણાય, બાદશાહી લૂંટ જ ગણાય એવા વિચારો બાદશાહતની સાથે લુપ્ત થવા જોઇતા હતા. ક્રમકે વાસ્તવમાં સાહિત્યકાર આવો કોઇ બાદશાહ નથી. પણ સમાજનો એક ખૂબ જ જાગ્રત, તીવ્ર સંવેદનશીલ અને ઉચ્ચ સંસ્કારી પ્રતિનિધિ છે. એ તુંડમિજાજી નથી હોતો, ખુશમિજાજી હોય છે, સ્વાભિમાન અને અભિમાનની પાતળી ભેદરેખા વચ્ચે તેણે પોતાનું સમગ્ર જીવન સમાવવાનું હોય છે. એ સંસ્કારોનો સ્વામી હોય છે, ચોરોનો શિરોમણિ નહિ. રૂઢિઓ, વહેમો, અજ્ઞાન અને જડતાનો એ ચોકકસ ભંજક હોય છે પણ તેની ભંજકતા સર્જનાત્મક હોય છે, વિસર્જનાત્મક નહિ. તોડફોડ કરીને એ જે કંઇ નીપજાવે છે એથી સામાજિક જીવન તૂટતું નથી પણ વધારે સંધાય છે. સમાજનો સામનો કરીને પણ એ સમાજના હિતાર્થે જ પોતાનાં લખાણોમાં પોતાની સંવેદનાને જોતરતો હોય છે. આવો સંસ્કારસંપન્ન માણસ કદાપિ ચાંચિયો હોઇ શકે નહિ.

એવો પણ આક્ષેપ મૂકવામાં આવતો હોય છે કે જેમાંથી આ અપહરણકારો ચોરી કરે છે એ પોતે પણ કેટલા મૌલિક હોવાનો દાવો કરી શકે છે ? મુનશીએ ડુમામાંથી ખૂબ લીધું છે પણ ડુમા પોતે કેટલે અંશે મૌલિક હતો ? શેક્સપિયરે માત્ર પાત્રો કે વાક્યો નહિ પણ વાક્યોનાં વાક્યો અન્યમાંથી તફડાવ્યાં છે. પરંતુ તેણે પ્લૂટાર્ક કે અન્ય લેખકોમાંથી જે કાંઇ લીધું હોય એ લેખકો કેટલે અંશે મૌલિક કે નિર્દોષ હોય છે ?

ડૂમા કે પ્લૂટાર્ક તદ્દન મૌલિક ન હોય એમ માની લઇએ તો એથી કરીને પણ જે લેખકો તેમનામાંથી તફડાવે છે એ કાંઇ નિર્દોષ બની જતા નથી. નીતિ એ નીતિ જ રહે છે. કરોડપતિ સર્જક પોતાની પ્રતિષ્ઠા નેવે મૂકીને પાંચ રૂપિયાની ચોરી કરી શકે ? આવો પ્રશ્ન ખૂબ ભલાભોળા લેખકો જ કરી શકે છે. સર્જકો જ્યારે ચોરી કરતા હોય છે ત્યારે તેઓ કરોડપતિ સર્જકો નથી હોતા. શ્રી મુનશીએ પોતાના લેખનકાળના આરંભમાં આ ચોરી કરેલી હતી, ત્યારે તેઓ કરોડપતિ સર્જક નહોતા, પણ 'ગુજરાતી' સાપ્તાહિકના ચૌદ આનાના ધારાવાહિક લેખક માત્ર હતા ! માની લઇએ કે કરોડપતિની નજર કોઇ વાર અતિ તુચ્છ વસ્તુ પર ઠરે છે અને તેની દૃષ્ટિ મેલી થાય છે; પણ એથી એ અનીતિ મટી જતી નથી. જેને પોતાની પ્રતિષ્ઠા વહાલી હોય છે એ માણસ કદાપિ આવું નિંદનીય કૃત્ય કરે જ નહિ. તેનાથી હીન કૃત્ય થઇ જાય ત્યારે પણ તેનું મન જાગ્રત થતાં તેને ખૂબ પસ્તાવો થવો જોઇએ. તેને બદલે આપણે ત્યાં તો ચોરી ઉપર શિરજોરી જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે, એટલું જ નહિ આવા ઉઠાઉગીરાની પીઠ થાબડનારા અને તેનો નિર્લજ્જ બચાવ કરનારાં એ નફફટ વિધાનોથી આપણી સાહિત્યસૃષ્ટિ ખદબદી રહી છે.

શ્રી મુનશીએ કે શ્રી ખબરદારે સાહિત્યની ચોરી કરી હોય તેથી તેમની લોકપ્રિયતાને કંઇ વાંધો આવ્યો નથી એમ કહેવાથી તેમની ચોરી ન્યાયી કે યથાર્થ ઠરી જતી નથી. લોકપ્રિયતા તો હંમેશાં સાપેક્ષ વસ્તુ હોય છે. એમ છતાં ખબરદારને પરોક્ષ રીતે ઠોકર જેવા વિદ્વાને 'ઉપકવિ', 'અ-કવિ', કવિડું' જેવા ઉપાલંભોથી નવાજ્યા છે અને સ્વ. વિજયરાયે તો 'ગુજરાતી સાહિત્યની રૂપરેખા'માં તેમને 'સાહિત્યપ્રેરિત કવિ' જ કહ્યા છે. આમ લોકપ્રિયતા તો એ પોતાના ગુજરાતી કવિથી હંમેશાં દૂર જ રહી હતી કેમકે સામાન્ય જનતાને તેમની કવિતામાં બહુ રસ પડયો જ નહોતો. શ્રી મુનશી ખૂબ લોકપ્રિય છે એમ માનવું એ પણ એક પ્રકારની ભ્રમણા છે. વાસ્તવમાં શ્રી મુનશીને માનવામાં આવે છે એટલા એ લોકપ્રિય નથી. શ્રી મુનશીએ પોતાની નવલકથાઓમાં મુખ્યત્વે બ્રાહ્મણોનું ગૌરવ કર્યું છે અને બ્રાહ્મણોથી ગુજરાતી સાહિત્ય ભરેલું છે. સ્વાભાવિક રીતે જ તેમને મુનશી પ્રિય છે. શિથિલ નીતિભાવના પણ ઘણા લોકોને ગમી જાય એવી ચીજ હોય છે. આ વર્ગ યુનિવર્સિટીઓમાં પણ સ્વાભાવિક બાહુલ્ય ધરાવે છે એટલે તે વારંવાર તેમની નવલકથાઓ પાઠયપુસ્તકો તરીકે મુકાવે છે. પરિણામે શ્રી મુનશીની અમુક નવલકથાઓની નવી નવી આવૃત્તિઓ થતી જ રહે છે. તેઓ કેટલા લોકપ્રિય છે એ તપાસવા માટે તેમની વેરની વસૂલાત,' 'રાજાધિરાજ,' 'કોનો વાંક', 'તપસ્વિની', 'ભગ્નપાદુકા', 'ભગવાન કૌટિલ્ય', 'લોપામુદ્રા' કે 'લોમહર્ષિણી' જેવી નવલકથાઓ તપાસવી જોઇએ.

જ્યારે બીજાનું ઘર સળગે છે ત્યારે તેને ઠારવામાં માણસને કદાચ બહુ રસ નથી હોતો પણ જ્યારે પોતાનું ઘર જલે છે ત્યારે જ સાચી પરિસ્થિતિનું તેને ભાન થાય છે. સ્વ. શ્રી મુનશી વિશે જ અહીં એક ઘટના આ સંબંધમાં

નોંધવા જેવી છે.

ગુજરાતની ધંધાદારી રંગભૂમિ આજે તો લગભગ નષ્ટપ્રાય થઈ ચૂકી છે પણ જ્યારે તેનો સૂર્ય ઝળહળતો હતો ત્યારે એ રંગભૂમિના ઉત્તમ ગણાતા લેખકો વારંવાર આપણી પ્રતિષ્ઠિત સાહિત્યકૃતિઓમાંથી તફડંચી કરીને પોતાનાં નાટકોનું સર્જન કરતા હતા. અને મુંબઈમાં જે નાટકો ભજવાતાં તેની સીધી ઉઠાંતરી સૌરાષ્ટ્રની નાટક મંડળીઓ કરતી હતી ત્યારે મુંબઈ ઇલાકો અંગ્રેજી હકૂમત નીચે હતો અને સૌરાષ્ટ્રમાં દેશી રાજ્યો પરતંત્રીય સ્વતંત્રતા ભોગવતાં હતાં. એટલે મુંબઈની નાટક મંડળીઓના માલિકો કોર્ટમાં ગયા તોપણ ફાવ્યા નહિ. પરિણામે સૌરાષ્ટ્રની વ્યવસાયી રંગભૂમિ ઉપર બેધડક ચોરાઉ નાટકો ભજવાતાં રહ્યાં. કદાચ સૌરાષ્ટ્રની રંગભૂમિના પ્રયોજકો એમ માનતા હશે કે જે નાટકો મુંબઈની રંગભૂમિ ઉપર ભજવાય છે તેના પ્રમુખ લેખકો મણિલાલ 'પાગલ' કે પ્રભુલાલ દ્વિવેદી સૌરાષ્ટ્રના-રાજકોટના છે એટલે એ આપણાં જ નાટકો કહેવાય! પણ તેમની તફડંચી પાછળ આવી કોઈ વિશાળ ભાવના નહોતી. મફતનો માલ વટાવી ખાવા સિવાય આ વૃત્તિ પાછળ કોઈ સાહિત્યિક દૃષ્ટિ કે નેક ઉદ્દેશ નહોતાં.

પણ જેમનાં નાટકોની બેધડક ચોરી થતી હતી એ શ્રી મણિલાલ 'પાગલ' કે શ્રી પ્રભુલાલ દ્વિવેદી જેવા ધંધાદારી રંગભૂમિના પ્રખર નાટ્યકારો પણ આવી 'બાદશાહી લૂંટ' જ ચલાવતા હતા. શ્રી મેઘાણીની નવલકથાઓ 'વેવિશાળ', 'તુલસીક્યારો' ને અપરાધી' ઉપરથી આ લેખકોએ અનુક્રમે 'સગાં-વહાલાં', 'સતાનોના વાંકે' અને 'ગરીબ કન્યા' જેવાં નાટકો તૈયાર કર્યાં હતાં એ સ્પષ્ટ છે. સિનેમાસૃષ્ટિના એ સમયે 'મહેબૂબ' ગણાતા દિગ્દર્શક મહેબૂબખાન ગુજરાતી હતા અને તેમણે પણ 'અપરાધી' ઉપરથી 'અમર' નામે ચિત્રપટનું નિર્માણ કર્યું હતું. પરન્તુ સ્વ મેઘાણી કદાચ આજના કોઈ ઉદાર સાહિત્યકાર જેવા વિશાળ હૃદયના નમ્ર સર્જક હતા. તેમણે પોતે 'અપરાધી' હોલકેનની એક નવલકથા ઉપરથી લખેલી પરન્તુ 'વેવિશાળ' કે 'તુલસીક્યારો' તો તેમનાં પોતાનાં સર્જનો હતાં. અને છતાં અપહરણકારો વિરુદ્ધ કંઈ પણ કાર્યવાહી કરવામાં માનતા નહોતા અથવા તો તેમાં તેમને કોઈ રસ નહોતો કદાચ સંજોગો પ્રમાણે પોતાની પહોંચ બહારની એ ઘટના પણ તેમને લાગી હોય.

પણ જ્યારે મુનશીજીને ખબર પડી કે પોતાની નવલકથા 'પૃથિવીવલ્લભ' ઉપરથી મુંબઈની એક નાટક મંડળીએ 'માલવપતિ મુંજ' નામે નાટક તૈયાર કર્યું છે ત્યારે આ 'કુરાડપતિ સર્જક' ચોંકી ઊઠ્યા હતા. તેમણે તરત જ પોતાના સોલિસિટર મારફત નાટક મંડળીના માલિક અને લેખક ઉપર નોટિસો મોકલી અને રૂઆબભેર 'માલવપતિ મુંજ'ના નાટ્ય-લેખક પ્રભુલાલ દ્વિવેદીને તેમ જ કંપનીના માલિકને પોતાને મળી જવા જણાવ્યું. પ્રભુલાલ દ્વિવેદીએ પોતાનો બચાવ કરતાં કહ્યું કે 'આ તો એક ઇતિહાસ છે અને ઇતિહાસ તો સૌ કોઈ માટે હોય છે. એક જ ઐતિહાસિક વિષય ઉપર અનેક સાહિત્યકૃતિઓ રચાતી હોય છે તો તમારે જતું કરવું જોઈએ.' પણ શ્રી મુનશી પોતાની બાબતમાં જતું કરે તેમ નહોતા. તેમણે એવું કહ્યું કે 'મુંજ અને મૃણાલ વચ્ચે જે પ્રકારની પ્રણયભાવના, વાસ્તવમાં ક્રમુકતા) મેં નિરૂપી છે એ મારું પોતાનું સર્જન છે અને તમે તેની ઉઠાંતરી કરી છે. તમારે સમજી લેવું જોઈએ કે હું એક મોટો વકીલ છું તમારે ઘણા ખર્ચમાં ઊતરવું પડશે.' કંપનીના માલિક અને લેખક ઘેબરાઈ ગયા મુનશીજીએ તે ઉઠાંતરી માટે વેરની વસૂલાત કરી જ. તેમણે એક હજાર રૂપિયાનો પુરસ્કાર અને ચાર કી પાસ માગ્યા. એ રીતે અન્તે સમાધાન થયું.

ગુજરાતી રંગભૂમિના રસકવિ ગણાતા સ્વ રઘુનાથ ભટ્ટે આ સમગ્ર ઘટના પોતાની આત્મકથા સ્મરણ-મંજરી'માં નોંધેલી છે.

જે લેખક પોતે 'ચોરશિરોમણિ'નો ઇલ્કાબ ધરાવતા હતા, તેમનાથી પોતાના સર્જનમાંથી થયેલી ચોરી સહન ન થઈ. એ બતાવે છે કે કોઈપણ લેખક પોતાની રચનામાંથી ઉઠાંતરીને સાંખી શકતો નથી. માત્ર વસૂલાત કરવાની તેનામાં પહોંચ હોવી જોઈએ!

સંઘ સંચાલિત 'પ્રેમળજ્યોતિ' વિલેપાર્લા શાખાનો
અર્ધદશાબ્દી ઉત્સવ

અમને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત 'પ્રેમળજ્યોતિ'ની વિલેપાર્લા શાખા તા. ૨૭ ઓક્ટોબરે પાંચમા વર્ષમાં સાનંદ પ્રવેશ કરે છે આ શુભ પ્રસંગ નિમિત્તે સંઘની આ શાખાની કાર્યકર્તા બહેનો તરફથી સંઘના પ્રમુખ **ડૉ. રમણલાલ ચી. શાહ**ના અધ્યક્ષસ્થાને **રવિવાર તા. ૨-૧૦-૧૯૮૮**ના રોજ **શ્રી બંસીભાઈ ખંભાતવાલા** અને 'પ્રેમળજ્યોતિ'ના બહેનોનો એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. બકુલ રાવળ કરશે.

સ્થળ : શ્રી વિલેપાર્લા વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ સંચાલિત 'શાંતિપ્રભા જૈન ભુવન'
૬૫ વલ્લભભાઈ પટેલ રોડ, વિલેપાર્લા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૬.

સમય : બપોરના ૩-૦૦ થી ૫-૦૦
આ કાર્યક્રમમાં પધારવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

લિ.

સ્મિતાબહેન કામદાર કે. પી. શાહ
સુલીબહેન હીરાણી નિરુબહેન એસ. શાહ
સંયોજકો મંત્રીઓ

નેત્રયજ્ઞ

સંઘ તરફથી શ્રી વિશ્વવત્સલ ઔષધાલય અને શ્રી ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ-ગુંદીના સહયોગથી સૌરાષ્ટ્રના રાણપુર શહેરમાં શનિવાર, તા. ૧૭-૧૨-૧૯૮૮ના રોજ એક નેત્ર-યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે.

-મંત્રીઓ

ગુજરાતના જૈનો

(પૃષ્ઠ ૮ થી ચાલુ)

તેમણે સોસાયટીના પુસ્તકાલય માટે સ્વતંત્ર મકાન બાંધવા રૂા. ૮૦૦૦નું દાન મેળવ્યું (આજની કિંમતે એ રકમ ઓછામાં ઓછા રૂ. બે લાખ જેટલી થાય) પછી હરકુંવર શેઠાણીએ પણ પોતાની કન્યાશાળા માટે કાળુપુરમાં ટંકશાળ પાસે સ્વતંત્ર મકાન બાંધ્યું. છેવટે હરકુંવર શેઠાણીએ અને હેમાભાઇના પુત્ર પ્રેમાભાઇએ મળી હોસ્પિટલનું મકાન બાંધવા રૂ. ૭૦૦૦૦ જેટલું દાન આપ્યું. (એ મકાન તે ઘીકાંટા રોડ ઉપરનગર શેઠના વંડા પાસે હવે જૂની હોસ્પિટલના નામે ઓળખાતું મકાન. એ મકાનમાં હવે કોર્ટ બેસે છે અને હોસ્પિટલ મારા વતન અસારવા પાસે લઇ જવામાં આવી છે.) આજની કિંમતે ૭૦૦૦૦ એટલે રૂા. ૧૪ લાખથી પણ વધુ થાય. આ ઉદારતા પ્રેરનાર પિતા પાછળ દલપતરામ હતા તેમના સૌજન્યશીલ, સાત્ત્વિક વ્યક્તિત્વનું એ સુફળ હતું. એમનાં ઉદાર દાનો માટે મુંબઇ સરકારે તેમને સખાવતે બહાદુરનો ઇલ્કાબ આપ્યો હતો.

ગુજરાતના અર્વાચીન યુગના આરંભે અમદાવાદના જૈનોના આ ઉજ્જવળ પ્રદાન પછી લગભગ ૮૦ વર્ષે તેમની દાનભાવના ફરી જાગ્રત થઇ. સ્વ. ગણેશ વાસુદેવ માવળંકરની પ્રેરણાથી શેઠ કસ્તુરભાઇએ બીજા જૈન ને જૈનેતર ધનિકોનો સહકાર મેળવી ૧૮૩૬માં અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી. એના ભંડોળમાં કસ્તૂરભાઇ કુટુંબનો મોટો ફાળો હતો. એ જ અરસામાં શ્રીમતી ઇન્દુમતી ચીમનલાલના સહકારથી અમદાવાદની તે સમયની પ્રેરક રાષ્ટ્રીય વાતાવરણની માધ્યમિક શાળા, ચી. ન. વિદ્યાવિહાર, શરૂ થઇ. તે પછી કસ્તૂરભાઇએ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીથી સ્વતંત્ર પણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારમાં ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર સ્થાપ્યું. અંબાલાલ સારાભાઇના સુપુત્ર વિક્રમ સારાભાઇએ ભારતભરમાં અને પરદેશોમાં પણ. જાણીતાં બનેલાં અટિરા અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી સ્થાપ્યાં.

શિક્ષણક્ષેત્રે અમદાવાદના જૈન નાગરિકોની આ પ્રવૃત્તિ શરૂ થઇ તે પહેલાં સાહિત્યક્ષેત્રે પણ જૈનોનું પ્રદાન શરૂ થઇ ગયું હતું. ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રનાં લોકજીવન અને લોકસાહિત્ય માટે વિશાળ વાચકવર્ગનાં રસજિજ્ઞાસા જાગ્રત કર્યાં હતાં. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી અને પ્રકાંડ વિદ્વાન રસિકલાલ પરીખ ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા અને તેમાંથી નિવૃત્ત થયા પછી પણ જીવનના અંત સુધી તેમની વિદ્યાસેવા બજાવતા રહ્યા હતા. એલ. ડી. આર્ટસ કોલેજમાં અર્ધમાગધીના અધ્યાપક બહેચરદાસ દોશીનો મને અઢી વર્ષ સંસર્ગ થયો હતો. એમની મિતભાષી વિદ્વત્તા માટે આદર અનુભવતો. સંશોધનક્ષેત્રે બે પેઢી પહેલાંના મોહનલાલ દલીચંદ દેશાઇનું પ્રદાન તો અદ્વિતીય રહ્યું છે.

રાજકીય ક્ષેત્રે ગાંધીજીના આગમન પહેલાં જૈનોએ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં રસ લીધો જણાતો નથી, પણ ગાંધીજીની પ્રવૃત્તિઓમાં ચારપાંચ જૈન સ્ત્રી – પુરુષોનો પ્રધાનપાત્ર ફાળો હતો. એમાં સૌથી પહેલાં અમદાવાદના તે સમયે સૌથી ધનિક ગણાતા સારાભાઇનો. ગાંધીજીએ પોતાની સેવાસાધના માટે ૧૯૧૫ના મે માસમાં કોચરબમાં સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો તેમાં પહેલી મદદ કેટલાક વૈષ્ણવ ધનિકોની હતી. પરંતુ આશ્રમની સ્થાપના પછી ચારેક માસે ગાંધીજીએ પાછળથી ઠક્કરબાપા તરીકે જાણીતા બનેલા આજીવન આદિવાસી સેવક શ્રી અમૃતલાલ ઠક્કરના કહેવાથી એક અંત્યજ કુટુંબને આશ્રમમાં પ્રવેશ આપ્યો ત્યારે એ વૈષ્ણવ કુટુંબોની મદદ બંધ થઇ ગઇ અને આશ્રમ મરવા પડ્યો. અંબાલાલ સારાભાઇએ ત્યારે તેને રૂ. ૧૩૦૦૦નો ઓક્સિજન આપી બચાવી લીધો; ત્યારપછી પાંચ વર્ષે અસહકારની લડત શરૂ થઇ ત્યારે. પ્રબુદ્ધ જીવન'ના આદ્યસ્થાપક શ્રી પરમાનંદ કાપડિયાએ તેમાં સક્રિય રસ લઈ સહકાર આપ્યો થોડા સમય ઉપર મને શ્રી જયંત કોઠારી તરફથી જાણવા મળ્યું કે તે સમયે ભાવનગરથી પ્રસિદ્ધ થતું જૈન' સાપ્તાહિક પણ અસહકારની લડતને ઉમળકાભર્યો ટેકો આપતું હતું.

અસહકારની લડત પછી આઠ વર્ષે ગાંધીજીની દાંડીયાત્રાએ જગપ્રસિદ્ધ કરેલી સવિનય કાનૂનભંગની લડત શરૂ થઈ તેમાં ગુજરાતની સ્ત્રીઓની નેતાગીરી શ્રી અંબાલાલનાં પત્ની સરલાદેવીએ લીધી હતી ગાંધીજીની સૂચનાથી તેમણે ગુજરાતભરમાં પરદેશી કાપડની દુકાનો અને દેશી-પરદેશી દારૂનાં પીઠાંઓ આગળ સ્ત્રી સ્વયંસેવિકાઓ દ્વારા પિકેટિંગ કરવાની યોજનાનું સંચાલન કર્યું હતું અને તે પછીય તેમણે વર્ષો સુધી ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓમાં સેવા આપી હતી તેમનાં સુપુત્રી મૃદુલાનું નામ તો ગુજરાતના સ્ત્રીજાગૃતિ પ્રકરણમાં ઉજ્જવળ બની રહ્યું છે. તેમણે ૧૯૩૪માં સ્થાપેલો જ્યોતિસંઘ એ સમયના વાતાવરણમાં એક ક્રાંતિકારી સંસ્થા હતી. પછી દશેક વર્ષે કસ્તૂરબા સ્મારકનિધિની સ્થાપના થઇ. તેની ગ્રામપ્રદેશોની સ્ત્રી-સેવા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં તેઓ ઠક્કરબાપા સાથે જોડાયાં. સને ૧૯૪૭ના માર્ચ માસમાં તેઓ કોમી રમખાણોના ભોગ બનેલા મુસલમાનો વચ્ચે ગાંધીજીની યાત્રામાં તેમના મદદનીશ તરીકે રહ્યાં હતાં. તે પછી તેમનું સૌથી યશસ્વી સેવાકાર્ય શરૂ થયું. સપ્ટેમ્બર–ઓક્ટોબરમાં પંજાબમાં ઘાતકી કોમી રમખાણો ફાટી નીકળ્યાં તેમાં અપહરણ કરાયેલી હિંદુ–મુસલમાન–શીખ સ્ત્રીઓને પાછી મેળવવાનું તેમણે મહાહિંમત માગી લે એવું કામ માથે લીધું. તેમની સાથે મદદમાં રહેલાં (હાલ વિલેપાર્લે–પૂર્વમાં રહેતાં) કમળાબહેન પટેલે તેમનાં 'મૂળસોતાં ઊખડેલાં' પુસ્તકમાં મૃદુલાબહેનની એ યશસ્વી કામગીરીનો તાદૃશ ચિતાર આપ્યો છે. સ્વરાજ મળ્યા પછી રાજકીય ક્ષેત્રે ગાંધીમૂલ્યોના આગ્રહી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું પ્રદાન હજુ તાજું જ છે.

અને છેલ્લે 'પ્રબુદ્ધ જીવન'નું સંચાલન કરનાર શ્રી મુંબઈ જૈન યુવક સંઘ' તે દરેક વર્ષે વિવિધ વ્યાખ્યાનમાળાઓ યોજી મુંબઇના ગુજરાતી સમાજની કીમતી સંસ્કારસેવા કરી રહ્યું છે. તેમાં શ્રી રમણલાલ શાહ અને બીજા ઉત્સાહી મિત્રો ને કાર્યકરોનો પરિશ્રમ કોઇપણ સેવાસંસ્થાને ગર્વ અપાવે એવો છે. આખા ગુજરાતમાં એ મિત્રો ને કાર્યકરોના જેવી સહકારભાવનાથી ચાલતી બીજી કોઇ સંસ્થા નથી.

આપણા સાહિત્યકારોની આજે જીવતી જૂની ને નવી પેઢીના કેટલા મિત્રો ગુજરાતના જૈનોના આ બધા પ્રદાન વિશે જાણતા હશે? અને એમાંનું કંઇક જાણતા હશે તો તેની કદર કરતા હશે?

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી

'સંઘ'ના ઉપક્રમે **શ્રી આત્માનંદ જૈન સભા–મુંબઇના** આર્થિક સહયોગથી ઉપર્યુક્ત વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે જેનો સવિગત કાર્યક્રમ નીચે પ્રમાણે છે:

વ્યાખ્યાતા : **શ્રી શશિકાન્ત મહેતા**

વિષય : **નવકારમંત્ર : કળા અને વિજ્ઞાન**

સ્થળ : **બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઇ**

દિવસ : **ગુરુવાર, તા. ૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૮૮**

સમય : **સવારના ૯/૩૦ કલાકે**

સૌને સમયસર ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.

લિ.

શૈલેશ એચ. કોઠારી — **કે. પી. શાહ**

સંયોજક — **નિરુબહેન એસ. શાહ**

મંત્રીઓ

ગુજરાતના જૈનો

● ચી. ના પટેલ

વર્ષો પહેલાં મેં 'કલેક્ટેડ વર્ક્સ ઓવ મહાત્મા ગાંધી'માં અનુવાદક તરીકે કામ કરતાં 'નવજીવન'માં વાંચ્યું હતું કે, કેટલાક જૈન મુનિઓએ ગાંધીજીની ખાદી પ્રવૃત્તિનો વિરોધ કરેલો, તે ઉપરથી મને જૈન સંપ્રદાય પ્રત્યે જરા અણગમો થયેલો–જૈનો પ્રત્યે નહિ. શાળાનાં વર્ષો દરમિયાન રેવન્યૂ ખાતામાં નોકરીમાં પિતાની ખેડા બદલી થયેલી ત્યાં મને મારા વર્ગના જૈન વિદ્યાર્થીઓ સાથે મૈત્રી થયેલી અને જૈન શિક્ષકના નિકટના પરિચયમાં હું આવેલો અને બે વાર તેમની સાથે આબુ ગયેલો. પણ તે સમયે હું જૈન સંપ્રદાય વિશે કશું જાણતો નહોતો. જૈનો બીજા હિંદુઓથી ધાર્મિક માન્યતાઓમાં જુદા હોય અને હિંદુ મંદિરો ને જૈન દેરાસરો વચ્ચે ભેદ હોય તે પણ હું જાણતો નહોતો. વળી શાળાના ને કૉલેજનાં વર્ષો દરમિયાન હું પાંચ વાર આબુ ગયેલો અને દરેક વાર ત્યાં દેલવાડાનાં દહેરાં રસથી જોયેલાં પણ ત્યારેય જૈન સંપ્રદાય વિશે મારું અજ્ઞાન પહેલાંના જેવું જ રહેલું.

એ અજ્ઞાન છેક ૧૯૫૯ પછી ઓછું થવા માંડ્યું. 'કલેક્ટેડ વર્ક્સ'માં જોડાતાં પહેલાં હું ૧૯૫૯ના મે માસથી જ ૧૯૬૧ના મે માસનાં બે વર્ષ ઉત્સાહી અને વ્યવહાર-કુશળ જૈન શિક્ષક જેઠાલાલ શાહે શહેરમાં છોકરીઓની કૉલેજ શરૂ કરી હતી તેનો આચાર્ય હતો. ત્યાં મને બે જૈન મિત્રોનો પરિચય થયો–જયંત કોઠારી અને સુરેન્દ્ર કાપડિયા, તે પછી સાત-આઠ વર્ષે પાડોશમાં રહેતા શ્રી પ્રકાશ શાહનો પરિચય થયો. સમય જતાં એ પરિચય વધતો ગયો અને મૈત્રીનો સંબંધ થયો. હજુ પણ તે ચાલુ છે. એ ત્રણમાંથી જયંત કોઠારી અને પ્રકાશ શાહને જૈન સાંપ્રદાયિકતાનો કશો રંગ નથી (જોકે ગુજરાતી સાહિત્ય વર્તુળના ઘણા મિત્રો કોઠારી જૈન હોવાથી જૈન કવિઓના પક્ષપાતી છે એમ માને છે). સુરેન્દ્ર કાપડિયામાં જૈન સાંપ્રદાયિકનો રંગ છે, ઘેરો કહેવાય એવો છે. પણ તે સન્નિષ્ઠ જૈનને શોભે એવો ઉત્તર દૃષ્ટિનો છે. તેમના સંસર્ગથી જૈન સાંપ્રદાયિકતા પ્રત્યેનો મારો અણગમો ભુલાઈ ગયો; પણ જૈન માન્યતાઓ વિશે જિજ્ઞાસા ન થઈ, તે દસ-બાર વર્ષ ઉપર જર્મન લેખક ઝિમરમનનું 'ફિલોસોફીઝ ઓવ ઇન્ડિયા' પુસ્તક વાંચ્યું ત્યારે ઉત્પન્ન થઈ અને એ પુસ્તકમાં મને જૈન સંપ્રદાય વિશે ઠીક કહેવાય એવી જાણકારી મળી, જોકે ન પછી મેં એ વિષયનો વધુ અભ્યાસ ન કર્યો.

આમ હું જૈન સાંપ્રદાયિક માન્યતાઓ વિશે ઉદાસીન રહ્યો છું. પણ ગુજરાતના જૈનોનો પ્રશંસક થયો છું, તે શ્રી જયંત કોઠારીએ ગુજરાતી સાહિત્ય પરિષદના 'સાહિત્ય-કોશ'ની કામગીરી શરૂ કરી ત્યારથી બન્યું. એ કામગીરી અંગે મારે તેમની સાથે ઘણીવાર ચર્ચાઓ થતી અને તેઓ મને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનોના પ્રદાનની વાત કરતા. જેમ જેમ હું એ વિશે વધુ સાંભળતો ગયો તેમ તેમ મારો પ્રશંસાભાવ વધતો ગયો, એમ પણ કહું કે જૈનોના એ પ્રદાન વિશે મુગ્ધ બન્યો. અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરતાં એમ.એ.ના અભ્યાસક્રમમાં મધ્યકાલીન અંગ્રેજી સાહિત્ય વિશે વીગતે વાંચેલું અને તે સાથે બીજી યુરોપીય ભાષાઓના મધ્યકાલીન સાહિત્ય વિશે જાણકારી મેળેલી. મેં જોયું કે ગુજરાતી મધ્યકાલીન સાહિત્યની સરખામણીમાં એ ભાષાઓનાં મધ્યકાલીન સાહિત્ય પાતળાં લાગે. બીજી કોઈ ભારતીય ભાષાનું મધ્યકાલીન સાહિત્ય ગુજરાતી મધ્યકાલીન જેટલું સમૃદ્ધ છે કે નહિ તે હું ન કહી શકું; પણ નથી એમ હું જાણું તો મને આશ્ચર્ય ન થાય. હેમચંદ્રના સમયથી ગુજરાતી ભાષા ને સાહિત્યમાં જૈનોના પ્રદાનનો જે પ્રવાહ ચાલુ રહ્યો છે તે કોઈ અલ્પસંખ્યક સામાજિક વર્ગ માટે ગર્વનો વિષય ગણાય.

અર્વાચીન સમયમાંય શિક્ષણ અને બીજી જાહેર સેવાની પ્રવૃત્તિઓમાં જૈનોનું પ્રદાન ધ્યાન ખેંચે એવું રહ્યું છે. સને ૧૮૪૮ના ડિસેમ્બર માસમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના થઈ ત્યારથી તે શરૂ થયું અને આજ સુધી ચાલુ રહ્યું છે. બહુ ઓછા ગુજરાતીઓ એ ઇતિહાસ જાણે છે, પણ તેમણે તે જાણવો જોઈએ. એ ઇતિહાસ એક રસપ્રદ વાર્તા જેવો છે. છેલ્લા થોડા માસથી હું એ વાર્તા વાંચી રહ્યો છું. ભાઈશ્રી રમણલાલ શાહના સદ્‌ભાવથી મને મુંબઈ યુનિવર્સિટીનાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો આપવાનું નિમંત્રણ મળ્યું અને તે અંગે અર્વાચીન ગુજરાતી સાહિત્યકારો વિશે વાંચતાં મેં કવિ નહાનાલાલના 'કવિશ્વર દલપતરામ'ના ત્રણ ભાગ વાંચ્યા. પુસ્તક મને ખૂબ ગમ્યું. પુસ્તકે મને કવિ દલપતરામ પ્રત્યે આકર્ષ્યો. એમાં કવિની લેખનપ્રવૃત્તિ ને તેમના જીવન વિશે મળે છે તેની પૂરણી રૂપે વધુ માહિતી મેળવવાની મને ઇચ્છા થઈ. એ મેળવવા મેં બે વર્ષ ઉપર ગુજરાત સાહિત્ય અકાદમીને ઓગણીસમી સદીના 'બુદ્ધિપ્રકાશ'ના અંકો વાંચવા ફેલોશિપની અરજી કરી અને અકાદમીએ તે મંજૂર રાખી. જાન્યુ-આરી માસથી હું એ અંકો વાંચી રહ્યો છું. મને ખૂબ રસ પડે છે. તે સમયના અમદાવાદના આસિસ્ટંટ જજ યુવાન રૅકૉટ અલેક્ઝાંડર કિન્લૉક ફૉર્બ્સની પ્રેરણાથી અને દલપતરામના સહકારથી રચાયેલી વર્નાક્યુલર સોસાયટીનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતના ઇતિ-હાસની સામગ્રી ભેગી કરવાનો હતો અને તે અંગે તેણે સૌ પહેલું 'નેટિવ લાઇબ્રેરી' નામથી એક પુસ્તકાલય શરૂ કર્યું પણ તે સાથે સોસાયટીએ પ્રજામાં નવા શિક્ષણ ને જ્ઞાનનો પ્રચાર થાય અને સમાજજીવનમાં સુધારા થાય એવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરી. 'બુદ્ધિપ્રકાશ' માસિક એ પ્રવૃત્તિઓના ફળ રૂપે શરૂ થયું હતું. સને ૧૯૫૧–૫૨માં દોઢેક વર્ષ ચાલી તે બંધ પડી ગયું; પણ અંગ્રેજી શાળામાં ભણતા રણછોડલાલ ઉદયરામ અને બીજા કોઈ ઉત્સાહી વિદ્યાર્થીઓએ તે ૧૯૫૪ના એપ્રિલથી સજીવન કર્યું. સને ૧૯૫૫ના જુન માસમાં દલપતરામ તેના સંપાદક અને સોસાયટીના આસિસ્ટંટ સેક્રેટરી બન્યા. શિક્ષણપ્રચારનું કામ તેમણે ઉમળકાથી માથે લઈ લીધું અને તેમાં તેમને ત્રણ જૈન નાગરિકોનો સહકાર મળ્યો : શેઠ મગનભાઈ કરમચંદ, નગરશેઠ હેમાભાઈ અને શેઠ હઠીસિંગનાં વિધવા હરકુંવર શેઠાણી

એ ત્રણે સોસાયટીની શિક્ષણપ્રવૃત્તિમાં પહેલેથી રસ લેતાં થયાં હતાં. મગનભાઈ કરમચંદે રાયપુરમાં એ કન્યાશાળા કાઢી હતી અને હરકુંવર શેઠાણીએ એક ખાનગી કન્યાશાળાનું ખર્ચ ઉપાડી લીધું હતું. સોસાયટીના આસિસ્ટંટ સેક્રેટરી થયા પછી દલપતરામે એમની સેવાભાવનાને પોષી સૌ પ્રથમ

(અનુસંધાન પૃષ્ઠ ૭ ઉપર)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૯૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪. ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. Bv / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૧૧

મુંબઇ, તા. ૧-૧૦-૧૯૮૮ | મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦ | પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

મનુષ્યજન્મની દુર્લભતા

કોઈકને કદાચ પ્રશ્ન થાય કે મનુષ્યજન્મ કેવી રીતે દુર્લભ હોઇ શકે ? એ તો દેખીતું જ છે કે દુનિયામાં મનુષ્યોની વસતી દિવસે દિવસે વધતી જાય છે. પચાસેક વર્ષ પહેલાં પૃથ્વી પરની માનવ વસતી લગભગ બે અબજની હતી. અત્યારે માનવવસતી લગભગ છ અબજે પહોંચી છે અને એકવીસમી સદીના પૂર્વાર્ધમાં દસ-પંદર અબજ કરતાં પણ વધુ માનવ-વસતી હશે એવું અનુમાન માનવ વસતીના આંકડાશાસ્ત્રીઓ કરે છે. આમ મનુષ્યોની વસતી દિવસે દિવસે જો વધતી જતી હોય તો માનવજન્મ દુર્લભ છે એમ કેવી રીતે કહી શકાય ? માનવજન્મ વધુ પડતો સુલભ છે એમ જ અત્યારે તો દેખાય છે. કારણ કે આજકાલ તો માણસ થવાને પાત્ર ન હોય એવા પણ અસંખ્ય માણસો દુનિયામાં જોવા મળે છે.

ઉપર ઉપરથી જોનારને મનુષ્યજન્મ સુલભ છે એવું કદાચ લાગવાનો સંભવ છે. પરંતુ સમગ્ર વિશ્વની જીવરાશિનો જો વિચાર કરવામાં આવે તો મનુષ્યજન્મની દુર્લભતા સમજાશે. વળી એ સમજવા માટે પુનર્જન્મના- જન્મજન્માન્તર (Rebirth)ના સિદ્ધાન્તમાં શ્રદ્ધા જોઇશે.

જૈનધર્મ પ્રમાણે જીવોની ચાર પ્રકારની ગતિ છે : (૧) મનુષ્ય (૨) તિર્યંચ (૩) દેવતા અને (૪) નારકી. આ ચાર પ્રકારની ગતિના જીવો કેટલા છે તે દર્શાવવા પ્રત્યેક ગતિની બાબતમાં જૈનધર્મે ગણિતની સંજ્ઞા આપી છે. એ પ્રમાણે મનુષ્યની વસતી 'સંખ્યાતા' છે. દેવતા અને નારકીના જીવો 'અસંખ્યાતા' છે અને તિર્યંચ ગતિના જીવો અનંત છે, અનંતાનંત છે.

સંખ્યાતા એટલે જેની સંખ્યા ગણી શકાય તે. જૈનધર્મના ગણિતાનુયોગ પ્રમાણે એકથી ઓગણત્રીસ આંકડા (એકમ-Digit) સુધીની સંખ્યા તે સંખ્યાતા કહેવાય છે. ૩૦ કે તેથી વધુ આંકડાની રકમ એ અસંખ્યાતા કહેવાય છે. થોડે સુધી ગણી શકાય પણ પછી ગણવાનું ફાવે નહિ અને ચોકકસ આંકડો મળે નહિ એવી સંખ્યાને અસંખ્યાતા કહેવામાં આવે છે. જે સંખ્યા ગણવાનું ફાવે નહિ અને ગણતાં કયારેય પાર આવે નહિ તેવી સંખ્યાને અનંત કહેવામાં આવે છે. મનુષ્યની વસતી અત્યારે દસ આંકડા જેટલી છે. બાર આંકડા સુધીની રકમ ગણવામાં આવે તો તે ૧૦૦ અબજ કે તેથી વધુ થાય. મનુષ્યની એટલી વસતી થાય તોપણ તે સંખ્યાતા કહેવાય ૧૨ ને બદલે ૨૯ આંકડા સુધી મનુષ્યની વસતી કદાચ પહોંચે તોપણ તે સંખ્યાતા કહેવાય.

જૈનધર્મ પ્રમાણે ચાર ગતિના જીવો જ્યાં સુધી પાંચમી ગતિ-મોક્ષગતિ પામતા નથી ત્યાં સુધી એક ગતિમાંથી બીજી ગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે. એ પરિભ્રમણના પણ નિયમો છે. દેવગતિનો જીવ આયુષ્ય પૂર્ણ કરીને ફરી દેવગતિમાં ઉત્પન્ન થઇ શકતો નથી. તેવી જ રીતે તે જીવ દેવગતિમાંથી સીધો નરકગતિમાં ઉત્પન્ન થઇ શકતો નથી. દેવગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યગતિમાં કે તિર્યંચ-ગતિમાં ઉત્પન્ન થાય છે.

એવી જ રીતે નરકગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને તરત નરકગતિમાં ફરીથી ઉત્પન્ન થઇ શકતા નથી. તેમ તેઓ નરકગતિમાંથી સીધા દેવગતિમાં પણ ઉત્પન્ન થઇ શકતા નથી. નરકગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે.

તિર્યંચગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને ફરીથી તિર્યંચગતિમાં ઉત્પન્ન થઇ શકે છે; મનુષ્યગતિમાં પણ ઉત્પન્ન થઇ શકે છે; તિર્યંચગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો દેવગતિમાં કે નરકગતિમાં જઇ શકે છે. પરંતુ તિર્યંચગતિના જીવો સીધી મોક્ષગતિ પામી શકતા નથી.

મનુષ્યગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને ફરીથી મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી શકે છે અથવા તિર્યંચગતિમાં ઉત્પન્ન થઇ શકે છે અથવા દેવગતિ કે નરકગતિમાં પણ ઉત્પન્ન થઇ શકે છે. મનુષ્યજન્મ એ એક જ એવી ગતિ છે કે જ્યાંથી મોક્ષગતિ પ્રાપ્ત થઇ શકે છે. સુખવૈભવ, દીર્ઘાયુષ્ય વૈક્રિયશરીર, આકસ્મિક મૃત્યુનો અભાવ વગેરેની દૃષ્ટિએ દેવગતિ મનુષ્યગતિ કરતાં ચડિયાતી હોવા છતાં મોક્ષપ્રાપ્તિ માત્ર મનુષ્યગતિ દ્વારા જ શક્ય હોવાથી દેવો પણ મનુષ્યગતિ માટે ઝંખે છે એમ કહેવાય છે.

તિર્યંચગતિના જીવો ફરીથી તિર્યંચગતિમાં અનુક્રમે સતત અનેકવાર ઉત્પન્ન થઇ શકે છે, પરંતુ મનુષ્યગતિના જીવો સતત મનુષ્યજન્મ સાત કે આઠવાર મેળવી શકે છે.

આમ ચારેય ગતિના જીવોના પરિભ્રમણનો વિચાર કરીએ

તો દેવ અને નરકગતિના અસંખ્યાતા જીવો અને તિર્યંચગતિના તો અનંતાઅનંત જીવોમાંથી એ જીવોને મનુષ્યગતિમાં સ્થાન મળવું એ ઘણી દુર્લભ વાત છે. મનુષ્યગતિમાં સ્થાન સંખ્યાતા છે અને આવવા ઇચ્છનારા અનંતા છે. આમ જગ્યા કરતાં ઉમેદવારો અનંતગણા છે એ બધું લક્ષ્યમાં આવે તો મનુષ્યગતિના સ્થાનની દુર્લભતા સમજાય.

માત્ર વધતી જતી મનુષ્યવસતી પ્રત્યે લક્ષ્ય ઓછવાથી આ દુર્લભતા નહિ સમજાય. સમગ્ર વિશ્વની જીવરાશિના સતત ચાલતા પરિભ્રમણનું દૃશ્ય આંતરચક્ષુ સમક્ષ જોઈ શકે તેમને આ દુર્લભતાની પ્રતીતિ થયા વગર રહે નહીં. સમગ્ર વિશ્વની જેટલી માનવવસતી અત્યારે છે અને ભવિષ્યમાં કોઈપણ કાળે હશે તો તે 'સંખ્યાતા' જ હશે. સમગ્ર વિશ્વની માનવવસતી જેટલી કોઈ પણ કાળે જેટલી હોય છે એથી વધુ જીવો પાણીના એક બિન્દુમાં હોય છે, કારણ કે એ બિન્દુમાં સંખ્યાતા કે અસંખ્યાતા જીવો નહિ, પરંતુ અનંતા જીવો હોય છે. એવી જ રીતે હવામાં, પાણીમાં, તેજમાં, વનસ્પતિમાં રહેલા જીવોનો વિચાર કરીએ તો તેની અપેક્ષાએ મનુષ્યની વસતીની અલ્પતા અને મનુષ્યજન્મની દુર્લભતા સમજાશે. જૈનધર્મે તો નિગોદના જીવોની જે વિચારણા કરી છે તે જો સમજાય તોપણ મનુષ્યજન્મની દુર્લભતાની પ્રતીતિ થાય.

મનુષ્યજન્મ અત્યંત દુર્લભ છે એ જૈન, હિંદુ કે બૌદ્ધ ધર્મના અનેક ગ્રંથોમાં ભારપૂર્વક દર્શાવવામાં આવ્યું છે. સર્વ જીવોમાં મનુષ્યની શ્રેષ્ઠતા તો દુનિયાના દરેક ધર્મે જ નહિ, વિજ્ઞાને પણ સ્વીકારી છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં કહ્યું છે :

चत्तारि परमंगाणि दुल्लहाणीह जंतूणो ।
माणुसत्तं सुई सद्धा, संजममि य वीरियं ॥

ચાર પરમ વસ્તુઓ જીવને અત્યંત દુર્લભ છે: (૧) મનુષ્યપણું (૨) ધર્મશ્રવણ (૩) ધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમમાં વીર્ય અર્થાત્ સંયમ આચરવા માટેની શક્તિ. વળી, ઉત્તરાધ્યયન સૂત્રમાં અન્યત્ર કહ્યું છે : माणुस्स खु सुदुल्लहं । મનુષ્ય જન્મ ખરેખર બહુ દુર્લભ છે.

સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે :

छठाणाइं सव्वजीवाणं सुलभाइं भवंति – तं जहा – माणुस्सए भवे, आरिए खित्ते जम्मे, सुकुले पच्चायाति, केवली पन्नतस्स, धम्मस्स सवणया, सुयस्स वा सद्दहणया, सद्दहियस्स वा पत्तियस्स वा रोइयस्स वा सम्मं काएणं फासणया ।

સર્વ જીવોને માટે છ વસ્તુઓ દુર્લભ છે : (૧) મનુષ્યભવ (૨) આર્યક્ષેત્ર (૩) ઉત્તમ કુળમાં જન્મ (૪) કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ (૫) શ્રવણ કરેલા એ ધર્મ ઉપર શ્રદ્ધા અને (૬) શ્રદ્ધા કરેલા ધર્મ, પ્રતીતિ કરેલા, રુચિ કરેલા ધર્મ પ્રમાણે આચરણ.

શંકરાચાર્યે પણ કહ્યું છે :

दुर्लभं त्रयमेवैतद् देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्व महापुरुष संश्रयः ॥

મનુષ્યપણું, મુમુક્ષુત્વ (એટલે મોક્ષ મેળવવાની ભાવના) અને મહાપુરુષોની સંગતિ એ ત્રણ દુર્લભ છે અને દેવોની કૃપા હોય, પુણ્યોદય હોય તો જ મળી શકે એમ છે.

મનુષ્યજન્મની દુર્લભતા દર્શાવતાં વળી અન્યત્ર કહેવાયું છે:

एवं भ्रमतः संसारसागरे दुर्लभं मनुष्यत्वम् ।
संसारमहत्त्वाधार्मिकत्वदुष्कर्मबाहुल्यैः ॥

(સંસાર ઘણો મોટો હોવાથી, વળી તેમાં ઘણી અધાર્મિકતા અને દુષ્કર્મોની બહુલતા હોવાથી સંસારરૂપી સાગરમાં ભ્રમણ કરતા જીવને મનુષ્યપણું મેળવવું અત્યંત દુર્લભ છે)

ननु पुनरिदमतिदुर्लभमगाधसंसारजलधिविभ्रष्टम् ।
मानुष्यं खद्योतकतडिल्लताविलसित प्रतिमम् ॥

આગિયા અને વીજળીના પ્રકાશ જેવો અત્યંત ચંચલ આ મનુષ્યભવ અગાધ સંસારરૂપી સમુદ્રમાં જો સરી પડશે તો ફરીથી પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે.

આવો દુર્લભ મનુષ્યજન્મ પરિભ્રમણશીલ જીવને મળે કઈ રીતે ? આગમ ગ્રંથોમાં મનુષ્યગતિ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે દર્શાવતાં કહ્યું છે :

चउहिं ठाणेहिं जीवा मणुस्साए कम्मं पगरेंति तं जहा – पगइभद्दयाए, पगइविणीययाए साणुक्कोसयाए अमच्छरियाए ।
(स्थानांगसूत्र)

ચાર કારણોથી જીવ મનુષ્યગતિનું આયુષ્ય બાંધે છે : (૧) સરળ પ્રકૃતિથી (૨) વિનીત પ્રકૃતિથી (૩) દયાભાવથી અને (૪) મત્સરના અભાવથી.

कम्माणं तु पहाणाए, आणुपुव्वीं कयाइउ ।
जीवा सोहिमणप्पत्ता आययंति मणुस्सयं ॥
(उत्तराध्ययनसूत्र)

અનુક્રમે કર્મોનો ક્ષય કરતાં કરતાં શુદ્ધિને પ્રાપ્ત કરીને જીવો ઘણા દીર્ઘકાળ પછી મનુષ્યજન્મ પ્રાપ્ત કરે છે.

ધર્મકલ્પદ્રુમમાં કહ્યું છે :

अनुलोमो विनीतश्च दयादानरुचिर्मृदुः ।
सहर्षो मध्यदर्शी च मनुष्यादागतो नरः ॥

જે બધાની સાથે અનુકૂળ થઈને રહેતો હોય, વિનયવાન હોય, દયા અને દાનને વિશે રુચિવાળો હોય, સ્વભાવે કોમળ હોય, હર્ષવાળો હોય અને મધ્યમ દૃષ્ટિવાળો હોય તે માણસ મનુષ્યગતિમાંથી આવેલો છે એમ જાણવું.

° ° °

निर्दम्भः सदयो दानी दान्तो दक्षः सदा मृदुः ।
साधुसेवी जनोत्साही, भावी चात्र नरः पुनः ॥

જે નિર્દંભ, દયાળુ, દાતાર, ઇન્દ્રિયોને દમનાર, દક્ષ, મૃદુ, સાધુ-સંતોની સેવા કરનાર અને અન્ય મનુષ્યોને ઉત્સાહ આપનાર હોય તે મનુષ્ય સંસારમાં ફરીથી મનુષ્યપણું પામે છે.

'વિવેકવિલાસ'માં એ જ પ્રમાણે થોડા શબ્દફેરે કહેવાયું છે :

निर्दम्भः सदयो दानी दान्तो दक्षः ऋजुः सदा ।
मर्त्ययोनिसमुद्भूतो भावी तत्र पुनः पुमान् ॥

જે મનુષ્ય હંમેશાં નિર્દંભ હોય, દયાળુ હોય, દાન

આપવાવાળો હોય, ઇન્દ્રિયો ઉપર સંયમ રાખનાર હોય, ડાહ્યો અને સરળ હોય તે મનુષ્ય યોનિમાંથી આવેલો હોય છે અને ફરીથી પાછો મનુષ્યગતિમાં જાય છે.

જૈન પરંપરામાં મનુષ્યજન્મ દસ દૃષ્ટાન્તે દુર્લભ કહેવાય છે.

ઉત્તરાધ્યયનની નિર્યુક્તિમાં લખ્યું છે :

चुल्लगपासगधन्ने जूए रयणे य सुमिणचक्के य ।
चम्मजुगे परमाणू दस दिट्ठंता मणुयलंभे ॥

મનુષ્યજન્મની દુર્લભતા બતાવવા માટે (૧) ચૂલો (૨) પાશક (૩) ધાન્ય (૪) દ્યુત (૫) રત્ન (૬) સ્વપ્ન (૭) ચક્ર (૮) ચર્મ (૯) યુગ (ધૂંસરું) અને (૧૦) પરમાણુ એમ દસ દૃષ્ટાંત આપવામાં આવ્યાં છે. એ દરેક દૃષ્ટાંતમાં વાસ્તવિક રીતે લગભગ અશક્ય કે અસંભવિત વસ્તુની વાત બતાવવામાં આવી છે અને સમજાવ્યું છે કે એવી વસ્તુ પણ કયારેક શક્ય કે સંભવિત બને છે, પણ મનુષ્યગતિમાં જન્મ મેળવવો એટલો સુલભ નથી.

આ દસ દૃષ્ટાંતો સંક્ષેપમાં નીચે પ્રમાણે છે :

(૧) ચૂલો : બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી રાજા કોઇ એક બ્રાહ્મણ પર ખુશ થયો અને એને કંઇક માગવાનું કહ્યું. બ્રાહ્મણે માગ્યું, 'આખા રાજ્યમાં જેટલા ઘરે ચૂલા છે તે દરેક ઘરની રસોઇ રોજ એક એક દિવસ મને ખાવા મળો.' રાજાએ એની એ માગણી મંજૂર રાખી અને પોતાના ઘેરથી જ શરૂઆત કરી. રાજાના ઘરના ચૂલાની રસોઇ ખાઇને બ્રાહ્મણને એટલો આનંદ અને એટલી તૃપ્તિ થઇ કે બીજીવાર રાજાને ઘેર ખાવાનું એને મન થઇ ગયું. પણ હવે તો આખા રાજ્યના બધે ઘેર એક એક દિવસ એ ખાઇ લે ત્યાર પછી રાજાને ઘેર ફરી એનો વારો આવે, પણ ત્યાં સુધી એ જીવે એવો સંભવ જ નહોતો. તેમ છતાં કદાચ રાજાને ઘેર બીજીવાર જમવાની એને તક મળે એ શક્ય છે. પણ માનવજન્મ મેળવવો એટલી સહેલી વાત નથી.

(૨) પાસો : ચાણક્યની પાસે દેવતાઈ સિદ્ધિના પ્રતાપે એવી વિદ્યા હતી કે જે વડે ઘુતમાં કેવા પાસા પડવાના છે એની એને ખબર પડી જતી અને એ હંમેશા જીતી જતો. એટલે એનો હરીફ કોઇ દિવસ જીતી શકતો જ નહિ તેમ-છતાં એ વિદ્યાનો પ્રભાવ ઘટી જતાં કોઇક વખત ચાણક્ય હારી પણ જાય, પણ તે તો લગભગ અશક્ય જ. માનવજન્મ પણ એવો જ દુર્લભ છે.

(૩) **ધાન્ય :** આખા ભારતવર્ષના બધા ચોખાનો એક જબરદસ્ત મોટો ઢગલો કરવામાં આવે અને એમાં એક શેર સરસવનો નાખીને, હલાવી નાખવામાં આવે. ત્યારપછી એક ડોશીમાને એમાંથી સરસવના બધા દાણા જુદા કાઢી એકઠા કરી આપવાનું કહે તો તે શક્ય નથી; પણ કદાચ કોઇક વખત એ શક્ય બને. પણ માનવભવ એટલી સહેલાઇથી મળવો શક્ય નથી.

(૪) દ્યૂત : એક રાજસભાના ૧૦૮ સ્તંભો છે અને દરેક સ્તંભને ૧૦૮ ખૂણા છે. એ રીતે જેટલા ખૂણા થાય એટલીવાર, એક પણ વખત હાર્યા વિના, કંઇ પણ ઠગાઇ કે વિદ્યા વગર જુગારમાં જીતવું શક્ય તો નથી જ. છતાં પણ કયારેક એ શક્ય બને. પણ માનવજન્મ એટલો સહેલો નથી.

(૫) રત્ન : કોઇ એક ધનાઢય વેપારી બહારગામ ગયો. દરમ્યાન એના પુત્રે એનાં અનેક કીમતી રત્નો વેચી ખાધાં. એકની પાસેથી બીજા પાસે જતાં અને એમ કરતાં કરતાં જુદા જુદા માણસો મારફત ફરતાં ફરતાં એ રત્નો આખા દેશમાં ફેલાઇ ગયાં. ઘણે વર્ષે પાછા ફરેલા એ વેપારીને એની ખબર પડી. પરંતુ હવે બધાં જ રત્નો પાછાં મેળવવા એને માટે અશક્ય છે. છતાં એ કદાચ જેટલી સહેલાઇથી શક્ય બને એટલી સહેલાઇથી માનવજન્મ મળવો શક્ય ન બને.

(૬) સ્વપ્ન : મૂળદેવ નામના એક જુગારીને સ્વપ્ન આવ્યું કે પોતે ચંદ્રને ગળી ગયો. ત્યાર પછી સાતમે દિવસે એને થોડો સમય માટે રાજ્ય મળ્યું. પણ એનું એ સ્વપ્ન એને ફરી આવે અને ફરી એને સાતમે દિવસે રાજ્ય મળે એ શક્ય નથી, છતાં પણ કયારેક એ શક્ય બને. પણ માનવજન્મ એટલો સહેલો નથી.

(૭ ચર્મ : એક લાખ જોજન પહોળા સરોવર પર ચામડા જેવી સેવાળ જામી છે. અંદર એક કાચબો સપરિવાર રહે છે એક દિવસ પવનથી સેવાળમાં છિદ્ર પડ્યું. બરાબર એ વખતે કાચબો ત્યાં હતો. છિદ્રમાંથી જોતા કાચબાને શરદ પૂર્ણિમાના ચંદ્રનો ઉદય દેખાયો. પોતાના પરિવારને એ બતાવવાનું કાચબાને મન થયું. પણ એ પોતાના પરિવારને સરોવરમાંથી શોધી લાવીને આવે, બરાબર તે વખતે પવનથી સેવાળમાં ફરી છિદ્ર પડે અને બરાબર તે વખતે શરદ પૂર્ણિમાના ચંદ્રનો ઉદય હોય એ શક્ય નથી, છતાં કોઇકવાર એ શક્ય બને, પણ માનવજન્મ એટલો સહેલો નથી.

(૮) ચક્ર : આમાં રાધાવેધનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. રાધા નામની એક પુતળીની આંખ નીચે આઠ ચક્રો ઊભાટાસૂલટી ફરતાં હોય છે. એ ચક્રો બરાબર અમુક રીતે આવે ત્યારે ક્ષણ માત્રને માટે રાધાની આંખ દેખાય. ધનુર્વિદ્યાના જાણકાર તેલની કઢાઇમાં જોઇ બાણ એવી રીતે છોડે કે જે પેલાં આઠ ચક્રોમાંથી પસાર થઈ રાધાની આંખ વીંધે; એને રાધાવેધ કહે છે. એવો રાધાવેધ બહુ જ ગણતરીબાજ, પૂરેપૂરી ચોકસાઇવાળા માણસથી પણ કયારેક જ સિદ્ધ થાય. પણ માનવભવ તો એથીય વધારે દુર્લભ છે.

(૯) યુગ : બે લાખ જોજન જેટલા વિશાળ સમુદ્રમાં જુદે જુદે કિનારે ગાડાનું ધૂંસરું અને એમાં ભરાવવાનું સમોલ (ઊભું લાકડું) નાખવામાં આવે. એ સમોલ આપમેળે ભરાઇ જાય એવું બને જ નહિ છતાં કયારેક એ તો બને પણ માનવભવ એટલી સહેલાઇથી મળે નહિ.

(૧૦) પરમાણુ : એક વિશાળ સ્તંભનો ચૂરો કરી પહાડ પરથી ઉડાડવામાં આવે. પછી એ બધો જ ચૂરો ભેગો કરી આપવાનું કહેવામાં આવે તો તે અશક્ય છે. પરંતુ કદાચ કોઇ કાળે એ શક્ય બને, પણ માનવભવ એટલી સહેલાઇથી મળે નહિ.

આમ, મનુષ્યજન્મની દુર્લભતા વિવિધ રીતે, વિવિધ દૃષ્ટાન્તથી સમજાવવામાં આવી છે. તેમ છતાં ઘણાને તેની પ્રતીતિ થતી નથી કે તે વાતમાં શ્રદ્ધા બેસતી નથી. સાવ નિર્ધન માણસને ધન મેળવવા માટે જે પરિશ્રમ કરવો પડે

અને એને ધનની દુર્લભતા જેટલી સમજાય તેટલી દુર્લભતા ગર્ભશ્રીમંત માણસને ન સમજાય. તેવી જ રીતે આપણને મનુષ્ય-જન્મ પ્રાપ્ત થઇ ગયો છે માટે તેની દુર્લભતા આપણને સમજાતી નથી અન્ય ગતિમાં કોઇનો જીવ હોય અને મનુષ્ય-જન્મ મેળવવા માટે તેનો પુરુષાર્થ ચાલતો હોય ત્યારે મનુષ્ય-ગતિમાં સ્થાન મેળવવાનું કેટલું બધું દુર્લભ છે તે સમજાય. અકામ નિર્જરા અને પુણ્યના યોગે મનુષ્યજન્મ મેળવવામાં કયારેક તો અનંતકાળ વીતી જાય અથવા અનંત પુદ્ગલ પરાવર્તન જેટલો કાળ પણ વીતી જાય. મનુષ્યજન્મની દુર્લભતા આ દૃષ્ટિએ સમજવાની છે.

દસ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યજન્મ પ્રાપ્ત થયો એટલે બધું જ પામી ચૂકયા એવું નથી. મનુષ્યજન્મ પ્રાપ્ત થવા છતાં સંસારમાં કેટલાયે જીવો તિર્યંચગતિના જીવો જેવું, ભારવહન કરનાર બળદ કે ઘોડા જેવું કે બધેથી હડધૂત થનાર કૂતરા જેવું, આખું જીવન વીતાવે છે મનુષ્યજન્મ મળવા છતાં કેટલાય જીવો જન્મથી અપંગપણાને લીધે, ગાંડપણને લીધે તિર્યંચ કે નરકગતિના જીવો જેવું દુઃખ વેઠે છે. એટલે દુર્લભ મનુષ્યજન્મની પ્રાપ્તિ થઇ હોય તો તેને સાર્થક કરી ધર્મનું આલંબન લઇ મોક્ષ માટેનો પુરુષાર્થ કરવામાં એ જન્મનો ઉપયોગ કરવો એ તો એથીય વધુ દુર્લભતા છે.

આવો દુલભ મનુષ્યજન્મ મળ્યા પછી અનેક મનુષ્યો તેને વ્યર્થ ગુમાવી દે છે. 'સિન્દૂરપ્રકરણ'માં આવા અજ્ઞાની માણસોની સરસ અને સચોટ સરખામણી કરી છે, જુઓ :

स्वर्णस्थाले क्षिपति स रजः पाद शौचं विधत्ते ।
पीयूषेण प्रवरकरिणं वाह्यत्यैन्धभारम् ।
चिन्तारत्नं विकरति कराद् वायसोड्डायनार्थे,
यो दुष्प्राप्यं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ॥

જે માણસ પ્રમાદને વશ થઇ દુષ્પ્રાપ્ય એવા મનુષ્યજન્મને વ્યર્થ ગુમાવી દે છે તે અજ્ઞાની માણસ સોનાની થાળીમાં માટી ભરી રહ્યો છે અમૃતથી પગ ધોઇ રહ્યો છે, શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાંનો ભારો ભરી રહ્યો છે અને ચિંતામણિ રત્ન કાગડાને ઉડાડવા માટે ફેંકી રહ્યો છે. માટે જ કહ્યું છે :

दुर्लभं प्राप्य मानुष्यं, हारयध्वं मुधैव मा ।
(પાર્શ્વચરિત્ર)

દુર્લભ મનુષ્યજન્મ મેળવીને એને વ્યર્થ ગુમાવી ન દેશો.

મનુષ્યજન્મ પ્રાપ્ત થયા પછી મનુષ્યગતિની દુર્લભતા પોતાને સમજાય અને ધર્મતત્ત્વમાં શ્રદ્ધા બેસે અને મોક્ષગતિની દુર્લભતા સમજાય એ પણ અત્યંત દુર્લભ વાત છે.

અંધશ્રદ્ધા કે ગતાનુગતિક શ્રદ્ધા ઘણી વ્યાપક હોય છે, પરંતુ તત્ત્વ નિશ્ચય રૂપ સાચી શ્રદ્ધા ઘણી દુર્લભ છે એટલે જ ભગવાન મહાવીરે કહ્યું છે કે—सद्धा परम दुल्लहा ।

—રમણલાલ ચી. શાહ

કુસુમાગ્રજને જ્ઞાનપીઠ પુરસ્કાર

● ગુલાબ દેઢિયા

દર વર્ષે જ્ઞાનપીઠ પુરસ્કારની જાહેરાત થતાં દેશની કોઇ એક ભાષાના સમર્થ સર્જકનો પરિચય સાહિત્યરસિકોને થાય છે. વ્યકિત પોતે પરિચિત ન હોય એવી ભાષા અને એના સાહિત્ય વિશે જાણવાની થોડી ઉત્સુકતા જાગે એવી આ ઘટના છે. એક નવી બારી ખૂલે છે.

૧૯૮૭ના વર્ષનો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર ગુજરાતીની ભગિની ભાષા મરાઠીના વિખ્યાત કવિ અને નાટયકાર શ્રી વિ. વા. શિરવાડકર 'કુસુમાગ્રજ'ને એનાયત કરવાનું નકકી થયું છે. દોઢ લાખ રૂપિયાનો આ પુરસ્કાર ભારતીય સાહિત્યમાં રાષ્ટ્રીય કક્ષાનું સર્વોચ્ચ સન્માન છે. કુસુમાગ્રજ ૨૩મા પુરસ્કૃત સર્જક અને મરાઠી ભાષાના દ્વિતીય પુરસ્કૃત સર્જક છે. ૧૯૭૪ માં વિખ્યાત મરાઠી નવલકથાકાર શ્રી વિ. સ. ખાંડેકરને જ્ઞાનપીઠ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. આ સન્માન મેળવનાર તેઓ પ્રથમ મરાઠીભાષી સર્જક હતા.

વિષ્ણુ વામન શિરવાડકરનો જન્મ ૧૯૧૨માં થયો હતો. પદ્યમાં 'કુસુમાગ્રજ'ના નામે જાણીતા આ સર્જકે પોતાનો પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૩૩ માં 'જીવનલહરી' નામે ૨૧ વર્ષની યુવાન વયે પ્રસિદ્ધ કર્યો હતો. 'વિશાખા,' 'વાદળવેલ,' 'સ્વગત,' 'હિમરેષા', 'છંદોલયી', 'મુકતાયન' વગેરે એમના ૧૩ જેટલા કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ થયા છે. કુસુમાગ્રજે 'જાઇચા કુંજ' અને 'શ્રાવણ' જેવા બાળકાવ્યોના સંગ્રહ પણ આપ્યા છે. એમનાં કાવ્યોમાં પ્રકાશપૂજા છે. વિષમતા સામે ચીડ છે અને માનવતા માટે પ્રેમ છે. ઉત્કૃષ્ટ કલ્પનાશકિત અને ઉત્કટ ભાવ એમનાં કાવ્યોનાં મહત્ત્વનાં અંગ છે. આત્મા અને સૌન્દર્યની વાત એમનાં કાવ્યોમાં ફરી ફરી આવે છે.

કવિ તરીકે કુસુમાગ્રજ તરીકે તેઓ જેટલા જાણીતા છે એટલા જ નાટયકાર તરીકે વિ. વા. શિરવાડકરના નામે જાણીતા છે. 'દૂસરા પેશવા', 'યયાતિ આણિ દેવયાની', 'નટસમ્રાટ', 'વિદૂષક', 'વૈજયંતા', 'કૌતેય', 'રાજમુકુટ', 'દિવાણી દાવા', 'દેવાચે ઘર', 'ઓથેલો', 'આમચ નાવ આણુરાવ', 'મુખ્યમંત્રી', 'ચંદ્ર જિથે ઉગવત નાહી' વગેરે નાટકો એમણે લખ્યાં છે. 'નટસમ્રાટ' નાટકને ખૂબ લોકપ્રિયતા મળી છે. આ નાટકમાં એક મહાન આદર્શવાદી અભિનેતાના સ્વપ્નભંગની વાત છે. 'નટસમ્રાટ' ગુજરાતીમાં 'બહુત નાચ્યો ગોપાળ' નામે ભજવાયું હતું. દશ મૌલિક નાટકો અને સાત અનુવાદિત નાટકો શિરવાડકરે આપ્યાં છે.

શિરવાડકરનાં નાટકો રામગણેશ ગડકરીના જેવી કાવ્યમય શૈલીમાં લખાયેલાં છે. અન્યાય, અસમાનતા અને સામાજિક જીવનની કુરૂતાને લીધે જે સમસ્યાઓ સર્જાય છે, એ વિશે તેમણે લખ્યું છે. ભાષાનું સૌન્દર્ય અને ભાષાનું કૌવત એમનાં નાટકોનાં મહત્ત્વનાં અંગ છે.

પોતાના સર્જન દ્વારા શિરવાડકર શાશ્વત દ્વન્દ્વનું સમાધાન

શોધવાની કોશિશ કરી રહ્યા છે. નાટકમાં પ્રત્યક્ષ યથાર્થના આલેખન વિના ન ચાલે તેમ કવિતામાં સૂક્ષ્મ અને અમૂર્તના આલેખનની જરૂર પડે છે. કુસુમાગ્રજમાં કઠોર અને કોમળ બન્નેનું સંતુલન જોવા મળે છે.

વિ. સ. ખાંડેકરને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રદાન કરતી વખતે પૂછવામાં આવ્યું હતું કે, તમારા પછી આ પુરસ્કાર મેળવવાને પાત્ર મરાઠી સર્જક કોણ છે? એમણે કુસુમાગ્રજનું નામ આપ્યું હતું. ચૌદ વર્ષ બાદ એ વાત સાચી રાખે છે.

નાસિક મહાનગરપાલિકાએ જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા કુસુમાગ્રજની ઇચ્છાની પૂર્તિ કરવા નાસિક શહેરમાં એકવીસ લાખ રૂપિયાના ખર્ચે એક આર્ટ ગેલેરીનું નિર્માણ કરવાનું નક્કી કર્યું છે, પોતાના નગરવાસી કવિનું આ રીતે સન્માન કરવું એ કોઇ પણ નગરપાલિકાને શોભા આપે એવી રસમ કહી શકાય.

'રસિક મરાઠી- માનવીના મનના ગભારામાં કુસુમાગ્રજ આજે એક સાંસ્કૃતિક કુળદેવતા જેવું આસન પામ્યા છે. તેઓ જ્ઞાનેશ્વરીમાં આવતા અલાંછન ચન્દ્ર અને તાપહીન માર્તંડ જેવા છે. રાષ્ટ્રીય કક્ષાનો આ પુરસ્કાર એ આપણા પ્રિય ઇષ્ટદેવને ચડાવેલા મૂલ્યવાન અલંકાર જેવો છે.' આ રીતે પોતાનો આનંદ વ્યકત કરતાં પુ. લ. દેશપાંડેએ જણાવ્યું છે.

'નટસમ્રાટ'માં મુખ્ય ભૂમિકા ભજવનાર ડો. શ્રીરામ લાગૂએ કહ્યું હતું કે, 'વિચાર અને સંસ્કારથી આટલું સંપન્ન સાહિત્ય મરાઠી ભાષામાં આજે મળવું મુશ્કેલ છે'

૧૯૬૭ થી ૧૯૮૨ સુધીના શિરવાડકરના સર્જન માટે જ્ઞાનપીઠ પુરસ્કાર આપવામાં આવી રહ્યો છે. કાવ્ય અને નાટક ઉપરાંત ૭ વાર્તાસંગ્રહ, ત્રણ નવલકથા, એકાંકી અને વિવેચન એમનાં પાંચ દાયકાના સુદીર્ઘ સર્જનમાં આવે છે.

કુસુમાગ્રજ ૧૯૬૪માં પણજીમાં ભરાયેલ અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનના અધ્યક્ષપદે રહી ચૂકયા છે.

કુસુમાગ્રજના સાહિત્યનો આ રીતે થયેલો વિશેષ સત્કાર એ મરાઠી સાહિત્ય સમગ્રનું સન્માન છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આ વર્ષે ચોપનમા વર્ષમાં શુભ પ્રવેશ કર્યો છે, સાથે આનંદની વાત એ છે કે સંઘની સ્થાપનાને પણ આ વર્ષે સાઠ વર્ષ પૂર્ણ થતાં હોઇ તેના હીરક જયંતી મહોત્સવનું આ વર્ષ છે. સંઘની અનેકવિધ પ્રવૃત્તિને વધુ ગતિશીલ બનાવવા માટે અને તેને કાયમી સ્વરૂપ આપવા માટે આ વર્ષ દરમિયાન રૂપિયા પચ્ચીસ લાખનો નિધિ એકત્ર કરવાની જાહેર અપીલ કરવામાં આવી છે. અને આ અહેવાલ લખાઇ રહ્યો છે ત્યાં સુધીમાં તો રૂપિયા અગિયાર લાખ જેવી માતબર રકમનાં વચનો સંઘને મળી ચૂકયાં છે.

જ્ઞાન અને સાધનાની જ્યોત સમાન આપણી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને છેલ્લાં સાતેક વર્ષથી શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનો આર્થિક સહયોગ મળતો રહ્યો છે. આ વર્ષની વ્યાખ્યાનમાળા ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને ગુરુવાર તા. ૮મી સપ્ટેમ્બર, ૧૯૮૮થી શુક્રવાર, તા. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૮ સુધી એમ નવ દિવસ માટે ચોપાટી ખાતે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો ટૂંકો અહેવાલ નીચે પ્રમાણે છે:

* **જૈન ધર્મમાં પુનર્જાગરણનો યુગ :** પ્રથમ દિવસના પ્રથમ વ્યાખ્યાતા શ્રી શશિકાન્ત મહેતાએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આજે જૈનધર્મમાં પુનર્જાગરણની જરૂર છે. સૌથી પહેલું જાગરણ જીવનસાધક બનવાનું છે. બીજું જાગરણ ધ્યાનમાર્ગનું ઉદ્‌ઘાટન કરવાનું છે. ત્રીજું જાગરણ જૈનધર્મમાં એક આધ્યાત્મિક અભિયાન શરૂ કરવાનું છે. ચોથું જાગરણ વિજ્ઞાન અને અધ્યાત્મના મિલનનું છે. પાંચમું જાગરણ ખંડન અને મંડનથી દૂર રહેવાનું છે. છઠું જાગરણ આપણું વિપુલ પ્રમાણમાં સાહિત્ય વિવિધ ભાષામાં વિશ્વ સમક્ષ મૂકવાનું છે. અને સાતમું જાગરણ નમસ્કાર મહામંત્રને શરણે જવાનું છે. આજે આપણા યુવાનોને ધર્મક્ષેત્રે આકર્ષવા માટે રચનાત્મક અભિગમ કેળવવાની જરૂર છે. જે સમાજ કે ધર્મ યુવાનોને આકર્ષી શકતો નથી તેનો ઉત્કર્ષ થઇ શકતો નથી.

* **વીતરાગ માર્ગબોધનું રહસ્ય :** આ વિષય ઉપર બોલતાં પ્રથમ દિવસે બીજા વ્યાખ્યાનમાં શ્રી સુનંદાબહેન વોહોરાએ જણાવ્યું હતું કે પર્યુષણ પણ આત્માના ગુણને પ્રગટાવવા માટેનું પર્વ છે. વૈરાગ્ય એ આત્માનો ગુણ છે. રાગદ્વેષ રહિત કે ભય ચિંતા રહિત આપણા મનની સ્થિતિ એ વૈરાગ્ય છે. આત્મા મોહથી ઘેરાયેલો છે. તેથી વૈરાગ્ય કઠણ લાગે છે. પરંતુ જીવને માટે વૈરાગ્ય નહિ, મોહ કઠણ છે. સર્વ જીવો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવથી જીવીએ એનું નામ વૈરાગ્ય છે. વૈરાગ્ય જીવનો સ્વભાવ છે. જૈનદર્શનનો કર્મ સિદ્ધાંત સમજાય તો વૈરાગ્ય પ્રગટ થયા વિના રહે નહિ. આ દેહમાં વીતરાગ થવાનો અંશ પ્રગટ થાય તો જ દેહનું મૂલ્ય છે. 'પ્રશમરતિ'માં શ્રી ઉમાસ્વાતિજીએ મધ્યસ્થતા, વીતરાગતા, શાંતિ, પ્રશમ, દોષક્ષય, કષાયક્ષયને વૈરાગ્યના પર્યાય તરીકે ઓળખાવ્યા છે 'અધ્યાત્મસાર'માં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત એમ ત્રણ પ્રકારના વૈરાગ્યનાં સ્વરૂપ બતાવીને જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું મહત્ત્વ સમજાવ્યું છે.

* **ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના :** બીજા દિવસે પ્રથમ વ્યાખ્યાનમાં આ વિષય પર બોલતાં ડો. રમેશભાઇ ભટ્ટે જણાવ્યું હતું કે આપણી પાસે તપ, જપ, ધ્યાન વૈરાગ્ય, સંન્યાસ, સ્થિતિપ્રજ્ઞ વગેરે શબ્દો છે, જે વ્યવહારમાં પ્રચલિત છે, પરંતુ આપણે અજાણતાં તેના મૂળ અર્થને બાજુમાં મૂકીને પોતાના અર્થઘટનથી તેને મૂલવવાનો જ્યારે પ્રયત્ન કરીએ છીએ ત્યારે જબરદસ્ત ગોટાળો થાય છે. સત્યાગ્રહ, આમરણાંત ઉપવાસ વગેરે કેટલા સરસ શબ્દો છે, પરંતુ હેતુ વિના આ શબ્દોના વારંવારના ઉપયોગથી તેની શકિત શિથિલ બની ગઇ છે. આપણને

ઘણીવાર પ્રશ્ન થાય છે કે ત્યાગ-તપ-જપ-સાધના શેના માટે છે? સ્વામી નિષ્કુલાનંદજી કહે છે કે 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના, કરો કોટિ'ઉપાયજી'. ત્યાગની સાથે વૈરાગ્ય જોડાયેલો છે. વૈરાગ્યનો અર્થ કશી વસ્તુથી નાસી છૂટવું એમ પણ નથી. જે બધું છોડવું જોઇએ તે આપમેળે જ છૂટી જાય તે વૈરાગ્યની ભૂમિકા છે.

* **વીતરાગતા આધુનિક સંદર્ભમાં :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં ડૉ. નરેન્દ્ર ભાણાવતે જણાવ્યું હતું કે વીતરાગતા મનુષ્યજીવનમાં જ સંભવિત છે. દેવતાઓ રાગથી મુકત થઈ શકતા નથી. મનુષ્યની એ વિશેષતા છે કે એ પોતાના મનને પ્રશિક્ષિત કરી શકે છે. ભૂખ લાગે તોપણ તે આહારનો ત્યાગ કરી શકે છે. રાગદ્વેષનો અર્થ એ છે કે મનને જે વસ્તુ અનુકૂળ લાગે તેના પ્રત્યે રાગ અને પ્રતિકૂળ લાગે તેના પ્રત્યે દ્વેષ થાય છે. દ્વેષ કરતાં રાગ વધુ ભયંકર છે. દ્વેષ જલદીથી શાંત થઇ શકે છે. રાગમાં ઇચ્છાઓની વૃદ્ધિ થતી રહે છે. રાગ દાવાનળ જેવો છે. તેનાં અનેક રૂપો છે. ઇન્દ્રિયસુખની કામના આખરે નિરાશા અને દુઃખનો અનુભવ કરાવે છે. ઇન્દ્રિયસુખ એ સુખાભાસ છે. કામનાની પૂર્તિ એ સુખ નથી. તેનો ત્યાગ એ જ સુખ છે.

* **ઉપાધ્યાય યશોવિજયજી : જ્ઞાનમાર્ગી અને અનુભવમાર્ગી :** ત્રીજા દિવસે પ્રથમ વ્યાખ્યાનમાં આ વિષય પર બોલતાં પ્રા. શ્રી જયંતભાઇ કોઠારીએ જણાવ્યું હતું કે આજથી ત્રણસો વર્ષ પહેલાં થયેલા સમર્થ જૈન સંત શ્રી યશોવિજયજી મહારાજ એક પ્રકાંડ વિદ્વાન હતા. સાહિત્યનું કોઇ ક્ષેત્ર એવું નહિ હોય કે જેનું ખેડાણ શ્રી યશોવિજયજીએ ન કર્યું હોય. તેઓ માત્ર વિદ્વાન ન હતા, પરંતુ એક ઉચ્ચ કોટિના સાધક પણ હતા. તેમણે ક્રિયામાંથી જ્ઞાન અને જ્ઞાનમાંથી અનુભવ પ્રાપ્ત કરીને પોતાના શ્રમણ જીવનને દીપાવ્યું હતું તેઓના મત અનુસાર અનુભવ વિનાનું જ્ઞાન સાવ નિરર્થક હતું. તેમનામાં સિદ્ધસેન દિવાકરસૂરિ જેવી તાર્કિક શકિત અને હરિભદ્રસૂરિ જેવી દ્રષ્ટિની વિશાળતા હતી. તેમની અપ્રતિમ વિદ્વત્તા જોઇને લોકો તેમને 'લઘુ હેમચંદ્ર' કહેતા. વળી તેમને શ્રુતકેવળી' અને 'કુર્ચાલી શારદ'નું બિરુદ પણ આપવામાં આવ્યું હતું.

* **સર્વપલ્લી રાધાકૃષ્ણન : દાર્શનિક રાજનીતિજ્ઞ :** શ્રી પુરુષોત્તમ માવળંકરે ઉપરના વિષય પર બોલતાં જણાવ્યું હતું કે રાજકારણી અને રાજનીતિજ્ઞના વચ્ચે મોટો ભેદ છે. રાજકારણી આગામી ચૂંટણી તરફ નજર નાખે ને જ્યારે રાજનીતિજ્ઞ આવતી કાલની પેઢી સામે લક્ષ્ય રાખે છે. આપણા દેશમાં આજે રાજકારણીઓની નહિ, પરંતુ રાજનીતિજ્ઞોની જરૂર છે. રાધાકૃષ્ણન તત્ત્વજ્ઞાની હોવા સાથે એક સફળ રાજનીતિજ્ઞ પણ હતા. તેમની વિદ્વત્તા વ્યાપક અને ગહન હતી. તેમને હિન્દુ તત્ત્વજ્ઞાનના ભાષ્યકાર કહેવામાં આવે છે. કલકત્તા યુનિવર્સિટીએ તેમને આજીવન પ્રાધ્યાપક તરીકે નિમ્યા હતા. બનારસ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરના પદ માટે પંડિત માલવિયાજીએ તેમની પસંદગી કરી હતી એ ઘણી મહત્ત્વની વાત છે.

* **લોગસ્સ સૂત્ર :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં ડૉ. રમણલાલ ચી. શાહે જણાવ્યું હતું કે જૈનધર્મમાં મંત્ર તરીકે નવકારમંત્રનું, સ્તોત્ર તરીકે ભકતામર સ્તોત્રનું અને સૂત્ર તરીકે લોગસ્સસૂત્રનું ઘણું મહત્ત્વનું સ્થાન છે. સાત ગાથાના આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવી છે. આ સૂત્રમાં તીર્થંકર ભગવંતો માટે વપરાયેલા પ્રત્યેક શબ્દ અર્થગંભીર છે. લોગસ્સ સૂત્રમાં અર્થની દ્રષ્ટિએ માત્ર અરિહંત ભગવંતને જ નહિ, પાંચેય પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે. આ સૂત્રનો વિસ્તૃત અર્થ સમજવાથી આ વાતનો ખ્યાલ આવી શકે. આ સૂત્રના કર્તા ગણધર શ્રી ગૌતમસ્વામી છે. ભગવાન મહાવીરના નિર્વાણ પછી આ સૂત્ર રચાયું હોવાનો સંભવ છે. લોગસ્સની સાત ગાથાનો શરીરમાં રહેલાં સાત ચક્રો સાથે સંબંધ છે અને સાત તીર્થંકરોના નામ પછી 'જિણું ચ' શબ્દ દ્વારા આપણા ત્રણ વર્તુળોનો કુંડલિની સાથે સંબંધ છે. લોગસ્સનો કાઉસગ્ગ એ ધ્યાન માટેની યોગક્રિયા છે.

* **સાંપ્રદાયિકતાવિહીન ધર્મ :** શ્રી સત્યનારાયણ ગોએન્કાએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે છેલ્લાં પચીસો વર્ષમાં આપણું એ દુર્ભાગ્ય રહ્યું છે કે ધર્મનો અર્થ આપણે સાચી રીતે સમજ્યા નથી. ભગવાન શ્રી મહાવીરે કહ્યું છે કે ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. પરંતુ ધર્મ મંગલ ત્યારે જ બની શકે જ્યારે કોઇ તેને ધારણ કરે. ધારણ ન કરે તો તે ધર્મ ધર્મ નથી. ધર્મ સ્વભાવને કહે છે. હિન્દુ, જૈન, બૌદ્ધ, ઇસ્લામ કે ખ્રિસ્તી એ ધર્મ હોઇ શકે જ નહિ. એ તો સંપ્રદાયોનાં નામો છે. તે દરેકના વ્રત-તહેવાર જુદા જુદા છે. તેમની દાર્શનિક માન્યતાઓ, કર્મકાંડો અને વેશભૂષા જુદાં જુદાં છે. આ સંપ્રદાયો એ ભિન્ન ભિન્ન સમાજ છે. સમાજ ભિન્ન હોઇ શકે; ધર્મ તો એક જ છે. જેમ બરફનો ધર્મ શીતલતા અને અગ્નિનો ધર્મ બાળવાનો છે તેમ કુદરતનો નિયમ છે કે કોઇ વ્યકિત પોતાના મનમાં રાગ કે દ્વેષ ઉત્પન્ન કરે છે તો તે તરત જ વ્યાકુળ બની જાય છે. કુદરતનો આ નિયમ દરેકને લાગુ પડે છે.

* **સંતવાણી :** શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદીએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે આપણો દેશ કૃષિ અને ઋષિનો દેશ છે. અન્ન જોઇએ છે તે કૃષિ આપી શકે છે અને મનને જે જોઇએ છે તે ઋષિ આપી શકે છે. આપણા દેશમાં સંતોનો ભારે પ્રભાવ રહ્યો છે સંતો સાથેનો સમાગમ, સંતો સાથેનો સત્સંગ પછી ભલે તે માત્ર એક ક્ષણનો પણ હોય, એક ઘડીનો પણ હોય; પરંતુ આપણા માટે તે ખરેખર ઉપકારી છે. સૌરાષ્ટ્રમાં ભાણસાહેબ, રવિસાહેબ, ત્રિકમદાસ, ગંગાસતી વગેરે સંતો થયા. આ બધા કોઇ યુનિવર્સિટીમાં ભણ્યા ન હતા. તેમની પાસે કોઇ એવી શૈક્ષણિક ડિગ્રી ન હતી તેમ છતાં તેમણે આપણને જે કંઇ આપ્યું છે તે અદ્‌ભુત છે. સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પહેલાં ગામેગામ ભજનમંડળી ચાલતી. લોકો સાંજના કામકાજથી પરવારીને ગામના પાદરે આવેલાં મંદિરોમાં બેસીને ભજનો ગાતા અને જીવનમાં ટકી રહેવાનું તેમાંથી બળ મેળવતા આજે ભજનમંડળીઓ તૂટી રહી છે. લોકોનું લક્ષ્ય બદલાઇ રહ્યું છે.

* **જૈનધર્મ એવમ્ દર્શનકી મૌલિક વિશેષતાએ :** શ્રી ચંદનમલ ચાંદે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે જૈન ધર્મમાં નવકાર મંત્રમાં કોઇ વ્યકિતને નહિ, પરંતુ ગુણના આધારે નમસ્કાર કરવામાં આવ્યા છે. જૈનદર્શનમાં અવતારવાદને

સ્થાન નથી. ભગવાન તો જન્મ-મરણ રહિત હોય છે. બીજી વિશેષતા એ છે કે આત્મા પોતે જ પરમાત્મા બની શકે છે. જૈનદર્શનમાં પુનર્જન્મ, આત્મા અને પરમાત્માની માન્યતા છે. પરંતુ ઈશ્વરને કર્તા તરીકે સ્વીકારવામાં આવ્યા નથી. આ સંસાર અનાદિ-અનંત છે અને કર્મોથી જ સુખદુઃખની પ્રાપ્તિ થાય એવી મૌલિક માન્યતા જૈનદર્શનમાં છે.

* **ભારતીય સંસ્કૃતિમાં જૈનોનું યોગદાન :** આ વિષય પર બોલતાં ડો. વિલાસ સંઘવેએ જણાવ્યું હતું કે જૈનધર્મ ખૂબ જ પ્રાચીન ધર્મ છે. જૈનોની વસતી માત્ર લગભગ કરોડની છે પરંતુ આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક વગેરે ક્ષેત્રે જૈનોએ જે યોગદાન આપ્યું છે, આપી રહ્યા છે તેવું કોઇએ આપ્યું નથી ભારતમાં કચ્છથી કલકત્તા સુધી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધી જૈનો વસે છે જૈનોની કુલ વસતીના ૪૧ ટકા લોકો ગામડામાં વસે છે. ભારતીય સંસ્કૃતિનાં વિકાસમાં જૈનોએ અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે.

* **સુખ નામે લીલૂડા પ્રદેશમાં :** ડો. દોલતભાઇ દેસાઇએ આ વિષય પર જણાવ્યું હતું કે સમાધાન એ આત્મસંસ્કારની ક્રિયા છે. સમગ્ર કેળવણીનું અંતિમ લક્ષ્ય આત્મસંસ્કારનું છે. જીવનના ત્રણ પ્રદેશો છે : લાલ પ્રદેશ તે સમજ અને સ્વીકારનો પ્રદેશ છે. પીળો પ્રદેશ સમાધાનનો પ્રદેશ છે અને લીલો પ્રદેશ ધૃતિના અથવા ધૈર્યનો પ્રદેશ છે, જીવનરસનું ઝરણું આ લીલા પ્રદેશમાં રહેલું છે તે સુખનો પ્રદેશ છે. લીલા પ્રદેશની ક્ષણ જ્યારે આવે છે ત્યારે આપણે ઘણીવાર ગેરહાજર હોઇએ છીએ. તેથી સુખની અનુભૂતિ થઇ શકતી નથી.

* **મન કે જીતે જીત :** પ્રા. રમેશભાઇ દવેએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે આ જગતમાં સુખ અને દુઃખનું કારણ આપણું મન છે. મન અતિશય ચંચળ છે. મનની ગતિ વિશ્વના સૌથી ગતિમાન પદાર્થોમાં પ્રથમ છે. મનનો નિગ્રહ કરવો એ તો મુઠ્ઠીમાં વાયુને બાંધવા જેવી વાત છે. પરંતુ મનને જે વશ કરી શકે છે તે જગતને જીતી શકે છે મન અવિરત પ્રેરણાનો સ્ત્રોત બની શકે છે, તો દુઃખનો દરિયો પણ બની શકે છે. મન જેટલું બળવાન છે તેટલું જ નિર્બળ છે. મન માણસને ક્ષણવારમાં પાંગળા બનાવી દે છે. મનના કારણે જ જગતમાં મોટાં યુદ્ધો ખેલાયાં છે. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. આ જગતમાં જેણે મનને વશ કર્યું નથી તેને યોગ સાધવો દુર્લભ છે.

* **શ્રી મા શારદાદેવી :** આ વિષય પર બોલતાં ડો. ઉષાબહેન મહેતાએ જણાવ્યું હતું કે અહિંસાનું માહાત્મ્ય પ્રેમના કારણે જ છે. આ પ્રેમ નિર્વ્યાજ પ્રેમ છે. શ્રી મા શારદાદેવી પ્રેમની સાક્ષાત મૂર્તિસમા હતાં. એમનામાં સહનશક્તિ અને સંયમના અદ્‌ભુત ગુણો હતા. આથી જ તેમનું એ લક્ષ્ય હતું કે શ્રી રામકૃષ્ણદેવની સેવા દ્વારા ઇશ્વરની પ્રાપ્તિ કરવી. જેમને હાથ આપ્યો તેમને હૈયું આપવું અને હૈયું બાળવું પડે તોપણ તૈયાર રહેલું એવો આદર્શ શારદાદેવીએ પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યો હતો. તેમણે પોતાના અધિકારોની પરવા ન કરતાં શ્રી રામકૃષ્ણદેવની સેવા કરવાનો જ ઉપદેશ આપ્યો હતો. શારદાદેવીએ રામકૃષ્ણદેવ પછી તેમનું અધૂરું રહેલું કામ પૂરું કર્યું હતું. તેમણે દામ્પત્ય દીપાવ્યું હતું અને વૈધવ્યને પણ દીપાવ્યું હતું.

* **સંવત્સરી મહાપર્વ :** પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજી મહારાજે આ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે પર્યુષણ મહાપર્વના આઠ દિવસોમાં સાત દિવસ સાધનાના, આરાધનાના અને આઠમો અંતિમ દિવસ ક્ષમાપનાનો છે. ક્ષમા એ તો આત્માનો મૂળભૂત ગુણ છે. ક્ષમા આપવી એ કાયરતા નથી, પરંતુ વીરતા છે. અને એટલે જ આપણાં ધર્મશાસ્ત્રોમાં 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એમ કહેવામાં આવ્યું છે. ક્ષમા એ ગુણવાનોનું બળ છે. ક્ષમાપના માત્ર હોઠોથી નહિ, હૈયાથી કરવાની છે. ક્ષમા એ આત્માનો ધર્મ છે, આત્માનો સહજ સ્વભાવ છે. જીવનમાં તપ, ત્યાગ, વૈરાગ્ય બધું જ હોય પરંતુ ક્ષમા ન હોય તો તે બધા ગુણો નકામા છે. તપસ્વીનું સાચું સ્વરૂપ ક્ષમા છે અને સંવત્સરી મહાપર્વનો એ જ મહામૂલો સંદેશ છે.

* **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય :** પ્રા. તારાબહેન ર. શાહે આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે છેલ્લાં નવસો વર્ષમાં હેમચન્દ્રાચાર્ય જેવી બીજી વિભૂતિ થઇ નથી. યશોવિજયજીને 'દ્વિતીય હેમચંદ્ર' તરીકે ઓળખાવવામાં આવે છે એમાં હેમચંદ્રાચાર્યનું ગૌરવ રહેલું છે. 'સિદ્ધહેમ શબ્દાનુશાસન,' 'દ્વયાશ્રય મહાકાવ્ય,' 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર,' 'યોગશાસ્ત્ર,' 'વીતરાગસ્તોત્ર,' 'અભિધાનચિંતામણિ' કોશ, 'દેશીનામમાલા' વગેરે સાહિત્યના અને તત્ત્વજ્ઞાનના દરેક ક્ષેત્રે એમનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. સિદ્ધરાજ અને કુમારપાળ જેવા પરસ્પર વૈમનસ્યવાળા રાજવીઓના પ્રીતિપાત્ર બનવું અને છતાં નિસ્પૃહ રહેવું એ અઘરી વાત હેમચંદ્રાચાર્યે પોતાના જીવનમાં સિદ્ધ કરી બતાવી. એમણે લખેલા સાહિત્યનો ઊંડાણથી અભ્યાસ કરવા માટે એક જિંદગી પણ ઓછી પડે. એમના જીવનના અનેક પ્રસંગો આપણને પ્રેરણા આપે એવા છે. ગુજરાત પોતાના વર્તમાન સાંસ્કારિક જીવન માટે હેમચંદ્રાચાર્યનું ઋણી છે.

* **બોધીદુર્લભ ભાવના :** ડો. રમણલાલ ચી. શાહે આ વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે સૂક્ષ્મ નિગોદમાંથી નીકળીને કેટકેટલી દુર્લભતાઓ વટાવતાં જીવ મનુષ્યજન્મ પામે છે, પરંતુ મનુષ્યજન્મ પામ્યા પછી પણ આર્યક્ષેત્ર, સંસ્કારી કુળ, ધર્મ, તે સમજાવનાર ગુરુ, ધર્મશ્રવણમાં રુચિ, તેમાં સમ્યક્ શ્રદ્ધા થવી અર્થાત્ બોધિબીજની પ્રાપ્તિ થવી એ બહુ દુર્લભ વાત છે. બોધિની પ્રાપ્તિ પછી પણ ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવને કેટલીક વાર જીવો પ્રાપ્ત થયેલ બોધિને ગુમાવી દે છે. શાસ્ત્રકારોએ વૈરાગ્યની જે જુદી જુદી બાર ભાવનાઓ બતાવી છે તેમાં બોધિદુર્લભ ભાવનાને ઘણું મહત્ત્વનું સ્થાન આપ્યું છે.

* **ધર્મ અને સંસ્કૃતિ :** પૂ. મોરારીબાપુએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે શરીરમાં જે સ્થાન પ્રાણનું છે તે સ્થાન જીવનમાં ધર્મનું છે. કોઇએ ધર્મને નશો કહ્યો છે, કોઇએ ધર્મને લોહી તરીકે અથવા શ્વાસ તરીકે ઓળખાવ્યો છે. પરંતુ ભારતીય ઋષિઓએ તો જીવનને હસ્તામલકવત જોઇને ધર્મને જીવનના પ્રાણ તરીકે ઓળખાવ્યો છે. ઉપનિષદકારે કહ્યું છે કે જેનામાં વિવેકનો ઉદય થયો છે તેને બધાં જ શાસ્ત્રો ભારરૂપ છે. આમાં વિવેકનું મહત્ત્વ બતાવતાં કહ્યું છે કે શાસ્ત્ર જ્યાં

સુધી બુદ્ધિમાં હોય ત્યાં સુધી ભારરૂપ છે અને જ્યારે હાથમાં આવે ત્યારે આધારરૂપ બની જાય છે. સંસ્કૃતિઓ અનેક હોઇ શકે કારણ કે તે દેશ, સમાજ અને પરિસ્થિતિ અનુસાર હોય છે. પરંતુ ધર્મ તો એક જ હોઇ શકે. સત્ય સમાન કોઇ ધર્મ નથી. સત્યની સાથે અહિંસા અનિવાર્ય છે અને એથી અહિંસા પરમ ધર્મ છે. સેવા પણ ધર્મ છે. જે ક્ષેત્રમાં આપણે છીએ તે ક્ષેત્રમાં બીજાને માટે કંઇક કરવા દિશા બદલીએ તો સમાજમાં મોટી ક્રાંતિ પેદા થાય.

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં એક કલાક ભકિત સંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. શ્રી રવિ નાસેરી, શ્રીમતી શ્યામલી મુખરજી, શ્રીમતી પૂર્ણિમા શેઠ, શ્રીમતી ચંદ્રા કોઠારી, શ્રી જતીન શાહ, શ્રી લલિત સોઢા, શ્રીમતી હેમંતી ઝવેરી શ્રીમતી શોભા સંઘવી, કુ. સાધના સરગમ અને કુ. સોનાલી બાજપાયીએ અનુક્રમે ભકિત સંગીતનો કાર્યક્રમ આપીને સવારના ખુશનુમા વાતાવરણને વધુ આહલાદક અને ભકિતમય બનાવ્યું હતું. ભકિત સંગીતના કલાકારોનો પરિચય સંઘના મંત્રી શ્રી નિરુબહેન સુબોધભાઈ શાહે આપ્યો હતો. વ્યાખ્યાતાઓનો પરિચય અને વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા ડૉ. રમણલાલ ચી. શાહે કરી હતી. સંઘના હીરક જયંતી પ્રસંગે નિર્ધારિત કરેલા ફંડમાં સારો ફાળો નોંધાવવા સંઘના મંત્રીશ્રી કે. પી. શાહે સૌને જોરદાર અપીલ કરી હતી. ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે નવે દિવસનાં વ્યાખ્યાનોના કાર્યક્રમનું સંચાલન કરવાની સાથે સંઘને આર્થિક સહયોગ આપનારા મહાનુભાવોનો તેમજ આ વ્યાખ્યાનમાળામાં ઉપયોગી થનારા નામી-અનામી તમામ મિત્રોનો આભાર માન્યો હતો. આમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં જ્ઞાનવર્ધક એવી આ પર્યુષણ વ્યાખ્યાનમાળા સાનંદ સંપન્ન થઇ હતી. ★

સંઘના હીરક મહોત્સવ પ્રસંગે મળેલી ભેટ રકમ

૫૧૨૫૦૦ અગાઉના અંકમાં પ્રગટ કરેલ રકમોનો સરવાળો
૧૦૦૦૦૦ શ્રી ટીંબડીઆ ફાઉન્ડેશન
૨૫૦૦૦ ,, શાંતિલાલ નાનચંદભાઇ કોઠારી ચે. ટ્રસ્ટ
૨૫૦૦૦ ,, સી. યુ. શાહ
૨૫૦૦૦ ,, દામજી લાલજી (એન્કરવાળા)
૨૫૦૦૦ ,, કોન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૨૧૦૦૦ ,, દીપક નાથ્રેટ
૨૧૦૦૦ ,, નવીનભાઇ મહેતા
૨૧૦૦૦ ,, એમ. આર. ભણશાળી
૧૧૧૧૧ ,, ડાહ્યાભાઇ ભોળાભાઇ ઝવેરીના સ્મરણાર્થે હ. શ્રી ભૂપેન્દ્ર ઝવેરી
૧૧૦૦૦ ,, શારદાબેન રમણિકલાલ શાહ
૧૧૦૦૦ ,, સેવંતીલાલ ફકીરચંદ એન્ડ કું.
૧૧૦૦૦ ,, મોહનલાલ હેમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ
૧૧૦૦૦ ,, જગુભાઇ એચ. દોશી
૧૧૦૦૦ ,, શેઠ સદારમલ મુણોટ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧૦૦૦ ,, વિનુભાઇ ઉમેદચંદ
૧૧૦૦૦ ,, મહાવીર વેલ્ફેર ટ્રસ્ટ
૧૧૦૦૦ ,, ચીનુભાઇ છગનલાલ શાહ
૧૧૦૦૦ ,, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ
૧૦૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (અગાઉ રૂ. ૧૫૦૦૦ લખાવેલા પાછળથી રૂ. ૨૫૦૦૦ કર્યા તેના ફરકના)
૧૦૦૦૦ ,, જ્યોત્સનાબહેન શેઠ
૭૫૦૦ ,, મહેન્દ્રભાઇ રસિકલાલ કોલસાવાળા
૭૦૦૦ ,, સુલીબહેન અનિલભાઇ હીરાણી
૫૦૦૧ ,, રમેશભાઇ વી. શેઠ
૫૦૦૦ ,, જે. આર. શાહ
૫૦૦૦ ,, કાંતાબહેન પી. વી. શાહ
૫૦૦૦ ,, રૂપાબહેન શૈલેશભાઇ મહેતા
૫૦૦૦ ,, ઇન્દુબહેન ઉમેદભાઇ દોશી
૫૦૦૦ ,, રાજેન્દ્ર અમૃતલાલ શાહ
૫૦૦૦ ,, ધીરજલાલ એલ. અજમેરા
૫૦૦૦ ,, હરીભાઇ મોદી
૫૦૦૦ ,, શાંતિભાઇ કાટકિયા
૫૦૦૦ ,, પ્રવીણચંદ્ર ટી. શાહ
૫૦૦૦ મે. સ્ટુડન્ટ એજન્સી
૫૦૦૦ શ્રી ગુણવંતભાઇ એ. શાહ
૫૦૦૦ ,, એ. આર શાહ
૫૦૦૦ ,, શમીબહેન ભણસાલી
૫૦૦૧ ,, લક્ષ્મીબાઇ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ ,, શશિકાન્તભાઇ શેઠ
૫૦૦૦ ,, વસનજી નાગજી દેઢિયા (મેવાવાલા)
૫૦૦૦ ,, તારાબેન ચંદુલાલ ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ
૩૦૦૦ ,, જયંતીલાલ ફત્તેચંદ શાહ
૨૫૦૦ ,, વિનેદભાઇ શ્રી રમાબહેન મહેતા, શ્રી ઉષાબહેન મહેતા
૨૫૦૦ ,, નાવીલ લેબોરેટરીઝ
૨૫૦૦ ,, યશોમતીબહેન શાહ
૨૫૦૦ ,, લાભુભાઇ જી. મહેતા
૨૫૦૦ ,, સમર્પણ ટ્રસ્ટ
૨૫૦૦ ,, જોરમલ મંગળજી મહેતા
૨૫૦૦ ,, વિશનજી નરશી વોરા
૨૫૦૧ ,, સરોજબહેન મહેતા
૨૫૦૧ ,, પ્રભુદાસ હેમાણી ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ ,, છેડા જવેલરી માર્ટ
૧૫૦૦ ,, ચંદ્રકાંત એન્ડ સેવંતીલાલ
૧૫૦૦ ,, પ્રેમકુમારી ડી. ગાલા
૧૫૦૦ ,, શ્રીપાલ ભંડારી
૧૫૦૧ ,, પ્રાણલાલ ગોડા
૧૫૦૧ ,, રમણીકલાલ એસ. ગોસલિયા
૧૧૧૧ ,, જયંતીલાલ શાંતિલાલ શેઠ
૧૧૧૧ ,, રમાબહેન હીરાલાલ શેઠ
૧૦૦૦ ,, મંગળાબેન કાટકિયા
૧૦૦૦ ,, લીલાબહેન દફ્તરી
૧૦૦૦ ,, છોટાલાલ કેશવજી ચેરીટેબલ ટ્રસ્ટ
૧૦૦૦ ,, જયાબહેન ચેરીટીઝ
૧૦૦૦ ,, ચંદ્રાબહેન હરસુખભાઇ શાહ
૧૦૦૦ ,, ધીરજલાલ કુલચંદ શાહ
૧૦૦૧ ,, નાનજીભાઇ ઓભાયા શાહ
૧૦૦૦ ,, ધીરુભાઇ દોશી

૧૦૦૧ શ્રી ભગવતીબહેન સોનાવાલા
૧૦૦૦ ,, ફત્તોહલાલ મગનલાલ ઝવેરી
૧૦૦૦ ,, એસ. ટી. શાહ
૧૦૦૦ ,, કમલબેન પીસપાટી
૧૦૦૧ ,, માણેકલાલ એમ. બગડિયા
૧૦૦૧ ,, ગજેન્દ્ર આર. કપાસી
૧૦૦૧ ,, લાભુભાઇ વી. સંઘવી
૧૦૦૧ ,, સુવર્ણાબહેન દલાલ
૧૦૦૧ ,, રૂક્ષ્મણીબહેન એલ. શાહ
૧૦૦૧ ,, ભૂરીબહેન એલ. ગોલવાળા
૧૦૦૧ ,, ભારતીબહેન ભૂપેન્દ્ર શાહ
૧૦૦૦ ,, ઠાકોરલાલ મોતીલાલ ગાંધી
૧૦૦૧ ,, નીતિન કે. સોનાવાલા
૧૦૦૧ ,, ધનદ્રલાલ મગનલાલ શેઠ
૧૦૦૦ ,, એન. ડી. શેઠ
૧૦૦૧ ,, નવીનચંદ્ર કૂલચંદ શાહ
૧૦૦૦ સ્વ. જેસીંગલાલ લલ્લુભાઇના પરિવાર તરફથી
૧૦૦૦ શ્રી વિક્રમભાઇ રમણલાલ શાહ
૧૦૦૧ ,, રમેશભાઇ પી. મહેતા
૧૦૦૦ ,, અનસૂયાબહેન કે. શાહ
૧૦૦૧ ,, એક બહેન તરફથી
૭૫૧ ,, રવીન્દ્રભાઇ મહેતા
૬૫૨ ,, હસમુખભાઇ દોઢીવાલા
૫૦૧ ,, એચ. સી. કુવાડિયા
૫૦૧ ,, પુષ્પાબહેન કે. ભણશાળી
૫૦૧ ,, હેમેન્દ્રકુમાર રવિચંદ શાહ
૫૦૧ ,, વર્ષાબહેન કુન્દનલાલ
૫૦૧ ,, દુલેરાય રવિચંદ શાહ
૫૦૦ ,, રસિકલાલ એન. વોરા
૫૦૧ ,, ધનદુલાલ હિંમતલાલ વોરા
૫૦૧ ,, રેણુકાબહેન શાહ
૫૦૧ ,, ચીમનલાલ નાનાલાલ
૫૦૧ મે. પારસ પાઇપ એન્ડ વેલ્વેસ કું.
૫૦૧ શ્રી નેમચંદ ગાલા
૫૦૧ ,, અશોકભાઇ મહેતા
૫૦૧ સ્વ. છોટાલાલ ધનજીભાઇના સ્મરણાર્થે
૫૦૦ શ્રી ઉષાબહેન રમેશભાઇ ઝવેરી
૫૦૦ ,, શકુંતલાબહેન મહેન્દ્રભાઇ શાહ
૫૦૧ ,, આર. સી. એન્ટરપ્રાઇઝ
૫૦૦ ,, જ્યોત્સનાબેન ધીરેન્દ્ર વોરા
૫૦૦ ,, વિક્રાંત ઓટોમોબાઇલ્સ
૫૦૧ ,, રવિચંદ સુખલાલ શાહ
૫૦૧ ,, અજિતભાઇ રમણલાલ
૫૦૦ ,, મહેશભાઇ રસિકલાલ
૫૦૦ ,, ધીરેન્દ્ર ચીમનલાલ
૫૦૦ ,, વસંત એચ તલસાણિયા
૫૦૧ ,, શમિષ્ઠા ભ. પરીખ
૫૦૦ ,, સરલા મુગટલાલ દોશી
૫૦૧ ,, વાડીલાલ જેઠાલાલ
૫૦૧ ,, મધુકાંત કાઠારી
૫૦૦ ,, કંચનબહેન હ. દોઢીવાલા
૫૦૦ ,, જસ્મીનકુમાર હ. દોઢીવાલા
૪૦૦ ,, એક સદ્‌ગૃહસ્થ તરફથી
૩૫૧ ,, પદ્મલેખાબહેન દોશી
૩૦૨ શ્રી મધુકાંતાબહેન નૌતમભાઇ મહેતા
૩૦૧ ,, બસંતલાલ નરસિંહપુરા
૩૦૧ ,, ચુનીલાલ મૂળચંદ શાહ
૩૫૧ ,, વિનયચંદ્ર ચીમનલાલ પરીખ
૩૦૧ ,, એક બહેન તરફથી
૩૦૧ ,, તારાબહેન શ્રોફ
૩૫૦ ,, ફ્રેન્ડસ ડેવલપમેન્ટ કોર્પોરેશન
૨૭૫ ,, સોનલ પંકજકુમાર
૨૫૧ ,, જગદીશ ગુલાબચંદ માલદે
૨૫૦ ,, પ્રભાવતીબહેન મહેતા
૨૫૦ ,, જાદવજી સોમચંદ મહેતા
૨૫૧ ,, પ્રેરણા વોરા
૨૫૧ ,, મધુબહેન શાહ
૨૫૧ ,, દયાબહેન
૨૫૧ ,, શૈલ અમિત દમણિયા
૨૦૧ ,, શાંતાબહેન મનુભાઇ શેઠ
૨૫૧ ,, રસિલાબહેન કાકાબળિયા
૨૦૦ ,, સુશિલાબહેન કાંતિલાલ પટેલ
૨૫૧ ,, હેમંત ટ્રુલ્સ ટ્રેડીંગ કું.
૨૦૧ ,, અનિલ મણિલાલ
૧૫૦ ,, વનિતાબહેન શાહ
૧૫૦ ,, મૂળચંદ નાનાલાલ
૧૦૧ ,, એક બહેન
૧૦૧ ,, જીવણલાલ કે. મહેતા
૧૦૧ ,, મંજુલાબહેન પારેખ
૧૦૧ ,, રમણલાલ લાલભાઇ લાકડાવાલા
૧૦૨ ,, મહેશ બાબુલાલ ઝવેરી
૧૦૧ ,, માણેકલાલ વ્રજલાલ પારેખ
૧૦૧ ,, લીલાધર દ્વારકાદાસ
૧૦૧ ,, અરુણાબહેન કે. ચોકસી
૧૦૧ ,, લીલાબહેન ચોકસી
૧૦૧ ,, સુશીલાબહેન ચંદ્રકાંત મહેતા
૧૦૧ ,, રસિકલાલ હરિલાલ
૧૦૦ ,, તારાબહેન કોઠારી
૧૦૦ ,, ગંગાબહેન હરજી
૧૦૦ ,, હીંમતલાલ રતનશી ગડા
૧૦૦ ,, અજિતભાઇ દેસાઇ
૧૦૦ ,, મેનાબહેન દેસાઇ
૫૧ ,, અંબાલાલ ચતુરભાઇ શાહના સ્મરણાર્થે
૫૧ ,, પાર્વતીબહેન અંબાલાલ શાહ
૫૧ ,, જયંતીલાલ અંબાલાલ શાહ
૫૧ ,, ઉર્મિલાબહેન જયંતીલાલ શાહ
૫૧ ,, નવનીતલાલ શાહ
૫૧ ,, ચંચળબહેન તલસાણિયા
૫૦ ,, જે. પી. મહેતા
૫૦ ,, મધુબહેન ગાંધી
૫૧ ,, સ્વ. વિઠ્ઠલદાસ
૫૦ ,, ચંદનબહેન કાંતિલાલ પારેખ
૨૫ ,, હસમુખભાઇ સી. શાહ
૨૧ ,, હીરજી કેશવજી મહેતા

૨૦૯૦૧ ,, ઝોળીમાં આવ્યા તે

૧૧,૨૨,૧૩૪ તા. ૨૬-૯-૮૮ સુધીમાં આવેલ રકમનો સરવાળો

કાવ્યપ્રયોજનાદિ વિષે આચાર્ય હેમચન્દ્ર

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા

સંસ્કૃતમાં સાહિત્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, કાવ્યમીમાંસા અને કવિશિક્ષાના સેંકડો ગ્રન્થો રચાયા છે; એમાં પાદ્યગ્રન્થ તરીકે, ઈસવીસનના ૧૧મા સૈકામાં થયેલા, કાશ્મીરી પંડિત મમ્મટનો "કાવ્યપ્રકાશ' અગ્રસ્થાને છે. ભારતીય નાટ્યવિદ્યા અને સાહિત્યશાસ્ત્રનો પ્રાચીનતમ ઉપલબ્ધ ગ્રન્થ-ભરતનું 'નાટ્યશાસ્ત્ર', દંડીનો 'કાવ્યાદર્શ', રાજશેખરની 'કાવ્યમીમાંસા', ભામહનો 'કાવ્યાલંકાર'. ક્ષેમેન્દ્રની ઔચિત્યવિચારચર્ચા, કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યનું 'કાવ્યાનુશાસન', પાટણનિવાસી બે વિભિન્ન વાગ્ભટકૃત 'કાવ્યાલંકાર (જેમાંના એક 'વાગ્ભટાલંકાર'નો જૂની ગુજરાતી ગદ્યાનુવાદ, મેરુસુન્દરકૃત 'વાગ્ભટાલંકાર બાલાવ બોધ' વડોદરા યુનિવર્સિટીની પ્રાચીન ગુજર્ર ગ્રન્થમાલાના ૧૩ મા પુષ્પ તરીકે ૧૯૬૬માં અમે પ્રગટ કર્યો છે), વિશ્વનાથકૃત સાહિત્યદર્પણ,' જગન્નાથનો 'રસગંગાધર,' બૌદ્ધ વિદ્વાન ધર્મદાસગણિકૃત 'વિદગ્ધમુખમંડન' (જેનો પણ બાલાવબોધ મેરુસુન્દરકૃત મળે છે) આદિ સુપ્રસિદ્ધ ગ્રન્થોમાં પણ મમ્મટનો 'કાવ્યપ્રકાશ' વિશિષ્ટ છે.

'કાવ્યપ્રકાશ' કારિકાઓ અને તે ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ એમ રચાયો છે. કાવ્યપ્રયોજનનું નિરૂપણ કરતી એની પ્રથમ કારિકા સમસ્ત રચનાની ગંગોત્રી રૂપ હોઈ ઘણી મહત્ત્વની છે, એમાં મમ્મટ કહે છે–

काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये ।
सद्य परनिर्वृतये कान्तासंमिततयोपदेशयुजे ॥

(કાવ્ય યશ માટે, ધન માટે લોકવ્યવહાર જાણવા માટે, અનિષ્ટ દુર કરવા માટે, સદ્ય-તત્કાળ (રસાસ્વાદને કારણે) પરમાનંદ માટે અને કાન્તાની જેમ ઉપદેશ આપે, એ સારુ રચાય છે.)

આચાર્ય હેમચન્દ્ર મમ્મટની પછી, એક સૈકા બાદ ગુજરાતમાં થયા છે; એમણે રચેલા અલંકાર ગ્રન્થ 'કાવ્યાનુશાસન' ઉપર મમ્મટનો સારો પ્રભાવ છે પણ કાવ્યપ્રયોજન પરત્વે મમ્મટ સાથે એમને મતભેદ છે. હેમચંદ્ર આલંકારિક ખરા, પણ ત્યાગી સાધુ છે, અર્થપ્રાપ્તિ પણ કાવ્યનું પ્રયોજન–એમ કોઈ કહે તો એમને એ સ્વીકાર્ય નથી.

વાણીના કાવ્યત્વ વિષે હેમચંદ્ર પ્રારંભ કરે છે–

शब्दानुशासनेऽस्माभिः साध्व्यो वाचो विवेचिताः ।
ताासामिदानीं काव्यत्वं यथावदनुशिष्यते ॥ २ ॥

(શબ્દાનુશાસનમાં અમે સાધુ કહેતાં શુદ્ધ વાણીનું વિવેચન કર્યું છે. એ વાણીનું કાવ્યત્વ હવે યથાક્રમ સમજાવીએ છીએ.)

હેમચન્દ્રના શબ્દાનુશાસન અર્થાત્ 'સિદ્ધહૈમ' વ્યાકરણની પછી 'કાવ્યાનુશાસન'ની રચના થઈ છે, તે આ કારિકા ઉપરથી સ્પષ્ટ છે.

પછી કાવ્યપ્રયોજન વિષે આચાર્ય કહે છે–

काव्यमानन्दाय यशसे कान्तातुल्योपदेशाय च ॥ ३ ॥

(કાવ્ય આનંદ માટે, યશ માટે અને કાન્તાતુલ્ય ઉપદેશ માટે.)

વળી સ્પષ્ટ કરે છે–

प्रतिभाऽस्य हेतुः ॥ ४ ॥

(એનો હેતુ પ્રતિભા છે.)

એના વિવરણમાં આચાર્ય કહે છે–

धनमनैकान्तिकम् ।

(ધન અનૈકાન્તિક છે–કાવ્યરચનાને પરિણામે ધન મળશે જ એવો કોઈ એકાન્ત-નિશ્ચય નથી.)

હવે, કાવ્યના હેતુરૂપ પ્રતિભા વિષે કહે છે કે-નવનવોન્મેષશાલિની પ્રજ્ઞા તે પ્રતિભા. કાવ્યનું એ પ્રધાન લક્ષણ છે. વ્યુત્પત્તિ અને અભ્યાસ એ બંને પ્રતિભાને સંસ્કારનારાં કારણો છે. વ્યુત્પત્તિ સહજા અને ઔપાધિકી–એમ બે પ્રકારની હોય છે.

સહજા પ્રતિભાની સમજૂતી આપે છે–

सावरणक्षयोपशममात्रात् सहजा ॥ ५ ॥

(સૂર્ય વાદળાંથી ઢંકાઈ ગયો હોય તોપણ-સૂર્યનો સ્વભાવ જ પ્રકાશ હોઈ-વાદળાં દુર થતાં ઝળકી ઊઠે તેમ, જ્ઞાનાવરણીય આદિ કર્મોના આવરણ દુર થવા માત્રથી પ્રતિભા પ્રકાશી ઊઠે છે. 'માત્ર' શબ્દનો પ્રયોગ કારિકામાં કર્યો છે, તે આ વિષયમાં મંત્રાદિના નિષેધ માટે છે. મહાવીર સ્વામીના ગણધરોએ દ્વાદશાંગી અથવા જૈન આગમોનાં બાર અંગોની રચના કરી તે સહજા પ્રતિભાના બલથી)

मन्त्रादेरौपाधिकी ॥ ६ ॥

(મંત્ર દેવતા આદિના અનુગ્રહને પરિણામે પેદા થતી પ્રતિભા ઔપાધિકી છે. તે પણ આવરણ ક્ષયોપશમનું નિમિત્ત બને છે. પરંતુ ઉપાધિ સાથે એનો સંબંધ સ્પષ્ટ હોઈ એને ઔપધિકી કહીશું.

व्युत्पत्त्यभ्यासाभ्यां संस्कार्या ॥ ७ ॥

(વ્યુત્પત્તિ અને અભ્યાસ વડે પ્રતિભાનો સંસ્કાર થાય છે. વ્યુત્પત્તિ અને અભ્યાસ-એ બંને પ્રતિભાનાં સાક્ષાત્ કારણ નથી. પણ પ્રતિભાનાં ઉપકારી છે. પ્રતિભાહીન માટે વ્યુત્પત્તિ અને અભ્યાસ એ બંને કારણ નિષ્ફળ છે.)

પછી શિષ્ય પ્રશ્ન કરે છે, 'વ્યુત્પત્તિ' એટલે શું ?" તો આચાર્ય ઉત્તર આપે છે, 'लोकशास्त्रकाव्येषु निपुणता व्युत्पत्तिः' અર્થાત્ લોકમાં એટલે સ્થાવરજંગમ લોકવૃત્તમાં અને શાસ્ત્ર-કાવ્ય કહેતાં વ્યાકરણ છંદ : શાસ્ત્ર કોશ શ્રુતિ સ્મૃતિ પુરાણ ઇતિહાસ આગમ તર્કશાસ્ત્ર નાટ્યશાસ્ત્ર અર્થશાસ્ત્ર કામશાસ્ત્ર યોગશાસ્ત્ર લોકાયત દર્શન અને મહાકવિપ્રણીત કાવ્યોમાં નિપુણતા.

વળી શિષ્ય પ્રશ્ન કરે છે કે 'અભ્યાસ એટલે શું ?" આચાર્ય ઉત્તર આપે છે, 'કાવ્યની જિજ્ઞાસા સારુ પુનઃ પુનઃ પ્રવૃત્તિ તે અભ્યાસ. કાવ્યરચના જે જાણે છે અને-અથવા વિચારે છે તે કાવ્ય વિશે કવિઓ અને સહૃદયો છે. એમના ઉપદેશ વડે કાવ્યોમાં પુનઃ પુનઃ પ્રવૃત્તિ તે અભ્યાસ. અભ્યાસથી સંસ્કારારેલી પ્રતિભા જ કાવ્યામૃતની કામધેનુ બને છે.

શેરડું કે વાંચીને કે સાંભળીને પોતે મહાન સર્જક હોવાનો આડંબર કેટલાક કરે છે, એ ચાલે નહિ, એ સમજાવતાં આચાર્ય કહે છે. સતત અભ્યાસ જ યોગમાં પરિણમે છે. એકાદ વાર પથ્થર ઉપર પડેલું ઉદકબિન્દુ કદી પણ પથ્થરમાં નિમ્નતા પેદા કરી શકતું નથી.'

શબ્દ જેનું ઉપાદાન છે એ સાહિત્યકલાના પ્રયોજન અને હેતુ વિશ્વની આચાર્ય હેમચન્દ્ર જેવા મહાન મનીષીની વિભાવના. એમના કાવ્યાનુશાસનના આરંભમાં જ, આમ સ્પષ્ટ થાય છે. *

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ ૪૦૦૦૦૪. ટે. નં. ૩૫૦૨૮૬ ; મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ – ૪૦૦ ૦૦૪.

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૦ અંક :-૧૨

મુંબઇ, તા. ૧૬-૧૦-૧૯૮૮
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્વ. આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ

અચલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ ૭૭ વર્ષની વયે મુંબઇમાં સોમવાર તા. ૧૦મી ઓકટોબરે રાત્રે ૧૨.૩૯ કલાકે નવકાર મંત્રનું રટણ કરતાં કરતાં કાળધર્મ પામ્યા છે. એમના સ્વર્ગવાસથી જૈનસમાજને એક મહાન તપસ્વી અને પ્રભાવક આચાર્યની ખોટ પડી છે.

છેલ્લા એક દાયકામાં પૂ. ગુણસાગરસૂરિજીનું નામ એમની અનેકવિધ શાસન પ્રવૃત્તિઓથી જૈન સમાજમાં સુપ્રસિદ્ધ બની ગયું હતું.

પોતે દીક્ષા ન લે ત્યાં સુધી રોજ એકાસણાં કરવાની પ્રતિજ્ઞા લેનાર અને દીક્ષા લીધા પછી પણ જીવનના અંત સુધી, એમ પાંચ દાયકાથી વધુ સમય સળંગ એકાસણાં કરનાર અને રોજ સવારના ઊઠીને ૧૦૮ વાર ખમાસમણાં દેનાર એવા ઉગ્ર તપસ્વી અને વિહાર કરવાની બાબતમાં પણ ઉગ્ર વિહારી તરીકે સુપ્રસિદ્ધ એવા ગુણસાગરસૂરિજી મહારાજે અચલગચ્છનું નામ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતભરમાં ગૂંજતું કરી દીધું હતું.

ગુણસાગરજી મહારાજનો જન્મ વિ. સં. ૧૯૬૯ના મહા-સુદ-૨ ને શુક્રવારના રોજ કચ્છમાં ગામ દેઢિયામાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ લાલજી દેવશી અને માતુશ્રીનું નામ ધનબાઇ હતું. ગુણસાગરજી મહારાજનું સંસારી નામ ગાંગજી-ભાઇ હતું.

પિતાશ્રી લાલજીભાઇએ મુંબઇમાં આવીને શીવરીમાં દુકાન કરી હતી. ૧૨ વર્ષના ગાંગજીભાઇ પિતાશ્રી સાથે દુકાનમાં જોડાયા હતા એથી તેઓ શાળામાં વ્યાવહારિક શિક્ષણ ચાર ધોરણ સુધીનું જ લઈ શકયા હતા. તેર વર્ષની ઉંમરે ગાંગજીભાઇને શીતળાનો રોગ થયો હતો અને એવી ગંભીર સ્થિતિમાં હતા કે પિતાજીએ માનેલું કે તેઓ અવસાન પામ્યા છે, એટલે સ્મશાને લઇ જવાની તૈયારી કરવા વિચારેલું. પરંતુ શરીરમાં જરાક હલનચલન જણાતાં આશા જન્મી અને ૬ મહિનાની માંદગી પછી ગાંગજીભાઇ સ્વસ્થ થયા હતા.

પોતાનાં માતુશ્રીને પ્રતિક્રમણ વગેરે વિધિ પુસ્તક વાંચીને કરાવતાં કરાવતાં અને માતુશ્રીની સાથે સાથે તપશ્ચર્યા કરતાં કરતાં કિશોર ગાંગજીભાઇને ધર્મનો રંગ લાગ્યો હતો તે એટલો દૃઢ બન્યો કે એક વખત માતુશ્રી રસોઇ કરતાં હતાં ત્યારે ધગધગતું તેલ ગાંગજીભાઇના શરીર ઉપર પડયું તોપણ પોતાની તપશ્ચર્યા તોડી નહિ અને દવા લીધી નહિ.

યુવાન વયે તેમણે કચ્છનાં તીર્થોની યાત્રા કરી અને ત્યાર પછી સમેતશિખર અને તેની આસપાસનાં તીર્થોની યાત્રા કરી. તેઓ ધાર્મિક ઉત્સવોમાં ભાગ લેવા લાગ્યા હતા અને મુંબઇમાં કચ્છી મહાજનવાડીમાં સામાયિક-પૌષધ વગેરે કરવા લાગ્યા હતા.

યુવાન વયે તેઓ જામનગરમાં તે સમયના ગચ્છાધિપતિ પૂ. ગૌતમસાગરસૂરિ અને તેમના શિષ્ય નીતિસાગરજીના સંપર્કમાં આવ્યા. દીક્ષા લેવાની પોતાની ભાવના વ્યકત કરી અને એ પ્રમાણે વિ. સં. ૧૯૯૩માં તેમણે કચ્છમાં પોતાના ગામ દેઢિયામાં દીક્ષા લીધી. નીતિસાગરજીના તેઓ શિષ્ય બન્યા અને તેમનું નામ મુનિ ગુણસાગરજી રાખવામાં આવ્યું. કચ્છ માંડવીમાં., જામનગરમાં ભૂજમાં. કચ્છ ગોધરામાં, મોટા આસંબિયામાં એમ એક પછી એક એમના ચાતુર્માસ થતા રહ્યા. એમની અસાધારણ તેજસ્વિતા પારખીને ગુરુમહારાજે પંડિતો રાખીને એમને સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો અભ્યાસ કરાવ્યો. સમય જતાં એમને ઉપાધ્યાયની પદવી આપવામાં આપી અને સં. ૨૦૦૩માં ગૌતમસાગરસૂરિજીએ તેમને ગચ્છની જવાબદારી પણ સોંપી. સં. ૨૦૧૨માં મુંબઇમાં તેમને આચાર્યની પદવી આપવામાં આવી અને તેઓ ગચ્છાધિપતિ આચાર્ય ગુણસાગરસૂરિ થયા. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતે ત્યાર પછી કચ્છ રાજસ્થાન અને મુંબઇમાં અનેક સ્થળે વિહાર કરી અનેક શ્રેષ્ઠીઓને પ્રતિબોધ આપીને અનેક મહત્ત્વનાં કાર્યો કરાવ્યાં. તેમણે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યા-પીઠની કચ્છમાં મેરાઉમાં સ્થાપના કરાવી; ભુજપુરથી ભદ્રેશ્વર તીર્થનો સંઘ કાઢયો; શ્રાવિકા વિદ્યાપીઠની મેરાઉમાં સ્થાપના કરાવી; કચ્છથી શત્રુંજયની તીર્થયાત્રાનો સંઘ કાઢયો. એ ઉપરાંત જિન મંદિર, ઉપાશ્રય, જ્ઞાનમંદિર, ધર્મશાળા, ગ્રંથાલય, પ્રતિષ્ઠા, જીર્ણોદ્ધાર, દીક્ષા, પદવી વગેરે વિવિધ પ્રસંગ-

રનાં ઘણાં કાર્યો વર્ષોવર્ષ એમણે મહોત્સવપૂર્વક કરાવ્યાં.

છેલ્લા દાયકામાં એમણે મુંબઇથી સમેતશિખરનો સંઘ કઢાવ્યો અને સમેતશિખરથી શત્રુંજયનો સંઘ કઢાવ્યો એ એમની જેવીતેવી સિદ્ધિ નથી. એમણે સમેતશિખરમાં ૨૦ જિનાલયનું નિર્માણ ધર્મશાળા સહિત કરાવ્યું અને કચ્છમાં ૭૨ જિનાલયના નિર્માણનું કાર્ય ઉપાશ્રયો, ધર્મશાળા વગેરે સહિત ચાલુ કરાવ્યું.

એમની પ્રેરણાથી વિવિધ પ્રકારનાં અધિવેશનો અને સંમેલનો યોજાયાં હતાં. એમને જુદે જુદે સમયે વિવિધ પદવીથી સંઘ અને સમાજે અલંકૃત કર્યા હતા. એમની પ્રેરણા અને સદુપદેશથી જુદે જુદે સ્થળે અને જુદે જુદે સમયે કેટલાક યુવકોએ અને યુવતીઓએ દીક્ષા લીધી. એ રીતે એમના હસ્તે ૧૧૫થી વધુ સાધ્વીજીઓએ દીક્ષા લીધી અને પચાસેક સાધુઓએ દીક્ષા લીધી જેમાં એમના શિષ્યો ગુણોદયસાગર અને કલાપ્રભસાગરને આચાર્યની પદવી પણ અપાઇ છે. આમ એમના પ્રભાવક ચરિત્રથી અચલગચ્છને સાધુ-સાધ્વીઓનો વિશાળ સમુદાય સાંપડયો છે.

પૂ. ગુણસાગરસૂરિજીએ જૈન શાસનનાં જે વિવિધ કાર્યો કર્યા એમાં તેમના સાહિત્યક્ષેત્રે કરેલા સમૃદ્ધ પ્રદાનનું પણ વિસ્મરણ ન થવું જોઇએ. તેઓ શ્રુતસાહિત્યના અભ્યાસી હતા. સંસ્કૃત-પ્રાકૃત વગેરે ભાષાના પ્રખર પંડિત હતા. વળી કવિ પણ હતા. ગુજરાતી તેમજ સંસ્કૃત ભાષામાં તેમણે ઘણી રચનાઓ કરી છે. એમણે આર્યરક્ષિતસૂરિ, કલ્યાણસાગરસૂરિ અને ગૌતમસાગરસૂરિનાં ચરિત્રો સંસ્કૃત ભાષામાં રચેલાં છે. આ ઉપરાંત 'પર્વકથાસંગ્રહ', 'શ્રીપાળ-ચરિત્ર', 'પાર્શ્વનાથચરિત્ર' વગેરે ગ્રંથો લખેલા છે. એમણે અનેક સ્તવનો, મોટી પૂજાઓ, ચોઢાળિયાં, સ્તુતિઓ, દુહાઓ, પ્રાર્થનાઓ વગેરેની રચના કરી છે. એક લાખથી પણ વધુ શ્લોકના પ્રમાણ જેટલું સાહિત્ય સંસ્કૃત અને ગુજરાતીમાં ગદ્યમાં અને પદ્યમાં એમના હાથે લખાયું છે; એ એમની જેવીતેવી સિદ્ધિ નથી. એમનાં કેટલાંય સ્તવનો રોજની ધાર્મિકવિધિમાં અનેક લોકોના મુખે આજે પણ ગવાતાં રહ્યાં છે.

પૂ. ગુણસાગરજી મહારાજનો પ્રથમ સંપર્ક મારે સં. ૨૦૩૨માં રાજસ્થાનમાં બાડમેરમાં થયો હતો. એમના વિદ્વાન શિષ્યરત્ન કલાપ્રભસાગરજીનો પત્રવ્યવહારથી પરિચય થયો હતો; પરંતુ એમને રૂબરૂ મળવાનું થયું નહોતું. એ વર્ષે જેસલમેરની યાત્રાએ અમે ગયા હતા ત્યાં જાણવા મળ્યું કે પૂ. કલાપ્રભસાગરજી અને એમના ગુરુમહારાજ શ્રી ગુણસાગર-સૂરિજી બાડમેરમાં છે. એટલે અમારો કાર્યક્રમ બદલી જેસલમેરથી અમે બાડમેર ગયા હતા. ત્યાં પૂજ્ય આચાર્ય ભગવંત ગુણસાગરસૂરિજીનાં પહેલી વાર દર્શન કર્યાં. બીજે દિવસે ત્યાં દીક્ષાનો એક પ્રસંગ હતો. પરંતુ સંજોગવશાત અમારાથી ત્યાં રોકાવાય તેમ ન હતું. ત્યાર પછી તેઓની મુંબઇમાં પધરામણી થઇ અને એમને વારંવાર મળવા જવાનું થયું. સમેતશિખરમાં પૂ. ગુણસાગરસૂરિજી અને પૂ. કલાપ્રભસાગરજીની પ્રેરણા અને આશીર્વાદથી યોજાયેલા વિદ્વદ્ સંમેલનમાં ભાગ લેવા માટે જવાનું થયું. ત્યારે એમનાં સાધુ-સાધ્વીઓમાંથી ગ્રેજ્યુએટ થયેલા કેટલાકને મારે પીએચ. ડી.નો અભ્યાસ કરાવવો એવી વાત થઇ. મારા મિત્ર શ્રી વસનજીભાઇ લખમશીનો પણ તે માટે આગ્રહ હતો અને બધી જ સુવિધા માટેની જવાબદારી તેમણે સ્વીકારી. એટલે સમેતશિખરથી જ્યારે સંઘ શત્રુંજયની યાત્રાએ પ્રયાણ કરતો હતો તે દિવસે સવારે પૂ સાધ્વીશ્રી પુણ્યોદયાશ્રીજીનાં શિષ્યા પૂ. મોક્ષગુણાશ્રીજીને પંદરમા શતકના 'જયશેખરસૂરિના જીવનકવન' વિષે પીએચ. ડી.નો અભ્યાસ મારે કરાવવો એવું જાહેર કરવામાં આવ્યું અને એ માટે પૂ. આચાર્ય ભગવંતના વાસક્ષેપ સહિત આશીર્વાદ સાંપડયા.

સમેતશિખરથી સંઘ જ્યારે પાલિતાણા પહોંચ્યો ત્યારે પણ શ્રી વસનજીભાઇ સાથે મારે ત્યાં જવાનું થયું અને જૈન સાહિત્ય સંશોધનના ક્ષેત્રે શી શી યોજનાઓ કરવી તેની પણ આચાર્ય ભગવંત અને પૂ. કલાપ્રભાસાગરજી સાથે વિચારણા થઇ.

આમ પૂ. ગચ્છાધિપતિ ઉપરાંત પૂ કલાપ્રભાસાગરસૂરિજી તથા પૂ. મોક્ષગુણાશ્રીજીને નિમિત્તે અચલગચ્છનાં સાધુ-સાધ્વીઓનાં વિશાળ સમુદાયના સંપર્કમાં આવવાનું સદ્ભાગ્ય મને સાંપડયું છે અને તેઓના ઉત્તમ ચરિત્રપાલનથી હું ઘણો પ્રભાવિત થયો છું. પ. પૂ. ગુણસાગરજી મહારાજ અત્યંત સરળ હૃદયના અને વત્સલ સ્વભાવના હતા. પોતાના શિષ્યોને પિતાતુલ્ય કે અધિક વાત્સલ્યથી તેઓ સંભાળતા અને તે દરેકની પ્રગતિ થાય તેની સતત દેખરેખ રાખતા હતા.

વયોવૃદ્ધ અવસ્થાને કારણે તેઓ વિહાર કરી શકતા નહોતા, પરંતુ તેમના શિષ્યો ઉત્સાહ અને ઉમંગથી તેમની ખુરશી કે ડોળી પોતાના ખભે ઊંચકી લેતા અને ચાલતાં ચાલતાં જયનાદ કરતા કે-

ગુરુજી અમારો અંતરનાદ;

અમને આપો આશીર્વાદ.'

અર્ધશતાબ્દીથી વધુ જેટલા દીક્ષાપર્યાયનાં વર્ષોમાં જૈન શાસનની અનેકવિધ સેવા બજાવનાર આ મહાન ગચ્છાધિપતિ સ્વ. ગુણસાગરસૂરીશ્વરજીનું નામ અચલગચ્છના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.

એમના ભવ્યાત્માને કોટિ કોટિ પ્રણામ!

-રમણલાલ ચી. શાહ

ભક્તિ સંગીતના વર્ગો

સંઘના ઉપક્રમે બહેનોને ભક્તિ સંગીત-સ્તવન વગેરે શીખવવા માટેનાં છ આઠવાડિયાંના વર્ગોનો પ્રારંભ થાય છે.

પ્રારંભ : બુધવાર, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૮૮
સમય : સાંજના ૪-૦૦ થી ૫-૦૦
સત્र ફી : ૫૦- પચાસ રૂપિયા
સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ,
રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે,
વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦૦૦૪
ફોન : ૩૫૦૨૬૬.

ભક્તિ સંગીતના આ વર્ગનો સમય દર બુધવારે સાંજના ૪-૦૦ થી ૫-૦૦ રહેશે. **શ્રી બંસીલાલ ખંભાતવાલા** આ વર્ગના અધ્યાપક તરીકે સેવા આપશે. રસ ધરાવતાં બહેનોને સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

ઉષાબહેન મહેતા સંયોજક
કે. પી. શાહ
નિરુબહેન એમ. શાહ મંત્રીઓ

દેવેન્દ્રસૂરિ વિરચિત આરામશોભા કથાનક

● જયંત કોઠારી

આરામશોભાની કથા એ જૈન પરંપરાની એક પ્રસિદ્ધ કથા છે. ઓરમાન સંતાનના ભાગ્યોદયના કથાઘટકને વણી લેતી આ કથાનું મૂલ્ય એ દૃષ્ટિએ ઘણું છે. આ કથાઘટક જગદ્‌વ્યાપી છે. યુરોપમાં પ્રચલિત સિન્ડ્રેલાની તથા અસ્પુટ-ધૂલની કથા તથા ભારતની દિગંબર જૈન પરંપરાની સુગંધ-દશમીની કથામાં આ કથાઘટક છે. સિન્ડ્રેલાની કથા સૌ પ્રથમ ચાર્લ્સ પરોલ્ટ (ઈ. ૧૬૨૮–ઈ. ૧૭૦૩)ના કથાકોશ 'કુબિને ફી'માં અને અસ્પુટધૂલની કથા જેકબ લુડવિક કાર્લ ગ્રિમ (ઈ. ૧૭૮૫–ઈ. ૧૮૬૩)ના લોકકથા સંગ્રહ 'દિ કિંડર ઉણ્ડ હાઉસમાર્ખેન'માં મળે છે જ્યારે આરામશોભા અને સુગંધદશમીની કથાઓ છેક ઈ. ૧૧ મી–૧૨મી સદીની છે. આથી ઓરમાન સંતાનના ભાગ્યોદયનું કથાઘટક ભારતીય મૂળનું હોવાની સંભાવના વધુ રહે છે.

હીરાલાલ જૈને સુગંધદશમી કથાનો પ્રભાવ આરામશોભાની કથા પર હોવાનું માનેલું અને તેથી સુગંધદશમીની કથાને આ વિષયની સૌથી પ્રાચીન કથા માનેલી. પરંતુ ઉદયચન્દ્રની અપભ્રંશ સુગંધદશમી કથા ઈ. ૧૧૫૦ની રચના છે, જ્યારે આરામશોભાની કથા પ્રદ્યુમ્નસૂરિવિરચિત 'મૂલશુદ્ધિપ્રકરણ'ની દેવચન્દ્રસૂરિવિરચિત વૃત્તિ (ર. ઈ. ૧૦૮૯ – ૯૦)માં સૌપ્રથમ મળી આવી છે. આથી શ્રી જૈનનો અભિપ્રાય હવે સ્વીકાર્ય રહેતો નથી. આરામશોભાની કથા એ, હવે, આ વિષયની સૌથી પ્રાચીન કથા ઠરે છે.

પ્રદ્યમ્નસૂરિવિરચિત 'મૂલશુદ્ધિપ્રકરણ' દેવચન્દ્રસૂરિની વૃત્તિ સાથે પ્રકાશિત થયેલ છે (સંપા. અમૃતલાલ ભોજક, પ્રકા. પ્રાકૃત ગ્રંથ પરિષદ અમદાવાદ, ૧૯૭૧), મૂલ ગ્રંથ પ્રાકૃતમાં છે. એના પરની વૃત્તિ સંસ્કૃતમાં છે, પરંતુ દૃષ્ટાંતરૂપે અપાયેલાં સર્વ કથાનકો પ્રાકૃતમાં છે. બધાં કથાનકો ગદ્યપદ્ય મિશ્ર છે. આરામશોભા કથાનકમાં ૨૦૧ ગાથાઓ છે અને લગભગ એટલો જ ગદ્યભાગ છે.

'મૂલશુદ્ધિપ્રકરણ'નો હેતુ સમ્યક્ત્વની શુદ્ધિ વગેરેના પ્રતિપાદન દ્વારા સ્વર્ગ અને અપવર્ગ (મોક્ષ) સંપડાવી શ્રેયસ્કર બનવાનો છે. એમાં સમ્યક્ત્વનાં ભૂષણ વગેરે છ દ્વારોનું વર્ણન છે. સમ્યક્ત્વનાં ભૂષણોમાં ચોથું ભક્તિ છે. એના બે પ્રકારો છે–જિનભક્તિ અને સાધુભક્તિ. આ જિનભક્તિ કે તીર્થંકરભક્તિના ઉદાહરણ તરીકે આરામશોભાની કથા વૃત્તિકારે મૂકેલી છે. આ ભવમાં આરામશોભાને મસ્તકે હંમેશાં ઉદ્યાન છવાયેલું રહે છે. તે એણે પૂર્વભવમાં કરેલી જિનસેવાનું પરિણામ છે એ એનું મુખ્ય કથયિતવ્ય છે.

બે ભવની કથામાંથી વર્તમાનભવની કથામાં નીચેના ઘટકો આપણે તારવી શકીએ છીએ :

૧. અપરમાને આશરે રહેતી કન્યાનું દુઃખભર્યું જીવન.

૨. નાગદેવને એણે કરેલી સહાય અને એની કૃપા.

૩. માથે ઉદ્યાન છવાયેલું રહેવું.

૪. આવી કન્યા તરફ રાજાનું આકર્ષાવું અને એને રાજરાણીપદ મળવું.

૫. અપરમાને પોતાની પુત્રી હોવી. એ સામાન્ય હોવી અને ઓરમાન પુત્રી પ્રત્યે એને દ્વેષ થવો.

૬. ઓરમાન પુત્રીને એણે મારી નાખવા કોશિશ કરવી અને એનો દૈવી ઉગાર થવો.

૭. ઓરમાન પુત્રીને સ્થાને પોતાની પુત્રીને બેસાડી દેવી.

૮. આ કપટનો ભાંડો અંતે ફૂટી જવો.

૯. માતાએ પોતાના બાળકને જોવા ગુપ્ત રીતે જવું અને એમાંથી રાજાને હાથે ઝડપાઈ જવું.

૧૦. કલ્યાણ કરનારની શરત હોવી અને એ શરતનો ભંગ થતાં એનું મૃત્યુ થવું.

પૂર્વભવની કથામાંથી આપણે નીચે પ્રમાણે ઘટકો તારવી શકીએ છીએ :

૧. આઠમી પુત્રી તરીકે જન્મેલી નિર્ભાગી કન્યા.

૨. દરિદ્ર પરદેશી સાથે એને પરણાવી દેવી.

૩. પતિએ ભાતાના લોભથી એને સૂતી તજી દેવી.

૪. નિરાધાર સ્ત્રીએ કોઈ શ્રેષ્ઠીને ત્યાં આશ્રય મેળવી પોતાના વર્તનથી આદર પ્રાપ્ત કરવો.

૫. પોતાને આશ્રય આપનારના સંકટમાં સહાયભૂત થવું.

૬. પોતાના તપ ને શીલપ્રભાવથી સૂકી વાડી લીલી કરાવવી.

બે ભવનાં વૃત્તાંતનો તાળો આ રીતે મેળવવામાં આવ્યો છે :

૧. પૂર્વભવમાં નિર્ભાગી સ્ત્રીએ પિતાગૃહે કશું ધર્મકાર્ય કર્યું નહોતું તેથી બીજા ભવમાં એને અપરમાના આશ્રયવાળી દુઃખી કન્યાનો અવતાર મળ્યો.

૨. પૂર્વભવમાં એ માણિભદ્ર શેઠને મદદરૂપ થઈ હતી તેથી આ ભવમાં એ એને નાગકુમારને રૂપે સહાય કરનાર તરીકે મળ્યો.

૩. પૂર્વભવમાં એણે પાછળથી જિનદેવભક્તિ કરેલી તેથી આ ભવમાં એને પાછળથી રાજ્યનું સુખ મળ્યું.

૪. પૂર્વભવમાં એણે જિનદેવને ત્રિછત્ર ધરાવેલું અને સૂકી વાડીને નવપલ્લવિત કરેલી તે બન્નેને પરિણામે એને આ ભવમાં પોતાને માથે છવાયેલું ઉદ્યાન મળ્યું.

જોઈ શકાય છે કે બંને ભવનાં વૃત્તાંતોના ઘણા અંશોનો તાળો મેળવવામાં આવ્યો નથી. પૂર્વભવ મુખ્યાંશ પૂરતો જ વર્તમાન ભવને લાગુ પડે છે એનું પ્રયોજન મર્યાદિત છે.

આ એક દૃષ્ટાંતકથા–ધર્મકથા છે. એને વાસ્તવિકતાની દૃષ્ટિએ જોવાની ન હોય. તેમ છતાં એ રીતે વિચારીએ ત્યારે કેટલીક બાબતો ધ્યાન ખેંચ્યા વિના ન રહે :

૧. એ સમયની કથામાં આપણે ચમત્કારને સ્વીકારી લઈએ પરંતુ અહીં નાગદેવતા આરામશોભાને એના છેલ્લા સંકટ વખતે આશ્રય આપે છે, પરંતુ એના એ સંકટને નિવારી શકતા નથી તેમજ આરામશોભાને પતિ સાથે મેળવી આપી શકતા નથી.

૨. આઠ વરસની ઉંમરે વિદ્યુત્પ્રભાએ માતાને ગુમાવી. તે પછી બાર વરસ એણે દુઃખમાં ગાળ્યાં પછી એને જિતશત્રુ રાજાએ જોઈ. એટલે કે વીસ વરસની ઉંમરે આ ઘટના બની. એ સમયમાં આ ઉંમર એક કન્યા માટે કદાચ મોટી ઉંમર કહેવાય. અપરમાનું દુઃખ વેઠતાં એ બાર વરસની થઇ એમ અભિપ્રેત હોય તો એ સ્વાભાવિક ગણાય.

૩. આરામશોભાના લગ્ન પછી અપરમાને દીકરી જન્મી. એ યુવાનવયે પહોંચી, પછી અપરમા આરામશોભાને પહેલીવાર ભાતું મોકલવાનું વિચારે છે એટલે કે લગભગ બારેક વર્ષ પછી. આ દૃષ્ટીતી રીતે અસ્વાભાવિક છે. આરામશોભા પહેલી વાર સગર્ભા પણ આ વેળા બને છે. એ પણ સામાન્ય રીતે ઘણું મોડું કહેવાય.

૪. અપરમાને દીકરી જન્મેલી, એ દીકરીને એણે ભોંયરામાં સંતાડી રાખી – આ બધું આરામશોભાથી છાનું રહી શકયું એટલું જ નહીં પિતાએ પણ છાનું રાખ્યું એ ઘટના અસ્વાભાવિક છે. ગામલોકોને પણ કશો પ્રશ્ન થતો નથી.

આ નોંધવાનું કારણ એ છે કે પછીના કથાકારો કેટલીક વાર આવી બાબતોના ખુલાસા યોજતા હોય છે કે હકીકતમાં ફેરફાર પણ કરતા હોય છે. આરામશોભાની કથાપરંપરામાં આવું કઇ બને છે કે કેમ તે હવે પછી આપણે જોઇશું.

દેવચંદ્રસૂરિના આ કથાનકમાં કેટલીક બાબતો ઉચિત ખુલાસા સાથે મૂકવામાં આવી છે તેની પણ નોંધ લેવી જોઇએઃ

૧. જે નાગ ખરેખર દેવ છે અને વિદ્યુત્પ્રભા પર આવી કૃપા કરી શકે છે તે ગારુડિકોથી તો નાસે છે. આનું કારણ નાગદેવ પોતે એમ બતાવે છે કે પોતે નાગકુમારના દેહમાં રહેલા હોઇને મંત્રદેવતાની આણ લોપવા શકિતમાન નથી. ગારુડિકો એને જુએ તો ગરુડમંત્રથી એને પકડી જ શકે.

૨. વિદ્યુત્પ્રભાની સાથે હરતુંફરતું ઉદ્યાન જોઇને મંત્રીને પહેલાં વહેમ જાય છે કે એ દેવતા તો નહીં હોય! પણ પછી એ જુએ છે કે આ સ્ત્રીએ તો આંખો ચોળી હતી. દેવોને તો આંખના પલકારા જ ન હોય. આ પરથી આ સ્ત્રી દેવતા ન હોઇ શકે એની એને ખાતરી થાય છે.

આરામશોભાની આ કથામાં સામાજિક ઇતિહાસની દૃષ્ટિએ કેટલાક રસપ્રદ અંશો છે તે પણ જોઇએ :

૧. અગ્નિશર્મા વેદપાઠી બ્રાહ્મણ છે, પણ એને ઘેર ગોધન છે–ગાયો એકથી વધુ છે–અને એની પુત્રી જ ગાયો ચરાવવા વગડામાં જાય છે. જૂના સમયના બ્રાહ્મણકુટુંબનું આ લાક્ષણિક ચિત્ર છે.

૨. વિધુર અગ્નિશર્મા ફરીને પરણે છે અને એની પ્રેરણા પુત્રી જ આપે છે. એટલે પુરુષને માટે ફરી પરણવું, એ એ સમાજમાં બિલકુલ અસ્વાભાવિક ગણાતું નથી.

૩. જિતશત્રુ આરામશોભાથી આકર્ષાઇ એને પરણે છે ને એમાં સૌની સંમતિ હોય છે. રાજા બ્રાહ્મણકન્યાને પરણે એમાં બાધ ગણાતો નથી અને રાજાને પસંદ પડેલી કન્યા આપવામાં ગૌરવ ગણાય છે.

૪. પુત્રીના લગ્નનો નિર્ણય પિતા જ લે છે.

૫. રાજાને માટે મંત્રી એ ખરેખર સલાહ લેવા યોગ્ય–સાથ લેવા યોગ્ય વ્યકિત છે. આરામશોભા સાથેના લગ્નમાં મંત્રી સહાયભૂત થાય છે તે ઉપરાંત અગ્નિશર્મા જ્યારે બ્રહ્મહત્યા આપવા તૈયાર થાય છે ત્યારે રાજા મંત્રીનું સમર્થન લઇને આરામશોભાને પિયર મોકલે છે.

૬. ધાર્યું કરાવવા ત્રાગાનો આશ્રય લેવાય છે.

૭. બ્રહ્મહત્યાનું પાપ રાજાને રૂઢિભંગ કરવા પ્રેરે એટલું મોટું ગણાય છે.

૮. રાજરાણીને માટે ઓઝલની પ્રથા છે. એ સૂર્યને ન જોઇ શકે. બ્રાહ્મણપિતાને ઘેર પણ ન જઇ શકે.

૯. પુત્રીને ખાવાપીવાનું મોકલવાની રૂઢિ છે.

૧૦. લાડુ. સૂતરફેણી, માંડા એ ત્રણ મીઠાઇઓ અહીં ઉલ્લેખાય છે.

૧૧. રાજકુલમાં રાજાનું આધિપત્ય છે. મીઠાઇનું માટલું રાજા દૃષ્ટિ કરે પછી ઉઘાડાય છે.

૧૨. રાજાના ખાદ્ય પદાર્થો પહેલાં પરીક્ષા માટે ચકોર-પક્ષીને બતાવવામાં આવે છે. પછી રાજા ખાય છે. (ઝેરવાળું અન્ન હોય તો ચકોરપક્ષીની આંખ રાતી થઇ જાય એમ કહેવાય છે.)

૧૩. પહેલી પ્રસુતિ પિયરમાં થાય એવો રિવાજ છે.

૧૪. રાજકુલમાં સંતાનનાં સંભાળ અને ઉછેર ધાત્રી–માતાઓ પાસે છે. રાત્રે પણ એ એમની પાસે રહે છે.

૧૫. દેશપાર કરવા, નાકકાન કાપવાં–એ પ્રકારની શિક્ષાઓ અસ્તિત્વમાં છે.

૧૬. કુલધરકન્યાનું વૃત્તાંત બતાવે છે કે વધુ પુત્રીઓ હોવી એ દૃષ્ટ લેખાતું નથી. વધુ પુત્રીઓ થતાં છેલ્લી પુત્રીને માતપિતાનો સ્નેહ ન મળે એવું પણ બને છે.

૧૭. સંદેશાવ્યવહાર અંગત માણસો મોકલીને કરવામાં આવે છે

આરામશોભાનું કથાનક અહીં એક દૃષ્ટાંતકથાનક છે–અનેક કથાનકો માંહેનું એક એમાં કવિને નિરૂપણની મોકળાશ ન સાંપડે. મનુષ્યના ભાવસ્વભાવનાં વીગતે વર્ણન કવિએ કર્યાં નથી; પરંતુ મનુષ્યસ્વભાવના લાક્ષણિક નમૂનાઓ આપણી નજરે ચડ્યા વિના રહેતા નથી. અગ્નિશર્મા સ્ત્રીની બુદ્ધિથી ચાલતો ભોળિયો બ્રાહ્મણ છે. એની બીજી પત્ની મૂળ સ્વભાવે સુખવાદી છે પણ એને પુત્રી જન્મ્યા પછી પુત્રીના સ્વાર્થે એનામાં કપટ જાગે છે. આરામશોભા સરલ, મૃદુ, વિવેકી, સૌજન્યશીલ સ્ત્રી છે. પતિનો અસાધારણ સ્નેહાદર એ પ્રાપ્ત કરે છે. પૂર્વભવની કુલધરકન્યા પણ નરમ સ્વભાવની, કામગરી, સૌનાં દિલ જીતી લેનારી અને ધર્મનિષ્ઠ છે. નંદન ગરીબ પણ અભિમાની ને ગરીબાઇને કારણે ક્ષુદ્ર મનનો છે.

આ કૃતિમાં ભાવવર્ણનની તક આપે એવાં સ્થાનો છે જ. જિતશત્રુનો વિદ્યુત્પ્રભા તરફનો પ્રણયભાવ, કપટી માતાનો કૃત્રિમ કરુણભાવ આરામશોભાનો વાત્સલ્યભાવ–આ બધાનો કવિએ લાઘવથી નિર્દેશ કર્યો છે. પણ એક સ્થાને ભાવસભરતાનું એક મર્મસ્પર્શી રસિક ચિત્ર મળે છે. પુત્રને રમાડવા રાજમહાલયમાં પહોંચેલી આરામશોભા પલંગ પર પોતાના પતિ અને પોતાની

બહેન (જે કપટથી એને સ્થાને ગઇ છે)ને સૂતેલાં જુએ છે. એ વેળા કેવા વિવિધ મનોભાવોની સૃષ્ટિ એના ચિત્તમાં ઊછળે છે !

'કંઇક પહેલાંની ક્રીડાના સ્મરણથી ઉદ્‌ભવેલા કામને લીધે નિષ્પન્ન થયેલા શૃંગારરસથી નિર્ભર બનીને કંઇક પોતાના પ્રિયતમને આલિંગન આપીને સૂતેલી ભગિનીને જોઇને ઉત્પન્ન થયેલી ઇર્ષ્યાપૂર્વક, કંઇક માતાના કૂખમાં પોતે ફેંકાયેલી તેના સ્મરણથી ઉદ્‌ભવેલા ક્રોધ પ્રસરવાથી, કંઇક દીકરાના સ્મરણથી ઉત્પન્ન થયેલા સ્નેહરસપૂર્વક, કંઇક પોતાના સર્વ પરિજનોને જોવાથી જન્મેલા હર્ષની અધિકતાથી...' પતિએ છોડી દીધેલી કુલધરકન્યાનો પરિતાપ પણ થોડીક તીવ્રતાથી વ્યક્ત થયો છે. એમાં પતિ ઉપર પ્રહારો પણ છે.

મનોભાવને ધ્વનિત કરતી ચેષ્ટાઓના આલેખનમાં કવિએ ખાસ રસ લીધો નથી પણ એવા પ્રકારનું એક સરસ ઉદાહરણ મળે છે. બનાવટી આરામશોભાને રાજા ઉદ્યાન વિશે વારંવાર પૂછે છે, ત્યારે એને જવાબ આપવામાં ઘણી અગવડ પડે છે. એ વખતે એના ખૂલેલા-વિસ્ફારિત હોઠનો નિર્દેશ કવિ ખાસ કરે છે. આ સંભ્રાન્ત મનોદશાનું ધ્વનિત છે-પડી ગયેલા મોંની જેમ.

કવિએ માત્ર કથાકથનથી ચલાવ્યું નથી, સંવાદોનો પણ ઉપયોગ કર્યો છે પણ તે ખપ પૂરતો. પરંતુ જિતશત્રુના નગર-પ્રવેશ વખતે કવિએ યુવાન વૃદ્ધ, બાળકો સ્ત્રીઓ વગેરે સર્વ પ્રજાવર્ગોના આ અદ્‌ભુતરસિક ઘટનાથી ઉદ્‌ભવેલા વિવિધ વિચારો-તરંગોને વાચા આપી છે તે મનોરંજક બને છે. એ એક પ્રકારનાં સ્વભાવચિત્રો પણ બને છે.

વર્ણનસ્થાનો અહીં ઘણાં છે-સ્થલાશ્રય વિદ્યુત્પ્રભાનું દેહ-સૌન્દર્ય, નાગકુમારનો દેખાવ, ઉદ્યાન, પડાવ, નગરશોભા, ભગિનીની દેહાકૃતિ, વાસભવન, ત્રિછત્ર વગેરે-ને કવિએ એનો કેટલોક લાભ પણ લીધો છે. પણ વર્ણનો મોટે ભાગે ગુણલક્ષણસૂચિ જેવાં છે. એની વીગતોથી એ પ્રભાવક પણ બને છે-જેમકે વાસભવનનું વર્ણન. એમાં રાજવૈભવની ઠાઠ બરાબર ઊપસ્યો છે. ક્વચિત્ વર્ણનોમાં ઉપમાદિ અલંકારો ગૂથાય છે. પણ પ્રૌઢ અલંકારછટાથી થયેલું સ્થલાશ્રય (જે મહાગ્રામ છે)નું વર્ણન એ પ્રકારનું એકમાત્ર વર્ણન છે.

કવિના અલંકારો બહુધા પરંપરાગત છે. દર્ભાગ્રમાં લાગેલા જલબિંદુ જેવો સંસ્તર' એ પરંપરાગત પણ બળવાન ઉપમા છે. 'પાણી ભરેલાં તાજાં વાદળો જેવા સુદર ધીરગંભીર સત્ત્વવાળા અવાજથી'માં પરંપરાગત ઉપમાને એક રમણીય ચિત્રમાં પલટાવી છે. 'કૂતરું કરડે તો સામું કરડાય ?' એ તળપદું દ્રષ્ટાંત ગમી જાય એવું છે. પણ કવિની અલંકાર-શક્તિ પ્રગટ થાય છે સ્થલાશ્રયના વર્ણનમાં. ત્યાં શ્લેષનો અત્યંત ક્ષમતાભર્યો વિનિયોગ છે. શ્લેષ સાથે જોડાયેલ ઉપમા અલંકારની ત્યાં હારમાળા છે. એ રીતે એ સંસૃષ્ટિ અલંકારનું દ્રષ્ટાંત બને છે.

એક દ્રષ્ટાંતકથાને આમ, સાહિત્યિકતા અર્પવાનું કામ દેવચન્દ્રસૂરિ દ્વારા થયું છે એ ખાસ ધ્યાન ખેંચે છે.

ટેમ બિલાડી

● તનસુખ ભટ્ટ

વીસમી સદીની પહેલી પચીસીમાં ભારતદેશ કેટલો પછાત હશે ? રેડિયો, ટેલીવિઝન, વીજળીની ટ્રેનો, બોલપટ, વિમાની પ્રવાસ, જેટ વિમાન, ચક્રવિમાન અથવા ચાકડા વિમાન (હેલિકૉપ્ટર), ટયુબલાઇટ, ટ્રાન્ઝિસ્ટર, મશીનગન, અણુબોમ્બ આમાંનું કાંઇ ત્યારે ન હતું. રેડિયોને બદલે થાળીવાજું (ગ્રામોફોન), વીજળીગાડીને બદલે વરાળગાડી, બોલપટને સાટે મૂકપટ, જેટવિમાન કે ચક્રવિમાનને સાટે સ્ટીમરના પાછલા, પાણી કાપતા, પંખા જેવાં પંખાવિમાન, મશીનગનને બદલે શહેરમાં બેનાળી બંદૂક અને ગામડામાં જામગરીની બંદૂક તથા અણુબોંબને બદલે લશ્કરમાં તોપગોળા તો દિવાળીના દારૂખાનામાં ભોંતિયા કે અડી-સાંગમાં ફોડાતો પોટાશ હતો.

આ પછાતપણામાંથી વિજ્ઞાનના યુગમાં પહોંચાડવાનું અર્થાત્ તેના આગમનની જાણ કરવાનું કામ બજાવ્યું અંગ્રેજી ભાષાએ. કાયદાનાં, ઇજનેરી કામનાં, વૈદકનાં, રાજકારણનાં, વિજ્ઞાનનાં બધાં જ પુસ્તકો અંગ્રેજી ભાષામાં મળે ! ગુજરાતી ભાષાનાં ફૂટપાથ ઉપર વેચાતાં પુસ્તકોમાં સદેવંત-સાવળીંગાની વાર્તા, મારૂ-ઢોલાની વાર્તા, મડાપચ્ચીશી, મણિકાંત-માળા, નાટકનાં ગાયનોનાં ચોપાનિયાં વગેરે હોય, મધ્યયુગમાં કે પ્રાચીનકાળમાં સંસ્કૃતભાષા જેમ દેવભાષા ગણાતી તેમ ઓગણીસમી સદીમાં તથા વીસમી સદીના પ્રથમ ચરણમાં અંગ્રેજી દેવભાષાનો આદર પામતી. ગુજરાતના પ્રથમ વિવેચક નવલરામ પંડ્યા મેટ્રિકમાં નાપાસ હતા છતાં ગુજરાતી ટ્રેઇનિંગ કૉલેજના પ્રિન્સિપાલ થઇ શકયા. નરસિંહરાવ બી.એ.માં પ્રથમ વર્ગમાં અને પછી એમ એ. થયા તો આસિસ્ટન્ટ કલેકટરની નોકરી મળી ! કર્મકાંડી ગોરમહારાજ કરતાં મેટ્રિક થયેલ મોટો ગણાતો. શાસ્ત્રી કરતાં ગ્રેજ્યુએટ ગૌરવવંતો ગણાતો. વિદ્વાન કરતાં વકીલની વધુ વાહવાહ થતી. અંગ્રેજી સૂર્ય ઝળહળતો હતો.

આમ હોવાને લીધે પ્રાથમિક શાળામાંથી અંગ્રેજી મિડલ સ્કૂલના પહેલા ધોરણમાં જનાર ભાગ્યશાળી ગણાતો. ગાઇડની મદદથી અંગ્રેજી રીડર સમજનારાઓ ત્યારે બુદ્ધિમાન ગણાતા. વર્ગમાં મોટો પડનાર છોકરો જ્યારે 'મે આઇ કમ ઇન સર' ? એમ પૂછતો ત્યારે તેના મોંમાં લાપશી પીરસી હોય તેવી ધન્યતા દેખાતી. નરસિંહરાવ દીવેટિયા વિષે એક ટૂચકો કહેવાય છે : કોઇએ એકાદ ગપ મારી ત્યારે નરસિંહરાવે વાંધો લીધો. ગપ્પીદાસે ફેંકયું કે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં છપાયું છે. એટલે આસિસ્ટન્ટ કલેકટર નરસિંહરાવ ઢાઢા પડી ગયા, અંગ્રેજી દેવભાષા હતી.

આથી અંગ્રેજી ભણેલાઓ પોતાનો પ્રભાવ વધારવા માટે વાતચીતમાં અંગ્રેજી શબ્દો આણતા. તેમની દેખાદેખીએ અંગ્રેજી ન ભણેલાઓ પણ પેલા વારંવાર સાંભળેલા અંગ્રેજી શબ્દો વાપરીને ગૌરવ અનુભવતા તથા પદવીધરની છાપ પાડતા.

આ માનસિક વલણ માત્ર અંગ્રેજી ભાષા પૂરતું જ સાચું નથી, શાસક પ્રજાની ભાષા પ્રત્યે દરેક શાસિત પ્રજાને આવો અહોભાવ હોય જ છે. એકાદ હજાર વર્ષ પૂર્વે ભારતમાં પરદેશી હુમલા થવા માંડ્યા, પછી મુસલમાનોનું રાજ્ય થયું. પરિણામે

રાજકારણમાં સૂબા, સરસૂબા સિપહસાલાર, નવાબ, બાદશાહ, જહાંપનાહ, હજૂર, કુરનિશ સલામ, તખ્ત, પાયતખ્ત, હાકેમ તહસીલદાર, ફોજદાર વગેરે શબ્દો આવ્યા. અન્ય ક્ષેત્રોમાં પણ કાજી, કિતાબ સબ્જ જેવા ન્યાયમંદિરના શબ્દો આવ્યા. સાહિત્યમાં તો સૂફીવાદને લીધે આશક માશૂક ઇશ્ક મયખાના સાકી મહેફિલ દિલ, દર્દ, સનમ, ખફા, રહમ જિગર, યાર જેવા શબ્દો ચમકવા લાગ્યા. બ્રાહ્મણ-ક્ષત્રિયોનાં નામો પણ દોલતરામ, ઉમેદરામ મહોબતસિંહ જાલિમસિંહ વગેરે પડ્યાં. અટકોમાં કાજી, બક્ષી નવાબ અલમૌલા મુનશી વગેરે જેવી અટકો આવી. નાગરો અને કાયસ્થોએ ફારસીનો અભ્યાસ કર્યો. મુંબઇની સ્મોલ કોઝ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીની બીજી ભાષા ફારસી હતી. હિંદુ રાજાઓનાં નામો પૂર્વે પણ નેકનામદાર, સેના ખાસ ખેલ શમશેર બહાદુર જેવાં માનવાચક વિશેષણો મુકાતાં.

મુસલમાનો પછી આવ્યા અંગ્રેજો લશ્કરી કવાયત, ચડતો દારૂગોળો અને વિજ્ઞાનનાં સાધનો વડે તેમણે એકાદ સદીમાં આખો ભારત દેશ જીતી લીધો અને સવાસો-દોઢસો વરસ સુધી સુખે રાજ કર્યું. મુસલમાનોના ચડતા શરીરબળથી હિંદુપ્રજા સ્તબ્ધ બનીને હારી ગઇ, પરંતુ અંગ્રેજોના ચડતા બુદ્ધિબળથી તો હિંદુપ્રજા અંજાઇને આંધળીભીંત જ બની ગઈ. આથી રાજકારણમાં વાઇસરોય, ગવર્નર, કમિશનર, કલેકટર, જેવા શબ્દો આવ્યા. વાહનવ્યવહારમાં રેલવે, સ્ટેશન માસ્તર, ટિકિટ જંકશન, મોટર, બસ, ટ્રામ, ટ્રોલી તથા હમણાં જિપ માતાદોર, રોડ, લેવલ ક્રોસિંગ જેવા શબ્દો દેખાયા. શિક્ષણમાં સ્કૂલ, હાઇસ્કૂલ, સર પાસ, કોલેજ, પ્રોફેસર, ટ્યુશન, વેકેશન, ડિગ્રી યુનિવર્સિટી, ગ્રેજ્યુએટ, પેન્શન વગેરે સાંભળવા મળ્યા. તારટપાલ ખાતામાં રજિસ્ટર, બુક પોસ્ટ, વી. પી; પોસ્ટ ઓફિસ, મનીઓર્ડર, પાર્સલ, શબ્દો નવા મળ્યા. નાણા વ્યવહારમાં બેંક, ચેક, ડ્રાફ્ટ, રોજિંદા શબ્દો બન્યા. હિંદુઓએ દોલત, ઉમેદ જેવાં નામો ધરેલાં તેમ અહીં પંજાબીઓમાં જરનૈલસિંહ, કરનૈલસિંહ જેવાં નામો પડ્યાં. અટકોમાં પણ બેંકર, બ્રોકર, શ્રોફ, પેમાસ્ટર, એન્જિનિયર જેવી અટકો દાખલ થઇ. ઉપરાંત અંગ્રેજોમાંથી ફેરફાર થઇને આવેલા શબ્દો પણ છે તેમાં ધાસલેટ (ગેસતેલ) મણિયાડર, (મનીઓર્ડર), નાટપેટ (નોટપેડ), જાટલીમેન (જેન્ટલમેન), બાટલી (બોટલ), કિટલી (કેટલ), દાકતર (ડોકટર), હરિપતાલ (હોસ્પિટલ). ઇજનેર (એન્જિનિયર), આગબોટ, કોપરબરાસ પીલાહાઉસ (પ્લેહાઉસ) પાલવા (એપોલો), લાલટેન, બરામદા, રાકેલ, રૂળ (છેલ્લા ચાર બીજી ભાષાના) આ શબ્દો અપભ્રષ્ટ છે, લાટસાહેબ અને આગબોટમાં બે ભાષાનું મિશ્રણ છે.

આગબોટ અને લાટસાહેબ જેવા શબ્દોને આપણા જૂના વડીલો ઢેઢગુજરાતી શબ્દો કહેતા. આઇ. સી. એસ.ની પરીક્ષામાં ગુજરાતી ભાષા શીખીને આવેલા અંગ્રેજો જ્યારે વ્યાકરણની ભૂલો કરતા ત્યારે તે ભૂલો ઢેઢગુજરાતી કહેવાતી. બ્રિસ્તી બનેલા હરિજનો અંગ્રેજી - ગુજરાતીમાં ભાષા વાપરતા ત્યારે પણ તે ઢેઢગુજરાતી કહેવાતી - આની ઘણી મશ્કરીઓ પણ રજવાડામાં પ્રચલિત હતી. ડોક્ટર ગોરા સાહેબને ગધેડીનું દૂધ માંદગીમાં પીવાની સલાહ આપી. સાહેબ ગધેડી શબ્દ ભૂલી ગયા, તેથી તેમણે હુકમ કર્યો કે 'સાબ ગદ્ધાકા નહિ લેકિન મેમસાબ ગદ્ધા કા દુધ લાઓ'. ડોક્ટર અંગ્રેજે ઘેટો મગાવ્યો. પણ ગુજરાતી ઉચ્ચાર આવડે નહિ તેથી 'ગીતા લાઓ' એમ કહ્યું. તેનો માણસ ભગવદ્ગીતા લઇ આવ્યો, કોઇક મશ્કરાએ મિશ્ર અંગ્રેજીની મશ્કરી કરતાં કહેલું :- 'વી ગયા'તા સ્ટેશન ઉપર, ઘેર મળ્યા એ મેન; કેમ માસ્તર ! કેટલા વાગ્યા ?' 'હાફ પાસ્ટ ટેન.' બીજું પણ મશ્કરીનું જોડકણું ત્યારે સંભળાતું :-

ઘેટ મેને ધક્કો માર્યો, ધિસ મેન પડી ગયા;
બટ તેને બહુ વાગ્યું, હિઝ લેગ બ્રેડી ગયા.

અંગ્રેજી ભાષાસંસ્કૃતિની અસર લોકસાહિત્ય સુધી પણ જરાતરા પહોંચી, વિરહિણી નારી પતિને લખે છે :- 'પિયુ ! પહેલી પેસેન્જરમાં આવજો.'

અંગ્રેજી ભાષાસંસ્કૃતિની આટલી વ્યાપક અસર હોય ત્યાં ગાળોમાં પણ અંગ્રેજી ગાળોનું અનુકરણ કેમ ન થાય ? બિહારના નીલવરો (ગળીનાં ખેતરોના ગોરા માલિકો) હિંદી મજૂરો ઉપર ગુસ્સે થાય ત્યારે તેમના પેટમાં લાત મારતાં, મજૂર મરી જતો. કાયદાથી ગોરાની બનેલી જ્યુરી ફેંસલો આપતીઃ "તલ્લી (કાળજું) ફટને સે મજદુર મર ગયા હૈ", આવી લાતોની સાથે ગાળોની ઝડી પણ વરસતી જ હોય. તેનું અનુકરણ પણ ભારતીય અમલદારો કરીને અંગ્રેજી ગાળો બોલવા લાગ્યા. ગાળો સાંભળનારા અશિક્ષિતો પણ અંગ્રેજી ભણેલા દેવાંશી ભાગ્યશાળી અમલદારોનું અનુકરણ કરીને આવડે તેવા ઉચ્ચારમાં અંગ્રેજી ગાળો બોલતા. ગોરાની લવરો હિંદી મજૂરોને પીટતી વેળાએ 'ડેમ, બ્લડી કુલ !' કહેતા, નાનપણમાં અમારી ગુજરાતી પ્રાથમિક શાળા અને અંગ્રેજી મિડલ સ્કૂલ બંને એક જ મોટા મકાનમાં બેસતી તેથી શાળાના સમયે પૂર્વે કે શાળા છૂટયા પછી ચાર ધોરણ પૂરતું અંગ્રેજી ભણનારા છોકરાઓનાં રોજ અમને દર્શન થતાં, તેઓ અંદરોઅંદર લડતા ત્યારે ગુસ્સામાં આવીને બરાડતા. મૂળમાંની અંગ્રેજી ગાળો તો તેમને આવડતી નહિ પણ તેઓ જોરશોરથી ધૂરકીને "ડેમ બ્લડી કુલ"ને બદલે બોલતા "ઢેમ બિલાડી બાટલી કા બૂચ!"

પરભાષાના સંપર્કથી માતૃભાષાનો વૈભવ આમ વધે છે.

સંયુક્ત અંક

દીપોત્સવી પર્વ નિમિત્તે 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૧-૧૧-૧૯૮૮ અને તા. ૧૬-૧૧-૧૯૮૮નો અંક સંયુક્ત અંક તરીકે તા. ૧૬-૧૧-૧૯૮૮ના રોજ પ્રગટ થશે.

-તંત્રી

(પૃષ્ઠ ૮ થી ચાલુ)

ક્યાં રહી ? જૈનોની આવી ઉપેક્ષા અને ઉદાસીનતા ટીકા-પાત્ર નથી ?

પત્રલેખકે કરેલી ફરિયાદમાં યથાર્થતા હશે જ. જોકે આપણો દેશ એટલો મોટો છે અને જૈન સંઘો ભારતમાં અને ભારત બહાર એટલા બધા પથરાયેલા છે કે મોટી મોટી સંસ્થાઓને માટે પણ જ્યાં સુધી લેખિત સત્તાવાર માહિતી કેન્દ્રકના તરફથી ના આવે ત્યાં સુધી કાર્યવાહી કરવાનું થોડું અઘરું બને છે. તોપણ જે સંસ્થાઓ આવા સાધર્મિક કાર્યોને વરેલી છે અને સંકટ કે આપત્તિ જેવા પ્રસંગોએ સહાય કરવા ઉત્સાહથી દોડી જાય છે તેવી સંસ્થાઓએ આ દિશામાં પંજાબની બાબતમાં કેન્દ્રક સક્રિય થવાની જરૂર છે. પંજાબમાં વિચરતાં સાધુ-સાધ્વીઓના માર્ગદર્શન હેઠળ આ પરિસ્થિતિ માટે કેન્દ્રક વ્યવસ્થિત આયોજન અવશ્ય કરવું ઘટે. મુંબઇ, દિલ્હી, અમદાવાદ, કલકત્તા વગેરેની 'અખિલ ભારતીય'નું નામ ધરાવતી અને એ સ્તરે કામ કરતી મોટી મોટી સંસ્થાઓ માત્ર દિલાસાનો તાર કે પત્ર લખનારી સંસ્થા ન બની રહેતાં સક્રિય-ગતિશીલ સંસ્થા બની રહે એની સવિશેષ જરૂર છે.

ભારતમાં ગરીબી અને બેકારી સહિત કેટલીયે એવી સમસ્યાઓ છે કે જેમાં ઘણું બધું કાર્ય સાધર્મિક ઉપરાંત સર્વ માનવજાત માટે કરવાનું રહે છે. લોકોની આર્થિક અને અન્ય પ્રકારની સમસ્યાઓમાં પંજાબના આતંકવાદથી વધુ સમસ્યાઓ ઉમેરાઇ છે. આતંકવાદની હિંસાત્મક પ્રવૃત્તિઓને કારણે ભયનું સામ્રાજ્ય જે રીતે ફેલાયેલું છે તેમાં પ્રેમ અને શાંતિનું મિશન લઇને કામ કરવા નીકળી પડનાર સંનિષ્ઠ કાર્યકરોનાં જૂથોની ઘણી મોટી ખોટ વરતાય છે. આવું કામ આતંકવાદીઓની વચ્ચે એકલદોકલ વ્યક્તિથી થઇ શકે નહિ. એના માટે વિશિષ્ટ મોટાં નાગરિક સંગઠનોની જરૂર રહે છે. સરકારના પીઠબળ વિના કામ કરવામાં સંસ્થાઓ કે કાર્યકરોની કેટલીક સમસ્યાઓ ઊભી થવાનો સંભવ રહે છે. સ્વરક્ષણ માટે નાગરિકોને શસ્ત્રો આપવાં એ કાયમનો ઉકેલ નથી. સરકારનું પીઠબળ મળ્યા પછી પણ સ્થાનિક પોલીસ જો આતંકવાદીઓ સાથે ભળી ગયેલી હોય તો કાર્ય કરવાનું કેટલું બધું મુશ્કેલીભર્યું છે તે તો અનુભવી જ કહી શકે. મુનિ સુશીલકુમારજીએ આ દિશામાં સુલેહ અને શાંતિ માટે કેન્દ્રક ઉત્સાહ દાખવ્યો ત્યારે તેમને ખૂનની કેટલી બધી ધમકીઓ મળવા લાગી હતી ! એટલે પંજાબનાં ભયભીત ગામડાંઓમાં પ્રેમ અને શાંતિનું વાતાવરણ સ્થાપવાનું કાર્ય આપણે ધારીએ તેટલું સરળ નથી. રોજે રોજ કેટલાયે આતંકવાદીઓ પકડાય છે અને કેટલાક માર્યા જાય છે. પરંતુ એથી પ્રશ્ન ઊકલતો નથી. એક આતંકવાદી મરતાં એના કુટુંબીજનોમાંથી બીજા વેર લેવા માટે આતંકવાદે ચડે છે. પંજાબમાં તો બાદવાસ્થળી જેવી સ્થિતિ પ્રવર્તે છે. માંહોમાંહે લડીમરીને પોતાનો જ સર્વનાશ તેઓ નોતરી રહ્યા છે.

છેલ્લાં ચારેક વર્ષથી પંજાબનાં ગામડાંઓમાં લગભગ રોજ જ આતંકવાદી ઘટના બનતી રહી છે અને રોજ જ બે, પાંચ કે પંદર માણસોનાં મૃત્યુ નીપજતાં રહ્યાં છે. પરિણામે કોમ કોમ વચ્ચે અને ધર્મ ધર્મ વચ્ચે વૈમનસ્ય વધવા લાગ્યું છે. વેર કે પ્રતિક્રિયારૂપે પણ ઘટનાઓ બનતી જાય છે. પ્રેમ અને શાંતિનો પ્રચાર કરે અને હુમલાઓ થાય ત્યારે સંગઠિત બનીને પ્રતિકાર કરે એવાં રચનાત્મક સ્થાનિક સંગઠનો થવાં ઘટે. અલબત્ત, આ કાર્ય આપણે ધારીએ છીએ એટલું સહેલું નથી, કારણ કે વિદેશી સત્તાઓની ગુપ્ત દખલગીરી, તેમના તરફથી મળતી અઢળક આર્થિક સહાય અને શસ્ત્રોના મોટા પુરવઠા સામે સ્થાનિક પરિસ્થિતિને સંભાળવાનું ઘણું અઘરું છે.

ઈરાન અને ઇરાક ઇઝરાયલ અને પેલેસ્ટાઇન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બંગલાદેશ શ્રીલંકા, બર્મા વગેરેની સ્થિતિનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે હિંસાત્મક ઘટનાઓ ઘટવાને બદલે વધતી જતી હોય એવું દેખાયા કરે છે. સત્તાનું રાજકારણ કેટલાયે લોકોનો ભોગ લે છે. આવી વિષમ અને કરુણ પરિસ્થિતિને કોણ અટકાવી શકશે ? કયારે ?

ભૂલ-સુધારો

'પ્રબુદ્ધ જીવન'નાં તા. ૧-૧૦-'૮૮ના અંકમાં 'મનુષ્ય-જન્મની દુર્લભતા' નામના લેખમાં પાણીના એક બિંદુમાં અનંતા જીવો હોય છે એવું જે છપાયું છે તેમાં સરતચૂક થઇ છે. એક બિંદુમાં અસંખ્યાતા જીવો હોય છે એમ વાંચવું. આ સરતચૂક માટે ક્ષમાયાચના. —તંત્રી

એકયુપ્રેશર તાલીમ વર્ગ

સંઘના ઉપક્રમે એકયુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેના નિઃશુલ્ક તાલીમ વર્ગ અંગ્રેજી ભાષામાં સોમવાર, તા. ૨૧ મી નવેમ્બર ૧૯૮૮ થી પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫ સરદાર વી. પી. માર્ગ, રસધારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે. મુંબઇ-૪૦૦૦૦૪ (ફોન : ૩૫૦૨૯૬) ખાતે શરૂ થશે. બાર સપ્તાહ સુધી દર સોમવારે બપોરના ૨-૩૦થી ૪-૩૦ સુધી ચાલનારા આ વર્ગનું સંચાલન **શ્રી જગમોહનભાઇ દોસાણી** કરશે. આ તાલીમ વર્ગમાં જોડાવા ઇચ્છુક ભાઈ-બહેનોએ સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે. —મંત્રીઓ

માતૃત્વ અને બાળઉછેરના વર્ગો

(Motherhood and Childcare Classes)

સંઘના ઉપક્રમે **બહેનો માટે માતૃત્વ અને બાળઉછેરના વર્ગો** નીચે પ્રમાણે યોજવામાં આવ્યા છે :

પ્રારંભ : **બુધવાર, તા. ૧૪મી ડિસેમ્બર, ૧૯૮૮**

ક્ષેત્ર ફી : **રૂ. ૫૦/- પચાસ રૂપિયા**

સ્થળ : **પરમાનંદ કાપડિયા સભાગૃહ**
૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦૦૦૪. ફોન : ૩૫૦૨૯૬.

સમય : **દર બુધવારે બપોરના ૧૨-૩૦થી ૨-૦૦.** (છ થી આઠ અઠવાડિયાં માટે)

અધ્યાપિકા : **ડૉ. ત્રિશુલાબહેન ધનુભાઇ ડગલી**
(M. B. B. S.; M. D.)

આ વર્ગમાં નવપરિણીત સગર્ભા બહેનોને પસંદગી આપવામાં આવશે. રસ ધરાવતી બહેનોને સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

આશાબહેન મ. મહેતા **કે. પી. શાહ**
સંયોજક **નિરુબહેન એસ. શાહ**
મંત્રીઓ

પંજાબનાં ભયભીત ગામડાંઓ

● રમણલાલ ચી. શાહ

થોડા દિવસ પહેલાં પાલિતાણામાં પ. પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ પાસે આગમ-વાચનાના એક કાર્યક્રમ માટે જવાનું થયું હતું. ત્યારે તેમના ઉપર તે સમયે પંજાબથી આવેલી એક ટપાલ તરફ અમારું ધ્યાન ખેંચવામાં આવ્યું. એમાં પંજાબમાં જૈનોની વસતી ધરાવતા એક ગામમાં બનેલી ઘટનાઓનો ચિતાર ત્યાંના જૈન સંઘની એક અમણી વ્યક્તિ તરફથી આપવામાં આવ્યો હતો. (આ ગામના નામનો અને પત્ર લખનાર સંઘના આગેવાનના નામનો અહીં નિર્દેશ કરવાનું હિતાવહ નથી.)

જૈન સંઘના એ નેતાએ વર્ણવેલી પરિસ્થિતિ અનુસાર પોતાના ગામમાં છેલ્લાં સિત્તેર વર્ષમાં આ વર્ષે પર્યુષણ પર્વ દરમિયાન પહેલી જ વાર એવી પરિસ્થિતિ નિહાળી કે જ્યારે ગામમાં ઉપાશ્રયમાં સંવત્સરી પ્રતિક્રમણ કે પર્યુષણના આઠે દિવસમાં સવારસાંજનાં સામૂહિક પ્રતિક્રમણ ન થઇ શકયાં. આ પર્વ દરમિયાન દર વર્ષે નવકારમંત્રનો સામૂહિક અખંડ પાઠ થતો હતો તે પણ આ વર્ષે ન થઇ શકયો. કલ્પસૂત્રનું વાંચન થયું નહિ. અને તદનુસાર મહાવીરજન્મ વાંચન અને સુપન ઉતારવાની વિધિ અને તે માટે કોઇ બોલી પણ થઈ શકી નહિ. દર વર્ષે પર્યુષણ પર્વ દરમિયાન રાત્રે આનંદોલ્લાસપૂર્વક જે ભક્તિ-ભાવના થતી તે પણ આ વર્ષે થઇ શકી નહિ. આ બધાંનું કારણ માત્ર આતંકવાદ છે. કોઇ એક સ્થળે ઘણા માણસો એકત્રિત થાય અથવા લાઉડસ્પીકરનો ઉપયોગ થાય તે સામે સરકાર તરફથી પ્રતિબંધ હતો. વળી લોકો પણ ભયભીત હતા કારણ કે આતંકવાદીઓ કોઇ ઉત્સવનો પ્રસંગ હોય તો એક સાથે વધુ માણસોને મારી નાખવાની તક ઝડપી લે છે. પર્યુષણ પર્વની સામૂહિક આરાધના ન હોવાને કારણે આ વર્ષે ખાસ કંઇ તપશ્ચર્યા પણ થઇ નહિ. ભયના વાતાવરણને કારણે તેમાં પણ ખાસ ઉત્સાહ રહ્યો ન હતો. કોઇક કોઇકે પોતાના ઘરે પ્રતિક્રમણ કર્યું. કેટલાકે રોજની જેમ મંદિરે એકલદોકલ જઇ કશી ધામધૂમ વગર પૂજાસેવા કરી એટલું જ.

પર્યુષણ પર્વના બે મહિના પહેલાં એ ગામમાં સાંજે સાત વાગે બે આતંકવાદીઓ આવ્યા હતા. તેઓએ જૈન મહોલ્લામાં ધડાધડ ગોળીબાર કર્યો. પાંત્રીસેક ગોળી છૂટી હશે, એમાં ચાર માણસો મૃત્યુ પામ્યા અને ચાર માણસો જખ્મી થયા. જેઓ દોડીને ઘરમાં ભરાઇ ગયા એ બચી ગયા. આતંકવાદીઓ જૈન મહોલ્લાને ખતમ કરવા આવ્યા હતા. પરંતુ સદ્‌ભાગ્યે આખો મહોલ્લો ખતમ થતો રહી ગયો.

આતંકવાદીઓને પૈસાની પણ સતત જરૂર પડે છે. થોડા વખત પહેલાં આ ગામના એક જૈન યુવાનનું આતંકવાદીઓ અપહરણ કરી ગયા હતા, અને તેને છોડી દેવા માટે રૂપિયા બે લાખની માગણી કરી હતી. બે લાખ રૂપિયા આપીને તેનાં સગાંઓ એ યુવાનને ગુપ્ત રીતે છોડાવી લાવ્યા હતા. વ્યક્તિઓનું અપહરણ કરીને મોટી રકમ મેળવવાની ઘટના પંજાબનાં આ બાજુનાં ગામડાંઓમાં હવે નિયમિત બની ગઇ છે. છાપાઓમાં એની બહુ વાત આવતી નથી. મૃત્યુના ભયને કારણે લોકો પોતાની વાત જાહેર કરતા નથી.

થોડા દિવસ પહેલાં સનાતની ભાઇ-બહેનો સાંજે શિવ-મંદિરમાં દર્શનાર્થે જતા હતાં. ત્યાં અચાનક આતંકવાદીઓ આવ્યા. ગોળીબાર કરીને ભાગી ગયા. ગોળીબારમાં ચાર માણસો મૃત્યુ પામ્યા. ત્યારપછી પોલીસ આવી, પરંતુ કોઇ આતંકવાદી પકડાયો નહોતો.

પંજાબનાં આ સરહદી ગામડાંઓમાં આતંકવાદીઓના વારંવાર હુમલાઓ ચાલ્યા કરે છે. આજે એક ગામમાં, તો કાલે બીજા ગામમાં, ખબર નથી પડતી કે કયારે અચાનક આતંકવાદીઓ મોટરસાઇકલ કે જીપમાં આવશે અને મશીનગનોમાંથી ગોળીઓ છોડીને ઘડીકમાં ભાગી જશે.

આ આતંકવાદ અટકતો નથી કારણ કે સંરક્ષણની વ્યવસ્થા પાકી નથી. પોલીસ આતંકવાદીઓનો સામનો કરે તો તેમને આજે નહિ તો કાલે મૃત્યુનો ડર છે. બીજી બાજુ પોલીસ જો આતંકવાદીઓ સાથે ખાનગી સહકાર રાખે તો તેઓને લૂટમાંથી નક્કી કરેલા ટકા પ્રમાણે હિસ્સો મળે છે. એટલે લગભગ બધાં જ નાનાં ગામડાંઓની પોલીસ આતંકવાદીઓ સાથે ભળી ગયેલી છે. આતંકવાદીઓનો સામનો કરવાની ઘટના ભાગ્યે જ બનતી દેખાય છે. એકંદરે તો આતંકવાદીઓના ભાગી ગયા પછી પોલીસ ઘટનાસ્થળે આવીને નાટક ભજવે છે. આને પરિણામે આ બધાં ગામડાંઓમાંથી જે શ્રીમંત કે સાધનસંપન્ન લોકો હતા તેઓ ગામડાંઓ છોડીને બીજી સુરક્ષિત જગ્યાએ પહોંચી ગયા છે. લાચાર અને ભયભીત એવા ગરીબ કે મધ્યમ વર્ગના લોકો પોતાનું ઘર છોડીને બીજે જઇ પણ કયાં શકે ? આ પરિસ્થિતિ માત્ર જૈનોની જ છે એવું નથી. જૈનો ઉપરાંત હિન્દુઓની અને ખુદ શીખ લોકોની પણ એ જ પરિસ્થિતિ છે. આતંકવાદના કારણે પ્રજા સતત કેટલા બધા ભયમાં જીવે છે તેનો તાદૃશ્ય ચિતાર આ પત્રથી મળી રહે છે.

આ ઘટનાના સમાચાર પંજાબમાં કે દિલ્હીનાં છાપાંઓમાં આવ્યા છે કે નહિ તેની ખબર નથી. પરંતુ પત્રલેખકે ફરિયાદ કરી છે તે ઉપરથી આ ઘટનાની જાણ પંજાબ, ઉત્તરભારત અને બીજા જૈન સંઘોને કદાચ થઇ હશે. પત્રલેખકની ફરિયાદ એ છે કે જૈન મહોલ્લા ઉપર આતંકવાદીઓએ ગોળીબાર કર્યો, ચારનાં મરણની ઘટના બની, એક અપહરણનો કિસ્સો થયો. પર્યુષણ પર્વ ઊજવી ન શકાયાં. આવી દયાજનક પરિસ્થિતિમાં કોઇ પણ સંઘ કે અન્ય જૈન સંસ્થાઓ તરફથી કે કોઇ પણ સાધુ ભગવંત તરફથી દિલાસાનો કે સહાનુભૂતિનો કોઇ પત્ર આવ્યો નથી. જો આવી દશા હોય તો સંકટમાં આવી પડેલા સાધર્મિક બંધુઓને મદદ કરવાની તો વાત જ

(અનુસંધાન પૃષ્ઠ ૭ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ - ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૬ અંક : ૧૩ મું

મુંબઇ, તા. ૧૬-૧૧-૧૯૯૫

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૩

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

એક વ્યકિત – એક સંસ્થા

સામાન્ય રીતે ઘણી બધી વ્યકિતઓ દ્વારા કોઈ એક સંસ્થાનું નિર્માણ થાય છે. પરતું કયારેય એક વ્યકિત – એક સંસ્થા એવું સમીકરણ સ્થૂલ અથવા સૂક્ષ્મ અર્થમાં જોવા મળે છે.

ભારતની અને ભારત બહારની ફટાફટલી સુપ્રસિદ્ધ સંસ્થાઓમાંથી કોઇ એકનો વિગતે વિચાર કરીએ છીએ ત્યારે એ સંસ્થા સાથે સંકળાયેલી કોઇ એક જ વ્યકિતનું ચિત્ર આપની નજર સામે તરવરે છે. એ વ્યકિત એ સંસ્થાના પર્યાયરૂપ બની ગઈ હોય છે. જો એ વ્યકિત ન હોત તો કદાચ એ સંસ્થા ન હોત એટલી હદ સુધી વિચારધારા ચાલે છે.

દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં ભારત સૌથી વધુ સંસ્થાઓ ધરાવતો દેશ હશે એમ કદાચ લાગે છે. આપણી આઝાદીની રાષ્ટ્રવ્યાપી ચળવળની એક મહત્ત્વની ફલશ્રુતિ એ રહી છે કે જોરશોરથી ભાષણો કરી શકે એવી સરસ નેતાગીરી એણે ગામેગામ ઉત્પન્ન કરી. આઝાદીની પ્રાપ્તિ પછી આવા ગામેગામના અને ગલીએ ગલીના નવરા પડેલા નેતાઓની ભાષણો કરવાની પ્રવૃત્તિઓને સમાવી શકે એવું માળખું માત્ર નાની મોટી સંસ્થાઓ દ્વારા પૂરું પાડી શકાય એમ હતું. પરિણામે પ્રત્યેક શહેરમાં, ગામેગામમાં, શેરી કે પોળમાં, મંડળ, કલબ, સંઘ. ટ્રસ્ટ, ફાઉન્ડેશન એસોસિએશન, પરિષદ, વગેરે પ્રકારની હજારો બલકે લાખો સંસ્થાઓ ભારતમાં અસ્તિત્વમાં આવી.

કેટલી વાર એવું પણ જોવા મળ્યું છે કે એક વ્યકિત–એક સંસ્થાનું સમીકરણ માત્ર સ્થૂળ અર્થમાં સીમિત રહ્યું હોય. પોતાને અન્યત્ર કયાંય સ્થાન ન મળ્યું હોય એવા કેટલાક સ્વયંભૂ નેતાઓ પોતે કોઇ એક સંસ્થાની સ્થાપના કરે, પોતે જ તેના પ્રમુખ, પોતે જ એના મંત્રી, ખજાનચી અને સ્ટાફના સભ્ય પણ પોતે જ હોય. ખર્ચ હોય તો તે માત્ર પોતાનું લેટરપેડ અને નામનું કાર્ડ છપાવવાં પૂરતું જ. પોતાની એ સંસ્થાના નામે ઘણા જાહેર કાર્યક્રમોમાં પોતાની સંસ્થાના પ્રતિનિધિ તરીકે પોતે મંચ પર બેસી શકે, હાર પહેરે કે પહેરાવી શકે, પત્રકારને ઇન્ટરવ્યૂ આપી શકે, જાહેર નિવેદનો કરી શકે, અને કયાંકથી આર્થિક લાભ થતો હોય તો તે પણ મેળવી શકે. આવી કેટલીક મહાન કહેવાતી વ્યકિતઓ સંકુચિતતાથી દૂર હોય છે અને રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચેના સીમાડાઓથી પણ પર હોય છે. પોતાની સંસ્થા માત્ર ભારત પૂરતું જ કામ કરે છે (શું કામ કરે છે તે તો ફકત તેઓ પોતે જ જાણતા હોય છે!) એવું સંકુચિતપણું ન રાખતાં સમગ્ર વિશ્વને માટે પોતાની સંસ્થા છે તેવી વ્યાપક ઉદારતા સાથે સંસ્થાનું નામ પણ તેઓ 'વિશ્વ' શબ્દથી શરૂ કરતા હોય છે. આવી સંસ્થાનું આયુષ્ય પોતાના આયુષ્ય કરતાં ન વધે તે માટે પણ તેઓ ચીવટવાળા હોય છે.

કેટલીક સંસ્થાઓમાં એના સભ્યોની સંખ્યા ગમે તેટલી હોય તો પણ એની સ્થાપક વ્યકિત માત્ર પોતે જ સંસ્થારૂપ છે એવી રીતનો બધો વ્યવહાર કરતી હોય છે. એને પહેલેથી પોતાની સંસ્થાનું બંધારણ એવી રીતે ઘડયું હોય છે કે એક કલમ એવી હોય છે અને એમાં લખેલું હોય છે કે જેમાં સર્વ બાબતોમાં એ સ્થાપક વ્યકિતનો નિર્ણય છેવટનો ગણાશે. આવી વ્યકિત કોઇ પણ સભ્ય સાથે, હોદ્દેદારો સાથે કે ટ્રસ્ટીઓ સાથે મતભેદ થાય તો તેની પાસેથી હકકપૂર્વક રાજીનામું માગી લે છે. જો કે આવી બાહોશ વ્યકિતઓ પોતાની સાથે મતભેદે ઊભો કરી શકે એવી કક્ષાની વ્યકિતઓને પોતાની સંસ્થાઓમાં સ્થાન આપતી જ નથી. સમિતિની મિટિંગોમાં ચા પાણી અને જમવાનું માણવાથી અધિક જેમની પાસે સમજશકિત ન હોય તેવી વ્યઓને જ તેમાં હોદ્દેદાર કે ટ્રસ્ટી તરીકે સ્થાન પામવા દેવાય છે. સૌને પોતપોતાનો સ્વાર્થ હોય છે. સમિતિના સભ્યોને પોતાની કલગીમાં એક સંસ્થાનું પીછું વધુ ઉમેરાયાનો લાભ હોય છે. અને સ્થાપક વ્યકિતને સંસ્થા ઉપરના પોતાના માલિકીપણાનો લાભ હોય છે. આમાં પણ સ્થાપક વ્યકિતએ સંસ્થાની સ્થાપના માટે પોતાના ઘરના જો પૈસા કાઢયા હોય અથવા માત્ર પોતાની ઓળખાણ અને પ્રેરણાથી જ સંસ્થાને પૈસા મેળવી આપ્યા હોય ત્યારે તો તેનો માલિકીપણાનો ભાવ તેના આપખુદ વર્તનમાં પ્રગટે છે. તેઓ વિરોધને જરા પણ ફાવવા દેતા નથી. કેટલીકવાર આવી સંસ્થાઓના સ્થાપક પ્રમુખો માત્ર કાનૂની કારણસર મોજાવવી પડે એટલી જ મિટિંગો બોલાવે છે અને મિટિંગમાં આવીને એજન્ડા ઉપરની બાબતો એક પછી એક તરત લઇને માત્ર પોતાના નિર્ણયો જ જાહેર કરી દે છે. તેના ઉપર ચર્ચા

થવા દેતા નથી. પાંચ દસ મિનિટમાં મિટિંગ આટોપી લઈને સભ્યોને તેઓ ચા-પાણી અને ભરચક નારતાના કે ભારે જમણના જલસા તરફ આનંદથી વાળી દે છે. સભ્યો પણ એવા મોટા શ્રીમંત માણસની ઑફિસે કે ઘરે જવા-મળવાની અમૂલ્ય તકથી રાજી રાજી થઈ જાય છે. અને પોતાના મિત્રો-સગાઓમાં એની બડાશપૂર્વક વાતો કરતા હોય છે.

કેટલીક સંસ્થાઓ આમ તો લોકશાહી ઢબે જ ચાલતી હોય છે, પરંતુ એકાદ જબરી વ્યકિત તેને પોતાની રીતે ચલાવતી હોય છે. આવી વ્યકિત સંસ્થા માટે સમયનો ભોગ ઘણો આપે છે. સંસ્થા માટે પોતાના ઘરનાં નાણાંનો ઘણો વ્યય કરે છે. સંસ્થાઓમાં પોતાનો આર્થિક ફાળો મોટામાં મોટો નોંધાવે છે. ગામ-પરગામ સંસ્થાના કાર્ય અંગે જવા માટે ઘરનાં ગાંઠના પૈસા ખર્ચતાં તે વ્યકિત જરા પણ અચકાતી નથી. પરંતુ સંસ્થા અંગેના બધા નિર્ણયો પોતે જ પોતાની મેળે બધને કાર્ય કરતા હોય છે. અને પછીથી સમિતિની બેઠકમાં મૂકી તે મંજૂર કરાવે છે. જો કોઇ વિરોધ કરે તો તેમની પાસે એક જ જોરદાર શસ્ત્ર હોય છે અને તે રાજીનામાનું. એ જો રાજીનામું આપે (જો ખરી રીતે આપવાની એમની ઇચ્છા નથી હોતી, પરંતુ માત્ર ધમકી જ હોય છે.) તો તેમના જેટલું કામ કરવાની અને ભોગ આપવાની બીજા કોઇમાં ત્રેવડ હોતી નથી. એટલે લોકશાહી ઢબે ચાલતી એ સંસ્થામાં બીજા સભ્યો જરા જેટલો વિરોધ કરીને, છેવટે તો લાચારીથી મૌન જ સેવતા હોય છે.

કેટલીક વાર કોઇક તેજસ્વી વ્યકિત સંસ્થાને સાંપડયા પછી સંસ્થાની પ્રતિભા તેજસ્વી બને છે, સંસ્થા ઘણી પ્રગતિ કરવા લાગે છે. સૂત્રધાર તરીકે આવેલી એ વ્યકિતના બહોળા અનુભવ, બહોળા સંપર્ક અને પરિપકવ દીર્ઘદ્રષ્ટિનો સંસ્થાને લાભ મળે છે. તે વ્યકિત સંસ્થા માટે પર્યાયરૂપ બની જાય છે. જીવનના અંત સુધી તેઓ એ સંસ્થાને સાચવે છે, પાળે છે, પોષે છે. અને મોટી કરે છે. એમના અવસાન પછી સંસ્થા નાના કે ખોટા માણસોના હાથમાં ફસાય છે અને અલ્પકાળમાં નિષ્ક્રિય બની જાય છે. A Great Intstitution in Small Hands'નું જેવું પરિણામ આવે તેવું તેનું પરિણામ આવે છે.

કોઇક સંસ્થાના પાયામાં કોઇ એક જ પવિત્ર વ્યકિતનું જેવું તપ રહેલું હોય છે કે વર્ષો સુધી એમના નામથી સંસ્થાના અવિરતપણે ઉત્તરોત્તર આગળ વધતી ચાલે છે. દુષ્ટ આશયવાળા માણસો કયારે ક આવી સંસ્થાનો કબજો મેળવવા કોશિશ કરે છે. પરંતુ પેલી વ્યકિતનું તપ એટલું મોટું હોય છે કે ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાંથી પણ તે સહીસલામત પાર ઊતરે છે.

જેમ કેટલીક વાર કોઇ એક જ વ્યકિત સંસ્થાના પ્રાણ સમી બની જાય છે, તેમ કેટલીકવાર કોઇ એક જ વ્યકિત સંસ્થાને માટે યમ જેવી બની જાય છે. કયારેક પોતાનો અહમ્ ઘવાતાં, કયારેક પોતે આપેલા ભોગની કદર ન થતાં, કયારેક સંસ્થાના ઉચ્ચ સ્થાને પહોંચવાની પોતાની મહત્ત્વાકાંક્ષા પાર ન પડતાં, કયારેક ઉચ્ચ સ્થાને બિરાજતી વ્યકિત પ્રત્યે તીવ્ર તેજોદ્વેષ થવાને લીધે કે એવા બીજા કોઇ કારણને લીધે, બીજી રીતે બુદ્ધિશાળી, શકિતશાળી અને લાગવગવાળી એવી વ્યકિત સંસ્થાના ઉચ્ચસ્થાને રહેલા મહાનુભાવોના ચારિત્રનું ધરાદાપૂર્વક ખંડન કરવા લાગે છે, સભાઓમાં કાનૂની મુદ્દાઓ ઉઠાવવા લાગે છે અને કાર્યકર્તાઓને જંપીને બેસવા દેતી નથી. તેઓ સમગ્ર સંસ્થાનું વાતાવરણ ડહોળી નાખે છે. 'હું મરું પણ તને રાંડ કરું' એવી લોક કહેવતની જેમ તેઓ સંસ્થાને માટે જાતજાતની આડખીલીઓ ઊભી કરી તથા સંસ્થા અને કાર્યકર્તાઓને વગોવી વગોવીને સંસ્થાને પાયમાલ કરી નાખે છે. ઘણી સારી પ્રગતિ કરતી વિકાસશીલ સંસ્થાના અસ્તિત્વને આવી ડંખીલી વ્યકિતઓ હચમચાવી મૂકે છે. અને છેવટે સંસ્થાને નષ્ટ કરીને જંપે છે. કેટલીકવાર તો આરંભમાં સંસ્થા માટે પ્રાણરૂપ બની ગયેલી વ્યકિત પછીના સમયમાં પ્રતિસ્પર્ધી કાર્યકર્તાઓ ઉપર વેરભાવથી વર્તવાને લીધે સંસ્થાને માટે યમરૂપ નીવડે છે. આવી વ્યકિત જેમ વધુ ઉચ્ચસ્થાને હોય તેમ સંસ્થાને નુકસાન પહોંચાડવાની એની શકિત પણ વધુ હોય છે.

કેટલીવાર ઉચ્ચ સ્થાને બેસી ગયેલી એવી વ્યકિતઓનો આશય સંસ્થાને નિષ્પ્રાણ બનાવવાનો નથી હોતો, પરંતુ સંસ્થાનું મુખ્ય અધિકારીપદ છોડવાની તેમની જરાય ઇચ્છા નથી હોતી. એને પરિણામે સંસ્થાના હિતને બદલે પોતાના હોદ્દા કે સ્થાનના હિત માટે તેઓ સતત ચિંતિત રહેતા હોય છે અને તે માટે દર વર્ષે ચૂંટણી અગાઉ તેઓ જાતજાતના પેતરા રચે છે અને પોતાનું સ્થાન યેનકેન પ્રકારે ટકાવી રાખે છે. એને લીધે અન્ય સારી વ્યકિતઓ ધીમે ધીમે ખસતી જાય છે, અને નવું લોહી તથા નવી દ્રષ્ટિ ન મળવાને કારણે એ જ સંસ્થા જૂનવાણી ઘરેડની અને બિનઉપયોગી બની જાય છે. અને છેવટે એવો વખત આપે છે કે એ વ્યકિતના અવસાનની સાથે સંસ્થાનું પણ અવસાન થાય છે, શ્રદ્ધાંજલિના ઠરાવ સિવાય તેઓ બીજું એવા નથી હોતા.

કેટલીક વાર સંસ્થામાં સ્થાન મળવાને લીધે વ્યકિતને માન મળવા લાગે છે. પરંતુ કેટલીક વ્યકિતઓ એવી મહાન હોય છે કે એમના જોડાવાથી સંસ્થાને માન મળે છે. એમને માટે સંસ્થા ઘણા નિયમોમાં છૂટ મૂકવા તૈયાર થાય છે. સંસ્થામાંથી મુકત થયા પછી પણ સંસ્થાના પર્યાયરૂપ બની રહેવું એનું સર્વોત્તમ ઉદાહરણ તો મહાત્મા ગાંધીજીનું છે. એક વ્યકિત-એક સંસ્થાની સૂક્ષ્મ ભાવનાનો આદર્શ ગાંધીજીમાં જોવા મળે છે. ઇન્ડિયન નેશનલ કોંગ્રેસમાં પ્રવેશ કરીને ગાંધીજીએ એને સક્રિય, વેગવાળી અને વ્યાપક બનાવી દીધી. ભારત ભરના મહાન પુરુષોને તેમણે એમાં જોડયા. સમય જતાં ગાંધીજી કોંગ્રેસના ચાર આનાના સભ્ય તરીકે પણ રહ્યા નહિ. અને છતાં કોંગ્રેસના સર્વ નિર્ણયો ગાંધીજીની દોરવણી અનુસાર થતા રહ્યા. પોતે સભ્ય ન હોવા છતાં સમિતિઓમાં અને સભાઓમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને અથવા પરોક્ષ રીતે મુખ્ય સૂત્રધાર તરીકે તેમણે કામ કર્યું. લોકોના અને સવિશેષ તો બૌદ્ધિક તેજસ્વી મહાનુભાવોનાં પ્રેમ, આદર અને વિશ્વાસનું સ્થાન પામી સંસ્થાની બહાર રહી સંસ્થાને સતત આવું માર્ગદર્શન આપતા રહેવું એવી ઘટના તો ઇતિહાસમાં પણ વિરલ ગણાશે.

અહીં એક વ્યકિત-એક સંસ્થા એવા સમીકરણનો જ સંક્ષેપમાં થોડાંક દ્રષ્ટિબિંદુથી આછોઅછડતો વિચાર કર્યો છે. એક વ્યકિત અને ઘણી સંસ્થા તથા એક સંસ્થા અને ઘણીબધી વ્યકિતઓના વિકલ્પો વિશે પણ તેવી રીતે વિચારી શકાય.

– રમણલાલ ચી. શાહ

પ્રથમ ગુજરાતી ગદ્યલેખિકા નંદકુંવરબા

ચંદ્રવદન ચી. મહેતા

ઈ. સ. ૧૮૯૯માં નંદકુંવરબાનો પૃથ્વીપટે ગોમડલ પ્રવાસનો દળદાર સાતસો પાનાંનો ગ્રંથ એક સિમાચિહ્ન ગ્રંથ ગણાવો જોઈએ. પણ તે બહુ વંચાયો નથી. એ ઉપર વિવેચનો પણ પૂરતા પ્રમાણમાં લખાયાં નથી. કદાચ પ્રવાસ-વર્ણનોના ગ્રંથમાં આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરનારો તે જમાનામાં આ પહેલો ગ્રંથ પણ હોય.

આપણે ત્યાં આ સદીની શરૂઆતમાં લેડી વિદ્યાબહેને અને શ્રી શારદાબહેનેએ બે બહેનોએ મહિલાઓમાં સૌ પ્રથમ બી. એ.ની ડિગ્રી લઈ સ્ત્રીશિક્ષણનાં પગરણ માંડ્યાં પણ તે પહેલાં વલસાડ પાસે ધરમપુર સંસ્થાનમાં જન્મી, એમના પિતા પાસે કે પરણ્યા બાદ સર ભગવતસિંહ પાસે કે ત્યાંની ગુરુમંડળી મારફત જે શિક્ષણ પ્રાપ્ત કર્યું એ નંદકુંવરબાનો આજે આપણી પાસે ઇતિહાસ નથી. ઈ. સ. ૧૮૯૯માં તો ગ્રંથ પ્રગટ કર્યો તે પહેલાં બે પાંચ દશ વર્ષો અગાઉ પોતાના ચિરંજીવને ઇંગ્લેન્ડની પ્રખ્યાત શાળા ઈટનમાં ભણવા મૂકવા જનાર આ નંદકુંવરબાની હિમ્મત અને જ્ઞાન કેટલાં વિસ્તૃત હશે એનો આજે ખ્યાલ કરી શકીએ એમ નથી.

એ પુસ્તકનું પાકું વિવેચન તો આજે કયાંય વાંચવા ન મળે. ત્યારે આજના જેટલાં છાપાં-ચોપાનિયાં પણ ન હતાં. હાજી મહમ્મદ આલારખિયાએ ઈ. સ. ૧૯૧૫ની આસપાસ 'વીસમી સદી'નું માસિક પ્રગટ કરી ભારે ખોળખાલા જગાવી દીધી હતી. ગુજરાતી વિવિધ ચોપાનિયાંની શરૂઆત એ પ્રગટ થયા પછી થઈ. એના પ્રગટ થયા બાદ અને ગુજરાતભરમાં એની પ્રવૃત્તિ વિકસી એમાંથી પ્રેરણા લઈ વિવિધ પ્રકારનાં ચોપાનિયાં નીકળ્યાં. ઈ. સ. ૧૯૦૯ કે એ અરસામાં રાજકોટમાં સાહિત્ય પરિષદની સ્વાગતકારિણી સભાના પ્રમુખપદે નિકટના સંસ્થાનનાં મહારાણી નંદકુંવરબા પ્રમુખપદે ચૂંટાયાં તે સમયે જાણીતા સાક્ષર શ્રી બળવંતરાય ક. ઠાકોરે એમની ચૂંટણીને અનુમોદન આપતાં એમના પૃથ્વીપટે ગોમંડલનો પ્રવાસ એમ આ પૃથ્વીની પ્રદક્ષિણાના પુસ્તકનું ભારોભાર વિવેચન કર્યું. એમાંની સરળ ઠાવકી લખાવટશૈલીને બિરદાવી અને એમણે એ પુસ્તક બે વાર વાંચ્યું ત્યાં સુધી તારીફ કરી. ઈ. સ. ૧૮૯૯ માં છપાયેલા આ પુસ્તકની નોંધ તે સમયમાં ઇચ્છારામ સૂર્યરામ દેસાઈના 'ગુજરાતી' સાપ્તાહિકમાં કદાચ હોય-પણ એ ફાઈલો આજે મળે ક્યાં? શોધવી રહી.

પ્રવાસલખાણમાં મારા મતે આ પુસ્તક અદ્‌ભુત શૈલી, વિચારપ્રદર્શન, વિવેચનાદર્શન કેમેરામેનની આંખે દેશદેશનો સમાજ નિહાળી એ ઉપર તટસ્થ અભિપ્રાયો પ્રગટ કરનાર આ એક અનેરું પુસ્તક છે. વીર, હાસ્ય, કરુણ, ચિત્રાત્મક ભાવરસથી ઉભરાતું આ પુસ્તક બહુ વંચાયું લાગતું નથી, તેમ એની ગુજરાતની લાઇબ્રેરીઓમાં પણ કોપીરાઇટ સેકશનમાં પણ નકલ મળતી નથી. પાંચ-છ મહિનાથી ચારે દિશામાં તપાસ કરતાં એક નકલ ગોંડલ લાઇબ્રેરીમાં અને બીજી વડોદરા શહેરમાં માંડવી વિસ્તારની એક જમાનામાં સારી કહેવાતી લાઇબ્રેરીમાં છે એમ જાણવા મળતાં, બંને લાઇબ્રેરીઓનાં સંરક્ષકોએ એ બહાર નહિ આપવાની વાત કરી એ ગ્રંથને તાળાકૂંચીમાં મૂકી દીધો!

બનવાજોગ છે કે મહારાણીએ સાતસો પાનાંના આ દળદાર ગ્રંથની બહુ જાહેરાત ન કરી હોય અને ભાવનગર, રાજકોટ, નવાનગર, પોરબંદર વગેરે તે સમયનાં રાજ્યોની લાઇબ્રેરીમાં ભેટ તરીકે વહેંચી હોય. પણ અમને એક પણ એવી લાઇબ્રેરીમાંથી એ નકલ મળી નથી. કલાપીના લાઠી સ્ટેટના રાજા અને પૌત્ર શ્રી પ્રભાવસિંહજીએ એ જીવ્યા ત્યાં સુધી કલાપીની અતિ સુંદર લાઇબ્રેરીની સારી માવજત કરી. એના ખંડો એમના નાના ભાઈ સ્વ. મંગળસિંહજી પાસે ભીંતચિત્રોથી શોભાયમાન કર્યાં હતાં. લાઠી સાહિત્ય પરિષદ બાદ દરસાલ હું લાઠી જતો. દિવાળીમાં એમની સાથે ગાઢ મૈત્રી બંધાતાં લાઠી રહેતો. ત્યારે આ પુસ્તક કદાચ ત્યાં હોય એમ માનું છું. પણ મારી નજરે ત્યારે ચઢેલું નહીં. પ્રભાતસિંહજીના અવસાન બાદ એ લાઇબ્રેરી આજે વિના દરકારે-ઉંદરડા, ઉધઈ, ગરોળી અને ચોરોના ઉપદ્રવોથી છિન્ન-ભિન્ન થઈ ગઈ છે, એટલે ત્યાં પણ નહિ મળે. ભાવનગરના મહારાજા અને એકવાર મદ્રાસ પ્રાંતના ગવર્નર નામદાર કૃષ્ણકુમારસિંહજી લાઇબ્રેરીના શોખીન. પુસ્તકોના વાંચનાર, જાણકાર, પશુપંખીઓના રસિયા, વનજંગલના પાકા અનુભવી અને અભ્યાસી અને એમની મહેમાનગતી અમે ઠીક ઠીક માણેલી. એના પેલેસમાં અઢળક પુસ્તકો જોયેલાં. પણ ત્યાંયે ખબર કાઢતાં આજે એ પેલેસ હોટેલમાં ફેરવાયો છે! એમાંનાં પુસ્તકો એમના ત્યાંના રખેવાળના કહેવા મુજબ રેકડામાં વેચાવા ફરતાં રહ્યાં છે! ત્યાં, ભાવનગરમાં પણ એ પુસ્તક નથી. મહારાણી નંદકુંવરબાના પિતૃઘર ધરમપુરમાં પણ એની નકલ નથી. ક્યાંક હશે પટારે પીડાતી. ઉધઈનો ભોગ બનેલી. કોકને ત્યાં પણ એ જમાનામાં. ૭૦૦ પાનાંના આ પુસ્તકની આજે કશી જાણકારી મળતી નથી!

મારા હાથમાં બહુ જ થોડા દિવસ માટે એ નકલ અકસ્માત વાંચવામાં આવી. થોડા ટૂકડા ઝેરોક્ષ કરાવ્યાં, પાનાં જર્જરિત પણ એમાની વાનગી જોતાં અને પ્રવાસ લખાવટ તરીકે એ પુસ્તક મને અદ્‌ભુત લાગ્યું છે. અલબત્ત હિમાલય વિષે આપણે કાલેલકર કે સ્વામી આનંદનાં પ્રવાસલખાણોને અદ્‌ભુત કહી શકીને એ અર્થમાં પણ આ સાતસો પાનાંના ગ્રંથમાંના ફ્રાન્સિયા, ચીન, જાપાન સકળ યુરોપના નાના નાના દેશો, ઇંગ્લેન્ડની આસપાસના નાના નાના બેટો, ઇંગ્લેન્ડની દક્ષિણે ચેનલમાંનો એક બેટ પ્રજા ક્ષેત્ર છતાં રાજ્ય બ્રિટનનું એવા સ્થાને આ બાઈનો પ્રવાસ એ બધા માટે ઇતિહાસ, રમ્યકથા, કલ્પના-મય કથાનકો, ટૂચકાઓ રીતરિવાજો, સ્વભાવવર્ણન વિશે વિલક્ષણ દૃષ્ટિથી ઘણી જાણકારી વાચવા મળે એવાં લખાણો છે. મહારાણીની રશિયાના ઝારના રાજ્યાભિષેક સમારંભમાં પણ મોસ્કોમાં હાજરી, મહારાણી વિકટોરિયાના ખુદ હાથે સી આઈ. ઈ.નો ખિતાબ મેળવનાર અને કોઈ વિદ્યાપીઠની ડિગ્રી વિના જે કંઈ નંદકુંવરબા ભણ્યાં હોય તે પિતા અને ગુરુમંડળી મારફત અથવા ગોંડલનરેશ સર ભગવતસિંહે પોતાને ત્યાં ગુરુઓ પાસે ભણાવ્યું હોય તે જ હોઈ શકે. એમાં પ્રેમાનંદ, શામળ,

મીરાંબાઈથી માંડી શેક્સપિયર, સર મોનીયર વિલિયમ્સ, ગીબન, ઓક્ષફોર્ડ, ફ્રેમ્ઝીજના પ્રોફેસરો સુધીનું જ્ઞાન તેમજ ઉપનિષદ, ગીતા, જૈન સાહિત્યનો અભ્યાસ એમનાં લખાણમાંથી તરવરતો જણાય છે. કયાં કેટલો અભ્યાસ એ આપણા દાંતમાં આંગળાં પકડાવે છે. આ પુસ્તકને અદ્‌ભુત એટલા માટે કહ્યું છું કે એના લખાણની પહેલાં જુજ – બે પાંચ પારસી, ઈરલામી લેખકોએ આવી પ્રવાસ – તવારિખો લખી હશે. એ એમણે વાંચી પણ નહિ હોય. બીજું કાકાસાહેબ તેમજ સ્વામીઆનંદના પુસ્તકમાં એમને વિવિધ પ્રકારના લોકો મળે છે. એ હિમાલયના શૃંગો જુએ છે. નદીઓનાં કાવ્યમય વર્ણનો કરે છે. એમ અહીં સ્નોડન કે બેનનેવિસ, સ્કોટલેન્ડનું શિખર, ગિરનાર કરતાં ચારસો ફીટ ઊંચું, નદીઓ વિષે ત્યાંની આખ્યાયિકાઓ ઉપરાંત યુરોપના દેશે-દેશની વિદ્યાસંસ્થાઓ, એમની શરૂઆત, એમનો વિકાસ, એમની માવજત, એમના વિદ્યાગુરુઓ વિશે વિવિધ પ્રકારની જાણકારી આ લેખિકા આલેખે છે, નામાંકિત વિદ્વાનો વિશે રેખાંકનો આપે છે. શિલ્પ, ચિત્ર, કવિતા તે છેક શેક્સપિયરથી બર્ન્સ સુધી, ઇટાલીના ડાન્ટે વિશે એમ બે-પાંચ-લીટીમાં પોતાનો મત પ્રગટ કરી અંજલિ આપતી, કોઈ ઠેકાણે મહારાણી સાથે એમના ભરથાર તેમ જ બીજે રસાલો હતો. તેમને વિશે કયાંક બે વાક્યો પણ લખાયાં નથી, એટલું જ નહિ પણ પોતે મહારાણી વિકટોરિયાને ત્રણ-ચાર વાર મળ્યાં તે વિશે પણ કોઈપણ પ્રકારનું ડંફાસિયું લખાણ વાંચવા મળતું નથી ! એ અપૂર્વ સંયમ સૃષ્ટિસૌંદર્યનું વર્ણન, રોમમાં પોણોસો રાજમહેલો. નેવેંના કિનારા પર ઉછળતી-રાસ લેતી માછલીઓ, ફ્લોરેન્સમાં કોલ્હાપુરના મહારાજાનું એકાએક અવસાન થતાં ઇટાલીમાં અગ્નિદાહની પ્રથા નથી. એ નિયમ અંગ્રેજ કવિ શેલીનો દાખલો લઇ અગ્નિદાહ કરાવવો. એમાં પણ કયાંય પોતાનો અહં તરવરતો નથી. આ પ્રવાસ આજની માફક કેટલીક યુરોપના પ્રવાસની દોઢસો પાનાંની ચોપડીમાં પ્લેનમાં મુંબઇ, રોમ, મિલાનો પછી યુગટ્રો આલ્પસ ત્યાંથી પેરિસ થઇ લંડન પાછા એ જ રસ્તે મુંબઇ અને એને યુરોપનો પ્રવાસ કહેવડાવે એવી અછડતી-અધૂરી પ્રવાસકથા આ નથી. આયર્લેન્ડના તળાવ, લેક, કિલાર્ની, સ્કોટલેન્ડના લાંબા તળાવની સરોવર સુંદરી 'લેડી ઓફ ધ લેઇક'ની સ્કોટની એક આખ્યાયિકા પર લખાયેલી નવલકથા એ વિશે સરખામણી એવી એવી અનેક બાબતોથી આ ગ્રંથ ભરચક છે. એટલે એ 'અદ્‌ભુત' વિશેષણને યોગ્ય બને છે.

મહારાણી નંદકુંવરબાની ટૂંકી શૈલીનો એક દાખલો વાંચો. ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ અને આયરલેન્ડ ત્રણે ગ્રેટબ્રિટનના પ્રદેશ કહેવાય. નંદકુંવરબા એક જ વાક્યમાં લખે છે "ઇંગ્લેન્ડ કામપ્રધાન પ્રજા છે, સ્કોટલેન્ડની પ્રજા લોભી છે અને આયરલેન્ડની ક્રોધપ્રધાન પ્રજા છે". અને આપણે જો જાતજાતની એ ત્રણે દેશોની ખાસિયત સંબંધી જાણીએ, વાંચીએ, સાંભળીએ તો આ ટૂંકા વાક્યનો મર્મ આપોઆપ સમજાશે. આ લેખિકાએ અભિનવગુપ્તનાં લખાણો યા ધ્વન્યાલોકનો અભ્યાસ કર્યો હોવો જોઇએ. કારણ એમણે 'કામપ્રધાન' શબ્દ ઇંગ્લેન્ડ માટે લખી એનો અર્થ ભરમમાં જ રાખ્યો છે. વિશદ અર્થ કર્યો જ નથી. કિયા દેશમાં કેટલા મણ રૂપાની ખાણમાંથી રૂપું તેમજ નેવેંના નાનકડા ગામમાં કેટલા મણ તાંબું નીકળે છે એનો હિસાબ –પણ આપ્યો છે. તોન્દ્રેમના ગામનો હબ્બમ સાગર ખેડતો ખલાસી થઇ, સર સેનાપતિ થયો એવી એવી નાનીમોટી વાતોનો અહીં ભારે સંગ્રહ છે. મેલ્જીયમને કિનારે ઓસ્ટેન્ડ બંદરે લોકો અમુક દિવસે વર્ષમાં સાગરની પૂજા કરવા જાય, ફૂલહાર ચઢાવે, જાણે આપણો બળેવનો તહેવાર જ ઊજવે. એવી રસભરી સરખામણી મહાણવા મળે છે. નાની નાની તેમ જ અનેક સંગીન બાબતો પણ આ ગ્રંથમાં છે. જે સર ભગવતસિંહ ગોંડલ શબ્દકોશનો વિચાર કરી એ કોશ બને એટલા ગુજરાતી શબ્દો એકઠા કરી બાર ભાગમાં એ કોશ છાપ્યો, એ મહારાજાએ આ મહારાણીને પૃથ્વીપટે રાણીની મરજી પ્રમાણે પ્રદક્ષિણા કરવા દીધી તે એક અત્યંત ગૌરવની વાત છે.

ગોંડલ 'શબ્દકોશ'નો કોઇ સાહસિકે ફરી છપાવ્યો એમાં બાવીસ લાખ રૂપીયા રોકવા, અને એ બારે ભાગમાંથી જેમ જેમ વેચાતા જશે ત્રણથી ચાર હજારના ભાવે, તેમ તેમ પૈસા પાછા આવશે. એ તો જે હોય તે, પણ આ ગ્રંથ પણ સાતસો પાનાંનો ફરી છપાવવા અમે મથામણ કરીએ છીએ. પ્રખ્યાત પિટિટ મહાશયે ગુજરાતી કહેવતસંગ્રહ બે ભાગમાં પાંચ રૂપિયાની કિંમતમાં પ્રગટ કર્યો હતો. એમાં ગુજરાતી કહેવત સાથે ભારતી ભાષાની કહેવતો તો ખરી; પણ અંગ્રેજી, ફ્રેંચ, અરબી, પરશિયન વગેરે કહેવતસંગ્રહો એક કરી બે સરખી કહેવતો તે સાથે છપાવી હતી. એ એક ઉમદા સાહસ હતું. એવા કહેવતસંગ્રહ આજે કોણ છપાવે ? છપાવવા જોઇએ. એમ આ ગ્રંથ એક નમૂનેદાર ભણવા જેવો, જાણવાલાયક, જ્ઞાનવર્ધક, રસે ભરપુર, સરળ, મહાત્મા ગાંધીજી જેવી સાદી સરળ ભાષામાં જરૂર પડે ત્યાં અંગ્રેજી શબ્દોના ઘટિત અનુવાદ સાથે તેમજ જૂના તળપદા શબ્દો થકી અલંકારીપણે ગ્રંથ મારે નમ્ર મતે એક પ્રવાસવર્ણન લખનારાઓ માટે દીવાદાંડીરૂપ, દ્રષ્ટાંતરૂપ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. મહારાણી નંદકુંવરબા કદાચ આ પ્રકારની શૈલીના ગુજરાતી ગદ્યનાં પ્રથમ લેખિકા પણ હોઈ શકે. અભ્યાસીએ એ ઉપર બધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

મારા મિત્ર સુરેશભાઇ દલાલને આ સંબંધી જાણ કરતાં એમણે તરત તો એસ. એન. ડી. ટી. કોલેજમાં આ ગ્રન્થ છપાવવા વિચાર પ્રગટ કર્યો-પણ એટલામાં ગુજરાતમાં નવી સ્થપાયેલી અકાદમીએ એ સંબંધી એની મહત્તા જાણી કંઇક ઘટિત કરવા વિચારવું શરૂ કર્યું. આપણે એના પરિણામની રાહ જોઇએ.

એક ટકોર અહીં કરી લઉં. આવાં પુસ્તકો કોઇની નજરે ચઢે કે તરત એને તાળાકૂંચીમાં પૂરી દેવાની જે સંકુચિત મનોદશા પ્રગટ થાય છે એના જવાબમાં મારો એક અનુભવ અહીં નોંધું એ ઉપરથી દુનિયાભરમાં પુસ્તકો માટે ગ્રંથપાલોને ધડો લેવાનું મન થશે.

ઈ. સ. ૧૯૬૭માં હું રોકફેલર સ્કોલર તરીકે અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાં ભણાવવા ગયો. મારે ત્યાં નાટક, એમાં ખાસ સંસ્કૃત નાટકો માસ્તર ડિગ્રી માટે શીખવવાનાં હતાં. ઉપરાંત બે નાટકોની રજૂઆત પણ કરવાની હતી. સંસ્કૃતમાંથી અંગ્રેજીમાં મારી પાસે એક તો કાલિદાસનું શાકુંતલ તૈયાર હતું. એનું અંગ્રેજી કર્યું. પણ બીજા માટે મહેન્દ્રગુપ્તનું 'મત્તવિલાસ' પસંદ કર્યું. ઉપરાંત એક નાનકડું 'ભાણ'. હવે 'મત્તવિલાસ' ક્યાં મળે ? ત્યાંની લાઇબ્રેરી

વિશાળ. બીજી યુનિવર્સિટીઓમાં ખબર કઢાવી. તો મત્તવિલાસ સિવાય બીજાં કંઈક સંસ્કૃત નાટકોની જાણ થઈ. એક શહેરમાંથી સંસ્કૃત નાટકો પણ મળ્યાં, પણ મહેન્દ્રગુપ્તનું નહીં.

મારા લાઇબ્રેરીના વડા કહે, એની નકલ મળે તો જણાવી શકશો ? મેં હા પાડી. 'લંડન ઇન્ડિયા ઑફિસ યા ઑક્સફર્ડની લાઇબ્રેરીમાં પૂછો.' ચોવીસ કલાકમાં લંડનથી ટેલીફોન આવ્યો કે 'અહીં છે, પણ ફાટેલી છે. જર્મનીમાં લાઇપ્ઝિકમાં છે. એની આખી નકલ ફોટોગ્રફિક ફિલ્મમાં તમને કાલે પ્લેનમાં મળી જશે.' ત્રીજા દિવસની સવારે મારી પાસે એ પ્રત હાજર. તેનો અંગ્રેજી અનુવાદ પણ થયો. વડોદરા યુનિવર્સિટીએ અનુવાદ છાપ્યો. અને મિશિગનમાં એ ભજવાયો પણ ખરો. પુસ્તકો પટારે બાંધ્યા રાખવામાં–એ કૃત્યમાં કયાંક પાપ છે. ■

પંચાચાર

● પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

સમગ્ર વિશ્વ છ દ્રવ્યો–(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્‌ગલાસ્તિકાય (૫) જીવાસ્તિકાય અને (૬) કાળનું બનેલું છે.

આ દ્રવ્યોના સામાન્ય અને વિશેષ ગુણધર્મ છે. સામાન્ય ગુણધર્મ દશ છે (૧) અસ્તિત્વ (૨) વસ્તુત્વ (૩) દ્રવ્યત્વ (૪) પ્રદેશત્વ (૫) અગુરુલઘુત્વ (૬) પ્રમેયત્વ (૭) ચેતનત્વ (૮) અચેતનત્વ (૯) મુર્તત્વ અને (૧૦) અમૂર્તત્વ એ દશ સામાન્ય ગુણધર્મો છે. જીવદ્રવ્ય સંખ્યામાં એકથી અધિક હોવાને કારણે ચેતનત્વને સામાન્ય ગુણધર્મ કહેલ છે તે જ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાય પણ એકથી અધિક હોવાને કારણે મૂર્તત્વને પણ સામાન્ય ગુણધર્મ જણાવેલ છે. આમ ચેતનત્વ–અચેતનત્વ અને મૂર્તત્વ (રૂપી)–અમૂર્તત્વ (અરૂપી) એ સજાતિયની અપેક્ષાએ સામાન્ય ગુણધર્મ છે અને વિજાતિયની અપેક્ષાએ વિશેષ ગુણધર્મ છે. અત્રે અરૂપી-અમૂર્ત એટલે કે મૂર્તમૂર્તાંતર અભાવ-હવે દ્રવ્યોના પોતાપણાને ઓળખાવનારા જે વિશેષ ગુણધર્મ છે તે નીચે પ્રમાણે છે :

જીવદ્રવ્ય :–(૧) જ્ઞાન (૨) દર્શન (૩) સુખ (ચારિત્ર–તપ) અને (૪) વીર્ય–પુદ્‌ગલદ્રવ્ય : (૧) વર્ણ (૨) ગંધ (૩) રસ અને (૪) સ્પર્શ.

આકાશદ્રવ્ય :–અવગાહના હેતુત્વ.

અધર્માસ્તિકાય દ્રવ્ય :–સ્થિતિ હેતુત્વ

ધર્માસ્તિકાય :–ગતિ હેતુત્વ.

કાળદ્રવ્ય :–વર્તના હેતુત્વ

વિશ્વમાં એકમાત્ર સંસારી જીવ સિવાયના બધાંય દ્રવ્યો તથા સિદ્ધના જીવો પોતાના ગુણધર્મ પ્રમાણે વર્તે છે. અર્થાત તે તે દ્રવ્યો નિયમ પ્રમાણે વર્તે છે. સંસારી છદ્મસ્થ જીવો જ એવા છે જે નિયમ પ્રમાણે વર્તતા નથી. તે નિયમમાં નથી. માટે તેમણે નિયમમાં આવવાનું છે, જે માટે સંયમની જરૂર છે કે જે સંયમની સહાયે જીવ પોતાના નિયમમાં એટલે કે સ્વરૂપમાં આવી શકે. જીવને સ્વરૂપમાં લાવી આપનાર અર્થાત્ જીવના સ્વગુણ સ્વ રૂપની પ્રાપ્તિ કરાવી આપનાર જે ધર્મ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર ભગવંતોએ આપણને આપ્યો છે તે પંચાચાર પાલન ધર્મ છે.

આ પંચાચારને સમજવા માટે પહેલાં તો જીવના જીવત્વ વિષયક લક્ષણો જાણવા જોઇશે, જીવના સાચા શુદ્ધ સ્વરૂપના ગુણો જાણવા જોઇશે અને સાથે લક્ષણને ગુણમાં પરિણમાવનાર આચારનેય જાણવા જોઇશે. તો પ્રથમ લક્ષણ અને તેના ગુણનો અભ્યાસ કરીશું.

લક્ષણ : જીવના લક્ષણો એ માત્ર જડ અને ચેતન–અજીવ અને જીવનો ભેદ પાડવા માટે જ છે. તેથી એ લક્ષણો એવાં હોવાં જોઇએ કે તે એકેન્દ્રિય જીવથી લઇ સંજ્ઞિ પંચેન્દ્રિ જીવો યાવત્ સિદ્ધ પરમાત્મા સુધીના જીવોમાં તે ઘટી શકે અર્થાત્ લાગુ પડી શકે. તેથી જ તે લક્ષણોનો અર્થ પણ એવો કરવો જોઇએ કે તે સર્વ જીવોને લાગુ પડી શકે અને તો જ તે લક્ષણો પ્રમાણ ઠરે કે જેના વડે અજીવથી જીવ જુદો તારવી શકાય.

ટૂંકમાં લક્ષણ એ જીવના જીવત્વનું ચૈતન્ય ચિહ્ન છે અથવા તો કહો કે જીવના જીવ હોવાપણાની નિશાની યા ઓળખ છે.

શાસ્ત્રમાં જીવના લક્ષણો છ જણાવેલ છે. (૧) દર્શન (૨) જ્ઞાન (૩) ચારિત્ર (૪) તપ (૫) વીર્ય અને (૬) ઉપયોગ.

આ છ યે લક્ષણના નિશ્ચયથી અર્થ કરવા જોઇએ. જે જીવમાત્રને એકેન્દ્રિયથી લઇ સંજ્ઞિ પંચેન્દ્રિય યાવત્ સિદ્ધ પરમાત્મા સુધી લાગુ પડવા જોઇએ. વળી એમાં જીવના વિકાસ અનુસાર જે પ્રમાણેનો શબ્દનો અર્થ થાય તે પ્રમાણે ઘટાવવું જોઇએ.

પાંચે અસ્તિકાયમાં જીવ જ એવો છે કે જેના સ્વરૂપ લક્ષણો અનાદિકાળથી જેમ સોનાની ખાણમાં સોનાના કણો માટીથી મળી મલિન થયા છે તેમ પુદ્‌ગલની સાથે ભળી પુદ્‌ગલ સાથેના બદ્ધ સંબંધથી જીવના સ્વરૂપ લક્ષણો મલિન થયેલ છે. જેથી કરીને જ સ્વરૂપથી આનંદ સ્વરૂપ એવો જીવ દુઃખી છે.

જેમ વ્યવહારમાં એક ગમે તેવું કિંમતી કપડું ફાટેલું અથવા તો મસોતા જેવું ગંદુ હોય તો તે આપણને અપ્રિય થઇ પડે છે તેમ સ્વરૂપ લક્ષણોની મલિનતા જીવને દુઃખરૂપ છે કારણ કે આ મલિનતાને અંગે જીવના લક્ષણ સ્વરૂપનું મૂળ અવિનાશી સ્વયંભૂ, સ્વાધીન, અવિકારી, પૂર્ણ, અવ્યાબાધ, અનંત રસરૂપ, અને અનંત શક્તિરૂપ છે. તે મલિનતાને કારણે વિનાશી, નિમત્તિભૂ, પરાધીન, વિકારી, અપૂર્ણ, બાધ્યબાધિત (બાધા પામનારું ને બાધા પહોંચાડનારું), રસહીન, અને શક્તિહીન થઇ ગયેલ છે, આવી સ્વરૂપલક્ષણની દશા તે જ દુઃખ !

આવા સ્વરૂપલક્ષણની દશા સુધારવા માટે પરમકૃપાળુ પરમ ઉપકારી તીર્થંકર પરમાત્મ ભગવંતોએ આપણી ઉપરની કરુણાએ કરીને છ સ્વરૂપલક્ષણોને તેના મૂળ શુદ્ધ સ્વરૂપમાં લાવવા માટે જે ધર્મ પ્રરૂપ્યો–જે ધર્મ સ્થાપ્યો તે આચાર ધર્મ છે અને તે આચારધર્મને પણ જીવના લક્ષણ સાથે જ

જોડીને જીવ માત્રને સર્વ વ્યાપક એક સામાન્ય ધર્મ આપ્યો તેનું નામ પંચાચાર પાલનાધર્મ છે. એ પાંચ આચારધર્મના નામ છે; (૧) દર્શનાચાર (૨) જ્ઞાનાચાર (૩) ચારિત્રાચાર (૪) તપાચાર અને (૫) વીર્યાચાર.

આ પાંચ આચારમાંના દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્ય એ જીવની પાંચ શક્તિ છે. આ પાંચે જીવશક્તિનું અયોગ્ય વર્તન છોડી યોગ્ય વર્તનનું પાલન કરવુ તેનું જ નામ 'આચાર'.

બીજી તરફ લક્ષણમાં વપરાયેલા આવા જ શબ્દો ત્રણેય કાળમાં મહાન મંત્ર અને યંત્ર રૂપ છે. એને નવપદ અથવા તો સિદ્ધચક્ર યંત્ર તરીકે ઓળખવામાં આવે છે. એ સિદ્ધચક્ર યંત્રના નવપદમાં પાંચ ગુણી અથવા પાંચ ધર્મી છે જ્યારે ચાર ગુણ એટલે કે ચાર ધર્મ અર્થાત્ ચાર ગુણ તે દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ છે.

પંચાચારના પાલન વડે પાંચે લક્ષણરૂપ ગુણો શુદ્ધ થાય છે અને પૂર્ણ શુદ્ધિની પૂર્વાવસ્થા આવે છે ત્યારે તેને નિશ્ચયથી ગુણ અને ધર્મ કહેવાય છે.

આવી રીતે લક્ષણ છ છે અને ગુણ અથવા ધર્મ ચાર છે. પ્રશ્ન અહીં એ ઉદ્‌ભવે છે કે લક્ષણ છ તો પછી આચાર પાંચ કેમ? ઉપયોગ નામનું જે છઠ્ઠું લક્ષણ છે તે દર્શન-જ્ઞાન રૂપ જ છે. તેથી આચારમાં ઉપયોગ આચાર એવા શબ્દવ્યવહારનું પ્રયોજન રહેતું નથી.

વળી બીજો એક પ્રશ્ન એ પણ અહીં ઉપસ્થિત થાય છે કે, આચાર પાંચ ગણાવ્યા, સિદ્ધચક્ર યંત્રમાં ચાર ગુણ મૂક્યા અને ગુણધર્મમાં પણ ચાર ગુણધર્મ-સ્વરૂપગુણ જણાવ્યા તો ત્યાં વીર્ય શબ્દને કેમ પડતો મૂક્યો? એનો વ્યવહાર કેમ ન કર્યો? એનું સમાધાન એ છે કે આચારનું આચરણ એ જ વીર્ય! માટે જ ત્યાં વીર્ય શબ્દનું સ્વતંત્ર પ્રયોજન રહેતું નથી. બીજી રીતે પણ શાસ્ત્રમાં વીર્યાચાર શબ્દ સ્વતંત્ર મૂકીને દર્શન-જ્ઞાન, ચરિત્ર, તપની સાથે વીર્યનો સંબંધ કર્યો છે. જેમકે દર્શન-વીર્ય, જ્ઞાનવીર્ય, ચારિત્રવીર્ય, તપવીર્ય પરંતુ વીર્યવીર્ય એમ નહિ. નવપદજી-સિદ્ધચક્ર યંત્રમાં ચાર શબ્દો પ્રયોજ્યા છે તે આ અપેક્ષાએ પ્રમાણ છે.

આમ જોઇ શકાય છે કે આચાર એ લક્ષણ અને ગુણધર્મ વચ્ચેનો સેતુ-માધ્યમ છે. જેના વડે લક્ષણમાં રહેલ મિથ્યાત્વ-અવિરતિ-કષાયરૂપ મલિનતા કાઢી નાખી એ જ લક્ષણને ગુણ અને ધર્મરૂપ બનાવે છે. અને દોષ તથા અધર્મ દૂર કરે છે. અર્થાત્ તેનો નાશ કરે છે. માટે જ દ્વાદશાંગીના પ્રથમ અંગત નામ આચારાંગસૂત્ર' છે.

આ પ્રમાણે લક્ષણ આચાર-અને ગુણધર્મમાં શબ્દો એના એ જ છે. પણ સાધનાની વ્યવસ્થા માટે અરસપરસ સુંદર બુદ્ધિગમ્ય સંબંધ કરી બતાડેલ છે. અનુપમ અદ્વિતીય ગૂંથણી છે. દ્વાદશાંગીમાંથી જે કાંઇ ધર્મઆચરણ કરીએ તે આનો જ વિસ્તાર છે. એટલું જ નહિ પરંતુ પરમોપકારી તીર્થંકર પરમાત્મ ભગવંતોએ પ્રરૂપેલ આ ધર્મનું નામ જે પંચાચાર ધર્મ આપેલ છે તે તેમની સર્વજ્ઞતાનું જેનમૂન સૂચક છે. કારણકે તે જીવ માત્રના લક્ષણોનાં જે નામ છે તેમજ જીવ માત્રના મૂળ શુદ્ધ સ્વરૂપનો જે ગુણ છે, તેના અનુસંધાનમાં જ ખૂબ યથાયોગ્ય બંધબેસતું એવું 'પંચાચાર પાલના ધર્મ' નામ પ્રયોજ્યું છે

આ પંચાચારના પાલનમાં લૌકિક ધર્મથી લઇ લોકોત્તર ધર્મ સુધીના બધાય ધર્મોનો એમાં સમાવેશ થઇ જાય છે. માનવતાથી માંડી વીતરાગતા પ્રાપ્ત થાય ત્યાં સુધીના બધાય ભેદ - પ્રભેદ અને વર્ગો તેમાં સમન્વિત થયેલ છે. તેનો ક્રમ માનવતા-સજ્જનતા-સાધુતા અને વીતરાગતા છે.

માનવતા એટલે એવી વૃત્તિ અને કૃતિ કે સમન્વિત કોઇને ભલે સુખી કરી શકાય કે ન કરી શકાય પણ કોઇને પોતા વડે દુઃખી તો ન જ કરાય. આ બાબત અઢાર પુરાણના સારભૂત તત્ત્વરૂપે મહર્ષિ વ્યાસમુનિએ પણ પુરાણમાં જણાવ્યું છે કે...

अष्टादस पुराणेषु व्यासस्य वचनद्वयं ।
परोपकाराय पुण्याय पापाय परपीडनम् ॥

સજ્જનતા એ માનવતાનો વિકાસ છે. દુઃખીઓને પોતાનું સુખ વહેંચી આપી જીવવું તેનું જ નામ સજ્જનતા !

આગળ સજ્જનતાનો વિકાસ એટલે વિનાશી-પરાધીન અને અંતે દુઃખના કારણરૂપ ખોટા આભાસી સુખનો સ્વેચ્છાએ ત્યાગ કરી પોતે સ્વયં કષ્ટ વેઠીને પણ દુઃખીઓના દુઃખ દૂર કરવા અને અભયદાન તથા જ્ઞાનદાન દઇને જગતના જીવોને દુઃખમુક્તિના રાહે ચઢાવવા. આવી સાધુતાનું સદંતર પ્રમાદ રહિતતાએ પાલન કરનાર અંતે વીતરાગતાને પ્રાપ્ત કરે છે.

આ વીતરાગતા એટલે અનંતકાળના અનંત દુઃખો જે લક્ષણમાં રહેલ મલિનતાને અંગે જીવને સહન કરવાં પડયા છે તેનો સર્વથા, સર્વદા અંત!

ઉપર આપણે જોયું કે પાંચ અસ્તિકાયમાં ધર્મ, અધર્મ અને આકાશ એ પ્રત્યેકમાં પરમભાવરૂપ એક જ ગુણ અનુક્રમે ગતિહેતુત્વ, સ્થિતિ હેતુત્વ અને અવગાહના હેતુત્વ છે. તે જ પ્રમાણે જીવના સ્વરૂપગુણ ભલે દર્શન, જ્ઞાન સુખ અને વીર્ય હોય પરંતુ પ્રધાન સ્વરૂપગુણ તો જ્ઞાન જ છે. એટલે જ તો શાસ્ત્રસૂત્ર છે કે '॥ उपयोग लक्षणो जीव ॥' '॥ चेतना लक्षणो जीव ॥'

એક માત્ર પુદ્‌ગલાસ્તિકાય જ એવું દ્રવ્ય છે કે એના લક્ષણરૂપ ચાર ગુણધર્મો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સ્વતંત્ર છે. અને અરસપરસ અંતર્ગત થઇ એક ભેદે નથી પરંતુ એમાં સંખ્યાભેદ છે. જ્યારે જીવના લક્ષણ કે સ્વરૂપગુણમાં રહેલ જ્ઞાન પ્રધાનગુણ છે જેમાં દર્શન ચારિત્ર, તપ, વીર્ય અંતર્ગત છે. કારણકે દર્શન એ જ્ઞાનનો અંશ છે અથવા તો જ્ઞાન એ દર્શનનો વિસ્તાર છે અર્થાત્ દર્શન એ સામાન્ય છે અને જ્ઞાન વિશેષ છે. અને એ તો સર્વમાન્ય સિદ્ધાંત છે કે સામાન્ય વિશેષમાં સમાય.

નિશ્ચય 'ચારિત્ર' એ જ્ઞાનનું સતત વહેણ છે જેને અંગ્રેજીમાં 'Continuity' અર્થાત્ સાતત્ય કહે છે. ઉદાહરણ તરીકે સાકર ના ગળપણ ગુણમાં એવું નથી હોતુ કે વચ્ચેના અમુક સમયકાળમાં ગળપણ આવે જાય. સાકરનો ગળપણ (મીઠાશ) ગુણ સાકરમાં સતત રહે છે. એમ જીવમાં જ્ઞાન ગુણનું સતત વહેણ છે.

તે જ પ્રમાણે 'તપ' શબ્દનો લક્ષ્યાર્થ તલપ પડતા અથવા તલપ છે આ તલપ જીવને શેની છે? જીવ માત્રને સતત

અનુકૂળતાવેદનની (સુખ-આનંદવેદનની) તલપ છે. કારણકે જીવનું લક્ષણ જેમ એક બાજુથી જ્ઞાયકભાવ છે તેમ બીજી બાજુથી વેદકભાવ પણ જીવનું લક્ષણ છે.

જીવને દુધપાક યા શ્રીખંડની ઇચ્છા કે અનિચ્છા થઇ શકે છે. જ્યારે દુધપાક, શ્રીખંડ, બાસુંદી ઇત્યાદિ મીષ્ટ પદાર્થના ઉપયોગ દ્વારા અનુકૂળતાવેદનની ઇચ્છા અવશ્ય છે. જે કાંઇ જોઇએ છે તે સઘળામાં સુખની અનુકુળતા વેદનની ઇચ્છાનો તંતુ સતત ચાલુ છે. માળામાં મણકા ૧૦૮ જુદા જુદા છે પરંતુ તે સઘળા મણકાને બાંધનારું સૂત્ર માળાનો દોરો એક જ છે.

હવે જે સુખની ઇચ્છા છે તે શબ્દાર્થની પૂર્તિ માટે નીચે જણાવ્યા મુજબની પદ્ધતિ વિધિ છે.

(ક) ઇચ્છા – પ્રવૃત્તિ – પ્રાપ્તિ – તૃપ્તિ

(ખ) ઇચ્છા – રાગ – લોભ

(ગ) ઇચ્છા – મમત્વ – આસક્તિ

(ક) ઇચ્છા-પ્રવૃત્તિ-પ્રાપ્તિ-તૃપ્તિ :

આ શબ્દોની ખૂબી અને ભંગજાળ એવી છે કે જે વસ્તુની આપણને ઇચ્છા હોય તેનો પ્રથમ તો અભાવ સિદ્ધ થાય. અને એ અભાવની પૂર્તિ કરવાનો પણ સમાવેશ થાય. તેથી પૂર્તિ કરવા માટે પ્રવૃત્તિ આવશ્યક છે. ને પ્રવૃત્તિનું ફળ પ્રાપ્તિ આવશ્યક છે. વળી પ્રાપ્તિ કર્યા બાદ જ ભોગ કરી શકાય અને સંતોષ માણી શકાય. એનું જ નામ તૃપ્તિ! આ રીતે ઇચ્છા-પ્રવૃત્તિ-પ્રાપ્તિને તૃપ્તિનો ક્રમ એ જીવ માત્રનું અનુભૂત જીવન છે. એ સ્વાનુભવની વાત છે. સાંસારિક-ભૌતિક પદાર્થોની ઇચ્છા-પ્રવૃત્તિ-પ્રાપ્તિના અંતે થતી તૃપ્તિ ક્ષણિક હોય છે. એમાંથી નવી નવી ઇચ્છાની ઉત્પત્તિ થાય છે. એક માત્ર સ્વ સ્વરૂપ-પરમાત્મ સ્વરૂપ-મોક્ષ મુક્તિની પ્રાપ્તિમાંથી નીપજતી તૃપ્તિ જ શાશ્વત હોય છે જે પૂર્ણકામ અવસ્થા છે.

(ખ) ઇચ્છા-રાગ-લોભ :-

ઇચ્છા-રાગ અને લોભ કદી જુદા પડતાં નથી. (૧) ઇચ્છા એટલે જોઇએ છે. (૨) રાગ એટલે ગમે છે અને (૩) લોભ એટલે મેળવવું છે.

હવે જરા વિચાર કરી જુઓ કે...કોઇ એમ કહી શકે કે (૧) જે જોઇએ છે તે ગમતી નથી અને મેળવવી નથી. (૨) જે ગમે છે તે જોઇતી નથી અને મેળવવી નથી. (૩) અને મેળવવી છે તે ગમતી નથી અને જોઇતી નથી.

(ગ) ઇચ્છા-મમત્વ-આસક્તિ:-

ઇચ્છા-મમત્વ અને આસક્તિની ખૂબી એ છે કે જેમ ઇચ્છા એ અભાવને સિદ્ધ કરે છે તેમ અભાવની પૂર્તિ થયા પછી જ મમત્વની સિદ્ધિ થાય. અપ્રાપ્તની ઇચ્છા હોય જ્યારે પ્રાપ્તનું મમત્વ હોય. અપ્રાપ્તનું મમત્વ ન કહેવાય. જે ભાવથી ઇચ્છા ને મમત્વ છે તે ભોગભાવ છે. એના અનુભવન અને વેદનમાં જે રસ વેદીએ છે યા તો જે રસ રેડીએ છીએ તેનું જ નામ આસક્તિ!

આવી રીતે ઇચ્છા-મમત્વ-આસક્તિનો પણ ચકાવો ચાલ્યા કરે છે. તે જીવ માત્રને અંતરમાં નિરીક્ષણ કરી શોધન કરવા જેવું છે.

આમ વેદકતાની અપેક્ષાએ તપ જ્ઞાનગુણ અંતર્ગત છે.

એ જ પ્રમાણે વીર્ય એ પણ જ્ઞાન અંતર્ગત જ છે. ક્રમકે ઉપર જણાવેલ દર્શન-જ્ઞાન ચારિત્ર-તપમાં રહેલ તીવ્રતા અને મંદતા તેનું જ નામ વીર્ય! દરેક જીવનો એ સ્વાનુભવ છે કે ઇચ્છા આદિમાં તીવ્રતા મંદતા હોય છે અને તેની પ્રાપ્તિની પ્રવૃત્તિમાં તથા ઉપભોગમાં પણ તીવ્રતા-મંદતા હોય છે. અહી કોઇને પ્રશ્ન એ પણ ઉદ્‌ભવે કે ચારિત્ર અને વીર્યમાં શું તફાવત? ચારિત્ર એ ક્રિયારૂપ છે. તે પ્રવૃત્તિ છે. દૃષ્ટાંતમાં ચાલવાની ક્રિયામાં ચાલવું તે ક્રિયા છે જ્યારે ચાલમાં જે ગતિ છે તેનો વેગ-ઝડપ તે વીર્ય છે.

મન-વચન-કાયાની ક્રિયા એ આચાર છે. આચાર સદ્‌ અને અસદ્‌ ઉભય ભેદે હોય. અસદ્‌ આચાર અનાચાર કે દુરાચાર હોઇ શકે છે. સદ્‌ આચાર, સદાચાર તરીકે ઓળખાય છે. એમાંય જીવની પોતાની પાંચ શકિતની સાથે સંકળાયેલ આચાર પંચાચાર તરીકે જૈન દર્શનમાં ઓળખાય છે જીવની જે પાંચ શકિત છે તે તેના જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્ય છે. જીવની બુદ્ધિશકિત, કે વિચારશકિત છે તે જીવની જ્ઞાનશકિત છે. જીવની ભાવના, લાગણી અને શ્રદ્ધા – વિશ્વાસના મૂળમાં જીવની દર્શનશકિત છે. જીવની વર્તન-કાર્યશીલતાના મૂળમાં જીવની ચારિત્ર્યશકિત છે. જ્યારે જીવની ઇચ્છાશકિત-તલપના મૂળમાં જીવની તપશકિત છે. અને જીવની એકાગ્રતા, દ્રઢતા, તમન્ના, ઉલ્લાસ, ઉત્સાહ, ઉમંગવૃત્તિ એ જીવની વીર્યશકિતના ફળસ્વરૂપે છે.

જીવને પ્રાપ્ત મનોયોગ-વચનયોગ-કાયયોગ વડે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય તથા ઉપયોગને દેવ અને ગુરુ સાથે જોડીને જે આચાર સેવાય તેને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર કહેવાય. એ પાંચે આચારના સેવનને પંચાચાર પાલના કહેવાય છે. જીવની વર્તમાનશકિતનો શ્રોત જીવની પાંચ અભ્યંતર શકિતઓમાંથી ઉદ્‌ભવે છે. એ અભ્યંતર પાંચ શકિતઓને મન-વચન કાયાના બાહ્ય ત્રણ યોગો વળગેલાં છે. ધર્મ આરાધના કરવાથી અર્થાત્‌ બાહ્ય પંચાચારની પાલનામાં યોગોને જોડવાથી પાંચેય અભ્યંતર શકિતઓનો ક્ષયોપશમ થાય છે એટલે કે આવરણરહિત થતી જાય છે અર્થાત્‌ વિકસે છે અને અંતે સર્વથા આવરણરહિત થઇ, નીરાવરણ થઇ સ્વરૂપ શકિત રૂપે એટલે કે કેવલદર્શન સ્વરૂપે અનંત વીર્યશકિતનું પ્રાગટીકરણ થાય છે.

પાંચે આચાર પાળવાથી ઘણું બળ મળે છે. પાંચે આચાર એ જીવની પોતાની શકિત-સ્વશકિત હોવાથી તે સજાતિય છે. તેથી તે પાંચે શકિત એકબીજાની પૂરક અને સાધક છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય એ પાંચે સહોદર છે. આત્માથી અભેદ એકક્ષેત્રી છે. સ્વયંભૂ અનુત્પન્ન, અવિનાશી છે એ પાંચેય શકિત આવરાયેલી છે તેને આવરણ રહિત કરવાની ક્રિયા તે જ પંચાચાર સેવના. આ પાંચેય શકિત સ્વશકિત છે એટલે કે પર એવા પુદ્‌ગલની જેમ આવવા જવાના ઉત્પાદ-વ્યયના, સંયોગ-વિયોગના કે સંકોચ-વિસ્તારના ધર્મવાળી નથી.

આ પાંચ આચારમાં જ્ઞાનાચાર અને દર્શનાચાર એ બે વિધેયાત્મક (Positive) સાધના છે જ્યારે ચારિત્રાચાર અને તપાચાર એ બે નિષેધાત્મક (Negative) સાધના છે. જ્યારે વીર્યાચાર એ પ્રત્યેક આચારનું બળ છે. વળી આમાં જ્ઞાનાચાર અને દર્શનાચાર એ શિક્ષણપ્રધાન અને ફરજિયાત છે જ્યારે

ચારિત્રાચાર અને તપાચાર એ મરજિયાત છે જે અભ્યાસ-ટેવ-આદતપ્રધાન છે. ચારિત્રાચાર અને તપાચાર લાદી શકાતા નથી, ફરજિયાત આપી શકાતા નથી, તે સંદર્ભમાં મરજિયાત છે. જ્યારે જ્ઞાનાચાર, દર્શનાચારની ફરજ પાડી શકાય છે.

ધર્મ અને મોક્ષ પુરુષાર્થનું જ્ઞાન બાળકને પહેલેથી જ ગળથૂથીમાં આપી શકાય છે. તેમ કરવાથી બાળકમાં સારાસાર, હેય-ઉપાદેયનો વિવેક જાગૃત કરી શકાય છે. એ જ્ઞાનસિંચનથી બાળકો વડીલો-પૂજ્યો પ્રતિ વિનયી બને છે. ધર્મક્રિયા શરૂઆતમાં આપવાની હોતી નથી. શરૂઆતમાં તો દેવ-ગુરુ-વડીલ આદિ પૂજ્યો પ્રતિનો આદર, બહુમાન, સત્કાર, વિનય, નમ્રતા રાખવાનું અને આ કરાય આ ન કરાય, આ થાય, આ ન થાય, આ સારું કહેવાય, આ નઠારું કહેવાય એવો વિવેક બાળકોમાં જાગૃત કરાય છે.

આ મનુષ્યયોનિ જ એવી યોનિ છે જેમાં વિનય, વિવેક, આદર, દયા, દાન, સેવા, અહિંસા, પરોપકાર, ક્ષમા, પ્રેમ આદિ ગુણોની ફળવણી અને ખિલવણીની સંભાવના ને શકયતા છે. ગુણોનું ઘડતર થાય છે અને એ ઘડતર પર જ પછી સાધનાની ઇમારતનું ચણતર થાય છે.

જીવ જે સ્થાન પર-હોદ્દા પર છે તે હોદ્દાથી તે પદ (Post) પરથી તેનું કર્તવ્ય-ફરજ ન્યાય, નીતિ પ્રામાણિકતા-પૂર્વક બજાવે. વિનય અને વિવેકથી પ્રાપ્ત અધિકાર (સત્તા)નો સદુપયોગ કરે તો તે જીવ મહાન બની જાય છે. આમ કરવાથી અનંતાનુબંધીનો કષાય ટળે છે અને સમ્યગભાવ પ્રગટે છે. જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આપણને મળ્યાં હોય તેને સમ્યગ-ભાવથી સાધન બનાવી સાધના કરી શકાય છે.

જ્યાં સુધી આ દેહ છે અને કર્મનો વિપાક છે ત્યાં સુધી ગમે તેવી રિદ્ધિ-સિદ્ધિ-વૈભવ-સંપત્તિ - સાધનસામગ્રી હોય તોય જીવ જગતનો દેણદાર છે. પણ લેણદાર નથી. લેણદાર તો કેવલિ ભગવંતો, અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો જ છે. સર્વની સ્થિતિ એવી છે કે લેણાની જરૂર નથી અને દેણું ઊભું નથી.

એક ક્રીડાની જેમ જગતની લાતો-પાટુ સહન કરી આધ્યાત્મમાર્ગે ઉપસર્ગો અને પરિષહો સહન કરીને, સમભાવે સહન કરીને પરમેશ્વર થવાય છે. કોઇ પણ દેહધારી જીવ દેણદાર છે. ઘાતિકર્મો ચૂકવીએ અર્થાત્ ખતમ કરીએ તો જ દેણદાર મટી શકાય એમ છે.

કેવળ વર્તમાનકાળ સમજીને ધર્મ સમજવાનો નથી. ધર્મનો સંબંધ ત્રણે કાળ સાથે છે. આપણી વર્તમાન દશા તો બકરી જેવી કર્મસત્તાએ વાઘ જેવી આત્મસત્તાને અર્થાત્ આપણને ખાય તેવી થઇ છે. બાકી વાસ્તવિક તો કર્મસત્તાના ભૂકકા ભેલાવી દે એવી આત્મશક્તિ-આત્મસત્તા બળવાન છે. **જ્ઞાનાચાર એ વિવેક છે. સારાસારનું ભાન છે-સ્વરૂપ વિચારણા છે, જ્યારે દર્શનાચાર એ વિનય છે એમાં હૃદયમાં નમ્રતા છે, વંદન છે.**

તીર્થંકર પરમાત્મ ભગવંતની વાણીની કિંમત દ્વાદશાંગી પ્રમાણ જ્ઞાનનું તન-મન-ધનથી અને મળેલ આયુષ્યની ક્ષણોનું વિવેકી બની સેવન કરવું તે છે, જે જ્ઞાનાચાર છે.

એ તીર્થંકર પરમાત્મ ભગવંતની પૂજા-અર્ચના કરવી. એમની વાણી, એમના જ્ઞાનનો આદર સત્કાર-બહુમાન કરવું. અને તે જિનવાણી પ્રમાણેનું જીવન જીવનારાને જિનવાણીનું રસ-પાન કરાવનારા ગુરુભગવંતોનો પણ વિનયપૂર્વક આદર-સત્કાર-બહુમાન કરવું ને સેવા-વૈયાવચ્ચ કરવી તે દર્શનાચાર છે.

દેવો પણ દૈવી સંપત્તિ અને શક્તિ હોવા છતાં શ્રુતકેવલિ થઇ શકતાં નથી તેવી અવસ્થા આપણને માનવીને થયેલ છે. તો તેવાં શ્રુતકેવલિ બનાવનાર શ્રુતજ્ઞાનનો આદર કરવા પૂર્વક જ્ઞાનાચાર દ્વારા તે શ્રુતજ્ઞાનધન પ્રાપ્ત કરવામાં આપણું જીવન કેમ ન વીતાવવું ?

દ્વાદશાંગી પ્રમાણ જ્ઞાનનું શ્રવણ-અધ્યયન મનન-મંથન-ચિંતન-પરિશીલન કરવું તે જ્ઞાનાચારની સેવના-પાલના છે.

એ જ્ઞાનમાં જાણેલાં પ્રમાણ જીવી જાણવાની ક્રિયા ચારિત્રાચાર ને તપાચાર છે.

એ જાણેલમાં શ્રદ્ધા થવી-વિશ્વાસ હોવો, તે જ્ઞાનનું, જ્ઞાનની સાધનસામગ્રીનું-ઉપકરણાદિનું, એ જ્ઞાન આપનારા દેવ-ગુરુનું, અને તે જ્ઞાન ઝીલનારા, તે જ્ઞાનનો આદર કરનારા, તે જ્ઞાન પ્રમાણે જીવન જીવનારા સાધર્મિક બંધુઓનું બહુમાન -આદર-સત્કાર અને વિનય, સહાય કરવા તે દર્શનાચાર છે.

દેવ ગુરુ ધર્મ તત્વોને સમજીને હૃદયમાં સ્થાન આપવાનું છે. આ સઘળો બાહ્ય દર્શનાચાર છે. તેનાથી અભ્યંતર અસર થાય છે અને દર્શન મોહનીયનો ક્ષયોપશમ થાય છે. મિથ્યાત્વનો નાશ થાય છે. અનંતાનુબંધીના રસપૂર્વકનો જે કષાય છે તે ખતમ થાય છે ને સમ્યકત્વનો આવિષ્કાર થાય છે.

દેવ-ગુરુ-ધર્મના સંબંધથી-સત્સંગ-સંતસમાગમથી તેમના સંપર્કથી-અને તેમને હૃદયમાં સ્થાન આપવાની સમકિતની સ્પર્શના થાય છે. દેહભાવ ટળે છે અને આત્મભાવ આવે છે.

સાધુ ભગવંતનું જીવન દિવ્ય છે. ગૃહસ્થીનું જીવન દિવ્ય નથી. બીજા જીવોને દુઃખ ન પહોંચે અને સુખ ઉપજે તે પ્રમાણેની પ્રવૃત્તિ કરવી જોઇએ.

દુર્જનતા એ મહાન કુપથ્ય છે. એ કુપથ્યનું સેવન ચાલુ હોય ત્યાં સુધી અર્થાત દુર્જનતા પ્રવર્તતી હોય ત્યાં સુધી આગળના ગુણો આવતા નથી.

મનને મનાવવું જ જ્યાં મુશ્કેલ છે. ત્યાં મનના મંતવ્ય-અભિપ્રાયને બદલવા મનને ફેરવવાનું તો કેટલું મુશ્કેલ હોય !

જ્ઞાનાચાર-દર્શનાચારમાં દેવ-ગુરુ-ધર્મ સાથે આપણે એકલોહિયા થઇશું તો ચારિત્રાચાર ને તપાચારના ભેદથી કેવલ-જ્ઞાન-કેવલદર્શન પ્રાપ્ત કરી શકીશું.

વીર્ય એટલે શક્તિ. વીર્યાંતરાયના ક્ષયોપશમથી જ્ઞાન-દર્શન ચારિત્ર અને તપમાં શક્તિથી બળવાન થવા વડે કરીને પાંચે શક્તિથી અભેદ થઇ. સર્વશક્તિમાન પરમાત્મારૂપે આત્માને પરમાત્મા રૂપે પરિણમાવવાનો-સિદ્ધ બનાવવાનો છે. સ્વાનુભાવમાં અને સર્વાનુભવમાં જીવાતું છે. સ્વાનુભવ એટલે સ્વાનુભૂતિમાં આત્માસ્વક્ષેત્રે સ્વગુણોનો-સ્વભાવનો વેદક છે. જ્યારે સર્વાનુભવ એટલે કે સર્વાનુભૂતિમાં આત્મા પરક્ષેત્રી પરદ્રવ્યોનો માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે.

પરમાત્માએ આપેલ દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાનનો અભ્યાસ-

વિષયનો આશ્રય લઇ આપણે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરી ક્ષાયિકભાવના સ્વરૂપને મેળવવું–સમજવું તે જ્ઞાનાચાર છે. પછી જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ બળથી જ્ઞાનાચારની પાલનાથી મોહનીયકર્મનો ક્ષયોપશમ કરવાનો છે. જ્ઞાનાચાર આ પ્રમાણે મોહનીયકર્મના ક્ષયોપશમ અર્થાત્ સમકિત પ્રાપ્તિનું સાધન બને છે. એટલે કે બાહ્ય–અભ્યંતર ઉભય દર્શનાચારની પ્રાપ્તિ થાય છે. બાકી અન્ય દુન્યવી–ભૌતિક જ્ઞાન–વિજ્ઞાનના વિષયો લક્ષને જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ કરવા છતાંય તેનાથી મોહનીયકર્મનો ક્ષયોપશમ થઇ શકતો નથી. મોહનીયકર્મના ક્ષયોપશમ કે ક્ષયનું સાધન ભૌતિક જ્ઞાન–વિજ્ઞાન બની શકતું નથી.

અહીં શ્રુતકેવલિ એટલે શું તે સમજી લઇએ. શ્રુતકેવલિ ભગવંત ભણી ભણીને કેવલિભગવંત જાણે એટલું બધું જાણે. પરંતુ તેઓના આત્મપ્રદેશ નિરાવરણ ન થવાના કારણે તેઓ જાણે ખરાં પરંતુ કેવલિભગવંતની જેમ સાક્ષાત જુએ નહિ. બધું જુએ અને જાણે તે કેવલદર્શન–કેવલજ્ઞાન અને તેની શકિતના સ્વામી તે કેવલિભગવંત ગણધર ભગવંત પણ શ્રુતકેવલિ હોય પરંતુ ત્રિપદીની પ્રાપ્તિ સહિત કેવલિતીર્થંકર ભગવંતના પ્રભાવથી એમણે બધું જ દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાન સહજમાં સહજમાં પ્રાપ્ત થઇ જાય. એમણે સામાન્ય શ્રુતકેવલિ ભગવંતની જેમ ભણવાનો શ્રમ ન કરવો પડે.

સાધુ ભગવંતોએ એમની ચારિત્રાચાર–તપાચારની દૈનિક ક્રિયાઓ પૂરી કર્યા બાદ તથા ગૃહસ્થી શ્રાવકે એની અર્થ અને કામની પ્રવૃત્તિથી પરવાર્યા બાદ બાકીનો બધો સમય સ્વાધ્યાય–જ્ઞાન – અધ્યયન – ધ્યાનના સેવનમાં અર્થાત્ જ્ઞાનાચારની પાલનામાં વીતાવવાનો હોય છે. અને તેમ કરતાં ધ્યેય શ્રુતકેવલિ થવાનું અને લક્ષ્ય કેવલજ્ઞાની થવાનું રાખવાનું હોય છે.

ઉપયોગમાં મતિજ્ઞાનના સર્વ પર્યાયો ભેદોથી એટલે કે બુદ્ધિ–વિચાર–શ્રદ્ધા–ભાવના – લાગણી–સ્મરણ–ધ્યાન–લક્ષ્ય આદિથી પરમાત્મા સાથે જોડાવું જોઇએ. ઉપયોગ (અંતઃકરણ) જ યોગ (મન–વચન–કાયા)નો સંચાલક હોવાથી વિવેકથી યોગનું સંચાલન કરવું. જે પંચાચાર પાલનાથી જ શક્ય છે.

યોગમાં (મન વચન–કાયામાં) કેવલજ્ઞાન નથી. પરંતુ હા! એ યોગ વડે જ ઉપયોગ (અંતઃકરણ) કેવલજ્ઞાન બની શકે છે. અર્થાત્ પરમાત્મા થઈ શકે છે. માટે જ ઉપયોગને યોગ વડે કેવલજ્ઞાન સ્વરૂપ બનાવવાનો છે જે માટે પંચાચાર પાલના છે.

આ ચારે આચારની પ્રતિજ્ઞા છે, સંકલ્પ છે તેમજ તેની શરૂઆત અને પૂર્ણાહુતિ છે.

પ્રથમ જ્ઞાનાચારની પ્રતિજ્ઞા છે કે 'હું બ્રહ્મ સ્વરૂપ–સિદ્ધ સ્વરૂપ છું!' 'अहं ब्रह्मास्मि !' આ જ્ઞાનાચારની શરૂઆત નમસ્કાર મહામંત્ર (નવકાર)ના અધ્યયનથી થાય છે અને પૂર્ણાહુતિ દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાન–શ્રુતકેવલિપણાની પ્રાપ્તિથી છે. અને તેનું શીખર–પરાકાષ્ઠા કેવલજ્ઞાનની પ્રાપ્તિ છે. માટે જ્ઞાનાચારમાં જીવે સંકલ્પ શ્રુતકેવલિ થવાનો રાખવો અને લક્ષ્ય કેવલજ્ઞાનની પ્રાપ્તિનું રાખવું જોઇએ.

પોતાના આત્માને પરમાત્મારૂપ માનવો–જાણવો અને પોતાના આત્માને પરમાત્મા બનાવવાનો નિર્ણય કરવો તે જ્ઞાનાચાર છે. એની પરાકાષ્ઠામાં ફળસ્વરૂપે શીખરે કેવલજ્ઞાન પ્રાપ્તિ થવી તે છે.

મનુષ્યયોનિમાં બારાખડી ભણવાથી જ્ઞાનાચારની શરૂઆત થાય છે. એ પ્રાપ્ત કરેલું અક્ષરજ્ઞાન અર્થ અને કામ પ્રવૃત્તિ માટેનું જ હોય તો તે અજ્ઞાનાચાર છે. પરંતુ જો તે ધર્મ અને મોક્ષ પ્રાપ્તિ માટે હોય તો તે જ્ઞાનાચાર છે.

અધ્યાત્મમાર્ગ માટે શરૂ કરેલું જ્ઞાન તેમજ સર્વજ્ઞ તીર્થંકર ભગવંત પ્રરૂપિત સર્વ જ્ઞાન દ્વાદશાંગી પ્રમાણ વિસ્તારે–વિકસે અને શ્રુતકેવલિ બનીએ ત્યારે તે પરાકાષ્ઠાને પામે છે, સર્વ જ્ઞાનાચારનો સાર. આત્માના ત્રિકાલિક શુદ્ધ સ્વરૂપનો નિર્ણય થવો તે છે.'

સમ્યગ જ્ઞાનના વિષયમાં શ્રુતકેવલિ થવાનું ધ્યેય હોવું જોઇએ બાકી ભવિતવ્યતા અનુસાર ઓછું ભણ્યાં હોઇએ અને કેવલજ્ઞાન થઇ જાય તે વાત જુદી છે.

દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાન ભણવાનો નિર્ણય કરવાથી ચારિત્ર અંગીકાર કરવું પડે. નિશ્ચયથી સમકિત આવે તો દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાની થવાની શક્યતા રહે છે. મૂળમાં (બીજમાં) જ્ઞાન છે અને ફળમાં જ્ઞાન છે. એક ક્ષણ પણ જીવ જ્ઞાનવિહોણો હોતો નથી ચારિત્રને સમજનાવનાર પણ જ્ઞાન છે. મૂળમાં રહેલું જ્ઞાન આંશિક, અપૂર્ણ, વિકારી સાવરણ હોય છે. એ વિકારી જ્ઞાનને નિર્વિકારી બનાવી નિરાવરણ અને પૂર્ણ બનાવવાની જ્ઞાન પ્રાપ્તિની પ્રક્રિયા તે જ્ઞાનાચાર છે. જેના ફળ સ્વરૂપ નિર્વિકારી, નિરાવરણ, પૂર્ણ એવી સર્વજ્ઞતાની કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જે જ્ઞાનની ચરમસીમા છે. એ પરમજ્ઞાન છે. ચારિત્ર અંગીકાર કરવાનું અને તપ તપવાનું પ્રયોજન પણ કેવલજ્ઞાનની પ્રાપ્તિ માટે છે. જ્ઞાન વિના સંયમ–ચારિત્ર–તપની ભૂલો સુધરશે નહિ.

શ્રુતજ્ઞાન એ સાધન છે. મોહનીયકર્મનો ક્ષય કરવો તે સાધ્ય છે. અને મોહનીયકર્મના ક્ષય (વીતરાગતા)ના લક્ષ્યે મોહનીયકર્મના ક્ષયોપશમની ક્રિયાની સાધના છે. અલ્પ એવાં પણ જ્ઞાનના વિકારની અલ્પ એવા પણ મોહનીયભાવમાં એવી તાકાત છે કે આપણને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થવા ન દે. એટલે જ દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાન ભણી ભણીને જ્ઞાનમાં રહેલાં મોહનીયના વિકારનો નાશ કરવા પ્રવૃત્ત થવાનું છે અને તેમાં સતત સાવધ–જાગરૂક–અપ્રમત્ત રહેવાનું છે. અહીં આ ક્ષેત્રે તો પૂરેપૂરું ચૂકવો તો પૂરેપૂરું પામો એવો ન્યાય છે.

દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાનને મોહનીયકર્મનો ક્ષય કરવા માટેનું સાધન ન માનનારા અને ન બનાવનારા શ્રુતજ્ઞાનનો અહંકાર કરનારા બને છે. અને પછી જ્ઞાનના મદથી અધઃપતનને પામનારા થાય છે.

જ્ઞાન, અજ્ઞાન કેમ? જ્ઞાન અને તે વળી પાછું અજ્ઞાન? જ્યાં સુધી જ્ઞાનમાંથી મોહના વિકારો જાય નહિ ત્યાં સુધી જ્ઞાન અજ્ઞાન છે. કારણકે ત્યાં મોહનાં પડળ છે–આવરણ છે. મોહનાં પડળો–આવરણ હટે નહિ ત્યાં સુધી કેવલજ્ઞાન પ્રગટે નહિ પછી તે સ્વયં શ્રુતકેવલિ પણ કેમ ન હોય!

શ્રુતકેવલિ થવાના લક્ષ્યથી જ્ઞાનાભ્યાસ–અધ્યયન કરવામાં આવે તો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ સારો અને ઝડપી થાય છે. અને શ્રુતકેવલિ બનવાની દ્રઢ ભાવનાને કારણે તેવા સંસ્કાર આત્મામાં દ્રઢ થતાં આત્માને શ્રુતકેવલિ બની શકે તેવાં

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની પ્રાપ્તિ થાય છે.

ગૌતમ ગણધર ભગવંતને હું સર્વજ્ઞ છું અને હું અજીત વાદી છું એ જ્ઞાનના રસ, ભાવ અને જ્ઞાનપિપાસાએ એમને સર્વજ્ઞ પરમાત્મ તીર્થંકર ભગવંત મહાવીરસ્વામીના સંપર્કમાં લાવી દીધાં. મહાવીર ભગવંત પાસે સર્વજ્ઞતા બતાડવા આવેલ ગૌતમ ગણધરે એની અસર્વજ્ઞતા મહાવીર ભગવંતે બતાડી દઇ અને એનો અહં ઓગાળી દઇ શ્રુતકેવલિ ગણધર ગૌતમ-સ્વામિ બનાવી અંતે પોતા જેવાં કેવલજ્ઞાની-સર્વજ્ઞ બનાવ્યા. તેથી જ જીત હાર સાપેક્ષ હોવા છતાં ભગવાનને જીતનારા અને જીતાડનારા 'જિણાણં જાવયાણં' વિશેષણથી નવાજેલા છે. એ ભગવંત એવાં છે કે કોઇને હરાવીને જીવનારા નથી. એ તો સામાને જીતાડીને જીતનારા છે.

ભણવાની જિજ્ઞાસાથી ભણતાં ભણતાં થતી શંકાઓના સમાધાન—ખુલાસા કરવા અંગે થઇને અન્ય જ્ઞાની ગુરુ ભગવંતોનો સમાગમ થશે તથા ઉત્તમોત્તમ પ્રકારના ગ્રંથોનું વાચન વધશે જેથી કરીને ઉત્તરોત્તર શ્રુતજ્ઞાનમાં વૃદ્ધિ થતી જશે

'વાવે તેવું લણે' એ ન્યાયે હૃદયમાં જેવી આકાંક્ષા હશે, હૃદયમાં જેનું સ્થાન હશે તે તત્ત્વ-તે વસ્તુ-તે વ્યકિત સાધના માર્ગે અવશ્ય આવી મળશે-પરમાત્માના વિરહની વેદના હશે, શ્રુતકેવલિ થવાની અભિલાષા-આકાંક્ષા-ઝંખના હશે તો અચૂક તીર્થંકર પરમાત્મા મળશે-શ્રુતકેવલિ થવાશે અને અંતે કેવલ-જ્ઞાની બની પરમપદની પ્રાપ્તિ કરી પરમાત્માની હરોળમાં બેસવા મળશે મેળવવાનું પછી કાંઇ રહેશે નહિ. કૃતકૃત્યતા-આત્યંતિક અવસ્થાની પ્રાપ્તિ થશે.

કેવલજ્ઞાન એ તો આત્માના ધરની ચીજ છે. અને એ આ આત્મસ્વરૂપ હોવાના કારણે જ સઘળાં જીવોને પૂરેપૂરી મળી શકે છે. જરૂર છે માત્ર મોહનાં પડળો હઠાવી નિરાવરણ થવાની. વીતરાગ નિરાવરણ નિર્મોહી થયેથી જ્ઞાન-દર્શન-ચારિત્ર તપ-વીર્ય પૂર્ણતાએ પ્રગટે છે.

આથી વિપરીત દુન્યવી ભૌતિક-પૌદ્ગલિક વસ્તુઓ સહુ કોઇને સરખી નથી મળતી. તેમ એક જ સમયે એક જ વ્યકિતને સઘળીય વસ્તુઓ મળતી નથી અને મળેલી બધીય વસ્તુઓ એક સાથે એક સમયે ભોગવી શકાતી નથી કારણ કે પુદ્ગલ અપૂર્ણ છે, પરિચ્છિન્ન છે અને ક્ષણિક છે તેમજ વિજાતિય-પર છે અને વિનાશી છે.

જ્ઞાનાચારના ભેદ શ્રવણ-મનન નિદિધ્યાસન અને અનુપ્રેક્ષા છે. જ્ઞાનાચારના સેવનથી સમ્યગ્જ્ઞાન વિકલ્પો સાધન લાગે છે. તેનાથી મોહનીય આદિ કર્મનો ક્ષયોપશમ ક્ષય કરવાનો છે. જ્ઞાનાચારના સેવનથી મોક્ષની ઇચ્છા લક્ષ્ય અને રુચિ થાય છે. આથી પહેલેથી જ મોક્ષના લક્ષ્યે ભણવામાં આવે તો એનાથી ઉત્તમ બીજું કાંઇ નથી. એથી તો એકાંતે લાભ છે, મોક્ષ એકાંત છે. અદ્વૈત છે. પણ મોક્ષમાર્ગની સાધના સ્યાદ્વાદ દ્રષ્ટિએ અનેકાન્ત માર્ગ છે. સ્વરૂપજ્ઞાન એટલે કે કેવલજ્ઞાન એક ભેદે છે પણ અનંત શકિતવાળું છે. જ્યારે કેવલજ્ઞાન સિવાયના બીજા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવ-જ્ઞાન એ ચાર જ્ઞાનના પાંચ ભેદ છે અને શકિત અલ્પ છે. જ્ઞાન એ તત્ત્વવિચાર છે અર્થાત્ પદાર્થ-શોધન છે. જેટલું પુદ્ગલ પદાર્થનું સંશોધન કરીએ છીએ તેટલો આત્મતત્ત્વનો વિચાર કરીએ છીએ? પૌદ્ગલિક પદાર્થને ભૌતિક તત્ત્વોના સંશોધન કેન્દ્રો (Reaserch Centres) છે. પરંતું અધ્યાત્મનાં—આત્મતત્ત્વના સંશોધન કેન્દ્રો ક્યાં છે?

જીવ માત્ર શ્રમ-શ્રદ્ધા અને બુદ્ધિપૂર્વક જીવે છે. જીવ માત્ર ક્ષણ પછીના આયુષ્યનો જીવનનો વિશ્વાસ રાખી-આશા-શ્રદ્ધા રાખી જીવે છે. અને જીવંત રહેવાની ચેષ્ટા કરે છે. શ્રમ કરે છે. એટલું જ નહિ તે માટે યત્નને વિચારપૂર્વક વર્તન કરે છે. આ ત્રણ શકિત કેવળ જીવવામાં ખર્ચાય છે. તે સંસારમાર્ગ છે. **આ જ શ્રમ-શ્રદ્ધા અને બુદ્ધિ જ્યારે મોક્ષના લક્ષ્યે કાર્યરત થાય છે ત્યારે શ્રદ્ધા સમ્યગ્ દર્શન બને છે, બુદ્ધિ સમ્યગ્જ્ઞાન બને છે અને શ્રમ-વર્તન એ સમ્યગ્ ચરિત્ર બને છે. તેથી જ "સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ" કહેવાય છે જ્યારે પૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાણિ મોક્ષ છે.**

બીજા દર્શનાચારની પ્રતિજ્ઞા એ છે કે...પરમાત્મ ભગવંત-તીર્થંકર ભગવંત-અવિનાશી તત્ત્વ સિવાય મારું કાંઇ નથી અને સર્વ જીવો બ્રહ્મસ્વરૂપી સિદ્ધસ્વરૂપી છે. "॥ अयम् आत्मा ब्रह्म ॥"

આ દર્શનાચારની શરૂઆત દેવગુરુના દર્શન-વંદન-પૂજનથી થાય છે અને પૂર્ણાહુતિ જીવમાત્રને સચરાચર સૃષ્ટિ સમગ્રને પરમાત્મ સ્વરૂપ લેખવામાં થાય છે. અને પરાકાષ્ટામાં ફલસ્વરૂપ કેવલદર્શનની પ્રાપ્તિ તે તેનું શીખર છે-લક્ષ્ય છે.

દર્શન એટલે જોવું બધું પરંતુ હૃદયમાં સ્થાન તો માત્ર અવિનાશી એવાં પરમાત્મ તત્ત્વનું જ હોય. દર્શનાચારમાં સંકલ્પ એ છે કે જિનેશ્વર ભગવંતે સ્થાપેલ ચતુર્વિધ સંઘમાં ભળીને એની સેવા કરવી તથા જિનમંદિર-જિનમૂર્તિ-ને જિનાગમનો સાધનરૂપે પ્રચાર-પ્રસાર ને વિસ્તાર કરવો. સાથે આઠમી અનુકંપાના પાલનમાં દીનહીન દુઃખી જીવો પર દયા રાખી દાન-સેવા દ્વારા પરોપકાર કરવો. મનુષ્યો અને તીર્યંચ પંચેન્દ્રિય જીવોનું પાલન-પોષણ અને રક્ષણ કરવું. એકેન્દ્રિયથી લઇ ચૌરેન્દ્રિય જીવોની રક્ષા કરવી-જયણા કરવી.

અન્ય સહુ કોઇ જીવોને સ્વરૂપથી પરમાત્મા માનવા તે દર્શનાચાર છે. જીવ માત્રને બ્રહ્મસ્વરૂપે જોવાં અને સર્વકાળના, સમૂહરૂપ જગતના સર્વપર્યાયો એ સર્વજ્ઞ દૃષ્ટિ છે માટે પુદ્ગલના પરમાણુઓ પણ તે સર્વજ્ઞની ઉપચરિત મૂર્તિરૂપ છે એમ જોવું. કેમકે જગત જ્ઞેયમૂર્તિ છે અને સિદ્ધાત્મા-પરમાત્મા જ્ઞાનમૂર્તિ છે આવું માનવું ને સમજવું તે દર્શનાચાર છે.

જગતમાં જીવ માત્રને બ્રહ્મદ્રષ્ટિથી બ્રહ્મસ્વરૂપ અર્થાત્ પરમાત્મ સ્વરૂપે – સિદ્ધ સ્વરૂપે જોવા તે ઊંચામાં ઊંચો આદર્શ છે. દર્શનાચાર છે. તીર્થંકર પરમાત્માના જીવો તેમની છદ્મસ્થાવસ્થા-સાધનાકાળમાં આવો બ્રહ્મભાવ રાખે છે અને જીવ માત્ર પ્રતિ બ્રહ્મદ્રષ્ટિથી જુએ છે 'सर्वे जीव करुं (स्वरूप) शासन रसी'ની ભાવના ભાવે છે. આ જ દૃષ્ટિ સ્વ પ્રતિ આવરણ હઠાવી પરમાત્મ સ્વરૂપનું પ્રાગટ્ય કરવામાં સહાયક બને છે. આ દૃષ્ટિ કર્મ ઉપાધિ નિરપેક્ષ શુદ્ધ અધ્યાત્મ દૃષ્ટિ છે. એ સાચી મૈત્રીભાવના છે. મૈત્રિભાવનામાં નિશ્ચયથી પારમાર્થિક અર્થ જ એ છે બ્રહ્મદ્રષ્ટિથી આત્મવત્ દૃષ્ટિથી સરખાપણું –

સૌમ્ય તે મૈત્રિ.

પરમાત્મા પ્રત્યેનો દૃઢભાવ સર્વ સાનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં ટકાવી રાખવો તે સ્વક્ષેત્રે ઉચ્ચ દર્શનાચાર છે અને પરપ્રતિ બ્રહ્મદૃષ્ટિ–આત્મવતદૃષ્ટિ–મૈત્રિદૃષ્ટિ કેળવવી તે પરક્ષેત્રે ઉચ્ચ દર્શનાચાર છે.

મતિજ્ઞાનના ઉપયોગમાં વારંવાર પરમાત્મા નામ પડે એટલે આત્મા પરમાત્મા બને છે. એ નિયમ છે. તે માટે તેવાં વિકલ્પો કરવાં પડે છે. કેવલિભગવંત વિશ્વમૂર્તિ છે. અને આખું વિશ્વ તેમનું અંગોપાંગ છે. કેમકે એમના કેવલજ્ઞાનમાં અનાદિ અનંત આખુંયે વિશ્વ પ્રતિબિંબિત થાય છે.

(૧) ભગવાનની મૂર્તિમાં ભગવાનને જોવા તે પ્રથમ સાધન.

(૨) જીવ માત્રમાં પરમાત્માને જોવાં તે બીજું સાધન.

(૩) પુદ્ગલ પરમાણુ માત્રમાં તે પુદ્ગલ પરમાત્મામાં પ્રતિબિંબિત થાય છે તે સંદર્ભે પરમાત્મા જોવા તે ત્રીજું સાધન.

આવું દર્શન તે જ દર્શનાચાર. એવાં દર્શનાચારનું સેવન, પાલન પરમાત્મા બનવા માટે કેવલદર્શનની પ્રાપ્તિ માટે કરવાનું છે એવી દૃષ્ટિથી આવા દર્શનથી જે કાંઇ ચોફેર જોઇએ તેમાં પરમાત્માનાં દર્શન થાય અને પરમાત્માનું ધ્યાન થાય.

પરમાત્માના લઢણથી અને રટણથી આત્મગુણની વૃદ્ધિ થાય. પરમાત્માના લઢણથી–રટણથી આત્મગુણ ખીલે છે. એ નિયમ છે મતિજ્ઞાનમાં સંસારનું જે લઢણ છે અને રટણ છે તેથી સંસાર ચાલે છે. તે જ પ્રમાણે મતિજ્ઞાનમાં જો પરમાત્માનું લઢણ અને રટણ થાય તો આત્મા સ્વયં પરમાત્મા બને. જીવ જાતિ માત્રને પરમાત્મ સ્વરૂપ જોવાને બદલે જડ–પુદ્ગલ ભાવથી જોઇએ છીએ તેથી કરીને તો સંસાર ચાલે છે. તો પુદ્ગલમાં જ પરમાત્મભાવ આવી જાય તો પરમાત્મા કેમ ન બનાય? અને પરમાત્મા ન બનાય ત્યાં સુધી પછી એવાં ભાવુકથી ઉચિત વર્તન–વ્યવહાર કેમ ન થાય?

જગતના જીવો પ્રતિ સંસારભાવે જોશું તો આપણામાં બ્રહ્મભાવ ન રહેતાં સંસારભાવ દૃઢ થશે. જગતના જીવો પ્રતિ બ્રહ્મદૃષ્ટિ કરવાથી આપણામાં રહેલો સંસારભાવ ચાલ્યો જશે અને બ્રહ્મભાવ પુષ્ટિ બનશે. ચડતા પરિણામની જેટલી કિંમત છે તેટલી ચઢેલાંના પડતાં પરિણામની કિંમત નથી.

સંયોગને વિયોગરૂપે જોવો અને 'છે' તેને 'નથી' ગણવાં અર્થાત્ ભાવમાં અભાવ જોવો તે અનિત્યભાવના છે.

સ્વરૂપ અજ્ઞાન છે. તે અજ્ઞાન છે. અવિદ્યા છે. મિથ્યાત્વ છે. દેહ છે ત્યાં સુધી જીવ માત્ર પરત્વે દ્રવ્યાનુકમ્પા અને ભાવાનુકમ્પા કરવાની છે.

"આત્મવત્ સર્વ ભૂતેષુ યઃ પશ્યતિ સઃ પશ્યતિ" એ બહુ ઊંચો વિકલ્પ છે. આ ભાવ ઘરોઘર આવે તો મોહનીયના ભાવો રહે નહિ અને ટકે નહિ.

પુદ્ગલ સ્વરૂપે જીવવું અને સ્વસ્વરૂપને ભુલવું તે અપરાધ છે પરંતુ સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે પુદ્ગલને સાધન બનાવી જીવવું તે કળા છે.

પુદ્ગલદ્રવ્ય એ મમતાનું કારણ છે તેમ પુદ્ગલદ્રવ્ય એ સાધકને સાધનાનું સાધન પણ છે. જે ખાડાખબડામાં પડ્યા હોઇએ તે જ ખાડાખબડાનો ટેકો લઇ એમાંથી બહાર નીકળવું પડે છે. પુદ્ગલની મમતાને પણ પુદ્ગલના જ બનેલાં સાધનોનું આલંબન લઇ સમતામાં લાવી શકાય છે.

પરમાત્મા સર્વજ્ઞ છે એટલે પરમાત્મા મારા પણ છે! પરમાત્મા સર્વરૂપ છે એટલે મારે બીજું કાંઇ નહિ સિવાય કે પરમાત્મા! પરમાત્મા સર્વત્ર છે એટલે બધે જ બધામાં જ પરમાત્મા જોવા અને પરમાત્મા સર્વકાલીન છે એટલે હરસમયે પરમાત્મા જોવા એ આપણો દર્શનાચાર છે.

ત્રીજા ચારિત્રાચારની પ્રતિજ્ઞા એ છે કે હું દેહ નથી' અને તેના સંકલ્પમાં આરંભ-પરિગ્રહનો ત્યાગ છે. એની શરૂઆત સામાયિકવ્રતથી થાય છે. પૂર્ણાહુતિ જિનકલ્પવ્રતમાં થાય છે. આના ફળસ્વરૂપ યોગાતીત સિદ્ધાવસ્થા કે જે પરમ સ્થિર અવસ્થા છે તેની પ્રાપ્તિ થવી તે શિખર છે.

આ આચારના પાલનથી અસદ્ આરંભ અને પરિગ્રહના પાપમાંથી મુકિત મળે છે. શરીરને ટકાવવા માટે, માત્ર દેહધર્મ પૂરતાં જ ખાવાપીવા–પહેરવા તથા રહેવા જગા મેળવવી તે સંયમ વિશેષ હોય તો અસંયમ મનને જરૂર પૂરતાં સદ્વિચારો હોય તો સંયમ ખોટાં (કોઇના અહિતને કરનારા તથા શરીર વિષયી વિચારો આર્ત-રૌદ્ર ધ્યાન) અને નિરર્થક–નકામા (જેનું પરિણામ નથી) વિચારો કરવા તે અસંયમ.

મન–વચન–કાયાના યોગનો ખપ પૂરતો જ ઉપયોગ કરવો તે સંયમ, વિશેષથી અસંયમ આને જ ત્રણ ગુપ્તિ કહી કે જે મનોગુપ્તિ, વચનગુપ્તિ ને કાયગુપ્તિ છે. મન–વચન–કાયાના યોગને ગોપવવા–ગુપ્ત રાખવા અર્થાત્ શકય તેટલો ઓછો અનિવાર્ય હોય ત્યારે જ ઉપયોગ કરવો. સંયમધર્મ એટલે કે ચારિત્રાચારનો પ્રાણ જ ગુપ્તિ છે.

પ્રદેશ સ્થિરત્વ એ આત્માનું સ્વરૂપ છે. કાયાને આસનથી સ્થિર કરવી અને ત્યારબાદ આત્માએ પોતાના ઉપયોગને પોતાના આત્મામાં સ્થિર કરવો. કારણકે જ્ઞાન ઉપયોગને આત્મપ્રદેશોએ સ્થાન આધાર આપેલ છે. આત્મપ્રદેશ એ ઉદ્ગમસ્થાન-આધારસ્થાન અર્થાત્ અધિષ્ઠાતા છે. જેવો મનોપયોગ આત્મામાં સ્થિર થશે કે તેને અનુસરીને મન–વચન–કાયયોગમાં સ્થિરતા આવશે. ઉપયોગ સ્થિરતાથી યોગસ્થિરતા–પ્રદેશસ્થિરતાથી અથવા તો પ્રદેશસ્થિરતા–યોગસ્થિરતાથી ઉપયોગસ્થિરતા લાવી શકાય છે. ઉભય અન્યોન્ય છે.

આમ સિદ્ધ પરમાત્માનું એટલે કે આપણા વિશુદ્ધ સ્વરૂપનું જેવું સાચું, શુદ્ધ નિત્ય, સ્વાભાવિક, સહજ સ્થિર સ્વરૂપ છે તેવું સ્થિર સ્વરૂપ અર્થાત્ સ્થિરતા આપણે આપણી સાધનામાં અષ્ટ પ્રવચન માતા એટલે કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલનથી ઉતારવાનું છે. એમ કરવાથી નિર્વિકલ્પ-નિર્વિચારદશા પ્રાપ્ત થશે અને સ્વઆત્મા સિવાય અન્ય કશાનો વિકલ્પ રહેશે નહિ

આ પ્રકારે ચારિત્રાચાર અને તેના પૂરક તપાચારમાં 'હું દેહ નથી" તેની પ્રક્રિયા છે. આત્માને આત્માના ચરમ અને પરમ સ્વરૂપમાં લાવવાની સાથે દેહમાંથી સુખબુદ્ધિ ઉઠાવી લેવાની સાધના છે.

અને અષ્ટપ્રવચન માતામાં પાંચ સમિતિનો જે ઉલ્લેખ કર્યો છે તે પાંચ સમિતિ નીચે પ્રમાણે છે :

(૧) ઈર્યા સમિતિ :–ચાલતી વખતે ચાર હાથ પ્રમાણે આગળની ભૂમિને જોઈને કોઈ જીવને કલેશ ન થાય, હિંસા ન થાય તેની જયણા રાખીને ચાલવું. કાયાનું સંચાલન કરવું જ પડે તેમ હોય તો પૂંજી પ્રમાજીને અત્યંત સાવધ રહી એવી રીતે કરવું કે જે વડે કરીને કોઈ જીવની વિરાધના ન થાય. તેમ થવાની શકયતા હોય તો કાયગુપ્તિનું પાલન કરવું.

(૨) ભાષા સમિતિ :–શકય હોય ત્યાં સુધી વચનગુપ્તિ જ પાળવી. મૌન જ રહેવું. અને છતાંય જો ભાષાપ્રયોગ કરવો જ પડે તેવો પ્રસંગ હોય તો સત્ય, પ્રિય, હિત અને પથ્ય વચન બોલવાં.

(૩) એષણા સમિતિ:– શકય તો નિરાહારી રહેવું, તેમ બને એમ ન હોય તો મિતાહારી થવું અને તેમાંય જે આહાર–પાણી આદિ લેવાની આવશ્યકતા હોય તે નિરવદ્ય ખેતાલીશ (૪૨) દોષરહિત લેવા. ગાય ખેતરને ઉજાડયા વિના ચરે, ભ્રમર જેમ પુષ્પરસ લે તે પ્રમાણે ગોચરી કરવી–માધુકરી કરવી.

(૪) આદાન ભંડ મત નિક્ષેપણા સમિતિ:– કોઈપણ વસ્તુ લેતાં મૂકતાં કે ફેરવતાં મૂંજી પ્રમાજીને વ્યવહાર કરવો અર્થાત્ પ્રમાર્જન કરવા પૂર્વક–યતના (જયણા)પૂર્વક લેવી–મૂકવી કે ફેરવવી.)

(૫) પારિષ્ઠાપનિકા સમિતિ :– વસ્તુનો નિકાલ કરતાં, નાખી દેતાં, ભવિષ્યમાં જીવોત્પત્તિ નહિ થાય તેવી તેની સ્થિતિ કરી જીવરહિત ભૂમિએ પ્રમાજીપૂર્વક તેનો નિક્ષેપ કરવો તેને પારિષ્ઠાપનિકા સમિતિ કહે છે જેનો જૈન પારિભાષિક સુંદર શબ્દપ્રયોગ 'પરઠવવું' છે.

ગુપ્તિ એટલે મન–વચન–કાયા ઉપરનો મજબૂત અંકુશ. ગુપ્તિ એટલે પ્રવૃત્તિ કરવી જ નહિ અર્થાત્ ગોપવવી અને યોગ છે એટલે અનિવાર્ય સંયોગોમાં કરવી પડે તો તે સમિતિપૂર્વક, સંમિતતા સહિત કરવી. નિયંત્રણયુકત (Controlled–restrailed) પ્રવૃત્તિ. **લક્ષ્ય ગુપ્તિનું રાખવાનું છે અને પાલન સમિતિનું કરવાનું છે. જે જીવ સમિતિનું પાલન કરી શકે છે તે ગુપ્તિ પ્રાપ્ત કરી શકે છે.** પાંચ સમિતિમાં માત્ર ભાષા સમિતિમાં વચનયોગ છે. બાકીની ચાર સમિતિ કાયયોગ આશ્રિત છે એમાં મનોયોગ નથી. જ્યારે ગુપ્તિમાં વચનયોગ ને કાયાયોગ સહિત મનોયોગની પણ ગુપ્તિ છે. મનોનિગ્રહ છે. મનથી શુભપ્રવૃત્તિ સહજ થાય અને અશુભ પ્રવૃત્તિ વગર બળાત્કારે જાય તો તે ઊંચી આત્મદશા છે. મન સૂક્ષ્મ હોવા છતાં કાર્ય આશ્રિત સ્થૂલતા પ્રાપ્ત કરે છે. કાયા જ્યારે નિર્બળ બને છે ત્યારે મન નિર્બળ બને છે. મનને મન–વચન–કાયયોગ આશ્રિત શુભ વૃત્તિ–પ્રવૃત્તિમાં પ્રવર્તાવવું જોઈએ. કાયા સ્વયં સંચાલિત નથી પણ મન તેનું સંચાલક છે. કાયાના લક્ષ્યે મન સ્થૂલ અને નિર્બળ બને છે. મનને આત્મ આશ્રિત કરીશું તો આત્માની અનંત શકિતઓનો સ્રોત મનને શકિત આપશે અને નિર્બળ કાયયોગમાં પણ મન સાબૂત રહેશે–બળવાન રહેશે અને કાયા પાસે ધાર્યું કામ લઈ શકશે અને વચન પણ પછી એની શકિત બની જશે. એવા આત્મ આશ્રિત–આત્મસ્થિત આત્માના–મનના શબ્દોદ્ગાર–વચનોચ્ચાર સામા શ્રોતાએ સ્વીકારવા જ પડતા હોય છે. એમને વચનસિદ્ધિ પણ વરે છે. મન માત્ર શરીર માટે અને શરીરના લક્ષ્યે કામ કરી રહ્યું છે તે સંસાર છે. મન શરીર સાપેક્ષ સુખ–દુઃખ ભોગવે છે. પરંતુ એણે શરીર નિરપેક્ષ અને આત્મ સાપેક્ષ સુખ અનુભવવું જોઈએ. અધ્યાત્મ માર્ગમાં મનની વિચારણા આત્મલક્ષે હોય તો તે ધર્મમાર્ગ–મોક્ષ માર્ગ છે. **મન–મોહ અને દ્વેષથી ધર્મ–અધર્મ સમજવાના છે. મનને છોડીને માત્ર કાયિક ક્રિયાઓ માત્રથી અધ્યાત્મ પ્રાપ્ત થવાનું નથી. એ માત્ર બાહ્ય દ્રશ્ય રૂપ ધર્મ–ક્રિયા બની રહેશે. એનાથી ધર્મની પ્રાપ્તિ નહિ થશે.**

સમિતિ–ગુપ્તિમાં સમિતિના પાલનમાં મન–વચન–કાયાના જે સક્રિય યોગો છે તેની ક્રિયામાં શુભાશુભનો વિવેક રાખવાનો છે. સાવદ્ય ક્રિયા છોડી નિરવદ્ય ક્રિયા કરવાની છે. જ્યાં સુધી ભેદ સ્વરૂપમાં છીએ ત્યાં સુધી સાધકે હેય–ઉપાદેયનો વિવેક કરી આચરણા કરવાની છે. હેય–ઉપાદેય કદી સમાન નથી. સિદ્ધ થયાં પછી હેય–ઉપાદેય અવસ્થાનું વિસર્જન છે. મનને અશુભ પ્રવૃત્તિથી નિવૃત્ત કરવું અને મનથી શુભપ્રવૃત્તિ સહજ બની જવી જોઈએ. એમ થાય તો સાધકે તેટલી સાધના કરી ગણાય અભય–અખેદ–અદ્વેષ ગુણ જે છે તે મને પ્રાપ્ત કરવાના છે. ભય–ખેદ–દ્વેષ જ્યાં સુધી હોય ત્યાં સુધી અજ્ઞાનતાનું સામ્રાજ્ય સમજવું. ભય–ખેદ–દ્વેષ એ ભ્રમ અને ભૂલવાળી દશા છે. 'હું દેહ છું' એ ભ્રમ અને ભૂલ છે. તે અજ્ઞાન–ભયરૂપ છે. ભય–ખેદ–દ્વેષ સંસારમાં સહજ છે. અધ્યાત્મમાં તે અસહજ છે, – મહાન ભૂલરૂપ છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ ચારિત્રાચાર છે જેને બળ આપનાર પાંચ મહાવ્રત છે : (૧) કોઈ પણ જીવની હિંસા નહિ કરવી (૨) અસત્ય બોલવું નહિ (૩) ચોરી કરવી નહિ. આપ્યા વગર–આજ્ઞા વગર–મંજૂરી વગર કોઈનું કશું લેવું નહિ (૪) બ્રહ્મચર્યનું પાલન અને (૫) પરિગ્રહનો ત્યાગ.

સંયમી સાધુ ભગવંતને પરિગ્રહ હોતો જ નથી. એ અપરિગ્રહી હોવાથી ચોરી, જૂઠ કે હિંસાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી અને કામના કોઈ છે નહિ તેથી બ્રહ્મચર્ય સહજ જ બને છે.

આમ ચારિત્રાચારની પાલનાથી અસદ્ આરંભ અને પરિગ્રહના પાપમાંથી મુકિત મળે છે તેનું જિનકલ્પના લક્ષે સામાયિકવ્રતના પાલનથી સેવન કરવું જોઈએ.

અત્રે એક સ્પષ્ટતા એ કરવાની કે 'જૈન ધર્મ' એટલે અહિંસાધર્મ' એવી જે માન્યતા છે તે બરાબર નથી. વાસ્તવિક તો જૈન ધર્મ એ પંચાચાર ધર્મ છે અને અહિંસા એ તો પંચાચાર ધર્મના ભેદ ચારિત્રાચારનો એક પેટા–ભેદ છે.

ચોથા તપાચારની પ્રતિજ્ઞા એ છે કે...'જો શરીર હું નથી તો ઇન્દ્રિયોનું સુખ સાચું ન હોય અને તો તે મારું કયાંથી હોય?' આહાર ત્યાગ એ તપાચારનો સંકલ્પ છે. તપાચારની શરૂઆત નવકારશીથી છે અને પૂર્ણાહુતિ અનશનથી છે. અને તેના ફળસ્વરૂપે પરાકાષ્ઠામાં અણાહારી પદ અર્થાત્ પૂર્ણકામ અવસ્થા, પૂર્ણ તૃપ્તાવસ્થાની પ્રાપ્તિ થવી તે શીખર છે.

તપાચાર એટલે ઇચ્છા નિરોધ. નહિ કે તપ એટલે

નિરોધ. તપ એ જીવનું લક્ષણ છે. એટલે કે જીવની શક્તિ છે અને તેથી તપનો અર્થ ઇચ્છા નિરોધ નહિ ઘટી શકે. હા! તપાચાર એટલે ઇચ્છા નિરોધ કહી શકાય.

વર્તમાનકાળની પ્રવૃત્તિ એવી ન હોવી જોઇએ જેનું પરિણામ દુઃખ હોય, પરંતુ ભૂતકાળમાં કરેલ દુષ્કૃતના પરિણામ રૂપે આવનારાં દુઃખોને સ્વેચ્છાએ આવકારવા તે પરિષહ છે અને ઉપસર્ગ છે. પરિષહ સ્વયં ઊભા કરેલાં કષ્ટ હોય છે. જ્યારે ઉપસર્ગ એ પર નૈમિત્તિક આવનારાં કષ્ટ હોય છે. દુઃખ શરીરથી શરીરને વેદવાનું છે. અશરીરી દુઃખ વેદતાં નથી. સુખ દેહજન્ય અને આત્મજન્ય એમ ઉભય છે.

દુઃખને આમ ત્રણ આપવું પણ દેહ-આત્માની ભિન્નતાના ભેદજ્ઞાનથી આવેલા દુઃખનો સ્વીકાર નહિ કરવો. અર્થાત્ દેહ ભલે દુઃખ વેદે પણ મન તો તેવે સમયે સુખ જ વેદતું હોય, આવું ત્યારે જ બને જ્યારે દેહભાવ અને દેહભાન જતાં રહ્યાં હોય. દેહાભિમાન હશે, દેહાધ્યાસ હશે તો દુઃખનું વેદન મન પણ કરશે અને ત્યારે તે દુઃખનો સ્વીકાર થયેલો ગણાશે. દેહ ભલે દુઃખી હોય, આત્મા તો સુખમાં જ રહેવો જોઇએ. આમ દુઃખને સુખમાં પરિણમાવતાં થઇશું, દુઃખમુક્ત થઇશું ત્યારે જ કેવલજ્ઞાન થશે. આવી દશા, બાહ્ય પંચાચારના પાલનના અભ્યાસથી અભ્યંતર દશા આવેથી થાય છે.

શરીરને જોઇએ-જરૂર હોય તેથી ઓછું આપવું તેનું નામ તપાચાર ઇન્દ્રિયોનું દમન કરવું તેનું નામ પણ તપાચાર આમ કરવાથી અવ્યવસ્થા થાય ત્યારે મન અસ્વસ્થ ન થતાં સ્વરૂપ રમણતા કરે અને સંયમ જળવાય તો તે તપ. કાયા દ્વારા તપ, ઉપવાસ આદિ આદર્યા બાદ મનથી ખાસ-વિશેષ સંયમ કરી સ્વરૂપ વિચારણા કરવી તે મનનો તપ કર્યો કહેવાય, આમાં શરીરનું ભેદજ્ઞાન અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન જોઇએ. માત્ર શરીરથી સાધના નથી થતી, વિશેષે તો મનનો સંયમ કેળવવાનો છે. એમ કરીશું તો જ કેવલજ્ઞાન પ્રાપ્ત થશે.

જો શરીરની સાથે ભોગ્ય પદાર્થ જોડાય અને ઇન્દ્રિય વિકાર થાય તો તે સંયમ નહિ. પ્રમાદ એ પણ વિકાર અને ભોગેચ્છા તે પણ વિકાર. અને પાંચે ઇન્દ્રિયોના સુખની પ્રાપ્તિની ઇચ્છા તે પણ વિકાર-અસંયમ.

શરીરને ખપ પૂરતું આપ્યા પછી તે શરીર, ધર્મ કરવાના ઉપયોગમાં આવે તે સંયમનો ધ્યેય છે. તપનું ફળ આહારસંજ્ઞા ટાળવી તે છે. લેશમાત્ર આહારની ઇચ્છા-રસગારવ-રસવૃત્તિ ન થાય અને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય તે તપનું ફળ છે. અનશન એ સર્વોત્કૃષ્ટ-પરાકાષ્ઠાનું તપ છે પણ ફળ નથી. એ તો બાહ્ય તપનો ઉત્કૃષ્ટો પરાકાષ્ઠાના પ્રકાર છે.

આહાર-ભય-મૈથુન-પરિગ્રહ એ ચારેય સંજ્ઞા જ સંસારભાવ છે-દેહભાવ છે. એ ચારેયને ટાળવાના છે. પંચાચારના પાલનમાં મનને જોડીએ ત્યારે જ એ ચારે ટળે. કાયયોગની ક્રિયા કરતાં મનોયોગની ક્રિયા મહાન છે. ઉચ્ચ વિચાર, ઉચ્ચ આશય, ઉચ્ચ લક્ષ્ય અને શુદ્ધિ હોય તો જ કાયયોગની ક્રિયાની કિંમત છે. એનું પરિણામ છે. એક જ અનશન એવું થવું જોઇએ કે એમાં અંતરક્રિયા કરતાં કરતાં અંતરાત્મા પરમાત્મા બની જાય-કેવલજ્ઞાનનું પ્રાગટ્ય થઇ જાય. અનંતા અનશનની જરૂર નથી.

ત્રણેય યોગના સંયમ-ચારિત્ર-તપને પામવાં જોઇએ. માત્ર કાયયોગના ચારિત્ર - તપથી કેવલજ્ઞાન પ્રાપ્તિ શક્ય નથી. અધ્યાત્મમાં મનોયોગની પ્રધાનતા છે. વ્યવહારમાં કાયયોગની પ્રધાનતા છે. વ્યવહારથી નિશ્ચયમાં જવાનું છે અને નિશ્ચયથી વ્યવહારમાં આવવાનું છે એટલે કે નિશ્ચયને વ્યવહારમાં-આચરણમાં ઉતારવાનો છે. માત્ર વ્યવહારવાદીઓ તત્ત્વને પામતા નથી અને માત્ર નિશ્ચયવાદીઓ વ્યવહારનો જ લોપ કરે છે તે ય નિશ્ચયની વાતોથી નિશ્ચિતતાની પ્રાપ્તિ કરી શકતાં નથી એટલે જ તો તપાચારના બાહ્ય અને અભ્યંતર એમ બે ભેદ પાડ્યા છે. બાકીના ત્રણ આચારમાં એવા ભેદ પાડ્યા નથી.

अणसणगुणोअरिआ, वित्ती संखेवणं रसच्चाओ ।
काय-किलेसो सेली-णया य बज्झो तवो होइ ॥

प्रायच्छित्तं विणओ वेचावच्चं तहेव सज्झाओ ।
झाणं उसग्गो वि अ, अब्भिंतरओ तओ होइ ॥

અતિચારની આ ૬ઠ્ઠી ને ૭મી ગાથામાં તપના ૭ બાહ્ય ભેદ (૧) અનશન (૨) ઉણોદરી (૩) વૃત્તિ સંક્ષેપ (૪) રસ ત્યાગ (૫) કાયકલેશ (તિતિક્ષા) (૬) અને સંલીનતા બતાવેલ છે જ્યારે ૭ અભ્યંતર ભેદમાં (૧) પ્રાયશ્ચિત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) ઉત્સર્ગ (ત્યાગ)-કાયોત્સર્ગ જણાવેલ છે.

વીર્યાચારને બાદ કરી બાકીના ચારમાંના સાડાત્રણ આચાર બાહ્ય છે જ્યારે તપાચારનો અડધો આચાર એટલે કે અભ્યંતર તપ આવે ત્યારે જ ધર્મની સાચી શરૂઆત થાય છે. જ્યાં સુધી સ્વદોષ દર્શન નથી અને સ્વદોષ પીડા નથી ત્યાં સુધી પારમાર્થિક ધર્મની શરૂઆત નથી. દોષ દેખાશે અને દોષની પીડા થશે તો દોષ નિવારણ રૂપ આગળનો ધર્મ સેવાશે. ગુણ કેળવાશે. એક મહાત્માએ આ સંદર્ભમાં જણાવેલ છે કે-

આપ ગુણી ને વળી ગુણરાગી તેહની કીર્તિ જગમાં ગાજે.
આપ દોષી ને વળી પરગુણદ્વેષી તેહની ગતિ તરક ગામી

બાહ્ય તપની શરૂઆત નવકારશીથી થઇ પૂર્ણાહુતિ અનશને થાય છે તેમ અભ્યંતર તપની શરૂઆત પ્રાયશ્ચિતથી થાય છે અને પૂર્ણાહુતિ કાયોત્સર્ગથી થાય છે.

અધ્યાત્મમાં મનોયોગની પ્રધાનતા છે. વ્યવહારમાં કાયયોગની પ્રધાનતા છે. કાયયોગની ચેષ્ટા સીમિત છે. તપાચારમાં સંખ્યાતા ભેદ છે. જ્યારે મનોયોગમાં ચોથા ગુણસ્થાનકથી કેવલજ્ઞાનની પ્રાપ્તિરૂપ એવાં તેરમા ગુણસ્થાનક સુધી અસંખ્યાતા અધ્યવસાય સ્થાનકો રહેલાં છે. મનનો સંયમ વિશેષે કેળવવાનો છે જેને માટે કાયાને સંયમમાં પહેલ પ્રથમ લાવવાની છે. કાયા સંયમમાં આવી એટલે કાર્ય પૂર્ણ થયું સમજવાનું નથી. પરંતુ સંયમમાં આવેલ કાયાના બળે મનોબળ દૃઢ કરી આંતરગુણોની ઠેઠ કેવલજ્ઞાન પ્રાપ્તિ સુધી ખીલવણી કરવાની છે. મનથી શુભભાવ અને શુદ્ધભાવ કરવાના છે. તેમ કરીને અશુભકર્મોનો નાશ કરવાનો છે.

પાંચમો વીર્યાચાર છે જે ઉપર્યુક્ત ચારેય આચારમાં સમન્વિત છે. વીર્યાચાર દ્વારા વર્તમાનકાળમાં જેટલી શક્તિ પ્રાપ્ત હોય તે સર્વ શક્તિ ગોપવ્યા વિના ટેક, ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ અને દૃઢતાથી ચારેય આચારનું પાલન કરવાનું છે અને તે આચાર દ્વારા લક્ષ્ય સુધીનો વિકાસ

સાધવાનો છે. ગળિયા બળદ જેવી વેઠ ઉતારવા જેવું નથી કરવાનું અથવા તો લાલસા, લોકેષણા કે મનોરંજનનો હેતુ નથી રાખવાનો. આ સંદર્ભમાં જ એક સંતે કહ્યું છે કે, 'જૈનમનર જન ધર્મનું મૂળ ન એક બદામ.' ચારેય આચારની પાલનામાં રસ રેડવા પૂર્વક પ્રતિદિન વધુ ને વધુ આગળ વધવું, વૃદ્ધિ કરવી-વિકાસ સાધવો અર્થાત્ વીર્ય ફોરવવું તે વીર્યાચાર પાલના છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર ને તપાચારમાં જે ભિન્ન ભિન્ન શક્તની તરતમતા છે તે જ વીર્યાચાર છે. સાધકાવસ્થામાં વીર્યશક્તિની તરતમતા-ભેદ હોય છે. પરંતુ સિદ્ધાવસ્થામાં જે અનંત શક્તિ છે તે અનંતવીર્ય છે જે સર્વ સિદ્ધભગવંતોને સર્વકાળમાં આદિ અનંતુ એક-સરખુ એક ભેદે છે.

વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ એ જીવનો વિકાસ છે. વીર્યાંતકર્મના ક્ષયથી અનંતવીર્ય પ્રગટે છે. વીર્ય ફોરવવાનું છે અને વીર્યની તાકાતથી મોહનીયકર્મનો ક્ષય કરવાનો છે. જિજ્ઞાસા-પિપાસા એ જ્ઞાનતત્ત્વ છે. એ ગ્રાહકતા છે. જ્યારે તીવ્રતા એકાગ્રતા-દૃઢતા-તરવરાટ-થનગનાટ તમન્ના-'કરેંગે યા મરેંગે'ની દૃઢ ભાવના (Burning Desire) મરી ફીટવાની ભાવના એ વીર્યાંતરાયના ક્ષયોપશમનાં લક્ષણો છે.

આ વીર્યાચારની શરૂઆત જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર ને તપાચારમાં જોડાવાથી છે. અને તેની પૂર્ણાહુતિ શ્રુતકેવલિપણાની પ્રાપ્તિથી અભેદદ્રષ્ટિ-સમદ્રષ્ટિ, જિનકલ્પાવસ્થા અને અનશન તપથી છે. ફળસ્વરૂપ પરાકાષ્ઠામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર-અનંત સુખ અને અનંતવીર્યની પ્રાપ્તિ થવી તે શીખર છે.

વીર્યાંતરાયનો ક્ષયોપશમ ક્યાં ફોરવવાનો છે ? એક તો પરિષહ-ઉપસર્ગ સમયે અશાતા વેદનીયની અસર સમભાવ-પૂર્વક સહન કરવામાં વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ કરવાનો છે. તે જ પ્રમાણે સ્વયંના અજ્ઞાન અને મોહદશાને પણ જોઈ જોઈને ખતમ કરવામાં વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ કરવાનો છે.

અજ્ઞાન અને મોહને ટકાવવામાં કાંઈ મહેનત કરવી પડતી નથી પરંતુ અજ્ઞાન અને મોહને કાઢવા મહેનત કરવી પડે છે. અને તેવી મહેનત કરવી પ્રયત્ન કરવો. તેનું જ નામ શક્તિને ફોરવવી એટલે કે વીર્યાંતરાયનો ક્ષયોપશમ કરવો. અશાતા વેદનીયમાં આત્મા પીડાતો હોય ત્યારે સમભાવ ટકાવી રાખવા, આર્તધ્યાનથી બચવા અને ધર્મધ્યાન ટકાવી રાખવા તેમ જ આગળ વધી શુક્લધ્યાનમાં ચઢવાને માટે પણ આત્મશક્તિ-આત્મબળ વિકસાવવું પડે છે. જે પણ વીર્યાંતરાયનો ક્ષયોપશમ છે. આવો વીર્યાંતરાયનો ક્ષયોપશમ કરવો તેનું જ નામ વીર્યાચાર.

પાંચ અસ્તિકાયમાં સ્વ સ્વરૂપ સ્વભાવ તે તે અસ્તિકાયની સ્વશક્તિ છે. જીવાસ્તિકાય (આત્મા)ની શક્તિને વીર્ય કહેવાય છે કારણ કે તેમાં ચૈતન્ય શક્તિ છે.

આત્માના પાંચે ગુણો વીર્ય વિનાના નથી. જ્ઞાનવીર્ય, દર્શનવીર્ય, ચારિત્રવીર્ય, તપવીર્ય આદિ વીર્ય એટલે તેજ.

Light, Might, Vitalify, Power, Force, Zeal, Strength-જેમ-જોશ-ઉત્સાહ-ઉમંગ-ઉલ્લાસ, બળ, ઘગશ, ખંત, ટેક, દૃઢતા, થનગનાટ, તરવરાટ આદિ ગુજરાતી-અંગ્રેજી શબ્દો વીર્યને સૂચવનારા છે.

આવું વીર્ય જ્ઞાનમાં ભળે તો જ્ઞાન નિરાવરણ અને તેજસ્વી બને દર્શનમાં ભળે તો દર્શન પણ નિર્મળ અને પૂર્ણ યથાસ્વરૂપ બને. ચારિત્રમાં ભળે તો ચારિત્ર અણીશુદ્ધ બને. જેમ મીઠાશમાં ગળપણ (મીઠાશ) અને રસવતી (રસોઇ)માં સબરસ (નમક-મીઠું) તેમ સર્વ ચારેય આચારમાં પાંચમો વીર્યાચાર ભળેલો જોઇએ. મીઠાશ વિનાની મીઠાઇ નહિ. સબરસ વિનાની રસોઇ નહિ તેમ વીર્યાચાર વિનાનો આચાર નહિ.

જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ એ વીર્યશક્તિ ફોરવવાને માટેનાં ચાર આંતરસાધનો છે. વીર્ય-રસ એ સ્વસંવેદ્ય ચીજ છે. સ્વસંવેદ્ય તત્ત્વથી આત્માને અનામી-અરૂપી કહેલ છે. સ્વસંવેદ્ય તત્ત્વનો કોઇ નામનિક્ષેપો કે સ્થાપનાનિક્ષેપો નથી. ધ્યાન પણ વીર્યશક્તિ છે.

આત્મા તેજ (અગ્નિ) સ્વરૂપ છે અને વીર્ય સ્વરૂપ છે. તેજસ શરીરથી જઠરમાં પચાવેલ શક્તિથી વીર્ય બને છે અને વીર્યથી જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ તેજસ્વી બને છે.

સૂર્યના તાપથી અનાજ ઊગે છે અને ચૂલાના અગ્નિથી અનાજ પરિપક્વ બને છે જે ખોરાક રૂપે પરિણમે છે, તેને દાંતથી ચાવીને, તેમાં મુખરસ-અમીરસ ભેળવીને પચાવેલ તે ખોરાક જઠરમાં તેજસ શરીરથી વીર્યરૂપે પરિણમે છે.

પંચાચારમાં જેટલું વીર્ય ભળે તેટલું ઊંચું પુણ્ય બંધાય છે. કર્મનો ક્ષયોપશમ થાય છે-કર્મનો ક્ષય થાય છે. અને અંતે આત્મા કર્મમુક્ત બને છે.

આત્મા જેવો કોઇ સૌંદર્યવાન, તેજસ્વી, વીર્યવાન પદાર્થ નથી. સૂર્ય, ચન્દ્ર આદિ અન્ય તેજસ્વી પુદ્ગલપદાર્થો આત્માના તેજમાં પ્રકાશે છે. વીર્ય જો જીવમાં હોત નહિ તો તે શુષ્ક અને નિસ્તેજ હોત.

કેવલજ્ઞાનીને અંધારું ન દેખાય અને અંધારામાં રહેલ પદાર્થો પણ દેખાય. છદ્મસ્થ જીવોને અંધારામાં રહેલ પદાર્થો નહિ દેખાય. કેવલજ્ઞાન એ પરમાત્માનું તેજ છે જે સર્વ કાંઇ જોઇ શકે છે અને પરમાત્મા ન થાય ત્યાં સુધી આત્માના તેજમાં અંધારું કે અજવાળું દેખી શકે છે. અંધારું કે અજવાળું ન દેખાય તે આંધળો છે.

વૈરાગ્યની પરાકાષ્ઠા વીતરાગતા - નિર્મોહતા છે. માટે જ અનશનના લક્ષ્યે નવકારથી થાય તો તપાચાર સારો થાય-નવકારશી સારી થાય જિનકલ્પના લક્ષ્ય સામાયિક થાય તો સામાયિક સારું પળાય શ્રુતકેવલિના લક્ષ્યે નવકારમંત્રાદિ સૂત્રનું અધ્યયન શરૂ થાય તો જ્ઞાનાચારમાં દ્વાદશાંગી સુધી પહોંચી શકાય-ચૌદપૂર્વી બની શકાય.

બીજ પુરું ક્યારે થાય ? તો કે ફળ આવે-ફળ બેસે ત્યારે. એ જ પ્રમાણે ઉપરનું સર્વ સમજવાની જરૂર છે. સાધનામાં સાધકે સાવધ-અપ્રમત્ત રહેવાનું છે, બચતાં રહેવાનું છે અને આગળ ધપતાં રહેવાનું છે. ફળ-પરિણામ આવે નહિ ત્યાં સુધી ઝઝુમતાં રહેવાનું છે. યુદ્ધમાં જેમ સૈનિકનું લક્ષ્ય મરી જવાનું નહિ પણ મારી નાખવાનું હોય છે તેમ અહીં મોહરણમાં મોહની સામેની લડાઇમાં મોહથી મૂર્છિત થવામાંથી બચતાં રહેતાં રહેતાં મોહને હણતાં હણતાં નિર્મોહી બનીએ નહિ, વીતરાગ થઇએ નહિ ત્યાં સુધી પંચમગતિ(મુક્તિ)ની

પ્રાપ્તિના લક્ષ્યે પાંચે ઇન્દ્રિયોથી, પંચ પરમેષ્ઠિના સાન્નિધ્યમાં-પંચમહાવ્રતની પાલના કરવા પૂર્વક પંચાચારનું સેવન જીવે-સાધકે પાંચે સ્વરૂપ શક્તિથી કરવાનું હોય છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્ય એ પાંચે સાધન પણ છે અને સાધકનાં તે પાંચ સાધ્યો પણ છે. આ પાંચે ગુણો પરાકાષ્ઠાના ફળવવાં સિદ્ધ થવાય છે. જ્યારે પાંચે સ્વરૂપ શક્તિનું પાંચ સ્વરૂપ ગુણોમાં પરિણમન થાય છે-પ્રાગટય થાય છે.

આ પાંચે આચાર મનુષ્ય સર્વથી પ્રાપ્ત કરી શકવા શક્તિમાન છે. સંજ્ઞિ પંચેન્દ્રિય તીર્યંચના જીવોને દેશથી પ્રાપ્ત થઇ શકે છે. જ્યારે દેવ અને નારકીના જીવોને માત્ર બે જ આચાર, જ્ઞાનાચાર ને દર્શનાચાર પ્રાપ્ત થઇ શકે છે. અસંજ્ઞિ જીવોને તેમજ એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય જીવોને એકેય આચાર પ્રાપ્ત થઇ શકતો નથી.

પુનર્જન્મ નથી જોઇતો-દેહ નથી જોઇતો તો દેહભાવ છોડવો જોઇએ. દેહભાવ છોડવો તે સમ્યકત્વ છે. જે જ્ઞાનાચાર, દર્શનાચાર છે. કારણકે 'દેહ એ હું નથી' એવું જાણ્યું-આત્મા અને દેહ જુદા છે એવી જાણ થઇ તે જ્ઞાનાચાર છે. જ્યારે 'દેહ એ હું નથી'ની ભાવના અંતર્ગત 'હું આત્મા છું' અને વળી 'આત્મા નિત્ય છે' ને 'હું પરમાત્મ સ્વરૂપ છું' એવી દ્રષ્ટિ થઇ. સ્વરૂપનું લક્ષ્ય થયું, અર્થાત્ મોક્ષની દ્રષ્ટિ થઇ તે દર્શનાચાર થયો.

આમ 'દેહ એ હું નથી' પણ 'હું આત્મા પરમાત્મ-સ્વરૂપ છું' એવી દ્રષ્ટિ થઇ. દેહભાવ ગયો અને આત્મભાવ આવ્યો અર્થાત્ દ્રષ્ટિ અવળી મટી સવળી થઇ-મિથ્યા (વિનાશી) મટી સમ્યગ્ થઇ તેના બળે પછી આત્મભાવથી આત્માને એના સાચા સમ્યગ્ આત્મસ્વરૂપમાં અર્થાત્ પરમાત્મ સ્વરૂપમાં લાવવા માટે દેહધર્મ ઉપર પરિષહ અને ઉપસર્ગોનાં કષ્ટ વેઠી વિજય મેળવવો એટલે કે સંયમ અને તપમાં પ્રવૃત્ત થવું તે ચારિત્રાચાર અને તપાચાર છે. સ્વરૂપ રમણતા અને નીજગુણ સ્થિરતા તે સાધુપણું-ચારિત્ર છે.

દર્શનાચારથી જ્ઞાનાચાર આવે છે. દેવ-ગુરુના દર્શને જતાં જતાં દેવ થકી, ગુરુ થકી જ્ઞાન પમાય છે જે જ્ઞાનાચાર છે. ચારિત્રાચાર તથા તપાચાર (સામાયિક, પૌષધ, યમ-નિયમ-વ્રત પચ્ચખ્ખાણ-પ્રતિજ્ઞા આદિ) પણ ગુરુ પાસેથી મળે છે.

મહાપુરુષ થવાની ક્રિયા કર્મયોગની છે જે ક્રિયારૂપ છે જ્યારે પુરુષોત્તમ થવાની ક્રિયા જ્ઞાન - ધ્યાન યોગથી અને પંચાચારની પાલનાથી છે જે ક્રિયા અને ભાવ ઉભય સ્વરૂપ છે.

જ્ઞાનમાં સ્વયંને પરમાત્મ સ્વરૂપે જાણ્યો તેવો નિર્ણય કર્યા બાદ ઉપયોગને યોગથી ભિન્ન કરવા રૂપ-દેહથી આત્માને ભિન્ન કરવા રૂપ પરમાત્મા બનવાની જે પ્રવૃત્તિ છે તે ચારિત્રાચાર અને તપાચાર છે. ચારિત્રાચાર અને તપાચારની સેવનાથી 'હું સિદ્ધ સ્વરૂપી છું' એવો જે નિર્ણય કર્યો તે સિદ્ધ સ્વરૂપનું સ્વ આત્મક્ષેત્રે વેદન અનુભવન કરવાનું હોય છે. 'પ્રજ્ઞાનમ્ આનન્દમ્ બ્રહ્મ'નો અનુભવ કરવાનો હોય છે.

જ્ઞાનાચાર ને દર્શનાચારથી નિર્ણિત થયેલ પરમાત્મ સ્વરૂપ ઉપયોગની ધારાથી ચારિત્રાચાર-તપાચારમાં દેહથી આત્માને ભિન્ન કરવાની યોગક્રિયા કરવાની હોય છે. આમ જો **જ્ઞાનાચાર-દર્શનાચાર એ ઉપયોગપ્રધાન છે તો ચારિત્રાચાર તપાચાર યોગપ્રધાન છે.**

જીવનું સર્વસ્વ જે કાંઇ છે તે જ્ઞાન-દર્શન છે. એ જ્ઞાન-દર્શનનો ભોગ-ઉપયોગ-વેદન-અનુભવન-રસાસ્વાદ ચારિત્ર અને તપથી છે. જ્ઞાન-દર્શન જીવના સ્વગુણ છે. સ્વગુણનું લક્ષણ એ છે કે તે ગુણ લક્ષણરૂપે અંશે પણ જીવની સર્વ નિકૃષ્ટ કે ઉત્કૃષ્ટ અવસ્થામાં કાર્યાન્વિત હોય. અર્થાત્ લક્ષણ, ચિહ્ન રૂપે વ્યવહારમાં તે ગુણ સક્રિય હોય. લક્ષણ જાતિ મૂલક છે. આચાર સંજ્ઞા મૂલક છે અને ગુણ વિકાસમૂલક છે. જાણવાનું ચાલુ રહેવું તે આત્માનો જ્ઞાનગુણ છે. જાણવાનું સદંતર બંધ થઇ જાય તો આત્મા, આત્મા મટી અનાત્મા બની જાય. જીવ મટી જડ થઇ જાય. પ્રત્યેક ગુણ સ્વક્રિયાવંત હોય, સ્વક્રિયા અભેદ હોય.

પંચાચારની પાલના જેટલી ઓછી થાય તેટલો વાસ્તવિક લાભાંતરાય સમજવો. આપણે ભૌતિક સુખસામગ્રી નહિ મળે તેને લાભાંતરાય સમજીએ છીએ જે સાંસારિક ક્ષેત્રે છે. આધ્યાત્મિક ક્ષેત્રે તો આત્માની જે અનંતશક્તિ છે, આત્માનું જે અવ્યાબાધ સુખ છે તે ભોગવી શકાતું નથી તે જ વાસ્તવિક લાભાંતરાય છે. પંચાચારની પાલના કરનારા સાધુ ભગવંતો સ્વયં પંચાચારમાં આગળ વધે નહિ તે તેમનો લાભાંતરાય અને તેઓ અન્ય પોતાના સંપર્કમાં આવનારા જીવોને જ્ઞાન - ઉપદેશ આપે નહિ તો તે તેમનો દાનાંતરાય છે. રત્નત્રયીની આરાધનામાં પંચાચારની પાલનામાં શક્તિ ન ફોરવવી તે તેમનો વીર્યાંતરાય છે અને આત્મગુણોની અનુભૂતિ ન થવી, પંચાચાર પાલનાનો રસાસ્વાદ ન થવો તે ભોગોપભોગાંતરાય છે.

જ્ઞાનથી ધ્યાનમાં જવાનું છે અને ધ્યાનથી સમાધિમાં જવાનું છે. અંતે સમાધિમાંથી સમત્વમાં-સ્વભાવમાં-સ્વરૂપમાં જવાનું છે. જ્ઞાનથી હેય-જ્ઞેય અને ઉપાદેયની સમજ આવે છે. તપ અને ચારિત્રથી હેય છૂટે છે, જ્ઞેયના જ્ઞાતા બનાય છે અને ઉપાદેય સાથે સંધાણ-જોડાણ થાય છે. ધ્યાનમાં ઉપાદેય અને ઉપાદાન એક બને છે. વિકલ્પોના સાક્ષી બનાય છે અને દેહાધ્યાસ છૂટે છે, ધ્યાનમાંથી સમાધિ જાગતાં કેવળ ઉપાદાન રહે છે.

વિકલ્પ છૂટી જાય છે અને નિર્વિકલ્પ દશા આવે છે. આત્માનંદની અનુભૂતિ થાય છે. સહુ કોઇ પંચાચારધર્મની પાલના વડે આત્માનુભૂતિના આનંદ મેળવતાં મેળવતાં પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરો એવી અભિલાષા !

સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી

વિનયચંદ્રસૂરિ વિરચિત આરામશોભાકથા

જયંત કોઠારી

દેવચન્દ્રસૂરિકૃત 'મૂલશુદ્ધિપ્રકરણવૃત્તિ' પછી વિનયચન્દ્રસૂરિકૃત 'મુનિસુવ્રતસ્વામિચરિત'માં આરામશોભાનું કથાનક મળે છે. મુનિસુવ્રતસ્વામિચરિત' પ્રકાશિત છે (સં પા. વિક્રમવિજયગણિ તથા મુનિ ભાસ્કરવિજય પ્રકા. લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા, છાણી. ૧૯૫૭). કૃતિનો રચનાસમય પ્રાપ્ત નથી પણ કવિની અન્ય કૃતિઓ સં. ૧૩૨૫ (ઇ. ૧૨૬૯) અને સં. ૧૩૪૫ (ઇ. ૧૨૮૯)ની મળે છે. સંસ્કૃત પદ્યબદ્ધ આ કૃતિના બીજા સર્ગમાં શ્લોક ૭૪૧થી ૧૦૫૯ સુધી આરામશોભાકથા છે. એટલે ૩૧૯ કડીની આ રચના છે.

કથાતત્ત્વની દૃષ્ટિએ કૃતિ દેવચન્દ્રસૂરિની કૃતિથી થોડો ફરક બતાવે છે. એવાં કેટલાંક સ્થાનો નીચે મુજબ છે :

૧. અહીં દેશનામ કુસદ્ય છે, ગામનામ રથલાશય છે. નંદનના પિતાનું નામ નંદ નહીં પણ ગણેન્દ્રભૂતિ છે, વસંતદેવના નામનો ઉલ્લેખ નથી અને ઉદ્યાનપાલકનું નામ પાલક આપવામાં આવ્યું છે.

૨. રથલાશય પર્વતની તળેટીની નજીક આવેલ છે, એની આજુબાજુ ઘાસ પણ નથી, એ મરુસ્થલ જેવો પ્રદેશ છે, ઊષરક્ષેત્ર છે એમ કહેવામાં આવ્યું છે. તેથી વિદ્યુત્પ્રભા પછી સૂતેલી બતાવાઇ છે તે પણ તૃણ વગરના પ્રદેશમાં.

૩. વિદ્યુત્પ્રભાનો પિતા વિભવથી એટલે કે પૈસાથી બીજી પત્ની લાવ્યો એમ કવિ કહે છે અને નિરીક્ષણ કરે છે કે સ્ત્રીઓ ધનને જ વશ હોય છે. સમાજચિત્રણની દૃષ્ટિએ આ નોંધપાત્ર ઉમેરણ છે.

૪. વિદ્યુત્પ્રભા દેવતા હોવાનો ભ્રમ થાય અને પછી શરીરની નિશાનીઓ પરથી એમ ન હોવાની ખાતરી થાય એવી વાત અહીં નથી.

૫. ગાયો ભડકીને નાઠી એમ નહીં, પણ વિદ્યુત્પ્રભા સૈન્યના પડાવને જોઇને ગાયોને લઇને નાઠી એમ અહીં વર્ણન છે.

૬. વિષયુક્ત ખાદ્યને અમૃતમય કરી નાખનાર અહીં નાગકુમાર નહીં પણ નાગકુમારનો મિત્ર યક્ષ છે.

૭. વિદ્યુત્પ્રભા માટે મીઠાઇ લઇને અગ્નિશર્મા ત્રણ વાર નહીં પણ બે વાર જાય છે.

૮. દેવચંદ્રસૂરિની કથામાં રાજા ચક્રાકારજીવને બતાવીને લાડુ ખાય છે, અહીં સ્પષ્ટ 'ચક્રાકારપક્ષી' શબ્દ છે.

૯. પહેલી વાર રાજા રાજરાણી બહાર ન નીકળે એવી દલીલ કરતો નથી, પણ ઉનાળો હોવાનું બહાનું કાઢે છે. પ્રસૂતિની વાત આવતાં, અલબત્ત, લોકાચારથી જુદા એવા રાજાચારનો ઉલ્લેખ કરે છે.

૧૦. રાણીને પિયર મોકલવા માટે મંત્રીનું સમર્થન લીધાની અહીં વાત નથી.

૧૧. પોતાની પુત્રી મરણ પામી છે એમ કહીને અપરમાએ એને ભોંયરામાં રાખી હતી અને બ્રાહ્મણ આ કપટથી અજ્ઞાત હતો એમ અહીં કહેવાયું છે.

૧૨. આરામશોભા પોતાના પુત્રને રમાડવા અહીં બે જ રાત આવે છે અને બીજી રાતે જ રાજા એને રોકે છે.

૧૩. આરામશોભાની ઓરમાન બહેનને છેવટે રાજા રથલાશયે મોકલી આપે છે એમ અહીં વર્ણવાયું છે.

૧૪. ચંપાપુરીથી સ્ત્રીને લઇને નીકળેલો નંદન રસ્તામાં મારી નગરી ચંપાપુરી દૂર છે એમ વિચારે છે એ સરતચૂક જણાય છે. એ નગરી તો કૌસલ્યા.

કેટલાક ફેરફારો તો કથા ઝડપથી ચલાવવા જતાં થયેલા જણાય છે. એ કારણે ક્યાંક-ક્યાંક પ્રસંગનિરૂપણ અદ્ધર પણ રહી ગયું છે. જેમકે આરામશોભા સગર્ભા હોવાનું જાણવા મળે, એથી ઓરમાન મા અગ્નિશર્માને શિખવાડીને મોકલે એવું નિરૂપણ અહીં નથી. રાજદરબારમાં ગયા પછી અગ્નિશર્માને પુત્રી સગર્ભા છે એમ જાણવા મળે છે અને એ જાતે જ જાણે ત્રાગું કરે છે. પહેલી પ્રસૂતિ પિયર થાય એવી દલીલનો લાભ પણ અહીં લેવાયેલો નથી. એ જ રીતે નંદન ચંપાપુરી આવે છે તે પૂર્વેની કથા એકદમ ટૂંકમાં કહેવામાં આવી છે અને શ્રીદત્ત શ્રેષ્ઠી માટે સંદેશો લઇને એ આવ્યો હતો એટલા ઉલ્લેખ પછી કુલધરકન્યાને રાતોરાત પરણીને એ ચાલ્યો જાય છે.

વિનયચન્દ્રે વર્ણનાદિકમાં મર્યાદિત રસ બતાવ્યો છે. અહીં નગરશોભાવર્ણન નથી, છત્રત્રયવર્ણન નથી. વાસભવનવર્ણન નથી; પણ એને સ્થાને પુત્રભવનનું વર્ણન છે જેમાં 'ચારે દિશામાં કદંબ વૃક્ષો પર રક્ષાયંત્રો બાંધેલાં છે' જેવી લાક્ષણિક વીગત ગૂથાય છે. ગામવર્ણન સાદું છે, વિદ્યુત્પ્રભાનું રૂપવર્ણન સ્વલ્પ અને રૂઢ છે પણ આરામશોભાને મળેલા ઉદ્યાનનું છટાયુક્ત વર્ણન છે અને સૈન્યપડાવનું પણ તાજગીભર્યું વર્ણન છે-ઘોડાઓને દુર્વા વનોમાં દોડી દેવામાં આવ્યા છે, સૈનિકો પાંદડાંઓની પથારી કરીને સૂએ છે, રાજા આમ્રવૃક્ષ નીચે વારવનિતાઓથી વીંટળાઇને બેસે છે, વગેરે. આરામશોભા પોતાના પુત્રને રમાડે છે તેનું વીગતભર્યું આસ્વાદ્ય વર્ણન તો આખી પરંપરામાં આ કવિ જ કરે છે-'વાછડીની પાછળ જતી ગાયની જેમ એની છાતીમાં ધાવણ ઊભરાઇ રહ્યું છે, રત્નાસને બેસીને બાળકને એ હાથથી ગ્રહે છે, છાતી પર રાખી રમાડે છે, દ્યાં દ્યાં દ્યાં એમ બોલે છે. પોતાનું ધાવણ ધવડાવે છે, બાળકને નચાવે છે, બુદ્ધિમાન સ્ત્રી વિવિધ અભિનવ નામોથી એને બોલાવે છે.'

અલંકારાદિ તરફ પણ કવિનું બહુ ઝાઝું લક્ષ નથી; પણ કવિની પોતાની અલંકારયોજના નજરે પડે છે. જેમકે, જ્વલનશિખાને અગ્નિશર્મારૂપી હવિર્ભુજ (અગ્નિ)ની સ્વાહા તરીકે ઓળખાવે છે (આ ઋગ્વેદીય કલ્પના છે!). જિતશત્રુ વિદ્યુત્પ્રભાના મુખચંદ્રની જ્યોત્સ્નામાં પોતાના નેત્રકૈરવોને પ્રસન્ન કરે છે એમ કહી કવિ સાંગ રૂપક યોજે છે. પરદેશી પથિક નંદના વસ્ત્રને હજાર આંખ છે એમ કહી એના ચીથરેહાલ વેશનું સૂચન કરે છે.

પાત્રોના મનોભાવોનું વિશેષ ચિત્રણ કરવાની કવિએ

કોશિશ કરી નથી, ઊલટો એમનાથી સંક્ષેપ થયો હશે. પરંતુ એકમે સ્થાને સામાજિક સંદર્ભને પ્રગટ કરતા વિચારો વિસ્તારથી અભિવ્યક્ત થયા છે તે નોંધવા જેવા છે. જેમકે કૃત્રિમ વિલાપ કરતી અપરમા પોતાની પુત્રીને સારું થાય એ માટે કુલદેવતા તથા ગ્રામદેવતાની પૂજના, મહાયાત્રાના લોકોને જાતજાતની નવી વાનગીઓ જમાડવાના સંકલ્પો કરે છે! અનેક પુત્રીઓ હોવાનું દુઃખ કુલધર ભારે તીવ્રતાથી વ્યક્ત કરે છે : અહો! પુત્રીઓએ કેવળ અમારું ઘર જોયું છે! કેમકે શપથ લઈને અમે મના કરી છે છતાં જાણકાર હોય એમ આવ્યા કરે છે... પુત્રી મૂર્તિમાન ઋણ છે. એક પુત્રીએ પુત્રને હમણાં જન્મ આપ્યો છે. એને તરત જ આભૂષણ મોકલવાં જોઈશે. લગ્ન વખતે મોસાળું ને નિશાળે બેસાડતી વખતે મહોત્સવ કરવો પડશે. જે સ્નેહવૃદ્ધિના હેતુથી એક જ ગામમાં પુત્રી આપે છે તે પોતાના ઘરને બાળીને જાતે બહાર નીકળવાનું કરે છે. જ્યારેજ્યારે જુઓ ત્યારે તમારે જમાઈ માટે ભોજનોત્સવ કરવાનો. યમ તો એક વાર આપણને હણે છે, પણ જમાઈ ધનહાનિ કરીને આપણને સેંકડો વાર હણે છે. ધનરૂપી વૃક્ષમાં લાગેલા કીડાના જેવા પુત્રીવિષયક આ આચારોથી એ વૃક્ષ ખવાઈ જાય છે. પુત્રીઓ ખરેખર વૈરિણીઓ છે.'

આ કવિની સૌથી વધુ નોંધપાત્ર ખાસિયત તો છે અર્થાન્તરન્યાસી સૂક્તિઓનો પ્રચુર વિનિયોગ. બેત્રણ કહીએ આવી એક ઉક્તિ હોય જ. કથાના આરંભમાં જ જુઓ વિદ્યુત્પ્રભાની માતાના મૃત્યુની વાત થતાં કવિ કહે છે– 'મૃત્યુ તો સર્વદા સનાતન છે.' તરત વિદ્યુત્પ્રભાના અવિરત ચાલતા ઘરકામને અનુલક્ષીને કહે છે– 'ગૃહધર્મીઓને શાંતિ ક્યાંથી?' વિદ્યુત્પ્રભાનો ગતચેતન પિતા ધરની ચિંતા કરતો નથી, એટલે વળી કવિ એક તારણ મૂકે છે– 'કુશિક્ષિતો ઉદય–અસ્તને જાણતા નથી.' વગેરે. આખી કથામાંથી આવી સોએક જેટલી ઉક્તિ તો જરૂર ભેગી કરી શકાય.

આ બધું છતાં વિનયચન્દ્રસૂરિની આ કૃતિમાં કથાકૌશલ કે કાવ્યરસની દૃષ્ટિએ પ્રભાવિત કરે એવું ઘણું ઓછું છે એમ કહેવું જોઈએ.

મુનશીની સામાજિક નવલકથાઓ – થોડાક સંકેતો

✠ ડા. પ્રવીણ દરજી

મુનશી એમના જીવનના અને સાહિત્યના સંદર્ભમાં ઘણીબધી રીતે ચર્ચાસ્પદ રહ્યા છે. પ્રવાહમાં તણાય તે બીજા. તે તો સામે પૂરે તરનાર વ્યક્તિ છે. એ ધારે છે તે કરે છે જ. સાચું લાગે છે એ નિર્ભીકપણે કહે છે, એમના આ સ્વભાવને લીધે સમાજ અને સાહિત્યના પરંપરાગત વહેણથી તેમણે ઉફરા જવું પડ્યું છે, વિવાદના ચાકડે અવારનવાર ચઢવું પડ્યું છે. આવી ફ્રાન્ટ્રોવર્સી ક્રોધક ખમીરવંતા સર્જકને કપાળે જ લખાઈ હોય છે. મુનશીનું સમગ્ર વ્યક્તિત્વ એ રીતે ઘણેબધે ખૂણેથી અભ્યાસનીય બની રહે તેવું છે.

એમના વ્યક્તિત્વનું ચાલકબિન્દુ આવી વિવાદાસ્પદના છે અને એનું પ્રભવસ્થાન ક્રોધડિકથિત નાસિંસિઝમમાં છે તેઓ તેમની જાતના અઢળક પ્રેમમાં હતા એટલું જ નહિ કંઈક અહમ્‌ભાવ લાગે એ સ્તરેથી તે પોતાની જાતને ઘણીબધી રીતે પર અને ઉપર જોતા હતા. આથી જ સીમોલ્લંઘન માટે તેઓ ઉત્સુક રહેતા, પરંપરાથી અલગ પડી નવું કરવા ઉધામા કરતા, ચીલાચાલુની ટીકા કરી. ચીલો ચાતરવા મથતા. એમના જીવનનો અને શબ્દનો વિકાસ જોવા ફરી ફરીને આ બિન્દુ ઉપર આપણે આવવું પડે તેમ છે. અલગ પડવાની આવી મહત્ત્વાકાંક્ષા અને સાથે ગુજરાત અને ભારતના ભવ્ય અતીત પ્રત્યેનો તેમનો ઊંડો અનુરાગ–એમના શબ્દને વિસ્તારે છે, એમાં પ્રાણ પૂરે છે. ઐતિહાસિક નવલકથા કે નાટકો જ નહિ : તેમની સામાજિક નવલો સુદ્ધાં ક્રોધક ને ક્રોધક રીતે એમના બહુમુખી વ્યક્તિત્વનાં દલ ખોલતી રહે છે–ક્યાંક પ્રત્યક્ષ રીતે તો ક્યાંક પ્રતિકૃતિ રૂપે આવીને પેલું એમનું નાસિંસરૂપ એના વિલક્ષણ રંગો બતાવતું રહે છે.

મુનશીની સામાજિક નવલકથાઓ પણ એમના એવા વિલક્ષણ વ્યક્તિત્વની નીપજ છે. એમની ઐતિહાસિક નવલકથાઓને મુકાબલે એમની સામાજિક નવલકથાઓની ચર્ચા અત્યલ્પ થઈ છે. અને જે કંઈ થોડું ઘણું કહેવાયું–લખાયું છે તે પણ ચર્વિતચર્વણ છે. હાથપગા માપદંડોને જ છેવટના ગણી લઈ એવી કૃતિઓની તપાસ થઈ છે. વાસ્તવમાં મુનશીને જો ન્યાય આપવો માગતા હોઈએ તો, મુનશીકથિત માપદંડોનો જ વધુમાં વધુ ઉપયોગ તેમની કૃતિઓની ચર્ચા વેળા કરવો રહ્યો. અહીં તેમની સામાજિક નવલકથાઓની વિસ્તારે ચર્ચા કરવાનો ઉપક્રમ રાખ્યો નથી. કૃતિઓના બધા અંશોને પણ લક્ષમાં લઈ વાત કરવાનું મનમાં નથી. પણ સામાજિક નવલકથાઓ સંદર્ભે થોડાક સંકેતો કર્યા છે, મુનશીની તદ્‌વિષયક વિભાવનાનું કિંચિત્ સ્મરણ કર્યું છે. સંભવ છે એમાંથી પેલી કૃતિઓને સમજવાની ક્રોધક ચાવી મળી રહે.

સામાન્યતઃ ટોલ્સ્ટોયથી માંડીને ટાગોર કે ગોવર્ધનરામ સુધીના મહાન ગણાયેલા નવલકથાકારોનું ધ્યાન બહુશઃ સમાજલક્ષી નવલકથા તરફ વધુ રહ્યું છે. આવી કૃતિ તત્કાલીન સમાજના જ્ઞાનક્રોશનો ધર્મ દાખવે છે. એમાં અનેક ખૂણેથી સામાજિક સંદર્ભો આવે છે અને ભિન્નભિન્ન સ્તરેથી ઊંચકાઈ આવેલાં પાત્રો દ્વારા સમાજનું આસ્વાદ્ય ચિત્ર સર્જાય છે. આવી કથાનો વાચક પાત્ર સાથે પોતાનું સાદૃશ્ય ખોળતો હોય છે. આવી કૃતિનાં પાત્રો સહેલાઈથી ઓળખી શકાય તેવાં હરતાં ફરતાં Life-like હોય છે. સ્વાભાવિક રીતે જ આવી કૃતિઓમાં સંકલના એકદમ ઊપસી આવતી નથી. ચરિત્રો પણ ઘણું ખરું પ્રગતિશીલ લાગે. લેખકનું ધ્યાન પાત્રના વિકાસ કરતાં એને નવી નવી સ્થિતિઓ વચ્ચે મૂકી આપવામાં વધુ રોકાયું હોય છે. એવાં પાત્રોનાં મૂળિયાં સમાજમાં હોય. એમાં જ એ ખીલે-પાંગરે, એમાંથી જ તેમનું વ્યક્તિત્વ ઘાટું થતું જાય. સમાજનો સંદર્ભ ખસી જતાં તે પાંગળું બની રહે, આવી રચના સમાજની અને આપણા ખુદની પ્રકૃતિને સમજવાની મહત્ત્વની ભૂમિકા પૂરી પાડે છે. આવી કૃતિમાં એકંદરે સમાજની બાહ્ય સ્થિતિને કે મનુષ્યનાં બાહ્ય વૃત્તિ–વલણોને તાકવાનું વધુ શક્ય બનતું હોય છે. આંતરિક ખણખોદ નહિવત્ દેખાય છે. લેખકને ચિંતન મનન માટે પણ પૂરો

અવકાશ રહે છે. અને લેખક ધારે તો આવી કૃતિઓમાં વ્યંગ્ય-કટાક્ષના સબળ હથિયાર વડે સમાજની અનેક રેખાઓને સ્પષ્ટ-સ્પષ્ટતર કરી આપી શકે છે. સર્જકના વિચારોનું આક્રમણ આ પ્રકારની કૃતિઓની સીમા છે.

મુનશીની સામાજિક નવલકથાઓ આ પ્રકારનો ગુણધર્મ દાખવે છે ખરી?–આ પ્રશ્નનો તરત જ જે ઉત્તર મળે છે એ 'ના' નો છે. ટોલ્સ્ટોય, ટાગોર કે ગોવર્ધનરામ જે કક્ષાએથી સામાજિક નવલકથાઓને ઊંચકે છે, વિસ્તારે છે ને એ એને જ્ઞાનકોશનું રૂપ આપે છે, એ પ્રકારની પ્રતિભા મુનશીમાં નથી. આખા સમાજને એની બહુવિધ ગતિવિધિને નિરાંતે વર્ણવાનો, અનેકવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત એવા મુનશી પાસે સમય પણ નહોતો, એવી ધીરજ પણ નહોતી. બાકી ૧૮૮૭ થી ૧૯૭૧ સુધીના એમના આયુષ્યકાળની પડછે રાષ્ટ્ર જે જે તબક્કાઓમાંથી પસાર થયું છે-એ જોવા બેસીએ તો મુનશીને તેમની સામાજિક નવલકથાઓ માટે વિપુલ સામગ્રી મળી રહે તેમ હતી વૈવિધ્યભરી ને વિશેષતાઓ સભર-દક્ષિણ-આફ્રિકાથી ગાંધીજીનું સ્વદેશમાં આગમન, તેમની સર્વતોમુખી પ્રતિભાનો વ્યાપકપ્રભાવ, કૉંગ્રેસની રાષ્ટ્રજાગરણ માટેની ટહેલ ને તેની કામગીરી, સ્વદેશ માટે ગમે તે કરવાની તત્કાલીન માનવની તમન્ના, બે વિશ્વયુદ્ધો. એની બિસેન્ટની હોમરૂલ ચળવળ, કૉંગ્રેસની બે પાંખો વચ્ચેનો સંઘર્ષ. સ્વાતંત્ર્ય લડતનાં જુદાં જુદાં રૂપો. આઝાદી, રાષ્ટ્રના ભાગલા, દેશી રાજ્યોનું વિલીનીકરણ, ભાષાવાદ-પ્રાંતવાદના ઝઘડા, કોમી હુલ્લડો, ચીન અને પાકિસ્તાન જેવાં પડોશી રાજ્યો સાથે ઘર્ષણ પંચવર્ષીય યોજનાઓ, પંચશીલના સિદ્ધાંતો કહો કે સમાજ પરિવર્તનના સૌથી વધુ મહત્ત્વના તબક્કાઓમાંથી દેશ આ કાળે પસાર થઈ રહ્યો હતો. છતાં મુનશી એમની સામાજિક નવલકથાઓમાં આવા બહુમુખી સમાજને લાવી શકતા નથી. એમ કેમ? આનો ઉત્તર મુનશીની પોતાની કબૂલાતમાંથી જ મળી રહે છે:

'મારી કૃતિઓમાં મારી જે વિશેષતાઓ છે તે આ પ્રમાણે : રસપ્રદ કથાવસ્તુ, નાટકાત્મક પરિસ્થિતિઓનું ચિત્રણ, સંવાદ અને સજીવ પાત્રો, હું પહેલે અને છેલ્લે વાર્તાકાર હતો અને છું, હું નીતિબોધક નથી...સામાજિક નવલકથા... જેવી મારી કૃતિઓમાં તો વધારે વાસ્તવિક પાત્રચિત્રણ છે... મારી મોટા ભાગની નવલકથાઓમાં પ્રેમ એ મુખ્ય વિષય છે; પણ એ પ્રેમ કોઈ પ્રણાલિકાબદ્ધ કે કાવ્યોની પંક્તિઓમાં વેરાઈ જતો પોચટ કે માંદલો પ્રેમ નથી, પરંતુ રૂઢિઓનો મુકાબલો કરનારો, નીતિમાનોના પ્રેમ વિષેના ખ્યાલોનો પડકારનારો, લોહી અને આંસુની મુદ્રા મૂકી જનારો વાસ્તવિક જીવનનો ને જગતનો પ્રેમ મેં આલેખ્યો છે.'

મુનશીની સામાજિક નવલકથાઓ આમ મુનશીની છે. એમાં સામાજિક નવલકથાની આપણી સ્વીકૃત વિભાવના કામ આપે તેમ નથી. મુનશીને રસ છે કથામાં, ધસમસતા વાર્તા-પ્રવાહમાં અને પ્રેમને વલોવી નાખે તેવી નાટ્યાત્મક ક્ષણોમાં. પછી એ ઐતિહાસિક કૃતિઓ હોય કે સામાજિક કૃતિઓ હોય. સમાજનો તેઓ ખપ પૂરતો જ આધાર લે છે. મહદંશે તો તેઓ પાત્ર ઉપર જ તેમનું ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે. એથી મુનશીની કહેવાતી સામાજિક નવલકથાઓ તત્ત્વતઃ સામાજિક નવલકથાઓ નથી જ નથી. મર્યાદિત અર્થમાં આપણે એને સામાજિક નવલકથાઓ કહી શકીએ. એવી નવલકથાઓમાં પણ ચાલકબળ સમાજ નથી. પ્રેમતત્ત્વ પ્રેમતત્ત્વ જ છે ને તેય મુનશીએ પ્રેમનો જે અર્થ કર્યો છે એ પ્રેમતત્ત્વ. જુઓ, એમની એવી માન્યતાઓ :

'બે અડધિયાં મળે ત્યારે જ સાચું જીવનસાફલ્ય સિદ્ધ થાય તેને માટે લગ્નબંધન કે લગ્નવિધિ અનિવાર્ય નથી'.

* * *

'પરણ્યા વગર ભાગિયા નથી થવાતું? સાથે રહી, ઘર-સંસાર માંડ્યો તેથી માનસિક સહજીવન ન બની શકે?... સિદ્ધનાથ જોડે વધારે વખત રહો. સ્ત્રી થઈ શું કામ છે? સહચરી બનો. છ મહિનામાં દેવી થઈ જશો.'

* * *

મુચકુંદ-'હું તો વિશ્વના મહાઆકર્ષણની વાત કરું છું. પ્રેમના ગૂઢ માહાત્મ્યને સ્પષ્ટ કરવા મથું છું.'

મણિ-'પરિણામ જુઓને! કાશીને દુઃખી કરીને આપણે મોજ કરવી, એ જ કે?'

'મુચકુંદ-'ના. બે સંસારી જીવનનું સાફલ્ય સિદ્ધ કરી, ભવિષ્યનું કથન વિકસાવવું તે...'

* * *

મુનશીની સામાજિક નવલકથાઓમાં લગભગ પ્રેમની તેમની આ પ્રકારની વિભાવના પડઘાતી રહી છે. સામાજિક નવલકથામાં સન્નદ્ધબળ સમાજ છે, એ આધારશિલા ખરી જાય તો એનું કોઈ મૂલ્ય ન રહે. મુનશીની કહેવાતી સામાજિક નવલકથાઓમાં સમાજ નહિ પણ પાત્ર જ આધારબળ બની રહે છે. એ પાત્રના પ્રેમઅંશો જ રચનામાં મહત્ત્વનું સ્થાન એકંદરે ભોગવતા હોય છે.

મુનશીનો આદર્શ પ્રથમથી જ ફ્લોબેર કે રટેન્ડાલ નથી રહ્યો. તેમના પ્રિય સર્જકો તો હ્યુગો અને ડુમા છે. 'વેરની વસૂલાત' જેવી તેમની પહેલી નવલકથામાં જ એ વસ્તુ સ્પષ્ટ થઈ રહે છે. અહીં 'સરસ્વતીચંદ્ર'ને છે તેવો બહુકેન્દ્રી કથાભેદ નથી, ચિંતનનું ભારઝલ્લાપણું નથી, તત્સમપ્રચુર ગદ્યાવલિ નથી છતાં પ્રચ્છન્નપણે આ કથા ઉપર 'સરસ્વતીચંદ્ર'નો ઓળો વરતાયા કરે છે. જગત અને-તનમનનાં પાત્રોને સર્જક સરસ રીતે ઉપસાવે છે. દેશી રજવાડાના અમલદાર રઘુભાઈ ગુણવંતીનું શિયળ લૂંટવા જે પેતરા કરે છે ને તનમનને છેવટે વૃદ્ધ કરમદાસ સાથે પરણાવી દેવામાં આવે છે વગેરે ઘટનાઓમાં તત્કાલના સમાજનું ચિત્ર ઊભું થાય છે; પણ કેન્દ્રમાં તનમન-જગતનો પ્રેમ જ રહ્યો છે. અનંતાનંદથી કથાનું કેન્દ્ર બદલાય છે પણ કૃતિને તેથી કોઈ મહત્ મૂલ્ય પ્રાપ્ત થતું હોય તેવું બનતું નથી. 'કાનો વાંક' જેવી તે પછીના તરતના ગાળામાં એટલે કે ૧૯૧૫ માં લખાયેલી રચનામાં બાળવિધવાનો પ્રશ્ન છેડાયો છે. આબરૂદાર ગણાતા ગંભીરલાલ, શેઠ ચંદુલાલ વગેરે બાળવિધવા મણિના દેહને ચૂંથવા-એને પીડવા જે યુક્તિ-પ્રયુક્તિઓ કરે છે એમાં મુનશીના કાળનો સમાજ મુખર થાય છે. વળી મુચકુંદ સાથે કલ્પી કાશીનું જે રીતે લગ્ન કરી દેવાયું છે એમાં કન્યેડાંનો પ્રશ્ન પણ વણાયો છે છતાં કથાને જે કંઈ પરિમાણ પ્રાપ્ત થયું છે તે તો મુચકુંદ અને મણિના પ્રેમથી જ. સ્ત્રી-જાતિની અવદશાનું ચિત્ર આ રચનામાં સારી રીતે ઉઠાવ પામ્યું છે. 'સ્નેહભંગ' પણ આ પ્રકારની જ સામાજિક

નવલકથા છે. કૉલેજનાં પર્યાવરણ કેવાં ઉપહાસપાત્ર બને છે તેનું હળવું ચિત્ર આ કૃતિમાં અપાયું છે. પરિણીત પ્રોફેસર પ્રીતમ તેની માંદી-વહેમી પત્ની ધનકોર સાથે કેવું જીવન વીતાવે છે અને પ્રોફેસર પ્રીતમને પામવા વિધવા જસકોર, કુમારી મોહિની તેમજ પરકીયા વસુમતી કેવા પ્રયત્નો કરે છે તેનું હાસ્યોત્પાદક વર્ણન અહીં થયું છે.

'સ્વપ્નદ્રષ્ટા' અને 'તપસ્વિની' એ કંઈક જુદી રંગમાં લખાયેલી કૃતિઓ છે. અગાઉની કૃતિઓમાં સ્ત્રીની અવદશા, સ્ત્રી-પુરુષનું પરસ્પરનું દુર્દમ આકર્ષણ, યુવક-યુવતીની ન્યોછાવરી ને તેની સામે નિષ્ઠુર સમાજ તેમજ વિધિ-સંદર્ભ રૂપે હતાં. અહીં પશ્ચાદ્‌ભૂ રૂપે ભારતને અંગ્રેજ હકૂમતમાંથી મુક્ત કરવાના કૃતિના નાયકના પ્રયત્નો રહ્યા છે. પેલી કૃતિઓમાં મુનશીના વ્યક્તિત્વનું એક અવર પાસું હતું તો અહીં મુનશી ખુદ ઊભા છે. ઓગણીસ વર્ષનો સ્વપ્નસેવી યુવક વડોદરામાં ભણતાં ભણતાં મહર્ષિ અરવિન્દના સંપર્કમાં આવે છે. આ યુવક તે કથાનાયક સુદર્શન. દેશભક્તિના પૂરમાં ખેંચાઈ તે એક મિત્ર-મંડળ ઊભું કરે છે. ઘણુંબધું દેશ માટે કરવાનું આ યુવકમંડળ નક્કી કરે છે. પણ વર્ષના અંતે આ યુવકોની ભાવના સૂરસૂરિયું બની જાય છે. સુદર્શનનો એક મિત્ર ગિરજા ગાંડો થઈ જાય છે. અન્ય મિત્રોની ભાવના ઓસરી જાય છે. સૌ પોતપોતાની રીતે જીવનની ઘરેડમાં ગોઠવાઈ જાય છે અને નાયક સુદર્શન હતાશ થઈ બેરિસ્ટર થવા પણ વિદેશ જતો રહે છે. ગાંધીજીના આગમન પછી સ્વપ્નશીલતાનું ને ભાવનામમતાનું જે વાતાવરણ યુવકોમાં જોવાતું હતું તેની ઉપર અહીં ઉપહાસ કર્યો છે. સંકલનાની દૃષ્ટિએ નવલકથા ધ્યાન ખેંચે તેવી બની છે. નાયકના મનોનેપથ્યમાં ભારતની જે પ્રકલ્પના હતી તે પણ સરસ રીતે બતાવાઈ છે. સામાજિક નવલકથાના સર્જક પાસે હાસ્ય-વ્યંગની જે શક્તિ જોઈએ, તે પણ અહીં પૂરી માત્રામાં પ્રકટી છે. છતાં કહેવું જોઈએ કે અહીં સમાજ કરતાં, ભાવનાશાળી યુવકોનો, વિદ્વાનોનો, વહેપારીઓનો ઉપહાસ જ આગળ તરી રહે છે. આ બધામાં 'તપસ્વિની' કંઈક અંશે સામાજિક નવલકથાની વધુ નજીક જતી કૃતિ છે. ત્રણ ભાગમાં વિસ્તરેલી આ કથાનો ઉદ્દેશ મુનશી લખે છે તેમ, 'ગુજરાતી જીવનના ૧૯૨૦થી૧૯૩૭ સુધીના સામાજિક તેમજ રાજકીય પ્રવાહોને પ્રતિબિંબિત' કરવાનો હતો. કથાનાયક રવિશંકર પોતાનો પ્રભાવ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. દાદાગણપતિશંકર વડે તે સંન્યાલ નામના સામ્યવાદીના સંપર્કમાં આવે છે. રાજ નામની દીપ્તિવંત નારી તેને સહાય કરે છે અને એ બંને છેવટે લગ્નગ્રંથિથી જોડાય છે. કથાનું આ મુખ્ય સૂત્ર છે. પણ એ સાથે બારસો છત્રીશ પાનની આ નવલકથામાં અનેક કથા-ઉપકથાઓ આવે છે. ઉદયનાં પરાક્રમો, તેની સિદ્ધાંતનિષ્ઠા, જેલમાંનું ગાંધીભક્તોનું જીવન ઉપરાંત કેટલાંક ગંભીરમનું જોયું, ઉદય-શીલા જેવાં પાત્રો કે સત્યાગ્રહ અથવા તો સત્યાગ્રહી વિશેનાં વર્ણનો-આ નવલકથાને Readable બનાવે છે. ભલે વિશૃંખલ તો વિશૃંખલરૂપે પણ અહીં તત્કાલીન રાજકીય-સામાજિક સ્થિતિ ઠીક ઠીક રીતે આકારિત થઈ છે. અલબત્ત, અહીં Structure કે Total design સામાજિક નવલકથાનાં નથી છતાં અગાઉની નવલકથાઓની સરખામણીમાં સમાજચિત્રણની રેખાઓ અહીં કંઈક વધુ ઘુંટાઈને આવી છે મુનશીને જાણે કે જરા વધુ થોભીને સમાજ તરફ જોવાની ફુરસદ મળી છે. બાકી, અહીં પણ વિશેષે તો પેલાં પાત્રો તેમના જીવનની સમસ્યાઓ સામે લડે છે, અને સમાજના અન્ય માનવીઓની જેમ એવા અનુભવોમાંથી પ્રસંગોપાત્ત આનંદ કે દુઃખને પામે છે. સમાજનું સમગ્ર ચિત્ર, અલબત્ત, નથી જ મળતું.

મુનશીની સામાજિક નવલકથાઓ આ રીતે રૂઢ અર્થમાં સામાજિક નવલકથાઓ બનતી નથી. એમનું ધ્યાન સમાજચિત્રણ કરતાં પાત્રનિરૂપણ અને પાત્રકથા ઉપર જ વિશેષ રહ્યું છે સામાજિક નવલકથાકારને એ પ્રકારની કૃતિઓમાં ચિંતન-મનન માટે જે અવકાશ છે એનો લાભ પણ મુનશી લઈ શક્યા નથી. મુનશીનું ધ્યેય જ જોઈએ, ઉપર જોયું તેમ, જુદું રહ્યું છે. Romantic Speculation જ જાણે એમનું વ્રત રહ્યું છે! સામાજિક નવલકથાના લેખક પાસે કટાક્ષ-વ્યંગની જે શક્તિ જોઈએ, એની માત્રા મુનશીમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. 'સ્વપ્નદ્રષ્ટા'માં સુદર્શન સમેત તેના મિત્રોનાં વર્ણનો કે 'તપસ્વિની'માં કૉંગ્રેસ હોસ્પિટલો, વગેરે એનાં સારાં દૃષ્ટાંતો છે. પણ મુનશી એનો ઉપયોગ સમાજના સમગ્ર વ્યક્તિત્વને ચિત્રિત કરવામાં કરી શક્યા નથી. સામાજિક નવલકથાઓમાં પણ તેમનો આદર્શ ઐતિહાસિક નવલકથામાં રહયો છે તેવો જ રહ્યો છે. પાત્ર આગળ, વાર્તા મુખ્ય, બાકી બીજું બધું જે આવે તે ગૌણ રૂપે.

મુનશીની આ નવલકથાઓ વસ્તુગ્રથન કે સંકલનાની દૃષ્ટિએ શિથિલ રહી છે. ઘણું બધું તાલમેળિયું કે ઉભડક તેમાં પ્રવેશી ગયું છે. મુનશીનો દૃષ્ટિદોર કેવલ વાર્તાપ્રવાહ ઉપર જ સ્થિર થાય છે. પાત્રોને સજીવ બનાવવાની જ તેમનામાં ધૂન છે. સામાજિક નવલકથાકાર પાસે જે ધીરજ ને ધીરતા જોઈએ તે પણ તેમનામાં નથી. પરિણામે તેમની આ બધી કૃતિઓ સુવાચ્ય હોવા છતાં તત્ત્વતઃ સામાજિક નવલકથાઓ બનતી નથી. કાં તો એને આપણે મર્યાદિત અર્થમાં સામાજિક નવલકથાઓ કહી શકીએ, કાં તો એને સમાજના થોડાએક અંશો લક્ષને લખાયેલી પાત્રપ્રધાન કથારસભરપૂર કથાઓ તરીકે ઓળખી શકીએ. આ કૃતિઓએ અલબત્ત, એટલું દર્શાવી આપ્યું કે કથારસની સાથે સામાજિક રચનાઓનું ગદ્ય Common to all people હોય તો જુદા જુદા ગાળાનો વાચક તો એ રચનાઓને એની રીતે માણતો જ રહેવાનો, ભલે પછી પેલું વિવેચન બદલાતું જોવાય!

ખંખેરવાનો ખેલ

● તનસુખ ભટ્ટ

બીજી રમતોમાં તો રમ્યા પછી થાક લાગે છે પણ ખંખેરવાનો ખેલ એવો છે કે તે પૂરો થતાં ખેલાડી વધારે તાજો લાગે છે. વધારે ગેલમાં આવેલો જણાય છે. હળવા નશાની આનંદજનક તમતમાટી મગજ પર ચડી હોય તેવી ઉતેજના તે અનુભવે છે.

ખેલના પ્રકારો કાંઇ ઓછા છે ? તે શારીરિક રમતોના બાળખેલ હોય, યુવાનોનાં અંગકસરતોનાં પ્રદર્શનો હોય જાદુગરના ખેલ હોય, સરકસના ખેલ હોય, નાટકસિનેમાના ખેલ હોય. પરંતુ ખંખેરવાનો ખેલ આ બધા ખેલોથી અનોખો છે. તે કલા છે કરામત છે, વિજ્ઞાન છે. તેની કમાણી બધા ખેલો કરતાં અનેકગણી હોય છે.

મહારાજા યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરીને ભારતના શ્રેષ્ઠ નૃપતિ બનવું હતું. આવા મહાન યજ્ઞ માટે તો મહાન ખજાનો જોઇએ. યુધિષ્ઠિરનું રાજ્ય ઇન્દ્રપ્રસ્થ નગર અને બહુ તો સો-બસો ગામડાં જેટલું ત્યારે હશે. હવે શું કરવું ? તેમણે ભાઇઓને ચારે દિશામાં દિગ્વિજય કરીને ધન લાવવા મોકલ્યા. ઉત્તર દિશામાં ગયેલા અર્જુને તે તે પ્રદેશોના રાજાઓને હરાવીને તેમનો ખજાનો ખંખેરી લીધો. તે એટલું બધું સુવર્ણ લાવ્યો કે ત્યારથી તેનું નામ ધનંજય પડયુ. ધનંજય માટે શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે 'હું પાંડવોમાં ધનંજય છું.' તે ભારતનો ભડવીર હતો, ખંખેરવાની કલાનો ખેલંદો હતો !

અર્થશાસ્ત્રના પ્રણેતા કૌટિલ્યે, રાજાએ ધન મેળવવાના ઉપાયો ચર્ચતાં, કર્ષન (શ્રીમંતો ઉપર ભારે કરવેરા નાખીને તેમને કૃશ કરી દેવા તે) અને વમન (ધનનું ઓકામણ કરાવવાની કરામત) સૂચવ્યાં છે. પ્રસ્તુત લેખ માટે બંને પ્રકારો સરખા જ ઉપયોગી છે. બ્રિટિશ અમલમાં દેશી રાજ્યોને ખંખેરવામાં ભારતનો ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સ ઉસ્તાદ હતો. તેણે અયોધ્યાની બેગમોને લૂંટીને તેમનો ખજાનો ખંખેરી લીધો હતો. ભારતના બીજા એક ગવર્નર જનરલ ડેલહાઉસીએ બિનવારસ દેશી રાજ્યોને ખાલસા કરવાનો સપાટો ચલાવીને મહેસૂલી તથા નાણાંખાતાની તિજોરીઓને તરબતર કરી નાખી હતી.

પરદેશી પાદશાહો આ કલામાં પાવરધા હતા. તેઓ ભારત ઉપર આક્રમણ લાવતા. લૂટની લાલચે લશ્કરમાં લાખ માણસો જોડાતાં, દિલ્હીના રાજકર્તાઓને હરાવ્યા પછી પેલા લશ્કરીઓ અને ખાટસવાદિયાઓને ત્રણ દિવસ સુધી આ વૈભવશાળી નગરીને લૂંટવાની છૂટ મળતી. આવો અમુલખ અવસર કોણ જતો કરે ? શેરીએ શેરીએ વિદેશી ધાડાંઓ ઘૂમતાં અને વમનપ્રયોગથી ઘરેઘરનું ધન ઓકાવતા, ભારતનું મયૂરાસન (તખ્તે તાઉસ) નાદિરશાહ આ ખંખેરણીમાં જ લઇ ગયો હતો, કહેવાય છે કે સોમનાથના મંદિરના દરવાજા મુખડના લાકડાના હતા, તે પણ ખંખેરાઇને વાયવ્ય દિશાની સરહદ ઓળંગી ગયા.

ઇ. સ. ૧૯૨૪-૨૫માં વૈષ્ણવોના પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના મુખ્ય મંદિર નાથદ્વારા (શ્રીનાથજી)માં તે કામના મંદિરના અધિષ્ઠાતા (ગુસાંઇજી) ગુજરી ગયા. પાછળ એક વિધવા અને એક સગીર બાળક રહ્યાં. ઉદેપુરના રાણાએ જોયું કે 'આ પળ ફરી આવે નહિ', 'અવસર છે છેલ્લો', આંકડે મધ છે. મધપૂડામાંથી મધનાં ટીપાં પડે એટલો તે ભરપૂર છે. દિવાળીને દિવસે ઘેંશ શિરાવે તો ઓકળી ગાંડામાં ખપે. તે દિવસે તો લચપચતી લાપશી જ હોય. રાણાએ થોડા સિપાહીઓ મંદિરમાં મોકલ્યા. એક ઓરડીની દીવાલો ચારે બાજુથી ચણેલી હતી તે તોડી અને પાંચસો વરસનું એકઠું થયેલું સર્વસ્વ-સુવર્ણ, રત્ન, અલંકારો અને સુવર્ણમુદ્રાઓ-રાણાએ લૂંટી લીધું. મંદિર બોડી બામણીનું ખેતર હતું. એક તો સ્ત્રીજાત અને તેમાં અસહાય વિધવા તેની માલિકણ હતી. ગોબ્રાહ્મણપ્રતિપાળ, અનાથના અને પ્રજાના વત્સલ પિતા ગણાતા રાજવીએ મંદિરનો ખજાનો ખંખેરી લીધો !

બ્રિટિશ રાજ્યશાસનના કાળમાં જ્યારે કોઇ દેશી રાજા ગુજરી જાય અને તેનો કુંવર સગીર હોય ત્યારે તે સાર્વભૌમ સત્તા આવા નધણિયાતા રાજ્ય પર એક વહીવટકર્તા ગોરા દીવાન (એડમિનિસ્ટ્રેટર)ને નીમતી, આ એડમિનિસ્ટ્રેટરો સારા ચિત્રકારોને બોલાવીને રાજમહેલનાં પ્રાચીન, દુર્લભ, મૂલ્યવાન ચિત્રોની નકલ કરાવીને તે નકલોને મૂળ ચિત્રોને સ્થાને ફેરવી દેતા તથા અસલી ચિત્રોને વિલાયત, લાખ જઇ, બ્રિટિશ મ્યુઝિયમને વેચી મારતા. ભારતનું આવું કલાધન, સંસ્કૃતિસંપત્તિ, પ્રજાની જાણ બહાર હરાતું જ રહ્યું. આ બનાવ કોઇ એક રજવાડાનો નથી પણ ભારતની મોટા ભાગની રિયાસતોનો છે.

એક કિંવદંતી મારા નાનપણમાં સાંભળેલી. કહેવાય છે કે વડોદરાના મહારાજા સયાજીરાવ પાસે એક સોનાની અને એક ચાંદીની એમ બે ભારે તોપો હતી. દરેક વાઇસરોય તેના પાંચ વરસના શાસનકાળમાં ભારતભરમાં એકવાર પ્રવાસ કરતો અને દેશી રાજાઓની મહેમાનગતી માણતો. શહેનશાહના પ્રતિનિધિ હોવાથી તે રાજાની જેમ જ (સમ્રાટની જેમ જ) કાયદેસર ભેટસોગાદો સ્વીકારતો, હવે આવો વાઇસરોય જો વડોદરામાં આવે અને સોના-ચાંદીની તોપગોડીની ભેટ, સામે ચાલીને, માગે તો તે તેને આપવી જ પડે. ના પાડવા જતાં એકવાર પદભ્રષ્ટ થતાં બચી ગયેલા આ મહારાજા બીજી વાર પદભ્રષ્ટ થવામાંથી બચે જ નહિ. મહારાજાને વાતની ગંધ આવી હશે; તેથી તેમણે આ તોપગોડીને ગળાવી નાખી અને વાઇસરોયને માગણવેડામાંથી મુકત કર્યા !

દેશી રાજાઓને ધન ખૂટતું ત્યારે તેઓ કોઇ શ્રીમંત પાસેથી બે-પાંચ લાખ રૂપિયા લેતા, પછી તે શ્રીમંતને પ્રજા પાસેથી નાકાંવેરારૂપે, દાણરૂપે વસૂલ કરવાનું કહેતા આવા દાણીઓ મનફાવે તેટલો આકરો વેરો લેતા. ઇ. સ. ૧૯૩૯માં રાજકોટમાં બાંડ વેરો અને દીવાસળી વેરો હતો. એટલે કે તેની પ્રજારાશાહી હતી રાજાઓ શ્રીમંતોનું કશંન કરતા અને આ દાણી રૈયત પાસેથી ધનવમન કરાવતા.

આધુનિક કાળમાં પણ અમુક ધંધાદારી શ્રીમંતો પાસેથી ફંડફાળાને નામે કરોડો રૂપિયા જમા કરીને પછી તેમને પ્રજને ખંખેરવાનો સદર પરવાનો આપવાના દાખલા બન્યા છે એમ વર્તમાનપત્રો કહે છે. ભલું થજો ચાણક્યનું કે તેણે અર્થશાસ્ત્રની હસ્તપ્રતમાં આ કર્શનવમનની રાજનીતિનો ઉપદેશ કર્યો તો આધુનિક શાસકોને તે કામ લાગી.

વકીલ, ડાકતર અને ઇજનેર થવા વિદ્યાર્થીઓની પડાપડી થાય છે, તેથી આ ધંધાનું શિક્ષણ આપતી કૈંક કૉલેજોએ ગ્રંથપાઠ પૂર્વે ગુરુદક્ષિણા અર્થાત્ ડોનેશનનો તુક્કો અજમાવ્યો. તેનું અનુકરણ હાયરસ્કૂલોએ પણ કર્યું. ભારતમાં પૂજારીનો ધંધો પવિત્ર નથી ગણાતો પરંતુ શિક્ષક-પ્રાધ્યાપકનો ધંધો પ્રાચીન કાળથી પવિત્ર મનાયો છે. તેથી તો આપણા ઉપનિષદોએ 'માતૃદેવો ભવ' અને 'પિતૃદેવો ભવ'ની સાથોસાથ 'આચાર્ય દેવો ભવ'નો પાઠ પઢાવ્યો છે, પ્રાચીન ગુરુકુળોની ધાર્મિક, આધ્યાત્મિક, આદર્શવાદી ગુરુપરંપરામાંથી હવે અહીં વ્યવહારદક્ષ ભૌતિકતાવાદી, ચાર્વાકોનો ફાલ ઊતર્યો છે. પહેલાં એકાંતમાં, અરણ્યમાં પ્રવાસીઓને લૂંટારા લૂંટતા. હવે રાજમાર્ગો ઉપર, નગરમાં, વિદ્યાર્થીઓનાં માતાપિતાને લૂંટાવાનો અનુભવ થઇ ચૂક્યો. વેપારીઓ ખંખેરે, વકીલો ખંખેરે, ડાકતરો ખંખેરે, શાળા-કૉલેજના પ્રિન્સિપાલો ખંખેરે, અરે સ્ટેશનના હમાલો પણ ખંખેરે ! ધોળે દિવસે, છડે ચોક, સંસ્કારી કહેવાતા માનવો વૈજ્ઞાનિક પદ્ધતિએ નાણાંની થેલીઓ ખંખેરી લે છે, પ્રાચીન કાળમાં પાન-સોપારી મગાતી. આ સદીના આરંભે ચાપાણી મગાતાં. આ સદીના મધ્યમાં પાઘડી મગાતી. પછી ફરજિયાત દાન (ડોનેશન) મગાયાં. પછી ફંડફાળામાં ધનપ્રદાનની આજ્ઞાઓ અમલી બની, પરદેશોમાં 'ટિપ' મગાતી તેની વાતો અમે કૌતુકથી સાંભળતા. હવે નકટપણે ખંખેરી નાખવાની દરખાસ્ત મુકાય છે તેના મૂક સાક્ષી બનવાનું આવ્યું એ કળિકાળની બલિહારી છે.

લક્ષ્મીદેવી કમલ ઉપર બિરાજે છે તેથી કમલા કહેવાય છે. બ્રહ્મા અને સરસ્વતીનું આસન પણ કમલ છે. લક્ષ્મીદેવીની બે બાજુએ બે હાથણીઓ ઊભી રહીને કળશ ઢોળે છે કે વિજયમાળ પહેરાવે છે. એક છે રાજ્યલક્ષ્મી ને બીજી છે શુભલક્ષ્મી પરંતુ લક્ષ્મીને જેમ કમલનું આસન છે તેમ ઘુવડનું પણ આસન (વાહન) છે. ઘુવડને હિન્દીમાં ઉલ્લુ કહે છે. પુણ્યશાળીઓને ત્યાં લક્ષ્મીદેવી કમલના આસન પર બેસીને પધારે છે. પાપાત્માઓને ત્યાં લક્ષ્મીદેવી ઉલ્લુના વાહન પર બેસીને આવે છે અને તેના ઉપાસકને ઉલ્લુ બનાવે છે. પણ ચેતે તે બીજા !

પ્રેમળજ્યોત – વિલેપાર્લા શાખાનો ઉત્સવ

સંઘ સંચાલિત પ્રેમળજ્યોતિની વિલેપાર્લા શાખાએ પાંચમા વર્ષમાં પ્રવેશ કર્યો એ નિમિત્તે એક કાર્યક્રમ રવિવાર, તા. ૨૭ ઑક્ટોબર ૧૯૮૮ ના રોજ વિલેપાર્લામાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે દીપ પ્રગટાવી કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રીમતી રિમતાબહેન કામદારે સ્વાગત કર્યું હતું. એ પછી શ્રી બંસીભાઈ ખંભાતવાલાએ અને પ્રેમળજ્યોતિની બહેનોએ ભક્તિ સંગીતનો સુંદર કાર્યક્રમ આપ્યો હતો. આ પ્રસંગે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે, ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે તથા મંત્રી કે. પી. શાહે પ્રાસંગિક વકતવ્યો કર્યાં હતાં. અને શ્રી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલાની પ્રેરણા અને આર્થિક સહયોગથી શરૂ થયેલી અને શ્રી નિરુબહેન સુબોધભાઇ શાહ, શ્રી કમલબહેન પીસપાટી વગેરે બહેનોએ ઉપાડી લીધેલી અને વિકસાવેલી આ પ્રવૃત્તિની અનુમોદના કરી હતી અને પાર્લાની બહેનો પાર્લામાં જે માનવતાની પ્રવૃત્તિઓ કરી રહી છે તે માટે તેમને ધન્યવાદ આપ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન પ્રા. બકુલ રાવલે કર્યું હતું અને આભારવિધિ શ્રીમતી સુલીબહેન હીરાણીએ કરી હતી. કાર્યક્રમના અંતે અલ્પાહાર લઇને સૌ છૂટા પડ્યા હતા.

* * *

રાણપુરમાં નેત્રયજ્ઞ

સંઘના આર્થિક સહયોગથી અને શ્રી સર્વોદય આશ્રમ તથા વિશ્વવાત્સલ્ય ઔષધાલય, ગુદીના સહકારથી રાણપુર મુકામે રવિવાર તા. ૧૮મી ડિસેમ્બર ૧૯૮૮ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગતો નીચે પ્રમાણે છે :

ઉદ્ઘાટન સમય : **સવારે ૧૦ વાગે**

સ્થળ : રાણપુર

સમારંભ પ્રમુખ : **શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ**

અતિથિવિશેષ : **શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઇ ભાઉ**

ઉદ્ઘાટન : **શ્રી શિરીષભાઇ કામદાર**

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

રસિકલાલ લહેરચંદ શાહ **કે. પી. શાહ**
સંયોજક **નિરુબહેન એસ. શાહ**
મંત્રીઓ

જૈન કિલનિકને ભેટ રકમ અર્પવાનો તથા પારિતોષિક વિતરણનો સમારંભ

સંઘના ઉપક્રમે સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહની છઠ્ઠી પુણ્યતિથિના અવસરે એમની સ્મૃતિ નિમિત્તે જૈન કિલનિક (મુંબઇ)ને રૂપિયા એક લાખનો ચેક અર્પણ કરવાનો સમારંભ યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક પ. પનાલાલ જ. ગાંધીને તથા સ્વ. મોહનલાલ મહેતા– 'સોપાન' પારિતોષિક શ્રી હરીન્દ્ર દવેને આપવાનો કાર્યક્રમ પણ સાથે રાખવામાં આવ્યો છે, જે સમયે શ્રી હરીન્દ્ર દવે સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહનાં સંસ્મરણો રજૂ કરશે.

આ કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છે :

સમય : શનિવાર, તા. ૧૯મી નવેમ્બર, ૧૯૮૮
સાંજના ૪-૦૦ વાગે

સ્થળ : ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બર કમિટિ રૂમ,
ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦

આ પ્રસંગે સર્વને પધારવા વિનંતી છે.

ચીમનલાલ જે. શાહ **કે. પી. શાહ**
સંયોજક **નિરુબહેન એસ. શાહ**
મંત્રીઓ

....ચુવાચંદનમેવ ચ....

• પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

આ સો માસ એટલે શ્રાવણથી શરૂ થયેલા આપણા ધાર્મિક-સામાજિક તહેવારોની પરાકાષ્ઠા! નવરાત્ર, દશેરા ધનતેરસ, દિવાળી ને તે પછીયે નવું વર્ષ ને ભાઈબીજ પણ ખરાં!

દશેરાનું શમીપૂજન હોય કે ધનતેરસનું લક્ષ્મીપૂજન યા દિવાળીનું ચોપડાપૂજન હોય. આ બધા પ્રસંગે થતી પૂજન-વિધિ દરમિયાન દેવોને ગંધ દ્રવ્ય ચઢાવવાની પણ વિધિ હોય છે. તે વખતે બોલાતો એક સંસ્કૃત શ્લોક ઘણાને યાદ હશે. એનું એક ચરણ છે —

'અબીલં ચ ગુલાલં ચ,
ચૂવાચંદનમેવ ચ.....'

(આમાં કેટલાક લોકો 'ચૂવાચંદન'ને સ્થાને 'સુવાચંદન' પણ બોલે છે! હકીકતમાં આ શબ્દ તો 'ચૂવાચંદન' જ છે.)

આ પંક્તિમાંના 'અબીલ' અને 'ગુલાલ' તો આપણે સૌ જાણીએ છીએ; પણ આમાં ઉલ્લેખાયેલું 'ચૂવાચંદન' શું છે? આપણાં પ્રાચીન ગુજરાતી કાવ્યોમાં પણ અનેક વખત આનો ઉલ્લેખ થયો છે! ગંધ દ્રવ્યોમાં એનો ઉલ્લેખ થાય છે એટલે દેખીતું છે કે એ દેવોને ચઢાવાતો તે પવિત્ર મનાતો કોઈ સુગંધી પદાર્થ હોવો જોઈએ!

પહેલી વાત એ કે આ ચૂવો અને ચંદન બંને વેગળી ચીજો છે. 'ચંદન' તો આપણે જાણીએ છીએ. તો રહ્યું 'ચૂવો'! આ શું છે?

આ, સહેજ ચિકાશ ધરાવતો, મેલા ભૂખરા રંગનો પદાર્થ હોય છે. એની ખુશ્બૂ એવી સરસ હોય છે કે સૂંઘતાં જ મન તરબતર થઈ જાય છે!

આપણા ચાલ્યા આવતા રિવાજ પ્રમાણે, લગ્ન પ્રસંગે દીકરીને આપવાની વસ્તુઓમાં આ ચૂવાની દાબડી પણ સ્થાન ધરાવે છે. શહેરોમાં હવે આવા મંગલ પ્રસંગે કદાચ એ ન પણ જોવા મળે; પરંતુ ગામડાઓ – કસ્બાઓમાં હજુ એ એક આવશ્યક વસ્તુ ગણાય છે ખરી! કન્યાને – દીકરીને લગ્ન પ્રસંગે આજે અપાતી સેંટની બાટલીનું સ્થાન ત્યારે શૃંગારના સાધન તરીકે આ ચૂવાનું હતું.

ઉપર નોંધેલા, સંસ્કૃત શ્લોકના ચરણમાં આ 'ચૂવા' શબ્દ વપરાયો છે ખરો, પણ હકીકતમાં આ શબ્દ સંસ્કૃત નથી!– હા, એના ઘડતરનું મૂળ સંસ્કૃતમાં મળે ખરું!

આપણે ત્યાં ચૂવું' એટલે ગળવું, ટપકવું, ટીપે ટીપે પડવું-અંગ્રેજમાં To drip કહે છે તે!

મીરાંબાઈની પંક્તિઓ છે ને–

'ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂએ રે,
રંગબેરંગી હોય,
ઓઢું હું કાળો કામળો,
દૂજો ડાઘ ન લાગે કોય!'

આમાં 'ચૂએ' એટલે ટપકે, ટીપે ટીપે નીચે પડે!

આ ક્રિયાપદનું મૂળ, સંસ્કૃતમાં કેટલાક 'ચ્યુત' માને છે તો કેટલાક 'સ્યુત' (જે પછી 'ચ્યુત' બન્યું, એમ) માને છે. ઋગ્વેદ, બ્રાહ્મણગ્રંથો, ભાગવત, ભટ્ટીકાવ્ય વગેરેમાં એ આવા જ અર્થમાં વપરાયું છે. (હાલવું, ભ્રષ્ટ થવું, નષ્ટ થવું અગેરે અર્થોમાં વપરાતા 'ચ્યુત' રૂપથી આ જુદું છે.)

આ 'સ્યુત' કે 'ચ્યુત', બંનેએ પ્રાકૃત ભાષામાં 'ચુઅ' રૂપ ધારણ કર્યું છે. આ પરથી આપણે ત્યાં 'ચૂવું' ને હિંદીમાં 'ચૂના' ક્રિયાપદો બન્યાં છે

આપણે જે ખુશ્બૂદાર પદાર્થની વાત કરીએ છીએ તે સામાન્ય રીતે જુદી જુદી જાતનાં સુગંધી દ્રવ્યો એકઠાં કરીને, એને ગરમી આપીને, ટપકાવવામાં આવેલો 'રસ' છે, એ પદાર્થોને અમુક રીતે ગરમી આપવાથી, એમનામાંથી ચિકાશ પડતું પ્રવાહી ટપકે છે (અમુક પ્રકારનું લાકડું કે નાળિયેરની કાચલી બળે છે ત્યારે એના–જ્વાલાથી દૂરના–અન્ય ભાગમાંથી તૈલી પદાર્થ ઝમે છે–ગળે છે, એ તો કોઈવાર જોયું જ હશે! એ જ રીતે આ પ્રવાહી ટપકે છે.) આમ, ટપકવું તે જ 'ચૂવું'!

હિંદીમાં 'ચૂના' ક્રિયાપદ પરથી, આ રીતે ટપકાવાતો ચિકાશ પડતો પદાર્થ આપણે ત્યાં 'ચૂવો', મરાઠીમાં 'ચૂવા' ને હિંદીમાં ચૌઆ, ચોઆ કે ચોવા કહેવાય છે.

આપણે ત્યાં મોટે ભાગે પ્રચલિત પ્રયોગ 'ચૂવાચંદન' હોય છે તેથી એવો પણ ખ્યાલ બંધાયો છે કે આ 'ચૂવાચંદન' ચંદનની – સુખડની જ કોઈ જાત છે – પણ આ ખ્યાલ ખોટો છે.

ઉપર જોયું તેમ, કેટલાંક સુગંધી દ્રવ્યોમાંથી ટપકાવાયેલું પ્રવાહી (ચૂવો) એકલો કે સાથે ભેળવીને લેપનમાં કે મર્દન કરવામાં વપરાય છે. એકલા ચંદનનો પણ આવો 'ચૂવો' ટપકાવી શકાય છે.

એટલે 'ચૂવાચંદન' પ્રયોગનો અર્થ, ચંદન અને અન્ય સુગંધી દ્રવ્યોનો ચૂવો એવો પણ હોઈ શકે અથવા ચંદનમાંથી ટપકાવેલો–એટલે કે ચંદનનો ચૂવો એવો પણ અર્થ હોઈ શકે!

આ ચૂવો, મનને તરબતર કરનારી, એવી તો ખુશ્બૂ ધરાવે છે કે સંસ્કૃતને તથા સંસ્કૃતના પંડિતોનેય ગમી જાય તેમાં નવાઈ જેવું કંઈ નથી! પણ ચૂઓ કે ચૂવો રૂપો પોતે તો સંસ્કૃત નથી જ! આમ છતાં પૂજામાં સુગંધી દ્રવ્યો ચઢાવવાની વિધિ વખતે બોલાતા શ્લોકમાં એને સ્થાન મળ્યું છે તે પરથી એ પણ સંસ્કૃત છે એવું માનવા કોઈ પ્રેરાય તો નવાઈ નહીં!

એટલે મને તો આ શ્લોક જ ઘણો પછીથી રચાયો હોય એવું લાગે છે. દાખલા એમાં વપરાયેલા અન્ય શબ્દો 'અબીલ' ને 'ગુલાલ' પણ ક્યાં સંસ્કૃત છે?

'અબીલ' શબ્દ અરબી મૂળનો છે. જ્યારે ગુલાલ શબ્દ ફારસી મૂળનો છે; ને 'ચૂવો' શબ્દ સંસ્કૃત મૂળનો હોય તોયે એ મૂળ સંસ્કૃત રૂપમાં તો નથી જ!

એટલે આપણે શ્લોક પછીના વખતમાં રચાયો હોય ને પછી કર્મકાંડીઓએ એને પૂજાવિધિમાં ઉમેરી દીધો હોય એ વધુ સંભવિત છે! ✠

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. 137

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૨ અંક : ૧૫

મુંબઇ, તા. ૧-૧૨-૧૯૮૮

વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

સ્તોત્રકાર હેમચંદ્રાચાર્ય

હેમચંદ્રાચાર્યના સમગ્ર સાહિત્યમાંથી કોઈ એક કૃતિ સાડા આઠ સૈકાથી વધુ સમયથી રોજ રોજ કયાંક ને કયાંક બોલાતી રહી હોય તો તે 'સકલાર્હત્ સ્તોત્ર' છે. એમાં ચાર નિક્ષેપે સર્વક્ષેત્ર અને સર્વકાલ વિશે રહેલા અરિહંત પરમાત્માના સ્વરૂપના સર્વંદન મહિમાગાન સાથે વર્તમાન ચોવીશીના પ્રત્યેક તીર્થંકર માટે એ દરેકની વિશેષતા દર્શાવતા શ્લોકોની રચના છે. એટલે કોઇ પણ જિનમંદિરમાં જિનપ્રતિમાનાં દર્શન કરતી વખતે તે તીર્થંકર વિશેના હેમચંદ્રાચાર્યના 'સકલાર્હત્ સ્તોત્ર'માંથી શ્લોક બોલવાની પરંપરા જૈનોમાં આજ સુધી ચાલી આવી છે. વળી સંપૂર્ણ સકલાર્હત્ સ્તોત્રને ચૈત્યવંદન અને પ્રતિક્રમણની ક્રિયાવિધિમાં પણ સ્થાન અપાયું છે એ દર્શાવે છે કે હેમચંદ્રાચાર્યની આ લઘુ સ્તોત્રકૃતિમાં કેટલું સામર્થ્ય રહેલું છે. આમ છતાં, જોવાનું એ છે કે સકલાર્હત્ સ્તોત્રની રચના હેમચંદ્રાચાર્યે કોઇ સ્વતંત્ર સ્તોત્રકૃતિ તરીકે નથી કરી, પરંતુ બત્રીસ હજાર શ્લોક પ્રમાણ મહાકાય પુરાણકાવ્ય જેવી કૃતિ 'ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર'માં આરંભમાં, સ્વયંભૂ અને પુષ્પદંત જેવા મહાકવિઓની પરંપરાને અનુસરીને, નમસ્કાર અને આશીર્વચનના રૂપમાં ચોવીસે તીર્થંકરો માટે લખેલા મંગલશ્લોક તરીકે રચના કરી છે. વળી તેમાં પરિશિષ્ટ પર્વના ચાર મંગલશ્લોક ઉમેરાતાં કુલ ૩૦ શ્લોકની રચના થઇ અને તેમાં બીજા પાંચ શ્લોક ઉમેરાતાં કુલ પાંત્રીસ શ્લોકની રચના થઇ. આ રીતે 'સકલાર્હત્ સ્તોત્ર' સ્વતંત્ર સ્તોત્ર તરીકે એના પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ ઉપરથી નામ પામીને પ્રચલિત બની ગયું છે. તેના અંતિમ શ્લોકમાં બધાં મહત્ત્વનાં તીર્થોનું સ્મરણ પણ કરી લેવાયું છે. આ સ્તોત્રકૃતિમાં પણ મહાન વૈયાકરણ હેમચંદ્રાચાર્ય અછતા રહ્યા નથી, કારણ કે 'વીરઃ સર્વસુરાસુરેન્દ્રમહિતો' એ એક જ શ્લોકમાં 'વીર' શબ્દ એમણે પહેલેથી છેલ્લી સુધીની વિભક્તિમાં નીચે પ્રમાણે અનુક્રમે વાપરી બતાવ્યો છે :

વિભક્તિ (૧) વીરઃ સર્વસુરાસુરેન્દ્રમહિતો –
„ (૨) વીરં બુધાઃ સંશ્રિતાઃ ।
„ (૩) વીરેણાભિહતઃ સ્વકર્મનિચયો
„ (૪) વીરાય નિત્યં નમઃ ॥
(૫) વીરાત્ તીર્થમિદં પ્રવૃત્તમતુલં
(૬) વીરસ્ય ઘોરં તપો ।
„ (૭) વીરે શ્રીધૃતિકીર્તિકન્તિનિચયઃ
સંબોધન (૮) શ્રીવીર ! ભદ્રં દિશ ॥

હરિભદ્રસૂરિની જેમ હેમચંદ્રાચાર્ય પણ સાંપ્રદાયિક સંકુચિતતાથી પર હતા. તેઓ અન્ય ધર્મ પ્રત્યે ઉદાર અને સમન્વયકારી દૃષ્ટિ ધરાવનાર હતા એની પ્રતીતિ એમનું 'મહાદેવસ્તોત્ર' કરાવે છે. હરિભદ્રસૂરિએ જેમ 'મહાદેવાષ્ટક' લખ્યું છે તેમ સિદ્ધરાજ સાથે સોમનાથની યાત્રાએ ગયેલા તે પ્રસંગે હેમચંદ્રાચાર્યે 'મહાદેવસ્તોત્ર' લખ્યું હોવાનું મનાય છે. અનુષ્ટુપ છંદમાં અને છેલ્લો એક શ્લોક આર્યા છંદમાં એમ ૪૪ શ્લોકમાં એમણે આ સ્તોત્રની રચના કરી છે, જેમાં એમણે મહાદેવના સ્વરૂપને અર્થવિસ્તારથી દર્શાવ્યું છે. એમાંનો નીચેનો શ્લોક સુપ્રસિદ્ધ બની ગયો છે :

भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

(ભવરૂપી બીજના અંકુરને ઉત્પન્ન કરનારા રાગાદિ જેમના ક્ષય પામ્યા છે, તે બ્રહ્મા, વિષ્ણુ, શિવ કે જિનને નમસ્કાર કરું છું.)

હેમચંદ્રાચાર્યે જે બે દ્વાત્રિંશિકા લખી છે તે સિદ્ધસેન દિવાકરની એવી કૃતિઓની રચનાશૈલીએ લખી છે. બત્રીસ શ્લોકની આ રચનાઓમાં બંનેમાં ૩૧ શ્લોક ઉપજાતિ છંદમાં અને છેલ્લો શ્લોક શિખરિણી છંદમાં લખેલો છે. બંનેમાં ભગવાન મહાવીરસ્વામીની સ્તુતિ કરેલી છે. 'અન્યયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા'માં ભગવાન મહાવીરના અતિશયો વર્ણવીને પછી ન્યાય, વૈશેષિક, મીમાંસા, વેદાન્ત, સાંખ્ય, બૌદ્ધ અને ચાર્વાક એ અન્ય દર્શનોની સમીક્ષા કર્યા પછી જૈન દર્શનની સવિગત, સવિશેષ મહત્તા દર્શાવી છે. એમણે કહ્યું છે કે વીતરાગથી ચડિયાતું કોઇ દર્શન નથી અને અનેકાન્ત વિના બીજો કોઇ શ્રેષ્ઠ ન્યાયમાર્ગ નથી.

હેમચંદ્રાચાર્યની આ બંને બત્રીસીઓ તત્ત્વજ્ઞાનથી ગર્ભિત છે. એમણે વિવિધ દર્શનોની બહુ ઝીણવટથી સમીક્ષા કરી છે. એટલે બુદ્ધિવાદીઓને તે વિશેષ ગમે એવી છે. વળી, રચનાકૌશલ અને ભાષાલાલિત્યને કારણે તે કવિત્વની ઊંચી કોટિએ પણ બિરાજે છે. આવી ઉત્તમ કૃતિઓ આપવા છતાં હેમચંદ્રાચાર્ય

પોતાને સિદ્ધસેન દિવાકર આગળ અશિક્ષિત તરીકે ઓળખાવે છે એમાં એમની નમ્રતા રહેલી છે. તેઓ લખે છે:

क्व सिद्धसेनस्तुतयो महार्था अशिक्षितालापकला क्वचैषा ।
तथापि यूथाधिपतेः पथस्थः स्खलद्गतिस्तस्य शिशुर्न शोच्यः ॥

'વીતરાગ સ્તોત્ર' કદની દૃષ્ટિએ સુદીર્ઘ કૃતિ છે. કુલ ૧૮૮ શ્લોકમાં લખાયેલી આ કૃતિ બીજા 'પ્રકાશ'માં વિભાકત છે. એમાં હેમચંદ્રાચાર્યે પોતે ઉલ્લેખ કર્યો છે કે 'આ વીતરાગસ્તવથી કુમારપાળ રાજા ઇચ્છેલા ફળને પ્રાપ્ત કરો.'

श्रीहेमचन्द्रप्रभवाद् वीतरागस्तवादितः ।
कुमारपालभूपाल प्राप्नोतु फलमीप्सितम् ॥

કુમારપાળ રાજા માટે એમણે સ્તોત્રની રચના કરી છે, જેમાં આરંભમાં ટૂંકો દ્વારા વીતરાગ પરમાત્માના કરાતા જુદા જુદા અતિશયોનું વર્ણન કરવામાં આવ્યું છે. અને ત્યાર પછી જૈનદર્શનની મહત્તા, ઉત્કૃષ્ટતા શામાં રહેલી છે તે દર્શાવવામાં આવ્યું છે. આ સ્તોત્રમાં કવિની દાર્શનિક પ્રતિભાનાં જેમ આપણને દર્શન થાય છે તેમ શરણાગતે આવેલા અને ભકિતભાવથી સભર એવા ભકતજનના હૃદયની આર્દ્રતાનાં પણ દર્શન થાય છે. 'વીતરાગસ્તોત્ર'ની નીચેની પંકિતઓ તેની પ્રતીતિ કરાવે છે:

यः परमात्मा परं ज्योतिः परमः परमेष्ठिनाम् ।
आदित्यवर्णं तमसः परस्तादामनन्ति तम् ॥
यस्मिन् विज्ञानमानन्द ब्रह्म चैकात्मतां गतम् ।
स श्रद्धेयः स च ध्येयः प्रपद्ये शरणं च तम् ॥

'કુમારપાલપ્રબંધ'માં હેમચંદ્રાચાર્યની વિનમ્રતાનો એક પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. એક વખત હેમચંદ્રાચાર્ય કુમારપાળ રાજા સાથે શત્રુંજય તીર્થની યાત્રાએ ગયા હતા. ત્યાં ઋષભદેવ ભગવાન સમક્ષ હેમચંદ્રાચાર્યે ધનપાલ કવિએ બનાવેલી 'ઋષભપંચાશિકા'માંથી ગાથાઓ બોલીને પ્રભુની સ્તુતિ કરી. એટલે કુમારપાળે કહ્યું, 'મહારાજ! આપે તો અનેક ગ્રંથો લખ્યા છે, અને સુંદર સ્તુતિઓ પણ લખી છે. આપ ધારો તો અત્યારે તરત નવી સ્તુતિ પણ બનાવી શકો એમ છો. આપની પોતાની રચેલી સ્તુતિ બોલવાને બદલે આપ કવિ ધનપાલની સ્તુતિ કેમ બોલ્યા?' હેમચંદ્રાચાર્યે કહ્યું, 'ધનપાલની સ્તુતિ ભકિતભાવથી જેવી ઊભર છે એવી મારી સ્તુતિ નથી.' વસ્તુતઃ હેમચંદ્રાચાર્યે આ પ્રસંગે માત્ર વિનમ્રતા જ વ્યકત કરી હતી.

આમ, વ્યાકરણ, કોશ, મહાકાવ્ય, કાવ્યાલંકાર વગેરે પ્રકારનું હાલ ઉપલબ્ધ એવું ત્રણ લાખ શ્લોકપ્રમાણ સાહિત્ય લખનાર મહાન જૈનાચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે સ્તોત્રના પ્રકારની પણ ઉત્તમ કોટિની કૃતિઓની રચના કરી છે.

—રમણલાલ ચી. શાહ

મહિલા વકતૃત્વ તાલીમ વર્ગ

સંઘના ઉપક્રમે શુક્રવાર, તા. ૯મી ડિસેમ્બર, ૧૯૮૮ થી વકતૃત્વશકિતની ખીલવણી કરવા બહેનો માટે તાલીમ વર્ગ સંઘના કાર્યાલયમાં શરૂ કરવામાં આવશે, જેની વિગત નીચે પ્રમાણે છે:

(૧) છ સપ્તાહનું આ સત્ર રહેશે. (૨) સમય દર શુક્રવારે બપોરના ૨-૩૦ થી ૪-૩૦ સુધીનો રહેશે. (૩) સત્ર ફી રૂ. ૫૦/- રાખવામાં આવી છે. (૪) આ વર્ગનું માધ્યમ ગુજરાતી ભાષા રહેશે. (૫) સંઘના સભ્યોને પ્રથમ પસંદગી આપવામાં આવશે. (૬) વર્ગ માટે 'વહેલાં તે પહેલાં'ના ધોરણે વધુમાં વધુ ૨૦ બહેનો લેવામાં આવશે.

આ વર્ગના અધ્યાપક : પ્રા. ધીરેન્દ્ર રેલિયા

આ તાલીમ લેવા ઇચ્છનારે સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી.

જ્યોતિબહેન પ્રમોદચંદ્ર શાહ — કે. પી. શાહ
સંયોજક — નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાંના રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૯-૩૦ થી ૧-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ ૩૮૫, સરદાર વી. પી. રોડ, રસધારા કો-ઓપરેટિવ સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામની સામે, પ્રાર્થના સમાજ, મુંબઇ-૪૦૦૦૦૪ (ફોન: ૩૫૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૫૮ ખાતે ડૉ. જે. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોકત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

લ.
પ્રવીણચંદ્ર મંગલદાસ શાહ — કે. પી. શાહ
સંયોજક — નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

કડોદમાં નેત્રયજ્ઞ

સંઘના આર્થિક સહયોગથી 'કડોદ-હરિપુરા વિભાગ વેલફેર સોસાયટી'ના ઉપક્રમે કડોદ (તા. બારડોલી જિ. સુરત) મુકામે શ્રી દામોદરદાસ ગાંધી હોસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન તા. ૪થી ડિસેમ્બર, ૧૯૮૮ના કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સર્વને વિનંતી છે.

રસિકલાલ લહેરચંદ શાહ — કે. પી. શાહ
સંયોજક — નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

સંઘતિલકસૂરિવિરચિત આરામશોભાકથા

● પ્રા. જયંત કોઠારી

હરિભદ્રસૂરિવિરચિત 'સમ્યક્ત્વસપ્તતિ' પર સંઘતિલકસૂરિએ ઈ. ૧૩૬૬માં વૃત્તિ રચેલી છે તેમાં એક દૃષ્ટાંતકથા લેખે આરામશોભાકથા આવે છે. 'સમ્યક્ત્વસપ્તતિ' વૃત્તિ સાથે પ્રકાશિત થયેલ છે (સશો. મુનિ શ્રી લલિતવિજય, પ્રકા. દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ, મુંબઈ, ૧૯૧૬) તેમજ વૃત્તિ અંતર્ગત 'આરામશોભાકથા' સ્વતંત્ર રીતે પણ પ્રકાશિત થયેલ છે (સંપા. મુનિ યશોભદ્રવિજય, પ્રકા. સુરત વહા ચૌટા સંઘ). મૂલ ગ્રંથ પ્રાકૃતમાં છે, એની વૃત્તિ સંસ્કૃતમાં છે અને કથાનકો સંસ્કૃત તેમજ પ્રાકૃતમાં છે. આરામશોભાકથા પ્રાકૃત ભાષામાં મુખ્યત્વે ગદ્યમાં છે, માત્ર ૨૫ જેટલી ગાથાઓ એમાં આવે છે.

સંઘતિલકસૂરિએ આ કથા જિનદેવ અને ગુરુ બન્નેના વૈયાવચ્ચ (સેવાશુશ્રૂષા)ના ઉદાહરણ તરીકે આપી છે આથી એમાં કુલધરકન્યાએ માણિભદ્રને ઘેર રહીને કરેલી જિનભક્તિ ઉપરાંત ત્રિભુવનના ગુરુઓની અનેક પ્રકારની સેવાસુશ્રૂષાનો વિશેષપણે ઉલ્લેખ મળે છે.

સંઘતિલકસૂરિની કૃતિનો આધાર દેવચન્દ્રસૂરિની કૃતિ જ છે અને કથાંશોમાં એ એનાથી ભાગ્યે જ ફરક બતાવે છે એ સ્થાનો પણ મહત્ત્વનાં કહી શકાય એવાં નથી જેમકે-

૧. અહીં ગામનામ રથલાશ્રય નહીં પણ પલાશક (પલાસઓ) છે.

૨. અગ્નિશર્માની પત્નીનું નામ જ્વલનશિખા નહીં પણ અગ્નિશિખા છે.

૩. દેવચન્દ્રની કૃતિમાં વિદ્યુત્પ્રભા આંખો ચોળતી હતી તેથી દેવતા નથી એવો નિર્ણય થયેલો. અહીં એને નિમેષ-ઉન્મેષ થાય છે એવી સ્પષ્ટ વાત છે,

૪. રાજાના ખાદ્યપદાર્થની પરીક્ષાની વાત અહીં નથી.

૫. આરામશોભાને પિયર મોકલવા માટે મંત્રીનું સમર્થન મેળવ્યાની અહીં વાત નથી પણ આરામશોભાને મંત્રીની સાથે મોકલવામાં આવે છે.

૬. દેવચન્દ્રસૂરિની કથામાં આરામશોભા ચાર વાર પુત્રને જોવા આવે છે તેવું આ કથામાં પણ બને છે. દેવચન્દ્રસૂરિની કથામાં ત્રીજી રાત્રે રાજા શું થાય છે તે જોવા ઊભો રહે છે, આરામશોભાને જોઈ તે વિચારમાં પડે છે અને તે દરમ્યાન આરામશોભા જતી રહે છે. ચોથી રાતે એ આરામશોભાને રોકે છે. સંઘતિલકસૂરિની કથામાં રાજા ચોથી રાતે જ શું થાય છે તે જોવા ઊભો રહે છે અને તે જ રાતે આરામશોભાને રોકે છે.

૭. શ્રીદત્ત વસંતદેવનો પિતરાઈ હોવાનું અહીં જણાવાયું છે.

૮. દેવચન્દ્રસૂરિએ જિતશત્રુ તથા આરામશોભા બન્નેને ગુરુએ પોતાના પદના પ્રવર્તાવનાર એટલે કે ઉત્તરાધિકારી તરીકે સ્થાપ્યાં એમ કહ્યું હતું. અહીં જિતશત્રુને ગણધરપદે ને આરામશોભાને પ્રવર્તિનીપદે સ્થાપ્યાં એવો ઉલ્લેખ છે, જે વધારે યોગ્ય છે.

પાત્રસ્વભાવ તો આ કૃતિમાં કંઈ બદલાતા નથી પરંતુ કયાંક કયાંક એને થોડો વધારે ઉઠાવ અપાયો છે. જેમકે 'ઘાસનું તણખલું ય તોડતી નથી' એમ કહી આરામશોભાની ઓરમાન માની આળસુ પ્રકૃતિ પ્રત્યક્ષ કરાવી છે, તો આરામશોભા પ્રસૂતિ માટે પિયર જાય છે ત્યારે ઓરમાન મા પોતાનું મન અપ્રકટ રાખીને દાસીની જેમ કામ કરે છે એમ કહી એની કપટકળા બતાવી છે અને કૃત્રિમ વિલાપ કરતી માતાને 'પટુકૂટકપટનાટકનટિકા' જેવું ભારે વિરુદ્ધ પણ વળગાડ્યું છે.

મનોભાવનિરૂપણમાં સામાન્ય રીતે થોડી વધારે સ્ફુટતા છે અને ક્વચિત્ એકાદ રેખા પણ ઉમેરાયેલી છે. દાખલા તરીકે. પતિ છોડી ગયા પછીના કુલધરકન્યાના વિલાપમાં અહીં 'પૂર્વે કરેલાં કર્મોમાંથી ન છુટાય' 'શીલ જીવન કરતાં પણ અધિક છે' વગેરે વિચારો ગુંથાયા છે અને કોઈ 'ધર્મધનિક' વણિકને આશ્રયે જઈ 'અનિંદનીય' કર્મો કરીને ગુજરો કરવાની વાત આવે છે.

સંઘતિલકસૂરિના કથાનકમાં જે થોડો વિસ્તાર થયેલો છે તેમાં સુવિચારાત્મક ને અર્થાન્તરન્યાસી સુભાષિતોની મદદ સ્પષ્ટ જોઈ શકાય છે. સુખશીલા, આળસુ અપરમા આવી તેથી વિદ્યુત્પ્રભાનું દુઃખ ઊલટું વધ્યું આ સંદર્ભમાં વિદ્યુત્પ્રભા કર્મભોગની અનિવાર્યતાનો ઉલ્લેખ કરે છે તે એક સંસ્કૃત અને એક પ્રાકૃત ગાથા પણ ઉદ્ધૃત થાય છે. અફર નિયતિવાદને પ્રગટ કરતી સંસ્કૃત ઉક્તિ જોવા જેવી છે 'યસ્માચ્ચ યેન ચ યથા ચ યદા ચ યચ્ચ યાવચ્ચ યત્র ચ શુભાશુભં આત્મકર્મ, તસ્માચ્ચ તેન ચ તથા ચ તદા ચ તચ્ચ તાવચ્ચ તત્ર ચ કૃતાન્તવશાદ્ ઉપૈતિ.' કુલધરકન્યા માણિભદ્રનો આશરો લેતી વખતે 'સ્વચ્છંદ સ્ત્રીની દુર્જનો નિંદા કરે' એમ કહી સ્ત્રીને બાળપણમાં પિતાનું, યૌવનમાં પતિનું ને વૃદ્ધત્વમાં પુત્રનું અનુશાસન હોય છે એ જાણીતો શ્લોક ટાંકે છે. માણિભદ્રને ઘેર પોતાના ગુણોથી કુલધરકન્યા બધાનું મન જીતી લે છે ત્યારે કવિ સંસ્કૃત સુભાષિત આપે છે કે 'જ્ઞાતિસંબંધનો આડંબર નહીં પણ ગુણો જ ગૌરવનું કારણ બને છે. જંગલનું ફૂલ આપણે ગ્રહણ કરીએ છીએ, ત્યારે અંગમાંથી જન્મેલો મેલ તજીએ છીએ'

પરિસ્થિતિઓ પદાર્થો ભાવો, ઋતુઓ વગેરેને મૂર્તતા આપવાનું, એમને જરા ઘૂંટીને વર્ણવવાનું સંઘતિલકનું વલણ છે. આરામશોભાને વધુ ઘટ્ટ ખાવા મળે છે એમ કહેવાથી એમને સંતોષ થતો નથી 'અરસવિરસં, શીતલ લૂખું, સેંકડો માખી પડેલું, વધેલું ઘટેલું એ ખાય છે' એમ એ કહે છે. 'જેના ચરણકમળને અનેક સામંતો નમે છે' એવી સાદી ઉક્તિને સ્થાને તેઓ 'નમત નરેસરોના મુગટોના અમંદ મકરંદથી જેના પદાગ્ર વાસિત છે' એવી છટાદાર ઉક્તિએ યોજે છે. નાગ છટકી ગયો તેથી ગારુડિકોને થયેલી નિરાશા ને અકળામણ એ એમના અનુભાવોથી મૂર્ત કરે છે-'હાથ ઘસતા, હોઠ પીસતા ઝાંખા મુખે પાછા ફરી ગયા.' પતિએ છોડેલી કુલધરકન્યાની વ્યાકુળ ત્રસ્ત દશાનું કવિએ સાક્ષાત્કારક ચિત્ર ઊભું કર્યું છે-'આમતેમ તરલતરલ દૃષ્ટિ નાખે

છે,' 'હાહારવથી ગાજતા મુખવાળી, આંસુપ્રવાહમાં ન્હાતા સ્તન–કલશયુગલવાળી, અત્યંત ત્રસ્ત હરિણીના જેવી તે સ્ત્રી દીનવચનથી પ્રલાપ કરવા લાગી.'

આવી મૂર્તતા આપવામાં અલંકારોનો ઉપયોગ પણ ધ્યાન ખેંચે એવી રીતે થયો છે : અપરમાની કુટિલતાને કવિ મેંઢાના શિંગડા જેવી કહે છે! અપરમાનું કપટ જાણવા મળતાં કૃદ્ધ થયેલા રાજાને કવિ "પ્રલયાગ્નિની જેમ પ્રજ્વળતા" કહે છે અને એનાં વચનોને 'વજ્રાગ્નિના સ્ફુલ્લિંગ સમા ઉગ્ર' કહે છે. આરામશોભાને ઝેરના લાડુથી મારવાના પોતાના નિષ્ફળ ઉપક્રમને અપરમા પોતે શેરડીના પુષ્પ સાથે સરખાવે છે અને રાજરાણી આરામશોભાને ત્યાં ખાવાનું મોકલવાનું કેટલું કઠણ છે તે બતાવવા અગ્નિશર્મા અલંકારોનો હારડો કરે છે – 'આ તો કલ્પદ્રુમને મોરકેરડાનાં ફળ મોકલવા જેવું છે, વજ્રરત્નોને કાચખંડોથી વિભૂષિત કરવા જેવું છે' વગેરે.

સંઘતિલકે ક્વચિત્ વર્ણનની તક છોડી છે – જેમકે સ્થલાશ્રય ગામનું વર્ણન એ આપતા નથી. પણ સામાન્ય રીતે વીગતો અને વર્ણનો તરફની એમની રુચિ જણાય છે. જિતશત્રુના આગમન વેળા નગરની જે શોભા રચાય છે ને આનંદોત્સવનું વર્ણન દેવચન્દ્રસૂરિએ વધારે વીગતોથી કરેલું પરંતુ સંઘતિલકે સંક્ષેપમાં સામાસિક પદાવલિના ઉપયોગથી વાસભવનની ભવ્યતાને ઉઠાવ જરૂર આપ્યો છે. વિદ્યુત્પ્રભાના સૌન્દર્ય–વર્ણનમાં અહીં લેવાયેલો વ્યતિરેક અલંકારાવલિનો આશ્રય ચમત્કારક છે – 'એના ચંચળ નયનોની પાસે નીલોત્પલ કિંકર સમાન છે, પૂર્ણ ચંદ્ર હંમેશાં એના મુખની નિર્માલ્ય (ઉચ્છિષ્ટ) લીલા ધારણ કરે છે, એની નાસિકા પાસે પોપટના અતીક્ષ્ણ ચંચુપુટ ક્ષય પામે છે' વગેરે.

સંઘતિલકસૂરિએ કેટલુંક છોડ્યું છે. કેટલુંક ટૂંકાવ્યું છે તો કેટલુંક ઉમેર્યું પણ છે અને એ રીતે કથાનકની રસવત્તા જાળવી રાખી છે, ક્યાંક વધારી પણ છે.

*

'દર્શક'ના કેટલાક ચિંતન–પત્રો

❖ પન્નાલાલ ર. શાહ

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'ને તેમની વાચન, મનન, ચિંતન, લેખન, વ્યાખ્યાન, વાર્તાલાપ, પ્રવાસ, સમાજના ભિન્ન ભિન્ન ક્ષેત્રના અને સ્તરના અગ્રણીઓની તથા રાજકારણ અને શિક્ષણક્ષેત્રની આગેવાન વ્યક્તિઓની મુલાકાતો એમ એમની અનેકવિધ પ્રવૃત્તિઓના પરિણામરૂપે એમનું ચિંતન રસાઇને આવે છે. નિમિત્તવશાત્ ચિત્તમાં ચાલેલા ચિંતનના સારરૂપે કે ક્યારેક પોતે વાંચેલા ગ્રન્થમાંની મહત્ત્વની વિચારણાના દોહનરૂપે એમનું મનન-ચિંતન આવે છે. એમાંનું બધું લેખસ્વરૂપમાં કદાચ મોકળાશથી પ્રગટ ન કરી શકાય. તે અંગત પત્રોમાં સહજભાવે લખી શકાય. મણારની લોકશાળાનાં ગૃહમાતા અને ઇતિહાસના અધ્યાપક શ્રી મૃદુલાબહેન પર 'દર્શક' લખેલા પત્રો આ વાતની સાહેદી છે. એમના પત્રોનું પુસ્તક 'ચેતો વિસ્તારની યાત્રા'નું સ્વ. મૃદુલાબેન મહેતાએ સરસ સંપાદન કર્યું છે. આ પુસ્તકના ચાર વિભાગો છે : (૧) સાહિત્ય ૨. ચિંતન (૩) ઇતિહાસ અને (૪) શુભકામનાઓ. એ પૈકી ચિંતન અને ઇતિહાસ વિભાગનું મુખ્યત્વે અહીં અવલોકન કરીશું.

સ્વ. મૃદુલાબહેન મહેતાએ ઈ. સ. ૧૯૬૦માં પોતે અપરિણીત રહેવા માગે છે એવો પોતાનો પ્રામાણિક નિર્ણય 'દર્શક'ને જણાવ્યો. એના અનુસંધાનમાં એમણે પોતાના અનુભવ, અવલોકન અને વાચન પરથી પોતાને, જે કાચા-પાકાં તારણો સાંપડ્યાં, તે પહેલી નજરે થોડો આઘાત ઉપજાવનારાં લાગે. એમણે લખ્યું છે કે બ્રહ્મચર્ય કે અપરિણીત અવસ્થાનો આપણે ત્યાં પ્રમાણ કરતાં વધારે મહિમા ગવાયો છે. એના કારણમાં એમણે કહ્યું છે; મનુષ્યનું સ્વમાન તેને જે વસ્તુ અશક્ય લાગે તે કરવાને પ્રેરતું હોય છે. હારવાનું તેને ગમતું નથી. જે અજેય લાગે છે તેને જેય કરવાનું સોણું ને તે કરનારનો મહિમા સંસારમાં રહ્યા જ કર્યો છે. એમાં મળતી નિષ્ફળતાઓ જ તેને જીતવા માટેનો ધક્કો આપે છે.' વળી, ઉમેરે છે : 'એમાં સંકલ્પશક્તિનો ચરમ ઉત્કર્ષ થયો છે. કામવૃત્તિ પણ મનુષ્યે અનુભવ્યું કે અજેય છે. ભલભલા ઋષિ-મુનિઓને પણ તેણે ચળાવ્યાં છે, તેનું સામ્રાજ્ય સર્વ જીવો ઉપર છે. પણ એ સામ્રાજ્યનેય વશ ન થવાની ઇચ્છા મનુષ્યજાતિમાં વિરલ માણસોને રહેવાની.' વસ્તુત : સ્થૂળ કામવાસના વયજન્ય આવેગ છે એમ જણાવી, આ વયજન્ય આવેગને સ્થાયી સ્વરૂપ આપનારાં પરિબળો અંગે વિશ્લેષણ કરતાં તેઓ કહે છે : 'અમુક વયે તંદુરસ્ત માણસમાં સ્થૂલ કામવાસના જન્મે છે ને અમુક ઉંમરે તે શમે છે. વય વીત્યા પછી પણ આપણા સમાજમાં તે રહે છે તેનું કારણ તે વાસના નથી, પણ તે વાસનાને આપણે આપેલ મહત્ત્વ–તેનું ઊર્ધ્વીકરણ ન કરનારો આપણો ઉછેર છે. આપણી કેળવણી અને આપણું સાહિત્ય બન્ને આ વયજન્ય આવેગને સ્થાયી સ્વરૂપ આપવા માટે જવાબદાર છે.' અહીં શ્રી 'દર્શક'ના આ વિધાન સામે સંપૂર્ણપણે (absolutely) સહમત થઈ શકાય તેમ નથી. જેમણે ઊંચી સાધના કરી હોય અને અજેયને જે કરવાનું જેમનું લક્ષ્ય હોય એવી વ્યક્તિમાં વયજન્ય આવેગ સ્થાયી સ્વરૂપ પકડે એ સહેલાઇથી માની શકાય એવી વાત નથી. ઉપરાંત લક્ષચોરાશીમાં ફરતા દરેક જીવોને દરેક યોનિમાં ઓછામાં ઓછું સ્પર્શેન્દ્રિયની સંજ્ઞા હોય જ છે, બીજી સંજ્ઞા ન પણ હોય. એટલે પૂર્વભવોના સંસ્કાર પણ એમાં ભાગ ભજવે છે એટલું આસાનીથી ઉમેરી શકાય.

એમના આ ચિંતનમાંથી કુટુંબજીવન વિષે સરસ ઉદ્‌ગારો આવે છે : 'વસ્તુત : કુટુંબજીવન એ બધા સદ્‌ગુણોની મૂળભૂમિ છે' આ વાતના સમર્થનમાં તેઓ કહે છે : 'માનવીની આવશ્યક સામાજિક સદ્‌ગુણોની પ્રથમ તાલીમશાળા કુટુંબ છે. રાજ્ય કે સમાજને સદ્‌ગુણો જોઇએ છે તે બધા માતાપિતા-ભાઇબહેન, સગાવહાલાં જોડેના સંબંધોમાં કેળવાય છે, પોષાય છે. ઈશ્વર પ્રત્યેની આસ્થા ને ભક્તિ, પિતા તરફની ભક્તિ ને આસ્થા જેણે ન અનુભવ્યાં હોય, તેને માટે તે અત્યંત મુશ્કેલ છે. તેવી જ રીતે માતા તરફનો અનુરાગ-પ્રીતિ જેણે અનુભવ્યાં નથી તેને માટે માતૃભૂમિ માટેનો અનુરાગ અને સ્વચ્છ પ્રીતિ ઘણી

મુશ્કેલ છે, ભાઈભાંડુની પ્રીત જ તેને સૌ તરફની મૈત્રીનો અનુભવ લેવા શક્તિશાળી બનાવે છે.' અહીં એટલું કહી શકાય કે સામાજિક સદ્‌ગુણોની આ તાલીમશાળામાં તૈયાર થનાર માનવી સો ટચનું સોનું બનીને જ બહાર આવશે એવું માનવાને કારણ નથી. આવી પ્રયોગશાળામાં રહ્યા છતાં સદ્‌ગુણોના બદલે દુર્ગુણોની હારમાળા સર્જનારું વ્યક્તિત્વ અહીંથી પણ વીલસે છે. બીજું વ્યક્તિનો, પૂર્વજન્મના સંસ્કારના કારણે, વિકાસ ઝડપી હશે તો આ બધી ભૂમિકા વટાવીને તે પરમારો વિશ્વવાત્સલ્ય સુધી પહોંચી જશે. આ બધી બાબતોની ચર્ચાને પત્રમાં અવકાશ ન હોય તે સમજી શકાય એવી બાબત છે. બ્રહ્મચર્યનો પ્રમાણ કરતાં વધારે મહિમા ગવાયો છે એવું જે તારણ શ્રી દર્શકનું છે એનું સમાધાન એમના જ માનવ-સ્વભાવની વિશિષ્ઠતા જણાવતા આ વાક્યથી મળી રહે છે: 'જે અજ્ઞેય છે એને જ્ઞેય કરવાનું સોણું છે.' એ મહિમા બહારથી લદાયેલો નથી. માનવસ્વભાવમાં પડકારને ઝીલવાની વૃત્તિમાંથી ઉદ્‌ભવતી હકીકત છે.

ઇતિહાસલેખન, એનું શિક્ષણ વાંચન, એના અભ્યાસમાંથી વર્તમાનમાં પથપ્રદર્શક તરીકે મૂલ્ય વગેરે બાબતોમાં એમની સૂત્ર અને અર્થઘટન તટસ્થ અને નિર્ભયતાનું દ્યોતક છે, ઝીણા અને અંગ્રેજોને આખરી તબક્કામાં સમજવામાં ગાંધીજીની ભૂલ થઇ લાગે છે એનું પૃથક્કરણ કરતાં એમણે લખ્યું છે: 'ઝીણા તરફ વધારે પડતો સદ્‌ભાવ, સમાનતા કે વિશ્વાસ અને અંગ્રેજો તરફ વધારે પડતો અવિશ્વાસ.' મિશનની દરખાસ્તની જૂથોવાળી યોજનામાં બેસવા અંગેનું અર્થઘટન વાજબી નહોતું એમ એમને લાગે છે. યોજનાનો તે અંતર્ગત ભાગ હતો. અને તે પ્રયત્ન સ્વીકારવામાં ન આવે તો પાકિસ્તાન જ આપવાનું રહે. ભારતને એક રાખવાનો તે છેલ્લો શંકાસ્પદ અને આશાની શક્યતાવાળો પ્રયત્ન હતો. આનો અર્થ એવો નથી કે તે સ્વીકારાત તો પાકિસ્તાનની માગણી ન થાત, આટલું કહી તેઓ ઉમેરે છે: 'રાજકારણ શક્યતા અને સાવધાની વચ્ચેનો મુલક છે.' એ જ રીતે સુભાષબાબુએ ફાસિસ્ટોનો સાથ લીધો તેના વિષે તેઓ માર્મિકતાથી કહે છે: 'સુભાષબાબુની દેશભક્તિ વિષે શંકા નથી, પણ તેમણે ફાસિસ્ટોનો સાથ લીધો તે ખોટું કર્યું'.

એમણે લોકશાહી વિષે તાત્ત્વિક વિચારણા કરી છે અને વર્તમાનમાં બનતા બનાવોને એ તાત્ત્વિક વિચારણાના સંદર્ભમાં મૂલવ્યા પણ છે. બાંગ્લાદેશના બંધારણપલટામાં મહત્ત્વનું વાક્ય છે: 'મુક્ત લોકશાહી નિષ્ફળ ગઇ છે અને હવે દલિતોની લોકશાહી શરૂ થાય છે.' અને ઉમેરે છે: 'આ દલિતોની લોકશાહીનું અંતુગામી પગલું એક પક્ષની લોકશાહી છે, દલિતોનો પક્ષ'. મૂળે આ વિચારસરણી ફ્રેન્ચ રાજ્યક્રાંતિ વખતે શેખેરપીયર વગેરે ઉદ્‌ામવાદીઓની હતી, એ લોકોના મતે એક વાર પ્રજા સત્તા પર આવે પછી પક્ષોને સ્થાન જ નથી. પ્રજાકીય સરકાર પછી કાં તો પ્રજા છે અને કાં તો પ્રજાના દુશ્મનો છે. મૂળે આ વિચાર રૂસોમાંથી લીધો છે. આ વિશેની વિગતે ચર્ચા એમના રાજ્યરંગ શ્રેણીમાં 'વિદેશનીતિ' પુસ્તિકામાં એમણે કરી છે.

કટોકટીના વખતે પશ્ચિમી લોકશાહી સાથે રહેવાનું એમનું વલણ એમણે મુદ્દાસર કારણો આપી સરસ રીતે સમજાવ્યું છે. એમણે કહ્યું છે કે (૧) લોકશાહી રાષ્ટ્રો પોતાનાં સામ્રાજ્યો ઉઠાવી ગયાં છે ને તે જ કાળ દરમિયાન ચીન, રશિયાએ ઘણા દેશો હડપ કર્યા છે. (૨) એક દેશમાં લોકશાહીનો નાશ થાય તેટલે અંશે મારા દેશની લોકશાહી નબળી પડે (૩) લોકશાહી અધિકારોમાંથી વાજબી આર્થિક સમાનતા આવે તેવો વ્યાપક અનુભવ છે. સરમુખત્યારશાહીમાંથી લોકશાહી અધિકારો આવે તેવો સંભવ ઓછો છે. ઊલટું, સરમુખત્યારશાહીનો સ્વભાવ બધાં ક્ષેત્રોમાં પોતાની સત્તા વધારી છેવટે સર્વગ્રાસી રાજ્યપદ્ધતિ થવાનો છે. ઇતિહાસના આ અભ્યાસ પરથી બોધપાઠ એ લેવાનો છે કે વિદેશનીતિના ઘડતરમાં કયા દેશનો સાથ લેવાય અને કોની છાવણીમાં રહેવાય. આ અંગે પણ એમણે રાજ્યરંગશ્રેણીની 'વિદેશનીતિ' પુસ્તિકામાં વિગતે ચર્ચા કરી છે.

'આપણો વારસો અને વૈભવ'માં મહાવીર અને જૈન ધર્મ વિષે ટૂંકું લખાણ છે એ અંગે કારણો આપતાં તેઓ લખે છે: 'ઇતિહાસમાં તેને જ સ્થાન હોય કે જેણે સામાજિક બળ તરીકે નોંધપાત્ર ફાળો આપ્યો હોય. ગમે તેટલી શુદ્ધ કે જ્ઞાની વ્યક્તિ જો સામાજિક બળ તરીકે ભાગ ન ભજવી ગઇ હોય તો તેની ખાસ નોંધ ન લેવાય તેનું જીવનચરિત્ર લખાય.' શ્રી અરવિંદનું ઉદાહરણ આપતાં એમણે લખ્યું છે: 'એમના વિચારોની અસર ૨૦૦, ૫૦૦ વર્ષ પછી કદાચ વધારે થશે તો તે કાળનો ઇતિહાસ લખનાર અરવિંદને વધારે અપાશે' આટલું કહી તેઓ ઉમેરે છે: 'ઇતિહાસ સામાજિક કર્મોનો વહીવંચો છે.' ભગવાન મહાવીરની અહિંસાની વિચાર-સરણીની આજે વ્યાપક અસર છે અને હેમચંદ્રાચાર્ય અને કુમારપાળનાં સંસ્કાર-પોષક ભગીરથ કાર્યોની આજે ૯૦૦ વર્ષ પછી પણ ગુજરાત એની સંસ્કારિતા જાળવી રહ્યું છે ત્યારે એમના કહેવા મુજબ એના બીજા ભાગમાં લંબાણથી નોંધ લેવાશે એવી શ્રદ્ધા છે.

આ સિવાય ઇતિહાસ-લેખનમાં સ્વાતંત્ર્ય, જીવન-ચરિત્ર અને ઇતિહાસ-લેખન વચ્ચે તાત્ત્વિક ભેદ, ઇતિહાસનું વાંચન સદેહે કાળની સીમા ઓળંગવાનું સાધન વગેરે મુદ્દાઓ એમણે નર્મ-મર્મ ભરી શૈલીએ સુપેરે સ્ફુટ કર્યા છે, ઇતિહાસને સાચવવાની રીતનું એમણે સરસ ઉદાહરણ આપ્યું છે. ભીષ્મ પોતાની પ્રતિજ્ઞાના કારણે અપુત્ર મરણ પામ્યા. તેને પિંડદાન કોણ કરે? પિંડદાન વિના એમની ગતિ પણ કેમ થાય? હિન્દુ શાસ્ત્રકારોને તોડ કાઢયો કે તેમની મૃત્યુતિથિએ બધા જ હિન્દુઓ તેમને સંભારી 'અમે તમારા પુત્રો છીએ' એવું કહી પિંડદાન કરે, આ પરંપરાનો સૂચિતાર્થ એમણે આ રીતે જણાવ્યો: 'ઇતિહાસને સાચવવાની અને ઋણ ચૂકવવાની કેવી અદ્‌ભુત રીત છે!' તો પોતાની અંતિમ ઇચ્છા દર્શાવતા દસ્તાવેજના એક મુદ્દા વિષે સ્વ. મૃદુલાબહેનને પીડા થઈ, તે અંગે સ્પષ્ટતા કરતાં એમણે લખ્યું છે: 'મારો અને તારો સંબંધ જે અવિચલ પાયા પર એટલે કે ઇતિહાસની ઉપયોગિતા અહોભાવ અને અભિગમના પાયા પર ઊભો છે, તે સજીવનીને અનાવૃત રીતે મૂકવાનો છે. તેમાં જરૂર એ આશા રહેલી છે કે શક્ય હોય તો તું એ કામ આગળ વધારે. ઇતિહાસના આવા નિર્ઘૃણ પ્રકાશના અભાવે શું થાય છે તે એવડું મોટું પ્રકરણ છે કે ચકિત અને વ્યથિત થયા વિના ન રહેવાય' કરુણા એ છે કે એ કામ આગળ વધારનાર મૃદુલાબહેન કાળની કેડીએ સંચર્યાં છે, એવા જિજ્ઞાસુ અને અભ્યાસી ઇતિહાસવિદ્‌ની યાદમાં દર્શક એ કામ આગળ ધપાવે એ જ અભ્યર્થના.

ઈંધણાં વગરની આગ

તનસુખ ભટ્ટ

અગ્નિનો પ્રભાવ એવો છે કે તે હર કોઇ પદાર્થને બાળીને રાખ કરી મૂકે છે. પરંતુ ઇર્ષ્યાની અદકેરી, ઈંધણાં વગરની આગ તો પોતાને તેમ જ સામાને-બંનેને બાળે છે.

નળને સુખે રાજ ભોગવતો જોઇને અરણ્યમાં આકરું તપ કરતા તેના ભાઈ પુષ્કરને અદેખાઇ ઊપજી. પોતે રહ્યો લંગોટો અને હાથમાં એક સોટો. નળ સદાય પીતાંબરધારી અને હાથમાં રાજદંડ, પોતે શિલા પર બેસે અને નળ સિંહાસન પર. પોતે ભિક્ષાન્ન ભરખે અને નળ મિષ્ટાન્નની મોજ ઉડાવે પોતાને તિતિક્ષા વેઠવી અને નળને તાગડધિન્ના કરવાનાં. અદેખાઇનો માર્યો તે પર્ણકુટીમાંથી પ્રાસાદમાં પહોંચ્યો નળને જુગટું રમવા પડકાર્યો અને ત્યાગ. તપ તથા તિતિક્ષાને મેલી, મોજમજા અને માણીગરપણું સ્વીકાર્યું. કળિએ તેની પ્રકારની આસુરિક શૈલીને કારણે. બાકી કલિ એટલે કલહ, કંકાસ, કજિયો અને કપટ.

પાંડવો પાંડુના હિમાલયમાં થયેલાં અવસાન પછી રાજમાં આવ્યા અને ઇન્દ્રપ્રસ્થ નગરમાં ગંગાતટે રાજધાની કરી સુખેથી રહ્યા. યમુનાતટે હસ્તિનાપુરમાં રહેતા દુર્યોધનને, આ પાંચ ભાઇઓને સુખથી રહેતા જોઇને, ઇર્ષ્યાની આગ લાગી. તેણે ભીમને ઝેરના લાડુ ખવરાવ્યા, વારણાવત પાસે વનમાં લાક્ષાગૃહ બંધાવી પાંડવોને તેમાં આરામ કરાવી, મધરાતે જીવતા જ શેકી નાખવાનો પ્રપંચ રચ્યો. આમાં ન ફાવ્યો ત્યારે જુગટું રમવાનું કહેણ મોકલી પોતાને બદલે શકુનિ મામાને રમવા બેસાડ્યો બહેડાના કાષ્ઠને ડોરીને અંદર પારો ભરવાથી પાસા અમુક જ રીતે પડે છે અને વજનદાર ભાગ નીચો અને હળવો ભાગ ઊંચો રહે છે. આવી દ્યુતવિદ્યા જાણનાર શકુનિ જીત્યો. ઇર્ષ્યાની ભડભડતી આગે દ્રૌપદી જેવી રાજરાણીની ભરસભામાં છેડતી તથા બેઇજ્જતી કરાવી. પાંડવોને બાર વરસ વનવાસમાં કાઢયાં તોય દુર્યોધનને ચેન ન પડ્યું અને જયદ્રથ પાસે દ્રૌપદીનું હરણ કરાવ્યું. દુર્વાસાને હજાર શિષ્યો સાથે એકાદશીનાં પારણાં કરવા પાંડવો પાસે મોકલ્યા.

રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણનું પ્રથમ પૂજન થતું જોઇને શિશુપાળ બળી મર્યો. પોતાની માનેલી પ્રેયસી રુક્મિણીને હરનાર અને વરનાર કૃષ્ણને આવું વિરલ માન મળતું જોઇને તેના પેટમાં કડકડતું તેલ રેડાયું. તેણે ભાંડનો પાઠ ભજવીને શ્રી કૃષ્ણને ખૂબ ભાંડ્યા. વળી શ્રીકૃષ્ણની સુવાસ સમગ્ર ભારતવર્ષમાં એટલી ફેલાઇ હતી કે તેઓ માનાર્હ મહીપતિ ઉપરાંત અવતારી વિભૂતિ પણ મનાવા માંડ્યા હતા. આથી શાલ્વ નામના રાજાને અદેખાઈ થઇ. તેણે જાહેર કર્યું કે ખરો વાસુદેવ શ્રીકૃષ્ણ તો હું છું અને આ દ્વારકાવાળો રાજા તો બનાવટી કૃષ્ણ છે. તેણે બે બનાવટી હાથ બેસાડીને ચતુર્ભુજ રૂપ ધારણ કર્યું તથા દ્વારકા ઉપર આક્રમણ કર્યું, સૂરજ સામે ધૂળ ઉડાડનારના જે હાલહવાલ થાય તે તેના પણ થયા.

ભગવાન બુદ્ધની લોકપ્રિયતા જોઇને તેમનો જ સગો દેવદત્ત વગર તાપે બળ્યા કરતો હતો. એક વાર ભગવાન બુદ્ધ એક ઊંચા ટેકરા નીચે ઊભા હતા ત્યારે તેણે ઉપર ચઢીને ઊભી કરાડ ઉપરથી મોટી શિલા તેમની ઉપર નાખી. બુદ્ધ બચી ગયા અને દેવદત્તનું કાયમ માટે કાળું મોં થયું.

સોક્રેટિસને જુવાનોમાં અતિ પ્રિય થતો જોઇને ગ્રીસના બેડોમાં બળી મર્યા તેમણે રાજમાં ફરિયાદ કરી કે આ દુષ્ટ માણસ જુવાનોને આડે માર્ગે લઇ જાય છે. તેમણે આ તત્ત્વજ્ઞાની મહાત્માને ઝેરનો પ્યાલો પીને મરવાની સજા કરાવી

તેવું જ ઈશુ ખ્રિસ્તનું થયું. આ પેગંબરની પુણ્યમય વાણીના પ્રભાવ આગળ પોથાંપંડિતો પાછા પડયા, શાસ્ત્રીઓ ઉપર રોહ પડી અને ધર્મગુરુઓના હૈયામાં હોળી સળગી, રોમન સૂબા પાસે તેને અપરાધી તરીકે ખડો કરાવ્યો. સૂબાએ તેને નિર્દોષ જાહેર કર્યો પણ ધરમના ઠેકેદારોને આ ન્યાય કડવો લાગ્યો, તેમણે હોહા મચાવી અને સૂબાને સજા ઉચ્ચારવાની ફરજ પાડી. જશ મેળવનારનો તેમણે જીવ લીધો.

મહમદ પેગંબર ઘેરથી મસ્જિદમાં રોજ નમાજ પઢવા જતા ત્યારે રોજ એક યહૂદી છોકરી તેમની ઉપર થૂંકતી એકનાથ મહારાજ ઉપર યવન એકસોવાર થૂંકેલો. કોઇ સંત ગણાય ને પુજાય તો અમારો ભાવ કોણ પૂછશે ?

રાણકદેવી જેવી રૂપસુંદરીને રાખેંગાર પરણ્યો તેથી સિદ્ધરાજ જયસિંહના હૃદયમાં હુતાશન પ્રગટયો, તેણે બાર વરસ સુધી જૂનાગઢને ઘેરો ઘાલ્યો પણ વ્યર્થ ! અંતે ખેંગારનો ભાણેજ ફૂટયો અને દગાથી દરવાજે ઉઘાડી સિદ્ધરાજના સૈન્યને દુર્ગમાં દાખલ કર્યું. રાખેંગાર યુદ્ધમાં મરાયો. સિદ્ધરાજે રાણકદેવીને પટરાણી બનવા પ્રાર્થના કરી. સતીએ ગુર્જરપતિને ગમારપતિ ગણ્યો. સિદ્ધરાજે દમાણ લાવવા તેના દીકરાનો વધ કરી બાળહત્યા કરી, પરિણામ શું આવ્યું ? પોતે ચિતા માટે દેવતા ન દીધો તો સૂર્યકિરણમાંથી અગ્નિ ઉદ્ભવ્યો. રાણકદેવીનો પગનો અંગુઠો કિરણોથી પોતાની મેળે સળગ્યો પતિનું શિર ખોળામાં લઇને ભડકા વચ્ચે શાંત સતીને કામાંધ ધરાધીશ ફાટેલી આંખે જોઇ રહ્યો અને જેને માટે બાર વરસ મથામણ કરી તે સતી તો રાખ બની ગઇ.

પૃથ્વીરાજને અજમેરની તથા દિલ્હીની એમ બે ગાદી મળી તે તેના માશિયાઈ ભાઇ જયચંદથી ન જોવાયું. તેણે શાહબુદ્દીનને ભારત પર આક્રમણ કરવા કહેણ મોકલ્યું અને કહ્યું કે આંકડે મધ છે, આવો લાગ ફેરી નહિ મળે. અનેકવાર માફી દઇને જીવતા છોડેલા શાહબુદ્દીને અંતે આ ઉદાર રાજાને હરાવ્યો ને કેદ કરી તેની આંખો ફોડી જયચંદના હાથમાં આથી શું આવ્યું ?

બ્રિટને ભારતને લૂંટીને યુરોપમાં પોતાનો ભભકો વધાર્યો, આથી જર્મનીનો કેસર સળગી ઊઠયો અને તેણે પ્રથમ વિશ્વવિગ્રહ પેટાવ્યો. તેમાં એક કરોડ નરની આહુતિ અપાઇ.

ગાંધીજી આફ્રિકા છોડીને ભારતમાં સ્થિર થવા આવ્યા ત્યારે અહીં હોમરૂલની હિલચાલ ચાલતી હતી. ગાંધીજીના અનુભવી સત્યાગ્રહી સેનાનીપદ સમક્ષ આ કાપદ્રાપંડિતો અને પોથીપૂજકો ઝાંખા પડી ગયા. રાજકારણમાં તેમનું કોઇ સ્થાન ન રહ્યું. ઇર્ષ્યાની આગથી બળેલા આ રાજકારણીઓએ હુલ્લડો કરાવ્યાં અને હજારોની કતલો કરાવી, એકવાર પેટાવેલા

આ દેવતાએ દાવાનળનું રૂપ ધર્યું અને ભારતના ભાગલામાં હજારોને રહેંસી નખાયા. આજે પણ આ આગ ઠરી નથી. તેમાંથી ધુમાડા, તણખા ને ભડકા નીકળ્યા કરે છે.

સત્તાની સ્પૃહા, લોકનેતા બનવાની લાલચ, સરમુખત્યાર બનવાનો સંમોહ, એવી અદશ્ય, વિનાશક ધૂંધણ વિનાની આગ લગાડે છે કે તે તેના પેટાવનારની કલ્પના કરતાંય કયાંય પ્રચંડ રૂપ ધરે છે. દેવતામાંથી દાવાનળ. તણખામાંથી ત્રાસતાંડવ, સ્ફુલિંગમાંથી લંકાલીલા સરજાય છે. ઈર્ષ્યાની આગને અટકાવાતી નથી. તે ગામો, પ્રદેશો અને દેશોને ભસ્મીભૂત કરે છે. વ્યક્તિઓ, કુટુંબો અને પ્રજાનો પ્રલય કરે છે, તેના આદિપ્રેરકનો તેના ઉપર અંકુશ રહેતો નથી. ત્યાં અગ્નિશામક દળનું ઊપજતું નથી, ત્યાં કાળા માથાના માનવીની કરામત ચાલતી નથી આભ ફાટે ત્યાં થીગડું કયાં દેવું ? વૈદેહી વનમાં વલવલતી રહી. દ્રૌપદીને માથે દુખનાં ઝાડવાં ઊગ્યાં, સંયુકતા વિધવા થઇ, રાણકદેવી સતી થઇ. ભારતના ભાગલામાં સેંકડો સ્ત્રીઓ વિધવા થઇ, બળાત્કારનો ભોગ બની, કન્યાઓનાં અપહરણ થયાં, વિધવાઓના બળાત્કારે પુનર્વિવાહ થયા, સ્ત્રીઓએ કૂવા પૂર્યા. વીરોએ હજારોની સામે તરવાર-બંદૂકે કેસરિયાં કર્યાં. નિર્દોષોનું નિકંદન નીકળ્યું, શાંતિપ્રિયજનો શેકાઇ મુઆ, ભડવીરો ભૂંજાઇ મર્યા. ગુંડાઓના હાથમાં કુટુંબની સ્ત્રીઓ ન પડે માટે તેમના ભાઇબાપોએ સ્વહસ્તે તેમને વધેરી નાખી.

અમેરિકા રશિયાની ઉન્નતિથી આકળું થાય છે. રશિયા અમેરિકાના અભ્યુદયથી અસ્વસ્થ બને છે. ચીન છાની તૈયારી કરે છે. પાકિસ્તાન ઉઘાડી તૈયારી કરે છે, બધા એકબીજાને પડકાર ફેંકે છે : 'આવ પડોશી લડીએ !' આનો ઉત્તર ગાંધીજીએ ને નેહરુજીએ કયારનો આપી દીધો છે : 'લડે મારી બલા !' 'હું મરું પણ તને રાંડ કરું'ની મનોદશા કયાં જઇને અટકશે ?'

જૈન ક્લિનિકને ભેટ રકમ અર્પવાનો તથા પારિતોષિક વિતરણનો સમારંભ

સંઘના ઉપક્રમે ડો. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે તેમની સ્મૃતિમાં જૈન ક્લિનિક-મુંબઇને એક લાખ રૂપિયા અર્પણ કરવાનો તેમ જ સંઘ તરફથી મુંબઇના ગુજરાતી પત્રકારને ૧૯૮૭નું શ્રી મોહનલાલ મહેતા - 'સોપાન' પારિતોષિક સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને 'જન્મભૂમિ' તથા પ્રવાસી' દૈનિકોના તંત્રી શ્રી હરીન્દ્રભાઇ દવેને અર્પવાનો તેમજ 'પ્રબુદ્ધ જીવન'નું ૧૯૮૭નું શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક જાણીતા જૈન તત્ત્વચિંતક પં. પનાલાલ જ. ગાંધીને એનાયત કરવાનો એક સમારંભ શનિવાર, તા. ૧૯-૧૧-૧૯૮૮ના રોજ સાંજના ચાર વાગે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરમાં યોજાયો હતો.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી કોકિલાબહેન વકાણીની મંગળ પ્રાર્થનાથી થયો હતો.

સંઘના પ્રમુખ ડો. રમણલાલ ચી. શાહે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે 'ત્રિવેણી સંગમ સમો આ કાર્યક્રમ ત્રણે પ્રસંગોને એકબીજા સાથે સાંકળે છે. સ્વ. ચીમનલાલ ચકુભાઇ શાહ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા અને તેમની શકિતનો લાભ સમાજનાં વિવિધ ક્ષેત્રોને મળ્યો હતો. તેમના એક દાયકાથી વધુ સમય સુધીના નેતૃત્વથી જૈન યુવક સંઘને એક નવું પરિમાણ પ્રાપ્ત થયું હતું. રાજકીય ઘટનાઓ સરસ રીતે રજૂ કરવાની તેમની શકિતએ સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ને વધુ લોકપ્રિય બનાવ્યું હતું. જૈન ક્લિનિકની સ્થાપનાના સમયથી તેઓ તેની સાથે સંકળાયેલા હતા અને જન્મભૂમિ ગ્રૂપનાં પત્રો ધરાવવા સૌરાષ્ટ્ર ટ્રસ્ટના પ્રમુખપદે રહીને તેમણે પ્રશંસનીય કામગીરી બજાવી હતી. તેમણે આઝાદીની લડત દરમિયાન જેલવાસ પણ ભોગવ્યો હતો અને દેશની આઝાદી પછી તેઓ સંસદમાં પણ ચૂંટાયા હતા. ચીમનભાઇની સ્મૃતિ અર્થે યુવક સંઘે પોતાની વસંત વ્યાખ્યાનમાળાને તેમનું નામ આપ્યું છે. વળી, સંઘે ગુજરાતી સાહિત્ય પરિષદને હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ માટે તેમની સ્મૃતિમાં એક લાખ અગિયાર હજાર જેવી માતબર રકમ આપી છે અને યુસુફ મહેરઅલી સેન્ટરને એકાવન હજાર રૂપિયાની રકમ આપી છે. આજે હવે જૈન ક્લિનિકને તેમની સ્મૃતિમાં એક લાખની રકમનો ચેક આપતાં અમે અત્યંત આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.'

આ પ્રસંગે ડો. રમણભાઇએ સંઘસ્થાપિત શ્રી મોહનલાલ મહેતા - 'સોપાન' પારિતોષિકની અને શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિકની યોજનાની વિગતો સમજાવી હતી અને બંને પારિતોષિક વિજેતાનો પરિચય આપવાની સાથે તેમને સંઘ વતી અભિનંદન આપ્યાં હતાં.

સંઘના મંત્રી શ્રી નિરુબહેન સુબોધભાઇ શાહના હસ્તે રૂપિયા એક લાખનો ચેક જૈન ક્લિનિકના કાર્યવાહક શ્રી કાંતિભાઇ ચત્રભુજ વેકરીવાળાને અર્પણ કરાયો હતો તથા સંઘના સહમંત્રી શ્રી ધીરજલાલ કૂલચંદ શાહના શુભ હસ્તે પં. પનાલાલ ગાંધીનું અને સહમંત્રી શ્રી વસુબહેન ભણસાળીના હસ્તે શ્રી હરીન્દ્રભાઇ દવેનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

શ્રી જૈન ક્લિનિક વતી શ્રી કાંતિભાઇ વેકરીવાળાએ જણાવ્યું હતું કે 'જૈન યુવક સંઘ દ્વારા અમારી સંસ્થાને જે સહાય મળી છે તે માટે અમે આનંદ અને આભાર વ્યકત કરીએ છીએ. સ્વ. ચીમનભાઇએ જૈન ક્લિનિકનું નેતૃત્વ ૪૦ વર્ષ સુધી સંભાળ્યું હતું. કાંદાવાડી સ્થા. જૈન સંઘના પણ તેઓ પ્રાણ સમા હતા. તેમની વહીવટી સૂઝને કારણે અમારી સંસ્થા સારો એવો વિકાસ કરી શકી છે'.

શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ પારિતોષિક સ્વીકારી અને આ પારિતોષિકની રકમમાં બીજા ચાર હજાર રૂપિયા ઉમેરી કુલ પાંચ હજાર રૂપિયાની રકમ સંઘને અર્પણ કરતાં પં. પનાલાલભાઇ ગાંધીએ જણાવ્યું હતું કે મેં મારી જિંદગીમાં ખૂબ વિચાર્યું છે, પરંતુ મેં જાતે કદી કંઇ લખ્યું નથી. મારા વિચારોને લેખરૂપે રજૂ કરવાનું કામ સ્વ. શ્રી બંસીલાલ હીરાલાલ કાપડિયાએ અને તેમના પછી હાલ શ્રી સુવંદન ઝવેરીએ કર્યું છે અને

તેથી આ બધે ભાઇઓ જ મારા અભિનંદનના અધિકારી બને છે.

શ્રી હરીન્દ્રભાઇ દવેએ સ્વ. ચીમનભાઇની સંસ્મરણો રજૂ કરતાં જણાવ્યું હતું કે મારા પર જૈન યુવક સંઘનો અને તેમના અધિકારીઓનો પ્રારંભથી જ અપાર પ્રેમ રહ્યો છે. સ્વ. ચીમનભાઇ એક સમર્થ વિભૂતિ હતા. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન હોવાના નાતે પણ તેમણે મને મારા વિચારો પ્રમાણે લખતાં કદિ અટકાવ્યો નથી. તેમનું જીવનસૂત્ર હતું કે સામાજિક મૂલ્યો ક્યાંય પણ ભોગે જળવાવાં જોઇએ. સામાજિક સંસ્થાઓની પ્રવૃત્તિઓને અખબારોમાં પ્રાધાન્ય આપવાના તેઓ હિમાયતી હતા.'

સંઘના ઉપપ્રમુખ અને કાર્યક્રમના સંચાલક શ્રી ચીમનલાલ જે. શાહે જણાવ્યું હતું કે 'આજે ખૂબ જ આનંદ થાય છે કે સ્વ. ચીમનભાઇની સાથે પ્રારંભથી જ સંકળાયેલ જૈન કિલનિકને તેમની સ્મૃતિમાં સંઘ દ્વારા એક લાખ રૂપિયા અપાઇ રહ્યા છે. સાથે શ્રી હરીન્દ્રભાઇ જેવા સમર્થ સાહિત્યકાર-પત્રકારને 'સોપાન' પારિતોષિક અને પં. પનાભાઇ ગાંધીને શ્રી ધી. ધ. શાહ પારિતોષિક અપાઇ રહ્યું છે એ અમારે માટે આનંદ અને ગૌરવની વાત છે.'

સંઘના મંત્રી શ્રી કે. પી. શાહે સૌનો આભાર માનતાં જણાવ્યું હતું કે 'સ્વ. ચી. ચ. શાહે મારા આત્મવિશ્વાસને જગાડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ વર્ષે સંઘને સાઠ વર્ષ પૂરાં થાય છે અને સંઘ દ્વારા જ્ઞાન અને કરુણાનાં કાર્યોનાં ફલકનો સારો એવો વિસ્તાર થયો છે. મને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આપ સૌના પ્રેમ અને સહયોગથી અમે અમારી વિવિધ યોજનાઓ સારી રીતે પાર પાડીશું.'

સંકલન: ચીમનલાલ કલાધર

(પૃષ્ઠ ૬ થી ચાલુ)

સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસી શકે. આશા છે કે ટૂંક સમયમાં નકકર યોજના તૈયાર કરી સાકાર કરવામાં આવશે.

નવી ક્ષિતિજો

૧૬. આવા સ્વૈચ્છિક કાર્યક્રમની સફળતાથી આગળ ઉપર ઘણી નવી ક્ષિતિજો ખૂલે છે. આ કાર્યક્રમ માત્ર એક શૈક્ષણિક કાર્યક્રમ ન બની રહેતાં તેમાંથી સમાજકલ્યાણના વિશાળ ક્ષેત્રમાં સેવાની અનેક નવી શકયતાઓ ઊભી થાય છે.

દાખલા તરીકે, જે મા-બાપો વાલી સંમેલનમાં આવી શકયાં ન હોય તેઓનો ઘર આગળ સંપર્ક સાધવાનો વિચાર કરી શકાય અને સહૃદયી શિક્ષકો અને કાર્યકરો દ્વારા આવી મુલાકાત લેવાય તો બીજી ઘણી બાબતો ધ્યાનમાં આવે: વાલીઓની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ, તેમના આવાસોની સ્થિતિ, મહોલ્લાનું વાતાવરણ, સફાઈ અને આરોગ્ય, વગેરે. આ ઉપરથી સમાજ કલ્યાણનાં અનેક પરિણામો ધ્યાનમાં આવે. આ બધાની અસર શિક્ષણ ઉપર તો છે જ: અને તેથી શિક્ષકને માટે તેમનો સંદર્ભ અગત્યનો છે એટલું જ નહિ, પણ તે જાણકારી ઉપરથી સમાજસેવાનાં દ્વાર અનેક દિશામાં ખૂલે. તે સિવાય પણ સ્વૈચ્છિક દાન અને સ્વયંસેવક શિક્ષકો દ્વારા ચાલતા આ કાર્યક્રમ ઉપરથી સમાજને પણ આ નબળા વર્ગો તરફ પોતાના ઉત્તરદાયિત્વની સભાનતા જાગે અને અન્ય શિક્ષકોને પણ પોતાના જ ક્ષેત્રમાં એક ઉપયોગી વિસ્તરણ કાર્ય કરવાની પ્રેરણા મળે. આમ આ કાર્યક્રમ માત્ર શિક્ષણ પૂરતો જ મર્યાદિત ન રહેતાં સમાજસેવાના વિસ્તૃત ફલક ઉપર તેનાં કેન્દ્રોત્સર્ગી વર્તુળો પ્રસરે. આમ આ એક નાની શરૂઆતથી ભવિષ્યમાં મોટા પરિપ્રેક્ષ્યમાં કામ કરવાની અમર્યાદ તકો સાંપડે અથવા કહો કે એક સામાજિક અભિયાન ચલાવવાની અહીં અમાપ શકયતાઓ છે.

૧૭. આવી શકયતાઓ ધ્યાનમાં રાખીને ટ્રસ્ટીઓએ એક હિંમતભર્યા પગલાની શરૂઆત કરી છે. પાટણમાં બજાર નજીક એક મોખરાની જગાએ તેમણે એક સેવાકેન્દ્ર શરૂ કરવાનું નક્કી કર્યું અને તે માટેના મકાનનું બાંધકામ શરૂ થઇ ગયેલ છે. અહીં એવી રીતે આયોજન કરવાની ધારણા છે કે આખો દિવસ અનેક પ્રકારના કાર્યક્રમો અહીં ચાલ્યા કરે; જેવા કે પૂરક શિક્ષણ વ્યવસાયલક્ષી તાલીમ, આરોગ્યલક્ષી તાલીમ, મહિલાઓ અને બાળકોના કાર્યક્રમો, વગેરે.

એકંદરે યુવાનો અને નાગરિકોની કાર્યક્ષમતા વધે, તેમને પોતાનું જીવનધોરણ સુધારવામાં મદદરૂપ થાય, આરોગ્ય અને સંસ્કારી જળવાય, વિદ્યાર્થીઓને ઉપયોગી તાલીમ મળે તેવો ઉદ્દેશ છે. આશા રાખીએ કે આ સામાજિક અભિયાનમાં સહકાર આપવા પૂરતા સ્વયંસેવકો આગળ આવશે અને તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં તેનો લાભ ઉઠાવી તેને સફળ બનાવશે. આ આયોજનની સિદ્ધિ જનતાને આશીર્વાદરૂપ નીવડશે એમાં શંકા નથી.

સંઘના હીરક મહોત્સવ પ્રસંગે મળેલી ભેટ રકમ

૧૧,૨૨,૧૩૪ અગાઉના અંકમાં પ્રગટ કરેલ રકમોનો સરવાળો

૫૦૦૦	શ્રી ચિનુભાઇ હિંમતલાલ	
૫૦૦૦	,,	સી. એમ. ગાંધી
૫૦૦૦	,,	વોરા ચેરિટેબલ ટ્રસ્ટ હ શ્રી કાકુભાઇ વોરા
૫૦૦૦	,,	રિમતાબહેન ભરતભાઇના પરિવાર તરફથી
૫૦૦૦	,,	રોયલ ફ્રેમિસ્ટ
૧૫૦૧	,,	રતિલાલ નાગરદાસ વોરા
૧૧૦૦	,,	શાંતિલાલ બી. પટેલ
૧૧૦૦	,,	મણિબહેન શાંતિલાલ પટેલ
૧૦૦૧	,,	અરજણ એન્ડ દેવજી ખીમજી સા. ટ્રસ્ટ
૧૦૦૧	,,	કીર્તિભાઇ એફ. દોશી
૧૦૦૧	,,	મણિબહેન વશનજી નીસર
૧૦૦૦	,,	શાંતિલાલ દેવજી નન્દુ
૧૦૦૦	,,	અરવિંદભાઇ સી. મહેતા
૧૦૦૦	,,	અમર જરીવાલા
૧૦૦૦	,,	ધીરજલાલ તલકચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦	,,	મહાવીર ઇલેકટ્રોનિકસ
૩૫૦	,	મોહિનીબહેન દલાલ
૩૫૧	સ્વ.	વિજયાબહેન તથા સ્વ. દુર્લભજભાઇ પરીખ
૩૦૦	.,	સુકના ઇન્ટરનેશનલ
૩૦૦	,,	સુબીર ડાયમન્ડસ પ્રા. લિ.
૩૦૦	,,	શાહ એન્ડ સરાયા
૩૦૦	,,	વી. ગુણવંત એન્ડ કું.
૨૫૧	,,	હર્ષદલાલ એમ. વ્યાસ
૨૫૧	,,	મંગળદાસ નાગરદાસ તલસાણિયા
૨૫૦	,,	વિજય આસ્કરણ દલાલ
૨૫૧	,,	અશ્વિન શાહ
૨૫૦	,,	લાઇટ હાઉસ
૨૫૧	.,	દર્શના દફતરી
૧૫૧	,,	મોહનલાલ ઠાકોરદાસ કોઠારી
૧૦૧	,,	હસમુખભાઇ મંગળદાસ તલસાણિયા
૫૧	,,	બી. એસ. એ. નાડકરણી
૧૫	,,	પરવેઝ ફિરોજ શાહ

૧૧૨૨૦૬૧

(છેલ્લા પાનાથી ચાલુ)

૧૧. એટલું જ નહિ, પણ પાસ થયેલાં લગભગ બધાં બાળકોએ પોતાના વર્ગમાં પોતાનું સ્થાન પણ સુધાર્યું હતું અને આગળની પરીક્ષા કરતાં વધુ ઊંચો ક્રમ મેળવ્યો હતો. આખા કાર્યક્રમની સફળતાનો પુરાવો આ પરિણામોમાંથી મળતો હતો. આ રીતે મુખ્યત્વે પછાત વર્ગોમાંથી આવતાં આ બાળકોને નક્કર ફાયદો થયો હતો.

વર્ષને અંતે સ્વયંસેવક શિક્ષકોનું ટ્રસ્ટ તરફથી ઉપહાર આપી જાહેર સન્માન કરવામાં આવ્યું.

આર્થિક વ્યવસ્થા

૧૨. વર્ગોનો કાર્યભાર ધ્યાનમાં લઈ માસિક લગભગ રૂા. ૮૦૦૦ના ખર્ચનો અંદાજ બાંધવામાં આવ્યો હતો. નવેમ્બરથી એપ્રિલ સુધી ચાલેલા આ વર્ગોનો કુલ ખર્ચ જોતાં વિદ્યાર્થી દીઠ સરેરાશ માત્ર રૂા. ૨૫૦ જેટલા જૂજ ખર્ચથી આ કાર્યક્રમ ચલાવવામાં આવ્યો હતો. આટલા ઓછા સરેરાશ ખર્ચે ૨૦૦ વિદ્યાર્થીઓને નોંધપાત્ર લાભ આપી શકાયો તે સંતોષકારક અને અનુકરણીય ઉદાહરણ છે.

બીજું વર્ષ

૧૩. ગયા વર્ષના કાર્યક્રમની સફળતાથી પ્રોત્સાહિત થઈને ૧૯૮૮-૮૯ના નવા શૈક્ષણિક વર્ષમાં પણ આ કાર્યક્રમ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો તે અનુસાર ધોરણ-૮ અને ૯ના વિદ્યાર્થીઓ હવે ધોરણ-૯ અને ૧૦માં આવ્યા અને ધોરણ-૮માં નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો. તેમાં પ્રવેશનાં ધોરણ તેના તે જ રાખવામાં આવ્યાં. શાળાના આચાર્યોએ પસંદ કરેલાં બાળકોને તેમના વાલીઓ સાથે પ્રવેશ સમયે હાજર રહેવા કહ્યું હતું, જેથી કાર્યક્રમની શરૂઆતથી જ વાલીઓ આ કાર્યક્રમમાં રસ લે. તેની અસર પણ સારી પડી. એકંદરે ૧૦૦ અપેક્ષિત જગ્યાઓ સામે ૧૬૦ વાલીઓ પ્રથમ તબક્કે જ હાજર રહ્યા. ધોરણ-૮માં વિદ્યાર્થીઓની ચકાસણી બાદ પ્રવેશ આપવામાં આવ્યો. ધોરણ-૯ અને ૧૦માં થોડીક સંખ્યા ઘટી. વર્ગો છોડી જનાર દરેક વિદ્યાર્થીની તપાસ કરતાં ઘણાખરા વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ સુધરવાથી બહારના ટ્યુશન વર્ગોમાં ગયા હોવાનું જણાયું. ખાલી જગ્યાઓ નવા વિદ્યાર્થીઓથી ભરવામાં આવી. એમ ચાલુ સાલે એકંદરે ૧૭૫ વિદ્યાર્થીઓને બે કેન્દ્રમાં ૯ વર્ગોમાં સમાવવામાં આવ્યા, અને શિક્ષણકાર્ય તા. ૧-૮-૮૮થી શરૂ કરવામાં આવ્યું.

અંગ્રેજી સુધાર

૧૪. ગયા વર્ષના કાર્યક્રમ ઉપરથી વિસ્તરણની પ્રેરણા મળી. ગુજરાતમાં સામાન્ય રીતે અંગ્રેજી શિક્ષણ નબળું રહ્યું છે. તેજસ્વી અને મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થીઓને અંગ્રેજીનું જ્ઞાન સુધારવામાં મદદ થઈ શકે તે હેતુથી અંગ્રેજીના ખાસ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. આ વર્ગોમાં શાળા-કોલેજના અભ્યાસક્રમને ન અનુસરતાં ભાષાના જ્ઞાન અને અભિવ્યક્તિની ક્ષમતા ઉપર ભાર મુકાશે. ધોરણ-૧૧ના બે અને કોલેજના પ્રથમ વર્ષનો એક એમ ત્રણ વર્ગો કુલ ૭૫ વિદ્યાર્થીઓ સાથે સ્થાનિક કોલેજ કેમ્પસમાં તા. ૬-૯-૮૮ને ગુરુવારથી શરૂ કરવામાં આવ્યા છે. ધોરણ-૧૧ માટે કસોટી દ્વારા સરેરાશ સારા વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા છે, જ્યારે કોલેજના વિદ્યાર્થીઓ પૈકી ઉત્તમ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. આની પાછળ એવો હેતુ છે કે ઉત્તમ વિદ્યાર્થીઓ આગામી ત્રણ વર્ષ સુધી આ યોજનાનો લાભ લે જેથી સ્નાતક થયા પછી અંગ્રેજીમાં પ્રવીણતા મેળવ્યાને કારણે તેઓ આગળની કારકીર્દી સુધારી શકે. અઠવાડિયામાં ત્રણ દિવસ ચાલનાર આ વર્ગો ઉપરાંત વિદ્યાર્થીઓને અન્ય સાહિત્ય પૂરું પાડવા અમે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમનો લાભ આપવાનું આયોજન છે. માટે બે પ્રાધ્યાપકો અને એક શિક્ષિકાની માનદ સેવાઓ મળી છે. વિદ્યાર્થીઓ પાસે થોડીક ફી લેવાનું પણ ધોરણ રાખ્યું છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓ

૧૫. આ ઉપરાંત એક અત્યંત મહત્ત્વનું સોપાન સ્થાનિક સમિતિની વિચારણા હેઠળ છે. ગુજરાતના અને ખાસ કરીને નાનાં શહેરો અને ગ્રામવિસ્તારના ઉમેદવારો ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પાછળ પડી જાય છે એવો અનુભવ છે. આ પરિસ્થિતિમાં સુધારો થાય અને આ પછાત અને ગ્રામવિસ્તારના ઉમેદવારો સારી નોકરીઓ મેળવવામાં સફળ થાય તે માટે તેમના અભ્યાસની સુધારણા ઉપરાંત ખાસ તાલીમની જરૂર છે. વળી તેમને વહેલેથી આ માટે પ્રેરિત કરવાની પણ આવશ્યકતા છે. ગુજરાતમાં કેટલીક યુનિવર્સિટીમાં સ્નાતકોને આવી તાલીમ આપવાના કાર્યક્રમ ચાલે છે. પણ અનુભવે સમજાયું છે કે એવી તાલીમ ઘણી વહેલી શરૂ થવી જોઈએ. તેથી એવું સૂચન થયું છે કે કોલેજના પ્રથમ વર્ષની કક્ષાએથી જ ૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓનો તાલીમ વર્ગ શરૂ કરવો જેથી ત્રણ વર્ષ સુધી તેમને પાયાની તાલીમ મળી શકે, અને સ્નાતક થયા બાદ ખાસ તાલીમ મેળવી

(અનુસંધાન પૃષ્ઠ ૮ ઉપર)

માતૃત્વ અને બાળઉછેરના વર્ગો

(Motherhood and Childcare Classes)

સંઘના ઉપક્રમે **બહેનો માટે માતૃત્વ અને બાળઉછેરના વર્ગો** નીચે પ્રમાણે યોજવામાં આવ્યા છે :

પ્રારંભ : બુધવાર, તા. ૧૪મી ડિસેમ્બર, ૧૯૮૮

સત્ર ફી : રૂ. ૫૦/- પચાસ રૂપિયા

સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ
૩૮૫ સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ,
રસધારા કો. ઓપ. સોસાયટી, બીજે માળે,
વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬.

સમય : દર બુધવારે બપોરના ૧૨-૩૦થી ૨-૦૦. (છ થી આઠ અઠવાડિયાં માટે)

અધ્યાપિકા : ડૉ. ત્રિશુલાબહેન ધનુભાઈ ઠગલી
(M. B. B. S.; M. D.)

આ વર્ગમાં નવપરિણીત સગર્ભા બહેનોને પસંદગી આપવામાં આવશે. રસ ધરાવતી બહેનોને સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

આશાબહેન મ. મહેતા કે. પી. શાહ
સંયોજક નિરુબહેન એસ. શાહ
મંત્રીઓ

શિક્ષણમાં સ્વૈચ્છિક સહયોગ

● કુલીનચંદ્ર પો. યાજ્ઞિક

૧. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સમાજસેવાનાં, સંકટ નિવારણનાં, રાહતનાં અને અન્ય લોકોપયોગી કામો કરવા ગુજરાત રાજ્ય જાણીતું છે. શિક્ષણક્ષેત્રે પણ સ્વૈચ્છિક સંસ્થાઓનો સારો ફાળો રહેલો છે. માધ્યમિક શાળાઓ તેમજ કોલેજોનો મોટે ભાગે જાહેર ટ્રસ્ટો દ્વારા ચલાવવામાં આવે છે તે પણ સંસ્થાગત સ્વૈચ્છિક પ્રયાસનો જ પ્રકાર છે. સામાન્ય રીતે આ પ્રયત્નો સુવ્યવસ્થિત સંસ્થાઓ મારફત થતા હોય છે. પરંતુ અવિધિસરના શિક્ષણના કાર્યક્રમમાં સ્વૈચ્છિક સહયોગથી એક સુધાર કાર્યક્રમ ગયા વર્ષે પાટણ મુકામે યોજવામાં આવ્યો અને હવે તેના પરિણામનું નિરીક્ષણ કરીને ચાલુ વર્ષમાં તેનો વિસ્તાર વધારવામાં આવેલ છે, તે ખાસ કરીને તેના વ્યાપની નજરે એક અદ્વિતીય કાર્યક્રમ ગણાશે.

આયોજન

૨. મુંબઈના સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટે પાટણમાં અગાઉ પણ લોકહિતનાં કામો કરેલાં છે. તે ટ્રસ્ટના ઉપક્રમે ગયે વર્ષે પાટણમાં હાઇસ્કૂલનાં અભ્યાસમાં નબળાં બાળકો માટે પૂરક શિક્ષણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. જે બાળકો વર્ગમાં સૌથી નબળાં હોય અને જેમનાં માબાપો તેમને માટે ટ્યુશન રાખી શકે તેવી સ્થિતિમાં ન હોય તેમને માટે આ યોજના હતી. પાટણની કુલ ૧૨ હાઇસ્કૂલોમાં તપાસ કરી ધોરણ-૮, ૯ અને ૧૦ નાં આવાં ૨૦૦ બાળકોને પસંદ કરવામાં આવ્યાં. આમાં જ્ઞાતિ કે કોમનું કોઇ ધોરણ રાખવામાં આવ્યું ન હતું. પણ દેખીતી રીતે આ બાળકો આર્થિક રીતે પછાત કુટુંબોમાંથી આવતાં હતાં. વળી સમાજની પરિસ્થિતિ પ્રમાણે તેમાંનાં ઘણાં મોટા ભાગનાં અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાત વર્ગોમાંથી એટલે કે સમાજના છેક નીચેના સ્તરમાંથી આવતાં હતાં.

૩. વર્ગની સફળતા માટે સ્વયંસેવક શિક્ષકો પણ બને ત્યાં સુધી જાતે ટ્યુશન ન કરતા હોય તેવા પસંદ કરવાના હતા. સ્થાનિક બી. એડ. કોલેજના અધ્યાપકો તેમજ નિવૃત્ત તથા ચાલુ શિક્ષકોમાંથી આવા ૧૩ શિક્ષકોનો માત્ર માનદ વેતનથી સહકાર મેળવવામાં આવ્યો.

૪. વિદ્યાર્થીઓને ૧૦ વર્ગમાં વહેંચી ત્રણ કેન્દ્રોમાં શિક્ષણકાર્ય તા. ૨-૧૧-'૮૭ના રોજ શરૂ કરવામાં આવ્યું દરરોજ સવારે બે કલાક ચાલતા આ વર્ગોમાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનના વિષયોનું શિક્ષણ આપવામાં આવ્યું. આખા કાર્યક્રમ માટે રચાયેલ સ્થાનિક સમિતિ ઉપરાંત બી. એડ. કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ ત્રણ શાળાના આચાર્યોએ કેન્દ્ર નિયામક તરીકે રોજબરોજની દેખરેખ અને માર્ગદર્શનનું કામ સંભાળ્યું.

૫. વિદ્યાર્થીઓને સહાયક સાધનો પણ આપવામાં આવ્યાં. વિષયવાર છાપેલી અભ્યાસપોથીઓ અને નોટબુકો કાર્યક્રમનાં ભાગ રૂપે વહેંચવામાં આવ્યાં.

નવાં સૂચનો

૬. ડિસેમ્બર માસની શાળાઓની બીજી કસોટી બાદ બીજી ઘણી નવી બાબતો ફૂરી. દા. ત. વિદ્યાર્થીઓની પ્રગતિનો દોર તેમના બૌદ્ધિક આંક ઉપર હોય છે; તેથી તમામ વિદ્યાર્થીઓની બૌદ્ધિક કસોટી લેવાનું નક્કી થયું. તેવી જ રીતે જુદી જુદી શાળાની કસોટીઓમાં અલગ અલગ ધોરણો હોવાથી સમાન આંતરિક કસોટીઓ રાખવાનું નક્કી થયું વર્ષને અંતે મૂલ્યાંકન કરવા માટે ગયા વર્ષના માર્કને ચાલું વર્ષની કસોટીના માર્ક સાથે સરખાવતાં પ્રગતિ તો જણાઇ પણ તે પ્રગતિ સાચી છે કે કેમ તે જોવા માટે વર્ગોમાં વિદ્યાર્થીઓ પોતાનું સ્થાન બીજા વિદ્યાર્થીઓની અપેક્ષામાં કેટલું સુધારે છે તે જ ખરી કસોટી હોવાથી વર્ગમાં મેળવેલ સ્થાનની વિગતો પણ સરખાવી જોવાનું નક્કી થયું.

૭. અભ્યાસક્રમ ઉપરાંત બીજી બાબતો પણ નજરમાં આવવા લાગી. દા. ત. અક્ષર સુધારણા, વ્યવસ્થિત નોંધ લેવાની શક્તિ એવી બીજી આનુષંગિક બાબત ઉપર પણ ધ્યાન આપવામાં આવ્યું.

૮. આડકતરી રીતે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના વિકાસની વાતો પણ થઇ. વિદ્યાર્થીઓ નિયમિત આવે, તેમને સોંપેલો સ્વાધ્યાય બરાબર કરે, વર્ગમાં સુઘડ થઈને આવે એવી બાબતો પણ ધ્યાનમાં લેવાઇ.

૯. તે ઉપરથી સતત અનિયમિત રહેતા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ હોય તો તે સમજવા માટે વાલી સંપર્કનો પણ વિચાર થયો. દરેક કેન્દ્રવાર બોલાવેલ વાલી સંમેલનને સામાન્ય શાળાઓનાં વાલી સંમેલનો કરતાં પણ વધુ સારો પ્રતિભાવ મળ્યો. સામાન્ય રીતે વાલીઓ આર્થિક અથવા સામાજિક રીતે પછાત હોવા છતાં તેમને આ કાર્યક્રમના લાભ દેખાયા હતાં; અને કોઇ કોઇ વાલીઓ તો શિક્ષકો માટે ફૂલહાર લઇને આવ્યા હતા. આ સંમેલનોમાં બાળકોને નિયમિત રીતે મોકલવા તેમને સુઘડ રાખવા, તેમને ઘેર આગળ અભ્યાસની અનુકૂળતા કરવા અને એ રીતે શિક્ષણના કાર્યક્રમમાં આડકતરી રીતે મદદ કરવા સૂચનો કરવામાં આવ્યાં. પરિણામે એવી રીતે આ કાર્યક્રમમાં વાલી શિક્ષણનો અંશ પણ કહેવાય.

પરિણામ

૧૦. આ રીતે વિદ્યાર્થીઓની ટેવો, વર્તણૂક, રીતભાત, વગેરેમાં ધીમે ધીમે સુધારો તેમના અભ્યાસમાં દેખાઈ આવ્યો, જેની પ્રતીતિ તેમની વાર્ષિક પરીક્ષાનાં પરિણામો ઉપરથી થઇ. જે બાળકો પોતાના વર્ગના વર્ગના છેક છેવાડે હતાં તેઓ પણ સારો દેખાવ કરી શક્યાં. કુલ ૨૦૦ બાળકોમાંથી માત્ર ત્રણ જ બાળકો નપાસ થયાં.

(અનુસંધાન પાના ૯ ઉપર)

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઇ - ૪૦૦૦૦૪

Regd. No. MH. By / South 54 Licence No. : 37

પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૫૨ અંક : ૧૬

મુંબઇ, તા. ૧૬-૧૨-૧૯૮૮
વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છૂટક નકલ રૂા. ૧-૫૦

મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦

તંત્રી : રમણલાલ ચી. શાહ

પાકિસ્તાનમાં લોકશાહી

અગિયાર વર્ષની લશ્કરી સરમુખત્યારશાહી પછી પાકિસ્તાનમાં ફરીથી લોકશાહીનો ઉદય થયો છે. વડા પ્રધાન તરીકે શ્રીમતી બેનઝીર ભુત્તો અને પ્રમુખ તરીકે ગુલામ ઇશાક ખાન સત્તાસ્થાને આવ્યાં છે. પડોશી રાષ્ટ્રમાં લોકશાહી સ્થપાય એ ભારત માટે પણ હર્ષની વાત છે. જનરલ ઝિયાનું વિમાની અકસ્માતમાં અવસાન ન થયું હોત તો લોકશાહી માટેનાં એમણે ગમે તેટલાં વચન આપ્યાં હતાં તોપણ સંપૂર્ણ લોકશાહી સરકારને તેઓ પોતાની હયાતી દરમિયાન એક અથવા બીજા બહાના હેઠળ મોડી અને મોડી ટેબ્યા કરત. ઝિયાના આકસ્મિક અવસાનને કારણે તથા એમની સાથેના લશ્કરના કેટલાક ઉચ્ચ અધિકારીઓના અવસાનના કારણે પાકિસ્તાનમાં અચાનક જ લોકશાહીનો માર્ગ મોકળો થઇ ગયો. લશ્કરના સરસેનાપતિએ પણ સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં લેવાનું યોગ્ય ન ધાર્યું.

પાકિસ્તાનની સ્થાપના થઇ ત્યારથી વર્તમાન સમય સુધીનાં લગભગ એકતાલીસ વર્ષ દરમિયાન જનરલ અયુબખાન, જનરલ યાહ્યાખાન અને જનરલ ઝિયાએ મળીને ત્રણ દાયકાથી વધુ સમય સુધી પાકિસ્તાનને લોકશાહીથી વંચિત રાખ્યું. ૧૯૪૭માં સ્વતંત્રતા મળ્યા પછી પ્રજાને મુક્ત મતાધિકાર, મુક્ત વાણીસ્વાતંત્ર્ય અને મુક્ત જીવનનો અનુભવ નહિ જેવો જ થયો. અખંડ અને અવિભાજિત હિન્દુસ્તાનની આઝાદી માટે તે સમયે જેઓએ ભોગ આપ્યો હતો તેમાંથી આજે પણ જેઓ હયાત હશે તેને પાકિસ્તાનની પ્રજા માટે વિશેષ લાગણી રહેશે. હિન્દુસ્તાનનું વિભાજન થયું ત્યારે પાકિસ્તાનનાં સર્જન અને સ્થાપના પાછળ જેટલો આત્મભોગ અપાવો જોઇએ, જેટલાં તપ અને ત્યાગ હોવાં જોઇએ તેટલાં નહોતાં એવું કેટલાકને લાગતું હશે ! બ્રિટિશરોએ જતાં જતાં હિંદુસ્તાનના નેતાઓને રમાડેલી રાજરમતમાં પાકિસ્તાનના સ્વતંત્ર રાષ્ટ્રની સ્થાપના માટેની અન્યાયી માગણી ફાવી ગઇ એવું પણ કેટલાક માનતા હશે. એ ગમે તે હોય, આ ચાર દાયકા દરમિયાન પાકિસ્તાનને ભોગવવું ઘણું પડ્યું છે. આઝાદી મળી છતાં ન મળ્યા જેવી જ સ્થિતિ ઘણુંખરું રહ્યા કરી છે.

પાકિસ્તાનમાં ચૂંટણી વ્યવસ્થિત અને સારી રીતે યોજાય એ માટે મતદારોને ઓળખપત્રો આપવામાં આવ્યાં હતાં. (જનાબ ભુત્તોએ જ એ પ્રથા દાખલ કરાવેલી) એમાં કેટલીક ત્રુટિઓ રહી ગઇ હોવા છતાં મતદાન શાંતિથી થયું અને મતપેટીઓમાં કે મતગણતરીમાં કોઇ ચેડાં થયાં નહિ કે રમખાણો થયાં નહિ એ પાકિસ્તાનને માટે શોભા રૂપ ગણાય. પાર્લામેન્ટની ૨૩૭ બેઠકોમાંથી પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ વધુમાં વધુ બેઠકો મેળવી. જોકે સંપૂર્ણ બહુમતી ન મળી તોપણ શ્રીમતી બેનઝીર ભુત્તોએ કેટલાક અપક્ષ અને લઘુમતીના અન્ય ઉમેદવારો સાથે સમજૂતી કરીને પોતાની બહુમતી સ્થાપી અને તેઓ પાકિસ્તાનના વડા પ્રધાન બન્યાં છે. ઇસ્લામની દુનિયામાં આ એક અત્યંત મહત્ત્વની ઘટના ગણાય. ઇસ્લામી રાષ્ટ્રોમાં એક મહિલા વડા પ્રધાન–વઝીરે આઝમ બને એ પ્રકારની ઘટના આ પહેલી જ છે. તેથી તે એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના પણ છે. બેનઝિર સત્તા પર હવે ગમે તેટલો ઓછો વખત રહે તોપણ ઇતિહાસમાં એમનું સ્થાન પ્રથમ મુસ્લિમ મહિલા વડાપ્રધાન તરીકે ચિરંજીવી થઇ જશે.

પાકિસ્તાનની આ વખતની ચૂંટણીમાં પ્રમાણમાં યુવાન નેતાઓ સારી સંખ્યામાં ચૂંટાઇ આવ્યા છે. આ વખતની ચૂંટણીમાં પાકિસ્તાનના જાણીતા મોટા મોટા નેતાઓ કે મહારથીઓ પરાજિત થયા છે. ભૂતપૂર્વ વડા પ્રધાન મોહમ્મદખાન જુણેજો, સંસદના સ્પીકર હસીમ ચત્તા, નિવૃત્ત એરમાર્શલ અસગરખાન, ગુલામ મુસ્તફા જટોઇ, જનરલ ટિક્કાખાન, પીર પાગારો, ગોસ બક્ષ બીજેન્જો, મૌલાના શાહ અહમદ નુરાની. અલી મોહમ્મદ મૌલાના, શાહજાદા મોહનુદ્દીન વગેરે ધુરંધરો પરાજિત થયા છે તે બતાવે છે કે જૂની નેતાગીરીથી પ્રજાને કેટલો બધો અસંતોષ છે.

બેનઝીર ભુત્તો અને બેગમ નસરત ભુત્તો એક કરતાં વધુ સ્થળેથી ચૂંટાઇ આવ્યાં છે તે એમની લોકપ્રિયતા દર્શાવે છે. જનાબ ઝુલ્ફીકાર અલી ભુત્તોને ફાંસી અપાઇ એથી પ્રજાની સહાનુભૂતિ ભુત્તોકુટુંબ તરફ ઢળે એ સ્વાભાવિક છે. વળી ઝિયાના શાસનકાળ દરમિયાન ભુત્તો કુટુંબને જેલજીવન સહિત ઘણું ઝઝુમવું પડ્યું અને યાતનાઓ સહન કરવી પડી છે, એથી પણ પ્રજાની સહાનુભૂતિ તેમના તરફ રહે એ દેખીતું છે.

શ્રીમતી બેનઝીરને આટલી બધી લોકચાહના મળી છે તેમાં પાકિસ્તાનના યુવાન સુશિક્ષિતવર્ગના પ્રચારનો ફાળો વધુ છે. સામાન્ય રીતે રૂઢિચુસ્ત મુસ્લિમ જનતા કોઇ મહિલાને જાહેર રાજકીય જીવનમાં આટલો ટેકો ન આપે અને તેમાં પણ વિદેશમાં રહી હાર્વર્ડ અને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં

અભ્યાસ કરનાર અને પાશ્ચાત્ય સંસ્કારના રંગથી રંગાયેલી ઔરતને સર્વોચ્ચ સત્તાસ્થાને બેસાડે નહિ પરંતુ લશ્કરી શાસનથી થાકેલી-ત્રાસેલી પ્રજાએ રાહતના દમ તરીકે, દરિદ્ર લોકોના ઉદ્ધારની આશા તરીકે જનાબ ભુત્તોની દીકરી અને એમના જ હાથ નીચે રાજકીય તાલીમ પામેલી, વિપરીત સંકટભરી પરિસ્થિમાં પણ અસાધારણ નૈતિક હિંમત અને ધૈર્ય ધરાવનારી, 'ડોટર ઓફ ધ ઈસ્ટ'ની લેખિકા, તેજસ્વી અને ખમીરવંતી નારી બેનઝીરને સત્તાસ્થાને મૂકી છે. એમાં યુવાન સુશિક્ષિતોનો ટેકો સવિશેષ રહેલો છે. બધું જ બરાબર ચાલે તો પ્રજાના વિકાસ માટે અને મુસ્લિમ નારીઓના ઉત્કર્ષ માટે ઘણી આશાભરી તક છે. પરંતુ બેનઝીર સત્તારૂઢ થયાં તેથી પાકિસ્તાનમાં બધું તરત સારું થઈ જશે એવું માનવાની ભૂલ ન કરી શકાય. રાજકારણમાં અનેક દાવપેચ રમાય છે અને તેમાં પ્રજામાં ગમે તેટલી લોકપ્રિયતા મેળવી હોય છતાં પોતાનું સત્તાસ્થાન ટકાવી રાખવું એ સહેલી વાત નથી. પહેલું તો એ કે પાકિસ્તાન પીપલ્સ પાર્ટીને પાર્લામેન્ટમાં સંપૂર્ણ બહુમતી મળી નથી. એટલે બહુમતી માટે ટેકો આપનારાઓને રાજી રાખ્યા વગર ચાલશે નહિ. તેઓમાંના કેટલાક કયારે બસી જશે એ આવા રાજકારણમાં કહેવાય નહિ.

પાકિસ્તાને એક મહિલાને સત્તાના સર્વોચ્ચ સ્થાને બેસાડી છે પરંતુ તેનો રૂઢિચુસ્ત વર્ગ જૂની આંખે આ નવા તમાશાને કેટલો વખત નભાવી લેશે એ કહેવાય નહિ. ધર્માન્ધ, ઝનૂની, રૂઢિચરત, જુનવાણી પરિબળો કયારે આ ઔરતની વિરુદ્ધ મજબૂત અને સક્રિય થાય એ કહી શકાય નહિ. ઈન્દિરા ગાંધી, સિરિમાવો, ગોલ્ડા માયર, થેચર કે ક્વારી એકિવનો કરતાં બેનઝીરની પરિસ્થિતિ જુદી છે, તેઓ વડા પ્રધાન બન્યાં એ મસ્જિદના મુલ્લાઓ અને અન્ય ધાર્મિક નેતાઓને કેટલી ગમતી વાત છે તે ખબર નથી. સ્ત્રીઓને પડદામાં રાખવી જોઈએ એમ માનનારાં અન્ય ઈસ્લામી ધર્માંધ અને ઝનૂની રાષ્ટ્રો પણ આ મહિલા નેતાગીરી કેટલો વખત સહન કરી લેશે તે પણ પ્રશ્ન છે.

પાકિસ્તાને ઘણાબધાં વર્ષો સુધી લશ્કરી શાસન અનુભવ્યું છે. લશ્કરના સત્તાવાળાઓ નાગરિક પ્રજા ઉપર રાજ્ય કરવાને ટેવાઈ ગયેલા છે. તેઓને પોતાના હુકમો હવે નાગરિક સરકાર પાસેથી લેવાનું કેટલે અંશે ગમશે તે પ્રશ્ન છે. લશ્કરી શાસન દરમિયાન અયુબખાન, યાહ્યાખાન અને ઝિયાએ પોતાની સત્તા સામે બીજા લશ્કરી અધિકારીઓ બળવો ન પોકારે એ માટે લશ્કરને રાજી રાખવાના પૂરતા પ્રયાસ કરેલા છે. સારાં સત્તાસ્થાનો, સારા પગારો, સારી સગવડો, સારાં આધુનિક સાધનો, ઝડપી બઢતી, સારું પેન્શન સમાજજીવનમાં સારી તક વગેરે પ્રકારની સુવિધાઓને લીધે પાકિસ્તાનના બજેટમાં લશ્કરી ખર્ચ ઘણો મોટો ભાગ રોકે છે. પ્રજા-કલ્યાણની યોજનાઓ માટે હવે લશ્કરી બજેટમાં કાપ મૂકવો એ લશ્કરને નારાજ કરવા બરાબર છે અને નારાજ થયેલું અને સત્તાનું લોહી ચાખી ગયેલું લશ્કર ફરી પાછી સત્તા કયારે આંચકી લે તે કહી શકાય નહિ. બેનઝીરે લશ્કરી અમલદારોને ભલે વચન આપ્યું કે પોતે પોતાના પિતાના મૃત્યુનું કોઈના ઉપર વેર નહિ લે, પરંતુ તેથી લશ્કરી બાબતોમાં બેનઝીરને કેટલી હદ સુધી હસ્તક્ષેપ કરવા દેવામાં આવશે તે મોટો પ્રશ્ન છે. પાકિસ્તાને અણુબોમ્બ બનાવવો કે નહિ તે નકકી કરવાનું બેનઝીરના હાથમાં આવશે ! પંજાબના આતંકવાદીઓને તાલીમ અને શસ્ત્રસહાય ચાલુ રહેશે ? પાકિસ્તાને અફઘાનિસ્તાનના બળવાખોરોને કેટલી હદ સુધી મદદ કરવી અને ત્રીસ લાખ અફઘાન નિરાશ્રિતો કયાં સુધી પોષવા તેમાં બેનઝીરનો અભિપ્રાય કેટલું કામ કરશે ? કેટલાક એવા મહત્ત્વના નિર્ણયો છે કે જેમાં લોકશાહી સરકાર અને લશ્કરી તંત્ર વચ્ચે મતભેદો થયા વગર રહેશે નહિ અને મતભેદો થશે ત્યારે તેનું પરિણામ શું આવશે તે કહી શકાય નહિ. શ્રીમતી બેનઝીર લશ્કરી બાબતોમાં જો પોતાના મતનો આગ્રહ નહિ રાખે તો તેટલે અંશે તેમની લોકશાહી સરકાર સાચી લોકશાહીની બાબતમાં મર્યાદિત રહેવાની.

પાકિસ્તાનની સ્થાપનાના આરંભકાળથી જ અમેરિકાએ પોતાનાં લશ્કરી થાણાં પાકિસ્તાનમાં સ્થાપ્યાં છે. પાકિસ્તાનમાં એ રીતે અમેરિકાનું પોતાનું ઘણું મોટું અને મહત્ત્વનું સ્થાપિત હિત રહેલું છે. સોવિયેત રશિયાના પ્રતિકાર માટે પાકિસ્તાન અમેરિકાને માટે એક મહત્ત્વનું કેન્દ્ર છે. અમેરિકા પાકિસ્તાનને પ્રગટ રીતે શસ્ત્ર-સરંજામની સહાય કરતું રહ્યું છે. અમેરિકાએ આટલાં બધાં વર્ષો દરમિયાન પાકિસ્તાનને કેટલું દેવાદાર બનાવી દીધું છે તથા અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે કેટકેટલી બાબતોમાં કયારે કેવા કેવા કરારો થયા છે તે બધાની પૂરેપૂરી જાણકારી બેનઝીરને નહિ હોય. એટલે અમેરિકા વિરુદ્ધ શબ્દો ઉચ્ચારવા તે બેનઝીર માટે કેટલું મુશ્કેલ કાર્ય છે એ તો તેમને હવે જણાશે. પાકિસ્તાનની મુકત લોકશાહી જેમ લશ્કર દ્વારા મર્યાદિત છે તેમ તેના ઉપર પકડ ધરાવનાર અમેરિકા દ્વારા પણ મર્યાદિત કરાયેલી છે. રાજ્યરમતમાં અમેરિકા ઘણું પાવરધું છે. સત્તા પરની વ્યકિત પોતાને અનુકૂળ હોય એવી સરખી રીતે ન ચાલે તો તેને સત્તા ઉપરથી ઉથલાવી પાડવામાં કે મરાવી નાખવામાં તે વાર લગાડે એમ નથી. અમેરિકા ભલે એક સમૃદ્ધ, સુશિક્ષિત લોકશાહી રાષ્ટ્ર છે; પરંતુ પોતાનાં જ્યાં સ્થપિત હિતો છે તે તે દેશોમાં તેને લશ્કરી સરમુખત્યારી જ વિશેષ પ્રિય છે, કારણ કે લશ્કરી સરમુખત્યારીમાં નિર્ણયો લેનાર એક જ મુખ્ય વ્યકિત હોય છે. એટલે એ એક જ વ્યકિત સાથે પોતાને વ્યવહાર રાખવાનો હોય છે. તેની પાસે મરજી મુજબ ધાર્યું કરાવવા માટે દબાણ લાવી શકાય છે, લાલચ આપી શકાય છે અને ન માને તો સત્તા પરથી ઉથલાવી શકાય છે. જો લોકશાહી સરકાર હોય તો સરકારના નિર્ણય માટે ઘણા બધા ઉપર આધાર રાખવાનો રહે અને એટલા બધાને ધન-લાલચ કે બીજી લાલચોથી જીતવાનું અઘરું છે. વળી એમાં વિલંબ પણ થાય છે. આથી અમેરિકા અન્ય નાનાં રાષ્ટ્રોમાં લોકશાહી તંત્ર કરતાં સરમુખત્યારોને પસંદ કરવાનું વિશેષ વલણ ધરાવે છે. એટલે બેનઝીરને પોતાના આસનની સ્થિરતા માટે અમેરિકા ઉપર પણ ઘણો આધાર રાખવો પડશે.

લાંબા સમય સુધી લશ્કરી શાસનને કારણે પાકિસ્તાનમાં આર્થિક વિકાસ જેટલો થવો જોઈએ તેટલો થયો નથી. એકંદરે પ્રજા ઘણી ગરીબ રહી રહી છે. બેકારીનું પ્રમાણ

(અનુસંધાન પૃષ્ઠ ૭ ઉપર)

દ્વારિકાનગરી વિશે જૈન ઈતિહાસ

પૂ. યશોદેવસૂરિજી

જૈનોએ અબજોના અબજો વર્ષોનો દીર્ઘકાળવાળો વિશાળ મહાયુગ માન્યો છે તેના કરોડો વર્ષની મર્યાદાવાળા અમુક ભાગમાં ચોવીસ તીર્થંકરો એટલે કે જૈનધર્મની ઇશ્વરીય વ્યક્તિઓ જન્મે છે. જેમ કે વર્તમાન મહાયુગમાં પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ થયા. માતાપિતાએ એમનું ઋષભ નામ પાડયું હતું તેથી તેઓ 'ઋષભદેવ' ઓળખાયા, પરંતુ આ કાળના તે પ્રથમ તીર્થંકર હોવાથી જનતાએ તેમને આદિ ઇશ્વર માનીને આદીશ્વરના નામથી વધારે પ્રસિદ્ધિ આપી. તેથી ઋષભદેવ ભગવાન 'આદીશ્વર'ના નામથી પણ ઓળખાય છે. સહુથી વધારે પ્રસિદ્ધિ જૈન-જનતામાં કે લોકવ્યવહારમાં આદીશ્વરના નામની છે.

ભગવાન ઋષભનું નામ વેદોમાં અને પુરાણાદિ અનેક અજૈન ગ્રંથોમાં આવે છે. એટલે વેદોની રચના પહેલાં ઋષભદેવ હતા તે સહેજે પુરવાર થાય છે. વેદ-પુરાણોમાં 'ઋષભ' એ નામનો જ ઉલ્લેખ થયો છે. ભાગવત પુરાણની કથા જે ભાગવતકથા તરીકે પ્રસિદ્ધ છે અને ભારતભરમાં સેંકડો વર્ષથી જાહેરમાં વંચાતી આવી છે, એમાં પણ ઋષભદેવનું ચરિત્ર લખેલું મળે છે. એમાં ઋષભદેવની આધ્યાત્મિક સાધનાના માર્ગની ભારે પ્રશંસા કરીને બીજા બધા અવતાર કરતાં ઋષભને શ્રેષ્ઠ અવતાર તરીકે ઓળખાવ્યા છે.

નાથદ્વારા, જયપુર અથવા તો બીજે સ્થળે ૨૪ અવતારોનાં ચીતરેલાં ચિત્રો મળે છે. એ ચિત્રોમાં ઋષભનું પણ ચિત્ર ચીતરેલું હોય જ છે. એ બરાબર જૈન મંદિરમાં જેવી મૂર્તિ બિરાજમાન કરવામાં આવે છે, તે રીતે જ તે બરાબર ચીતરેલું હોય છે. મારી પાસે વર્ષો પહેલાં સંધરેલું ચિત્ર ૨૪ અવતારનું છે. તેમાં જૈન મૂર્તિ તરીકે જ ઋષભદેવને રજૂ કરવામાં આવ્યા છે.

૨૪ અવતારોની જેમ જૈનોના ૨૪ તીર્થંકરો થયા. પહેલા ઋષભદેવ ભગવાન અને છેલ્લા મહાવીર સ્વામી અને એ મહાવીર સ્વામી પહેલા ૨૩મા ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન પાર્શ્વનાથ પહેલા ૨૨મા ભગવાન અરિષ્ટનેમિ થયા, અને તે નેમિનાથ એ નામના તીર્થંકર તરીકે પ્રસિદ્ધ થયા હતા. નેમિનાથનો ઉલ્લેખ એટલા માટે કરવો પડે છે કે તે કૃષ્ણ ભગવાનના ભાઇ હતા. નેમિનાથ ભગવાન સાથે શ્રીકૃષ્ણજીનો નિકટનો કૌટુંબિક સંબંધ છે. એ બધાય યાદવકુળના મહાનુભાવો હતા. શ્રીકૃષ્ણજીની સાથે દ્વારકાનો સંબંધ ખાસ જોડાએલો છે. આ દ્વારકા નગરી શી રીતે જન્મ પામી? એમાં કોણ કોણ નિમિત્ત બન્યા હતા? એ બાબતમાં જૈન ધર્મના ઇતિહાસની પ્રાપ્ત થતી વાતો રજૂ કરવાની હોવાથી એની પૂર્વભૂમિકા શું છે તે જણાવું

યાદવોનું વતન મથુરા-શૌરીપુર હતું. એ વખતે તે વિભાગમાં જરાસંધનું પરિબળ ખૂબ તાકાતવાળું જોઇને સમુદ્રવિજય રાજાને પોતાના અને પોતાના પરિવારના ભાવિ માટે ચિન્તા થઇ પડી હતી. તે ચિન્તાનું સમાધાન મેળવવા પોતાના જાણીતા વિશ્વાસુ જોષીને બોલાવીને વાત કરી અને કહ્યું કે જરાસંધ જોડે અમારે સંઘર્ષ ઊભો થયો છે. તે બધી રીતે બળવાન વ્યક્તિ છે. કાલે અમારા ઉપર શું કરે, અને શું નહિ તે કહી શકાય નહિ. અમને ભય લાગે છે એ કે અમારી સલામતી જોખમમાં છે પણ તમારા જ્ઞાનમાં કે તમારા જોવામાં શું આવે છે તે અમને સમજી વિચારીને કહો. જોષીએ પોતાની રીત પ્રમાણે વરતારા કાઢીને જોઇને કહ્યું કે તમારે અહીં રહેવું ઉચિત નથી. અહીંયા રહેવામાં મને જોખમ દેખાય છે.

અત્યારના ગ્રહો જોતાં પશ્ચિમ દિશામાં તમારે સહુએ ચાલ્યા જવું જોઇએ અને સમુદ્રના કિનારા પાસે વસવાટ કરવો જોઇએ એટલે સમુદ્રવિજય રાજાએ પોતાના વિશાળ કુટુંબ પરિવાર અને સેંકડો સગા, યાદવ સંબંધીઓ પ્રજા વર્ગ સાથે યોગ્ય દિવસે શૌરી-મથુરાથી વિદાય લીધી પ્રવાસમાં આવતા વિંધ્યાચલમાં થઇને રસ્તામાં આવતા રાજગૃહ નામના નગરમાં આવ્યા ત્યાં થોડો વિસામો લેવા રહ્યા, ત્યાં સદ્ભાગ્યે આકાશમાર્ગે વિહરનારા વિદ્યાસિદ્ધ ચારણમુનિએ યાદવ પરિવારને જોતાં આકાશમાંથી નીચે ઊતરી આવ્યા. સમુદ્રવિજયજીએ મુનિશ્રીને નમસ્કાર કરીને તેમનો સત્કાર કર્યો. ત્યારે સમુદ્રવિજયજીએ પોતાના ભાવિ માટે પ્રશ્ન કર્યો. ચારણમુનિઓ જ્ઞાની હોય છે એટલે ચારણમુનિએ કહ્યું કે આ તમારો સુપુત્ર અરિષ્ટનેમિ બાવીશમા ભાવિ તીર્થંકર થવાના છે અને તીર્થંકરોની તાકાત અમાપ હોય છે. ગમે તેવા ઉપસર્ગો અને સંકટોનું તે નિવારણ કરવાની તાકાત ધરાવતા હોય છે, એટલે તમારે ભાવિનો કોઇ ભય કે ચિંતા રાખવાની જરૂર નથી. વધારામાં ચારણમુનિએ કહ્યું કે તમારી સાથે કૃષ્ણજી છે તેઓ તત્કાલ દેવો દ્વારા દ્વારિકા નગરી ઊભી કરાવશે અને શ્રીકૃષ્ણજી ત્યાં જ રહેશે અને તમારે પણ ત્યાં જ રહેવાનું થશે.

ત્યાર પછી જોષીની સલાહ અનુસાર ગિરનાર પર્વતની વાયવ્ય દિશામાં લાખો યાદવો સાથે છાવણીઓ નાંખીને ત્યાં રહ્યા. રાજમહેલમાં રહેનારાઓને જંગલમાં તંબુઓ બાંધને રાવટીમાં રહેવું પડે એ બહુ જ દુઃખદ ઘટના હતી. હવે વસવાટ માટે મકાનોની જરૂરિયાત હતી. શ્રીકૃષ્ણ પાસે દેવોને આકર્ષિત કરવાનું અને તેમની પાસે કામ કરાવવાનું એક દૈવિક બળ હતું. શ્રી કૃષ્ણજીને થયું કે હવે આ બળનો ઉપયોગ કર્યા સિવાય કોઇ માર્ગ તત્કાળ સગવડતા પ્રાપ્ત કરવા માટે દેખાતો નથી. એટલે એક શુભ દિવસે શ્રી કૃષ્ણજીએ સ્નાન કરીને નજીકમાં રહેલો સમુદ્રની સારી રીતે પૂજા કરી, સત્કાર-સન્માન કર્યા અને પછી તેમને દરિયાઇ દેવને પ્રત્યક્ષ કરવા માટે અઠ્ઠમ તપ કર્યો. એટલે કે અન્ન જળ વિનાના ત્રણ ઉપવાસ કર્યા. અઠ્ઠમ તપના પ્રભાવથી ત્રીજા દિવસની રાત્રિએ સમુદ્રનો અધિષ્ઠાતા સુસ્થિત નામનો દેવ આકાશમાં પ્રગટ થયો અને શ્રી કૃષ્ણને પૂછયું, તમે મને શા માટે સંભાર્યો છે? તમારા તપથી આકર્ષાઇને હું આવ્યો છું.

એ વખતે કૃષ્ણજીએ કહ્યું કે અમારે રહેવા માટે સ્થાન જોઇએ છે. અમને એક મોટું નગર જોઇએ છે. મને જાણવા મળેલું છે કે મારી પહેલાના થઇ ગયેલા વાસુદેવને રહેવાની જે દ્વારકાનગરી હતી તે તમોએ કોઇ કારણસર સમુદ્રમાં ડુબાડી દીધી છે, તો એવી દ્વારકા નગરી ફરીથી તમો વસાવી આપો જેથી અમો ત્યાં સુખેથી રહી શકીએ. સુસ્થિત દેવે આ વાત પોતાના ઉપરી ઇન્દ્ર મહારાજાને કરી. માગણી કરનાર વાસુદેવ જેવી એક સમર્થ વ્યક્તિ હતી અને તેમને જરૂરિયાત પણ એટલે

ધનદ મહારાજાએ હા પાડી અને કુબેર દેવ પાસે દૈવિક પ્રભાવથી દેવોના સહકારથી ૪૮ ગાઉ લાંબી અને ૩૬ ગાઉ પહોળી એવી જંગી દ્વારકા નગરી ઊભી કરી દીધી. એ નગરીમાં જાતજાતના મહેલો, મકાનો અને મંદિરો પણ ખડાં કરી દીધાં. શ્રીકૃષ્ણજીને રહેવા માટે ૧૮ મજલાનો સર્વતોભદ્ર પ્રકારની બાંધણી અને આકૃતિવાળો જંગી મહેલ પણ બાંધી આપ્યો. ઠેર ઠેર જૈન મંદિરો બાંધી આપ્યાં. ભાવિ તીર્થંકર થનારા અરિષ્ટનેમિ અને તેમના પિતા સમુદ્રવિજય વગેરે માટે પણ મહેલો બાંધી આપ્યા.

ત્યાર પછી યોગ્ય સમયે નિયમ મુજબ નેમિનાથ ભગવાન દીક્ષા લેવા તૈયાર થયા. પિતા સમુદ્રવિજય અને શ્રી કૃષ્ણજી વગેરેએ ભેગા થઇને ધામધૂમથી દીક્ષાની શોભાયાત્રા કાઢી. આ શોભાયાત્રા દ્વારકા નગરીમાં ફરીને ગિરનાર પર્વતના રૈવતક નામના ઉદ્યાન પાસે આવીને અશોક વૃક્ષની નીચે આવ્યા. પાલખીમાંથી બહાર નીકળીને પોતાના હાથથી માથાના-દાઢી મૂછના વાળ ખેંચી કાઢીને મધ્યાહ્ન સમયે દીક્ષા લીધી.

ઉપરનો અધિકાર જુદા જુદા જૈન ગ્રન્થોમાંથી મળે છે. આ પ્રસંગ ઉપરથી પહેલી વાત વિચારવાની એ છે કે દેવ પાસે જે નવી દ્વારકા વસાવરાવી તે દ્વારકા અત્યારની દ્વારકાથી કેટલી દૂર વસાવી હશે ? એ બાબતનો જૈન ધર્મમાં કોઇ અણસાર મળતો નથી પણ વિચારવાનું એ છે કે શ્રી કૃષ્ણજીએ નવી વસાવેલી દ્વારકા ગિરનારની બહુ જ નજીકમાં માનવી જોઇએ. દીક્ષાનો વરઘોડો બહુ બહુ તો બે – ત્રણ માઇલ ફરવાનો હોય છે. રૈવતક નામનું જે ઉદ્યાન લખ્યું છે એ ઉદ્યાન ગિરનાર પર્વત ઉપરનું જ ઉદ્યાન છે એ નિર્વિવાદ બાબત છે. તે ઉદ્યાનમાં સહસ્રામ્રથી શોભતી જગ્યા હતી. જેને અત્યારે સહસાવન કહેવામાં આવે છે. હજારો આંબાની જગ્યા તેથી સહસ્રામ્રવન કહે છે. અરિષ્ટનેમિને દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન જે પ્રાપ્ત થયું તે પણ રૈવતક નામના ઉદ્યાનમાં આવેલા સહસ્રામ્રવનની જગ્યામાં જ. આ ઉપરથી શ્રીકૃષ્ણજીનો વસવાટ હતો તે દ્વારકા ગિરનારની નજીક જ માનવી જોઇએ અને પાણીમાં ડૂબી ગયેલી વંશપરંપરાની દ્વારકા એ નવી દ્વારકાથી ભિન્ન દ્વારકા છે. ગિરનારની નજીકમાં દ્વારકાની વસાહત જે ઊભી થઇ તેમાં એક બાબત અવરોધરૂપ બને છે. તે બાબત એ છે કે ઉપર જણાવ્યું તેમ દરિયો ગિરનારની નજીકમાં જ હતો એમ પુરવાર થાય છે. પણ આજે ગિરનારની નજીક દરિયો હતો એવું કોઇ ચિહ્ન નથી પરંતુ એ જમાનામાં ત્યાં જરૂર દરિયો હોવો જોઇએ. આજે જૂનાગઢથી વેરાવળ – ચોરવાડ પાસે દરિયો છે જ. હજારો વર્ષના કાળમાં જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ આવા ન કલ્પી શકાય એવાં પરિવર્તનો થતાં હોય છે તેવું આમાં પણ બન્યું હોય.

ઉપરના લેખ સાથે સંબંધ ધરાવતી કેટલીક બાબતો નીચે રજૂ કરું છું.

૧ શ્રી કૃષ્ણજીએ દેવોને કહ્યું કે મારી પહેલાનાં વાસુદેવ જેમાં રહેતા હતા તે દ્વારકા તમોએ ડુબાડી દીધી છે એટલે હવે અમારા માટે તમો નવી દ્વારકા બનાવી દો.

૨. આ ઉપરથી જૂની દ્વારકાને બહાર લાવવાની વાત શ્રીકૃષ્ણજીએ પેલા દેવને કરી નહીં.

૩. જૈન ધર્મની દ્રષ્ટિએ જેમ શ્રી કૃષ્ણ વાસુદેવ હતા (વાસુદેવ એટલે દરેક કાળમાં જન્મતા ૬૩ અગ્રણી મહાપુરુષો પૈકી એક) તેવા વાસુદેવ અગાઉ જન્મ્યા હતા. એ ઘટનાના શ્રી કૃષ્ણજી જાણકાર હતા. આથી એક વાત એ પણ ઊપરથી આવે છે કે આજે જે દ્વારકા છે તેની પંદર-વીશ માઇલના એરિયા દરિયામાં જૂની દ્વારકા હોવી જોઇએ.

૪. ૮૪ હજાર વરસ પહેલાં પાંચેક હજાર દરિયો જૂનાગઢથી બહુ નજીક હોવો જોઇએ તો જ દીક્ષાના વરઘોડાની વાત બંધબેસતી બને.

૫. જૈન શાસ્ત્રમાં દ્વારકાને દ્વારવતી શબ્દથી ઓળખાવી છે.

૬. ભગવાન મહાવીરને નિર્વાણ થયે આજે ૨૫૧૪ વરસ થયાં તે પહેલાં ૨૩ મા તીર્થંકર પારસનાથ થયા અને તે પહેલાં શ્રી કૃષ્ણજી સાથેના સંબંધવાળા ૨૨ મા તીર્થંકર નેમિનાથ થયા. એમને આજે નિર્વાણ થયે ૮૬૫૪૨ વરસ થયાં છે એટલે દ્વારકાની વાત છ્યાશી હજાર પાંચસો બેંતાલીસ વરસ જૂની છે.

જ્યારે વૈદિક ઇતિહાસ પ્રમાણે પાંચેક હજાર વરસ જૂની છે.

લડાઇમાં ને લગ્નમાં સંધુંય હાલે

તનસુખ ભટ્ટ

અંગ્રેજીમાં એક કહેવત છે: All is fair in love and war. અર્થાત્ ધિંગાણામાં અને ધેણ વરવામાં ધાંધલ અને ધમાધમી ધરમ ગણાય.

સત્તા અને સાત્ત્વિકતા, તખ્ત અને તુંબી, પ્રસાદ અને પર્ણકુટી, ચામર અને ચાંખડી, વૈભવ અને વ્રતચર્યા વચ્ચે નર્યો સોએ સો ટકા વિરોધ છે. સરમુખત્યારોએ સ્યાદ્વાદ સ્વીકાર્યો નથી. સંતોએ સત્તાને ઠેસ મારી છે. જૂની કહેવત હતી કે મિયાં-મહાદેવને બને નહિ, હવે જ્યારે મિયાં-મહાદેવ મેળથી રહે છે ત્યારે નવી કહેવત રચવાનો કાળ પાકી ગયો છે કે શાસકોને અને શીખોને બને નહિ. નહેરુપંથીઓ અને નાનકપંથીઓને ભાડે નહિ.

રામને સુગ્રીવની મદદ મેળવવી હતી તો તેમણે તાડની પાછળ છુપાઇને, સુગ્રીવ સાથે સંગ્રામ ખેલતા વાલીનો વધ કર્યો, શ્રીકૃષ્ણે જરાસંધને, કાળયવનને, જયદ્રથને, યુક્તિથી મરાવ્યા, ભીમે દ્વંદ્વયુદ્ધના નિયમોને નેવે મૂકીને ગદાયુદ્ધમાં પ્રતિસ્પર્ધી દુર્યોધનની જાંઘ ભાંગી. પૃથ્વીરાજે શાહબુદ્દીનને અનેકવાર છોડ્યો, પરંતુ શાહબુદ્દીને પૃથ્વીરાજને પકડ્યો અને આંધળો કર્યો, લાંબા દુશ્મને ટૂંકા દુશ્મનને બગલમાં માથું ભીંસી મારવાનો દાવ લીધો તો ઠીંગણા શત્રુએ ઊંચા શત્રુના પેટમાં ભેટતાં વાઘનખ ભરાવી દીધા, માધવે કરણઘેલા ઉપર વેર વાળવા અલ્લાઉદ્દીનને નોતર્યું દીધું, આમ રણયજ્ઞ ધર્મ-નીતિ સહિત સર્વ પદાર્થોને સ્વાહા કરે છે.

સ્વયંવરમાં નિરાશ થયેલા, નાપાસ રાજવીઓ વરમાળા પહેરેલા રાજવીને યુદ્ધ માટે પડકારતા. આમાંથી બચવા માટે લગ્નોત્સુક કન્યાઓનાં અપહરણો શરૂ થયાં. આવી પતિવરા, કલ્પાંતવિવાહવેષા રાજકન્યા પોતાનું અપહરણ કરવાને પ્રિયતમને કહેણ મોકલતી, શ્રીકૃષ્ણે રુકિમણીનું અને પૃથ્વીરાજે સંયુક્તાનું તેમની સમતિથી અપહરણ કરેલું, વર્તમાન કાળમાં તો નગરે

નગરે આવી રુકિમણીઓ અને સંયુકતાઓ પ્રિયતમની સાથે પલાયન થાય છે. તકાવત એટલો જ કે રથને સાટે અગિનરથ અથવા માકાને સાટે મોટર વપરાય છે.

ગાંધી–ઇરવિન સંધિ થઇ ત્યારે તે સંધિનો હેતુ સુલેહ નહિ પણ વિગ્રહ હતો. સંધિ તો થાક ખાવા માટેનું એક નિમિત્ત હતું, નહિ કે સત્યાગ્રહીઓની સમક્ષ શરણાગતિ તેથી તો શ્રીમાન ચર્ચિલ ઉવાચ: 'I am not here to liquidate His Majesty's empire'. તે રીતે બહારવટિયાઓ શરણે આવે તો તેમને ફાંસી કે સજા આપવાના દાખલા પણ ઇતિહાસમાં બન્યા છે. માફીનું વચન મળવાથી શરણે આવેલા કાદુ મકરાણીને ફાંસીએ લટકાવેલો. માફીનું વચન મળવાથી શરણે આવેલા ચંબલ નદીના ડેાતરોના ડાકુઓને સજા ફટકારવામાં આવેલી. મહેમાન બનેલા ચરખાના ચાંપરાજવાળાને રાજવીએ પોતાના મહેલમાંથી પકડાવી દીધો હતો, નહિ તો રાજ જપ્ત થાત! બિહારમાં કેટલી બહારવટિયાઓની આંખો ફોડવામાં આવી, હુલ્લડોમાં કયો પક્ષ વધારે જંગલી બની શકે છે તેની હોડ મંડાય છે.

આર્ય ધર્મશાસ્ત્રમાં લગ્નના આઠ પ્રકારો છે: બ્રાહ્મ, પ્રાજાપત્ય, આર્ષ, દૈવ ગાંધર્વ, આસુર, રાક્ષસ અને પૈશાચ, તેમાંના પ્રથમ ચાર પ્રકારો નિર્દોષ અને માન્ય છે, બાકીના ચાર પ્રકારોમાં દોષદર્શન થવાથી તે અમાન્ય છે, પૈશાચ લગ્નમાં કન્યાનાં માબાપોને હરાવીને, રોતી – કકળતી નારાજ કન્યાનું બળાત્કારે અપહરણ કરવામાં આવે છે, ભારતના બે ભાગલા પડ્યા તે કાળે આવાં પૈશાચ લગ્નોએ દેકારો બોલાવેલો.

ભારત પર બહારથી આક્રમણ કરનારા ઘણા વિદેશી વિજેતાઓ પાટનગરને જીત્યા પછીથી ત્રણ દિવસ સુધી લશ્કરને નગર લૂંટવાની છૂટ આપતા. આવી લૂંટની લાલચે તો તેવા લશ્કરમાં ખાટસવાદિયાઓ જોડાતા હતા. છેલ્લા વિદેશી વિજેતાઓએ વેપારીના સ્વાંગમાં માત્ર પાટનગરની જ નહિ પણ દેશ આખામાંથી લૂંટ ચલાવી હતી. એ લૂંટ લાખોની નહિ પણ અબજોની હતી, ત્રણ દિવસની સદર પરવાનગીવાળી નહિ પણ દોઢસો વરસની બાદશાહી ઢંઢેરાવાળી હતી. લૂંટો, લૂંટો અને લહેર કરો. લેવડદેવડ કરો, લૂંટો અને લહેર કરો. બંદૂકથી લૂંટો, બંધારણથી લૂંટો, પણ લૂંટો.

આવી જીવનપદ્ધતિને અધર્મ ઠરાવી. બુદ્ધ, મહાવીર, ઇશુ, સોક્રેટિસ, ગાંધી, માર્ટિન લ્યૂથર અને વિનોબાએ ત્યાગનો માર્ગ ઉપદેશ્યો, પરિણામ શું આવ્યું? ઇશુને રોમન શાસકે નિર્દોષ ગણ્યો પણ તેના જ જાતભાઇઓએ દબાણ લાવી તેને ક્રોસ પર ચડાવ્યો. સોક્રેટિસને તેના જ જાતભાઇઓએ ઝેરનો પ્યાલો પીવાની સજા કરાવી, દયાનંદને તેના જ જાતભાઇ રસોયા બ્રાહ્મણે પંદર રૂપિયા મેળવવા ખાતર ભયંકર પ્રકારનું ઝેર ખવરાવ્યું. મીરાંને તેનાં સગાં–કુટુંબીઓએ વિષકટોરો પિવડાવ્યો, ગાંધીને તેના જ એક દેશબંધુએ ગોળીએ દીધો, માર્ટિન લ્યુથરને વીંધી નાખ્યો, વિનોબા ભાવે, આપ્પાસાહેબ પટવર્ધન અને પંડિત સાતવળેકરના આશ્રમો લૂંટાયા કે નષ્ટભ્રષ્ટ થયા; પરંતુ આટલું થયું હોત તો તે ક્રોધનું ગાંડપણ લેખાત. ઉપદ્રવીઓ ગાંડા ન હતા પણ વ્યવહારકુશળ હતા, હણનારાઓએ અને હણાવનારાઓએ પેલા હુતાત્માઓની પૂજા કરીને તેમને પીર કે પેગંબર, ઓલિયા કે અવતાર ઠરાવી દીધા તેમણે આપેલા ઉપદેશનું આચરણ તો કોણ કરે? ઉપદેશે તો તે ધર્માત્માઓનો જીવ લીધેલો અને લૂટાવેલા, આથી મારાઓએ તેમની કબરો, સમાધિ અને ધર્મસ્થાનકોમાં દીવા પ્રગટાવ્યા, દીપમાળાઓની રોશની કરી, ફૂલોની ટોપલીઓ ઉછાળી, ધૂપ-સુગંધથી પ્રસન્નતા પમરાવી, નાળિયેર વધેર્યાં, માનતાઓ માની અને તેમને નરમાંથી નારાયણ કર્યા, પછી આ મારાઓ વદ્યા: 'તમે રહ્યા અવતારી પુરુષો અને અમે રહ્યા દુનિયાદારી જીવો! તમારી જેવા અમારાથી શે થવાય? તમે બુદ્ધ અને અમે બુધ્ધુ. તમે તીર્થંકર અને અમે તણખલાં, તમે પરમ પિતાના પુત્ર અને અમે સેતાનના સાથી, તમે મહાત્મા અને અમે મર્ત્ય માનવી. કયાં રાજા ભોજ ને કયાં ગાંગો તેલી! માટે આ પૂજામાં જ અમારી ભાવભક્તિ સમાપ્ત ગણજો. તમારા જેવા અમારાથી કેમ થવાય? અને થઇએ તો બાયડી – છોકરાં રખડી પડે, 'પૈસો મારા પરમેશ્વર ને સ્ત્રી મારા ગુરુ. સાધુ સંત મારાં છૈયાં છોકરાં સેવા કેની કરું?' અમે પહેલાં જીવતાં હતાં તેમજ જીવશું. કામ-ક્રોધને બદલે કાળું તજશું. ગાયત્રી જપવાને બદલે ગરદન મારવાનું ચાલુ રાખશું, ધર્મનો જય હો, પાપનો ક્ષય હો. સર્વે સુખી થાઓ. અમારાં ગજવાં ભરાઓ. ગરીબગુરબાંઓ અન્ન–જળ–વસ્ત્ર–નિવાસ પામો. અમારે ત્યાં મિષ્ટાન્નો અને મહેલાતોની છાકમછોળ થાઓ. બધાને પેટપૂરતું અન્ન મળે. અમને તિજોરીઓ છલકાવા જેટલી નોટોની થોકડીઓ મળે, સર્વને સમાનતા મળે, અમને ઐશ્વર્ય મળે. ધર્મનો જય હો. પાપનો ક્ષય હો. સંતોનો સત્કાર હો. ગાંધીફિલમને ગૌરવપારિતોષિક મળો. અમારાં ગજવાં ડોલરથી ડોલવા માંડો. ગાય બ્રાહ્મણ, સંત અને ઉપદેશકોનો અભ્યુદય થાઓ. અમારા નિવાસસ્થાને નંદનવન સરજાઓ, ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

અહીં મને 'શયદા'નો એક શેર યાદ આવે છે:–

મને એ વાતનું હસવું હજારો વાર આવે છે
પ્રભુ! તારા બનાવેલા આજ તને બનાવે છે!

ચાર્વાક પણ આવો જ ભાવ અન્ય પ્રકારે દર્શાવે છે:–

'જીવો ત્યાં સુધી અમનચમન કરો. તે માટે કરજ કરીને પણ ઘી પીઓ. દેહ એકવાર ચિત્તાએ ચડીને જ્યારે ભસ્મીભૂત થયો ત્યારે પાછું અહીં કોણ પધારવાનું છે? માટે લેણદારને કપાળે હાથ દઇને રોવા દો. હે મિત્રો! મોજમજા કરો અને તે માટે બીજાને નવરાવી નાખો,' Eat, drink and be merry અર્થાત્ ખાવું, પીવું ને ખેરસલ્લા (ખયર સલ્લા) લહેર પાણી ને ભન્નિયાં!

દસમો જૈન સાહિત્ય સમારોહ

અહેવાલ : પન્નાલાલ ૨. શાહ

ચાર ચાર વર્ષના સતત દુષ્કાળ બાદ મેઘરાજાની અમીવર્ષાથી પરિપ્લાવિત થયેલી કચ્છની હરિયાળી-લીલીછમ ધરતી પર દસમા જૈન સાહિત્ય સમારોહ નિમિત્તે મુંબઈ, અમદાવાદ, વલ્લભવિદ્યાનગર, રાજકોટ અને ભાવનગર એમ વિવિધ સ્થળોએથી પધારેલા જૈન સાહિત્યના જિજ્ઞાસુ, રસિકો, અભ્યાસીઓ અને વિદ્વાનોએ ગત માસ નવેમ્બરની તા. ૨૬, ૨૭ અને ૨૮ મીના રોજ કચ્છના તલવાણા પાસે નવોદિત તીર્થ ખોતેર જિનાલય ખાતે વિદ્યાવ્યાસંગ માણ્યો. કચ્છની ધીંગી ધરતીની સમગ્ર પ્રજા અને તેમાંયે જૈન કચ્છી પ્રજા વ્યાપારકુશળ, સાહસિક, શ્રદ્ધાળુ, ધર્મપ્રેમી અને દાનવીર છે. શ્રાવક ભીમશી માણેક તો જૈન સાહિત્યની કૃતિઓને ભંડારોમાંથી શોધી, તેમનું મુદ્રણ-પ્રકાશન કરી, જૈન સાહિત્યની અનન્ય સેવા કરી છે અને આ પ્રદેશને મહિમા બક્ષ્યો છે. મેસર્સ નવનીત પ્રકાશન કેન્દ્રના નિમંત્રણથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે દસમો જૈન સાહિત્ય સમારોહ યોજાયો. તેના પ્રમુખસ્થાને હતા જાણીતા તત્ત્વજ્ઞ અને લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના ડિરેકટર ડૉ. નગીનદાસ જે. શાહ.

* * *

નવોદિત તીર્થમાં આવકાર

શનિવારે બપોરના ૩-૩૦ વાગ્યે આચાર્ય ગુણોદય-સાગરની નિશ્રામાં મળેલી સમારોહની આ ઉદ્‌ઘાટન બેઠકમાં સૌનું સ્વાગત કરતાં બોતેર જિનાલયના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વસનજી લખમશી શાહે જણાવ્યું હતું કે પ્રાચીન ભદ્રેશ્વર તીર્થની નજીકમાં માંડવીથી દસેક કિલોમીટરના અંતરે તલવાણા ગામની સીમ અને કોડાય ગામની સીમાંતે ૮૦ એકર જમીનમાં આ તીર્થ પથરાયેલું રહેશે. કચ્છના રાજમાર્ગ પર આવેલું આ નવોદિત યાત્રાસ્થળ આધુનિક સગવડતાથી સુસજ્જ છે. આવા આ તીર્થમાં સૌનું અભિવાદન કરતાં મને આનંદ થાય છે.

વિદ્યાલયનો અમૃત મહોત્સવ

મે. નવનીત પ્રકાશન કેન્દ્ર વતી શ્રી ડુંગરશીભાઈ ગાલાએ સૌને આવકાર આપ્યા બાદ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી સેવંતીલાલ કે. શાહે જણાવ્યું કે યોજક સંસ્થાને ટૂંક સમયમાં પંચોતેર વર્ષ પૂરાં થશે, એ નિમિત્તે આગામી પચાસ વર્ષમાં જૈન સમાજની શૈક્ષણિક જરૂરિયાતને લક્ષમાં રાખી નવાં વિકાસકાર્યો હાથ ધરવાની અમે વિચારણા કરી રહ્યા છીએ, એ માટે સૌનાં સૂચનો અને સાથને એમણે આવકાર્યાં હતાં.

મોક્ષનાં ત્રણ સાધનો

આચાર્ય શ્રી ગુણોદયસાગરની નિશ્રામાં મળેલા દસમા જૈન સાહિત્ય સમારોહમાં પૂ. આચાર્યશ્રીએ માંગલિક ફરમાવ્યા બાદ પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રસાગરજીએ જૈન સાહિત્ય સમારોહની પ્રવૃત્તિથી પોતાને અત્યંત આનંદ થયો હોવાનું જણાવી મોક્ષનાં ત્રણ સાધનો-જ્ઞાનનો પ્રકાશ, શુદ્ધિની જરૂરિયાત તથા તપ અને સંયમનો મહિમા સમજાવ્યો હતો અને આચાર્યશ્રી વતી આ પ્રવૃત્તિને અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા.

મે. નવનીત પ્રકાશન કેન્દ્રના શ્રી અમરચંદભાઈ ગાલાએ દીપ પ્રગટાવી આ સમારોહનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

સમારોહની સ્વૈચ્છિક અને અનૌપચારિક પ્રવૃત્તિ

દસમા જૈન સાહિત્ય સમારોહના સંયોજક અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહે સમારોહની આ પ્રવૃત્તિને એક સ્વૈચ્છિક અને અનૌપચારિક પ્રવૃત્તિ તરીકે ઓળખાવી, વર્તમાન સમયમાં સાહિત્યની આબોહવા ઊભી કરવી અત્યંત જરૂરી છે એમ જણાવ્યું હતું. એમણે વિશેષમાં કહ્યું કે આ પ્રવૃત્તિ નિમિત્તે પૂર્વસૂરિઓએ રચેલા ગ્રંથોનો સ્વાધ્યાય થાય અને વિજ્ઞાનની પ્રગતિ સાથે ભૌતિકવાદમાં પડેલા શહેરીજનોને એકાંતમાં સ્વાધ્યાય કરવાની તક મળે એવી આ સાર્વજનિક પ્રવૃત્તિની ભૂમિકા છે. સાહિત્યરસિકો, અધ્યાપકો જૈન ગ્રંથો વાંચવા તરફ વળે અને અધ્યયનલેખો લખે એ આ પ્રવૃત્તિની એક મુખ્ય ફલશ્રુતિ છે. એમાં સર્વ નવોદિતોને પણ પોતાનો અભ્યાસલેખ રજૂ કરવાની તક આપવામાં આવે છે. એટલે સમારોહ માટે આવતા નિબંધોનું સ્તર વિવિધ પ્રકારનું રહે એ સ્વાભાવિક છે.

પ્રાસંગિક પ્રવચનો

દસમા જૈન સાહિત્ય સમારોહ પ્રસંગે શ્રી અચલગચ્છ જૈન સંઘના પ્રમુખશ્રી ગુલાબચંદ કરમચંદ શાહ, કોંગ્રેસના શ્રી જયકુમાર સંઘવી, પ્રા. તારાબેન ૨. શાહ, શ્રી ચાંપશીભાઈ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી શ્રી હિંમતલાલ એસ. ગાંધી, પ્રિન્સ પ્લાસ્ટિકસના શ્રી કિશોરભાઈ અને કચ્છી કવિ શ્રી માધવજી જોષી 'અરક' અને સમારોહના પ્રમુખ ડૉ. નગીનભાઈ જે. શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં અને સમારોહની સફળતા ઇચ્છી હતી.

* * *

પ્રથમ બેઠક

રવિવાર, તા. ૨૭-૧૧-'૮૮ને રોજ સવારના ૯-૩૦ વાગ્યે શ્રી પાર્શ્વચન્દ્રગચ્છના પૂ. મુનિશ્રી ભુવનચંદ્રવિજયજી અને શ્રી આઠ કોટિ મોટી પક્ષના પૂ. મુનિશ્રી નવીનચંદ્રજી મહારાજની નિશ્રામાં પહેલી બેઠક મળી હતી. આ બેઠકમાં શ્રી ઉષાબહેન મહેતાએ ઘાતી-અઘાતી કર્મ વિષે, શ્રી નટવરલાલ એસ. શાહે કાયાની માયાના બંધન વિષે, ડૉ. શેખરચંદ્ર જૈને 'યશોવિજયજી કૃત જ્ઞાનસાર-એક અધ્યયન' વિષે, પ્રા. મધુપર્ચંદ આર. શાહે શ્રાવકોનો શ્રેષ્ઠ ધર્મ-દાન વિષે, પ્રા. નલિનાક્ષ પંડ્યાએ પેટલાદના જૈન સમાજ વિષે અને પ્રા. દેવબાળા સંઘવીએ ભાવરત્ન મુનિ કૃત હરિબલ રાસ વિષે નિબંધો વાંચ્યા હતા.

પ્રારંભમાં પૂ. મુનિશ્રી ભુવનચંદ્રવિજયજીએ આચરણ પર ભાર મૂકતાં જૈન જનતા, જૈન સાહિત્યથી પરિચિત થાય એવાં પગલાં લેવાની પ્રેરણા આપી હતી. આચાર્ય ભગવંત છોટાલાલજી મહારાજના પૂ. નવીનચંદ્ર મહારાજે લક્ષ્મી અને સરસ્વતીપુત્રોના સંયોગને આવકાર આપ્યો હતો. કચ્છના જ્ઞાનભંડારોમાં સચવાયેલ ગ્રંથોની શ્રાવકોને જાણ પણ નહિ હોય એમ જણાવી એનું મહત્ત્વ આપણને સમજાયું નથી એમ

કહ્યું હતું. ત્યાર બાદ પ્રમુખશ્રી નગીનભાઈ જે. શાહે વકતવ્ય રજૂ કર્યું હતું, જેના મહત્ત્વના મુદ્દાઓ આ પ્રમાણે છે :

જૈન સાહિત્ય એટલે જૈનધર્મદર્શન વિષયક અને જૈનો દ્વારા રચાયેલું સાહિત્ય

સમારોહના પ્રમુખ ડો. નગીનદાસ જે. શાહે જણાવ્યું કે જૈન સાહિત્ય એટલે જૈનધર્મદર્શન વિષયક સાહિત્ય તેમજ જૈનો દ્વારા રચાયેલું કાવ્ય તથા કાવ્યેતર શાસ્ત્રીય સાહિત્ય. જૈન સાહિત્યનો મહિમા કરતાં એમણે જૈન સાહિત્યને પ્રયત્તા, ગુણવત્તા અને વિવિધતાની દૃષ્ટિએ અજોડ ગણાવ્યું હતું. આ માટે એમણે સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઈ કૃત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પાર્શ્વનાથ વિદ્યાશ્રમ પ્રકાશિત 'જૈન સાહિત્યકા બૃહદ્ ઇતિહાસ' ભાગ-૧ થી ૬, શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયા કૃત 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ભાગ ૧-૩, જગદીશચંદ્ર જૈન કૃત 'પ્રાકૃત સાહિત્યકા ઇતિહાસ', મો. દ. દેશાઈ કૃત જૈન ગુર્જર કવિઓ' ભાગ ૧ થી ૫, એ. ચક્રવર્તી કૃત 'જૈન લીટરેચર ઇન તામિલ' વગેરેને આધારભૂત સાધન તરીકે ઓળખાવ્યાં હતાં, ઉપરાંત વિવિધ જૈન ભંડારોનાં સૂચિપત્ર જોવાની ભલામણ કરી હતી. સૌ પ્રથમ એમણે જૈનો દ્વારા રચાયેલ કાવ્યસાહિત્ય અને કાવ્યેતર શાસ્ત્રીય સાહિત્યનો અતિ સંક્ષિપ્ત પરિચય કરાવ્યો હતો.

વિવિધ ભાષામાં રચાયેલ જૈન સાહિત્યની ઝાંખી

સંસ્કૃત, પ્રાકૃત અપભ્રંશ, વ્રજ, ગુજરાતી, રાજસ્થાની, કન્નડ, તામિલ વગેરે ભાષામાં રચાયેલ અને કાવ્યસાહિત્યનાં અનેક રૂપોના ઓળાણની એમણે ચર્ચા કરી હતી. સંસ્કૃત કાવ્ય સાહિત્યમાં રવિષેણનું પદ્મચરિત, જિનસેન અને સકલકીર્તિનું હરિવંશપુરાણ ગુણભદ્રનું મહાપુરાણ અને હેમચંદ્રાચાર્યના ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિતને શકવર્તી ગ્રંથો ગણાવ્યા હતા. આ રચનાઓનો મોટો ભાગ કથાત્મક અને પુરાણોની સ્વાભાવિક, સરળ શૈલી છતાં અનેક સ્થાને રસ, ભાવ અને અલંકારોથી મંડિત છે. મેરુતુંગ કૃત મહાપુરાણ, પદ્મસુંદર કૃત યદુસુંદર મહાકાવ્ય, પાર્શ્વનાથ ચરિત મહાકાવ્ય અને રાયમલ્લાભ્યુદય, અમરચંદ્ર કૃત પદ્માનંદ મહાકાવ્ય, હરિચંદ્ર કૃત ધર્મશર્માભ્યુદયમ મહાકાવ્ય, વાગ્ભટ્ટ કૃત નેમનિર્વાણ કાવ્ય, જિનસેન કૃત પાર્શ્વાભ્યુદય. દેવવિમલગણિ કૃત હીર સૌભાગ્ય-આ બધાં સંસ્કૃત મહાકાવ્યનાં સરસ ઉદાહરણો પૂરાં પાડે છે. એ જ રીતે પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી કન્નડ, તમિળ વગેરે ભાષાઓમાં રચાયેલી મહત્ત્વની કૃતિઓનો પણ એમણે પરિચય આપ્યો હતો.

જૈનધર્મદર્શન વિષયક સાહિત્ય

જૈન ધર્મદર્શન વિષયક સાહિત્યની ઝાંખી કરાવતાં એમણે આવા સાહિત્યની લાક્ષણિકતા પ્રગટ કરતા બેએક ગ્રંથોનો પરિચય કરાવ્યો હતો. જૈન આગમ સાહિત્યનાં બાર અંગ ગ્રંથોની ગણધરોએ કરેલી રચના બાર અંગોના વિષયને લોકો સમજી શકે એ આશયથી તત્પશ્ચાત. આચાર્યોએ કરેલી ઉપાંગોની રચનાઓનો આગમ સાહિત્યમાં સમાવેશ થાય છે. અર્ધમાગધીમાં રચાયેલ આ બધા ગ્રંથોને સમજાવતા અનેક ગ્રંથો રચાયા છે. તેવી રચનાઓ ચાર પ્રકારની-નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા હોવાનું એમણે જણાવ્યું હતું.

(ક્રમશ:)

પાકિસ્તાનમાં લોકશાહી

(પૃષ્ઠ ૨ થી ચાલુ)

પણ ઘણું મોટું છે. લગભગ સિત્તેર-પચોતેર ટકા લોકો અશિક્ષિત છે, એટલે કે શિક્ષણનો વિકાસ જેટલો થવો જોઇએ તેટલો થયો નથી. લાલચો આપીને વિદેશની સરકારોએ અને કંપનીઓએ પોતાનો સાચો – ખોટો માલ પાકિસ્તાનમાં ઠાલવ્યા કર્યો છે અને પાકિસ્તાનનું આર્થિક શોષણ કર્યા કર્યું છે. આંખ મીંચીને પાકિસ્તાન શસ્ત્રસરંજામ ખરીદતું રહ્યું છે અથવા ખરીદવાની તેને ફરજ પાડવામાં આવેલી છે. એથી વિદેશી ફૂંડિયામણની દૃષ્ટિએ પાકિસ્તાન દુનિયાનું એક મોટું દેવાદાર રાષ્ટ્ર છે. એમાંથી ઊગરવા માટે પાકિસ્તાનને હજુ કેટલાં વર્ષો લાગશે એ કહેવાય નહિ. કોઇપણ રાષ્ટ્રની અત્યંત નબળી આર્થિક સ્થિતિ લોકશાહીને બહુ ફાવવા દે નહિ.

પાકિસ્તાનમાં લશ્કરી શાસનને કારણે પ્રજામાં ભય ઘણો હતો, પરંતુ તેનો અર્થ એ નથી કે પ્રજામાં લાંચરુશવત અને ભ્રષ્ટાચાર નહોતાં. વસ્તુતઃ કોઇ પણ રાષ્ટ્રમાં લશ્કરી શાસન દરમિયાન ભ્રષ્ટાચાર વધુ ફેલાય છે. પાકિસ્તાનમાં પણ તેનું પ્રમાણ ઓછું નથી.

શ્રીમતી બેનઝીર લોકપ્રિય બન્યાં છે, પરંતુ તેમની ઉંમર આટલા મોટા રાષ્ટ્રનું સુકાન સંભાળવા માટે કેટલાક રાજદ્વારી નિરીક્ષકોને મતે જેટલી જોઇએ તેટલી પુખ્ત નથી. ચૂંટણી-પ્રચારમાં વિધાનો કરવાં, વચનો આપવાં, ઊલટાસુલટી નિવેદનો કરવાં, અતિશયોક્તિભર્યાં વચનો બોલવાં એ બધું સહેલું છે. ચૂંટણીપ્રચાર માટે કદાચ તે યોગ્ય પણ ગણાય. પરંતુ રાષ્ટ્રના સર્વોચ્ચ સત્તાસ્થાને આવ્યા પછી એવી પ્રકૃતિને કે પ્રવૃત્તિને એના એ જ લોકો ચલાવી લે નહિ. ઉચ્ચ સત્તાસ્થાને બેઠેલી વ્યકિતનો ખોટો બોલાયેલો એક શબ્દ પણ ઘણા અનર્થો ઊભા કરી શકે છે. શાસન ચલાવવા માટે ગંભીર અને પુખ્ત વિચારણા, પ્રામાણિકતા, ન્યાયપ્રિયતા, વિષમ પરિસ્થિતિમાં સમતોલપણું, ડહાપણ, વાણીનો સંયમ, સમસ્યાઓને ઝડપણ કરવાની ક્ષમતા, વહીવટી કાર્યદક્ષતા બહુ જરૂરી બને છે. બેચાર પત્રકાર પરિષદમાં જ કાચી વ્યકિત તરત પકડાઇ જાય છે. બેનઝીરના ટેકેદાર સભ્યોમાં અને પ્રધાનોમાં પણ પુખ્ત વિચારણાવાળા પ્રમાણમાં ઓછા છે. એટલે ઉતાવળિયાં, કાચાં, આવેશભર્યાં નિર્ણયો કે નિવેદનો સત્તાધીશને ઘડીકમાં લોકોની નજરમાં નીચે ઉતારી દે છે. ખૂબસૂરત મહિલા વઝીરે આઝમ બની એ કૌતુક કયારે શમી જશે અને લોકોને પરિસ્થિતિ કયારે વિપરીત ભાસવા લાગશે એ કહી શકાય નહિ. પાકિસ્તાનમાં ગરીબી. બેકારી, શિક્ષણનો અભાવ, પંજાબી. સિંધી, બલુચી અને પઠાણોના સંઘર્ષો. વિરોધ પક્ષના નેતાઓના દાવપેચ વગેરે સમસ્યાઓ એટલી મોટી છે તથા લશ્કર સાથે સુમેળ. અફઘાનિસ્તાનનો પ્રશ્ન, અમેરિકા સાથેના સંબંધો, અપક્ષ સભ્યોનો ટેકો – આ બધી બાબતો એટલી ગંભીર છે કે તે વડા પ્રધાન તરીકે શ્રીમતી બેનઝીરને કેટલા લાંબા સમય સુધી ટકવા દેશે એ એક મોટો પ્રશ્ન છે. પાકિસ્તાનમાં લોકશાહીના કુમળા છોડને પ્રત્યેક વખતે ઊગતાં જ કચડી નાખવામાં આવ્યો છે. આ વખતે શુભેચ્છા-સહ આશા રાખીએ કે વૃક્ષનું રૂપ ધારણ કરવા સુધી તે પહોંચી શકે અને આ તેજસ્વી મુસ્લિમ નારી વિશ્વની મુસ્લિમ નારીઓને પ્રગતિને પંથે લઇ જઇ શકે.

– રમણલાલ ચી. શાહ

વ્યક્તિ–સંસ્થા–સંબંધો: એક વિચાર

● હિમ્મત ઝવેરી

પ્રબુદ્ધ જીવન'ના ૧૬/૧૧ ના અંકમાં રમણભાઈ શાહનો 'એક વ્યક્તિ–એક સંસ્થા' લેખ ગમી જાય એવો સરસ હતો: લેખકે પોતે એમાં જણાવ્યું છે એ પ્રમાણે 'આછો અછડતો' અને થોડાંક દૃષ્ટિબિંદુથી એ લખાયેલો છે, છતાં એક મહત્ત્વના પ્રશ્નને એ સ્પર્શતો હોઈને એ વિશે થોડુંક ઉમેરવાનો આ ઉપક્રમ છે.

વ્યક્તિ અને સંસ્થા વચ્ચેના સંબંધો લોકતંત્રમાં ખૂબ જ મહત્ત્વના હોય છે, બહુ પાયાના હોય છે.

કોઈ પણ વર્તમાન સમાજ, લોકતાંત્રિક નહીં એવો પણ, સંસ્થાઓ–સંગઠનો દ્વારા જ ચાલતો હોય છે. વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના સંબંધો પણ મહદ્ અંશે વ્યક્તિ–સંસ્થા વચ્ચેના સંબંધોના એક ભાગ રૂપ હોય છે. અર્થાત્ માનવસમાજ અને વ્યક્તિ સંસ્થા દ્વારા જ સંબંધમાં આવે છે. વ્યાપક માનવસમાજ અનેક સંસ્થાઓનો બનેલો હોય છે – એ સંસ્થાઓ ભૌગોલિક હોય છે, રાજકીય હોય છે, આર્થિક સામાજિક-ધાર્મિક –સાંસ્કૃતિક વગેરે અનેક પ્રકારની હોય છે. બધાં એક ભૌગોલિક એકમ છે. રાષ્ટ્ર પણ ભૌગોલિક તેમ જ રાજકીય એકમ છે. જોકે રાષ્ટ્રના રાજકીય એકમને આપણે રાજ્ય કહીએ છીએ યા શાસનસંસ્થા રાષ્ટ્ર ભૌગોલિક ઉપરાંત સાંસ્કૃતિક એકમ પણ બહુ. આમ, માનવસમાજ ભૌગોલિક, રાજકીય, ધાર્મિક સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક એકમોમાં સંસ્થાઓમાં વિભાજિત થયેલો છે. રાષ્ટ્ર યા રાજ્યસંસ્થા આજે માનવ-સમાજની એક મહત્ત્વની સંસ્થા છે. અને પ્રત્યેક રાષ્ટ્ર-રાજ્યમાં અનેક રાજકીય – આર્થિક – સામાજિક – ધાર્મિક-સાંસ્કૃતિક વગેરે સંસ્થાઓ હોય છે જે દ્વારા તે તે રાજ્યનું સંચાલન થતું હોય છે.

આમ એક તરફ વ્યક્તિ છે, માનવસમાજનું નાનામાં નાનું એક એકમ અને બીજી તરફ છે જાગતિક માનવસમાજ, જેનું સંસ્થાકીય સ્વરૂપ છે યુનો – વિશ્વસંસ્થા – સંયુક્ત રાષ્ટ્રસંઘ.

માનવસમાજનું સંસ્થાકીય સ્વરૂપ સંકુલ અને સતત પરિવર્તનશીલ છે.

માણસે આ બધી સંસ્થાઓ પોતાની વિવિધ જરૂરિયાતો સંતોષવા ઊભી કરી હોય છે. એટલે જેમ જેમ જરૂરિયાતો બદલાતી જાય છે તેમ તેમ સંસ્થાઓનું સ્વરૂપ પણ બદલાતું જાય છે. સંસ્થાઓનું કામ તે તે ક્ષેત્રમાં માણસની જરૂરિયાત સંતોષવાનું હોઈને એમાં જો એ ઊણી ઊતરે તો એક પ્રકારના અસંતોષ – વિરોધ-સંઘર્ષને એ જન્મ આપે છે. એ અસંતોષ–સંઘર્ષને નિવારવામાં એ અસમર્થ રહે તો યા તો એ સંસ્થા ખતમ થાય છે યા એ નિરર્થક બની જાય છે.

આજે માનવસમાજની તમામ સંસ્થાઓ લગ્ન અને કુટુંબથી માંડીને શાસનસંસ્થા સુધી લગભગ નિરર્થક બની ગઈ છે. જે કાર્ય માટે એ અસ્તિત્વમાં આવી હોય છે જે જરૂરિયાતો એને સંતોષવાની હોય છે એમાં એ સાવ નિષ્ફળ થઈ છે. પરિણામે માનવસમાજનું સંસ્થાકીય જીવન અને એટલે માનવ-સમાજ એક ગંભીર કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. વસ્તુતઃ પ્રવર્તમાન માનવ સભ્યતાની આ કટોકટી છે. આ સભ્યતાએ માનવસમાજ માટે એક બાજુ સમૃદ્ધિ ઊભી કરી છે તો બીજી બાજુ ઘોર અમાનુષી અસમાનતા ઊભી કરી છે. પરિણામે, ઊંડો અસંતોષ વ્યાપક સમાજમાં ઊભો થયો છે, જે જાતજાતની હિંસક ઘટનાઓમાં વ્યક્ત થાય છે. એક તરફ જેમ રાષ્ટ્રીય રાજકીય ગુલામીનો અંત આવ્યો છે તો બીજી તરફ વધુ ભયાનક એવી બૌદ્ધિક-સાંસ્કૃતિક અને આર્થિક-લશ્કરી ગુલામીનો ઉદય થયો છે. પરસ્પરાવલંબન જ્યારે વધુ ને વધુ અનિવાર્ય બની ગયું છે ત્યારે વિવિધ પ્રકારના જૂથગત સંઘર્ષો-જાતિ, રંગ, વર્ણ, વર્ગ પ્રદેશ, ધર્મ, ભાષા, રાષ્ટ્ર વગેરેને નામે રોજે રોજ વિકસી રહ્યા છે. રાજકારણ, અર્થકારણ, ધર્મકારણ, સમાજકારણ સંસ્કૃતિકારણ – આ તમામ આ સંઘર્ષોને પ્રોત્સાહન આપે છે. વાતો સહ – અસ્તિત્વની થાય છે. પરંતુ સહકારને અને અસ્તિત્વને પડકારે એવું વાતાવરણ ઊભું કરાઈ રહ્યું છે. પારસ્પારિકતા વગર સંસ્થાકીય જીવન કે માનવજીવન શક્ય નથી. અને વિષમતા નિર્મૂલન વગર, સર્વાંગીણ સમાનતા વગર પારસ્પારિકતા શક્ય નથી. અને સહકાર વગર સહ–અસ્તિત્વ અર્થાત્ અસ્તિત્વ જ શક્ય નથી. અને સ્વાતંત્ર્ય અને લોકતંત્ર વગર સમાનતા અને સહકાર પારસ્પા-રિકતા શક્ય નથી, જેમ સમાનતા વગર સ્વાતંત્ર્ય – લોકતંત્ર શક્ય નથી – ઉદારમતવાદીઓ સ્વાતંત્ર્ય અને લોકતંત્રની વાતો કરે છે; પણ વિષમતા નિર્મૂલન વિશે એમને નિસ્બત નથી. બીજી બાજુ કમ્યુનિસ્ટો – માર્કિસસ્ટો વિષમતા નિર્મૂલન વિશે આગ્રહી છે પરંતુ સ્વાતંત્ર્ય–લોકતંત્ર બદલ એઓ સુસ્ત છે. જોકે ગોર્બાચોફ ઘટના આ બાબત પાયાનું ઐતિહાસિક કાર્ય કરી રહી હોય એવું લાગે છે.

ટૂંકમાં વ્યક્તિ અને સંસ્થા વચ્ચેના સંબંધો વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના સંબંધો અને સંસ્થા–સંસ્થા વચ્ચેના સંબંધો જો પારસ્પારિકતા અને સહકારના આધાર પર યા સમાનતા અને સ્વાતંત્ર્યના આધાર પર ગોઠવવામાં નહીં આવે તો સંસ્થાકીય જીવન અને વૈયક્તિ જીવન બંનેનો અંત આવશે.

આખરે સહકાર અને પારસ્પારિકવા મૂળે ભાવનાનો વિષય હોઈ માણસના મનમાં પ્રથમ એ પેદા થાય છે, જેમ સ્પર્ધાની ભાવના પણ માણસના મનનું સર્જન છે. એનું સંસ્થાકીય સ્વરૂપ લોકતાંત્રિક જ સંભવી શકે. છતાં સંસ્થામાં પ્રાણ તો એનાં સભ્યોની ભાવનામાંથી આવી શકે. નિયમો અને બંધારણ એમાં પ્રાણ ન પૂરી શકે; ભલે એ દૈનંદિન સંચાલન માટે આવશ્યક હોય. માનવજાતનો આ અનુભવ છે. એટલે સંસ્થાકીય સમાજ માટે જરૂરી હોવા છતાં વ્યક્તિઓની મર્યાદાને એ ઓળંગી શકતું નથી, આ એક નક્કર અનુભવ સિદ્ધ વાસ્તવિકતા છે. આમ, સામાજિક સમસ્યાઓમાં ઉકેલ વૈયક્તિક પરિવર્તનમાં અર્થાત્ વ્યાપક પ્રમાણમાં વૈયક્તિક પરિવર્તન વગર સમાજ પરિવર્તન સંસ્થાકીય પરિવર્તન શક્ય નથી પ્રવર્તમાન તમામ સામાજિક વિચારસરણીઓના જે કંઈ પણ અમલના અનુભવો થયા છે આ આપણને આ નતીજે જ પહોંચાડે છે. અને એટલે જ ગાંધીજીએ સમાજપરિવર્તનની પ્રક્રિયાની સાથોસાથ વૈયક્તિક પરિવર્તન પર પણ આગ્રહ રાખ્યો હતો. ટૂંકમાં જે સામાજિક વિચારસરણીઓ એક તરફ પારસ્પારિકતા અને સહકાર અને બીજી તરફ સ્વાતંત્ર્ય અને સમાનતાના આધાર પર રચાયેલી નહીં હોય અને જેના કેન્દ્રમાં માણસ નહીં હોય એ વિકાસોન્મુખ, પ્રગતિશીલ સમાજ પરિવર્તન આણી શકશે. ●

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુદ્રક અને પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ – ૪૦૦૦૦૪, ટે. નં. ૩૫૦૨૯૬ : મુદ્રણસ્થાન : ટ્રેન્ડ પ્રિન્ટર્સ, જગન્નાથ શંકર શેઠ રોડ, ગિરગામ, મુંબઈ – ૪૦૦૦૦૪